Shree Kundkund-Kahan Parmarthik Trust

: 302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website:** www.vitragvani.com **Email:** vitragva@vsnl.com

**"Purusharthsiddhi Upay Pravachan Part-2"** has been published by us & the PDF version of the same has been put on our website www.vitragvani.com

We have taken due care, while preparing the same. However, if you find any typographical error, you may kindly inform us on info@vitragvani.com

**By " Shree Kundkund-Kahan Parmarthik Trust,**
**(Shree Shantilal Ratilal Shah-Parivar, Mumbai)**

www.vitragvani.com

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नम

# પુરુષાર્થ સિદ્ધિઉપાય પ્રવચન

## ભાગ-૨

અધ્યાત્મયુગપુરુષ
**પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**
પુરુષાર્થસિદ્ધિ-ઉપાય શાસ્ત્ર ઉપરના
સમ્યક્ચારિત્ર અધિકાર ઉપરના
૩૦ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૭
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૨ | ૨૫૩૮ | ૨૦૬૮ | ૨૦૧૨ |

**પ્રકાશન**

તા.૨૩-૪-૨૦૧૨, વૈશાખ સુદ ૨,

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૩ મી જન્મજયંતિ પ્રસંગે

**ISBN NO. 978-93-81057-01-8**

પ્રત : ૧૫૦૦

વેચાણ કિંમત : ૨૦/–

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,** સોનગઢ

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.

વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૬

ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,

નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.

ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**

વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)

ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

**લેસર ટાઈપ સેટિંગ :**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

**ભાવનગર-૩૬૪૦૦૧**

**મો. : ૯૭૨૫૨૫૧૧૩૧**

**મુદ્રક :**

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**

**રાજકોટ–૩૬૦૦૦૧**

**મો. ૯૮૨૫૦૭૫૦૬૧**

# પ્રસ્તાવના

આજથી ૯૦૦ વર્ષ પહેલા થયેલા ભાવલિંગી સંત દિગંબર આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યના હૃદયમાં રહેલા મર્મને ટીકા કરીને ખોલી ભવ્ય જીવોના કલ્યાણ અર્થે મહાન અદ્વિતીય ઉપકાર કર્યો છે. અમૃતચંદ્રાચાર્યદેવે સ્વતંત્ર શાસ્ત્રોની રચના પણ કરી છે, જેમાં પુરુષાર્થસિદ્ધિ–ઉપાય નામના ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આ ગ્રંથનું બીજુ નામ 'જિનપ્રવચનરહસ્ય કોષ' પણ છે અને આની ટીકા આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ કરી છે, જેમણે મૂળ ઢુંઢારી ભાષામાં ગ્રંથની ટીકા કરી છે. પંડિતજીએ આચાર્યના ભાવોને અત્યંત સુંદર તથા ભાવવાહી સરળ શૈલીમાં ખોલ્યા છે. આમ આભના થોભ જેવા આચાર્યોએ અનુભવને લેખનીમાં ઉતારીને મોક્ષમાર્ગને અખંડ રાખ્યો છે.

આચાર્યોના હૃદયના ભાવોને વર્તમાન કાળમાં જો કોઈએ ખોલીને સ્પષ્ટ કર્યા હોય તો તે છે ભવ્યજીવોના તારણહાર દિવ્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. આ કાળના એક આશ્ચર્ય સમાન પૂજ્ય ગુરુદેવે સ્વયંના અનુભવના બળ વડે શાસ્ત્રોમાં રહેલા ગંભીર અને ઊંડા ભાવોને ખોલ્યા અને ભવ્ય જીવોને પીરસ્યા. આ કાળમાં તેઓશ્રીનો અલૌકિક સાતિશય ઉપકાર ભરતક્ષેત્રના જીવો પર વર્તી રહ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ઇસવી સન્ ૧૯૬૬-૬૭ માં પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ઉપર ભાવવાહી પ્રવચનો કર્યા છે. આ ગ્રંથ ત્રણ અધિકારમાં વહેંચાયેલો છે. મુખ્યત્વે શ્રાવકોના આચાર સબંધીત વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. તેમ છતાં ચારિત્રની સ્થિરતા પ્રાપ્ત જ્ઞાની ધર્માત્માને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ આ ચારિત્રદશા પ્રાપ્ત હોય છે. આ વસ્તુસ્થિતિનો ક્રમ આચાર્ય ભગવાને ગ્રંથરચનામાં કર્યો છે, જે તેમની લેખની ઉપરથી સ્પષ્ટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વગર કોઈ ચારિત્ર અંગીકાર કરે તો તે ક્રમઉલ્લંઘનરૂપ દોષ છે, જેનાથી કોઈ કાળે પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. અતઃ આચાર્ય ભગવાને પ્રથમ અધિકારમાં સમ્યગ્દર્શનનું વર્ણન કર્યું, દ્વિતીય અધિકારમાં સમ્યગ્જ્ઞાનનું વર્ણન કર્યા બાદ સમ્યક્ચારિત્રનું વર્ણન કરેલ છે. આ બધી વાતની સ્પષ્ટતા પૂજ્ય ગુરુદેવશ્રીએ સરળ ભાષામાં પ્રવચનોમાં કરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ગ્રંથ ઉપર કુલ ૮૯ પ્રવચનો થયા છે. આ પ્રવચનો અક્ષરશઃ ઉતારી તેને પ્રકાશિત કરવાનો નિર્ણય શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ દ્વારા લેવામાં આવ્યો છે. આ પ્રવચનોને કુલ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવાની યોજના

છે. અતઃ દ્વિતીય ભાગમાં કુલ ૩૦ પ્રવચનોનો સમાવેશ કર્યો છે. આ ભાગમાં સમ્યક્ચારિત્ર અધિકારના પ્રવચનો લેવામાં આવ્યા છે. શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલ આ પ્રવચનોનો લાભ બધા જ મુમુક્ષુ ભાઈ-બહેનો લે તેવી ભાવના છે.

પ્રસ્તુત પ્રવચનોને કોમ્પ્યુટરમાં સાંભળીને શ્રી નિલેશભાઈ જૈન - ભાવનગર દ્વારા કમ્પોઝ કરવામાં આવેલ છે, ત્યારબાદ શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા ફરીથી આ પ્રવચનો સાંભળીને તપાસવામાં આવ્યા છે. પ્રવચનોને ઉતારતી વખતે તથા તપાસતી વખતે બનતી કાળજી રાખવામાં આવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો તથા વચનોનો પ્રવાહ જળવાઈ રહે તેની ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં પાઠકવર્ગને કોઈપણ પ્રકારની ક્ષતિ દૃષ્ટિગોચર થાય તો જણાવવા વિનંતી છે.

અંતતઃ વીરમાર્ગ પ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન ચરણોમાં મસ્તક નમાવી તેમ જ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને મસ્તક નમાવી વિરામ પામીએ છીએ. તેઓશ્રીના આશીર્વચનથી પ્રત્યેક જીવો કલ્યાણને પ્રાપ્ત કરે એ જ ભાવના.

લિ.

ટ્રસ્ટીગણ,

શ્રી કુંદકુંદકહાન–પારમાર્થિક ટ્રસ્ટ,

મુંબઈ.

## અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંક્ષિપ્ત જીવન પરિચય)

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોનો જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

**'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'**

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય છે ને ? જો કે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે – **'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'**

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે –

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે – **'શેઠ ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'** એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગ પ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક– એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : **'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'** સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન **'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'**નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ.સ. ૧૯૬૦ થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી **'આત્મધર્મ'** નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ **'આત્મધર્મ'** ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું **'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'** સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને

બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ‘અભિનંદન ગ્રંથ’ આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ. ૧૯૫૭ તથા ઇ. સ. ૧૯૬૭માં–એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ. ૧૯૬૭માં – એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થ આત્મજ્ઞ સંતપુરુષ–દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહી દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને

સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરી થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુતધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૩૧ | ૦૯.૦૬.૧૯૬૭ | ૩૯ | ૦૦૧ |
| ૩૨ | ૧૦.૦૬.૧૯૬૭ | ૪૦ થી ૪૨ | ૦૧૭ |
| ૩૩ | ૧૧.૦૬.૧૯૬૭ | ૪૩ - ૪૪ | ૦૩૪ |
| ૩૪ | ૧૨.૦૬.૧૯૬૭ | ૪૪ - ૪૫ | ૦૪૯ |
| ૩૫ | ૧૩.૦૬.૧૯૬૭ | ૪૫ થી ૪૮ | ૦૬૩ |
| ૩૬ | ૧૪.૦૬.૧૯૬૭ | ૪૯ - ૫૦ | ૦૭૯ |
| ૩૭ | ૧૬.૦૬.૧૯૬૭ | ૫૦ થી ૫૪ | ૦૯૬ |
| ૩૮ | ૧૬.૦૬.૧૯૬૭ | ૫૪ થી ૫૮ | ૧૧૨ |
| ૩૯ | ૧૮.૦૬.૧૯૬૭ | ૫૯ - ૬૦ | ૧૩૦ |
| ૪૦ | ૧૯.૦૬.૧૯૬૭ | ૬૦ -૬૧ | ૧૪૫ |
| ૪૧ | ૨૦.૦૬.૧૯૬૭ | ૬૧ થી ૭૧ | ૧૫૯ |
| ૪૨ | ૨૧.૦૬.૧૯૬૭ | ૭૨ થી ૭૮ | ૧૮૦ |
| ૪૩ | ૨૩.૦૬.૧૯૬૭ | ૭૯ થી ૮૫ | ૨૦૧ |
| ૪૪ | ૨૪.૦૬.૧૯૬૭ | ૮૫ થૂ ૯૨ | ૨૨૧ |
| ૪૫ | ૨૫.૦૬.૧૯૬૭ | ૯૨ | ૨૩૯ |
| ૪૬ | ૨૬.૦૬.૧૯૬૭ | ૯૨ થી ૯૬ | ૨૨૫ |
| ૪૭ | ૨૭.૦૬.૧૯૬૭ | ૯૦ થી ૧૦૧ | ૨૭૩ |
| ૪૮ | ૨૮.૦૬.૧૯૬૭ | ૧૦૨ થી ૧૦૬ | ૨૯૦ |
| ૪૯ | ૨૯.૦૬.૧૯૬૭ | ૧૦૬ થી ૧૧૧ | ૩૦૭ |
| ૫૦ | ૦૧.૦૭.૧૯૬૭ | ૧૧૨ થી ૧૧૬ | ૩૨૩ |
| ૫૧ | ૦૨.૦૭.૧૯૬૭ | ૧૧૬ થી ૧૧૯ | ૩૩૯ |

www.vitragvani.com




| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૫૨ | ૦૩.૦૭.૧૯૬૭ | ૧૧૯ થી ૧૨૩ | ૩૫૪ |
| ૫૩ | ૦૪.૦૭.૧૯૬૭ | ૧૨૪ - ૧૨૫ | ૩૭૪ |
| ૫૪ | ૦૫.૦૭.૧૯૬૭ | ૧૨૫ થી ૧૨૭ | ૩૯૦ |
| ૫૫ | ૦૭.૦૭.૧૯૬૭ | ૧૨૮ થી ૧૩૪ | ૪૦૮ |
| ૫૬ | ૦૮.૦૭.૧૯૬૭ | ૧૩૦ થી ૧૩૫ | ૪૨૩ |
| ૫૭ | ૦૯.૦૭.૧૯૬૭ | ૧૩૫ | ૪૪૨ |
| ૫૮ | ૧૦.૦૭.૧૯૬૭ | ૧૩૬ થી ૧૪૦ | ૪૫૬ |
| ૫૯ | ૧૧.૦૭.૧૯૬૭ | ૧૪૧ થી ૧૪૭ | ૪૭૪ |
| ૬૦ | ૧૨.૦૭.૧૯૬૭ | ૧૪૭ થી ૧૪૯ | ૪૯૪ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

ॐ

श्रीजिनाय नमः

श्रीमद्-अमृतचंद्राचार्य देवविरचित

# પુરુષાર્થસિદ્ધિ-ઉપાય

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

## પ્રવચન નં. ૩૧ ગાથા–૩૯ ગુરુવાર, જ્યેષ્ઠ સુદ ૧, તા. ૦૯-૦૬-૧૯૬૭

ચારિત્રનો અધિકાર ચાલે છે, છેલ્લો શબ્દ હતો. **'માટે સમ્યગ્જ્ઞાન મેળવ્યા પછી ચારિત્રનું આરાધન કહ્યું છે.'** છે ? ૩૯ ગાથાની ઉપર. પહેલું સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું, પછી સમ્યગ્જ્ઞાનનું આરાધન કરવું અને પછી ચારિત્રને અંગીકાર કરવું. એમ વાત છે. કહો, બરાબર છે? સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન ન હોય અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ.

મુમુક્ષુ :– પંચમકાળમાં કાંઈ ...

ઉત્તર :– પંચમકાળમાં બીજો ફેરફાર થતો હશે? પંચમકાળમાં સુખડી કેમ બને છે? લોટ, ગોળ અને ઘી. એ ત્રણ સિવાય પંચમકાળમાં બીજી કોઈ ચીજ હોય છે? એમ દર્શન-જ્ઞાન-ચારિત્ર જે હોય એ જ હોય. પંચમકાળમાં હોય કે ચોથે કાળે હોય કે મહાવિદેહમાં હોય.

અહીં તો કહે છે કે, **'तस्मात् ज्ञानानन्तरं चारित्राराधनं उक्त'** છેલ્લું પદ. ૩૯ પહેલા. **'માટે સમ્યગ્જ્ઞાન મેળવ્યા પછી ચારિત્રનું આરાધન કહ્યું છે.'** સમ્યગ્દર્શન પછી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્જ્ઞાન પછી જ સમ્યક્ચારિત્રની વાત છે. અહીં તો સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે, સમ્યગ્જ્ઞાનના ઠેકાણા ન મળે અને લઈ લ્યો વ્રત.

મુમુક્ષુ :– ઇ ક્યાં ચારિત્ર કહે છે, વ્રત છે ને !

ઉત્તર :– એ પણ એ ચારિત્ર, એ ચારિત્ર કહે છે કે અમારે ચારિત્ર છે એ. ચારિત્ર છે ત્યાં દર્શન-જ્ઞાન હોય જ. મિથ્યાચારિત્ર છે, ચારિત્ર કેવું? હવે ચારિત્રનું લક્ષણ.

www.vitragvani.com



## ગાથા–૩૯

ચારિત્રનું લક્ષણ

चारित्रं भवति यतः समस्तसावद्ययोगपरिहरणात्।
सकलकषायविमुक्तं विशदमुदासीनमात्मरूपं तत्।।३९।।

અન્વયાર્થ :– [ यतः ] કારણ કે [ तत् ] તે [ चारित्रं ] ચારિત્ર [ समस्तसावद्ययोगपरिहरणात् ] સમસ્ત પાપયુક્ત મન, વચન, કાયાના યોગના ત્યાગથી, [ सकलकषायविमुक्तं ] સંપૂર્ણ કષાય રહિત, [ विशदं ] નિર્મળ [ उदासीनं ] પર પદાર્થોથી વિરક્તતારૂપ અને [ आत्मरूपं ] આત્મસ્વરૂપ [ भवति ] હોય છે.

ટીકા :– 'यतः समस्तसावद्ययोगपरिहरणात् चारित्रं भवति' - સમસ્ત પાપસહિત મન, વચન, કાયાના યોગનો ત્યાગ કરવાથી ચારિત્ર થાય છે. મુનિ પહેલાં સામાયિક ચારિત્ર અંગીકાર કરે છે ત્યારે એવી પ્રતિજ્ઞા કરે છે. 'अहं सर्वसावद्ययोगविरतोऽस्मि' - હું સર્વપાપસહિતના યોગનો ત્યાગી છું. કેવું છે ચારિત્ર? 'सकलकषायविमुक्तम्' સમસ્ત કષાયોથી રહિત છે. સમસ્ત કષાયનો અભાવ થતાં યથાખ્યાત ચારિત્ર થાય છે. વળી કેવું છે? 'विशदम्' - નિર્મળ છે. આત્મસરોવર કષાયરૂપી કાદવથી મેલું હતું, કષાય જતાં સહેજે નિર્મળતા થઈ. વળી કેવું છે? 'उदासीनम्' પરદ્રવ્યથી વિરક્ત સ્વરૂપ છે. 'तत् आत्मरूपं वर्तते' - તે ચારિત્ર આત્માનું સ્વરૂપ છે. કષાયરહિત જે આત્માનું સ્વરૂપ પ્રગટ થયું તે જ સદાકાળ રહેશે, તે અપેક્ષાએ આત્માનું સ્વરૂપ છે, નવીન આવરણ કદીપણ નથી. સામાયિક ચારિત્રમાં સકળચારિત્ર થયું પણ સંજવલન કષાયના સદ્ભાવથી મલિનતા ન ગઈ. તેથી જ્યારે સકળ કષાયરહિત થયા ત્યારે યથાખ્યાત નામ પામ્યું, જેવું ચારિત્રનું સ્વરૂપ હતું તેવું પ્રગટ થયું.

પ્રશ્ન :– શુભોપયોગરૂપ ભાવ છે તે ચારિત્ર છે કે નહિ?

ઉત્તર :– શુભોપયોગ વિશુદ્ધ પરિણામોથી હોય છે. વિશુદ્ધતા નામ મંદ કષાયનું છે. તેથી કષાયની હીનતાથી કથંચિત્ ચારિત્ર નામ પામે છે.

પ્રશ્ન :– દેવ-ગુરુ-શાસ્ત્ર, શીલ, તપ, સંયમાદિમાં અત્યંત રાગરૂપ પ્રવર્તે તેને મંદ કષાય કેવી રીતે કહેવાય?

ઉત્તર :– વિષય-કષાયાદિના રાગની અપેક્ષાએ તે મંદ કષાય જ છે. કારણ કે એના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગમાં ક્રોધ, માન, માયા તો છે જ નહિ. એને પ્રીતિભાવની અપેક્ષાએ લોભ છે. તેમાં પણ કાંઈ સાંસારિક પ્રયોજન નથી, તેથી લોભ-કષાયની પણ મંદતા છે. ત્યાં પણ જ્ઞાની જીવ રાગભાવના પ્રેર્યા, અશુભરાગ છોડી શુભરાગમાં પ્રવર્તે છે, શુભરાગને ઉપાદેયરૂપ તો શ્રદ્ધતા નથી પણ તેને પોતાના શુદ્ધોપયોગરૂપ ચારિત્રમાં મલિનતાનું કારણ જ જાણે છે. અશુભોપયોગમાં તો કષાયની તીવ્રતા થઈ છે તેથી તે કોઈ પણ પ્રકારે ચારિત્ર નામ પામતું નથી. ૩૯.

चारित्रं भवति यतः समस्तसावद्ययोगपरिहरणात्।
सकलकषायविमुक्तं विशदमुदासीनमात्मरूपं तत्।।३९।।

**અન્વયાર્થ :– 'કારણ કે તે ચારિત્ર સમસ્ત પાપયુક્ત મન, વચન, કાયાના યોગના ત્યાગથી,...'** સાવદ્યયોગનો ત્યાગ કહ્યો. કારણ કે, નિર્વદ્યયોગનો ત્યાગ થઈ શકે નહિ. વિકલ્પ હોય છે ને અમુક? સાવદ્યયોગનો ત્યાગ થાય, પણ છતાં એ ચારિત્ર જે છે એ તો, **'સંપૂર્ણ કષાય રહિત,...'** છે. આત્મામાં જે ચારિત્ર છે એ તો અકષાય ભાવે પરિણમેલા સ્વરૂપને ચારિત્ર કહે છે. અહીં તો ઉત્કૃષ્ટ વાત લે છે. યથાખ્યાત (ચારિત્ર) સુધી લઈ જાય છે.

પેલામાં આવ્યું હતું ને? આત્મરૂપ. ત્યાં પણ ક્ષાયિક સમકિત લીધું. જ્ઞાનમાં પણ તે જ્ઞાન ભળીને કેવળજ્ઞાનમાં થઈ જાય એમ લીધું હતું. અને આમાં પણ એ રીત લે છે કે **'સકળ કષાયરહિત થયા ત્યારે યથાખ્યાત નામ પામ્યું,...'** છેલ્લો શબ્દ એમ વાપર્યો. પેલું આત્મરૂપ છે ખરું ને. એટલે ત્રણમાં ઉત્કૃષ્ટ વાત લેવામાં આવી છે. પણ ચારિત્ર છે એ કષાય રહિત આત્માના ઉદાસીન, પરથી વિરક્ત વીતરાગભાવરૂપ ભાવ, એને ચારિત્ર કહેવામાં આવે છે. પછી મહાવ્રત આદિના પરિણામ હોય છે એ કથંચિત્ વ્યવહારે ચારિત્ર કહેવામાં આવે છે. ખરેખરું એ ચારિત્ર નથી. કહો, સમજાણું?

**'સમસ્ત પાપયુક્ત મન, વચન, કાયાના યોગના ત્યાગથી, સંપૂર્ણ કષાય રહિત,...'** એમ અહીં સંપૂર્ણ લીધું છે ને? **'सकलकषायविमुक्तं' 'विशदं' 'નિર્મળ...'** આત્માની વીતરાગી દશા. સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક સ્વરૂપની સ્થિરતા, શાંતતા, અવિકારતા. **'विशदं'** નામ **'નિર્મળ પર પદાર્થોથી વિરક્તતા...' 'उदासीन'**ની વ્યાખ્યા કરી. **'પર પદાર્થોથી વિરક્તતારૂપ અને આત્મસ્વરૂપ હોય છે.'** રાગાદિથી રહિત અકષાય પરિણામ, વીતરાગી શાંત પરિણતિ એ આત્મરૂપને ચારિત્ર કહેવામાં આવે છે. કહો, દેહની ક્રિયા, નગ્નપણું, લુગડાં એ તો ચારિત્ર નહિ પણ પંચમહાવ્રત એ પણ ચારિત્ર નહિ.

મુમુક્ષુ :– પંચમહાવ્રત ચારિત્ર નહિ ?

ઉત્તર :– નહિ. નીચે પૂછશે તો કહેશે કથંચિત્ ચારિત્ર નામ પામશે શુભઉપયોગ. વ્યવહારે નામ પામશે. કથંચિત્ એટલે નિમિત્ત.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– જૂની ઘરેડનું ચારિત્ર દરેકને...

ઉત્તર :– ક્યાં હતું પણ જૂની ઘરેડનું? હતું કે દિ' તે જાય. જુની રૂઢિનું ચારિત્ર, આ પાળે છે એમ કહે છે કે એને ખસતું નથી. જુની રૂઢિનું ચારિત્ર ક્યું હશે? રાગની મંદતાનો કોઈ ભાવ હોય એ તો મિથ્યાદૃષ્ટિ સહિત શુભભાવ છે. એને તો વ્યવહાર પણ નામ પડતું નથી. અંતર આત્મા જ્ઞાયક સ્વરૂપ નિર્વિકલ્પ અનુભવના આનંદના ભાનમાં પ્રતીત થઈને, એનું વિશેષ જ્ઞાન નિર્મળ થયેલી જ્ઞાનની સેવના કર્યા પછી જ્યારે સ્વરૂપમાં રાગ રહિત સ્થિરતાનું જમવટ જામી જાય, એવી આત્મરૂપ દશાને ચારિત્ર કહેવામાં આવે છે.

આ ચારિત્ર એટલે કાંઈ નહિ. થયું આ લુગડા છોડી દીધા, આ લુગડા રાખીને પેલા શ્વેતાંબર કહે, લુગડા રાખીને જાવ અમે ત્યાગી થઈ ગયા. ક્યાં લુગડા-બુગડા અંદર હતા કે દિ'? મુનિ દશા તો અંદર અકષાય પરિણામ એટલો ઉદાસીન, એટલો જુઓને! ઉદાસીન કહ્યું છે ને? પર દ્રવ્યથી એટલો ઉદાસ... એટલો ઉદાસ... કે પોતાના આત્મસ્વરૂપની શાંતિની જે રમણતા, અકષાયભાવ, પરદ્રવ્યથી તદ્દન વિરક્તતા ઉદાસીનરૂપ છે.

અહો..! એ વનમાં વાઘ અને સિંહ ત્રાડું નાખતા હોય, ત્યાં બેઠા હોય છે. વનવાસ. સમજાણું કાંઈ? અંતરના આનંદની શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... સમરસ, ઉત્તમરસના ભોજન અનુભવે છે. આહાહા! એને ચારિત્ર કહીએ, ભાઈ! શાંત... શાંત... શાંત... જેમાં શુભ વિકલ્પનો પણ અવકાશ નથી. ઓહો..! એવો ભગવાનઆત્મા જે અંતર શાંતરસનું સ્વરૂપ છે, એને જ પર્યાયમાં શાંત રસરૂપે પરિણમીને, સુધારસ–આનંદનો રસ– પીવે છે. કહો, સમજાણું? જેને આમ વાઘ શરીરના કટકા લેતા હોય, તો અંતરમાં આનંદની શાંતિ રસના શેરડા શાંત... શાંત... શાંત... અકષાય ભાવરૂપ શાંતિ (પરિણમે છે), એમાં ક્યાંય વિષમતા છે નહિ. એવી અંતરદશાને ચારિત્ર કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'સંપૂર્ણ કષાય રહિત, નિર્મળ પર પદાર્થોથી વિરક્ત...'** જેની બાહ્ય નગ્ન દશા તો સહજ જ થઈ જાય છે, સહજ થઈ જાય છે, કરવી પડતી નથી. એ ભૂમિકાએ પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ ઉઠે, એ પણ કાંઈ ચારિત્ર નથી. ચારિત્રનો દોષ છે. ચારિત્રમાં મળ–મેલ છે. કહો, સમજાણું કાંઈ? આત્મા અંતર શાંત... શાંત... શાંત... આહાહા! અકષાય વીતરાગી પર્યાયનું વેદન જેને શાંતિનું... શાંતિનું... શાંતિનું... દુનિયા ક્યાં છે ને ક્યાં છે પ્રતિકૂળતા કે અનુકૂળતાનો જેને કંઈ ખ્યાલ પણ નથી. સમજાણું કાંઈ? એવી આત્મદશા આત્માના ભાનની ભૂમિકામાં શાંત... શાંત... અંદર શાંતરસનો ઢાળો ઢળી ગયો હોય છે. આહાહા! એવી સર્વ પદાર્થથી વિરક્તતા–ઉદાસીન–ઉદઆસીન–ત્યાંથી ખસીને સ્વભાવની શાંતિમાં આસન નાખ્યું છે. એવી ઠરેલી દશા... આહાહા! એને ચારિત્ર, દર્શન અને જ્ઞાન આરાધન પછી આવી દશાને ચારિત્ર કહે છે. એવી વાત સાંભળવાને હજી મળી ન હોય ત્યાં તો બધા કહે ચારિત્ર થઈ ગયા અને વ્રતધારી થઈ ગયા. શું કરે? એમાં એને શું?

www.vitragvani.com



એની દશાની જે યોગ્યતા છે, એ જીવની જે પર્યાય, જે કાળે એની યોગ્યતા છે તે વાત એને બેસી જાય છે. એથી કાંઈ વસ્તુ એમ થઈ જાય? વસ્તુ–ચારિત્ર ન હોય અને ચારિત્ર માને, એ તો એને પોતાને નુકસાન છે ને, એમાં કાંઈ કોઈને નુકસાન નથી. એને પોતાને સહન કરવું પડશે.

અહીં તો કહે છે કે, ઓ..હો..! ધન્ય અવતાર, ધન્ય જીવન જેના !! જેણે દર્શન અને જ્ઞાન આરાધનપૂર્વક, જેણે પરમ ઉદાસ... ઉદાસ.. એવું જેને શાંતરસનું પરિણમન છે, એને ચારિત્ર કહેવામાં આવે છે. એ આત્મરૂપની વ્યાખ્યામાં ભાઈ ! ત્રણેયમાં ઉત્કૃષ્ટતા લીધી છે. ૨૨માં લીધું ને? ૨૨માં. આત્મરૂપ. ત્યાં ક્ષાયિક લીધું. ૨૨મી ગાથા કહી હતી ને? ત્યાં આત્મરૂપની વ્યાખ્યા એમ કરી. **'તે શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે. જે શ્રદ્ધાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઊપજે છે તે સિદ્ધ અવસ્થા સુધી રહે છે.'** ૨૭ પાને. એ આત્મરૂપની વ્યાખ્યા જ એમ કરે છે અને બીજું ૩૫ ગાથા. એમાં **'आत्मरूपं' 'તે સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. કારણ કે જે આ સાચું જ્ઞાન ઉત્પન્ન થયું છે...'** એટલી વ્યાખ્યા, હોં! સાચું જ્ઞાન. **'તે કેવળજ્ઞાનમાં મળી શાશ્વત રહેશે.'** છે ને **'आत्मरूपं'**ની વ્યાખ્યા? અહીં આત્મરૂપની આ છે. ત્રણેય માટે ઉત્કૃષ્ટ વર્ણન કહ્યું છે. સમજાણું કાંઈ?

ટીકા, ૩૯માં ચાલતી **ટીકા :– 'यतः समस्तसावद्ययोगपरिहरणात् चारित्रं भवति'** અહીં તો સામાયિકમાં એ બોલે છે ... નથી આવતું? કર્યું હતું કે નહિ? એ..ય.. 'મોહનભાઈ'! સામાયિકમાં આવ્યું હતું કે નહિ? કેટલું કર્યું હતું કે નહિ સામાયિકમાં? એય..! 'વજુભાઈ' સામાયિક-બામાયિક કરી હતી કે નહિ? એવી એ જાતની. અમારે 'ભગવાનભાઈ'એ પણ ઘણી કરી હતી, 'ભગવાનભાઈ' તો બહુ કરતા. ત્યાં નવરા ખરા ને. એમાં આવતું કે નહિ? ... સાવદ્યયોગના પચ્ચખાણ હતા. શુભ વિકલ્પના કાંઈ પચ્ચખાણ નહોતા. કારણ કે, એ તો હોય છે ને. એ બોલે છે ત્યારે વિકલ્પ છે અને પછી આદરે ત્યારે પણ વિકલ્પ તો બાકી રહી જાય છે. એટલે ત્યાગ સાવદ્યયોગનો કરે છે.

અંતરમાં ત્રણ કષાયનો અભાવ, કાં બે કષાયનો અભાવ. એવી જેટલી કષાયના અભાવની શાંતરસની પરિણતિ (પ્રગટી) તેને ચારિત્ર કહીએ. દાખલો આપ્યો છે ને, ભાઈએ 'ટોડરમલ્લજી'એ સંવર અધિકારમાં. સંવર અધિકારમાં. કોઈ ગૃહસ્થ લીલોતરીમાં કંદમૂળનો ત્યાગ કરે અને પ્રત્યેક વનસ્પતિની છૂટ હોય છે. પણ એ પ્રત્યેક વનસ્પતિને ખાય છે એ પાપ ખાતે માને છે. કંદમૂળનો ત્યાગ કરે છે. આવે છે ને? સંવર અધિકાર. ચારિત્ર છે ખરું? સાતમો (અધિકાર). સંવરતત્ત્વ જુઓ !

વ્રતાદિરૂપ આસ્રવભાવને ચારિત્રપણું સંભવતું નથી, પણ સર્વ કષાય રહિત ઉદાસીન ભાવ જુઓ! અહીં શબ્દ પડ્યો છે ને? ઉદાસીન. સર્વ કષાય રહિત ઉદાસીન ભાવ છે તેનું જ નામ ચારિત્ર છે. ચારિત્રમોહના દેશઘાતિ સ્પર્ધકોના ઉદયથી જે મહામંદ પ્રશસ્ત રાગ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

થાય છે, મહાવ્રતનો રાગ થાય છે ને? તે તો ચારિત્રનો મળ છે. એને નહિ છૂટતો જાણીને તેનો ત્યાગ કરતાં નથી અને સાવદ્યયોગનો ત્યાગ કરે છે. જુઓ! આ શબ્દની સાથે (મેળ છે), આ પોતાની (ટીકા) છે ને? આ પણ પોતાની છે, આ ટીકા એની છે.

પરંતુ જેમ કોઈ પુરુષ કંદમૂળ આદિ ઘણા દોષવાળી હરીતકાયનો ત્યાગ કરે છે. આ કંદમૂળ બટાટા, શક્કર ન ખાય. અને કોઈ હરીતકાયને ભક્ષણ કરે છે. દૂધી આદિ. પણ તેને ધર્મ માનતો નથી. એ દૂધી આદિ ખાય એટલે ધર્મ માને? કંદમૂળનો ત્યાગ. તેમ મુનિ હિંસાદિ તીવ્ર કષાયરૂપ ભાવોનો ત્યાગ કરે છે. તથા કોઈ મંદ કષાયરૂપ મહાવ્રત આદિને પાળે છે. પરંતુ તેને મોક્ષમાર્ગ માનતો નથી. કેટલું સ્પષ્ટ કર્યું છે ! પણ એને ગોઠે નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સાવદ્યયોગ, પુણ્યનો ભાવ સાવદ્યયોગ નથી. કઈ અપેક્ષાએ? પેલા પાપની અપેક્ષાએ. પવિત્રતાની અપેક્ષાએ તો એ પણ પાપ છે. અહીં તો બે ભાવની અપેક્ષાએ, અશુભ ને શુભની અપેક્ષાએ. એમ પાછું પૂછે છે, ભાઈ! સાવદ્યયોગ નથી ને? કહ્યું દાખલો ન આપ્યો? ત્યારે પૂછ્યું, ચારિત્રના તેર ભેદમાં મહાવ્રત આદિને કેમ કહ્યું છે? એમ પૂછ્યું છે. એ વ્યવહારે કહ્યું છે સાંભળને હવે, વ્યવહાર નામ ઉપચારનું છે, લ્યો! મહાવ્રત આદિ થતા વીતરાગ થાય છે એવો સંબંધ જાણી મહાવ્રતમાં ચારિત્રનો ઉપચાર કર્યો છે. નિશ્ચયથી તો નિઃકષાયભાવ છે તે જ સાચું ચારિત્ર છે. એ પ્રકારે સંવરના કારણો અન્યથા જાણતો હોવાથી સંવર તત્ત્વનો પણ સાચો શ્રદ્ધાની થતો નથી. સંવર તત્ત્વના ઠેકાણા ન મળે. વ્રતાદિનો વિકલ્પ થાય એ સંવર માને. આવા ને આવા ઊંધું એમ કહે છે. દૃષ્ટિ ઊંધી છે. એકેય તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા નથી. 'ન્યાલભાઈ'! આહાહા! ભાઈ! જેમ વસ્તુ હશે તેમ રહેશે ને. કોઈનું મરડ્યું-મચેડ્યું બીજું થશે? કાળ ફેર હોય તે કાંઈ સત્ય હોય તે સત્ય રહેશે.

ચારિત્ર તો આ છે. આહાહા! ધન્ય દશા! જેને આત્મદર્શનપૂર્વક, જ્ઞાનના સેવનપૂર્વક. જેને અંશે પણ ચારિત્ર પ્રગટ્યું એ પંચમગુણસ્થાન છે. બે કષાયના અભાવથી સ્થિરતા શાંતિ, શાંતિ... જે સર્વાર્થસિદ્ધના દેવને શાંતિ નથી, ૩૩ સાગરની સ્થિતિ ને ચૌદ પૂર્વ ને બાર અંગના ભણનારા કેટલાક છે. કહો, સમજાણું? એટલું જ્ઞાન અહીં ન હોય છતાં પંચમગુણસ્થાનમાં દર્શન, જ્ઞાન, આરાધનપૂર્વક એકદેશ વ્રત એટલે સ્થિરતા, બે કષાયનો અભાવ થયો છે. એટલી શાંતિ સર્વાર્થસિદ્ધના દેવ કરતાં વધારે છે. તેમાં શ્રાવકને જે બાર વ્રત આદિના વિકલ્પ ઉઠે છે એ તો આસ્રવ છે, બંધનું કારણ છે.

મુનિને ત્રણ કષાયના અભાવનું ચારિત્ર છે એ યથાર્થ ચારિત્ર છે. પંચમહાવ્રતના પરિણામ આદિ છે એ મેલ છે, દોષ છે. પણ એનો ત્યાગ થઈ શકતો નથી. કારણ કે, એનો ત્યાગ ક્યારે થાય? શુદ્ધોપયોગ થાય ત્યારે થાય. શુભ વિકલ્પનો ત્યાગ, શુદ્ધોપયોગ કરે ત્યારે થાય. અને અત્યારે શુદ્ધોપયોગ જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ થયા વિના રહે

નહિ, પણ એ ચારિત્ર નથી. હવે એને ચારિત્ર ઠરાવવું છે અને 'કુંદકુંદાચાર્યે' આવું પંચમહાવ્રતનું ચારિત્ર પાળ્યું હતું. અને તમે એને દોષ કહો છો ને છોડવા યોગ્ય કહો છો. ભગવાન, ભાઈ! તને ખબર નથી.

સ્વભાવનો સાગર પ્રભુ છે, એમાં ડૂબકી મારતાં આત્મા અકષાય સમરસ, શાંતરસ એકલો સુધારસ, અમૃતરસનો પિંડ પ્રભુ છે. એમાં એકાકાર દર્શન-જ્ઞાન સહિત (થાય). સમજાણું? કે, જે ચારિત્રમાં સર્વ પાપ સહિતના યોગનો ત્યાગ હોય. એ તો વ્યવહારથી વાત કરી. શુદ્ધોપયોગની પ્રતિજ્ઞા લે તો શુદ્ધોપયોગ... ખરેખર... શું કહેવાય? 'જયધવલ' એની અપેક્ષાએ શુદ્ધોપયોગનું જ ચારિત્ર લે છે. સામ્યભાવ એ જ ચારિત્ર, શુદ્ધોપયોગ તે ચારિત્ર. ત્યાં ઉત્કૃષ્ટ લે છે. એ જ વાત અહીંયા કહે છે.

**'સમસ્ત કષાયોથી રહિત છે. કેવું છે ચારિત્ર? સમસ્ત કષાયોથી રહિત છે.'** પંચમહાવ્રતના પરિણામ પણ કષાય છે, રાગ છે. બાર વ્રતના વિકલ્પ પણ રાગ છે. એટલી પ્રવૃત્તિ છૂટતી ન જાણીને સાવદ્યયોગનો ત્યાગ કરે છે. પણ એ ત્રણ કષાયનો અભાવ થયો છે તે ભાવને અહીંયાં ચારિત્ર કહેવામાં આવે છે. અહીં તો ઉત્કૃષ્ટ લઈને યથાખ્યાતમાં ભેળવીને સિદ્ધમાં ચાલ્યું જશે ત્યાં સુધી લેશે. સમજાણું કાંઈ?

**'સમસ્ત કષાયોથી રહિત છે. સમસ્ત કષાયનો અભાવ થતાં યથાખ્યાત ચારિત્ર થાય છે.'** જોયું? ઉત્કૃષ્ટ પેલામાં ક્ષાયિક સમકિત મુક્યું હતું, પેલામાં સાચું જ્ઞાન, કેવળજ્ઞાનમાં જાય એમ કહ્યું હતું ને? મતિ-શ્રુતનું નામ નહોતું આપ્યું પણ એ સાચું જ્ઞાન થયું છે એ પેલામાં ભળવી દે, એમ. આહાહા! 'ટોડરમલ્લ' પણ... ટીકા કરનાર. સાધારણ પંડિતના મગજમાં એમ થાય કે, (અમે) જાણે ભણ્યા છીએ. ઠીક બાપુ! **'સમસ્ત કષાયોથી રહિત છે. સમસ્ત કષાયનો અભાવ થતાં યથાખ્યાત ચારિત્ર થાય છે.'** જોયું? **'વળી કેવું છે?' 'विशदम्' '-નિર્મળ છે.'** ચારિત્ર તો નિર્મળ આમ અરીસો જેમ નિર્મળ હોય એમ શાંત... શાંત... અકષાય ભાવ, જેમાં વિકલ્પનો મેલ નથી. સમજાણું? કહેશે, જુઓ!

**'આત્મસરોવર કષાયરૂપી કાદવથી મેલું હતું,...'** એ આતમ સરોવર ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ! આતમ સરોવર! જેમ સરોવરમાં પાણી હોય એ કાદવથી મેલું દેખાય. ભગવાન આત્મસરોવર, એ રાગ પુણ્ય-પાપના વિકલ્પથી મેલું હતું. આહાહા! **'કષાય જતાં સહેજે નિર્મળતા થઈ.'** એ કાદવ જતાં જેમ પાણી નિર્મળ થાય, એમ ભગવાનઆત્મા એ કષાયનો કણ જતાં, એ અકષાયભાવ સહજ જે હતું, તે રૂપે આત્મા નિર્મળપણાની પર્યાયને પામ્યું.

**'આત્મસરોવર કષાયરૂપી કાદવથી મેલું હતું,...'** ઓ..હો..હો..! સરોવર તો જાણે પાણીથી ભર્યું છે, પણ આમ મોઢા આગળ પેલો કાદવ હોય એટલે મેલું લાગે. એને કષાય જતાં, એક કાદવનો મેલ જતાં જેમ સરોવર નિર્મળપણે ભાસે, એમ સહેજે નિર્મળતા થઈ. સહજ

www.vitragvani.com



સ્વભાવ, અંતર સ્વભાવનું અવલંબન લઈ અને સ્થિરતા જામી છે, એને અહીંયાં ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું?

**'વળી કેવું છે? 'ઉદાસીનમ્' પરદ્રવ્યથી વિરક્ત સ્વરૂપ છે.'** અસ્તિથી વાત કરી, નિર્મળતા. સ્વભાવ શુદ્ધ અને નિર્મળ વીતરાગ ભાવ જામ્યો છે જ્યાં. આહાહા! દુનિયા ગમે તે ડોલે સિદ્ધને વિકલ્પ છે? દુકાળ પડે તો? ગાયોને ખડ ન મળે તો શું કરવું? આહાહા! ભગવાન! આવા તમે થઈ ગયા! મોટા થયા ને આવા થયા. મોટા થયા એને વિકલ્પ ન હોય. એ માટે એવા થયા. જગતની પર્યાય જાણે છે. જે સમયે તેની, એની થવાને યોગ્ય છે તેને જાણે છે. એ કાંઈ ઘાસ નથી મળતું માટે દુઃખી છે એમ ભગવાન નથી જાણતા. એના રાગની એકતા કરે છે, એથી એ દુઃખી છે, એ એના કારણે દુઃખી છે. પરપદાર્થ ન મળ્યો માટે દુઃખી છે એમ છે નહિ. આહાહા! એ રાગનો અભાવ કરીને સ્થિર થશે ત્યારે એને શાંતિ થશે. ત્યાં એને ઘાસ મળ્યે શાંતિ થશે એમ છે નહિ. આહાહા! પરપદાર્થ મળ્યે શાંતિ શેની થાય? પણ, ભાઈ! આ ક્ષુધા લાગી હોય, બહુ આમ આંખે અંધારા આવતા હોય અને એમાં એક રૂપિયા ભાર પણ સાકરનો શેરો મળ્યો હોય પહેલો. આહાહા! શેરો સમજો છો? હલવો. કારણ કે, ફટ અંદરમાં ઉતરી જાય. જાણે સાતમું ગુણસ્થાન ભાળતો હશે! આહાહા! ત્યાં અડ્યોય નથી, એની પર્યાયને શેરો અડ્યોય નથી. અડ્યા વિના એને શાંતી ક્યાંથી આવે? આહાહા!

ભગવાનઆત્મા પર તરફના વિકલ્પનો અભાવ કરી જેટલી નિર્વિકલ્પતા, સ્થિરતા શાંતિ પ્રગટ કરે, એ આત્માને ભૂખ ભાંગવાની શાંતિનો એ રસ્તો છે. એ એને સૂઝ પડતી નથી, સૂઝ પડતી નથી. આ તે ક્યાં છે? ક્યાં હશે? ક્યાં હશે એ શંકા કરનારો જ ત્યાં છે આખો.

જુઓને! આત્મ સરોવર શબ્દ આપ્યો છે ને? આહાહા! ભગવાન જ્ઞાનજળ, ચૈતન્યજળ એ કષાય રાગના કારણે કાદવથી મેલું દેખાય છે. એ રાગનો અભાવ કરીને સ્વરૂપ એવું છે સરોવર જેવું સ્વરૂપ છે, એ રીતે ઠંડુ અને શાંતરૂપે પરિણમે, બસ! એનું નામ ચારિત્ર કહેવાય છે. કહો, સમજાણું?

પહેલી દર્શનની બહુ વ્યાખ્યા ચાલે છે. લોકોને ચારિત્ર હજી છે નહિ, ચારિત્ર થવાની લાયકાત નથી. એટલે એને એ વ્યાખ્યા બહુ કહે, એ તો શ્રદ્ધા કરાવવા માટે કહે. પણ પ્રગટ થવાની ચારિત્ર દશા, ભાઈ! એ તો બહુ અલૌકિક વાત છે. આહાહા! સમજાણું કાંઈ? એટલે પેલા બીજા કહે ને પણ વ્રતને અતિચાર ને બધી વાતું કરતા નથી, વ્રતને છંછેડતા નથી. એમ વળી કહે છે. અરે..! ભગવાન! ભાઈ! પણ એને દર્શન ને જ્ઞાનની આરાધના વિના એને ચારિત્ર કેવું હોય, વ્રત કેવા હોય એની વ્યાખ્યા એને બેસસે શી રીતે? સમજાણું? પહેલી ભૂમિકા સુધારી નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

'રત્નકરંડશ્રાવકાચાર'માં પણ પહેલા .... પણ દર્શન આરાધન પછી જ્ઞાનના આરાધનમાં એના ભંગ પાડ્યા છે. પ્રથમાનુયોગ ને આદિ. સમજાય છે? આ તો પાધરા એમ કહે, પહેલો પ્રથમાનુયોગનો અભ્યાસ કરવો. પણ એ વાત જ ક્યાં હતી એમાં? પહેલો દર્શન સ્વભાવ પ્રગટ કેમ થાય તેનો અભ્યાસ કરવો. એના પછી જ્ઞાનની આરાધના કરવામાં એ ચાર બોલ લીધા છે. પ્રથમાનુયોગ અને દ્રવ્યાનુયોગ છેલ્લો. આ તો પાધરા પહેલેથી પ્રથમાનુયોગ... દર્શનના ઠેકાણા ન મળે. અહીં પણ દર્શનનું આરાધન થયા પછી અન્યોન્ય, અધિક ને વિપરીતતા આદિથી રહિત એવું જ્ઞાન સેવન કરવું એમ કહ્યું છે. પછી કહ્યું કે, કરતા હોય એ અનાદિથી કરે છે. એ પણ 'ટોડરમલ્લ'માં મુક્યું છે. રાગ મંદ કરે, પુણ્ય બાંધે, સ્વર્ગમાં જાય કદાચ. એમાં આત્માને શું? દેહનો ભેખ બદલ્યો, પણ પેલો તો અંદર મૂર્ખ રહ્યો.

મુમુક્ષુ :– મૂર્ખ રહ્યો કે મૂર્ખ વધારે થયો ?

ઉત્તર :– ન્યાં તો પાછું એમ થઈ જાય છે કે, આહાહા! કેવા અમે પુણ્ય કર્યા છે ને! કેવા દેવ! આહાહા! ત્યારે આ બધું અમને મળ્યું. વિમાનો, ઇન્દ્રાણીઓ શાશ્વત વસ્તુ દેખે, આ તો કાંઈ આપણી જિંદગીમાંથી જાય એવી નથી. એવા તો અહીં ઘણા દેવો આવી ગયા. એમ ને એમ રહેવાનું છે. લ્યો! માણસને તો વયું જાય. બેઠો હોય ને વયું જાય. બાયડી મરી જાય, પૈસા જાય, શરીર સળગે, સળગે એટલે આ ક્ષય થાય. ક્ષય થવા મંડે, ક્ષય થાય. ૨૫ વર્ષનો યુવાન.

મુમુક્ષુ :– સુખી છે ને ?

ઉત્તર :– ક્યાં સુખી ને દુઃખેય ક્યાં હતું એને? અરે..! ૨૫ વર્ષનો જુવાન, બે વર્ષના પરણેતર, અરે...! અંદરમાં .... કાંઈક કાંઈક કાંણા પડ્યા છે. શંકા પડી. ચાલો જીથરી બતાવવા. આવે છે, અહીં વીસ વીસ વર્ષના જુવાન આવે છે. એક તો જુવાન માણસ કેવું શરીર, એકદમ રોવા મંડ્યો. શું છે ભાઈ? શરીર આવું લાલ. ક્ષય છે. કાણાં પડ્યા છે. જીથરીમાં ફોટો લીધો. અરે..! પણ મોઢામાં કાંઈ નથી ને! ફેફસામાં કાંણા પડ્યા છે. ગરીબ માણસ છું, શરીર જુવાન છે, પૈસા ખર્ચવાનો યોગ નથી. ખર્ચે તો ન્યાં મટે એવું ક્યાં છે એમાં? ઓ..હો..! રોગ તો તને આત્મ ભ્રાન્તિનો છે, ભાઈ!

મુમુક્ષુ :– આત્મ ભ્રાંતિ

ઉત્તર :– 'આત્મ ભ્રાંતિ સમ રોગ નહિ.' એ રોગ ટાળ્યા પછી નીરોગતામાં પુષ્ટિ વિશેષ થવા માટે ચારિત્ર છે. નબળાઈ રહે ને? રોગ ટળ્યો પછી નીરોગ થયો પણ હજી નબળાઈ રહી. એમ ભ્રાન્તિ ટળી પણ હજી નબળાઈ રહી છે. પૂર્ણ વીતરાગતા થઈ નથી. એટલે નબળાઈ છે, રોગ નથી હવે. પણ એ નબળાઈનું જરી છે એ અસ્થિરતાનું સાધન. એને પૂર્ણ શાંતિ સ્થિરતા પ્રગટ કરીને એને પણ ટાળવું, ત્યારે એને તદ્દન નિર્બળતા ટળીને સબળતા થશે, એ ચારિત્રથી સબળતા થશે.

કહે છે '**- તે ચારિત્ર આત્માનું સ્વરૂપ છે. કષાયરહિત જે આત્માનું સ્વરૂપ પ્રગટ થયું તે જ સદાકાળ રહેશે, તે અપેક્ષાએ આત્માનું સ્વરૂપ છે,...**' કષાય રહિત જે આત્માનું સ્વરૂપ પ્રગટ થયું, આત્માનો સ્વભાવ જે શક્તિરૂપે હતો (એ) પ્રગટ વ્યક્ત થયો. '**તે જ સદાકાળ રહેશે,...**' એમ ને એમ રહેશે. પોતાની નિર્મળ દશા થઈ એ ક્યાં જાય? '**તે અપેક્ષાએ આત્માનું સ્વરૂપ છે, નવીન આવરણ કદીપણ નથી.**' એને આવરણ કેવું? નિર્મળ શાંતિ પ્રગટી. '**સામાયિક ચારિત્રમાં સકળચારિત્ર થયું પણ સંજ્વલન કષાયના સદ્ભાવથી મલિનતા ન ગઈ.**' જુઓ! સામાયિક એટલે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ત્રણ કષાય કે બે કષાયનો અભાવ (થયો). અહીં તો મુનિપણાની વાત છે. સામાયિક–અંદર શાંતિ, શાંતિ ઘણી પ્રગટી, પણ સંજ્વલન કષાયનો સદ્ભાવ છે. સમજાણું? એને સંજ્વલન કહેવાય. સમજાણું કે નહિ? આ તો કહે, અમે શ્રાવક છીએ તો અમારે સંજ્વલનનો કષાય આવે. પણ ક્યાં હજી શ્રાવકના ઠેકાણા નથી. સમજાણું?

'**સામાયિક ચારિત્રમાં સકળચારિત્ર થયું પણ સંજ્વલન કષાયના સદ્ભાવથી મલિનતા ન ગઈ. તેથી જ્યારે...**' આત્મારૂપની પૂર્ણ વ્યાખ્યા કરે છે. '**સકળ કષાયરહિત થયા ત્યારે યથાખ્યાત નામ પામ્યું, જેવું ચારિત્રનું સ્વરૂપ હતું...**' યથાખ્યાત એમ. યથાખ્યાત. જેવું પ્રસિદ્ધ હતું કે ચારિત્ર આવું, એવું પ્રગટ થયું. '**જેવું ચારિત્રનું સ્વરૂપ હતું તેવું પ્રગટ થયું.**' લ્યો! એ ઉત્કૃષ્ટ (કહ્યું). પેલામાં ક્ષાયિક નાખ્યું છે, પેલામાં સાચું જ્ઞાન નાખ્યું છે, અહીં યથાખ્યાત નાખ્યું છે. પણ એનો અંશ પ્રગટ્યો છે અકષાયભાવથી તે પૂર્ણ થઈને તદ્દન અકષાય થાય છે.

હવે '**પ્રશ્ન :– શુભોપયોગરૂપ ભાવ છે તે ચારિત્ર છે કે નહિ?**' મુનિને શુભોપયોગ પંચમહાવ્રતનો વિકલ્પ, નગ્નપણું, અચેલપણું એવો શુભભાવ તે ચારિત્ર છે કે નહિ? એમ શિષ્યે પ્રશ્ન કર્યો. ભાન થયું છે, ચારિત્ર છે. અકષાય ચારિત્ર છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. શુભોપયોગ છે તે ચારિત્ર છે કે નહિ?

'**ઉત્તર :– શુભોપયોગ વિશુદ્ધ પરિણામોથી હોય છે.**' શુભોપયોગ તે વિશુદ્ધ એટલે મંદ કષાયના પરિણામથી હોય. '**વિશુદ્ધતા નામ મંદ કષાયનું છે.**' જુઓ! શુભોપયોગ મંદ કષાય છે. એ અકષાયભાવ નથી. પંચમહાવ્રતના પરિણામ, અઠ્ઠાવીસ મૂળ ગુણના ભાવ એ વિશુદ્ધતા મંદ કષાય છે. '**તેથી કષાયની હીનતાથી...**' તેથી પેલી કષાયની હીનતા કીધી ને? જેટલો અશુભ ટળ્યો, કથંચિત્ ચારિત્ર નામ વ્યવહારથી પમાય છે, વ્યવહાર ચારિત્ર નામ પમાય છે. સાચું ચારિત્ર નથી. કથંચિત્ કીધું ને? કથંચિત્ એટલે વ્યવહાર. કથંચિત્ ચારિત્ર, યથાર્થ ચારિત્ર નહિ. કથંચિત્ ચારિત્ર. શુભરાગરૂપ કષાય જેટલો ઘટ્યો એ અપેક્ષાએ ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, શુદ્ધ દૃષ્ટિ છે, શુદ્ધ જ્ઞાન છે, અકષાય પરિણતિ છે. એના શુભભાવને શું કહેવું? કથંચિત્ ચારિત્ર કહેવું. કથંચિત્ એટલે પેલો અશુભ ઉપયોગ છે, એ તો બિલકુલ

નહિ. એટલે અશુભ ઉપયોગ ટળ્યો છે એટલું એ વ્યવહારે ચારિત્ર (કહ્યું). કોઈ અપેક્ષાએ, કથન એટલે કોઈ અપેક્ષાએ, કષાયની મંદતાની અપેક્ષાએ. તીવ્ર રાગ ઘટ્યો એ અપેક્ષાએ એને ચારિત્ર કહેવામાં આવે છે. મૂળ તો દર્શન ને જોગને કારણે પણ અહીંયાં વર્તમાન પરિણામને સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કથંચિત્ કહેવાય, સર્વથા ચારિત્ર નહિ. કથંચિત્ એટલે અપેક્ષાથી. તીવ્રની અપેક્ષાએ મંદ રાગને અપેક્ષાએ વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. એ વ્યવહાર ચારિત્ર એટલે ચારિત્ર એ છે નહિ.

મુમુક્ષુ :– ચારિત્ર કહેવાય પણ છે નહીં.

ઉત્તર :– હા, બે ભાગ પાડશે ને. તેથી આમ લખ્યું છે. ચારિત્રના ભાગ પાડશે–સર્વ સકળ ને દેશવિરતી. એમાં પછી પંચમહાવ્રતને આ બાર વ્રત, એમ ભેદ પાડશે. તેથી એને કથંચિત્ ચારિત્ર પહેલું લખીને પછી એનો ખુલાસો પાઠમાં આવે છે ખરા ને. પાઠમાં તો એ આવશે. સકળ ચારિત્ર પાધરું આવશે, જુઓ! ચારિત્રના ભેદમાં પછી એમ નહિ, પેલા બે કષાય ટળ્યા ને ત્રણ કષાય ટળ્યા એમ નથી લીધું. એ..ય..! વ્યવહારથી વાત કરી છે.

મુમુક્ષુ :– યથાખ્યાત ચારિત્ર...

ઉત્તર :– હા. યથાખ્યાત ચારિત્રની એ ઠીક. પણ શુભભાવને અહીં તો કહેવું કે નહિ એમ વાત ચાલે છે. કારણ કે, વાત બધી બાર વ્રત ને એની આવશે. એને ચારિત્રના ભેદમાં નાખશે. સર્વ વિરતીરૂપ મુનિ ને દેશ વિરતીરૂપ શ્રાવક. એ તો વ્યવહારના ચારિત્રની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? પેલું ચારિત્ર તો શુદ્ધ અકષાયભાવ છે. થોડો શુદ્ધ, વિશેષ શુદ્ધ, વિશેષ શુદ્ધ એટલો ભેદ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– થોડો ભાગ વ્યવહારનો પણ...

ઉત્તર :– ક્યાં વ્યવહારનો લાગ આવ્યો નથી. વ્યવહાર એ ગુણસ્થાનમાં આવો હોય છે એને ચારિત્ર વ્યવહારે કહેવામાં આવે છે. એમ કહે છે. કથંચિત્ એટલે કોઈ અપેક્ષાએ, એમ. વર્તમાન અપેક્ષાએ વ્યવહારથી એને એમ કહે ને? પંચમહાવ્રત અંગીકાર કર્યાં, સર્વ વિરતી અંગીકાર કરી અને દેશ વિરતી અંગીકાર કરી. એમ કહે કે નહિ? એમ કહે, અકષાય ભાવ અંગીકાર કર્યો એમ કહે? એ સર્વસાવદ્યયોગના ત્યાગથી આખી શૈલી લીધી છે. ભાઈ! શૈલી તો જેમ આવે એમ આવે.

'**પ્રશ્ન :–**' શિષ્યનો પ્રશ્ન થયો. જ્યારે તમે મંદ કષાય કહો છો, મંદ. તો અમને તો એમ લાગે છે કે, **'દેવ-ગુરુ-શાસ્ત્ર, શીલ, તપ, સંયમાદિમાં અત્યંત રાગરૂપ પ્રવર્તે તેને મંદ કષાય કેવી રીતે કહેવાય?'** સમજાણું? સમ્યગ્દૃષ્ટિ આત્માનું ભાન છે, આત્માનું જ્ઞાન છે અને તે દેવ-ગુરુ-શાસ્ત્ર, કષાયની મંદતારૂપ આચરણ, તપ, મુનિપણાનો વ્યવહાર, અને સંયમ આદિ ઇન્દ્રિયનું દમન આદિ. અત્યંત રાગરૂપ પ્રવર્તે છે. અત્યંત રાગ દેખાય છે ત્યાં આમ કરે, આમ કરે, પ્રવર્તે છે ને. તેને મંદ કષાય કેવી રીતે કહેવાય? હવે આમ અત્યંત મંદ

રાગ પ્રવર્તે ને તમે કહો કે, મંદ કષાય છે. કોઈ જીવને દુઃખ ન દેવું એવો વિકલ્પ છે. આ છે.. જોઈને ચાલે, સમજાણું? દેવનો વિનય કરે સર્વજ્ઞ પરમાત્માનો. આહાહા! જય નાથ, જય પ્રભુ! ગુરુનો વિનય કરે, શાસ્ત્રનો વિનય કરે. આવી પ્રવૃત્તિમાં તો અત્યંત રાગ છે અને પ્રેમ છે.

'ટોડરમલ્લજી'એ પોતે ને પોતે ન્યાય ઉઠાવ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર... આ તો સમકિતી જ્ઞાનીની વાત છે, હોં! અજ્ઞાનીની વાત નથી. એ પણ અહીંયાં બહારમાં તો દેવનો વિનય કરે, ગુરુનો વિનય કરે, જાત્રામાં જાય, જાત્રામાં ભગવાનને આમ (પ્રાર્થના કરે), અહો નાથ! આપને લઈને ઉદ્ધાર થઈ ગયો અમારો, આપના દર્શનથી અમે આમ પાવન થઈ ગયા. એવા રાગથી બોલે છે ને એને તમે મંદ કષાય કેમ કહો છો? એમ કહે છે. સમજાણું? દેવ-ગુરુ-શાસ્ત્ર માટે તો માથા આપે. કહો, 'મલુપચંદભાઈ'! રૂપિયાવાળા રૂપિયા આપે. કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્ર એ ત્રણ લીધા. શીલ, તપ ને સંયમ. કષાયની મંદતારૂપી આચરણ, તપ એ મુનિપણાનો વ્યવહાર વિકલ્પ. બરાબર એની જે ક્રિયા છે સામાયિક કરે, ભગવાનને વંદન કરે અને આમ ચારેય દિશા(માં) આમ વંદન કરવું, આ કરવું, આ કરવું એમાં ક્યાંય ત્રુટી આવવા ન દે. લ્યો! એમાં લક્ષ રાખીને અત્યંત રાગરૂપ પ્રવર્તે છે તેને મંદ કષાય કેવી રીતે કહેવાય? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? ભાઈ! ભિન્ન ભિન્ન જાતના શાસ્ત્રો વાંચે તો એમાં ભિન્ન ભિન્ન જાતની વિવિધતા જ્ઞાનમાં, ખ્યાલમાં આવે ને !

'**ઉત્તર :– વિષય-કષાયાદિના રાગની અપેક્ષાએ...**' ખાવા, પીવા, ભોગ, આબરૂ, કીર્તિ, રળવા, કમાવા, વ્યાજ કાઢવા, ચોપડાનું વ્યાજ કાઢવા બેઠો હોય, નામુ કાઢવા (બેઠો હોય), એવો જે રાગ, એ પાપ રાગ છે. '**એની અપેક્ષાએ તે મંદ કષાય જ છે.**' લ્યો! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર, શીલ, તપ ને સંયમાદિમાં વાંચન, સ્વાધ્યાય પણ બરાબર કરતો દેખાય, લ્યો! શાસ્ત્ર વાંચે તો આમ કરે, ઉપદેશ આપે, આવો અત્યંત રાગ પ્રવર્તે એને મંદ કષાય શી રીતે કહેવો? શિષ્યનો પ્રશ્ન આમ છે. ભાઈ! સંસારના પાંચ ઇન્દ્રિયના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને ભોગવતા જે તીવ્ર રાગ–કષાય છે અને પોતાના પૈસા સાચવવા, છોકરા સાચવવા, એનો જે પ્રતિકૂળ ક્રોધ, એનું માન, એની માયા, એનો લોભ, એવા રાગની અપેક્ષાએ તે મંદ કષાય જ છે. સમજાણું કાંઈ?

'**કારણ કે, એના રાગમાં ક્રોધ, માન, માયા તો છે જ નહિ.**' જુઓ! એક લોભ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, શીલ, તપ, સંયમ એવો જે શુભભાવ એમાં ક્રોધ, માન, માયા તો છે નહિ. '**અને પ્રીતિભાવની અપેક્ષાએ લોભ છે.**' દેવ-ગુરુ-શાસ્ત્રનો, શીલ, તપનો, સંયમાદિનો પ્રેમ છે, એની અપેક્ષાએ લોભ છે. '**તેમાં પણ કાંઈ સાંસારિક પ્રયોજન નથી,...**' મંદ કષાયને સિદ્ધ કરે છે. મંદ કષાય અત્યંત અનુરાગ, રાગ પ્રવર્તે છતાં તેને મંદ કષાય કેમ છે? સમજાણું કાંઈ? એને ક્રોધ, માન, માયા તો નથી, પ્રીતિભાવરૂપ લોભ છે. તે પણ કાંઈ સાંસારિક

પ્રયોજન અર્થે નથી. એ લોભની મંદતા–કષાયની મંદતા સિદ્ધ કરે છે. એને કોઈ સાંસારિક પ્રયોજન નથી, એક વાત.

**'તેથી લોભ-કષાયની પણ મંદતા છે.'** પેલા ત્રણમાં ક્રોધ, માન, માયામાં તો ના પાડી હતી, લોભમાં પ્રીતિની અપેક્ષાએ લોભ કહ્યો પણ સાંસારિક પ્રયોજન નથી. તેથી લોભ કષાયની પણ મંદતા છે. **'ત્યાં પણ જ્ઞાની જીવ રાગભાવના પ્રેર્યા,...'** પેલો શુભરાગ આવે છે. **'અશુભરાગ છોડી શુભરાગમાં પ્રવર્તે છે,...'** લ્યો! બહુ પણ ભારે ટીકા કરી છે. મર્મની ટીકા (કરી છે). ધર્મી જીવ, સમ્યગ્દષ્ટિ જીવ રાગભાવના પ્રેર્યા, એવો શુભરાગ મંદ આવે છે ત્યારે **'અશુભરાગ છોડી શુભરાગમાં પ્રવર્તે છે,...'** દેખો! એને જ્ઞાનીની અપેક્ષાએ અશુભરાગ છોડીને જ્ઞાન શુભમાં પ્રવર્તે છે, હોં! પેલા તો કહે, તમને અશુભરાગને છોડાવવા માટે શુભભાવ કહીએ છીએ. પણ ક્યાં હજી એકેય છૂટ્યું નથી કાંઈ એમાં છૂટે ક્યાંથી?

પહેલો ઉપદેશ તો દર્શનનો હોવો જોઈએ. એ દર્શનના અધ્યાત્મનો દ્રવ્યાનુયોગનો ઉપદેશ તો એ છે, એનાથી દર્શન પમાય છે. એના ઉપદેશ વિના એકલી વાતુંનો કથાનુયોગ ને જગતને રાજી કરે, જનમનરંજન. પાપી છે એમ કહે છે. લખ્યું છે ભાઈએ. કોણ? 'તારણસ્વામી' કડક છે. જનમનરંજન માટે તારો ઉપદેશ? પાપી છો, નિગોદમાં જાઈશ. દુનિયા રાજી રહે, એનાથી આમ પ્રસન્નતા રહે, આપણા ઉપર પણ આમ જેની મીઠી નજર રહે કે ભાઈ બહુ સારું કહે છે. એવા દુનિયાને રાજી રાખવા, જગતના મનોરંજન માટે એવા કષાયની મંદતાના ભાવમાં લાભ મનાવવો એ ઠીક છે? આહાહા!

જ્ઞાની દુનિયાને રંજન–રાજી રાખવા પ્રવર્તન કરતો નથી કે દુનિયાથી રાજી થવા (પ્રવર્તન કરતો નથી). 'શ્રીમદ્'માં આવે છે ને? જગતને રૂડું દેખાડવા અનંતકાળથી ઘણો પ્રયત્ન કર્યો. જગતને રૂડું દેખાડવા. જગત કેમ મને સ્વીકારે. શ્રદ્ધાવાળો, જ્ઞાનવાળો, ચારિત્રવાળો, ત્યાગવાળો, બ્રહ્મચારી એમ જગત કેમ સ્વીકારે? એવું જગતને રૂડું દેખાડવા બાપુ! કર્યું તેં અનંતવાર. આવે છે? એ... 'ન્યાલચંદભાઈ'! છે કે નહિ? એમણે તો બહુ કીધું, પણ... કેટલામું છે? (પત્રાંક–૩૭) **'જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યો;...'** રૂડું સમજો છો? સારું. રૂડું એટલે સારું. જગતને સારું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યો. **'તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજી પ્રત્યક્ષ રહ્યા છે.'** આહા..! કેટલી વાર તો ઘા માર્યા છે આમ. પણ ગૃહસ્થાશ્રમમાં રહ્યા ને (એટલે) બધું ચોખ્ખું બહાર ન આવ્યું. સમજાણું? **'કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજી પ્રત્યક્ષ ભર્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે,...'** થઈ રહ્યું. જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યો, બાપુ! એથી કાંઈ રૂડું થયું નથી. આહાહા! કહો, આ તો વીસ ને એકવીસ વર્ષની અંદરની વાત છે. સમજાણું?

૪૪ની સાલ, સંવત ૧૯૪૪ આસો વદ ૨ મુંબઈ, ૪૪ની સાલ. ૨૨ વર્ષ થયા ને

www.vitragvani.com



કેટલા થયા? વીસ. ચોવીસ ને વીસ વર્ષ થયા કે નહિ? ચોવીસમાં જન્મ અને ૪૪, વીસ વર્ષ થયા. વીસની ઉંમરે, વીસ વર્ષની ઉંમરે. 'ન્યાલચંદભાઈ'! ભાઈ! એવા સત્યાભિલાષી 'જેઠાભાઈ ઉજમશી', 'જેઠાભાઈ' ઉપર છે. 'ઉજમશીભાઈ'ના ભાઈ ઉપર. **'જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજી પ્રત્યક્ષ રહ્યા છે.'** આહાહા! થોડામાં કહેવાની રીત. **'એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે,...'** એક ભવનું, સમજાય છે? **'એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટુ વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે.'** આહાહા! વિગેરે... વિગેરે.

મુમુક્ષુ :– અનંત ભવનું સાટુ વળશે એટલે શું?

ઉત્તર :– અનંત ભવ રહેશે જ નહિ પછી, થઈ રહ્યું. અનંતભવમાં કર્યું નથી (તે) એક ભવે કર્યું (એટલે) ખલાસ થઈ ગયું. અનંતભવ રહેશે જ નહિ, પછી ભવ જ છે નહિ. બધું સાટુ વળી ગયું. અનંતભવમાં રૂડું દેખાડવા કર્યું હતું, કાંઈ વળ્યું નહિ. એક ભવ રૂડું (કરવામાં ગયો તો) અનંતાભવનું સાટુ વળી ગયું. જાવ, થઈ ગયું સારું. આહાહા!

આખી શૈલી એવી (છે). નહિતર એમનો ક્ષયોપશમ અને કહેવાની પદ્ધતિની તો ગજબ વાત છે. પણ આખું એવું સંકલના એવી છે કે એમાંથી સરખું ઊભું થવું, જૈનશાસન આખું ઊભું થાય સરખું. તે દિ' મેં (સંવત) ૧૯૮૧માં કહ્યું હતું. એ લોકો આવ્યા ત્યારે. 'મનસુખ કીરચંદ' 'ગઢડે' નહિ. મેડા ઉપર. આ બાજુ નીચેના મેડે. 'જેસંગભાઈ' હતા, 'વનેચંદભાઈ' હતા, 'મનસુખ કીરચંદ' બધા હતા. આ મોટું પુસ્તક છપાવવું હતું ને? નહોતું છપાવ્યું. એ પહેલા પેલું લેવા આવેલા. મને તો બધું એવું લાગે છે કે, આ આખા પુસ્તકમાં વીતરાગનું જૈનશાસન આખું એકરૂપે ઊભું થવું બહુ કઠણ છે. કઠણ નહોતું કહ્યું પણ એ વખતે (કહ્યું હતું), આખું શાસન ઊભું થવું (એ) મને નથી લાગતું. ભાઈ એમ કહ્યું હતું. એને જરા આકરું લાગેલું. આશા ધરીને આવેલા ને! આ તો વીતરાગ માર્ગ છે, જેમાં સર્વજ્ઞની મુખ્યતા આવી અને એની પ્રણાલિકા બધી ઊભી થવી જોઈએ. સર્વજ્ઞના શરણ વિના, સર્વજ્ઞના આશ્રય વિના કોઈ પણ વાત, કથન પોતાની કલ્પનાનું હોઈ શકે નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો જરા એમ થયું કે આ બહાર પાડવાનું આવું...

અહીં તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જે કહેવા માગે છે અને એના સંતો જે કહે છે એ વાતથી કાંઈ બીજું વિપરીત આવવું ન (જોઈએ). ઢીલું ન આવે, બીજું ન આવે. આવે છે ને પેલું? શું આવ્યું? એમાં નથી આવ્યું. ઓછું નહિ, વિપરીત નહિ, અધિક નહિ. ઓછું, અધિક અને વિપરીત. પછી મિથ્યાત્વનું આવે છે, પછી મિથ્યાત્વનું આવે છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કે નહિ? ઓછું માને તો મિથ્યાત્વ, અધિક માને તો મિથ્યાત્વ, વિપરીત માને તો (મિથ્યાત્વ). પચીસમાં એ ત્રણ આવે છે.

(અહીંયા) કહે છે, એને મંદ રાગ કેમ કહેવો? એનો ખુલાસો કરે છે. બહુ સારો (ખુલાસો) છે. જેને ક્રોધ, માન, માયા તો નથી, પ્રીતિરૂપ લોભ તો છે પણ એ લોભમાં સંસારીક પ્રયોજન નથી, ભાઈ! અને જ્ઞાની જીવને એમાં જે શુભરાગભાવ પ્રવર્તે છે, એ અશુભરાગ છોડી શુભરાગમાં પ્રવર્તે છે. શુભરાગને ઉપાદેયરૂપ તો શ્રદ્ધતા નથી. પણ એ શુભરાગ આદરણીય છે ને લાભદાયક છે એમ તો માનતા નથી. માથે પ્રશ્ન કર્યો છે કે, અત્યંત રાગરૂપ પ્રવર્તે તેને મંદ કષાય કેમ કહેવાય? અત્યંત એવો શબ્દ પડ્યો છે. અત્યંત રાગરૂપ એનો આ ખુલાસો ચાલે છે. સમજાય છે ને? એણે અત્યંત રાગની વ્યાખ્યા બરાબર રાખી છે. અત્યંત રાગરૂપ છે એ વ્યાખ્યા બરાબર રાખી છે. પણ એને મંદ કષાય કેમ કહેવો એનો આ ખુલાસો કરે છે. પેલાની અપેક્ષાએ. આહાહા! અને પોતાના અશુભભાવની અપેક્ષાએ પણ શુભભાવ ઉપાદેય નથી અને પ્રયોજન સંસારનું નથી. અશુભરાગ છોડી, શુભરાગમાં પ્રવર્તે છે. શુભરાગને ઉપાદેયરૂપ તો શ્રદ્ધતા નથી. લ્યો!

જ્ઞાનીને અત્યંત રાગ દેખાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે, પંચમહાવ્રત પ્રત્યે, શીલ પોતાના આચરણની જે વિધિ છે વ્યવહારની, એમાં એ રીતે (દેખાય છે). સમજાણું? છતાં તે શુભરાગના પ્રેર્યા, અશુભરાગ છોડી પ્રવર્તે છે. શુભરાગને પણ આદરણીય તરીકે, ઉપાદેય તરીકે, હિત તરીકે એ શ્રદ્ધતા નથી.

**'પોતાના શુદ્ધોપયોગરૂપ ચારિત્રમાં મલિનતાનું કારણ જ જાણે છે.'** લ્યો! આહાહા! કેટલી સ્પષ્ટતા છે! માણસ મધ્યસ્થતાથી, શાંતિથી, ધીરેથી, સ્વાધ્યાય કરવો જોઈએ ને. સ્વાધ્યાયમાં કાંઈ સત્યનું સ્વરૂપ આવવું જોઈએ ને. એમ ને એમ જે દીધે રાખે એમ ને એમ સ્વાધ્યાય કરી ગયા, એનો શું અર્થ? આ સત્‌ને સિદ્ધ કરે છે. મંદ કષાય કેમ એને અત્યંત અનુરાગ કહેવો? છતાં એને મંદ રાગ કેમ કહેવો? આ અત્યંત રાગ છે ને આ આમ એવો ભગવાન પાસે પ્રેમ બતાવે છે. અહો નાથ! ગુરુની પાસે આમ ઢળી જાય. ગુરુ આપના કારણે મોક્ષ થયો, પ્રભુ! નહિતર મરી જાત હું. લ્યો.

'ગોમ્મટસાર'માં આવે છે ને? નથી આવતું? અભિનંદન. અમારા ગુરુને લઈને અમે સંસાર સમુદ્રને તર્યા છીએ, ગુરુને લઈને તર્યા છીએ. એમ છે, લ્યો! 'ગોમ્મટસાર'માં. આહા...! આમ તો જાણે એટલું બધું આ, વળી તમે કહો કોઈથી તરે નહિ, વળી તમે તરે એવું આવું કહો, ભાઈ! સાંભળ તો ખરો. અશુભરાગ છૂટવા ને શુભરાગના પ્રેર્યા એવા ભાવ થયા વિના રહે નહિ. છતાં ધર્મી એ શુભરાગને આદર તરીકે માનતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'પણ તેને પોતાના શુદ્ધોપયોગરૂપ ચારિત્રમાં મલિનતાનું કારણ જ જાણે છે.'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પંચમહાવ્રતના પરિણામ કે દેવ-ગુરુ-શાસ્ત્રનો ભક્તિનો વિનય કે તપનો વિકલ્પ આદિ મુનિપણાના આચરણ જેટલા છે એટલા બધા, વ્યવહારે, હોં! એમાં શુદ્ધોપયોગમાં એ મેલ દેખે છે. મારા શુદ્ધોપયોગમાં એ મેલ છે. શુદ્ધોપયોગ એને લઈને થતો નથી એમ માને છે. આહા..! પેલા કહે, એવા રાગને લઈને શુદ્ધોપયોગ થાય. શુભઉપયોગ શુદ્ધમાં બદલી જાય છે કહે છે. સાતમાનો શુદ્ધોપયોગ શુભ એ આઠમામાં શુદ્ધ થઈ જાય છે. શુભ પોતે જ બદલીને શુદ્ધ થઈ જાય છે. અરે..! ભગવાન! કાંઈ મેળ આવવો જોઈએ, કાંઈ મગજમાં, કાંઈ જ્ઞાનમાં, ન્યાયમાં, કાંઈ ખ્યાલ આવવો જોઈએ કે એમ ને એમ ઢસડીને બેસાડવું એ તો કાંઈ (વાત છે). મેલ જાણે છે.

**'અશુભોપોયગમાં તો કષાયની તીવ્રતા થઈ છે તેથી તે કોઈ પણ પ્રકારે ચારિત્ર...'** પહેલા કથંચિત્ નામ ચારિત્રનું પાડ્યું ને શુભનું અને મંદ કષાય બેને સિદ્ધ કરીને આ સરવાળો કર્યો. **'તીવ્રતા થઈ છે તેથી તે કોઈ પણ પ્રકારે ચારિત્ર નામ પામતું નથી.'** વ્યવહાર તો ચારિત્ર પામતું નથી. મંદ કષાયને કથંચિત્ વ્યવહાર ચારિત્ર નામ અપાય છે. શુભરાગને અશુભ છોડીને પ્રવર્તે છે માટે. પણ જાણે છે મેલ. આત્માની શાંતિને શુદ્ધોપયોગમાં મેલ છે. માટે ખરું ચારિત્ર જે અકષાય ભાવ છે તે છે અને એમાં પંચમહાવ્રત આદિના પરિણામ એ મેલ છે એમ જાણીને પ્રવર્તે છે, હેય છે. છોડીને સ્થિર થાઉં એવી એની ભાવના છે. માટે એને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૪૦

### ચારિત્રના ભેદ

हिंसातोऽनृतवचनात्स्तेयादब्रह्मतः परिग्रहतः।
कात्स्न्यैकदेशविरतेश्चारित्रं जायते द्विविधम्।।४०।।

**અન્વયાર્થ :– [ हिंसातः ] હિંસાથી, [ अनृतवचनात् ] અસત્ય ભાષણથી, [ स्तेयात् ] ચોરીથી, [ अब्रह्मतः ] કુશીલથી અને [ परिग्रहतः ] પરિગ્રહથી [ कात्स्न्यैकदेशविरतेः ] સર્વદેશ અને એકદેશ ત્યાગથી તે [ चारित्रं ] ચારિત્ર [ द्विविधम् ] બે પ્રકારનું [ जायते ] હોય છે.**

ટીકા :– **'चारित्रं द्विविधं जायते' - ચારિત્ર બે પ્રકારે ઊપજે છે. કેવી રીતે? 'हिंसातः, अनृतवचनात्, स्तेयात्, अब्रह्मतः, परिग्रहतः, कात्स्न्यैकदेशविरतेः' - હિંસા, જૂઠું, ચોરી,**

www.vitragvani.com



**અબ્રહ્મ અને પરિગ્રહના સર્વદેશ અને એકદેશ ત્યાગથી. ચારિત્રના બે ભેદ છે.**

**ભાવાર્થ :– હિંસાદિકનું વર્ણન આગળ કરીશું. તેના સર્વથા ત્યાગને સકળચારિત્ર કહીએ અને એકદેશ ત્યાગને દેશચારિત્ર કહીએ. ૪૦.**

---

**પ્રવચન નં. ૩૨ ગાથા–૪૦ થી ૪૨ શનિવાર, જ્યેષ્ઠ સુદ ૨, તા. ૧૦-૦૬-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૩૯ ગાથા થઈ ગઈ. ૪૦ (મી ગાથા). **'ચારિત્રના ભેદ'**. ચારિત્રના ભેદનું વર્ણન છે.

**हिंसातोऽनृतवचनात्स्तेयादब्रह्मतः परिग्रहतः।**
**कात्स्न्यैकदेशविरतेश्चारित्रं जायते द्विविधम्।।४०।।**

**અન્વયાર્થ :– 'હિંસાથી, અસત્ય ભાષણથી, ચોરીથી, કુશીલથી અને પરિગ્રહથી...'** **'कात्स्न्यैकदेशविरतेः'** એટલે **'સર્વદેશ અને એકદેશ ત્યાગથી તે ચારિત્ર બે પ્રકારનું હોય છે.'** જુઓ! વર્ણન આ રીતે કર્યું છે. પાંચ પાપનો સર્વથા ત્યાગ અને પાંચ પાપનો એકદેશ ત્યાગ. એ શૈલીએ વર્ણન તો ચારિત્રનું પેલું જે અંતર ભૂમિકાએ ત્રણ કષાયનો અભાવ હોય મુનિને, એમાં આવા વિકલ્પોની જાત હોય છે એથી એને પણ વ્યવહારે ચારિત્ર કહ્યું. મૂળ તો શુદ્ધોપયોગરૂપ પરિણમન છે એ ચારિત્ર છે. સમજાણું?

ટીકા :– **'चारित्रं द्विविधं जायते' - ચારિત્ર બે પ્રકારે ઊપજે છે. કેવી રીતે? - હિંસા, જૂઠું, ચારી, અબ્રહ્મ અને પરિગ્રહના સર્વદેશ (એટલે સર્વવાસ) અને એકદેશ (એટલે એક અંશ) ત્યાગથી. ચારિત્રના બે ભેદ છે.'** આ પ્રકારે ચારિત્રના બે પ્રકાર છે. એટલે માણસ મૂંઝાય છે આમાંથી. જુઓ ! પાંચ પાપનો ત્યાગ (કરે) તેને ચારિત્ર કહ્યું છે. તે ચારિત્ર છે અને એ ચારિત્ર ક્ષયોપશમભાવે છે. એય! 'પંડિતજી'! જુઓને! વ્યાખ્યા તો આમ કરી. પાછી બીજી લેશે, હોં! તરત જ તે. (ગાથા–૪૧ માં) **'समयसारभूतोऽयम्'** એમ લેશે.

**ભાવાર્થ :– 'હિંસાદિકનું વર્ણન આગળ કરીશું. તેના સર્વથા ત્યાગને સકળચારિત્ર કહીએ...'** હિંસાદિક એટલે પાંચેય. જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહ. **'એનું વર્ણન આગળ કરીશું. તેના સર્વથા ત્યાગને સકળચારિત્ર કહીએ અને એકદેશ ત્યાગને દેશચારિત્ર કહીએ.'** આ વાત અહીંયાં પાંચ પાપના ત્યાગથી વર્ણવી. ૪૧માં પાછી જરીક ફેરવે છે. એની મૂળ સ્થિતિ (બતાવશે). સમજાય છે?

પાંચ પાપનો ત્યાગ, એ ત્યાગ ને ગ્રહણ એ તો હજી વિકલ્પ છે ખરેખર. પણ ખરું ચારિત્ર તો ત્રણ કષાય રહિત મુનિને હોય છે એ ચારિત્ર છે. આ જોડે શુભભાવ છે આ ત્યાગનો, એ વિકલ્પ છે એટલો તો મેલ છે. કહો, સમજાણું? એને અહીંયા ચારિત્ર (કહે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે). લોકો (એમ કહે છે), આ પાઠમાં એમ છે ને કે, આ ચારિત્ર કહ્યું જો, ભાઈ! આ બે પ્રકારનું. 'માંગીરામજી'! દેખો! ચારિત્ર બે પ્રકારના કહ્યા. પાંચ પ્રકારના હિંસાદિનો ત્યાગ થવો તે સર્વથા ચારિત્ર છે અને પાંચ પ્રકારના પાપનો દેશથી ત્યાગ થવો તે દેશચારિત્ર છે. આમ વ્યાખ્યા કરી. પણ પાછી એને સમાડે છે હવે.

## ગાથા-૪૧

**આગળ આ બન્ને પ્રકારના ચારિત્રના સ્વામી બતાવે છે :–**

निरतः कात्स्न्र्यनिवृत्तौ भवति यतिः समयसारभूतोऽयम्।
या त्वेकदेशविरतिर्निरतस्तस्यामुपासको भवति।।४१।।

**અન્વયાર્થ :–** [ कात्स्न्र्यनिवृत्तौ ] સર્વથા-સર્વદેશ ત્યાગમાં [ निरतः ] લીન [ अयं यतिः ] આ મુનિ [ समयसारभूतः ] શુદ્ધોપયોગરૂપ સ્વરૂપમાં આચરણ કરનાર [ भवति ] હોય છે. [ या तु एकदेशविरतिः ] અને જે એકદેશવિરતિ છે [ तस्यां निरतः ] તેમાં લાગેલો [ उपासकः ] ઉપાસક અર્થાત્ શ્રાવક [ भवति ] હોય છે.

**ટીકા :–** 'कात्स्न्र्यनिवृत्तौ निरतः अयं यतिः भवति' - (અંતરંગમાં તો ત્રણ કષાયરહિત શુદ્ધિનું બળ છે જેને તથા) પાંચ પાપના સર્વથા-સર્વદેશ ત્યાગમાં જે જીવ લાગેલો છે તે મુનિ છે. 'अयं समयसारभूतः' - આ મુનિ શુદ્ધોપયોગરૂપ શુદ્ધાત્માસ્વરૂપ જ છે. મુનિ છે તે શુદ્ધોપયોગસ્વરૂપ જ છે. જે શુભોપયોગરૂપ ભાવ છે તે પણ આ મુનિની પદવીમાં કાલિમા સમાન છે. 'तु एकदेशविरतिः तस्यां निरतः उपासकः भवति' - જે પાંચ પાપના કદાચિત્ એકદેશ ત્યાગમાં લાગેલો જીવ છે તે શ્રાવક છે.

**ભાવાર્થ :– સકળચારિત્રના સ્વામી તો મુનિ છે અને દેશચારિત્રના સ્વામી શ્રાવક છે. ૪૧.**

---

**'આગળ આ બન્ને પ્રકારના ચારિત્રના સ્વામી બતાવે છે :–'** વ્યાખ્યા તો એની જે રીતે આવે એ રીતે આવે ને ! પંચમહાવ્રતના પરિણામ (રૂપ) આવા વ્યવહાર હોય છે ત્યાં એને અંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય છે, એ ખરું ચારિત્ર છે. આ જે શુભભાવ છે એ કથંચિત્ વ્યવહારથી ચારિત્ર કહેવામાં આવે છે.

निरतः कात्स्न्र्यनिवृत्तौ भवति यतिः समयसारभूतोऽयम्।
या त्वेकदेशविरतिर्निरतस्तस्यामुपासको भवति।।४१।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જુઓ! બન્નેમાં '**निरतः**' '**निरतः**' શબ્દ વાપર્યો છે.

**અન્વયાર્થ :–** ''**कात्स्न्यनिवृत्तौ' - સર્વથા - સર્વદેશ ત્યાગમાં...**' સર્વથા કહો કે સર્વદેશ કહો. '**સર્વથા - સર્વદેશ ત્યાગમાં લીન આ મુનિ...**' '**अयं यतिः समयसारभूतः**' એ સમયસારભૂત છે. લ્યો! પંચમહાવ્રતનો ત્યાગ છે એ કાંઈ સમયસારભૂત નથી ખરેખર. પણ પંચમહાવ્રતના વિકલ્પના કાળમાં એને આવો શુદ્ધ પરિણતિરૂપ, શુદ્ધોપયોગરૂપ, સમયસારરૂપ ભાવ હોય છે. '**શુદ્ધોપયોગરૂપ સ્વરૂપમાં આચરણ કરનાર હોય છે.**' ખરેખર તો અંદર શુદ્ધોપયોગરૂપ આચરણ તે જ ચારિત્ર છે. સમજાણું કાંઈ? '**कात्स्न्यनिवृत्तौ**' સર્વથા પાંચ પાપનો ત્યાગ, તેની જે નિવૃત્તિ, એના કાળમાં ત્યાં શુદ્ધોપયોગ અથવા શુદ્ધપરિણતિરૂપ ત્રણ કષાયના અભાવરૂપ જે ભાવ (છે) તે ખરું ચારિત્ર કહેવામાં આવે છે. કહો, આમ છે. મોટા વાંધા ઉઠ્યા છે આ. એ... 'દેવચંદજી'! તમે પ્રોફેસરો, આ બધા શબ્દો આવા છે, દેખો!

મુમુક્ષુ :– ગાથાનો સીધો અર્થ સમજાવો.

ઉત્તર :– સીધો આ '**समयसारभूतः**' સીધો અર્થ એ. એને પેલો સીધો અર્થ આમાં ૪૦માં કહેવો હતો. ભાઈ! કીધો ને '**समयसारभूतः**' સીધો અર્થ.

મુનિપણું છે એ પાંચ પાપના ત્યાગરૂપ ભાવ વર્તે છે, ત્યાં આગળ એને ત્રણ કષાયના અભાવરૂપ શુદ્ધ પરિણતિ વર્તે છે તે સહિતને, તેને ચારિત્ર કહેવામાં આવ્યું છે. આમ છે, ભાઈ! શું થાય પણ હવે? કાલે એક મોટો બોલ આવ્યો છે એટલો કે આ..હા..હા..! પંચમહાવ્રતના પરિણામ ચારિત્ર છે, ઉદયભાવ નહિ, ક્ષયોપશમભાવ છે. ભાઈ! એ નથી. એવા વિકલ્પની વૃત્તિ આ પાળું કે આ ત્યાગ-ગ્રહણની વૃત્તિ ઉઠે છે એ જ શુભભાવ છે. શુદ્ધોપયોગમાં ને શુદ્ધપરિણતિમાં ત્યાગ-ગ્રહણની વૃત્તિ હોય નહિ. લોકોને ખબર ન મળે.

અહીં તો કહ્યું '**निरतः कात्स्न्यनिवृत्तौ भवति**' પંચમહાવ્રતના પરિણામમાં, પંચ અવ્રતના ભાવથી જે નિવર્ત્યો છે, એ જીવ આત્મામાં '**निरतः**' છે. પેલા વિકલ્પ ભલે છે પણ એ આત્મામાં '**निरतः**' છે, લીન છે. જુઓ! '**શુદ્ધોપયોગરૂપ સ્વરૂપમાં આચરણ કરનાર હોય છે.**' લ્યો! સમજાણું? '**લીન આ મુનિ શુદ્ધોપયોગરૂપ...**' આચરણમાં લીન છે. શબ્દાર્થ પણ એ છે, જુઓ!

ચારિત્ર એટલે શું? ઓહો..હો..! જેને અંતરમાં અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની ત્રણનો અભાવ થઈ અને સ્વરૂપમાં લીનતા, '**निरतः**' લીનતા, સ્વરૂપમાં લીનતા અતીન્દ્રિય આનંદની ઉગ્રતા અને મહા શાંતિની ભરચક્ક ભરતી (આવે છે). પર્યાયમાં, અવસ્થામાં શાંતિની ભરચક્ક ભરતી (આવે છે) એવો જે, છે ને? સર્વથા-સર્વદેશ ત્યાગમાં. એટલે હવે સર્વથા-સર્વદેશ ત્યાગમાં કોણ છે? પેલો લીન છે, શેમાં લીન છે? એ જીવ લીન છે. ત્યાગ વખતે પેલો સર્વથા શુભ ત્યાગ જે કહ્યો, એમાં લીન છે એટલે પેલા વિકલ્પમાં લીન છે એમ નહિ પણ એવા ત્યાગકાળમાં એ સ્વરૂપમાં લીન છે. ભાષા તો એમ કહે,

www.vitragvani.com



ભાઈ! માથે તો એ પાંચ વ્રતનો ત્યાગ એને સર્વથા કીધું ને ઓલાને દેશ કીધું. એય..! ‘દેવાનુપ્રિયા’!

**‘कात्स्न्र्यनिवृत्तौ’** સર્વથા ને દેશ ત્યાગમાં લીન છે એમ કીધું. પણ એનો અર્થ કે, એ ભૂમિકામાં જેને પંચ હિંસા, જૂઠું, ચોરી, વિષય સર્વથા છૂટી ગયા છે, એવામાં એ આત્માના સ્વરૂપમાં લીન છે. ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર છે, એને અહીંયા **‘समयसारभूतः’** કહેવામાં આવ્યા છે. કહો, કાલે આવ્યું હતું આપણે, નહિ? સામાયિક, સમયસાર સ્વરૂપ સામાયિક. આવ્યું હતું ને? ‘અમૃતચંદ્રાચાર્ય’, આ પણ ‘અમૃતચંદ્રાચાર્ય’ કરનાર છે, એ પણ ‘અમૃતચંદ્રાચાર્ય’ (કરનારા) છે. કહો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સીધી કરી છે. એમાં શું? એમાં આ પ્રમાણે છે ત્યાં એ આત્મામાં લીન છે. કહો, સમજાણું? ‘સમયસાર’ નાખ્યું નહિ પાછું? આ શું કરવા નાખ્યું? આ પંચ વ્રતમાં પાંચનો ત્યાગ એ કાંઈ ‘સમયસાર’ છે? એની ભૂમિકામાં એવા ભાવ હોય છે. એ લીન છે ત્રણ કષાયના અભાવમાં. **‘समयसारभूतः’** શુદ્ધ પરિણતિ. કહો, સમજાણું?

કાલ આવ્યું હતું કે નહિ? ૧૫૪ ગાથા. ‘રવિભાઈ’! એને પૂછ્યું હતું. સમયસાર સ્વરૂપ. એમ આવ્યું હતું ને? એકાગ્રતા લક્ષણ, બીજું. પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એકરૂપ જ્ઞાનનું પરિણમન. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જ્ઞાનનું ભવન–પરિણમન. એ ટીકાની જ આ બધી વાત છે. ત્રણે ટીકા છે, ત્રણે ટીકા જ છે ને, ત્રણે ટીકાના જ પાઠ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું જ્ઞાનરૂપ પરિણમન, એ ટીકા છે. પછી એનું બીજું, એકાગ્રતા લક્ષણ, ત્રીજું સમયસાર સ્વરૂપ. ત્રણે ટીકા છે. ‘અમૃતચંદ્રાચાર્ય’ના ત્રણેય શબ્દો છે. સમજાણું કાંઈ? એને સામાયિક કહીએ. એ અહીં મૂળ પાઠમાં કીધું છે **‘समयसारभूतः’**. ત્યાં ટીકામાં કહ્યું. આ પોતે ‘અમૃતચંદ્રાચાર્ય’ (કહે છે). સમજાણું કે નહિ?

આ ચારિત્રના બે ભેદ. સર્વથા પ્રકારના ત્યાગ એમાં ત્રણ કષાયના અભાવરૂપ ભાવ. દેશ ત્યાગમાં થોડો નિરત. એમ છે. જુઓ! (‘સમયસાર’) ૧૫૪ (ગાથાની ટીકા). **‘સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર...’** લ્યો! સામાયિક એને કહીએ કે, સમ્યગ્દર્શન શુદ્ધ આનંદ સ્વરૂપ પૂર્ણ એની અંતર નિર્વિકલ્પ પ્રતીતિ (થવી) એ બધું જ્ઞાનનું પરિણમન છે, એ રાગનું (પરિણમન નહિ), વિકલ્પ નહિ. પેલા પંચમહાવ્રત આદિ વિકલ્પ નહિ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનમાં ભવનમાત્ર એમ, એક બોલ. **‘એકાગ્રતાલક્ષણવાળું છે અને સમયસાર સ્વરૂપ છે...’** લ્યો! સામાયિક તો એને કહીએ. ૧૫૪.

મુમુક્ષુ :– અહીં તો સામાયિકની વાત છે, ત્યાં ચારિત્રની વાત છે.

ઉત્તર :– સામાયિક કહો કે ચારિત્ર કહો. વળી સામાયિક ને ચારિત્ર બીજું હશે! સામાયિક

કહો કે ચારિત્ર (કહો), સામાયિક ચારિત્ર. પાંચ ચારિત્રમાં ચારિત્ર છે કે નહિ? સામાયિક ચારિત્ર, ... ચારિત્ર, પર્યાયવિશુદ્ધ ચારિત્ર, સૂક્ષ્મ ચારિત્ર કહો, સમજાણું આમાં? ભગવાનઆત્મા આમ શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે) એમાં એકાગ્ર થઈ અને શુદ્ધ ઉપયોગરૂપ પરિણમન કરે, જેમાં ત્રણ કષાયના અભાવરૂપ ભાવ વર્તે, એને અહીંયા સર્વ વિરતિરૂપ મુનિપણાનું ચારિત્ર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– સકળ ચારિત્રની વાત છે.

ઉત્તર :– સકળ ચારિત્ર ઇ. પણ આ (શુદ્ધોપયોગરૂપ પરિણતિ), પેલા એકલા વિકલ્પ છે એ નહિ. અઠયાવીસ મૂળગુણ ને વ્રત આદિના વિકલ્પ એ કાંઈ ખરું ચારિત્ર નથી. એ દ્વારા પેલું જણાવ્યું. વ્યવહાર દ્વારા (જણાવ્યું). પહેલું કહ્યું વ્યવહાર કે આવા હોય છે ત્યાં. એ દ્વારા શું થયું? કે, અંદરમાં '**समयसारभूतः**' જે ચારિત્ર છે–શુદ્ધોપયોગ એ સર્વવિરતીવાળાને ચારિત્ર છે. એમાં એ લીન છે. વિકલ્પ છે એમાં લીન નથી. આહાહા! સાર તો એવો આવ્યો અહીં, જુઓ! પણ સમજવું જોઈએ ને! વ્યવહારમાં લીન છે એ તો વ્યવહાર છે. સમ્યગ્દષ્ટિ વ્યવહારમાં લીન નથી તો વળી મુનિ તો વ્યવહારમાં લીન (ક્યાંથી હોય?) સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ચોથે ધર્મની શરૂઆત છે, અહીંયા સકળચારિત્રમાં ઉગ્રતા છે.

ઉત્તર :– સમજાણું? સમ્યગ્દર્શન પણ વ્યવહારથી મુક્ત છે. આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર, એનું વેદન, એની શ્રદ્ધા ને એમાં લીનતાનો અંશ, એ નિશ્ચય દૃષ્ટિ જ્યાં થઈ એટલે સમ્યગ્દષ્ટિ જ વ્યવહારથી મુક્ત છે, વ્યવહારમાં લીન છે જ નહિ, વ્યવહાર પરજ્ઞેયમાં જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– પણ ઇ આ એના માટે તો આ વાત ચાલે છે આ. ન્યાં એમ કહ્યું ને અહીં બીજું કહે એમ છે? અહીંયા ચરણાનુયોગનો અધિકાર છે એટલે વાત પહેલા સર્વત્યાગથી લીધી.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ના ના, જરીએ ખેંચીને નથી, સમજીને કાઢવો પડે એમ કહો, સમજીને કાઢવો પડે, ખેંચીને નહિ.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ના પેલો તો ખેંચીને પરાણે નથી નીકળતો ને એમ (કહે છે). છે? જુઓ!

**निरतः कात्र्स्न्यनिवृत्तौ भवति यतिः समयसारभूतोऽयम्।**
**या त्वेकदेशविरतिर्निरतस्तस्यामुपासको भवति।।४१।।**

આહાહા! શું થાય? શાસ્ત્રની શૈલી જે હોય એ વિધિએ કથન આવે. પણ એમાં શું કઈ અપેક્ષા છે એ વાત તો એને જાણવી જોઈએ. હાર્દ–હાર્દ જાણવું, આવે છે ને આપણે?

www.vitragvani.com



'પ્રવચનસાર'ના ત્રીજા ભાગમાં, નહિ? હાર્દ. શાસ્ત્રને આ સ્થાને, આ ઠેકાણે શું કહેવું છે એ હાર્દનો જાણનાર હોય છે, એમ લખ્યું છે એમાં, જુઓ! 'પ્રવચનસાર' ત્રીજા ભાગમાં. સમજાણું? એકકોર **'સમયસારભૂતઃ'** કહ્યો તે વિકલ્પ છે, પંચમહાવ્રતના પરિણામ એકકોર કહે આસ્રવ છે, તે દોષ છે, મલિનભાવ છે, વ્યવહાર છે. સમ્યગ્દષ્ટિ વ્યવહારથી મુક્ત છે. કારણ કે રાગ અને રાગ રહિત દૃષ્ટિ બે એક કેમ હોઈ શકે? સમજાણું કાંઈ?

સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એની દૃષ્ટિ, એનું જ્ઞાન ને એમાં લીનતાનો અંશ એ તો અરાગભાવ છે. એ અરાગભાવ એવો જે સમ્યગ્દષ્ટિનો ભાવ (છે) તે તે કાળે એને વિકલ્પ આદિ હોય એનાથી તો ભેદ છે, જુદો છે. નિશ્ચય વ્યવહારથી જુદો છે. નિશ્ચયમાં લીન છે, વ્યવહારમાં લીન નથી. સમજાણું કાંઈ? અહીં મુનિને કહ્યું ખરું કે, આ બતાવવું છે કે ભાઈ ! એને પાંચ અવ્રતનો ત્યાગ છે પણ લીન છે અહીં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... ગયા નહિ, રહ્યા, એના સ્થાનમાં રહ્યો. બંધ અધિકારમાં જ કહ્યું છે. ભગવાન જ્યારે એમ કહે છે કે, પર જીવનું જીવન-મરણ, સુખ-દુઃખ આત્મા કરી શકતો નથી. તો પછી એ પરને કરી શકું એવો જે અધ્વસાય, કરી શકતો નથી ને કરવું એવો અધ્વસાય ભગવાને છોડાવ્યો. તો મુનિ કહે છે કે, અમે તો એમ માનીએ છીએ ભગવાને પરાશ્રિત એવો સર્વ વ્યવહાર જ છોડાવ્યો છે. મૂળ શ્લોક એ છે.

ભગવાને પરાશ્રિત એવો વ્યવહાર જ ત્યાગ કર્યો છે. જ્યારે એક જીવ, બીજા જીવને જીવાડી શકે નહિ, મારી શકે નહિ, સુખી કરી શકે નહિ, વ્યવસ્થા એની કરી શકે નહિ. એક જીવ બીજાની સુખની સગવડતાની વ્યવસ્થા, દુઃખની અગવડતાની વ્યવસ્થા કે જીવવાની વ્યવસ્થા કે મરવાની વ્યવસ્થા સામાની, એક જીવ બીજાની કરી શકે નહિ. અને કરી શકે એમ માને છે તે અધ્યવસાય મિથ્યાત્વ છે. ભગવાને કહ્યું કે, પરનું એ જીવવું–મરવું, સુખ-દુઃખની દૃષ્ટિ છોડી દે. કારણ કે એ તારા અધિકારની વાત નથી. તો એમ ભગવાને જ્યારે પરની એકત્વબુદ્ધિને છોડાવી, પરનું કરી શકે નહિ એવો એકત્વ અધ્યવસાય છોડાવ્યો તો અમે તો કહીએ છીએ કે, પરને આશ્રયે એવો વ્યવહાર જ ભગવાને છોડાવ્યો છે. એ તો કહ્યું નહિતર તો ૨૭૨નો એ ઉપોદ્ઘાત છે.

૨૭૨ ગાથામાં 'કુંદકુંદાચાર્ય' કહે છે કે **'વવહારણઓ પડિસિદ્ધો'**. નિશ્ચયનયથી વ્યવહાર પ્રતિચ્છેદ છે. એનો એ તો ઉપોદ્ઘાત કર્યો છે. મુનિ પોતે કહે છે કે, અમે આમ ત્યાગ જાણીએ (છીએ), એ તો એક શૈલી લીધી. પણ એ પોતે ૨૭૨ ગાથામાં કહેવા માગે છે એનો એક ઉપોદ્ઘાત કર્યો છે, એક શૈલીએ એ જાતનો. સમજાણું કાંઈ? ભાઈ! એ માર્ગ તો છે એમ રહેશે, ભાઈ! સત્‌ને સત્‌રૂપે રાખશે તો રહેશે નહિતર ખેંચતાણ થશે તો એને માર્ગ હાથ નહિ આવે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કહે છે કે, **'સર્વથા-સર્વદેશ ત્યાગમાં લીન...'** એવા વ્રતમાં જે લીન **'આ મુનિ શુદ્ધોપયોગરૂપ સ્વરૂપમાં આચરણ કરનાર...'** જુઓ! **'समयसारभूतः' 'હોય છે.' 'भवति' 'समयसारभूतः भवति'** એમ છે. **'અને જે એકદેશવિરતિ છે તેમાં લાગેલો...'** પેલામાં **'निरतः'** કીધું હતું ને? સર્વદેશમાં લાગેલો છે. આ એકદેશમાં લાગેલો છે. સમજાણું? **'ઉપાસક અર્થાત્ શ્રાવક હોય છે.'** જેને આત્માનો અનુભવ સમ્યગ્દર્શન થયું છે. એ તો પહેલી વાત લઈને આ વાત કરે છે. નિર્વિકલ્પ આત્મા શુદ્ધ ચૈતન્યનું દર્શન થયું છે, એનું જ્ઞાન આરાધન થયું છે, એના પછી આ દેશવિરતિ શ્રાવકની વ્યાખ્યા ચાલે છે. સર્વવિરતિની સાથે શ્રાવક આવો હોય છે. કહો, સમજાણું એમાં?

એટલે સમ્યગ્દર્શન, સ્વભાવ પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય, એને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન, એને આશ્રયે થયેલું આરાધન સમ્યગ્જ્ઞાન, એની અંદર દેશવિરતપણું આવ્યું છે, પાંચ પાપનું દેશ–અંશે છોડ્યું છે, પણ એની સ્થિરતા, લીનતા અહીં છે. બે કષાયના અભાવરૂપ પરિણતિ છે એમાં એની લીનતા છે. (જો આમ નહિ સમજે તો) નહિતર ન્યાય ફરી જાશે. એકકોર કહેવું કે, વ્યવહાર ને નિશ્ચય બે વિરોધ છે. વળી કહેવું કે, નિશ્ચયવાળો પણ વ્યવહારમાં પણ લીન છે, બે મેળ નહિ ખાય. સમજાણું કાંઈ? છે એમ જણાવ્યું. લીન અહીં છે. ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાની શુદ્ધ સત્તાની સંભાળમાં આવ્યો, શ્રદ્ધા-જ્ઞાનની સ્થિતિમાં (આવ્યો), પછી કહે છે, એને સર્વવિરતિપણું પાંચ પાપનું થયું, ત્રણ કષાયના અભાવમાં લીન છે. અને પંચ પાપના દેશનો ત્યાગ થયો તો એ બે કષાયના અભાવમાં લીન છે. આહાહા! 'विदूषाम्' એમ કહ્યું છે ને? પંડિતોને માટે આ કહું છું. એમ લખ્યું છે કે નહિ? 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. આ પ્રવચન રહસ્ય કોષ છે. પ્રવચનના રહસ્યનો આ ભંડાર છે. સમજાણું આમાં? એને સત્ છે એ રીતે સત્‌ની તો એને હા તો પાડવી પડશે. નહિતર કોઈ રીતે રસ્તો નીકળશે નહિ.

**ટીકા :– ''कात्स्न्यनिवृत्तौ निरतः अयं यतिः भवति' - (અંતરંગમાં તો ત્રણ કષાયરહિત શુદ્ધિનું બળ છે જેને તથા)...'** લ્યો! કૌંસમાં નાખ્યું છે. **'અંતરંગમાં તો ત્રણ કષાયરહિત...'** જો મુનિ! અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન, ત્રણનો અભાવ એ શુદ્ધિનું બળ છે જેને. તથા **'પાંચ પાપના સર્વથા-સર્વદેશ ત્યાગમાં જે જીવ લાગેલો છે...'** જુઓ! **'निरतः'** નો અર્થ ન્યાં લાગેલો ન્યાં કહ્યું. એનો અર્થ કે, ત્યાં છે. **'તે મુનિ છે.'** સમજાણું કાંઈ? કૌંસમાં છે ને? પણ હશે ને આમાં મૂળમાં? કાંઈ ઘરનું નહિ નાખ્યું હોય.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– બરાબર છે. તો આમાં નહિ નાખ્યું હોય. **('અંતરંગમાં તો ત્રણ કષાયરહિત શુદ્ધિનું બળ છે જેને તથા)'**, ભાઈ! કોણે કર્યું છે આ? 'વજુભાઈ'એ, ઠીક. **'પાંચ પાપના**

**સર્વથા-સર્વદેશ...**' સર્વથા એટલે સર્વદેશ. મૂળ તો શુદ્ધોપયોગ, શુદ્ધોપયોગની વ્યાખ્યા કરે છે પોતે તો. સમજ્યાને? 'ટોડરમલ્લજી' એ તો શુદ્ધોપયોગની વ્યાખ્યા કરી છે, પછી પણ શુદ્ધોપયોગ કરશે. '**आत्मपरिणामहिंसनहेतु**' (ગાથા–૪૨). ત્યાં પણ શુદ્ધોપયોગ કરશે. આત્મપરિણામ એટલે શુદ્ધોપયોગ. પેલામાં એના ખરા પરિણામ નથી. પાઠ જ એમ બોલે છે, જુઓ! પછી આવે છે, જુઓને! ૪૨માં ચોખ્ખું આવે છે. પાઠ જ એમ બોલે છે.

'**પાંચ પાપના સર્વથા-સર્વદેશ ત્યાગમાં જે જીવ લાગેલો છે તે મુનિ છે. - આ મુનિ શુદ્ધોપયોગરૂપ શુદ્ધાત્માસ્વરૂપ જ છે.**' લ્યો! મુનિ તો શુદ્ધોપયોગરૂપ (જ છે). એ તો 'ટોડરમલ્લ'નું છે. આ મુનિ '**समयसारभूतः**' છે ને? પેલો '**समयसारभूतः**'નો અર્થ શુદ્ધોપયોગ કર્યો. કોઈ વળી પરિણમન કદાચ કરે. '**समयसारभूतः**' છે ને? એટલે આ મુનિ શુદ્ધોપયોગરૂપ, અંદર શુદ્ધોપયોગ ધ્યાતા, ધ્યાન, ધ્યેય ભૂલી જઈ અને સ્વરૂપના શુદ્ધમાં (લીન થાય છે). પંચમહાવ્રતના વિકલ્પ એ શુભ છે, એ તો મેલ છે. આત્માના શુદ્ધ સ્વરૂપમાં (લીન છે). 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં પણ એમણે એમ લીધું ને? શુદ્ધોપયોગરૂપી મુનિને અંગીકાર કરે છે.

મુમુક્ષુ :– શુદ્ધ પરિણતિ સમજવી કે...?

ઉત્તર :– એ તો છે તો પરિણતિ, પણ અહીં શુદ્ધ એવો શબ્દ વાપર્યો. એ શબ્દ બધે શુદ્ધોપયોગ વાપરે છે. આમાં એક ઠેકાણે વાપર્યો છે. પણ એ આણે વાપર્યું છે. શુદ્ધ પરિણામ ક્યાંક વાપર્યું છે. આ શુદ્ધોપયોગ એ ખરેખર તો શુદ્ધ પરિણતિ છે. પણ એ શુદ્ધોપયોગ જ વાપરે છે, શુદ્ધ વેપાર. શુદ્ધ વેપાર. પેલું શુભ નહિ. કેટલામું થયું આ? જુઓ! આત્મા શુદ્ધ પરિણમો. શુદ્ધોપયોગરૂપ પરિણામ. ૪૨ના ભાવાર્થમાં એણે આવું કર્યું. પાંચો પાપ હિંસામેં હી ગર્ભિત હૈ. ક્યુંકિ ઇન સબ પાપોં સે આત્માકે શુદ્ધ પરિણામોં કા ઘાત હોતા હૈ. આણે એમ કહ્યું છે આ, શુદ્ધ પરિણામો કા. છે ને? ૪૨. ખરેખર તો એ શુદ્ધોપયોગનો અર્થ શુદ્ધ વેપાર છે. સમજ્યા ને? પેલા પંચમહાવ્રત શુભ વેપાર છે, આ શુદ્ધ વેપાર છે, બસ. શુદ્ધ વેપાર. આત્મા પવિત્ર શુદ્ધ આનંદ એનો શુદ્ધ વેપાર. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત. શુદ્ધ આત્મ પરિણામ, શુદ્ધ આત્મ પરિણામ એ મુનિપણું છે, મુનિપણું એ છે. પાંચ મહાવ્રતના વિકલ્પ છે એ વ્યવહારે છે. સમજાણું કાંઈ? જુઓને! કેવું લખ્યું છે!

'**આ મુનિ શુદ્ધોપયોગરૂપ શુદ્ધાત્માસ્વરૂપ જ છે.**' જોયું? એ શુદ્ધ પરિણતિ લેવી ત્યાં.

'**મુનિ છે તે શુદ્ધોપયોગસ્વરૂપ જ છે.**' શુદ્ધ પરિણતિરૂપ જ મુનિપણું હોય છે. મુનિપણું એ નગ્ન દશા કે અઠયાવીસ મૂળગુણના વિકલ્પ એ મુનિપણું ખરેખર છે જ નહિ. દર્શનશુદ્ધિ અને જ્ઞાનશુદ્ધિમાં એ પંચમહાવ્રતના વિકલ્પો એ શુદ્ધ પરિણતિમાં આવતા જ નથી. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગરૂપ શુદ્ધાત્મસ્વરૂપ જ મુનિને કહેવાય. મુનિ એને કહીએ. એકલી દેહની ક્રિયાકાંડ એ ક્રિયા તો આત્માની છે જ નહિ. પંચમહાવ્રતના પરિણામ કદાચ હોય, અહિંસા, સત્‌ના શુભ પરિણામ એ કાંઈ ચારિત્ર નથી, એ તો રાગ છે. એને કથંચિત્ ચારિત્ર ક્યારે

www.vitragvani.com



કહેવાય? કે, શુદ્ધ પરિણતિનો ઉપયોગ પરિણમ્યો છે ત્યારે શુભભાવને કથંચિત્ વ્યવહાર તરીકે ચારિત્ર કહેવાય. સમજાણું કાંઈ?

**'મુનિ છે તે શુદ્ધોપયોગસ્વરૂપ જ છે.'** જુઓને! ભાષા સરસ કીધી છે. મુનિપણું એને કહીએ. આ બધું મુનિપણાને માને એ મુનિપણું છે નહિ. દૃષ્ટિ જ હજી ખોટી છે, દૃષ્ટિ મિથ્યાત્વ છે. હજી પુણ્યના પરિણામ કરીએ, કાયાની ક્રિયા કરી શકીએ, શુભભાવ કરીએ તો ધર્મ થાય, પરની દયા પાળીએ તો પાળી શકાય ને દયાના પરિણામ તે ધર્મ, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો કાંઈ નિશ્ચય પણ નથી ને વ્યવહાર પણ નથી. ભારે વાત આકરી, બાપુ! વીતરાગ માર્ગ... આહાહા! સમજાણું કાંઈ?

**'જે શુભોપયોગરૂપ ભાવ છે તે પણ આ મુનિની પદવીમાં કાલિમા સમાન છે.'** છે? મુનિને પંચમહાવ્રત, અઠયાવીસ મૂળગુણ, એકવાર ઊભા, ઊભા આહાર, અદંતધોવન આદિ અઠયાવીસ મૂળગુણનો વિકલ્પ જે છે, એ શુભોપયોગરૂપ ભાવ તે પણ આ મુનિની પદવીમાં કાલિમા–મેલ છે. હજી તો એનાય ઠેકાણા નહિ ને એને મુનિપણું માને. શું થાય? ભગવાન ન મળે. ભગવાન હતા તે દિ' તો ઇન્દ્ર પેલાને કહે કે, એકલું નગ્નપણું રાખીને બીજું કરશો તો દંડ આપશું. દેવો કહે. ઋષભદેવ ભગવાનના સમયમાં તે દિ' એમ હતું. ઘણા સાધુ થઈ ગયા હતા ને. કેટલા? હજાર, ચાર હજાર? કેટલા થઈ ગયા હતા? કાંઈક આંકડો હશે. ચાર હજાર. એમાંથી પછી કેટલાક ભાગ્યા. ન પાળી શક્યા ને. વ્યવહારે આવ્યા હતા. તો ભગવાને (દીક્ષા લીધી તો) સાથે સાથે આવ્યા હતા. ભાગ્યા પછી. જંગલમાં છાલ પહેરો ને આ કરો ને પછી ખાવ કંદમૂળ. ભૂખ લાગી તો રહી શક્યા નહિ. ઇન્દ્ર કહે જો નગ્ન રહીને ચારિત્ર નામ ધરાવશો તો દંડ આપશું. વેશ બદલી નાખો. ત્યારે આવ્યા ને અત્યારે તો કોઈ આવ્યું નહિ. પુણ્ય જોઈએ ને એટલું.

અહીં તો કહે છે, શુદ્ધોપયોગરૂપી પરિણમન–શુદ્ધ વેપાર આત્માનો. પંચમહાવ્રતના વિકલ્પ છે એ તો શુભભાવ છે, એ કાંઈ મુનિપણું નથી. મુનિપણું નથી. રાગ એ મુનિપણું હોય? વીતરાગભાવ એ મુનિપણું હોય. પેલામાં લખ્યું છે, જુઓ! આ 'જુગલકિશોર' એમ કહે છે કે, એકલી વીતરાગતાની જ ત્યાં વાત કરે છે. રાગની તો વાત જ કરતા નથી. રાગથી લાભ થાય એવી વાત એ એકાંત છે. એય..! અરે..! વીતરાગ માર્ગમાં રાગથી લાભ થાય તો વીતરાગ માર્ગ ક્યાં રહ્યો? સમજાણું કાંઈ?

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ પૂર્ણ વીતરાગ, એનો માર્ગ વીતરાગ ભાવથી જ ઉપડે. વચ્ચે રાગ આવે એ કાંઈ એનો માર્ગ નથી. સમજાણું? વીતરાગ માર્ગ કોને કહેવો? દૃષ્ટિમાં નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ થવી, વીતરાગ દૃષ્ટિ તે સમ્યગ્દર્શન. આત્માનું જ્ઞાન થવું, શાસ્ત્રનું નહિ, એ વીતરાગી જ્ઞાન છે, એ જ્ઞાન છે અને આત્મામાં શુદ્ધ પરિણતિ અકષાયરૂપે થવી તે વીતરાગ ચારિત્ર છે, એ માર્ગ છે. સમજાણું કાંઈ? પેલા કહે કે, વ્રત વાંચતા નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લ્યો, આ વ્રત આવ્યું.

''**तु एकदेशविरतिः तस्यां निरतः उपासकः भवति' - જે પાંચ પાપના કદાચિત્ એકદેશ ત્યાગમાં લાગેલો જીવ છે તે શ્રાવક છે.**' મૂળ એને પણ બે કષાયનો અભાવ છે તે ખરેખર શ્રાવકપણું છે. બાર વ્રતના વિકલ્પ છે એ રાગ ઉદયભાવ એ કાંઈ ચારિત્ર છે? શ્રાવકપણું છે? એની ભૂમિકામાં એવો વ્યવહાર હોય છે. એથી એના વડે આની દશા આવી હોય છે એમ એ ભૂમિકામાં જણાવ્યું છે. એના વડે જણાવ્યું છે, હોં! એના વડે થાય છે એમ નહિ.

મુમુક્ષુ :– બાર વ્રતનું નિરતિચાર પાલન કરે છે.

ઉત્તર :– બાર વ્રતનું નીરતિચારપણે જ્યાં હોય ત્યાં આગળ બે કષાયના અભાવનું ચારિત્ર (હોય છે), એ ચારિત્ર છે એમ કહે છે. વ્યવહારનયથી તો એમ જ કહેવાય બાર વ્રત નિરતિચાર પાળવા. પણ બાર વ્રતનો વિકલ્પ પોતે જ રાગ છે અને એને અતિચાર ન લગાડવા! સમજાણું કાંઈ? ચોખ્ખા પંચમહાવ્રત કે બાર વ્રત એ પોતે રાગ છે, વિકલ્પ છે, વૃત્તિ ઉઠે છે. એમાં જે અંદર લીનતા છે. સમજાણું? તેને અહીંયાં ચારિત્ર કહેવામાં આવે છે. વસ્તુને વસ્તુપણે રાખજો. 'શ્રીમદ્' એમ કહે છે એક વાર. વસ્તુને બદલશો નહિ, તમારા ઘરનું નાખશો નહિ. સત્‌ને સત્‌પણે રાખવું. એમ છે ત્યાં.

**ભાવાર્થ :– 'સકળચારિત્રના સ્વામી તો મુનિ છે...'** જેને આત્મામાં ઘણો શાંત વીતરાગ રસ પ્રગટ્યો છે. વીતરાગ ભાવની શાંતરસતા, સ્વભાવમાં જે સમરસ પડ્યો છે. સ્વભાવ જે આત્માનો સમરસ છે, એમાંથી સમરસપણું, પર્યાયમાં ઘણું સમરસપણું પરિણમ્યું છે. વીતરાગભાવપણે જેનું પરિણમન વિશેષ છે તે મુનિ છે. એ મુનિ તે સકળચારિત્રના સ્વામી છે. **'દેશચારિત્રના સ્વામી શ્રાવક છે.'** લ્યો! સમજાણું કાંઈ?

## ગાથા–૪૨

**આગળ કહે છે કે આ પાંચ પાપ એક હિંસારૂપ જ છે :–**

**आत्मपरिणामहिंसनहेतुत्वात्सर्वमेव हिंसैतत्।**
**अनृतवचनादिकेवलमुदाहृतं शिष्यबोधाय।।४२।।**

**અન્વયાર્થ :– [ आत्मपरिणामहिंसनहेतुत्वात् ] આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણામોનો ઘાત થવાના હેતુથી [ एतत्सर्वं ] આ બધું [ हिंसैव ] હિંસા જ છે. [ अनृतवचनादि ] અનૃત વચનાદિના ભેદ [ केवलं ] કેવળ [ शिष्यबोधाय ] શિષ્યોને સમજાવવા માટે [ उदाहृतम् ]**

www.vitragvani.com



**ઉદાહરણરૂપ કહ્યા છે.**

**ટીકા :- 'सर्वं एतत् हिंसा एव' - સમસ્ત આ પાંચ પાપ કહ્યા છે તે હિંસા જ છે. શા માટે? 'आत्मपरिणामहिंसनहेतुत्वात्' - આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણમનના ઘાતના કારણ છે તેથી સર્વ હિંસા જ છે.**

**પ્રશ્ન :- જો હિંસા જ હોય તો બીજા ભેદ શા માટે કહ્યા?**

**ઉત્તર :- 'अनृतवचनादि केवलं शिष्यबोधाय उदाहृतम्' - અનૃત વચન વગેરે જે ભેદ તે માત્ર શિષ્યને સમજાવવાના નિમિત્તે ઉદાહરણરૂપ કહ્યા છે. શિષ્ય હિંસાના વિશેષને ન જાણે તો હિંસાનાં ઉદાહરણ અનૃત વચનાદિ કહ્યા છે. હિંસાનો એક ભેદ અનૃત વચન છે, એક ચોરી છે - એમ ઉદાહરણરૂપે જાણવું. ૪૨.**

---

**'આગળ કહે છે કે આ પાંચ પાપ એક હિંસારૂપ જ છે :-'** એ પાંચે પાપ હિંસાના જ પ્રકાર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહ. એ પાંચ હિંસાના જ ઉદાહરણ છે, હિંસાના જ પ્રકાર છે. જુઓ! ભાષા.

**आत्मपरिणामहिंसनहेतुत्वात्सर्वमेव हिंसैतत्।**
**अनृतवचनादि केवलमुदाहृतं शिष्यबोधाय।।४२।।**

આત્મ પરિણામની વ્યાખ્યા. આત્માના શુદ્ધ પરિણામ એ આત્માના પરિણામ છે. કહો, સમજાણું કાંઈ? પંચમહાવ્રતના કે બાર વ્રતના વિકલ્પ વિનાના જે શુદ્ધ પરિણામ તેને અહીંયાં આત્મ પરિણામ કહ્યા છે. **'आत्मपरिणामहिंसन'** શુભભાવ એ આત્માના પરિણામ તો એને હિંસા (કહેવી છે)? એ શુભ પરિણામ હણાય એમ કહેવું છે અહીં? શુભભાવ એ આત્માના પરિણામ અને એ હણાય તો હિંસા, એમ છે? પણ એ રીતે મેળ શી રીતે ખાય? શુભભાવ જે છે એ પોતે રાગ છે. ખરેખર તો એ જ નિશ્ચય હિંસા છે. કહેશે. સમજાણું? એ ૪૪માં કહેશે. ૪૩માં હિંસાનું સ્વરૂપ બતાવી ને ૪૪માં કહેશે.

**अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति।**
**तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः।।४४।।**

જિનાગમ-ભગવાનના આગમ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ સર્વજ્ઞદેવ ત્રણકાળનું જેને જ્ઞાન (છે) એવા પરમાત્મા, વીતરાગદેવના આગમનો સંક્ષેપ એ છે કે, રાગની ઉત્પત્તિ તે હિંસા (છે). રાગની અણઉત્પત્તિ આત્મામાં થવી તેનું નામ અહિંસા (છે). આખા જૈન આગમનો આ સાર (છે). શુભરાગ થાય એ પણ આત્માની હિંસા. શુદ્ધ પરિણમન હણાય છે. સમજાણું કાંઈ?

એ જ અહીં કહે છે, જુઓને! **'आत्मपरिणामहिंसन'** આત્માના પરિણામ એટલે પેલા શુદ્ધ પરિણમન તે. **'એના ઘાત થવાના હેતુથી આ બધું હિંસા જ છે.'** સમજાણું કાંઈ? **'અનૃત (જૂઠું) વચનાદિના ભેદ...'** જૂઠું, ચોરી, વિષય આદિ. એ બધા, **'કેવળ શિષ્યોને સમજાવવા માટે ઉદાહરણરૂપ કહ્યા છે.'** બાકી એ બધા હિંસાના જ ભેદ છે, હિંસા જ છે.

મુમુક્ષુ :– અહિંસા પરમો ધર્મ મળી તો રહ્યું.

ઉત્તર :– આ રીતે મળી રહ્યું, અહિંસા પરમો ધર્મ. શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા કહ્યો, તીર્થંકરદેવે જેવો આત્મા જોયો ને કહ્યો, એવો જે આત્મા એ અહિંસક સ્વરૂપ જ છે. એવો અહિંસક સ્વરૂપ એટલે કે અવિકારી સ્વરૂપ છે, એટલે કે વીતરાગ સ્વરૂપ છે. એના અવલંબે જેટલી અરાગતા–અરાગતા–વીતરાગતા, રાગના અભાવરૂપ શુદ્ધતાનું પરિણમન થવું, તેટલી અહિંસા છે. કારણ કે, પોતે વસ્તુ અહિંસક સ્વરૂપ છે. અહિંસક એટલે અરાગ સ્વરૂપ છે, સમભાવ સ્વરૂપ છે, જ્ઞાયક સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અહિંસક સ્વરૂપ જ વસ્તુ છે. એને અવલંબે જેટલી શુદ્ધ પરિણતિ–નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ, રાગ વિના અહિંસા પ્રગટી એને અહિંસા કહેવામાં આવે છે. જૈનાગમમાં એને હિંસા કીધી છે. સમજાણું કાંઈ?

ભગવાને, પરમેશ્વરે, કેવળીએ જે આત્મા જોયો, એવો આત્મા જૈન સિવાય બીજે ક્યાંય બીજે હોઈ શકે નહિ. બીજા વાત ભલે કરે આત્મા આત્માની, પણ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જેવો આત્મા જોયો, એવો આત્મા કોઈ જોઈ શકે નહિ. સર્વજ્ઞ સિવાય કોઈએ જોયું નથી ને કલ્પનાથી બધાએ વાતું કરી છે. એટલે કે એવો જે આત્મા, જ્ઞાન, સમરસ, શ્રદ્ધા, આનંદ, સ્વચ્છતા આદિ સ્વભાવનો પિંડ વસ્તુ જે છે, એ આત્માનું સ્વરૂપ જ અહિંસક છે. એટલે વીતરાગ સ્વરૂપ છે એમ કહેવું છે. સ્વરૂપ જ આત્માનું વીતરાગ છે. એના અવલંબે વર્તમાન દશામાં રાગ રહિત જેટલી વીતરાગ દશા પ્રગટ થાય, એને ભગવાન અહિંસા કહે છે. આ અહિંસા પરમો ધર્મ છે. એ.. 'પોપટભાઈ'! બધી વ્યાખ્યા જુદી જાતની. આહાહા!

સર્વજ્ઞના જ્ઞાનમાં, એક સમયમાં જેણે ત્રણકાળ, ત્રણલોક જોયા, એવા પરમેશ્વર, આત્માનું સ્વરૂપ એવું એણે પરમેશ્વરપણે, પરમેશ્વરપણામાં, પરમેશ્વર સ્વરૂપ જોયું છે. સમજાણું કાંઈ?

**પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ લેખતા;**
**નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા.**

પ્રભુ! આપ સર્વજ્ઞ છો, નાથ! ત્રણકાળ, ત્રણલોક જુઓ છો. એમાં આ આત્માને પણ આપ એવો જુઓ છો કે, નિજ સત્તાએ શુદ્ધ જુઓ છો. શુદ્ધ, અરાગી, વીતરાગી, પરમાનંદની મૂર્તિ આ આત્માને ભગવાને જોયો છે. આ આત્માને, હોં! એમણે તો પોતાનું કર્યું એ નહિ. આ બધા આત્માને ભગવાને એવા જોયા છે. આહાહા! કારણ કે જોડે પુણ્ય-પાપના ભાવ થાય એ તો ભગવાને આસ્રવ જોયું છે. એ તો આસ્રવતત્ત્વમાં નાખ્યું. શરીર, કર્મને ભગવાને

અજીવમાં નાખ્યું, અજીવ જોયું. હવે ભગવાને જેમ જોયું એમ જેને જોતા આવડે... આહાહા! ભારે વાત આકરી.

મુમુક્ષુ :– પ્રભુ ! આપ...

ઉત્તર :– વાત સાચી. આમાં તો હિંસાના ઘણા ભંગ આવશે. ઘણા ભંગ આવશે. પ્રભુ આત્મા શુદ્ધ સ્વરૂપે બિરાજમાન જ છે. પર્યાયની અશુદ્ધતા જે છે એ તો આસ્રવતત્ત્વની છે, એ કાંઈ એના મૂળ તત્ત્વની નથી. એ તો આસ્રવતત્ત્વમાં ગયું. અને કર્મ ને શરીર એ અજીવમાં ગયા. સાત તત્ત્વ છે કે નહિ? નવ તત્ત્વ. તો કર્મ-શરીર અજીવમાં ગયા, પુણ્ય-પાપના ભાવ આસ્રવમાં ગયા. તો ભગવાનઆત્મા કેટલો, કેવડો રહ્યો? આહાહા! અરે..! જગતને ભગવાનનું કહેલું આવું તત્ત્વ સાંભળવા મળે નહિ. એ સમજે કે દિ', શ્રદ્ધે કે દિ' અને એને ચારિત્ર હોય કે દિ'? એમ ને એમ માની બેસે કે આ બહાર છે એ ચારિત્ર છે.

અહીં તો આવ્યું છે શું? આત્મપરિણામ ઉપર જરી વજન અત્યારે છે. આત્મપરિણામ જ એને કહ્યા કે જે શુદ્ધ હોય તે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા તો દ્રવ્ય થયું, વસ્તુ પણ એના પરિણામ? કે એના પરિણામ પણ એ આત્મા જે વીતરાગ સમ સ્વરૂપી છે, એવા જેના પરિણામ, વીતરાગ પરિણામ જેને પ્રગટ્યા એટલે શુદ્ધ પરિણામ પ્રગટ્યા, એ શુદ્ધ પરિણતિ તે જ અહિંસા છે. એનો જેટલો રાગ થઈને ઘાત થાય એ હિંસા છે. આહાહા! દેહની ક્રિયા અને પરની દયા હું પાળી શકું એ તો મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવ છે એ કાંઈ આત્મપરિણામ નથી. મિથ્યાત્વ શુદ્ધની હિંસા કરે છે, એ પરિણામ શુદ્ધ પરિણામની ઉત્પત્તિ થવા ન દેતા હિંસા કરે છે. સમજાણું? એ તો પરની ... પોતામાં પણ નબળાઈને લઈને જે શુભભાવ થાય, એ પણ શુદ્ધ પરિણતિની હિંસા છે, શુદ્ધ પરિણામની હિંસા છે. કેમકે એ ભાવ પણ છૂટી જશે ત્યારે નિર્મળ વીતરાગતા થશે. ત્યારે નિર્મળ વીતરાગતામાં આ જેટલું લપ અત્યારે દેખાય એ બધી હિંસા છે, એમ કહે છે અહીં. કહો, 'દીપચંદજી'! 'વીરચંદજી' શું છે ? ઓહો..હો..! ભગવાન! શું કરે?

મુમુક્ષુ :– નિશ્ચય હિંસા.

ઉત્તર :– એ નિશ્ચય હિંસા એ જ હિંસા. વ્યવહાર હિંસા પરમાં એ વખતે થાય ત્યારે એને વ્યવહાર હિંસાનો આરોપ કહેવાય. એ પોતાને પોતે પ્રાણને, ઇન્દ્રિયોને શરીરને નુકસાન કરે, ત્યારે એને દ્રવ્ય હિંસા થઈ કહેવાય.

લ્યો! આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. પુરુષાર્થસિદ્ધિ એટલે ચૈતન્ય સ્વભાવરૂપ પુરુષ આત્મા, એના પ્રયોજનની સિદ્ધિ એટલે મોક્ષ, એનો હેતુ એટલે મોક્ષનો માર્ગ. એ મોક્ષના માર્ગમાં સર્વ વિરતિનું ચારિત્ર કેવું હોય? એના માર્ગમાં, માર્ગમાં આવેલો એનું સર્વ વિરતિપણાનું ચારિત્ર કેવું હોય? કે, શુદ્ધ પરિણતિરૂપ પરિણામ હોય એને સવિરતિનું ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાય છે આમાં?

www.vitragvani.com



**'આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણામોનો ઘાત થવાના હેતુથી આ બધું હિંસા જ છે.'** એના ઉદાહરણ તરીકે પાંચ બોલ છે. **''सर्वं एतत् हिंसा एव' - સમસ્ત આ પાંચ પાપ કહ્યા છે તે હિંસા જ છે. શા માટે? 'आत्मपरिणामहिंसनहेतुत्वात्' - આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણમનના ઘાતના કારણ છે તેથી સર્વ હિંસા જ છે.'** કહો, એમ (કહે છે) કે એને હિંસા કીધી પણ પેલામાં શુભઉપયોગને અહિંસા કીધી નથી. પણ એ તો માથે ખુલાસો થઈ ગયો. સમયસાર ભૂત આત્મા કીધું. પછી થોડો ખુલાસો કર્યો.

**'પ્રશ્ન :– જો હિંસા જ હોય તો બીજા ભેદ શા માટે કહ્યા?'** શું કહે છે? જો અનૃત જૂઠું બોલવું, ચોરી, વિષય અને પરિગ્રહ એ પાંચે બધી હિંસા જ હોય તો એના પાંચ પ્રકાર શા માટે કહ્યા? **'अनृतवचनादि केवलं शिष्यबोधाय उदाहतम्'** અનૃત એટલે જૂઠું વચન, ચોરી, વિષય, પરિગ્રહ, **'જે ભેદ તે માત્ર શિષ્યને સમજાવવાના નિમિત્તે ઉદાહરણરૂપ કહ્યા છે.'** ઉદાહરણરૂપ કહ્યા, જોયું? ભાઈ! આ જૂઠું બોલે એ હિંસા છે, ચોરી કરે એ હિંસા એમ. કારણ કે એમાં રાગ આવે છે ને? તીવ્ર રાગ.

**'શિષ્ય હિંસાના વિશેષને ન જાણે તો હિંસાના ઉદાહરણ અનૃત વચનાદિ કહ્યા છે.'** ન જાણે તો એમ. હિંસાના વિશેષ ન જાણે સામાન્યમાં, એને હિંસાના ઉદાહરણ તરીકે જૂઠું આદિના પાંચ બોલ કહ્યા છે. અનૃત વચન આદિ. જૂઠું, વચન, ચોરી, વિષય અને પરિગ્રહ. **'હિંસાનો એક ભેદ અનૃત (જૂઠું) વચન છે,...'** અનૃત એટલે જૂઠું. હિંસાનો એક ભેદ, હિંસાના પરિણામમાં એનો એક ભેદ જૂઠું વચન એ પણ હિંસા. જૂઠું વચન તો વાણી છે, હોં! અંદર ભાવ (થાય) તે. જૂઠું બોલવાનો જે ભાવ છે ને? ભાવ, તે હિંસા. આત્માના પ્રાણ ત્યાં હણાય છે. **'એક ચોરી છે...'** હિંસાનો એક ભેદ ચોરી છે. એમ હિંસાનો એક ભેદ વિષય છે, હિંસાનો એક ભેદ પરિગ્રહ છે. મમતા હોં! એને મમતાના પરિણામ છે. **'એમ ઉદાહરણરૂપે જાણવું.'**

જુઓ આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય', ભાઈ! પહેલું-વહેલું વંચાય છે, હોં! વ્યાખ્યાનમાં નહોતું વંચાણું. કેટલાક કહે છે, એ શ્રાવકના આચાર વાંચે નહિ. 'પ્રવચનસાર'નો ત્રીજો ભાગ ઘણીવાર વંચાણો છે. એમાં શ્રાવકનું નથી આવતું? ચરણાનુયોગનો વ્યવહાર આવ્યો છે. વ્યાખ્યાનમાં પહેલી વાર વાંચ્યું. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' કોઈ દિ' વાંચ્યું નથી. લોકો કહે, 'રત્નકરંડશ્રાવકાચાર' વાંચો. એ પણ વાંચશું, ભાઈ! વાંચવામાં ક્યાં વાંધો છે અહીં. લાવોને. ગુજરાતી-બુજરાતી થયેલું હોય તો વંચાય. હિન્દી થયેલું હોય તો. પેલું મોટું જે છે, આવડું મોટું એ બધું વંચાય નહિ. કેટલું મોટું! આવડું મોટું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા-૪૩

આગળ હિંસાનું સ્વરૂપ કહે છે :–

यत्खलुकषाययोगात्प्राणानां द्रव्यभावरूपाणाम्।
व्यपरोपणस्य करणं सुनिश्चिता भवति सा हिंसा।।४३।।

અન્વયાર્થ :– [ कषाययोगात् ] કષાયરૂપે પરિણમેલા મન, વચન, કાયાના યોગથી [ यत् ] જે [ द्रव्यभावरूपाणाम् ] દ્રવ્ય અને ભાવરૂપ બે પ્રકારના [ प्राणानां ] પ્રાણોનું [ व्यपरोपणस्य करणं ] વ્યપરોપણ કરવું-ઘાત કરવો [ सा ] તે [ खलु ] નિશ્ચયથી [ सुनिश्चिता ] સારી રીતે નક્કી કરેલી [ हिंसा ] હિંસા [ भवति ] છે.

ટીકા :– 'खलु कषाययोगात् यत् द्रव्यभावरूपाणां प्राणानां व्यपरोपणस्यकरणं सा सुनिश्चिता हिंसा भवति' - નિશ્ચયથી કષાયરૂપ પરિણમેલા મન, વચન, કાયાના યોગના હેતુથી દ્રવ્યભાવરૂપ બે પ્રકારના પ્રાણોને પીડવા, ઘાતવા તે ખરેખર હિંસા છે.

ભાવાર્થ :– પોતાના મનમાં, વચનમાં કે શરીરમાં ક્રોધ-કષાય પ્રગટ થયો. તેનાથી પ્રથમ તો પોતાના શુદ્ધોપયોગરૂપ ભાવપ્રાણનો ઘાત થયો. આ હિંસા તો પોતાના ભાવપ્રાણના વ્યપરોપણથી થઈ, તે તો પહેલા જ થઈ. બીજી હિંસા તો થાય કે ન પણ થાય. પાછળથી કદાચિત્ તીવ્ર કષાયરૂપ થાય અને પોતાના દીર્ઘશ્વાસાદિથી અથવા હાથ-પગવડે પોતાના અંગને પીડા ઉપજાવી અથવા આપઘાત કરી મરી ગયો તે પોતાના દ્રવ્યપ્રાણના ઘાતરૂપ હિંસા થઈ. વળી જે કષાયથી અન્ય જીવને કુવચન કહ્યા, મર્મભેદી હાસ્ય કર્યું અથવા જે રીતે તેનું અંતરંગ પીડિત થઈ કષાયરૂપ પરિણમે તેવું કાર્ય કર્યું, ત્યાં પરના ભાવપ્રાણના વ્યપરોપણથી હિંસા થાય છે. જ્યાં કષાયના વશે પ્રમાદી થયો, બીજા જીવના શરીરને પીડા કરી અથવા પ્રાણનાશ કર્યા ત્યાં પરના દ્રવ્યપ્રાણના ઘાતથી હિંસા થઈ. આ રીતે હિંસાનું સ્વરૂપ કહ્યું. ૪૩.

---

**'આગળ હિંસાનું સ્વરૂપ કહે છે :–'** લ્યો! હિંસાના ભેદ કહી, જૂઠું બોલવું, ચોરી વિગેરે હિંસાના ભેદ છે, એ ફક્ત શિષ્યને સમજાવવા (માટે કહ્યા છે). સામાન્યમાં ન સમજે (તો) ભેદ પાડીને એને સમજાવ્યા છે. **'આગળ હિંસાનું સ્વરૂપ કહે છે.'**

यत्खलु कषाययोगात्प्राणानां द्रव्यभावरूपाणाम्।
व्यपरोपणस्य करणं सुनिश्चिता भवति सा हिंसा।।४३।।

**'કષાયરૂપે પરિણમેલા,...'** ક્રોધ, માન, માયા અને લોભ, એ રૂપે થયેલા. **'મન, વચન, કાયાના યોગથી...'** યોગ તો કંપન છે પણ જોડે કષાયનો પરિણમેલો ભાવ, જે દ્રવ્યભાવરૂપ બે પ્રકારના પ્રાણોનું વ્યપરણ કરવું, ઘાત કરવો. દ્રવ્યનો અને ભાવનો બેનો. પોતાનો ને પરનો એમ બે આવશે, હોં! કષાયરૂપે, કોઈ પણ વિકલ્પરૂપે, રાગરૂપે, દ્વેષરૂપે, ઘણા પ્રકાર આવશે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એ રૂપે પરિણમવું. **'એ પરિણમેલા મન, વચન, કાયાના યોગથી જે દ્રવ્ય અને ભાવરૂપ બે પ્રકારના પ્રાણોનું વ્યપરોપણ કરવું-ઘાત કરવો...'** દ્રવ્યપ્રાણનો ઘાત ને ભાવપ્રાણનો ઘાત. પોતાના ભાવપ્રાણનો ઘાત ને પોતાના દ્રવ્યપ્રાણનો, પરના ભાવપ્રાણનો ને પરના દ્રવ્યપ્રાણનો (ઘાત) **'તે નિશ્ચયથી 'સુનિશ્ચિતા' સારી રીતે નક્કી કરેલી હિંસા છે.'** ખરેખર એ જ હિંસા છે એમ કહે છે. નક્કી કરેલી એટલે એ જ વસ્તુનું સ્વરૂપ છે. તે નક્કી કરેલી એટલે એ જ હિંસા છે. **'सुनिश्चिता हिंसा'** ખરી હિંસા છે. સાચી રીતે, તે જ ખરેખર, સાચી રીતે ખરેખર તે જ હિંસા છે. સમજાણું?

પોતાના શુદ્ધ પરિણમનમાં જેટલા આવા કષાયરૂપે પરિણમનભાવ થાય એ દ્રવ્યપ્રાણનો ઘાત કરનારા હોવાથી તેને ખરેખર હિંસા કહેવામાં આવી છે. ઓહો...! વીતરાગ માર્ગ તે પણ પરનું કરી શકે નહિ, રાગ–પુણ્ય છે એ બધું રાખીને વાત કરે કે એ છોડીને વાત કરે? આહા..! એકકોર આત્મતત્ત્વ એમ કહેવું કે, આત્મા છે તે શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે). આ પુણ્ય-પાપના વિકલ્પ તે આસ્રવતત્ત્વ. કર્મ, શરીર અજીવતત્ત્વ. એમ તો વાત કરવી અને બીજી રીતે વળી કહે કે, આત્માના પરિણામ તે પરિણામ પેલા, શુભ એ આત્માના પરિણામ, શુભ એ આત્માના પરિણામ અને એનાથી આત્માને લાભ (થાય). બહુ ફેરફાર! ક્યાંય મેળ ખાય નહિ, મેળ ખાવો જોઈએ કે નહિ? બંધ બેસતું આવવું જોઈએને? બંધ બેસતું.

**'खलु कषाययोगात् यत् द्रव्यभावरूपाणां प्राणानां व्यपरोपणस्य करणं सा सुनिश्चिता हिंसा भवति' 'करणं'** કરવું એમ છે ને? ભાષા તો એમ જ આવે ને. દ્રવ્યપ્રાણનો ઘાત કરવો, દ્રવ્યપ્રાણનો ઘાત કરવો. લ્યો! એ આવ્યું ને એમાં કરવું? બીજાના દ્રવ્યપ્રાણનો ઘાત કરવો.

મુમુક્ષુ :– પોતાના ભાવ? કોના ભાવ ?

ઉત્તર :– બન્ને બન્ને. પોતાના ભાવ-દ્રવ્ય, બીજાના ભાવ-દ્રવ્ય. કરવું. અહીં તો મારે બીજું લેવું છે. કરવું શબ્દ જ્યારે આવ્યો.

મુમુક્ષુ :– કરવું કેમ થાય ?

ઉત્તર :– ભાઈ! કથન જ એવું આવે. શું થાય? એને સમજાવવું છે તો શી રીતે સમજાવે?

**'નિશ્ચયથી કષાયરૂપ પરિણમેલા મન, વચન, કાયાના યોગના હેતુથી દ્રવ્યભાવરૂપ બે પ્રકારના પ્રાણોને પીડવા,...'** લ્યો! દ્રવ્ય-ભાવરૂપ બે પ્રકારના પ્રાણોને પીડવા. (કોઈ એમ) કહે, જો પીડી શકાય છે કે નહિ? અરે..! ભગવાન! અહીં તો કથનની પદ્ધતિ છે આ. આહાહા! અરે...! ભગવાન ! એકકોર એક દ્રવ્યના પરિણામ બીજાના કરી શકે નહિ એ સિદ્ધાંતને

www.vitragvani.com



તોડીને બીજી વાત હોય? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એના પ્રાણ એ વખતે છૂટવાનો કાળ છે ત્યારે આના પરિણામ એના નિમિત્ત હતા એટલે એણે કહ્યું કે, આણે આનો પ્રાણઘાત કર્યો. એમ કહે છે, ભાઈ ! શું થાય આમાં?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ કથન આવે છે ને. કથન આવે ને. ઘાત કરવો એમ આવ્યું ને? ઘાત કરી શકે છે ને? એમ કહે છે. જુઓ! પ્રાણોને પીડવા. પોતાના દ્રવ્યપ્રાણ ને બીજાના દ્રવ્યપ્રાણને પીડી શકે છે ને?

મુમુક્ષુ :– પોતાનાને પીડે છે.

ઉત્તર :– અરે..! પોતાના શું બીજાના ભાવપ્રાણને, દ્રવ્યપ્રાણને પીડી શકે છે ને? એય..! ભાષા શું આવી છે? જુઓ! દ્રવ્યભાવરૂપ બે પ્રકારના પ્રાણને. પોતાના ભાવપ્રાણ ને દ્રવ્યપ્રાણ, બીજાના ભાવપ્રાણ ને દ્રવ્યપ્રાણ. ચારે આવ્યા.

મુમુક્ષુ :– પોતાના દ્રવ્યપ્રાણને ક્યાં કરી શકે છે?

ઉત્તર :– એ ક્યાં કરી શકે? પણ અહીં તો સાથે અહીં થાય અને ન્યાં થાય તો દ્રવ્યપ્રાણ હણ્યા એમ નિમિત્તથી કથન કહેવામાં આવે છે. વસ્તુ... આહાહા! શું થાય? એક પરમાણુની પર્યાય પણ જ્યાં પોતાથી પરિણમે. એક એક પ્રત્યેક જીવ એની વર્તમાન અવસ્થાથી બદલે ને રહે, એને બીજો શું કરે?

મુમુક્ષુ :– આ ચરણાનુયોગ (ચાલે છે), પાછો દ્રવ્યાનુયોગ આવ્યો.

ઉત્તર :– ફેર હોય એમાં? કથનની શૈલી હોય, પણ કથનની શૈલીમાં અભિપ્રાય હોય એ તો એક નો એક હોય. ચારેમાં વીતરાગતા બતાવવી છે. ચારેયમાં વીતરાગતા કહીને વીતરાગતા બતાવવી છે એમ બતાવવું છે કે પેલા રાગથી લાભ થાય એમ બતાવવું છે? જૈનશાસન રહ્યું નહિ. આહાહા!

દ્રવ્યભાવરૂપ બે પ્રકારના પ્રાણોને પીડવા, ઘાતવા તે ખરેખર હિંસા છે, લ્યો. આનો (અર્થ) પેલો ઘાતવા ને પીડવામાં એમ લે. પણ ભાઈ! એમ ભાષા આવે, ભાઈ! પોતાના ભાવપ્રાણને હણે છે અને એ વખતે જો દ્રવ્યપ્રાણને પીડા થાય, શરીરને માથે ફોડે ને કોઈ કરે છે ને? તોડે છે આમ ઇન્દ્રિય તોડી નાખે. થવું હોય તો એને નિમિત્તથી એમ કહેવાય, આમ થયું ત્યારે આ નિમિત્ત હતું ને સામે પણ ભાવપ્રાણને શું આ હણી શકે છે? પીડા આપી શકે છે? સામાના ભાવપ્રાણને પીડા આપી શકે છે? પણ આણે ભાવ એવા કર્યા ને ત્યાં એને દુઃખ થયું, ત્યારે એના ભાવપ્રાણને આણે દુઃખ આપ્યું, હણ્યા એમ કહેવામાં આવે છે. એનો ભાવાર્થ આવશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



**પ્રવચન નં. ૩૩ ગાથા–૪૩–૪૪ રવિવાર, જ્યેષ્ઠ સુદ ૩, તા. ૧૧-૦૬-૧૯૬૭**

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. મોક્ષનો ઉપાય શું? એની વ્યાખ્યા છે. પુરુષાર્થ એટલે આ ચૈતન્ય સ્વરૂપ આત્મા, એના ચૈતન્ય સ્વરૂપ આત્માની પ્રાપ્તિ–સિદ્ધિ, એનું નામ મુક્તિ. એનો ઉપાય શું છે?

મુમુક્ષુ :– એ મોક્ષમાર્ગ થયો.

ઉત્તર :– મોક્ષમાર્ગ થયો. પણ આમ લીધું છે. પુરુષ ચૈતન્ય સ્વરૂપ આત્મા છે ને? ચૈતન્ય સ્વરૂપ અને ચૈતન્ય સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ. જેવો એનો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ જ્ઞાયક છે, એવી જ પર્યાયમાં ચૈતન્ય સ્વરૂપની પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ (થવી) એવી જે મુક્તિ. સિદ્ધિ એટલે જીવનું પ્રયોજન, એનો ઉપાય મોક્ષનો માર્ગ, એનું કથન છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પુરુષાર્થ પ્રયોજન, પ્રયોજન.

મુમુક્ષુ :– પુરુષનો અર્થ બીજો છે.

ઉત્તર :– એ પુરુષ. આ પુરુષ એટલે ચૈતન્ય સ્વરૂપ, એનો અર્થ એટલે પ્રયોજન. સિદ્ધિ એટલે ચૈતન્ય સ્વરૂપની શુદ્ધિની પ્રાપ્તિ, એનો ઉપાય.

મુમુશ્રુ :– પુરુષનો અર્થ એટલે પૈસા.

ઉત્તર :– અહીં પૈસા-બૈસાની વાત ક્યાં હતી?

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પુરુષ નામ ભગવાનઆત્મા ચૈતન્ય સ્વરૂપ, આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ (છે). ચૈતન્ય સ્વરૂપમાં એ આવ્યું. એનું જે અર્થ નામ એનું જે પ્રયોજન, એની જે સિદ્ધિ. પ્રયોજન તો ચૈતન્ય સ્વરૂપની શુદ્ધ પ્રાપ્તિ, એનું નામ એનું પ્રયોજન છે. એવો જે મોક્ષનો ભાવ, એનો ઉપાય, માર્ગ એની વ્યાખ્યા છે.

નિશ્ચયરત્નત્રય વસ્તુ શુદ્ધ ચૈતન્ય પ્રભુ એનું... એ આવી ગયું ને? બપોરે આવ્યું હતું. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એની અંતર દૃષ્ટિ, એનું જ્ઞાન ને એની લીનતા એ નિશ્ચય મોક્ષનો માર્ગ. સાથમાં વ્યવહાર જે આવે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચમહાવ્રત આદિ વિકલ્પ કે બાર વ્રતના વિકલ્પ, એને વ્યવહારે ચારિત્ર ગણીને, વ્યવહારે મોક્ષનો માર્ગ કહ્યો છે. છે બંધનો માર્ગ. પણ તેમાં એવા ભાવ હોય છે અને અંદર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે ભૂમિકા પ્રમાણમાં જેટલી જોઈતી હોય, એની સાથે આવા વિકલ્પો પંચમહાવ્રતના કે બાર વ્રતના હોય છે, એને પણ સાધન તરીકે, વ્યવહાર તરીકે કહેવામાં આવ્યું છે. અહીં હિંસાનું સ્વરૂપ કહે છે. હિંસા.. હિંસા. ૪૩નો ભાવાર્થ છે ને?

**ભાવાર્થ :– 'પોતાના મનમાં, વચનમાં કે શરીરમાં ક્રોધ-કષાય પ્રગટ થયો. તેનાથી પ્રથમ**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**તો પોતાના શુદ્ધોપયોગરૂપ ભાવપ્રાણનો ઘાત થયો.**' શુદ્ધ વેપાર. આત્મા શુદ્ધ પુણ્ય-પાપના રાગ રહિત એવી જે આત્માની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને દશા, એને અહીંયા શુદ્ધ ઉપયોગ, શુદ્ધ પરિણતિ કહેવામાં આવે છે. એમાં ક્રોધ થતાં એ શુદ્ધ પરિણતિરૂપી ભાવપ્રાણ, એનો ઘાત થયો. શુદ્ધોપયોગ એટલે પરિણતિ, શુદ્ધ વેપાર. શુદ્ધ વેપાર એમાં એ અશુદ્ધ વેપાર ક્રોધ થયો એટલો શુદ્ધ વેપારનો–ભાવપ્રાણનો ઘાત થયો. કહો, સમજાણું આમાં? પરિણતિ પ્રગટ જે જોઈએ, એના પ્રાણ જે છે–શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, એ એટલી ઉત્પન્ન ન થઈ, એટલા જીવનનો નાશ થયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– હોય એનો નાશ થયો.

ઉત્તર :– એ ન હોય એનો નાશ થયો, ન હોય એનો નાશ થયો. ૬૯-૭૦ (ગાથા સમયસારમાં) આવ્યું છે ને? અવસ્થાને છોડીને. કર્તા કર્મમાં નહોતું આવ્યું? આવસ્થા છોડી તો શુદ્ધ અવસ્થા હતી? એને છોડીને આ કરે. અપેક્ષાથી (કથન કરે છે). આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, સમરસી નિર્વિકલ્પ ચૈતન્ય પદાર્થ છે. એમાં શુદ્ધ પરિણતિ પુણ્ય-પાપના રાગ વિનાની, શુદ્ધતા જેટલી શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા થાય એ એના શુદ્ધ પરિણતિરૂપ ચૈતન્યભાવપ્રાણ (છે). જ્ઞાન, દર્શન, આનંદ ને હોવાપણારૂપ શુદ્ધતાનો ભાવ તે ભાવપ્રાણ. એમાં રાગ થાય, ક્રોધ થાય, તેટલા ભાવપ્રાણની હિંસા થઈ. એ ઉત્પન્ન થયા એટલી શુદ્ધ દશા ઉત્પન્ન ન થઈ, એટલી હિંસા થઈ એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– તો મર્યું કોણ ?

ઉત્તર :– એ મર્યો પોતાનો પર્યાય. બાકી કોણ મરે? પર મરે ન મરે એની સાથે સંબંધ ક્યાં છે? એ તો ઘણું કહેશે. પર મરવાની સાથે અતિવ્યાપ્તિ લાગુ પડશે. નહિ, એની સાથે કાંઈ સંબંધ નથી. પર પ્રાણી ન મરે પણ અંદર વિકાર ભાવ થયો. મારવાનો કે કષાયભાવ (થયો) એ જ આત્માના શુદ્ધભાવ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આદિના પ્રાણને હણે છે. સમજાણું કાંઈ? પોતાનો અશુદ્ધભાવ એ શુદ્ધ પરિણતિ ભાવને હણે છે એનું નામ અહીંયાં હિંસા કહેવામાં આવે છે.

**'આ હિંસા તો પોતાના ભાવપ્રાણના વ્યપરોપણથી થઈ,...'** જુઓ! જે ક્રોધ થયો, આદિ શબ્દે બધા ૪૪ના અર્થમાં ઘણા લેશે પછી. રાગના અર્થમાં બધા લેશે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે. **'એ હિંસા તો પોતાના ભાવપ્રાણના વ્યપરોપણથી થઈ,...'** પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, નિર્મળ શુદ્ધ પર્યાય જે પ્રગટ થવી જોઈએ એ શુદ્ધ પર્યાય પ્રગટ ન થઈ, એમાં ક્રોધપણે (પરિણમ્યો) એ પર્યાયના પ્રાણનો નાશ કર્યો. ઉત્પન્ન ન થવા દીધી એનો અર્થ નાશ કર્યો. ભાવપ્રાણનો વ્યપરોપણ–ભાવપ્રાણનો અભાવ કર્યો. '**તે તો પહેલા જ થઈ.**' વિકાર કરતાં ક્રોધ, માન, માયા, લોભ થતાં પોતાના શુદ્ધ ભાવપ્રાણની ઉત્પત્તિ ન થઈ, ન થઈ તેટલી હિંસા તો પોતાને વિકાર થતાં થઈ.

www.vitragvani.com



હવે, **'બીજી હિંસા તો થાય કે ન પણ થાય.'** પોતાના શરીરમાં પણ કાંઈક હણાવું કે બીજાના પ્રાણને હણાવું કે બીજાના દ્રવ્યને હણાવું, એ થાય કે ન થાય પણ આવા વિકારીભાવ થતાં પોતાના શુદ્ધ આનંદપ્રાણ, જ્ઞાનપ્રાણ, જ્ઞાનનું એનું જીવન, જ્ઞાનનું જીવન જીવતર, જ્ઞાન જ્ઞાનપણે જીવે, જ્ઞાન જ્ઞાનપણે ઠરે, જ્ઞાન જ્ઞાનપણે શ્રદ્ધે, જ્ઞાન જ્ઞાનપણે જ્ઞાનમાં રમે, એવું જે એનું જીવન ભાવપ્રાણ, એમાં આ વિકાર થતાં તે પ્રાણ હણાણા. બીજા પ્રાણ હણાય કે ન હણાય એ વ્યવહારની વાત છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોની? આ થાય છે તેને ખબર પડે. અસ્થિરતા જેટલી થાય તે સ્થિરતા નથી તેટલો ભાવપ્રાણ ઘાત થાય છે કે નહિ? જ્ઞાન હોવા છતાં, .. શાંતિ, સ્થિરતા શુદ્ધ પરિણતિ ઉત્પન્ન ન થાય એટલી હિંસા થઈ.

મુમુક્ષુ :—

ઉત્તર :– એ દર્શનની અપેક્ષાએ વાત છે. અહીં તો જે ચારિત્રની સ્થિરતાની પણ સાથે વાત કરી. સમ્યગ્દર્શન 'मुक्त एव' એમ પણ છે. કઈ અપેક્ષાએ? મુક્ત સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ. છતાં ચારિત્રની વિભાવ પરિણતિની અપેક્ષા લ્યો તો જેટલો વિભાવ વિકાર થાય એટલી જ્ઞાનીને પણ હિંસા થાય છે. કહો, સમજાણું કાંઈ? થાય કે ન પણ થાય. એટલે કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ પ્રાણનો સ્વામી છે એ. પર્યાયમાં, અવસ્થામાં પણ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની ઉત્પત્તિ તે તેનું જીવન છે. એ જીવનમાં જેટલા અંશે રાગાદિ થયા તેટલી એ જીવનમાં હાનિ થઈ. એટલી હાની થઈ. એટલા ભાવપ્રાણનો નાશ થયો. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ ભગવાને એમ કહ્યું કે, જીવો આ રીતે ને જીવવા દ્યો એ રીતે. જીને દો, કહે છે ને? અંગ્રેજીમાં કહે છે. બધા નાખે છે.

મુમુક્ષુ :– જીઓ ઔર જીને દો.

ઉત્તર :– હા. એ જીઓ ઓર જીને દો શું? દ્રવ્યપ્રાણથી જીને દો, દ્રવ્યપ્રાણથી જીવો. અનાદિકાળથી દ્રવ્યપ્રાણથી જીવી રહ્યો છે.

આત્મા આનંદ, જ્ઞાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વર, વીતરાગ કેવળજ્ઞાની પરમાત્માએ જે આત્મા શુદ્ધ આનંદ જોયો એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિના પરિણામ જે ભાવપ્રાણ ચૈતન્યની જાગૃતિ, એવા જે પ્રાણ તે જીવનું જીવન છે. એ જીવે, એ જીવને જીવે જીવવું અને બીજાને પણ એવા જ જીવનના જીવનનો ઉપદેશ કહેવો. કે ભાઈ! આ રીતે જીવવાનું છે. આનું નામ જીવન કહેવાય છે. કહો, સમજાણું આમાં?

આમાં રાગ ને વિકાર થઈને જીવન એ આત્માનું જીવન નથી એમ કહે છે. એમાં તો મરણ થાય છે, એમ કહે છે. પૈસા ને બાયડી, છોકરા ને આ બધા શું કહેવાય તમારા નહિ? આ મીલ. શું કહેવાય તમારે? મીલ, મીલ, મીલનો માલ. પણ એને મીલના... છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ને વ્યવસાય કરનારા. ધ્યાન રાખો મીલનું આમ થાય, તેમ થાય, ફલાણું થાય. આ મીલના ભાવપ્રાણ હણાય, એ મીલના ભાવપ્રાણની રક્ષાનો વિકલ્પ થાય. કેમ? 'ધીરૂભાઈ'! ક્યાં ગયો તમારો? એણે કહ્યું હતું, હમણા નહિ આવે. નરકમાંથી. ક્યાંથી જવાનું? દેવલોકમાં જવાનું, ઠીક છે, ભાઈ! જવાબ તો ભડાક દે. થોડો વિચાર કરીને દે, વિચાર કર્યા વગર ન દે. ગતિમાંથી આવ્યો હોય એમ કહેવું હતું, કોઈ પણ ગતિમાંથી આવ્યો છે, સિદ્ધમાંથી નહિ. ચાર ગતિમાંથી આવ્યો છે.

મુમુક્ષુ :- આ ચારે નરકની ગતિ છે.

ઉત્તર :- નરક એ તો નરક ખરો ને. નર છે ને એનું. નરક. કેમ? 'દીપચંદજી'! અનાદિ છે ને? પાંચ ગતિમાં પહેલી ગતિ કઈ? જીવની પહેલી ગતિ કઈ હશે સંસારમાં? કેમ સિદ્ધ થાય એ સંસાર થઈને સિદ્ધ થાય છે ને. શું? પહેલી કઈ હોય? સિદ્ધ પણ અનાદિ છે ને સંસાર પણ અનાદિ છે. સંસારની દયાથી નહિ, સંસારની પાછી પર્યાયમાં ગતિ પહેલી કઈ? ગતિ પહેલી કે દિ' હોય? અને પર્યાય પહેલી કઈ? આત્માની પહેલી પર્યાય કઈ? અનાદિ દ્રવ્ય, અનાદિ પર્યાય. આહાહા! એ અનાદિ પર્યાયમાં જે શુદ્ધ ભાવપ્રાણે જીવને જે સાદિ થાય, એમાં જેટલો રાગ-દ્વેષ થાય તેટલા જીવનના પ્રાણને હણે છે. બીજા પ્રાણ હણાય કે ન હણાય એની સાથે એને સંબંધ નથી. વ્યવહારની વાત કરશે, પણ બીજું કાંઈ એને લઈને એ સાથે નથી. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવમરણ, એમ કહે છે. દેખો! પોતાના ભાવપ્રાણનો ઘાત થયો. ... પાછળથી હવે કહે છે, '**પાછળથી કદાચિત્ તીવ્ર કષાયરૂપ થાય...**' તીવ્ર કષાય લીધો છે અહીં. સમજ્યા ને? '**અને પોતાના દીર્ઘશ્વાસાદિથી...**' દીર્ઘશ્વાસ આમ પોતાને પણ દુઃખ થાય. '**અથવા હાથ-પગ વડે પોતાના અંગને પીડા ઉપજાવી...**' શ્વાસ રોકે આમ કરીને. અને પોતાના હાથ-પગને અંગને પીડા ઉપજાવે. જુઓ! આત્મા જડના અંગને પીડા ઉપજાવે. ભાષા વળી આમ આવતી હોય એમ આવે ને. સમજાણું?

ભાવ તીવ્ર કષાય થતાં શરીરના અંગો ઉપર નથી આમ માથા ફોડતા કેટલાક? છાતી (કૂટે), માથુ ફોડે, જીભ ખેંચે. છે ને કેટલાક જીભ ખેંચે મરવા. એ દ્રવ્ય નિમિત્ત તરીકે આત્માના પરિણામ છે, તેથી એને આમ અંગની પીડા ઉપજાવે છે એમ કહેવામાં આવે છે. એને ક્યાં ન્યાં જડની પીડા હતી. ચરણાનુયોગની કથનની પદ્ધતિ તો એવી હોય છે. વ્યવહારપ્રધાન કથન હોય છે તેને એ પ્રમાણે જાણવું જોઈએ.

અહીં તો એમ કહે છે, '**હાથ-પગવડે પોતાના અંગને પીડા ઉપજાવી...**' આમ હાથ મારે ને? પગ મારે, આમ કરે. સમજાય છે? એક પગ પગને મારે, એક હાથ આમ મારે, નથી કેટલાક? આમ ઝપટ મારે. તે શું છે? અંદર કાંઈક વિચાર ફેર થઈ ગયો હોય ને

તો શું છે એમાં? તને વિકાર ભાવ થયો એ તને દુઃખ છે, હવે એમાં શરીરને આમ કરવાનું શું કારણ? પણ ઇ કહે છે કે, એવું થાય તો પરને પીડા ઉપજાવે છે એમ કહેવામાં આવે. પીડા જડને ક્યાં છે? પીડા ઉપજાવી એમ છે. જોયું? એમ ભાષા છે ને? આંગળી તોડે, નાક તોડે, કાન તોડે એમ હોય છે ને કેટલાક? આંખો ફોડે.

**'આપઘાત કરી મરે...'** લ્યો! આપઘાત કરીને મરે, તીવ્ર કષાય થાય (ત્યારે) ગળે ફાંસો ખાય. એ મરવાની વાત આવી. અગ્નિમાં પડે, ઝેર ખાય, અફીણ પહેરે. **'તે પોતાના દ્રવ્યપ્રાણના ઘાતરૂપ હિંસા થઈ.'** લ્યો! દ્રવ્યપ્રાણમાં એ જાતની યોગ્યતાથી થઈ, રાગના પ્રાણ નિમિત્ત હતા એથી તેને હિંસા થઈ એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? મૂળ નિયમો તૂટીને વાત એકેય ન હોય. એક દ્રવ્ય, બીજા દ્રવ્યની પર્યાયને કરે એ ત્રણ કાળમાં બને નહિ, એ સિદ્ધાંત અને શુભરાગથી ધર્મ ન થાય એ સિદ્ધાંત, બે રાખીને બધી વ્યાખ્યા થાય. આ બે નિયમ રાખીને વાત અંદર શુદ્ધ પરિણામની અને બીજાને દુઃખ દે ને આ થાય એ બધી વ્યાખ્યા આ રીતે થાય.

મુમુક્ષુ :– દ્રવ્યપ્રાણ હણાય તો છે ને?

ઉત્તર :– પણ પ્રાણ ક્યાં એના હતા? એ તો આ જડના, માટીના, ધૂળના છે આ તો. પુદ્ગલના છે, આ ક્યાં આત્માના છે? આ તો માટી છે. આંખો આ તો માટી, પુદ્ગલ છે, પરમાણુ માટી છે. આત્મા આને દુઃખ ઉપજાવી શકે? આને જડને દુઃખ થાય? આ તો માટી છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ આત્માને અંદર જે રાગ થાય, તેને આત્માના પ્રાણ હણાય, એને ખરેખર હિંસા કીધી છે. પરમાં પછી નિમિત્તપણે કોઈ તીવ્ર કષાય થયો ને અંગની ક્રિયા એવી થાય તો એને પીડા ઉપજાવી (એમ કહેવામાં આવે છે). અથવા આપઘાત કરી મરી જાય, અગ્નિમાં પડે, કૂવામાં પડે, ગળે ફાંસો ખાય.

**'તે પોતાના દ્રવ્યપ્રાણના ઘાતરૂપ હિંસા થઈ.'** આના અર્થ કાઢવા હોય એટલા બધા કાઢે. જુઓ! આ લખ્યું. આ છે કે નહિ? આ છે કે નહિ? ભગવાન! સાંભળ, ભાઈ! આહાહા! એ વાણી નીકળવાનો પણ અધિકાર તારો નથી. કથન શૈલી ચાલે એ બધો વાણીનો અધિકાર છે, આત્માનો અધિકાર નથી. આત્મામાં ક્યાં વાણીના રજકણો અંદર હતા તે વાણી બોલે? આત્મામાં છે? આત્મા તો અનંત આનંદકંદ છે. ઉલટો પડે તો વિકાર કરે પણ આ વાણી ક્યાં અંદર હતી તો વાણી નીકળે? બાપુ! બહુ વાતું આકરી.

ભગવાન વીતરાગનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો પંથ બહુ અલૌકિક (છે), એવો બીજે ક્યાંય હોઈ શકે નહિ. ભગવાન કહે છે કે, ભાઈ! આ વાણી નીકળે એ અધિકાર તારો નથી, હોં! એ વાણી રજકણને કારણે નીકળે છે. ન્યાં ક્યાં એ વાણીને અડતોય નથી આત્મા તો. એ વાણીના અધિકારમાં આવું આવે છે એમ કહેવું છે, ભાઈ! કે, આણે આને હણ્યું ને આણે પ્રાણ ઉપજાવ્યા. એ વાણીની કથનની શૈલી, વાણીની શૈલી

www.vitragvani.com



છે. 'ધીરૂભાઈ'! એવું છે, બાપા! આહાહા!

**'વળી જે કષાયથી અન્ય જીવને કુવચન કહ્યા,...'** અન્ય જીવને ક્રોધ, માન, માયાથી તીરસ્કાર કર્યો, ગાળો દીધી. જાણે મરી જા. ક્યાં જાવું? મરી જા ને. એમ કહે છે ને કેટલાક? ઘરમાં પણ કહે આકરી બાયડી બોલતી હોય (એ એમ કહે), મરને હવે. એમાં જો પેલી બળી હોય તો હાય..હાય..! કહે છે ને કેટલાક એમ? થઈ જાય, ઘરમાં બહુ પેલું થઈ જાય (તો બોલે), મરને હવે. લ્યો! ત્યારે મરું. મરે ત્યારે કહે, અર..ર..! હાય.. હાય..! એ મારાથી બોલાણું. એટલું કષાયથી, માનથી, માયા, લોભ આદિ, અન્ય જીવને કુવચન ભૂંડા વચન કહે, અનાદર કરે, તીરસ્કાર કરે, બીજાને હલકો કરીને બતાવે. એકબીજાના પ્રાણને દુઃખ થાય છે કે નહિ? દુઃખ થાય છે. આ તો નિમિત્તથી કથન છે, હોં! આના ભાવ એને દુઃખ ઉપજાવે માટે એનું પાપ લાગે છે એમ નથી. એના ભાવ જે હતા એનું એને પાપ છે. પણ એના ભાવ, એના પ્રાણમાં, દુઃખમાં નિમિત્ત થયા હતા એને ઉપજાવે એમ કહેવામાં આવ્યું છે. એમ પરને પીડા ભાવ જે રાગ-દ્વેષ થાય એને કંઈ આના વચનથી થયા છે? અથવા આના ભાવથી થયા છે? પણ એ ભાવ એને વાણી આને નિમિત્ત થઈ, એથી એની વાણીથી એને પિડા થઈ એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ઓહો..હો..! વસ્તુના સ્વભાવની કથન પદ્ધતિની વાણી, પદ્ધતિ એવી છે અને વસ્તુનો સ્વભાવ પણ. એવો વસ્તુનો સ્વભાવ છે કે લોકોને અગમ્ય પડે. કહો, સમજાણું?

દ્રવ્ય પર્યાયમાં સવારમાં એ ઘણું હતું. કીધું, આમાં પર્યાય પહેલી કે દ્રવ્ય પહેલું? કહો, 'મોહનભાઈ'! આ તે કેવો સ્વભાવ! શું છે? બાપા! આહાહા! એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... દ્રવ્ય તે પણ અનાદિ અને એની અવસ્થા થાય એ અનાદિ. પહેલું દ્રવ્ય હતું ને પછી પર્યાય, એમ છે કાંઈ? વસ્તુ છે, વસ્તુ ને એની અવસ્થા એ બે અનાદિની છે. આ શું વળી! પર્યાય પણ અનાદિની! આ તો હજી સ્વભાવ છે, ભાઈ! બીજી રીતે તું એને શી રીતે સિદ્ધ કરીશ? 'પ્રવીણભાઈ'!

એમ ક્ષેત્ર. જેમ અહીં પર્યાયની આદિ નથી એમ આ ક્ષેત્રનો અંત નથી. આકાશનો અંત છે ક્યાંય? આકાશ ક્યાં થઈ રહેશે? પછી થઈ રહે પણ પછી શું? પછી શું? ઓહો..! કોઈ ક્ષેત્ર પણ પછી શું? પછી ક્યાંય છે નહિ. અને નહિ તો નહિ ક્યાંય નહિ આવે. છે છે ને આવશે. એ તે કોઈ સ્વભાવ ક્ષેત્ર સ્વભાવ, દ્રવ્ય પર્યાય સ્વભાવ.

એમ કાળ સ્વભાવ. કાળ અનાદિ. આદિ પણ પહેલું તો કાંઈક હશે કે નહિ? શું પહેલું હોય? સાંભળને. આહાહા!

એમ ભાવ સ્વભાવ. એક જીવના અનંતા ગુણો ને એક ગુણનો ભાવ સ્વભાવ અનંત ગુણો. કેમ? કેમ શું? વસ્તુ જ કોઈ એવી છે. એના અંત શા? પર્યાયને શરૂઆત શી? ક્ષેત્રના અંત શા? કાળની શરૂઆત શી? કાળના અંત શા? ભાવના અંત શા? ભાવ પણ અનંત

અનંત સ્વભાવ સ્વરૂપ હોય જ. એક એક ગુણ એવી શક્તિરૂપ સત્ત્વ છે. એવા શક્તિના ભાવપ્રાણમાંથી શુદ્ધતા જ્યાં અંતરમાંથી પ્રગટ કરી તેને જીવન ને ભાવપ્રાણને તેને અહિંસા કહે છે. આહાહા! કેટલાકે તો એ વાત સાંભળી ન હોય, આ શું હશે આવું? વીતરાગ માર્ગમાં આવું હશે? જૈન પરમેશ્વરમાં? ભાઈ! ન્યાં તો છ કાયની દયા પાળવી, ચોવીહાર કરવો, કંદમૂળ ન ખાવા. એય..! 'ભગવાનભાઈ'! પાંચ તિથી છ પરબી (પાળવી).. એ તો બધી વ્યવહારની વાતું, બાપા! સાંભળને. આહાહા!

મુમુક્ષુ :– આમાં પણ આવ્યું ને દ્રવ્યપ્રાણનો ઘાત..

ઉત્તર :– ઘાત એ આ જાતની શૈલી. પોતાના દ્રવ્યપ્રાણને હણે, લ્યો! એમ કીધું. તો શું આ રજકણની પર્યાયને આત્મા કાંઈ કરી શકે? પણ ત્યાં તે કાળે આ રીતે થાય ત્યારે પેલા પ્રાણ, રાગ નિમિત્ત હતા એથી એણે આમ કર્યું એમ કહેવામાં આવે છે. વસ્તુ સ્થિતિ આમ છે. આઘી લેવા જાય તો કોઈ રીતે સત્ય સિદ્ધ નહિ થાય.

આ તો સત્ સ્વરૂપ છે, સત્ સ્વરૂપ છે. દ્રવ્ય સત્ સ્વરૂપ, પર્યાય સત્ સ્વરૂપ, સિદ્ધ સત્ સ્વરૂપ. સિદ્ધ પહેલો કોણ? સિદ્ધ પહેલા કોણ? પહેલા કોણ સિદ્ધ? એ તો વ્યક્તિ તરીકે એક, બાકી અનાદિ સિદ્ધ છે. સંસાર ને સિદ્ધ બે અનાદિ છે. સાધક પહેલો જીવ ક્યો? સાધક જીવ આ જગતમાં પહેલો ક્યો પાક્યો હશે? કહો, 'પ્રવિણભાઈ'! સાધક આત્માના આમ સમ્યગ્દર્શનને પામનારો પહેલો જીવ જગતમાં નહોતો ને ક્યો પાક્યો હશે? સાધક પણ અનાદિ, કેવળજ્ઞાની પણ અનાદિ, સિદ્ધ પણ અનાદિ, સંસાર પણ અનાદિ. નવે તત્ત્વ અનાદિ. આહાહા!

ત્રિકાળમાં કેવળજ્ઞાની ન હોય એવો કાળ ક્યો હશે? ત્રિકાળમાં સાધક જીવ ન હોય એવો કાળ ક્યો હશે? ત્રિકાળમાં નરકમાં ન જનારા હોય એવો ક્યો કાળ હશે? એમને એમ બધું છે. એ કથનની શૈલીના બાપુ! સ્વભાવની વાત છે અને સ્વભાવમાં જ્યાં વિરોધ થયો ત્યારે ત્યાં બાહ્ય પ્રાણમાં નિમિત્ત તરીકે પ્રાણમાં ક્યાં અવસ્થાનું હીણાપણું, વિપરીતપણું થયું એને અહીંયાં પીડા ઉપજાવી (એમ કહે છે). જડની પીડા થાતી હશે આને? આને થાતી હશે? સમજાણું કાંઈ?

**'કષાયથી અન્ય જીવને કુવચન કહ્યા, મર્મભેદી હાસ્ય કર્યું...'** મર્મભેદી કોઈ ગુપ્ત વાત હોય એને ખુલ્લી મુકી અને પેલાને બિચારાને હાય... હાય.. મારી ગુપ્ત વાત આણે બહાર મુકી, મારે સમાજમાં કેમ નભવું? એમ એના પ્રાણ તો એને કારણે (દુઃખી) થયા પણ આની વાણી નિમિત્ત થઈ એથી એને નુકસાન પહોંચાડ્યું એમ કહેવામાં આવે.

**'અથવા જે રીતે તેનું અંતરંગ પીડિત થઈ...'** કષાયરૂપપણે અંતરંગ. જેમ પેલો રાગમાં, કષાયમાં ઉશ્કેરાય જાય, એ ઉશ્કેરણીની ભાષા બોલે. ભાષા એ ભાષાને કારણે પણ ભાષામાં એને અહીં વિકારનું નિમિત્ત છે ને, એથી ભાષાથી એને પીડા કરી એમ કહેવામાં આવ્યું.

www.vitragvani.com



અરે..! ભાઈ! વીતરાગના વ્યવહાર કથનો એવી જાતના છે. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આને ઈશ્વરને સોંપી દીધું તો કાંઈ મહેનત નહિ, લ્યો! ઈશ્વર કરે જાવ. અહીં કહે છે કે, ઈશ્વર-બિશ્વર કોઈ કર્તા-ફર્તા નથી, સાંભળને. એક ઈશ્વર કરે, જય ભગવાન! તમે તારો, હવે અમારે કાંઈ નહિ. અમે ધોયેલ મૂળા જેવા. ગમે એવા દોષ કરીએ પણ તમે દોષ કરાવો ને તમે દોષ ટાળો, અમારે કાંઈ નહિ. એમ કોઈ છે નહિ. એવો ઈશ્વર કોઈ જગતનો કર્તા-ફર્તા છે જ નહિ. તું તારા દોષનો કર્તા ને તું તારા દોષનો ટાળનાર. સમજાણું કાંઈ? આવું જ વીતરાગ પરમેશ્વરે કહેલું ને એવું તત્ત્વ જગતમાં છે. આહાહા!

કહે છે, '**કષાયરૂપ પરિણમે તેવું કાર્ય કર્યું,...**' જોયું? પેલો કષાયપણે પરિણમે. સામાને બહુ ક્રોધ થઈ જાય, મરવા જાય, મરવા. સમજાયને? બળી, બળી મર. કોણ કહે છે તને? એમ પેલી કહે. ત્યાં પેલી બળે. હાય..હાય..! સમજાણું? '**ત્યાં પરના ભાવપ્રાણના વ્યપરોપણથી હિંસા થાય છે.**' લ્યો! '**જ્યાં કષાયના વશે પ્રમાદી થયો,...**' એ રાગ-દ્વેષ આદિથી આત્મા(ને) પ્રમાદ થયો, વિકલ્પ આદિથી. '**બીજા જીવના શરીરને પીડા કરી અથવા પ્રાણનાશ કર્યા ત્યાં પરના દ્રવ્યપ્રાણના ઘાતથી હિંસા થઈ. આ રીતે હિંસાનું સ્વરૂપ કહ્યું.**' કહો, સમજાણું આમાં?

એ કર્યું, કર્યું એટલે પેલો નિમિત્ત ભાવ થયો એટલે કર્યું એમ વ્યવહારે કહેવામાં આવે છે. આમ છે. સમજાણું કાંઈ? આ શ્રાવકનું આચરણ સમજાવે છે. આત્મા પવિત્ર શુદ્ધ અખંડાનંદ સિદ્ધ સમાન આત્માનું સ્વરૂપ (છે). એની અંતરમાં સમ્યગ્દર્શન પ્રતીતિ સ્વરૂપના ભાન સહિતની પ્રતીત કરવી એ શ્રાવકનું કર્તવ્ય. અને એ આત્માનું અંતર જ્ઞાન કરવું, આત્માનું જ્ઞાન કરવું તે શ્રાવકનું કર્તવ્ય અને સ્વરૂપમાં સ્થિરતા કરવી એ શ્રાવકનું કર્તવ્ય. એમાં જેટલી અસ્થિરતા થાય તે તેની હિંસા છે, તે તેનું અકર્તવ્ય છે, અનાચરણ છે એમ બતાવે છે. સમજાણું કાંઈ?

આ, ભાઈ! માર્ગ તો એકેક એવો છે કે એને પકડવાને માટે સૂક્ષ્મ દૃષ્ટિ જોશે. આ તો બધા હાડકા જાડા, પેલો તો અરૂપી છે. આ ઇન્દ્રિયથી કાંઈ પકડાય એવો નથી. તેમ પુણ્ય-પાપનો રાગ થાય એનાથી જણાય (એવો નથી). એ તો આખી ચીજ જ મોટી મહાન સૂક્ષ્મ પદાર્થ છે. કહો,

માહણો-માહણો નીકળે. એમ કહે છે, હણે એમ નીકળ્યું તો ન હણે એ નીકળ્યું. હણે એમ નીકળ્યું કે નહિ? પછી ન હણે એમ નીકળે. વ્યવહારે ભાષા તો એમ જ આવે, વ્યવહારની ભાષા એમ આવે. ત્યાં હિંસાની વ્યાખ્યા કરી હતી, હવે આમાં હિંસા ને અહિંસાનું બેયનું આખું ખરું લક્ષણ વર્ણવે છે. સમજ્યા ને? ૪૨માં અમુક વર્ણવ્યું હતું, પાંચ પાપ– હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ ને પરિગ્રહનો ભાવ એ પાપ વર્ણવ્યા હતા. સમજાય છે? અને એના પછી પાંચ ભેદ ભલે કહે, એ બધા હિંસાના ભેદ કરીને હિંસા કીધી. અને ૪૩માં દ્રવ્ય અને ભાવપ્રાણના હિંસાની વ્યાખ્યા કરીને આ વ્યાખ્યા કરી. અને ૪૪માં હવે સાધારણ હિંસા ને અહિંસાનું વાસ્તવિક સ્વરૂપ શું છે એની વ્યાખ્યા કરે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૪૪

આગળ હિંસા અને અહિંસાનું નિશ્ચયે લક્ષણવર્ણન કરે છે :–

अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति।
तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः।।४४।।

અન્વયાર્થ :– [ खलु ] નિશ્ચયથી [ रागादीनां ] રાગાદિ ભાવોનું [ अप्रादुर्भावः ] પ્રગટ ન થવું [ इति ] એ [ अहिंसा ] અહિંસા [ भवति ] છે અને [ तेषामेव ] તે રાગાદિ ભાવોનું [ उत्पत्तिः ] ઉત્પન્ન થવું તે [ हिंसा ] હિંસા [ भवति ] છે. [ इति ] એવો [ जिनागमस्य ] જૈન સિદ્ધાન્તનો [ संक्षेपः ] સાર છે.

ટીકા :– 'खलु रागादीनां अप्रादुर्भावः इति अहिंसा भवति' - નિશ્ચયથી રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવી એટલા માત્રથી અહિંસા થાય છે.

ભાવાર્થ :– પોતાના શુદ્ધોપયોગરૂપ પ્રાણોનો ઘાત રાગાદિ ભાવોથી થાય છે. માટે રાગાદિ ભાવોનો અભાવ તે જ અહિંસા આદિ શબ્દથી દ્વેષ, મોહ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક, જુગુપ્સા, પ્રમાદાદિ સમસ્ત વિભાવભાવ જાણવા. એના લક્ષણ કહીએ છીએ. પોતાને કાંઈક ઇષ્ટ જાણી પ્રીતિરૂપ પરિણામ તેને રાગ કહીએ, પોતાને અનિષ્ટ જાણી અપ્રીતિરૂપ પરિણામ તેને દ્વેષ કહીએ. પરદ્રવ્યમાં મમત્વરૂપ પરિણામ તેને મોહ કહીએ, મૈથુનરૂપ પરિણામને કામ કહીએ, આણે અયોગ્ય કર્યું એમ જાણી પરને દુઃખદાયક પરિણામ તેને ક્રોધ કહીએ, બીજા કરતા પોતાને મોટો માનવો તેને માન કહીએ, મન વચન કાયામાં એકતાનો અભાવ તેને માયા કહીએ, પરદ્રવ્ય સાથે સંબંધ કરવાની ઇચ્છારૂપ પરિણામને લોભ કહીએ, ભલી અથવા બૂરી ચેષ્ટા જોઈને વિકસિતરૂપ પરિણામ તે હાસ્ય કહીએ, પોતાને દુઃખદાયક જાણી ડરરૂપ પરિણામ તેને ભય કહીએ, પોતાને ઇષ્ટનો અભાવ થતાં આર્તરૂપ પરિણામ તેને શોક કહીએ, ગ્લાનિરૂપ પરિણામને જુગુપ્સા કહીએ, કલ્યાણકારી કાર્યમાં અનાદરને પ્રમાદ કહીએ. - ઇત્યાદિ સમસ્ત વિભાવભાવ હિંસાના પર્યાય છે. તે ન થાય એ જ અહિંસા.

'तेषामेव उत्पत्तिः हिंसा' - તે રાગાદિભાવોનું ઊપજવું તે જ હિંસા. 'इति जिनागमस्य संक्षेपः' - એવું જૈન સિદ્ધાન્તનું રહસ્ય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ભાવાર્થ :– જૈન સિદ્ધાન્તનો વિસ્તાર તો ઘણો ઘણો છે, પણ સર્વનું રહસ્ય સંક્ષેપમાં આટલું જ છે કે ધર્મનું લક્ષણ અહિંસા. રાગાદિ ભાવોનો અભાવ થવો તે અહિંસા. તેથી જેમ બને તેમ, જેટલો બને તેટલો રાગાદિ ભાવોનો નાશ કરવો. તે જ અન્ય ગ્રન્થોમાં કહ્યું છે - रागादिणामणुप्पा अहिंसा गत्तति देसि दंसमए ते सिंचे दुप्पत्ती हिंसेति जिणहि णिदिट्ठं।**

**પ્રશ્ન :– હિંસાનું લક્ષણ પરજીવના પ્રાણોને પીડવા એમ કેમ ન કહ્યું?**

**ઉત્તર :– આ લક્ષણમાં અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ બન્ને દોષ લાગે છે. ૪૪.**

---

**अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति।**
**तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः।।४४।।**

જિનાગમ સર્વજ્ઞ ભગવાન પરમાત્માના શાસ્ત્રનો આ સાર છે. વીતરાગદેવ પરમેશ્વરના શાસ્ત્ર જેટલા કહ્યા–ચાર અનુયોગ, એના શાસ્ત્રનો આ સાર છે કે, '**રાગાદિ ભાવોનું ખરેખર પ્રગટ ન થવું એ અહિંસા છે...**' જુઓ! આ અહિંસા પરમો ધર્મ એનું નામ કહેવાય. પરને ન મારે એ અહિંસા, પરમાર્થ અહિંસા નથી. એ તો શુભભાવ છે અને પર ન મરે ત્યારે પરને ન માર્યો એમ કહેવામાં આવે. એ તો એને કારણે ન મરે ને એને કારણે બચે. કાંઈ તારા ભાવથી બચે ને મરે એમ છે નહિ. મારવાના ભાવ હોય ને એનું આયુષ્ય હોય તો પેલો ન મરે. ન મારવાના ભાવ હોય ને એને આયુષ્ય ન હોય તો મરી જાય. એને આધીન મરવું-જીવવું (થાય છે), કાંઈ તારે આધીન નથી. પણ કહે છે, જે કાંઈ તેં મારવાના ભાવ કર્યા એ ભાવનો સ્વામી તું છો, ધણી છો. એને હિંસા કહે છે.

ખરેખર રાગ-દ્વેષ આદિ એની બધી વ્યાખ્યા કરશે. રાગાદિ શબ્દ છે ખરો ને? રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય એ બધા રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું. એ વિકારનું પ્રગટ ન થવું અને અવિકારી દશાનું પ્રગટ થવું, તેને ભગવાન અહિંસા કહે છે. 'પ્રવિણભાઈ'!

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– ત્રિકાળ. ત્રિકાળ ભગવાન આને અહિંસા કહે છે. પરમેશ્વર વીતરાગદેવ અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાનમાં ભગવાન વીસ તીર્થંકર મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે અને લાખો કેવળીઓ પરમેશ્વર વર્તમાનમાં મનુષ્યક્ષેત્રે અત્યારે બિરાજે છે. અનંતા તીર્થંકરો થશે. બધા તીર્થંકરો, બધા કેવળીઓ વિકારની અનુત્પત્તિને અહિંસા કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

'શ્રીમદ્' ન કહ્યું? 'શ્રીમદ્'માં આવે છે ને? '**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?**' આવે છે?

www.vitragvani.com



**બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,**
**તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;**
**સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો? ૧.**

જુઓ! સોળ વર્ષની ઉંમરે આવું કહે છે. સમજાય છે? ન્યાં ઉંમર ક્યાં હતી? એ તો દેહની ઉંમર હતી, આત્માને ક્યાં ઉંમર છે? આહાહા! **'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે'** હે પ્રભુ! તું બાહ્યમાં સુખ માનવા જા ત્યાં તારા આત્માનો આનંદ લુંટાય જાય છે. લ્યો. **'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?'** ક્ષણે ક્ષણે એ વિકારના ભાવ કરી અને હરખ માનવો, હોંશું કરવી, ઉત્સાહ કરવા, એ પોતાના શાંત પ્રાણ હણાય ને ભાવ મરણ થાય છે. આહા..! મોક્ષમાળા બનાવી ત્યારે હજી સોળ વર્ષે તો કહે છે. સમજાણું કાંઈ? અહીં સાંઈઠ-સાંઈઠ, સીત્તેર વર્ષના મૂંડાવેલાને હજી એ વાત બેસે નહિ. એ... 'ધીરૂભાઈ'! પેલાએ મહાવ્રત ધાર્યા. ધૂળેય મહાવ્રત નથી, સાંભળને. હજી ભાન ન મળે મહાવ્રત ક્યાંથી આવ્યો? લુગડા ફેરવ્યા કે નાગા થયા તો થઈ ગયા સાધુ?

વસ્તુ કોણ છે અંદર? ભગવાન ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ ત્રિલોકનાથે કહ્યો છે, એવો આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એના સ્વભાવની અંતર શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિના જીવન વિના મહાવ્રત–ફહાવ્રત કેવા? સમજાય છે? હેરાન થઈ જાત, મરી જાત, હોં! ત્યાં ગયા હોત તો. દિગંબર સાધુ થવાના હતા. તદ્દન દિગંબર, હોં! એકદમ બ્રહ્મચારી માણસ સાવ નાની ઉંમરમાં. ત્યાં પેલા કહે, છોડો કપડા.

મુમુક્ષુ :– જ્ઞાન તો સારું છે...

ઉત્તર :– સારું જ્ઞાન. ભાન તો કાંઈ નથી. કેમ? 'દીપચંદજી'! શ્રદ્ધાના ઠેકાણા નથી, જ્ઞાનના ઠેકાણા નથી. લઈ લો વ્રત. ઘોડાગાડી મોઢા આગળ ને ઘોડો પાછળ. 'દીપચંદજી'! સમજમેં આયા? પેલી ગાડી હોય છે ને ગાડી? ગાડી મોઢા આગળ ને ઘોડો પાછળ. સમ્યગ્દર્શન-જ્ઞાન કાંઈ નહિ, આપણે પહેલા વ્રત લઈ લો. થઈ જશે, અવતાર ચાલ્યો જશે. આહાહા!

મુમુક્ષુ :– એક અવયવ તો પાકો છે ને.

ઉત્તર :– એક અવયવ કેવો? અવયવ નથી, એ તો ખોટો ભાગ છે. સડેલું નાશ કરવાને માટે છે એ એને અવયવ કેમ કહેવો? આહાહા!

ખરેખર.. **'खलु'** શબ્દ પડ્યો છે ને? **'खलु' 'किल'** એ બધા નિશ્ચયના અર્થમાં બતાવે છે. રાગાદિ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, વિકારી ભાવનું પ્રગટ ન થવું તેને ભગવાન અહિંસા કહે છે. અને **'તે રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું...'** દેખો! રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, વાસના–વિષય એ બધા ભાવનું ઉત્પન્ન થવું તેને હિંસા (કહે) છે. બહુ ટૂંકો સિદ્ધાંત. આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'નો સિદ્ધાંત, લ્યો! 'અમૃતચંદ્રાચાર્ય'.

પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે તે હિંસા છે. અને વિકારનું અનઉત્પન્ન થવું ને સ્વભાવની અંદરની નિર્મળ અરાગી, વીતરાગી દશા ઉત્પન્ન થવી તેને ભગવાન અહિંસા ધર્મ કહે છે. આહાહા! દુનિયાની સાથે કાંઈ મેળ ખાય (એવું) ન મળે. રાડ પાડે કે નહિ?

જુઓ! ગાંધીજીએ અહિંસા કહી. ભાઈ! આ અહિંસા નહિ, એ તો બધી બહારની વાતું, સાંભળને. સમજાણું? ભગવાન મહાવીરે અહિંસા કીધી એ ગાંધીજીએ કીધી હતી. લોકો એમ લગાડે. કાંઈ ભાન ન મળે. ઇ એમ છે જ નહિ. ભગવાનની અહિંસા આખી દુનિયાથી બીજી જાતની છે. એય...! 'મલૂપચંદભાઈ'! વાત તો જેમ હોય એમ આવે, ઘણા વળગાડી દે. આહાહા! જૈનની અહિંસા એણે ગાંધીજીએ અનુકરણ કર્યું. એની અહિંસાને લઈને આ સ્વરાજ મળ્યું.

મુમુક્ષુ :– 'રાણપુર'માં બોલ્યા હતા.

ઉત્તર :– કોણ બોલ્યું હતું? બોલ્યા હશે.

મુમુક્ષુ :– સંતબાળ.

ઉત્તર :– સંતબાળ. એને ભાન કે દિ' હતું કાંઈ? લુગડું રાખીને મોહપત્તિ (રાખે). જૈનની શ્રદ્ધા કે દિ' હતી? જૈન એટલે વસ્તુની શ્રદ્ધા. જૈન સંપ્રદાય નથી. જૈન એટલે દોષને જીતનારો. નિર્દોષ ભગવાનઆત્મા અનાદિઅનંત છે એની દશામાં દોષ છે તેને જીતે તે જૈન. જૈન કોઈ વાડો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. જૈન શું? જૈન એટલે... આહાહા! 'શશીભાઈ'!

કહે છે, ભારે વ્યાખ્યા! **'એવો જૈન સિદ્ધાન્તનો સાર છે.'** છે? એવો જૈન સિદ્ધાંતનો સંક્ષેપ એટલે ટૂંકામાં માખણ–સાર આ છે. ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર કેવળજ્ઞાનીએ ઇન્દ્રોના સમક્ષમાં, ચક્રવર્તીના સમક્ષમાં કહેલી આ વાત, ભગવાનના આખા શાસનનો આ સાર છે. રાગ-દ્વેષની ઉત્પત્તિ તે હિંસા અને રાગ-દ્વેષની અનઉત્પત્તિ ને આત્માની શાંતિ ને શ્રદ્ધા, જ્ઞાન નિર્મળતાની ઉત્પત્તિ (થવી) તે અહિંસા (છે). કહો, 'પ્રવિણભાઈ'! આવી વ્યાખ્યા પણ કોઈ દિ' સાંભળી ન હોય બહારમાં. જય રામ... રામ... રામ... રામ... કરો. એ.. 'હિંમતભાઈ'! પૂર્વનું હતું ને? પૂર્વનું. હવે ઘણો ઓરતો થાય. મારો કાળ વખત ગયો. અરે..રે..! આ પણ કહે છે, મારો ઘણો કાળ બગાડી નાખ્યો, ઘણો ચાલ્યો ગયો. એ..ય..! 'દીપચંદજી'! ખોટામાં ઘણો કાળ ગયો. આહા...! હવે જ્યારથી સમજે ત્યારથી સવાર. અનાદિકાળનો બધાને એવો કાળ ગયો છે ને. તીર્થંકર જેવા પણ જ્યાં પહેલા રખડતા હતા ને? એ તીર્થંકર ભગવાનનો જીવ હતો એ જ્યાં સુધી સમજ્યા નહોતા એ તીર્થંકરના સમવસરણમાં જતાં, કાંઈ માન્યું નહોતું. ઇ જ્યારે પાછા પોતે સમજ્યા ત્યારે વળી તીર્થંકર થયા. એવું છે, ભાઈ!

મુમુક્ષુ :– સમજ્યા પછી કાળ બગાડે એનું શું?

ઉત્તર :– સમજ્યા પછી કાળ બગાડે જ નહિ. યથાર્થ સમજણવાળો કાળ બગાડે નહિ. કહો, પુરુષાર્થની કમીને લઈને રાગાદિ સર્વથા છોડી ન શકે પણ એના ભાનમાં છે ને.

www.vitragvani.com



દર્શનશુદ્ધિ (થઈ ગઈ છે). તો 'दंसण भट्ठा ण सिज्झंति, चरित्त भट्ठा सिज्झंति' દર્શન–યથાર્થ દૃષ્ટિ જેને છે (એને) રાગાદિ ભલે હશે, અને હોય અને છોડી ન શકે તોપણ સમ્યગ્દૃષ્ટિ તો સિદ્ધ થવાના, થવાના ને થવાના. સમજાણું? સમ્યગ્દૃષ્ટિ છે ને! ચારિત્ર ભ્રષ્ટ (છે). પણ દર્શનથી ભ્રષ્ટ છે ને રાગની મંદતાના આચરણ કરનારા છે એ તો ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે. એ તો કોઈ દિ' એની મુક્તિ થશે નહિ. આહાહા! સિદ્ધાંત છે કે નહિ? આહાહા!

'**जिनागमस्य संक्षेपः**' લ્યો! પરમાત્મા વીતરાગદેવનો આ સાર છે કે સૂક્ષ્મ પણ રાગની ઉત્પત્તિ થવી તે હિંસા (છે) અને એ સૂક્ષ્મ પણ રાગની ઉત્પત્તિ ન થવી અને સ્વભાવ આશ્રયે જેવું સમરસી સ્વરૂપ છે, સમરસી એટલે ચારિત્ર સ્વરૂપ એટલે વીતરાગ સ્વરૂપ આત્મા, એવી જ જેની દશામાં, એવી જ સમરસ દશા, શાંતિ ઉપશમરસ, અહિંસા રાગ રહિત દશાની ઉત્પત્તિ થવી એને ભગવાન ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિશ્ચય પરિણામ તેને ભગવાન અહિંસા કહે છે. લ્યો! એય..! આત્માના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે નિર્મળ દશા. નિશ્ચય મોક્ષમાર્ગની દશાને ભગવાન અહિંસા કહે છે. આહાહા!

મુમુક્ષુ :– વ્યવહાર મોક્ષમાર્ગની હિંસા કરી નાખી.

ઉત્તર :– વ્યવહાર હિંસા જ છે. અહીં એને યોગ હોય છે એટલે કહે.

લે. પણ રાગાદિ ઉત્પન્ન ન થવું ત્યારે ઉત્પન્ન શું થાય ત્યાં? રાગ ઉત્પન્ન ન થાય ત્યારે ઉત્પન્ન થયું શું? એમ અસ્તિ લાવવું જોઈએ કે નહિ ત્યાં? આહાહા! કષાય ઉત્પન્ન ન થાય, ત્યારે એમાં ઉત્પન્ન શું થયું? કષાયનું અનઉત્પન્ન તે અહિંસા. ત્યારે ઉત્પન્ન શું થયું? કે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા ઉત્પન્ન થઈ તેને ભગવાન અહિંસા કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

શુદ્ધ પ્રભુ આત્મા પરમાનંદની મૂર્તિ, એનું અંતરમાં જ્ઞાન કરીને, જ્ઞેય કરીને પકડીને પ્રતીત કરવી એ નિશ્ચય સમ્યગ્દર્શન, તેને ભગવાન અહિંસા કહે છે. એ આત્માનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, સ્વભાવનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, એને ભગવાન અહિંસા કહે છે. અને એ આત્મામાં રાગ રહિત સ્થિરતા કરવી, શાંતિ કરવી, શાંતિ પ્રગટ કરવી એને ભગવાન અહિંસા કહે છે. કહો, 'જગુભાઈ'! આવી વ્યાખ્યા. શું હશે તમારે ન્યાં 'કુંડલા'માં બધા? ... જાવું પડતું હોય, એને જાવું પડે ને બધે. મોઢા આગળ શેઠિયા માણસ. ચાલો પડો આમાં થોડાક. મોટા મોટા કાર્યવાહક આવે તો 'જગુભાઈ'ને બોલાવે નહિ? એની આબરૂ મોટી. બોલાવો 'જગુભાઈ'ને. 'જાદવેશભાઈ' આવે. કેવા? ભાઈ ! ફલાણાભાઈ. 'બળવંતભાઈ'. કેવા ? મરી ગયા એ 'બળવંતભાઈ'ને? બધામાં આમ જાણીતા હશે. બોલાવો 'જગજીવનભાઈ'ને. ગામમાં ન હોય તો આંટો ખવરાવો એક. અમે રેલમાં નીકળીએ છીએ, મળવા આવજો. પણ મફતનો... આવે છે કે નહિ? એ જાય પાછા મળવા ન્યાં. અમે ન્યાં નીકળીએ છીએ, ગામમાં નથી આવવું, ત્યાં મળવા આવજો. ચાલો, ભાઈ!

www.vitragvani.com



પેલા એમ કહે કે, આવી અહિંસા હોય. બીજાને આમ કરવું, બચાવવા, બીજાને આમ દેવા, મદદ દેવી, આહાર પાણી દેવા, ભુખ્યાને અનાજ પહોંચાડવા, નાગાને કપડા આપવા, દુઃખીના આસું લુછવા, એનું નામ અહિંસા કહેવાય છે. લ્યો, એમ કોઈ કહે છે. ઇ કપડા-બપડા આપે કોણ? પણ એનો ભાવ હોય છે, શુભભાવ હોય છે. પણ એ શુભભાવ પોતે રાગ છે. સમજાણું કાંઈ? આરે.. આરે..! ભારે આકરી વાત, ભાઈ! દુનિયાથી તો આખી ઊલટી વાત છે. વીતરાગમાર્ગ ને સંસારમાર્ગ બે ઉંધા જ હોય. સંસાર માર્ગ ઊંધો, એનાથી ભગવાનનો માર્ગ ઊંધો, પેલા ઊંધાથી ઊંધો એટલે સવળો. આહાહા! અરે..રે..! વાડામાં જન્મ્યા એને ખબર ન મળે, પરમેશ્વરનો સાર સિદ્ધાંત શું છે? આત્મા... પરમેશ્વરે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરે આ આત્માને ખરેખર પુણ્ય-પાપના વિકાર વિનાનો જોયો છે. પછી શું થયું? એ પુણ્યભાવ હિંસા છે. 'ધીરૂભાઈ'!

ભગવાનઆત્મા, ભગવાને આ આત્માને કેવો જોયો છે? પરમેશ્વરે, કેવળજ્ઞાનીએ ત્રણકાળ જોયા એમાં આ આત્માને કેવો જોયો? કે, શરીર, વાણી કર્મ છે તે અજીવ તરીકે જોયા. અંદર પુણ્ય-પાપના ભાવ થાય તેને ભગવાને આસ્રવ તરીકે જોયા અને આત્માને, આસ્રવ ને અજીવથી રહિત જોયો. એવા આત્માને એ રીતે જોઈને ઠરે તેનું નામ ભગવાન અહિંસા કહે છે. આહાહા! 'શશીભાઈ'! આ તો સમજાય એવું છે ને? આ તો સાદી ભાષા છે. આહાહા!

**'નિશ્ચયથી રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવી એટલા માત્રથી...'** એટલા માત્રથી એમ કેમ કહે છે? કે, બીજું ભળે નહિ કાંઈ કે બીજાને સ્થાન આપ્યું કે બીજાની દયા પાળી કે બીજાનું આ કર્યું. એ બધું કાંઈ એમાં ભળતું નથી. આહાહા! **'એટલા માત્રથી અહિંસા થાય છે.'** આહાહા! ટીકા કરનાર પણ (કેવા)! ઉત્પત્તિ ન થવી તે અહિંસા થાય છે પણ એટલા માત્રથી એટલે પાછું બીજું એમાં અહિંસામાં બીજું કાંઈ નાખવા જાવ, પરની દયા પાળવાનો ભાવ, બીજાને દેવાનો ભાવ, બીજાના દાનનો ભાવો, બીજાને સુખી કરવાનો ભાવ, બીજાની સેવા કરવાનો ભાવ એવું કાંઈ ભળે તો અહિંસા કહેવાય. એ નહિ. આહાહા!

મુમુક્ષુ :– બીજું ભળે તો શું..

ઉત્તર :– બીજું ભળે તો રાગ થાય, એમ કહે છે. આટલા માત્રને અહિંસા ભગવાને પરમેશ્વરે કહી છે. આહાહા! 'હીરાલાલજી'! સમજાણું કાંઈ? આહાહા! એટલા માત્રથી એનો અર્થ જ થયો, આની અહિંસા કીધી એટલે રાગની અનઉત્પત્તિ તે અહિંસા. એટલે કે એમાં બીજો કોઈ વિકલ્પનો ભાગ આમ ભળે નહિ. એકલો આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એને અવલંબે જેટલી નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની વીતરાગ દશા ઉત્પન્ન થાય, બસ! એટલા માત્રથી તેને અહિંસા કહેવામાં આવે છે. એ કાંઈ પ્રવૃત્તિ કરે ને બીજામાં બોલે ને બીજાને સમજાવે ને લાખો માણસને આમ કહે તો અહિંસા એને કહેવાય છે એમ છે નહિ, એમ

www.vitragvani.com



કહે છે.

ઘણા માણસને સમજાવતા આવડે લાખો, કરોડોને તો એમાં એની અહિંસા વિશેષ કહેવાય. એકલો કરે અહિંસા એમાં શું? ઇ અહીં કહે છે. એકલો પોતે પોતાના સ્વભાવમાં રાગની અનઉત્પત્તિ કરીને સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની ઉત્પત્તિ (કરે) એટલા માત્રને અહિંસા કહેવામાં આવે છે. આહાહા..! 'દાસ'! મોટા માણસ હોય તો ઘણાને મદદ કરે, ઘણાના કામ કરે, સમજ્યા ને? લાખાને પડખે ઊભા રહે, પડખે ઊભા રહીને ટેકો આપે, મદદ કરે તો કાંઈક એને અહિંસા (કહેવાય), એ અહિંસા કાંઈક વધી કહેવાય એને. 'કનુભાઈ'!

બસ! ભગવાનઆત્મા, સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર ભગવાન, બસ! એની અંતરમાં સ્વભાવને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ (થવા), જેમાં કોઈ વિકલ્પની પ્રવૃત્તિ માત્રનો અભાવ. બહારની પ્રવૃત્તિ તો નહિ, વાણી, શરીરની નહિ, પણ વિકલ્પ માત્રની પ્રવૃત્તિનો અભાવ એટલા માત્રથી તેને અહિંસા કહેવામાં આવે છે. આહાહા! ભાઈ! બહુ શાસ્ત્ર લખતા આવડ્યા, બહુ શાસ્ત્ર કહેતા આવડ્યા સભામાં પાંચ-પાંચ, દસ-વીસ વીસ-પચાસ હજાર, લાખ ને ઓહો..હો..! કરોડોપતિઓ આમ ખમા.. ખમા.. કરે. ત્યારે એની અહિંસા બહુ દીપી કહેવાય. ના, ના ભાઈ! અહિંસા માત્ર એને કહે છે કે, જેમાં વાણીની પ્રવૃત્તિ નથી, વિકલ્પની પ્રવૃત્તિ નથી. બીજા સમજે ન સમજે એને આધારે અહિંસા નથી. 'ધીરૂભાઈ'! વાત ઠીક આવી ગઈ. રવિવારે બધા આવ્યા છે ને.

**'जिनागमस्य संक्षेपः'** સાર. જિનાગમનું આ માખણ છે, એટલે એ જ ખરેખરી વાત છે. એટલા માત્રથી અહિંસા કહેવામાં આવી ગયું. ટીકાકાર 'ટોડરમલ્લજી' છે. ભગવાનઆત્મા પોતાનો જે સમરસી ચૈતન્ય ત્રિકાળી સ્વભાવ, તેમાં લપેટી એકાગ્ર થઈને રાગની ઉત્પત્તિ ન કરી એટલે કે સ્વભાવની શાંતિ ને શ્રદ્ધા, જ્ઞાનની ઉત્પત્તિ કરી, એવા જે નિશ્ચય યથાર્થ મોક્ષના માર્ગની નિર્મળ પર્યાય, એટલા માત્રથી અહિંસા કહેવામાં આવે છે. એમાં કાંઈ બીજું ભળતું નથી. આહાહા! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ ભળતો નથી. વ્યવહાર રત્નત્રયથી બીજાને પ્રભાવના થાય અને બીજાને સમજાવે, સ્થિર કરે એવું કાંઈ ભળતું નથી, એમ કહે છે. કહો, 'હિંમતભાઈ'! ભારે વાત, ભાઈ! આહાહા! વાહ પ્રભુ વાહ! એ વીતરાગ તો આવો માર્ગ છે. કોઈ પ્રવૃત્તિનો વધારે વિકલ્પ છે ને પ્રવૃત્તિની ભાષાને એવો બહુ યોગ છે માટે અહિંસા, એનામાં પુષ્ટી થાય છે અને અહિંસાનો વધારો થાય છે એમ છે નહિ. ભગવાનઆત્મા પોતાનો સમરસી જ્ઞાયક શ્રુત ચૈતન્યમૂર્તિ એની દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા જેમાં વિકારની ઉત્પત્તિ નથી, એવી દશાને ભગવાન એટલા માત્રને જ અહિંસા કહે છે. બસ! એમાં બીજું કાંઈ ભળતું નથી. એ અહિંસા પરમો ધર્મ છે. લ્યો! વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૩૪ ગાથા–૪૪ થી ૪૫ સોમવાર, જ્યેષ્ઠ સુદ ૫, તા. ૧૨-૦૬-૧૯૬૭

આજ શ્રુત પંચમી છે. 'ધરસેનાચાર્ય' અહીં ગીરનારમાં મહા દિગંબર મુનિ, ભાવલિંગી સંત હતા. એમને કંઠસ્થ શાસ્ત્ર હતું. એનો વિચ્છેદ ન થાય માટે બે મુનિઓને બોલાવીને સમજાવ્યા. આ શાસ્ત્રની વાંચણી આપી. એ મુનિઓએ આજ પૂરું કરીને આજે 'અંકલેશ્વર'માં શ્રુત પંચમીનો મહોત્સવ કર્યો. 'અંકલેશ્વર' જ્યેષ્ઠ સુદ ૫. શાસ્ત્ર પુરા થયા. ભગવાનની વાણીમાંથી જે વાણી આવી હતી એના અનુસંધાનરૂપે 'ષટ્ખંડાગમ' હતા. ત્યારે તો શ્વેતાંબર પંથ નીકળ્યો નહોતો. એ વાણીની રચનાનું પૂરાપણું, સમાપ્તપણું આજે થયું. આજે પછી એની મહોત્સવ દશા વર્ણવી, મહોત્સવ સુદ પંચમીનો દિવસ છે. એને આ શ્રુત પંચમી કહેવામાં આવે છે. 'પુષ્પદંત' 'ભૂતબલી' મહા (મુનિરાજ). 'ધવલ'માં તો જેને રાગ-દ્વેષ ને મોહનો અભાવ છે એમ કહ્યું. 'ધવલ'માં. કેવળી નહોતા, પણ બહુ અલ્પ રાગ હતો એ ન ગણીને તદ્દન રાગ-દ્વેષ મોહ રહિત હતા એવું 'ધવલ'માં કહ્યું છે. 'પુષ્પદંત' અને 'ભૂતબલી' નગ્ન મુનિ, દિગંબર મુનિ હતા. મુનિ હોય એ અંતર અને બાહ્ય દિગંબર-નગ્ન જ હોય.

એ પરંપરાએ જે આવેલા શાસ્ત્રો એમની રચનાનું આજ સમાપ્તપણું થઈને મહોત્સવ (કર્યો) એ દિવસ આજે ગણવામાં આવ્યો છે. શ્વેતાંબરમાં એ વાત છે નહિ. નથી? એને ન્યાં રહેવું પડે એમાં. આને 'નટુભાઈ'ને.

આ સનાતન માર્ગ વીતરાગની મુખ્યમાં મહાવીર ભગવાનની મુખ્ય વાણી જે નીકળી હતી, એ જ વાણીના બાર અંગના અનુસંધાનરૂપ 'ષટ્ખંડાગમ'માં છે. મતલબ એમાં વ્યવહારનયની પ્રધાનતાથી ઘણું કથન છે. એથી કરીને કાંઈ વસ્તુ તો વસ્તુ છે. એ આ શ્રુત પંચમીનો દિવસ ગણવામાં આવે છે. શ્વેતાંબરમાં જ્ઞાન પંચમી કહે છે, એ વળી કારતક સુદ પાંચમ. એ તો બીજી રીતે. એ તો ચોમાસામાં પેલું હોય, પુસ્તક સાફ કરવા માટે, આ તો વસ્તુ સ્થિતિ. શ્રુતની આરાધના થઈ, લખાણ પૂરું થયું એટલે એનો મહોત્સવ કર્યો એ દિવસ ગણવામાં આવે છે.

આપણે 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ચાલે છે. એ બધા સિદ્ધાંતમાં એમ કહ્યું છે, અહીં હવે એ આવે છે. **'નિશ્ચયથી રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવી એટલા માત્રથી અહિંસા થાય છે.'** ત્યાં સુધી આવ્યું હતું. આખા જૈન આગમ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માના મુખમાંથી, કેવળજ્ઞાન પછી જે વાણી નીકળી એમાંથી જે સનાતન આગમો રચાણા, એના સર્વ આગમનો સાર વીતરાગમાર્ગ છે ને? રાગાદિ ભાવની ઉત્પત્તિ, હોં! રાગાદિ ભાવની ઉત્પત્તિ ન થવી. એટલા માત્રથી અહિંસા થાય છે. પરની દયા પાળવી કે એનો કાંઈ સંબંધ એમાં હોતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**ભાવાર્થ :– 'પોતાના શુદ્ધોપયોગરૂપ પ્રાણોનો ઘાત રાગાદિ ભાવોથી થાય છે.'** ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવી જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે, એની પરિણતિ નામ વર્તમાન જે દશા, શુદ્ધ રાગ રહિત શુદ્ધોપયોગની પરિણતિ થવી તે અહિંસા છે. અને એના પ્રાણનો ઘાત થવો, રાગાદિ ભાવોથી થાય છે, તે હિંસા છે. કહો, સમજાણું આમાં? પર પ્રાણી માહણો-માહણો, એય..! 'દેવાનુપ્રિયા'! એ પરને માહણો-માહણો એ તો વ્યવહારની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? તારો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એને તું જીવતો રાખ. આહાહા! દૃષ્ટિમાં ને સ્થિરતામાં એવા શુદ્ધ સ્વભાવને અવલંબે જે દૃષ્ટિ અને સ્થિરતા શુદ્ધ પરિણતિરૂપ પ્રગટે, એ આખા જૈન શાસનના સારરૂપ અહિંસા પરમો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ?

નિશ્ચય મોક્ષમાર્ગ કહો, અહિંસા ધર્મ કહો. સમજાણું? પોતાના શુદ્ધોપયોગ પ્રાણનો, એમ ભાષા છે ને? પોતાના. જ્ઞાન આનંદની શુદ્ધ પરિણતિ, એવા પ્રાણરૂપ જે ભાવ–નિર્મળ દશા, રાગ-દ્વેષ આદિ ભાવથી તેની ઉત્પત્તિ ન થાય, તેને હિંસા કહેવામાં આવે છે. કહો, **'માટે રાગાદિ ભાવોનો અભાવ તે જ અહિંસા.'** ઓહો..હો..! શુભ ને અશુભરાગની ઉત્પત્તિ ન થવી અને શુદ્ધોપયોગ પરિણતિની ઉત્પત્તિ થવી તે જ અહિંસા છે. એનું નામ પરમાત્મા વીતરાગદેવમાં અહિંસા કહેવામાં આવે છે. એવા અહિંસાભાવે જીવ જીવે અને જીવો જગતને જીવાડવા અહિંસાનું કહે કે, આ રીતે જીવો, એ વીતરાગનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

**'આદિ શબ્દથી દ્વેષ, મોહ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક, જુગુપ્સા, પ્રમાદાદિ સમસ્ત વિભાવભાવ જાણવા.'** જેટલા વિભાવભાવ, વિકારભાવ (છે એ) બધાને હિંસા કહેવામાં આવે છે. એ ભાવને હિંસા કહે છે. આહાહા! પર પ્રાણી મરો કે ન મરો એની સાથે કાંઈ સંબંધ નથી, ઇ કહેશે. **'એના લક્ષણ કહીએ છીએ.'**

**'પોતાને કાંઈક ઇષ્ટ જાણી પ્રીતિરૂપ પરિણામ...'** પોતાને કાંઈ ઇષ્ટ જાણી. ઇષ્ટ, ઇષ્ટ, પ્રિય જાણી, **'પ્રીતિરૂપ પરિણામ તેને રાગ કહીએ,...'** એ હિંસા છે. આહાહા! લ્યો! ઇષ્ટ તો પાંચ પરમેષ્ઠી છે. કહો, એને ઇષ્ટ કરવા એ હિંસા હશે? એ હિંસા છે. લ્યો! ના પાડે છે પેલા 'સોગનચંદજી'. પંચ પરમેષ્ઠી પ્રત્યે પણ ઇષ્ટ પ્રેમ કરવો એ રાગ છે, તે પણ હિંસા છે. સમજાણું કાંઈ? રાગ છે ને? શું કહ્યું? **'પોતાને કાંઈક ઇષ્ટ જાણી પ્રીતિરૂપ પરિણામ તેને રાગ કહે છે.'** આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ એ પણ રાગ, તે પણ હિંસા છે. ઝીણું છે 'સોગનચંદજી'! એ ન્યાં પછી થોડુંક જઈને ચાર, છ મહિના ખોઈ આવે. ના પાડે કે નહિ. જુઓ! એમાં લખ્યું છે? શું લખ્યું છે?

**'પોતાને કાંઈક ઇષ્ટ જાણી પ્રીતિરૂપ પરિણામ...'** આહાહા! સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા રળવાનો પ્રીતિભાવ એ તો રાગ, એ તો હિંસા છે જ, એ તો હિંસા છે જ, પણ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો પ્રેમ, વિકલ્પ છે એ શુભરાગ પણ સ્વરૂપની જ હિંસા છે. આવો માર્ગ છે વીતરાગનો. આહાહા! લોકોને તો આમ સાંખ્યો જાય નહિ. આહાહા!

www.vitragvani.com



મુમુક્ષુ :– આજ તો શાસ્ત્રનો દિવસ છે.

ઉત્તર :– શાસ્ત્રનો દિવસ છે માટે શાસ્ત્રનું રહસ્ય હોય એ આવે ને આજ. પાઠ ઇ છે ને જુઓ! '**जिनागमस्य संक्षेपः**' જિનાગમનું સંક્ષેપ નામ રહસ્ય, સાર ટૂંકો આ છે. 'દીપચંદજી'! શું હા હા પાડો છો? દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ કરવો એ રાગ? પ્રશસ્ત રાગ કહે છે નહિ? 'પંચાસ્તિકાય'માં નથી આવતું? 'પંચાસ્તિકાય'માં પ્રશસ્ત રાગ આવે છે. રાગનો એ વિષય છે, રાગનો વિષય છે. હમણા પૂછતા હતા. ઇ એમ કે, રાગનું નિમિત્ત કહેવાય? મેં કીધું, આ સિદ્ધ ભગવાનને રાગ-દ્વેષ કહ્યા છે, લ્યો! નૈગમનયે 'જય ધવલ'માં. સિદ્ધ ભગવાન રાગી અને દ્વેષી કેમ? કે, એ નિમિત્ત છે માટે. આહાહા! ..દોષ પાહુડ, દોષ એટલે દ્વેષ. .. દ્વેષ-દોષ પાહુડમાં બધા દ્રવ્યોને રાગ-દ્વેષ કહ્યા છે. સિદ્ધને પણ રાગ-દ્વેષ કહ્યા છે. સિદ્ધને રાગ-દ્વેષ હોય છે એમ નહિ. પણ જેને સિદ્ધનો વિચાર કરતાં, એવા કહેવાય? એવો દ્વેષ થાય તેમાં નિમિત્ત થયા માટે એને રાગ-દ્વેષનું કારણ છે માટે રાગ-દ્વેષ કહ્યું. આહાહા! ગજબ વાત છે! વીતરાગ માર્ગ તે કોઈ. આહાહા! એ પરમાણુ પણ રાગ-દ્વેષ ને સિદ્ધ પણ રાગ-દ્વેષ, નૈગમનયનું કથન છે ને.

મુમુક્ષુ :– ધર્માસ્તિકાય પણ રાગ-દ્વેષ?

ઉત્તર :– બધા.

મુમુક્ષુ :– અસ્તિ-નાસ્તિ ...

ઉત્તર :– અસ્તિ-નાસ્તિ શું? છે. શું? તેના નિમિત્તથી રાગ-દ્વેષ થાય છે તો તેને રાગ-દ્વેષનું નિમિત્ત કહીને, રાગ-દ્વેષની યોગ્યતા જે કરે છે એવું નિમિત્ત થવાની તેમાં યોગ્યતા છે એમ કહેવું છે. એણે એ પ્રશ્ન કર્યો હતો. જ્ઞાનીને રાગ-દ્વેષનું નિમિત્ત એટલે યોગ્યતા કહેવી? યોગ્યતા કહેવી? એમ પૂછ્યું હતું. હમણા 'અમૃતલાલ' પહેલા ના પાડતા હતા. આવે છે ને 'પંચાસ્તિકાય'માં? કીધું, હા. એમ કે, પ્રશસ્ત રાગનું નિમિત્ત છે, આ અપ્રશસ્ત રાગનું પણ નિમિત્ત છે, લ્યો! એની યોગ્યતા, એનામાં યોગ્યતા એ પણ અહીં કરે એટલે એની યોગ્યતા એ પ્રમાણે આરોપમાં આવે એની યોગ્યતા કહેવામાં આવે છે. ઓહો..હો..! ગજબ વાત છે ને!

કહે છે કે, ભગવાનને યાદ કરીને જેને પ્રેમ થાય, ભગવાનને યાદ કરીને... એવા સિદ્ધ શું કામના? એક જણો કહેતો હતો. એક જણો કહેતો હતો કે, આ સિદ્ધ થાય એ કોઈનું ભલું કરે? ના, કીધું, કાંઈ ન કરે. એ મોટા સિદ્ધ કહેવાય કોઈનું કરે નહિ? કીધું, મોટા એનું નામ કે કોઈનું કાંઈ કરે નહિ અને પોતાને ભૂલે નહિ. આહાહા! પોતાના સ્વભાવમાં ભૂલ ન થાય, કોઈનું કાંઈ કરે નહિ. વીતરાગ માર્ગમાં એનું નામ મોટા કહેવાય. આ તો લોકો કો'કનું કરી દે કે આનું આમ કરી દે, જાજા કરી દે, કોઈ પૈસા વાપરે, પાઠશાળાઓ કરે, મંદિરો કરે, ફલાણું કરે, ધૂમધામ કરે, આમ મોટી જાત્રા દસ-દસ, વીસ-વીસ લાખ ખર્ચીને

www.vitragvani.com



કાઢે, તો એ વીતરાગ માર્ગ છે, એમ અહીં ના પાડે છે. 'મોહનભાઈ'! ઓહો..હો..!

સિદ્ધને રાગ-દ્વેષ છે એમ કીધું. કઈ અપેક્ષાએ? નૈગમનયે નિમિત્ત થાય છે ને. આહાહા! સિદ્ધ રાગ-દ્વેષનું નિમિત્ત. એલા પણ યોગ્યતા એને રાગ-દ્વેષની યોગ્યતા એનામાં? સાંભળને. અહીં થયું માટે ત્યાં એને આરોપ કીધો. નૈગમનયે આરોપ કરીને ઇ વાત છે. કહો, 'પ્રવિણભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! આહાહા!

કહે છે, **'પોતાને કાંઈક ઇષ્ટ જાણી પ્રીતિરૂપ પરિણામ તેને રાગ કહીએ,...'** તે રાગને હિંસા કહીએ. આહાહા! વીતરાગનો માર્ગ લોકોએ સાંભળ્યો નથી. 'મોહનભાઈ'! **'પોતાને અનિષ્ટ જાણી અપ્રીતિરૂપ પરિણામ તેને દ્વેષ કહીએ.'** એ સિદ્ધ ભગવાન અનિષ્ટ લાગે. એવા સિદ્ધ? કોઈનું કરે નહિ? કીધું એવા સિદ્ધ છે. અમારે એવા સિદ્ધ જોતા નથી. પણ ક્યાં છેય કીધું મફતનો શેનો... 'ટી.જી. શાહ' હતા ને? એ તો ગુજરી ગયા. 'વઢવાણ'વાળા. 'મુંબઈ'. ઇ ન્યાં 'હીરાભાઈ'ના મકાનમાં આવ્યા હતા એક ફેરી. સિદ્ધ કાંઈ ન કરે, કીધું. તો મોટા શેના? તમે કરી દ્યો છો કો'કનું? રાગ કરો છો, કરે કો'કનું? અમે કરી દઈએ એવું અભિમાન બહુ. સમાજનું કરીએ, નાતનું કરીએ, કુટુંબનું કરીએ, ગામનું કરીએ, દેશનું કરીએ. સુધારવાની શરૂઆત ઘરથી કરવી. કરી દેતો હશે ઘરના બાયડી, છોકરાનો સુધારો. એ... 'નટુભાઈ'! વકીલ હશે એ કરતા હશે કે નહિ હોશિયારી થઈને? રાગ-દ્વેષ વધારે. આહાહા! કહો, એય..! 'ચીમનભાઈ'! તમે તો હોશિયાર કહેવાઓ. બધું કરી દેતા હશે ત્યારે હોશિયારી તમને આપતા હશે કે નહિ માણસ? 'સોનગઢ'નું, 'મુંબઈ'નું. અરેરે! આવો માર્ગ ભારે, ભાઈ!

કો'ક પ્રત્યે **'અનિષ્ટ જાણી..'** પોતાને ઠીક ન લાગ્યું ત્યાં. **'અપ્રીતિરૂપ પરિણામ...'** સિદ્ધ પણ ઠીક ન લાગ્યા, લ્યો! અરિહંત પણ ઠીક ન લાગ્યા, અરિહંતની વાણી ઠીક ન લાગે તો એને દ્વેષ થાય છે. આહા..! આ જુઓને! વાણીથી કાંઈ લાભ ન થાય, ત્યારે તમે મોટા શેના? તમારાથી કાંઈ લાભ થાય અમને? કે, ના. એ અપ્રીતિ (થઈ જાય). 'પોપટભાઈ'! આવું સ્વરૂપ છે, ભાઈ! દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા! જ્ઞાન સરોવર વિકલ્પથી મેલું થાય એને હિંસા કહે છે. આહાહા! આવ્યું હતું ને ક્યાંક નહિ આમાં?

**'પરદ્રવ્યમાં મમત્વરૂપ પરિણામ તેને મોહ કહીએ,...'** લ્યો! મમત્વ એટલે આ મારા. આ મારા... આ મારા... આ મારા... એને મોહ કહીએ. એ હિંસા છે. આત્માને પરદ્રવ્ય મારું કોઈ દિ' હોઈ શકે નહિ. સિદ્ધ ભગવાન પણ આત્માના નથી, પંચ પરમેષ્ઠી પણ આત્માના નથી. આહાહા! અર્ધાંગના, બાયડી તો હશે કે નહિ એની? અર્ધાંગના કહે છે ને? અર્ધાંગના. મરતા હશે ત્યારે અડધું અડધું મરતું હશે? ભારે વાત, ભાઈ! મોહ તે પણ મોહ. ગાંડા ગાંડા બનાવી દે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'શ્રીમદ્દે' કહ્યું છે ને, જેના વિના સમય માત્ર નહિ ચાલે, એના વિના અનંતકાળ ગાળ્યો. છે ને? અરે..! તારા વિના મારે નહિ થાય, અરે..! ત્રીસ-ત્રીસ, પાંત્રીસ, ચાલીસ વર્ષની ઉંમર, અને આ ચાલી. છોકરા છ, કોઈ નવી આપશે નહિ. પૈસા મારી પાસે નથી, નોકરી દોઢસો, બસ્સોની માંડ. આ મોંઘવારી, હાય..હાય..! તારા વિના મારે નહિ ચાલે, હોં! પોક મુકે. એના વિના અનંતકાળ હલવ્યું. બરાબર હશે 'મલૂપચંદભાઈ'? જેના વિના સમયમાત્ર નહિ ચાલે...

અરે..! આજ જ વિચાર આવ્યો. ત્યાં થોરનો એક મોટો કટકો પડ્યો. થોર–થોર આવડો મોટો જુદો. મોઢા આગળ સુકાય ગયો ને સુકાતા, સુકાતા કીધું આહાહા! જીવના થરના થર પડ્યા છે. ઉપરના રજકણોનું દળ તો મહા છે. એમાં મા, બાપ, ભાઈઓ બધા પૂર્વ ભવના પડ્યા હશે, લ્યો! અહીં સુકાય છે. કોઈ સામું જોવા આવે છે? કહો, 'મોહનભાઈ'! થોર–થોર. આ ડાંડલું તુટેલું આવડું મોટું અમથું પડ્યું હતું. આ બાજુ તો સુકાવા માંડ્યું હતું. સુકાતા-સુકાતા આમ હજી બધું લીલું છે. જીવના થરના થર જામેલા છે. એના ઉપરના દેખાય શરીરના રજકણોના થરના થર જામી ગયા છે. એમ ભગવાનઆત્મા પણ થરનો થર જામી ગયેલા ગુણનો પિંડ છે આખો. આહાહા! અરે..! આ કોણ સ્વીકારે? કીધું. ખેતરમાં પડ્યું હતું, જ્યાં દિશાએ જઈએ ત્યાં. આ કોણ સ્વીકારે? આટલું બધું જ્ઞાન પર્યાય કબુલે છે તો આટલા બધા આ, આટલા બધા એવા એવા જ્ઞાનના પર્યાયનો સમૂહ ને એવા એવા ગુણનો સમૂહ પિંડ આખો ચૈતન્ય છે. એને કબુલે કોણ ને આને કોણ કબુલે? આહાહા!

કહો, પૂર્વના અનંત અનંત ભવમાંથી કેટલા મા, બાપ, દીકરા, દીકરીઓ (એમાં પડ્યા હશે). અરે..! બેટા તારા વિના નહિ રહી શકું, હોં! અફીણ વિના હું નહિ રહી શકું. લ્યો! આવે છે ને? વ્યસન થાય છે કે નહિ? અફીણ વિના નહી રહી શકું. એકની દીકરી નવ વર્ષની મરી ગઈ. એકની એક દીકરી. હવે? આહાહા! અરે..રે..! આ દીકરી વિના ચાલશે? અફીણ વિના નહિ ચાલે. અફીણનું બંધાણ હતું બહુ. અફીણની ડબ્બી ફેંકી દીધી. આ એકની એક દીકરી રાગનું આખું અપર્ણતા ત્યાં. બાયડી, છોકરા કોઈ ન મળે. એક જ છોકરી. જેટલો રાગ કરવાનો હતો એ એક જ હતું. એમાં મરી ગઈ. મરીને આ બધા આવ્યા. ત્યારે હવે અફીણનું બંધાણ. કીધું ભાઈ! અફીણ લ્યો, અફીણ લ્યો. અરે..! જેના વિના હવે ચાલશે, એવા અફીણ વિના હવે નહિ ચાલે? એના વિના ચાલશે, સમજો છો ને ? એના વગર ચાલે નહિ. આટલા મહિના થયા હજી ભાષા નથી સમજતા? એના વિના ચાલશે નહિ એમ કહે. આહાહા!

અરે..! જેના વિના એક સમય નહિ ચાલે, એના વિના પ્રભુ! તેં અનંતકાળ ગાળ્યો. કોને તું મારા કહીશ ને કોને તું દ્વેષ કરીશ? સમજાણું? એક માથામાં સરખું ન ચાલે ને (તો બોલે), અરે..! ઊંઘ આવતી નથી. એ માથા વિના ચાલ્યું. ચાલ્યું કે નહિ? માથું ગયું.

પડી ગયું, જીવ નીકળી ગયો. નીંદર આવતી નથી. બરાબર ચાલતું નથી, સખ નથી. માથામાં ગરમી ચડી ગઈ છે ને બહુ. જંપ વળતો નથી, જંપ. માટે માથુ સરખું (કર્યા) વિના મારે ચાલશે નહિ. ગયું. માથા વિના ચલાવ્યું. એ માથા વિના તેં બીજો ભવ કર્યો એમ આના વિના ચલાવ્યું. આહાહા! મોહ–આ મારા. નથી અને મારા માનવા એ ભાવ જ હિંસા છે. આ આવી વ્યાખ્યા વીતરાગ માર્ગ સિવાય બીજે હોઈ શકે નહિ. આહાહા!

**'મૈથુનરૂપ પરિણામને કામ કહીએ,...'** વિષયની વાસના, એવા ભાવને કામ કહીએ. તે હિંસા છે. **'આણે અયોગ્ય કર્યું એમ જાણી પરને દુઃખદાયક પરિણામ તેને ક્રોધ કહીએ,...'** આણે અયોગ્ય કર્યું, ઠીક ન કર્યું એમ અણગમો (કરે). પરને દુઃખદાયક પરિણામ. દુઃખદાયક તેને થાય ન થાય નિમિત્ત છે. પણ ક્રોધ કર્યો. દુઃખદાયકના પરિણામ તેને ક્રોધ કહીએ. શબ્દ તો એમ છે, **'પરને દુઃખદાયક પરિણામ તેને ક્રોધ કહીએ,...'** એટલે જાણે પરને દુઃખ દે. મોઢુ બતાવીશ નહિ, જીવીશ ત્યાં સુધી મોઢુ બતાવીશ નહિ. એની પાસે ગયા. આહાહા!

કૃષ્ણે પાંડવોને કહેલું તું આખી જિંદગી મોઢુ બતાવીશ નહિ, ચાલ્યો જા, ચાલ્યા જાવ મારા દેશ બહાર. આહા..! નગરી સળગી, મા-બાપ મર્યા, કોઈ ન મળે. કૌસંબી વનમાં બળદેવ અને કૃષ્ણ એકલા ચાલ્યા. આહાહા! ભાઈ! ક્યાં જાશું? ભાઈ! આ પાણી નાખ્યા ને તેલ થયા. દ્વારકા સળગી એમાં પાણી નાખ્યા ને તેલ થયા. ભાઈ! આ બળ ક્યાં ગયા આપણા? દેવો જંગલમાં સહાય કરવા આવતા એ ક્યાં ગયા? રાજાને કહેતા કે, ભાઈ! કાંઈક લાવજો અમારે માટે. પાણીને ઠેકાણે મોસંબી લાવે, દાડમ લાવે. આ ક્યાં ગયા બધા? ભાઈ! હવે ક્યાં જાશું? કૃષ્ણ પૂછે બળદેવને, ભાઈ! હવે ક્યાં જાશું? ભાઈ! પાંડવ પાસે જાશું, પાંડવો સજ્જન છે, આપણે નકાર કર્યો પણ એ નકાર નહિ કરે, હોં! આપણને રાખશે. આહાહા! ત્રણ ખંડના ધણી બળદેવ, વાસુદેવ! કરોડો માણસ જેની જીવ્હાએ આમ હા કરે તો હાકલ ન ઉઠે. આહાહા! ભાઈ! આપણે ક્યાં જાશું. અરે..! ભાઈ! આહાહા!

મુમુક્ષુ :– એટલું બધું પુણ્ય ખુટી ગયું?

ઉત્તર :– પુણ્ય ખુટ્યું, પુણ્ય ફળ ગયા. કોણ મારા અને કોણ તારા? ભાઈ! આ રજકણે રજકણ ક્યાંકથી આવ્યો ને ક્યાંક જાશે? અરે..! આ શરીર સરખું રહેતું નથી, આ સરખું (રહેતું નથી), આટલી આટલી દવાઓ કરી, આ સરખું જ રહેતું નથી. એમ કરીને દ્વેષ કરે, લ્યો! એ.. 'મોહનભાઈ'! કેટલું જાળવી રાખીએ સરખું, સરખું. ઊનું જોવે તો ઊનું, ટાઢું જોવે તો ટાઢું. સમજ્યા ને? કડવું જોવે તો કડવું, મોળું જોવે તો મોળું, પાણી જોવે તો પાણી, મોસંબી જોવે તો મોસંબી. આહાહા! કડક રોટલા ન ખવાય તો શેરો, પણ સરખું રહેતું નથી. આહાહા! કહે છે કે, એવા ક્રોધ પરિણામ તે હિંસા છે. અણગમો થયો ને અણગમો? શેના અણગમા? ભાઈ! આહા..!

**'બીજા કરતાં પોતાને મોટો માનવો તેને માન કહીએ,...'** પોતાને અધિક કલ્પવો, હું

અધિક છું, આનાથી હું મોટો છું, માન. સમજાય છે? ધર્મીજીવ કરતા મોટો થવા માગે, ધર્મ હોય નહિ, એ તો મિથ્યાત્વનું માન. મોટી હિંસા. આહાહા! સમજાણું કાંઈ? **'પોતાને મોટો માનવો તેને માન કહીએ, મન વચન કાયામાં એકતાનો અભાવ તેને માયા કહીએ,...'** મનથી કાંઈ, વાણીથી કાંઈ, કાયાથી કાંઈ, એમ કહે છે. મનમાં કાંઈક હોય, બોલે કાંઈક, કાયામાં (બીજું કાંઈક હોય), એ બધી માયા, કુટીલતા (છે). આહાહા! સમજાણું કાંઈ? મન વચન ને કાયામાં એકતાનો અભાવ. એકતા એટલે આમ. મનમાં કાંઈક વિકલ્પ હોય, વાણીથી કાંઈક કહે, દેહથી કાંઈક બનાવે. એવા ભાવ માયા, કપટ, હિંસા (છે).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વિભાવ પરિણામ તે હિંસા. આ તો વિભાવની વ્યાખ્યા કરે છે. ટૂંકામાં વિભાવ પરિણામ તે હિંસા. મિથ્યાત્વથી માંડીને ગમે એવો વિકલ્પ મંદ, તીવ્ર (હોય એ) બધી હિંસા (છે). ઓહો..હો..! **'પરદ્રવ્ય સાથે સંબંધ કરવાની ઇચ્છારૂપ પરિણામને લોભ કહીએ,...'** લ્યો! મેળવવાની, સંબંધ કરવાની, રાખવાની ઇચ્છારૂપ પરિણામને લોભ કહીએ. એ હિંસા.

મુમુક્ષુ :– પૈસા સાચવી રાખવાનો ભાવ?

ઉત્તર :– પૈસા સાચવી રાખવાનો ભાવ, આ રળવાનો ભાવ હિંસા, આ રાખી મૂકવાનો ભાવ હિંસા. આ વાપરવાનો ભાવ વિકલ્પ એ પણ હિંસા.

મુમુક્ષુ :– વાપરવામાં તો છોડવાનું છે.

ઉત્તર :– એ થયું ને? એને વાપરીશ તો આમ થાશે, મને પુણ્ય થાશે એમ સંબંધ પ્રેમ કરે છે ને? મને કાંઈક લાભ થાશે. સંબંધ છોડતો નથી, સંબંધ રાખે છે.

**'ભલી અથવા બૂરી ચેષ્ટા જોઈને વિકસિતરૂપ પરિણામ તે હાસ્ય કહીએ,...'** કોઈ અનુકૂળ કહે, ખરાબ એવી ચેષ્ટા મનુષ્યોની કે તિર્યંચોની, સ્ત્રી-પુરુષોની, વિકસિત ચેષ્ટા જોઈને હાસ્ય થવું, વિસ્મયતા લાગવી એ પણ રાગ. .. એ દ્વેષ, હાસ્ય એ હિંસા. સમજાણું? **'પોતાને દુઃખદાયક જાણી ડરરૂપ પરિણામ તેને ભય કહીએ,...'** પોતાને દુઃખદાતા જાણી, અરે..! આ સર્પ, અરે..! આ વીંછી. એમ ડર (લાગે) એને ભય કહીએ. ભય તે હિંસા (છે).

મુમુક્ષુ :– ક્યા જીવને માર્યો?

ઉત્તર :– પોતાનું કીધું ને એની તો વ્યાખ્યા કરે છે. શુદ્ધોપયોગ પ્રાણનો ઘાત, પોતાનું મથાળુ બાંધીને તો વાત કરી છે. પોતાના શુદ્ધોપયોગ પરિણતિરૂપી પ્રાણ, એવું જે જીવનું જીવન, એને હણવું એનું નામ હિંસા.

**'પોતાને ઇષ્ટનો અભાવ થતાં આર્તરૂપી પરિણામ તેને શોક કહીએ,...'** વહાલાનો વિયોગ, ઇષ્ટનો અભાવ એટલે વહાલાનો વિયોગ થાય. શરીર વહાલું હોય છે, શરીરનું એક અંગ તૂટી જાય, એક આમ થાય. સ્ત્રી, પુરુષ, દીકરી, દીકરા, મકાન, વહાલા ભેંસુ, ઘોડા-ઘોડી, પાડા, પાડીઓ જે કોઈ પણ એને વહાલું લાગે ને વહાલું? પોતાને ઇષ્ટરૂપનો અભાવ, **'પોતાને**

**ઇષ્ટનો અભાવ થતાં આર્તરૂપી પરિણામ...'** અંદર આમ મને આ ચેન પડતું નથી, એમ કહે, ચેન પડતું નથી. શોક કહીએ. એ હિંસા.

**'ગ્લાનિરૂપ પરિણામને જુગુપ્સા કહીએ,...'** ગ્લાનિ થવી અંદરથી. પ્રતિકૂળ દેખી સડા, દુર્ગંધ, શરીર સડે, ગધેડા સડે, મીંદડા સડે, ઉંદરડા મરી ગયા હોય. મીંદડી, ઉંદરડા ઘરમાં ખાળમાં, કપાટમાં ગંધ મારે એમાં જુગુપ્સા (થાય) એ પણ હિંસા. **'કલ્યાણકારી કાર્યમાં અનાદરને પ્રમાદ કહીએ.'** છેલ્લો શબ્દ. કલ્યાણકારી કાર્યમાં અનાદર એને પ્રમાદ કહીએ. એ હિંસા. **'ઇત્યાદિ સમસ્ત વિભાવભાવ હિંસાના પર્યાય છે.'** લ્યો! ઇત્યાદિ સમસ્ત વિભાવભાવ હિંસાની દશાઓ છે.

**'તે ન થાય એ જ અહિંસા.'** આત્મામાં એ શુભ-અશુભ વિકલ્પો ન થાય અને શુદ્ધતા અંતર પરિણમે, અંતર વસ્તુને અવલંબે શુદ્ધતા, નિર્મળતા, અરાગી પરિણતિ થાય, તેને અહિંસા કહેવાય છે. એ અહિંસા પરમો ધર્મ છે. પરમ ધર્મ કહેવો ને એ પરજીવને ન મારે એવી અહિંસા પરમ ધર્મ થઈ ગયો? ન મારે એ મારી નથી શકતો ને એ ક્યાં છે? મારી શકે એવું ક્યાં છે ને ન મારી શકે એવું ક્યાં છે? એ તો એને કારણે બચે ને એને કારણે જાય.

**''तेषामेव उत्पत्तिः हिंसा' - તે રાગાદિ ભાવોનું ઊપજવું તે જ હિંસા.'** રાગ આદિ શબ્દ છે ને? માથે બધો ખુલાસો કરી નાખ્યો. તે રાગ આદિ ઠેઠ સુધી લીધું. પ્રમાદરૂપ. ઉપજવું તે હિંસા. **''इति जिनागमस्य संक्षेपः' - એવું જૈન સિદ્ધાન્તનું રહસ્ય છે.'** વીતરાગના શાસ્ત્રનું વીતરાગ માર્ગનું આ મર્મ ને રહસ્ય છે. કહો, સમજાણું આમાં?

**ભાવાર્થ :– 'જૈન સિદ્ધાન્તનો વિસ્તાર તો ઘણો ઘણો છે, પણ સર્વનું રહસ્ય સંક્ષેપમાં આટલું જ છે કે ધર્મનું લક્ષણ અહિંસા.'** પેલામાં કહ્યું ને કે, સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા. 'પંચાસ્તિકાય.' એ વીતરાગતા કહો કે, અહિંસા કહો. બીજી ભાષાએ વાત છે. સમજાણું કાંઈ? સર્વ શાસ્ત્રોનો સાર વીતરાગતા (છે). રાગાદિની ઉપેક્ષા, સ્વભાવની અપેક્ષા કરીને વીતરાગતા પ્રગટ કરવી, એ જ બધા સારા ચાર અનુયોગનો સાર. એને વીતરાગતાને અહીંયા અહિંસા કીધી. કહો, સમજાણું?

**'જૈન સિદ્ધાન્તનો વિસ્તાર તો ઘણો ઘણો...'** મામસ અહિંસા લઈ જાય ક્યાં? એકેન્દ્રિય, માહણો... માહણો.. માહણો... જીવને એ જિનવાણી સાર શું કાંઈક કહેતા હશે? ભાઈ! ભૂલી ગયા. ઉત્તમ પ્રાણી આદરે એને છે નિર્વાણ.

**માહણો માહણો જીવને એ જિનવાણી જાણ,**
**ઉત્તમ પ્રાણી આદરે એને છે નિર્વાણ.**

કહો, અહીં કહે છે, માહણો માહણો–તારા શુદ્ધોપયોગને ન હણ એનું નામ અહિંસા છે.

મુમુક્ષુ :– શુદ્ધોપયોગ શબ્દ આવે છે ક્યાંય?

www.vitragvani.com



ઉત્તર :– ના, ના ત્યાં એમ આવતું નથી. ત્યાં ક્યાં આવે છે? ત્યાં સ્થાનકવાસીમાં મૂળ પાઠમાં ભાવકર્મ એમ આવતું. એ તો પછી આ 'દેવચંદજી'એ નાખ્યું છે. ભાવકર્મ એવું કાંઈ આવતું નથી. કર્મ. બસ!. અમારે 'મૂળચંદજી' હતા ને મોટા બેરીસ્ટર કહેતા.

મુમુક્ષુ :– ભાવકર્મ તો આવે છે પણ શુદ્ધોપયોગ ક્યાંય આવે છે ?

ઉત્તર :– ના ના. શુદ્ધોપયોગ નથી આવતું. શુદ્ધ શબ્દ (છે), ઉપયોગ (નહિ). એક ફેરી 'મગન મોદી'એ આવીને પૂછ્યું હતું. કે, ભાવકર્મ, દ્રવ્યકર્મ? કે, આપણામાં ભાવકર્મ, દ્રવ્યકર્મ હોય નહિ. ભાવકર્મ, દ્રવ્યકર્મ શું? જૈનના બેરીસ્ટર હતા.

મુમુક્ષુ :– જેટલા કાયદા જણાવે એટલામાં ના આવ્યું.

ઉત્તર :– આપણે દ્રવ્યકર્મ, ભાવકર્મ ન હોય. ભાવકર્મ એ વેદાંતમાં હશે, જાવ. વિભાવ વેદાંતમાં, અનુભવ વેદાંતમાં, અહીં નહિ, આપણે નહિ, ભાઈ! એમ કહેતા.

મુમુક્ષુ :– આપણે તો દયા પાળવી.

ઉત્તર :– આપણે તો ગૌતમ સ્વામીએ કીધી છે એવી આપણને શ્રદ્ધા છે. ગૌતમ સ્વામીને શ્રદ્ધા હતી એવી આપણને છે. હવે આ વ્રત ને ચારિત્ર પાળો, બસ! એ આપણું કર્તવ્ય છે. બસ, એક જ વાત બધાને કહેતા. ઓહો..હો..!

મુમુક્ષુ :– શ્રદ્ધા પહેલા ચારિત્ર હોય?

ઉત્તર :– શ્રદ્ધા પછી ચારિત્ર એમ કહે. શ્રદ્ધા તો આપણને બધાને ગૌતમ જેવી છે. ફેરફાર કાંઈ માનશો નહિ, ફેરફાર કરશો નહિ, અત્યારે ઉપદેશમાં બધો ફેરફાર ચાલે છે.

**'પણ સર્વનું રહસ્ય સંક્ષેપમાં આટલું જ છે કે ધર્મનું લક્ષણ અહિંસા. રાગાદિ ભાવોનો અભાવ થવો તે અહિંસા. તેથી જેમ બને તેમ, જેટલો બને તેટલો...'** જેમ બને તેમ, જેટલો બને તેટલો, **'રાગાદિ ભાવોનો નાશ કરવો.'** મિથ્યાત્વ અને રાગાદિનો અભાવ કરવો. કહો, મિથ્યાત્વ એ મહા હિંસા છે. વિપરીત માન્યતા એ મહા હિંસા છે, સમ્યગ્દર્શન એ અહિંસા છે. સમજાણું કાંઈ? એ હિંસા, અહિંસાની ખબર ન મળે. બહારના પ્રાણીને મારે ન મારે એ.. આખો દિ'...

**'તે જ અન્ય ગ્રન્થોમાં કહ્યું છે -'** **'रागादिणामणुप्पा'** એટલે રાગાદિનો અણઉત્પાદ. **'अहिंसा गत्तति'** અહિંસા હોય છે, એમ. **'देसि'** પેલો દ છે ને આ બાજુ જોઈએ, **'देसि दंसमए'** દેખાડ્યો છે સિદ્ધાંતમાં. સમય એટલે સિદ્ધાંત. સમય સિદ્ધાંતને વિશે રાગાદિ નામ અનઉત્પન્ન એને અહિંસા કહેવામાં આવી છે. **'ते सिंच'** **'सिंच'** આની કોર લેવો. **'ते सिंचे दुप्पत्ती'** રાગાદિની ઉત્પત્તિ, **'हिंसेति जिणहि णिदिट्ठं।'** વીતરાગ ભગવાને એમ કહ્યું છે. છપાવનાર પણ એમ ને એમ છપાવી નાખે કે નવરાશ ન મળે. ક્યા શબ્દ કઈ રીતે છે (એ જોવે નહિ). **'देसि दंसमए'** એમ કરી નાખ્યું. **'दंसमए'** શું હશે આ? **'देसि दं'** દેખાડ્યું છે, અહિંસા સ્વરૂપ, અહિંસાનું મૂળ સ્વરૂપ, સમયે નામ સિદ્ધાંતને વિશે કે રાગ આદિની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અણઉત્પત્તિ. **'ते सिंचे दुप्पत्ती'** રાગ, ભય આદિ. તેની ઉત્પત્તિ. **'हिंसेति जिणहि णिदिट्ठं'** ભગવાને એને હિંસા કીધી છે. આહાહા! પેલા રાડ નાખે. પરજીવની દયાનો ભાવ તો જીવનો સ્વભાવ છે, દયાનો ભાવ તો જીવનો સ્વભાવ છે. એને કોઈ દયાના ભાવને રાગ કહે, હિંસા કહે એ મહા શાસ્ત્રથી વિરુદ્ધ છે એમ કહે છે, લ્યો! અહીં તો કહે છે કે, પર જીવ ઉપર લક્ષ જઈને આ ન મરે ને એવી વૃત્તિ ઉઠે એ રાગ છે ને રાગ છે તે હિંસા છે. આહાહા! 'કૈલાસચંદજી'ની વચ્ચે એની ચર્ચા મોટી ચાલી. ભાઈ! વીતરાગનો માર્ગ, દુનિયા સાથે મેળવવા જેવો નથી. દુનિયા સાથે મેળવીને ને મેળવવા જેવો નથી. એવી વાત છે. પરદ્રવ્યનું કરી શકતો નથી પણ પછી પરદ્રવ્યની દયા પાળવી એ વાત રહે છે ક્યાં? સમજાય છે? પરને મારી શકતો નથી પછી પરને મારે છે તે હિંસા, એમ છે ક્યાં? એનામાં રાગ ને દ્વેષ થાય તે હિંસા.

**'પ્રશ્ન :– હિંસાનું લક્ષણ પરજીવના પ્રાણોને પીડવા એમ કેમ ન કહ્યું?'** હિંસાનું લક્ષણ, પરજીવના પ્રાણને પીડવા એમ ન કહેવું. પોતાના શુદ્ધ પ્રાણને ઘાત કરવો એમ કહ્યું. પરજીવના પ્રાણને પીડવા એનું નામ હિંસા એમ કેમ ન કહ્યું? કે, અતિવ્યાપ્તિ દોષ આવે છે, એમાં અવ્યાપ્તિ દોષ આવે છે. કેમકે પરપ્રાણી પીડાય છે છતાં અંદર અહીં રાગ-દ્વેષ હોતા નથી તો એને હિંસા થતી નથી. માટે પર પ્રાણીની સાથે અતિવ્યાપ્તિ સંબંધ છે.

**'ઉત્તર :– આ લક્ષણમાં અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ બન્ને દોષ લાગે છે.'** જુઓ! કેવું સરસ વર્ણવ્યું છે! જેમ જ્ઞાન તે આત્માનું લક્ષણ. પણ કેવળજ્ઞાન (લક્ષણ) કહે તો અવ્યાપ્તિ થઈ જાય છે. (કેમ કે) બધામાં આવતું નથી. અને આત્માનું લક્ષણ અરૂપી કહે (તો) અતિવ્યાપ્તિ થઈ જાય. અરૂપીપણું બીજામાં પણ વ્યાપે છે. શું કીધું આ? આ તો જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં પહેલું શિખવામાં આવે છે. એય..! 'ધીરૂભાઈ'! આત્માને જ્ઞાન લક્ષણ કહેવું એ બરાબર છે પણ આત્માને કેવળજ્ઞાન લક્ષણ કહેવું એ? 'હરિભાઈ'ને કહેવા દ્યો. બોલો, શું તમે શીખો છો ત્યારે અત્યાર સુધી? કેમ બરાબર નથી?

મુમુક્ષુ :– કેમકે અત્યારે તો નથી હોતું.

ઉત્તર :– અત્યારે નથી હોતું પણ બીજામાં હોય છે ને?

મુમુક્ષુ :– બધાને નથી હોતું એ હિસાબે અવ્યાપ્તિ...

ઉત્તર :– બધાને એ જ્ઞાન લાગુ પડતું નથી માટે અવ્યાપ્તિ, અવ્યાપ્તિ. બધામાં એ વ્યાપ્યું નહિ, બધાને લાગુ પડ્યું નહિ માટે અવ્યાપ્તિ. આપણે અતિવ્યાપ્તિ છે. પણ એને અરૂપી કહેવું, જીવનું લક્ષણ અરૂપી (કહેતાં તે) અતિવ્યાપ્તિ છે. કારણ કે, એના સિવાય બીજામાં પણ હોય છે.

એમ અહીંયા પરજીવને મારવા એ દોષ એમ નથી, અતિવ્યાપ્તિ દોષ લાગે છે. કેમકે જ્યાં રાગાદિ ભાવ નથી, પ્રમાદ ભાવ નથી ને પરજીવ મરે છે છતાં દોષ લાગતો નથી.

માટે અતિવ્યાપ્તિ થઈ જાય. જો પરજીવના પ્રાણને પીડે ને હિંસા કહીએ તો અતિવ્યાપ્તિ આવી જાય છે. પોતાના પ્રાણને હણે તે હિંસા એ બરાબર છે. સમજાણું કાંઈ? શું કહ્યું? પોતે પોતાના શુદ્ધ સ્વભાવમાં રાગ-દ્વેષને ઉત્પન્ન કરે તે હિંસા એ બરાબર અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અસંભવ લક્ષણ વિનાનું હિંસાનું યથાર્થ લક્ષણ છે. જો પરજીવને પ્રાણ પીડા કરવી એવું જો કહેવા જાવ, તો અતિવ્યાપ્તિ થઈ જાય છે, એ કહે છે જુઓ!

## ગાથા–૪૫

ત્યાં પ્રથમ જ અતિવ્યાપ્તિ દોષ બતાવે છે :–

**युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि।**
**न हि भवति जातु हिंसा प्राणव्यपरोपणादेव।।४५।।**

અન્વયાર્થ :– [ अपि ] અને [ युक्ताचरणस्य ] યોગ્ય આચરણવાળા [ सतः ] સંત પુરુષના [ रागाद्यावेशमन्तरेण ] રાગાદિ ભાવો વિના [ प्राणव्यपरोपणात् ] કેવળ પ્રાણ પીડનથી [ हिंसा ] હિંસા [ जातु एव ] કદી પણ [ न हि ] નથી [ भवति ] થતી.

ટીકા :– 'अपि युक्ताचरणस्य सतः रागाद्यावेशमन्तरेण प्राणव्यपरोपणात् जातु हिंसा न हि भवति' - નિશ્ચયથી યોગ્ય પ્રયત્નપૂર્વક છે આચરણ જેમનું એવા જે સંત પુરુષ તેને રાગાદિ ભાવોના પ્રવેશ વિના, કેવળ પરજીવના પ્રાણ પીડવાથી જ કદી હિંસા થતી નથી.

ભાવાર્થ :– મહાપુરુષ ધ્યાનમાં લીન છે અથવા ગમનાદિમાં સાવધાનતાથી યત્નપૂર્વક પ્રવર્તે છે અને કદાચ એના શરીરના સંબંધથી કોઈ જીવના પ્રાણ પીડાયા તો પણ એને હિંસાનો દોષ નથી. કેમકે એના પરિણામમાં કષાય હતો નહિ. તેથી પરજીવના પ્રાણને પીડા થાય તોપણ હિંસા નામ પામે નહિ. માટે અતિવ્યાપ્તિ દોષ લાગે છે.

---

**युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि।**
**न हि भवति जातु हिंसा प्राणव्यपरोपणादेव।।४५।।**

કહો, જ્ઞાનમાં અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ ને અસંભવ લગાડ્યું એમ આ હિંસામાં લગાડ્યું. **'અને...'** **'अपि'** એટલે **'અને'** **'યોગ્ય આચરણવાળા...'** મુનિ છે એ આત્માના ભાન સહિત ત્રણ કષાયના અભાવનું અંતર આચરણ છે અને આમ એને યોગ્ય એવા વિકલ્પનો વ્યવહાર આચરણ છે. **'એ સંત પુરુષના રાગાદિ ભાવો વિના...'** મુનિને પરને મારવાનો રાગ હોતો

નથી. છતાં **'કેવળ પ્રાણ પીડનથી હિંસા કદી પણ નથી થતી.'** પણ એમના શરીરને આમ ચાલતા હોય અને લીમડાના ફૂલ શરીર ઉપર આવ્યા, પડ્યા. બરાબર ધ્યાન છે, હેઠે ફૂલ નથી. સમજાય છે? બરાબર યત્નથી જાય, એમાં પવન આવ્યો ને ઉપરથી પડ્યા અહીં જરી. મરી ગયા, લ્યો! પણ એને મારવાનો ભાવ નથી માટે તેને હિંસા લાગતી નથી. પરના પ્રાણની પીડા થાય તો હિંસા તો આમાં અતિવ્યાપ્તિ થઈ જાય છે એમ મેળ ખાતો નથી. આહાહા! સમજાણું આમાં?

**'રાગાદિ ભાવો વિના કેવળ પ્રાણ પીડનથી...'** બીજાના પ્રાણ હણાણા માટે હિંસા કદી પણ નથી થતી, એમ કહે છે. પોતાના પ્રાણ હણાય તો હિંસા એ લક્ષણ વ્યાજબી છે. પોતાના પ્રાણ ન હણાય, શુદ્ધ ઉત્પત્તિ તે અહિંસા એ લક્ષણ વ્યાજબી છે. પણ બીજાના પ્રાણ ન હણાય તે અહિંસા એ અતિવ્યાપ્તિ થઈ જાય છે. સમજાય છે? એ મેળ ખાતો નથી. વાહ! ક્યાં નાખ્યું. જુઓ! હિંસામાં નાખ્યું અવ્યાપ્તિ ને અતિવ્યાપ્તિ.

'કેવળ' શબ્દ પડ્યો છે ને? **'प्राणव्यपरोपणात्'**. બીજાને મારવાનો ભાવ નથી, ચાલતાં ઉપયોગ છે એમાં કોઈ ઉડતું પ્રાણી પગ નીચે આવીને (પડ્યું), પગ આમ ઊંચો થયો ને મુકે છે ત્યાં વચ્ચે આવી ગયું. મારવાનો ભાવ નથી. પ્રમાદ નથી, એ જાતનો પ્રમાદ હોં! ચાલવાનો ભાવ વિકલ્પ છે એ પ્રમાદ છે, એ અત્યારે નથી લેવું. સમજાણું? **'કેવળ પ્રાણ પીડનથી હિંસા કદી પણ નથી થતી.'** ભાષા જુઓ!

**'जातु एव' 'जातु'** શબ્દમાં એ જ્યાં ત્યાં એ શબ્દ બહુ મુક્યો છે, હોં! **'जातु'** એટલે શું? કદી, બિલકુલ નહિ. કાળવાચક ઘણે ઠેકાણે આવે છે શબ્દ **'जातु... जातु... जातु...'** કોઈ કાળે, કોઈ પ્રસંગમાં. **'जातु'** શબ્દ બહુ આવે છે. **'કેવળ પ્રાણ પીડનથી હિંસા કોઈ પણ કાળમાં કદી પણ નથી થતી.'** સમજાણું કાંઈ? બીજે ઘણે ઠેકાણે આવે છે, ઘણે ઠેકાણે આ શબ્દ આવે છે.

**ટીકા :– 'નિશ્ચયથી યોગ્ય પ્રયત્નપૂર્વક છે...'** લ્યો! ખરેખર મુનિ આત્મધ્યાની, જ્ઞાની, ત્રણ કષાયનો અભાવ છે અને બરાબર ઉપયોગપૂર્વક ઇર્યાસમિતિથી ચાલે છે. **'નિશ્ચયથી યોગ્ય પ્રયત્નપૂર્વક છે...'** એક વાત. **'પ્રયત્નપૂર્વક છે આચરણ જેમનું એવા જે સંત પુરુષ તેને રાગાદિ ભાવોના પ્રવેશ વિના,...'** એને જરીયે રાગ નથી, દ્વેષ નથી. રાગાદિ ભાવોના ઉત્પત્તિ વિના, પ્રવેશ વિના, થવા વિના. **'કેવળ પરજીવના પ્રાણ પીડવાથી જ કદી હિંસા થતી નથી.'** સમજાણું? શરીરમાં અડી જાય. બેઠા ધ્યાનમાં ક્યાંક, લ્યોને. એમાં લીલોતરી ઉડીને, પાંદડા ઉડી ઉડીને તૂટવા માંડ્યા ને આ અથડાવવા માંડ્યા, અથડાવવા માંડ્યા. અહીં અથડાય તો મરે, એમાંથી મરે. લીલોતરીના પાંદડા હોય આ પીપળા ને લીમડા ઢગલા તૂટવા માંડ્યા, ને તૂટી તૂટીને ડાળીઓ માથે પડી. એ ડાળનું માથુ પેલાને એવું લાગ્યું, આને લાગ્યું એ નહિ પણ એને લાગ્યું બહુ. ન્યાં ઘણા જીવ મરી ગયા, પણ આને કાંઈ પાપ છે નહિ.

www.vitragvani.com



સમજાણું?

**ભાવાર્થ :– 'મહાપુરુષ ધ્યાનમાં લીન છે...'** બે વાત લે છે. એક વાત તો ધ્યાનમાં લીન છે એમ મુખ્ય વાત લે છે. **'અથવા ગમનાદિમાં સાવધાનતાથી યત્નપૂર્વક પ્રવર્તે છે...'** બે વાત લીધી. કારણ કે પાઠ તો **'युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि'** એમ છે ને? યુક્ત આચરણ. હવે યુક્ત આચરણના પછી બે પ્રકાર પાડશે. યુક્ત આચરણ ધ્યાનમાં પણ છે અને પ્રયત્નપૂર્વક ધ્યાનથી બરાબર ચાલે છે. એમ નિશ્ચય અને વ્યવહાર બે વાત એમાંથી કાઢી છે. મહાપુરુષ ધર્માત્મા સંત જંગલમાં ધ્યાનમાં પડ્યા છે. એમાં કોઈ વરસાદ આવ્યો, લ્યોને. પાણી એ એકેન્દ્રિય જીવ છે તે બધા અથડાયા. મરે. વાયુ હણાય, વનસ્પતિ હણાય. અરે..! ત્રસ પણ મરી જાય. એવા ઝીણા સૂક્ષ્મ ત્રસ હોય, આમ આવે અને શરીરની ગરમી લાગી જાય, પોતે ધ્યાનમાં છે, મરી જાય એનું પાપ એને નથી.

કહો, 'પ્રવચનસાર'માં કહ્યું છે, નહિ? યત્નપૂર્વક ચાલે તોપણ આલોચના કરવી. ત્યારે પેલા કહે છે, જુઓ! જડથી પણ આમ થાય. અરે..! શું કહે છે? ભાઈ! એ તો ફક્ત પ્રમાદમાં આવ્યો છે ત્યારે ચાલે છે ને? પણ ચાલવામાં દુઃખ ન દેવું એમ પ્રયત્ન છે. એટલું ખ્યાલ રાખીને જોઈ જવું. ભાવ વિના પણ એનું પાપ લાગે છે. ઠીક! 'પ્રવચનસાર'માં છે. અહીં તો ના પાડે છે, લ્યો! ભાવ નથી તેને પાપ લાગતું નથી. ધ્યાનમાં બેઠો છે. **'ગમનાદિમાં સાવધાનતાથી...'** બરાબર ગમન એટલે ચાલવું અથવા બેસવું અથવા ખાવા-પીવામાં, **'યત્નપૂર્વક પ્રવર્તે છે અને કદાચ એના શરીરના સંબંધથી કોઈ જીવના પ્રાણ પીડાયા...'** એના શરીરના સંબંધથી, પૃથ્વીના જીવ કોઈ મરી જાય, પાણીના મરી જાય, અગ્નિના, વનસ્પતિના અને ત્રસ ઈયળ આદિના. **'તો પણ એને હિંસાનો દોષ નથી.'** એનું શરીર છે અધિકરણ એટલો તો દોષ ખરો કે નહિ? શરીર જ એનું નથી ને પછી ક્યાં (દોષની વાત છે)?

મુમુક્ષુ :– થોડો તો દોષ લાગતો હશે.

ઉત્તર :– જરીએ દોષ નથી લાગતો, જુઓ! શું લખ્યું છે? શું લખ્યું છે? જુઓ! **'न हि भवति जातु हिंसा'** 'અમૃતચંદ્રાચાર્ય' જુઓ! ૪૫ શ્લોકમાં, ૪૫ શ્લોક. **'युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि'** રાગાદિ ભાવપણે હોવા છતાં **'न हि भवति जातु हिंसा'** એને બિલકુલ હિંસા લાગતી નથી. કહો, સમજાણું? આચાર્ય પોતે પંચમહાવ્રતધારી છે, દિગંબર મુનિ સંત છે, નગ્ન છે, ભાવલિંગી સંત છે એ કહે છે. યુક્ત આચરણવાળાને એના શરીરથી કોઈપણ એકેન્દ્રિય આદિ જીવ મરે તો એની હિંસા એને લાગતી નથી. માટે પર પ્રાણીની પીડા તે હિંસા એ હિંસાનું લક્ષણ વ્યાજબી નથી.

મુમુક્ષુ :– આરંભીહિંસા...

ઉત્તર :– ક્યાં આરંભ છે? આરંભ કરવા ક્યાં બેઠા છે.

મુમુક્ષુ :– ....

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– નહિ બિલકુલ નહિ. ગૃહસ્થી હોય એ આરંભી છે, મુનિને આરંભી હોય નહિ. ગૃહસ્થી વેપાર-બેપાર કરવા જતાં ત્રસ મરી જાય છે એને આરંભી છે. એકેન્દ્રિય હિંસાનું પાપ લાગે જ છે. એમાં ત્રસ મરી જાય એ આરંભી. એને મારવાનો ભાવ નથી માટે એને આરંભીહિંસા કીધી. એને પાપ તો લાગે છે પણ આરંભી હિંસામાં આરંભ કરતા વચ્ચે ત્રસ મરે છતાં એના વ્રતને દોષ લાગતો નથી. એમ એની મર્યાદા છે. આહાહા!

વ્યવહારની સ્થિતિ પણ એની કેવી હોય છે? અહીં તો મુનિ ગમનાગમન કરે ત્યાં સુધી લીધું, જુઓ! ગમન આદિ. સૂવે, જરી બેઠા હોય, આમ બરાબર પાથરે આમ કરીને આમ પડખું કરવા જાય એમાં કો'ક જીવ આવ્યું. ધ્યાન રાખ્યું છે, બરાબર ધ્યાન (છે). પછી ક્યાંક હતું અને એકદમ આવી જાય. લ્યો! ખપેડી આવે, ખપેડી. એવી ઉડતી જીવાત બહુ આવે છે. પગ આમ મુક્યો, આમ ઉપાડ્યો ને આમ જોઈને મુકે ત્યાં હેઠે પેલી આવીને પડી જાય, આમ વચમાં આવી જાય. ઓહોહો..! ભાવ વિના પાપ લાગતું નથી. સમજાણું કાંઈ?

સરકારમાં એ નિયમ છે ને કે, તારો ઇરાદો શું હતો? એમ પૂછે ને? મારી નાખવાનો ઇરાદો હતો કે તારા બચાવનો હતો? ભાઈ! મારી નાખવાનો નહોતો, હું તો મારા બચાવ માટે કરતો હતો. મને તલવાર મારતો હતો. મેં મોટી લાકડી મારા બચાવ માટે કરી હતી. એના પેટમાં ઘૂસી ગઈ અને એને મરવું હશે. મારી નાખવાનો ભાવ નહોતો. મારી નાખવાનું આપે એને? મારી નાખે તો ફાંસી આપે? (ના). થઈ રહ્યું ત્યારે. મેં મારા બચાવ માટે કર્યું. મારા બચાવ માટે (કર્યું). એ તલવાર મારવા ગયો તો મેં લાકડી આડી રાખી. અહીં ન આવે. એમાં એના પેટમાં વાગી ગયું અને મરી ગયો. મારવાનો ભાવ નહતો. ઈરાદો નહોતો. તો એને ફાંસી ન આપે. 'કનુભાઈ'! આ જજ રહ્યા. અહીં તો પ્રમાણ હોય ને. મારો ઇરાદો બીજાને મારવાનો નહોતો. એનું આયુષ્ય પૂરું થયું એવો જોગ બની ગયો, મને કાંઈ છે નહિ. આહા..!

અહીં તો જે જીવને આમ નથી એને નથી એમ કરીને આખો સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. મારવાના રાગ-દ્વેષના ભાવ નથી ને શરીરના સંબંધથી બીજાના પ્રાણ હણાય જાય, તેથી કાંઈ પાપ લાગતું નથી. મારવાનો ભાવ હોય ને કહે કે, મારે કાંઈ ભાવ નહોતો. એમ નહિ, એ તો માયાવી થયો. એ તો વળી માયાવી થયો. મારે કાંઈ મારવાના ભાવ નહોતા, એ તો એની મેળે મરી ગયા, મારે ભાવ નહોતા. એક તો ભાવ હોય ને નહોતા કહેવું એ જ મહા મિથ્યાત્વને સેવે છે, અસત્યને સેવે છે. સમજાણું કાંઈ?

આ તો એવું છે, ભાઈ! આ પોપાબાઈનું રાજ નથી. પોપનું રાજ નથી, આ તો ભગવાનનું રાજ છે. આહાહા! ત્યાં કહે અમારે કાંઈ ભાવ નહોતો, લ્યો! મારા ભાવ વિના આ બધું થઈ ગયું. બહુ સારી વાત છે. એક તો પ્રમાદનો, રાગનો, કરવાનો, .., વેપારનો ભાવ હતો.

www.vitragvani.com



આમ કરું. વળી એમ કહે કે, મારે ભાવ નહોતો. ભગવાન કહે છે કે, જુઓ! ભાવ વિના હિંસા થઈ જાય, હિંસા ન લાગે. અમારે ભાવ નહોતો. મરી જાઈશ. ભાવ હતો ને ભાવ નથી એમ કહે છે કે, એ તો મોટું ખૂન કરી નાખ્યું. તેં આત્માનું મોટું ખૂન કર્યું. જૂઠા અસત્યનું ખૂન કર્યું. સત્યનું ખૂન કરીને અસત્ય સેવ્યું તેં.

**'મહાપુરુષ ધ્યાનમાં લીન છે અથવા ગમનાદિમાં સાવધાનતાથી યત્નપૂર્વક પ્રવર્તે છે અને કદાચ એના શરીરના સંબંધથી કોઈ જીવના પ્રાણ પીડાયા તો પણ એને હિંસાનો દોષ નથી. કેમકે એના પરિણામમાં કષાય હતો નહિ.'** પરિણામમાં કષાય નહોતો. **'તેથી પરજીવના પ્રાણને પીડા થાય તોપણ હિંસા નામ પામે નહિ. માટે અતિવ્યાપ્તિ દોષ લાગે છે.'** પર પ્રાણીને પીડા કરે તે હિંસા, એમ જો લાગુ પાડવા જાય તો અહીં લાગુ પડતું નથી. માટે અતિવ્યાપ્તિ દોષ લાગે નહિ. એ હિંસાનું બરાબર લક્ષણ છે નહિ. હવે અતિવ્યાપ્તિ પછી અવ્યાપ્તિ દોષ કહેશે, (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૫ ગાથા–૪૫ થી ૪૮ મંગળવાર, જ્યેષ્ઠ સુદ ૬, તા. ૧૩-૦૬-૧૯૬૭**

---

મોક્ષનો માર્ગ. અત્યારે હિંસાની વ્યાખ્યા ચાલે છે. ખરી હિંસા ને અહિંસા કોને કહેવી એના પછી આ વ્યાખ્યા ચાલે છે. આત્મામાં રાગનું ઉત્પન્ન થવું તે હિંસા. એ સિદ્ધાંત બાંધીને પછી બધી આ વાત કરે છે. આત્મામાં પુણ્ય ને પાપનો કોઈ પણ વિકલ્પ, રાગ ઉઠે તેને હિંસા કહે છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ ઉઠે, એ રાગ પણ હિંસા છે.

રાગની અણઉત્પત્તિ તે અહિંસા છે. આત્મામાં શ્રદ્ધા, શાંતિ આદિ એ આત્માનો સ્વભાવ છે. કાયમી, અસલી એવા સ્વભાવની શક્તિમાંથી વર્તમાન પર્યાયમાં એવા સ્વભાવનું રાગરહિત ઉત્પન્ન થવું. ચૈતન્ય સ્વભાવ જ્ઞાન ગુણ છે એ એનો બેહદ અપાર સ્વભાવ છે. એવા સ્વભાવની અંતર દૃષ્ટિ કરીને જ્ઞાનનું, દર્શનનું, આનંદનું વર્તમાન પરિણમન અવસ્થા થવી, તેને ભગવાન અહિંસા કહે છે. સમજાણું કાંઈ? દુનિયાથી જુદી જાત છે. આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એની અંતરમાં શુદ્ધતાના જે જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિ એનો કાયમી સ્વભાવ, એવા સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં જે સ્વભાવનું પરિણમન શુદ્ધ નિર્મળ, રાગ વિનાની નિર્મળ દશા થાય તેને ભગવાન અહિંસા કહે છે. 'ભગવાનભાઈ'! એ અહિંસા એણે કોઈ દિ' અનંતકાળમાં કરી નથી. રાગાદિ ભાવને હિંસા કહે છે. પછી એના બે અવ્યાપ્તિ ને અતિવ્યાપ્તિનો દોષ વર્ણવ્યો. પહેલો અતિવ્યાપ્તિ (કહ્યો). ભાઈ નથી આવ્યા? 'હિંમતભાઈ'! નિશાળે અત્યારે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



૪૫માં એમ કહ્યું કે, જેને અંતરમાં પર જીવને મારવાનો રાગ ભાવ નથી અને પોતાના શુદ્ધ સ્વરૂપ એની દૃષ્ટિ જ્ઞાનમાં પ્રમાદ રહિત જેનું ગમન છે, એમાં પરજીવ મરે તોપણ તેના રાગભાવમાં, રાગનો અભાવ છે એથી તેને હિંસા થતી નથી, માટે અવ્યાપ્તિ દોષ આવ્યો. પરજીવની હિંસાથી દોષ લાગે તો એ રાગ રહિત જે ગમન છે, શુદ્ધ પરિણમન દૃષ્ટિ સહિત, પ્રમાદ રહિત જેનું ગમન છે, એમાંથી કોઈ પ્રાણી શરીરથી મરી જાય, પણ એને પાપ લાગતું નથી, હિંસા થતી નથી. સમજાણું કાંઈ? માટે તેને હિંસા પરમાં થઈ અને છતાં હિંસા થઈ નહિ. અવ્યાપ્તિ દોષનો ત્યાગ કહ્યો. એમાં અવ્યાપ્તિ લાગું પડી. કેમકે અહીં હિંસાનો ભાવ નથી અને ન્યાં હિંસા થઈ, તો હિંસા લાગતી નથી. સમજાણું કાંઈ?

રાગ અને દ્વેષની દશા ન થતાં શુદ્ધ વીતરાગ દશા સહિત પ્રમાદનો અમુક કોઈ વિકલ્પ હોય છતાં એને મારવાનો ભાવ નથી. યત્નાચારે પ્રવર્તે છે, એમાં કોઈ હિંસા થઈ તો હિંસાનો અહીં દોષ નથી માટે તે હિંસા છે એને હિંસા કહેવી એવું હિંસાનું સ્વરૂપ છે નહિ. અતિવ્યાપ્તિ થઈ. હવે આગળ અવ્યાપ્તિ દોષ બતાવે છે.

અહીં તો સિદ્ધાંત એટલો કે આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ, એની અંતર દૃષ્ટિ થઈ અને સ્વરૂપમાં લીનતા જેટલી થાય, તેટલી અહિંસા. જેટલો રાગ ને પુણ્ય ને દયા, દાન, ભક્તિ, વ્રતાદિનો વિકલ્પ ઉઠે એટલી હિંસા. આ વ્યાખ્યા છે. સર્વવ્યાપક આ અર્થ છે. બધે એ આવશે. સમજાણું કાંઈ? હવે અવ્યાપ્તિ દોષ. ૪૬મી ગાથા.

## ગાથા–૪૬

**આગળ અવ્યાપ્તિ દોષ બતાવે છે :–**

**व्युत्थानावस्थायां रागादीनां वशप्रवृत्तायम्।**
**म्रियतां जीवो मा वा धावत्यग्रे ध्रुवं हिंसा।।४६।।**

**અન્વયાર્થ :– [ रागादीनां ] રાગાદિભાવોના [ वशप्रवृत्तायाम् ] વશે પ્રવર્તેલી [ व्युत्थानावस्थायां ] અયત્નાચારરૂપ પ્રમાદ અવસ્થામાં [ जीवः ] જીવ [ म्रियतां ] મરો [ वा ] અથવા [ मा `म्रियतां' ] ન મરો, [ हिंसा ] હિંસા તો [ ध्रुवं ] નિશ્ચયથી [ अग्रे ] આગળ જ [ धावति ] દોડે છે.**

**ટીકા :– 'रागादीनां वश प्रवृत्तायां व्युत्थानावस्थायां जीवः म्रियतां वा मा म्रियतां हिंसा अग्रे ध्रुवं धावति' - રાગાદિ પ્રમાદભાવના વશે થતી ઊઠવા-બેસવા આદિરૂપ ક્રિયામાં જીવ મરે કે ન મરે, હિંસા તો નિશ્ચયથી આગળ દોડે છે.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ભાવાર્થ :– જે પ્રમાદી જીવ કષાયને વશ થઈને ગમનાદિ ક્રિયામાં યત્નરૂપ પ્રવર્તતો નથી અથવા બેસતાં-ઊઠતાં ક્રોધાદિ ભાવોમાં પરિણમે છે તો ત્યાં જીવ કદાચ મરે કે ન મરે પણ એને તો કષાયભાવ વડે અવશ્ય હિંસાનો દોષ લાગે છે. એટલે પરજીવના પ્રાણની પીડા ન થવા છતાં પણ પ્રમાદના સદ્ભાવથી હિંસા નામ પામે છે. તે માટે જ તે લક્ષણમાં અવ્યાપ્તિ દોષ લાગે છે. ૪૬.**

---

व्युत्थानावस्थायां रागादीनां वशप्रवृत्तायम्।
म्रियतां जीवो मा वा धावत्यग्रे ध्रुवं हिंसा।।४६।।

**અન્વયાર્થ :–** **'રાગાદિભાવોના વશે પ્રવર્તેલી...'** જેની અંદર રાગ અને દ્વેષ પર્યાયમાં વર્તમાનમાં વર્તે છે. તેથી **'અયત્નાચારરૂપ પ્રમાદ...'** તેથી અયત્નાચારરૂપ પ્રમાદ અવસ્થા વર્તે છે એ જીવને **'જીવ મરો અથવા ન મરો,...'** જીવ સામે મરો અથવા ન મરો. અહીં અયત્નાચાર ને પ્રમાદભાવ છે તે જ હિંસા છે. આ ન મરે તોપણ હિંસા છે એમ કહે છે. પણ મરે તો હિંસા છે એમ અવ્યાપ્તિ થઈ. એની સાથે સંબંધ થયો નહિ. શું કીધું સમજાણું? એ જીવના ગમનમાં રાગભાવ છે કે હિંસા કદાચિત ન થાય, પર પ્રાણી ન મરે છતાં અહીં રાગભાવ છે એ હિંસા છે. પ્રાણી મરે કે ન મરે એની સાથે હિંસાનો સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? **'જીવ મરો અથવા ન મરો, હિંસા તો નિશ્ચયથી આગળ જ દોડે છે.'** એટલે કે રાગ થયો એ જ હિંસા છે. પરજીવ મરે કે ન મરે એની સાથે કાંઈ સંબંધ નથી.

**'रागादीनां वशप्रवृत्तायां व्युत्थानावस्थायां जीवः म्रियतां वा मा म्रियतां हिंसा अग्रे ध्रुवं धावति'** રાગ, દ્વેષ એવા પ્રમાદ ભાવના વશે, **'પ્રમાદભાવ વશે થતી ઊઠવા-બેસવા આદિરૂપ ક્રિયામાં...'** ઊઠવા, બેસવા, ચાલવા એ **'ક્રિયામાં જીવ મરે કે ન મરે, હિંસા તો નિશ્ચયથી આગળ દોડે છે.'** એટલે હિંસા તો એને થાય જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બધાની. જ્ઞાનીને જેટલો રાગ છે એટલી હિંસા છે. સમકિતીને પણ જેટલો રાગ થાય તેટલી હિંસા છે. મિથ્યાદૃષ્ટિને તો પર જીવની દયા પાળી શકું છું, મારી શકું છું એવો જે મિથ્યાત્વ ભાવ છે, એ તો મોટી હિંસા, મહા હિંસા (છે). 'પોપટભાઈ'! મોટી હિંસા. કારણ કે, એને મિથ્યાભાવ એ જ મોટી હિંસા છે. સમજાણું? અને જ્ઞાનીને મિથ્યાભાવ ન હો, પણ જેટલો રાગ ભાવ હો એટલી તો એને પણ હિંસા છે. અહીં તો મુનિને નાખ્યા ને, જુઓને! અયત્નાચારથી પ્રવર્તતા નથી, બરાબર યત્નાચારથી પ્રવર્તે છે. તેમાં જીવ મરે તોપણ એનો કોઈ દોષ એને નથી. સમજાણું કાંઈ?

બે વાત લીધી છે ને! જુઓને! રાગાદિભાવોના વશે પ્રવર્તેલી અથવા અયત્નાચારરૂપ પ્રમાદ અવસ્થા, ભાઈ! બે શબ્દ લીધા. બે લીધા છે. મૂળ કારણ છે ને. એક પોતે જ મિથ્યાદૃષ્ટિ

www.vitragvani.com



છે મિથ્યાત્વભાવ, એ મિથ્યા એટલે પર જીવને મારી શકું છું, બચાવી શકું છું, દયા પાળી શકું છું, સુખી-દુઃખી કરી શકું છું, એવો જે મિથ્યાત્વભાવ એ જ મોટી હિંસા છે. 'પોપટભાઈ'! વીતરાગ માર્ગની હિંસા જુદી છે. જગતે સાંભળી નથી. વીતરાગના વાડામાં જન્મ્યા એણે પણ સાંભળેલી નથી. વાડાની વાત છે ને?

બે વાત લીધી. **'रागादीनां वशप्रवृत्तायां'** અને **'व्युत्थानावस्थायां'** જે એકલો રાગને વશે પ્રવર્તે છે, પુણ્ય-પાપના વિકલ્પને તાબે થઈ ગયેલો છે, એવા મિથ્યાદૃષ્ટિના શરીર આદિથી હિંસા ન થાવ, તોપણ તે હિંસાવંત જ છે. સમ્યગ્દૃષ્ટિ રાગને વશે થયો નથી, પણ રાગ જરી થાય છે. અસ્થિરતા, અયત્નાચાર છે. જેટલો અયત્નાચારનો રાગ છે એટલી એને પણ હિંસા છે. સમજાણું કાંઈ? પર જીવ મરે ન મરે એની સાથે કાંઈ સંબંધ છે નહિ. કારણ કે, એ તો એનું આયુષ્ય પૂરું થાય તો મરે અને ન હોય તો ન મરે. આગળ ઘણા ભંગ લેશે. મારવાનો ભાવ હોય અને પેલાનું આયુષ્ય હોય તો ન મરે. એથી પાપ ન લાગે? કે, મને મારવાનો ભાવ નથી અને પેલો એ વખતે મરી જાય, લ્યો. ... જાય મારવાનો ભાવ નથી. એથી એને પાપ લાગે છે એવું કાંઈ નથી. પેલો મરી ગયો માટે પાપ લાગ્યું અહીં? સમજાણું?

**ભાવાર્થ :– 'જે પ્રમાદી જીવ કષાયને વશ થઈને ગમનાદિ ક્રિયામાં યત્નરૂપ પ્રવર્તતો નથી...'** પ્રમાદી જીવ ક્રોધ, માન, માયા, લોભ કષાયને વશ (થઈને પ્રવર્તે).. વ્યાખ્યા એવી છે કે, લોકો જાણે ક્રોધ, માન એટલે એમ નહિ. અંદરમાં સ્વભાવ ચૈતન્ય જ્ઞાન આનંદ સ્વરૂપ છે એને ભૂલીને જેટલો વિકલ્પ અને રાગ કરે, એનું નામ મિથ્યાત્વ સહિતના રાગનો ભાવ કહેવામાં આવે છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા એ તો શુદ્ધ સ્વભાવ છે. જેનામાં જાણવાનો બેહદ સ્વભાવ (છે). રાગ કરવાનો સ્વભાવ એનો છે જ નહિ. રાગ કરવો કે રાગ ટાળવો એવું આત્માના સ્વભાવમાં નથી. એવો આત્મા વીતરાગ સ્વભાવ સ્વરૂપ જ છે. વીતરાગ સ્વભાવ સ્વરૂપ આત્મા, એને ભૂલીને જે કાંઈ રાગ એને દ્વેષ શુભ-અશુભભાવ ઉત્પન્ન થાય, એ મિથ્યાત્વ સહિતની હિંસા કહેવામાં આવે છે. આકરી વાત છે, ભાઈ! જગતને તત્ત્વ (સાંભળવા મળ્યું નથી).

મુમુક્ષુ :– પરમ સત્ય વાત.

ઉત્તર :– પરમ સત્ય વીતરાગ માર્ગ એવો છે, વીતરાગ એટલે નિર્દોષ તત્ત્વ એવું છે. ચાહે તો દયા પાળવાનો ભાવ, વ્રત પાળવાનો ભાવ એ બધો ભાવ છે એ હિંસા છે, અહીં તો એ કહે છે. એ.. 'ભગવાનભાઈ'!

મુમુક્ષુ :– આવું સંભળાય એવું નથી.

ઉત્તર :– નથી સંભળાય એવું? પોષા, પડિકમણા તો બહુ કર્યાં. આહાહા! આત્મા એટલે? રાગ વિકલ્પ દયા, દાનના વિકલ્પના ભાવ વિનાનો આત્મા. આત્મા એટલે? બેહદ

www.vitragvani.com



જ્ઞાન સ્વભાવનો પિંડ. જેની એક સમયની અવસ્થા અનંતને જાણે એવી જેની એક સમયની પર્યાયની તાકાત! એવી એની ગુણ શક્તિ જે એક પર્યાય જેમાંથી પ્રગટ થાય એવી ગુણ શક્તિ. બેહદ સ્વભાવ, અનંત સ્વભાવ, અપરિમિત સ્વભાવ જ્ઞાન ગુણ, એવા જ્ઞાન ગુણના સ્વભાવને અંતરમાં, પ્રતીતમાં, શ્રદ્ધામાં લઈને, આ આત્મા છે એમ અનુભવ કરે એને સમ્યગ્દર્શનરૂપી અહિંસા પ્રગટ થાય. સમજાણું?

એવો બેહદ જ્ઞાન જાણવાનો સ્વભાવ, બેહદ શ્રદ્ધાનો સ્વભાવ, ત્રિકાળી, હોં! બેહદ આનંદ સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ જેનું સત્ત્વ છે, સત્‌નું સત્ત્વ છે, બેહદ અપરિમિત સ્વભાવ છે, એવા અપરિમિત સ્વભાવને ભૂલીને અને હું પરનું સારું કરી દઉં, પરનું ભલું કરી દઉં એવો જે વિકલ્પ છે એ મિથ્યાદૃષ્ટિ છે. એ મહા હિંસા છે. એ મિથ્યાત્વભાવ જ્યાં નથી અને કદાચ એ અયત્નાચારાદિનો રાગભાવ, પ્રમાદભાવ છે એટલી એને હિંસા છે. એટલી એને પરિમિત બહુ અલ્પ હિંસા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એના ઉપર જ આધાર..

ઉત્તર :– બધો કોના ઉપર આધાર હોય? આગળ આખો સરવાળો કહેશે. કષાય એ જ આખો એમ ક્યાંક ભાષા છે. કષાય એવો છેલ્લો એમ કહેશે ક્યાંક. એમ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કષાય-કષાય. ૫૭ છે ને હિંસા ક્યાં આવ્યું? '**अनुभावेन**' આ બાજુ. ૫૪ જુઓ! '**फलति हिंसानुभावेन**' બસ! અહીં મૂળ ૫૪ ગાથા. '**फलति हिंसानुभावेन**', અહીં તો '**अनुभावेन**' એટલો શબ્દ લેવો. '**फलति हिंसानुभावेन**' એ ઉપર આખી વાત છે. '**કષાયભાવ અનુસાર ફળ થાય છે. આ જ પદ આગલા સૂત્રોમાં પણ 'દેહલી દીપક ન્યાય'ની જેમ બધે જાણી લેવું.**' કષાય આ '**अनुभावेन**' એની ઉપર આખો સિદ્ધાંત છે. કષાય પછી મિથ્યાત્વરૂપી કષાય અને રાગ-દ્વેષરૂપી કષાય. એ કષાયના ભાવ અનુસાર ફળ થાય છે. બહાર જીવ મરે, ઓછા મરે, ન મરે, જાજા મરે એની સાથે કાંઈ સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? પરદ્રવ્યની સાથે એને શું સંબંધ છે? પરદ્રવ્યનું કરી ક્યાં શકે છે? પરદ્રવ્યનું એનાથી કાંઈ થાતું નથી. એનામાં, પરમાં કાંઈ આને લઈને ફેરફાર થતો નથી. એટલે એને લઈને કાંઈ આમાં હિંસા થાય એમ છે નહિ.

મુમુક્ષુ :– પરનું ન કરી શકે..

ઉત્તર :– એના લક્ષે. જુઓને! આમાં ૪૭માં આવશે, જુઓ! '**તું તેનો ઘાત કરી શકતો નથી કારણ કે તેનો ઘાત તો તેના કર્મને આધીન છે.**' ૪૭મી ગાથાના ભાવાર્થમાં છે. કોઈ પ્રાણીનો કોઈ ઘાત કરી શકતું નથી. કોણ કરે? એની પર્યાયને કોણ કરે? બીજાના આયુષ્યનું જીવન જ્યાં હોય છે એને મારી કોણ શકે? અને આયુષ્ય ન હોય તો બચાવી કોણ શકે? એની પર્યાય એનાથી થાય છે. 'પ્રવિણભાઈ'! બરાબર હશે આ? કોઈને બચાવી શકે નહિ?

www.vitragvani.com



૩૦-૩૫ વર્ષની બાયડી મરી જાય તો બચાવી શકતો નથી તો બીજાને શું બચાવી શકે?

મુમુક્ષુ :– માખી પાણીમાં પડે એને બચાવી શકાય છે.

ઉત્તર :– બચાવી કોણ ધૂળેય શકે છે? એને વિકલ્પ આવે પણ એ ક્રિયા તો જડની થવાની હોય તો થાય. વીતરાગ માર્ગ સમજવો એ આકરી વાત છે, બાપુ!

**'જે પ્રમાદી જીવ કષાયને વશ થઈ...'** ભાવાર્થમાં. **'ગમનાદિ ક્રિયામાં યત્નરૂપ પ્રવર્તતો નથી...'** એક વાત. **'અથવા બેસતાં-ઊઠતાં ક્રોધાદિ ભાવોમાં પરિણમે છે તો ત્યાં જીવ કદાચ મરે કે ન મરે પણ એને તો કષાયભાવ વડે અવશ્ય હિંસાનો દોષ લાગે છે.'** એક જ સિદ્ધાંત આખો લેશે. જેટલો એ ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, લોભ જેટલા પ્રમાણમાં કરે એટલા પ્રમાણમાં એને હિંસા લાગે છે. પરને લઈને કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? **'એટલે પરજીવના પ્રાણની પીડા ન થવા છતાં...'** પરજીવ ન મર્યો જરીએ, **'પણ પ્રમાદના સદ્ભાવથી હિંસા નામ પામે છે.'** હિંસામાં કેટલું ઘણું વર્ણન કર્યું. **'તે માટે જ તે લક્ષણમાં અવ્યાપ્તિ દોષ લાગે છે.'** કહો, બીજો ન મર્યો છતાં અહીં રાગભાવ અને પ્રમાદભાવ હતો, હિંસા ન લાગી. માટે પરના મરવાથી હિંસામાં અવ્યાપ્તિપણું આવ્યું, હિંસા એમાં વ્યાપિ નહિ. હવે ૪૭.

## ગાથા–૪૭

**પ્રશ્ન :– હિંસાનો અર્થ તો ઘાત કરવો તે છે, પરજીવના પ્રાણનો ઘાત કર્યા વિના હિંસા નામ કેવી રીતે પામે? તેનો ઉત્તર આગળ કહે છે :–**

**यस्मात्सकषायः सन् हन्त्यात्मा प्रथममात्मनात्मानम्।**
**पश्चाज्जायेत न वा हिंसा प्राण्यन्तराणां तु।।४७।।**

**અન્વયાર્થ :– [ यस्मात् ] કારણ કે [ आत्मा ] જીવ [ सकषायः सन् ] કષાયભાવો સહિત હોવાથી [ प्रथमं ] પહેલા [ आत्मना ] પોતા વડે જ [ आत्मानं ] પોતાને [ हन्ति ] હણે છે [ तु ] અને [ पश्चात् ] પછીથી ભલે [ प्राण्यन्तराणां ] બીજા જીવોની [ हिंसा ] હિંસા [ जायेत ] થાય [ वा ] કે [ न ] ન થાય.**

**ટીકા :– 'यस्मात् सकषायः सन् आत्मा प्रथमं आत्मना आत्मानं हन्ति तु पश्चात् प्राण्यन्तराणां हिंसा जायेत वा न जायेत' - કારણ કે કષાયભાવો સહિત થયેલો આત્મા પહેલાં પોતાથી જ પોતાને હણે છે, પછી અન્ય પ્રાણી-જીવોના ઘાત થાવ કે ન થાવ.**

**ભાવાર્થ :– હિંસા નામ તો ઘાતનું જ છે, પણ ઘાત બે પ્રકારના છે. એક આત્મઘાત,**

www.vitragvani.com



**બીજો પરઘાત, જ્યારે આ આત્મા કષાયભાવે પરિણમ્યો અને પોતાનું બૂરું કર્યું ત્યારે આત્મઘાત તો પહેલા જ થયો. ત્યારે પછી બીજા જીવનું આયુષ્ય પૂરું થયું હોય અથવા પાપનો ઉદય હોય તો તેનો પણ ઘાત થાય. તું તેનો ઘાત કરી શકતો નથી કારણ કે તેનો ઘાત તો તેના કર્મને આધીન છે. આને તો આના ભાવનો દોષ છે. આ રીતે પ્રમાદસહિત યોગમાં આત્મઘાતની અપેક્ષાએ તો હિંસા નામ પામ્યો છે. ૪૭.**

---

'**પ્રશ્ન :– હિંસાનો અર્થ તો ઘાત કરવો તે છે,...**' શિષ્ય પૂછે છે. '**હિંસાનો અર્થ તો ઘાત કરવો તે છે, પરજીવના પ્રાણનો ઘાત કર્યા વિના હિંસા નામ કેવી રીતે પામે?**' પરજીવના પ્રાણનો ઘાત કર્યા વિના હિંસા નામ કેવી રીતે પામે? એમ શિષ્યનો પ્રશ્ન છે. હિંસા નામ તો ઘાત કરવો છે. પરજીવના પ્રાણનો ઘાત કર્યા વિના હિંસા કેવી રીતે નામ પામે? એમ કહે છે.

**यस्मात्सकषायः सन् हन्त्यात्मा प्रथममात्मनात्मानम्।**
**पश्चाज्जायेत न वा हिंसा प्राण्यन्तराणां तु।।४७।।**

'**કારણ કે જીવ કષાયભાવો સહિત હોવાથી...**' મિથ્યાત્વ પણ એક કષાય છે. વિપરીત માન્યતા એ મિથ્યાત્વ એક મહા કષાય છે અને રાગ-દ્વેષ પણ કષાય છે. '**એ કષાયભાવો સહિત હોવાથી પહેલા પોતા વડે જ પોતાને હણે છે...**' પોતાના ચૈતન્ય શુદ્ધ આનંદ પ્રાણ, એને મિથ્યાશ્રદ્ધા–હું પરને બચાવી દઉં, મારી દઉં, હણી દઉં, આમ કરી દઉં, નુકસાન કરી દઉં, એવો જે મિથ્યાત્વભાવ કે, બીજાને બચાવી દઉં, બીજાને સહાય કરી દઉં, બીજાને સુખી કરી દઉં, બરાબર પરની વ્યવસ્થા કરીને એને સગવડતામાં મુકી દઉં, એ બધો મિથ્યાત્વભાવ મહા કષાય હિંસા છે. આહાહા! સમજાણું? ઇ પહેલા પોતા વડે જ પોતાને હણે છે. પોતાનો શુદ્ધોપયોગ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ, એના પ્રાણ જે ત્રિકાળી, એની વર્તમાન દશામાં શુદ્ધતા, શુદ્ધતાની અવસ્થાના પ્રાણ પ્રગટ થવા જોઈએ, એને ઠેકાણે રાગ ને મિથ્યાભાવને લઈને એ શુદ્ધ પરિણતિના પ્રાણને ઉત્પન્ન થવા દેતા નથી. એનો ઘાત કર્યો, પોતે પોતાનો ઘાત કર્યો. ઓહો..હો..!

મુમુક્ષુ :– પોતે જ પોતાનો ઘાત કર્યો.

ઉત્તર :– બીજાનો કરી શકે છે જ કોણ? એ તો અહીં પ્રશ્ન છે, એ માટે તો આ વાત લીધી. આહાહા! ભાઈ! તારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય મહાસાગર છે ને! સ્વભાવ છે ને! સ્વભાવ. જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ, સ્વભાવ એવું સ્વરૂપ તારું છે. એનો આદર ન કરતાં રાગનો ને પરનો આદર કરીને પરમાં રોકાણો એવો જે કષાયભાવ તે જ પોતાના પ્રાણને હિંસા કરે છે.

મુમુક્ષુ :– મિથ્યાદષ્ટિના પ્રાણ..

ઉત્તર :– હા. બન્ને લેવું. અહીં તો એ મુખ્ય (વાત છે).

**'પછીથી ભલે બીજા જીવોની હિંસા થાય કે ન થાય.'** પોતાના પ્રાણ તો હણાણા. હાથમાં અગ્નિ લીધી, એ અગ્નિ બીજાને નાખે ને દુઃખ થાય કે ન થાય, પણ પોતે તો દાઝ્યો. એમ જેટલા પ્રમાણમાં મિથ્યા–વિપરીત શ્રદ્ધા ઉત્પન્ન કરી, અને રાગ ને દ્વેષ ઉત્પન્ન કર્યા, એ પોતાના ચૈતન્યના ધર્મ પ્રાણ, શુદ્ધ પ્રાણ, સ્વભાવપ્રાણ, ઉત્પન્ન ન થયા એનો એ રાગ-દ્વેષ, મિથ્યાત્વશ્રદ્ધાએ ઘાત કર્યો. એટલે પોતે પોતાનો ઘાત કર્યો. ઓહો..! માર્ગ એવો છે, ભાઈ! આ તે કાંઈ બહારથી મળે એવી ચીજ નથી.

ભગવાનઆત્મા સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાની પરમેશ્વરે જોયો, તીર્થંકરે આત્મા જોયો એ આત્મા તો આનંદ ને જ્ઞાન સ્વભાવ, શ્રદ્ધા સ્વભાવ, શાંત સ્વભાવ ચારિત્ર, આનંદ સ્વભાવ, સ્વચ્છ સ્વભાવ, પ્રભુત્વ સ્વભાવ, એવા અનંત બેહદ જ્ઞાન ગુણ સ્વભાવનું સ્વરૂપ એ આત્મા છે. એ કોને કરે ને કોને છોડે ને કોને મુકે? ઉપદેશ કોને આપે ઇ? એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? પોતાના પ્રાણ હણ્યા. આ ઉપદેશ દ્વારા હું બીજાને સુખી કરું એવો જે ભાવ, એ ચૈતન્યના ભાવપ્રાણને હણે છે. અરે..! અરે..! ભારે આકરી વાત!

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યનું દળ, પિંડ પ્રભુ! એમાં એને એમ માને કે હું વાણી દ્વારા બીજાનું સમાધાન કરી દઉં કે વાણી દ્વારા બીજાને નુકસાન પહોંચાડી દઉં. પૈસા દ્વારા તો બીજાને લાભ કરી દે કે નહિ? ત્યારે શું કાલ કહેતા હતા? પેલાએ આપ્યા ત્રણ લાખ. આત્મા સિવાય અનંત બીજા આત્માઓ અને અનંત બીજા રજકણો એની કોઈ પણ અવસ્થાને હું કરું એવો જે મિથ્યાભાવ, એ જ પોતાના આત્માને પહેલો હણે છે. પછી બીજાની પર્યાય સુખરૂપ થાય કે દુઃખરૂપ થાય એ આને આધીન છે નહિ.

આ છોકરા-બોકરાને પણ આ બરાબર મા-બાપ છે એ ભણાવે, ગણાવે મોટા ઉડતા પંખી જેવા કરે, પછી છોડે તો ઠીક પણ કાંઈ ભણે નહિ ને એમને એમ છોડી દે તો? ભાઈ! કોણ કોને ભણાવે? ને કોણ કોને શીખવે? આહાહા! ભગવાનઆત્મા પરદ્રવ્યથી તદ્દન ત્રિકાળ ઉદાસીન છે. એમ ન માનતા હું કાંઈ પરનું કરી દઉં અથવા પરને લઈને મારામાં કાંઈક થાય એવો જે કષાયભાવ, એનાથી પોતે પોતાના ચૈતન્યના આનંદ-પ્રાણને હણીને દુઃખની ઉત્પત્તિ કરે છે. આહાહા! એ દુઃખની ઉત્પત્તિ કરે છે એ જ હિંસા. આત્મા હણાણો. આ વળી કેવી વાત?

**'પહેલા પોતા વડે જ પોતાને હણે છે...'** પહેલા એક શબ્દ. **'आत्मना'** પોતા વડે **'आत्मानं'** એમ. **'आत्मना' 'आत्मानं'** પોતા વડે જ પોતાને. ઝીણું ભારે, ભાઈ! માણસને બિચારાને મળ્યું નથી ને ક્યાંય ક્યાંય સલવાયને માનીને બેઠા. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા એય..! 'ભગવાનભાઈ'! પંચેન્દ્રિયા, ..... ક્યાંય સલવાણા. ભાવ કાય ઠાણેણં માણેણં

www.vitragvani.com



જાણેણં અપ્પાણં.

મુમુક્ષુ :- જાણેણં એટલે?

ઉત્તર :- જાણે એટલે આમ બેસીને એકાગ્ર થવું.

મુમુક્ષુ :- પોતાનું ધ્યાન કરે છે.

ઉત્તર :- ન્યાં ક્યાં ધ્યાનનું ભાન છે. એમ કે, આ શરીર-બરીરને આમ રાખવું, હું આમ કરું. એ બધી ક્રિયાઓ મારાથી થાય છે, આ શરીરને પણ મેં આમ રાખ્યું છે અને હું હવે નિવૃત્તિ (લઈને) બહારથી પ્રવૃત્તિ છોડી દીધી. હું આ બહારના કામ કરતો હતો ને મેં અત્યારે છોડ્યા છે. એવો જે મિથ્યાત્વભાવ એ જ પોતાને હણે છે. સમજાણું કાંઈ?

માપ જુદું છે આ તો. આ તો વીતરાગના ઘરના માપ, દુનિયાથી તદ્દન જુદી જાત છે. પછી ભલે બીજા જીવોથી હિંસા થાય કે ન થાય. પ્રાણાંતરાણ. અનેરા પ્રાણની. એમ એમ ભાષા ઇ છે, બીજા જીવોથી, થી નાખ્યું છે. એમ કેમ? એમ ન જોઈએ. બીજા જીવોની હિંસા થાય કે ન થાય એમ જોઈએ. પ્રાણ અંતરાણં છે ને? અનેરા પ્રાણીઓની, એમ. એ છાપવામાં જરી ભૂલ થઈ ગઈ.

**અર્થ :- 'કારણ કે કષાયભાવો સહિત...'** મિથ્યાભાવ અને રાગ-દ્વેષભાવ સહિત, **'થયેલો આત્મા...'** પોતાના આનંદ ને જ્ઞાન સ્વરૂપવાળો આત્મા એ કષાય સહિત થયો. **'કષાયભાવો સહિત થયેલો આત્મા...'** મિથ્યા અભિપ્રાય સહિત થયો, અને રાગ-દ્વેષ સહિત થયેલો આત્મા. સમજાણું? **'પહેલા પોતાથી જ પોતાને હણે છે,...'** પહેલા પોતાથી જ એમ છે. આહાહા! પોતાને હણે છે. પોતાના જ્ઞાન, દર્શનપ્રાણ શુદ્ધ ચૈતન્ય ઉત્પન્ન થવા જોઈએ એને ઠેકાણે એને ઉત્પન્ન ન થતાં દુઃખ ઉત્પન્ન કરે છે એ પોતાના જ પ્રાણને હણે છે. સમજાણું કાંઈ? ત્રિકાળી પ્રાણ હણાતા નથી. આ વર્તમાનમાં શુદ્ધતા ઉત્પન્ન કરતો નથી, એને હણે છે એમ કહેવામાં આવે છે. ત્રિકાળ જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ એ તો વસ્તુ ત્રિકાળ છે. એમાં તો કાંઈ હણાવું કે ઉત્પન્ન થવું એમાં છે જ નહિ. એ ચિદાનંદ સ્વભાવ ધ્રુવ જ્ઞાયક આનંદ સ્વરૂપ, એનો અંતર આશ્રય લઈ, પરનો આશ્રય છોડીને સમ્યગ્દર્શન આદિ પ્રગટ કરે, તો એને અહિંસા કહીએ. એ અહિંસા ઉત્પન્ન ન કરતા, રાગ અને મિથ્યા અભિપ્રાય વડે તે પર્યાય ઉત્પન્ન થઈ નહિ તો તે પર્યાયને હણી.

વીતરાગનો સૂક્ષ્મ પંથ છે, ભાઈ! કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ, જેણે આમ ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જોયા અને એ અસ્તિ હતું એવું જોયું. એની વાણીમાં આમ આવ્યું કે, ભાઈ! તારા સ્વભાવને ભૂલી અને જેટલો મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષભાવ કરે એમાં તારી શાંત દશા ઉત્પન્ન થઈ નહિ, અશાંત દશા ઉત્પન્ન થઈ એટલો તેં તને હણ્યો, તેં તને હણ્યો. બીજાને તો હણી શકતો નથી. સમજાણું કાંઈ?

પરજીવને લાવો, ભાઈ! આપણે બચાવીએ પરજીવને. અહીં તો કહે છે, બચાવી શકતો

www.vitragvani.com



નથી, હોં! પેલા તેરાપંથી કહે છે એમ નથી. તેરાપંથી કહે કે, પરને બચાવવાથી પેલી હિંસા થાય ને એને અહીં હિંસા (કહીએ). એવી હિંસા છે જ નહિ. અહીં તો પરને બચાવી શકું એવો મિથ્યાભાવ. કારણ કે, બચાવી શકવાની શક્તિ આત્મામાં નથી. એની પર્યાય એનાથી થાય છે. છતાં હું એને બચાવું તો એ પાછો બચશે તો પાપ કરે, એ વાત જ જૂઠી છે. તો અહીં પાપ લાગે. એમ છે જ નહિ. અહીં તો હું પરને બચાવી શકું છું એ શક્યતા નથી અને બચાવી શકું છું એવી માન્યતા છે, એ માન્યતા તે વિપરીત હિંસા છે. આહાહા! ભારે, ભાઈ! કહો, 'પોપટભાઈ'! ક્યાંય મેળ ખાય એવું નથી. દુનિયાથી અતડા થઈ જાય એવું છે. સિદ્ધ પણ અતડા થઈને ઉપર બેસી ગયા. જુઓ! કેવળજ્ઞાનપણે પરિણમન છે, દુનિયાનું ગમે તેમ થાઓ. દુકાળ પડો કે આ થાવ, ભાઈ! હેઠા તો ઉતરો જરી દયા પાળવા. પોતાની દયા પાળી રાગની ઉત્પત્તિ ન થઈ ને વીતરાગતા પૂર્ણ થઈ ગઈ, થઈ રહ્યું એ દયા. આહાહા! કહો, 'પોપટભાઈ'! બધાને આયુષ્ય-બાયુષ્ય આપી બચાવી શકે કે નહિ? ધબો મારે તો એનો રોગ મટી જાય. ભાઈ! આ મોટા પુરુષનો હાથ પડે ત્યાં આયુષ્ય વધી જાય અને રોગ મટી જાય. મૂઢ છો કહે છે. આવા ગપ ક્યાંથી લાવ્યો? કહે છે. અરે..! મિથ્યાત્વ આત્માના પ્રાણને હણે છે.

મુમુક્ષુ :– મોટા પુરુષનો હાથ ફરે તો માણસ સાજા થઈ જાય.

ઉત્તર :– ધૂળેય થાતા નથી. એ તો એની નીરોગતા થવાનો પર્યાય હોય તો થાય, આનાથી થાતા હશે કોઈથી?

મુમુક્ષુ :– દેવ, દેવલાથી ન થાય?

ઉત્તર :– કોઈ દેવ-દેવલાથી થાય નહિ ને કોઈથી થાતું નથી. સાક્ષાત્ ભગવાનને માને તોય થાતું નથી ને. માને શું? એ તો વિકલ્પ છે, ભગવાન તો પર છે. ભગવાન શું અહીં કરી દે. કહો, શું છે? ઘણા આવે છે. મહારાજ! માથે હાથ મુકો, હાથ મુકો. ભાઈ! હાથ કોનો અને માથું કોનું? કાલે છોકરા આવ્યા હતા. હાથ મુકો. મેં કીધું, હાથ કોને કહેવું આને? હાથ જડ અને શરીર જડ. કેટલાક તો પછી હાથ પકડીને પરાણે મુકે.

મુમુક્ષુ :– 'મંદશૌરવાળા'

ઉત્તર :– હા હા બસ! ઇ. ઇ પરાણે મુક્યો હતો. હાથ જાલીને આમ મુકે. અરે..! ભગવાન! બાપુ! હાથમાં શું છે? ભાઈ!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર આત્માનો સર્વજ્ઞ સ્વભાવ વર્ણવે છે. એ સર્વજ્ઞ સ્વભાવ એનું કાયમી સ્વરૂપ છે. એ રાગમાં અટકી અને મને લાભ થાય એમ માને છે એ જ મિથ્યાત્વભાવ, એ જ મોટી હિંસા છે. સમજાણું કાંઈ?

સ્વભાવ શું? સ્વભાવ. આ વસ્તુ એનો સ્વભાવ જ્ઞાન. જ્ઞાન એટલે સર્વજ્ઞ સ્વભાવ. સર્વજ્ઞ એટલે જ્ઞાનમાં પૂર્ણ જાણવાની તાકાત. એ જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોકથી અનંતગુણું હોત

www.vitragvani.com



તો જાણવાની તાકાત. એવો સ્વભાવ, એને એ રીતે ન માનતા હું પરનું કરું કે પરથી મારામાં થાય, આ સર્વજ્ઞ સ્વભાવ કે મારી પર્યાયનું પ્રગટવું પરને લઈને થાય, કોઈ પરની કૃપાથી થઈ જાય, એ મિથ્યાભાવ (છે). કહો, 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ હવે અત્યારે શું કામ છે? આનું કાંઈ ધ્યાન નથી. જે વાત ચાલે છે એમાં એનું લક્ષ્ય જ નથી. એવી વાત ચાલે છે કે, કોઈ દિ' તમે નહોતી સાંભળી, (એવી) ચાલે છે. એમાં આવી પેલી વાત તમારી. એનું લક્ષ જ નથી, મગજ નથી કામ કરતું. અહીં શું કામ છે અત્યારે? અત્યારે આ કષાય ભાવ છે તે પ્રકારની હિંસા. પછી પ્રશ્ન શું? આરંભી હોય કે ફલાણી હોય કે ઢીંકણી હોય. પરનું કરી કોણ શકે છે? એ અત્યારે પ્રશ્ન ક્યાં છે? સમજાણું કાંઈ?

સંકલ્પ કરે કે, હું પરને મારું એ પણ હિંસા. અને આરંભ એટલે કાંઈ કરી શકતો નથી પરનો આરંભ, પણ રાગ થાય ને પ્રવૃત્તિ થાય એમાં જીવ મરે, એને આરંભી કહે છે પણ પાપ એનું નથી, અહીં રાગનું પાપ છે. સમજાણું કાંઈ? યુદ્ધમાં ઉદ્યોગ કરીને પર મરે છે, વેપારાદિમાં મરે છે એનું પાપ અહીં નથી, એને જેટલો પેલો પ્રમાદભાવ છે, રાગભાવ એનું એને પાપ છે. ઇ વાત, બહારની વાતું કોણ જાણે ક્યાં એકદમ ગરી જાય છે.

મુમુક્ષુ :– કાંઈ મહેનત કરતો નથી.

ઉત્તર :– એ તો શીખ્યો છે અનંતકાળથી. એની વાતેય ક્યાં છે? આરંભથી કરે, ઉદ્યોગથી કરે, સંકલ્પથી કરે એ બધી વાતો જ ખોટી છે. કરે છે કોણ? એના ભાવમાં એ માને છે ને થાય છે. જેટલો ભાવ સંકલ્પનો ને પરને મારવાનો ને આરંભી પ્રવૃત્તિનો ભાવ અહીં પ્રમાદ છે એટલી હિંસા. એક જ વાત છે અહીં. પરની સાથે કાંઈ સંબંધ છે નહિ, એ આગળ કહેશે. હિંસાનું સ્થાન છે એક નિમિત્ત પણ એનાથી બંધ થતો નથી. એનાથી હિંસા થતી નથી. ઠીક છે.

શું કહે છે? '**કષાયભાવો સહિત થયેલો આત્મા...**' એક જ વાત છે. કોઈ પણ પ્રકારમાં રાગ ને વિકલ્પ સહિત થયો. આ સમકિતી હોય ને મુનિ હોય. પંચમહાવ્રતના પરિણામનો વિકલ્પ આવ્યો એ હિંસા છે. એક જ વાત છે અહીં. સમજાણું કાંઈ? અને દુનિયાને આકરું લાગે છે. હાય..હાય..! અન્યમતિઓ આમ આપણને કલ્પશે. હવે સાંભળને અન્યમતિને ભાન કે દિ' હતું? અહીં તો વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો, જોયો એ માર્ગ છે. અન્યની સાથે મેળવે કે મેળવાય ને બીજા રાજી થાય તો ઠીક કહેવાય. રાજી ધૂળેય થાતા નથી, વાડાવાળા રાજી થાય એવું નથી તો બીજાની સાથે કરવું શું આ? 'મોહનભાઈ'! વાડામાં પડ્યા ને બેસે એવું નથી, આ શું? આ કઈ જાતની વાત? હાય..હાય..! આ! થઈ રહ્યું, આ તો આત્મા અક્રિય થઈ ગયો. આત્મા તો કાંઈ કરી શકે નહિ. પણ ત્રણકાળમાં કાંઈ

કરી શકતો નથી. એક પાપણને ફેરવવી એ ત્રણકાળમાં આત્મા કરી શકતો નથી. આંગળી હલાવવાની ક્રિયા આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. એનામાં કરું છું એવી માન્યતાનો ભાવ કરી શકે છે.

મુમુક્ષુ :- પૈસા તો કમાઈ શકે ને?

ઉત્તર :- ધૂળેય કમાઈ શકતો નથી. કોણ? એ... 'મલૂપચંદભાઈ'! કહે છે, પૈસા કમાઈ શકે છે કે નહિ? આ હમણા કમાણો ને તમારો છોકરો. સાત લાખ અઠયોતેર હજાર આઠ દિ'માં. 'દિલ્હી' એય..! પાલખી, પાલખી કો'ક તો કહે પાલખી, ભાઈ! હોં! એમ કીધું, કો'ક કહેતું હતું 'દિલ્હી'માં પાલખી કાઢી હતી. એનું નામ પાલખી હશે? કો'ક છોકરો કહેતો હતો સવારમાં. આ કહેતો હતો, લ્યો! વાણિયો. ઇ કહે ત્યાં 'દિલ્હી'માં પાલખી કાઢી હતી. એ કહેતો હતો, કાઢી હતી. આહાહા! આ તો કહે છે કે, તારી પાલખી ઉપડી આ આત્માને ભૂલીને જેટલો રાગ-દ્વેષ થયો એટલી પાલખી ઉપડી. મડદુ થઈને ગયો, જા. આહાહા!

**'પોતાથી જ પોતાને હણે છે, પછી અન્ય પ્રાણી-જીવોનો ઘાત થાવ કે ન થાવ.'** એની સાથે આત્માને હિંસામાં સંબંધ નથી. **'હિંસા નામ તો ઘાતનું જ છે, પણ ઘાત બે પ્રકારના છે. એક આત્મઘાત, બીજો પરઘાત, જ્યારે આ આત્મા કષાયભાવે પરિણમ્યો અને પોતાનું બૂરું કર્યું ત્યારે આત્મઘાત તો પહેલા જ થયો.'** બીજાનું બૂરું થવું ન થવું કાંઈ એના અધિકારની વાત નથી. જ્યારે આ આત્મા પુણ્ય અને પાપ, શુભ અને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ, એ બધા કષાયભાવ છે, એ કષાયભાવે પરિણમ્યો, થયો અને પોતાનું બૂરું કર્યું. એ કષાયભાવથી જ પોતાનું ભૂંડું થાય છે. આહાહા! આપણે બીજાનું ભલું કરી દઈએ એ ભાવ પોતાની હિંસા કરનારો છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ત્યાર પછી બીજા જીવનું આયુષ્ય પૂરું થયું હોય અથવા પાપનો ઉદય હોય તો તેનો પણ ઘાત થાય.'** એ તો એને કારણે થાય છે, એ તારે કારણે નથી. એ નિમિત્તથી કહેવામાં વ્યવહાર આવે. બીજાનું આયુષ્ય પૂરું થયું હોય, જુઓ! આ બધી વાત 'ટોડરમલ્લજી'એ નાખી છે. પેલા બધાને અમાન્ય હશે. અરે..! આવું કાંઈ ન્યાય? શું થાય? દુનિયા આંધળી, બિચારાને ખબર ન મળે. વાડામાં જન્મેલા ઊંધે કાંધ અનાદિના પડ્યા. અને ગુરુ પણ એવા મળ્યા. માર્ગ પરમાત્માનો વીતરાગનો ક્યાંક રહી ગયો. ક્યાંય.. ક્યાંય રહી ગયો ને અમે વીતરાગના ભગત છીએ ને શ્રાવક છીએ. કોણ ના પાડે? સાવજ છે, સાવજ. સાવદ્યકો નહિ પાપ. આવે છે ને? સાવદ્ય. સાવદ્ય અને સાવજ. આહાહા!

કહે છે, પોતાને ભાવ થયા, રાગના, દ્વેષના, ક્રોધના, માનના, લોભના, પ્રીતિના, પ્રેમના, ઉગારવાના, મારવાના એ ભાવ થયા એ કષાય પોતે પોતાને હણે છે. કહો, **'ત્યાર પછી બીજા જીવનું આયુષ્ય પૂરું થયું હોય અથવા પાપનો ઉદય હોય તો તેનો પણ ઘાત થાય.'**

www.vitragvani.com



પૂરું થયું ને પાપનો ઉદય થયો એટલે અશાતાનો ઉદય થયો વગેરે. દુઃખ થાય ને? '**તું તેનો ઘાત કરી શકતો નથી...**' એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના પ્રાણીનો ઘાત આત્મા કરી શકતો નથી. લ્યો! સમજાણું કાંઈ? પરદ્રવ્યની પર્યાયનો વ્યય આત્મા કરી શકતો નથી, એમ કહે છે. તેમ પરદ્રવ્યની પર્યાયનો ઉત્પાદ-ઉપજવું નવી અવસ્થા કામ કરી દઉં, એની અવસ્થા એનો એ અવસ્થાનું કાર્ય આત્મા કરી શકતો નથી. આહાહા! મરતાં પ્રાણ આમ હેઠા થઈ જાય. શ્વાસ પણ લઈ શકે નહિ. કેમકે શ્વાસ ક્યાં પોતે લઈ શકે છે? એ તો જડની ક્રિયા છે. એમ કહે, હવે શ્વાસ નથી લઈ શકતો. શ્વાસ નથી લેવાતો. તો પહેલા લેતો હતો? માન્યતા હતી. હવે શ્વાસ નથી લેવાતો, ભાઈ! અંદર મૂંઝવણ આવી, પહેલો શ્વાસ લેવાતો હતો. આ એની મેળાએ હાલતો હતો ને હવે નથી હાલતો, એમ કહે. તારી મેળે તું લેતો હતો ને તું નથી લઈ શકતો એવું કાંઈ છે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

'**કારણ કે તેનો ઘાત તો તેના કર્મને આધીન છે.**' લ્યો! બીજાના પ્રાણ હણાવા અથવા અશાતાના ઉદયને લઈને તેને દુઃખ થવું, એ બધું એના કર્મને કારણે છે. હું એને દુઃખી કરી દઉં, (એ) તારી માન્યતા જ મિથ્યાત્વ છે. બીજાને સુખી (કરી દઉં), સવળે રસ્તે ચડાવી દઉં બધાને, એ તારી માન્યતા જ મિથ્યાત્વ છે, કહે છે. ભારે વાત, ભાઈ! આહાહા!

મુમુક્ષુ :- દરેક માણસ સુખી થાય....

ઉત્તર :- બધાને સુખી કરે એમ ગાંડી દુનિયા કહે છે. ઘરમાં એક કર્મી જાગે તો બધાને... કોઈ બીજાને કરી શું શકે? ધૂળ? કાંઈ કરતો નથી. મફતમાં... ઓહો..હો..! અનંતા પરમાણુના મધ્યમાં પડ્યો પોતાની પર્યાયને પરિણમાવે છે. પરને કાંઈ કરી શકતો નથી. શરીરનું કરે નહિ, શ્વાસનું કરી નહિ, વાણીનું કરે નહિ. અવાજ બંધ થાય ત્યારે, ભાઈ! જરી અવાજ કરો ને, એમ કહે. કાંઈક બોલાય છે? બોલાય છે? હવે બોલાતું નથી. એને આધીન છે, એના કર્મનો જેવો જોગ હોય. એ પણ નિમિત્તથી વાત કરી, હોં! પાછા વળી પેલા લોકો શું કહે? કે, જુઓ! ન્યાં કર્મ આવ્યું કે નહિ? એને આધીન દુઃખી છે કે નહિ? અહીં તો આને લઈને ત્યાં દુઃખી નથી એટલું સિદ્ધ કરવા કર્મને લઈને દુઃખી છે એમ સિદ્ધ કરે છે. આટલી વાત. અરે..! ભગવાન! શું કરે? આડોડાઈની તો વાત જ કોઈ જુદી.

જુઓ! આમાં આવ્યું કે નહિ? '**તેનો ઘાત તો તેના કર્મને આધીન છે.**' લ્યો! કર્મ પણ પરદ્રવ્ય છે કે નહિ? એને લઈને મર્યો કે નહિ? પરદ્રવ્યથી મર્યો કે નહિ? ના. એ તો પોતાની આયુષ્યની સ્થિતિ પોતાની યોગ્યતાએ ત્યાંથી દેહ છૂટી ગયો છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. આહાહા! કર્મને લઈને દુઃખી છે એ વાત પણ સાચી નથી. અહીં તો બીજો એને દુઃખી કરવા સમર્થ નથી, એટલું સિદ્ધ કરવા એના કર્મને લઈને એ દુઃખી થાય છે એમ સિદ્ધ કરે છે. બાકી એ દુઃખી થાય છે એ પોતાના સ્વભાવને ભૂલીને અજ્ઞાન ને રાગ-

www.vitragvani.com



દ્વેષને લઈને દુઃખી થાય છે, કર્મને લઈને બિલકુલ નહિ. પરદ્રવ્યથી દુઃખી-સુખી હોઈ શકે નહિ. બહુ વાતે વાતે ફેર. અને માનતા હોય કે અમે ધર્મ કરીએ છીએ. હળવે હળવે ધર્મ થાશે, જાવ. હતો એવો થયો.

**'આને તો આના ભાવનો દોષ છે.'** લ્યો! એણે તો જે બીજાને મારવાના, દુઃખી કરવાના ભાવ કર્યા, એનો એને દોષ છે. પેલા તો દુઃખી-સુખી થાય છે એ તો એને કારણે છે. **'આ રીતે પ્રમાદસહિત યોગમાં...'** **'प्राण्यन्तराणां'** છેને? એ સિદ્ધાંત કર્યો. **'આત્મઘાતની અપેક્ષાએ તો હિંસા નામ પામ્યો છે.'** લ્યો! પ્રમાદસહિત યોગ કર્યો, પ્રમાદ કર્યો, રાગ-દ્વેષ, મિથ્યા અભિપ્રાય. એ બધો પ્રમાદ. એ આત્મઘાતની અપેક્ષાએ, આત્મઘાતની અપેક્ષાએ હિંસા નામ પામ્યો એમ. પરની ઘાતની અપેક્ષાએ હિંસા નામ પામ્યો એમ છે નહિ. આમાં પણ ભેદજ્ઞાન બતાવ્યું બધું. બીજી રીતે હિંસા.. પરનું કાંઈ કરી શકે નહિ, પરથી કાંઈ તારામાં થાય નહિ. આહાહા! આમ એમાં પણ પણ બે ભિન્ન બતાવ્યા. એ ચીજ એનાથી ને તારી ચીજ તારાથી. એટલે એમાં પણ પરથી ભિન્ન જ્ઞાન બતાવ્યું, ભેદજ્ઞાન.

## ગાથા-૪૮

હવે પરઘાતની અપેક્ષાએ પણ હિંસાનો સદ્દ્ભાવ બતાવે છે :–

हिंसाया अविरमणं हिंसापरिणमनपि भवति हिंसा।
तस्मात्प्रमत्तयोगे प्राणव्यपरोपणं नित्यम्।।४८।।

**અન્વયાર્થ :– [ हिंसाया ] હિંસાથી [ अविरमणं ] વિરક્ત ન થવું [ हिंसा ] તેનાથી હિંસા અને [ हिंसापरिणमनं ] હિંસારૂપ પરિણમવું તેનાથી [ अपि ] પણ [ हिंसा ] હિંસા [ भवति ] થાય છે. [ तस्मात् ] તેથી [ प्रमत्तयोगे ] પ્રમાદના યોગમાં [ नित्यं ] નિરંતર [ प्राणव्यपरोपणं ] પ્રાણઘાતનો સદ્દ્ભાવ છે.**

**ટીકા :– 'हिंसाया अविरमणं हिंसापरिणमनं अपि भवति हिंसा' - હિંસાના ત્યાગભાવનો અભાવ તે હિંસા છે અને હિંસારૂપ પરિણમવાથી પણ હિંસા થાય છે.**

**ભાવાર્થ :– પરજીવના ઘાતરૂપ જે હિંસા છે તે બે પ્રકારની છે. એક અવિરમણરૂપ અને એક પરિણમનરૂપ.**

**૧. અવિરમણરૂપ હિંસા :– જે વખતે જીવ પરજીવના ઘાતમાં તો પ્રવર્તતો નથી, બીજા**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ કોઈ કામમાં પ્રવર્તે છે પણ હિંસાનો ત્યાગ કર્યો નથી. તેનું ઉદાહરણ :– જેમ કોઈને હરિતકાયનો ત્યાગ નથી અને તે કોઈ વખતે હરિતકાયનું ભક્ષણ પણ કરતો નથી, તેમ જેને હિંસાનો ત્યાગ તો નથી અને તે કોઈ વખતે હિંસામાં પ્રવર્તતો પણ નથી પરંતુ અંતરંગમાં હિંસા કરવાના અસ્તિત્વભાવનો નાશ કર્યો નથી તેને અવિરમણરૂપ હિંસા કહીએ છીએ.

૨. પરિણમનરૂપ હિંસા :– વળી જે વખતે જીવ પરજીવના ઘાતમાં મનથી, વચનથી કે કાયથી પ્રવર્તે તેને પરિણમનરૂપ હિંસા કહીએ. આ બે ભેદ હિંસાના કહ્યા. તે બન્ને ભેદમાં પ્રમાદ સહિત યોગનું અસ્તિત્વ છે. 'तस्मात्प्रमत्तयोगे नित्यं प्राणव्यपरोपणम्' - તેથી પ્રમાદ સહિતના યોગમાં હંમેશાં પરજીવની અપેક્ષાએ પણ પ્રાણઘાતનો સદ્‌ભાવ આવ્યો. એનો અભાવ તો ત્યારે જ થાય જ્યારે આ જીવ પરહિંસાનો ત્યાગ કરી પ્રમાદરૂપ ન પરિણમે. ત્યાં સુધી હિંસાનો તો અભાવ કોઈપણ પ્રકારે થઈ શકે નહિ. ૪૮.

---

'હવે પરઘાતની અપેક્ષાએ પણ હિંસાનો સદ્‌ભાવ બતાવે છે :–'

हिंसाया अविरमणं हिंसापरिणमनपि भवति हिंसा।
तस्मात्प्रमत्तयोगे प्राणव्यपरोपणं नित्यम्।।४८।।

બે પ્રકાર લીધા. '**હિંસાથી વિરક્ત ન થવું...**' એ પણ એક હિંસા. '**अविरमणं**' અંદરમાં ત્યાગ ન થવો. અવિરતિભાવ. '**વિરક્ત ન થવું તેનાથી હિંસા અને હિંસારૂપ પરિણમવું...**' વર્તમાન પાછું. એક તો હિંસાના અંદર જે ભાવ મિથ્યાત્વ રાગના, એનો ત્યાગ ન થવો અને એક વર્તમાન હિંસારૂપે પાછું પરિણમવું. પેલો (ભાવ) તો નિરંતર છે. '**તેનાથી પણ હિંસા થાય છે. તેથી પ્રમાદના યોગમાં નિરંતર પ્રાણઘાતનો સદ્‌ભાવ છે.**' પ્રમાદના યોગમાં નિરંતર પ્રાણઘાતની હયાતી જણાય છે.

''**हिंसाया अविरमणं हिंसापरिणमनं अपि भवति हिंसा' - હિંસાના ત્યાગભાવનો અભાવ તે હિંસા છે...**' હિંસાના ત્યાગભાવનો અભાવ. સમજ્યા ને? અંદર મિથ્યાત્વ ને રાગભાવનો અભાવ છે ને? એટલે મિથ્યાત્વનો ભાવ છે એ જ હિંસા છે. '**અને હિંસારૂપ પરિણમવાથી પણ હિંસા થાય છે.**' નવું પરિણમવું પાછું વર્તમાન, પેલું પરિણમન તો છે પણ નિરંતર છે. હિંસારૂપ પરિણમવાથી પણ હિંસા થાય છે. રાગ-દ્વેષરૂપે પરિણમવું, વર્તમાન થવું એ પણ હિંસા.

**ભાવાર્થ :– 'પરજીવના ઘાતરૂપ જે હિંસા છે તે બે પ્રકારની છે.'** પરજીવના ઘાતરૂપ જે હિંસા તે બે પ્રકારની. અહીં વાત એ સિદ્ધ કરવી છે, હોં! '**એક અવિરમણરૂપ અને એક પરિણમનરૂપ.**' એક પરથી નિવૃત્તવારૂપ, નિવૃત્ત્યો નથી એ રૂપ અને એક પરજીવને

મારવાના પરિણામ, પરિણમન વર્તમાનરૂપ. એટલી અપેક્ષા આવી ને?

'**૧. અવિરમણરૂપ હિંસા :– જે વખતે જીવ પરજીવના ઘાતમાં તો પ્રવર્તતો નથી,...**' છે? '**બીજા જ કોઈ કામમાં પ્રવર્તે છે...**' લ્યો! '**પણ હિંસાનો ત્યાગ કર્યો નથી.**' અંદરમાં હિંસાભાવનો ત્યાગ કર્યો નથી. પરને મારવામાં ભાવનો ત્યાગ કર્યો નથી એમ લ્યો. '**તેનું ઉદાહરણ :– જેમ કોઈને હરિતકાયનો ત્યાગ નથી અને તે કોઈ વખતે હરિતકાયનું ભક્ષણ પણ કરતો નથી,...**' કાંઈ હર વખતે લીલોતરી ખાતો હોય? લાડવો ખાતો હોય ત્યારે હરિતકાય ક્યાં ખાતો હોય છે? હરિતકાયનો ત્યાગ નથી ને કોઈ હરિતકાયનું ભક્ષણ પણ કરતો નથી એમ લેવું છે અત્યારે. સમજાણું? લાડવો ખાતો હોય, લ્યો! રોટલી ખાતો હોય, અરે..! લુગડુ પહેરતો હોય, ન્યાં ક્યાં હરિતકાયનો ઘાત કરે છે?

'**તેમ જેને હિંસાનો ત્યાગ તો નથી અને તે કોઈ વખતે હિંસામાં પ્રવર્તતો પણ નથી...**' બીજામાં પ્રવર્તે છે. '**પરંતુ અંતરંગમાં હિંસા કરવાના અસ્તિત્વભાવનો નાશ કર્યો નથી...**' લ્યો! અંતરંગમાં હિંસા કરવાનો, હોવાનો ભાવ છે તેનો નાશ કર્યો નથી. લ્યો! '**તેને અવિરમણરૂપ હિંસા કહેવાય છે.**' અવિરતિરૂપની હિંસા કહેવાય છે, એમ મૂળ તો કહેવું છે. મિથ્યાત્વ, પ્રમાદ કષાય સદાય પડ્યા છે, એનો ત્યાગ નથી એટલે એનું તો પાપ એને સદાય લાગ્યા જ કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

'**૨. પરિણમનરૂપ હિંસા :– વળી જે વખતે જીવ પરજીવના ઘાતમાં મનથી, વચનથી કે કાયથી પ્રવર્તે તેને પરિણમનરૂપ હિંસા કહીએ.**' વર્તમાન પરિણામ, હોં! '**આ બે ભેદ હિંસાના કહ્યા. તે બન્ને ભેદમાં પ્રમાદ સહિત યોગનું અસ્તિત્વ છે.**' પ્રમાદ સહિત બન્ને ભાવમાં પ્રમાદ સહિતનો (યોગ છે). ''**तस्मात्प्रमत्तयोगे नित्यं प्राणव्यपरोपणम्' - તેથી પ્રમાદ સહિતના યોગમાં હંમેશાં પરજીવની અપેક્ષાએ પણ પ્રાણઘાતનો સદ્ભાવ આવ્યો.**' નિમિત્તની અપેક્ષા આવીને? '**એનો અભાવ તો ત્યારે જ થાય જ્યારે આ જીવ પરહિંસાનો ત્યાગ કરી...**' પરને મારવાના ભાવનો ત્યાગ કરી. '**પ્રમાદરૂપ ન પરિણમે. ત્યાં સુધી હિંસાનો તો અભાવ કોઈપણ પ્રકારે થઈ શકે નહિ.**' હવે બીજી વાત છે. '**જો પ્રમાદરૂપ પોતાના પરિણામોથી હિંસા ઊપજે છે તો બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ શા માટે...**' બાહ્ય વસ્તુનો છોડવામાં નિમિત્ત શું કરવા છોડે છે? એ વ્યાખ્યા કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# ગાથા-૪૯

પ્રશ્ન :- જો પ્રમાદરૂપ પોતાના પરિણામોથી હિંસા ઊપજે છે તો બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ શા માટે કરાવવામાં આવે છે? તેનો ઉત્તર આગળ કહે છે :-

सूक्ष्मापि न खलु हिंसा परवस्तुनिबन्धना भवति पुंसः।

हिंसायतननिवृत्तिः परिणामविशुद्धये तदपि कार्या।।४९।।

અન્વયાર્થ :- [ खलु ] નિશ્ચયથી [ पुंसः ] આત્માને [ परवस्तुनिबन्धना ] પર વસ્તુનું જેમાં કારણ છે એવી [ सूक्ष्महिंसा अपि ] સૂક્ષ્મ હિંસા પણ [ न भवति ] થતી નથી. [ तदपि ] તોપણ [ परिणामविशुद्धये ] પરિણામોની નિર્મળતા માટે [ हिंसायतननिवृत्तिः ] હિંસાના સ્થાનરૂપ પરિગ્રહાદિનો ત્યાગ [ कार्या ] કરવો ઉચિત છે.

ટીકા :- 'खलु पुंसः परवस्तुनिबन्धना सूक्ष्माअपि हिंसा न भवति' - નિશ્ચયથી આત્માને પરવસ્તુના કારણે નીપજતી એવી જરાપણ હિંસા નથી.

ભાવાર્થ :- પરિણામોની અશુદ્ધતા વિના પરવસ્તુના નિમિત્તે અંશમાત્ર પણ હિંસાનો દોષ લાગતો નથી. નિશ્ચયથી તો એમ જ છે તો પણ પરિણામની શુદ્ધિ માટે 'हिंसायतननिवृत्तिः कार्या' - હિંસાના સ્થાન જે પરિગ્રહાદિ તેનો ત્યાગ અવશ્ય કરવો.

ભાવાર્થ :- જે પરિણામ થાય છે તે કોઈ વસ્તુનું આલંબન પામીને થાય છે. જો સુભટની માતાને સુભટ પુત્ર વિદ્યમાન હોય તો તો એવા પરિણામ થાય કે 'હું સુભટને મારું,' પણ જે વંધ્યા છે, જેને પુત્ર જ નથી તો એવા પરિણામ કેવી રીતે થાય કે હું વંધ્યાના પુત્રને હણું? માટે જો બાહ્ય પરિગ્રહાદિનું નિમિત્ત હોય તો તેનું અવલંબન પામીને કષાયરૂપ પરિણામ થાય. જો પરિગ્રહાદિકનો ત્યાગ કર્યો હોય તો નિમિત્ત વિના, અવલંબન વિના કેવી રીતે પરિણામ ઊપજે? માટે પોતાના પરિણામોની શુદ્ધતા માટે બાહ્ય કારણરૂપ જે પરિગ્રહાદિક તેનો પણ ત્યાગ કરવો. ૪૯.

---

પ્રવચન નં. ૩૬ ગાથા-૪૯ થી ૫૦ બુધવાર, જ્યેષ્ઠ સુદ ૭, તા. ૧૪-૦૬-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ગાથા ૪૯. પ્રશ્ન છે, **પ્રશ્ન :- 'જો પ્રમાદરૂપ પોતાના પરિણામોથી હિંસા ઊપજે છે...'** આપે તો એમ સિદ્ધ કર્યું કે, જે રાગ-દ્વેષના પરિણામ (થાય) તે જ

www.vitragvani.com



હિંસા. બહાર જીવ મરો, ન મરો એની સાથે હિંસાનો કાંઈ સંબંધ નથી. આત્મામાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ થાય એ હિંસા છે. કહો, આમાં પરવસ્તુનું કાંઈ રહ્યું નહિ. પરજીવ મરે, ન મરે એનું કાંઈ રહ્યું નહિ. **'તો પછી બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ શા માટે કરાવવામાં આવે છે?'** ન્યાં વળી પાછું આ ક્યાં આવ્યું? બાહ્ય પરિગ્રહથી એટલે બાહ્ય પદાર્થથી કાંઈ હિંસા, અહિંસા છે નહિ. તમે તો (એમ કહો છો કે) પરિણામ આત્માના સ્વરૂપને ભૂલીને કે અસ્થિરતા થાય, રાગ-દ્વેષ આદિ પુણ્ય-પાપના ભાવ (થાય) તે હિંસા એમાં પરનું કાંઈ આવ્યું નહિ. **'તો બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ શા માટે કરાવવામાં આવે છે?'** સમજાણું? બાહ્ય પરિગ્રહ, એનાથી તો હિંસા છે નહિ. બાહ્ય વસ્તુથી હિંસા નથી, બાહ્ય વસ્તુથી પાપ નથી, બાહ્ય વસ્તુથી બંધ નથી. એમ આપે તો પહેલું સિદ્ધ કર્યું. તો આ બાહ્ય વસ્તુનો ત્યાગ શા માટે કરાવવામાં આવે છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. **'તેનો ઉત્તર આગળ કહે છે :–'**

**सूक्ष्मापि न खलु हिंसा परवस्तुनिबन्धना भवति पुंसः।**
**हिंसायतननिवृत्तिः परिणामविशुद्धये तदपि कार्या।।४९।।**

**'નિશ્ચયથી આત્માને...'** **'पुंसः'** એટલે આત્મા–પુરુષ, **'આત્માને 'परवस्तुनिबन्धना' પરવસ્તુનું જેમાં કારણ છે એવી સૂક્ષ્મ હિંસા પણ થતી નથી.'** પરવસ્તુને કારણે આત્મામાં કાંઈ હિંસા થતી નથી. પર જીવ મરે કે ન મરે, બચે કે ન બચે, એની સાથે આત્મામાં હિંસાના પરિણામને સંબંધ છે નહિ. **'તોપણ...'** આમ વસ્તુ સ્વરૂપે હોવા છતાં. **'परिणामविशुद्धये'** **'પરિણામોની નિર્મળતા માટે...'** **'हिंसायतननिवृत्तिः'** એ હિંસાનું નિમિત્ત સ્થાન છે. પરિગ્રહાદિ રાગ-દ્વેષના થવામાં નિમિત્ત છે, આલંબન છે, હિંસાનું એ સ્થાન છે. **'એથી પરિગ્રહાદિનો ત્યાગ કરવો ઉચિત છે.'** જેના લક્ષે મમતા થાય તે વસ્તુને છોડવી, એમ મમતા છોડાવવા તે વસ્તુને છોડવી એમ કહેવામાં આવ્યું છે. કારણ કે પરિણામ આલંબન વિના ઉત્પન્ન થતાં નથી.

મુમુક્ષુ :– છોડવી કે ન છોડવી?

ઉત્તર :– છોડવા છોડવાનો ક્યાં પ્રશ્ન છે? એનું લક્ષ છોડવું એમ. એ છોડવાનો અર્થ એ. પરવસ્તુ પરિણામમાં નિમિત્ત છે. પરવસ્તુ બંધમાં કારણ નથી. પરવસ્તુ હિંસામાં કારણ નથી. પણ પરવસ્તુ પરિણામમાં નિમિત્ત આલંબન છે એ કારણે એ વસ્તુને છોડવી, એટલે કે એનું લક્ષ છોડવું, એ પરવસ્તુને છોડી એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? **'हिंसायतननिवृत्तिः'** એમ કીધું છે ને? એ સ્થાનથી પાછું હટવું, એમ કરવું તે ઉચિત છે. જેના નિમિત્તથી હિંસા થતી નથી, જેના અવલંબે બંધ પણ થતો નથી પણ જેના અવલંબે પરિણામ થાય છે, એ પરિણામનું નિમિત્ત ગણીને તેને છોડવું એટલે એનો આશ્રય છોડવો. અવલંબન છે ને?

ટીકા :– **'નિશ્ચયથી આત્માને પરવસ્તુના કારણે નીપજતી એવી જરાપણ હિંસા નથી.'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભાવાર્થ :- **'પરિણામોની અશુદ્ધતા વિના પરવસ્તુના નિમિત્તે અંશમાત્ર પણ હિંસાનો દોષ લાગતો નથી.'** અંદર ઘણું બધું આવશે. કહો, સમજાણું? **'નિશ્ચયથી આત્માને પરવસ્તુના કારણે નીપજતી એવી જરાપણ હિંસા નથી.'** જીવ મરે, ન મરે, પરિગ્રહ હોય, ન હોય એની સાથે હિંસા કે પાપ લાગતું નથી, એમ કહે છે. **'તો પણ પરિણામની શુદ્ધિ માટે...'** સમજાણું? આગળ લેશે હજી. નિમિત્ત વિના ને આલંબન વિના કેવી રીતે પરિણામ ઉપજે? એ સિદ્ધ કરે છે. એ તો બંધ અધિકારમાં છે ને? પરવસ્તુ પોતે બંધનું કારણ નથી, પણ બંધના કારણમાં એ અવલંબન નિમિત્ત તરીકે છે. માટે તેનું લક્ષ છોડાવવા તેને છોડવું એમ કહેવામાં આવ્યું છે. સમજાણું આમાં? હિંસાની વ્યાખ્યામાં આ બધી વાત એને સમજવી પડશે.

**'પરિણામની શુદ્ધિ માટે 'हिंसायतननिवृत्तिः कार्या' - હિંસાના સ્થાન જે પરિગ્રહાદિ...'** સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ **'તેનો ત્યાગ અવશ્ય કરવો.'** કહો, સમજાણું કાંઈ? અવશ્ય કરવાનો અર્થ?

મુમુક્ષુ :- પરિગ્રહ આદિનો ત્યાગ કરવો એ બરાબર છે.

ઉત્તર :- ત્યાગ કરવાનો અર્થ શું? કે, એ પરિણામમાં અવલંબન નિમિત્ત છે માટે એ વસ્તુ ન હોય તો પરિણામ કોને આશ્રયે થાય? એમ અહીં સિદ્ધ કરવું છે. પરિણામ થાય છે નિમિત્તને અવલંબે પણ બંધનું કારણ નિમિત્ત ને અવલંબન નથી. બંધનું કારણ તો પરિણામ પોતાના હિંસા, રાગ-દ્વેષના છે. એમાં પેલું નિમિત્ત જરીક છે, સ્થાન છે એથી તેનું લક્ષ છોડાવવા એને છોડવું, પરિણામનું નિમિત્ત છે માટે નિમિત્તને છોડવું, તે પરિણામની નિર્મળતા શુદ્ધતા માટે એમ કહેવામાં આવ્યું છે. પછી એમાંથી ઘણા નાખે છે. 'રતનચંદજી'! જુઓને. જુઓ! નિમિત્ત હોય તો પરિણામ થાય છે, નિમિત્ત છોડે તો પરિણામ નિર્મળ થાય છે.

મુમુક્ષુ :- લખ્યું છે.

ઉત્તર :- હા પણ એ બધી વાતું છે ને ખબર છે ને. એ તો આત્મ સ્વભાવને ભૂલી અને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ કરે એ જ હિંસા. એમ જ્યારે સિદ્ધ કર્યું ત્યારે પેલી નિમિત્તપણાની અવલંબનની કોઈ ચીજ તો રહેતી નથી. એ વાતને સ્પષ્ટ કરવા કહ્યું કે, જુઓ! બંધ તો પોતાના પરિણામથી છે. વસ્તુ કંઈ મરે, ન મરે એ કાંઈ બંધનું કારણ નથી. એ વસ્તુ બંધનું કારણ નથી. જે મરી ગયો એ બંધનું કારણ નથી. મારવાના ભાવ જે હતા એ બંધનું કારણ છે. છતાં એ પરિણામમાં એ નિમિત્ત છે, અવલંબન છે માટે છોડવું એમ કહેવામાં આવે છે, આમ છે, ભાઈ! પાઠમાં તો એમ લીધું, જુઓ!

પરિણામોની વિશુદ્ધિ એ પાઠ છે, પરિણામોની નિર્મળતા માટે. છે ને? મૂળ પાઠ છે ને **'तदपि'** એમ છે ખરું ને? **'तदपि हिंसायतननिवृत्तिः परिणामविशुद्धये कार्या'** ઠીક. એ હોય છે. તદ્કાર્ય એટલે શું? સમજાણું? કરવો ઉચિત છે. એમ કીધું ને? કરવો ઉચિત છે, લખ્યું છે. **'પરિણામોની અશુદ્ધતા વિના...'** આત્મામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના મલિન પરિણામ

www.vitragvani.com



વિના, **'પરવસ્તુના નિમિત્તે અંશમાત્ર પણ હિંસાનો દોષ લાગતો નથી.'** સિદ્ધાંત તો આ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અશુદ્ધતા પણ...

ઉત્તર :– અશુદ્ધતા હોય ત્યારે સામું નિમિત્ત અવલંબન છે એટલી વાત છે. નિમિત્ત ન હોય તો પણ અશુદ્ધતા તો પોતામાં હોય છે. એકેન્દ્રિયને ક્યાં છે? છે કાંઈ? મિથ્યાત્વની અશુદ્ધતા મોટી પડી છે, પણ અહીંયા તો બાહ્ય સ્થાન એક ચીજ અશુદ્ધ પરિણામમાં નિમિત્તરૂપે, અવલંબનરૂપે છે, એ અવલંબન છે તેને છોડાવે છે કે, જેથી એના પરિણામ તેના આશ્રય વિના અશુદ્ધ થાય નહિ, એમ. સમજાણું કાંઈ?

**'પરિણામોની અશુદ્ધતા વિના પરવસ્તુના નિમિત્તે અંશમાત્ર પણ...'** જુઓ! નિમિત્તે, એને કારણે **'અંશમાત્ર પણ હિંસાનો દોષ લાગતો નથી.'** એ તો પહેલું સિદ્ધ કર્યું. **'નિશ્ચયથી તો એમ જ છે...'** ખરેખર તો આત્મા પોતાના પરિણામમાં મોહ ને રાગ-દ્વેષ કરે એ એક જ હિંસા ને એ જ બંધનું કારણ છે, બીજું કોઈ બંધનું કારણ આ ને નિમિત્ત પણ બંધનું કારણ છે એમ નથી. એ નિમિત્ત બંધનું કારણ છે એમ નથી. પણ પરિણામનો આશ્રય નિમિત્ત છે. સમજાણું કાંઈ? દાખલો આપશે, એ જ આપશે. બંધના અધિકારનો. સુભટનો લીધો. 'ટોડરમલ્લ' એ દાખલો આપશે.

**'તો પણ પરિણામની શુદ્ધિ માટે 'हिंसायतननिवृत्तिः कार्या' - હિંસાના સ્થાન જે પરિગ્રહાદિ...'** સ્ત્રી, કુટુંબ, પૈસો, લક્ષ્મી તેનો ત્યાગ અવશ્ય કરવો. એનું લક્ષ છોડવા એનો ત્યાગ કરવો. એનું લક્ષ છૂટે એટલે ત્યાગ થયો કહેવાય. એનું અવલંબન રહ્યું નહિ. પોતાને આશ્રયે પરિણામ નિર્મળ થાય. પરના આશ્રયે જે મલિન થતાં, તેનું લક્ષ છોડ્યું તે પોતાને આશ્રયે નિર્મળ થાય. વાત તો એમ છે. પરિણામોની નિર્મળતા માટે એનો ત્યાગ કરવો એમ શબ્દ છે. વ્યવહારના કથન એવા હોય. કથનની શૈલી શું કરે? વ્યવહાર છે ને? વસ્તુ નિમિત્ત છે કે નહિ? વસ્તુ નિમિત્ત નથી? અવલંબન એક ચીજ નથી? ચીજ છે કે નહિ? એ ચીજ બંધનું કારણ નથી પણ એ ચીજ અશુદ્ધ પરિણામનું નિમિત્ત છે. બંધના કારણ બે નથી, પરિણામ પણ બંધના કારણ, એ પણ બંધનું કારણ એમ નથી. પણ પરિણામમાં એનું આલંબન છે, એથી તે ચીજને છોડવાનું અહીંયા કહેવામાં આવે છે. એ તો હજી બંધ અધિકારમાં આવશે. એ જ શૈલી લીધી છે. આહાહા!

મુમુક્ષુ :– આલંબન છોડવા માટે ખુલાસો કર્યો છે.

ઉત્તર :– એ જ થયું ને. આલંબન વિના કેવી રીતે થાય? માટે છોડવું. એમ જ થાય. ચરણાનુયોગનું છે ને. **'હિંસાના સ્થાન જે પરિગ્રહાદિ તેનો ત્યાગ અવશ્ય કરવો.'**

**ભાવાર્થ :–** જુઓ! **'જે પરિણામ થાય છે તે કોઈ વસ્તુનું આલંબન પામીને થાય છે.'** આમ ખુલાસો કર્યો.

www.vitragvani.com



મુમુક્ષુ :– જીત થઈ?

ઉત્તર :– જીત ક્યાં થઈ? પરિણામ થાય છે એમ કહ્યું. તે વસ્તુનું આલંબન પામીને થાય છે. એમાં નિમિત્ત સામે લક્ષ જાય ત્યારે પરિણામ થાય. અહીં અશુદ્ધતાની વાત છે કે નહિ? અશુદ્ધતાની અહીં વાત છે ને અત્યારે? શુદ્ધતાના પરિણામ તો પોતાને આશ્રયે થાય છે. જે પરિણામ થાય છે તે કોઈપણ વસ્તુનું આલંબન લક્ષમાં આવે આ, આ ત્યારે એને પરિણામ થાય.

**'જો સુભટની માતાને સુભટ પુત્ર વિદ્યમાન હોય...'** દાખલો એ જ બંધ અધિકારનો આપ્યો. સુભટ વીર... વીર. વીરજનનીને વીર પુત્ર વિદ્યમાન હોય, **'તો તો એવા પરિણામ થાય કે 'હું વીરને મારું છું, સુભટને મારું છું,'...'** કહો, સમજાણું કાંઈ? વીરજનની આવે છે ને? જનની જન તો... શું આવે છે? ભક્તજન કાં દાતા, કાં સૂર, નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર. શરીરના તેજ ગુમાવીશ નહિ. કાં તો ભક્ત જણે, કાં પુરુષાર્થી-મોક્ષાર્થી જણે, ભક્ત કાં દાતા. એમ બહારની વાત લે છે. ઇ ખરો દાતા તો આત્માના સ્વરૂપને આપે ઇ દાતા. સમજાણું કાંઈ? કહે છે, સુભટ એટલે વીરની માતાને, વીર પુત્ર વિદ્યમાન હોય, સુભટ વિદ્યમાન હોય તો તો એવા પરિણામ થાય કે, હું આ સુભટને મારું. વિદ્યમાન હોય એને મારે કે ન હોય એને મારે?

**'પણ જે વંધ્યા છે,...'** જેને પુત્ર જ નથી, તો એવા પરિણામ કેવી રીતે થાય કે, હું વંધ્યાના પુત્રને હણું. કહો, એમ છે ક્યાંય? કે, આ વાંજણીના દીકરાને મારું છું. વાંજણીને દીકરો જ હોય નહિ, તો વાંજણીના દીકરાને મારું એવા ભાવ કોઈ દિ' હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં? **'જેને પુત્ર જ નથી તો એવા પરિણામ કેવી રીતે થાય કે હું વંધ્યાના પુત્રને હણું? માટે જો બાહ્ય પરિગ્રહાદિનું નિમિત્ત હોય તો તેનું અવલંબન પામીને કષાયરૂપ પરિણામ થાય.'** ભાષા એમ કરી છે ને એણે. બાહ્ય પરિગ્રહાદિનું નિમિત્ત હોય તો તેનું આલંબન પામીને કષાયરૂપ પરિણામ થાય. નિમિત્તનું લક્ષ કરે તો નિમિત્તને પામીને પરિણામ થયા એમ કહેવામાં આવે. નિમિત્તે કરાવ્યા નથી. ભારે ગોટો આમાં મોટો. જેને નાખો એટલું કાઢે એ. જુઓ! આમાં (આમ લખ્યું છે). 'હિંમતભાઈ'ને અત્યારે નિશાળે જાવું, નહિ? ઓછું કર્યું તો નિશાળે આ વ્યાખ્યાન બંધ રહે. શરૂઆત છે એટલે? પણ આ વ્યાખ્યાન કે દિ' (સાંભળવા મળે)? સાંભળ્યા નહોતા.

મુમુક્ષુ :– સવારમાં...

ઉત્તર :– સવારનું અને કાલ અને આજનું બે મોટા વ્યાખ્યાન ગયા. સમજાણું?

જો બાહ્ય પરિગ્રહના નિમિત્ત હોય તો લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધા પાપ પરિણામમાં નિમિત્ત છે, આયતન છે. કહો, દુકાનનો ધંધો, દુકાનનો થડો, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, આબરૂ એ બધા પાપના આયતન–સ્થાન છે. એને અવલંબે પાપ પરિણામ થાય

www.vitragvani.com



છે. માટે તેને છોડવા એમ કહેવામાં આવ્યું છે. છોડવાનું ઇ કે પરિણામમાં લક્ષ છોડવું ઇ છોડવું. એનું લક્ષ છોડવું એ પરને છોડ્યા એમ કહેવામાં આવે. ઇ તો જ્યાં છે ત્યાં છે. ક્યાં ઘૂસી ગયા છે અહીં? એ કરાવે છે કે દિ'? સમજાણું કાંઈ?

અશુદ્ધ પરિણામ સ્વને આશ્રયે ન થાય એ પરના લક્ષે થાય, તે લક્ષ છોડાવવા પરને છોડવું એમ કહેવામાં આવે છે. વાત તો એમ છે. ઇ લખ્યાનો અર્થ સમજવો જોઈએને એનો. પરને છોડવું એટલે શું? લ્યો, આ બાયડી છોડો. શું ક્યાં ઘૂસી ગઈ હતી તે છોડે? શું છોડે? ઇ કરવું ઉચિત છે, લક્ષ છોડવું ઉચિત છે. એટલે એને છોડવા ઉચિત છે એમ કીધું. લક્ષ છોડવું ઉચિત છે, એટલે એને છોડવું ઉચિત છે એમ કહ્યું. વ્યવહારનયના કથન જ એવા હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કુણો શું પડે? તો બાયડી, છોકરા છોડે. ઘણા અનંતવાર છોડ્યા. છોડ્યા શું? છૂટા જ પડ્યા છે. એના લક્ષે, અવલંબે, નિમિત્તે પાપ પરિણામ થાય છે એ પરિણામને અવલંબન એ છે, એથી તેને છોડવું એમ કહેવામાં આવ્યું છે. પરિણામ કોઈ પણ નિમિત્તના અવલંબન વિના થતાં નથી. સુભટની માતાને પુત્ર હતો તો આને મારું એમ કહેવામાં આવ્યું. વાંજણીને પુત્ર ન હોય ને વાંજણીના પુત્રને મારું છું એવા પરિણામ થાય છે? એમ જે પદાર્થની જ હયાતી નથી એને લઈને પરિણામ થાય એમ હોઈ શકે નહિ. પરિણામનું નિમિત્ત છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, ધંધો, વેપાર એ બધા પાપના સ્થાન છે. એ પાપના સ્થાન છે. સમજાણું કાંઈ?

**'માટે જો બાહ્ય પરિગ્રહાદિનું નિમિત્ત હોય તો તેનું અવલંબન પામીને...'** પહેલા આલંબનથી જ ઉપાડ્યું છે. કોઈ વસ્તુનું આલંબન પામીને થાય છે. નિમિત્ત પામીને થાય છે, નિમિત્ત પામીને થાય છે, પછી આમાં લાકડા ઘૂસી જાય કે નહિ? કરો ચર્ચા. નિમિત્ત પામીને થાય છે કે નહિ, કરો ચર્ચા. અરે..! ભાઈ! ઇ તો કહે છે કે અશુદ્ધ પરિણામ પાપના છે, એનું કંઈક લક્ષ પરવસ્તુ છે, એ વિના પરિણામ શી રીતે નિમિત્તના અવલંબન વિના થાય? પોતાના આશ્રયે કાંઈ પાપના મલિન પરિણામ થાય? એ માટે એને લક્ષ છોડાવવા પરને છોડવું એમ કહેવામાં આવ્યું છે.

**'જો પરિગ્રહાદિકનો ત્યાગ કર્યો હોય તો નિમિત્ત વિના, અવલંબન વિના...'** એટલે સંયોગ વિના અને એનું લક્ષ આલંબન નથી. **'એના વિના કેવી રીતે પરિણામ ઊપજે?'** પાપના પરિણામ કેમ ઊપજે? તો નિમિત્ત વિના પણ ઊપજે છે, એમ લખ્યું ને 'ટોડરમલ્લજી'માં? એ તો બધો બહુ ખુલાસો કર્યો. નિમિત્ત વિના ઊપજે. એકલો-એકલો અંદરથી ઊભા કરે. ઊભા કરે, લ્યો! કાંઈ નિમિત્ત પણ નથી ને ઊભા કરે. આમ ને આમ ને આમ. સમજાણું કાંઈ? દીકરો ન હોય ને દીકરાના વિચાર કરે, આમ થાય... આમ થાય... આમ થાય...

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ફલાણાને માનીએ, ફલાણાના આશીર્વાદ લઈએ તો દીકરો થાય. લ્યો! દીકરો નથી તોપણ વિચાર કરે. ઉઠાવને ઉઠાવવું હોય એને શું? એ તો ગમે તેને નિમિત્ત બનાવે. નિમિત્ત વિના પણ પરિણામ થાય છે. એ 'ટોડરમલ્લજી'માં આવે છે.

મુમુક્ષુ :– ત્યારે એને નિમિત્ત કહેવાય.

ઉત્તર :– ત્યારે કહેવાય. પરિણામ થાય તો પેલાને નિમિત્ત કહેવાય. અને પરિણામ ન કરે તો પછી થઈ રહ્યું. આલંબન ક્યાં ગયું આનું? ત્યારે કહેવાય.

**'નિમિત્ત વિના, અવલંબન વિના કેવી રીતે પરિણામ ઊપજે? માટે પોતાના પરિણામની શુદ્ધતા માટે...'** ભાષા જુઓ! એટલે ખરેખર તો અશુદ્ધતા ન થવા માટેની વાત છે. પાઠમાં તો એમ લીધું છે ખરું ને? પરિણામ વિશુદ્ધયે. પરના લક્ષને છોડવા ને પરિણામની વિશુદ્ધિ માટે **'બાહ્ય કારણરૂપ...'** જુઓ! બાહ્ય કારણ ને નિમિત્ત. બાહ્યકારણ અને નિમિત્તકારણ. **'જે પરિગ્રહાદિક તેનો પણ ત્યાગ કરવો.'** પરિણામનો ત્યાગ કરવો પણ પરિણામનું નિમિત્ત છે એનો પણ ત્યાગ કરવો. **'તેનો પણ...'** એમ છે ને? ચરણાનુયોગના કથનની પદ્ધતિ જે હોય છે તે રીતે એનું કથન આવે. એટલે આ વ્યવહારનયના કથનોની શૈલી છે. સમજાણું?

બંધ અધિકાર, .. અધિકાર. 'સમયસાર'માં પણ કરુણાનુયોગના અધિકારે ત્યાં વાત લીધી છે. આમ તો રાગના ત્યાગનો કર્તા આત્મા જ્યાં નથી (ત્યાં) વળી પરના ત્યાગનો કર્તા ક્યાંથી આવ્યો? શું કીધું? રાગના ત્યાગનો પરમાર્થે કર્તા આત્મા નથી. એને નામ માત્ર રાગના ત્યાગના કર્તાપણાનું નામ લાગું પડે છે. નામ માત્ર. વસ્તુ જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ છે, એનું જ્યાં અંદર ઠરવું થાય છે, ત્યાં રાગ ઉત્પન્ન થતો નથી, એટલું દેખીને આત્માએ રાગના ત્યાગનો કર્તા થયો એમ કહેવાણું, ખરેખર છે નહિ. લ્યો!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વસ્તુ એ છે. દ્રવ્યાનુયોગ એટલે વાસ્તવિક દ્રવ્યના સ્વભાવની સ્થિતિનું વર્ણન એમ છે. રાગ, વિકલ્પનો ત્યાગ કરવો એ ઉચિત છે એ એમાં નથી. સમજાણું કાંઈ? કારણ કે, જ્યાં વિકલ્પ એના સ્વરૂપમાં જ નથી પછી ત્યાગ કરવો કોને? એ જ્ઞાન સ્વરૂપ છે એમ જ્યાં અંદર ઠર્યો, એટલે જ્ઞાનનું પરિણમન થયું એટલે વિકલ્પનો અભાવ થવાને કાળે થયો, એ નામ માત્ર કહેવામાં આવ્યું. પરમાર્થે રાગના ત્યાગનો કર્તા આત્મા છે જ નહિ. સ્વભાવની શુદ્ધ પરિણતિનો કર્તા વ્યવહારે કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ?

ત્યાં એમ કહ્યું કે, રાગના ત્યાગના કર્તાપણાનું પરમાર્થે આત્માને કાંઈ .. નથી. અહીં કહે છે કે, પરિગ્રહાદિને ત્યાગ કરવો તે ઉચિત છે. કાર્ય છે એમ કીધું ને? એ કઈ અપેક્ષા છે એ સમજવું જોઈએ ને. પરની સાથે સંબંધ શું? પર છૂટે એટલે આઘુ ચાલ્યું જાય? આ છોડે એટલે આઘુ ચાલ્યું જાય? ધક્કો મારીને કાઢે? પર ચીજને ધક્કો મારીને કઢાતા હશે? અને પર ચીજને નજીક લવાતી હશે? એને કારણે એ જાય ને એને કારણે આવે. આત્માનો

www.vitragvani.com



અધિકાર નથી કે, પર ચીજને આમ જરી હડશેલે. આ નથી જોઈતું. આ નથી જોઈતું. પરનું ગ્રહણ અને ત્યાગ આત્મામાં ત્રણકાળમાં નથી.

મુમુક્ષુ :– ત્યાગનું કર્યું છે તો ગ્રહણ તો હોવું જોઈએ.

ઉત્તર :– નથી. પણ અહીં તો પેલો નિમિત્તપણે રાગ થાય છે, આત્મામાં નિમિત્તપણે થાય છે એમ વળી અહીં તો કીધું. ઉપાદાનમાં અંદરમાં છે નહિ. વ્યવહારમાં, વ્યવહારમાં નિમિત્તપણે થાય, એનું નિમિત્ત જે બહાર છે, એનું આલંબન છોડવાની વાત કરી છે. એવી વાત છે, ભાઈ! શાસ્ત્ર તો કહે છે કે, નયના જ્ઞાન વિના... આગળ કહેશે. ગહન નયનો વિષય છે, આ ગુરુ શરણં... ગુરુ શરણં... જુઓ! એમાં છે. હિંસાની વાત. જુઓ! ૫૮.

**इति विविधभङ्गहने सुदुस्तरे मार्गमूढदष्टीनाम्।**
**गुरवो भवन्ति शरणं प्रबुद्धनयचक्रसञ्चाराः।।५८।।**

૫૮ ગાથા છે. વાસ્તવિક નયના જ્ઞાન વિના કોઈ શાસ્ત્રનો અર્થ એને બરાબર સૂઝશે નહિ. કાંઈકનું કાંઈક કરી દેશે, ક્યાંકનું ક્યાંક બેસાડી દેશે. માટે નયનું જ્ઞાન એને (હોવું જોઈએ). વ્યવહારનયનું કથન શું હોય, નિશ્ચયનું શું હોય, અસદ્‌ભુતનું શું હોય એનું બરાબર એણે જાણવું જોઈએ. આ ગોટા એને લઈને ઉઠ્યા છે ને. બાકી તો કોને કાંઈ સંબંધ (નથી). એક રજકણ પણ એને કારણે, એના કાર્ય કાળે કાર્યમાં એમાં છે. એનું ખસવું એવું કાર્ય પણ એને કાળે, એને કારણે થાય. સમજાણું? હવે આ કેરી છોડવું, છોડે શું? એના લક્ષે મને આ પરિણામ અશુદ્ધ થાય છે. એનો અર્થ શું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ દે? ધૂળ દે. એ અનંત રજકણનો પિંડ, એની સમયે સમયે થતી પર્યાયરૂપી કાર્ય, એ કાર્યનું કર્તા તો એ છે. બીજો વળી કાર્યનો કર્તા ક્યાંથી લાવ્યો એમાં? લ્યો હું કેરી છોડું, હોં! મને એના અવલંબને રાગ બહુ થાય છે. એને છોડી દીધી. એમ છોડી એ છોડી કહેવાય? કહો, સમજાણું? એવું આવે છે લ્યો કે, જે કંઈ એના વહાલામાં વહાલો રાગ જે થતો એ પહેલો છોડવો. 'ભગવતી આરાધના'માં આવે છે ને? જે ચીજ ઉપર બહુ પ્રેમ હોય એને પહેલી છોડવી. કેરીને જોઈને ગલગલીયા થાય છે. તો કેરી પહેલી છોડવી. કહો, સમજાણું? જાંબું. શું કહેવાય પેલા? ગુલાબજાંબું. આમ પોચા રૂ જેવા, માખણ જેવા. એને દેખીને એકદમ મૂર્છા આવે છે તો એને પહેલા છોડ. એટલે? એ છોડ તો આમ નાખી દેવી? પડી છે જ્યાં પડી ત્યાં. એનો પ્રેમ છોડ એમ કહેવા માટે, ઇ છોડ એમ કહેવામાં આવ્યું છે. વાત તો એ છે. આહાહા!

વસ્તુની જે મર્યાદા છે એને જાળવીને તત્ત્વ હોય કે નહિ? કે પછી કો'કનો પર્યાય કો'ક કરે, એ વાત જ્યારે આવે ત્યારે એ કહે સાચી વાત છે એમ છે એમાં? એ પરને કરવું, ત્યાગ કરવો, પરનો ત્યાગ કરવો એ કાર્ય તારું છે. એ કથન તો નિમિત્તના થયા.

www.vitragvani.com



તારો રાગ ન થાય, ત્યારે પેલું નિમિત્ત છૂટ્યું છે એમ કહેવામાં આવે છે. વાદવિવાદે પાર પડે એવું નથી.

મુમુક્ષુ :– નિમિત્ત હોય તો તેનું અવલંબન પામે.

ઉત્તર :– હા, પણ પેલી ચીજ હોય તો અવલંબન કરે, નથી ચીજ એનું અવલંબન શું કરે? સુભટનો દીકરો છે, એની માતાનો પણ વાંજણીના દીકરાનું અવલંબન લ્યો. સમજાણું? નારકીના જીવને હમણાં મારી નાખું. કહો, આવે છે કોઈ દિ'? એના લક્ષમાં જ નથી એ વસ્તુ અત્યારે. ત્યાં હોય અને એ .. રહે. સાતમી નરકમાં નાખીને મારી નાખું. હમણા મારી નાખું. પણ ક્યાં છે? તારા અવંલબન સામે વસ્તુમાં લક્ષ જ નથી. છે એવા પદાર્થના અવલંબનથી પરિણામ થાય એમ કહેવામાં આવે છે. પરિણામ કરે છે ત્યારે એ નિમિત્ત છે એથી એમ કહેવામાં આવ્યું. કહો, સમજાણું કાંઈ?

ઓહો..! એક તત્ત્વ નિરાળુ, પર તત્ત્વની સાથે કાંઈ નિમિત્ત-નિમિત્ત સંબંધ વિના કોઈ સંબંધ નથી. નિમિત્ત-નિમિત્ત સંબંધનો અર્થ સ્વતંત્ર કાર્ય ત્યાં થાય ત્યારે આને નિમિત્ત કહેવાય, અહીં સ્વતંત્ર કાર્ય થાય ત્યારે નિમિત્ત (કહેવાય) એનો અર્થ શું થયો? નિમિત્ત-નિમિત્ત સંબંધનો અર્થ શું કે પૃથક–પૃથક કાર્ય કરનારનો સંબંધ બતાવ્યો છે. આહા..!

મુમુક્ષુ :– લક્ષમાં આવવું જોઈએ. નહિતર આમાં તો નિમિત્ત છાતી ઉપર ચડી જાય.

ઉત્તર :– છાતી ઉપર ચડી જાય. પણ એ તો ભાઈ! કઈ અપેક્ષાએ કથન છે એમ જાણવું જોઈને? '**हिंसायतननिवृत्तिः परिणामविशुद्धये तदपि कार्या**'. આમ હોવા છતાં પણ એ નિશ્ચય સિદ્ધ કર્યું પહેલું. '**सूक्ष्मापि न खलु हिंसा परवस्तुनिबन्धना भवति पुंसः**' એ યથાર્થ વસ્તુ સિદ્ધ કરી. હવે ઉપચાર સિદ્ધ કરે છે. આમ છોડવું અથવા આ ન હોય, પણ અહીં તો એને પરિણામના અવલંબનમાં એ નિમિત્ત છે, માટે તેને છોડ એમ કહેવામાં આવે છે. '**परिणामविशुद्धये**' પરના લક્ષ વિના પરિણામ અશુદ્ધ થાય નહિ, માટે પરનું લક્ષ છોડવા પરને છોડ. નિમિત્તની ઉપસ્થિતિ હશે તો તેને લક્ષે તને વિકાર થશે. નિમિત્ત વિકાર કરાવે છે એમ છે નહિ. તેમ નિમિત્ત બંધનું કારણ છે એમ પણ છે નહિ. પરિણામમાં નિમિત્ત અવલંબન તરીકે કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

'**પરિગ્રહાદિનો ત્યાગ કર્યો હોય તો નિમિત્ત વિના, અવલંબન વિના કેવી રીતે પરિણામ ઊપજે? માટે પોતાના પરિણામોની શુદ્ધતા માટે બાહ્ય કારણરૂપ જે પરિગ્રહાદિક તેનો પણ ત્યાગ કરવો.**' એમ કહેવાય ને? વ્યવહારમાં ભાષા શું આવે? સમજાણું? અહીં કહે કે રાગનો ત્યાગ પરમાર્થે આત્માને નથી. અહીં કહે કે, બાહ્ય પદાર્થનો ત્યાગ પરિણામની નિર્મળતા માટે કરવો. બેનો મેળ કરવો પડશે કે નહિ? સમજાણું કાંઈ? કે જૈનશાસનમાં બધે જ્યાં-ત્યાં ગમે એમ લખાતું હશે? એમ હોય? જે રીતે જ્યાં પ્રકાર છે તેને તે રીતે સમજવો જોઈએ. આ વ્યવહારનયનું કથન છે. પરિણામમાં અશુદ્ધતા ઊપજે છે. ખરેખર તો અશુદ્ધતાને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરનું કારણ કહેવું એ વ્યવહાર છે, લ્યો! નિશ્ચયનયથી પોતાના જ કર્તા–કર્મ કારણે પોતે અશુદ્ધતા ઊપજે છે. વસ્તુ તો એ છે. કહો, સમજાણું? પણ એમાં નિમિત્તનું અવલંબન છે એટલો વ્યવહાર સિદ્ધ કર્યો, વ્યવહાર સિદ્ધ કર્યો. નિશ્ચયમાં તો પરને લઈને વિકાર થાય એ વાત છે જ નહિ. એ તો પહેલું કહ્યું. **'न खलु हिंसा परवस्तुनिबन्धना भवति पुंसः'** બિલકુલ થતી નથી. પરને લઈને જરીએ હિંસા એટલે, જરીએ રાગ થતો નથી એમ કહેવું છે. ન હિંસા એટલે કે રાગ. પરને કારણે રાગ જરીએ થતો નથી, બિલકુલ થતો નથી. પણ રાગ થતો હોય, એને પેલું અવલંબન દેખીને કહ્યું કે, ભાઈ! એને છોડ. લક્ષ છોડાવવા તેને છોડ એમ કહ્યું છે. સમજાણું કાંઈ? અહો..! નયચક્ર કઠણ છે. હવે ૫૦મી ગાથા.

## ગાથા–૫૦

આગળ એક પક્ષવાળાનો નિષેધ કરે છે :–

**निश्चयमबुध्यमानो यो निश्चयतस्तमेव संश्रयते।**
**नाशयति करणचरणं स बहिःकरणालसो बालः।।५०।।**

**અન્વયાર્થ :– [ यः ] જે જીવ [ निश्चयं ] યથાર્થ નિશ્ચય સ્વરૂપને [ अबुध्यमानः ] જાણ્યા વિના [ तमेव ] તેને જ [ निश्चयतः ] નિશ્ચય શ્રદ્ધાથી [ संश्रयते ] અંગીકાર કરે છે [ स ] તે [ बालः ] મૂર્ખ [ बहिःकरणालसः ] બાહ્ય ક્રિયામાં આળસુ છે અને [ करणचरणं ] બાહ્યક્રિયારૂપ આચરણનો [ नाशयति ] નાશ કરે છે.**

**ટીકા :– 'यः निश्चयं अबुध्यमानः निश्चयतः तमेव संश्रयते सः बालः करणचरणं नाशयति' - જે જીવ યથાર્થ નિશ્ચયના સ્વરૂપને તો જાણતા નથી, જાણ્યા વિના માત્ર નિશ્ચયના શ્રદ્ધાનથી અંતરંગને જ હિંસા જાણી અંગીકાર કરે છે તે અજ્ઞાની દયાના આચરણનો નાશ કરે છે.**

**ભાવાર્થ :– જે કોઈ કેવળ નિશ્ચયનો શ્રદ્ધાની થઈને એમ કહે છે કે અમે પરિગ્રહ રાખ્યો અથવા ભ્રષ્ટાચારરૂપ પ્રવર્તીએ તો શું થયું? અમારા પરિણામ સારા જોઈએ. એમ કહીને સ્વચ્છંદે પ્રવર્તે છે તે જીવે દયાના આચરણનો નાશ કર્યો. બાહ્યમાં તો નિર્દય થયો જ અને અંતરંગ નિમિત્ત પામી પરિણામ અશુદ્ધ થાય જ થાય; તેથી તે અંતરંગની અપેક્ષાએ પણ નિર્દય થયો. કેવો છે તે જીવ? બાહ્ય દ્રવ્યરૂપ અન્ય જીવની દયામાં આળસુ છે, પ્રમાદી છે અથવા આ સૂત્રનો બીજી રીતે અર્થ કરીએ છીએ. 'यः निश्चयं अबुध्यमानः तमेव निश्चयतः**

www.vitragvani.com



**संश्रयते सः बालः करुणा आचरणं नाशयति' - જે જીવ નિશ્ચયનયના સ્વરૂપને નહિ જાણીને વ્યવહારરૂપ જે બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ છે તેને જ નિશ્ચયથી મોક્ષમાર્ગ જાણી અંગીકાર કરે છે તે જીવ શુદ્ધોપયોગરૂપ જે આત્માની દયા તેનો નાશ કરે છે.**

**ભાવાર્થ :– જે જીવ નિશ્ચયનયનું સ્વરૂપ તો જાણે નહિ, કેવળ વ્યવહારમાત્ર બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ કરે, ઉપવાસાદિકને અંગીકાર કરે, એ પ્રમાણે બાહ્ય વસ્તુમાં હેય-ઉપાદેયબુદ્ધિરૂપે પ્રવર્તે છે, તે જીવ પોતાના સ્વરૂપ અનુભવરૂપ શુદ્ધોપયોગમય અહિંસા ધર્મનો નાશ કરે છે. કેવો છે તે જીવ? 'बहिः करणालसः' - ઉદ્યમ વડે તેણે અશુભોપયોગનો તો ત્યાગ કર્યો પણ બાહ્ય પરજીવની દયારૂપ ધર્મ તેના જ સાધનમાં આળસુ થઈને બેસી રહ્યો, શુદ્ધોપયોગ ભૂમિકામાં ચઢવાનો ઉદ્યમ કરતો નથી. આ રીતે એકાંતપક્ષવાળાનો નિષેધ કર્યો. આગળ દ્રવ્યહિંસા અને ભાવહિંસાની અપેક્ષાએ ભિન્ન ભિન્ન પ્રકારના ભંગ બતાવે છે. ૫૦.**

---

**'આગળ એક પક્ષવાળાનો નિષેધ કરે છે :–'** આ નિશ્ચયને જાણતા નથી અને નિશ્ચયને નામે પરની દયાના ભાવ પણ દરકાર વિના ભ્રષ્ટાચાર થાય છે, એને છોડાવે છે. અથવા નિશ્ચયનું જ્ઞાન નથી, એના ભાવપ્રાણ હણાય છે. અંદર બે અર્થ કરશે, અર્થ બે કરશે. ૫૦. શુદ્ધ ઉપયોગનો આદર કરતો નથી એને આત્માની દયા રહેતી નથી એમ કહેશે. શુદ્ધ ઉપયોગનો ઉદ્યમ કરતો નથી એને આત્માની દયા, રાગ કરે એટલે આત્માની દયા રહેતી નથી. રાગ કરવો એ આત્માની હિંસા છે. શુદ્ધ ઉપયોગ કરવો એ આત્માની દયા છે એમ કહે છે. શબ્દ પણ ફેર છે જરી. **'बहिःकरणालसो'** છે ને? ન્યાં વળી **'करुणा आचरणं नाशयति'** એમ કહેશે. એવો પણ એક શબ્દ ફેરવીને અર્થમાં કહેશે.

**निश्चयमबुध्यमानो यो निश्चयतस्तमेव संश्रयते।**
**नाशयति करणचरणं स बहिःकरणालसो बालः।।५०।।**

એમ કહે છે. જરી શબ્દ ફેરવીને પણ **'करणालसो'** છે ને **'करणालसो'**? તો કરુણાવસા એમ પણ એક (અર્થ છે). આ જ શબ્દ ત્યાં 'પંચાસ્તિકાય'માં છે. થોડો થોડો શબ્દ ફેર છે, હોં! આ ગાથા. થોડો ફેર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ છતાં શબ્દ આમ ભાવ આ છે. ત્યાં પણ **'निश्चयमबुध्यमानो'** છે ને? પણ બેમાં થોડો ફેર છે. ......વસ્તુનું સ્વરૂપ એવું.

**निश्चयमबुध्यमानो यो निश्चयतस्तमेव संश्रयते।**
**नाशयति करणचरणं स बहिःकरणालसो बालः।।५०।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આ તો જેને વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ યથાર્થ જ્ઞાન કરવું હોય (તેને માટે વાત છે). જેમ છે તેમ જ્ઞાન કરે ત્યારે જ્ઞાન કહેવાય કે નહિ? હોય કાંઈક ને જાણે જ્ઞાન (કાંઈક) તો જ્ઞાન અજ્ઞાન થયું. એમ પોતાને પરિણામમાં પાપના (ભાવ) થાય છે (એ) પોતાથી સ્વતંત્ર થાય છે. પણ જ્યારે એનું નિમિત્ત કહેવું હોય ત્યારે આલંબન બીજું છે એનું જ્ઞાન કરાવવા, એનું જ્ઞાન કરાવવા અને એને લક્ષ છોડાવવા બહારના અવલંબન વિના વિકાર થાય નહિ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક પક્ષવાળાનો નિષેધ કરી, એકલો નિશ્ચયને માને છે ને પરદયાને જાણતો નથી. અથવા પર દયાના જ પરિણામને કરે છે ને શુદ્ધ ઉપયોગને જાણતો નથી. બે અર્થ કરશે. **'निश्चयं अबुध्यमान:'**ના બે અર્થ. એક પક્ષના બે અર્થ. નિશ્ચય સત્ સ્વરૂપ છે એને જાણતો નથી અને પર દયાને પાળતો નથી. આવતો નથી. અને એક એકલા દયા કરુણાના શુભભાવને જ કરે છે પણ શુદ્ધભાવને કરતો નથી. તે પોતાની દયાનો નાશ કરે છે. જે એકલો નિશ્ચય જાણીને પર દયાની દરકાર કરતો નથી, તે પર દયાનો નાશ કરે છે. એમ બે અર્થ કરે છે. 'કાન્તિભાઈ'! આ તો એવું છે. ઝીણું છે, ભાઈ! આહાહા!

**निश्चयमबुध्यमानो यो निश्चयतस्तमेव संश्रयते।**
**नाशयति करणचरणं स बहि:करणालसो बाल:।।५०।।**

**'જે જીવ યથાર્થ નિશ્ચય સ્વરૂપને જાણ્યા વિના...'** નિશ્ચયનો અર્થ જ કર્યો કે યથાર્થ નિશ્ચય. આત્માનું યથાર્થ શુદ્ધ આનંદ સ્વરૂપ, એવા નિશ્ચય સ્વરૂપને જાણ્યા વિના, **'તેને જ નિશ્ચય શ્રદ્ધાથી અંગીકાર કરે છે...'** ખોટી રીતે નિશ્ચયથી અંગીકાર કરી, એમ. **'તે મૂર્ખ બાહ્ય ક્રિયામાં આળસુ છે...'** બહાર દયા પાળવાના ભાવને કરતો નથી. શુભભાવની દરકાર કરતો નથી. **'અને બાહ્યક્રિયારૂપ આચરણનો નાશ કરે છે.'** એટલે શુભભાવના પરિણામનો નાશ કરે છે, એમ. નિશ્ચય સ્વરૂપને જાણતો હોય તો તો એના પરિણામમાં એની યોગ્યતા પ્રમાણે શુભભાવ હોય છે. પણ નિશ્ચયને જાણતો નથી, જ્ઞાયક સ્વરૂપને જાણતો નથી, અંતર અનુભવ વેદન થયું નથી અને અમે નિશ્ચય છીએ, અમારે હવે પરનું શું કામ? એમ કરીને શુભભાવનો પણ નાશ કરે છે. સમજાણું કાંઈ?

બે અર્થ છે. **'જે જીવ યથાર્થ નિશ્ચયના સ્વરૂપને (તો જાણતા નથી) જાણ્યા વિના તેને જ માત્ર નિશ્ચય શ્રદ્ધાનથી...'** ખોટી નિશ્ચય શ્રદ્ધાથી, સાચું નહિ. સાચું હોય તો તો એને એના પ્રમાણમાં શુભભાવ એને હોય ત્યાં વ્યવહાર હોય. **'નિશ્ચય શ્રદ્ધાથી અંગીકાર કરે છે તે મૂર્ખ બાહ્ય ક્રિયામાં આળસુ છે અને બાહ્યક્રિયારૂપ આચરણનો નાશ કરે છે.'**

**'य: निश्चयं अबुध्यमान: निश्चयत: तमेव संश्रयते स: बाल: करणचरणं नाशयति'** **'જે જીવ યથાર્થ નિશ્ચયના સ્વરૂપને તો...'** આત્મા જ્ઞાયક સ્વરૂપ, શુદ્ધ આનંદ જ્ઞાતા-દૃષ્ટા, એ એનું સ્વરૂપ છે. આત્માનું જ્ઞાતા-દૃષ્ટા, જાણનાર-દેખનાર શુદ્ધ આનંદ, એ એનું સ્વરૂપ

www.vitragvani.com



છે. એને જાણવું એ યથાર્થ ને સમ્યક્ ને યથાર્થ દૃષ્ટિ કહેવામાં આવે છે. એમ તો જાણતો નથી. **'યથાર્થ નિશ્ચયના સ્વરૂપને તો જાણતો નથી, જાણ્યા વિના માત્ર નિશ્ચયના શ્રદ્ધાનથી...'** જાણ્યા વિના, અનુભવ્યા વિના, વેદ્યા વિના, એકલા નિશ્ચયની શ્રદ્ધા કે, અમારે તો શુદ્ધ છે, અમારે કોઈ શુભની જરૂર નથી, શુભભાવની અમારે જરૂર નથી, અમે તો...

**'અંતરંગને જ હિંસા જાણી અંગીકાર કરે છે...'** નિશ્ચય શ્રદ્ધાનથી અંતરંગને હિંસા જાણી અંગીકાર કરે છે. સમજ્યા? અંદરના પરિણામને હિંસા અંગીકાર તે અજ્ઞાની દયાના આચરણનો નાશ કરે, બાહ્યની દયાના આચરણનો નાશ કરે છે. અંતરંગના પરિણામને જ હિંસા જાણી અંગીકાર કરે છે. નિશ્ચય સમજ્યો નથી, અનુભવ્યો નથી. અંતરંગને જ હિંસા, એમ કે અંતરંગમાં પરિણામ થાય તે હિંસા, બહાર મરે કે ન મરે, એનું અમારે કાંઈ છે નહિ, એમ. તે અજ્ઞાની દયાના આચરણનો નાશ કરે છે. શુદ્ધભાવનું ભાન નથી, શુદ્ધ આનંદના ભાનવાળો તો પરના પરિણામ, પરની દયા આદિના શુભ હોય એ વખતે એ જાણે છે. આને તો ભાન નથી. અંતરંગના પરિણામ જે હિંસા છે એમ માનીને બહારના મારવા આદિના ભાવને હિંસા માનતો નથી. એટલે દયાના પરિણામ કરતો નથી. દયાનો નાશ કરે છે, લ્યો! આ બધી પરિણામની વાત છે, હોં!

**'જે કોઈ કેવળ નિશ્ચયનો શ્રદ્ધાની થઈને એમ કહે છે કે અમે પરિગ્રહ રાખ્યો અથવા ભ્રષ્ટાચારરૂપ પ્રવર્તીએ તો શું થયું?'** એક સાધુ આવ્યો હતો ને? બસ! નિશ્ચયમાં પછી ગમે તે માંસ ખાઈએ, દારૂ પીવે, ગમે તે હોય, નિશ્ચયનું ભાન થયું એને શું વાંધો છે? કહો, પણ નિશ્ચયનું જેને ભાન હોય એને એવા દારૂ ને માંસ ખાવાના ભાવ હોય શકે નહિ. પરદ્રવ્ય તો કાંઈ નુકસાન કરતું નથી. પરદ્રવ્ય ગમે તે માંસ ને દારૂ પણ ખાવાનો ભાવ કોનો છે? તારો. દારૂ પીવે, પરસ્ત્રીના લંપટીપણે ભાવ કરે, પછી કહે એ તો બધું શરીરની ક્રિયાથી, શરીરનું થાય છે. પણ આ ભાવ કોનો છે તારો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– નિશ્ચયનું નામ નાખે છે.

ઉત્તર :– નિશ્ચય છે જ નહિ એમ કીધું. એ તો પહેલું કીધું ને. નિશ્ચય જ્ઞાનાનંદનો આશ્રય ને જ્ઞાનનો અનુભવ–વેદન તો છે જ નહિ. હોય તો આવો બહારના શુભ પરિણામનો, દયાનો, કાંઈ ભાવનો નાશ કરે એમ હોય શકે નહિ. એની ભૂમિકા પ્રમાણમાં એવો શુભભાવ હોય છે. એ જાણે કે આ દયાના પરિણામ પુણ્યનું કારણ છે, પણ અત્યારે દયા વિના હોય શકે નહિ. નથી જાણતો આનંદ સ્વરૂપને અને નથી જાણતો પરના દયાના ભાવના શુભભાવને. એટલે બધી રીતે બહાર આચરણમાં આળસુ થઈને, પ્રમાદી થઈને પડ્યો છે એમ કહે છે.

અમે પરિગ્રહ રાખ્યો રાખ્યો, પણ પરિગ્રહ રાખવાનો ભાવ કોનો છે? તમે તો કહેતા હતા કે, પૈસાથી પાપ નથી, પર જીવ મરે એનું પાપ નથી, પરને લઈને બંધ નથી, માટે

અમે પર વસ્તુ રાખી. પણ પર વસ્તુ રાખવાનો ભાવ કર્યો કોણે? આહાહા! અમે પરિગ્રહ રાખ્યો. કોણ રાખે? એ લક્ષ્મી તો પર, જડ, માટી, ધૂળ છે. લક્ષ્મીને રાખે કોણ? આ પણ માટી ધૂળ છે. આને આત્મા રાખે? આત્મા ભિન્ન તત્ત્વ છે, આ ભિન્ન તત્ત્વ છે. આ તો માટી છે. સમજાણું? આહાહા! અજ્ઞાની એમ કહે અમે તો રાખ્યો. પણ રાખ્યો એ ભાવ, પરવસ્તુને રાખવી તારો અધિકાર ક્યાં છે? આત્મા રાખી શકે? શરીરને સંભાળીને રાખી શકે કે નહિ? ધૂળમાં પણ નહિ રાખે. મરી જાય તોપણ, સાંભળને હવે. આ તો ધૂળ, માટી છે. આ તો જગતના પરમાણુ જડ તત્ત્વો છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઇ જ કહે છે કે, રાખવા મહેનત કરે એથી કાંઈ રહે? આ તો માટી, ધૂળ છે, અજીવ તત્ત્વ છે. શરીર આ તો અજીવ માટી છે. એની દશાનું થવું ને જવું તો એને કારણે (છે), આત્માને કારણે છે નહિ. કહો, 'પ્રવિણભાઈ'! એવા લાકડા ચોંટ્યા છે ને. તું ક્યાં ને આ ક્યાં? આ તો દેહ જડ, માટી, ધૂળ છે, પુદ્ગલ છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ક્યાં છે? એ એને ઘરે છે, એને ઘરે છે, આત્મામાં ઘૂસી ગયું છે? આત્મા, આત્મામાં ને શરીર શરીરમાં. બેમાં એક બીજામાં એક બીજાનો અભાવ છે. અમે શરીરને રાખ્યું તો રાખ્યું. પરિગ્રહને પણ રાખે કોણ? ધૂળ? રાખી શકે તું? મૂઢ છો. 'પ્રવિણભાઈ'! અરે..! ભારે વાત, ભાઈ! સવારથી સંભાળ કરી કરીને બિચારો ચોવીસ કલાક કરે, લ્યો! ઉઠે ત્યારથી ચા, પાણી, લુગડા, સુવાળુ, મખમલના કપડા, પંખો માથે ફરતો હોય ને? રખડવાનો. કેટલી સંભાળ રાખે! ધૂળ પણ ન રહે. એ તો એને રહેવું હશે એમ રહેશે, તારાથી રહેતું નથી. તારો ભાવ તારામાં ને એની દશા એનામાં. 'પોપટભાઈ'! પણ અજ્ઞાની કહે છે કે, અમે રાખ્યું, રાખ્યું. પણ શું રાખ? અજ્ઞાનનો ભાવ રાખ. ભ્રષ્ટાચારરૂપ પ્રવર્તીએ, ભ્રષ્ટાચારરૂપ પ્રવર્તીએ. સ્ત્રી આદિનું સેવન કરીએ. પરની વસ્તુના સેવનની પર્યાય તું કરી શકે છો? ને ભ્રષ્ટાચાર કરીએ, એ તો ભાવ તેં કર્યા, ભાવ કર્યા. પરની ક્રિયા એ તું કરી શકતો નથી,

**'ભ્રષ્ટાચારરૂપ પ્રવર્તીએ તો શું થયું? અમારા પરિણામ સારા જોઈએ.'** પરિણામ સારા જોઈએ ને? પણ ભ્રષ્ટાચારની ક્રિયા થાતી હોય ને પરિણામ સારા છે એમ કોણ કહે એને? માઠા-ભૂંડા અશુભ પરિણામ છે. સમજાણું? પરિગ્રહ રાખવાનો ભાવ, લ્યો! પરિગ્રહ રાખો. પાંચ લાખ, બે લાખ, પચ્ચીસ લાખ, પચ્ચીસ હજાર. એ ભાવ તો પાપ છે. પાપને રાખ્યા, પરિગ્રહને રાખી શકે છે તું? કેમ હશે? 'મોહનભાઈ'!

મુમુક્ષુ :– પોતામાં અવળું-સળવું કર.

ઉત્તર :– તારા ભાવમાં કર. પૈસા ધૂળ છે એ તો આવે ને જાય એને કારણે. શું તારાથી આવે જાય છે? આ હોંશિયાર હોય એનાથી આવે, જતા હશે કે નહિ? ક્યાં ગયા?

www.vitragvani.com



'મોહનભાઈ'! આહાહા! પેલો અજ્ઞાની એમ કહે છે કે, ભ્રષ્ટાચાર સેવીએ તો સેવીએ, પરિગ્રહ રાખીએ તો રાખીએ, એમાં અમારે શું? પણ તું પરને રાખીએ એ ભાવ તારો છે. પર વસ્તુને રાખીને ભ્રષ્ટાચારની ક્રિયા એ કાંઈ તારા અધિકારની વાત નથી. સ્વચ્છંદી થા છો. સમજાણું?

**'એમ કહીને સ્વચ્છંદે પ્રવર્તે છે...'** જુઓને! એમ કહ્યું છે ને? એમ બોલી પરિગ્રહ રાખ્યો, રાખ્યો. પરથી તો પાપ નથી, ભ્રષ્ટાચાર સેવ્યો. પરના ભ્રષ્ટાચારથી આત્માને પાપ નથી. પણ તારો ભાવ તું કહે છો ભ્રષ્ટાચાર કરું, પરિગ્રહ રાખું એ ભાવ તો તારો પાપ છે. સમજાણું કાંઈ? એવા સ્વચ્છંદી પરિણામ આવ્યા. **'તે જીવે દયાના આચરણનો નાશ કર્યો.'** પરને ન મારવાનો અને પરિગ્રહ આદિ ન રાખવાનો જે ભાવ, એનો નાશ કર્યો. **'બાહ્યમાં તો નિર્દય થયો જ...'** જુઓ! હવે કહે છે. બાહ્ય તો નિર્દય થયો. પર જીવને મારવાના ભાવ કર્યા. આનાથી શું થાશે? એમ કરીને ભાવ કર્યા, તો નિર્દય થયો. **'અને અંતરંગ નિમિત્ત પામી પરિણામ અશુદ્ધ થાય જ થાય;...'** લ્યો! પરિગ્રહનું ને ભ્રષ્ટાચારનું નિમિત્ત છે ને? ભ્રષ્ટાચાર શરીરની ક્રિયાથી નિમિત્ત પામીને પરિણામ અશુદ્ધ થાય જ. જુઓ! નિમિત્ત પામીને અશુદ્ધ થાય એમ ભાષા આવી. ત્યારે બધા અથડાણા છે ને!

મુમુક્ષુ :– કરે ત્યારે નિમિત્ત કહેવાય.

ઉત્તર :– ત્યારે કહેવાય, નિમિત્ત પામ્યું ક્યારે કહેવાય? નિમિત્ત થયું ક્યારે કહેવાય? નૈમિત્તિક પરિણામ વિકારના, ભ્રષ્ટાચારના કર્યા ત્યારે શરીરને નિમિત્ત કહેવામાં આવે છે. પરિગ્રહ રાખવાનો ભાવ કર્યો ત્યારે પરિગ્રહને નિમિત્ત કહેવામાં આવ્યું. ધૂળ ક્યાં એને કહે છે કે, તું પાપ કર. એમ કહે છે? પૈસા એમ કહે છે કે, તું અમારે માટે મર હવે અહીંયા? હેરાન થાય છે બિચારો આખો દિ'. પૈસા ધૂળ ધૂળ એ કહે છે તને તું અમારા માટે પાપ કર? અમને રાખવાની મમતા કર એમ કહે છે ઇ? પરિગ્રહ રાખવાનો ભાવ છે એ તારું પાપ છે. પરિગ્રહને લઈને પાપ છે એમ નહિ, પરિગ્રહને લઈને બંધન છે એમ નહિ. પાપ છે એમાં એ નિમિત્ત છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ એને સમજણમાં આવે ત્યારે શરણ કહેવામાં આવે છે. 'જિન પ્રવચન દુર્ગમ્યતા થાકે અતિ મતિ માન, અવલંબન શ્રી સદ્‌ગુરુ સુગમ અને સુખખાણ' નયચક્રની વાતું એવી છે. જેની જે જે ભૂમિકાએ જે શૈલીનું કથન છે તેને તેમ સમજવું જોઈએ.

**'બાહ્યમાં તો નિર્દય થયો જ અને અંતરંગ નિમિત્ત પામી પરિણામ અશુદ્ધ થાય જ થાય; તેથી તે અંતરંગની અપેક્ષાએ પણ નિર્દય થયો.'** બન્ને રહ્યો, લ્યો! અંતરંગમાં પરિગ્રહ રાખવાના ને ભ્રષ્ટાચાર કરવાના ભાવ અશુદ્ધ પરિણામ થયા, એટલે નિર્દય થયો. બહારમાં દયાના ને એને રાખવાના ભાવ ન કર્યા એટલે બહારમાં નિર્દય થઈ ગયો. **'કેવો છે તે જીવ? બાહ્ય દ્રવ્યરૂપ અન્ય જીવની દયામાં આળસુ છે,...'** બાહ્ય દ્રવ્યરૂપ દયા થઈને બહારની,

www.vitragvani.com



બહારની? **'પ્રમાદી છે અથવા આ સૂત્રનો બીજી રીતે અર્થ કરીએ છીએ.'** એક વાત વ્યવહારથી કરી. નિશ્ચયના વીતરાગ ભાવના અનુભવ વિના, ભ્રષ્ટાચારમાં પાપ નથી અને પરિગ્રહ રાખવામાં પાપ નથી એમ માનનારાઓ પોતાના પરિણામને પણ નિર્દય કરે છે અને બીજા જીવને નહિ મારવાના ભાવની પણ દયા એને રહેતી નથી. હવે પોતાની દયા નથી રહેતી એ કહે છે.

**'જે જીવ નિશ્ચયનયના સ્વરૂપને નહિ જાણીને...'** ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. આત્મા ચૈતન્યસૂર્ય આત્મા, ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશનું નૂર, આનંદનું પૂર અંદર આત્મા છે. એવા આત્માને ન જાણીને, એવા આત્માના વાસ્તવિક ત્રિકાળી આનંદ ને જ્ઞાન સ્વરૂપને ન જાણીને, **'વ્યવહારરૂપ જે બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ છે તેને જ નિશ્ચયથી મોક્ષમાર્ગ જાણે...'** જુઓ! બાહ્ય પરિગ્રહનો ત્યાગ થયો કે દયા થઈ, સ્ત્રી, રાગ, કુટુંબને છોડ્યા એને **'નિશ્ચયથી મોક્ષમાર્ગ જાણી અંગીકાર કરે છે તે જીવ શુદ્ધોપયોગરૂપ જે આત્માની દયા તેનો નાશ કરે છે.'** બન્ને વાત લીધી.

આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, વસ્તુ પોતે ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ, વસ્તુ તીર્થંકરદેવે એવી જોઈ છે કે, આત્મા તે શુદ્ધ જ્ઞાનની મૂર્તિ છે. એમ જેણે જાણ્યું નથી, અનુભવ્યું નથી, અનુભવવું નથી અને બાહ્ય ક્રિયા શુભ દયા, દાન, વ્રત, પરિણામમાં આત્માને રોક્યો છે, એ આત્માના શુદ્ધ પરિણામની દયા એને છે નહિ, પોતાની દયા નથી. પેલામાં પરની દયા, આમાં સ્વની દયા. એમાં તો પર ને પોતાની બન્ને દયા નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ આમાં? ઝીણી વાત છે જરીક. ધ્યાન રાખે તો પકડાય એવું છે, ભાઈ! આ તો. એકદમ નયચક્રથી વાતું કરી છે, નયથી.

પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા, જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા, એવા ભગવાન એમ અહીં કહે છે, એ જ મુનિ કહે છે. ભાઈ! તારા આનંદ અને શુદ્ધ સ્વરૂપને જાણ્યા વિના અમે નિશ્ચયને જાણીએ છીએ, માનીએ છીએ માટે અંતરંગ પરિણામમાં અમને કાંઈ પાપ લાગતું નથી. માટે બહાર ભ્રષ્ટાચારે વર્તીએ, પરિગ્રહ રાખીએ, બાયડી, છોકરા, કુટુંબ રાખીએ, ધંધા-પાણી કરીએ એમાં અમારે શું છે? એ તો પર વસ્તુ છે. એમ કહેનારા પરવસ્તુ તરફના પરિણામની દયાના પણ ઠેકાણા રાખતા નથી અને અંદર અશુદ્ધની ક્રિયા વખતે એને અશુદ્ધ પરિણામ થયા વિના રહેતા નથી કે અંદરની આત્માની પણ દયા રહેતી નથી.

બીજી રીતે, આત્મા શુદ્ધ ચૈતન્ય અનાકુળ આનંદની મૂર્તિ એવો ભગવાનઆત્મા, એનું જેને જ્ઞાન, શ્રદ્ધા ને આચરણ નથી એ જીવ એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, બાહ્ય પરિગ્રહના ત્યાગ, બાયડી, છોકરાનો ત્યાગ, એવો જે શુભભાવ, એ શુભભાવને સાચું સ્વરૂપ માની અને નિશ્ચય સ્વરૂપને જાણતા નથી, એ પોતાના શુદ્ધ પરિણામરૂપી દયા કરતા નથી. શુદ્ધ પરિણામની એ દયા કરતા નથી. એ વળી કેવી દયા હશે? શું કીધું? સમજાણું?

ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્યમૂર્તિ પ્રભુ એવો આત્માનો શુદ્ધ વેપાર, શુદ્ધ આચરણ. આત્માના શુદ્ધ સ્વભાવ ને શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ એવો શુદ્ધ વેપાર, એને ન કરતા એકલા શુભની ક્રિયા પરિગ્રહનો ત્યાગ, બાયડી-છોકરાનો ત્યાગ, હિંસાનો ત્યાગ, બહારના આચરણનો ત્યાગ કરી શુભ પરિણામમાં રોકાય છે, એ શુભ પરિણામનો કરનારો જીવ પોતાના શુદ્ધ પરિણામની દયા પાળી શકતો નથી. 'પોપટભાઈ'! ભારે વાત, ભાઈ! શું હશે? આવું સ્વરૂપ! વીતરાગનું આવું સ્વરૂપ હશે? જૈન પરમેશ્વર આમ કહેતા હશે? અરે..! એને ખબર ન મળે. પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા, જેને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન છે એણે શું દયા, એણે શું શુદ્ધોપયોગ, એણે અહિંસા શું કીધી છે એ ખબર જ નથી. અનાદિથી આંખો મીચીને આંધળી દોડે ચાલ્યો જાય છે.

જુઓ! આ ગાથામાં બન્ને વાત સરસ કરી છે. 'પ્રવિણભાઈ'! નિશ્ચયના શુદ્ધ સ્વરૂપનું પરિણમન અને ભાન તો નથી અને એકલો પર વસ્તુથી મને કાંઈ પાપ લાગતું નથી, પરને કારણે મને ભ્રષ્ટાચાર દેહની ક્રિયા થાય, પરિગ્રહ રાખું, સ્ત્રી-કુટુંબનો પરિચય કરું, સ્ત્રીનું સેવન કરું એમાં મને શું? કારણ કે, એ તો પર વસ્તુ છે. એમ માનીને ભૂંડા પરિણામ કરી પરની દયાના પરિણામ રાખતો નથી. એવા પરિણામ કરે છે એને પોતાની પણ દયા નથી. નિર્દય થઈ ગયો. એના કરતાં આ વાત બીજી લીધી પાછી. સ્ત્રી, કુટુંબ છોડ્યા, પાપ છોડ્યા, આ છોડવું... આ છોડવું... આ છોડવું... એમ કરીને શુભભાવ ગ્રહણ કર્યો, કષાયની મંદતા શુભ ઉપયોગ. છે?

**'નિશ્ચયનયના સ્વરૂપને નહિ જાણીને વ્યવહારરૂપ જે બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ છે...'** એટલે શુભભાવ ખરેખર. **'તેને જ નિશ્ચયથી મોક્ષમાર્ગ...'** માને છે. આપણે બાયડી-છોકરા છોડ્યા, કુટુંબ છોડ્યું, દુકાન છોડી એ મોક્ષમાર્ગ છે. શું છોડ્યું? એ તો પર છે. એ છોડવાના ભાવમાં કદાચ તને શુભભાવ હોય તો રાગની મંદતા છે એ પુણ્ય છે, મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ? **'બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ છે તેને નિશ્ચયથી મોક્ષમાર્ગ જાણે છે...'** આપણે સ્ત્રીને સેવતા નથી, પૈસા રાખતા નથી. સમજ્યા ને? બધું અમારે ત્યાગ છે. પણ અંદરમાં મિથ્યાત્વભાવ પડયો છે કે આ મેં છોડ્યું ને આ મેં ગ્રહ્યું એવો મિથ્યાત્વભાવ છે એનો તો ત્યાગ છે નહિ. એના ત્યાગ વિના તારો ત્યાગ કેવો? 'પોપટભાઈ'! આહાહા!

નિશ્ચયથી મોક્ષમાર્ગમાં છીએ અમે તો બસ! આ જુઓ! અમારે ક્યાં બાયડી છે, છોકરા છે, એકલા નગ્ન છીએ અમે. લંગોટી પણ રાખતા નથી. પણ એ તો બધું બાહ્ય ત્યાગની વૃત્તિ જો હોય તો એનું નામ શુભભાવ છે, ધર્મ નહિ. આત્મા ચિદાનંદ જ્ઞાનમૂર્તિ તેનો અનુભવ અને શ્રદ્ધા અને શુદ્ધઉપયોગ કરવો, એ ધર્મ (છે). એ શુભભાવમાં રોકાયને આવા શુદ્ધઉપયોગના આત્માના પ્રાણનો ઘાત કરે છે એ પોતાની દયા પાળતો નથી, માટે તે હિંસા કરે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૩૭ ગાથા–૫૦ થી ૫૪ શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૯, તા. ૧૬-૦૬-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' (૫૦ ગાથા), એનો ભાવાર્થ છે. ભાવાર્થ છે ને? **'જે જીવ નિશ્ચયનયનું સ્વરૂપ તો જાણે નહિ,...'** શુદ્ધ જ્ઞાયક આનંદ સ્વભાવ છે એનું તો ભાન નહિ. **'કેવળ વ્યવહારમાત્ર બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ કરે,...'** વ્યવહારમાત્ર સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ બાહ્ય વસ્ત્ર, પાત્ર આદિનો ત્યાગ કરે. **'ઉપવાસાદિકને અંગીકાર કરે,...'** ગ્રહણ ત્યાગની વ્યાખ્યા. બાહ્ય પરિગ્રહ આદિનો ત્યાગ કરે અને ઉપવાસ ઉણોદરી, વિનય આદિને અંગીકાર કરે. **'એ પ્રમાણે બાહ્ય વસ્તુમાં હેય-ઉપાદેયબુદ્ધિરૂપે પ્રવર્તે છે,...'** જુઓ! ગ્રહણ-ત્યાગ. વ્યવહારથી પર વસ્તુનો ત્યાગ, ઉપવાસ, વિનય, ભક્તિ આદિ ભાવને અંગીકાર કરે. એ પ્રમાણે બાહ્ય વસ્તુમાં આત્મા સિવાય બીજી ચીજનો ત્યાગ અને ઉપવાસ આદિ શુભ આદિનું ગ્રહણ.

**'તે જીવ પોતાના સ્વરૂપ અનુભવરૂપ શુદ્ધોપયોગમય અહિંસા ધર્મનો નાશ કરે છે.'** ઝીણી વાત છે, ભાઈ! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, એનો જે શુદ્ધઉપયોગ, એની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણરૂપ શુદ્ધ વેપાર, એની ઉત્પત્તિ નહિ કરતા, એકલા ગ્રહણ- ત્યાગની બુદ્ધિમાં રોકાયને પડ્યો છે, જે પોતાનો શુદ્ધસ્વભાવ, એનો જે શુદ્ધઉપયોગ, એને હણે છે. સમજાણું કાંઈ? **'શુદ્ધોપયોગમય અહિંસા ધર્મનો નાશ કરે છે.'** આ અહિંસા ધર્મ. ભારે વ્યાખ્યા, ભાઈ! ભગવાન જ્ઞાન અને આનંદ સ્વરૂપ એનો કાયમી, શુદ્ધ, ધ્રુવ, અસલ સ્વભાવ, એને આશ્રયે થયેલો શુદ્ધ ઉપયોગ, એ પ્રગટ નહિ કરતા, બાહ્ય ત્યાગમાં હેયબુદ્ધિના ભાવમાં, શુભમાં વર્તે, એ પોતાનો શુદ્ધોપયોગમય અનુભવસ્વરૂપ અહિંસાધર્મને ઉત્પન્ન કરતો નથી, તેને એ નાશ કરે છે એમ કહેવામાં આવે છે. 'ભોગીભાઈ'! ભારે વાત, ભાઈ! ઓહો..હો..!

વસ્તુ એનો ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ત્રિકાળી પવિત્ર, એ પવિત્રતાનું પવિત્ર શુદ્ધ આચરણ, પવિત્રતાનું પવિત્ર શુદ્ધ આચરણ, એને એકલા શુભ ઉપયોગમાં રોકાય અને પવિત્ર આચરણરૂપી અહિંસા ધર્મની ઉત્પત્તિ કરતો નથી, એથી એનો નાશ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ આમાં? 'રવિભાઈ'! આવો ધર્મ, આવો ક્યાંથી હશે આવો? ત્યારે શું અમારે શુભમાં ન પ્રવર્તવું? ભાઈ! શુભભાવ હોય છે, એ વિકલ્પ છે. એ ખરેખર સ્વરૂપની હિંસા છે. વીતરાગ માર્ગ અનંત પુરુષાર્થ સંપન્ન વસ્તુ છે. જેણે પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એના આચરણરૂપ શુદ્ધ ભાવ ન ઉત્પન્ન કરતા, એકલા હેયબુદ્ધિ, ત્યાગબુદ્ધિ, હેય ઉપાદેય, હેયબુદ્ધિ આ છોડવા લાયક ને આ ગ્રહણ કરવા લાયક, આ છોડવા લાયક. સ્ત્રી, કુટુંબ છોડવા લાયક, ઉપવાસ, રાગ, વિનય આદરવા લાયક, દેવ-ગુરુ-શાસ્ત્ર આદરવા લાયક, સ્ત્રી, કુટુંબ છોડવા લાયક. સમજાણું કાંઈ? એવા શુભભાવમાં વર્તનારો એકાંતે વર્તનારો છે ને?

શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય પોતાના સ્વરૂપ અનુભવરૂપ... આહાહા! કે, જે પોતાના સ્વરૂપ અનુભવરૂપ–શુદ્ધ સ્વભાવના અનુભવ, નિર્મળ પર્યાયના વેદનરૂપ શુદ્ધઉપયોગમય, શુદ્ધ આચરણમય, અહિંસા ધર્મનો નાશ કરે છે. સમજાણું કાંઈ? કેટલાક વખતે તો કેટલાકને એમ થઈ જાય કે આ તે કેવો પણ આ સ્વભાવ! જાણે કે આ પહોંચી શકાય નહિ, અશક્ય એની આ વાત કરે છે. કેટલાકને એમ પણ થાય. સમજાણું? કેટલાક એમ કહે, આવો ધર્મ અશક્ય છે. કરી શકાય એ તો આ દયા, દાન, વ્રત આદિના ભાવ એ જ કરી શકાય, બસ!. અનંતકાળની આદત છે ને?

અંતર સ્વભાવ, જેમાં અનંત અનંત પરમાત્મા પડેલા એવી શુદ્ધ શક્તિ પડી છે એને અહીંયા આત્મા કહેવાય. એ આત્માનો શુદ્ધ વેપાર, એની શ્રદ્ધા, એનું જ્ઞાન ને એમાં ટકવું, એવો શુદ્ધોપયોગમય પોતાના અનુભવરૂપ અહિંસા ધર્મ, એને આ હેય ઉપાદેયરૂપ બાહ્ય પદાર્થના ગ્રહણ ત્યાગ બુદ્ધિમાં રોકાયને એવા શુદ્ધઉપયોગના આચરણરૂપ અહિંસાનો નાશ કરે છે. 'પોપટભાઈ'! આહાહા! અરે..! જગતને, ક્યાં છે? ક્યાં છે એ, ક્યાં છે એ ને ક્યાં વસે છે એ? એની એને ખબર નથી.

પહેલો તો એકાંત પક્ષનો એ નિષેધ કર્યો. એકલો બાહ્ય ત્યાગ, ગ્રહણ ત્યાગ... ગ્રહણ ત્યાગ... ગ્રહણ ત્યાગ... હિંસાનો ત્યાગ, દયાનો આદર, અસત્યનો ત્યાગ, સત્યનો આદર, અબ્રહ્મનો ત્યાગ, બ્રહ્મચર્યનો આદર, પરિગ્રહનો ત્યાગ, ઉપવાસ આદિનો આદર, દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર, સ્ત્રી, કુટુંબ, પરિવારનો ત્યાગ, એવા વિકલ્પમાં રોકાય અને નિર્વિકલ્પ શુદ્ધ આચરણ સ્વરૂપ આત્માનો જે વેપાર, એનો એ નાશ કરે છે. આહાહા! એને અહિંસા ધર્મનો નાશ કરે છે એમ કહેવામાં આવે છે. એ એકાંત પક્ષનો એ અપેક્ષાએ નિષેધ છે. હવે બીજો.

**'કેવો છે તે જીવ? ઉદ્યમ વડે તેણે અશુભોપયોગનો તો ત્યાગ કર્યો...'** એની ને એની વિશેષ સ્પષ્ટતા કરે છે પાછી. **'પણ બાહ્ય પરજીવની દયારૂપ ધર્મ તેના જ સાધનમાં આળસુ થઈને બેસી રહ્યો,...'** બાહ્ય પરજીવની દયારૂપ શુભધર્મ, તેના જ સાધનમાં આળસુ થઈ એટલે એ જ આળસુ એમ કહે છે. **'શુદ્ધોપયોગ ભૂમિકામાં ચઢવાનો ઉદ્યમ કરતો નથી.'** સમજાણું? બે અર્થ તો પહેલા અર્થમાં જ આવી ગયા છે. પહેલામાં બે આવી ગયા છે. અહીં નિશ્ચયનો નામ ધારી અને પરની દયાના ભાવને પણ છોડી દે છે, એકાંત એમ પહેલા અર્થમાં કહ્યું. પોતાના નિશ્ચય સ્વભાવની ખબર વિના અમારે તો અંદરમાં પરિણામ થાય તે હિંસા, બહાર મરે ન મરે એનું અમારે કાંઈ (નહિ). એમ કરીને અંદરના નિશ્ચયના ભાન વિના, એકલા બાહ્ય જીવની દયાના પરિણામને પણ કરતો નથી એ એકાંત નિશ્ચયાભાસી છે. અને એકલો બાહ્ય દયા આદિના પરિણામમાં રોકાણો છે, નિશ્ચય શુદ્ધોપયોગનો નાશ કરે છે એ વ્યવહારાભાસી છે. સમજાણું કાંઈ?

www.vitragvani.com



અહીં તો **'બાહ્ય પરજીવની દયારૂપ ધર્મ તેના સાધનમાં...'** પ્રવર્તે. **'એ શુદ્ધોપયોગ ભૂમિકામાં ચઢવાનો ઉદ્યમ કરતો નથી.'** એ બાહ્ય જીવની દયાના વિકલ્પથી રહિત, અંતર્મુખનો પુરુષાર્થ કરતો નથી. વસ્તુ જે આખી ચીજ છે, મહાન ચમત્કાર એવો જેનો સ્વભાવ છે, એવું ચૈતન્ય દ્રવ્ય-વસ્તુ સ્વભાવ એના અંતર્મુખનો તો પુરુષાર્થ કરતો નથી. સમજાણું કાંઈ? પછી એવો કંટાળો લાગે કે મુકને પડતું, આમાં કાંઈ સૂઝે એવું નથી. એમ નથી, ભાઈ! અંદરનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, એના તરફનો પ્રયત્ન પુરુષાર્થ કર, તો પુરુષાર્થથી પ્રાપ્ત થયા વિના રહે નહિ. પણ એ પુરુષાર્થની ગતિમાં એકલો દયા, દાન, ત્યાગ, પર ત્યાગ ગ્રહણ... ત્યાગ ગ્રહણ... ત્યાગ ગ્રહણ... એવા શુભભાવમાં રોકાય, બાહ્ય સાધનમાં રોકાય, સ્વરૂપના સાધનનો નાશ કરે છે, એ જ અહિંસા ધર્મને માનતો નથી. ઓહો..હો..! દુનિયા સાથે તો મેળ કરવો કઠણ પડે એવું છે. સમજાણું?

**'આ રીતે એકાંતપક્ષવાળાનો નિષેધ કર્યો.'** એકાંતપક્ષ એટલે? અર્થમાં બે લીધા હતા. નિશ્ચય અનુભવની દૃષ્ટિ, અનુભવનું ભાન નથી અને બહારમાં દયાના પરિણામને ઉત્પન્ન કરતો નથી. દયાનું ઠેકાણું કરતો નથી, ભ્રષ્ટાચાર વર્તો તો વર્તો, પરિગ્રહ હો તો હો, મારે શું? એમ કરીને એ નિશ્ચયાભાસી, મિથ્યાદૃષ્ટિ પોતાના આત્માની હિંસા કરે છે. એક બાહ્ય દયા પાળવાના ભાવ, સત્ય બોલવાના ભાવ, બ્રહ્મચર્યના ભાવ, અપરિગ્રહનો શુભ વિકલ્પ ભાવ, સમિતિ, ગુપ્તિ, વ્યવહાર આચરણનો ભાવ ગ્રહણ કરે અને ખોટા આચરણનો ત્યાગ કરે. એવા શુભ વિકલ્પમાં રોકાયને શુદ્ધઉપયોગરૂપી આત્માનો અહિંસા ધર્મ, તેનો નાશ કરે છે. કહો, સમજાણું આમાં? બે બોલ થયા? ક્યા થયા?

મુમુક્ષુ :– નિશ્ચયાભાસી થઈને ....

ઉત્તર :– એમાંથી શું સમજવું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એના નિમિત્તે થાય છે પણ માને છે કે અમારે ભ્રષ્ટાચાર વર્તે તો વર્તે, ગમે તેમ વર્તીએ. એ માનનારા નિશ્ચયાભાસી, ભ્રષ્ટાચારમાં પ્રવર્તતા પોતાના શુભ ઉપયોગનું પણ એને ઠેકાણું નથી. સમજાણું કાંઈ? અને એકાંત શુદ્ધઉપયોગના ભાન વિના એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના શુભભાવમાં હેય ઉપાદેયબુદ્ધિના પરદ્રવ્યના ત્યાગ ગ્રહણમાં જ જેનો વિકલ્પ રોકાયેલો છે. એ બાહ્ય સાધનમાં જ પડ્યો છે, પણ અંતર સાધન સ્વભાવ વસ્તુ સત્... સત્... સત્... ચૈતન્ય પિંડ પ્રભુ, તેના અંતર્મુખનો પુરુષાર્થ કરતો નથી, એ અંતરના શુદ્ધોપયોગરૂપી અહિંસાનો નાશ કરે છે. કહો, સમજાણું આમાં? **'આગળ દ્રવ્યહિંસા અને ભાવહિંસાની અપેક્ષાએ ભિન્ન ભિન્ન પ્રકારના ભંગ બતાવે છે.'** હવે તો દ્રવ્યહિંસા ને ભાવહિંસા એના ભંગ-પ્રકાર બતાવે છે. વિચિત્ર પ્રકાર આમાં વર્ણવશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૫૧

તેના આઠ સૂત્ર કહે છે :–

अविधायापि हि हिंसा हिंसाफलभाजनं भवत्येकः।
कृत्वाप्यपरो हिंसा हिंसाफलभाजनं न स्यात्।।५१।।

અન્વયાર્થ :– [ हि ] ખરેખર [ एकः ] એક જીવ [ हिंसा ] હિંસા [ अविधाय अपि ] ન કરવા છતાં પણ [ हिंसाफलभाजनं ] હિંસાના ફળને ભોગવવાને પાત્ર [ भवति ] બને છે અને [ अपरः ] બીજો [ हिंसा कृत्वा अपि ] હિંસા કરીને પણ [ हिंसाफलभाजनं ] હિંસાનું ફળ ભોગવવાને પાત્ર [ न स्यात् ] થતો નથી.

ટીકા :– 'हि एकः हिंसा अविधाय अपि हिंसाफलभाजनं भवति' - નિશ્ચયથી કોઈ એક જીવ હિંસા ન કરવા છતાં પણ હિંસાનું ફળ ભોગવવાનો પાત્ર બને છે.

ભાવાર્થ :– કોઈ જીવે બાહ્ય હિંસા તો કરી નથી પણ પ્રમાદભાવરૂપે પરિણમ્યો છે તેથી તે જીવ ઉદયકાળમાં હિંસાનું ફળ ભોગવે છે. 'अपरः हिंसां कृत्वा अपि हिंसाफलभाजनं न स्यात्' - બીજો કોઈ જીવ હિંસા કરવા છતાં પણ હિંસાનું ફળ ભોગવવાને પાત્ર થતો નથી.

ભાવાર્થ :– કોઈ જીવે શરીર સંબંધથી બાહ્ય હિંસા તો ઉપજાવી છે પણ પ્રમાદભાવરૂપે પરિણમ્યો નથી, તેથી તે જીવ હિંસાના ફળનો ભોક્તા થતો નથી. ૫૧.

---

'તેના આઠ સૂત્ર કહે છે :–'

अविधायापि हि हिंसा हिंसाफलभाजनं भवत्येकः।
कृत्वाप्यपरो हिंसा हिंसाफलभाजनं न स्यात्।।५१।।

ઓહો..હો..! એનો **અન્વયાર્થ :– 'ખરેખર એક જીવ હિંસા ન કરવા છતાં પણ...'** ભાષા જુઓ! **'अविधायापि हिंसा' 'હિંસા ન કરવા છતાં પણ 'हिंसाफलभाजनं' હિંસાના ફળને ભોગવવાને પાત્ર બને છે અને બીજો હિંસા કરીને પણ હિંસાનું ફળ ભોગવવાને પાત્ર થતો નથી.'** કષાયની પ્રધાનતાથી વાત કરે છે. સમજાય છે?

**'हि एकः हिंसा अविधाय अपि हिंसाफलभाजनं भवति'** આ 'અમૃતચંદ્રાચાર્ય' પંચમહાવ્રતધારીના શબ્દો. **'નિશ્ચયથી કોઈ એક જીવ હિંસા ન કરવા છતાં પણ હિંસાનું**

www.vitragvani.com



**ફળ ભોગવવાને પાત્ર બને છે.'**

**'કોઈ જીવે...'** હવે ખુલાસો કરે છે. **'બાહ્ય હિંસા તો કરી નથી...'** બાહ્ય એકેન્દ્રિય આદિને મારતો નથી. **'પણ પ્રમાદભાવરૂપે પરિણમ્યો છે...'** અંદર કષાયભાવરૂપે પ્રમાદ, પ્રમાદે પરિણામે હિંસા છે ને, એની વ્યાખ્યા છે આ. પ્રમાદભાવરૂપે પરિણમ્યો છે, કષાયભાવરૂપે થયો છે, **'તેથી તે જીવ ઉદયકાળમાં હિંસાનું ફળ ભોગવે છે.'** બાહ્ય હિંસા કરતો નથી, હિંસાની ક્રિયા બહાર થતી નથી પણ અંદર પ્રમાદના પરિણામ જે મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ જોઈએ એ પરિણામથી એને બંધન થાય છે. તેથી તે ઉદયકાળમાં હિસાનું ફળ ભોગવશે. હિંસા કરતો નથી ને ઉદયકાળમાં હિંસાનું ફળ ભોગવશે. આ કેવી વિચિત્રતા? વિચિત્રતા અંદરના પરિણામ ઉપર છે એમ કહે છે.

બહાર હિંસા થઈ નહિ, થઈ નહિ તે કાળે ક્રિયા એ જાતની અવસ્થા નહોતી થવાની એ બાહ્ય હિંસા થઈ નહિ પણ અંદર પ્રમાદ, રાગ-દ્વેષના, મિથ્યા આદિના પરિણામમાં જોડાવાથી એને હિંસા થઈ. એનું બંધ થશે એના ઉદય ફળમાં ઉદયના ફળને ભોગવશે. હિંસાના ફળને ભોગવશે, હિંસા કરી નહિ છતાં હિંસાના ફળને ભોગવશે. બાહ્ય હિંસા કરી નહિ પણ અંદર હિંસા કરી, એમ. અહીં દ્રવ્ય-ભાવની વાત છે ને, જુઓને! માથેથી. દ્રવ્ય-ભાવ હિંસાના બધા ભંગ લેશે. બાહ્ય હિંસા કરી નહિ, પણ અંદરમાં હિંસા રાગ-દ્વેષ પ્રમાદમાં પરિણમ્યો એને ફળ કાળે હિંસાનું ફળ આવશે. કહો, બરાબર છે? આહાહા!

**''अपरः हिंसा कृत्वा अपि हिंसाफलभाजनं न स्यात्' - બીજો કોઈ જીવ હિંસા કરવા છતાં પણ...'** બાહ્ય, બાહ્યની હિંસા થવા છતાં પણ, **'હિંસાનું ફળ ભોગવવાને પાત્ર થતો નથી.'** અંદર કષાય પરિણામની તીવ્રતા નથી. હિંસા બહારમાં થાય છે. સમજાય છે? પણ અંદરમાં પરિણામમાં હિંસાનો ભાવ, કષાયભાવ નથી, એથી હિંસાના ફળને પામશે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વધારે ગૂંચવણ થાય છે.

ઉત્તર :– ગૂંચવણનો ઉકેલ કરતા જાય છે. બાહ્ય હિંસા ન થઈ અને અંદર પરિણામ રાગ-દ્વેષના છે તો હિંસાનું ફળ પામશે. બહાર હિંસા થઈ, અંદર કષાયની તીવ્રતા નથી તો હિંસાના ફળને પામશે નહિ. સીધી વાત છે. કહો, ભાવ ઉપર વાત છે. આગળ કહેશે. સમજાણું? **'कषायणुभावेन, हिंसाणुभावेन'** હિંસાના અણુભાવ કષાયના... એ ૫૪ ગાથામાં આવે છે.

એના પરિણામમાં મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદ કેવો વર્તે છે એ ઉપર હિંસા છે. એમ અહીં સિદ્ધ કરવા માગે છે. બહારમાં હિંસા ન થઈ પણ અંદરમાં મિથ્યાત્વ પરિણામને સેવે છે. મેં હિંસા ન કરી, હોં! ઘણા જીવને મેં ન માર્યા, હોં! નહિતર હું બીજાને મારી નાખત. મેં ઘણાને ન માર્યા. સમજાય છે? એવો જે મિથ્યાત્વભાવ, બહારમાં હિંસા નથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પણ મિથ્યાત્વભાવથી આત્મામાં હિંસા થઈ. તો હિંસાના ફળને ભોગવશે. બહાર એ હિંસા ન કરી શક્યો. સમજાણું? ભાવ થયો. કષાયથી બાહ્ય હિંસા થઈ, ક્રિયાથી કદાચ હિંસા થઈ, પણ અંદર હું બીજાને મારી શકુ છું કે મેં માર્યું છે એ ભાવ અભિપ્રાયમાં નથી. સમજાણું? તેમ તીવ્ર આસક્તિ નથી. તો બાહ્ય હિંસા હોવા છતાં હિંસાનું ફળ એને છે નહિ. 'વજુભાઈ'!

આ બધા ભંગ વર્ણવીને શું કરવું હશે? એના અભિપ્રાયમાં ભૂલ અને કષાયની ભૂલ બે ટાળવા માટે બતાવે છે. સમજાણું કાંઈ? પર જીવને ન મારતો હોય, પણ અંદરમાં મેં ન માર્યો માટે બચ્યો. સમજાણું? મેં આમ ન કર્યું ને માટે આમ થયું. એ બહાર ન થયું પણ અભિપ્રાયમાં મિથ્યા છે એટલે એને હિંસા થઈ છે. સમજાણું કાંઈ? અને એકમાં હિંસા બાહ્ય થઈ, અભિપ્રાયમાં હું કરી શકું કે ન કરી શકું, હું તો જ્ઞાન સ્વરૂપ છું. થોડો રાગ હતો તો બહારમાં હિંસા ઘણી થઈ છતાં એનું ફળ એને નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બહારની નજર નથી કરવાની બસ!

ઉત્તર :– બહારની નજર ક્યાં હતી બહારમાં? નજર તો અંદરમાં રહી.

**'કોઈ જીવે શરીર સંબંધથી બાહ્ય હિંસા તો ઉપજાવી છે...'** લ્યો! શરીર સંબંધમાં જીવ મર્યો, કીડી મરી ગઈ, મકોડો મરી ગયો. શરીર સંબંધી. **'પણ પ્રમાદભાવરૂપે પરિણમ્યો નથી,...'** લ્યો! હાલતા ધ્યાન રાખ્યું હતું, ઉપયોગ બરાબર હતો. શરીરથી કોઈ જીવ મરી ગયો. **'તેથી તે જીવ હિંસાના ફળનો ભોક્તા થતો નથી.'** ઓહો..હો..! આવો માર્ગ! વીતરાગનો માર્ગ અનેકાંત સ્વરૂપે પરિણમેલું તત્ત્વ. કહે છે કે, અંદરમાં એના પરિણામમાં હિંસાનો ભાવ, મિથ્યાત્વ આદિનો નથી. બહારમાં, શરીરમાં કંઈક થઈ ગઈ. ચાલતા કીડી મરી ગઈ... સમજાય છે? છતાં એનું ફળ એને નથી. એકે હિંસા કરી નથી અને ફળ છે તો તેનું ફળ મિથ્યાત્વનું આવે છે અને એકની હિંસા થઈ, મિથ્યાત્વ આદિ નથી તેને ફળ આવતું નથી. જુઓ! આ ગહન ન્યાયચક્ર.

## ગાથા–૫૨

एकस्याल्पा हिंसा ददाति काले फलमनल्पम्।
अन्यस्य महाहिंसा स्वल्पफला भवति परिपाके।।५२।।

**અન્વયાર્થ :–** [ एकस्य ] એક જીવને તો [ अल्पा ] થોડી [ हिंसा ] હિંસા [ काले ] ઉદયકાળે [ अनल्पम् ] ઘણું [ फलम् ] ફળ [ ददाति ] આપે છે. અને [ अन्यस्य ]

**બીજા જીવને [ महाहिंसा ] મોટી હિંસા પણ [ परिपाके ] ઉદયના સમયે [ स्वल्पफला ] બિલકુલ થોડું ફળ આપનારી [ भवति ] થાય છે.**

**ટીકા :– 'एकस्य अल्पा हिंसा काले अनल्पं फलं ददाति' - કોઈ એક જીવને થોડી પણ હિંસા ઉદયકાળે ઘણું ફળ આપે છે.**

**ભાવાર્થ :– કોઈ જીવે બાહ્ય હિંસા તો થોડી જ કરી, પણ પ્રમાદી થઈને કષાયરૂપ ઘણો પરિણમ્યો તેથી ઉદયકાળે હિંસાનું ફળ ઘણું પામે છે. 'अन्यस्य महाहिंसा परिपाके स्वल्पफला भवति' - બીજા કોઈ જીવને મોટી હિંસા ઉદયકાળે થોડું જ ફળ આપે છે.**

**ભાવાર્થ :– કોઈ જીવે કોઈ કારણ પામીને બાહ્ય હિંસા તો ઘણી કરી, પણ તે ક્રિયામાં ઉદાસીન રહ્યો, કષાય થોડો કર્યો તેથી ઉદયકાળે હિંસાનું ફળ પણ થોડું જ પામે છે. ૫૨.**

---

एकस्याल्पा हिंसा ददाति काले फलमनल्पम्।
अन्यस्य महाहिंसा स्वल्पफला भवति परिपाके।।५२।।

ભાષા જુઓ! પાઠ હોં! આ પાઠ આમ બોલે છે. **'એક જીવને તો થોડી હિંસા ઉદયકાળે ઘણું ફળ આપે છે.'** વર્તમાનમાં બહાર થોડી હિંસા હોય, અંદરમાં મિથ્યાત્વ આદિના તીવ્ર પરિણામ છે, એના ફળ ભવિષ્યમાં ઘણું ફળ આપશે. **'अनल्पम्'** ઘણું. બાહ્યમાં હિંસા થોડી થઈ, અંદરમાં મિથ્યાત્વ અને કષાયના પરિણામની તીવ્રતા છે એ હિંસા ઉદયકાળે ઘણું ફળ આપશે. આહાહા! સમજાણું કાંઈ?

**'અને બીજા જીવને મોટી હિંસા પણ...'** ઘણી હિંસા થઈ. મોટી લડાઈઓ થાય. પણ **'ઉદયના સમયે બિલકુલ થોડું ફળ આપનારી થાય છે.'** બહારમાં જુઓ તો આમ મોટી હિંસા દેખાય, આભ્યંતરમાં મિથ્યાત્વ આદિના પરિણામ નથી અને પ્રમાદ પણ તીવ્ર નથી, તીવ્ર રાગ નથી, ઘણો રાગ મંદ હો. એટલે મહા હિંસા બહારમાં થાય છતાં એનું ફળ અલ્પ હિંસાનું આવશે. આહાહા! કહો, સમજાણું આમાં? 'ભગવાનભાઈ'! જુઓ! આમાં પછી બહારનું તો કાંઈ રહેતું નથી. કહે છે કે, આમ બહારમાં શરીર સંબંધી હિંસા ઘણી થઈ. જુઓ! આમ લડાઈમાં રાજકુમાર હોય, સમ્યગ્દષ્ટિ છે. અનંતાનુબંધીનો અભાવ છે, મિથ્યાત્વનો અભાવ છે, ત્રણ કષાયની ઘણી મંદતાનો ભાવ રહ્યો છે. આમ જુઓ તો હાથીઓના સંહાર... લાખોના. બાહ્યમાં હિંસા ઘણી લાગે છે પણ એનું ફળ અલ્પ હિંસા થોડું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એનો અર્થ અન્યાય તો નથી થતો ને?

ઉત્તર :– કોને? પૂછોને. કહે છે કે, પરિણામ ઉપર બંધ છે કે બહારની ક્રિયા ઉપર બંધ છે? એમ કહે છે. બહારની ક્રિયા તો તે સમયે તે પરમાણુની પર્યાયનું ભજવાનું હોય

એ ભજે. એથી કાંઈ એને બાહ્યમાં હિંસા ઘણી થઈ માટે એને પાપ વધારે લાગે છે એમ છે જ નહિ. 'પ્રવિણભાઈ'! બહુ આકરા ન્યાય છે આ. સમજાણું કાંઈ? આહાહા! પેલામાં તો આવી ગયું, બાહ્યમાં દયાનો ભાવ છે. આમ પરજીવને ન મારું, આને આમ કરું, આમ કરું એવા ભાવ છે પણ અંદર મિથ્યાત્વભાવ છે. એ એનો સ્વામી થાય છે અને ધણી થાય છે, મેં આ કર્યું, મેં આમ કર્યું, મેં આમ કર્યું, મેં આને આહાર દેવડાવ્યા, મેં આને દાન દેવડાવ્યા. કહો, સમજાણું? હોય છે ને એવા માણસ પાંચ મણ ચોખા રાંધતા હોય તો એક માણસ દયાળુ આવે, ભાઈ! આમાં અધ મણ વધારે રાંધો ગરીબોને અપાશે. એ જાણે કે, મેં ઘણાની દયા પાળી. અંદર એને પાપ મોટું લાગ્યું. મેં આ બધું કર્યું, મેં આમ કર્યું તો આમ થયું એવા મિથ્યા અભિપ્રાયને લઈને મહા પાપ લાગે છે. કહો, સમજાણું આમાં? આહાહા! 'પોપટભાઈ'! અરે..! આ કેવી જૈનની...! પેલો કહે, ભાઈ? જુઓ! પાંચ મણ તો આપણે રાંધવા છે ને? તો ગરીબોના એક મણ તો ભેગા નાખો. આ દયા માટે મેં જીભ વાપરી હતી. આમ જુઓ તો દયાના ભાવ દેખાય, અંદરમાં મિથ્યાત્વ પરિણામ તીવ્ર છે. કારણ કે, એને (એમ છે કે) મેં આમ કર્યું તો આમ થયું ને મેં આમ કર્યું તો બીજાને મળ્યા ને મેં આમ કર્યું તો આમ થયું. એવી જે મિથ્યાશ્રદ્ધા, એનું એને મહાન પાપ લાગે છે. જેના ફળ તરીકે મહાન પાપનો ઉદય આવશે. સમજાણું કાંઈ?

આ તો 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે 'અમૃતચંદ્રાચાર્ય' ગહન વનમાં ન્યાયચક્રમાં લઈ જાય છે. ''**एकस्य अल्पा हिंसा काले अनल्पं फलं ददाति' - કોઈ એક જીવને થોડી પણ હિંસા ઉદયકાળે ઘણું ફળ આપે છે.**'

'**કોઈ જીવે બાહ્ય હિંસા તો થોડી જ કરી,...**' સમજાય છે? અંદરમાં કષાય ઘણો છે. '**પણ પ્રમાદી થઈને કષાયરૂપ ઘણો પરિણમ્યો તેથી ઉદયકાળે હિંસાનું ફળ ઘણું પામે છે.**' સમજાણું કાંઈ? '**अन्यस्य महाहिंसा परिपाके स्वल्पफला भवति**' આ પંચમહાવ્રતધારી મુનિઓ આવું કહે! દ્રવ્ય હિંસાની દરકાર છોડી દે છે? વસ્તુનું સ્વરૂપ એમ છે, એમ કહે છે એ. '**બીજા કોઈ જીવને મોટી હિંસા...**' બહારમાં ઘણી હિંસા (થાય) '**ઉદયકાળે થોડું જ ફળ આપે છે.**' ઉદયકાળે એને ફળ થોડું છે. કારણ કે, અંદરના મિથ્યાત્વ અને કષાયના પરિણામ ઘણા નથી. કષાયના હોય તો થોડા હોય, મિથ્યાત્વ તો છે જ નહિ. એ ઘણી હિંસામાં એને થોડું ફળ મળશે. '**મોટી હિંસા ઉદયકાળે થોડું જ ફળ આપે છે.**' લ્યો! ઓહો..હો..! ગહન વાત. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :–** '**કોઈ જીવે કોઈ કારણ પામીને બાહ્ય હિંસા તો ઘણી કરી,...**' બહારની થઈ. કરી ન હોય, ભાષા વ્યવહારથી કહે છે, હોં. હિંસા કરી શકે છે એ પછી પાછું આમાંથી લે તો ઊંધુ વેતરાશે. એય..! ભાષા તો આવી છે, જુઓ! '**કોઈ જીવે કોઈ કારણ પામીને બાહ્ય હિંસા તો ઘણી કરી,...**' દેખો! બાહ્ય હિંસા તો ઘણી કરી. કરી શકે છે ને? પણ

બાહ્ય હિંસા એની હાજરીમાં ઘણી દેખાય એના શરીરથી, આસપાસના આચરણથી, સમજ્યા ને? હુકમ કરે કે, આમ કરો... આમ કરો... જાવ. **'પણ તે ક્રિયામાં ઉદાસીન રહ્યો,...'** અંદરમાં ઉદાસ, અરે..! આ મારે ન હોય. આ શું? અંદર ઘણો ઉદાસ છે. ભલે રાગ થોડો છે પણ અંદરમાં ઘણો ઉદાસ છે.

**'કષાય થોડો કર્યો તેથી ઉદયકાળે હિંસાનું ફળ પણ થોડું જ પામે છે.'** કહો, બરાબર છે આ? અરે..! આવી વિચિત્ર વાત. ભાઈ! આ જુઓ! અહીં 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' વ્યાખ્યાનમાં આ પહેલું વંચાય છે. કોઈ દિ' વાંચ્યું નથી. ત્રણ દિ'થી તમારે ત્યાં ... અડધી નોકરી કરી તો પણ. કહો, સમજાણું આમાં? ભારે ભંગ! ભાઈ! આવા મુનિ મહાવ્રતધારી, જેણે 'સમયસાર'ની ટીકાઓ કરી, અધ્યાત્મની, એ આ દર્શન-જ્ઞાનની વ્યાખ્યા કરી ગયા, પછી દર્શન, જ્ઞાની જીવને ત્યાગ ચારિત્ર જે બતાવે છે, એની અંદરની આ વ્યાખ્યામાં આ બતાવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનની વ્યાખ્યા તો કહી ગયા છે. એના પછીનો એનો ત્યાગ, આચરણ કેવા પ્રકારનો હોય છે, દેશ આચરણ ને સર્વ વિરતી. દેશ વિરતી ને સર્વ વિરતી કેવી હોય છે એનું સ્પષ્ટીકરણ કરવામાં આ બધી વાત લીધી છે. સમજાણું?

શ્રાવક હોય, પંચમગુણસ્થાને હોય, બહાર અબજોપતિ મોટા વહાણના ધંધા (હોય), અબજોપતિ હોય, લ્યો! બહારમાં જુઓ તો હિંસા એટલી લાગે, અંદરમાં કષાય ઘણો અલ્પ છે માટે હિંસા થોડી છે. અને એક સાધારણ પ્રાણી છે, બાહ્યમાં હિંસા થોડી દેખાય છે, વેપાર સાધારણ થોડી હિંસા (દેખાય), અંદરમાં મિથ્યાત્વના પરિણામ (છે), મેં આ કર્યું એવા અભિપ્રાયનો કષાય ઘણો છે (એને) ઘણું પાપ લાગે છે.

મુમુક્ષુ :– આમાં કરવું શું?

ઉત્તર :– કહો, શું કરવું આમાં 'કનુભાઈ'? આનો સરવાળો શું કરવો આ કહે છે. માટે કહે છે કે, અંદરમાં મિથ્યાત્વના ને કષાયના પરિણામ કરવા નહિ. સમ્યગ્દર્શન ને શાંતિના, ચારિત્રના પરિણામ કરવા એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પછી પણ કોઈકને બાહ્ય આચરણમાં ઘણી હિંસા હોય અને અંતરના પરિણામમાં કષાય ઘણો મંદ છે. સમજાણું? તો એને થોડું ફળ આપશે હિંસા. કો'કને બહારમાં હિંસા થોડી છે, અંદરમાં કષાય ઘણો છે, તો એને ઘણું ફળ, ઘણું ફળ આપશે. અંદરના ભાવ મિથ્યાત્વ ને કષાય ઉપર આખું જોર છે. બહારના આચરણમાં આ જાજી બાયડી રાખે છે... જુઓ! પેલામાં 'લાલનજી' કહેતા હતાને? કહે લ્યો આ અમારો 'એડવર્ડ' જાવજીવ એક રાણી રાખે, તમારો ચક્રવર્તી આવો કે છન્નું હજાર રાણી રાખે. વ્યભિચારી છે, એમ કહેતા. 'લાલન' પંડિત નહોતા? અરે..! સાંભળો 'લાલન'! વાંચી વાંચીને મીંડા કર્યા બધા. ખીચડા કર્યા, ખીચડા. કો'કના શરીરના રજકણ જાજા હોય, મોટા બાર મણનું શરીર, આઠ મણનું હોય તો શરીરના રજકણ પ્રમાણે એને પાપ લાગતું હશે?

www.vitragvani.com



મુમુક્ષુ :– એમાં કોઈ મરે છે ક્યાં?

ઉત્તર :– તો આ શું? આ પણ રજકણ એ બહારની ચીજ છે, એ તો એને કારણે એના સંયોગે આવી છે. જાજી સ્ત્રી માટે જાજુ પાપ, એક સ્ત્રી માટે થોડું પાપ, એવું તને કહ્યું કોણે? આવું લાવ્યા ક્યાંથી? ખીચડો કર્યો, કીધું. ખીચડો એ દાણાનો નહિ, દાણા ને કાંકરા ભેગા. અહીં બેસતા, અહીં બેસતા. ૯૫ વર્ષે ગુજરી ગયા ને? (સંવત) ૨૦૦૯ની સાલમાં ગુજરી ગયા.

**'કોઈ જીવે કોઈ કારણ પામીને બાહ્ય હિંસા તો ઘણી કરી,...'** સમ્યગ્દૃષ્ટિ જીવ હોય છે, જેને આત્માનું, અનુભવનું ભાન હોય છે, એ કદાચિત બહારના કારણે લડાઈ આદિમાં પણ જોડાય જાય તો બહારમાં ઘણી હિંસા દેખાય છે. **'પણ તે ક્રિયામાં ઉદાસીન રહ્યો,...'** છે. સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માનો અનુભવ હોય છે, એ સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદનો સ્વાદ આવ્યો હોય છે. એથી ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, કોઈ રાજકુમાર આદિ હોય ને લડાઈ કરવી પડે તો બાહ્યમાં દેખો તો હિંસા ઘણી દેખાય છે. અનેક હાથી, ઘોડા આદિના સંહાર દેખાય પણ તે ક્રિયામાં ઉદાસીન છે. અંતરમાં તેનો અભિપ્રાય મારવા આદિનો છે નહિ. થોડો કર્યો, **'કષાય થોડો કર્યો...'** રાગ મંદ છે. **'તેથી ઉદયકાળે હિંસાનું ફળ થોડું જ પામે છે.'** બાહ્ય જુઓ તો હિંસા ઘણી છે, અંતર અભિપ્રાય અને કષાય ઘણો મંદ છે, અભિપ્રાય સવળો છે ને કષાય મંદ છે. તેથી એને ફળ ઘણી હિંસા હોવા છતાં પરિણામે અલ્પ હિંસાનું ફળ એને આવશે. સમજાણું કાંઈ?

એકને મંદ હિંસા બહારમાં થોડી હિંસા હોય. મન, વાણી, દેહની ક્રિયાઓ જડની પર્યાયમાં થોડી હિંસા દેખાય પણ અંદરમાં એના અભિપ્રાયમાં કષાય અને મિથ્યાત્વની તીવ્રતા છે. તેથી તે અલ્પ હિંસાવાળાને પણ અંતરમાં તીવ્ર મિથ્યાત્વ ને કષાયના જોરની હિંસાને લઈને એના ફળમાં તીવ્ર હિંસાનું ફળ પામશે. સમજાણું કાંઈ? અહીં પ્રમત્ પ્રાણ યોગત હિંસા એ ઉપરની આખી વ્યાખ્યા ચાલે છે. પ્રમાદ યોગ અંદર મિથ્યાત્વનો અને રાગ-દ્વેષના પરિણામ, એમાં જોડાતા જે હિંસા થાય એ જ હિંસા છે. બહારની થોડી, ઘણી હિંસાના પ્રમાણમાં એને બંધનું કારણ નથી, એને બંધનું કારણ નથી, બંધનું કારણ તો એના જે અભિપ્રાય ને રાગ-દ્વેષના પરિણામ તે બંધનું કારણ છે. સમજાણું કાંઈ? ૫૨મી ગાથા થઈ. હવે ૫૩મી ગાથા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૫૩

एकस्य सैव तीव्रं दिशति फलं सैव मन्दमन्यस्य।
व्रजति सहकारिणोरपि हिंसा वैचित्र्यमत्र फलकाले।।५३।।

અન્વયાર્થ :– [ सहकारिणोः अपि हिंसा ] એક સાથે મળીને કરેલી હિંસા પણ [ अत्र ] આ [ फलकाले ] ઉદયકાળે [ वैचित्र्यम् ] વિચિત્રતાને [ व्रजति ] પામે છે અને [ एकस्य ] કોઈને [ सा एव ] તે જ હિંસા [ तीव्रं ] તીવ્ર [ फलं ] ફળ [ दिशति ] દેખાડે છે અને [ अन्यस्य ] કોઈને [ सा एव ] તે જ [ हिंसा ] હિંસા [ मन्दम् ] ઓછું ફળ આપે છે.

ટીકા :– 'सहकारिणोः अपि हिंसा अत्र फलकाले वैचित्र्यं व्रजति' - બે પુરુષોએ સાથે મળીને કરેલી હિંસા ફળના સમયે વિચિત્રરૂપ-અનેક પ્રકારતાને પ્રાપ્ત થાય છે એ જ કહીએ છીએ. 'एकस्य सैव तीव्रं फलं दिशति' - એક પુરુષને તો તે જ હિંસા તીવ્ર ફળ આપે છે. 'अन्यस्य सा एव मन्दं फलं दिशति' - બીજા જીવને તે જ હિંસા મંદ ફળ આપે છે.

ભાવાર્થ :– બે પુરુષોએ બાહ્ય હિંસા સાથે કરી, પણ તે કાર્યમાં જેણે તીવ્ર કષાયથી હિંસા કરી તેને આસક્તપણું બહુ હોવાથી ઉદયકાળે તીવ્રફળ થાય છે; જેને મંદકષાયથી આસક્તપણું બહુ ન થયું તેને ઉદયકાળે મંદફળ થાય છે. ૫૩.

---

एकस्य सैव तीव्रं दिशति फलं सैव मन्दमन्यस्य।
व्रजति सहकारिणोरपि हिंसा वैचित्र्यमत्र फलकाले।।५३।।

**'એક સાથે મળીને કરેલી હિંસા...'** હજારો, લાખો માણસ એકસાથે બેઠા હોય અને હિંસા એકસાથે થઈ હોય. **'પણ આ ઉદયકાળે વિચિત્રતાને પામે છે...'** એના દરેકના પરિણામમાં ફેર હોય છે. દાખલો આપશે આગળ, હોં! **'અને કોઈને તે જ હિંસા તીવ્ર ફળ દેખાડે છે અને કોઈને તે જ હિંસા ઓછું ફળ આપે છે.'** બધા ભેગા થઈને ઊભા હોય છે. સમજાણું?

**'બે પુરુષોએ સાથે મળીને કરેલી હિંસા ફળના સમયે વિચિત્રરૂપ-અનેક પ્રકારતાને પ્રાપ્ત થાય છે...'** બે પુરુષો એક સાથે ઇચ્છે ને આમ હિંસા એકસાથે થાય છે. છતાં પરિણામમાં દરેકનો ફેર હોય છે. દરેકના એક જ સરખા પરિણામ હોતા નથી. **'બે પુરુષોએ સાથે**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**મળીને કરેલી હિંસા ફળના સમયે...**' એના ફળના કાળે '**વિચિત્રરૂપ અનેક પ્રકારતાને પ્રાપ્ત થાય છે...**' જેવા એના પરિણામ, પરિણામ ઉપર એને ફળ છે. બહારની ક્રિયાનું કેટલું માપ હિંસાદિ (થાય) એનું માપ નથી. કહો, સમજાણું આમાં? '**એ જ કહીએ છીએ. - એક પુરુષને તો તે જ હિંસા તીવ્ર ફળ આપે છે.**' હોય બેએ સાથે કરેલી. એકને તીવ્ર ફળ આપે. '**બીજા જીવને તે જ હિંસા મંદ ફળ આપે છે.**' કહો, સમજાણું આમાં? આવો વીતરાગ માર્ગ અંતરના પરિણામ ઉપર આધાર રાખે છે. બહારના આચરણ ઉપર આધાર રાખતો નથી. સમજાણું કાંઈ?

'**બે પુરુષોએ બાહ્ય હિંસા સાથે કરી, પણ તે કાર્યમાં જેણે તીવ્ર કષાયથી હિંસા કરી...**' અંદર કષાયનું જોર બહુ હતું. '**તેને આસક્તપણું બહુ હોવાથી...**' તેની આસક્તિ ઘણી હોવાથી. '**ઉદયકાળે તીવ્ર ફળ થાય છે;...**' એનું પાપનું ફળ આવશે ત્યારે તીવ્ર આવશે. '**જેને મંદ કષાયથી આસક્તપણું બહુ ન થયું...**' થોડું થતું હોય ને એમાં. '**તેને ઉદયકાળે મંદ ફળ થાય છે.**' એના અંતરના વિકારી પરિણામ ઉપર હિંસા, અહિંસાની વ્યાખ્યા છે. કહો, સમજાણું કાંઈ? ઘણા ભંગ લીધા.

એક તો એ લીધું ને પહેલેથી? કે નિશ્ચયનું ભાન નથી. શુદ્ધ ચિદાનંદ નિર્વિકલ્પ આનંદનું ભાન નથી અને બાહ્ય આચરણમાં દયાના પરિણામને કરતો નથી. ભ્રષ્ટાચારથી વર્તીએ તો વર્તીએ અમારે શું? એમ માનનારાઓ પણ મિથ્યાદૃષ્ટિ, નિશ્ચયાભાસી છે. એક એ બોલ લીધો.

બીજો બોલ એમ લીધો કે, જે કોઈ એકલા બાહ્ય ગ્રહણ ત્યાગના વેપારમાં રોકાયેલો શુભભાવી જીવ (છે). ઉપવાસ કરવો, આહાર છોડવો, દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર કરવો, કુદેવનો છોડવો, એવા બાહ્ય પદાર્થના ગ્રહણ ત્યાગના ઉપયોગરૂપી શુભભાવ, એમાં વર્તે છે તે આત્માના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ જે વેપાર, એ રાગ શુભ ઉપયોગથી ભિન્ન, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિનું જે શુદ્ધઉપયોગરૂપ આચરણ, એની હિંસા કરે છે. આ હિંસા, અહિંસાની બધી વ્યાખ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? અંતરના શુદ્ધઉપયોગ આચરણ (નથી), જે એકલો શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પમાં રોકાયેલો છે અને એ સાધન માનીને પડ્યો છે. એને એ શુભરાગ રહિત મારું ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વરૂપ છે એના શ્રદ્ધા, જ્ઞાનને પ્રગટ કરતો નથી, શુદ્ધ આચરણને પ્રગટ કરતો નથી, એ પોતાના શુદ્ધ ઉપયોગરૂપી અહિંસા ધર્મનો, એ શુભભાવમાં અટકેલો, પોતાના અહિંસા ધર્મનો નાશ કરે છે. ભારે, ભાઈ! આ. એય.. 'દીપચંદજી'! એમાં છે કે નહિ? વાંચ્યું હતું કે નહિ કોઈ દિ' આ? સમજાણું? એવા બે ભંગ પહેલા લીધા હતા.

પછી એક (જીવ) હિંસા ન કરવા છતાં હિંસાના ફળને ભોગવે છે. બાહ્ય હિંસા કરતો નથી પણ અંદરમાં હિંસાના મિથ્યાત્વના ને રાગ-દ્વેષના પરિણામ છે, સમજાય છે? એ હિંસાનું ફળ ભોગવે છે. કારણ કે, અંદર મિથ્યાપરિણામ, મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામ

www.vitragvani.com



છે તે જ ખરી હિંસા છે. બહારમાં હિંસા ન કરતો હોય. લ્યો! સમજાણું?

બીજો હિંસા કરીને પણ હિંસાનું ફળ ભોગવવાને પાત્ર થતો નથી. બહારમાં હિંસા, લડાઈ આદિમાં હોય છે. અંદરમાં સમ્યગ્દષ્ટિ જ્ઞાન ઉદાસ, ઉદાસ.. અંતરમાં ધ્યાન આનંદના, પોતાના આનંદના સ્વાદ આગળ ક્યાંય એને આનંદ આવતો નથી. એ જરી અશુભરાગ દ્વેષ થયો, પણ એમાં એને પ્રીતિ પ્રેમ નથી. તેથી બાહ્યમાં હિંસા ઘણી હોવા છતાં, અંતરમાં એના પરિણામ ઘણા સમ્યગ્દર્શન-જ્ઞાનથી લુખ્ખા છે, તેથી તે ફળ ભોગવવાનું પાત્ર થતો નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

એક થોડી હિંસા કરે અને ઘણા ફળને પામે. કહો, એક થોડી હિંસા કરે, બહારમાં થોડી હિંસા થાય, અંદરમાં તીવ્ર મિથ્યાત્વ ને રાગ-દ્વેષ હોય, (એ) ઘણા ફળને પામે. એક મહા હિંસા કરે એ અલ્પ ફળને પામે. બહારમાં મહા હિંસા હોય, અંદરમાં રાગ-દ્વેષ મંદ હોય, તે અલ્પ ફળને પામે.

બે જણા સાથે પાપ કરનારા (હોય). આ ૫૩મું. સમજાણું કાંઈ? બે જણા, ચાર જણા ભેગા થઈને બહારમાં હિંસા થઈ છે પણ એના પરિણામમાં જેવા પરિણામ તીવ્ર આસક્ત કે મંદ હોય, એના પ્રમાણમાં એને ફળ વિચિત્ર પ્રકારે મળે છે. લ્યો! એક પુરુષને તે હિંસા તીવ્ર આપે, બીજાને તે મંદ આપે. એવી વીતરાગ માર્ગમાં અંતરના મિથ્યાશ્રદ્ધા ને રાગ-દ્વેષના પરિણામ ઉપર હિંસા, અહિંસાની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? ૫૩મી ગાથા થઈ. હવે ૫૪મી ગાથા.

## ગાથા–૫૪

**प्रागेव फलति हिंसा क्रियमाणा फलति फलति च कृता अपि।**
**आरभ्य कर्तुमकृतापि फलति हिंसानुभावेन।।५४।।**

**અન્વયાર્થ :– [ हिंसा ] કોઈ હિંસા [ प्राक् एव ] પહેલાં જ [ फलति ] ફળ આપે છે, કોઈ [ क्रियमाणा ] કરતાં કરતાં [ फलति ] ફળ આપે છે, કોઈ [ कृता अपि ] કરી લીધા પછી [ फलति ] ફળ આપે છે [ च ] અને કોઈ [ कर्तुम् आरभ्य ] હિંસા કરવાનો આરંભ કરીને [ अकृता अपि ] ન કરવા છતાં પણ [ फलति ] ફળ આપે છે. આ જ કારણે [ हिंसा ] હિંસા [ अनुभावेन ] કષાયભાવ અનુસાર જ [ फलति ] ફળ આપે છે.**

**ટીકા :– 'च हिंसा प्राक् एव फलति' - કોઈ હિંસા પહેલા ફળે છે.**

www.vitragvani.com



ભાવાર્થ :– કોઈ જીવે હિંસાનો વિચાર કર્યો હતો પણ તે બની શકી તો નહિ પણ તે વિચારથી જે કર્મ બાંધ્યું હતું તેનું ફળ ઉદયમાં આવ્યું. પછી હિંસાનો જે વિચાર કર્યો હતો તે કાર્ય બાહ્યમાં બન્યું. આ રીતે હિંસા પહેલા જ ફળ આવે છે.

'क्रियमाणा फलति' - વળી કોઈ હિંસા કરતા જ ફળે છે.

ભાવાર્થ :– કોઈએ હિંસાનો વિચાર કર્યો તેનાથી જે કર્મબંધ કર્યો તે જે સમયે ઉદયમાં આવ્યો તે જ વખતે વિચાર પ્રમાણે બાહ્ય હિંસા બની. આ રીતે હિંસા કરતા જ તેનું ફળ આવે છે.

'कृता अपि च फलति' - વળી કોઈ હિંસા કર્યા પછી ફળ આપે છે.

ભાવાર્થ :– કોઈએ હિંસાનો વિચાર કર્યો, વિચાર પ્રમાણે બાહ્ય હિંસા પણ કરી. ત્યાર પછી તે હિંસાનું ફળ ઉદયમાં આવ્યું. આ રીતે કર્યા પછી હિંસા ફળે છે.

'हिंसां कर्तुम् आरभ्य अपि फलति' - કોઈએ હિંસા કરવાની શરૂઆત કરી પણ હિંસા પછી ન કરી તે પણ ફળે છે.

ભાવાર્થ :– કોઈએ હિંસાનો વિચાર કરી હિંસા કરવામાં લાગ્યો. પછી કારણ પામીને હિંસા ન કરી. એવી હિંસા પણ ફળ આપે છે. આ રીતે ફળ થવાનું કારણ કહે છે.

'अनुभावेन' - કષાયભાવ અનુસાર ફળ થાય છે. આ જ પદ આગલા સૂત્રોમાં પણ 'દેહલી દીપક ન્યાય'ની જેમ બધે જાણી લેવું. ૫૪.

---

प्रागेव फलति हिंसा क्रियमाणा फलति फलति च कृता अपि।
आरभ्य कर्तुमकृतापि फलति हिंसानुभावेन।।५४।।

**'કોઈ હિંસા પહેલાં જ ફળ આપે છે,...'** આ શ્લોક જરી ઝીણો છે. **'કોઈ હિંસા પહેલાં જ ફળ આપે છે, કોઈ કરતાં કરતાં ફળ આપે છે, કોઈ કરી લીધા પછી ફળ આપે છે અને કોઈ હિંસા કરવાનો આરંભ કરીને ન કરવા છતાં પણ ફળ આપે છે. આ જ કારણે હિંસા કષાયભાવ અનુસાર જ ફળ આપે છે.'** છેલ્લો સરવાળો અહીં (લીધો). **'हिंसानुभावेन'** જેટલો એ આત્માને ભૂલી અને મિથ્યાત્વભાવ કરે છે અને આત્માને ભૂલી અસ્થિરતા ભાવ જેટલો કરે છે. ભૂલીને એટલે? ભાન ભલે હો, પણ અસ્થિરતા જેટલો રાગ-દ્વેષ કરે છે, એટલી હિંસા (છે). સમજાણું કાંઈ? બહારની અપેક્ષાએ હિંસા, અહિંસાનું કાંઈ પ્રયોજન વીતરાગ માર્ગમાં નથી. કહો, સમજાણું આમાં? જુઓ!

''**च हिंसा प्राक् एव फलति' કોઈ હિંસા પહેલા ફળે છે.**' એની વ્યાખ્યા.

**'કોઈ જીવે હિંસાનો વિચાર કર્યો હતો...'** એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયને મારવાની હિંસા કરી હતી. **'પણ તે બની શકી તો નહિ પણ તે વિચારથી જે કર્મ બાંધ્યું હતું તેનું**

www.vitragvani.com



**ફળ ઉદયમાં આવ્યું.**' બહારમાં મારવાની ક્રિયા ન થઈ, કોઈ જીવને દુઃખ દેવાની, આને મારું, આને કરું. વિચાર આવ્યો પણ મારી ન શક્યો પણ એના પરિણામથી જે કર્મ બાંધ્યું એનું ફળ ઉદયમાં આવ્યા વિના રહેશે નહિ. બહારમાં કોઈને માર્યો નથી. અંદરના પરિણામમાં આને મારું એવો અશુભભાવ કરેલો. હિંસા થઈ નહિ. પેલો મર્યો નહિ એટલે હિંસા થઈ નહિ. '**પછી હિંસાનો જે વિચાર કર્યો હતો તે કાર્ય બાહ્યમાં બન્યું.**' લ્યો! '**પછી હિંસાનો જે વિચાર કર્યો હતો તે કાર્ય બાહ્યમાં બન્યું. આ રીતે હિંસા પહેલા જ ફળ આપે છે.**' હિંસા થયા પહેલા ફળ આપે છે. એમ કહે છે. હિંસાનો જે વિચાર કર્યો હતો તે કાર્ય બાહ્યમાં પછી બન્યું. આ રીતે હિંસા પહેલા ફળ આપે છે. ગહન નયચક્ર છે.

મુમુક્ષુ :– એવા ભાવ કર્યા.

ઉત્તર :– ભાવ (કર્યા) પણ બહારમાં ફળ્યું નહિ. પણ ભાવ કર્યા એના પરિણામનું ફળ એને આવ્યા વિના રહેશે નહિ. એ હિંસા પહેલા ફળ આવ્યું. પછી પાછળ હિંસા થઈ વળી પાછળથી પાછો મારવાનો ભાવ થયો અને પેલાને માર્યો, પણ પેલો ભાવ થયો હતો એનું ફળ તેને આવ્યું.

''**क्रियमाणा फलति' વળી કોઈ હિંસા કરતા જ ફળે છે.' 'કોઈએ હિંસાનો વિચાર કર્યો તેનાથી જે કર્મબંધ કર્યો...**' રાગ-દ્વેષના પરિણામ કર્યા, '**તેનાથી જે કર્મબંધ કર્યો તે જે સમયે ઉદયમાં આવ્યો તે જ વખતે વિચાર પ્રમાણે બાહ્ય હિંસા બની.**' ઉદયમાં આવ્યો તે કાળે. પેલું પહેલા અને પછી આ. આ સાથે. તે જે સમયે ઉદયમાં ફળ આવ્યું, પહેલા હિંસાના, જૂઠના પરિણામ કર્યા હતા. મૂળ હિંસા શબ્દે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. અને અહિંસા શબ્દે સમ્યગ્દર્શન અને અવિકારી પરિણામ એનું નામ અહિંસા. વીતરાગના માર્ગની આ અહિંસા. પરજીવને મારવા ન મારવાની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? કહો, આ અહિંસા હશે અહીંયાં?

ભગવાનની અહિંસા એનાથી સ્વતંત્ર રાજ મળ્યું. કહે છે ને? ભગવાનની અહિંસાથી કાંઈ મળે નહિ. એની અહિંસાથી, આત્માની અહિંસાથી એને આનંદ મળે. ભગવાન મહાવીરે કહેલી અહિંસા, એનાથી તો એને આનંદ મળે, બાહ્યની ચીજ મળે નહિ. 'કાંતિભાઈ'! આ બધા ભાષણ-ભાષણ શું કહે? ઘણાય મૂકેને? ભગવાનની અહિંસા એ ગાંધીજીએ લીધી અને ગાંધીજીની અહિંસાને કારણે સ્વરાજ મળ્યું. એય...! માર ગોળા આડા અવળા, કોણ પૂછનાર છે? સામે કોઈ પૂછે નહિ ને કાંઈ ખબર ન મળે. ભગવાન મહાવીરની હિંસા એ નહિ, મહાવીરની અહિંસા એ ભગવાન અખંડાનંદ પ્રભુ અનંતગુણનું ધામ, એનું અંતરમાં મિથ્યા શ્રદ્ધા ને રાગ-દ્વેષનો નાશ કરી, સમ્યક્ શ્રદ્ધા ને શાંતિ અંતરના સ્વરૂપમાં નિર્દોષ અવિકારી પરિણામ પ્રગટ થાય તેને મહાવીરની અહિંસા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'દીપચંદજી'! હિન્દી છે, હિન્દી? તમારી પાસે કઈ છે? હિન્દી છે ને.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**'કોઈએ હિંસાનો વિચાર કર્યો તેનાથી જે કર્મબંધ કર્યો...'** ભાવથી, જોયું? **'તે જે સમયે ઉદયમાં આવ્યો તે જ વખતે વિચાર પ્રમાણે બાહ્ય હિંસા બની. આ રીતે હિંસા કરતા જ તેનું ફળ આવે છે.'** જગતમાં ભાવ અને બાહ્યની ક્રિયામાં આવો મેળ નથી કે, બાહ્ય ભાવ થયો ને બાહ્ય હિંસા થાય જ. એમ કહે, મૂળ તો એમ કહે છે. સમજાણું કાંઈ? અને બાહ્ય હિંસાના પ્રમાણમાં એને બંધ હોતો નથી. બંધ એના પરિણામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પ્રમાણે એને સંસાર વધે છે.

**''कृता अपि च फलति' વળી કોઈ હિંસા કર્યા પછી ફળ આપે છે.' 'કોઈએ હિંસાનો વિચાર કર્યો, વિચાર પ્રમાણે બાહ્ય હિંસા પણ કરી.'** ભાષા તો અહીં વ્યવહારથી છે ને. **'ત્યાર પછી તે હિંસાનું ફળ ઉદયમાં આવ્યું. આ રીતે કર્યા પછી હિંસા ફળે છે.'** ત્રીજો બોલ લીધો. કોઈ હિંસા પહેલા ફળે, કોઈ હિંસા પછી ફળે, કોઈ હિંસા વખતે વર્તમાનમાં તરત ફળે એમ કહે છે. વિચિત્ર વાત છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત મુનિ વનવાસી હતા. જંગલમાં અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા હતા. એવા આનંદમાં એક વિકલ્પ આવ્યો, આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' બની ગયું, રજકણની પર્યાયથી, આત્મા એને કરી શકે નહિ. પુસ્તકને આત્મા કરી શકે નહિ, એ તો જડ છે, જડની પરમાણુની પર્યાય (છે). સમજાણું કાંઈ?

**'हिंसा कर्तुम् आरभ्य अपि फलति'** ચોથો બોલ. **'કોઈએ હિંસા કરવાની શરૂઆત કરી પણ હિંસા પછી ન કરી...'** શરૂઆત કરી થોડી પણ હવે કામ આવી ગયું ને અટકી ગયો. **'તે પણ ફળે છે.'** ભાવ થયો ને? ભાવ. ભલે હિંસા બહાર ન થઈ. થોડી શરૂઆત કરી, થોડું થયું અને ઘણી ન થઈ. ભાવમાં ઘણી છે. **'કોઈએ હિંસાનો વિચાર કરી હિંસા કરવામાં લાગ્યો. પછી કારણ પામીને હિંસા ન કરી.'** કોઈ પ્રસંગ આવ્યો હિંસા ન થઈ. **'એવી હિંસા પણ ફળ આપે છે. આ રીતે ફળ થવાનું કારણ કહે છે.'** હવે એ બધાનો સરવાળો કહે છે. આટલા બધા ભંગ કહ્યા ને? કે **'अनुभावेन', 'अनुभावेन'** એક શબ્દ છે.

**''अनुभावेन' - કષાયભાવ અનુસાર ફળ થાય છે.'** મિથ્યાત્વ ભાવ પણ કષાય છે. સમજાણું કાંઈ? પરની દયા હું પાળી શકું છું એ ભાવ પણ મિથ્યાત્વ છે. પરની હિંસા કરી શકું છું, પરને મારી શકું એ ભાવ મિથ્યાત્વ છે. પરને હું સુખ-દુઃખ આપી શકું છું એ ભાવ પણ મિથ્યાત્વ છે. પરથી મને સુખ-દુઃખ થાય છે એ ભાવ પણ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વના પ્રમાણમાં એને બંધનનું કારણ થાય છે એમ કહે છે. બાહ્યના કારણોનું કાંઈ છે નહિ. અને અંદરમાં કષાય. મિથ્યાત્વ ઉપરાંત પછી રાગ-દ્વેષની જેટલી આસક્તિ હોય એના પ્રમાણમાં એને બંધન, ફળ થાય છે. જ્ઞાનીને, સમકિતીને પણ જેટલો રાગ ભાગ બાકી છે એટલી એને પણ હિંસા છે અને એટલો બંધ છે. સમજાણું કાંઈ? 'દીપચંદજી'! બહુ સૂક્ષ્મ છે.

મુનિ આત્મજ્ઞાની, આત્મદર્શી, આત્મધ્યાની હોય અને આત્માના સ્વરૂપની રમણતા ત્રણ કષાયના અભાવની મુનિને થઈ હોય. એને પંચમહાવ્રતના અઠયાવીસ મૂળગુણના વિકલ્પ ઉઠે એ હિંસા છે એમ કહે છે. શુભની જેટલી વૃત્તિ ઉઠે છે એ પણ હિંસા છે. આત્માના શુદ્ધ સ્વભાવને હણીને ઉત્પન્ન થાય છે. આહાહા! ગજબની વાત! ક્યાં વીતરાગની અહિંસા ને ક્યાં દુનિયાએ કલ્પી!

મુમુક્ષુ :– અહિંસા આઘી ચાલી ગઈ.

ઉત્તર :– આઘી ચાલી ગઈ. એનું સ્વરૂપ બહુ ગંભીર પડ્યું એમ કહે છે. ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા છે. જેની જ્ઞાન દશામાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમયમાં પોતાના અનંતગુણ, દ્રવ્ય અને પર્યાય ને અનંતા ત્રણકાળના દ્રવ્ય, ગુણ ને પર્યાય, જેને એક સમયમાં ભગવાનને જણાણા એ ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા અનંતા થઈ ગયા એમણે આમ કહ્યું છે. વર્તમાનમાં પરમાત્મા બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં ત્રિલોકનાથ તીર્થંકર સીમંધર પ્રભુ આદિ બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે. બધાનું આ કથન અનાદિનું એક છે. જેટલો તારા સ્વભાવને ભૂલીને પરનું કરવું, મુકવું એવો મિથ્યાત્વ ભાવ એ બધું મિથ્યાત્વનું પાપ છે. એ છોડીને જેટલી આસક્તિ રાગાદિની શુભ, દયા, દાનના, વ્રતના પરિણામ થાય એ પણ શુભરાગ છે અને એ પણ પરમાર્થે તો હિંસા છે. એવો વીતરાગ સર્વજ્ઞનો કહેલો અહિંસા માર્ગ છે. દુનિયા કહે છે એ રીતનો અહિંસા માર્ગ નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૮ ગાથા–૫૪ થી ૫૮ શનિવાર, જ્યેષ્ઠ સુદ ૧૦, તા. ૧૭-૦૬-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત મુનિ વનવાસી (હતા). એમણે જગતના હિત માટે આ એક 'પુરુષાર્થસિદ્ધિ' બનાવ્યું. 'પુરુષાર્થસિદ્ધિ'નું નામ એનો હેતુ શું? પુરુષ એટલે આત્મા. એ ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. પુરુષાર્થ ચૈતન્ય સ્વરૂપ આત્મા એનો અર્થ એટલે પ્રયોજન, એની સિદ્ધિનો ઉપાય. આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે એનું પ્રયોજન મુક્તિ છે. નિર્મળ શુદ્ધ આનંદની પ્રાપ્તિ, એનો ઉપાય, એનું આમાં વર્ણન છે. સૂક્ષ્મ વર્ણન આમાં છે. ભંગ ચાલે છે એ તો ઘણા ઝીણા ભંગ ચાલે છે. પહેલો તો એ ઉપાય કહ્યો, પહેલા દર્શન, જ્ઞાનનું વર્ણન કરી ગયા છે, પછી આ વાત છે.

પહેલા આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ આનંદ, એના સન્મુખ થઈને જેણે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? એને ધર્મની શરૂઆત થાય છે. એના પછી આ બધી વાતું છે. સમ્યગ્દર્શન આત્મા.. ચૌદમી ગાથામાં આવી ગયું હતું, કર્મના નિમિત્તે થતાં

www.vitragvani.com



આત્મામાં પુણ્ય-પાપ, શુભ-અશુભરાગ કે કર્મ કે એનું ફળ, એ રહિત આત્મા છે. ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા શરીર, કર્મ એના સંગે થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો, એ શુભાશુભભાવ એવા ભાવથી, કર્મથી, શરીરથી રહિત આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. એવા ચૈતન્ય સ્વરૂપની, અંતરમાં રાગના અવલંબન વિના... 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે ને? એવો ચૈતન્ય ભગવાનઆત્મા જેમાં અનાદિઅનંત શક્તિ અને ગુણ પડ્યા છે, એવા સ્વભાવવંતનું રાગ રહિત, પુણ્ય-પાપના વિકલ્પની લાગણી રહિત, એવો જે આત્મા તેનો અંતર અનુભવ કરીને પ્રતીત કરવી, એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? એ વાત પહેલા લઈ કહી ગયા છે.

પછી સમ્યગ્જ્ઞાનનું આરાધન. સમ્યગ્દર્શન થયા પછી, સમ્યગ્દર્શન કારણ છે ને સમ્યગ્જ્ઞાન કાર્ય છે. સાથે ઉત્પન્ન થવા છતાં, છતાં દર્શન પછી (સમ્યગ્જ્ઞાનની આરાધના કહેવામાં આવી છે). પહેલું આ દર્શન એ પ્રગટ કર્યા વિના કોઈને કાંઈ ધર્મ-બર્મ કદાચિત ત્રણ કાળમાં થતો નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન વિના એ દયા પાળે, વ્રત કરે, તપ કરે, અપવાસ કરે બધા એકડા વિનાના મીંડા. એમાં આત્માને કાંઈ જરીએ લાભ નથી. એથી પહેલી વ્યાખ્યા સમ્યગ્દર્શનની કરી, પછી જ્ઞાન આરાધનની વાત કરી. આત્મામાં જ્ઞાન જે નિર્મળ છે એ દર્શન સાથે પ્રગટ થયું છે, એની વિશેષ આરાધના કરવી. સમ્યગ્જ્ઞાનનો સ્વાધ્યાય બહુ વિનય, બહુમાને તેનું ભણતર, સમજણ આદિ કરવી. એ પછી શ્રાવકનો, મુનિપણાનો ત્યાગ થાય છે એમ વ્યાખ્યા ચાલે છે. 'ભગવાનભાઈ'! આવું થયા પછી.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા પછી, દેશવિરતીને શ્રાવક કહીએ, સર્વવિરતીને મુનિ કહીએ. આમ જે અત્યારે ચાલે છે દેશવિરતી અને સર્વવિરતી એ નથી, એ બધું ખોટું છે. સમજાણું કાંઈ? 'ચીમનભાઈ'! આત્માના અનુભવ અને સમ્યગ્દર્શનના નિર્વિકલ્પ પ્રતીત ને સ્વાદની પહેલી દૃષ્ટિ થઈ, એના પછી જ્ઞાનનું આરાધન અંતરમાં થાય, પછી એને દેશથી પાપનો વિકારનો ત્યાગ થઈ અને સ્વરૂપમાં સ્થિરતા થાય. પંચમગુણસ્થાનમાં આત્માની શાંતિ જે જાણી છે, દર્શન-જ્ઞાનમાં અનુભવી છે એ શાંતિનો વધારો સ્વરૂપમાં સ્થિરતાનો અંશ થઈ અને જે શ્રાવક પદ સાચું પ્રગટ થાય એને બાર વ્રતના વિકલ્પરૂપી દેશચારિત્ર કેવું હોય? એનું વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ?

સર્વવિરતી. એના પછી પૂર્ણ રાગની તદ્દન નિવૃત્તિ થઈ. આત્માના અતીન્દ્રિય આનંદના સ્વસંવેદનમાં ઉગ્રપણે અતીન્દ્રિય આનંદનું જેને વેદન છે, એને સર્વવિરતી મુનિ કહેવામાં આવે છે. એને પંચમહાવ્રત આદિના જે શુભ વિકલ્પ હોય છે એને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. વ્યવહાર એટલે પુણ્યનું કારણ. 'બાબુભાઈ'! ભારે ઝીણું આ.

એમાં આ વીતરાગ માર્ગની અંદર ભાવમાં કેવા કેવા ભંગ પડે છે? કષાયની મંદતા હોય કે અભાવ હોય, છતાં બાહ્યમાં દેહથી હિંસા આદિ થઈ જાય તો એનું પાપ એને

www.vitragvani.com



નથી, એ વાત સિદ્ધ કરે છે. બહારમાં હિંસા ન થાય કદાચિત, પણ અંતરમાં જેને હજી રાગ અને દ્વેષની આસક્તિના પરિણામ છે એને બહારમાં હિંસા ન થાય છતાં રાગના પરિણામથી જ હિંસા છે. 'બાબુભાઈ'! બહુ ઝીણું! અહીં તો ત્યાં સુધી લઈ ગયા કે, હું આ વિષય-કષાય અને આહાર-પાણીને છોડું અને હું કાંઈ ત્યાગને ગ્રહણ કરું એવો શુભરાગ, શુભરાગ એ પણ હિંસા છે. 'પોપટભાઈ'!

આત્માના... આ તો અનંતકાળની ખોટ કેમ પૂરી પડે એની વાત છે. અનાદિથી અનંતકાળમાં કર્યું છે એ તો બધું અજ્ઞાનમાં હતું. હવે એને ભાન થઈને આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એ દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે એની અસંખ્ય પ્રદેશની પહોળાઈ, કાળ એટલે ત્રિકાળ રહેનાર અને ભાવ એટલે ત્રિકાળી ભાવશક્તિ. આવું જે આત્માનું અંતર, પુણ્ય-પાપના શુભરાગ વિનાની ચીજ, દયા, દાન, વ્રત, ભક્તિના કે ઉપવાસના જે વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે, એનાથી રહિત એવા આત્માનો અંતર અનુભવ કરી અને આત્માના આનંદના વેદનની દશામાં પ્રતીત અને સ્થિરતા અંશે થાય, તેને શ્રાવકપદ કહેવામાં આવે છે. વિશેષ સ્થિરતા થાય તેને મુનિ કહે છે. એના શુદ્ધઉપયોગરૂપી આચરણને શુભભાવ હિંસા કરનાર છે એ વાત આવી ગઈ છે. 'વજુભાઈ'! આહાહા! જગતને તો આકરું લાગે.

અહીં તો વીતરાગ માર્ગ છે. દયા, દાન, વ્રત, તપનો, વિકલ્પ રાગની મંદતાનો જે શુભભાવ આવે છે ને? એ પણ હિંસા છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં જ્ઞાનમૂર્તિમાં એ વૃત્તિનું ઉત્થાન થાય (કે) આ કરું, આ છોડું એ શુદ્ધોપયોગરૂપી આચરણની હિંસા કરે છે. કહો, 'મોહનભાઈ'! એ પોતાની દયા કરતો નથી. આહાહા! હિંસા કરે છે. ગજબ વાત છે આ. '...ભાઈ'!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા, જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા. એ જાણ્યામાં આ દયાના ને હિંસાના ભાવને આ રીતે જાણ્યા. આત્મામાં અવિકારી એનું ત્રિકાળી સ્વરૂપ છે. એવી જ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા અવિકારી દશા શુદ્ધઆચરણરૂપ શુદ્ધઉપયોગરૂપ થાય, તેને ભગવાને અહિંસા પરમો ધર્મ કીધી છે. એ અહિંસાને પરમો ધર્મ કીધી છે.

મુમુક્ષુ :– વ્યવહારને નહિ?

ઉત્તર :– વ્યવહાર દયાના ભાવ તેને હિંસા કીધી છે. કારણ કે, રાગની વૃત્તિ ઉઠે છે. આને ન મારું, આને દુઃખ ન દઉં એ વિકલ્પ છે, વિકલ્પ છે, રાગ છે, કષાય છે. 'બાબુભાઈ'! આ કથન પહેલું-વહેલું સાંભળ્યું હશે. આ પુરુષાર્થસિદ્ધિ સાંભળ્યું નથી ને? હમણા ઘણા મહિનાથી બીજે રખડતા હતા. ઘણા વખતથી આવ્યા નથી.

મુમુક્ષુ :– બિમાર હતા.

ઉત્તર :– બિમાર હતા? કહેતા હતા, વાતું કરતા હતા. આમ-આમ પગ કરતા હતા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અનાદિનો મિથ્યાત્વથી બિમાર છે, એ બિમાર છે ખરું. આ તો બધું સમજવા જેવું છે.

કહે છે, આહાહા! પર જીવને ન મારું, બચાવું એવો જે વિકલ્પ ઉઠે છે એ રાગ છે, શુભ છે, પુણ્ય છે પણ સ્વરૂપની તો હિંસા થાય છે. 'પોપટભાઈ'! ભારે વાત, ભાઈ! અહિંસા તો એને ભગવાન કહે છે કે, આમ આત્મા શુદ્ધ નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ આત્મા છે. અત્યારે, હોં! એનો વીતરાગ એટલે નિર્દોષ સ્વભાવ. વળી વીતરાગ શબ્દે એમ (સમજે) કે, આ વીતરાગ તો થાય ત્યારે. આ તો નિર્દોષ સ્વભાવની મૂર્તિ એનું નામ વીતરાગ. એવો આત્મા. એને આ દયા, દાન, વ્રત, વિકલ્પો છે એ તો પર છે, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. એવા આત્મામાં, વીતરાગ સ્વરૂપી નિર્દોષ આત્મામાં, અંતરમાં અનુભવ થઈ સ્થિરતા થવી એને શુદ્ધોપયોગ, શુદ્ધઆચરણ, એને અહિંસા ધર્મ ભગવાન કહે છે.

મુમુક્ષુ :– ભગવાને બીજો સહેલો માર્ગ ન કાઢ્યો?

ઉત્તર :– આ સહેલો માર્ગ કીધો ને? ઘરથી પ્રગટ થાય, કોઈની જરૂર ન પડે એ સહેલો છે ને? જેમાં શરીરની અનુકૂળતાની જરૂર નહિ, જેમાં લક્ષ્મીની જરૂર નહિ, જેમાં ઇન્દ્રિયો અનુકૂળ હોય કે ઠીક એની જરૂર નહિ. અરે..! જેમાં મનની જરૂર નહિ. અરે..! એમાં વિકલ્પનો રાગ ઊઠે, વિકલ્પ એની પણ જરૂર નહિ, એવો સહેલો છે. ભગવાનઆત્મા સર્વજ્ઞ સ્વરૂપી જ આત્મા છે. એની અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (થવી), જેમાં પરની બિલકુલ અપેક્ષા નથી. એવો જ સહજ, સરળ, સત્ સ્વરૂપ માર્ગ છે. સમજાણું કાંઈ? એને ભગવાન અહિંસા કહેવા માગે છે. પછી આ હિંસાના ને અહિંસાના ભંગ બધા ઘણા લેશે. ૫૪ ગાથા આવી ગઈ છે. ૫૫મી ગાથા.

## ગાથા–૫૫

માટે જ વચ્ચે કહ્યું છે :–

**एकः करोति हिंसा भवन्ति फलभागिनो बहवः।**
**बहवो विदधति हिंसां हिंसाफलभुग् भवत्येकः।।५५।।**

**અન્વયાર્થ :– [ एकः ] એક પુરુષ [ हिंसां ] હિંસા [ करोति ] કરે છે પરંતુ [ फलभागिनः ] ફળ ભોગવનારા [ बहवः ] ઘણા [ भवन्ति ] થાય છે. એ જ રીતે [ हिंसां ] હિંસા [ बहवः ] ઘણા માણસો [ विदधति ] કરે છે પણ [ हिंसाफलभुक् ] હિંસાનું ફળ ભોગવનાર [ एकः ] એક પુરુષ [ भवति ] થાય છે.**

www.vitragvani.com



**ટીકા :– 'हिंसां एकः करोति फलभागिनः बहवः भवन्ति' - ક્યારેક હિંસા તો એક માણસ કરે છે અને ફળ અનેક માણસો ભોગવે છે. તેનું ઉદાહરણ :– ચોરને (પ્રાણઘાતકરૂપ શિક્ષામાં) એક ચંડાળ જ મારે છે પણ દેખનારા બધા રૌદ્ર પરિણામ કરી પાપના ભોક્તા થાય છે. 'हिंसां बहवः विदधति एकः हिंसाफलभुक् भवति' - ક્યાંક હિંસા તો ઘણા પુરુષો કરે પણ રાજા સ્વામિત્વબુદ્ધિ કરીને પ્રેરક થાય છે તેથી તે બધી હિંસાના ફળનો ભોક્તા થાય છે. ૫૫.**

---

**'માટે જ વચ્ચે કહ્યું છે :–'** વચ્ચે એટલે પહેલું આવી ગયું છે થોડુંક, એનો સિદ્ધાંત ઉતારે છે. ૫૫ છે ને? આ પહેલું આવી ગયું છે ને થોડી હિંસા કરે ને ઘણું ફળ પામે. એક કરે ને ઘણાને ફળ મળે. એ બધાનો થોડો વિસ્તાર કર્યો.

**एकः करोति हिंसा भवन्ति फलभागिनो बहवः।**
**बहवो विदधति हिंसां हिंसाफलभुग् भवत्येकः।।५५।।**

**'એક પુરુષ હિંસા કરે છે પરંતુ ફળ ભોગવનારા ઘણા થાય છે.'** હિંસા કરે એક ને ભોગવે ઘણા. એક પાપીનું દસ-વીસ માણસનું કૂળ હોય. ઘરમાં એક જ પાપ કરે. કોઈનું ખૂન કરે તો બધાને દંડે. નાખો બધાને, બધા પાપી છે. સમજાણું? એક ચંડાળ એકને મારે ફાંસીએ જોનારા ઘણા, ઘણા અનુમોદે. પાપી એને યોગ્ય જ છે. એવા ભાવ ઘણા કરે, મારે છે એક, ફળ આવે છે ઘણા બધાને. ભાવ ઉપર આધાર છે. મારનારને ભાવ તો છે એવા પણ પેલા જોનારા બહુ તીવ્ર, રૌદ્ર ધ્યાનથી પરિણામ કરે છે. આહા..! આ તો મહા પાપી છે, ઘણાના ખૂન કર્યા છે, આને તો મારી નાખવો જ જોઈએ. એક હિંસા કરે, ફળ ભોગનારા ઘણા. ઘણા માણસો પ્રશંસે છે એને હિંસાનું ઘણું ફળ આવવાનું છે. ભાવ ઉપર છે. ભલે ક્રિયા બહાર કરતો નથી. સમજાણું કાંઈ?

ઘણા માણસો કરે છે પણ હિંસાનું ફળ ભોગવનાર એક પુરુષ હોય. આખી સેના કરે. સેનાને વિચાર ન હોય કે, આને મારી નાખવો. સમજાય છે? પણ રાજા હુકમ કરે કે, મારો એને. ઘણા કરે છે ને? ફળ પેલાને એકલાને ઘણું મળે છે. પેલાને થોડુંક છે, અહીં તો ઘણાની અપેક્ષાએ વાત છે. સમજાણું? આવે છે ને દાખલો? 'ટોડરમલ્લજી', 'ટોડરમલ્લજી'.

'ટોડરમલ્લજી' મહાપંડિત વિદ્વાન. રાજથી હુકમ થયો, હાથીને પગે કચડાવો, મારો. કો'કે એના ગુંજામાં અન્યમતિઓએ અન્યમતિની પ્રતિમા નાખી દીધેલી. એને ખબર નહિ કે નાખી છે. પેલા કહે સાહેબ! એ તો આપણા ભગવાનની પ્રતિમાનો અનાદર, અશાતના કરે છે. એના ગુંજામાં જુઓ એમાં છે. એને ખબર નથી. ખબર પડી કે ચાલો. જો આને કહીશ તો આ લોકોને (મારશે). બોલ્યા નહિ. હુકમ કર્યો હાથીને કે પગ દે. આહાહા!

www.vitragvani.com



અંદર ગામમાં જૈનો કેટલા હશે! અને એને હાથીને પણ એમ થયું કે, અરે..! આને કેમ મરાય? પગ કેમ દેવાય? રાજાએ તો હુકમ કર્યો.

'ટોડરમલ્લજી' કહે છે, હે ગજરાજ! રાજને જ્યારે ન્યાય સૂઝતો નથી, તો તું કેમ અચકા છો? જોનારા તો કેટલાય હશે. કેટલાય એવા હશે કે, પાપીને ઠીક થયું આ. કેટલાકને એવું હશે કે, અર..ર..ર..! આ આપણું ચાલે નહિ. આ રાજા ક્રૂર થઈ ગયો. એમ હશે કે નહિ કેટલાક વચ્ચે? જુઓ! હાથી પગ નહોતો મુકતો. આમ પોતે હેઠે પડ્યા, મોટો હાથી અરે..! ગજરાજ પગ મૂક. રાજાને ન્યાય સૂઝતો નથીને તું કેમ અચકા છો? જુઓ! રાજા કરતા એના ભાવમાં તો જરીક ફેર છે કે નહિ? પેલાને ક્રુર પાપ છે, આને થોડુ મંદ છે. એટલે પરિણામના રાગ ને દ્વેષ ને મિથ્યાશ્રદ્ધા ઉપર પાપનું પ્રમાણ છે. બહારની ક્રિયા પ્રવૃત્તિ ઉપર કાંઈ પાપ, પુણ્ય ને ધર્મ એનું પ્રમાણ બહારના આચરણ ઉપર નથી. કહો, 'હિંમતભાઈ'! ભાવ ઉપર છે. એ આવી ગયું આપણે. જુઓને! ૫૪માં.

**'હિંસાનુભાવેન' 'કષાયભાવ અનુસાર જ ફળ આપે છે.'** ૫૪માં છેલ્લો બોલ હતો. જેવી મિથ્યાશ્રદ્ધા કે મિથ્યારાગ-દ્વેષ ભાવ.. બસ! એના પ્રમાણમાં એને બંધન છે. બહારની ક્રિયા સાથે જીવ મરો ન મરો, બાહ્યનો ત્યાગ ઘણો દેખાય પણ અંદરમાં મિથ્યાત્વનો ત્યાગ નથી તો મહાન પાપ છે. બહારનો ત્યાગ નથી સમ્યગ્દૃષ્ટિને 'ભરત ચક્રવર્તી' જેવાને છ ખંડનું રાજ છે, છન્નું હજાર સ્ત્રી છે. બહારનો ત્યાગ નથી પણ અંદરમાં મિથ્યાત્વનો ત્યાગ ને અનંતાનુબંધીનો ત્યાગ છે. આત્માની અનુભવ દશાના આનંદનો સ્વાદ લે છે. તો અંતરમાં ઘણું જ અલ્પ પાપ છે, બહારમાં જુઓ તો છન્નું હજાર સ્ત્રી છે. સમજાણું કાંઈ?

એક નગ્ન મુનિ હોય, બાહ્યથી સર્વ હજારો રાણી છોડી છે. કોઈ પ્રાણીને જીવને મરવું એકેન્દ્રિયને તો મારવાનો ભાવ નથી. પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ શરીરની ક્રિયા હું કરું છું અને દયાના ભાવ એ મને ધર્મ છે એવી જે મિથ્યા દૃષ્ટિ એને બહારમાં ત્યાગ હોવા છતાં અંતરમાં બિલકુલ રાગનો ત્યાગ છે નહિ. સમજાણું કાંઈ?

એક કોર 'ભરત'. આવે છે ને? ભાઈ! નહિ? ઘરમાં વૈરાગી, 'ભરતજી' ઘરમાં વૈરાગી. છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, ઘરમાં વૈરાગી. આહા..! એ તો પૂર્વના પુણ્યનો યોગ છે. એથી શું? એથી અંતરમાં ક્યાં આદર છે? અરે..! અમે તો આત્મા આનંદ છીએ. અમારું સ્વરૂપ તો આનંદ ધામ છે. અરે..! અંતર્મુખમાં જેટલી અમારી કચાશ છે, એટલો અમને વિકાર થાય છે. અંતર્મુખમાં જેટલી અમારી લીનતા જાય છે, એટલો અમને શાંતિ ને આનંદ ને ધર્મ થાય છે. 'હિંમતભાઈ'!

આમ માનનારા છન્નું હજાર સ્ત્રીના ભોગમાં પડ્યા છતાં અલ્પ પાપ છે. અલ્પ પાપ! અને બાહ્યથી ત્યાગી હોય, વ્રતધારી કહેવાય પંચમહાવ્રત આદિ (પાળતો હોય) પણ એ પંચમહાવ્રતના પરિણામ એ રાગ ને પુણ્યના છે, ધર્મ નથી. ધર્મ તો એ વિકલ્પની પાર

www.vitragvani.com



આત્મા નિર્વિકલ્પ આનંદ છે, એની અનુભવની દૃષ્ટિમાં ઠરવું એનું નામ ખરેખરા સમ્યગ્દર્શન ને વ્રત સાચા કહેવામાં આવે છે. એ જેને નથી, બાહ્યમાં ત્યાગ દેખાય છે, વ્રત દેખાય છે, તપ દેખાય છે, અંદરમાં પાપી દૃષ્ટિ મિથ્યાત્વ છે. તો અંદરમાં ઘણો પાપનો સેવનાર છે. વીતરાગ માર્ગમાં અંતરના ભાવ ઉપર આધાર છે. કહો, સમજાણું કાંઈ? એ અહીં આચાર્ય મહારાજ સિદ્ધ કરવા માગે છે જુઓ!

**ટીકા :– 'ક્યારેક હિંસા તો એક માણસ કરે છે અને ફળ અનેક માણસો ભોગવે છે.'** એટલે આમ તો સમજ્યા ને? પૂર્વનું પેલાને હોય. જેમ ચંડાળના દસ માણસ હોય ને એકને મારે તો બધાને (સજા થાય). ગુનો કર્યો હતો. કોના ઘરના હતા? કોણે કરાવ્યું? આ બધાએ. પકડો બધાને. સમજાણું? **'તેનું ઉદાહરણ :– ચોરને (પ્રાણઘાતકરૂપ શિક્ષામાં) એક ચંડાળ જ મારે છે પણ દેખનારા બધા રૌદ્ર પરિણામ કરી પાપના ભોક્તા થાય છે. ક્યાંક હિંસા તો ઘણા પુરુષો કરે પણ રાજા સ્વામિત્વબુદ્ધિ કરીને પ્રેરક થાય છે તેથી તે બધી હિંસાના ફળનો ભોક્તા થાય છે.'** રાજા હુકમ કરે. સજ્જન જેવા કોઈ લૌકિક એવા હોય. એને મારો એમ કહે. 'ટોડરમલ્લજી' નો દાખલો કીધો. સમજાણું? પેલાને તો ઘણા ભાવ ન હોય પણ પેલાને એટલા તો ભાવ તો ખરા એ ગણતરી અહીં નથી થોડી. પણ અહીંયા એનો ભાવ તીવ્ર જે પેલાને છે એવો ભાવ આનો નથી. એથી એને ઘણું પાપ પ્રેરકને ઘણું લાગે. હિંસાના ફળનો ભોક્તા થાય.

## ગાથા–૫૬-૫૭

कस्यापि दिशति हिंसा हिंसाफलमेकमेव फलकाले।
अन्यस्य सैव हिंसा दिशत्यहिंसाफलं विपुलम्।।५६।।

हिंसाफलमपरस्य तु ददात्यहिंसा तु परिणामे।
इतरस्य पुनर्हिंसा दिशत्यहिंसाफलं नान्यत्।।५७।।

**અન્વયાર્થ :– [ कस्यापि ] કોઈ પુરુષને તો [ हिंसा ] હિંસા [ फलकाले ] ઉદયકાળમાં [ एकमेक ] એક જ [ हिंसाफलं ] હિંસાનું ફળ [ दिशति ] આપે છે અને [ अनस्य ] બીજા કોઈ પુરુષને [ सैव ] તે જ [ हिंसा ] હિંસા [ विपुलं ] ઘણી [ अहिंसाफलं ] અહિંસાનું ફળ [ दिशति ] આપે છે.**

**[ तु अपरस्य ] અને બીજા કોઈને [ अहिंसा ] અહિંસા [ परिणामे ] ઉદયકાળમાં**

www.vitragvani.com



[ हिंसाफलं ] હિંસાનું ફળ [ ददाति ] આપે છે, [ तु पुनः ] તથા [ इतरस्य ] બીજા કોઈને [ हिंसा ] હિંસા [ अहिंसाफलं ] અહિંસાનું ફળ [ दिशति ] આપે છે, [ अन्यत् न ] બીજું નહિ.

ટીકા :– 'तु अपरस्य अहिंसा परिणामे हिंसाफलं ददाति' - બીજા કોઈ જીવને અહિંસા છે તે ઉદયના પરિણામમાં હિંસાનું ફળ આપે છે.

ભાવાર્થ :– કોઈને અંતરંગમાં તો કોઈ જીવનું અહિત કરવાના પરિણામ છે, પણ બાહ્યમાં તેનો વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે ભલું કરે છે અથવા બૂરું કરે તોપણ તેના પુણ્યના ઉદયથી આના નિમિત્તે તેનું ભલું થઈ જાય છે. ત્યાં બહારમાં તો તેની દયા કરી પણ અંતરંગમાં પરિણામવડે તો હિંસા છે માટે હિંસાનું ફળ આપે છે, બીજું ફળ આપતી નથી.

ભાવાર્થ :– કોઈના અંતરંગમાં દયાના ભાવથી તે યત્ન કરીને પ્રવર્તે છે છતાં તેને તત્કાલ પીડા થાય છે. અથવા યત્ન કરવા છતાં એના જ નિમિત્તે તેના પ્રાણઘાત થયા. ત્યાં બહારમાં તો તેની હિંસા જ થઈ, પણ અંતરંગ પરિણામવડે અહિંસાનું ફળ પામે છે. ૫૬-૫૭.

---

कस्यापि दिशति हिंसा हिंसाफलमेकमेव फलकाले।
अन्यस्य सैव हिंसा दिशत्यहिंसाफलं विपुलम्।।५६।।

हिंसाफलमपरस्य तु ददात्यहिंसा तु परिणामे।
इतरस्य पुनर्हिंसा दिशत्यहिंसाफलं नान्यत्।।५७।।

ભાષા જુઓ! કરે હિંસા ને ફળ મળે અહિંસાનું. આ વીતરાગ માર્ગ. '**કોઈ પુરુષને તો હિંસા ઉદયકાળમાં એક જ હિંસાનું ફળ આપે છે...**' ખુલાસો કરશે, હોં! '**અને બીજા કોઈ પુરુષને તે જ હિંસા ઘણી અહિંસાનું ફળ આપે છે.**' ઘણી અહિંસાનું. આહા..!

'**અને બીજા કોઈને અહિંસા ઉદયકાળમાં હિંસાનું ફળ આપે છે, તથા બીજા કોઈને હિંસા અહિંસાનું ફળ આપે છે, બીજું નહિ.**'

'**બીજા કોઈ જીવને અહિંસા છે તે ઉદયના પરિણામમાં હિંસાનું ફળ આપે છે.**'

'**કોઈને અંતરંગમાં તો કોઈ જીવનું અહિત કરવાના પરિણામ છે,...**' એવા હોય છે ને કેટલાક? બીજાનું ભૂંડું કરવું છે પણ એવા યોગમાં મુકી દઉ ને પછી ભુંડું કરીશ. એમાં બાહ્યમાં તો તેનો વિશ્વાસ ઉત્પન્ન કરાવવા ભલું કરે. ભલુ કરાવે. તમને લ્યો હું ભાગીદાર કરું. એમ કરીને હેતુ તો એનો નુકસાન કરાવવાનો હોય. તમને જુઓ આમાં ભાગીદાર કરાવી તમને આમ કરું, તેમ કરું. પેલાનો પુણ્યનો ઉદય તો એમાં ફાવે, પણ આના પરિણામ

www.vitragvani.com



તો ભૂંડા કરવાના હતા. હોય છે કે નહિ એમ? સમજાણું?

પેલો દાખલો આવે છે ને? ભાઈ! 'આત્માનુશાસન'. એક મુનિ હતા, મુનિ. ધ્યાનમાં ધર્માત્મા આનંદ સ્વરૂપમાં રમનારા. લ્યો. એમાં સિંહ આવ્યો, સિંહ. સિંહને મારવાનો ભાવ (છે). એમાં એક માણસ આવ્યો. માણસ આવ્યો એમ લખ્યું છે. કોઈ ઠેકાણે શુકર આવે છે, મોટો હોય ને? શુકર શું કહેવાય? ભૂંડ ભૂંડ, આકરો ભૂંડ. એ ભૂંડને એવા ભાવ થયા કે, આ મુનિને બચાવું. અને સિંહ સામે શુકર જોવે છે. સિંહનો ભાવ મુનિને મારવાનો છે, શુકરનો ભાવ સિંહને મારવાનો નથી, પણ મુનિને બચાવવાનો છે. પણ પછી આ થયું ને? શુકર મરી જાય છે સિંહના થાપથી અને સિંહ મરી જાય છે શુકરના પેલાથી. સિંહ મરીને નરકે જાય અને શુકર મરીને સ્વર્ગે જાય. સમજાણું આમાં? એના ભાવ શું છે? કે, મુનિને બચાવવાના હતા. ભૂંડ કોઈ ઊભેલો હોય કે માણસ બહાર ઊભો હોય. આમ જોવે કે આહાહા! કોઈ મુનિ છે. અરે...! આ આને કેમ મારે છે? સિંહને મારવા ગયો, મારતા સિંહ મરી ગયો, અને પોતે સિંહના સકંજામાં પકડી રાખ્યો છે એ પણ મરી ગયો. મર્યા તો બન્ને. એકના ફળમાં સ્વર્ગ છે ને એકના ફળમાં નરક છે. હેતુ છે ને? હેતુ ફેર છે ને?

એના મિથ્યાત્વના ને રાગ-દ્વેષના પરિણામ કેવા છે એ ઉપર આખો બંધ ને મોક્ષનો માર્ગ છે. બહારની ક્રિયાકાંડ ઉપર મોક્ષ ને બંધનો માર્ગ છે નહિ, એમ અહીંયા સિદ્ધ કરવું છે. આ બહારની ક્રિયા ઘણી ઘટાડી દીધી માટે બહુ ધર્મી છે? કે, ના. એની સાથે સંબંધ નથી. અંતર સ્વરૂપ ચૈતન્યમૂર્તિ એની અંદર દૃષ્ટિ ને આદર કેટલો થયો છે? અને એમાં લીન કેટલો છે ને લીન કેટલો નથી, એના પ્રમાણમાં એને ધર્મ ને અધર્મ છે. બહારના આચરણના પ્રમાણમાં ધર્મ, અધર્મનું માપ વીતરાગ માર્ગમાં નથી. સમજાણું કાંઈ?

**'કોઈને અંતરંગમાં તો કોઈ જીવનું અહિત કરવાના પરિણામ છે, પણ બાહ્યમાં તેનો વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે ભલું કરે છે અથવા બૂરું કરે...'** આમ તો એનું આમ કરું છે પછી એનું ભૂંડું થશે. **'તોપણ તેના પુણ્યના ઉદયથી આના નિમિત્તે તેનું ભલું થઈ જાય છે.'** ભાગીદાર થાય પૈસાવાળો થઈ જાય, પેલું થઈ જાય, બધું થઈ જાય પછી એના હાથમાં રહે નહિ. પણ ભાવ તો એના હોય કે, આમાં નાખી ચક્કરમાં નાખી અને પછી હું.. એવું હોય ને? 'બાબુભાઈ'! વાણિયા બહુ એવા હોશિયાર હોય. આ તો એક દાખલો છે ને. ચક્કરમાં નાખીને પછી એને પહેલામાં આમ અનુકૂળ બતાવી દઉં. જુઓ! તમને હું પૈસા ધીરું, ફલાણો ભામ, પછી એનું ટાણુ આવે ને મારી નાખીશ એને. કહે છે એમાં પેલો મર્યો નહિ ને અનુકૂળતા થઈ ગઈ અને ઉલટાનો પેલો મરી ગયો. મારવો હતો કો'કને અને મારી નાખ્યો કો'કને, એમ થાય છે કે નહિ? દાખલા ઘણા આવે છે પેલામાં.

એક રાજા હતો ને એને પોતે એના દુશ્મનને મારી નાખવાનો હુકમ કર્યો કે, જાવ પેલાપણે સુતો છે એને મારો. એને ઠેકાણે, એ સુતાને ઠેકાણે એનો દીકરો સુતેલો. બહાર

www.vitragvani.com



સ્ટેશનમાં પલંગમાં મોઢા આગળ જે મહેમાન છે, એને મારી નાખો. કુદરતે એ માણસ ત્યાંથી ઉઠીને ચાલ્યો ગયો ઓરડામાં અને બાહર સ્ટેશનમાં બાકડા ખાલી પડેલા હતા, ત્યાં આનો દીકરો ન્યાં સુતેલો. મારવા ગયા તો આ હશે, એને મારી નાખ્યો. કરી આવ્યા? કે, હા. મારો દીકરો ક્યાં ગયો? ક્યાંય દેખાતો નથી. ત્યાં ગયો હતો ને? સ્ટેશને ગયો હતો. એને હું મારી આવ્યો, મને ખબર નથી. કરવા ગયો પેલાનું ભૂંડું, ત્યાં એના ઘરનું બુરુ થઈ ગયું. ભાવમાં પાપના પરિણામમાં એને પોતાના ભાવને કારણે નુકસાન છે. પરને કારણે કાંઈ છે નહિ. સમજાણું?

**'ત્યાં બહારમાં તો તેની દયા કરી પણ અંતરંગમાં પરિણામ વડે તો હિંસા છે માટે હિંસાનું ફળ આપે છે, બીજું ફળ આપતી નથી. કોઈના અંતરંગમાં દયાના ભાવથી તે યત્ન કરીને પ્રવર્તે છે...'** લ્યો! **'છતાં તેને તત્કાલ પીડા થાય છે.'** આ કાપે છે ને જુઓને! શું? માણસને ઓપરેશન કરે, એમાં પેલો મરી જાય. આ શું કહેવાય? સારણ. મરી જાય. મારવાના ભાવ નથી એને કાંઈ. સમજાણું? દયાના ભાવથી તે યત્ન કરીને પ્રવર્તે. દયા-દાન એ શુભ વિકલ્પ છે, હોં! અત્યારે તો બહારના પ્રમાણમાં વાત કરી. **'છતાં તેને તત્કાલ પીડા થાય છે.'** કહો, એને તત્કાળ તો દુઃખ થાય. ઓપરેશન કરે (એટલે દુઃખ થાય).

**'અથવા યત્ન કરવા છતાં એના જ નિમિત્તે તેના પ્રાણઘાત થયા.'** કહો, 'પ્રેમચંદભાઈ'! તમારે ત્યાં રાજાને થયું હતું ને? રાજા હતા ને? શું કહેવાય? ... બહુ વરસાદમાં પેલા તળાવ સુકાઈ ગયેલા ને બહુ માછલા. પાણી થોડું અને માછલા બહુ. માગણ ગયું કે, સાહેબ અમને આપોને. પેલા કહે, કે, અમે તો આમાંથી માછલાનું ખાતર કરી નાખશું. રાજા કહે, ખાતર કરી નાખશું. પેલા વાણિયા ... ને બહુ ... અરે..! આમ ન હોય, આમ ન હોય, અમને આપો. અમે એને લઈએ. એ બિચારા કુવામાંથી પાણીના મોટા મોટા ટીપ ભરીને આમાં નાખે. લાખો માછલા, હોં! અને જ્યાં કૂવામાં નાખ્યા, નાખ્યા ભેગા મરી ગયા. પાણી પ્રતિકુળ પડ્યું. પણ આનો ભાવ કાંઈ મારવાનો હતો? ... એ માછલાના ખાતર કરી નાખો. અરે..! સાહેબ! એને બિચારાને મારીને. આમ ન થાય હો.. આમ ન થાય. ત્યારે લઈ જાવ તમે, ન થાય તો. પણ આ ગંધ મારે છે. મરી જશે આમાં. લઈને ઉપાડી ઉપાડીને બિચારાએ કૂવામાં નાખ્યા, જેવા કૂવામાં નાખ્યા એવું તરત ખલાસ. ભાવ તો એનો શુભ દયાનો હતો. મરી ગયા છતાં એને પાપ એનું લાગતું નથી. લાગે છે?

રસ્તામાં કોઈ ચકલાનું બચ્ચું હોય, લ્યોને. આમ કો'ક માણસ નીકળ્યો કે, અરે..! આ બચ્ચાને હમણા કાગડો ખાઈ જશે, એટલે બચ્ચાને ઉપાડીને એક ગોખલામાં મુક્યું. એ પોતે નીકળ્યો ગયો. ત્યાં કાગડો આવ્યો ન્યાં લઈને મારી નાખ્યું. ઉલટાની નીચે નજર નહોતી પડતી. હેઠે સાધારણ જમીન જેવું હોય ત્યાં નજર નહોતી પડતી. ગોખલો-બોખલો એવો હતો ને એમાં નજર બરાબર દેખાય કે આ ચકલાનું બચ્ચું છે. પેલો મૂકીને જ્યાં જાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે ત્યાં કાગડાએ આવીને મારી નાખ્યો. પેલાના ભાવમાં શુભભાવ છે, એને કાંઈ હિંસા લાગતી નથી. બરાબર છે? 'ભગવાનભાઈ'!

પેલો મરી જાય તો આનું પાપ નથી અને પેલા બચે તો આની દયા નથી. મારવાનો ભાવ છે, પણ મરતો નથી, લ્યો! બચી ગયો સામે. આમ બાણ માર્યું છતાં બચી ગયો. છતાં આના ભાવ તો મારવાના છે તો પાપ જ છે એને. એને કાંઈ બહારની ક્રિયા ન થઈ માટે પાપ નથી લાગતું, મર્યો નથી માટે પાપ નથી લાગતું એમ નથી અને પેલો મરી જાય તો જ આને પાપ લાગે એમ નથી. એના પરિણામમાં કેવા મિથ્યાત્વ શ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામ કેવા હતા એ ઉપર એને બંધન ને બંધનનું છૂટવાનું છે. સમજાણું કાંઈ?

**'એના જ નિમિત્તે તેના પ્રાણઘાત થયા.'** લ્યો! મરી ગયા ને બધા માછલા? ન્યાં બહારમાં ઓપરેશન કરાવ્યું એમાં મરી જાય છે, જુઓને! સારણ મોટી હોય અને ડૉક્ટર કહે જુઓ! ભાઈ! આમાં અમે જોખમ નહિ લઈએ. પહેલેથી લખી દ્યો. પ્રાણ ચાલ્યા જાય તો અમારે જોખમે નથી. તેમ છતાં બચી જાય તો બચી જાય. આમ કરવા ગયા ત્યાં, થઈ રહ્યું, ફૂ.. બહાર તો હિંસા થઈ. અમારે અહીંયાં શીવા પટેલ હતા. એને ઉપડેલું પેલું, એમાં 'ધર્મચંદ' ડૉક્ટર કહે, આ બહુ પીડા છે ને જરીક ઇન્જેકશન આપું. 'વજુભાઈ'! આ તો નજરે જોયું છે ને? કેળા ખાધેલા, ઓળા ખાધેલા ને દાળ, ભાત, શાક આ સ્વાધ્યાય મંદિરના બ્રાહ્મણ સારા રાંધનારા.

મુમુક્ષુ :– એમાં કાંઈ વિશેષ કહે છે.

ઉત્તર :– લોકો એમ કહે છે આપણે ક્યાં કાંઈ લેવા ગયા? મહારાજ દાળ-બાળ બહુ સાજા કરે, શાક, ચોખા-બોખા સારા કરે. લાખોપતિ ખાય ને એવા ન્યાં કરે. એમ એક માણસ કહે છે. એ બધા દાળ-ભાત ખાધેલા અને એ તરત જ શ્વાસ ઉપડ્યો. બસ! બીજું કાંઈ નહોતું, હોં! અહીંથી શ્વાસ ખસી ગયો. નાભીથી શ્વાસ ખસી ગયો એકદમ ફડાક દઈને એક દોરો ખસ્યો. શ્વાસ હેઠે જાતો નથી. ખાઈને આવ્યો છું. શું છે પટેલ? અંતક્રિયા. છેલ્લી ક્રિયા મારી. પણ શું ખાઈને આવ્યા અને બેઠા છો ને? ગમે તે હો, અહીં શ્વાસ ખસી ગયો છે. નથી ઉતરતું નીચે, નથી થતી ઉલટી. લોચો થઈ ગયો આખો. બસ! છત્રીસ કલાકે બહુ પીડા હતી તે એમાં ડૉક્ટરને (થયું), ઇન્જેકશન મારું. આમ માર્યું ત્યાં ખલાસ થઈ ગયા.

મુમુક્ષુ :– પીડા મટાડી દીધી.

ઉત્તર :– પીડા. એનો હેતુ તો આ બહુ પીડાય છે ને, એટલે પીડા કાંઈક ઓછી થાય. છત્રીસ કલાક સુધી બહુ પીડા. એમ ને એમ બધુ ખાધુ એવું જ એમ ને એમ રહી ગયું. કાંઈ નહિ શરીર નીરોગી તદ્દન. બસ! બેઠા બેઠા કાંઈ નહિ. આહાર કરીને હું ફરવા નીકળ્યો. આહાર કરીને આવ્યા ને પટેલ કેમ છે? અંતક્રિયા. પણ શું છે અંતક્રિયા? આ મારી છેલ્લી ક્રિયા. શું છે પણ? કાંઈ નથી ને? અંદરમાં ફેરફાર થઈ ગયો છે. મને ખબર

www.vitragvani.com



પડે છે, અંદરમાં ફેરફાર થઈ ગયો. લ્યો! શ્વાસ પાછો હટતો નથી. શ્વાસ અહીંથી ખસી ગયો. નથી કહેતા આપણે? આ નાભિસ્થાન છોડે છે. નહિ? નાભીથી શ્વાસ છૂટી જાય આમ ખ્યાલ આવે, હેઠો મુકી નહિ શકે. એની ક્રિયા ક્યાં એના બાપની હતી? શ્વાસની ક્રિયા તો જડની છે. જાણે આત્મા કે આ થાય નહિ. આત્મા કરી શકે જડની ક્રિયા? શ્વાસ લઈ શકે? મુકી શકે? બિલકુલ મિથ્યા શ્રદ્ધા છે. એમાં એ અંદરથી એમ કહે મને આમ થઈ ગયું. છત્રીસ કલાક સુધી જોયું. છેલ્લે સુધી મરવા પહેલા હું ગયો અહીં બેઠા હતા. મેં કીધું, તમે બેઠા છો, લુગડું-બુગડું .. કંદોરો પહેર્યો હતો. આ કંદોરો કાઢી નાખો. હવે શું છે આ બધું? શ્વાસ લઈ જાવ છો તે? પછી હું આહાર કરીને ગયો ત્યાં તો છેલ્લી સ્થિતિ, ખલાસ થઈ ગયા. એ સ્થિતિ પૂરી થવાની, હોં! પેલાના ભાવ શું હતા? કાંઈ મારી નાખવાના હતા? એને દુઃખ ન થાય બહુ. હવે મરી તો જવાના નક્કી છે, પણ આ પીડા... પાણી તો લેવાય નહિ, આહાર લેવાય નહિ અને એમને એમ અધ્ધરને અધ્ધર શ્વાસ. અંતરંગમાં પરિણામ તો એને નહિ મારવાના છે. પરિણામનું એને ફળ છે. કાંઈ ક્રિયા થઈ મરી ગયો એનું ફળ એને નથી. છે? 'પ્રવિણભાઈ'!

ઓહો..! આચાર્ય કહે છે વીતરાગનો માર્ગ અંતરના પરિણામ ઉપર આધાર રાખે છે. અંતરના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર. કાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન કાં રાગ-દ્વેષ, એના ઉપર બંધ ને મોક્ષનો માર્ગ છે. આવો દુર્ઘટ વીતરાગનો માર્ગ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોય શકે નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે...

આજ સવારમાં જ રસ્તામાં થોડું કહ્યું હતું ને. વસ્તુ આત્મા આત્મા તો બધા કરે છે પણ એ દ્રવ્ય, એનું ક્ષેત્ર કેટલું? કાળ ત્રિકાળ ભલે કહે. પણ એ ક્ષેત્ર કેટલું? ને એની શક્તિઓની સંખ્યા કેટલી? એ વીતરાગ સિવાય બીજે હોય શકે નહિ. આત્મા-આત્મા તો બધા કરે છે. આ આત્મા આવો હોય. અચ્છેદં અને અભેદંતિ અને ફલાણું-ઢીકણું. વસ્તુ અને ત્રિકાળ રહેનાર, બે તો કહે, ભાઈ! સમજાણું? પણ એનું ક્ષેત્ર ને એની શક્તિઓનું માપ જે છે આમ અમાપ, અનંતગુણ. એક સમયમાં ભાવ અનંત! કારણ કે, વસ્તુ છે. એને દ્રવ્ય હોય, ક્ષેત્ર હોય, કાળ હોય ને ભાવ હોય, આ વિના વસ્તુ હોય શકે નહિ. તો આત્મા પણ એક પદાર્થ છે, અનંત આત્માઓ એવા ભિન્ન ભિન્ન છે, આ રજકણો ભિન્ન ભિન્ન છે આખી ચીજ. પણ દરેકનું દ્રવ્યપણું, ક્ષેત્રપણું, કાળપણું ને ભાવપણું. દ્રવ્યપણું એટલે ગુણ-પર્યાયનો પિંડ આખો પદાર્થ. હવે એ દ્રવ્ય સાધારણ આ તો લોકો એમ કહે છે કે, ભાઈ! આત્મા છે, આત્મા છે, આ પરમાણુ છે. પણ એનું ક્ષેત્ર કેટલું? પહોળો કેટલો? એ સર્વજ્ઞ સિવાય એક પરમાણુ પહોળો અનંતગુણવાળો એક જ પ્રદેશ જેનો એ વ્યાખ્યા સર્વજ્ઞ સિવાય બીજે હોય શકે નહિ. સમજાણું કાંઈ? અને એ પાછો ત્રિકાળ રહેનાર છતાં, નિત્ય તો બધા કહે, પણ ત્રિકાળ ભાવ સ્વરૂપે રહે એ ભાવ કેટલા? અનંતાગુણ છે જ્ઞાન,

www.vitragvani.com



દર્શન, આનંદ એવા અનંતાભાવ છે. એ અનંતાભાવ અનંત સર્વજ્ઞની દૃષ્ટિ વિના, એ અનંતભાવનું સ્વરૂપ સ્પષ્ટ જણાય નહિ. તો સર્વજ્ઞે જે આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોયા છે એ રીતે જે કોઈ આત્માને અંતરથી જાણે, અનુભવે એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થાય. કહો, સમજાણું કાંઈ?

## ગાથા–૫૮

**इति विविधभङ्गगहने सुदुस्तरे मार्गमूढदृष्टीनाम्।**
**गुरवो भवन्ति शरणं प्रबुद्धनयचक्रसञ्चाराः।।५८।।**

**અન્વયાર્થ :– [ इति ] એ રીતે [ सुदुस्तरे ] અત્યંત મુશ્કેલીથી પાર કરી શકાય તેવા અને [ विविधभङ्गगहने ] નાના પ્રકારના ભંગોવડે ગહન વનમાં [ मार्गमूढदृष्टीनाम् ] માર્ગ ભૂલેલા પુરુષોને [ प्रबुद्धनयचक्रसञ्चाराः ] અનેક પ્રકારના નય સમૂહને જાણનાર [ गुरवः ] શ્રીગુરુઓ જ [ शरणं ] શરણ [ भवन्ति ] થાય છે.**

**ટીકા :– 'इति सुदुस्तरे विविधभङ्गगहने मार्गमूढदृष्टीनां गुरवः शरणं भवन्ति' - આ રીતે સુગમપણે જેનો પાર પમાતો નથી એવા અનેક પ્રકારના ભંગરૂપી ગહન વનમાં સત્યશ્રદ્ધાનસ્વરૂપમાર્ગમાં જેની દૃષ્ટિ ભ્રમિત થઈ છે તેમને શ્રીગુરુ જ શરણ છે. તેમના દ્વારા જ સત્યમાર્ગનું સ્વરૂપ જાણી શકાય છે. કેવા છે ગુરુ? 'प्रबुद्धनयचक्रसञ्चाराः' - જેમણે અનેક પ્રકારના નય સમૂહનું પ્રવર્તન જાણ્યું છે, સર્વ નયો સમજાવવાને સમર્થ છે. ૫૮.**

---

અહીં કહે છે '**इति विविधभङ्गगहने**' ગુરુઓનો આધાર આપે છે. જુઓને! કેટલા ભંગ લીધા હતા. એક હિંસા કરે તો ઘણાને ફળ આવે, ઘણા કરે તો એકને ફળ આવે. સમજ્યા ને? અલ્પ હિંસા કરે અને ઘણી હિંસાનું ફળ આવે. અલ્પ હિંસા કરે અને ફળ ઘણું આવે. કારણ કે, પરિણામમાં ઘણા પરિણામ આકરા હોય અને હિંસા થોડી કરી. કોઈ ઘણી હિંસા કરે અને ફળ અલ્પ આવે, કોઈ હિંસા કરે ને ફળ અહિંસાનું આવે, કોઈ અહિંસા કરે ને ફળ હિંસાનું આવે. આ બધા ભંગ આવ્યા કે નહિ? 'બાબુભાઈ'! આહાહા!

વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર, જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન વીતરાગ વિજ્ઞાન પ્રગટ થયું. એવા પરમેશ્વરે જે આ નયચક્ર, નયની વાત કરી નિશ્ચય, વ્યવહાર, નિમિત્ત, ઉપાદાન સમજાય છે? નિમિત્ત એટલે વ્યવહાર, ઉપાદાન નિશ્ચય. નિશ્ચય વ્યવહાર એમ. અંદરના ભાવ બહારની ક્રિયા, એના જે વર્ણન નયચકથી કર્યાં, કહે છે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**इति विविधभङ्गगहने सुदुस्तरे मार्गमूढदृष्टीनाम्।**
**गुरवो भवन्ति शरणं प्रबुद्धनयचक्रसञ्चाराः।।५८।।**

**'એ રીતે અત્યંત મુશ્કેલીથી પાર કરી શકાય તેવા...'** અત્યંત મુશ્કેલીથી પાર કરી શકાય તેવા. સમજાણું કાંઈ? 'શ્રીમદ્' કહ્યું છે ને?

**જિન પ્રવચન દુર્ગમ્યતા થાકે અતિ મતિ માન,**
**અવલંબન શ્રી સદ્ગુરુ સુગમ અને સુખ ખાણ.**

કહો, સમ્યગ્દૃષ્ટિ, ભોગ ભોગવતા નિર્જરા થાય અને શુદ્ધિ વધે. અજ્ઞાની ભોગનો ત્યાગી અને આહારનો ત્યાગી અને ક્ષણે ક્ષણે મિથ્યાત્વના અનંતા પાપ બાંધે. આ તે કંઈ વાત! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાનના સ્વરૂપનું ભાન છે જેને, ચોથે ગુણસ્થાને, હોં! સાચો હજી શ્રાવક થયા પહેલાની. આત્મા રાગથી, મનથી ભિન્ન, ચિદાનંદમૂર્તિ શુદ્ધ આનંદનું જેને અંતર ભાન, અનુભવ છે એવો સમ્યગ્દૃષ્ટિ, જેને ભોગના વિકલ્પ અમુક આવે છે અને છન્નું હજાર સ્ત્રીનો સંયોગ દેખાય. કહે છે કે, નિર્જરાની દૃષ્ટિ એની દૃષ્ટિ સ્વભાવ ઉપરના આનંદમાં છે. રાગ ઉપર એને ઉપસર્ગ લાગે છે. ભોગનો વિકલ્પ આવ્યો એને ઉપસર્ગ દેખે છે. સર્પ જેમ આવે અને સર્પને ભયંકર દેખે, એમ સમ્યગ્દૃષ્ટિને ભોગની લાગણી એ સર્પના જેવી, ઝેર જેવી દુઃખદાયક લાગે છે. સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિને દયા, દાન ને વ્રતના, તપના અને રાગની મંદતાના પરિણામ (થાય) તેને મારા માનીને મિથ્યાત્વ સેવે છે. આહાહા! ક્યાં પેલો સંસારી છે, પેલો મોક્ષમાર્ગી છે. આમ પણ કહ્યું છે ને, ભાઈ! નહિ પેલા 'રત્નકરંડ શ્રાવકાચાર' 'ગૃહસ્થો મોક્ષમગો' આવે છે ને? ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માના જ્ઞાન ને ભાનવાળો મોક્ષમાર્ગે છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં છે. અહીં નથી. સમજાણું કાંઈ? અને અણગાર મુનિ હોય તે સંસારી છે, મૂઢ છે. આત્મા શું એનું ભાન નથી. આ દેહની ક્રિયા હું કરું છું, આહાર-પાણી હું છોડું છું, આહાર-પાણી મેં ત્યાગ્યા. એ તો જડ છે, તું ત્યાગી શકે છો? એ તો પરવસ્તુ છે. મેં પરની દયા પાળી, જો આ મેં જીવને બચાવ્યો, જુઓ આ માખી પડી એને આમ કર્યું. એ ક્રિયા જડની, એને પોતાની માને છે.

મુમુક્ષુ :– ધર્મ ઘણાને પમાડે.

ઉત્તર :– ધૂળમાં પણ ધર્મ પમાડતો નથી. પરને કોણ પમાડે? ભાષા જ આત્માની નથી. એ બીજાને ધર્મ પમાડે એમ માનવું એ મિથ્યાદૃષ્ટિ છે. 'મોહનભાઈ'! બહુ આકરું કામ.

કહે છે કે, ભાઈ! વીતરાગનો માર્ગ અંતરના દ્રવ્ય વસ્તુના સ્વભાવનો આદર કે અનાદર, એ ઉપર બંધ ને મોક્ષ છે. પછી આગળ જતાં અંદર રાગની મંદતા કે અભાવતા કેટલી છે એ ઉપર બંધ ને મોક્ષનો માર્ગ છે. બહારની ક્રિયાની પ્રવૃત્તિ ને સંયોગ ઉપર માર્ગ નથી.

સમજાણું કાંઈ?

इति विविधभङ्गगहने सुदुस्तरे मार्गमूढदृष्टीनाम्।
गुरवो भवन्ति शरणं प्रबुद्धनयचक्रसञ्चाराः।।५८।।

**'એ રીતે અત્યંત મુશ્કેલીથી પાર કરી શકાય તેવા અને નાના પ્રકારના ભંગોવડે ગહન વનમાં...'** **'भङ्गगहने'** શબ્દ છે ને? એમાંથી કાઢ્યું છે. **'विविधभङ्गगहने'** ભગવાનના ઓહો..હો..! એક કરે અહિંસા, લાગે હિંસા. કોઈ બીજાનું ભૂંડું કરવા માગે છે, પણ કાંઈક સારું સાથ આપે પહેલું અને પછી કરીશું. એક કરે હિંસા, લાગે દયાના ભાવ. પર મરી જાય પણ એને મારવાના ભાવ નથી. કરે હિંસા એક, અનેકને ફળ આપે. અનેક કરે, એકને ફળ આપે. થોડી હિંસા કરે, ઘણી હિંસાનું ફળ આવે. બહારમાં હિંસા થોડી કરે છે, અંદર રાગ-દ્વેષ ઘણા છે. અને બહારમાં ઘણી હિંસા કરે, અલ્પ હિંસાનું ફળ આવે. અંદરમાં રાગ મંદ છે ને આસક્તિ ઓછી છે. કહો, સમજાણું આમાં? એ.. 'દીપચંદજી'! આવી છે વાત આ, આ સમજ્યા વિનાના બધું એકદમ... આહાહા!

**'નાના પ્રકારના...'** નાના એટલે અનેક. **'ભંગોવડે ગહન વનમાં માર્ગ ભૂલેલા પુરુષોને અનેક પ્રકારના નય સમૂહને જાણનાર શ્રીગુરુઓ જ શરણ થાય છે.'** લ્યો! આવ્યું આ. ગુરુ શરણ છે, એક કોર કહે ભગવાનઆત્મા શરણ છે. 'પરમાત્મપ્રકાશ'માં કહે ગુરુ તું તારો દેવ ને તું ગુરુ તારો ને તું તીર્થ તારો. બહારના તીર્થ ને એ તો બધા વ્યવહાર શુભભાવમાં નિમિત્ત છે. ખરો ગુરુ તું, ખરો દેવ તું ને ખરું તીર્થ ચિદાનંદમૂર્તિ આનંદકંદમાં અંદર જા અને રાગનો મળ ટળે એ તીર્થ તું છો. સમજાણું કાંઈ? ગુરુ પણ તું. કારણ કે, સમજાવવાના કાળે તું જ તને સમજાવે છો. ગુરુ સમજાવે પણ તને અંદર એ વાત ન બેસે તો ત્યાં સુધી કોણ બેસાડે તને? ગુરુ તું છો, તું તને સમજાવે માટે તું ગુરુ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એટલે કીધું ને થોડું. એની સાથે વાત (લીધી). અહીં તો કહે છે કે, નયના ભંગોના ભેદ સમજવા એ સત્ સમાગમ વિના બહુ ગૂઢ છે, મુશ્કેલ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! એક કોર એમ કહે કે, કેવળજ્ઞાન અને આત્મા, જ્ઞાન અને આત્મા બે ભેદ પાડે તે વ્યવહાર છે. જ્ઞાન તે આત્મા, કેવળજ્ઞાન આત્મા નહિ. કારણ કેવળજ્ઞાન એક સમયની પર્યાય સદ્ભુત વ્યવહાર (છે). આહાહા! સમજાણું કાંઈ? એક સમયની દશા છે ને, માટે વ્યવહાર છે. નિશ્ચય તો ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ છે તે શરણભૂત છે. કેવળજ્ઞાન પણ વ્યવહાર. એ તો 'વીરજીભાઈ'! કહેતા કે કેવળજ્ઞાન જ્યાં વ્યવહાર આવ્યો ત્યાં એકાએક ચમક્યો. કેવળજ્ઞાન વ્યવહાર? આ શું કહે છે? ત્રણકાળનું જ્ઞાન થાય એ વ્યવહાર? હા. કેવળજ્ઞાન પણ એક દ્રવ્યની એક સમયની પર્યાય છે, એક સમયનો ભેદ છે, એ ત્રિકાળ ચીજ નથી. કેવળજ્ઞાન એ વ્યવહાર. એય..! 'પ્રવિણભાઈ'! આહાહા! વળી પેલા ત્યારે કહે

www.vitragvani.com



કે જો કેવળજ્ઞાન વ્યવહાર તે સત્ છે કે નહીં? કેવળી પરને જાણે એ વ્યવહાર છે તો પરને જાણતો નથી તો ખરેખર. અરે..! સાંભળ તો ખરો. એ તો પરને જાણવાનો ઉપયોગ નથી. ઉપયોગ પોતાને જાણવામાં છે એમાં પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. જાણે છે પોતાને, એમાં પર લોકાલોક બધા આવી જાય છે. પોતાના જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય જાય છે. એવું એનું સ્વરૂપ (છે).

નિર્મળ ચિદાનંદ આત્મા, પોતાના આનંદના સરોવરમાં પેસતા એ કેવળજ્ઞાન થતાં એમાં લોકાલોક અંતરની પર્યાયમાં જણાય જાય છે. એ નિશ્ચયથી લોકાલોકને જાણનાર છે. લોકાલોકરૂપ અપની પર્યાયને પોતાની એમ. નિશ્ચયથી લોકાલોકને જાણવાની જે પોતાની પર્યાય એક સમયની એને એ જાણનાર છે. વ્યવહાર સર્વજ્ઞ છે, વ્યવહાર માટે સર્વજ્ઞે દીઠું એમ થાશે, એ વાત ક્યાં રહી? એમ કહે છે. ભગવાને દીઠું એમ જ થાશે, સાંભળને. ભગવાન તો કેવળજ્ઞાની છે. ત્રણકાળ, ત્રણલોકને જાણે છે. જે સમયે જ્યાં જે દ્રવ્યની જે પર્યાય થવાની તે ભગવાન પહેલેથી કેવળજ્ઞાનથી જ જાણે છે. પણ જેને કેવળજ્ઞાન છે આવો જેને નિર્ણય થાય એને તો આત્મા સન્મુખ અનુભવ વિના નિર્ણય થઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે, અહો..! અનેક પ્રકારના નય સમૂહને જાણનાર ગુરુ શરણ. '**'इति सुदुस्तरे विविधभङ्गगहने मार्गमूढदृष्टीनां गुरवः शरणं भवन्ति' આ રીતે સુગમપણે જેનો પાર પમાતો નથી...**' સુગમપણે જેનો પાર પમાતો નથી. સહેલાઈથી પમાતો નથી. ઘણી વાર વ્યવહારના ભંગ એવા આવે, છતાં એ વ્યવહાર રાગ છે, કેવળજ્ઞાનનો પર્યાય વ્યવહાર છે, રાગ તે વ્યવહાર છે, અશુભરાગ તે વ્યવહાર છે, નિમિત્ત તે વ્યવહાર છે. કેટલા વ્યવહારના ભંગ? એક નિશ્ચય ભગવાનઆત્મા, રાગ વિનાનું સ્વરૂપ અભેદ એકાકાર તે નિશ્ચય છે. એક કોર એમ કહે કે, રાગની પર્યાય પોતામાં થાય માટે તે નિશ્ચય છે. આહાહા! કારણ કે એનો પુરુષાર્થ ઉલટાથી એનામાં રાગ થાય છે, કર્મથી થતો નથી. ત્યાં આગળ એમ કહે અપેક્ષાથી જાણવું જોઈએને!

કહે છે, **'સુગમપણે જેનો પાર પમાતો નથી એવા અનેક પ્રકારના ભંગરૂપી ગહન વનમાં...'** હવે કહે છે, જુઓ! **'સત્યશ્રદ્ધાન...'** પેલું આવ્યું હતું ને? માર્ગ મૂઢ દષ્ટિનામ્. **'સત્યશ્રદ્ધાનસ્વરૂપમાર્ગમાં જેની દષ્ટિ ભ્રમિત થઈ છે...'** એનો અર્થ ઇ થયો. એ માર્ગ મૂઢ દષ્ટિનામ એનો અર્થ છે. સત્યશ્રદ્ધાનસ્વરૂપમાર્ગમાં જેની દષ્ટિ ભ્રમિત થઈ ગઈ છે. બહારથી ત્યાગ (કર્યો હોય) એને ધર્મી માની લે. સમજાય છે? બહારથી ત્યાગ ન હોય એને મિથ્યાદષ્ટિ માને. પણ સમ્યગ્દર્શન થયું (છે). સમ્યગ્દર્શન થયું તો નિવૃત્તિ જોઈએને? આ જુઓ! અમે બધું બહારથી બાયડી, છોકરા છોડીને નિવૃત્તિ લઈને બેઠા છીએ. શાસ્ત્રમાં એમ કહ્યું, જ્ઞાનનું ફળ વિરતી. આવે છે કે નહિ? તો જ્ઞાન એનું નામ કહેવાય કે, બહાર બધું છોડીને બેસે તો જ્ઞાનનું ફળ વિરતી કહેવાય. આ એમ નથી, સાંભળને!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જેની દૃષ્ટિ ભ્રમિત થઈ છે. ભ્રમણા.. ભ્રમણા... શુભભાવ કરે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ શુભ થાય, માને કે અમે નિર્જરા કરીએ છીએ. મિથ્યાદૃષ્ટિ ભ્રમણામાં પડ્યા છે. સમજાણું કાંઈ? પરની દયા પાળે એ ધર્મ છે. પરનો આશીર્વાદ મળે ઘણા જીવને આ લ્યો! સમજાણું? આવે છે ને તુલસીમાં? શું કાંઈક આવે છે ને? દયા તે જીવની... આવે છે ને એમાં? બીજાના આશીર્વાદ મળે. ચામડું મરી ગયું હોય, લોઢાને અગ્નિ કરી નાખે. માટે .. બીજાને હિંસા અને આ પ્રમાણે ... અહીં તો અભિપ્રાયમાં શ્રદ્ધામાં એનું સાચું ખોટું સ્વરૂપ શું છે જેની ખબર નથી, એવા મિથ્યાદૃષ્ટિ જીવો જેની દૃષ્ટિ ભ્રમિત થઈ ગઈ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, અપવાસ આદિ કરે માને કે, અમે ધર્મ કરીએ છીએ. મૂઢ છે, કહે છે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મની શું ચીજ છે એની તને ખબર નથી.

**'જેની દૃષ્ટિ ભ્રમિત થઈ છે તેમને શ્રીગુરુ જ શરણ છે.'** જ્ઞાની પરમ સંતો એને કહે છે કે, ભાઈ! સહજાનંદ ભગવાનઆત્મા એના અંતર શરણ વિના બાપુ! તને કાંઈ ધર્મ નહિ થાય. બહારના ત્યાગ–ગ્રહણના વિકલ્પથી તું માની બેઠો હો તે દૃષ્ટિ વિપરીત છે. તારા ગુણ સમાજને કાંઈ લાભ થતો નથી. સમજાણું કાંઈ?

બહારનો ત્યાગ ન હોય છતાં સમ્યગ્દૃષ્ટિને અંતરમાં વિકલ્પ ઉઠે છે તેનો પણ અંતરમાં ત્યાગ છે. આહાહા! સમકિતીને પંચમહાવ્રતના પરિણામ ઉઠે, સમકિતીને એ પંચમહાવ્રતના પરિણામ ત્યાજ્ય છે, આ નહિ, આ નહિ, આ ઝેર, રાગ છે. અજ્ઞાનીને મંદ રાગ ઊઠે એ મને આદરણીય છે (એમ માને છે) એટલે આખો સંસાર એને મિથ્યાત્વમાં પડ્યો છે. જ્ઞાનીને એક રાગની તીવ્રતા ભોગની કદાચિત આવે, ત્યાગ છે. આદર નથી, આદર નથી. ક્યાં અતીન્દ્રિય આનંદના સ્વાદ અને ક્યાં રાગની આકુળતાનો ભાવ, બે વચ્ચે જ્ઞાનીને ભેદજ્ઞાન છે. એથી જ્ઞાનીને ત્યાં લાભ છે, અજ્ઞાનીને રાગનો ત્યાગ તીવ્ર છે ને મંદ રાગ છે તેમાં મિથ્યાત્વનો લાભ છે. કહો, સમજાણું આમાં?

**'સત્યશ્રદ્ધાનસ્વરૂપમાર્ગમાં જેની દૃષ્ટિ ભ્રમિત થઈ છે તેમને શ્રીગુરુ જ શરણ છે. તેમના દ્વારા જ સત્યમાર્ગનું સ્વરૂપ જાણી શકાય છે.'** લ્યો! જ્ઞાની વિના સાચું સ્વરૂપ જાણી શકાય નહિ. પોતાની કલ્પનાએ શાસ્ત્ર વાંચે, માને એ બધો સ્વચ્છંદ પોષે છે. કોટિ આવે છે ને? માત્ર મનનો આમળો.

**નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો માત્ર મનનો આમળો**
**જિનવર કહે છે સૂત્ર તેને સર્વ ભવિ સાંભળો.**

'શ્રીમદ્'માં આવે છે. નિજ કલ્પનાથી કરોડો શાસ્ત્ર વાંચે. વસ્તુના ગુરુગમ વિના અંતરના ભાન ને દૃષ્ટિ વિના, એ કરોડો શાસ્ત્રો અજ્ઞાનરૂપે એને પરિણમી જાય છે. સમજાણું કાંઈ? ઓહો..! અરે..! ચોરાશી લાખના અવતારમાં માંડ એને મનુષ્ય દેહ મળ્યો, એમાં પણ થોડા વર્ષ પચાસ, સાંઈઠ વર્ષ, સીત્તેર કેટલા કહેવાય? અનાદિઅનંતકાળમાં થોડો કાળ, એમાં જો

www.vitragvani.com



એ વસ્તુ ભગવાન કહે છે એવું સમ્યગ્દર્શન અંતરની દૃષ્ટિ ન પામ્યો, એને કાંઈ લાભ નથી, મરીને એને એ અવતાર થવાના. ઢોર ને નરક ને નિગોદમાં જવાના છે. આહા..! ક્યાંય સામો કોઈ જોનાર છે નહિ. પાંજરાપોળ અહીં હોય તો વળી ઢોરને આપે પણ ખરું. ન્યાં પાંજરાપોળ છે ક્યાંય? આહાહા! ક્યાંય અઢી દ્વિપ બહાર ક્યાં જન્મ્યો હોય. આહાહા! અહીં જન્મે તો પણ શું? આ અનાર્ય દેશમાં માણસ ક્યાં છે? છે કાંઈ લાભ? ખૂન-ખુવારી કરે માણસ મરી જાય તો એને કાંઈ નહિ. માણસ મરી જાય એટલે કાંઈ નહિ. માણસ મરી જાય તો ઓછા થાશે, જાવ. ખર્ચ ઓછો થાય, આપણો દેશનો ભાર ઉતરશે. અનાર્ય ભાવ. આહાહા! બાપુ! આવા અવતાર મળ્યા એમાં કહે છે કે, વીતરાગે કહેલું તત્ત્વ વાસ્તવિક રીતે જ્ઞાનગમ્યથી નહિ સમજી લે (તો) બીજે ક્યાંય આરા નથી.

**'કેવા છે ગુરુ? - જેમણે અનેક પ્રકારના નય સમૂહનું પ્રવર્તન જાણ્યું છે,...'** લ્યો! નિશ્ચય, વ્યવહાર, ભેદ, અભેદ આદિના પ્રકારો, નિમિત્ત ઉપાદાન આદિ જેમ છે તેમ નયનું જ્ઞાન (જેને છે). નિમિત્ત એટલે વ્યવહાર ને ઉપાદાન એટલે નિશ્ચય. **'જેમણે અનેક પ્રકારના નય સમૂહને પ્રવર્તન જાણ્યું છે, સર્વ નયો સમજાવવાને (ગુરુ) સમર્થ છે.'** જુઓ! આવા ભંગ પોતે કેટલા લીધા! કરે હિંસા ને અહિંસાનું ફળ. એ છે એ વ્યવહાર, હોં! વ્યવહારની.. નિશ્ચય હિંસા નથી. એય..! કરે હિંસા અને અહિંસાનું ફળ. એ બહાર વ્યવહારની વાત છે. પેલો દયાનો વિકલ્પ છે ને, અને એમાં પેલા મરી જાય છે તો એને કાંઈ પાપ નથી લાગતું. વિકલ્પ છે એનું પાપ છે, પણ પેલો જે મરી ગયો એનું પાપ આને લાગતું નથી. વિકલ્પમાં મારવાનો ભાવ છે ને આ બચી ગયો સામે. સમજાણું? એનું કાંઈ બચાવવાનો લાભ થતો નથી. મારવાનો ભાવ છે એ હિંસાનો એનો લાભ થાય છે. સર્વ નયો સમજાવવાને એક જ્ઞાની સમર્થ છે, એ સિવાય કોઈ સમજાવી શકે નહિ. પોતાની કલ્પનાથી સમજે, નિશ્ચય ને વ્યવહાર ને ઘણા ગપટ ચાલે છે ને? આ વ્રત ને નિયમને સંવર ચારિત્ર માને. ગજબ છે. એવું તો અભવિ અનંતવાર કરે છે. વ્રત ને નિયમ, તપ નથી કર્યા આવા? અભવિ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો ત્યારે અનંતવાર કર્યા છે. છ-છ મહિનાના, બાર-બાર મહિનાના અપવાસ અભવિએ અનંતવાર કર્યા. એ તો દૃષ્ટાંત છે. એલા અભવિએ કર્યા આટલા તો વળી તું કોણ? તને વળી ક્યાંથી લાભ થઈ જતો હતો તેનાથી? એમ કહે છે. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો બાર-બાર મહિનાના અપવાસ કર્યા. ભવિ જીવ પોતે, શુક્લલેશ્યા, દ્રવ્યલિંગી દિગંબર મુનિ વનવાસી રહ્યો, હજારો રાણીનો ત્યાગી, પણ અંતરમાં એ રાગની મંદતાનો વિકલ્પ છે એ ધર્મ છે એમ માને છે એ અંદર. એનાથી ભિન્ન મારી ચીજ છે એની એને ખબર પણ નથી. એવા માર્ગમાં જ્ઞાની શરણ છે, બીજુ ક્યાંય શરણ છે નહિ. કહો, સમજાણું કાંઈ? વિશેષ ૫૯ ગાથામાં લઈશું.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## ગાથા–૫૯

अत्यंतनिशितधारं दुरासदं जिनवरस्य नयचक्रम्।
खण्डयति धार्यमाणं मूर्धानं झटिति दुर्विदग्धानाम्।।५९।।

**અન્વયાર્થ :–** [ जिनवरस्य ] જિનેન્દ્રભગવાનનું [ अत्यन्तनिशितधारं ] અત્યંત તીક્ષ્ણ ધારવાળું અને [ दुरासदं ] દુઃસાધ્ય [ नयचक्रं ] નયચક્ર [ धार्यमाणं ] ધારણ કરવામાં આવતાં [ दुर्विदग्धानां ] મિથ્યાજ્ઞાની પુરુષોના [ मूर्धानं ] મસ્તકને [ झटिति ] શીઘ્ર જ [ खण्डयति ] ખંડ ખંડ કરી દે છે.

**ભાવાર્થ :– જૈનમતના નયભેદ સમજવા અત્યંત મુશ્કેલ છે. જે કોઈ મૂઢ પુરુષ સમજ્યા વિના નયચક્રમાં પ્રવેશ કરે છે તે લાભને બદલે નુકસાન મેળવે છે. આ રીતે હિંસાના ભંગ કહ્યા. ૫૯.**

---

**પ્રવચન નં. ૩૯ ગાથા–૫૯ થી ૬૦ રવિવાર, જ્યેષ્ઠ સુદ ૧૧, તા. ૧૮-૦૬-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' દ્રવ્ય અને ભાવ. હવે એનો સરવાળો કહે છે.

अत्यंतनिशितधारं दुरासदं जिनवरस्य नयचक्रम्।
खण्डयति धार्यमाणं मूर्धानं झटिति दुर्विदग्धानाम्।।५९।।

દ્રવ્ય અને ભાવની હિંસાના ઘણા પ્રકાર વર્ણવ્યા. ભાવે હિંસા કરતો હોય અને દ્રવ્યે હિંસા ન પણ હોય. દ્રવ્યે હિંસા ઘણી હોય અને ભાવે હિંસા થોડી હોય. દ્રવ્ય હિંસા થોડી હોય અને ભાવ હિંસા ઘણી હોય. દ્રવ્યે હિંસા હોય અને ભાવે અહિંસા હોય. એવા ઘણા પ્રકાર વર્ણવ્યા હતા. 'મોહનભાઈ'! બધા યાદ રહે છે કાંઈ? હા-ના શું પાડવી? ઘણા પ્રકાર વર્ણવ્યા હતા.

વીતરાગમાર્ગમાં ભાવપ્રધાનથી વાત છે. નિમિત્તના, વ્યવહારના કથનો આવે ખરા, એવું વ્યવહારનું કથન આવે, પણ ખરેખર એ હણી શકતો નથી. પર પ્રાણીના પ્રાણ જ્યારે હણાય ત્યારે આનો ભાવઆદિ કે શરીર નિમિત્ત થાય, એથી વ્યવહારથી કથન કહેવામાં આવે. પરમાર્થે તો આત્મા પોતાના શુદ્ધ... અહીં દર્શન જ્ઞાન પછીની વાત છે આ. સમ્યગ્દર્શન નિશ્ચયથી જુઓ તો આત્મા નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય તત્ત્વ છે, એની પ્રતીતિનું ભાન અંતરમાં

www.vitragvani.com



થવું એમાં તો વ્યવહારના વિકલ્પો, પરની હિંસા તો એમાં નથી, પણ કોઈ રાગાદિ હિંસાનો ભાવ થયો એ પણ એમાં નથી. એવું ભગવાનનું નયચક્ર નામ નયનો સમૂહ છે. કહો, સમજાણું?

**'જિનેન્દ્રભગવાનનું અત્યંત તીક્ષ્ણ ધારવાળું...'** તીક્ષ્ણ ધાર. ચક્ર લીધું છે ને? ચક્ર. **'અને દુઃસાધ્ય...'** ભગવાને કહેલા નયનો સમૂહ સમજવો ઘણો દુઃસાધ્ય છે. સમજાણું કાંઈ? બહારના અનેક પ્રકારનો ત્યાગ આદિ ન દેખાય, આત્માનો અનુભવ થઈને અંતરમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ત્યાગ થયો તો કહે છે કે, મોક્ષમાર્ગમાં છે. બાહ્યનો હજારો રાણીનો ત્યાગી થયો અને માસ મહિના-મહિનાના, છ-છ મહિનાના ઉપવાસ કરે પણ અંદરમાં આત્માનું શું સ્વરૂપ છે, રાગનો પણ કર્તા આત્મા નથી. પરનો તો કર્તા નથી, આહાર-પાણી લેવા-દેવાનો તો કર્તા નથી પણ એમાં વિકલ્પ ઉઠે એનો પણ કર્તા નથી, એવું જે સ્વરૂપ, એનું જેને અંતર ભાન નથી, એને એ બધા બાહ્ય ત્યાગ મિથ્યાત્વમાં જાય છે. સમજાણું કાંઈ?

એક બાજુ ભગવાન એમ કહે કે, તારા પ્રાણ પોતે હણે એને નિશ્ચય હિંસા કહેવાય. પર પ્રાણી હણાય એને વ્યવહાર હિંસા કહેવાય. પણ એ પ્રાણ પોતાના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવથી શુદ્ધ ચૈતન્ય સ્વભાવના પ્રાણ, સ્વ-સન્મુખના પ્રાણ એ પોતે હણે છે, એ જ હિંસા છે. એ હિંસા છે, એ અહીંયા મુખ્ય કીધું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વાણિયા બહુ હિંસા ન કરે.

ઉત્તર :– વાણિયાને ભાન (ક્યાં છે)? વાણિયો કોને કહેવો? એય..! 'વલ્લભદાસભાઈ'! શું કીધું?

મુમુક્ષુ :– મોક્ષમાર્ગમાં તો છ કાયની હિંસા ન કરે.

ઉત્તર :– છ કાયની હિંસાની વાત પણ ક્યાં છે અહીં? તેથી તો એ વાત ચાલે છે, કેટલા ભંગ ચાલ્યા છે. છ કાયની હિંસા એ તો પરવસ્તુ થઈ. એને મારવાનો ભાવ હોય તે અશુભભાવ છે. સમજાણું કાંઈ? એ અશુભભાવ એ હિંસા છે. પર મરે એની હિંસા અહીં લાગતી નથી. કહો, કીધુંને? એક (જીવ) બાહ્યમાં છકાયને હણતો નથી અને અંતરમાં ચૈતન્ય આનંદ શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ ભાવ, એમાં એ રાગ ને વિકલ્પ જે ઉઠે છે, એને પોતાનો માને છે અને એમાં મિથ્યાદૃષ્ટિપણે સ્વભાવ શુદ્ધ છે એનો અનાદર કરે છે તો એ મહા હિંસક છે એમ કહેવામાં આવે છે. 'શશીભાઈ'!

મુમુક્ષુ :– શ્રી ગુરુનું શરણ છે.

ઉત્તર :– એ શરણ એટલે એ કે, એની પાત્રતામાં એવી જ્ઞાનની યોગ્યતા જોઈએ ત્યારે ગુરુ એને સમજાવી શકે એમ કહેવામાં આવે છે. વસ્તુ એવી છે. આ એટલે અહીં ઉતાર્યું છે. ચરણાનુયોગ છે ને? આ હમણા નથી બોલતા. ટાણું આવ્યું છે આમાં કહે છે. આહાહા!

અહીં જુઓ તો ભગવાનઆત્મા..! એકેન્દ્રિય જીવ બહારમાં કોને હણે છે? હણે છે

www.vitragvani.com



કાંઈ? એકેન્દ્રિય જીવ પોતે. જેને મન નથી, જેને વાણી નથી, અને તે દેહ એમાં એક નિગોદના અનંતાજીવ, એક શરીરમાં અનંતા, એવો એક જીવ અંદર હલતો પણ નથી. એમ ને એમ ઘણા વર્ષથી બટાકામાં કે લીલ-ફુગમાં પડ્યો હોય, લ્યો! સમજાય છે? છતાં બહારમાં બિલકુલ હિંસા નથી. અંદરમાં તીવ્ર હિંસા છે. કેમકે પોતાના આનંદ શુદ્ધ ચૈતન્ય પ્રાણ વિપરીત મિથ્યા અભિપ્રાયમાં પોતે મહા કલંક ઊભું કરે છે. એ એકેન્દ્રિય પણ પોતાના ભાવપ્રાણને હણે છે, બીજાને હણી શકતો નથી કાંઈ. જુઓ! શરીર એક જ છે. કહો, સમજાણું કાંઈ?

સમ્યગ્દષ્ટિ, (જેને) આત્માનું ભાન છે હું આત્મા ચિદાનંદ સ્વરૂપ છું. એક દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે એ મારું કર્તવ્ય નથી, એ તો રાગ છે. પરનું કર્તવ્ય મારવું કે બચાવવું એ તો મારા સ્વરૂપમાં છે જ નહિ. કોને હું બચાવું? કોને મારું? કોને સમજાવું? અને કોનાથી હું સમજું? એવું ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિનું ભાન થયું છે. બહારથી જુઓ તો પંચમગુણસ્થાનવાળો શ્રાવક હોય, મોટા વહાણના વેપાર, ધંધા કરતા હોય, લ્યો! અબજો રૂપિયાના ધંધા, વહાણના ધંધા, ખેતીના ધંધા. પાપ અલ્પ લાગે. ચોથા ગુણસ્થાનવાળો સર્વાર્થસિદ્ધનો દેવ, જુઓ તો કાંઈ કોઈ દિ' રાંધવાનું ન મળે, ખાવાનું ન મળે, પીવાનું ન મળે, બાયડી ન મળે, છોકરા ન મળે.

મુમુક્ષુ :– ઘરબાર તો છે.

ઉત્તર :– ઘર-બાર પણ ન મળે. ત્યાં ઘર-બાર ક્યાં હતા? વૈમાન છે અને માને કે કદાચ કે, આ મારું વૈમાન છે. એવા સર્વાર્થસિદ્ધના દેવ સમ્યગ્દષ્ટિ, કાંઈ બહારની હિંસા નથી, છતાં ત્રણ કષાયનો ભાવ છે. પેલા પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક એને લાખો વહાણના ધંધા, મોટા ખેતીના વેપાર હોય, અનાજના ધંધા મોટા હોય, છતાં એને અલ્પ પાપ લાગે. કારણ કે, એને બે કષાયનો અભાવ છે, બે કષાય નાશ થયા છે. પેલાને સર્વાર્થસિદ્ધનો દેવ ત્રણ કષાયનો ભાવ છે અને એક કષાયનો નાશ થયો. બહારમાં હિંસા કાંઈ નથી પણ આ પાંચમા ગુણસ્થાનવાળા કરતા એને હિંસા વધારે છે? આ તે કાંઈ માપ? સમજાય છે કાંઈ? આહાહા! અંદર કષાય અને મિથ્યાત્વનો અભાવ કે મિથ્યાત્વ ને કષાયનો સદ્ભાવ, એ ઉપર આખો જૈનદર્શનનો દોર છે.

કહે છે કે, **'જિનેન્દ્રભગવાનનું અત્યંત તીક્ષ્ણ ધારવાળું...'** તીખું **'અને દુઃસાધ્ય નયચક્ર...'** નયચક્ર એટલે સમૂહ. નયનો સમૂહ અથવા નયચક્ર. નિશ્ચયથી વાત કરે કાંઈ, વ્યવહારથી કાંઈ હોય, આખું ચક્ર ફરે. સમજાણું કાંઈ? નિશ્ચયથી વાત કરે તો કહે, સમ્યગ્દષ્ટિને આસ્રવ અને બંધ નથી. એક બાજુ એમ કહે. એક બાજુ એમ કહે કે, પાંચમા ગુણસ્થાનવાળો તો ઠીક પણ મુનિ છે છઠ્ઠે ગુણસ્થાને, એને જેટલા પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે એ ઝેર અને પાપ ને દુઃખ છે. કહો, 'મોહનભાઈ'! વીતરાગમાર્ગના નયોનું સ્વરૂપ, એના જ્ઞાનનો ન્યાય સમજવો ઘણો ઝીણો છે. ઉપર ઉપરથી કોઈ માથુ મારીને વાત કરે, વ્યવહારથી આમ છે,

www.vitragvani.com



નિશ્ચયથી આમ છે, ફલાણું આમ (છે). એમ ન ચાલે. નયચક્ર દુઃસાધ્ય છે.

**'ધારણ કરવામાં આવતાં 'દુર્વિદગ્ધાનાં' મિથ્યાજ્ઞાની...'** એટલે **'દુર્વિદગ્ધાનાં'** સમજ્યો નથી અને સમજ્યો છું એમ માને છે. એની વાત લીધી છે ને અહીં? વ્યવહાર નિશ્ચય, નિમિત્ત ઉપાદાન શું છે એ સમજ્યો ન હોય. કોને નિશ્ચિય કહેવો? કોને વ્યવહાર કહેવો? વ્યવહાર તે જાણવા લાયક છે, નિશ્ચય તે આદરણીય લાયક છે, નિમિત્ત તે હેય છે, શુદ્ધ ઉપાદાન પોતે ઉપાદેય છે, એવા નિશ્ચય ને વ્યવહારના ભેદો જાણતો નથી એવો **'દુર્વિદગ્ધાનાં' 'મિથ્યાજ્ઞાની પુરુષોના 'મૂર્ધાનં' મસ્તકને...'** મસ્તક એટલે એનો ધારેલો ભાવ.

મુમુક્ષુ :– એવો અર્થ ક્યાં છે?

ઉત્તર :– કોણ જાણે આ પંડિત છે, પૂછોને એને. એય..! માથુ હશે? બહારના માથાનું કામ છે ન્યાં? 'શશીભાઈ'! અજ્ઞાનીએ પોતાનો કલ્પેલો જે ભાવ જે મુખ્ય છે એ એનું માથુ છે. સમજાણું કાંઈ? 'પ્રવિણભાઈ'! 'પ્રવિણભાઈ' પડ્યા છે. એમાં એનું કાંઈ આવ્યું છે. ભાઈ! આ તો ઝટ દઈને એવી ચીજ છે. આહાહા!

અનંતકાળ રખડ્યો. ક્યાંય એને સત્યનો પંથ હાથ આવ્યો નથી. બહારના એટલા પડખાં અને શાસ્ત્રમાં એ પડખાંની વ્યવહારની એટલી બધી વાતો આવે. દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપ ને પૂજા એ બધો રાગ છે અને એનું ફળ સંસાર છે (એમ) પાછું આવે.

એકકોર કહે કે, જ્યાં એક જરીક પણ રાગ છે, રાગ થોડો પણ છે તે આગમને જાણતો નથી. એ કઈ અપેક્ષાએ વાત (છે)? થોડો પણ રાગ પોતાના સ્વભાવની સાથે એકતા કરે છે તે જીવ આગમને ને તત્ત્વના ભાવને જાણતો નથી. કહો, સમજાણું કાંઈ?

એકકોર છઠ્ઠે ગુણસ્થાને અઠયાવીસ મૂળગુણ આવે, અદંતધોવન, સાચા મુનિ હોય એને એકલો જંગલમાં રહું એવા વિકલ્પ આવે. એ વિકલ્પ ઉઠે એ પણ ઝેર છે, બંધનું કારણ છે, એ સઆસ્રવી સાધુ છે. આહાહા! એ આસ્રવવાળો સાધુ છે. એકકોર કહે કે, સમ્યગ્દષ્ટિને આસ્રવ અને બંધ નથી. એ.. 'મોહનભાઈ'! ભગવાનના નયના સમૂહનો ન્યાય દુઃસાધ્ય છે. અંતર આત્માના સ્વરૂપનું સાધન, જેમાં નિશ્ચય લાગુ પડે એ મુશ્કેલ બહુ છે. એને પછી વ્યવહાર હોય એ જાણવા લાયક છે. વ્યવહારના પડખાં ઘણા હોય, જાણે કે છે આવો ભાવ.

કહે છે કે, એવું નથી માનતો, એવા **'દુર્વિદગ્ધાનાં' 'મૂર્ધાનં'** એવો જે માનેલો એનો અભિપ્રાય, એને **'શીઘ્ર જ ખંડ ખંડ કરી દે છે.'** સમજાણું કાંઈ? એકાંતી અજ્ઞાનીએ માનેલા અભિપ્રાયને તોડી નાખે છે. જિનનું ચક્ર, વીતરાગદેવનો નય સમૂહ, એનો ખંડ ખંડ કરી નાખે છે. કહો, 'શશીભાઈ'! સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આહાહા!

આ ચોરાશીમાં રખડે છે એની એને મુંઝવણ ન આવી. અરે..! હું ક્યાં છું? અને ક્યાં રહ્યો છું? મારી ચીજ શું છે? એનું એણે જ્ઞાન કર્યું નથી. ભગવાનના જ્ઞાનના ન્યાયથી જ્ઞાન ન કર્યું, નયથી ન કર્યું. આહાહા! પોતાની કલ્પનાએ માની લીધું કે, હું કાંઈક શાસ્ત્ર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જાણું છું, હું કાંઈક વ્રત પાળું છું અને તપ કરું છું, એમાં મને લાભ થશે એમ અજ્ઞાનીએ અનાદિથી મિથ્યાદૃષ્ટિપણે માન્યું છે. એને વસ્તુ શું છે એની ખબર નથી.

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ ભગવાનઆત્મા, પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એના સન્મુખ જોઈને જે કાંઈ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થાય, બસ! એટલો જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ છે નહિ. સમજાણું કાંઈ? બહારની ક્રિયાકાંડના લાખ, કરોડ તારા વિકલ્પ હોય, એ બધા બંધના કારણ છે. આહા..! સમજાણું કાંઈ? એકકોર મુનિઓને મહાવ્રત પાળે તો એ ચારિત્ર કહેવાય, એમ કહે. બીજીકોર કહે કે, મહાવ્રતના ભાવ ઝેર છે, રાગ છે, આસ્રવ છે, દુઃખરૂપ છે.

મુમુક્ષુ :– સંવરનું સાધન કહે છે.

ઉત્તર :– એ સાધન પણ કહે. વ્યવહારનય એને સાધન કહે, નિશ્ચય સાધ્ય કહે. જેને દુઃખરૂપ ભાવ છે એને સાધન કહે, સુખરૂપ દશા તેને સાધ્ય કહે. એ સાધ્યનો વ્યવહાર સાધન કહે, સાધનનું સાધ્ય નિશ્ચય કહે, એને સમજવું જોઈએને.

એ વ્યવહાર સાધન કહે છે એ સાધન છે નહિ. તેને કહેવામાં નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત છે. ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપને અંતરના સ્વભાવ દ્વારા સાધન કરે છે, એ જ એનું ખરું સાધન છે. એ રાગની મંદતા, વ્રત, નિયમ, તપના વિકલ્પો એ બિલકુલ આત્માને સાધન-ફાધન છે નહિ. આવું નયચક્ર અજ્ઞાનીઓના **'दुर्विदग्धानां'** **'दुर्विदग्ध'** એટલે શું? ગુજરાતી. એ તો સીધી ભાષા છે. અર્ધદગ્ધ એમ હતું. થોડું અડધું બળ્યું અને અડધું કાચું એમ મારું કહેવું છે. **'दुर्विदग्ध'** છે ને? ઘઉં હોય ને? અડધો બળ્યો હોય અને અડધો સારો. એ ન લોટમાં કામ આવે, ન રાખમાં કામ આવે. આ ઘઉં ઘઉં. એવી રીતે કોઈ બળ્યો હોય, અડધો અડધો બળ્યો હોય. ઘઉં સમજો છો? અડધો બળ્યો હોય, અડધો સારો હોય, એ ન કામ આવે લોટમાં, ન કામ આવે રાખમાં. એમ અર્ધદગ્ધ. અહીં તો અર્ધદગ્ધ છે. જાણપણાની વાતું પણ કરે, સમજે નહિ કાંઈ.

મુમુક્ષુ :– અધૂરા જ્ઞાની છે.

ઉત્તર :– અધૂરા નહિ ઉલટા. અધૂરા નહિ. આહા..! અર્ધદગ્ધ અહીં **'दुर्विदग्ध'** બળ્યો છે, બળી ગયેલો થોડો, થોડો એમ માને છે કે હું જાગતો (છું), મને ભાન છે, હોં! નયચક્ર, નયનું ભાન છે. બીજા બધા સામા વાતું એમ કરે, હોં! ભાઈ! નયચક્ર સમજવા કઠણ છે. વ્યવહાર સાધન એનાથી થાય, પહેલો વ્યવહાર આવે ને પછી નિશ્ચય થાય. એ બધા નયચક્ર નયસ્વરૂપ છે.

અહીં તો કહે છે, **ભાવાર્થ :– 'જૈનમતના નયભેદ સમજવા અત્યંત મુશ્કેલ છે.'** વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્માએ જે કંઈ નિશ્ચય વ્યવહારના નયના પ્રકારો, ભેદો ઉપાદાન નિમિત્તના જે કાંઈ ભેદો કહ્યા એ સમજવા (અત્યંત મુશ્કેલ છે.) ઉપાદાન એટલે

www.vitragvani.com



નિશ્ચય, નિમિત્ત એટલે વ્યવહાર. જૈનમતના નયના પ્રકારો, ભેદ એટલે પ્રકાર **'સમજવા અત્યંત મુશ્કેલ છે.'** બીજા એમ પણ કહે, હોં! સામાવાળા એમ કહે. ખોટા સમજે. આહાહા! લાખ વાતની વાત.

'શ્રીમદ્દે' ન કહ્યું? કે, સમ્યક્ એકાંત એવા નિજ હિતની પ્રાપ્તિ સિવાય અનેકાંતનું જ્ઞાન એને થાય નહિ. એકલું અનેકાંત અનેકાંત કરે પણ સમ્યક્ એકાંત આત્માનો શુદ્ધ સ્વભાવ, એક જ કડી એક શબ્દ મુક્યો છે, છે ને 'ભોગીભાઈ' તરફથી ચોપડી છપાય ગઈ છે. તમારે આવી છે? નહિ આવી હોય. 'શ્રીમદ્'માં એક લીટી છે ને? એનું 'વવાણિયા' એક કલાક વ્યાખ્યાન થયું હતું. સમજાણું? આમાં છે ને ક્યાંક. કેટલામાં પાને છે? પાનામાં શી ખબર પડે? મોટું પુસ્તક. આવે છે કે નહિ એ?

'અનેકાંતિક માર્ગ પણ...' કોઈ 'અનુપચંદ મલુપચંદ' 'ભરૂચ'માં રહેતા, નહિ? તમે જાણતા હશો. ભાઈની 'ભરૂચ'માં દુકાન છે ને? બાહ્ય ક્રિયા ઉપરની વાત ઉપર જ આખો પત્ર છે. આ ક્રિયા કરવી, વ્રત કરવા, અપવાસ કરવા, આ કરવું અને આ કરવું. આખો દિ' મથતો હતો. પણ વસ્તુ શું છે એના જ્ઞાન ને શ્રદ્ધાનું ભાન નહિ. ત્યારે એને કહ્યું કે, ભાઈ! કે એને એકાંત હોય એમ માને. અમે ધારીએ અને પછી ક્રિયા બધી કરીએ એ અનેકાંત. તો કહે છે કે, અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજ પદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય કોઈ હેતુએ ઉપકારી નથી. એમ જાણી લખ્યું તે માત્ર અનુકંપાબુદ્ધિ, નિરાગ્રહથી, નિષ્કપટતાથી, નિર્દંભતાથી હિતાર્થે લખ્યું છે. એમ જો તમે યથાર્થ વિચારશો તો દૃષ્ટિગોચર થશે. યથાર્થ વિચારશો તો દૃષ્ટિગોચર થશે. તો વચનનું ગ્રહણ અને પ્રેરણા થવાનો હેતુ થશે. એ બહુ ક્રિયાકાંડી હતો. આ કરું અને આ કરું આખો દિ'.

કહે છે, ભાઈ! સમ્યક્ અનેકાંતિક માર્ગ પણ, સમ્યક્ એકાંત શુદ્ધ આનંદ સ્વરૂપ એકલો એ તરફમાં એકાંત સમ્યક્ આત્મામાં ઢળ્યા વિના, એની પર્યાયનું, રાગનું, નિમિત્તનું, ભેદનું, અનેકાંત જ્ઞાન યથાર્થ થાય નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું? સમજાણું આમાં? 'પોપટભાઈ'! પેલા કહે, કે, ઉપાદાન અને નિમિત્ત બે છે. નિશ્ચય અને વ્યવહાર બે છે, શુદ્ધ અને અશુદ્ધ બે છે, દ્રવ્ય અને પર્યાય બે છે, અભેદ અને ભેદ બે છે. કહે છે એ બધું સાંભળને. પણ અભેદ અને અખંડ આનંદ પ્રભુ! એનો આશ્રય સમ્યક્ એકાંતપણે લીધા વિના, એ પર્યાયનું, નિમિત્તનું, ભેદનું, વ્યવહારનું અનેકાંતિક જ્ઞાન સાચું થશે નહિ. સમજાણું કાંઈ? આ એક જ ટુકડામાં એટલું મુક્યું છે. લ્યો! એક કલાક વ્યાખ્યાન થયું હતું ત્યાં. ૩૪૭ પાનું છે.

અહીં કહે છે, **'જૈનમતના...'** જૈનમત એટલે સર્વજ્ઞ પરમેશ્વરનો અભિપ્રાય. જૈનમત એ કોઈ સંપ્રદાય નથી. ભગવાન કેવળજ્ઞાનીએ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જોયા, એના જ્ઞાનમાં જે આવ્યું એ પછી વાણીમાં આવ્યું. એ **'જૈનમતના નયભેદ સમજવા અત્યંત મુશ્કેલ છે.'** એકલું મુશ્કેલ નથી કીધું. સમજાણું? પાઠમાં છે ને?

www.vitragvani.com



**'अत्यन्तनिशितधारं' 'જે કોઈ મૂંઢ પુરુષ સમજ્યા વિના...'** એ નયના નિશ્ચય, વ્યવહાર, અભેદ, ભેદ, સમ્યક્ એકાંત, અનેકાંત શું છે એને **'સમજ્યા વિના નયચક્રમાં પ્રવેશ કરે છે તે લાભને બદલે નુકસાન મેળવે છે.'** પેલું તોડી નાખે એમ કીધું. ખંડ ખંડનો અર્થ કર્યો. એને લાભને બદલે નુકસાન મેળવે છે. અનેકાંત તત્ત્વ એના તત્ત્વ ભાવનો ખંડ ખંડ કરી નાખે છે એની એને ખબર નથી, નુકસાન થાય છે.

**'આ રીતે હિંસાના ભંગ કહ્યા.'** લ્યો! સમજાણું કાંઈ? દરિયામાં મોટા વહાણના ધંધા હોય, અબજો રૂપિયાના વેપાર (કરતો હોય). આમ જોવે તો પાણી ચાલે તો માછલા અંદર થાય. ઉદ્યોગ છે ને? આરંભી હિંસા. શ્રાવકને આરંભી હિંસાનો ત્યાગ નથી. એથી એનું ગુણસ્થાન ... પણ આરંભી હિંસાનું એને પાપ લાગે છે, હોં! સમજાણું? સમ્યગ્દર્શન છે, આત્માનું જ્ઞાન અનુભવ દૃષ્ટિ થયા પછી શ્રાવકને સંકલ્પી હિંસાનો ત્યાગ હોય. સંકલ્પી. આને મારી નાખું એમ ન હોય, પણ વેપાર–ઉદ્યોગ કરતા હોય એમાં જીવ, કીડી-મકોડા હણાય જાય તો એ પાપ છે, પણ એવા પાપથી એના પંચમગુણસ્થાનની દશા જાતી નથી. એમ આરંભ કરતાં, એમ ઉદ્યોગ કરતા ધંધો-વેપાર. આરંભ કરતા એટલે આ ચૂલા ઉપર રાંધવું. એમાં જીવ મરે છે ને? છતાં પંચમગુણસ્થાનવાળી શ્રાવિકા છે, આત્મજ્ઞાન છે, દર્શન, ભાન છે. આરંભમાં ત્રસ આદિ મરે છે પણ એનું ગુણસ્થાન જાતું નથી. પાપ નથી લાગતું એમ નહિ, પાપ તો લાગે છે.

એમ વિરોધીની (હિંસા). રાજકુમાર હોય, કોઈ રાજા રાજ ઉપર ચડી આવ્યા. યુદ્ધમાં જાય, એને સામાને મારી નાખવાના ભાવ નથી, પણ પોતાના રાજનો હજી મમત્વભાવ છે, આસક્તિ છૂટી નથી એથી એના માટે જાય, લડાઈ કરે. પાપ છે પણ એની ભૂમિકા જે ચોથા ગુણસ્થાનની દશા છે એનો નાશ થતો નથી. સમજાણું? અને એક પ્રાણી એક એકેન્દ્રિયને પણ નથી મારતો, પણ એના અભિપ્રાયમાં એ એકેન્દ્રિય જીવને હું બચાવું છું, મેં બચાવ્યો માટે બચ્યો, એવો જે અભિપ્રાય છે એ મિથ્યાદૃષ્ટિનો અભિપ્રાય છે. બાહ્ય બિલકુલ મારતો નથી પણ અંદર આત્માના અનંતાગુણના સમાજને હણી નાખે છે. કહો, સમજાણું આમાં? આહાહા!

**'કોઈ મૂઢ પુરુષ સમજ્યા વિના નયચક્રમાં પ્રવેશ કરે છે...'** એટલે નયનો સમૂહ અથવા ફરતું કથન. ઘડીકમાં નિશ્ચય, ઘડીકમાં વ્યવહાર. કથન આવે ને ફરતું? ચક્ર ફરે કે નહિ ચક્ર? એવા કથનને સમજ્યા વિના કહે છે કે, પોતાના **'લાભને બદલે નુકસાન મેળવે છે. આ રીતે હિંસાના ભંગ કહ્યા.'** લ્યો! હવે ૬૦ ગાથા. આ સમ્યગ્દર્શન ને જ્ઞાન, ભાન થયા છે પછીના ત્યાગની વાત છે. પહેલો અનુભવ આત્માનો (થયો છે). દયા, દાન, વ્રત, તપના જે રાગ છે, એનાથી ભિન્ન આત્માનું ભાન થયું છે. સમ્યગ્દર્શન અનુભવમાં આત્માનો સાક્ષાત્કાર સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં થયો છે. એને પછી શ્રાવકના વ્રત વખતે કેવો ભાવ હોય એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૬૦

હવે હિંસાના ત્યાગનો ઉપદેશ કરે છે :–

अवबुध्य हिंस्यहिंसकहिंसाहिंसाफलानि तत्त्वेन।
नित्यमवगूहमानैर्निजशक्त्या त्यज्यतां हिंसा।।६०।।

અન્વયાર્થ :– [ नित्यं ] નિરંતર [ अवगूहमानैः ] સંવરમાં ઉદ્યમી પુરુષોએ [ तत्त्वेन ] યથાર્થ રીતે [ हिंस्यहिंसकहिंसाहिंसाफलानि ] હિંસ્ય, હિંસક, હિંસા અને હિંસાનું ફળ [ अवबुध्य ] જાણીને [ निजशक्त्या ] પોતાની શક્તિ પ્રમાણે [ हिंसा ] હિંસા [ त्यज्यतां ] છોડવી જોઈએ.

ટીકા :– 'नित्यं अवगूहमानैः निजशक्त्या हिंसा त्यज्यताम्' - સંવરમાં ઉદ્યમી એવા જીવોએ હંમેશા પોતાની શક્તિવડે હિંસાનો ત્યાગ કરવો. જેટલી હિંસા છૂટે તેટલી છોડવી. કેવી રીતે? 'तत्त्वेन हिंस्यहिंसकहिंसाहिंसाफलानि अवबुध्य' - યથાર્થ રીતે હિંસ્ય, હિંસક, હિંસા અને હિંસાનું ફળ-આ ચાર ભાવોને જાણીને હિંસા છોડવી. એને જાણ્યા વિના ત્યાગ થતો નથી. જો કર્યો હોય તો પણ કાર્યકારી નથી. તેમાં

૧. હિંસ્ય - જેની હિંસા થાય તેને હિંસ્ય કહે છે. પોતાના ભાવપ્રાણ અથવા દ્રવ્યપ્રાણ અને પરજીવના ભાવપ્રાણ કે દ્રવ્યપ્રાણ એ હિંસ્યના ભેદ છે. અથવા એકેન્દ્રિયાદિ જીવસમાસના ભેદ જાણવા અથવા જ્યાં જ્યાં જીવ ઊપજવાના સ્થાન છે તે જાણવા જોઈએ. તેનું યથાસ્થાને વર્ણન હોય જ છે.

૨. હિંસક - હિંસા કરનાર જીવને હિંસક કહીએ. ત્યાં પ્રમાદભાવરૂપે પરિણમેલા અથવા અયત્નાચારમાં પ્રવર્તતા જીવને હિંસક જાણવા.

૩. હિંસા - હિંસ્યને પીડા ઉપજાવવી અથવા તેમનો ઘાત કરવો તે હિંસા છે. તેનું વર્ણન આગળ કર્યું છે.

૪. હિંસાફળ - હિંસાથી જે કાંઈ ફળ થાય તેને હિંસાફળ કહે છે. આ લોકમાં તો હિંસક જીવ નિંદા પામે છે, રાજા વડે દંડ પામે છે, જેની એ હિંસા કરવા ઇચ્છે છે તેને જો લાગ આવે તો આનો ઘાત કરે છે. વળી પરલોકમાં નરકાદિ ગતિ પામે છે, ત્યાં શરીરના નાના પ્રકારના છેદન-ભેદનાદિ અને નાના પ્રકારની માનસિક વેદના પામે છે. નરકનું વર્ણન

**કોણ ક્યાં સુધી લખે! સર્વ દુઃખનો જ સમુદાય છે. તિર્યંચાદિનું દુઃખ પ્રત્યક્ષ જ ભાસે છે. એ બધું હિંસાનું ફળ છે. આ રીતે હિંસ્યને જાણી પોતે તેને ઘાતે નહિ, હિંસકને જાણી પોતે તેવો ન થાય, હિંસાને જાણી તેનો ત્યાગ કરે અને હિંસાનું ફળ જાણી તેનાથી ભયભીત રહે. માટે આ ચાર ભેદ જાણવા. ૬૦.**

---

'હવે હિંસાના ત્યાગનો ઉપદેશ કરે છે :–'

**अवबुध्य हिंस्यहिंसकहिंसाहिंसाफलानि तत्त्वेन।**
**नित्यमवगूहमानैर्निजशक्त्या त्यज्यतां हिंसा।।६०।।**

ભાષા જુઓ! છોડ હિંસા. એક બાજુ કહે કે, રાગનો ત્યાગકર્તા આત્મા પરમાર્થે છે નહિ. 'વલ્લભદાસભાઈ'! પરમાર્થે આત્માનું સ્વરૂપ દૃષ્ટિમાં જે આવ્યું, એ આત્મા રાગનો ત્યાગકર્તા પરમાર્થે એ છે જ નહિ. ત્યાગકર્તા, હોં! રાગનો ત્યાગકર્તા. આ એક કથન. અહીં કહે છે કે, પર હિંસાનો ત્યાગ કર. સમજાણું કાંઈ? સ્વહિંસા અને પરહિંસા બન્ને.

**'नित्यं'** નામ **'નિરંતર 'अवगूहमानैः' સંવરમાં ઉદ્યમી પુરુષોએ...'** એમ લીધું છે મૂળ તો. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે, એ પોતે સ્વભાવ સન્મુખ ઢળવા માગે છે, એ સંવરમાં ઉદ્યમી પુરુષોએ એમ કહે છે. સમજાણું કાંઈ? **'યથાર્થ રીતે' 'तत्त्वेन'** એમ. **'तत्त्वेन યથાર્થ રીતે હિંસ્ય,...'** કોને કહેવું એણે જાણવું જોઈએ. ખુલાસો કરશે, હોં! હિંસ્ય, હણાવા લાયક. પોતાના ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણ. પરના ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણ તે હિંસ્ય છે–હણાવા લાયક છે. સમજાણું કાંઈ? એણે જાણવું જોઈએ. જાણ્યા વિના શી રીતે કોનો ત્યાગ કરશે અને કોને ગ્રહણ કરશે? **'હિંસ્ય,...'** છે ને પહેલું? નીચે ભેદ કહેશે, હોં! **'હિંસક,...'** હિંસાનો કરનારો. હિંસ્ય હણાવા યોગ્ય. ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણ પોતાના ને પરના ભાવ-દ્રવ્ય. દ્રવ્યપ્રાણ તે નિમિત્તથી છે અને ભાવપ્રાણ તે ખરેખર છે. પરના ભાવપ્રાણને પણ હણે એ નિમિત્તથી એ વાત લીધી. સમજાણું કાંઈ?

પરના દ્રવ્ય અને ભાવપ્રાણને હણે એમ જે કહેવું, એ પણ નિમિત્તની વ્યાખ્યા છે અને પોતાના દ્રવ્યપ્રાણને હણે એ પણ નિમિત્તની વ્યાખ્યા છે. ભાવપ્રાણને હણે એ યથાર્થ હણી શકે છે. અને ભાવપ્રાણને બચાવી શકે છે. દ્રવ્યપ્રાણને બચાવી શકતો નથી, પરના ભાવપ્રાણને બચાવી શકતો નથી, અને પરના દ્રવ્યપ્રાણને પણ બચાવી શકતો નથી. સમજાણું કાંઈ? વાત તો એવી છે. અરે..! સંસારમાંથી આ જન્મ-મરણના દુઃખ. ભક્તિમાં આવે છે ને? હવે પ્રભુ આ જન્મ-મરણના દુઃખ સહ્યા જાતા નથી. કાયર થઈ ગયો છે. મારો આવો સ્વભાવ. આહાહા! અરે..! મેં મારી સામું જોયું નહિ કોઈ દિ'. મેં આમ પર સામું જોઈને માથાકૂટ કરીને મરી ગયો. પ્રભુ! હવે આ દુઃખ સહ્યા જતાં નથી. આમ અંદરથી તો આહા..! ભવ કરવો પડે,

રાગ થાય. આહાહા..! એ જેને દુઃખ લાગે છે. સમજાણું કાંઈ?

કહે છે, એવા પ્રાણીએ આવા હિંસ્ય શું છે એને જાણવું જોઈએ. હિંસક, હિંસ-ક હિંસાનો કરનાર કોણ છે એમ જાણવું જોઈએ. હિંસા કોને કહેવી? **'હિંસ્ય, હિંસક, હિંસા અને હિંસાનું ફળ...'** ચાર બોલ છે જુદે જુદા. કેટલાએ તો એની જિંદગીમાં સાંભળ્યું પણ નહિ હોય. **'હિંસા અને હિંસાનું ફળ જાણીને...'** **'अवबुध्य'** છે ને? **'निजशक्त्या'** આટલી વ્યાખ્યા. **'પોતાની શક્તિ પ્રમાણે...'** હઠ કરીને નહિ, તેમ બીજાની દેખાદેખી નહિ. આ આટલું છોડે માટે મારે આટલું છોડ્યા વિના (ચાલશે નહિ) નહિતર સમાજમાં સરખાય રહેશે નહિ, મોટપ રહેશે નહિ. સમજાણું કાંઈ? આ બધે મોટો કહેવરાવું છું અને આ બધા મારા નાના નાના આટલો ત્યાગ કરીને બેસે છે અને હું એટલો ત્યાગ નહિ કરું તો મોટો નહિ કહેવરાવું. એ ત્યાગ નથી એ તો દેખાદેખીની વાત છે. સમજાય છે?

અહીં તો આત્માના ભાનપૂર્વક શુદ્ધ ચૈતન્યના આનંદના સાધનની દૃષ્ટિપૂર્વક, પુરુષાર્થમાં રાગનો ઘટાડો કરવો, એ ભાવપ્રાણનો ઘટાડો એટલે પછી દ્રવ્યપ્રાણ ને પરનો ઘટાડો થયો એમ કહેવામાં આવે છે. એવી હિંસાને જાણીને છોડ. પણ જાણે ત્યારે છોડે કે નહિ? હિંસા કોને કહેવી? **'હિંસાનું ફળ જાણીને પોતાની શક્તિ પ્રમાણે હિંસા છોડવી જોઈએ.'** આટલો શબ્દ છે. પોતાની શક્તિના પુરુષાર્થની, પરિણામની તે વખતે જેટલી સહજ ગતિ હોય, એ પ્રમાણે સમ્યગ્દર્શન અને જ્ઞાનપૂર્વક હિંસાના ભાવને શક્તિ પ્રમાણે હઠ વિના, દેખાદેખી વિના અંદરથી એવા ભાવનો ત્યાગ કરવો. સમજાણું કાંઈ?

**ટીકા :– ''नित्यं अवगूहमानैः निजशक्त्या हिंसा त्यज्यताम्' - સંવરમાં ઉદ્યમી એવા જીવોએ...'** અર્થ જ એવો કર્યો છે, હોં! અવગુણ માનેલો. 'મખ્ખનલાલજી'એ એવો કર્યો છે, આ **'अवगूहमानैः'**નો શું અર્થ કર્યો છે? જોયું હતું. એણે સંવરમાં ઉદ્યમી શબ્દ વાપર્યો છે. **'સંવરમાં ઉદ્યમી એવા જીવોએ...'** સંવર એટલે? આ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ ન સેવવા એ સંવર એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! અહીં કરે છે ને? પાંચ સેવાના ... પચ્ચખાણ કરો. એ.. 'જયંતિભાઈ'! કર્યા છે કે નહિ કેટલી વાર? ઢોંગ. પાંચઆસ્રવ પણ આસ્રવ કોને કહેવા તને ભાન નથી, આ હાથ જોડ્યા ને એ આસ્રવ છૂટી ગયા? એ.. 'ભગવાનભાઈ'! આસ્રવ તો અંદરમાં જ્યાં દયા, દાન, વ્રત, ભક્તિના, તપના વિકલ્પ ઉઠ્યા છે કે આ તપ કરું એવો રાગ છે તે આસ્રવ છે. એને પોતાને લાભદાયક માન્યો એ મિથ્યાત્વઆસ્રવ છે, મહાઆસ્રવ છે. સમજાણું કાંઈ? એ મહાઆસ્રવ, અપરિમિતઆસ્રવ છે.

કહે છે કે, **'સંવરમાં ઉદ્યમી એવા જીવોએ હંમેશા પોતાની શક્તિ વડે...'** એટલે મિથ્યાત્વના ત્યાગ સહિત, રાગના અભાવનું પરિણમન કરવું એનું નામ સંવર અને હિંસાનો ત્યાગ છે. આત્માના શુદ્ધ સમકિતના દર્શન થઈ, આત્માનું ભાન થયું છે કે આ આત્મામાં દયા-દાનનો એક વિકલ્પ ઉઠે છે એ મારું સ્વરૂપ નથી, કર્તા હું નથી. દેહની ક્રિયાનો ત્યાગ–

www.vitragvani.com



ગ્રહણ મારામાં છે નહિ. એવું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્યનું જ્યાં અંતર ભાન સમ્યક્માં થયું, એણે રાગના અભાવ–સ્વભાવરૂપ પરિણમનનો સંવરનો ઉદ્યમ કરવો. સમજાણું કાંઈ? સંવર પણ લોકો કંઈક માને. ગયા? આજે ગયા લાગે છે. 'જામનગર'માં બહુ સંવર થાય. આઠમ ને પેલાના. બેસે બિચારા લઈને, ન્યાં સંવર થઈ ગયા, ધૂળ પણ સંવર નથી, મિથ્યાત્વ છે સાંભળને હજી.

મુમુક્ષુ :– જ્યાં નોંધાતા હોય ત્યાં વધુ થાય.

ઉત્તર :– નોંધાતા હોય ત્યાં વધુ થાય. નોંધાય ત્યાં શેર-શેર સાકર મળે. ન નોંધાય તો ઓછા થાય. એય..! આપણા શેઠિયા નોંધેને? એને આપે કાંઈક એમ કહે છે. ન નોંધે એને શું આપે? ન નોંધે, આંકડો ભરીને શું કરવું?

મુમુક્ષુ :– કોરેકોરો.

ઉત્તર :– કોરો. પેલો નોંધે કે આપણી કદર કરી. પૈસા આપ્યા. શું કહેવાય કાંઈ? આઠમ કરે એટલે તપેલી કે એવું કાંઈક આપેને? લ્હાણા કરે. એ બધી આશા મિથ્યાદૃષ્ટિ છે. શુભભાવના પણ ઠેકાણા નથી. એને સંવર કહેતા જ નથી. સંવર તો આત્મા અખંડ આનંદમયની અંતર દૃષ્ટિ થઈ છે, હવે અંતરમાં સ્વસન્મુખનો પ્રયત્ન કરતાં રાગ ઘટે, એટલો એને સંવર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? દુનિયાની વ્યાખ્યા જુદી, વીતરાગની વ્યાખ્યા જુદી.

**'પોતાની શક્તિ વડે હિંસાનો ત્યાગ કરવો. જેટલી હિંસા છૂટે તેટલી છોડવી.'** જેટલો સ્વભાવ સન્મુખ થઈને, રાગનો ઉત્પાદ ન થાય તેટલી હિંસા છોડવી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? જેમ બને તેમ... આત્માનું સ્વરૂપ તો અહિંસક જ છે. શુદ્ધચૈતન્ય જ્ઞાનમૂર્તિ વીતરાગસ્વરૂપ આત્મા છે. એવું સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં પહેલું ભાન અંતરમાં થાય, ત્યારે તે અંતરમાં આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં વળવા જે પ્રયત્ન કરે, એ અતીન્દ્રિય આનંદમાં જેટલો વળે તેટલી રાગની ઉત્પત્તિ ન થાય. એણે તેટલા પ્રમાણમાં હિંસા છોડી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'પ્રવિણભાઈ'! બીજી જાતની વ્યાખ્યા.

મુમુક્ષુ :– પ્રભુ! આ તો ભાનવાળાને જ હિંસક કહ્યો.

ઉત્તર :– બીજાને અજ્ઞાનીને હિંસક કહેવો? ક્યાંથી લાવ્યો? અજ્ઞાની અનંતવાર બહાર તપ કરીને મરી ગયો, અનંતવાર બાર–બાર મહિનાના ઉપવાસ કર્યા છે. સમજાય છે? પંચમહાવ્રતના વિકલ્પ અનંતવાર (કર્યા), જીવે જૈન દીક્ષા અનંતવાર લીધી છે, અનંતવાર. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો છે, નવમી ગ્રૈવેયક! એ સાધુ કેવો? દિગંબર. વસ્ત્રવાળો સાધુ તો વ્યવહારે પણ સાધુ નથી. સમજાણું કાંઈ? 'વલ્લભદાસભાઈ'! વસ્ત્ર સહિત સાધુ જે માને છે એ તો વ્યવહારે પણ સાધુ નથી, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આ તો વસ્ત્ર ત્યાગ કરી, દિગંબર મુનિ થયો, આમ મહા અઠયાવીસ મૂળગુણ પાળ્યા. જંગલમાં વાઘ, અને વરુની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વચ્ચે. સમજાણું કાંઈ? પણ અંતરમાં પેલો વિકલ્પ ઉઠે છે કે, મેં આ છોડ્યું, ત્યાગ કર્યું એ રાગને પણ પોતાનું સ્વરૂપ માને છે. રાગથી રહિત અંદર આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ, ભગવાને, કેવળીએ જે આત્મા જોયો, એ આત્મામાં દૃષ્ટિ કરતો નથી. દૃષ્ટિ કર્યા વિના મિથ્યાદૃષ્ટિના બધા ફોગટ ગયા. કહો, સમજાણું કાંઈ? બિલકુલ ઠીક છે? છે? જુઓ! એમાં છે, હોં! છે ને?

પોતાની શક્તિ (પ્રમાણે) હિંસાનો ત્યાગ કરવો. ભાષા જુઓ! એમાં પછી દ્રવ્ય હિંસા છોડી એમ પણ કહેવામાં આવે. બીજાના ભાવપ્રાણને ન માર્યા. જેટલો અહીંયાં સ્વભાવ સન્મુખ થઈ અને રાગની ઉત્પત્તિ ન થઈ અને આનંદની શાંતિની ઉત્પત્તિ થઈ, તેને ભગવાન હિંસાનો ત્યાગ કહે છે. એ ત્યાગમાં દ્રવ્યપ્રાણ પોતાના પહેલા રાગ હતો અને થતાં હણાતા એ નથી હણાતા, પરને હણાવામાં નિમિત્ત થતો નથી એટલે પરને હણતો નથી એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

નિજ શક્તિ પ્રમાણે. ઉલટું કરીને મરી જાય, દિગંબર સાધુ થઈને મરી જાત ત્યાં. શક્તિ નહોતી અને આને દિગંબર સાધુ થાવું હતું. શક્તિ જોઈએ, સમ્યગ્દર્શનનું ભાન પહેલું જોઈએ અને પછી શક્તિ પ્રમાણે રાગ ઘટાડવો જોઈએ. પેલામાં નથી આવતું? તીર્થંકર ગોત્રમાં નથી આવતું? સોળ બોલ આવે છે ને? શક્તિ, તપ, ત્યાગ આવે છે કે નહિ? હઠ નહિ, સમ્યગ્દૃષ્ટિને હઠ ન હોય. સમજાણું કાંઈ?

હા, એમાં આવે છે. શક્તિ તપ ત્યાગ. શક્તિ પોતાની જોવે કે, આટલી મારી શક્તિ છે, વધારે નથી. આ લોકો પરાણે લઈને બેસે છે, માટે હું પરાણે લઈને બેસું એ મારું કર્તવ્ય નથી.

હા, એ તો એવો વિકલ્પ છે. પણ અહીં તો નિજ શક્તિની સાથે વળી મેળવ્યું. '**निजशक्त्या**' છે ને અહીંયાં? પેલો વિકલ્પ છે ત્યાં, પણ વિકલ્પમાં એને ખ્યાલ છે કે, આટલું તપ ને આટલો ભાવ એવી શક્તિની યોગ્યતા છે. સમજાણું? ત્યાં પણ તે. અહીં નિજ શક્તિ પ્રમાણે પોતાના પુરુષાર્થની ગતિ જોવે કે આટલો જ પુરુષાર્થ હું સહજ કરી શકું છું. સ્વભાવ સન્મુખ મારો પુરુષાર્થ આટલો જ થાય છે. પરથી વિશેષ ખસતો નથી. તો જેટલો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ થાય, તેટલો રાગનો ત્યાગ અને તેને હિંસાનો ત્યાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ એને રાગનો ત્યાગ શું, સ્વભાવ શું, સ્વભાવ સન્મુખ શું? કોઈ દિ' નિર્ણય કર્યો નથી અને સાંભળ્યું નથી, એને ક્યાંથી હિંસાનો ત્યાગ થતો હતો?

મુમુક્ષુ :– કોઈ દિ' સાંભળ્યું નથી.

ઉત્તર :– ત્યાં તો તમે અપાસરાના મોઢા આગળ બેસતા હતા. આહાહા..! બાપુ! વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે, જે વિજ્ઞાન વીતરાગતા પ્રગટ કરી છે અને એ વિજ્ઞાન વીતરાગતાનો જ એમણે ઉપદેશ આપ્યો છે. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. આત્માના સ્વભાવ સન્મુખ, શુદ્ધ સ્વભાવની સન્મુખ તો દૃષ્ટિ થઈ

છે. હવે એ સંવરમાં ઉદ્યમી પુરુષે, સ્વભાવ સન્મુખની યથા શક્તિએ સન્મુખતા કરી અને રાગના ત્યાગરૂપી એણે પુરુષાર્થ કરવો. એ રાગનો ત્યાગ પણ વ્યવહાર વચન છે. સ્વભાવ સન્મુખ જેટલે અંશે થાય છે તેટલે અંશે રાગની ઉત્પત્તિ થતી નથી ત્યાં એટલે અંશે ત્યાગ થઈ જાય છે, એને રાગ છોડે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વીતરાગના વચનો ઘણા ગૂઢ અને ગંભીર છે, ભાઈ! સમજાણું કાંઈ?

હિંસા પરની અને સ્વની છૂટે તેટલી છોડવી, બન્ને ભેગી છે ને? સ્વ ને પરની બન્ને ભેગી છે, હોં! ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણ. બીજાના ભાવપ્રાણ અને દ્રવ્યપ્રાણ. તેને છોડે તેટલી છોડવી. એનો અર્થ કે, પોતામાં જેટલો સ્વભાવ સન્મુખ થઈને શાંતિના શેરડામાં જેટલો પડ્યો, એટલે અંશે શક્તિ પ્રમાણે રાગ છૂટ્યો. એટલે અંશે દ્રવ્યપ્રાણ ન હણ્યા એમ કહેવામાં આવે છે. એટલે અંશે બીજાના પ્રાણને હણતો નથી, બીજાના દ્રવ્યને હણતો નથી એમ વ્યવહારે કહેવામાં આવે છે. તેટલે અંશે હિંસાથી છૂટ્યો છે એમ ચારે પ્રકારની હિંસાથી છૂટ્યો એમ કહેવામાં આવે છે. પોતાની ભાવહિંસા, દ્રવ્યહિંસા, પરની ભાવહિંસા અને દ્રવ્યહિંસા એ ચારની સ્વભાવ સન્મુખ. ભગવાનઆત્મા આનંદકંદ પ્રભુ! એનું ભાન થયા પછી એના સન્મુખમાં દૃષ્ટિ થઈ અને જેટલે અંશે સ્થિરતા થઈ, તેટલે અંશે એને રાગનો ત્યાગ અને હિંસાનો ત્યાગ થયો એમ કહેવામાં આવે. આહાહા!

**'કેવી રીતે? 'तत्त्वेन हिंस्यहिंसकहिंसाहिंसाफलानि अवबुध्य' યથાર્થ રીતે...'** જેવું ભગવાને **'હિંસ્ય, હિંસક, હિંસા અને હિંસાનું ફળ...'** પરમેશ્વર કેવળજ્ઞાનીએ જેવું કહ્યું તેવું, **'આ ચાર ભાવોને જાણીને...'** એ ચાર ભાવ છે. હિંસ્ય–હિંસા કરવા લાયક, હિંસક, હિંસા અને હિંસાનું ફળ. **'હિંસા છોડવી. એને જાણ્યા વિના ત્યાગ થતો નથી.'** આવા સ્વરૂપને અંતર જાણ્યા વિના રાગનો ત્યાગ અને સાચો ત્યાગ થતો નથી. અને **'જો કર્યો હોય તોપણ કાર્યકારી નથી.'** જેને અંતરના સ્વરૂપના શુદ્ધ ચૈતન્યના ભાન નથી અને કંઈ બહારનો ત્યાગ કર્યો અને રાગની મંદતારૂપી પણ ત્યાગ કર્યો, એ પણ આવા જ્ઞાનના ભાન વિના, એ કાંઈ કાર્યકારી છે નહિ. જો કર્યો હોય તો પણ કાર્યકારી નથી. રાગનો મંદ ત્યાગ, રાગ તીવ્ર છોડ્યો, કાંઈક પરનું છોડ્યું એ કાંઈ કાર્યકારી નથી. કાર્યકારી નથી એનો અર્થ નુકસાનકારી છે. આહાહા! સમજાણું કાંઈ?

હવે ચારની વ્યાખ્યા કરે છે. આવ્યું ને? **'એને જાણ્યા વિના ત્યાગ થતો નથી.'** હિંસા ક્યાં થાય છે? હિંસા કોની થાય છે? હિંસા શેમાં થાય છે? હિંસાનું ફળ શું છે? હિંસાના ભાવ કોને કહેવા? એનું જેને જ્ઞાન નથી, એને હિંસાનો ત્યાગ થઈ શકતો નથી. અને કદાચ બહારથી કર્યો હોય એમ લાગે કે આણે થોડો તીવ્ર રાગ ઘટાડ્યો છે અને બહારની હિંસા નથી કરતો, તો એ કાંઈ ત્યાગ છે નહિ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ભાન વિના એ ત્યાગને ત્યાગ ભગવાન કહેતા નથી. સમજાણું કાંઈ? હવે હિંસ્યની વ્યાખ્યા. પહેલા બોલની

www.vitragvani.com



વ્યાખ્યા.

**'૧. હિંસ્ય - જેની હિંસા થાય તેને હિંસ્ય કહે છે.'** હણવા લાયક તેને હિંસ્ય કહીએ. ભાઈ! એકલી હિંસા હતી વળી હિંસ્ય ક્યાંથી આવ્યું આ? એય..! હિંસા–હિંસા હતી. હિંસા ન કરવી, હિંસા થાય તો પાપ લાગે. આ તો વળી હિંસ્ય કાઢ્યું. કહો, સમજાણું આમાં? **'જેની હિંસા થાય તેને હિંસ્ય કહે છે. પોતાના ભાવપ્રાણ...'** લ્યો! પોતાના જ્ઞાન, દર્શન અને આનંદના પ્રાણ, **'અથવા દ્રવ્યપ્રાણ...'** આ શરીરના પ્રાણ. એને હિંસ્ય કહીએ. સમજાય છે? હણાવા લાયક. ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યની મૂર્તિ (છે). એના ભાવપ્રાણ તો જ્ઞાતા, દૃષ્ટા, શાંતિ ને આનંદ, એવા એના ભાવપ્રાણરૂપી પર્યાય (છે). એને હણાવાનો એક ભાવ તેને હિંસ્ય કહીએ. એ હણાવા લાયક છે. પોતાના ઉલટા ભાવથી તે ભાવ હણાવા લાયક છે. લ્યો! વળી હણાવા લાયક એ શું? ત્યાં એ પ્રગટ પર્યાય છે. દ્રવ્ય ત્રિકાળ છે એ તો હણાવા લાયક છે જ નહિ. હવે? ભાવપ્રાણ હણાવા લાયક છે. ભાવપ્રાણ ઉત્પન્ન થયા નથી અને હણાવા લાયક છે? એનો અર્થ એ કે, ભાવપ્રાણ જ્ઞાતા, દૃષ્ટા, આનંદ અને શાંતિ. શાંતિ એટલે ચારિત્ર. આનંદ એટલે સુખ, એની ઉત્પત્તિ ન થાય અને એના સ્થાનમાં રાગ-દ્વેષ અને મિથ્યા અભિપ્રાયની ઉત્પત્તિ થાય, તે પેલા ભાવપ્રાણને હણે છે, એને હણાવા લાયક ભાવપ્રાણને કહેવામાં આવ્યું છે. ભારે વ્યાખ્યા ઝીણી. કહો, સમજાય છે કાંઈ?

પોતાના ભાવપ્રાણ. પહેલી શક્તિ વર્ણવી છે ને? જીવત્વશક્તિ. જ્ઞાન, દર્શન, આનંદ એવા ભાવપ્રાણ, એનું જે જીવન, ભાવપ્રાણનું જીવન, એવી જે જીવતરશક્તિ એ આત્મામાં પડી છે, એનો આદર કરતા, વર્તમાન દશામાં જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણ પ્રગટ થાય, તે દ્રવ્યમાં પણ જીવત્વશક્તિ છે, ગુણમાં પણ છે અને પર્યાયમાં પણ જીવત્વ શક્તિ પ્રગટ થઈ તેને જીવત્વશક્તિના ભાવપ્રાણ કહેવામાં આવે છે. પહેલી જ વર્ણવી છે ભગવાન 'કુંદકુંદાચાર્યે' ૪૭ શક્તિઓ. આત્માના ગુણ. એમાં પહેલો ગુણ જીવત્વશક્તિ.

ચૈતન્યનો ત્રિકાળ આનંદ જ્ઞાન પ્રાણ એની વર્તમાન દશામાં, જ્ઞાતા, દૃષ્ટા, આનંદ અને શાંતિની દશા થવી, એ ભાવપ્રાણ છે. એને મિથ્યાઅભિપ્રાય દ્વારા, એને ઉત્પન્ન થવા ન દેવા, એનું નામ એના ભાવપ્રાણને હિંસાવા યોગ્ય એને હિંસ્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? હજી એક બોલ ચાલે છે, એક બોલની વ્યાખ્યા છે. હજી તો ચાલે છે, ક્યાં પૂરો થયો નથી. હજી એક બોલ ચાલે છે. અમારે એ દલાલ છે. નોંધાય એનું વધારે ચાલે. આજ પોષા નોંધાવાના છે તો વધારે બેસે, અમથા પોષા હોય તો કાંઈ નહિ. વહેલા ઉઠી પણ જાય. પેલા તો જ્યારે નોંધાવાનું હોય ત્યાં સુધી બેસે. 'ન્યાલભાઈ'! આ બધું 'ન્યાલભાઈ'એ કર્યું હશે ને? ત્યાં એના શેઠિયા હતા ને. આહાહા!

આ ચાર ભાવોને જાણી એમાં જેની હિંસા થાય, જેની થાય એટલે કોની થાય? આત્માના આનંદ અને જ્ઞાન દર્શન ભાવપ્રાણ જે ત્રિકાળી છે, એની હિંસા નહિ પણ એની પર્યાયની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઉત્પત્તિ ન થાય એનું નામ હિંસા. પેલા તો ત્રિકાળ છે એની કાંઈ હિંસા થતી નથી. શું કીધું? એ ધ્રુવપ્રાણ છે, એ હિંસ્ય નથી. એ કાંઈ હિંસાને લાયક નથી, એ તો ધ્રુવ છે. આત્મામાં–જીવમાં જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એવા શુદ્ધ ભાવપ્રાણ છે. ત્રિકાળ! એ ત્રિકાળ ભાવપ્રાણ ધ્રુવ છે. એ કાંઈ હિંસ્ય નથી, એ હણાવા લાયક નથી. એ હણાતા નથી અને એ ઉત્પન્ન થતાં નથી. એ તો એમ ને એમ અનાદિ એકરૂપ પડ્યા છે. સમજાણું કાંઈ? એવા ભગવાનઆત્માના અંદર જાણવું, દેખવું, આનંદ ને શાંતિ એનું સત્‌પણું, હોવાપણું એવા કાયમી પ્રાણ, એના ઉપર દૃષ્ટિ ન આપતા, રાગ અને પુણ્ય ને વિકલ્પ અને બહારની ક્રિયામાં દૃષ્ટિ આપીને આ હું કરું છું, એવો જે મિથ્યાત્વભાવ, એ પેલા ભાવપ્રાણની અંદર શુદ્ધપર્યાય ઉત્પન્ન થવી જોઈએ એને કરતું નથી તેથી શુદ્ધપર્યાયનો હિંસ્ય, એ શુદ્ધપર્યાય હિંસ્ય કહેવામાં આવે છે. હણાવા લાયક કહેવામાં આવે છે. ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ?

ત્યારે દ્રવ્યપ્રાણમાં કાંઈ શરીરમાં નુકસાન ક્રોધાદિ થયો, ભાવપ્રાણ હણાણા અને કાંઈક કાપ્યું આંગળી કે ફલાણું. તે દ્રવ્યપ્રાણમાં નિમિત્ત થયું એને પણ હિંસ્ય કહેવાય. એટલો સામાને દુઃખ દેવામાં નિમિત્ત થયો, તો એટલું પણ સામાના ભાવપ્રાણ એને હિંસ્ય કહેવાય છે, અને સામાના દ્રવ્યપ્રાણને પણ હિંસ્ય કહેવાય છે. હણાવા લાયક ચાર પ્રકારની દશા. અહીં દશા છે ને? ધ્રુવ અને દ્રવ્યની વાત નથી. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા. બહુ સીધો, સરળ માર્ગ બતાવ્યો.

હિંસ્ય એટલે હણાવા લાયક. હણાવા લાયક શું દ્રવ્ય, ગુણ હણાય? પર્યાય (હણાય). પર્યાય પોતાની, જડની, શરીરની, નિમિત્ત તરીકે, વ્યવહાર તરીકે પરના પ્રાણીને પણ એને દુઃખ થાય તો એના પ્રાણ હણ્યા એમ નિમિત્તથી, વ્યવહારથી કહેવામાં આવે. અને એના પ્રાણને પણ શરીરને કાપે, છેદે, મારે, એના દ્રવ્યપ્રાણ હણ્યા એમ નિમિત્તથી કહેવામાં આવે. સમજાણું કાંઈ? કેટલા ભંગ આમાં?

મુમુક્ષુ :– આવી અહિંસા સાંભળી નથી.

ઉત્તર :– સાંભળી નથી? અરે..! ભગવાનનો માર્ગ, ભાઈ! અત્યારે ક્યાંક લોકો ચાલે છે ને માન્યો છે ક્યાંક. એકકોર પરમાત્માનો માર્ગ, કેવળીનો પડ્યો રહ્યો. જેમાં એકલા પાપ પોષાય છે તેને ધર્મ માન્યો છે. આહાહા!

જુઓ! ભાવપ્રાણ અથવા દ્રવ્યપ્રાણ એટલે આ શરીરની પાંચ ઇન્દ્રિયો, શ્વાસોશ્વાસ (આદિ). હિંસા થવાના આ પ્રકાર છે. પર્યાયમાં ભેદ થાય ને? પર્યાયમાં હિંસા થાય ને? એ ચાર પ્રકારની પર્યાય એને હિંસ્ય કહેવામાં આવે છે. હણાવા લાયક કહેવામાં આવે છે. એક પોતાના જ્ઞાન ને આનંદના પ્રાણની પર્યાય પ્રગટ ન કરે, અને રાગ ને પુણ્ય ને દયા, દાનની ક્રિયા હું કરું છું એવો મિથ્યાત્વભાવ, તે આત્માના ભાવપ્રાણને હણે છે. સમજાણું કાંઈ? અને તીવ્ર મિથ્યાત્વ આદિ ને રાગાદિ થતાં કોઈ માથુ ફોડે, કાન તોડે, નાક તોડે, આંખ ફોડે એ દ્રવ્યપ્રાણ હણાવાને લાયક છે એમ કહેવામાં આવે છે. પરપ્રાણીને દુઃખ થયું એને

હિંસ્ય કહેવામાં આવે છે. એના શરીરને કોઈ કાપે, નિમિત્ત તરીકે છે, હોં! એ ક્રિયા થઈ શકે એ પ્રશ્ન અત્યારે અહીં લેવો નથી. આહાહા!

એકકોર ભગવાનના વાક્ય એમ આવે કે, પરના પ્રાણને હણી શકતો નથી, ભાવપ્રાણ અને દ્રવ્યપ્રાણને પરના કોઈ હણી શકતો નથી, બચાવી શકતો નથી. આ એક નય. અહીં કહે છે કે, પર પ્રાણના દ્રવ્ય અને ભાવને હિંસવા યોગ્ય છે તેને હણી શકે છો. એ વ્યવહારનયનું કથન છે. સમજાણું કાંઈ? જ્ઞાન કરાવવા. જ્યારે પોતાના આનંદના પ્રાણને મુકીને રાગ ઉત્પન્ન કર્યો, ત્યારે પોતાને પણ હિંસા થઈને શરીરમાં પણ જરીક કાંઈક અવયવ આદિ તોડ્યો, તો એને દ્રવ્ય હિંસા કહેવામાં આવે. શ્વાસને રોક્યો લ્યો ને. મરી જવાનો છે. પછી દ્રવ્યપ્રાણ લેશે. એ તો એને કારણે અટકવાના હતા, હોં! આત્મા શ્વાસ રોકી શકે, કરી શકે (એમ) ત્રણકાળમાં નહિ. પર પ્રાણીને પણ એના ભાવપ્રાણને આત્મા હણી શકે, ત્રણકાળમાં નહિ. પણ તે વખતે એને પ્રાણમાં એને દુઃખ થયું એનું આ નિમિત્ત થયું એટલે પર પ્રાણને હણે છે એમ કહેવામાં આવે છે. એમ દ્રવ્યની વાત છે. એક બોલ લીધો, બીજો બોલ લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૦ ગાથા-૬૦ થી ૬૧ સોમવાર, જ્યેષ્ઠ સુદ ૧૨, તા. ૧૯-૦૬-૧૯૬૭

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૬૦મી ગાથા. હિંસ્ય, હિંસ્ય ચાર બોલનું '**अवबुध्य**' જ્ઞાન કરી '**तत्त्वेन**' એમ છે ને? '**तत्त्वेन**' હિંસા કરવા લાયક, હિંસક, હિંસા, હિંસાનું ફળ. એને '**तत्त्वेन**' યથાર્થ ભાવથી જાણીને '**निजशक्त्या**' છોડવું. સ્વભાવ સન્મુખ સંવરપૂર્વક. સ્વભાવ સન્મુખ સંવરપૂર્વક નિજ શક્તિથી હિંસાને છોડવી. એમાં હવે હિંસ્યની વ્યાખ્યા.

'**૧. હિંસ્ય - જેની હિંસા થાય તેને હિંસ્ય કહે છે.**' પર્યાય-પર્યાય. '**જેની હિંસા થાય તેને હિંસ્ય કહે છે. પોતાના ભાવપ્રાણ...**' જ્ઞાન, દર્શન, આનંદની અવસ્થાની ઉત્પત્તિ થવી નહિ, એના સ્થાનમાં રાગાદિનું ઉત્પન્ન થવું, એ ભાવપ્રાણની હિંસા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હિંસ્ય-હિંસવા લાયક ભાવપ્રાણ. ધ્રુવ નહિ. પોતાનો શુદ્ધસ્વભાવ, એની પર્યાયમાં શુદ્ધતાની ઉત્પત્તિ થવી એ અહિંસા છે. જુઓ! આ વીતરાગ મહાવીરની અહિંસા! અને દયા, દાન આદિના વિકલ્પ ઉઠવા એ પણ ભાવ શુદ્ધપર્યાયને ઉત્પન્નને અટકાવે છે તેથી તેને પણ હિંસા અને પર્યાયને હિંસ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાવપ્રાણ. ભાવપ્રાણમાં તો ત્યાં સુધી કહ્યું, શુભ વિકલ્પ ઉઠે ત્યાં પણ ભાવપ્રાણની હિંસા થાય છે. ઓહો..હો...! વીતરાગનો માર્ગ! 'છોટાભાઈ' નથી આવ્યા?

અહીં તો હમણાં યાદ આવી હતી, ૧૪૨ ગાથા છે ને? 'तत् किम्' આવે છે ક્યાંય?

સંસ્કૃત તમને આવડે છે. નહિ? સંસ્કૃત આવડતું નથી? મેં ના પાડી એટલે તમે પણ ના (પાડી). 'હિંમતભાઈ'ને આવડે છે. તમે તો સંસ્કૃત બોલો છો ને. કેટલું આવડે છે? કર્તા-કર્મની ૧૪૨ ગાથામાં આવે છે ને? 'तत् किम्' તેથી શું? જુઓ! ક્યાં લઈ ગયા વાત! આત્મામાં હું શુદ્ધ છું, અબદ્ધ છું, વસ્તુ છે એવી પણ એવો જે વિકલ્પ ઉઠે છે એ હિંસા છે અને નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થતી નથી તે હિંસ્ય છે, હણાવા લાયક છે. અહો...! વીતરાગની અહિંસા! 'દેવજીભાઈ'! ભાવપ્રાણની હિંસા કીધી છે ને?

ભાવપ્રાણનો અર્થ આત્મા શુદ્ધધ્રુવ ચૈતન્યમૂર્તિ, એને અવલંબીને દૃષ્ટિ ને સ્થિરતા કરે, એટલી તેને અહિંસા પરમો ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેટલો એ દૃષ્ટિનો આશ્રય ન કરે અને આશ્રય કરેલો હોવા છતાં વિશેષ આશ્રય ન કરે, અને જેટલી વિકલ્પ દશા ઉત્પન્ન થાય, એ બધી હિંસા છે. અને એ વખતે શુદ્ધભાવપ્રાણની પર્યાય ઉત્પન્ન થતી નથી તેટલી હિંસ્ય છે, હણાવા લાયક છે. સમજાણું કાંઈ? ભાવપ્રાણ છે કે નહિ આમાં શું છે? એય..! 'દેવાનુપ્રિયા'! એને તો સવારમાં નિશાળ ચાલી. અહીં એને નોકરીથી બાદ કરતા નથી, શું હશે? અહીં ભાવપ્રાણની હિંસા થાય છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

હિંસ્યમાં ચાર બોલ લેશે. હિંસ્યમાં ચાર બોલ છે. એક ભાવપ્રાણની હિંસા, દ્રવ્યપ્રાણની શરીર ઇન્દ્રિયો, શ્વાસ, આયુષ્ય, મન, વચન અને કાયા આદિ. પાંચ ઇન્દ્રિય, શ્વાસ, આયુષ્ય, મન, વચન અને કાયા (એમ) દસ. એ દસ દ્રવ્યપ્રાણ છે. એને કાંઈ વિઘન થાય એમાં નિમિત્ત થાય માટે એને દ્રવ્યપ્રાણ હણ્યા એમ કહેવામાં આવે છે. અને પોતાના ભાવપ્રાણમાં શુદ્ધ સમરસ ચૈતન્ય સ્વરૂપ, એમાં જેટલો એ વિકલ્પ ઉઠાવે છે, એ વિકલ્પ ઉઠાવે તે હિંસા અને તે કાળે નિર્વિકલ્પ અવસ્થા ઉત્પન્ન ન થઈ તે હિંસ્ય–હણાવા યોગ્ય છે. હિંસ્ય તે. સમજાણું કાંઈ? આવી વીરની અહિંસા છે. લોકો બહારમાં બીજા સાથે મેળવે છે ને?

ભાઈ! મહાવીરની અહિંસા એટલે સત્ય અહિંસા. એ સાચી અહિંસાનું સ્વરૂપ જ જગતને મળ્યું નથી. બીજાની સાથે મેળવીને આ અહિંસા. એ તો એકલી વ્યવહારની નિશ્ચય વિનાની વાત, એને વ્યવહાર પણ લાગુ પડતો નથી એમ કહે છે. જેને આત્મામાં અહિંસા–રાગ વિનાની દશા, વીતરાગી દૃષ્ટિ ને વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય તેને અહિંસા કહે છે અને એ વખતે જરી શુભરાગાદિ હોય, એને વ્યવહારે દયા કહેવામાં આવે છે. નિશ્ચયથી તો એ હિંસા છે. આહાહા! ઓહો..હો..! એ નયચક્ર છે. માથુ તોડી નાખે. '**तत्त्वेन**' એના તત્ત્વથી વિરુદ્ધ ભાવ માન્ય હોય તો એ વીતરાગનું તત્ત્વ એવું છે નયચક્ર. '**मूर्धानं**' માથુ હશે ને? પૂછ્યું હતું ને કાલ કે, માથા તોડે છે ને? ભાવ એટલે એનો મુખ્ય જે શ્રદ્ધાનો વિપરીત ભાવ–એકાંતિક ભાવ તે એનું માથુ. આહાહા!

જુઓ! પાછા ભાવપ્રાણ એ પર્યાયની ઉત્પત્તિ ન થાય એનું નામ ભાવપ્રાણ ગણવામાં આવે છે. ભાવપ્રાણ ત્રિકાળી નહિ. ત્રિકાળી ભાવપ્રાણની હિંસા થતી નથી. એ તો જેમ છે

www.vitragvani.com



એમ એકરૂપ સદશ ત્રિકાળ પડ્યું છે. સમજાય છે કાંઈ? પણ જેટલા પ્રમાણમાં શુભ અને અશુભ વિકલ્પ ઉઠાવે છે એટલા પ્રમાણમાં નિર્વિકલ્પ પર્યાયની હિંસા થઈ. એ નિર્વિકલ્પ પ્રગટ પર્યાય પ્રાણને ન ઉત્પન્ન થયા એની હિંસા થઈ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાવપ્રાણ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ. ચારિત્ર એટલે શાંતિ. વગેરેની પર્યાય મિથ્યાત્વ અને રાગની ઉત્પત્તિને કારણે આ પર્યાય ઉત્પન્ન ન થાય એનું નામ ભાવપ્રાણની હિંસા, તે હિંસ્ય કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? 'પ્રવિણભાઈ'! આવી હિંસા તો સાંભળી નહિ હોય કોઈ દિ' તમે.

ભાવપ્રાણ. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ પરિપૂર્ણ સમરસ પ્રભુ! એની પર્યાયમાં એની જાતની પર્યાય પ્રગટ થવી જોઈએ. શુદ્ધ સ્વભાવને અવલંબે, ધ્રુવનું અવલંબન લેનાર પર્યાય નિર્મળ પ્રગટ થવી જોઈએ. સમજાણું કાંઈ? એ પર્યાય પ્રગટ ન થતાં, રાગ-દ્વેષ અને મિથ્યા અભિપ્રાય પ્રગટ થાય, તેને ભાવ હિંસ્ય કહેવામાં આવે છે. એ પ્રાણો હિણવા લાયક થઈ ગયા એના. પર્યાયની નિર્મળતા ઉત્પન્ન થવી જોઈએ એને એણે હણી નાખ્યા. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાતું, ભાઈ!

વીતરાગ કહે છે કે, મને તું માન એવો તારો વિકલ્પ (હિંસા છે). ગજબ કરે છે ને વીતરાગ પણ! મારી સન્મુખનો તને શ્રદ્ધાનો ભાવ (થાય) એ રાગ છે. ખરેખર તો એ પણ ભાવ હિંસા છે. આહાહા! વીતરાગ સ્વરૂપમાં એ હોય, બીજે ક્યાંય આ વાત હોઈ શકે નહિ. તારો ભગવાન પૂર્ણ સ્વરૂપ આખો ચૈતન્ય ધ્રુવ પડ્યો છે. એને અવલંબનમાં, એને લક્ષમાં, દૃષ્ટિમાં લઈ અને જે પર્યાય પ્રગટ થાય તેને અમે મોક્ષનો માર્ગ કહીએ અને તેને અમે અહિંસા કહી, એ અહિંસા પરમો ધર્મ છે. 'શશીભાઈ'! આહાહા! સમજાણું કાંઈ?

અથવા દ્રવ્યપ્રાણ. ભાવપ્રાણ પોતાના અથવા દ્રવ્યપ્રાણ આ પાંચ ઇન્દ્રિયો, મન, વચન ને કાયા, શ્વાસ અને આયુષ્ય. શ્વાસ રૂંધે, અટકી જાય, મન હિણા થાય, વાણી, દેહ, પાંચ ઇન્દ્રિયો એનું તો એને કારણે થાય પણ આ નિમિત્તપણે કરીને એને હણે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એક કોર કહે દ્રવ્યઇન્દ્રિયને કાંઈ કરી શકે નહિ, એ તો જડની પર્યાય છે. અહીં કહે છે કે, દસ પ્રાણને હણે, લ્યો! દ્રવ્યપ્રાણ કહો કે દસપ્રાણ કહો, એને હણે એમ કહ્યું. એ હિણાવાને લાયક છે. લ્યો! એ પર્યાયમાં એ ટાણે એક અવસ્થા થાય, અહીં આણે રાગ કરીને હિંસા ભાવપ્રાણની કરી હતી, એથી પેલા નિમિત્તને હણે છે એવો એને ઉપચાર કરવામાં આવે છે. સમજાણું કાંઈ?

અથવા પર જીવના ભાવપ્રાણને ગ્રહતા. પોતાના બે લીધા, હવે પરના. પરના દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આનંદ પ્રાણની પર્યાય ઉત્પન્ન થવી જોઈએ એને, એમાં તે ભાવ દુઃખરૂપ એને નિમિત્ત થયો, એથી તેના પ્રાણને નિમિત્ત થયો એટલો, તે પ્રાણને... ખરેખર તો એ પ્રાણને એ હણે છે, ભાઈ! આહાહા! એ તો જે સામો પોતાને દુઃખ થાય છે, એ દુઃખથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સુખના ભાવપ્રાણની ઉત્પત્તિ નથી થતી તે તે હણે છે. સમજાણું કાંઈ? સામા પ્રાણીને જે દુઃખ થાય છે, એ દુઃખ છે એ આત્માના આનંદના પ્રાણને ઉત્પન્ન થવા દેતું નથી. એટલે ખરેખર તો એણે પોતાના ભાવપ્રાણની હિંસા કરી છે. પણ એના દુઃખભાવમાં આનો ભાવ કઠોર આદિ હતું, નિમિત્ત હતું એથી એના ભાવપ્રાણ આણે વ્યવહારે હણ્યા, નિમિત્તથી એમ કહેવામાં આવે છે. ઓહો..! ભારે વાત! જૈનદર્શનનું નયનું નિશ્ચય અને વ્યવહારનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના, એમ ને એમ આમાં અર્થ કરવા માંડે (તો) ગોટો વળે.

મુમુક્ષુ :– આગળ આવી ગયું છે.

ઉત્તર :– આવી ગયું છે ને. (ગાથા–૫૯). ગોટો વળે. **'अत्यंतनिशितधारं दुरासदं जिनवरस्य नयचक्रम्'** ઓહો..હો..! **'दुर्विदग्धानां'** તો માથા તૂટી જાય એવું છે.

કહે છે કે, જ્યારે આત્માએ પોતાના શુદ્ધ શાંતિ અને આનંદના પ્રાણની ઉત્પત્તિ ન કરતાં, રાગ અને હાસ્ય ને વિકાર આદિના પરિણામ ઉત્પન્ન કર્યા, તેથી તે ભાવપ્રાણ નિર્મળ ઉત્પન્ન ન થયા તે હિંસા કરી, એથી કાંઈ શરીર અને ઇન્દ્રિયોમાં કાંઈ થવાને કાળે એમાં થયું એમાં નિમિત્ત થયું, માટે દ્રવ્યપ્રાણને હણ્યા એમ કહ્યું. સામાના ભાવપ્રાણ એણે દુઃખ ઉત્પન્ન કર્યો ભાવ, એનાથી એને હણાણા એમાં નિમિત્ત થયું એટલે એના ભાવપ્રાણને હણ્યા એમ કહેવાણું. અને એ કાળે એની ઇન્દ્રિયોમાં પાંચ ઇન્દ્રિય, શ્વાસ, આયુષ્ય, મન, વચન અને કાયા, દસમાં કાંઈ આઘાત થયો. થયો સ્વતંત્ર દ્રવ્યની પર્યાયમાં, પણ આનું નિમિત્ત થયું અને તેના અંદર રાગ, હિંસાના ભાવપ્રાણ હતા એને લઈને એને ક્રોધાદિ થયો અને ઇન્દ્રિય આદિ તૂટી, તો એમાં ખરું નિમિત્ત તો એનું છે, પણ આનું નિમિત્ત ગણીને એના દ્રવ્યપ્રાણ હણ્યા એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

પણ હળવે–હળવે તો કહેવાય છે આ. આમાં સમજાય કે નહિ? એય.. 'શૈલેષ'! ત્યાં તમારે પેલા બધા ઘડીયા ભણવામાં તો બધું આકરું છે, આ તો બહુ સહેલું છે. કેટલું યાદ રાખવું પડે છે ત્યાં તો. માથાફોડ. કેમ 'રવિભાઈ'! આ હોશિયાર માણસ, ન્યાં માથા ફોડે અંદર, આ કરવું, આ કરવું. પૈસા માટે, રળવા માટે કાંઈ કરવું જોઈએ કે નહિ? 'હિંમતભાઈ' નથી? આ બેઠા. આ તમારા ચિરંજીવીને કહ્યું. કહો, 'મોહનભાઈ'! આહાહા!

ભગવાનનો માર્ગ વીતરાગ પર્યાયને ઉત્પન્ન કરવી, જે આખા શાસ્ત્રનું.. કહ્યું ને? શાસ્ત્રનું તાત્પર્ય. આહાહા! જ્યાં જુઓ ત્યાં એક જ માર્ગ એનો ઉત્પન્ન થાય છે. વીતરાગ સારા શાસ્ત્રનો સાર વીતરાગપણું પ્રગટ કરવું. પરની ઉપેક્ષા કરી અને સ્વની અપેક્ષા, દ્રવ્યની અપેક્ષા કરી પર્યાયની નિર્મળતા ઉત્પન્ન કરવી. એ જ અહીં કીધું. સારા શાસ્ત્રનો, અહિંસા ધર્મ એ સાર છે. લ્યો! સમજાણું કાંઈ? એ અહિંસાના પ્રકાર. હિંસ્યના ચાર, એ પ્રકારના હિંસાના ચાર થઈ ગયા એને. સમજાણું કાંઈ?

કહે છે કે, પોતાના ભાવ દ્રવ્ય પ્રાણને અને બીજાના ભાવ દ્રવ્ય પ્રાણને એને હિંસ્યના

www.vitragvani.com



ભેદ કહેવામાં આવે છે. અથવા સમ્મુચય બીજી વાત બહારની. **'એકેન્દ્રિયાદિ જીવસમાસના ભેદ...'** એ બધા હણાવા લાયકમાં નિમિત્ત છે ને? રાગ છે એમાં નિમિત્ત છે એ હણાવા લાયક છે એને આ રાગ નિમિત્ત છે. એથી એકેન્દ્રિય આદિ ભેદ પણ હિંસ્યમાં ગણવામાં આવે છે. હણાવા લાયક એ જીવ છે સમુચ્ચય એકેન્દ્રિય આદિ. પેલા સમ્મુચય બહારના ગણ્યા હતા. બધા એકેન્દ્રિય આદિ. જીવસમાસ એકેન્દ્રિયના ચૌદ ભેદ છે ને? પેલા બધા જીવના. એ બધા જાણવા.

**'અથવા જ્યાં જ્યાં જીવ ઊપજવાના સ્થાન છે...'** એ હિંસ્ય જે હણાવાને લાયક. **'તે જાણવા જોઈએ.'** તેને પણ જાણવા જોઈએ. ક્યાં ક્યાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય છે એ જાણવું જોઈએ. સમજાય છે? **'તેનું યથાસ્થાને વર્ણન હોય જ છે.'** કહે છે કે, અહીં અમે કરતા નથી પણ તેનું યથાસ્થાને, જ્યાં યથાસ્થાને વર્ણન હોય છે, એ ઠેકાણે એકેન્દ્રિયની, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય આદિ જીવોની જાતને જણાવી છે. આહાહા! કહો, આ એકેન્દ્રિય આદિ જીવ નથી પાછા એમ કહેશે. નિશ્ચયથી એ જીવ નથી, નિશ્ચયથી તો એના જ્ઞાન આદિ પ્રાણ છે એ જીવ છે. સમજાણું કાંઈ? એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય એ તો પુદ્ગલની પર્યાયનું નામ છે. અંદરમાં જ્ઞાન સ્વરૂપ જે આત્મા છે, એ આત્મા છે. પણ એના નિમિત્તપણે જે આવા પ્રાણ છે ને એને, એથી એકેન્દ્રિય આદિ જીવસમાસને દ્રવ્યપ્રાણને હિંસ્ય ગણીને એને ન હણવા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હિંસક, એ હિંસ્યનો અર્થ થયો. એટલો તો હિંસ્યનો અર્થ થયો. હિંસા કરવા લાયક પર્યાય કોને કહેવી? એક ભાવપર્યાય, એક અહીંયાં આ દ્રવ્યપર્યાય, સામાની ભાવપર્યાય અને દ્રવ્ય પર્યાય. સમજાણું કાંઈ?

**'૨. હિંસક - હિંસા કરનાર જીવને હિંસક કહીએ.'** કહો, રાગ વડે જીવના સ્વભાવને હણે તે જીવ હિંસક છે. સમજાણું? એની વ્યાખ્યા કરી. **'ત્યાં પ્રમાદભાવરૂપે પરિણમેલા...'** જીવ એ હિંસા. જોયું? હિંસા પરિણમેલો જીવ તે હિંસક. પ્રમાદભાવ તે હિંસા છે. પરિણમેલો જીવ તે હિંસક. મિથ્યાત્વપણે અને રાગ-દ્વેષ એ બધા પ્રમાદના ભેદ છે. અહીં પ્રમાદ એટલે અહીં સમ્યગ્દર્શન સહિતની આખી વાત છે ને? એટલે એકલા પ્રમાદપણે પરિણમેલો જીવ તે હિંસક. સમજાણું કાંઈ? આહાહા! સાધુના અઠયાવીસ મૂળગુણ છે એ ખરેખર પ્રમાદના ભાવ છે. એને છોડે ત્યારે અપ્રમત્તભાવ થાય છે. ઝીણી વાતું બહુ.

આ હિંસાનો કરનાર. એ હિંસામાં આવ્યા. આ તો એક રચનાર હિંસક એમ હોય છે. શુભભાવનો કરનાર તે હિંસક એમ કહેવું છે ને અત્યારે? આહાહા! અરે..! ભગવાન! એ તો પહેલા શુદ્ધઉપયોગની વાત લઈ ગયા હતા. શુદ્ધઉપયોગ એ શુદ્ધઉપયોગી જીવની દયા છે. એને હણવું એ જીવની પોતાની હિંસા છે. આહાહા! પ્રમાદભાવરૂપે પરિણમેલો જીવ. હિંસક લેવો છે ને અહીં તો? હિંસાનો કરનાર. અંદરમાં રાગ અને દ્વેષપણે પરિણમેલો જીવ

એ હિંસક છે.

**'અથવા અયત્નાચારમાં પ્રવર્તતા જીવને હિંસક જાણવા.'** જુઓ! મુનિને પણ અયત્નાચાર કોઈ વખતે હોય છે ને? એથી એ પણ હિંસક કીધો. અયત્નાચાર, અયત્નાચારથી પ્રમાદથી જેવું અપ્રમાદપણું પ્રગટ ન કરવું, એવા અયત્નાચારનો ભાવ, પોતે એ ભાવનો કરનાર હિંસક છે. સમજાણું કાંઈ? લ્યો! અયત્નાચારના પરિણામ કરનારો હિંસક છે. સમજાણું કાંઈ? પ્રમાદરૂપે પરિણમવું ત્યાં કહ્યું એ તો. મિથ્યાત્વરૂપે પરિણમ્યો છે એ તો હિંસક છે જ, પણ સમ્યગ્દષ્ટિ જેટલો પ્રમાદરૂપે પરિણમે એટલો પણ હિંસક છે. એક કોર કહે કે સમકિતદૃષ્ટિને આસ્રવ અને બંધ નથી. બપોરે એમ આવે છે, જુઓને! એને હિંસાના પરિણામ છે જ નહિ. ત્યાં તો એની દૃષ્ટિનો શુદ્ધસ્વભાવ, શુદ્ધભાવ મુક્તરૂપ છે એવો અનુભવ દૃષ્ટિમાં થયો, એથી એને આસ્રવ ને બંધના પરિણામ, વસ્તુમાં નથી અને વસ્તુના ધ્યેયમાં નથી અને દૃષ્ટિના ધ્યેયમાં નથી અને દૃષ્ટિની પર્યાયમાં નથી. માટે તેને આસ્રવ અને બંધ નથી એમ કહ્યું. અહીં સૂક્ષ્મપણે પણ આત્મામાં જેટલો શુભનો પરિણામ પ્રમાદભાવ થાય, એ પણ એનો કરનાર હિંસક ગણવામાં આવ્યો છે. કહો, સમજાણું કાંઈ?

આમાં કીધું કે, એ બધું જાણવું એમ કહ્યું. કહ્યું છે ને? **'अवबुध्य हिंस्यहिंसकहिंसाहिंसाफलानि तत्त्वेन'** પાછું એમ. યથાર્થપણે એમ ઉપચારથી નહિ, વાસ્તવિકપણે. **'नित्यमवगूहमानै'** પોતે સંવરમાં રહ્યો થકો, સ્વભાવ સન્મુખના પ્રયત્નમાં રહ્યો થકો, નિજ શક્તિએ હિંસાના ભાવને છોડવી. ઓહો..હો..! આચાર્યોના કોઈ કથન ગજબ છે. દિગંબર સંતોના વચનોમાં કેટલું ગંભીર, ગૂઢપણું ભર્યું હોય છે! કહો, સમજાણું? આત્મા પોતાના આનંદ અને શુદ્ધ સ્વભાવમાંથી ખસીને, જેટલો પુણ્ય-પાપનો રાગાદિ ભાવ થાય, એ બધો અયત્નાચાર ભાવ (છે). તેને અહીંયાં હિંસા, હિંસક એ ભાવ કરનારને હિંસક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ભલે હિંસ્યમાં લઈ લીધું. અહીં તો આ ભાવનો કરનારો એ હિંસક એમ કહે છે. પેલાને મારે ને એની વાત અહીં ન લીધી. પેલા તો પછી હિંસ્યમાં એના બોલ લીધા હતા. ચાર પ્રકાર સમજાવ્યા. સમજાણું કાંઈ? હિંસાનો કરનાર ભગવાનઆત્મા...

આ તો સવારમાં 'શ્રીમદ્'ની એક કડી યાદ આવી હતી. 'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી' ભાષા જુઓ!

**અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,**
**અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;**
**સકલ જગત હિતકારિણી હારિણી મોહ,**
**તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;**
**ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,**
**આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;**

www.vitragvani.com



**અહો! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,**
**જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે. ૧.**

૧૭ વર્ષે કહે છે. સમજાણું? પાછા કેટલા? અનંત નય અને નિક્ષેપ. ભાષા એમ છે. **'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,...'** બધા ભભ્ભા. કવિ પણ એવા છે, જુઓ! ૧૭ વર્ષે (લખે) છે. મોક્ષમાળાનો છેલ્લો પાઠ, છેલ્લો ૧૦૭ પાઠ છે. આઠમો રવિ, શુભ અને સાત વારનો છે. ૧૦૮મો પાઠ છે. ૧૭ વર્ષે! ૧૭ સમજો છો? એક અને સાત, સીત્તેર નહિ. **'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,'** જિનેશ્વર વાણી છે આ. જિનેશ્વર વાણી છે ને આ? આ વીતરાગ મુનિઓની વાણી છે કે નહિ? આ જિનેશ્વર છે, આ મુનિઓ જિનેશ્વર છે, વીતરાગ છે. **'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે...'** નય અનંત અને નિક્ષેપ પણ અનંત. જાણનારના ભેદ અનંત અને જણાવાના જ્ઞેયના ભેદ પણ અનંત. **'સકળ જગત હિતકારિણી'**. દુનિયાના સર્વ જગતને હિતની કારિણી. સમજાણું? **'સકલ જગત હિતકારિણી'**, તારણી, હારણી, મોક્ષ ચારણી. મોહનો નાશ કરનારી, મોક્ષનો પ્રચાર કરનારી. એમ શબ્દથી કહ્યું છે. આહાહા!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હા. મોહતારીણી. મોહને તારે. છેલ્લો પાઠ છે. હમણા જોયો હતો.

**'સકલ જગત હિતકારિણી, હારિણી મોહ,'** મોહને હરનારી વાણી છે. જુઓ! ભગવાનની વાણીમાં વીતરાગતા આવે, મોહનો નાશ કરનારી આવે એમ કહે છે. 'શશીભાઈ'! તારિણી ભવાબ્ધિ, ભવરૂપી સમુદ્રને તારનારી, ચાર ગતિને ઉડાડનારી છે. મોક્ષચારિણી, મોક્ષનો ચારો કરનારી, મોક્ષને પ્રગટ કરનારી. પ્રમાણી. **'ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,'** ક્યાં વીતરાગ સંતોની વાણી! એના ઉપમા અને એના પ્રમાણ એની બેહદ શક્તિને શું કહે?

**ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,**
**આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;**

એની ઉપમા (આપવા) જાય ત્યાં તારી મતિનું માપ આવી જાય છે કે તને વીતરાગ વાણીનું માપ કરતા આવડતું નથી. **'અહો! રાજચંદ્ર, બાળ'** આ અમારે 'મૂળચંદજી' ગાતા કે જુઓ! બાળ આવ્યું છે. દદ્દો આવ્યો છે પહેલો એને. અરે..! ભગવાન શું માણસની ... અહીં તો કહે છે, **'અહો! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,'** ત્યારે એ અર્થ કરતા અહો! રાજચંદ્ર, બાળ! માણસની દૃષ્ટિફેરની વાત છે. આહાહા! એને લખાણમાં પહેલો દદ્દો આવ્યો છે કે, હું બાળ છું, મૂર્ખ છું એમ કહે.

મુમુક્ષુ :– દદ્દો એટલે શું?

ઉત્તર :– દદ્દો સમજતા નથી? આ .. દદ્દો એટલે નુકસાનકારી ભાવ. એવી આપણે કહેવત આવે છે. પહેલેથી નથી કહેતા? શું કહે છે ને આપણે? પહેલેથી દદ્દો શું કહે છે?

અપશુકન કહેવાય. પહેલા કહેતા હતા ને પેલા પાંડવો નહિ? આજ ક્યાં એ અને આજ ક્યાં અમે. એ દદ્દો કહેવાય. અપશુકન. દ્રૌપદીને લઈને લડવા ગયા ને? દ્રોપદીને રાજા લઈ ગયો હતો. જ્યાં લડવા જાય છે, ત્યાં કહે આજ કાં ઇ ને કાં અમે. એટલે કાં ઇ કાં અમે એમાં પહેલું ઇ આવ્યું. કાં આજ ઇ રાજા અને કાં અમે. સમજ્યા? પેલો રાજા હારીને આવ્યો. અને આ શ્રીકૃષ્ણ છે. આજ એ રાજા નહિ, આજ અમે. અમારી દ્રૌપદીને લઈ ગયો? રાજા અન્યાયનો કરનાર છે. આમ ટંકાર જેમ માર્યો છે ને ટંકાર. ભાગ્યો. રાડ નાખી ગયો કે, અર..ર..! આનો ટંકાર આવો! શંખ ફૂંકી આવ્યો અને જો આવ્યો તો આ મારી નાખશે. દ્રૌપદી પાસે (કહે છે), માતા બચાવ હવે. આ તને અગ્નિ, સર્પના ઘરમાં લાવ્યા. મારી નાખશે આ. લુગડા પહેર બાયડીના. રાજાને કહે છે, હોં! બાયડી એટલે એક સાડી માથે નાખ. શું કહેવાય એ? ચુંદડી ચુંદડી, એક ચુંદડી માથે ઓઢ. છૂટાછેડાવાળી. નહિતર તને દેખશે તો મારી નાખશે. પેલી ચુંદડી દેખીને નહિ આવે. મોઢા આગળ પાછી મને કર. ચુંદડી ઓઢ અને મોઢા આગળ કર મને. નહિ મારે, એ મોટા પુરુષ છે, મહાપુરુષ છે. લઈને જાય છે, અરે..! રાજા દ્રૌપદીને લઈને આવ્યો અને અમે હાથ ન ઉપાડીએ. એના ઉપર હાથ ન મુકાય. જા. અહીં કહે છે, કેટલી વાણીના અંદરમાં પુરુષાર્થનું જોર હતું. એ જાતનું વાક્ય હતું. કે, આ રાજા. આ કહે અમે રાજા.

અહીં તો કહે છે, અહો! રાજચંદ્ર! બાળ ખ્યાલ નથી (પામતા) એમ કહે છે. અજ્ઞાનીઓ જિનેશ્વરની વાણીના માપના ખ્યાલ કરતા નથી. સંતોની વાણીમાં કેટલી ગૂઢતા, ગંભીરતા, રહસ્ય કેટલું હોય છે! '**જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે. ૧.**' જુઓ! એટલું ૧૭ વર્ષે કહ્યું. સમજાણું?

અહીં જુઓ! વાણી આ મુનિઓની છે, મુનિ છે ને? છઠ્ઠા ગુણસ્થાનવાળા છે. આ વીતરાગી મુનિ છે. 'અમૃતચંદ્રાચાર્ય' વીતરાગી સંત છે. છઠ્ઠે, સાતમે ગુણસ્થાને ઝૂલે છે. ભાવલિંગી સંત પરમેશ્વર પદમાં ભળી ગયા છે. કહે છે કે, પ્રમાદપણે પરિણમેલા જીવને અમે હિંસક કહીએ છીએ. વ્યાખ્યા તો જોઈએને, ચાર પાઠમાં છે તો. રાગ અને દ્વેષપણે. પ્રમાદપણે પરિણમેલો જીવ જ હિંસક કહેવામાં આવ્યો. ભલે પછી જીવ બીજો મરે ન મરે એની સાથે સંબંધ નથી. એ તો હિંસ્યમાં સંબંધ પહેલો બતાવ્યો. સમજાણું? અયત્નાચારમાં પ્રવર્તે તે જીવ જ હિંસક છે. પોતાના શુદ્ધ સ્વભાવમાંથી નીકળી, અયત્નાચાર ભાવ શુભ-અશુભમાં રહે, એ જ હિંસક કહેવામાં આવે છે. આહાહા! લ્યો! આ જિનની અહિંસા. કહો, 'ન્યાલભાઈ'! આ પરમેશ્વરની, વીતરાગમાર્ગની અહિંસા. બીજે ક્યાંય હોય શકે નહિ.

'**૩. હિંસા - હિંસ્યને પીડા ઉપજાવવી...**' જુઓ! ભાષા. હિંસ્યના ચાર બોલ કર્યા હતા. ભાવપ્રાણને પીડા ઉપજાવવી, પોતાના દ્રવ્યપ્રાણને પીડા ઉપજાવવી. નિશ્ચયથી કહે કે, પર પ્રાણીની પર્યાય એ જડને કાંઈ કરી શકે નહિ. કારણ કે, જડનો પર્યાય એના કાળે એનાથી

www.vitragvani.com



થાય. અહીં કહે છે કે, હિંસ્યને પીડા ઉપજાવવી. પાંચ ઇન્દ્રિય મન, વચન ને કાયા અને શ્વાસ, આયુષ્ય, એને પીડા ઉપજાવવી. ભાવપ્રાણને પીડા ઉપજાવવી, દ્રવ્યને પીડા ઉપજાવવી, થયું કે નહિ? અને બીજા જે સામાના ભાવપ્રાણ છે, એને પીડા ઉપજાવવી. કહો, 'સમયસાર'માં કહ્યું, બીજાને પીડા, સુખ-દુઃખ આપી શકતો નથી. (છતાં ઉપજાવી શકું છું એમ) માને એ મિથ્યાદૃષ્ટિ છે. પણ બધે ઠેકાણે સરખા કથન હોય? વ્યવહારના પણ કથન હોય પણ વ્યવહારના જાણવા માટે હોય. કાંઈ વ્યવહારથી કહ્યું માટે આમ થઈ શકે છે? સમજાણું? એમ નથી.

મુમુક્ષુ :– અત્યારથી નમતું મૂકી દે.

ઉત્તર :– જરીએ નમતું મુક્યું નથી. તેથી તો કીધું ને, એનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર જે નિમિત્ત છે,... 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ખુલાસો કર્યો નહિ? કે વ્યવહારના જેટલા કથનો છે એ નિમિત્ત આદિનું જ્ઞાન કરાવવા એ કહ્યા છે. અહીં તો એમ કીધું, જુઓ! પીડા ઉપજાવે છે. કોને? જડને. પોતાના પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા અને શ્વાસ, આયુષ્ય (આદિ) દ્રવ્યપ્રાણને પીડા ઉપજાવે છે. સામાના ભાવપ્રાણને પીડા ઉપજાવે છે, સામાના દ્રવ્યપ્રાણને પીડા ઉપજાવે છે. એ બધા નિમિત્તના કથન છે. સમજાણું કાંઈ? આહાહા! એ એ વખતે નિમિત્ત આ હતું એમ જ્ઞાન કરાવવા એ વાત છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો બે નયનું કથન કરીને તો બહુ રહસ્ય ઉદ્‌ઘાટન કર્યું છે. બહુ રહસ્ય, ઘણું કર્યું છે.

**'અથવા તેમનો ઘાત કરવો...'** ઠીક! પીડા ઉપજાવવી ને પછી ઘાત કરવો. સાધારણ પીડા ઉપજાવે, હવે ઘાત કરે. પોતાના પ્રાણની, પોતાના દ્રવ્યપ્રાણની, પરના પ્રાણની, એના દ્રવ્ય પ્રાણના ઘાત કરે **'તે હિંસા છે. તેનું વર્ણન આગળ કર્યું છે.'** પહેલાં આવી ગયું, આગળ બધું આવી ગયું છે. હિંસાનું વર્ણન–હિંસા. અહિંસાનું ફળ. ચાર બોલ થયા ને? હિંસ્ય, હિંસક, હિંસા ને હિંસાનું ફળ.

**'૪. હિંસાફળ - હિંસાથી જે કાંઈ...'** અહીં સ્થૂળ વાત કરે છે ને? **'જે કાંઈ ફળ થાય તેને હિંસાફળ કહે છે. આ લોકમાં તો હિંસક જીવ નિંદા પામે છે,...'** હિંસાનો કરનાર પ્રાણી નિંદા પામે. લોકો એને કહે કે, અરે..! આ શું કરે છે આ? પરપ્રાણીને હણે કે પોતાના પ્રાણને હણે, જીભ કાઢે, દાંત તોડે, આંખ ફોડે. એવું કરે છે ને બધા? લોકમાં જ નિંદાને પામે. **'રાજા વડે દંડ પામે છે,...'** આ લોકમાં જ રાજા એને દંડે. અરે..! આ શું કર્યું? પોતાને જુઓ! પોતાના શરીરને બાળે તો એને રાજા બળતા બળતા બચાવી લે પણ એને કેદમાં જાવું પડે. ઠીક. પોતે બળવા માંડ્યો અને એમાંથી જીવતો રહી ગયો ને પકડાણો, ચાલો કેદમાં. રાજા પણ દંડે, લોક ભંડે એવું આવે છે. રાજા દંડે, લોક ભંડે એવા આચરણ સમકિતીના હોય નહિ, આ બહારની વ્યવહારની વાત છે, હોં! અંદરમાં તો કાંઈ નથી.

**'જેની એ હિંસા કરવા ઇચ્છે છે તેને જો લાગ આવે તો આનો ઘાત કરે છે.'** લ્યો! આ બીજાને હણવા માગે છે, પણ એને ખબર પડી કે, આ તો મને મારી નાખવા માગે

છે. ઇ જ પોતે પહેલો મારી નાખે એને. લાગ આવે તો, હોં! સમજાણું? આહા..! નિમિત્ત નિમિત્તનું જ્ઞાન કરાવે છે, હોં! ઘાત કરી શકે છે, બીજો એને મારી શકે છે, યથાર્થપણે એમ નથી. સમજાણું કાંઈ? પેલાને બીજાને મારી નાખવાનો ભાવ હતો, એમ એને મારી ન શક્યો અને પેલાને ભાવ થયો કે, હું એને મારી નાખું નહિતર મને મારી નાખશે. એવા ભાવની અપેક્ષાએ એને ઘાત કરે છે એમ કહેવામાં આવે છે. વાત તો એવી છે, ભાઈ!

ચરણાનુયોગની શૈલીની કથન પદ્ધતિ, તત્ત્વ દૃષ્ટિથી મેળવવા જાય તો જેમ હોય તેમ હોવું જોઈએ. અને વિરોધ કરે આ કહે નહિ જુઓ આમાં કહ્યું છે આમ, અને પેલામાં આમ કહ્યું. નિશ્ચયથી એ સાચું અને વ્યવહારથી આ સાચું. એટલે પણ એનો અર્થ શું? સાચાનો કાંઈ મેળ કે એક પણ નિર્ણય નહિ? નિર્ધાર ખરો કે નહિ કે આમ જ હોય ને બીજી રીતે હોય નહિ. ફૂદડીવાદ થયો. એવું હોય? નિર્ધારીત છે. કે, જે પરનો ઘાત કરે છે એમ કહે છે એ વ્યવહાર કહે છે, વ્યવહાર કહે છે. વ્યવહારનું જ્ઞાન કરાવે છે. વ્યવહાર પણ છે ને. જાણવા માટે વ્યવહાર છે ને? જાણવા માટે વ્યવહાર છે ને? નિમિત્ત થાય છે એવું પણ છે ને? એને કારણે ત્યાં થાય છે. નિમિત્ત થાય છે એવું પણ છે ને? એનું જ્ઞાન કરાવે છે. કહો, સમજાણું કાંઈ?

'**વળી પરલોકમાં નરકાદિ ગતિ પામે છે,...**' પરલોકમાં હિંસાના કરનારા જીવો નરક-નિગોદમાં જાય. કહો, સમજાણું? નરક-નિગોદમાં. હજી માનસિકનું પછી કહેશે. અહીં તો હજી નરકાદિ ગતિ પામે, ત્યાં '**શરીરના,...**' એ પામે ત્યાં શું થાય એ વાત કરે છે. '**શરીરના નાના પ્રકારના છેદન-ભેદનાદિ...**' થાય. શરીરને કાપે, નરકમાં કાપે એની હિંસા કરે, છેદે, કટકા કરે, આહાહા! આંખમાં સીસમ, પેલું શું સમજાણું? સીસાનું પાણી રેડે. આંખમાં સીસું આમ રેડે. આહાહા! લોઢાની સાથે બાંધે. બાંધીને ખસે નહિ. કહો.

અહીં હમણા કો'ક કહેતો હતો, કોઈએ થોડી ચોરી કરી હતી. પેલા ખટારાની. ખટારામાંથી કો'કની ચોરી કરી હતી. ખટારાવાળાએ એને એવો બાંધ્યો. સેંકડો માણસ નીકળે. કહે કે જુઓ! બચાવશો તો મારી નાખીશ. ચાલ્યા જાવ. એવું બે-ત્રણ દિવસ પહેલા કોઈકે કહ્યું. ખટારામાંથી કો'કે ચોરી કરી. બિચારાને લીમડાના ઝાડ હેઠે ચોવીસ કલાક સુધી કચકચીને બાંધ્યો. અને માણસો કોઈ નીકળે એને દયા આવે. (તો કહે), ચાલ્યા જાવ અહીંથી, ચાલ્યા જાવ. ચોવીસ કલાક બાંધ્યો અને પથરા મારે. આહાહા! ચોવીસ કલાક કસકસાવીને ઝાડની સાથે પગથી માથા સુધી બાંધ્યો. રાડેરાડ પાડે, રોવે. એને પથરા મારે. મારા પેલામાંથી લઈ ગયો? શું કહેવાય એને? ખટારો. ખટારામાંથી ચોરી કરી. રાતના બાર વાગ્યા સુધી ખટારો પડ્યો હોય ને. એમાંથી કાંઈક ચોરી કરી હશે. હમણા ચાર-પાંચ દિવસ પહેલા અમુક ઠેકાણે કોઈક કહેતું હતું. એવો માર્યો બિચારાને ચોવીસ કલાક સુધી, હોં! બાંધીને માર... માર... મારી નાખું નહિ. કહો, આવી પીડા પાપ કરવાના ફળ, બાહ્યમાં, હોં! આ તો અંદરનું ફળ

www.vitragvani.com



તો એને દુઃખરૂપ કહ્યું. એવું અનંતવાર કર્યું છે, અનંતવાર થયું છે, એ કાંઈ નવું નથી. ભૂલી જાય છે, ભૂલી. ઇ જાણે વર્તમાન છે બસ થઈ રહ્યું એટલું. ભૂતકાળમાં શું ભજ્યું? ભવિષ્યમાં શું થશે? એના ભાન વિના એની એને ખબર નથી. શું કહે છે?

**'ત્યાં શરીરના નાના પ્રકારના છેદન-ભેદનાદિ...'** ટુકડા કરે, ગાળે, રાંધે. નરકમાં તો બહુ દુઃખ (છે).**'અને નાના પ્રકારની માનસિક વેદના પામે છે.'** હવે મનની ચિંતા. પેલી શરીરની લીધી. માનસિક ચિંતાનો પાર નહિ. પાપના ફળ એવા. એવી પ્રતિકૂળતા હોય કે, માનસિક ચિંતા બળ્યે જ જાય, બળ્યે જાય. રાગ.. રાગ.. રાગ... ધાર્યું થાય નહિ, સળગે અંદરથી. એ બધા વિકારના દુઃખ, એ માનસિક ચિંતાના દુઃખ છે. હિંસાના ફળ છે. **'માનસિક વેદના પામે છે. નરકનું વર્ણન કોણ ક્યાં સુધી લખે!'** નરકનું વર્ણન કોણ અને ક્યાં સુધી લખે? કોણ લખે અને ક્યાં સુધી લખે? એની વેદના... આહાહા! કહો, સમજાણું?

અહીં તો જુઓને! રસ્તામાં એક ... પડ્યું હોય, જરીક કચરાણું હશે, કાગડો એને લેતો હતો, ઉપાડતો હતો. પણ એવા તો અનંતવાર થઈ ગયા છે. મર્યું ન હોય, કાંઈ થોડું ઘણું કચરાણું હોય, એમાં કાગડા આવીને ઉપાડે. આમ મારે.. આમ મારે... બુદ્ધિ તો ત્યાં શરીર ઉપર છે. એ જ હું છું, એમાં જે કાંઈ થાય એ મને થાય છે, એટલે એને બહુ દુઃખ થાય. ફૂંફાડા મારે... ફૂંફાડા મારે... ફૂંફાડા મારે... ઓહો..હો..! અરે..! કોઈ દિ' એણે ધીરો થઈને આત્માના સ્વભાવને જોયો નથી. એના એને માહાત્મ્ય જ આવ્યા નથી. જે કરવાનું છે એ કર્યું નથી. નહિ કરવાના કરી ને કાંઈક કરીએ છીએ એમ માન્યું છે. કાંઈક કરીએ છીએ.

**'નરકનું વર્ણન કોણ ક્યાં સુધી લખે!'** કોણ અને ક્યાં સુધી કહે? **'સર્વ દુઃખનો જ સમુદાય છે.'** નરકમાં તો સર્વ દુઃખોનો સમુદાય છે. એ બધા હિંસા કરેલા, રાગ-દ્વેષના પાપ સેવેલા, એના ફળ તરીકે એને નરકના દુઃખો સહન કરવા પડે. સમજાણું કાંઈ? **'સર્વ દુઃખનો જ સમુદાય છે.'** ન્યાં નરકમાં એ દુઃખનો જ મોટો ઢગલો છે, કહે છે. આહાહા!

મુમુક્ષુ :– આવી .. અવસ્થામાં ..

ઉત્તર :– હોય છે તો શું છે? અવસ્થા જડની છે. કપાય જાય છે. સ્વભાવ સન્મુખ થઈ જાય છે તો પછી ચાહે એ નરકની પીડા હોય. નરકની પીડા નરકમાં રહી, આત્મામાં શું છે? અંતર ગતિ કરે ત્યારે ને. અહીં તો હિંસાના ફળ તરીકેનું વર્ણન ચાલે છે. સમજાણું કાંઈ? સાતમી નરકનો નારકી સમકિત પામે છે. એનો અર્થ ઇ કે, એને ક્યાં પરની પ્રતિકૂળતા–અનુકૂળતા ઉપર લક્ષ છે? એટલી પીડા છે તો દૃષ્ટિ ફેરવે છે. ફડાક અંદરથી. ઓહો..! જ્ઞાનીએ કહ્યું હતું, મારો સ્વભાવ બેહદ અનંત, અનંત જ્ઞાન-દર્શન છે. મેં મારી સંભાળ નહોતી કરી. મને તેના માહાત્મ્ય નહોતા આવ્યા. એમ કરીને અંદરમાં સ્વભાવ સન્મુખમાં ઉતરે છે, ભવકટિ થઈ જાય છે. મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. કહો, સમજાણું? અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એના સ્થાનમાં આનંદને અનુભવે છે. આહાહા! 'નારકીકૃત, બાહ્યકૃત દુઃખ ભોગત, અંદર સુખની ગટાગટી.' જુઓ! બહારમાં આવ્યું પણ અંદરમાં ઊતર્યો. પડખું ફેરવી નાખ્યું. જે પર ઉપર લક્ષ હતું, એને અંતરના સ્વભાવ ઉપર લક્ષ ફર્યા. પડખા ફરે બધું ફર્યું, દિશા ફરી, દશા ફરી. આહાહા!

એ તો અહિંસાની વ્યાખ્યા થઈ. આ તો અત્યારે હિંસાના ફળની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા! સજ્જાય બહુ આવે છે, સજ્જાય પહેલા ખુબ વાંચતા. હોંશે તે કર્યા પાપ, દુઃખે કર્યું છુટે, એવું આવે છે, હોં! ચાર સજ્જાયમાળા છે ને? એમાં એ આવે છે. 'હિંસાથી બાંધ્યા કર્મ, રોતા ન છૂટે પ્રાણીયા.' એ આવે છે. એવા અજ્ઞાનમાં પોતાના સ્વરૂપનો ઉત્સાહ છોડી, પરના ઉત્સાહમાં દોરાય, વિકારના વેગમાં જઈ, હિંસાથી બાંધ્યા કર્મ, રોતા ન છૂટે પ્રાણ. એ નરકમાં રોવે. પ્રાણી જમડા મારે, લોઢાના પેલા ધગધગતા સાથે બાંધે. અરે..! ત્યાં તમે બહુ મજા કરી હતી, બાપુ! આહાહા! સાતસો વર્ષનું 'બ્રહ્મદત્ત'નું આયુષ્ય હતું. અસંખ્યાત અબજ વર્ષનું દુઃખ (અત્યારે ભોગવે છે). ઓહો..હો..! એક-એક મિનિટે અસંખ્ય અબજ વર્ષ થયા. સાતસો વર્ષની મિનિટો, સાતસો વર્ષની મિનિટો, એને સાતમી નરકે એક એક મિનિટ ઉપર અસંખ્ય અબજ વર્ષનું દુઃખ. અહીં એક મિનિટ, ન્યાં નરકના અસંખ્ય અબજ. અત્યારે બ્રહ્મદત્ત છે. પોતે નીચે સાતમી નરકે પડ્યો છે. સમજાણું? દુઃખનો સમુદાય એ નરકની વાત કરી.

**'તિર્યંચાદિનું દુઃખ પ્રત્યક્ષ જ ભાસે છે.'** નરકની (વાત કરી). (હવે કહે છે), પશુમાં તિર્યંચમાં જુઓ! રસ્તામાં કચડાય જાય. સેવાળ, કાચીડા પેલા ખટારા નીકળે અને રાતે પ્રકાશ પડે એ જાણે અહીં ઊભો રહું, આમ જાઉં. (એટલામાં) કચડાય જાય. ભૂકો, લોટ (થઈ જાય). આહા..! એક સમયે ગતિ બદલે. આહાહા! તિર્યંચાદિ એનું બધું. મનુષ્ય આદિ લેવું એમાં. તિર્યંચના, મનુષ્યના, દેવના પણ દુઃખ. સમજ્યાને? રાગ કરીને, શુભભાવ કરીને ગયા. ત્યાં પણ અંગારામાં શેકાય છે. વિષયના અંગારે સ્વર્ગમાં શેકાય છે. આહાહા! માનસિક દુઃખ છે. **'એ બધું હિંસાનું ફળ છે.'**

**'આ રીતે હિંસ્યને જાણી...'** હવે ચારના ન્યાય આપે છે. હિંસ્ય એટલે હણવા યોગ્ય. પોતાના દ્રવ્ય અને ભાવ(પ્રાણ), પરના ભાવ અને દ્રવ્ય(પ્રાણને) જાણી, **'પોતે તેને ઘાતે નહિ,...'** **'હિંસ્યને જાણી પોતે તેને ઘાતે નહિ,...'** એક વ્યાખ્યા. **'अवबुध्य तत्त्वेन'** બરાબર યથાર્થ રીતે જાણવું, તો જાણવું એટલે જાણીને તેને હણે નહિ, ઘાતે નહિ. પોતાના પ્રાણને ઘાતે નહિ, પરના ઘાતે નહિ એમ આવી ગયું ને? પોતાના ઘાતે નહિ અને પરના ઘાતે નહિ એમાં બધું આવી ગયું.

**'હિંસ્યને જાણી પોતે તેને ઘાતે નહિ,...'** ભાવપ્રાણ મારા હણાય છે એમ હિંસ્ય થવાને લાયક જાણી એવા ભાવપ્રાણને પોતે હણે નહિ. જાણ્યાનું ફળ એ છે. **'હિંસકને જાણી પોતે**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**તેવો ન થાય,...'** આવા વિકારી પરિણામનો કરનાર, પ્રમાદપણે પરિણમેલો, અયત્નાચારે રહેલો, એ હિંસક છે. એવો હિંસક પોતે થાય નહિ. એવો ન થાય. જુઓ! ચારેના ચાર પ્રકાર લે છે. '**अवबुध्य तत्त्वेन**' છે ને? એટલે. જાણીને યથાર્થ રીતે આમ એણે કરવું. '**હિંસાને જાણી તેનો ત્યાગ કરે...'** રાગાદિ હિંસા છે એમ જાણીને તેનો ત્યાગ કરે. '**અને હિંસાનું ફળ જાણી તેનાથી ભયભીત રહે.**' ચારેના જુદા વર્ણન કર્યા. હિંસાનું ફળ જાણી તેનાથી ભયભીત રહે. ચાર ગતિના દુઃખથી ભયભીત રહે. કહો, સમજાણું? '**માટે આ ચાર ભેદ જાણવા.**' લ્યો! માટે '**अवबुध्य**' કીધું હતું ખરું ને? માટે તે ચાર ભેદને (જાણવા)–હિંસ્ય, હિંસક, હિંસા, હિંસાનું ફળ.

## ગાથા–૬૧

**આગળ જે જીવ હિંસાનો ત્યાગ કરવા ઇચ્છે છે તેણે પહેલાં શું કરવું તે કહે છે :–**

**मद्यं मांसं क्षौद्रं पञ्चोदुम्बरफलानि यत्नेन।**
**हिंसाव्युपरतिकामैर्मोक्तव्यानि प्रथममेव।।६१।।**

અન્વયાર્થ :– [ हिंसाव्युपरतिकामैः ] હિંસાનો ત્યાગ કરવાની ઇચ્છા રાખનાર પુરુષોએ [ प्रथममेव ] પ્રથમ જ [ यत्नेन ] યત્નપૂર્વક [ मद्यं ] દારૂ-શરાબ, [ मांस, ] માંસ, [ क्षौद्रं ] મધ અને [ पञ्चोदुम्बरफलानि ] [1]પાંચ ઉદુમ્બર ફળો [ मोक्तव्यानि ] છોડી દેવા જોઈએ.

ટીકા :– 'हिंसाव्युपरतिकामैः प्रथमं एव यत्नेन, मद्यं, मांसं, क्षौद्रं, पञ्चउदुम्बरफलानि मोक्तव्यानि' - જે જીવ હિંસાનો ત્યાગ કરવા ઇચ્છે છે તેમણે પહેલાં જ યત્નપૂર્વક દારૂ, માંસ, મધ, અને પાંચ ઉદુંબર ફળ-આ આઠ વસ્તુઓ ત્યાગવા યોગ્ય છે. ૬૧.

---

'આગળ જે જીવ હિંસાનો ત્યાગ કરવા ઇચ્છે છે તેણે પહેલાં શું કરવું તે કહે છે' સ્થૂળ હિંસાને છોડવાની વાત (કરે છે).

**मद्यं मांसं क्षौद्रं पञ्चोदुम्बरफलानि यत्नेन।**
**हिंसाव्युपरतिकामैर्मोक्तव्यानि प्रथममेव।।६१।।**

---

૧. પાંચ ઉદુમ્બર ફળના નામ-ઉમરો, કઠુંબર, વડ, પીપર અને પીપળાના ફળ અથવા ગુલરના ફળ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**'હિંસાનો ત્યાગ કરવાની ઇચ્છા રાખનાર પુરુષોએ...'** સમ્યગ્દર્શન-જ્ઞાન પછીની વાત છે ને આ વધારે? પછી બધું આગળ આવી જાય છે, બધું સમાડશે. **'પ્રથમ જ યત્નપૂર્વક...' 'यत्नेन' 'યત્નપૂર્વક દારૂ-શરાબ, માંસ, મધ અને પાંચ ઉદુમ્બર ફળો 'मोक्तव्यानि' છોડી દેવા જોઈએ.'** એ સંબંધીનો રાગ છોડવો (તેને) આ છોડી દીધા, એમ કહેવામાં આવે છે. એ સંબંધીનો રાગ છોડવો એટલે કે એ સંબંધીમાં સ્વરૂપ તરફ સ્થિરતા કરી અને રાગ છોડવો તો રાગના નિમિત્તો તેણે છોડ્યા એમ કહેવામાં આવે છે. નીચે કહેશે, નીચે આવે છે, આવે છે. ખ્યાલ છે. શું કીધું?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– શું ખ્યાલ આવે? એ તો છોડે એનું લક્ષ–રાગ છોડે, એના તરફનો રાગ છોડે એટલે એ છોડ્યું એમ કહેવામાં આવે. નીચે છે. **'પાંચ ઉદુમ્બર ફળના નામ-ઉમરો,...'** ઉમરાના ફળ આવે છે ને? બહુ જીવાતવાળા હોય છે. ઉમરો. આવા આટલા ફળો હોય. એકલા જીવ. ત્રસ ત્રસ બહુ હોય. 'રાજકોટ'માં ત્યાં ઉમરાના ફળ છે.

મુમુક્ષુ :– રાતા રંગના હોય?

ઉત્તર :– ના. રંગ એવું કાંઈ નહિ. ઉમરના ફળ ત્યાં આપણે બહાર નથી? એક ફેરી વનમાં ઉતર્યા હતા બાગમાં. કો'ક રાઠોડનો બાગ નથી? 'રાજકોટ' બહાર ગામ બહાર છે. એક ફેરી નહિ તમારે 'નાથાલાલ'ના ભાઈએ એક યજ્ઞ કર્યો હતો. એની સામે. ત્યાં અમે ઉતર્યા હતા. ત્યાં મોટું ઉમરનું ઝાડ હતું. 'રાજકોટ'નું મકાન છે ને? ત્યાં રાત ઉતર્યા હતા. ગામમાં બીજે દિવસે આવવું હતું. ત્યાં ઉમરાનું ફળ હતું. 'મુંબઈ' જતાં. માગશર વદ ૮ 'કુંદકુંદાચાર્ય'ની તિથી. 'પલાસણી'. એ ફળ બહાર હતું. આવડા આવડા ફળ દેખાય! કીધું આ શું? ઘણા મોટા દેખાય. અને ઝાડ મોટું, ફળ આ. અહીં કોઈ ગરીબ માણસ લેતું નથી લાગતું. એ ઉમરાના ફળ. એકલી જીવાત.. જીવાત.. જીવાત. ઉમરાના ફળમાં જીવાત બહુ હોય. ત્રસ બહુ હોય.

**'કઠુંબર,...'** એ પણ કોઈ એવા ઝાડના ફળ હશે. **'વડ,...'** વડના ટેટા. વડ બહુ જીવ હોય, બહુ ત્રસ હોય. ત્રસ હોય. ઝીણા... ઝીણા... ઝીણા... ઝીણા... ઝીણા. **'પીપર...'** પીપર હશે. પીપરના ટેટા, લ્યો! ને પીપરના ટેટા. પેપડી, પેપડી થાય ને? કેટલાક વાણિયા તો શાક કરે. એક વાણિયો હતો. 'વાંકાનેર'માં પીપરનું શાક, પેપડીનું. આ શાક? કાંઈ લોકોને ખબર નહિ. પેપડીનું શાક. પેપડી હોય છે ને? બહુ લીલી. એમાં બહુ જીવાત હોય. અને **'પીપળાના ફળ...'** મોટા ફળ લ્યોને. **'અથવા ગુલરના ફળ.'** મોટા જેમાં જીવાત ઘણી ત્રસ હોય. એમાં ત્રસ જીવ છે એમ જાણીને એ પાંચ ફળનો ત્યાગ કરવો, હિંસાનો ભાવ છોડવો. એટલે એને ત્યાગ કર્યો એમ કહેવામાં આવે. પહેલામાં પહેલો આટલો તો ત્યાગ એને હોવો જોઈએ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૪૧ ગાથા–૬૧ થી ૭૧ મંગળવાર, જ્યેષ્ઠ સુદ ૧૩, તા. ૨૦-૦૬-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ગાથા ૬૧. એની ટીકા. **'આગળ જે જીવ હિંસાનો ત્યાગ કરવા ઇચ્છે છે તેણે પહેલા શું કરવું...'** સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયા પછીની આ વાત છે પણ એ આઠ બોલ છે એ ત્યાગ્યા વિના એ જૈનધર્મને પાત્ર, ઉપદેશ સાંભળવાને પાત્ર પણ નથી, એવું ૭૪ ગાથામાં આવે છે. અહીં તો ત્યાગની વાત છે. પહેલાનો અર્થ કે, સમ્યગ્દર્શન પહેલું થયું છે, એના પછી આ ત્યાગની વાત છે.

વસ્તુનો સ્વભાવ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ સ્વરૂપ, એની અંતર સાવધાન થઈને દૃષ્ટિ તો થઈ છે, સ્વરૂપ તરફનું જ્ઞાન પણ છે, સ્વરૂપ તરફનું અંશે આચરણ પણ છે. વિશેષ આચરણ, સ્વભાવનો આશ્રય કરતાં, જે કાંઈ સ્થિરતા પ્રગટે, એમાં એટલો રાગ છૂટે, એમાં આટલો ત્યાગ એને પચ્ચખાણરૂપે હોય છે. એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? વાત એની ચાલે છે અહીં.

પહેલી દૃષ્ટિ–દર્શનશુદ્ધિ વિના તો એને કાંઈ ત્યાગ-બ્યાગ એકકે સાચો હોય નહિ. કઈ ચીજ છે ને કેમાં ઠરવું છે અને એમાં ઠરીને રાગ છૂટે છે, કે છોડવો છે, અને એને છૂટતા એના નિમિત્તો છૂટે છે, એમ કહેવાને તો જ્યારે સ્વભાવની દૃષ્ટિ થઈ હોય અને એ સ્વભાવમાં સાવધાનપણે અંશે સ્થિર થાય, ત્યારે તેને એ પ્રકારનો રાગ જેટલો સ્થિર થાય એટલો ઉત્પન્ન ન થાય, ત્યારે કેટલા એના હિંસા આદિના નિમિત્તો બહારથી છૂટે એમ અહીંયાં વ્યવહારનયનું શાસ્ત્ર છે તો છોડે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– આમથી શરૂઆત કરી એના બદલે આમથી કરે.

ઉત્તર :– આમથી ક્યાંથી થતો હતો? કહો, ઠીક. આમથી પહેલી શરૂઆત કરે. ક્યાંથી પણ શરૂઆત કરે? શરૂઆત શેમાં કરવી છે?

મુમુક્ષુ :– નિમિત્ત છોડવામાં.

ઉત્તર :– શેમાં છોડવામાં? નિમિત્ત છૂટું પડ્યું (છે), બહાર જ પડ્યું છે. વસ્તુ જે ચૈતન્ય સ્વરૂપ છે એમાં તો નિમિત્ત ચીજ છે જ નહિ, પછી છોડવી એ ક્યાં પ્રશ્ન રહ્યો?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ છોડવાનો અર્થ આ થયો કે સ્વભાવ ચૈતન્ય જ્ઞાયક એની દર્શનશુદ્ધિ પ્રગટ કરી છે કે આ આત્મા ચિદાનંદ સ્વરૂપ, પૂર્ણ શુદ્ધ છું. એવું અંતરમાં જ્ઞાનના ભાન સહિત અંદર પ્રતીત થઈ છે. એ પ્રતીત ઉપરાંત દેશવ્યક્તિનો અધિકાર ચાલે છે ને? શ્રાવકનો. સ્વરૂપમાં અંતરમાં અંશે સ્થિર થવાનું સાવધાનપણું છે એને કેટલા પ્રકારનો રાગ ટળે છે, ઉત્પન્ન થતો નથી અને તે પ્રકારના હિંસા આદિ જે આ માંસ આદિ છે, દારૂ આદિ એનું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લક્ષ એને છૂટે છે એટલે એ છોડ્યું એમ કહેવામાં આવે છે. અસદ્ભૂત વ્યવહારનયે એને છોડે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– મૂળ મુદ્દો ખ્યાલમાં ન આવે. પણ આ મૂળ મુદ્દાની વાત પછી તો આ ગાથા ઉપાડી છે. પહેલી દર્શનશુદ્ધિ, પહેલામાં પહેલું કરવું, એ વિના એનું બધું નકામું છે. આત્મા જે ચીજ છે કે જેમાં ઠરીને કેવળજ્ઞાન પામવું છે, એ જેમાં ઠરે છે એ ચીજ કેવી છે? એ ચીજને અંતર દૃષ્ટિમાં, જ્ઞાનના ભાનમાં લીધા વિના એમાં ઠરવાનો પ્રયત્ન, સ્વરૂપ તરફ સાવધાની કેમ થાય? અને સ્વરૂપ તરફ સાવધાની થયા વિના રાગ ઘટે નહિ. અને રાગ ઘટ્યા વિના રાગના નિમિત્તો આણે છોડ્યા એમ પણ કહેવામાં ન આવે. એમ વાત છે આ તો. વ્યવહારથી તો આમ જ બોલાય ને. ટૂંકા શબ્દો બોલવા હોય તો શી રીતે બોલવા? સમજાણું કાંઈ?

**ટીકા :– 'જે જીવ હિંસાનો ત્યાગ કરવા ઇચ્છે છે...'** ૬૧ ગાથા. **'તેમણે પહેલા જ યત્નપૂર્વક...'** જુઓ! યત્નપૂર્વક, **'દારૂ, માંસ, મધ, અને પાંચ ઉદુંબર ફળ-આ આઠ વસ્તુઓ ત્યાગવા યોગ્ય છે.'** એટલે તે પ્રત્યેનો રાગ છોડવા લાયક છે. એટલે કે સ્વરૂપમાં ઉગ્રપણે સાવધાની કરીને રાગ છોડવા લાયક છે, એથી એને આ છોડવા લાયક છે એમ કહેવામાં આવ્યું. બહારથી તો છૂટી પડી છે, કાંઈ અંદર નથી ગરી ગઈ. સમજાણું કાંઈ? **'પહેલા જ યત્નપૂર્વક દારૂ, માંસ, મધ,...'** સમજાય છે કાંઈ? આત્માનો જ્ઞાન સ્વભાવ છે. એ જ્ઞાન સ્વભાવ છે એનું અંદર ભાન થયા વિના, એમાં ઠરવું ક્યાં એ તો એને ખબર ન હોય. ઠરવું એટલે ચારિત્ર. ચારિત્ર કોઈ બાહ્ય વસ્તુ નથી. અંતર વસ્તુ, શુદ્ધ ચૈતન્ય એના ભાનમાં એમાં ઠરવું એનું નામ ચારિત્ર. એ ચારિત્ર વખતે રાગનો ત્યાગ હોય અને એટલો ત્યાગ હોય એટલા નિમિત્તો એણે છોડ્યા એમ કહેવામાં આવે. કહો, સમજાણું?

**'જે જીવ હિંસાનો ત્યાગ કરવા ઇચ્છે છે...'** અહીં તો દેશ વિરતીપણાની વાત છે આ. દેશ વિરતીપણું સમ્યગ્દર્શન વિના હોય નહિ. આત્મા અખંડ અભેદ ચિદાનંદ સ્વરૂપ, એના આશ્રય વિના સમ્યગ્દર્શન હોય નહિ. કહો, સમજાણું કાંઈ? દેશવિરતીપણું એટલે શ્રાવક. એ દેશ વિરતીપણું સમ્યગ્દર્શન વિના હોય નહિ. અને સમ્યગ્દર્શન એ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ, એનો અંતર આશ્રય કર્યા વિના સમ્યગ્દર્શન હોય નહિ. પહેલો સમ્યક્ ચૈતન્ય શુદ્ધ વસ્તુ, એનો આશ્રય કરી એટલે કે તેના સન્મુખની સાવધાનીથી તે પ્રતીત (થાય), જ્ઞાનના ભાન સહિત કે આ આત્મા શુદ્ધ ને આનંદ છે, એવા ભાન સહિતની પ્રતીતિ પ્રગટીને હવે એણે પહેલો હિંસાનો ત્યાગ કરવો એટલે દેશવિરતીપણું કરવું એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન વિના અંદર ભાન જ નથી ત્યાં દેશવિરતીપણું કેવું ને સર્વ વિરતીપણું કેવું? કારણ કે, અહીંથી નિવૃત્તવું છે પણ ક્યાં ઠરવું છે એના ભાન વિના, ઠર્યા વિના અહીંથી

નિવૃત્તિ થાય શી રીતે? સમજાણું કાંઈ? મૂળ વસ્તુ એ છે. આત્માની વસ્તુ એ મુખ્ય વસ્તુ જે ચૈતન્ય પ્રભુ, અંતરમાં ધ્રુવ ચૈતન્ય, ધ્રુવ સ્વરૂપ, એને અંતરમાં લક્ષમાં લઈ, એમાં દૃષ્ટિ સ્થાપી અને એનો અનુભવ કરી અને સમ્યગ્દર્શન પ્રગટ થાય, પછી એમાં ઠરવા માટે આ બાહ્યના ત્યાગનું કથન ચાલે છે. કહો, સમજાણું કાંઈ? દેશવિરતીનું કથન છે. સર્વ વિરતીનું કથન આગળ આવશે.

**'દારૂ, માંસ, મધ, અને પાંચ ઉદુંબર ફળ-આ આઠ વસ્તુઓ ત્યાગવા યોગ્ય છે.'** ખરેખર તો એ આઠ વસ્તુઓ ત્યાગ્યા વિના જૈન ધર્મની દેશનાને પણ લાયક નથી. એ ૭૪ ગાથામાં આવે છે. અહીં તો દેશવિરતીથી શરૂ કરી છે ને? એથી વાત કરી છે. ૭૪ ગાથા છે, ૭૪. શું કહે છે? ૭૦ અને ૪. જુઓ!

**अष्टावनिष्टदुस्तरदुरितायतनान्यमूनि परिवर्ज्य।**
**जिनधर्मदेशनाया भवन्ति पात्राणि शुद्धधियः।।७४।।**

એ આઠ કેવા છે? આ માંસ, દારૂ, મધ અને પાંચ ઉદુંબર ફળ જેમાં ત્રસ જીવ, ત્રસ જીવ હોય ત્રસ. વડના ટેટા, પીપરની પીપરી વગેરે વગેરે. એ **'દુઃખદાયક (છે), દુસ્તર (છે) અને પાપનું સ્થાન એવા આઠ પદાર્થોનો પરિત્યાગ કરીને નિર્મળ બુદ્ધિવાળા પુરુષ જૈનધર્મના ઉપદેશને પાત્ર થાય છે.'** જુઓ! સમજ્યા?

આઠ એ તો સાધારણ વાત છે. એમાં શું છે? એમાં થયું શું પણ? એ તો અનંતવાર છોડ્યું છે. અભવી છોડે છે, એમાં થયું શું? વિશેષ શું થયું? દારૂ, માંસ છોડ્યા એમાં શું થયું? એ તો સ્થૂળ વાત છે. દારૂ, માંસ અને આઠ છોડે ત્યારે એ હજી સાંભળવાને પાત્ર થાય. અહીં તો વિરતીનું વ્યાખ્યાન છે એટલે..

મુમુક્ષુ :– આ કાંઈ દેશવિરતી નથી છોડ્યા, આ તો સામાન્ય ગૃહસ્થ હોય છે ને...

ઉત્તર :– આ તો એની વાત છે આ પહેલી. ૭૪માં એ છે. પણ અહીં જે અત્યારે આપણે ચાલે છે એ દેશવિરતીનું ચાલે છે.

મુમુક્ષુ :– સામાન્ય ગૃહસ્થને આવું હોય..

ઉત્તર :– સામાન્ય ગૃહસ્થ... ત્યાગ ન હોય, સમ્યગ્દર્શન ન હોય તોપણ સમ્યગ્દર્શનની ચીજને સાંભળવાને લાયક માટે, એને આવા આઠ બોલ હોય નહિ. સમજાણું કાંઈ? અહીં ચાલે છે આ બધું દેશવિરતીનું પણ એમાં આ એક થોડો વચ્ચે મુકી દીધો છે. કે, ભાઈ! દેશવિરતીને પાંચમાંવાળાને જ આ હોય એમ એકાંત નથી. એ તો વ્રતપૂર્વક હોય છે, પ્રત્યાખ્યાનપૂર્વક એને હોય છે. ભાનપૂર્વક જ્ઞાનની એકાગ્રતાપૂર્વક રાગનો અભાવ અને બાહ્યનો ત્યાગ હોય છે. પણ આટલો ત્યાગ જેને નથી, માંસ, દારૂ, મધ અને પાંચ ઉદુંબર ફળ, ઉમરના ફળ, વડાના ટેટા, પીપરની પીપડીઓ, આ અંજીર, બહુ અંજીર આવે છે ને? અંજીર. એ તો બહુ ત્રસ છે એ ખાવાની એને બુદ્ધિ હોય તો ઘણી બુદ્ધિ ભ્રષ્ટ છે. એ વીતરાગનો

www.vitragvani.com



અરાગી માર્ગ સાંભળવાને કઠણ પડશે, નહિ સાંભળી શકે. તીવ્ર રાગી પ્રાણી જે છે, તદ્દન તીવ્ર રાગી, પરમાં એકાકાર આવા ત્રસ ખાવાના, એને વીતરાગ માર્ગ તદ્દન રાગ વિનાની ચીજ સાંભળવાને એ પાત્ર નહિ થાય, એમ કહે છે. એટલું તો પહેલા સાધારણ જોઈએ. સમજાણું કાંઈ? એ ૭૪માં કહ્યું છે. અહીં દેશવિરતી છે એ સમ્મુચય વાત લીધી છે. હવે એની વ્યાખ્યા કરે છે ૬૨ ગાથા.

## ગાથા–૬૨

ત્યાં પ્રથમ જ મદ્યના દોષ કહે છે :–

मद्यं मोहयति मनो मोहितचित्तस्तु विस्मरति धर्मम्।
विस्मृतधर्मा जीवो हिंसामविशङ्कमाचरति।।६२।।

અન્વયાર્થ :– [ मद्यं ] દારૂ [ मनो मोहयति ] મનને મોહિત કરે છે, અને [ मोहितचित्तः ] મોહિત ચિત્ત પુરુષ [ तु ] તો [ धर्मम् ] ધર્મને [ विस्मरति ] ભૂલી જાય છે તથા [ विस्मृतधर्मा ] ધર્મને ભૂલી ગયેલો [ जीवः ] જીવ [ अविशङ्कम् ] નીડર થઈને બેધડક [ हिंसाम् ] હિંસા [ आचरति ] આચરે છે.

ટીકા :– 'मद्यं मन मोहयति' - મદિરા મનને મોહિત કરે છે. મદિરા પીધા પછી કાંઈ ખબર રહેતી નથી. 'तु मोहितचित्तः धर्मं विस्मरति' - અને મોહિત ચિત્તવાળો મનુષ્ય ધર્મને ભૂલી જાય છે. ખબર વિના ધર્મને કોણ સંભાળે? 'विस्मृतधर्मा जीवः अविशङ्कम् हिंसाम् आचरति' - ધર્મને ભૂલેલો જીવ નિઃશંકપણે હિંસા આચરે છે. ધર્મની ખબર ન હોવાથી હિંસા કરવામાં ડર શેનો હોય? માટે મદિરા હિંસાનું પરંપરા કારણ છે. ૬૨.

---

मद्यं मोहयति मनो मोहितचित्तस्तु विस्मरति धर्मम्।
विस्मृतधर्मा जीवो हिंसामविशङ्कमाचरति।।६२।।

**અન્વયાર્થ :– 'દારૂ મનને મોહિત કરે છે,...'** દારૂ પીનારના મનનો ભાવ જ મોહિત છે માટે દારૂનો ત્યાગ કરવો જોઈએ. **'મોહિત ચિત્ત પુરુષ ધર્મને ભૂલી જાય છે...'** અહીં તો ત્યાં સુધી લઈ લીધું. જોયું? ધર્મ, ધર્મ શું એ ભૂલી જાય, ભાન વિનાના પાગલ થઈ જાય ગાંડા, ઘેલછા દારૂ પીવે. **'મોહિત ચિત્ત પુરુષ તો ધર્મને ભૂલી જાય છે...'** જોયું? અહીંથી

www.vitragvani.com



લીધું. એ તો ત્યાગ સમજાવવો હોય ત્યારે મૂળ બધું સમજાવે કે નહિ? **'તથા ધર્મને ભૂલી ગયેલો જીવ નીડર થઈને બેધડક હિંસા આચરે છે.'** દારૂ પીનારા, એને પછી કાંઈ ડર રહેતો નથી. કાંઈ ભાન વિના ગમે તેની હિંસા કરે.

**ટીકા :– ''मद्यं मनः मोहयति' - મદિરા મનને મોહિત કરે છે.'** પરમાં સાવધાનીની મહા મૂંઝવણ ઊભી કરે છે. **'મદિરા પીધા પછી કાંઈ ખબર રહેતી નથી.'** દારૂ પીવે એને કાંઈ ભાન નથી. **'અને મોહિત ચિત્તવાળો મનુષ્ય ધર્મને ભૂલી જાય છે. ખબર વિના ધર્મને કોણ સંભાળે?'** ખબર નથી એને આત્માનું જ્ઞાન અને આનંદ શું છે એને સંભાળે કોણ? માટે દારૂનો ત્યાગ પહેલો જ હોવો જોઈએ.

**'ધર્મને ભૂલેલો જીવ નિઃશંકપણે હિંસા આચરે છે.'** લ્યો! સમજાણું? **'अविशङ्कम्'** વસ્તુનું જ્યાં ભાન જ રહેતું નથી કે, હું આત્મા, જ્ઞાન, આનંદ શું છું? એની ખબર નથી. દારૂના પીધેલા, ભૂલેલા, ભ્રમણામાં પડેલા એ નિઃશંકપણે હિંસા આચરે છે. **'ધર્મની ખબર ન હોવાથી હિંસા કરવામાં ડર શેનો હોય?'** પછી હિંસા ગમે તેની કરે. **'માટે મદિરા હિંસાનું પરંપરા કારણ છે.'** મદિરા હિંસાનું પરંપરા, પહેલું પરંપરા કારણ સિદ્ધ કરે છે, પછી સાક્ષાત્ કારણ બતાવશે. મદિરા તો અત્યારે પહેલું પરંપરા કારણ સિદ્ધ કરે છે. સાક્ષાત્ મદિરા પીતા જ પાપ છે સીધું. પેલું તો પરંપરાએ એનું આમ થાય, આમ થાય, આમ થાય એમ કરીને વ્યવહારની વાત પહેલી કરી. સમજાણું?

## ગાથા–૬૩

**આગળ મદિરાને હિંસાનું સાક્ષાત્ કારણ કહે છે :–**

**रसजानां बहूनां जीवानां योनिरिष्यते मद्यम्।**
**मद्यं भजतां तेषां हिंसा संजायतेऽवश्यम्।।६३।।**

**અન્વયાર્થ :– [ च ] અને [ मद्यं ] મદિરા [ बहूनां ] ઘણા [ रसजानां जीवानां ] રસથી ઉત્પન્ન થયેલા જીવોનું [ योनिः ] ઉત્પત્તિસ્થાન [ इष्यते ] માનવામાં આવે છે. તેથી જે [ मद्यं ] મદિરાનું [ भजतां ] સેવન કરે છે તેને [ तेषां ] તે જીવોની [ हिंसा ] હિંસા [ अवश्यम् ] અવશ્ય જ [ संजायते ] થાય છે.**

**ટીકા :– 'च मद्यं रसजानां जीवानां बहूनां योनिः इष्यते' - મદિરા રસથી ઉત્પન્ન થયેલા ઘણા એકેન્દ્રિયાદિ જીવોનું ઉત્પત્તિસ્થાન છે તેથી 'मद्यं भजतां तेषां हिंसा अवश्यं**

www.vitragvani.com



**संजायते' - જે મદિરાપાન કરે છે તેમને તે મદિરાના જીવોની હિંસા અવશ્યમેવ થાય છે. મદિરામાં જીવ ઊપજ્યા હતા તે બધાને આ પી ગયો તો હિંસા કેમ ન થાય? ૬૩.**

---

**'આગળ મદિરાને હિંસાનું સાક્ષાત્ કારણ કહે છે :–'**

**रसजानां बहूनां जीवानां योनिरिष्यते मद्यम्।**
**मद्यं भजतां तेषां हिंसा संजायतेऽवश्यम्।।६३।।**

**'અને મદિરા ઘણા રસથી ઉત્પન્ન થયેલા જીવોનું...'** ઘણા રસથી ઉત્પન્ન થયેલા જીવોનું. **'रसजानां'** રસ છે ને એ? **'ઉત્પત્તિસ્થાન માનવામાં આવે છે.'** એમાં ઘણા જીવોની ઉત્પત્તિની યોનિ છે એ તો. **'તેથી જે મદિરાનું સેવન કરે છે તેને તે જીવોની હિંસા અવશ્ય જ થાય છે.'** મદિરા પીનારને મદિરામાં જે જીવો છે તે જરૂર પી જાય અને મારી નાખે છે. સાક્ષાત્ પાપ મદિરા પીવાનું છે. પેલું પરંપરા બતાવ્યું.

**'મદિરા રસથી ઉત્પન્ન થયેલા ઘણા એકેન્દ્રિયાદિ જીવોનું ઉત્પત્તિસ્થાન છે...'** દારૂનો સડો કરે ને? કેટલા જીવ ઉત્પન્ન થાય. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ઇયળ, કીડીઓ. **'તેથી જે મદિરાપાન કરે છે તેમને તે મદિરાના જીવોની હિંસા અવશ્યમેવ થાય છે. મદિરામાં જીવ ઊપજ્યા હતા તે બધાને આ પી ગયો...'** મદિરા–દારૂ. જેટલા જીવ હતા (એ બધાને પી ગયો) તો **'હિંસા કેમ ન થાય?'** સાક્ષાત્ મદિરા પીતા બધા મરી ગયા, એ પાપી પાપનો ભાગી છે.

## ગાથા–૬૪

**આગળ મદિરામાં ભાવિત હિંસા બતાવે છે :–**

**अभिमानभयजुगुप्साहास्यारतिशोककामकोपाद्याः।**
**हिंसायाः पर्यायाः सर्वेऽपि च सरकसन्निहिताः।।६४।।**

**અન્વયાર્થ :– [ च ] અને [ अभिमानभयजुगुप्साहास्यारतिशोककामकोपाद्याः ] અભિમાન, ભય, ગ્લાનિ, હાસ્ય, અરતિ, શોક, કામ, ક્રોધાદિ [ हिंसायाः ] હિંસાના [ पर्यायाः ] ભેદ છે અને [ सर्वेऽपि ] આ બધા જ [ सरकसन्निहिताः ] મદિરાના નિકટવર્તી છે.**

ટીકા :– **'च अभिमानभयजुगुप्सा हास्य अरति शोक काम कोपाद्याः हिंसायाः पर्यायाः**

www.vitragvani.com



**सर्वे अपी सरकसन्निहिताः' - વળી અભિમાન, ભય, જુગુપ્સા, હાસ્ય, અરતિ, શોક, કામ, ક્રોધાદિ જેટલા હિંસાના ભેદ છે તે બધા જ મદિરાના નિકટવર્તી છે. એક મદિરાપાન કરવાથી તે બધા તીવ્રપણે એવા પ્રગટ થાય છે કે માતા સાથે પણ કામક્રીડા કરવા તૈયાર થઈ જાય છે. અભિમાનાદિના લક્ષણ પૂર્વે વર્ણવ્યા છે. આમ મદિરાનો પ્રત્યક્ષ દોષ જાણી મદિરાનો ત્યાગ કરવો. બીજી માદક-નશાવાળી વસ્તુઓ છે તેમાં પણ હિંસાના ભેદ પ્રગટ થાય છે માટે તેમનો પણ ત્યાગ કરવો. ૬૪.**

---

**'આગળ મદિરામાં ભાવિત હિંસા બતાવે છે :–'** ભાવરૂપ હિંસા. ભાવરૂપ વર્તમાન ભાવ.

अभिमानभयजुगुप्साहास्यारतिशोककामकोपाद्याः।
हिंसायाः पर्यायाः सर्वेऽपि च सरकसन्निहिताः।।६४।।

**'મદિરાના નિકટવર્તી છે.' 'सरकटसन्निहिताः'** એની **ટીકા :– 'વળી અભિમાન,...'** જુઓ! દારૂ પીનારને અભિમાન હોય છે. એ અભિમાનને દારૂ પીધેલાની ઉપમા આપે છે. **'ભય,...'** એ બધા મદિરાના નિકટવર્તી ભાવ છે. ભય... ભય. **'જુગુપ્સા,...'** બીજાની દુગંછા કરે. **'હાસ્ય,...'** ખડખડખડખડ હસે. **'અરતિ, શોક, કામ, (વાસના), ક્રોધાદિ, (લોભ), જેટલા હિંસાના ભેદ છે તે બધા જ મદિરાના નિકટવર્તી છે.'** મદિરા પીનારને, દારૂ પીનારને તરત આવા બધા ભાવ ઉત્પન્ન થાય છે. **'એક મદિરાપાન કરવાથી તે બધા તીવ્રપણે એવા પ્રગટ થાય છે કે માતા સાથે પણ કામક્રીડા કરવા તૈયાર થઈ જાય છે.'** ભાન ન મળે દારૂ પીધેલાને પછી એની ખબર રહેતી નથી.

**'અભિમાનાદિના લક્ષણ પૂર્વે વર્ણવ્યા છે.'** પહેલું આવી ગયું છે. હિંસાનું લક્ષણ જ્યાં વર્ણવ્યું હતું ને? એ બધા હિંસાના પર્યાય છે. ક્રોધ, માન, માયા, લોભ, અભિમાન, હિંસાની ભાવ દશા છે. ભાવ હિંસા છે. એ ભાવ હિંસાની વ્યાખ્યા છે ને આ? મદિરા પીનારને આવા ભાવહિંસાના ભાવો બધા ઉત્પન્ન થાય છે. **'આમ મદિરાનો પ્રત્યક્ષ દોષ જાણી મદિરાનો ત્યાગ કરવો. બીજી માદક-નશાવાળી વસ્તુઓ છે તેમાં પણ હિંસાના ભેદ પ્રગટ થાય છે...'** મદિરા સિવાય એવી ચીજ થાય છે ને આ ચરસ, ગાંજો. એવી આકરી ચીજ હોય છે ને? મગજ ફાટી જાય. આ ચરસ, ચરસ એક આવે છે. પીનારનું મગજ પણ આમ,.. ગાંજો પીવે છે મોટો. મગજ પેલું થઈ જાય. **'માદક-નશાવાળી વસ્તુઓ છે તેમાં પણ હિંસાના ભેદ પ્રગટ થાય છે...'** એમાં એ રાગ, દ્વેષ, અભિમાન બધું પ્રગટ થાય છે. **'માટે તેમનો પણ ત્યાગ કરવો.'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૬૫

આગળ માંસના દોષ બતાવે છે :–

न विना प्राणिविघातान्मांसस्योत्पत्तिरिष्यते यस्मात्।
मांसं भजतस्तस्मात् प्रसरत्यनिवारिता हिंसा।।६५।।

અન્વયાર્થ :– [ यस्मात् ] કારણ કે [ प्राणिविघातात् विना ] પ્રાણીઓના ઘાત વિના [ मांसस्य ] માંસની [ उत्पत्तिः ] ઉત્પત્તિ [ न इष्यते ] માની શકાતી નથી [ तस्मात् ] તે કારણે [ मांसं भजतः ] માંસભક્ષી પુરુષને [ अनिवारिता ] અનિવાર્ય [ हिंसा ] હિંસા [ प्रसरति ] ફેલાય છે.

ટીકા :– 'यस्मात् प्राणिविघातात् विना मांसस्य उत्पत्तिः न इष्यते' - પ્રાણીઓના જીવના ઘાત વિના માંસની ઉત્પત્તિ દેખાતી નથી. માંસ [બે ઇન્દ્રિય આદિ] જીવના શરીરમાં હોય છે, બીજી જગ્યાએ નહિ. તેથી તેનો ઘાત કરતાં જ માંસ મળે છે. 'तस्मात् मांसं भजतः अनिवारिता हिंसा प्रसरति' - માટે માંસ ખાનારને હિંસા કેવી રીતે ન થાય? તે હિંસા કરે જ કરે. ૬૫.

---

**'આગળ માંસના દોષ બતાવે છે :–'** માંસ. માંસ ન ખાવું જોઈએ.

न विना प्राणिविघातान्मांसस्योत्पत्तिरिष्यते यस्मात्।
मांसं भजतस्तस्मात् प्रसरत्यनिवारिता हिंसा।।६५।।

**ટીકા :– 'પ્રાણીઓના જીવના ઘાત વિના માંસની ઉત્પત્તિ દેખાતી નથી...'** શું કહે છે? માંસ ક્યાંથી આવે? પ્રાણીના જીવનો ઘાત કરે ત્યારે માંસ થાય. માંસ કાંઈ અધ્ધરથી આવતું નથી. **'પ્રાણીઓના જીવના ઘાત વિના...'** ભાષા તો એમ જ કહેવાય ને! જીવ મારે ને? માંસ લેવા માટે શરીર ને જીવ જુદો કરે. **'જીવના ઘાત વિના માંસની ઉત્પત્તિ દેખાતી નથી.'** અહીં તો માંસ ક્યાંથી થાય છે એ બતાવે છે. સમજાય છે? **'માંસ (બે ઇન્દ્રિય આદિ) જીવના શરીરમાં હોય છે,...'** લ્યો! એકેન્દ્રિયમાં નહિ. એકેન્દ્રિયમાં માંસ (ન હોય), એકેન્દ્રિયના શરીરને માંસ હોતું નથી. પૃથ્વી, પાણી, અગ્નિ વાયુને માંસ હોતું નથી. માંસ તો બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચઉઇન્દ્રિય, પંચેન્દ્રિય એમાં માંસ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**'બીજી જગ્યાએ નહિ. તેથી તેનો ઘાત કરતા જ માંસ મળે છે.'** લ્યો! જીવનો ઘાત કર્યા વિના માંસ મળતું નથી. **'માટે માંસ ખાનારને હિંસા કેવી રીતે ન થાય? તે હિંસા કરે જ કરે.'** રાત્રે તો આવ્યું હતું. રાત્રિ ભોજન કરનારને માંસનો દોષ લાગે છે. આવ્યું હતું. રાત્રે તો આવ્યું હતું. રાત્રી ભોજન કરનારને માંસનો દોષ લાગે. કારણ કે રાત્રીમાં એ પાણીમાં ખીચડી, કઢી, શાક ત્રસ જીવ પડે તો એ માંસ ખાય છે. ત્યાં તો વળી બહુ આવ્યું, સંકલ્પી હિંસાનું કહ્યું. રાત્રી ભોજન કરનાર સંકલ્પી હિંસા કરે છે. આવ્યું હતું, નહિ? નિબંધન રત્નાવલી સંકલ્પી હિંસા છે. રાત્રી ભોજન કરે, પાણી, આહાર, દૂધ એમાં જીવ પડે, ત્રસ મરે. ત્રસ માંસ છે, માંસનો ખોરાક ખાય છે.

મુમુક્ષુ :- બહુ સાવચેતી રાખે અને ન મરે તો.

ઉત્તર :- સાવધાની કરે તો પણ મર્યા વિના રહે નહિ. ત્યાં સાવધાની શું કરે? દીવો, દીવાનો પ્રકાશ છે એમાં ઘણી જીવાત હોય છે. ત્રસ-ત્રસની વાત આવી હતી. રાત્રી ભોજનમાં ત્રસની હિંસા માંસનો ખોરાક છે, એ માંસનો. રાત્રી ભોજનનો ત્યાગ તો પહેલેથી હોવો જોઈએ એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અત્યારે ઇલેક્ટ્રિક લાઈટ હોય છે.

ઉત્તર :- ત્યાં ઇલેક્ટ્રિક લાઈટ કામ ન આવે. ઇલેક્ટ્રિકમાં તો એકલી જીવાત હોય. એમાં પણ જીવાત હોય. ઘણી જીવાત. અને સૂર્ય જેવો એટલો પ્રકાશ ન હોય એમાં, દેખાય નહિ. ગમે એવી હોય નહિ. આવો જે પ્રકાશ એવો પ્રકાશ ન હોય. ઝીણી જીવાત, કંથવા, ઉડકણા જીણા કઢીમાં, ખીચડીમાં, શાકમાં, રોટલી ઉની ઉનીમાં, ઢેબરામાં જે હોય એમાં પડે. માટે રાત્રી ભોજનમાં માંસનો દોષ લાગે છે. માટે આત્માર્થીએ રાત્રે ભોજન ન કરવું. એવું લખ્યું છે, હોં! રાત્રે આવ્યું હતું. સમજાણું?

**'કેવી રીતે ન થાય? તે હિંસા કરે જ કરે.'** ત્રસ મરે એમાં એ છે. ઘણા જીવ મરે. પાણી પડ્યું એમાં મરે, પેલામાં મરે, બધામાં. પાણી પીતો પીતો ત્યાં ઉડકણા જીવ આવીને એમાં અડે. ત્યાં ક્યાં દેખાય ઝીણા? ત્યારે કોઈ કહે કે, મરી ગયેલા તૈયાર હોય એને ખાવામાં શું વાંધો? મારીએ નહિ. ખુલાસો કરે ને, ખુલાસો. વ્યવહારનો અધિકાર છે. આગળ કોઈ કહે છે કે, પોતે જીવને ન મારે, તો દોષ નથી તેને કહે છે. આપણે મારીએ નહિ. બળદ અને ગાયનું, ભેંસનું તૈયાર મળે એમાં શું દોષ છે? એમ કહે છે. અરે..! બધો એમાં દોષ છે, મહા પાપ છે. અત્યારે તો જુઓને! આ બધું કોડલિવર આ બધું થાય (છે). ભ્રષ્ટવાળું બધું. કોડલિવર લાવે છે ને? પેલું માછલીનું તેલ.

મુમુક્ષુ :- કોડલિવર ઓઈલ.

ઉત્તર :- હા, કેટલાક તો ઈંડા એ માંસ જ નથી એમ કહે છે. ઈંડા એ કાંઈ નથી. ભ્રષ્ટવેડા... ભ્રષ્ટવેડા છે એ. જુવાનીયાને ધર્મની દરકાર ન મળે અને જ્યાં જાય ત્યાં એવું

www.vitragvani.com



હોય તો એને કાંઈ ચલાવી લે, ચલાવી લે. મહા માંસ ને માંસનો દોષ છે મોટો. માંસનું પ્રાણી તો નરકગામી છે એ. આમ અત્યારે એને ન લાગે. એના પાપમાં (ફળ) આકરા છે, ભાઈ! સમજાણું?

## ગાથા–૬૬

**આગળ કોઈ કહે છે કે પોતે જીવને ન મારે તો દોષ નથી તેને કહે છે :–**

**यद्यपि किल भवति मांसं स्वयमेव मृतस्य महिषवृषभादेः।**
**तत्रापि भवति हिंसा तदाश्रितनिगोतनिर्मथनात्।।६६।।**

**અન્વયાર્થ :– [ यद्यपि ] જોકે [ किल ] એ સાચું છે કે [ स्वयमेव ] પોતાની મેળે જ [ मृतस्य ] મરેલા [ महिषवृषभादेः ] ભેંસ, બળદાદિનું [ मांसं ] માંસ [ भवति ] હોય છે પણ [ तत्रापि ] ત્યાંયે પણ અર્થાત્ તે માંસના ભક્ષણમાં પણ [ तदाश्रितनिगोतनिर्मथनात् ] તે માંસને આશ્રયે રહેતા તે જ જાતિના નિગોદ જીવોના મંથનથી [ हिंसा ] હિંસા [ भवति ] થાય છે.**

**ટીકા :– 'यद्यपि किल स्वयमेव मृतस्य महिषवृषभादेः मांसं भवित तत्र अपि हिंसा भवति' - જોકે પ્રગટપણે પોતાની મેળે મરણ પામેલા ભેંસ, બળદ વગેરે જીવોનું માંસ હોય છે તોપણ તે માંસભક્ષણમાં પણ હિંસા થાય છે. કેવી રીતે? તેના આશ્રયે, જે નિગોદરૂપ અનંતજીવો છે તેનો ઘાત કરવાથી હિંસા થાય છે. ૬૬.**

---

**यद्यपि किल भवति मांसं स्वयमेव मृतस्य महिषवृषभादेः।**
**तत्रापि भवति हिंसा तदाश्रितनिगोतनिर्मथनात्।।६६।।**

ટીકા :– '**જોકે પ્રગટપણે પોતાની મેળે મરણ પામેલા ભેંસ, બળદ વગેરે...**' પાઠ છે ને? '**महिषवृषभादेः**' ભેંસ મરી ગઈ હોય એની મેળાએ, બળદ મરી ગયો હોય, વાછડો મરી ગયો હોય વગેરે. કુતરા મરી ગયા હોય, કુતરાનું માંસ ખાય, મરી ગયેલાનું ખાય કેટલાક. '**વગેરે જીવોનું માંસ હોય છે તોપણ તે માંસભક્ષણમાં પણ હિંસા થાય છે. કેવી રીતે? તેના આશ્રયે, જે નિગોદરૂપ અનંતજીવો છે...**' સમજ્યા ને? ભાષા નિગોદ છે. નિગોદના જીવ. કોઈ ઠેકાણે સંમુર્છન કહે છે પણ સંમુર્છન અનંત હોય નહિ, ત્રસ હોય એ અનંતજીવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોય નહિ. અનંત હોય ત્યાં સ્થાવર વિના અનંત હોય શકે નહિ. કોઈ ઠેકાણે સંમુર્છનમાં એવો અર્થ કરે છે. પણ એ સંમુર્છન ત્રસ ન લેવા. સમજાણું?

ગમે તે અંદરથી નિગોદ થાય, બીજું શું? નિગોદના જીવો મંથનથી હિંસા થાય છે. **'તેના આશ્રયે, જે નિગોદરૂપ અનંતજીવો તેનો ઘાત કરવાથી હિંસા થાય છે.'** એ જાતના તદ્‌વરણા જીવો ઉત્પન્ન થતાં હશે એમાં. સમજ્યાને?

## ગાથા-૬૭

આગળ માંસમાં નિગોદની ઉત્પત્તિ કહે છે :–

**आमास्वपि पक्वास्वपि विपच्यमानासु मांसपेशीषु।**
**सातत्येनोत्पादस्तज्जातीनां निगोतानाम्।।६७।।**

અન્વયાર્થ :– [ आमासु ] કાચી [ पक्वासु ] પાકી [ अपि ] તથા [ विपच्यमानासु ] રંધાતી [ अपि ] પણ [ मांसपेशीषु ] માંસપેશીઓમાં [ तज्जातीनां ] તે જ જાતિના [ निगोतानाम् ] સમ્મૂર્છન જીવોનો [ सातत्येन ] નિરંતર [ उत्पादः ] ઉત્પાદ થયા કરે છે.

ટીકા :– 'आमास्वपि, पक्वास्वपि, विपच्यमानासु मांसपेशीषु तज्जातीनां निगोतानां सातत्येन उत्पादः अस्ति' - કાચા, અગ્નિથી રંધાયેલા, અથવા રંધાતા હોય તેવા સર્વ માંસના ટુકડાઓમાં તે જ જાતિના નિગોદના અનંતજીવોનું સમયે સમયે નિરંતર ઊપજવું થાય છે. સર્વ અવસ્થાઓમાં માંસના ટુકડામાં નિરંતર તેવા જ માંસ જેવા નવા નવા અનંતજીવ ઊપજે છે. ૬૭.

---

'આગળ માંસમાં નિગોદની ઉત્પત્તિ કહે છે :–'

**आमास्वपि पक्वास्वपि विपच्यमानासु मांसपेशीषु।**
**सातत्येनोत्पादस्तज्जातीनां निगोतानाम्।।६७।।**

**'કાચા,...'** કાચું માંસ હોય તોપણ એમાં અનંત નિગોદના જીવ છે. કાચું માંસ સીધુ. **'અગ્નિથી રંધાયેલા,...'** એમાં પણ અનંતજીવ છે. એ પાકુ રાંધેલું. **'અથવા રંધાતા હોય તેવા...'** એ રાંધવા કાળે પણ ત્યાં અનંતાજીવ (છે). અગ્નિમાં માંસ શેકાતું હોય ત્યાં પણ

www.vitragvani.com



અનંતાજીવ છે. રાંધવા વખતે અગ્નિમાં, હોં! **'તેવા સર્વ માંસના ટુકડાઓમાં...'** કાચો માંસનો ટુકડો હો, રંધાયેલો હો કે રાંધતા હો, બધા ટુકડામાં **'તે જ જાતિના નિગોદના અનંતજીવોનું...'** તે જાતિના નિગોદના અનંતજીવોનું... એમ કહે છે. સમજ્યા ને? **'સમયે સમયે નિરંતર ઊપજવું થાય છે.'** ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ, એમાં જોયું છે કે એમાં અનંતાજીવો ઊપજે છે.

**'સર્વ અવસ્થાઓમાં માંસના ટુકડામાં નિરંતર તેવા જ માંસ જેવા નવા નવા અનંતજીવ ઊપજે છે.'** માંસ જેવા કીધા છે તેવા વર્ણવ્યા. પણ મૂળ નિગોદની જાત પછી અનંત છે. સંમુર્છન હોય તો અસંખ્ય ઊપજે. તેવા વર્ણ અને તેવા...

નિગોત શબ્દ છે. નિગોત એટલે એનો અર્થ કોઈ બીજો કરે છે. નિગોદ એમ નથી. એમ કોઈ કરે છે ક્યાંક, એવું સાંભળ્યું હતું. સંમુર્છન કરે છે ક્યાંક. આમાં કરે છે. કર્યા છે ને? ઘણા તો સંમુર્છન ત્રસ જાણે તે.

સર્વ અવસ્થાઓમાં માંસનો ટુકડો નાનો આટલો હો, રાંધેલો હો કે રંધાતો હો કે કાચો હો, એ અનંતાજીવોનું સ્થાન છે. માટે આત્માર્થીએ માંસને અડવું નહિ. અડવું નહિ એમ કહેશે. અડવું નહિ સમજો છો? છુતા નહિ. છુના નહિ. ખાવું તો નહિ પણ એને અડવું નહિ. માંસનો ટૂકડો પડ્યો હોય તો એને અડવું નહિ. એમાં અનંતાજીવો છે. આ માંસનું આવે છે ને? સમડી હાડકાના લાવીને ન્યાં પડ્યા હોય ને.

## ગાથા–૬૮

**આગળ માંસથી હિંસા થાય છે એમ પ્રગટ કરે છે :–**

**आमां वा पक्वां वा खादति यः स्पृशति वा पिशितपेशीम्।**
**स निहन्ति सततनिचितं पिण्डं बहुजीवकोटीनाम्।।६८।।**

**અન્વયાર્થ :– [ यः ] જે જીવ [ आमां ] કાચી [ वा ] અથવા [ पक्वां ] અગ્નિમાં પાકેલી [ पिशितपेशीम् ] માંસની પેશીનું [ खादति ] ભક્ષણ કરે છે [ वा ] અથવા [ स्पृशति ] અડે છે [ सः ] તે પુરુષ [ सततनिचितं ] નિરંતર એકઠા થયેલા [ बहुजीवकोटीनाम् ] અનેક જાતિના જીવસમૂહના [ पिण्डः ] પિંડને [ निहन्ति ] હણે છે.**

**ટીકા :– 'यः आमां वा पक्वां पिशितपेशीम् खादति वा स्पृशति सः सततनिचितं बहुजीवकोटीनां पिण्डं निहन्ति' - જે જીવ કાચા કે અગ્નિમાં પકાવેલા માંસના ટુકડાનું ભક્ષણ કરે છે અથવા હાથ વગેરેથી અડે પણ છે તે જીવ નિરંતર જેમાં અનેક જાતિના જીવો**

www.vitragvani.com



**એકઠા થયા હતા તેવા પિંડને હણે છે.**

**માંસમાં તો નિરંતર જીવ ઊપજી એકઠા થયા હતા. આણે તે માંસનું ભક્ષણ કર્યું અથવા સ્પર્શ કર્યો તેથી તે જીવોની પરમ હિંસા ઊપજી, માટે માંસનો ત્યાગ અવશ્ય કરવો. બીજી પણ જે વસ્તુઓમાં ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે તે બધી વસ્તુ ત્યાગવા યોગ્ય છે. ૬૮.**

---

**'આગળ માંસથી હિંસા થાય છે એમ પ્રગટ કરે છે :–'**

**आमां वा पक्वां वा खादति यः स्पृशति वा पिशितपेशीम्।**
**स निहन्ति सततनिचितं पिण्डं बहुजीवकोटीनाम्।।६८।।**

**ટીકા :– 'જે જીવ કાચા કે અગ્નિમાં પકાવેલા માંસના ટુકડાનું...'** કોઈ પણ આત્મા એ કાચા માંસનો ટુકડો કે અગ્નિમાં પકાવેલો, રાંધેલો ટુકડો, એનું **'ભક્ષણ કરે છે અથવા હાથ વગેરેથી અડે...'** છે ને? હાથ ત્યાં સ્પર્શે. **'તે જીવ નિરંતર જેમાં અનેક જાતિના જીવો એકઠા થયા હતા તેવા પિંડને હણે છે.'** સમજાણું? અહીં ત્રસ હિંસાના ત્યાગની વાત છે ને? શ્રાવકને પંચમગુણસ્થાનમાં એવા ત્રસ હિંસાનો ત્યાગ હોય છે. શ્રાવકને પાંચમેગુણસ્થાને એકેન્દ્રિયનો ત્યાગ હજી ન હોય પણ ત્રસ હિંસાનો ત્યાગ હોય. એ ત્રસ હિંસામાં આનું વર્ણન કરવામાં આવ્યું છે.

**'માંસમાં તો નિરંતર જીવ ઊપજી એકઠા થયા હતા. આણે તે માંસનું ભક્ષણ કર્યું અથવા સ્પર્શ કર્યો તેથી તે જીવોની પરમ હિંસા ઊપજી, માટે માંસનો ત્યાગ અવશ્ય કરવો. બીજી પણ જે વસ્તુઓમાં ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે...'** ત્રસની ઉત્પત્તિ (થતી હોય). આ ઘણા દિવસનો લોટ હોય, આ શું કહેવાય? સમજ્યા ને? આ શું કહેવાય એ? મેંદો. ઘઉંનો મેંદો હોય છે ને? ઘઉંનો લોટ ઝીણો ઘણા દિ'નો. ઘણા ત્રસ જીવો હોય, મેંદાની પૂરી કરે છે ને? મેંદો. ત્રસ જીવની ઉત્પત્તિ હોય, માંસ. વૃત્તિએ એ ખોરાક ખાવો નહિ, છોડી દેવો. એટલો તો ત્યાગ એને હોય જ. સાધારણ ત્યાગ હોય અહીં તો કહે છે. જૈન ધર્મ સાંભળવા માટે પણ એટલી તીવ્ર માંસ ખાવાની વૃત્તિનો ત્યાગ નથી એને તદ્દન અરાગની વાત, રાગ વિનાની વાત સાંભળવી મુશ્કેલ પડશે. સાંભળી નહિ શકે. સમજાણું?

**'માટે માંસનો ત્યાગ અવશ્ય કરવો. બીજી પણ જે વસ્તુઓમાં ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે તે બધી વસ્તુ ત્યાગવા યોગ્ય છે.'** લ્યો! એ મેંદો, આ જલેબી, એમાં સડો થાય છે ને? આ કપડામાં, કપડા જેમાં નાખે. પેલું શું કહેવાય? ખેળ.. ખેળ. મિલમાં કાંજી (કરે). બહુ સડો (હોય). જીવાત... જીવાત... જીવાત... ઢગલા જીવના. ઇયળો, કચરઘાણ કપડા. આર નાખે. આર કહેવાય છે અમારે. કપડામાં આર નાખે ને? મજબૂત નવું બનાવવા. બહું જીવાત હોય છે. સડો નાખે. બબ્બે મહિના, ત્રણ ત્રણ મહિના રાખે. સડો (કરે). એકલા

www.vitragvani.com



ત્રસ, ઈયળો. પૈસાના લોભી એને પણ... 'મલૂપચંદભાઈ'! કાલ થોડું યાદ આવ્યું હતું. રાત્રે પૈસાનું આવ્યું ત્યારે તમે નહોતા. એ કહે, 'મલૂપચંદભાઈ'ને શું? 'રામજીભાઈ' કહે, એના છોકરાને... બાપ તો સાંભળે. **'તે બધી વસ્તુ ત્યાગવા યોગ્ય છે.'** જોયું? શું કીધું એ? સડો. સમજાણું?

મુમુક્ષુ :– અથાણા.

ઉત્તર :– અથાણા આ ગોળકેરીના. બાર બાર મહિનાના અથાણા બહુ સડેલા હોય, હોં! ગોળકેરીના અથાણા, ગુંદા, મુરબ્બા. આ મુરબ્બા–મુરબ્બા છ છ મહિના મુરબ્બા હોય ને? બાર બાર મહિના રાખે. એકલા ત્રસ પડ્યા હોય. એ ખોરાક હોય નહિ. ધર્મની જિજ્ઞાસાવંતને એ ખોરાક ન હોય. સમજાણું? બાર બાર મહિનાના મુરબ્બા સડી ગયેલા હોય. શેરડીના મુરબ્બા, કેરીના મુરબ્બા, આવે છે ને? સફરજનના મુરબ્બા.

મુમુક્ષુ :– પેક બંધ.

ઉત્તર :– પેક બંધ હોય તોપણ અંદર જીવ પેસી જાય. હમણા પ્રશ્ન આવ્યો હતો ત્યાંથી. પરદેશી રાજામાં આવે છે. પરદેશી રાજામાં. .. શ્વેતાંબરમાં. તમે જીવ માનો છો પણ લાવો એક કાચની બરણી હોય, એમાં જીવતો માણસ પૂરી દઈએ અને પછી બંધ કરી દઈએ. જીવ ક્યાં નીકળ્યો? તડ તો પડી નથી. કાચની બરણી હોય મોટી ચાર, પાંચ મણની લાંબી હોય. એમાં જીવતો નાખો અને પછી રેંણ દઈ દો, રેણ, ઉપર. રેણ સમજો છો? પેક કરી દ્યો, તો પેલો મરી જાય. જીવ જો એમાંથી નીકળ્યો હોય એમાંથી, પછી જુઓ તો મડદુ છે, જીવ જો હોય તો નીકળે તો કાચની તડ પડવી જોઈએ. તડ પડતી નથી માટે જીવ આમાં છે નહિ. લ્યો! બીજી બાજુ દાખલો આપ્યો છે કે મડદાને એમાં નાખો. એકે પણ ત્રસ ન હોય. બે મહિના, બે, ચાર દિ' આથણા રાખો ત્યાં જીવ અંદર ઉપજે છે. જો બહારથી જીવ આવ્યા હોય ત્યાં તડ પડીને અંદર ગરવા (ઘુસવા) જોઈએ ને?

એ પરદેશીમાં અધિકાર છે ને. હમણાં ક્યાંક લખાણમાં આવ્યું છે. પરદેશીના અધિકારમાં છે પણ બીજા એવું આપે છે કે આમ છે ને? ક્યાં એમાં જીવ નીકળ્યો? ક્યાં એમાં જીવ ગરી ગયો? ગર્યા હોય તો ક્યાંકથી કાચમાં તડ પડવી જોઈએને. પરમાણુ અનંતા સ્કંધ નીકળે તો તડ ન પડે તો વળી જીવ નીકળવામાં તડ પડે એ ક્યાંથી લાવ્યો તું? અનંતા પરમાણુના સ્કંધો આ શરીરના સોંસરવા અત્યારે નીકળી જાય છે. કહો, સમજાણું?

એમાં જીવ નથી. પહેલા જીવ બહારથી આવ્યા માટે જીવ નથી એમ નહિ. બહારથી ક્યાં આવ્યા? એ તો એ શરીર એ રીતે પરિણમે, જીવ ક્યાંથી આવ્યો? અંદર પેલી જીવાત પડે, તો તો કાચ તુટવો જોઈએ. મડદાને જીવતા નાખીને બહાર નીકળે તો કાચ તુટવો જોઈએ. એ પરદેશીરાજાના અધિકારે ... છે. (સંવત) ૧૯૮૯ની સાલમાં 'રાજકોટ'માં વ્યાખ્યાન ચાલ્યું હતું ને? 'પોપટભાઈ'! એના બધા પુસ્તક છપાણા. લીથો.. લીથો. બસો છાપ્યા હતા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરદેશી રાજાનો અધિકાર ચાલતો ત્યારે તે દિ' ત્રણ ત્રણ હજાર માણસ, બહુ માણસ આવતા હતા. કહો, સમજાણું આમાં? આહાહા!

તે નિરંતર અનેક જાતિના જીવો એકઠા થયા તેને મારે છે. લ્યો! ઠીક. માંસ તો આમ બીજી પણ જે વસ્તુમાં ઉત્પત્તિ થાય તે બધીનો ત્યાગ કરવો લ્યો! એવા માંસ, એવા માંસની ચીજો સાધારણ માણસને પણ, જેમાં ત્રસ હોય ત્રસ, એ ચીજ તો ખાવા લાયક છે જ નહિ. એટલી તીવ્રતા ગૃદ્ધિ છોડવાની વાત છે, હોં! વ્યવહારથી કથન તો એમ જ આવે ને. સમજાણું કાંઈ?

## ગાથા–૬૯

**આગળ મધના દોષ બતાવે છે :–**

**मधुशकलमपि प्रायो मधुकरहिंसात्मकं भवति लोके।**
**भजति मधु मूढधीको यः स भवति हिंसकोऽत्यन्तम्।।६९।।**

**અન્વયાર્થ :– [ लोके ] આ લોકમાં [ मधुशकलमपि ] મધનું એક ટીપું પણ [ प्रायः ] ઘણું કરીને [ मधुकरहिंसात्मकं ] માખીઓની હિંસારૂપ [ भवति ] હોય છે માટે [ यः ] જે [ मूढधीकः ] મૂર્ખબુદ્ધિ મનુષ્ય [ मधु भजति ] મધનું ભક્ષણ કરે છે [ सः ] તે [ अत्यन्तं हिंसकः ] અત્યંત હિંસા કરનાર થાય છે. ૬૯.**

**'આગળ મધના દોષ બતાવે છે :–'** પહેલા દારૂના કહ્યા, પછી માંસના કહ્યા, હવે મધ, મધ. એ આ મધ ખાય છે ને ઔષડમાં? ઔષડ સમજ્યા? ઔષધીમાં મધ લે છે. એક મધના બિંદુમાં સાત ગામનું મારવાનું પાપ જેટલું પાપ છે. કેટલાક મધ ખાય રોટલીમાં, રોટલામાં. મહા પાપ છે.

**मधुशकलमपि प्रायो मधुकरहिंसात्मकं भवति लोके।**
**भजति मधु मूढधीको यः स भवति हिंसकोऽत्यन्तम्।।६९।।**

**'આ લોકમાં મધનું એક ટીપું પણ...'** જુઓ! **'मधुशकलमपि' 'ઘણું કરીને માખીઓની હિંસારૂપ હોય છે. માટે જે મૂર્ખબુદ્ધિ મનુષ્ય મધનું ભક્ષણ કરે છે તે અત્યંત હિંસા કરનાર થાય છે.'** મધમાં તો એકલો માખીનો રસ જ હોય છે, રસ. એમાં ઝીણી ઝીણી જીવાત,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ત્રસ બધો ત્રસ, એ ત્રસનો માંસનો જ ટુકડો બધો (છે). માણસને મધની મીઠાશ લાગે. સમજાણું?

મુમુક્ષુ :– પંચામૃતમાં વપરાય છે.

ઉત્તર :– પંચામૃતમાં? આહાહા! ભગવાનના અભિષેકમાં?

મુમુક્ષુ :– મધ, દહીં..

ઉત્તર :– પાપનું શુકન. મધમાં પાપ છે. અહીં તો કહે છે ભગવાન એક... સમજાય છે? 'અમિતગતિ શ્રાવકાચારે' એક બિંદુમાં સાત ગામનું પાપ લખ્યું છે. મધને અડવું ન જોઈએ, મધ લેવું ન જોઈએ. સમજાય છે? શ્વેતાંબરમાં પણ એવું છે કે જૂનું મધ ન ખાવું, તાજું મધ ખાવું એવો લોકો અર્થ કરે છે એમાંથી. જુનો ખોળ, જુનું મધ. મધને બિલકુલ ખવાય નહિ. સમજાણું? મહાપાપ છે.

## ગાથા–૭૦

स्वयमेव विगलितं यो गृह्णीयाद्वा छलेन मधु गोलात्।
तत्रापि भवति हिंसा तदाश्रयप्राणिनां घातात्।।७०।।

**અન્વયાર્થ :– [ यः ] જે [ छलेन ] કપટથી [ वा ] અથવા [ गोलात् ] મધપૂડામાંથી [ स्वयमेव विगलितम् ] પોતાની મેળે ટપકેલા [ मधु ] મધને [ गृह्णीयात् ] ગ્રહણ કરે છે [ तत्रापि ] ત્યાં પણ [ तदाश्रयप्राणिनाम् ] તેના આશ્રયભૂત જન્તુઓના [ घातात् ] ઘાતથી [ हिंसा ] હિંસા [ भवति ] થાય છે. ૭૦.**

---

स्वयमेव विगलितं यो गृह्णीयाद्वा छलेन मधु गोलात्।
तत्रापि भवति हिंसा तदाश्रयप्राणिनां घातात्।।७०।।

'**જે કપટથી અથવા મધપૂડામાંથી...**' પેલા મધપૂડા હોય ને? એ કપટથી કરે. એકદમ, એકદમ આવીને પકડે, અગ્નિ કરે હેઠે. મધપૂડામાંથી મધ ગોળાત-ગોળાત કીધું. '**પોતાની મેળે ટપકેલા મધને ગ્રહણ કરે છે ત્યાં પણ તેના આશ્રયભૂત જન્તુઓના ઘાતથી હિંસા થાય છે.**' એક વળી કહે કે, બીજાની હિંસા કરી શકતો નથી. વળી આ (વાત)? અહીં વાત કઈ છે? તારો ભાવ છે ને ખાવાનો? એની વાત છે. એથી વ્યવહારથી ભાષા આવે ત્યારે શું આવે? 'સમયસાર' કહે કે, કોઈ પણ પર પ્રાણીની હિંસા ને પરની દયા આત્મા

www.vitragvani.com



પાળી શકતો નથી. કારણ કે, એ તો પર વસ્તુ છે. પણ અહીં મારી નાખવાના ભાવ છે ને એના? એ અપેક્ષાએ તેને હિંસા કરે છે, મારે છે, ઘાત કરે છે એમ કહેવામાં આવે છે. ભાઈ! વાત તો એવી છે. નિશ્ચય તો સત્ છે, સત્ તો જે હશે એ રહેશે. વસ્તુ બદલાવી નાખ્યે કાંઈ સત્ બદલી નહિ જાય. પણ જ્યારે વ્યવહારના કથન આવે ત્યારે ટૂંકામાં એમ જ હોય કે, આનું ભાઈ! આને ન મરાય, હોં! સમજાય છે? માંસ ન ખવાય, ભાઈ! માંસને ન ખવાય, મરાય નહિ. વળી મારી શકાય નહિ અને મરાય નહિ? પણ તારો ભાવ છે ને મારી નાખવાનો. એ મરે, ન મરે એને આધીન છે.

**'પોતાની મેળે ટપકેલા મધને ગ્રહણ કરે છે ત્યાં પણ તેના આશ્રયભૂત જન્તુઓના ઘાતથી હિંસા થાય છે.'** લ્યો! જુઓ! જંતુઓના ઘાત. **'प्राणिनाम् घातात् हिंसा'** થાય છે, ઠીક. નિમિત્ત છે ને એ? એમ ભાષા તો એમ જ લે, શું લે? એ પ્રાણીના ઘાતથી બંધ થતો નથી. બંધ તો ભાવથી થાય છે. પણ **'प्राणिनाम् घातात् हिंसा'** થાય. ઘાતવાનો ભાવ છે ને? સમજાણું કાંઈ?

વીતરાગમાર્ગની નયચક્રની વાત એવી છે મહા ગૂઢ, ગૂઢ. કંઈ ન સમજે ને તો કાંઈકનું કાંઈક આમાં (ઊંધું કાઢે). એકલા વ્યવહાર વાંચે અને નિશ્ચયની ખબર ન હોય (તો) ઊંધુ બધું મારે આમાં. આ તો નિશ્ચય દૃષ્ટિ સહિત ખબર છે કે, એક રજકણની પર્યાય હું કરી શકતો નથી, પરને મારી શકતો નથી, પરદ્રવ્યનો અધિકાર મારે કાંઈ છે જ નહિ. તેમ પરદ્રવ્યથી, કર્મ આદિથી મારામાં થાય એ મારામાં કાંઈ નથી. એવો જ્યાં સ્વતત્ત્વનો નિર્ણય અને ભાન છે, એને પછી રાગ ઘટવામાં આ ઘાત કરવો નહિ, આ કરવું નહિ એમ કહેવામાં આવ્યું છે. આહાહા!

## ગાથા–૭૧

मधु मद्यं नवनीतं पिशितं च महाविकृतयस्ताः।
वल्भ्यन्ते न व्रतिना तद्वर्णा जन्तवस्तत्र।।७१।।

**અન્વયાર્થ :– [ मधु ] મધ, [ मद्यं ] મદિરા, [ नवनीतं ] માખણ [ च ] અને [ पिशितं ] માંસ [ महाविकृतयः ] મહાન વિકારોને ધારણ કરેલા [ ताः ] આ ચારે પદાર્થો [ व्रतिना ] વ્રતી પુરુષે [ न वल्भ्यन्ते ] ભક્ષણ કરવા યોગ્ય નથી. કારણ કે [ तत्र ] તે વસ્તુઓમાં [ तद्वर्णाः ] તે જ જાતિના [ जन्तवः ] જીવ રહે છે.**

ટીકા :– 'व्रतिना मधु मद्यं नवनीतं च पिशितं ताः महाविकृतयः न वल्भ्यन्ते' -

www.vitragvani.com



**વ્રતધારી જીવોએ મધ, મદિરા, માખણ[1] અને માંસ, જે ઘણા વિકારને ધારણ કરે છે તે અને બીજી પણ વિકારયુક્ત વસ્તુઓનું ભક્ષણ ન કરવું જોઈએ. મધનું એક ટીપું પણ માખીની હિંસાથી મળે છે. જે મન્દબુદ્ધિ મધ થાય છે તે અત્યંત હિંસક છે. જે સ્વયમેવ ટપકેલ અથવા કપટ કરીને મધપૂડામાંથી મધ લે તે પણ હિંસક છે. કારણ કે મધને આશ્રયે રહેલા જીવોની હિંસા તે સમયે પણ થાય છે. વ્રતી પુરુષ આ વસ્તુઓનું ભક્ષણ કરે નહિ. શા માટે? 'तत्र तद्वर्णाः जन्तवः' - તે વસ્તુમાં તેવા જ રંગવાળા ઘણા જીવો હોય છે. જેવી તે વસ્તુ છે તેવા જ તેમાં જીવ હોય છે. બીજી વસ્તુઓ કહેતાં ચામડાના સ્પર્શવાળું ઘી, તેલ, જળ અથવા અથાણાં, વિષ, માટી ઇત્યાદિ અભક્ષ્યનો ત્યાગ કરવો. મુખ્યપણે મદ્ય, માંસ, મધનો ત્યાગ કરાવ્યો પછી બીજી પણ અભક્ષ્ય વસ્તુઓ છોડવાનો ઉપદેશ કર્યો. ૭૧૧૭૬.**

---

**मधु मद्यं नवनीतं पिशितं च महाविकृतयस्ताः।**
**वल्भ्यन्ते न व्रतिना तद्वर्णा जन्तवस्तत्र।।७१।।**

જુઓ! **'तद्वर्णा'** એમાં નાખ્યું. **''व्रतिना मधु मद्यं नवनीतं च पिशितं ताः महाविकृतयः न वल्भ्यन्ते' - વ્રતધારી જીવોએ...'** જુઓ! એમ આવ્યું ને? છે ને એ **'व्रतिना'**? આ દેશ વિરતીની વ્યાખ્યા ચાલે છે ને? સમ્યગ્દર્શન સહિત, આત્મભાન સહિત, એણે આવા પાપના પરિણામ કરવા નહિ, એણે પરનો ત્યાગ કરવો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એને એ પાપના પરિણામ, એ ભૂમિકાને યોગ્ય હોય શકતા નથી, એમ કહે છે. સમજાણું? બે કષાય ઘટી ગયા છે ત્યારે તો વ્રતધારી થયો છે. બે કષાય ઘટ્યા ત્યારે તો શ્રાવક પંચમગુણસ્થાનમાં આવ્યો છે. આત્મભાન, આત્મદર્શન, આત્મજ્ઞાન, એ ઉપરાંત સ્વરૂપનું આચરણ, એ ઉપરાંત સ્વરૂપની સ્થિરતા અંશે વધી. ત્યારે તો શ્રાવક પાંચમાગુણસ્થાનમાં કહેવામાં આવે છે. એને આવા ભાવ ન હોય. સમજાય છે કાંઈ? એ તો પહેલું કીધું કે, પહેલા જૈન ધર્મ સાંભળવા માટે પણ આવા તો ખોરાક એને ન હોય. પણ આવા વ્રતધારીને તો ત્યાગપૂર્વક એને ભાવ ન હોય, એને પચ્ચખાણ હોય. સમજાણું કાંઈ? જુઓ!

**'વ્રતધારી જીવોએ મધ, મદિરા,...'** ત્યારે કોઈ કહે વ્રતધારીની (વાત છે), પહેલાની ક્યાં વાત છે? પહેલાની આવી ગઈ. પહેલી કીધી ૭૪માં. **'જીવોએ મધ, મદિરા, માખણ...'** હેઠે છે. **'માખણ માટે અભક્ષ્યપણું એ રીતે કહ્યું છે કે દહીંથી જુદું પાડેલું માખણ અંતર્મુહૂર્તમાં**

---

**૧. માખણ માટે અભક્ષ્યપણું એ રીતે કહ્યું છે કે દહીંથી જુદું પાડેલું માખણ અંતર્મુહૂર્તમાં તપાવી ગરમ કરી લેવું જોઈએ, નહીંતર તે અભક્ષ્ય થાય છે.**

**તપાવી ગરમ કરી લેવું જોઈએ, નહીંતર તે અભક્ષ્ય થાય છે.**' માખણ અંતર્મુહૂર્તમાં તપાવી ગરમ કરી લેવું જોઈએ. બે કલાક, ત્રણ કલાક (થાય) ત્યાં જીવાંત ઉત્પન્ન થયા વિના રહે નહિ. એનું ઘી પણ પછી અભક્ષ્ય થાય. આહાહા! બે ઘડી, ચાર ઘડી માખણ રહે તો ત્રસ થઈ જાય. એના ઘી થાય તો એમાં માંસ આવે. સમજાણું? અહીં તો કેટલાક ચોવીસ ચોવીસ કલાક સુધી માખણ રાખે છે. અરે..! આઠ, આઠ દિ'. થોડું થોડું માખણ થયું હોય અધશેર, પોણોશેર, અધશેર, પોણોશેર આઠ દિ' માખણ ભેગુ કરીને પછી ઘી કરે. એકલો ત્રસ. અને પછી કાંઈ સોંઘુ મળે અને લઈ આવે. અહીં ચાર આના ઓછે આપે છે, કહે છે. અહીં પાંચ રૂપિયે શેર થાય, ત્યાં ચાડા ચાર આપે છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તો ડબ્બા. આ તો ઘી. માખણ ઘણો કાળ રાખીને એમાંથી ઘી બન્યું હોય એ પણ અભક્ષ્ય છે. માખણ પોતે અભક્ષ્ય છે એમાંથી બનેલું ઘણા વખત પછીનું બનેલું ઘી એ પણ અભક્ષ્યમાં જાય છે. સમજાણું કાંઈ? અહીં તો ડૉક્ટરનું ભણવા જાય તો પેલા દેડકાને બરાબર સરખા જડીને પછી એના પેલા અવયવો બતાવે સરખા. કળા, કળા દેડકાની. ચાર પગ, દેડકા સમજો છો? ખીલા મારી પછી આમ ચીરી (દેખાડે), જુઓ! આની સાથે આ હોય. એ ડૉક્ટરપણું શીખે. નરકમાં જવાના લખણ છે બધા. ડૉક્ટર કહેવાય મોટા હોશિયાર. પેલો કહે ભાઈ સાહેબ! આવું પાપ અમારે કરવું નથી.

પહેલા તો એવું ચાલતું. પૈસાવાળાને એક જણે પૂછ્યું કે, તમે જીન મીલ કેમ કરતા નથી? પૈસાવાળાને (પૂછ્યું). ભાઈ! અમારા એટલા પુણ્ય નથી કે સંચે પીલાય અને પુણ્ય રહે. ભાઈએ એવો જવાબ આપ્યો હતો. તમે સંચા ને મીલ કેમ કરાવતા નથી? પૈસાવાળા માણસ છો ને, તમે વેપાર કરો છો મોટી મોટી દુકાન છે. ભાઈ! અમારા પુણ્ય એટલા નથી કે સંચે પીલાય ને પાછા પુણ્ય બાકી રહે. સંચામાં પુણ્ય પીલાય છે. મહાપાપ, મહા પાપ. મીલમાં ઊના પાણીમાં દેડકા મરે, પારેવા મરે. કોને પૈસા મળે એમાં ... અને પછી થોડા પૈસા દાનમાં ખર્ચે. પાંચ, દસ લાખ, વીસ લાખ, પચાસ લાખ એમાં બે લાખ ખર્ચે ત્યાં ધર્મ (થઈ ગયો માને). આહાહા! શું ઉદાર માણસ! ધર્મીનું આપે.. શું કહેવાય? તખ્તી. ફલાણાભાઈએ આ બનાવ્યું, ફલાણાભાઈએ બનાવ્યું. એ 'ન્યાલચંદભાઈ'! આ એમ કહે છે. પહેલા મહા પાપમાંથી પેદા કર્યું હોય મહાપાપ, અને પછી બીજાને દાન થોડું કરે ત્યાં થઈ રહ્યું, લ્યો! સોયનું દાન ને એરણની ચોરી. આ તો જેને આ સંસારમાંથી નીકળવું છે, પરિભ્રમણના દુઃખથી છૂટવું છે, એને તો દર્શનપૂર્વક આવા પાપના પરિણામ હોય નહિ. અરે..! ક્યાં જાવું છે? અને ક્યાંથી આવ્યો છો? સમજાણું? ચોરાશીના અવતારમાં ક્યાં ને ક્યાં...

કહે છે '**માખણ અંતર્મુહૂર્તમાં તપાવી ગરમ કરી લેવું જોઈએ,...**' ભાષણ તો એમ કહે, લ્યો! ગરમ કરવું, વળી આ કરવું. એમ જ કહે ને પણ ભાષા શું થાય? એ માખણના

www.vitragvani.com



વહેલા ગરમ કર્યા વિના મોડેથી ખાય, મોડે એટલે ઘણા વખત પછી માંસનું ઘી થાય તો એ માંસમાં જાય છે. સમજાણું?

**'માખણ અને માંસ જે ઘણા વિકારને ધારણ કરે છે તે અને બીજી પણ વિકારયુક્ત વસ્તુઓનું ભક્ષણ ન કરવું જોઈએ.'** એવી ચીજ હોય ને એવી આકરી ખાવામાં. **'મધનું એક ટીપું પણ માખીની હિંસાથી મળે છે.'** મધનું એક ટીપું (એમાં) મહાહિંસા માખીની હોય છે. એ મધનું ઓસડ પણ લેવું ન જોઈએ, મધને ઔષડમાં ન લેવું. મધની સાથે જરીક લેજો. શું કહેવાય? અનુપાન. ન હોય, મહાહિંસા છે. સમજાય છે? શેઠિયા હોય મોટા ને એને એ તો કહે એની સાથે ઔષધમાં થોડું લેવામાં વાંધો નહિ, જાવ. અહીં તો કહે છે, એક મધનું આટલું ટીપું લે તો મોટું પાપ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ આપે પેલા કેટલાક. છૂટ તો ક્યાંથી આપતો હતો એને. માખણ ચોપડવું હોય ને એને! શેઠિયા રાજી થાય. ઓષડ તો દરરોજ લે છે, થોડું મધ લે છે, એને વાંધો નહિ. થોડો અતિચાર લાગશે. પણ મધના એક બિંદુમાં મહા પાપ છે. એકલો માંસ રસ જ છે. મધના, માખીના, લાળનો એકલા રસની ઉત્પત્તિમાં સૂક્ષ્મ જીવાત તદ્દન ઉત્પન્ન થાય. એ ખોરાક ન હોય. સમજાણું કાંઈ? ડૉક્ટર કહે કે, આમાં દવામાં હંમેશા એક એક રૂપિયા ભાર તમારે મધ ખાવું પડશે તો હાડકામાં કાંઈ તેજી આવશે, નહિતર નહિ આવે. મરી જઈશ તો ભલે મરી જઈશ પણ મધ નહિ, એમ જોઈએ એને. દેહની સ્થિતિ પૂરી થવાની એ તો થવાની જ છે. સમજાણું? એ મધ ખાવાનો ભાવ ધર્મીને હોય નહિ.

**'જે મન્દબુદ્ધિ મધ ખાય છે તે અત્યંત હિંસક છે. જે સ્વયમેવ ટપકેલ અથવા કપટ કરીને મધપૂડામાંથી મધ લે...'** કપટ કરીને (એટલે) આમ સળગાવીને. છેટેથી લાકડુ સળગાવીને અડાડીને આમ કરે. **'તે પણ હિંસક છે. કારણ કે મધને આશ્રયે રહેલા જીવોની હિંસા તે સમયે પણ થાય છે.'** મધમાં મહા રસ એકલો. **'વ્રતી પુરુષ આ વસ્તુઓનું ભક્ષણ કરે નહિ. શા માટે? 'तत्र तद्वर्णाः जन्तवः' - તે વસ્તુમાં તેવા જ રંગવાળા ઘણા જીવો હોય છે.'** મધમાં તે વર્ણા તે ઘણા જીવ હોય છે. આ વસ્તુઓ એને ત્યાગમાં, રાગની એટલી તો તીવ્રતા એને ન જ હોય એમ કહે છે. પહેલેથી એટલી તીવ્રતા ન હોય એમ કહે છે. પછી તો એને ત્યાગપૂર્વક, પચ્ચખાણપૂર્વક, અંશે નિવૃત્તિપૂર્વકમાં એનો ત્યાગ હોય છે.

**'તે વસ્તુમાં તેવા જ રંગવાળા ઘણા જીવો હોય છે. જેવી તે વસ્તુ છે તેવા જ તેમાં જીવ હોય છે.'** લ્યો! જેવી તે વસ્તુ તેવા જ મધમાં જીવ થાય. **'બીજી વસ્તુઓ કહેતા ચામડાના સ્પર્શવાળું ઘી,...'** લ્યો! ચામડા હોય ને? ચામડા. તાજા કે સૂકા, એમાં અડેલું ઘી એમાં પણ ત્રસ બહુ હોય છે. એ પણ ખાય નહિ. કુડલા, ચામડાના કુડલા આવે છે ને? કુડલા સમજો છો ને? હવે નથી આવતા. પહેલા બહુ કુડલા આવતા. ચામડાનું વાસણ, જેમાં ઘી

www.vitragvani.com



ભરતા હોય છે. ઘણા મોટા-મોટા ચામડાના વાસણ. પરદેશમાંથી એવું જ આવતું. એ ન ખવાય. એ ત્રસની ઉત્પત્તિ છે. સમજાય છે? **'સ્પર્શવાળું તેલ,...'** લ્યો! એ ચામડાના પેલા કુડલામાં તેલ આવે, એ ન લેવાય. એ ચામડાના **'જળ,...'** આ કોહનું પાણી.

મુમુક્ષુ :– બળદ ઉપર લાવે.

ઉત્તર :– બળદ ઉપર નાખીને લાવે એ બળદ તો અડે નહિ ભલે એને પણ પેલા ચામડાના હોય છે ને? પાણી કાઢવાના કોહ અથવા ચામડાના પાણી હોય છે ને આ પાણી? મશક. ચામડાની મશકની અંદર ભરીને લાવે, ચામડામાં પાણી ભરીને લાવે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા રાખે, રાખે. બકરાની રાખે, એમાં નાખે પાણી. એ પાણી ખવાય નહિ, અડાય નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, સમજાણું? કોહનું પાણી કીધું ને? એ કીધું હતું. ચામડાના કોહ હોય, એના પાણી. હવે લોઢાના હોય છે. તોપણ લોઢામાં પણ અમુક તો ચામડુ હોય છે ને? બધું કાંઈ (લોઢું) ન હોય. નીચે પાણી કાઢવાનું હોય. એ પાણી વળે નહિ. એ પાણી પેલા પાણી નીકળ્યા હોય ને પેલા ક્યારામાં? શું કહેવાય? એ પીવા જાય, પાણીની તૃષા લાગી હોય ને? એમાંથી પાણી પીવે. એ ન પીવાય એમ કહે છે. સમજાણું? ધોરીયા ધોરીયા પાણીના. રસ્તામાં સમજ્યા ને? દસ બાર, બાર ગાવ જાવું હોય. દસ વાગે રસ્તામાં રોટલા ખાવા હોય પછી એક કૂવો હોય ત્યાં ખાવા બેસે, પછી પાણીનું પેલું નીકળ્યું હોય, પેલામાંથી લે પાણી. સમજાણું કાંઈ? ન લેવાય એમ કહે છે. ત્રસની ઉત્પત્તિ છે એમાં. પહેલા તો એમ હતું ને? બાર બાર ગાવ જાવું હોય તો એકે જાય તો પછી સવારે ચાલે ને સાંજે પહોંચે. રેલ કે દિ' હતી? પહેલા બહુ નહોતી. દસ, સાડા દસ થાય ત્યાં રોટલા ખાવા એક કોર ખોટી થાય કે નહિ? જ્યાં પાણીનો કૂવો હોય ત્યાં છોડે. કલાક, બે કલાક. એ કોહ એકલા ચામડાના હોય, એ પાણી નીકળતા હોય એમાં. એ પાણી ન લેવાય.

**'અથવા અથાણાં,...'** લ્યો! આવ્યું હવે, હવે આવ્યું. અથાણાં, અથાણાં સડેલા અથાણાં. બોળ આથણું, જેમાં મીઠામાં પલાળીને રાખે. મરી મરી તીખા, તીખા સમજો છે ને? મરીને શું કહે છે? ગોળ મીર્ચી, ગોળ મીર્ચી કાળી. એને પાણીમાં નાખીને... મલબારથી આખા ડબ્બા આવે છે. એકલી જીવાત... જીવાત... જીવાત.

અમે એક ફેરી ત્યાં ગયા હતા. ભાઈને ન્યાં 'વલ્લભશેઠ'નો ભાઈ નાનો. 'જામનગર'. હવે એ તો ગૃહસ્થ માણસ, એણે મોટો ડબ્બો કાઢ્યો. આ શું? કીધું. કે, મરીનું આથણું છે. અરે..! આ હોય? આ તો એકલો ખાર ને મીઠું ને એમાં પાણી, એમાં ત્રસ થાય. એમાં તો ગંધ પણ મારે, હોં! અને ત્રસની ઉત્પત્તિ. ખબર ન મળે ત્રસ. એવા ત્રસનો ખોરાક

www.vitragvani.com



આર્ય માણસને હોય નહિ. આર્ય માણસને ન હોય. વ્રતીને તો ન જ હોય. સમજાણું કાંઈ?

**'વિષ,...'** ઝેર, ઝેર. લ્યો! ચામડામાં આથણું હોય ને, ઝેર એનું હોય ને, એ ન ખવાય. **'માટી...'** લ્યો! **'ઇત્યાદિ અભક્ષ્યનો ત્યાગ કરવો.'** વિષ ને માટી એ તો અભક્ષ્ય છે. માટી ખાય છે ને? આ ભૂતડો ખાય ને ફલાણું ખાય ને બધા.

**'મુખ્યપણે મદ્ય, માંસ, મધનો ત્યાગ કરાવ્યો પછી બીજી પણ અભક્ષ્ય વસ્તુઓ છોડવાનો ઉપદેશ કર્યો.'** જુઓ! **'मधु मद्यं नवनीतं पिशितं'** નાખ્યું ને બધું? પેલા ત્રણ તો પહેલા નાખ્યા હતા. દારૂ, માંસ, મધ, આ નવનીત વધારે નાખ્યું. **'पिशितं'** માંસ આવ્યું. માખણ નાખ્યું, સમજાણું? એવા જેમાં ત્રસ જીવ હોય એને ખાય નહિ.

હવે **'આગળ પાંચ ઉદુમ્બર ફળના દોષ દેખાડે છે:–'** આ તો મધ, દારૂ અને માંસ, એના દોષ બતાવ્યા. એની સાથે બીજા આ ત્રસ હોય એ પણ ખવાય નહિ. હવે પાંચ ઉદુમ્બર ફળની વાત કરશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૨ ગાથા–૭૨ થી ૭૮ બુધવાર, જ્યેષ્ઠ સુદ ૧૪, તા. ૨૧-૦૬-૧૯૬૭**

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. હિંસાના ત્યાગની વ્યાખ્યા છે.જેમાં તીવ્ર હિંસા થાય, ત્રસ જીવો મરે એવો ખોરાક આત્માર્થીએ ન લેવો જોઈએ, એને છોડવું જોઈએ. પહેલી વાત સાધારણ કહી. મધ, માંસ અને માખણ. મધ, માંસ અને માખણ એ ન ખાવા જોઈએ. માખણ અંતર્મુહૂર્ત પછી ઊનું કરેલું ઘી આદિ હોય તો એ વાત જુદી પણ અંતર્મુહૂર્ત પહેલા જોઈ પણ અંતર્મુહૂર્ત પછી અભક્ષ્ય ગણવામાં આવે છે. ત્રસની ઉત્પત્તિ એમાં થાય અથવા એ જાતના જીવો (થાય). ચામડાના સ્પર્શવાળુ ઘી, તેલ, જળ એને પણ ત્રસની ઉત્પત્તિ ગણીને એમાં માંસનો દોષ લાગે છે માટે એ પણ છોડવા. અને અથાણું, ઝેર અને માટી એ પણ અભક્ષ્ય છે એને પણ ખાવા ન જોઈએ.

## ગાથા–૭૨

આગળ પાંચ ઉદુમ્બર ફળના દોષ દેખાડે છે :–

योनिरुदुम्बरयुग्मं प्लक्षन्यग्रोधपिप्पलफलानि।
त्रसजीवानां तस्मात्तेषां तद्भक्षणे हिंसा।।७२।।

**અન્વયાર્થ :–** [ उदुम्बरयुग्मं ] ઉમર, અંજીર [ प्लक्षन्यग्रोधपिप्पलफलानि ] પીપળો,

www.vitragvani.com



**વડ અને પીપળના ફળ [ त्रसजीवानां ] ત્રસ જીવોની [ योनिः ] ખાણ છે [ तस्मात् ] તેથી [ तद्भक्षणे ] તેના ભક્ષણમાં [ तेषां ] તે ત્રસ જીવોની [ हिंसा ] હિંસા થાય છે.**

**ટીકા :– 'उदुम्बरयुग्मं प्लक्ष न्यग्रोध पिप्पलफलानि त्रसजीवानां योनिः' - ઉદુમ્બર અને કઠુંબર એ બે તથા પીપર-પીપળો, વડના ફળ અને પાકર = અંજીર એ ત્રણ-એ બધાંય ત્રસ જીવોની યોનિ છે. તેમાં ઊડતાં જંતુઓ જોવામાં આવે છે. 'तस्मात् तद्भक्षणे तेषां हिंसा भवति' - તેથી તે પાંચ વસ્તુના ભક્ષણમાં તે ત્રસ જીવોની હિંસા થાય છે. ૭૨.**

---

હવે પાંચ ઉદુમ્બર ફળ. એ છે તો પાંચ પ્રકારના ફળ પણ એનું નામ પાંચ ઉદુમ્બર ફળ, એમ કરીને શબ્દ પહેલાને નામે પાંચ એણે વાપર્યો છે. '**આગળ પાંચ ઉદુમ્બર ફળના દોષ દેખાડે છે :–**'

**योनिरुदुम्बरयुग्मं प्लक्षन्यग्रोधपिप्पलफलानि।**
**त्रसजीवानां तस्मात्तेषां तद्भक्षणे हिंसा।।७२।।**

'**ઉમર,...**' ઉમરના ફળ થાય છે. એકલા ત્રસ હોય, ત્રસ. ઉમરો. ત્રસ આવા કીધા હતા ને કાલે? 'રાજકોટ'માં છે, અહીં છે. એમાં ત્રસની ઉત્પત્તિ થાય. ઉડતા જીવ હોય, ઝીણા જીવ હોય, એવો ખોરાક આત્માર્થીએ ન લેવો જોઈએ. જૈન ધર્મને સાંભળવાને પાત્રના જીવે ન લેવો જોઈએ એમ કહે છે. જેમાં ત્રસ જીવ છે એનો ખોરાક ખાતા મલિનબુદ્ધિ હોય, એવા (જીવો) વીતરાગનો માર્ગ સાંભળવાને પાત્ર પણ હોય શકે નહિ.

'**અંજીર...**' અંજીર, અંજીર થાય છે ને આ? એમાં બહુ જીવાત હોય. એમાં ત્રસ (હોય). અંજીરના હારડા નથી થાતા? આવડા, આવડા ગોળ. બહુ ત્રસ હોય, ત્રસ જીવડા જીણા. '**युग्मं**' એટલે ઉમર અને અંજીર એ બે થઈને ગણ્યું. '**પીપળો, વડ અને પીપળના ફળ...**' પીપળાના ટેટા, વડના ટેટા, પીપરના ફળ પેપડી, પેપડી એમાં બહુ ત્રસ જીવ હોય છે. એ ખોરાક ખાવો ન જોઈએ. જૈનમાં જન્મેલાને એને ખાવું જોઈએ નહિ. '**ત્રસ જીવોની ખાણ છે...**' એ બધા ત્રસની ઉત્પત્તિની ખાણ (છે). ત્રસ જીવો બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય આદિ ઉપજે છે. '**તેથી તેના ભક્ષણમાં તે ત્રસ જીવોની હિંસા થાય છે.**' માટે એવા ખાવા નહિ.

**ટીકા :– 'ઉદુમ્બર અને કઠુંબર...'** કઠુંબર એટલે અંજીર. '**એ બે...**' '**युग्मं**' છે ને? '**युग्मं**' શબ્દ હતો ખરો ને? '**તથા પીપર-પીપળો, વડના ફળ...**' એ પણ ખાવા નહિ. '**પાકર...**' ન્યાં લીધું પછી. '**પાકર = અંજીર એ ત્રણ-એ બધાંય ત્રસ જીવોની યોનિ છે.**' ત્રસ જીવો ઘણા ઝીણા ઉત્પન્ન થાય છે. '**તેમાં ઊડતાં જંતુઓ જોવામાં આવે છે.**' અંજીરમાં, વડના ટેટામાં, પીપરની પીપડીમાં, ઉદુમ્બર ફળમાં ઝીણા ઊડતા જીવ હોય છે. '**તેથી તે પાંચ વસ્તુના**

**ભક્ષણમાં તે ત્રસ જીવોની હિંસા થાય છે.'** માટે એને છોડી દેવા જોઈએ. કોઈ કહે કે, ઉદુમ્બર આદિ ફળમાં ત્રસ ન હોય તો ભક્ષણ કરવા ને? સુકા, સુકા. આ ફળ સુકાય જાય તો એમાં ત્રસ ન હોય તો ખાવા કે નહિ? એમ કોઈનો પ્રશ્ન છે. કહે છે, ના. એ ખાવા નહિ. એમાં મરેલા ત્રસ જીવ આદિ પડ્યા હોય.

મુમુક્ષુ :– એ ... સૂકવણી કરે છે.

ઉત્તર :– સૂકવણી ન કરે. .... કહે છે. એ આવશે એમાં. તીવ્રગૃદ્ધિ હોય તો સુકવણી કરીને ખાય, એમ કહે છે એ.

મુમુક્ષુ :– દિગંબરમાં પણ થાય છે.

ઉત્તર :– કરે છે ને બધે કરે છે. તમારે અહીં કરે છે. હોય એમ રહેશે ને? એ કાંઈ બદલાતું હશે? સૂકવણી કરે તો એનામાં જાય અને લીલોતરી ખાય એને સૂકવે. પેલી પાંચશેર ખાય અને પેલી અધમણ સુકવે. એ.. 'ન્યાલભાઈ'! ત્યાં પેલું પાંચશેર ખાય ને પેલી તો વધારે સુકવે તો ઓછી થઈ જાય ને? અહીં તો ત્રસ જીવો જેમાં હોય એની વિશેષ વાત છે અત્યારે. સુકવણીની વાત લેશે.

## ગાથા–૭૩

**કોઈ કહે કે તે ઉદુંબરાદિ ફળમાં ત્રસ ન હોય તો ભક્ષણ કરવાં. તેને આગળ કહે છે :–**

**यानि तु पुनर्भवेयुः कालोच्छिन्नत्रसाणि शुष्काणि।**
**भजतस्तान्यपि हिंसा विशिष्टरागादिरूपा स्यात्।।७३।।**

**અન્વયાર્થ :– [ तु पुनः ] અને વળી [ यानि ] જે પાંચ ઉદુમ્બર [ शुष्कानि ] સૂકા [ कालोच्छिन्नत्रसाणि ] સમય જતાં ત્રસરહિત બનેલાં [ भवेयुः ] હોય [ तान्यपि ] તેનું પણ [ भजतः ] ભક્ષણ કરનારને [ विशिष्टरागादिरूपा ] વિશેષ રાગાદિરૂપ [ हिंसा ] હિંસા [ स्यात् ] થાય છે.**

**ટીકા :– 'तु पुनः यानि शुष्काणि कालोच्छिन्नत्रसाणि भवेयुः तान्यपि भजतः हिंसा स्यात्' - વળી જે ઉદુમ્બરાદિ પાંચ ફળો કાળ પામીને ત્રસજીવ રહિત સુકાઈ ગયાં હોય તોપણ તે ખાનારને હિંસા થાય છે. કેવી હિંસા થાય છે? 'विशिष्टरागादिरूपा' - જેમાં વિશેષ રાગભાવ થયો છે તેવા સ્વરૂપવાળી. જો અધિક રાગ ન હોત તો આવી નિંદ્ય વસ્તુ શા**

www.vitragvani.com



**માટે અંગીકાર કરત? માટે જ્યાં અધિક રાગભાવ થયો તે જ હિંસા. જેમ કોઈએ લીલોતરી ન ખાધી પણ તે વસ્તુના રાગભાવથી તેને સૂકવીને ખાધી. જો રાગ ન હોય તો શા માટે એવો પ્રયાસ કરે?**

**પ્રશ્ન :– સૂકી વસ્તુમાં જો દોષ હોય તો અન્ન શા માટે ખાઈએ છીએ?**

**ઉત્તર :– અન્ન નિંદ્ય નથી. વળી એના રાગભાવ વિના સહજ પ્રવૃત્તિથી તે સુકાય છે. વળી તેનું ભક્ષણ પણ સામાન્ય પેટ ભરવાના નિમિત્તે થાય છે, કાંઈ વિશેષ રાગ હોવાનું કારણ નથી. અહીં તો વિશેષરૂપ રાગભાવનું થવું તે જ હિંસા - એમ બતાવવામાં આવે છે. ૭૩.**

---

**'અને વળી જે પાંચ ઉદુમ્બર (ફળ) સૂકા...'** છે ને?

**यानि तु पुनर्भवेयुः कालोच्छिन्नत्रसाणि शुष्काणि।**
**भजतस्तान्यपि हिंसा विशिष्टरागादिरूपा स्यात्।।७३।।**

એ વાત છે. મૂળ તો તીવ્ર રાગ છે. **'પાંચ ઉદુમ્બર (ફળ) સૂકા સમય જતાં ત્રસરહિત બનેલાં હોય તેનું પણ ભક્ષણ કરનારને વિશેષ રાગાદિરૂપ હિંસા થાય છે.'** રાગની તીવ્રતા છે. એમાં તીવ્ર રાગમાં હોય. ભલે બહાર ત્રસ ચાલ્યા ગયા હોય, પણ અંદર થોડાક હોય, મરી ગયેલા આદિ પડ્યા હોય. એ ખાવાની ગૃદ્ધિ છે. એ ભાવ એને હોય નહિ.

**ટીકા :– 'વળી જે ઉદુમ્બરાદિ પાંચ ફળો કાળ પામીને ત્રસજીવ રહિત સુકાઈ ગયાં હોય તોપણ તે ખાનારને હિંસા થાય છે. કેવી હિંસા થાય છે? - જેમાં વિશેષ રાગભાવ થયો છે...'** તીવ્ર રાગ છે ને? **'તેવા સ્વરૂપવાળી.'** રાગ, તીવ્ર રાગના સ્વરૂપવાળી હિંસા છે, એમ કહે છે. **'જો અધિક રાગ ન હોત તો આવી નિંદ્ય વસ્તુ શા માટે અંગીકાર કરત?'** જેમાં ત્રસ જીવની ઉત્પત્તિ છે અથવા દયા હોય પણ એવા તીવ્ર રાગ વિના એ ખાવાનો ભાવ કેમ કરે? માટે જ્યાં અધિક રાગ ભાવ થયો તે હિંસા. અંદરમાં રાગ તીવ્ર થયો એ જ હિંસા છે. **'જેમ કોઈએ લીલોતરી ન ખાધી...'** આવ્યું એ..ય..! **'પણ તે વસ્તુના રાગભાવથી તેને સૂકવીને ખાધી.'** ખાવાનું તો પેલું રહી ગયું.

મુમુક્ષુ :– લીલોતરીના પચ્ચખાણ.

ઉત્તર :– લીલોતરીના પચ્ચખાણ. અહીં તો તીવ્રરાગ ન કરવો એ અપેક્ષાએ વાત છે. રાગભાવથી તેને સૂકવીને ખાધી છે. તીવ્ર રાગ. **'જો રાગ ન હોય તો શા માટે એવો પ્રયાસ કરે?'**

**'પ્રશ્ન :– સૂકી વસ્તુમાં જો દોષ હોય તો અન્ન શા માટે ખાઈએ છીએ?'** શિષ્યનો પ્રશ્ન છે કે, આ બાજરો, જુવાર, ઘઉં એ બધા દાણા સુકાય ગયા છે. જો સૂકી વસ્તુ ખવાય

www.vitragvani.com



નહિ તો એ પણ કેમ ખાઈએ? એવો પ્રશ્ન છે એનો. સુકાની તમે ના પાડી, તો આ બાજરો, ઘઉં, જુવાર એ પણ સુકા છે.

'**ઉત્તર :– અન્ન નિંદ્ય નથી.**' ભાઈ! અનાજ છે તે નિંદ્યવા યોગ્ય નથી. એ તો સાધારણ ખોરાક છે. '**વળી એના રાગભાવ વિના સહજ પ્રવૃત્તિથી તે સુકાય છે.**' એ સહજ સુકાય જાય છે. ઘઉં, બાજરો એની જાતે સુકાય જાય છે. એમાં કાંઈ રાગ હોય અને પોતે સૂકવે છે એવું કાંઈ છે નહિ. સુકાય જાય છે, સહેજે સુકાય જાય છે. '**વળી તેનું ભક્ષણ પણ સામાન્ય પેટ ભરવાના નિમિત્તે થાય છે,...**' ઘઉં, બાજરાનો ખોરાક લે છે એ પેટ ભરવા માટે છે. એને કાંઈ વિશેષ ગૃદ્ધિ નથી. કાંઈ વિશેષ રાગ હોવાનું કારણ નથી. વિશેષ રાગ, હોં! અમુક જાતનો રાગ છે એ તો જુદી વાત છે.

'**અહીં તો વિશેષરૂપ રાગભાવનું થવું તે જ હિંસા-એમ બતાવવામાં આવે છે.**' વિશેષ રાગભાવનું થવું તે જ હિંસા. ભગવાનઆત્મા સ્વભાવ સ્વરૂપ આનંદ, એની અહિંસા દશા ઉત્પન્ન થવી, એમાંથી જેટલો રાગ થાય તેટલી હિંસા છે એમ કહે છે અહીં તો. અહો..! શુદ્ધચૈતન્યસ્વભાવ, અનાકુળ આનંદ પ્રભુ! એના અવલંબનમાં જે કાંઈ નિર્મળ અરાગી, વીતરાગી દશા થાય તેને જ અહીંયાં તો ભગવાન અહિંસા કહેવામાં આવે છે, અહિંસા કહે છે. એ અહિંસા ધર્મ છે. સમજાણું કાંઈ? એમાં રાગની જેટલી વૃત્તિ થાય, આ તો કહે છે ખાવામાં તીવ્ર રાગ છે જેમાં ત્રસ હોય છે. '**અહીં તો વિશેષરૂપ રાગભાવનું થવું તે જ હિંસા-એમ બતાવવામાં આવે છે.**'

## ગાથા–૭૪

આગળ આ કથન સંકોચે છે :–

**अष्टावनिष्टदुस्तरदुरितायतनान्यमूनि परिवर्ज्य।**
**जिनधर्मदेशनाया भवन्ति पात्राणि शुद्धधियः।।७४।।**

**અન્વયાર્થ :– [ अनिष्टदुस्तरदुरितायतनानि ] દુઃખદાયક, દુસ્તર અને પાપનું સ્થાન [ अमूनि ] એવા [ अष्टौ ] આઠ પદાર્થોનો [ परिवर्ज्य ] પરિત્યાગ કરીને [ शुद्धधियः ] નિર્મળ બુદ્ધિવાળા પુરુષ [ जिनधर्मदेशनायाः ] જૈનધર્મના ઉપદેશને [ पात्राणि ] પાત્ર [ भवन्ति ] થાય છે.**

**ટીકા :– 'अनिष्टदुस्तरदुरितआयतनानि अमूनि अष्टौ परिवर्ज्य शुद्धधियः जिनधर्मदेशनायाः पात्राणि भवन्ति' - મહાદુઃખદાયક સહેલાઈથી જેનો પાર પમાતો નથી એવી, મહાપાપના**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**સ્થાનરૂપ જે આ આઠ વસ્તુઓ છે તેને ખાવાથી મહાપાપ ઊપજે છે. તેથી એને સર્વથા છોડીને, નિર્મળ બુદ્ધિવાળા થઈને, જૈનધર્મના ઉપદેશને પાત્ર થવાય છે. પહેલા એનો ત્યાગ કરે ત્યારપછી અન્ય કોઈ ઉપદેશ દેવો. (અને કોઈ ઉપદેશ આપે.) જેમ મૂળ વિના વૃક્ષ હોતું નથી તેમ એના ત્યાગ વિના શ્રાવક હોય નહિ. માટે જ એનું નામ મૂળ છે. ૭૪.**

**'આગળ આ કથન સંકોચે છે :–'** હવે જુઓ!

**अष्टावनिष्टदुस्तरदुरितायतनान्यमूनि परिवर्ज्य।**
**जिनधर्मदेशनाया भवन्ति पात्राणि शुद्धधियः।।७४।।**

એ આદિ આઠ બોલો કીધા. ઝેર, અથાણાં આદિ બહુ જેમાં ત્રસ મરે એવા જીવો અથવા માંસ, મધ અને દારૂ અને પાંચ ઉદુમ્બર ફળ જેમાં ત્રસની ઉત્પત્તિ (વિશેષ છે) એ **'દુઃખદાયક, દુસ્તર અને પાપનું સ્થાન એવા 'अमूनि' આઠ પદાર્થોનો પરિત્યાગ કરીને...'** એવા આઠ બોલ તો એણે છોડી દેવા જોઈએ. **'નિર્મળ બુદ્ધિવાળા પુરુષ જૈનધર્મના ઉપદેશને પાત્ર થાય છે.'** વીતરાગનો માર્ગ રાગ વિનાનો (છે) એમાં તીવ્રરાગની ગૃદ્ધિના જે આવા ખોરાક છે, એનો ત્યાગ ન હોય તો કહે છે કે, રાગ રહિત વીતરાગનો માર્ગ સાંભળવાને પણ લાયક નથી. કહો, સમજાણું કાંઈ?

વીતરાગ માર્ગ તો તદ્દન રાગથી ભિન્ન છે. રાગ વિનાનો માર્ગ, જેમાં સ્નેહ, પ્રેમ, પ્રીતિનો અંશ નથી એવો આત્મ જ્ઞાનાનંદ સ્વરૂપ, એનો અહિંસા અરાગી પર્યાયધર્મ, એવો વીતરાગનો માર્ગ, તીવ્ર રાગી, આવા ત્રસના ભોગી, એ સાંભળવાને પાત્ર નથી. એ એને સાંભળી નહિ શકે. સમજશે નહિ, સમજશે નહિ. આમ તીવ્રગૃદ્ધિ મલિન છે. એની બુદ્ધિ તીવ્રમલિન છે. સમજાણું કાંઈ? **'जिनधर्मदेशनायाः पात्राणि'** ત્યારે તો ધર્મની દેશના સાંભળવાને પાત્ર થાય છે.

**ટીકા :– 'મહાદુઃખદાયક સહેલાઈથી જેનો પાર પમાતો નથી એવી, (મહાહિંસા તરફ) મહાપાપના સ્થાનરૂપ જે આ આઠ વસ્તુઓ છે...'** મધ. આ ઔષધમાં મધ લેવું એ મહા પાપ છે. મધ, મધ મહાપાપ. એના ખાનારની બુદ્ધિ મેલી હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શોખથી ન ખાતો હોય.

ઉત્તર :– શોખથી ખાતો નથી પણ મારે છે ને? શોખ નથી તે શું છે આ? મધના એક ટીપામાં સાત ગામ મારે એટલું પાપ છે. એકલા ત્રસનો રસ છે. એનું એક બિંદુ પણ ઔષધમાં લે તો એ મહાપાપ છે. ઔષધ માટે પણ એ મધની ચાસણી કરે છે ને કેટલાક? મધની ચાસણી કરે, કોઈ સાકરની કરે, કોઈ મધની કરે. પછી એમાં કેટલીક ચીજ નાખે. એ મહાપાપ છે. એમાં ઘણાં ત્રસ હોય છે. એની બુદ્ધિ માંસની બુદ્ધિ થાય. એવા જીવો

www.vitragvani.com



વીતરાગ માર્ગ તદ્દન હિંસા વિનાનો, રાગ વિનાનો (છે) એવાને સાંભળવાને પાત્ર નથી. એ એને નહિ સાંભળી શકે. શું આ કહે છે? શું આ કહે છે? સમજાણું કાંઈ?

**'મહાપાપના સ્થાનરૂપ જે આ આઠ વસ્તુઓ છે તેને ખાવાથી મહાપાપ ઊપજે છે. તેથી એને સર્વથા છોડીને,...'** સર્વથા એ મધ, માંસ, બે ઘડી પછીનું માખણ અને પાંચ ઉદુમ્બર ફળ. પીપળાના ફળ ખાય છે ને? અમથા કેટલાક પીપળા નીચે બેઠા હોય ને. તો એ પેપડી પડી હોય તો ખાય. આમ કરે. વડ નીચે પીપળા. મહા ત્રસ જીવ, એકલું માંસ એમાં હોય છે. એના ખાનારની બુદ્ધિ બગડી ગયેલી હોય છે. સમજાણું કાંઈ? પેપડી... પેપડી... લ્યોને, એક ઠેકાણે વાણિયા પેપડીના શાક કરે, લ્યો! શાક શેનું છે? કહે, પેપડીનું. અર..ર..ર..! આ શું તમારે? સ્થાનકવાસી જૈન. ખબર ન મળે. બહારથી આમ કરે કે, આ એકેન્દ્રિય, એકેન્દ્રિય. પણ આ ત્રસ જીવ મરે છે એમાં મહા માંસ જેવો ખોરાક એ હોય શકે નહિ. એના શાક પાછા. એક પેપડી ખાય તો ત્રસનું એકલું પાપ. એના શાક. અને નવરો પીપર નીચે બેઠો હોય, ત્યાં લીલી સારી અને કુણી પડી હોય. અડવાથી ત્રસ મરી જાય એટલા એમાં જીવ હોય છે. એને ઠેકાણે ખાય, એ મહાપાપી, દુઃખદાયક, દુસ્તર છે. એ પાપથી નીકળવું અજ્ઞાનીને દુસ્તર છે, એ એણે છોડી દેવું જોઈએ.

**'નિર્મળ બુદ્ધિવાળા થઈને, જૈનધર્મના ઉપદેશને પાત્ર થવાય છે.'** જુઓ! આવા ત્રસ જેમાં હોય, સમજ્યા ને? એને છોડવા જોઈએ. **'પહેલા એનો ત્યાગ કરે ત્યાર પછી અન્ય કોઈ ઉપદેશ દેવો. (અને કોઈ ઉપદેશ આપે.) જેમ મૂળ વિના વૃક્ષ હોતું નથી...'** આને, આઠને મૂળગુણ કહે છે ને? મૂળ એટલે બહાર લૌકિકનું. વ્યવહારે મૂળ. નિશ્ચયે મૂળ બીજા. **'જેમ મૂળ વિના વૃક્ષ હોતું નથી તેમ એના ત્યાગ વિના શ્રાવક (ધર્મી) હોય નહિ.'** કહો, સમજાણું કાંઈ? **'માટે જ એનું નામ મૂળ છે.'** આઠ મૂળ. મધ, માંસ, માખણ ને પાંચ પ્રકારના ફળ. એ મૂળગુણ કહેવાય. મૂળ એટલે? તીવ્ર પાપનો ત્યાગ. એ મૂળ કાંઈ મૂળગુણ પેલા નથી.

## ગાથા–૭૫

**હવે આ હિંસાદિકનો ત્યાગ કરવાનું વિધાન કહે છે :–**

**कृतकारितानुमननैर्वाक्कायमनोभिरिष्यते नवधा।**
**औत्सर्गिकी निवृत्तिर्विचित्ररूपापवादिकी त्वेषा।।७५।।**

**અન્વયાર્થ :– [ औत्सर्गिकी निवृत्तिः ] ઉત્સર્ગરૂપ નિવૃત્તિ અર્થાત્ સામાન્ય ત્યાગ [ कृतकारितानुमननैः ] કૃત, કારિત અને અનુમોદનરૂપ [ वाक्कायमनोभिः ] મન, વચન**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને કાયાથી [ नवधा ] નવ પ્રકારે [ इष्टते ] માનવામાં આવી છે, [ तु ] અને [ एषा ] આ [ अपवादिकी ] અપવાદરૂપ નિવૃત્તિ [ विचित्ररूपा ] અનેકરૂપ છે.

ટીકા :– 'औत्सर्गिकी निवृत्तिः कृतकारितानुमोदनैः वाक्कायमनोभिः नवधा इष्यते' - આ ઉત્સર્ગરૂપ ત્યાગ કૃત, કારિત, અનુમોદન સહિત મન, વચન, કાયાના ભેદથી નવ પ્રકારે કહીએ છીએ. 'तु अपवादिकी एषा विचित्ररूपा' - અને અપવાદરૂપ જે ત્યાગ છે તે જુદા જુદા પ્રકારે છે.

ભાવાર્થ :– હિંસાદિનો ત્યાગ બે પ્રકારે છે. એક ઉત્સર્ગ ત્યાગ અને બીજો અપવાદ ત્યાગ. ઉત્સર્ગ એટલે સામાન્ય. સામાન્યપણે સર્વથા પ્રકારે ત્યાગ કરીએ તેને ઉત્સર્ગ ત્યાગ કહે છે. તેના નવ ભેદ છે. મનથી પોતે કરવાનું ચિંતવે નહિ, બીજા પાસે કરાવવાનું ચિંતવે નહિ, અને કોઈએ કર્યું હોય તેને ભલું જાણે નહિ, વચનથી પોતે કરવાનું કહે નહિ, બીજાને કરાવવા માટે ઉપદેશ આપે નહિ, કોઈએ કર્યું હોય તેને ભલું કહે નહિ, કાયાથી પોતે કરે નહિ, બીજાને હાથ વગેરે દ્વારા પ્રેરણા આપી કરાવે નહિ અને કોઈએ કર્યું હોય તેને હસ્તાદિ વડે પ્રશંસે નહિ. આ નવ ભેદ કહ્યા. અપવાદ ત્યાગ અનેક પ્રકારનો છે. આ નવ ભંગ કહ્યા તેમાંથી કેટલાક ભાંગાથી અમુક પ્રકારે ત્યાગ કરે, અમુક પ્રકારે ન કરે, આ રીતે મારે આ કાર્ય કરવું, આ રીતે ન કરવું - એમ અપવાદ ત્યાગ ભિન્ન ભિન્ન પ્રકારે છે. માટે શક્ય હોય તે રીતે ત્યાગ કરવો. ૭૫.

---

'**હવે આ હિંસાદિકનો ત્યાગ કરવાનું વિધાન કહે છે :–**' કોઈ સામાન્યપણે સર્વથા ત્યાગ કરે, કોઈ વિશેષપણે, કોઈ અમુક કોટિથી ત્યાગ આદિ કરે એના પ્રકાર કહે છે.

कृतकारितानुमननैर्वाक्कायमनोभिरिष्यते नवधा।
औत्सर्गिकी निवृत्तिर्विचित्ररूपापवादिकी त्वेषा।।७५।।

ટીકા :– '**આ ઉત્સર્ગરૂપ ત્યાગ...**' ઉત્સર્ગ એટલે સર્વથા ત્યાગ. મન, વચન અને કાયા, કરણ, કરાવણ અને અનુમોદનથી એ આઠનો ત્યાગ કરવો જોઈએ. એ ઉત્સર્ગ ત્યાગ કહેવાય છે. '**ત્યાગ કૃત, કારિત, અનુમોદન સહિત મન, વચન, કાયાના ભેદથી નવપ્રકારે કહીએ છીએ. અને અપવાદરૂપ જે ત્યાગ છે તે જુદા જુદા પ્રકારે છે.**' કોઈ કાયાથી ખાવાનું છોડે, અમુક જાતનો ત્યાગ કરે, વચન આદિથી ન થાય.

ભાવાર્થ :– '**હિંસાદિનો ત્યાગ બે પ્રકારે છે. એક ઉત્સર્ગ ત્યાગ અને બીજો અપવાદ ત્યાગ. ઉત્સર્ગ એટલે સામાન્ય. સામાન્યપણે સર્વથા પ્રકારે ત્યાગ કરીએ...**' સર્વથા ત્યાગ. મન, વચન અને કાયાથી કરવું, કરાવવું, અનુમોદવું નહિ. એ આઠ પ્રકારના જે કીધા એ.

www.vitragvani.com



સમજાણું? સામાન્ય કહો, સર્વથા કહો, સર્વદેશ કહો, સર્વવિરતી, સર્વથા પ્રકારે કહો. **'તેને ઉત્સર્ગ ત્યાગ કહે છે. તેના નવ ભેદ છે. મનથી પોતે કરવાનું ચિંતવે નહિ,...'** કહો, ત્રસ જીવ. મધ, માખણ ને માંસ. આઠ આઠ દિ'ના માખણ રાખીને ઘી કરે, અને એ ઘી પછી વાણિયા લઈ આવે. સોંઘુ મળતું હોય કાંઈક ચાર આના કે આઠ આના. ગામડામાં જાય, આઠ આઠ દિ'નું હોય, હોં! આઠ આઠ દિ'નું. કહે છે કે મહાપાપ છે. 'જગુભાઈ'! હોય છે કે નહિ? ગામડામાં બહુ આઠ આઠ દિ' ભેગું કરે.

મુમુક્ષુ :– અત્યારે તો બધું ઘી એવું જ મળે છે.

ઉત્તર :– એ માટે તો કહીએ છીએ કે હવે એ ઘી ન ખાવું. આઠ આઠ દિ'ના માખણ ઘરના ભેગા કરે અને એ મહાત્રસની ઉત્પત્તિ, એકલો માંસ જીવનો ખોરાક છે. એનું ઘી કરે. આહાહા! ચાર આના ઓછા આપશું. આ તાજુ માખણ નથી. એ ચાર આનાના લોભે... બહુ મોંઘુ છે ને? કેટલું છે એ ખબર નથી. પાંચ રૂપિયે શેર છે. કેટલું છે? એ...ય..!

મુમુક્ષુ :– સાત રૂપિયે શેર.

ઉત્તર :– સાત રૂપિયે શેર. ભારે. ગામડામાંથી કાંઈક અડધું સડેલું આઠ દિ'નું માખણનું ઘી મળતું હોય તો એ લઈ આવે. વાણિયા ખરાને! વેપારમાં લાભ થાય એમ કરે કે નહિ? પણ એ મહા નુકસાન છે, કહે છે. સમજાણું કાંઈ? એ કરતા ઘી ન ખાય તો વાંધો શું છે?

મુમુક્ષુ :– ... ઓછું મળે. ...

પૂજ્ય ગુરુદેવશ્રી : તો ન ખાવું જોઈએ. ખરેખર એ વાત છે. ઘી વિના ચાલે નહિ? ઘી વિના ચાલતું હશે કે નહિ? એ..ય..! ક્યાં ગયો? ચાલે? કેળા અને શિખંડ વિના ચાલે? કેળા અને શિખંડ વિના ન ચાલે. પણ કેળા, શિખંડમાં એવા કાંઈ ત્રસ જીવ નથી. એ ગૃદ્ધિ ખરી. એ જુદી વાત છે પણ આવી ગૃદ્ધિ નહિ. બહુ અત્યારે તો, એક તો એવું ઘી મહા ખરાબ કહેવાય. એકલા માંસનાં રસ, ઊનું કરેલું. સાત રૂપિયાનું શેર આપણું આ? ..રૂપિયા ભાર? બે શેર કીધું હશે. સમજાણું? શું કીધું? આમાં જુઓ!

**'મનથી પોતે કરવાનું ચિંતવે નહિ, બીજા પાસે કરાવવાનું ચિંતવે નહિ,...'** એવા ત્રસના ખોરાક. **'અને કોઈએ કર્યું હોય તેને ભલું જાણે નહિ, વચનથી પોતે કરવાનું કહે નહિ, બીજાને કરાવવા માટે ઉપદેશ આપે નહિ, કોઈએ કર્યું હોય તેને ભલું કહે નહિ, કાયાથી પોતે કરે નહિ, બીજાને હાથ વગેરે દ્વારા પ્રેરણા આપી કરાવે નહિ અને કોઈએ કર્યું હોય તેને હસ્તાદિ વડે પ્રશંસે નહિ. આ નવ ભેદ કહ્યા.'** નવ ભેદ છે, ઉત્સર્ગથી તો નવ પ્રકારે ત્યાગ થવો જોઈએ. ઉત્સર્ગ એટલે કે ધોખમાર્ગે સામાન્યપણે, સર્વથા ત્યાગમાં નવ પ્રકારે ત્યાગ હોવો જોઈએ. અંદર એકલા ત્રસ જીવ છે. સમજાણું?

**'અપવાદ ત્યાગ...'** હોય છે થોડોક, **'અનેક પ્રકારનો છે. આ નવ ભંગ કહ્યા તેમાંથી**

www.vitragvani.com



કેટલાક ભાંગાથી અમુક પ્રકારે ત્યાગ કરે, અમુક પ્રકારે ન કરે, આ રીતે મારે આ કાર્ય કરવું, આ રીતે ન કરવું-એમ અપવાદ ત્યાગ ભિન્ન ભિન્ન પ્રકારે છે. માટે શક્ય હોય તે રીતે ત્યાગ કરવો.'

## ગાથા–૭૬

હવે હિંસાના ત્યાગના બે પ્રકાર કહે છે :–

धर्ममहिंसारूपं संशृण्वन्तोपि ये परित्यक्तुम्।
स्थावरहिंसामसहास्त्रसहिंसां तेऽपि मुञ्चन्तु।।७६।।

અન્વયાર્થ :– [ ये ] જે જીવ [ अहिंसारूपं ] અહિંસારૂપ [ धर्मं ] ધર્મને [ संशृण्वन्तः अपि ] સારી રીતે સાંભળીને પણ [ स्थावरहिंसां ] સ્થાવર જીવોની હિંસા [ परित्यक्तुम् ] છોડવાને [ असहाः ] અસમર્થ છે [ ते अपि ] તેઓ પણ [ त्रसहिंसां ] ત્રસ જીવોની હિંસા [ मुञ्चन्तु ] છોડે.

ટીકા :– 'ये अहिंसारूपं धर्मं संशृण्वन्तः अपि स्थावरहिंसां परित्यक्तुम् असहाः ते अपि त्रसहिंसां मुञ्चन्तु' - જે જીવ અહિંસા જ જેનું સ્વરૂપ છે એવા ધર્મનું શ્રવણ ગુરુમુખે કરે છે પણ રાગભાવના વશે સ્થાવર હિંસા છોડવાને સમર્થ નથી તે જીવે ત્રસહિંસાનો તો ત્યાગ કરવો.

ભાવાર્થ :– હિંસાનો ત્યાગ બે પ્રકારે છે. એક તો સર્વથા ત્યાગ છે તે મુનિધર્મમાં હોય છે. તેને અંગીકાર કરવો. વળી જો કષાયના વશથી સર્વથા ત્યાગ ન બને તો ત્રસ જીવોની અહિંસાનો ત્યાગ કરી શ્રાવકધર્મ તો અંગીકાર કરવો. અહીં કોઈ ત્રસજીવનું સ્વરૂપ પૂછે તો તેને કહીએ છીએ કે સંસારી જીવ બે પ્રકારના છે. એક સ્થાવર અને એક ત્રસ, જે એક સ્પર્શેન્દ્રિય સહિત એકેન્દ્રિય જીવ તે સ્થાવર છે. તેના પાંચ ભેદ છે. પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક, પવનકાયિક અને વનસ્પતિકાયિક, જે બે ઇન્દ્રિયાદિ જીવ છે તેને ત્રસ કહીએ છીએ. તેના ચાર ભેદ છે. સ્પર્શન અને રસના ઇન્દ્રિય સહિત ઇયળ, કોડી, શંખ, ગીંગોડા વગેરે દ્વીન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ અને નાસિકા સંયુક્ત કીડી, મકોડા, કાનખજૂરા વગેરે ત્રીન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક અને આંખ સહિત ભમરા, પતંગિયા વગેરે ચતુરિન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન સહિતના જીવ પંચેન્દ્રિય છે. તેના બે ભેદ છે. જેને મન હોય તે સંજ્ઞી, જેને મન ન હોય તે અસંજ્ઞી. તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય બધા તિર્યંચગતિના ભેદ છે. સંજ્ઞી પંચેન્દ્રિયના ચાર પ્રકાર છે. દેવ, મનુષ્ય,

www.vitragvani.com



**નારકી અને તિર્યંચ. એમાં દેવ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને કલ્પવાસીના ભેદથી ચાર પ્રકારે છે. મનુષ્ય આર્ય અને મ્લેચ્છના ભેદથી બે પ્રકારે છે. નારકીના જીવ સાત ભૂમિની અપેક્ષાએ સાત પ્રકારના છે. તિર્યંચોમાં મચ્છાદિક જલચર, વૃષભાદિક સ્થલચર અને હંસાદિક નભચર-એ ત્રણ પ્રકાર છે. આ ભેદ ત્રસ-સ્થાવરના જાણી એની રક્ષા કરવી. ૭૬.**

---

**'હવે હિંસાનો ત્યાગના બે પ્રકાર કહે છે :–'**

**धर्ममहिंसारूपं संशृण्वन्तोपि ये परित्यक्तुम्।**
**स्थावरहिंसामसहास्त्रसहिंसां तेऽपि मुञ्चन्तु।।७६।।**

સારી રીતે સાંભળીને એવો અર્થ કર્યો, એક ઠેકાણે જાણીને કર્યો છે.

**ટીકા :– 'જે જીવ અહિંસા જ જેનું સ્વરૂપ છે એવા ધર્મનું શ્રવણ ગુરુમુખે કરે છે...'** અહિંસા તે ધર્મ છે. એટલે કે આત્મામાં પુણ્ય અને પાપના રાગ ઉત્પન્ન ન થાય અને આત્માનો વીતરાગી અહિંસા સ્વભાવ, સ્વરૂપ શુદ્ધ ચૈતન્યના સન્મુખથી જે અરાગી દશા વીતરાગતા થાય, તે અહિંસા ધર્મ વીતરાગ માર્ગમાં તેને મૂળ ધર્મ કહે છે. આત્માને ન હણવો એમ છે મૂળ. એ માહ્યલો આત્મા પોતે છે કે નહિ?

શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એના અંતરમાં વર્તમાન દશાને અંતરના સ્વભાવ સન્મુખ વાળી એકાગ્ર થવું, એમાંથી જે અરાગી, વીતરાગી દશા ઉત્પન્ન થાય, એ અહિંસાનું, ધર્મનું, જૈન ધર્મનું મૂળ સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? વીતરાગ માર્ગનું એ સ્વરૂપ છે. આ અહિંસા. ગુરુમુખે શ્રવણ કરી, પાછું શ્રવણ છે ને? તારી મેળાએ નહિ ખબર પડે. પહેલા સાંભળજે. પહેલા એના ભેદ અને પ્રકાર સાંભળજે એમ કહે છે. 'મખ્ખનલાલજી'એ વળી જાણીને અર્થ કર્યો છે. '**संशृण्व**' શબ્દ છે ને? થાતો હશે? ત્યારે એણે કેમ અર્થ કર્યો? અદ્ધરથી. પણ એમ હોય? ખરેખર પહેલું જાણવું સાંભળીને જોઈએ ને? કેટલામો છે એ? ૭૬. જુઓ! આમાં ૭૫માં આવ્યું. એક ઓછું થયું. અહીં ૭૧ '**संशृण्वन्तोपि, संशृण्वन्तोपि**' એનો અર્થ કર્યો છે. '**संशृण्वन्तोपि**' ભલે પ્રકારે જાણે છે છતાં પણ. એમ કર્યું છે. સાંભળીને જાણ્યું.

અહિંસાનું સ્વરૂપ ગુરુમુખે બરાબર સાંભળીને. અહિંસા એટલે આત્મામાં રાગની ઉત્પત્તિ ન થવી અને આત્માના શાંતિ ધર્મની ઉત્પત્તિ થવી, એને ભગવાન અહિંસા ધર્મ પ્રરૂપે છે. કહો, સમજાણું કાંઈ? એ.. છોકરાઓ! ધ્યાન રાખવું, હોં! અહીં રમત કરવા કરતાં એક કલાકમાં શું છે તમારે? એ રમત એક કલાક છોડી દેવી. જુઓ! છોકરાઓ રમત કરે છે. એ..ય..! છોકરાઓ! એ બારણા પાસે બેઠા છે અને રમત કરે છે. અહીં રમત કરવાનું ન હોય. આ તો કાળ ગાળવો ને નાના છોકારઓ છે તો એનું શું કરવું? અહીંયાં પરાણે બેસાડવા. આ તો હજી જાડી વાત છે, આ તો કાંઈ ન સમજાય એવી નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– બહુ નાના છે.

ઉત્તર :– બહુ નાના છે. ઘણા નાના છે. એને બિચારાને કાંઈ... પણ આ તો બહુ ત્રસની વાત, ઝીણી વાત નથી કાંઈ. આ તો સમજાય એવી છે. પણ એમ કે આપણે કાંઈ ધર્મ હોય હમણા? આ તો પરાણે બેસાડે છે તો બેસો. ઠીક છે.

**'રાગભાવના વશે સ્થાવર હિંસા છોડવાને સમર્થ નથી તે જીવે ત્રસહિંસાનો તો ત્યાગ કરવો.'** સમજાણું કાંઈ? જેને તીવ્ર રાગ છોડવો. મંદ રાગ કદાચ એ સ્થાવર હિંસાનો ત્યાગ ન કરી શકે પણ આ તો ત્યાગ એણે કરવો.

**'હિંસાનો ત્યાગ બે પ્રકારે છે. એક તો સર્વથા ત્યાગ છે તે મુનિધર્મમાં હોય છે. તેને અંગીકાર કરવો.'** એને અંગીકાર મૂળપણે કરવો, પુરુષાર્થથી જાગૃતિ લાવી. સમજાણું? **'વળી જો કષાયના વશથી સર્વથા ત્યાગ ન બને...'** કષાયનો અંશ બાકી છે અને સ્થાવર-હિંસાનો એટલો ત્યાગ કરી શકે નહિ. **'તો ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરી શ્રાવકધર્મ તો અંગીકાર કરવો.'** ત્રસ જીવનો તો ત્યાગ કરવો. સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાનપૂર્વકની વાત છે આ. પેલી મૂળ વાત પડી રહી અને પછી અહીં ડાળા-પાંખડાને વળગી રહે. પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન એ વાત કરી છે, એના પછી આ દેશવિરતીની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પેલી વ્યાખ્યા તો આગળ ગઈ ...

ઉત્તર :– એ આગળ ગઈ એટલે આમાં શું કામ આવે? થઈ રહ્યું. એકડો, બગડો, તગડો પહેલા ગયા હવે પંદરમાં એ ચૌદનું શું કામ? કાંઈ નહિ, લ્યો! પંદર એ ચૌદ વિનાના થાતા હશે પંદર? એમ દર્શન, જ્ઞાન વિનાની આ દેશવિરતી થાતી હશે? આહા..!

આ તો એ વાત કરે છે કે આ દર્શનશુદ્ધિ અને જ્ઞાન થયા પછી, એમણે તીવ્ર હિંસાનો ત્યાગ, ત્રસની હિંસા તો શ્રાવકે છોડવી જોઈએ. પચ્ચખાણરૂપે. સમજ્યાને? આમ તો એને અમુક જાતનો ખોરાક હોય જ નહિ. પ્રતિજ્ઞારૂપે એને કરવું એની યોગ્યતા હોય તો. એની ભૂમિકાના પ્રમાણમાં પાંચમા ગુણસ્થાનની વ્યાખ્યા છે ને આ? સમ્યગ્દર્શન પછી શ્રાવક થયો, સ્વરૂપની સ્થિરતાનો અંશ વધ્યો, ત્યારે એને એ ભૂમિકામાં આવા ભાવનો ત્યાગ હોય છે. આવા તીવ્ર હિંસાના ભાવ એને હોતા નથી એમ બતાવે છે.

**'અહીં કોઈ ત્રસજીવનું સ્વરૂપ પૂછે તો તેને કહીએ છીએ કે સંસારી જીવ બે પ્રકારના છે. એક સ્થાવર અને એક ત્રસ, જે એક સ્પર્શેન્દ્રિય સહિત એકેન્દ્રિય જીવ તે સ્થાવર છે.'** લ્યો! પાંચ સ્થાવરની વ્યાખ્યા. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ.

મુમુક્ષુ :– હાલે ચાલે નહિ એ સ્થાવર.

ઉત્તર :– એની અહીં ક્યાં વાત છે? ત્રસ પણ મડદા પડી ગયા હોય તો હાલતા નથી. બહુ છેલ્લો રોગ હોય એનો.

**'સ્પર્શેન્દ્રિય સહિત એકેન્દ્રિય જીવ તે સ્થાવર છે. તેના પાંચ ભેદ છે. પૃથ્વીકાય,...'** આવે

www.vitragvani.com



છે ને? ઇરિયાવહીમાં આવે છે તમારે. ઇચ્છામી પડીક્કમણા ઇરિયા વિહીઆ આવે છે ને?

મુમુક્ષુ :– આવતું તો હોય...

ઉત્તર :– પણ કો'કને મોઢે કરેલું હોય એને યાદ કરાવીએ છીએ. 'જગજીવનભાઈ'! આ 'જગજીવનભાઈ'ને મોઢે હતું ને. **'પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક, પવનકાયિક અને વનસ્પતિકાયિક,...'** આવતું કે નહિ? અહીંયાં તો આત્માને, આત્મદ્રવ્યને, આત્મજીવને જીવ તો અનાદિઅનંત શુદ્ધને જ્ઞાન અને ભાનમાં લઈ પછી આવા જીવોને એને ન મારવાનો ભાવ પ્રગટ કરવો, મારવાનો ભાવ છોડવો એમ કહે છે. સમજાણું કાંઈ? વિશેષ સ્થિરતા આગળ વધવા માટે, શુદ્ધતાની વૃદ્ધિ માટે આ જાતનો રાગ એને ન હોય, એ જાતના જીવોની હિંસા ન કરે એમ કહે છે.

**'જે બે ઇન્દ્રિયાદિ જીવ છે તેને ત્રસ કહીએ છીએ.'** બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય. **'તેના ચાર ભેદ છે. સ્પર્શન અને રસના ઇન્દ્રિય સહિત ઇયળ,...'** બેઇન્દ્રિય છે. ઇયળ હોય સ્પર્શ ને રસ. એટલે જીભ અને શરીર. **'કોડી, શંક, ગીંગોડા વગેરે દ્વીન્દ્રિય જીવ છે.'** એને બે જ ઇન્દ્રિય હોય. કોડી, કોડી હોય છે ને? રમવાની આ કોડી હોય છે ને? એમાં મૂળ જીવ હોય છે અંદર. કોડી, ગીંગોડા. ગીંગોડા હોય છે ને? આ કુતરાના કાનમાં. એ બધા બેઇન્દ્રિય છે. સમજાણું? શંખ. મોટા શંખ હોય છે ને આ? અંદર પહેલો જીવ હતો પછી સુકાઈને.. બેઇન્દ્રિય.

**'સ્પર્શ, જીભ અને નાસિકા સંયુક્ત કીડી,...'** એને નાસિકા સહિત ત્રણઇન્દ્રિય હોય છે. **'મકોડા, કાનખજૂરા વગેરે ત્રીન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક અને આંખ સહિત ભમરા,...'** એ ભમરા, ભમરા ચાર ઇન્દ્રિય (છે), એને કાન ન હોય. **'પતંગિયા વગેરે ચતુરિન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક આંખ અને કાન સહિતના જીવ પંચેન્દ્રિય છે. તેના બે ભેદ છે. જેને મન હોય તે સંજ્ઞી, જેને મન ન હોય તે અસંજ્ઞી. તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય બધા તિર્યંચગતિના ભેદ છે.'** સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય બધા તિર્યંચગતિના ભેદ છે. ચૌઇન્દ્રિય સુધી બધા તિર્યંચ છે. **'સંજ્ઞી પંચેન્દ્રિયના ચાર પ્રકાર છે.'** મનવાળા પંચેન્દ્રિયના ચાર પ્રકાર. એક **'દેવ, મનુષ્ય, નારકી અને (ઢોર) તિર્યંચ.'** એમાં દેવના ચાર પ્રકાર છે. **'એમાં દેવ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને કલ્પવાસીના ભેદથી ચાર પ્રકારે છે.'** એના ચાર પ્રકાર છે, આ બધા ત્રસ જીવ છે એમ કહે છે.

**'મનુષ્ય આર્ય અને મ્લેચ્છના ભેદથી બે પ્રકારે છે.'** આર્ય મનુષ્ય અને મ્લેચ્છ મનુષ્ય મ્લેચ્છ દેશનો. **'નારકીના જીવ સાત ભૂમિની અપેક્ષાએ સાત પ્રકારના છે.'** સાત નારકી. **'તિર્યંચોમાં મચ્છાદિક જલચર,...'** મચ્છ, મચ્છ મોટા જલચર, **'વૃષભાદિક સ્થલચર અને હંસાદિક નભચર...'** લ્યો! જળમાં ચાલનારા માછલા વગેરે પંચેન્દ્રિય તિર્યંચ. આ સ્થળમાં ચાલનારા બળદ, ગાય, ઘોડા વગેરે. હંસાદિ પંખી, નભચર. જળ, પૃથ્વી અને આકાશ ત્રણમાં ચાલનારા ત્રણ પ્રકારના પંચેન્દ્રિય. **'આ ભેદ ત્રસ-સ્થાવરના જાણી એની રક્ષા કરવી.'** લ્યો!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એને મારવા નહિ. ભાષા તો એમ જ આવે ને કે રક્ષા કરવી. રક્ષા કરી શકાય છે કે નહિ? એને ન મારવાનો ભાવ એ જ એની રક્ષા (કરી) એમ કહેવામાં આવે છે. આહાહા! ચરણાનુયોગનું કથન એવું છે જરીક.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– બધા આવ્યા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ હશે. ...

## ગાથા–૭૭

શ્રાવકને સ્થાવર હિંસામાં પણ સ્વચ્છંદપણાનો નિષેધ :–

स्तोकैकेन्द्रियघाताद्गृहिणां सम्पन्नयोग्यविषयाणाम्।
शेषस्थावरमारणविरमणमपि भवति करणीयम्।।७७।।

અન્વયાર્થ :– [ सम्पन्नयोग्यविषयाणाम् ] ઇન્દ્રિય-વિષયોનું ન્યાયપૂર્વક સેવન કરનાર [ गृहिणाम् ] ગૃહસ્થોએ [ स्तोकैकेन्द्रियघातात् ] અલ્પ એકેન્દ્રિયના ઘાત સિવાય [ शेषस्थावरमारणविरमणमपि ] બાકીના સ્થાવર (એકેન્દ્રિય) જીવોને મારવાનો ત્યાગ પણ [ करणीयम् ] કરવા યોગ્ય [ भवति ] છે.

ટીકા :– 'सम्पन्नयोग्यविषयाणां गृहिणां स्तोकैकेन्द्रियघातात् शेषस्थावरमारणविरमणम् अपि करणीयम् भवति -' - ન્યાયપૂર્વક ઇન્દ્રિયના વિષયોને સેવનારા શ્રાવકોને થોડોક એકેન્દ્રિયનો ઘાત યત્ન કરવા છતાં થાય છે, તે તો થાય. બાકીના જીવોને વિના કારણે મારવાનો ત્યાગ પણ તેમણે કરવો યોગ્ય છે.

ભાવાર્થ :– યોગ્ય વિષયોનું સેવન કરતા સાવધાનતા હોવા છતાં સ્થાવરની હિંસા થાય તે તો થાય છે, પરંતુ અન્ય સ્થાવર જીવની હિંસા કરવાનો તો ત્યાગ કરવો. ૭૭.

---

**'શ્રાવકને સ્થાવરહિંસામાં પણ સ્વચ્છંદપણાનો નિષેધ :–'** લ્યો! શ્રાવક–આત્મદર્શન સહિત પંચમગુણસ્થાનવાળા, એને ત્રસની હિંસાનો તો ત્યાગ હોય પણ સ્થાવરહિંસામાં પણ સ્વચ્છંદપણાનો નિષેધ.

www.vitragvani.com



**स्तोकैकेन्द्रियघाताद्गृहिणां सम्पन्नयोग्यविषयाणाम्।**
**शेषस्थावरमारणविरमणमपि भवति करणीयम्।।७७।।**

લ્યો! **'सम्पन्न' 'ઇન્દ્રિય-વિષયોનું ન્યાયપૂર્વક સેવન...'** એમ કહે છે. **'सम्पन्नयोग्य'** છે ને? શ્રાવકને ઇન્દ્રિયના વિષયોનું ન્યાયપૂર્વક એટલે અન્યાય આદિ, પરસ્ત્રી આદિ હોય નહિ. એની યોગ્યતા પ્રમાણે (હોય). **'ન્યાયપૂર્વક ઇન્દ્રિયના વિષયોને સેવનારા શ્રાવકોને...'** ન્યાયપૂર્વકનો અર્થ? તીવ્ર પાપ નથી. એની અનીતિ એમ નથી. બાકી તો ન્યાયપૂર્વક એ નથી, અન્યાયપૂર્વક છે. પણ એને યોગ્ય જે ન્યાય જોઈએ, તીવ્ર અન્યાય નથી, એથી એને ન્યાયપૂર્વક કહેવામાં આવે છે, બાકી વિષયનું સેવવું એ ન્યાયપૂર્વક છે જ નહિ. નિશ્ચયથી તો રાગ પોતે ન્યાય નથી ત્યાં બીજો વળી કોને ન્યાય કહેવો? પણ પંચમગુણસ્થાનને યોગ્ય સ્વસ્ત્રી આદિનું જે વિષય, ખાવા-પીવા આદિ અમુક હોય છે એના શ્રાવકોને **'થોડોક એકેન્દ્રિયનો ઘાત યત્ન કરવા છતાં થાય છે, તે તો થાય. બાકીના જીવોને વિના કારણે મારવાનો ત્યાગ પણ તેમણે કરવો યોગ્ય છે.'** કહો, પૃથ્વી સમજાણું? ખોદવું, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ વગર કારણે, વગર પ્રયોજને ન મારે. દર્શન, જ્ઞાનપૂર્વક રાગની તીવ્રતા ઘટાડવા આ જાતની ક્રિયા એને હોય નહિ. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'યોગ્ય વિષયોનું સેવન કરતા સાવધાનતા હોવા છતાં...'** સાવધાન હોય. સ્થાવરને પણ મારવાનો ભાવ નથી. **'છતાં સ્થાવરની હિંસા થાય તે તો થાય છે,...'** એકેન્દ્રિય, પૃથ્વી હણાય, પાણી હણાય, અગ્નિ, વાયરો મરે. **'પરંતુ અન્ય સ્થાવર જીવની હિંસા કરવાનો તો ત્યાગ કરવો.'** વગર હોએ જેને જરૂરિયાત નથી, એવા પણ સ્થાવરની હિંસાનો ત્યાગ હોવો જોઈએ.

## ગાથા–૭૮

**આ અહિંસા ધર્મને સાધતાં સાવધાન કરે છે :–**

**अमृतत्वहेतुभूतं परममहिंसारसायनं लब्ध्वा।**
**अवलोक्य बालिशानामसमञ्जसमाकुलैर्न भवितव्यम्।।७८।।**

**અન્વયાર્થ :–** [ अमृतत्वहेतुभूतं ] **અમૃત અર્થાત્ મોક્ષના કારણભૂત** [ परमं ] **ઉત્કૃષ્ટ** [ अहिंसारसायनं ] **અહિંસારૂપી રસાયણ** [ लब्ध्वा ] **પ્રાપ્ત કરીને** [ बालिशानां ] **અજ્ઞાની જીવોનું** [ असमञ्जसम् ] **અસંગત વર્તન** [ अवलोक्य ] **જોઈને** [ आकुलैः ] **વ્યાકુળ**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**[ न भवितव्यम् ] ન થવું જોઈએ.**

**ટીકા :– ‘अमृतत्वहेतुभूतं परमअहिंसारसायनं लब्ध्वा बालिशानां असमञ्जसम् अवलोक्य आकुलैः न भवितव्यम्’ - મોક્ષના કારણભૂત ઉત્કૃષ્ટ અહિંસારૂપી રસાયણ પામીને અજ્ઞાની જીવોનો મિથ્યાત્વભાવ જોઈ વ્યાકુળ ન થવું.**

**ભાવાર્થ :– પોતે તો અહિંસા ધર્મનું સાધન કરે છે અને કોઈ મિથ્યાદૃષ્ટિ અનેક યુક્તિવડે હિંસાને ધર્મ ઠરાવી તેમાં પ્રવર્તે તો તેની કીર્તિ જોઈને પોતે ધર્મમાં આકુળતા ન ઉપજાવવી અથવા કદાચ પોતાને પૂર્વના ઘણાં પાપના ઉદયને લીધે અશાતા ઊપજી હોય અને તેને પૂર્વના ઘણાં પુણ્યના ઉદયને લીધે કાંઈક શાતા ઊપજી હોય તોપણ પોતે ઉદયની અવસ્થાનો વિચાર કરીને ધર્મમાં આકુળતા ન કરવી. ૭૮.**

---

**‘આ અહિંસા ધર્મને સાધતાં સાવધાન કરે છે :–’** આ અહિંસા ધર્મને સાધતાં સાવધાન (કરે છે).

**‘अमृतत्वहेतुभूतं परमममहिंसारसायनं लब्ध्वा।’** એ અહિંસા રસાયણ છે. રસાયણ શું? આ થાય છે ને? ધાતુ. ઊંચી શક્તિવાળી ચીજ, શક્તિવાળી રસાયણ નથી? વસંત... શું કહેવાય એ? વસંતમાલતી અને ફલાણું, ઢીંકણું રસાયણ. મકરધ્વજ. કો’ક દિ’ શરદી-બરદી હશે ત્યારે લેતા હશે ને? રસાયણ જેમ શરીરને પુષ્ટિનું કારણ છે, એમ અહિંસા ધર્મ આત્માને પુષ્ટિનું કારણ છે. અહિંસા ધર્મ રસાયણ છે. આહાહા! સમજાણું કાંઈ? નીરોગ શરીર થયું પણ બહુ નબળાઈ રહેતી હોય, એને ધાતુ આપે ને? મોતીની ભસ્મ આપે. ઘણા પ્રકારના આપે. સમજાણું? ત્રાંબાની ભસ્મ, લોહાની ભસ્મ આવે છે ને? એ બધી રસાયણ (છે). કહે કે, એના ઉપર આટલું ઘી તમારે ખાવું. આટલું ઘી તો હમેશા પાંચ રૂપિયા ભાર તો રોટલીમાં લેવું. કારણ કે, ધાતુ એવી છે કે તમને પચવશે. એ તો શાતાની વાત, આ તો દાખલો આપે છે, હોં! શાતાનો ઉદય હોય અને એ હોય. એમ આત્માને અહિંસા રસાયણ છે એમ કહે છે. પેલી રસાયણ તો બધી ધૂળ છે. એ ખાનારા એમ ને એમ મરી જાય છે. કહો, સમજાણું?

ચક્રવર્તીના ખોરાક, જુઓ! આહાહા! પણ એ મરી ગયા તરત, હોં! હજાર હજાર ગાયોના, હજાર હજાર ગાયો તો કેવી! શેરડી એકલી ખાય, હોં! શેરડી. શેરડી પણ ચક્રવર્તીના ખેતરની. એકલી શેરડી. શેરડી સમજો છો? ગન્ના. હજાર ગાયનું દૂધ કરીને એ દૂધ સો ગાયને પાય. સોનું દૂધ પાયને દસને પાય એની કરે ખીર, એમાં હીરાની ભસ્મ નાખે. એ રસાયણ. સમજાણું? એવા સોની હોય છે કે, ઘી ઉનું કરી અને એમાં નાખે સોનું અને એમાં નાખે કાંઈક ઔષધ. સોનું ઓગળી જાય. એમાં નાખે શેર, બશેર ઘઉં. પાંચશેર ઘઉં, એ ઘઉં આખું ઘી પી

www.vitragvani.com



જાય, એની બનાવે રોટલી.

મુમુક્ષુ :– નબળા માણસને મન થઈ જાય.

ઉત્તર :– નબળા માણસને સોનું પચે શી રીતેય પાંચ શેર સોનું નાખ્યું હોય, પાંચ શેર ઘી ને પાંચ શેર સોનું નાખ્યું હોય. એક ઔષધ એવું થાય છે. એમાં ઔષડ નાખે તો એ સોનું આખું ઘીમાં ગળી જાય. એકલું ઘી થાય એમાં પાંચ શેર ઘઉં નાખે. ઘઉં પી જાય પોઢા થઈ જાય. એનો કરે લોટ અને એની કરે રોટલી. અને એમાં પાછા ગાયના ઘી (નાખે). આહાહા! એ પણ મરી ગયા બધા, હોં! અહીં તો કહે છે, શરીરની પુષ્ટિ હોવામાં આ એક રસાયણનું નિમિત્ત છે, એમ આત્મામાં પુષ્ટિ હોવામાં અહિંસા ધર્મ એ મહા પુષ્ટ છે. અહિંસા રાગ જ ન મળે. આહાહા!

**अमृतत्वहेतुभूतं परममहिंसारसायनं लब्ध्वा।**
**अवलोक्य बालिशानामसमञ्जसमाकुलैर्न भवितव्यम्।।७८।।**

**અન્વયાર્થ :– 'અમૃત અર્થાત્ મોક્ષના કારણભૂત...'** **'अमृतत्वहेतुभूतं'** અમૃત એટલે જ મરવું નહિ એવો મોક્ષ. મોક્ષને જ અમૃત કહે છે. અમૃત મોક્ષના કારણભૂત. અમૃત એટલે મોક્ષ અને હેતુભૂત એટલે કારણભૂત. મોક્ષ એટલે અમૃત છે, બાકી કોઈ અમૃત છે નહિ. આહાહા! પરમ પવિત્ર આત્માની શુદ્ધ દશા. જેવો એનો પવિત્ર શુદ્ધ પૂર્ણ સ્વભાવ છે, એવી એની પૂર્ણ પવિત્ર દશા, એનું નામ મુક્તિ, એનું નામ અમૃત, એના હેતુભૂત, કારણભૂત... **''परमं' ઉત્કૃષ્ટ અહિંસારૂપી રસાયણ પ્રાપ્ત કરીને...'** આહાહા! શું કહે છે? જુઓ!

ભગવાનઆત્મા, પૂર્ણ શુદ્ધ પરમાત્મ દશા પ્રાપ્ત થાય એનું નામ મુક્તિ. એના હેતુભૂત આત્માનો અહિંસા ધર્મ. એવા ધર્મને પ્રાપ્ત કરીને... **'અજ્ઞાની જીવોનું અસંગત વર્તન જોઈને...'** કહે છે કે, બીજા પ્રાણીને દેખીને દ્વેષ ન કરવો. સમજાણું કાંઈ? બીજા પ્રાણીને દેખી પોતાને સાચી અહિંસા પ્રગટી છે. આવું આ કેમ કરતા નથી? આ કેમ ઊંધે રસ્તે છે? દ્વેષ ન કરે, આકુળતા ન કરે. જગતની ચીજો એમ ને એમ છે. સમજાણું કાંઈ?

**'એવી અહિંસારૂપી રસાયણ પ્રાપ્ત કરીને અજ્ઞાની જીવોનું અસંગત વર્તન જોઈને...'** મેળ વિનાનું વર્તન જોઈને. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાઆચરણવાળું (વર્તન જોઈને) આકુળતા ન કરવી. આકુળતા ન કરવી. એ આકુળતા પછી હિંસા છે તને એમ કહે છે. બીજા જીવો કેમ આમ કરતા નથી? આવા થઈને કેમ કરતા નથી? પણ તારે શું કામ છે?

મુમુક્ષુ :– પોતે નિવૃત્તિ લઈને બેઠો હોય તો બીજાને કહે છોડી દો.

ઉત્તર :– (તું) છોડને અંદરમાં. વધારે રાગ હોય તો છોડી દે. બીજાનું તારે કામ શું છે? એમ અહીં કહે છે. બીજાને અસંગત વર્તન અને મેળ વિનાનું દેખીને તને આકુળતા થાય તો તું હિંસામાં પડ્યો પાછો. એને તો થાવું હોય ત્યારે થાશે. કોઈ પ્રાણી ગમે તે કરે. અરે..! આ સાધુ થઈને આવું! સાધુ થઈને આવું! પણ સાધુ તેં માન્યો છે ને? તને

www.vitragvani.com



સાધુ થઈને આમ. પણ તારી માન્યતામાં ભૂલ છે કે એની? સાધુ છે નહિ અને તું કહે કે, સાધુ થઈને આમ (કરે)! એ તો સાધુ હતો જ નહિ. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનનો અમૃત મોક્ષમાર્ગ, મોક્ષ એનો જે માર્ગ, અહિંસાનું રસાયણ. આહાહા! રાગ રહિત દશા જ આત્માની પુષ્ટિનું કારણ (છે). લ્યો! આહાહા! 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. ભગવાનનો માર્ગ, મોક્ષ એનો માર્ગ અહિંસા. જેમાં સૂક્ષ્મ દયાના વિકલ્પ ઉઠવા એ પણ જ્યાં હિંસા છે, એના રહિત આત્માના સ્વભાવની અહિંસા જેણે પ્રગટ કરી છે, એવા અહિંસાના રસાયણથી, જેનો આત્મા પુષ્ટ છે. રસાયણ ખાનારા શરીર પુષ્ટ હોય તો પેલા રોગી અને જીર્ણ શરીર હોય એને દ્વેષ કર્યા કરતા હશે? એય..! તને આમ નથી, આમ નથી. શરીર મોટા લઠ જેવા હોય, આ સુકાય ગયા છે, લ્યો. ટેટા થઈ જાય. 'સાકરચંદભાઈ'ને કેવું શરીર હતું. જુઓ! કાલ કહેતા હતા ને? મોટું લઠ જેવું શરીર, પોણોસો વર્ષ થયા તોપણ. ખાવું, પીવું, આમ લટકતું હતું .. થઈ ગયું આમ. કહો, પાણી પણ નાખે ત્યાં રાડ નાખે છે. અંદર આળું થઈ ગયું છે, આળુ. કેન્સર. પાણી નાખે ત્યાં... એ શરીરની દશા છે, એ શરીરના પુષ્ટિવાળા પછી દ્વેષ કરે કે, તને આવડ્યું નહિ, આમ આમ કરે છે. ખાને શેરો. પાણી નથી પડતું ત્યાં શેરા શેના ખાતા હતા ત્યાં? ખાતા નથી આવડતું? ખા શેરો. ઘી નારાયણ કહેવાય.

એક જણો રોગી હતો એને પેલો કહે ઘી તો નારાયણ. પાગલ તો થોડો હતો એમાં ઘી આપ્યું તો વધારે ફાટ્યું. પણ કોને નારાયણ? 'નારણભાઈ' નું મગજ એવો ફેર હતો અને એમાં 'જેરામભાઈ' 'લાઠી' આવ્યા હતા. ઘી આપ્યું થોડુંક. એ તો નારાયણ કહેવાય. અરે..! કીધું આ શું? ફાટ્યો પ્યાલો વધારે. 'વજુભાઈ'! પણ કોને નારાયણ? જેને નીરોગતા હોય, પચી શકતું હોય એને. પેલાને નારાયણ થઈ જશે. મગજ ફાટ્યું. આ લ્યો, તમારી હયાતીમાં જુઓ આ. ... ઘણા અનુભવ થયા ને ઘણા.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ તો ... છે. એ તો બધા એને ક્યાં. અહીં તો કહે છે **'અજ્ઞાની જીવોનું અસંગત વર્તન...'** શ્રદ્ધામાં ફેર, જ્ઞાનમાં ફેર, આચરણમાં ફેર, એમ દેખીને **'વ્યાકુળ ન થવું જોઈએ.'** આકુળતા ન કરવી. કેટલાને એ તો બળી જશે. એ તો જગતમાં આખું એવું જ ભર્યું છે. તારી અહિંસા જાળવને, તારો ભાવ જાળવને એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ફલાણા આમ કરતા નથી, ફલાણા આમ કરતા નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... શુભ વિકલ્પ જરી હોય, પણ એમાં પરમાં આકુળતા કરવાનું કારણ હોય? આમ કરતા નથી, કરતા નથી, ભાઈ! એની પર્યાયના કાળે એને એ છે. એને એ પર્યાય અત્યારે બેઠી છે, થાય શું? તીર્થંકર ઉપરથી ઉતરે તો માને એવું છે? પછી આકુળતા કરવાનું

www.vitragvani.com



કારણ શું? સિદ્ધ ભગવાન બધું જોઈ રહ્યા છે, જુઓ! કાળાકેર ઊંધા કરે એને માટે હેઠે ઉતરે છે? વિકલ્પ કરે છે કે, ભાઈ! આને કેમ છે? આહા..!

કહે છે, જુઓ! પોતે મુનિ 'અમૃતચંદ્રાચાર્ય'. નામ ઉપર નાખી દીધું અમૃત–મોક્ષનું નામ, અને એનો હેતુ માર્ગના પામેલા 'અમૃતચંદ્રાચાર્ય' પોતે કહે છે, જુઓ! બીજા અજ્ઞાની જીવોનું દુમેળ શ્રદ્ધા, શ્રદ્ધાનો મેળ નહિ, કાંઈ જ્ઞાનનો મેળ નહિ, આચરણનો મેળ નહિ. એમ દેખીને આકુળતા ન થવી જોઈએ. તારો માર્ગ તારામાં રાખવો. અહિંસા રાખવી જોઈએ. આકુળતા થશે તો હિંસા થશે. મોક્ષમાર્ગમાં વિઘન કરનાર છે. સમજાણું કાંઈ? દુનિયામાં આ પાછો પંચમકાળની આ તો વાત છે. મુનિ જ્યારે હતા એ વખતે ઘણા એવા પ્રતિકૂળ શ્રદ્ધાવાળા આદિ વર્તતા હોય અને મોટા માંધાતા નામ ધરાવતા હોય. સાધુ, આચાર્ય, ધણી, સન્યાસ, ઉપાધ્યાય. એટલે? અરે..! પણ આને તો કાંઈ ખબર નથી પડતી. શું કરવું? આકુળતા કરવી? એ તો દુનિયામાં એમ અનાદિથી ચાલ્યું જાય છે.

**ટીકા :– 'મોક્ષના કારણભૂત ઉત્કૃષ્ટ અહિંસારૂપી રસાયણ પામીને...'** આ એક તો આવો અહિંસા ધર્મને પામીને, પ્રાપ્ત કરીને હવે વ્યાકુળ થઈશ નહિ. **'અજ્ઞાની જીવોનો મિથ્યાત્વભાવ જોઈ...'** જોયું? અજ્ઞાની જીવોની મિથ્યાશ્રદ્ધા (જોઈને). અરે..! આ તો પરદ્રવ્યને કર્તા માને છે, આ તો રાગને ધર્મ માને છે, પુણ્યને ધર્મ માને છે. એથી ક્યાંય પરના ઉપર વ્યાકુળતા કરવાની જરૂર નથી. 'બનારસીદાસે' ન કહ્યું કે, શુભમાં શુદ્ધનો અંશ છે. માન, માન તો શાબાશ! નહિતર તારું દ્રવ્ય એમ પરિણમે, એમાં હું શું કરું? મારે જે કહેવાનો આશય છે એ તને સમજાતો નથી. તારી પરિણતિમાં જે વાત બેઠી એમાં તું ખસતો નથી. થઈ રહ્યું. તારું દ્રવ્ય... આવે છે ને?

**ભાવાર્થ :– 'પોતે તો અહિંસા ધર્મનું સાધન કરે છે...'** પોતે તો રાગમાં ધર્મ માન્યા વિના, સ્વભાવમાં ધર્મ માનીને, શુદ્ધ સ્વભાવથી ધર્મનું સાધન કરે છે. વ્યવહાર આદિ જે રાગ છે ને એનાથી ધર્મ માનતા હોય, કરતા હોય, એ માનનાર ઉપર આકુળ ન થઈશ. ભાઈ! આહાહા! **'પોતે તો અહિંસા ધર્મનું સાધન કરે છે...'** શુદ્ધ સ્વભાવના આશ્રયમાં અનાકુળતાની ઉત્પત્તિ, રાગની (અનુત્પત્તિ), એવો જે અહિંસા ધર્મ સાધે છે. **'કોઈ મિથ્યાદૃષ્ટિ અનેક યુક્તિવડે હિંસાને ધર્મ ઠરાવી...'** અનેક યુક્તિ વડે રાગમાં ધર્મ ઠરાવી. રાગ હિંસા છે ને? **'અનેક યુક્તિવડે હિંસાને ધર્મ ઠરાવી તેમાં પ્રવર્તે તો તેની કીર્તિ જોઈને પોતે ધર્મમાં આકુળતા ન ઉપજાવવી...'** જોયું? આવા પુણ્યશાળી! આવા જગતમાં..! દુનિયામાં એ એમ જ ચાલે. દુનિયા કાને કહે? એના પુણ્યનો ઉદય હોય તો એનું ચાલે. એ વ્યવહાર કહેતા હોય એ બરાબર ચાલે. એ જાતનું ગોત્ર બાંધ્યું હોય. આવે છે ને? ઊંચ-નીચ ગોત્રમાં ... એ જાતનું પુણ્ય બાંધ્યું હોય તો એને લાગે, આની વાત સાચી છે, હોં! એ જ વાત કરે છે. રાગથી ધર્મ મનાવતો હોય. શુભભાવ છે એ રાગ હિંસા છે, શુદ્ધઉપયોગ છે તે અહિંસા

www.vitragvani.com



છે. સમજાણું કાંઈ? કોઈપણ શુભરાગમાં એને કારણે ધર્મ પ્રગટશે, શુભ કરતાં કરતાં પ્રગટશે, શુભ કારણ ને નિશ્ચય કાર્ય પ્રગટશે, એવી વાત કરતા હોય તો એના ઉપર આકુળતા ન કરીશ. એ સંબંધી તો ઘણી સંખ્યા નીકળશે. એવી સંખ્યા ઘણી નીકળશે. ક્યાં તું કરીશ? ક્યાં ક્યાં તું કરીશ? સમજાણું?

**'મિથ્યાદૃષ્ટિ અનેક યુક્તિવડે હિંસાને ધર્મ ઠરાવી તેમાં પ્રવર્તે તો તેની કીર્તિ જોઈને...'** એની કીર્તિ વધી પેલાની. પુણ્યને લઈને વધે, ભાઈ! પુણ્ય તત્ત્વ છે કે નહિ? જેમ સંવર-નિર્જરા તત્ત્વ છે, તેમ પુણ્ય પણ તત્ત્વ છે. અહિંસા ધર્મ એક તત્ત્વ છે. અહિંસા ધર્મ કહો કે સંવર-નિર્જરા તત્ત્વ કહો. પેલું પણ પુણ્ય એક તત્ત્વ છે. આહાહા! આચાર્યે અહીં ભારે નાખ્યું. અહિંસા અમૃત મોક્ષમાર્ગ, અમૃત એવો મોક્ષ, એનું કારણ જે અહિંસા. રાગ વિનાની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એ અહિંસા મોક્ષનો માર્ગ, એનાથી આત્મા રસાયણરૂપી પુષ્ટિ થાય.

બીજાઓને વિપરીત દેખીને આકુળતા કરીશ નહિ. વળી બહાર કીર્તિ વધી હોય એની. સમજાણું? અજ્ઞાનીને માનનારા ઘણા હોય. એમાં પુણ્યનો ઉદય હોય. બરાબર છે, પહેલો આ માર્ગ જોઈએ. એ કહે છે એ બરાબર છે. પહેલા વિના એમ ને એમ થાય નહિ. લોકોને સારું લાગે. બહુમતિ અહીં કામ ન આવે, કહે છે. ન્યાં બહુમતિ હોય તો ધ્યાન રાખજે. આકુળતા કરીશ નહિ. આવામાં કેવા મારા મત આપ્યા ખોટા. બધા કેમ હા, હા પાડે? એને લાગે છે તો હા પાડે, એમાં તને શું છે પણ? એની વર્તમાન દશામાં એમ લાગે કે, આ બરાબર કહે છે. સમાજને માટે પહેલો આ ધર્મ જોઈએ. એ ભાવ કાંઈક સુધરે તો પછી ધર્મ પામવાને લાયક (થાય). હવે એ તો અનંતકાળ થયો પણ કોઈ દિ' થયો જ નહિ લાયક હવે? સમજાય છે? અહીં તો મોક્ષને પાત્ર ખરેખર તો સમકિતીને ગણ્યો છે. પાત્ર હોં! પાત્ર જીવ એ છે. કેમકે રાગ રહિત સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન થયા છે એ જ મોક્ષને માટે પાત્ર છે. સમજાણું? બીજા મોક્ષને માટે પાત્ર નથી. મોક્ષ એમાં રહી શકશે, એમાં આવશે.

**'મિથ્યાદૃષ્ટિ અનેક યુક્તિવડે હિંસાને ધર્મ...'** ઘણા યુક્તિ આપે. આ લખાણ લખ્યા, આ લખાણ લખ્યા, આ શાસ્ત્રમાં લખ્યા. જુઓ! આવે છે કે નહિ? 'જયચંદ પંડિતે' કહ્યું છે ને? શાસ્ત્રમાં જૈન ધર્મમાં પણ વ્યવહાર નિમિત્ત દેખીને ઘણું લખાણ આવે છે, પણ એનું ફળ સંસાર છે. માટે મૂંઝાઈશ નહિ. બીજાઓ કહેતા હોય કે, જુઓ! ભગવાને કહ્યો છે કે નહિ આ વ્યવહાર? આ વ્યવહાર ભગવાને કહ્યો છે કે નહિ? અને ભગવાને એને સાધન ને હેતુ કહ્યો છે કે નહિ? એમાં યુક્તિ આપે એવી કે પેલા બિચારેને ઉં... થઈ જાય. ઠીક બાપુ! એ તો વ્યવહાર નિમિત્ત સાધન તરીકે કહ્યું હતું. સ્વભાવનું સાધન કરતો હોય તો પેલાને નિમિત્ત સાધન કહેવાય છે. કારણ કે, એના એવા મંદ રાગ હોય, એની એ દશાને વર્તમાનમાં વિઘ્ન નથી કરતો, એથી એને નિમિત્ત ગણીને વ્યવહાર સાધન કહ્યું છે. પેલો

www.vitragvani.com



યુક્તિ એવી આપે કે નહિ, એ હોય તો થાય, એ હોય તો થાય. લખાણ પણ શાસ્ત્રમાં એવા આવે એ આપે મોઢા આગળ. ક્ષણે ક્ષણે વ્યવહારથી વધતો-વધતો. એય..! દેવાનુપ્રિયા! આવે છે ને? 'પંચાસ્તિકાય'. ભાવ શુદ્ધ વધારતો જાય અને બીજના ચંદ્રમાની પેઠે સુખે, સુખે.. લ્યો, આ લખાણ આવ્યા બધા. ભાઈ છે, બાપા! બધી વાત છે. એ વ્યવહારની વાત છે. નિશ્ચયના ભાનવાળો જ્યાં આવો વ્યવહાર હોય છે એને એ રીતે વ્યવહારથી વધે છે એમ કહેવામાં આવે છે. બાકી વધે છે તો સ્વભાવના આશ્રયથી. વ્યવહારથી શું વધે, પરાશ્રયથી વધતો હશે?

એ તો એવી યુક્તિ આપે તો '**કીર્તિ જોઈને પોતે ધર્મમાં આકુળતા ન ઉપજાવવી અથવા કદાચ પોતાને પૂર્વના ઘણાં પાપના ઉદયને લીધે અશાતા ઊપજી હોય...**' લ્યો! શરીરમાં હોં! '**અને તેને પૂર્વના ઘણાં પુણ્યના ઉદયને લીધે કાંઈક શાતા ઊપજી હોય તોપણ પોતે ઉદયની અવસ્થાનો વિચાર કરીને ધર્મમાં આકુળતાન કરવી.**' અમે આટલો આટલો ધર્મ કરીએ અને આ શરીરમાં રોગ રહ્યા જ કરે અને આ પાપ કરે ને શરીર નીરોગ રહ્યા કરે. હવે આ શું છે? એમ આકુળતા કરીશ નહિ, એ તો હોય. શાતાનો ઉદય હોય તો નીરોગ હોય. એના પ્રમાણમાં સરખો, ભાઈ! જે ઠેકાણે જાવું છે, એ ઠેકાણે સરખા ભાવ થાય ત્યારે જશે ને? માટે એવું દેખીને આકુળતા કરીશ નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૭૯

**મિથ્યાદૃષ્ટિ યુક્તિવડે હિંસામાં ધર્મ ઠરાવે છે તેને પ્રગટ કરી શ્રદ્ધાળુ શ્રાવકને સાવધાન કરે છે. તેના બાર સૂત્રો કહે છે :–**

**सूक्ष्मो भगवद्धर्मो धर्मार्थं हिंसने न दोषोऽस्ति।**
**इति धर्ममुग्धहृदयैर्न जातु भूत्वा शरीरिणो हिंस्याः।।७९।।**

**અન્વયાર્થ :– [ भगवद्धर्मः ] સર્વજ્ઞ વીતરાગ ભગવાનનો કહેલો ધર્મ [ सूक्ष्मः ] બહુ બારીક છે માટે [ धर्मार्थं ] 'ધર્મના નિમિત્તે [ हिंसने ] હિંસા કરવામાં [ दोषः ] દોષ [ नास्ति ] નથી.' [ इति धर्ममुग्धहृदयैः ] એવા ધર્મમાં મૂઢ અર્થાત્ ભ્રમરૂપ હૃદયવાળા [ भूत्वा ] થઈને [ जातु ] કદીપણ [ शरीरिणः ] શરીરધારી જીવોને [ न हिंस्याः ] મારવા નહિ જોઈએ.**

ટીકા :– 'भगवद्धर्मः सूक्ष्मः' - જ્ઞાનસહિતનો ધર્મ સૂક્ષ્મ છે, તેથી 'धर्मार्थं हिंसने दोषः न अस्ति' - ધર્મના નિમિત્તે હિંસા કરવામાં દોષ નથી. 'इति धर्ममुग्धहृदयैः भूत्वा शरीरिणः

www.vitragvani.com



जातु न हिंस्याः' એ રીતે જેનું ચિત્ત ધર્મમાં ભ્રમરૂપ થયું છે એવા થઈને પ્રાણીઓને કદીપણ ન મારવા.

ભાવાર્થ :– કોઈ અજ્ઞાની કહે છે કે બીજી જગ્યાએ હિંસા કરવી તે પાપ છે પણ યજ્ઞાદિમાં ધર્મના નિમિત્તે તો હિંસા કરવી, તેમાં કાંઈ દોષ નથી. આવી શ્રદ્ધાથી હિંસામાં પ્રવર્તવું યોગ્ય નથી. જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ કદીપણ ન હોય.

પ્રશ્ન :– જૈનમતમાં મંદિર બનાવવાં, પૂજા-પ્રતિષ્ઠા કરવી વગેરે કહ્યું છે ત્યાં ધર્મ છે કે નથી?

ઉત્તર :– મંદિર, પૂજા, પ્રતિષ્ઠાદિ કાર્યમાં જો જીવહિંસા થવાનો ભય ન રાખે, યત્નાચારથી ન પ્રવર્તે, માત્ર મોટાઈ મેળવવા જેમતેમ કર્યા કરે તો ત્યાં ધર્મ નથી, પાપ જ છે. અને યત્નપૂર્વક કાર્ય કરતા થોડી હિંસા થાય તો તે હિંસાનું પાપ તો થયું પણ ધર્માનુરાગથી પુણ્ય ઘણું થાય છે અથવા એકઠું કરેલું ધન ખરચવાથી લોભકષાયરૂપ અંતરંગ હિંસાનો ત્યાગ થાય છે. હિંસાનું મૂળ કારણ તો કષાય છે, તેથી તીવ્ર કષાયરૂપ થઈ તેમની હિંસા ન કરવાથી પાપ પણ થોડું થયું. માટે આ રીતે પૂજા-પ્રતિષ્ઠાદિ કરે તો ધર્મ જ થાય છે.

જેમ કોઈ મનુષ્ય ધન ખર્ચવા માટે ધન કમાય તો તેને કમાયો જ કહીએ. જો તે ધન ધર્મકાર્યમાં ન ખર્ચાત તો તે ધનવડે વિષયસેવનાથી મહાપાપ ઊપજત તેથી તે પણ નફો જ થયો. જેમ મુનિ એક જ નગરમાં રાગાદિ ઊપજવાના ભયથી વિહાર કરે છે, વિહાર કરતા થોડીઘણી હિંસા પણ થાય છે, પણ નફા-નુકસાન વિચારતા એક જ નગરમાં રહેલું યોગ્ય નથી. તેમ અહીં પણ નફા-નુકસાનનો વિચાર કરવો જોઈએ. એક સામાન્ય કથનવડે વિશેષ કથનનો નિષેધ ન કરવો. આવું જ કાર્ય તો આરંભી, અવ્રતી અને તુચ્છ વ્રતી કરે છે. તેથી સામાન્યપણે એવો જ ઉપદેશ છે. ધર્મના નિમિત્તે હિંસા ન કરવી. ૭૯.

---

## પ્રવચન નં. ૪૩ ગાથા–૭૯ થી ૮૫ શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૧, તા. ૨૩-૦૬-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૭૮ ગાથા થઈ, ૭૮. બાર ગાથામાં હવે વિશેષ અહિંસા વ્રતની અંદરમાં એનું સ્પષ્ટિકરણ કરે છે. **'મિથ્યાદૃષ્ટિ યુક્તિવડે હિંસામાં ધર્મ ઠરાવે છે તેને પ્રગટ કરી શ્રદ્ધાળુ શ્રાવકને સાવધાન કરે છે. તેના બાર સૂત્રો કહે છે :–'** બાર સૂત્ર છે, બાર. અહિંસા વ્રતનું ચાલે છે, આ અહિંસાનું ચાલે છે ને? આત્માના શુદ્ધ સ્વભાવનું, જ્ઞાનનું ભાન થઈને, આ આત્મા જ્ઞાન સ્વરૂપ જ છે, એની ક્રિયા જ્ઞાનની જ છે. એવું ભાન થયા પછી જ્ઞાનની ક્રિયામાં, સ્વરૂપમાં, વિશેષ અંશે સ્થિર થાય, ત્યારે એને આવા અણુવ્રત આદિના

અહિંસાના વિકલ્પો હોય છે, એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું? એમાં કોઈ હિંસામાં અનેક પ્રકારે ધર્મ માને છે, એનું સ્પષ્ટિકરણ કરીને ધર્મીને સાવધાન કરે છે કે એ વાત સાચી નથી.

**सूक्ष्मो भगवद्धर्मो धर्मार्थं हिंसने न दोषोऽस्ति।**
**इति धर्ममुग्धहृदयैर्न जातु भूत्वा शरीरिणो हिंस्याः।।७९।।**

**'સર્વજ્ઞ વીતરાગ...'** ખરેખર એ શબ્દ ન જોઈએ. ભગવાનનો અમારા ઈશ્વરનો ધર્મ એવો કહેલો છે એમ યજ્ઞવાળા કહે છે. ભાઈ! ભગવાનનો ઈશ્વરનો એવો કહેલો ધર્મ છે, એ મિથ્યાદૃષ્ટિ કહે છે, અર્થમાં ફેર પડી ગયો છે.

મુમુક્ષુ :– સર્વજ્ઞ ન જોઈએ.

ઉત્તર :– સર્વજ્ઞ ન જોઈએ. અને નીચે જ્ઞાન સહિત ધર્મ સૂક્ષ્મ એ પણ ન જોઈએ. ટીકાનો અર્થ છે એ પણ ન જોઈએ. ભગવત કર્યું છે ને? એમાં લખ્યું થોડું પણ એ જરી પેલા અન્યમતિની અપેક્ષાએ. સર્વજ્ઞ નથી કહ્યું આમાં. ભગવત ધર્મ સૂક્ષ્મ છે, જ્ઞાન સહિત ધર્મ સૂક્ષ્મ છે. 'ટોડરમલ્લજી'એ એવો અર્થ એટલો કર્યો છે. ભાઈ! ભગવાને કહેલો, ઈશ્વરે કહેલો જ્ઞાન સહિત ધર્મ સૂક્ષ્મ છે. યજ્ઞ માટે હિંસા થાય, એમાં પાપ નથી, એવો ઈશ્વરનો ધર્મ છે. સમજાણું? એની વાત ચાલે છે.

**''सूक्ष्मः' બહુ બારીક છે...'** ઈશ્વરે કહેલો અજ્ઞાની, હોં! એમ અજ્ઞાની કહે છે. **'અમારા (ઈશ્વરે) ભગવાનનો કહેલો ધર્મ બહુ બારીક છે માટે 'ધર્મના નિમિત્તે હિંસા કરવામાં દોષ નથી.' એવા ધર્મમાં મૂઢ અર્થાત્ ભ્રમરૂપ હૃદયવાળા થઈને...'** એવા ધર્મને માનનારા કે ઈશ્વરે કહ્યું છે કે, એમાં–યજ્ઞમાં પાપ છે નહિ. **'એવા ધર્મમાં મૂઢ અર્થાત્ ભ્રમરૂપ હૃદયવાળા થઈને કદી પણ શરીરધારી જીવોને મારવા નહિ જોઈએ.'** શરીરધારી મૂળ તો અહીં પંચેન્દ્રિય યજ્ઞની વાત વધારે છે. સમજાણું?

**ટીકા :– ''भगवद्धर्मः सूक्ष्मः' - જ્ઞાન સહિતનો ધર્મ સૂક્ષ્મ છે,'** ઈશ્વરે કહેલું જ્ઞાન, એના ધર્મમાં હવે એ જ્ઞાનની એવી ગતિ છે કોઈ, કે બીજામાં ભલે પાપ હોય, પણ યજ્ઞમાં પાપ નથી. **'તેથી 'धर्मार्थं हिंसने दोषः न अस्ति' - ધર્મના નિમિત્તે હિંસા કરવામાં દોષ નથી. 'इति धर्ममुग्धहृदयैः भूत्वा शरीरिणः जातु न हिंस्याः' એ રીતે જેનું ચિત્ત ધર્મમાં ભ્રમરૂપ થયું છે એવા થઈને પ્રાણીઓને કદીપણ ન મારવા.'** આ તો બધી વાત કરે, બધી કરે ને. છે તો અહિંસાની વ્યાખ્યા, એમાં આ વાત કરે છે.

**ભાવાર્થ :– 'કોઈ અજ્ઞાની કહે છે કે...'** જુઓ! ત્યાં પાછુ આવ્યું. **'કોઈ અજ્ઞાની કહે છે કે બીજી જગ્યાએ હિંસા કરવી તે પાપ છે પણ યજ્ઞાદિમાં ધર્મના નિમિત્તે તો હિંસા કરવી, તેમાં કાંઈ દોષ નથી. આવી શ્રદ્ધાથી હિંસામાં પ્રવર્તવું યોગ્ય નથી. જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ કદીપણ ન હોય.'** સમજાણું? હિંસાની બાર ગાથા કહી છે, બાર. ત્યારે હવે પ્રશ્ન

www.vitragvani.com



ઉઠે છે કે તમે તો કહ્યું કે, પ્રાણીને ન હણવા, તો આ જૈન મંદિર કરાવવા ને એમાં શું છે તમારું?

**'પ્રશ્ન :– જૈનમતમાં મંદિર બનાવવા, પૂજા-પ્રતિષ્ઠા કરવી વગેરે કહ્યું છે ત્યાં ધર્મ છે કે નથી?'** લ્યો! ધર્મ એટલે પુણ્ય, હોં! ત્યાં.

**'ઉત્તર :– મંદિર, પૂજા, પ્રતિષ્ઠાદિ કાર્યમાં જો જીવહિંસા થવાનો ભય ન રાખે, યત્નાચારથી ન પ્રવર્તે,...'** બે બોલ. મંદિર, પૂજા, પ્રતિષ્ઠા એમાં યત્નાચારથી ન પ્રવર્તે, જીવહિંસા થવાનો ભય ન રાખે **'માત્ર મોટાઈ મેળવવા જેમતેમ કર્યા કરે...'** અમે પ્રતિષ્ઠા કરનારા છીએ, મંદિર સ્થાપીએ છીએ, પ્રતિમા સ્થાપીએ છીએ, અમે પૂજા કરીએ છીએ એવી પોતાની મોટપ મેળવવા જેમતેમ કર્યા કરે, હિંસામાં ધ્યાન કાંઈ રાખે નહિ, જતના રાખે નહિ, યત્નાચાર રાખે નહિ **'તો ત્યાં ધર્મ નથી, પાપ જ છે.'** લ્યો! ક્યાં? 'મોહનભાઈ'! ક્યાં પાપ છે? આ મંદિર, પૂજામાં પણ પાપ છે એમ કહે છે.

મુમુક્ષુ :– યત્નાચાર ન રાખે તો.

ઉત્તર :– હા બસ! એમાં એમ કહે છે. મંદિર, પૂજા, પ્રતિમા આદિ કાર્યમાં એ જો યત્નાચાર ન રાખે, ભય ન રાખે, મોટપથી કરે, એમાં પણ માત્ર પાપ જ છે, એમ કહ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– મોટાઈ મેળવવા.

ઉત્તર :– મોટાઈ મેળવવા. ગામના અમે સંઘશેઠ કહેવાઈએ. શેઠ શું કરાવે? આ તમારે માથે વાત આવે છે. એ કહે કે છોકરો આપે તો થાય. બાકી થાશે તો ખરું ને. ન્યાં ક્યાં ... છે.

મુમુક્ષુ :– હવે તો કામ શરૂ થઈ ગયું છે.

ઉત્તર :– કાગળમાં તો લખ્યું છે ચિંતા ન રાખવું, એ વાંચી લીધું મેં. આવતા વર્ષમાં આપણે કામ ચોક્કસ છે, એમ 'ચુનિભાઈ'એ લખ્યું છે કે નહિ? ઇ વાત ઠીક હવે. આપણે ચોક્કસ છે આવતા વર્ષમાં, હોં! અને તમારે તૈયારી (રાખવી). લખ્યું હતું ને? એ શું હશે? તમને તૈયારી રાખવી. તમને કર્યું એમ હશે?

મુમુક્ષુ :– બીજું શું હોય, પૈસા દે.

ઉત્તર :– એમાં એક શબ્દ છેલ્લે લખ્યો છે. છેલ્લો શબ્દ છે. તમારે તૈયારી રાખવી. ઠીક કીધું આ. કહો, સમજાણું આમાં?

અહીં કહે છે કે, મંદિર કરે, પૂજા કરે, પ્રતિષ્ઠા કરે એવા કાર્યમાં જીવ હિંસા થવાનો ભય ન રાખે, એમ ને એમ દીધે જ રાખે, જ્યાં ત્યાં એકેન્દ્રિયના જીવો કેટલા હણાય? શું થાય? પંચેન્દ્રિય કેમ હણાય છે? સમજાણું કાંઈ? મકોડા, કીડીઓ કેમ હણાય એનું કાંઈ ધ્યાન જ ન રાખે. **'યત્નાચારથી ન પ્રવર્તે, માત્ર મોટાઈ મેળવવા જેમતેમ કર્યા કરે...'** એ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

વાત છે. માત્ર. ભક્તિનો પૂજા, દયાનો હેતુ હોય છે. એમાં સાધારણ કોઈ એકેન્દ્રિય હિંસા થાય છે, યત્નાચાર હોવા છતાં એટલી થાય છે. તો સાવધ્ય લેશો બહુ પુણ્ય, થાશો. ત્યાં પુણ્ય થાય છે. પણ આવી રીતે કરે તો એ પુણ્ય પણ નથી, પાપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાનનો માર્ગ તદ્દન અહિંસક છે. કહો, છકાયના જીવ, છકાય જીવ માટે આવે છે ને? આયતનમાં. બોધ પાહુડ. બે ગાથા આવે છે. પહેલી અને છેલ્લી. છકાય જેના જીવની માટે બોદ્ધપાહુડ. નિશ્ચયથી પ્રતિમા ને પૂજા ને બધો અર્થ કર્યો છે. એટલે પેલાને તારણપંથીને સારું લાગે. પણ એમાં, ભાઈ! એ તો કહે છે, જતના રાખવી. એવો પૂજાનો ભાવ, ભક્તિનો ભાવ હોય પણ એમાં તદ્દન નિધ્વંસ પરિણામ થઈ જાય, પાપનો ભય ન રાખે અને યત્નાચારનો લક્ષ ન રહે અને મોટપ મેળવવા માટે એકલી હિંસા જ થાય, હું પૂજા કરનારો છું, હું આ મંદિર બનાવનારો છું, હું આ કરનાર છું, એવું બીજાથી અધિક બતાવવા માટે આવું કરતો હોય તો ત્યાં એકલું પાપ જ છે. સમજાણું કાંઈ?

**'અને યત્નપૂર્વક કાર્ય કરતા થોડી હિંસા થાય...'** જુઓ! હિંસા તો એકેન્દ્રિયની થાય, અમુક થયા વિના રહે નહિ. **'યત્નપૂર્વક કાર્ય કરતા થોડી હિંસા થાય તો તે હિંસાનું પાપ તો થયું પણ ધર્માનુરાગથી પુણ્ય ઘણું થાય છે...'** એ આવ્યું, સાવદ્ય લેશો. હિંસાનું પાપ થોડું તો થયું. એકેન્દ્રિય તો હણાય છે પૃથ્વી, પાણી, અભિષેકમાં અંદર જીવ મરે છે. આ વાંચીએ છીએ એમાં તો બહુ પોગળ ઉઘાડ્યું છે. દસ દિગ્પાળ હોતા નથી, ચોવીસ જક્ષ-બક્ષ હોતા નથી, પંચામૃતનો અભિષેક હોતો નથી. બહુ ઘણું લખ્યું છે. પુસ્તક બનાવ્યું છે ને આ? 'નિબંધ રત્નાવલી' 'જૈન નિબંધ રત્નાવલી' પચાસ અધિકાર છે. એ બધું પાછળથી ચાલ્યું છે, એ વાત છે નહિ. ભગવાનના માર્ગમાં એટલી બધી હિંસા થાય એવું હોય નહિ, એવો માર્ગ જ નથી. એ તો કહે ધર્ણેન્દ્ર પદ્માવતી નથી, એ શાસ્ત્રમાં છે નહિ. એ બધું લખ્યું છે, બહુ લખ્યું છે. પચાસ નિબંધ લખ્યા છે. એ અદ્ધરથી આવ્યું છે.

મુમુક્ષુ :– એનું લખેલું સાચું હશે?

ઉત્તર :– આણે આધારે લખ્યું છે. પૂર્વના શાસ્ત્રમાં ક્યાંય નથી. પૂર્વના શાસ્ત્રમાં ક્યાંય નથી. પુરાના શાસ્ત્રમાં, આદિ પુરાણ આદિમાં કે ક્યાંય નથી. 'આશાધર' થયા પછી બધું ચાલ્યું છે. ચોખ્ખું લખ્યું છે, પ્રમાણ તો આપ્યું છે બિચારાએ. એની જે વાત છે એટલી સાચી હોય એટલી તો કબુલ કરવી જોઈએ ને? વ્યવહારની વાત છે પણ એને જાણવી જોઈએ. આ આઠ કેવી? દિક્કુમારી. આઠ પણ શાસ્ત્રમાં નથી. છના જ નામ છે. પાઠ સહિત વાત કરી છે. આઠકુમારીકામાં મુક્યા નથી. ઘણું લખ્યું છે, પચાસ નિબંધ લખ્યા છે. પંચ કલ્યાણકમાં નાટક્યો ઢંગ કરી નાખ્યો છે. નાટક્યો ઢંગ. વીતરાગ માર્ગમાં આવો નાટક્યો ઢંગ હોય? તેરાપંથી છે.

www.vitragvani.com



મુમુક્ષુ :- એમના લોકો નાટક...

ઉત્તર :- નાટકિયા ઢંગનું આકર્ષણ થાય તો પછી થઈ રહ્યું. એનો અર્થ બીજો એમ કહે છે, અમે આમ શણગાર ભગવાનને નાખીએ છીએ ત્યારે આકર્ષણ થાય છે. માથે મુગટ ચડાવીએ.. આ કરીએ... આ કરીએ. અન્યમતિ પણ કહે છે કે, અમે આમ શણગાર કરીએ છીએ ત્યારે આકર્ષણ થાય છે. જૈન પણ કહે કે એને મુગટ-બુગટ અને આંગી ચડાવીએ તો આકર્ષણ થાય. આ પણ કહે કે આકર્ષણ થાય.

મુમુક્ષુ :- પણ એ બેમાંથી સાચું ક્યું?

ઉત્તર :- ન્યાયથી સમજવું જોશે કે નહિ? આમ વાત બન્ને કરીએ છીએ આપણે. યત્નાચાર જોઈએ વિશેષ હિંસા એકેન્દ્રિયની પણ ન થાય, એવો માર્ગ છે, બાપા! જુઓને! ભગવાનને ન્યાં બાહુબલીએ ચડાવતા નીચે કેટલી કીડી, મકોડા, જીવાત પડી ગઈ. માથે મગની ડાળ અને આ... બાપુ! આ તે કાંઈ વીતરાગ માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :- તેરાપંથીએ.. હશે.

ઉત્તર :- તેરાપંથીને નાખે છે પછી બધા. ત્યારે વીસપંથી કહે ને કે, ન્યાં આવીને મારા બધા ફરે છે, જુઓ! ઘરે આવીને ના પાડે છે પણ ન્યાં બધા કરે છે, સૌને લાલચ થઈ જાય એમ લખે છે એ લોકો. એક પ્રતિમા ફક્ત વીતરાગભાવ દેખવા માટે આવું નિષ્ક્રિય (બિંબ) શુભભાવમાં નિમિત્ત છે. એને ઠેકાણે તો વધારી દીધું એટલું, કે એ કાંઈ એકલું જાણી .. એટલે તારણસ્વામીએ વાત જ ન કરી. ઉડાવ હવે. મૂક ને મફતના આવ્યા છે. એય..! એ તો આમાં પણ ન કીધું, ભાઈ! 'યોગસાર'માં પણ ન કીધું 'નથી દેવ દેરા વિષે, છે મૂર્તિ ચિતરામ'

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત છે.

ઉત્તર :- એટલી એને વધારે કરી પછી વ્યવહાર છે. પહેલું નિશ્ચયનું તો કર. વ્યવહાર છે, શુભભાવ છે, નથી એમ નહિ પણ એની મર્યાદાની હદ હોય છે. પછી ત્યાં ને ત્યાં રહ્યો. ભગવાન ઉપર કેટલા કળશ રાખવા? જન્મ વર્ષે જુદા નાખતા એક અને પાછા એક સો આઠ. પાણીના કળશના કળશ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વકીલાત કરતા.. પેલામાં એક હજાર અને આઠ હતા. પણ અહીં વગર કારણે? ભગવાનને સાફ કરવાનો હેતુ હતો. એને ઠેકાણે ઉપરા ઉપર સોનાના, ચાંદીના. બધો અતિરેક વધી ગયો, અતિરેક થઈ ગયો.

મુમુક્ષુ :- હવે એની મર્યાદા બાંધી દ્યો.

ઉત્તર :- એય..! આ પંડિતજી કરે. પંડિત છે ને આપણે તો એ.

મુમુક્ષુ :- ....

www.vitragvani.com



ઉત્તર :– અહીં પ્રતિષ્ઠા કોને આવડે છે. તમારા ભાઈને કહો એને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એવું કાંઈ નહિ, એવું છે કરેલું.

**'એકઠું કરેલું ધન ખરચવાથી લોભકષાયરૂપ અંતરંગ હિંસાનો ત્યાગ થાય છે.'** પેલું બતાવે છે. ભગવાનની પૂજા, પ્રતિષ્ઠા, મંદિર આદિ બનવામાં, યત્નપૂર્વક કાર્ય કરતા થોડી હિંસા થાય. **'ધર્માનુરાગથી પુણ્ય ઘણું થાય છે...'** એક વાત. બીજું **'એકઠું કરેલું ધન ખરચવાથી લોભકષાયરૂપ અંતરંગ હિંસાનો ત્યાગ થાય છે.'** જોયું! લોભકષાય ઘટવાથી અંદર જે લોભની તીવ્ર હિંસા છે એટલી ઘટે છે, એટલી હિંસાનો ત્યાગ છે. **'હિંસાનું મૂળ કારણ તો કષાય છે, તેથી તીવ્ર કષાયરૂપ થઈ તેમની હિંસા ન કરવાથી પાપ પણ થોડું થયું.'** લ્યો! ઠીક. **'હિંસાનું મૂળ કારણ તો કષાય છે, તેથી તીવ્ર કષાયરૂપ થઈ તેમની હિંસા ન કરવાથી પાપ પણ થોડું થયું. માટે આ રીતે પૂજા-પ્રતિષ્ઠાદિ કરે તો ધર્મ જ થાય છે.'** ધર્મ એટલે પુણ્ય.

મુમુક્ષુ :– પુણ્ય તો ઉપર કીધું પછી અહીં ધર્મ શું કરવા કહ્યું?

ઉત્તર :– કેમ ત્યાં ધર્મ કીધું હતું ને?

મુમુક્ષુ :– આ પુણ્ય કીધું.

ઉત્તર :– ક્યાં? ક્યાં કહ્યું?

મુમુક્ષુ :– પાપ થોડું અને પુણ્ય ઘણું.

ઉત્તર :– હિંસાનું પાપ ઘણું, પુણ્ય ઘણું થાય, એ પુણ્ય એટલે ધર્મ. બીજાની અપેક્ષાની વાત છે ને? પાપની અપેક્ષાએ ધર્મ થાય છે–પુણ્ય થાય, બીજું શું? એ તો પુણ્ય જ થાય છે. આહાહા! આ ત્રણલોકના નાથ તીર્થંકરને આહાર આપે તોપણ પુણ્ય થાય. સંસારપરિત ન થાય, કહો. સંસારનો અભાવ તો આત્માનો આશ્રય થયા વિના બીજો કોઈ ઉપાય છે જ નહિ. બધી વાતું જેટલી લખી હોય, પરાશ્રયમાં નિર્જરા થાય અને એવું બહુ છે આ શ્વેતાંબરમાં. તથારૂપના સાધુને આહાર આપે તો એકાંત સુનિર્જરા. કિંચિત નહિ પાપ. ધૂળમાં પણ નિર્જરા ન થાય. નિર્જરા તે કાંઈ પરને આશ્રયે થતી હશે? આ વાસ્તવિક તત્ત્વ જ આખું બગડી ગયું છે, બાપુ! આમ હોય?

વસ્તુ સ્વભાવ જે ચૈતન્ય છે, એનો આશ્રય થઈને જે કંઈ શાંતિ કે શ્રદ્ધા, જ્ઞાન થાય, બસ! એ થયે જન્મ-મરણનો અંત (થાય), એ નિર્જરા છે. ત્રણલોકના નાથ તીર્થંકરને આહાર આપે તો (સંસારપરિત થાય), શ્વેતાંબરમાં એ બહુ છે. રેવતીને આહાર આપ્યો, રેવતીએ પરીતસંસાર કર્યો. વિપાકમાં છે. મિથ્યાદષ્ટિ હતા દેનારા સાધુ સાચા હતા. આહાર, પાણી આપ્યા તેણે પરીતસંસાર કર્યો. માર્ગ તદ્દન વિપરીત છે. વીતરાગ માર્ગ એ નથી. એય...! 'ન્યાલચંદભાઈ'! ત્યાં તો તમે ઘણું બધું સાંભળ્યું છે. હાથીના ભવમાં દયા પાળીને પરીતસંસાર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્યો, સુબાહુકુમાર વિપાકમાં મિથ્યાદૃષ્ટિ હતા. તથારૂપના સાધુને આવીને દેખે... આહાહા! આહાર, પાણી આપ્યા પરિતસંસાર (કર્યો). બિલકુલ વાત ખોટી છે.

મુમુક્ષુ :– પાત્રામાં દીધું હશે ને?

ઉત્તર :– પાત્રા જ હતા ને ન્યાં. પણ આ તો સાચા દિગંબર મુનિ હોય તોપણ પર વસ્તુ છે ને? પરનું જે લક્ષ જાય છે એટલો રાગ જ થાય. શુભ છે, પુણ્ય છે પણ એનાથી નિર્જરા થાય, ભાઈ! એમ ન હોય.

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય માનસ્તંભ મોટો પડ્યો છે. સમજાય છે? ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વભાવ વીતરાગ સ્વરૂપ છે, એનો આશ્રય કર્યે દૃષ્ટિ થાય, આશ્રય કર્યે જ્ઞાન થાય, આશ્રય કર્યે ચારિત્ર થાય, ચારિત્ર એટલે નિર્જરા. બાકી તો અત્યારે ગડબડ ઘણી છે. અહીં તો આ સ્થૂળની વાત કરીને અહિંસાને સિદ્ધ કરે છે. સમજાણું? એ માર્ગ અહિંસા છે, લ્યો! ભગવાન! મુનિઓને આહાર આપીને નિર્જરા માને એ હિંસા છે. રાગ છે એમાં નિર્જરા માને છે, તે હિંસામાં ધર્મ માને છે. ખરેખર એમ છે, લ્યો! સૂક્ષ્મ વાત એવી છે. આહાહા!

મુમુક્ષુ :– અહીં તો શ્રાવકના આચાર ચાલે છે.

ઉત્તર :– હા, આ શ્રાવકને માટેની વાત ચાલે છે. મુનિને ક્યાં દેવું છે? દેનારને મુનિ આદિ સાચા મળે તોપણ એનાથી શુભ થાય, નિર્જરા ન થાય. શુભરાગ છે એ અલ્પ હિંસા છે અને એમાં ધર્મ માને અહિંસા. એ હિંસામાં અહિંસા માની, નિર્જરા માની. ભાઈ! વાત તો એવી છે, બાપુ! જગતને માન્યે જ છૂટકો છે. એમાં ક્યાંય ત્રણકાળમાં ફરે એવું નથી. આહાહા! સમજાણું?

‘**જેમ કોઈ મનુષ્ય ધન ખર્ચવા માટે ધન કમાય તો તેને કમાયો જ કહીએ.**’ જેમ કોઈ મનુષ્ય ધન ખર્ચવા માટે, હોં! ધન કમાય. ‘**જો તે ધન ધર્મકાર્યમાં ન ખર્ચાત તો તે ધનવડે વિષયસેવનથી મહાપાપ ઊપજત...**’ એ ધન ધર્મકાર્યમાં એટલે આ પુણ્યકાર્યમાં, ‘**તો તે ધનવડે વિષયસેવનથી મહાપાપ ઊપજત તેથી તે પણ નફો જ થયો.**’ શું? પેલા પાપ કરતા, વિષયસેવન કરતા, મંદિર ખાતે શુભ થયો, શુભભાવ થયો ને એટલો? તેથી તે પણ નફો થયો, એટલો શુભભાવ થયો, શુભ.

મુમુક્ષુ :– શુભભાવને નફો કહ્યો.

ઉત્તર :– શુભભાવ નફો કહ્યો. વ્યવહાર તો કહે જ ને. ભાઈ! કથનની પદ્ધતિ શું કરે ત્યારે? પાપ કરતાં પુણ્ય એટલું તો નફો વ્યવહારે કહેવાય કે નહિ? કહો.

‘**જેમ મુનિ એક જ નગરમાં રાગાદિ ઊપજવાના ભયથી વિહાર કરે છે,...**’ જુઓ! દાખલો આપ્યો છે. જેમ મુનિ એક જ ગામમાં રાગાદિ ઊપજવાના ભયથી વિહાર કરે છે. એકના એક નગરમાં વારંવાર રહેવાથી રાગ ઊપજે. એના એ પરિચયવાળા આદમી, બાયું, છોકરાં એના એ પરિચયવાળા હોય. રાગાદિ ઊપજવાના ભયથી વિહાર કરે છે. લ્યો! ‘**વિહાર**

www.vitragvani.com



**કરતા થોડીઘણી હિંસા પણ થાય છે,...**' થાય કે નહિ હાલતા? '**પણ નફા-નુકસાન વિચારતાં એક જ નગરમાં રહેવું યોગ્ય નથી.**' લ્યો! નફો વિચારતા અને નુકસાન વિચારતા, એક નગરમાં રહેવું યોગ્ય નથી.

'**તેમ અહીં પણ નફા-નુકસાનનો વિચાર કરવો જોઈએ.**' વિષય-કષાય માટે પાપ થતું હોય એ કરતા પૂજા, પ્રતિષ્ઠા ભગવાનની હોય છે તેમાં પુણ્ય છે, એટલો નફો છે એમ વિચારવું જોઈએ. અપેક્ષાથી વાત છે ને? વ્યવહારનયથી વાત છે ને? વીતરાગના સ્યાદ્વાદ કથન એવા છે, વ્યવહારથી તો પાપ કરતા પુણ્ય ઠીક છે એમ કહેવામાં આવે. પરમાર્થે તો બન્ને હેય છે. હેય થયા પછી વ્યવહારની દશામાં પાપના ભાવ કરતા પુણ્યના ભાવ વ્યવહારે ઠીક કહેવામાં આવે.

'**એક સામાન્ય કથનવડે વિશેષ કથનનો નિષેધ ન કરવો.**' શું કીધું? હિંસા ન કરવી કોઈને માટે એમ આવ્યું ને સામાન્ય કથન? એના વિશેષ ભંગો જે હોય, પાછા મંદિર આદિમાં એકેન્દ્રિય આદિ થાય, એનો હેતુ છે એને વિચારવો જોઈએ. એ વિશેષનો નિષેધ ન કરવો. '**આવું જ કાર્ય તો આરંભી, અવ્રતી અને તુચ્છ વ્રતી કરે છે.**' સંસારમાં આરંભ કરનાર ગૃહસ્થી પણ કરે છે ને? અવ્રતી પણ કરે છે, અને તુચ્છ વ્રતી, નથી વ્રતી, એ કરે. '**તેથી સામાન્યપણે એવો જ ઉપદેશ છે.**' શું? કે, '**ધર્મના નિમિત્તે હિંસા ન કરવી.**' કોઈ રીતે, એકેન્દ્રિય આદિ કોઈ સામાન્ય, વિશેષમાં એને સમજવું જોઈએ. થોડું વિશેષ સમજવું જોઈએ. જ્યાં-જ્યાં જે-જે યોગ્ય છે ત્યાં એને સમજવું જોઈએ. કહો, સમજાણું કાંઈ? અવ્રતી અને તુચ્છ વ્રતી, થોડો વ્રતી, પાંચમાગુણસ્થાનવાળો, લ્યોને. હલકો વ્રતી એટલે શું? મુનિ નહિ. તુચ્છ વ્રતી. અણુવ્રતી, તુચ્છ વ્રતી એટલે અણુવ્રતી, શ્રાવક. સમજાણું કાંઈ? એ એક ૭૯ ગાથા થઈ.

## ગાથા–૮૦

धर्मो हि देवताभ्यः प्रभवति ताभ्यः प्रदेयमिह सर्वम्।
इति दुर्विवेककलितां धिषणां न प्राप्य देहिनो हिंस्याः।।८०।।

**અન્વયાર્થ** :– [ हि ] 'નિશ્ચયથી [ धर्मः ] ધર્મ [ देवताभ्यः ] દેવોથી [ प्रभवति ] ઉત્પન્ન થાય છે માટે [ इह ] આ લોકમાં [ ताभ्यः ] તેમના માટે [ सर्वं ] બધું જ [ प्रदेयम् ] આપી દેવું યોગ્ય છે' [ इति दुर्विवेककलितां ] આ રીતે અવિવેકથી ગ્રસાયેલ [ धिषणां ] બુદ્ધિ [ प्राप्य ] પામીને [ देहिनः ] શરીરધારી જીવોને [ न हिंस्याः ] મારવા

www.vitragvani.com



ન જોઈએ.

ટીકા :– 'हि धर्मः देवताभ्यः प्रभवति' - નિશ્ચયથી ધર્મ ઊપજે છે તે દેવોથી ઊપજે છે, 'इह ताभ्यः सर्वं प्रदेयम्' - આ લોકમાં તે દેવોના નિમિત્તે બધું આપવું જોઈએ. જીવોને પણ મારીને તેમને ચડાવો. 'इति दुर्विवेककलितां धिषणां प्राप्य देहिनः न हिंस्याः' - એવી અવિવેકવાળી બુદ્ધિથી પ્રાણીને મારવા નહિ.

ભાવાર્થ :– દેવ, દેવી, ક્ષેત્રપાળ, કાલી, મહાકાલી, ચંડી, ચામુંડા ઇત્યાદિને અર્થે હિંસા ન કરવી. પરજીવને મારવાથી પોતાનું ભલું કેવી રીતે થાય! બિલકુલ ન થાય. ૮૦.

---

धर्मो हि देवताभ्यः प्रभवति ताभ्यः प्रदेयमिह सर्वम्।
इति दुर्विवेककलितां धिषणां न प्राप्य देहिनो हिंस्याः।।८०।।

''**हि' 'નિશ્ચયથી ધર્મ દેવોથી ઉત્પન્ન થાય છે...**' એમ કહે છે. ભાઈ! દેવ હતો તો ધર્મ કહે, માટે દેવને નામે કોઈ પણ માંસ આદિ કરવા એ કાંઈ પાપ નથી. **'આ લોકમાં તેમના માટે બધું જ આપી દેવું યોગ્ય છે'...**' અજ્ઞાની આમ કહે છે. મહાપુરુષ દેવતાઓ, દેવથી આ ધર્મ પ્રગટ્યો છે, લ્યો! **'આ રીતે અવિવેકથી ગ્રસાયેલ 'धिषणां' બુદ્ધિ પામીને શરીરધારી જીવોને મારવા ન જોઈએ.'** સમજાણું? કોઈ પણ જીવને મારવો, એકેન્દ્રિયને પણ પ્રાણ પ્રિય છે. એ પણ એના પ્રાણ છે. જેમ અન્નપ્રાણ છે એમ એને દસ પ્રાણ એના પ્રાણ છે, જેને જે પ્રાણ હોય એ. એની એ ઋદ્ધિ માની છે ને વ્યવહારે? એકેન્દ્રિય જીવ. એક નિગોદના એક શરીરમાં અનંતાજીવ છે. અહો..! ભગવાનનો માર્ગ કેટલા સ્વભાવને પ્રતીત કરાવે છે! એવા અનંતજીવો છે એને પણ મારવાનો અધિકાર નથી. સમજાણું કાંઈ? એને પણ દેહ છૂટતા દેહની મમતા છે તો નિગોદને દુઃખ થાય છે ને? વસ્તુ છે, અસ્તિ છે ને? એ અસ્તિ છે. એમ કોઈ કાઢી નાખે તો કાંઈ નીકળે? અસ્તિ છે, એ વસ્તુના સ્વભાવ છે, જીવો છે, એને આમ શરીરને અડે ને જ્યાં ત્યાં કેટલા શરીર છૂટી જાય. દુઃખ થાય છે. માટે ધર્મને માટે કે આ કરવા માટે કાંઈ વાંધો નથી, કારણ કે, મહાપુરુષોએ કહેલો ધર્મ એના માટે આપણે હિંસા કરીએ તો હવે વાંધો નથી. એવું સત્ય માર્ગમાં હોય શકે નહિ. કોઈને માટે ક્યાં છે? ભાઈ! આહાહા!

ટીકા :– **'નિશ્ચયથી ધર્મ ઊપજે છે તે દેવોથી ઊપજે છે,...'** એમ કહે. દેવ ધર્મ કહેનારા છે ને? **'આ લોકમાં તે દેવોના નિમિત્તે બધું આપવું જોઈએ. જીવોને પણ મારીને તેમને ચડાવો.'** લ્યો! બલિદાન, બકરા ચડાવો, આ ચડાવો... આ ચડાવો... આહાહા! એ પણ છે ને? જગતમાં ચાલે છે ને? એક હમણા ગિરનારમાં ઈશ્વરને ગોતવા નીકળ્યો. સાંભળ્યું ને?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભાઈ! ન સાંભળ્યું? જુવાન માણસ હતો, કેટલા વર્ષનો? વીસ. ઈશ્વરને ગોતવા નીકળ્યો. ન મળ્યો ક્યાંય. છરા મારીને મરી ગયો, છરા મારીને મરી ગયો, છરા ખાઈને.

આપણે હતા નહિ? તે દિ' (સંવત) ૧૯૯૫માં ગયા તે દિ' પેલા નારાયણ મુનિ હતા. એક નારાયણ મુનિ હતા. વચમાં 'લાઠી' બાજુ મળ્યા હતા. માણસ પુણ્યવાળો હતો. .. હતો અને પછી વૈરાગ્ય થઈ ગયો. તે દિ' ૧૯૯૫ ચડ્યા તે દિ' હતો, તમે નહોતા નહિ? નીચે હતા, ઉપર નહોતા. નારાયણમુનિ વચમાં મળ્યા. આમ .. દેખાતો હતો. કોઈ અમલદાર અધિકાર, પણ વૈરાગ્ય થઈ ગયેલો. એમાં ડોળી નીકળી. પછી થાક લાગ્યો તો બેઠા હતા. પછી જ્યારે ત્યાં સહસ્ત્રામ્રવનમાં ભક્તિ થતી હતી, ત્યારે સાંભળ્યું હતું કે, એ ભરતવનમાં, નીચે ભરતવન છે ને? ભરતવન ત્યાં આગળ ગયા અને પછી ભગવાનના વિરહમાં બહુ રોયા. ત્યાં બેઠા હતા, સાંભળતા હતા, સાંભળ્યું કે, અત્યારે નારાયણ મુનિ કૃષ્ણના વિરહે રોવે છે. ભરતવન છે ને નીચે? સહસ્ત્રામ્રવન જરી ઉપર છે, ભરત જરી નીચે છે. કોઈ એ બાજુથી ચડે છે. એવું સાંભળ્યું હતું ત્યાં માણસો નીકળ્યા એટલે કહે કે, પોતે નારાયણ મુનિ અત્યારે ભગવાનના વિરહ માટે બહુ રોવે છે. બહાર ક્યાં ભગવાન હતા? અને ભગવાન જે છે એ કાંઈ તારી પાસે આવે એવા નથી, એ તો વીતરાગ છે. ભગવાન તો તું છો પૂરો, એની પાસે જાવું નથી ને બીજા ભગવાનને ભેટવા છે. એ ભગવાન ક્યાંથી આવતા હતા? આહા..! જગતની મૂંઝવણ, અજ્ઞાનનું પાપ તો મહાપાપ. એને લઈને જ આ અનંત સંસાર થયો છે. આહાહા! સમજાણું?

અહીં કહે છે, મારીને બધું ચડાવવું, **'જીવોને પણ મારીને તેમને ચડાવો. - એવી અવિવેકવાળી બુદ્ધિથી પ્રાણીને મારવા નહિ.'**

**ભાવાર્થ :– 'દેવ, દેવી, ક્ષેત્રપાળ,...'** લ્યો! અહીં તો ક્ષેત્રપાળ આવ્યા. જૈનમાં પણ ક્ષેત્રપાળ ચડાવે છે પહેલા, ક્ષેત્રપાળની પહેલી પૂજા. શું કહેવાય? ભોમિયો કહેવાય, ભોમિયાજી. બીજી ભાષા કાંઈક છે. એના માટે મોઢા આગળ કરો. અરે..! વીતરાગ માર્ગમાં આ હોય? સાંભળને. **'દેવ, દેવી, ક્ષેત્રપાળ, કાલી, મહાકાલી...'** આ લ્યોને 'કલકત્તા'ની. **'ચંડી, ચામુંડા...'** લ્યો! ચામુંડી હશે કોઈ, આ ચામુંડ નહિ, હોં! બીજી કોઈ ચામુંડા હશે. **'ઇત્યાદિને અર્થે હિંસા ન કરવી.'** ચામુંડા નામ આમાં આવ્યું છે. એમાં નામ આવ્યું છે. કોઈ જીવનું નામ હશે. **'પરજીવને મારવાથી પોતાનું ભલું કેવી રીતે થાય!'** કોઈપણ જીવને, એકેન્દ્રિય આદિને મારવાથી પણ કાંઈ પોતાને ભલું ન થાય. **'બિલકુલ ન થાય.'**

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમ? આહાહા! આ ટેકરી ઉપર. આ પેલો દેખાતો હતો એ. કાંઈક બધા જાય છે, મોટો મેળો ભરાય છે. ત્યાં એક બાવો હતો, નહિ? લૌકિક આ ગાંધીની લાઈનનો. માણસો માનતા. એ દેખાતા હતા. પહેલા આપણે (સંવત) ૨૦૧૩ માં મેડીએ ઉતર્યા હતા

www.vitragvani.com



ને, ત્યારે દેખાતા હતા, આ ફેરી બીજી ઉતર્યા હતા, બહાર. સમજાણું?

એવા દેવ, દેવી માટે કોઈ જીવને મારવા એ માર્ગમાં હોય શકે નહિ. એ દેવતા માટે કહ્યું. પહેલું યજ્ઞ માટે કહ્યું હતું. હવે પોતાના વડીલ માટે. ગુરુ હોય, ફકીર આદિ, બાવા આદિ, લ્યો! સમજાણું? આવે છે ને આનામાં નહિ? આ 'બિલખા'માં એક બાવો આવ્યો હતો. છે ને અત્યારે ત્યાં 'બિલખા' નથી, 'બિલખા'? એક બાવો આવ્યો અને પછી પેલાને માંસ માગ્યું. તારા છોકરાનું માંસ જોઈએ. આ કથા, પણ એ બધા ગપ્પે ગપ્પ છે, એવું કાંઈ હોય?

મુમુક્ષુ :- ખાંડણિયામાં

ઉત્તર :- હા હા છે ને, એ બધું ખાંડણિયો છે અને બધું છે. ચેલૈયો, ચેલૈયો ભણતો હતો, એના બાપને ત્યાં પેલો બાવો આવ્યો. પેલો કહે લાવ માંસ, કોનું જોવે છે? છોકરાનું જોવે. બોલાવો છોકરાને. ચેલૈયો ભણતો હતો. એને કોઈએ કહ્યું કે, તારો બાપ જો તને મારીને આપવાના છે. ચેલો કહે જાઉં.

**ભાગુ તો મારી ભૂમિકા લાજે, ભોરિંગ ઝીલે ભાર,**
**મહેરામણ માજા ન મુકે ચેલૈયો સત્ ન ચુકે.**

એમ બોલે છે. 'ભાગુ તો મારી ભૂમિકા લાજે ભોરિંગ...' ભોરિંગ કહે છે ને હેઠે? નાગે આ પૃથ્વી ઉપાડી છે. કોઈએ ઉપાડી નથી. એ તો નાગકુમાર દેવ છે હેઠે. 'મહેરામણ માજા ન મુકે, ચેલૈયો સત્ ન ચુકે.' આવા ને આવા ગપ્પા જોડી દીધા ધર્મને નામે. એ.. 'મોહનભાઈ'! તે પાછો વળી ન્યાં ખાંડવા જાય છે, ત્યારે બાવો કહે છે કે, વાંજિયાનું ન લઉં. હવે તો તું વાંજિયો થઈ ગયો. તારે છોકરું હોય તો લઉં. ત્યારે બાય કહે છે કે, મારે બે જીવ છે, છોકરું છે, ત્યારે માંસ આપ્યું. ગપ્પે ગપ્પ તે કેવા?

મુમુક્ષુ :- માણસને મારી નાખીને માંસ ખાઉં?

ઉત્તર :- આવશે આમાં હોં! હજી ઘણું. પોતાનું માંસ ન દેવું એ આવશે.

## ગાથા-૮૧

पूज्यनिमित्तं घाते छागादीनां न कोऽपि दोषोऽस्ति।
इति संप्रधार्य कार्यं नातिथये सत्त्वसंज्ञपनम्।।८१।।

**અન્વયાર્થ :- [ पूज्यनिमित्तं ] 'પૂજવા યોગ્ય પુરુષોને માટે [ छागादीनां ] બકરા વગેરે જીવોનો [ घाते ] ઘાત કરવામાં [ कः अपि ] કોઈ પણ [ दोषः ] દોષ [ नास्ति ]**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**નથી' [ इति ] એમ [ संप्रधार्य ] વિચારીને [ अतिथये ] અતિથિ અથવા શિષ્ટ પુરુષોને માટે [ सत्त्वसंज्ञपनम् ] જીવોનો ઘાત [ न कार्यम् ] કરવો ન જોઈએ.**

**ટીકા :– 'पूज्यनिमित्तं छागादीनां घाते कोऽपि दोषः न अस्ति' - પોતાના ગુરુ માટે બકરાદિ જીવોના ઘાતમાં કાંઈ દોષ નથી, 'इति सम्प्रधार्य अतिथये सत्त्वसंज्ञपनम् न कार्यम्' - એમ વિચારીને અતિથિ (ફકીરાદિ ગુરુ) માટે જીવોનો ઘાત ન કરવો.**

**ભાવાર્થ :– પાપી, વિષયલંપટી અને જીભના લાલચુ એવા પોતાને અને બીજા જીવોને નરકમાં લઈ જવાને તૈયાર થનાર એવા કુગુરુના નિમિત્તે પણ હિંસા કરવી યોગ્ય નથી. હિંસાથી તેનો અને પોતાનો મોક્ષ કેવી રીતે થશે? મતલબ કે થતો નથી. ૮૧.**

---

पूज्यनिमित्तं घाते छागादीनां न कोऽपि दोषोऽस्ति।
इति संप्रधार्य कार्यं नातिथये सत्त्वसंज्ञपनम्।।८१।।

**'પૂજવા યોગ્ય પુરુષોને માટે...'** પોતાના ગુરુ, ફકીર, બાવા, સાધુ વગેરે. **'બકરા વગેરે જીવોનો ઘાત કરવામાં કોઈ પણ દોષ નથી' એમ વિચારીને અતિથિ અથવા શિષ્ટ પુરુષોને માટે જીવોનો ઘાત કરવો ન જોઈએ.'** એમ કે મોટા પુરુષને માટે કરીએ છીએ ને, ગુરુ માટે કરીએ છીએ ને, અમારે શું? માટે પાપ ન હોય, એમ વિચારવું નહિ. જુઓ! એક 'અમૃતચંદ્રાચાર્ય' મહામુનિ સંત છે, છઠ્ઠે, સાતમે ગુણસ્થાને ઝૂલે છે, એ અધ્યાત્મના કથન વખતે એનું પણ કથન અલૌકિક અને વ્યવહારના કથનની શૈલી પણ સમજાવવામાં સૂક્ષ્મ, સૂક્ષ્મભાવથી સમજાવે છે. એને એ સમજવું તો પડે કે નહિ? સમજાણું કાંઈ?

**ટીકા :– 'પોતાના ગુરુ માટે બકરાદિ જીવોના ઘાતમાં કાંઈ દોષ નથી,...'** બકરો મારીએ, છોકરું મારીએ લ્યોને એ બધું. **'એમ વિચારીને અતિથિ...' 'अतिथये'** છે ને? અતિથિ. મૂળ તો અતિથિ માટે. **'(ફકીરાદિ ગુરુ) માટે જીવોનો ઘાત ન કરવો.'** કહો, ફકીર આવ્યા હોય, ગુરુ આવ્યા હોય એને માટે માંસ મારીને ન દેવું. એવું હોય? પેલો લેનાર પાત્ર નથી, દેનારને દાનમાં માંસ હોય શકે નહિ. દેવા માટે નહિ, એ વળી બીજી વાત આવશે.

**'પાપી, વિષયલંપટી અને જીભના લાલચુ એવા પોતાને અને બીજા જીવોને નરકમાં લઈ જવાને તૈયાર થનાર એવા કુગુરુ...'** આહા...! **'પાપી, વિષયલંપટી અને જીભના લાલચુ...'** ખોરાક ખાવામાં. **'એવા પોતાને અને બીજા જીવોને નરકમાં લઈ જવાને તૈયાર થનાર...'** પોતે નરકમાં જાય અને યજમાનને સાથે લઈ જાય, ચાલો બાપા સાથે. ગળુ પકડીને લઈ જાય. જ્ઞાનાર્ણવમાં કહ્યું. કુગુરુઓ યજમાનને ગળુ પકડીને ચાલ સાથે. ઊંધી શ્રદ્ધા કરાવે, ઊંધા જ્ઞાન કરાવે, નરક ને નિગોદના સ્થાન, બન્નેને માટે બનાવે. આહાહા! અરે..! બહારમાં કોઈ પૂછનાર (છે)? લ્યો. **'જીવોનો ઘાત ન કરવો.'**

www.vitragvani.com



ભાવાર્થ :– 'પાપી, વિષયલંપટી અને જીભના લાલચુ એવા પોતાને અને બીજા જીવોને નરકમાં લઈ જવાને તૈયાર થનાર એવા કુગુરુના નિમિત્તે પણ હિંસા કરવી યોગ્ય નથી.' સમજાણું? 'હિંસાથી તેનો અને પોતાનો મોક્ષ કેવી રીતે થશે? મતલબ કે થતો નથી.' નરક થાય, નરક થાય, ભાઈ! સમજાણું? એ બધા રસ્તા ઊંધા છે, ચાર ગતિના રસ્તા છે. ૮૨.

## ગાથા–૮૨

बहुसत्त्वघातजनितादशनाद्वरमेकसत्त्वघातोत्थम्।
इत्याकलय्य कार्यं न महासत्त्वस्य हिंसनं जातु।।८२।।

અન્વયાર્થ :– [ बहुसत्त्वघातजनितात् ] 'ઘણા પ્રાણીઓના ઘાતથી ઉત્પન્ન થયેલ [ अशनात् ] ભોજન કરતાં [ एकसत्त्वघातोत्थम् ] એક જીવના ઘાતથી ઉત્પન્ન થયેલું ભોજન [ वरम् ] સારું છે' [ इति ] એમ [ आकलय्य ] વિચારીને [ जातु ] કદીપણ [ महासत्त्वस्य ] મોટા ત્રસ જીવનો [ हिंसनं ] ઘાત [ न कार्यम् ] કરવો ન જોઈએ.

ટીકા :– 'बहुसत्त्वघातजनितात् अशनात् एक सत्त्वघातोत्थम् वरम्' - ઘણા જીવોના નાશથી ઉત્પન્ન થયેલા ભોજન કરતાં એક જીવને મારવાથી ઊપજેલું ભોજન ઉત્કૃષ્ટ છે 'इति आकलय्य जातु महासत्त्वस्य हिंसनं न कार्यम्' - એમ વિચારીને કદીપણ મોટા જીવની હિંસા ન કરવી.

ભાવાર્થ :– કોઈ કહે છે કે અન્નના આહારમાં ઘણા જીવો મરે છે માટે એક મોટો જીવ મારીને ભોજન કરીએ તો ઘણું સારું, - એમ માની પંચેન્દ્રિય જીવોનો ઘાત કરે છે, ત્યાં હિંસા તો પ્રાણઘાતથી છે. એકેન્દ્રિય કરતા પંચેન્દ્રિયના દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ ઘણા-વધારે હોય છે. માટે જ એવો ઉપદેશ છે કે ઘણા એકેન્દ્રિય જીવને મારવા કરતા દ્વીન્દ્રિય જીવને મારવાનું અનેકગણું પાપ છે તો પંચેન્દ્રિયને મારવાથી કેમ ઘણું પાપ ન થાય? વળી બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય જીવને મારવામાં તો માંસનો આહાર થાય છે. તેના દોષ આગળ કહ્યા જ છે. માટે આ પ્રમાણે શ્રદ્ધાન કરવું. ૮૨.

---

बहुसत्त्वघातजनितादशनाद्वरमेकसत्त्वघातोत्थम्।
इत्याकलय्य कार्यं न महासत्त्वस्य हिंसनं जातु।।८२।।

'ઘણા પ્રાણીઓના ઘાતથી ઉત્પન્ન થયેલ ભોજન કરતાં એક જીવના ઘાતથી ઉત્પન્ન

www.vitragvani.com



**થયેલું ભોજન સારું છે...'** અનાજના ઘણા એકેન્દ્રિય જીવને મારી નાખવા, એ કરતા એક હાથી મારે, નિરાંતે ખાધા કરવું. ભાઈ! જગતમાં દલીલ છે ને બધી? તમે કેટલા મારો દરરોજ? વનસ્પતિ, દાણા, અનાજ, કારેલા, શું કહેવાય? દૂધી કેટલા જીવ ખાવ છો, લ્યો! એ કરતા એક હાથી મારે અને પછી છ-બાર મહિના ચાલે. મરી જાઈશ. એ તો એકેન્દ્રિય જુદી વાત છે અને પોતે એક મારે (એ જુદી વાત છે). એવા જીવો માનનારા જગતમાં છે.

**''ઘણા પ્રાણીઓના ઘાતથી ઉત્પન્ન થયેલ ભોજન કરતાં એક જીવના ઘાતથી ઉત્પન્ન થયેલું ભોજન સારું છે' એમ 'आकलय्य' વિચારીને કદીપણ મોટા ત્રસ જીવનો ઘાત કરવો ન જોઈએ.'** **'महासत्त्वस्य'**. હાથી, બળદ આદિ મોટા મારે ને? પછી નિરાંતે થોડું થોડું ખાવું. એક સાથે આમ ઘણાને મારવા એ કરતાં (આમ કરવું સારું). પણ એ એકેન્દ્રિય જીવ છે એ જુદી વાત છે, પંચેન્દ્રિય જુદી વાત છે. ખુલાસો કરશે, હોં!

**''बहुसत्त्वघातजनितात् अशनात् एक सत्त्वघातोत्थम् वरम्' - ઘણા જીવોના નાશથી ઉત્પન્ન થયેલા ભોજન કરતાં એક જીવને મારવાથી ઊપજેલું ભોજન ઉત્કૃષ્ટ છે...'** એમ અજ્ઞાની કહે છે. **'इति आकलय्य जातु महासत्त्वस्य हिंसनं न कार्यम्'** **'जातु'** આવ્યું, જુઓ! **'એમ વિચારીને કદીપણ...'** એ **'जातु'**નો અર્થ કર્યો છે ને? કદીપણ કાળના અર્થમાં આવે છે. **'મોટા જીવની હિંસા ન કરવી.'** **'महासत्त्वस्य हिंसनं न कार्यम्'** ઘણા નાના નાના મારી નાખવા, એ કરતાં એક મોટાને મારવો કે, જેથી આપણે કામ ચાલે. એ માર્ગ છે નહિ. જગતમાં અનેક સ્વચ્છંદ છે. દુનિયામાં કોઈ દંડ મળે એવું છે ન્યાં તરત? તરત મળે છે અંદર પણ એ એને જોઈ શકતો નથી. ભાવની હિંસા થાય છે. સૂક્ષ્મ સ્વભાવ છે એનું જ્ઞાન નથી એટલે એને ભાવહિંસા થાય એનું પણ ભાન નથી. બહારમાં જેમ-તેમ મનાવે, માને. આત્માર્થીએ એમ કરવું નહિ.

**ભાવાર્થ :– 'કોઈ કહે છે કે અન્નના આહારમાં ઘણા જીવો મરે છે...'** જોયું? અન્નમાં તો ઘણા મરે. દાણા, બાજરો, ચોખા, ચોખા તો અચેત છે. **'માટે એક મોટો જીવ મારીને ભોજન કરીએ તો ઘણું સારું, - એમ માની પંચેન્દ્રિય જીવોનો ઘાત કરે છે, ત્યાં હિંસા તો પ્રાણઘાતથી છે. એકેન્દ્રિય કરતાં પંચેન્દ્રિયના દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ ઘણા-વધારે હોય છે.'** જોયું? એકેન્દ્રિય કરતા પંચેન્દ્રિયના દ્રવ્યપ્રાણ દસ હોય છે. પેલાને ચાર હોય છે. અને ભાવપ્રાણ ઘણા વધારે હોય છે. એકેન્દ્રિયને પ્રગટરૂપે ભાવપ્રાણ થોડા હોય છે અને પેલાને ઘણા હોય છે. દ્રવ્યરૂપ પ્રાણની અહીં અત્યારે વાત નથી. પ્રગટરૂપ જે અશુદ્ધ ભાવપ્રાણ છે ને? પ્રગટ પર્યાય, એ ભાવપ્રાણ પણ એકેન્દ્રિયને થોડા છે ને પંચેન્દ્રિયને ઘણા છે ને?

**'માટે જ એવો ઉપદેશ છે કે ઘણા એકેન્દ્રિય જીવને મારવા કરતા દ્વીન્દ્રિય જીવને મારવાનું અનેકગણું પાપ છે તો પંચેન્દ્રિયને મારવાથી કેમ ઘણું પાપ ન થાય?'** લ્યો! દ્વિન્દ્રિયને મારવાનું અનેકગણું પાપ છે. દ્રવ્ય અને ભાવ પ્રાણ ઘણા છે માટે. એકેન્દ્રિયને એક ઇન્દ્રિય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છે, શરીર પ્રાણ છે, શ્વાસ છે, આયુષ્ય છે, ચાર પ્રાણ છે. સમજાણું? પંચેન્દ્રિયને દસ પ્રાણ છે. પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા અને શ્વાસ અને આયુષ્ય. પછી વચ્ચે એમાં ઓછા-વત્તા હોય. બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય. **'એકેન્દ્રિય જીવને મારવા કરતાં દ્વીન્દ્રિય જીવને મારવાનું અનેકગણું,...'** દ્વિન્દ્રિય જોયું? એક ઇન્દ્રિય વધારે છે, પ્રાણ, દ્રવ્યપ્રાણ વધારે છે, ભાવપ્રાણ વધારે છે. જુઓ! બેઇન્દ્રિયને બીજું જે છે, રસેન્દ્રિયનો પ્રાણ અને અંદર ભાવપ્રાણ બે વધારે છે. એકેન્દ્રિયને નથી, એને એકલી સ્પર્શેન્દ્રિય છે. શ્વાસ અને આયુષ્ય હોય છે. શરીરપ્રાણ હોય છે.

**'તો તે પંચેન્દ્રિયને મારવાથી કેમ ઘણું પાપ ન થાય? વળી બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય જીવને મારવામાં તો માંસનો આહાર થાય છે.'** કહો, એકેન્દ્રિયના શરીરમાં માંસ નથી, એકેન્દ્રિય શરીર માંસ નથી. આ પૃથ્વી, વનસ્પતિ એમાં માંસ નથી. બેઇન્દ્રિયથી શરીર માંડે એના શરીરમાં માંસ હોય. સમજાણું? હવે વળી બીજી રીતે. ઘણા કહે છે ને આ સાપ અને વિંછી અને સિંહ, એને મારી નાખીએ, (કારણ કે એ) તો ઘણાને મારનારા છે, એને મારી નાખીએ તો ઘણા મારનારને અટકશે. જગતમાં ચાલે એ બધી જાતની વાત લીધી છે.

## ગાથા–૮૩

रक्षा भवति बहूनामेकस्यैवास्य जीवहरणेन।
इति मत्वा कर्त्तव्यं न हिंसनं हिंस्रसत्त्वानाम्।।८३।।

**અન્વયાર્થ :– [ अस्य ] 'આ [ एकस्य एव ] એક જ [ जीवहरणेन ] જીવનો ઘાત કરવાથી [ बहूनाम् ] ઘણા જીવોની [ रक्षा भवति ] રક્ષા થાય છે' [ इति मत्वा ] એમ માનીને [ हिंस्रसत्त्वानाम् ] હિંસક જીવોની પણ [ हिंसनं ] હિંસા [ न कर्त्तव्यम् ] ન કરવી જોઈએ.**

**ટીકા :– 'अस्य एकस्य एव जीवहरणेन बहूनाम् रक्षा भवति' - આનો એક જ જીવ મારવાથી ઘણા જીવોની રક્ષા થાય છે 'इति मत्वा हिंस्र सत्त्वानां हिंसनं न कार्यम्' - એમ જાણીને હિંસક જીવનો પણ ઘાત ન કરવો.**

**ભાવાર્થ :– સાપ, વીંછી, નાહર, સિંહ ઇત્યાદિ બીજા જીવોને મારનાર-હિંસક જીવોને મારવાથી ઘણા જીવ બચે છે માટે એને મારવામાં પાપ નથી-એવું શ્રદ્ધાન ન કરવું, કેમકે એને તો એના કાર્યનું પાપ લાગે છે. લોકમાં અનેક જીવો પાપ-પુણ્ય ઉપજાવે છે, તેમાં**

**આને શું? તે હિંસક જીવો હિંસા કરે છે તો તેમને પાપ લાગશે. પોતે તેમની હિંસા કરીને શા માટે પાપ ઉપજાવે? ૮૩.**

---

**रक्षा भवति बहूनामेकस्यैवास्य जीवहरणेन।**
**इति मत्वा कर्त्तव्यं न हिंसनं हिंस्रसत्त्वानाम्।।८३।।**

**'આ એક જ જીવનો ઘાત કરવાથી...'** સિંહ, વાઘ, નાગ વગેરે. **'ઘણા જીવોની રક્ષા થાય છે...'** ઘણાને મારતા આવશે અને ઘણા જીવની રક્ષા થશે. મારો નાગને. અહીં સર્પ નીકળ્યો હતો. એક આવ્યો હતો. એ કવિ તો ગુજરી ગયા. એણે કીધું, મારો એને. (સંવત) ૧૯૯૨ની સાલની વાત છે, ૩૧ વર્ષ થયા. એ કહે કે એ સર્પ જીવશે તો ઘણાને મારશે, મારી નાખો. કહો, બ્રાહ્મણ થઈને ગજબની વાત છે. આહાહા! એવો માર્ગ તે હોય છે. તો તું પણ કેટલાને મારનારો થયો? પછી તને મારી નાખે તો? તું કેટલાને મારી નાખનારો? જુઓને! આવાને મારે. કોઈ તને મારી નાખે તો? આવા તે કાંઈ ભાવ હોય? અહીં થયું હતું એવું. **'એમ માનીને હિંસક જીવોની પણ હિંસા ન કરવી જોઈએ.'** હિંસક જીવો વાઘ, નાગ, સાપ, મીંદડી ઘણાને મારશે, એ કરતાં આને એકને મારી નાખીએ તો? એમ ન મરાય. પાપ કીધું હતું તને. મારે ન મારે એ પ્રશ્ન પછી છે. તું એને મારવાનો ભાવ કરે, પહેલું તો એ તને પાપ છે. સમજાણું કાંઈ? ઘણી જાત લીધી છે, ઘણી, હોં!

**''अस्य एकस्य एव जीवहरणेन बहूनाम् रक्षा भवति' - આનો એક જ જીવ મારવાથી ઘણા જીવોની રક્ષા થાય છે - એમ જાણીને હિંસક જીવનો પણ ઘાત ન કરવો.'** હિંસક જીવનો પણ ઘાત ન કરવો. નાગ હોય, સર્પ હોય. એ બધા પ્રાણીઓ એના આયુષ્ય પ્રમાણે જીવશે અને એના ભાવ પ્રમાણે થશે. તે જે થવાનું હશે એ થાશે. બહાર કાંઈ ભાવ કરે અને કાંઈ ક્રિયા થાય એવું પણ નથી. કોઈને મારવું, એ હોય શકે નહિ. જુઓ! શ્રાવકની શ્રદ્ધામાં આવું હોય નહિ. એને સાચું અહિંસા વ્રત સમ્યગ્દર્શન સહિત હોય છે. એ માટે શ્રદ્ધાને બરાબર ચોખ્ખી કરાવે છે.

**ભાવાર્થ :– 'સાપ, વીંછી,...'** લ્યો! વીંછી નીકળે અને માણસ મારી નાખે. **'નાહર,...'** આ નાહર બકરાને મારે છે ને? નાહર, નાહર. મારી નાખો નહિતર ઘણા બકરાને મારશે. એકને મારી નાખો. **'સિંહ...'** વાઘ વગેરે લેવું. **'ઇત્યાદિ બીજા જીવોને મારનાર-હિંસક જીવોને મારવાથી ઘણા જીવ બચે છે માટે એને મારવામાં પાપ નથી-એવું શ્રદ્ધાન ન કરવું,...'** ઘણા પ્રકારની વાત વર્ણવે છે. **'કેમકે એને તો એના કાર્યનું પાપ લાગે છે.'** લ્યો! એ મારનારને તો એના પાપ લાગે, પણ તારે શું? એનું પાપ તને લાગે છે?

**'લોકમાં અનેક જીવો પાપ-પુણ્ય ઉપજાવે છે,...'** લ્યો! **'તેમાં આને શું?'** અનેક પ્રકારના

www.vitragvani.com



માણસ પાપના ભાવ, પુણ્યના ભાવ ઉપજાવે એમાં તારે શું? પણ તું ક્યાં કેટલે પડીશ? તારું કામ શું છે? બાપુ! તારું તત્ત્વ નિવૃત્ત તત્ત્વ છે. પરદ્રવ્યના અભાવસ્વભાવરૂપ, પરદ્રવ્યના અભાવસ્વભાવરૂપ નિવૃત્ત છે. હવે તારે કોને કરવું છે આમાં? આહાહા! **'કેમકે એને તો એના કાર્યનું પાપ લાગે છે. લોકમાં અનેક જીવો પાપ-પુણ્ય ઉપજાવે છે, તેમાં આને શું?'** લ્યો! થઈ રહ્યું. કેટલાક એમ કહે કે તું સ્વાર્થી થઈ ગયો છે. અમારે શું? દુનિયામાં તો બધું થાય. **'તે હિંસક જીવો હિંસા કરે છે તો તેમને પાપ લાગશે. પોતે તેમની હિંસા કરીને શા માટે પાપ ઉપજાવે?'** એ પાપ કરશે તો એને છે, જવાબદારી એને છે. એના પાપનું ફળ એને વેઠવું પડશે, એને આકરું પડશે. તારે શું કામ છે? તું એને માર તો તને પાપ લાગે. કહો, સમજાણું? બીજી વાત કરે છે.

## ગાથા–૮૪

बहुसत्त्वघातिनोऽमी जीवन्त उपार्जयन्ति गुरु पापम्।
इत्यनुकम्पां कृत्वा न हिंसनीयाः शरीरिणो हिंस्राः।।८४।।

અન્વયાર્થ :– [ बहुसत्त्वघातिनः ] 'ઘણા જીવના ઘાતક [ अमी ] આ જીવો [ जीवन्तः ] જીવતા રહેશે તો [ गुरु पापम् ] ઘણું પાપ [ उपार्जयन्ति ] ઉપાર્જન કરશે' [ इति ] એ પ્રકારની [ अनुकम्पां कृत्वा ] દયા લાવીને [ हिंस्राः शरीरिणः ] હિંસક જીવોને [ न हिंसनीयाः ] મારવા ન જોઈએ.

ટીકા :– 'बहुसत्त्वघातिनः अमी जीवन्तः गुरु पापं उपार्जयन्ति' - ઘણા જીવોને મારનારા આ પાપી જીવતા રહે તો ઘણાં પાપ ઉપજાવશે એમ 'इति अनुकम्पां कृत्वा हिंस्राः शरीरिणः न हिंसनीयाः' - દયા કરીને હિંસક જીવોને ન મારવા.

ભાવાર્થ :– બાજ, સમળી વગેરે જે જે હિંસક છે તે જીવતા રહે તો ઘણાં પાપ કરશે અને ઘણા જીવોને મારશે માટે એને મારવા-એવું શ્રદ્ધાન ન કરવું. તેમની હિંસાનું પાપ તેમને છે, પોતાને શું? બને તો તે પાપક્રિયા છોડાવી દેવી. ૮૪.

---

बहुसत्त्वघातिनोऽमी जीवन्त उपार्जयन्ति गुरु पापम्।
इत्यनुकम्पां कृत्वा न हिंसनीयाः शरीरिणो हिंस्राः।।८४।।

'ઘણા જીવના ઘાતક આ જીવો જીવતા રહેશે તો ઘણું પાપ ઉપાર્જન કરશે...' પેલો

www.vitragvani.com



કહે ઘણાને મારશે. **'ઘણા જીવના ઘાતક આ જીવો જીવતા રહેશે તો ઘણું પાપ ઉપાર્જન કરશે. એ પ્રકારની દયા લાવીને હિંસક જીવોને મારવા ન જોઈએ.'** એની દયા કરી, સમજાણું ને? આ ઘણા જીવતાને મારશે એ કરતાં મારી નાખે તો એની દયા કરી. પેલું જુદું હતું, પેલું તો ઘણાને આ મારશે માટે મારી નાખીએ તો બીજા જીવની રક્ષા થાય એમ હતું. એમાં અને આમાં ફેર છે. ૮૩ માં એમ હતું કે, આ સિંહ આદિને મારી નાખીએ તો ઘણા જીવો બચે એ હતું અને અહીં કહે છે કે, બહુ પાપ કરશે તો જીવતા મારી નાખીએ તો ઓછું તો પાપ કરશે. અનુકંપા એની કરી. સમજાણું?

**'ઘણા જીવના ઘાતક આ જીવો...'** ફેર, હોં! બે વાતમાં ફેર છે, બે ગાથામાં. **'જીવતા રહેશે તો ઘણું પાપ ઉપાર્જન કરશે...'** એ પોતે એની દયા કરી. **'એ પ્રકારની દયા લાવીને હિંસક જીવોને મારવા ન જોઈએ.'**

મુમુક્ષુ :– એને પાપમાંથી ઉગારવા.

ઉત્તર :– એને પાપમાંથી ઉગારવા. પેલો બીજા જીવને બચાવવા એમ કરે. બીજાને મારી નાખે એ કરતા આને મારી નાખીએ. આ જીવતો રહેશે તો ઘણા પાપ કરશે એ કરતા આને મારી નાખીએ. એમ દયા લાવ્યો એની. આહાહા! **'ઘણા જીવોને મારનાર આ પાપી જીવતા રહે તો ઘણા પાપ ઉપજાવશે એમ - દયા કરીને હિંસક જીવોને ન મારવા.'** તારી શ્રદ્ધા મહા ઊંધી છે. આહાહા! **'બાજ, સમળી વગેરે જે જે હિંસક છે તે જીવતા રહે તો ઘણાં પાપ કરશે અને ઘણા જીવોને મારશે. આ બગલા માટે એને મારવા-એવું શ્રદ્ધાન ન કરવું. તેમની હિંસાનું પાપ તેમને છે, પોતાને શું? બને તો તે પાપક્રિયા છોડાવી દેવી.'** હિંસા ટાળવાનો ભાવ કરવો. હવે આવ્યું.

## ગાથા–૮૫

बहुदुःखासंज्ञपिताः प्रयान्ति त्वचिरेण दुःखविच्छित्तिम्।
इति वासनाकृपाणीमादाय न दुःखिनोऽपि हन्तव्याः।।८५।।

**અન્વયાર્થ :– [ तु ] અને [ बहुदुःखासंज्ञपिताः ] 'અનેક દુઃખોથી પીડિત જીવ [ अचिरेण ] થોડા જ સમયમાં [ दुःखविच्छित्तिम् ] દુઃખનો અંત [ प्रयान्ति ] પામશે' [ इति वासनाकृपाणीं ] એ પ્રકારની વાસના અથવા વિચારરૂપી તલવાર [ आदाय ] લઈને [ दुःखिनः अपि ] દુઃખી જીવોને પણ [ न हन्तव्याः ] મારવા ન જોઈએ.**

www.vitragvani.com



**ટીકા :– 'तु बहुदुःखासंज्ञपिताः अचिरेण दुःखविच्छित्तिम् प्रयान्ति' - એ જીવ ઘણાં દુઃખથી પીડાય છે, જો એને મારીએ તો તેમનું બધું દુઃખ નાશ પામે. 'इति वासनाकृपाणीं आदाय दुःखिनः अपि न हन्तव्याः' - એવી ખોટી વાસનારૂપી તલવાર ગ્રહણ કરીને દુઃખી જીવોને પણ ન મારવા.**

**ભાવાર્થ :– આ જીવ રોગથી અથવા ગરીબાઈ આદિથી બહુ જ દુઃખી છે, જો એને મારીએ તો તે દુઃખથી છૂટી જાય-એવી શ્રદ્ધા ન કરવી. મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય પુણ્યના ઉદયથી ઘણું હોય છે, માટે તેનું વેદન કરવું. અથવા જેવો તેને ઉદય છે તેવો ભોગવે છે, પોતે હિંસા કરીને પાપ શા માટે ઉપજાવવું? ૮૫.**

---

बहुदुःखासंज्ञपिताः प्रयान्ति त्वचिरेण दुःखविच्छित्तिम्।
इति वासनाकृपाणीमादाय न दुःखिनोऽपि हन्तव्याः।।८५।।

'**અને 'અનેક દુઃખોથી પીડિત જીવ થોડા જ સમયમાં દુઃખનો અંત પામશે'...**' આ બિચારો બહુ દુઃખી છે. જટ મારી નાખીએ તો જટ પતી જાય, દુઃખનો અંત આવે. તારી શ્રદ્ધા બહુ ઊંધી છે કહે છે. મહાપાપી છો, તું પાપી છો. આવાને મારી નાખવા. બહુ દુઃખી માટે જટ તેનો અંત લાવી દઈએ. '**અનેક દુઃખોથી પીડિત જીવ થોડા જ સમયમાં દુઃખનો અંત પામશે...**' બહુ દુઃખાય છે, રિબાય છે, એને એકાદ ઇન્જેકશન આપી દ્યો તો બિચારો જટ છૂટી જાય. તે ન્યાં ક્યાં મા-બાપ બેઠા છે ન્યાં? માસી બેઠી છે જાશે ત્યાં? તારી શ્રદ્ધા ઊંધી છે, પાપી છો તું. તું શ્રદ્ધામાં તારો ફેર (છે). બહુ દુઃખી માટે, દુઃખી તો એના ભાવને લઈને છે. એને મારી નાખું તો પછી જટ અંત આવી જાય. અંત શેનો આવી જાય? મરીને નરકે જાશે તો બહુ દુઃખ થાશે. આહા..! કહો, સમજાણું આમાં? દુઃખનો અંત પામશે. દયાના પ્રકાર, આ દયા, દયા કેવી? પાપી છો. દયા ક્યાં છે? દયાનું ભાન ક્યાં છે? એ દુઃખી થાય એટલે તું એને મારી નાખ એટલે દુઃખથી અંત આવે, એ તારી શ્રદ્ધા જ ખોટી છે. સમજાણું કાંઈ? મહામિથ્યાદૃષ્ટિ છે. પાપી છે. બીજા જીવ બહુ દુઃખી થાય માટે જટ અંત લાવી દઉ. તારી માન્યતા મિથ્યાપાપ છે, મોટું પાપ છે. લોકોને ખબર પડે નહિ. સમજાણું?

'**એ પ્રકારની વાસના અથવા વિચારરૂપી તલવાર...**' જોયું? '**वासनाकृपाणीं**' એવી માન્યતારૂપી તલવાર લઈને મારીશ નહિ કોઈને. એ તો એના ઉદય પ્રમાણે, એના રાગ-દ્વેષના પ્રમાણમાં દુઃખ ભોગવે છે. અહીંથી જાશે ન્યાં ક્યાંય એની માસી બેઠી છે? મરી જશે તો નરકે તો બહુ દુઃખ છે. અહીં મરશે તો ત્યાં ક્યાંક વળી હરણના બચ્ચા તરીકે (ઊપજશે), વળી સિંહ પકડશે તો સરખાયનો ખાશે. સંસારમાં તો બધું એમ જ ભર્યું છે. તું કરીશ કોને? સમજાણું કાંઈ? '**એ પ્રકારની વાસના અથવા વિચારરૂપી તલવાર લઈને દુઃખી**

**જીવોને પણ મારવા ન જોઈએ.**' 'પ્રવિણભાઈ'! એ દુઃખી થાય તો બહુ દુઃખથી મુક્ત થઈ જાય ને. બહુ રિબાતો હોય તો શું કરવું? કહો.

મુમુક્ષુ :– ઝેર આપી દે તો પતી જાય.

ઉત્તર :– ઝેર આપી દે. તને પાપ લાગશે. એનું તો દુઃખ મુક્ત થવું તો એને (કારણે થશે). શરીરનું દુઃખ છે એને? મમતાનું દુઃખ છે એને. શરીર છૂટ્યું એટલે દુઃખથી છૂટી ગયો? એ શ્રદ્ધા મોટી વિપરીત છે, માન્યતા મહા ભૂંડી છે. સમજાણું કાંઈ? દુનિયાને અક્કલ ન મળે અને આવી રીતે માને. એને દુઃખી છોડાવ્યો, દુઃખથી રિબાતો હતો તો જટ દુઃખથી છોડાવ્યો. તારી શ્રદ્ધાથી છોડાવ્યો, તેં તને સાચી શ્રદ્ધાથી (છોડાવ્યો), ખોટી શ્રદ્ધા કરી.

**''तु बहुदुःखासंज्ञपिताः अचिरेण दुःखविच्छित्तिम् प्रयान्ति' - એ જીવ ઘણાં દુઃખથી પીડાય છે, જો એને મારીએ તો તેમનું બધું દુઃખ નાશ પામે.**' મરે તો જટ અંત આવી જાય. **''इति वासनाकृपाणीं आदाय दुःखिनः अपि न हन्तव्याः' - એવી ખોટી વાસનારૂપી તલવાર ગ્રહણ કરીને (વાસનારૂપી તલવાર) દુઃખી જીવોને પણ ન મારવા.**' સમજાણું કાંઈ? આઠ–આઠ દિ' સુધી રિબાતા હોય તો શું કરવું? બે ભાઈઓ હતા. નાનો બહુ માંદો પડ્યો, તો મોટો ભાઈ કહેતો હતો. મારે સેવા બહુ કરવી પડે. બે રૂપિયાનું ઝેર લાવીને દીધું તો મર્યો નહિ. પાંચ દિ' પછી જાજુ ઝેર લઈ આવ્યો. દીધું ત્યાં ખલાસ થઈ ગયો. ક્યાં સુધી કરવું હવે? એ દુઃખી થયા કરે, અહીં મારે સેવા કરવી. 'લીમડી'માં એ છોટાલાલ હતો ને? દીક્ષા લીધી હતી ને.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– પણ શું? છૂટી જાય એમ નહિ, આ સેવા કરવી આવશે. ઘરમાં બે માણસ, બે ભાઈઓ છીએ વાંઢા. હવે આ મરતો નથી અને મારે અહીં રાત્રે ઉજાગરા કરવા પડે. મારે બેનું રાંધવું પડે. એની માટે કાંઈક કરવું તો પડે ને. માણસ કહે, કાંઈ ખવરાવ્યું એને? શું કર્યું? એને શેરો કરી દેજો, પાછુ પાણી દેજો, મોસંબી લાવી દેજો. હવે મારે કરવું કેટલું? બે રૂપિયાનું ઝેર લાવીને આપ્યું પણ મર્યો નહિ. પોતે કહેતો હતો, હોં! આ 'છોટાલાલ' હતો. 'લીમડી'માં મારી સાથે હતો, મને વાત કરતો હતો. ભૂંડે હાલે મરી ગયો. આમ મેં પાપ કર્યા છે. પાછો એમાં ઓરતો નહિ, હોં! વાત કરતો હતો, આમ કર્યું, આમ કર્યું. શું કહે છે તું આ? વીંછી દેખ્યો તો કહે મારી નાખું. એવો તો કોણ જાણે ... કહો, સમજાણું? દુઃખી પ્રાણીને પણ મારી નાખવા. જટ દુઃખથી અંત લાવશે તે તારી શ્રદ્ધા પણ ખોટી છે, તારી માન્યતા ખોટી છે એમ હિંસા તે તારા આત્માની કરી છે. એવું હોય શકે નહિ. ભાવાર્થ લેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૪ ગાથા–૮૫ થી ૯૨ શનિવાર, જ્યેષ્ઠ વદ ૧, તા. ૨૪-૦૬-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' અહિંસાની વ્યાખ્યા ચાલે છે. સમ્યગ્દર્શન સહિત હિંસાનો ત્યાગ, સ્થિરતાના અંશનો વધારો. સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું અંતર અનુભવનું ભાન થયે, પછી સ્વરૂપમાં સ્થિરતા થવી એનું નામ અહિંસા છે. એ અહિંસામાં હિંસાનો ભાવ આવો હોય નહિ. એ વ્યાખ્યા ચાલે છે. અહીં ૮૫માં એ આવ્યું છે.

**'આ જીવ રોગથી અથવા ગરીબાઈ આદિથી બહુ જ દુઃખી છે, જો એને મારીએ તો તે દુઃખથી છૂટી જાય-એવી શ્રદ્ધા ન કરવી.'** છૂટે ક્યાંથી? એનો ઉદય કર્મનો છે, પછી આ શરીરે ભોગવે કે બીજેથી ભોગવે, એ કાંઈ કર્મ ખસવાનું નથી. મારી નાખીને ક્યાંય ન્યાં માસીબા બેઠા છે? તે ત્યાં નરકમાં જાશે તો એનાથી વધારે દુઃખી થાશે. એ ભાવ અધિકાર શેનો તારો? બીજાને દુઃખી દેખીને ગરીબાઈ, બહુ દેણાથી ઘેરાય ગયેલો હોય અને મગજ પેલું થઈ ગયું હોય, મારી નાખીએ આને, તો બિચારો દુઃખથી બચે. દુઃખથી બચે ક્યાં? એના કર્મને લઈને જ્યાં જશે ત્યાં એ કર્મ તો પડ્યું જ છે. દુકાન બદલાવે તો લેણદાર દુકાન છોડશે? દુકાન બદલાવે તો લેણદાર છોડે? જ્યાં જશે ત્યાં જશે. કોઈ પ્રાણીને એમ દુઃખથી છૂટી જાય એવી માન્યતા ન કરવી. એમ કરીને મારવા નહિ.

મુમુક્ષુ :– માન્યતા જ ખોટી છે.

ઉત્તર :– હા, એ શ્રદ્ધા ખોટી છે. મોટી ચર્ચા ચાલી હતી ને? જુઓને! ભાઈએ કહ્યું હતું, કાલે 'હિંમતભાઈ'એ કહ્યું હતું. વાછડાના વખતમાં નહોતી ચર્ચા ચાલી? 'ગાંધીજી'ની. એ વાત તદ્દન વિપરીત હતી. લોકો ખળભળાટ કરીને એકદમ અમારી પાસે આવ્યા હતા. એની શ્રદ્ધાવાળા હતા ને એમાં આ આવ્યું તો કહે આ શું? કીધું એ હતું એ જ. આ શું શું? એને અહિંસા કોને કહેવી ખબર જ નથી. મહાવીરની અહિંસા એ ગાંધીની અહિંસા એમ લોકો કહે. એમ નથી બાપુ! એ વસ્તુ બીજી છે, ભાઈ!

ભગવાનની અહિંસા તો આત્મામાં શુદ્ધ સ્વભાવ શક્તિરૂપ છે તેને વ્યક્તરૂપ કરવી, એનું નામ વસ્તુની અથવા વીરના ઘરની અહિંસા છે. વસ્તુ એવી છે. એ કાંઈ કોઈએ બનાવી નથી. પર જીવને ન મારવાનો વિકલ્પ પણ એ પણ એક હિંસા છે. શુભભાવ છે ને? આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એકલા વીતરાગ વિજ્ઞાનના પિંડ થઈ ગયા. એને વીતરાગી વિજ્ઞાન કરવાની જ વાત ભગવાનના મુખમાં આવે છે. સમજાણું કાંઈ? સ્વભાવ શુદ્ધ વીતરાગ સ્વરૂપ છે તેમાં અંદર નજર કર. એમાં ઠર. બસ! આનું નામ વીતરાગી અહિંસા અને વિજ્ઞાન કહેવામાં આવે છે. જગતને સમજવું કઠણ પડે એથી કાંઈ માર્ગ બદલાય જાય?

www.vitragvani.com



કહે છે કે, બીજાને દુઃખથી રીબાતા દેખીને, રીબાતા દેખીને. દુઃખથી છૂટાવી દે કે જેથી વર્તમાનમાં બિચારા દુઃખથી બચી જાય. ભવિષ્યમાં શું થાય એની તો એને ખબર નથી. એમ ન મરાય, કોઈ પ્રાણીને એમ ન મરાય. વળી, **'મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય પુણ્યના ઉદયથી ઘણું હોય છે,...'** સામાને આયુષ્ય હોય છે, પુણ્યના ઉદયથી એને આયુષ્ય મળ્યું છે.

મુમુક્ષુ :– બે આયુષ્ય હોય ને?

ઉત્તર :– હા, મનુષ્ય અને તિર્યંચની બે વાત છે ને? બીજાની કોની છે અહીં નારકી-દેવની? મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય પુણ્યના ઉદયથી, એમ સિદ્ધ કરવું છે. પુણ્યના ઉદયથી મળ્યું, એને તું દુઃખી, રોગ આદિ દેખીને મારી નાખ, એ કાંઈ વ્યાજબી છે? એમ કહે છે. એના પુણ્યના ઉદય છે, એને આવું તિર્યંચ-મનુષ્યનું આયુષ્ય મળ્યું. ઉદયથી ઘણું હોય છે, આયુષ્ય લાંબુ હોય છે.

**'માટે તેનું છેદ ન કરવું.'** એને મારવો નહિ. આ દુઃખી વગેરે દેખે છે ને. બહુ દુઃખી થાય ને એને પોતાને મન થઈ જાય કે, હવે મરી જાવું, લ્યો. પણ તું જાઈશ ક્યાં? બહુ પીડા, બાપુ! સહન થાતી નથી હવે. મરે છે ને કેટલાક? જુઓને! છરા ખાઈને મરે, અગ્નિમાં પડીને મરે, કૂવામાં પડીને મરે, અફીણ ખાય. ક્યાં જાઈશ? ભાઈ! આત્મા તો નિત્ય છે ને? જેવા તેં કર્મ કર્યાં એવા ઉદયમાં આવ્યા વિના રહેશે નહિ. એટલે એવા જીવનો છેદ ન કરવો, મારવા નહિ.

**'અથવા જેવો તેને ઉદય છે તેવો ભોગવે છે,...'** એમ સમાધાન કરવું. જેવો એને કર્મનો ઉદય છે, સંયોગો એવા એને મળે એમાં બીજો કરે શું? અને બીજો આપે શું? જેવો તેને પૂર્વના પુણ્ય-પાપનો ઉદય છે, એવો એ ભોગવે. **'પોતે હિંસા કરીને પાપ શા માટે ઉપજાવવું?'** બીજાને મારીને હિંસા કરીને પાપ શા માટે ઉપજાવવું? અને તે મારતા વખતે એની પીડા એને વધારે થાશે કે નહિ? તને તો પાપના પરિણામ (થશે) પણ એને મરતા, એને પણ ક્લેશ પરિણામ થશે. એટલે કહે છે, એવું બીજાને મારીને પાપ શા માટે ઉપજાવવું? માટે કોઈને એવી જાતના દુઃખી, ગરીબ (દેખી)... મારી નાખો. એક જણાને બહુ વા હતો વા, બહુ વા. પછી બાંધેને? પેલું નથી બાંધતા? પારો. ગામડામાં એવું હોય.

મુમુક્ષુ :– સંધીવા હોય એને.

ઉત્તર :– હા, પારો બાંધે. તોપણ કાંઈ પીડા મટે નહિ. પછી બંધૂકે મારો મને એમ કહે, મારાથી સહન થતું નથી. બંધૂકે મારો. કહો, સમજાણું? પૈસાવાળો મોટો શેઠિયો હતો. બંધૂકે મારો પણ આ પીડા સહન થતી નથી. ક્યાં જશો? એ તો ઉદય જે આવ્યો છે એ તો બધે એનો એ આત્મા સાથે રહેવાનો છે. ક્યાં જાશો? ન્યાં છે ક્યાંય? એ રીતે પોતે પણ મરવું નહિ અને બીજાને પણ મારવા નહિ. ૮૬.

www.vitragvani.com



# ગાથા–૮૬

कृच्छ्रेण सुखावाप्तिर्भवन्ति सुखिनो हताः सुखिन एव।
इति तर्कमण्डलाग्रः सुखिनां घाताय नादेयः।।८६।।

અન્વયાર્થ :– [ सुखावाप्तिः ] 'સુખની પ્રાપ્તિ [ कृच्छ्रेण ] કષ્ટથી થાય છે, માટે [ हताः ] મારવામાં આવેલા [ सुखिनः ] સુખી જીવ [ सुखिनः एव ] સુખી જ [ भवन्ति ] થશે' [ इति ] એમ [ तर्कमण्डलाग्रः ] કુતર્કનું ખડ્‌ગ [ सुखिनां घाताय ] સુખીઓના ઘાત માટે [ नादेयः ] અંગીકાર કરવું ન જોઈએ.

ટીકા :– 'कृच्छ्रेण सुखावाप्तिः' - કષ્ટથી સુખની પ્રાપ્તિ થાય છે. 'सुखिनः हताः सुखिनः एव भवन्ति' - તેથી સુખી જીવોને મારીએ તો તેઓ પરલોકમાં પણ સુખી જ થાય છે. 'सुखिनां घाताय इति तर्कमण्डलाग्रः न आदेयः' - સુખી જીવોના ઘાત માટે આ પ્રકારનો વિચાર કોઈએ ન કરવો.

ભાવાર્થ :– સુખ કષ્ટથી થાય છે. માટે આ સુખી જીવને કાશીનું કરવત વગેરે પ્રકારથી મારીએ તો પરલોકમાં પણ તે સુખી થાય - એવું શ્રદ્ધાન ન કરવું. આ રીતે મરવાથી કે મારવાથી સુખી કેવી રીતે થાય? સુખી તો સત્ય ધર્મના સાધનથી થાય છે. ૮૬.

---

कृच्छ्रेण सुखावाप्तिर्भवन्ति सुखिनो हताः सुखिन एव।
इति तर्कमण्डलाग्रः सुखिनां घाताय नादेयः।।८६।।

**અન્વયાર્થ :–** ''**સુખની પ્રાપ્તિ કષ્ટથી થાય છે,...**' કહે છે કે, સુખ મળવું મહા પુણ્યના ઉદયે, ઘણી મહેનતે મળે છે. '**માટે મારવામાં આવેલા સુખી જીવ...**' એ સુખી જીવ છે એને જો મારી નાખીએ ને, તો એ સુખીમાં ક્યાંક અવતરશે. બહુ પૈસાવાળા અને બહુ સુખી હોય ને, એને મારી નાખે તો સુખીમાં અવતરશે. કાંઈ નિયમ છે સુખીમાં અવતરશે? મરી જાશે ક્યાંક નરકમાં જાશે અને ઢોરમાં ચાલ્યો જાશે. '**સુખી જીવ સુખી થશે' એમ 'तर्कमण्डलाग्रः' કુતર્કનું ખડ્‌ગ સુખીઓના ઘાત માટે અંગીકાર કરવું ન જોઈએ.**' સુખી છે એ સુખી રહેશે, મારી નાખો, ભાઈ! ઘણા પ્રકાર વર્ણવ્યા છે, હોં!

''**कृच्छ्रेण सुखावाप्तिः' કષ્ટથી સુખની પ્રાપ્તિ થાય છે.**' એટલે ઘણા પુણ્યથી પ્રાપ્તિ

થાય છે. ઘણી મહેનત કરે પુણ્ય હોય તો બહારના સંયોગો (પ્રાપ્ત થાય). અત્યારે બહારની વાત છે, હોં! આત્માના આનંદના સુખની વાત નથી.

મુમુક્ષુ :– કષ્ટ ભોગવે તો સુખી થાય.

ઉત્તર :– કષ્ટથી સુખની પ્રાપ્તિ થાય છે.

મુમુક્ષુ :– મારવાનું કષ્ટ આપીએ તો સુખી થશે.

ઉત્તર :– **'તેથી સુખી જીવોને મારીએ તો તેઓ પરલોકમાં પણ સુખી જ થાય છે.'**

મુમુક્ષુ :– કષ્ટ નાખે એટલે સુખ.

ઉત્તર :– હા. કષ્ટથી સુખની પ્રાપ્તિ થાય છે અહીં તો એ છે. એ તો પણ વર્તમાનમાં સુખી છે, એને એમ કે,

મુમુક્ષુ :– ... પાછું ભોગવી દે તો દુઃખી થાય.

ઉત્તર :– ઠીક. **'सुखावाप्तिः कृच्छ्रेण'** સુખની પ્રાપ્તિ કષ્ટથી થાય. આ બહુ દુઃખ પામે તો સુખ થાય. એવું ઉંધુ વળી ક્યાંથી કાઢ્યું?

**'સુખ કષ્ટથી થાય છે. માટે આ સુખી જીવને કાશીનું કરવત વગેરે પ્રકારથી મારીએ તો પરલોકમાં પણ તે સુખી થાય...'** ઠીક. વિષ્ણુનું નાખ્યું હતું. કાશીમાં કરવત મુકતાને. કોઈ આવેને, કરવત મુકો. સુખી થઈશ. તમને થોડું કષ્ટ થશે, થોડું કષ્ટ થશે, પણ બહુ પછી સુખી થશો.

મુમુક્ષુ :– કષ્ટમાં સુખ હોય?

ઉત્તર :– ધૂળમાં પણ કષ્ટે સુખ નથી. **'કષ્ટથી સુખની પ્રાપ્તિ થાય. તેથી સુખી જીવોને મારીએ તો તે પરલોકમાં પણ સુખી થાય.'** સુખ વખતે એને મારી નાખીએ તો પરલોકમાં પણ સુખી થાય. **'સુખી જીવોના ઘાત માટે આ પ્રકારનો વિચાર કોઈએ ન કરવો.'** સુખી જીવોના ઘાત માટે એને દુઃખી કરીને, પરમાં સુખી થશે એવો વિચાર ન કરવો.

**'સુખ કષ્ટથી થાય છે. માટે આ સુખી જીવને કાશીનું કરવત વગેરે પ્રકારથી મારીએ તો પરલોકમાં પણ તે સુખી થાય - એવું શ્રદ્ધાન ન કરવું. આ રીતે મરવાથી કે મારવાથી...'** બન્ને ભાષા મુકી, લ્યો! **'મરવાથી કે મારવાથી સુખી કેવી રીતે થાય?'** કહો, સમજાણું? એ રીતે મરે છે એ પણ સુખી કઈ રીતે થાય? અને તું એને માર તો તું સુખી શી રીતે થા? **'સુખી તો સત્ય ધર્મના સાધનથી થાય છે.'** સાચો ધર્મ અંતર આનંદ સાધે એ સુખી થાય. સત્‌ધર્મનું સાધન, હોં! બહારના સાધન-ફાધનની વાત નથી. સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, એનું સાધન, અંતરમાં અવલોકન અને દૃષ્ટિ કરીને ઠરવું એવું સ્વભાવનું સાધન (કરે) એનાથી સુખી થાય છે. બાકી કાંઈ સુખ છે નહિ. હવે ગુરુની વાત જરીક કરે છે.

www.vitragvani.com



## ગાથા–૮૭

उपलब्धिसुगतिसाधनसमाधिसारस्य भूयसोऽभ्यासात्।
स्वगुरोः शिष्येण शिरो न कर्त्तनीयं सुधर्ममभिलषिता।।८७।।

અન્વયાર્થ :– [ सुधर्मम् अभिलषिता ] સત્યધર્મના અભિલાષી [ शिष्येण ] શિષ્ય દ્વારા [ भूयसः अभ्यासात् ] અધિક અભ્યાસથી [ उपलब्धिसुगतिसाधनसमाधिसारस्य ] જ્ઞાન અને સુગતિ કરવામાં કારણભૂત સમાધિનો સાર પ્રાપ્ત કરનાર [ स्वगुरोः ] પોતાના ગુરુનું [ शिरः ] મસ્તક [ न कर्त्तनीयम् ] કાપવું ન જોઈએ.

ટીકા :– 'सुधर्मं अभिलषिता शिष्येण स्वगुरोः शिरं न कर्त्तनीयम्' - ધર્મને ચાહનાર શિષ્યે પોતાના ગુરુનું મસ્તક ન કાપવું જોઈએ. કેવા છે ગુરુ? 'भूयसः अभ्यासात् उपलब्धि सुगति साधन समाधिसारस्य' - ઘણા અભ્યાસથી જેમણે સુગતિના કારણભૂત સમાધિનો સાર મેળવ્યો છે તેવા છે.

ભાવાર્થ :– આપણા ગુરુ અભ્યાસમાં લાગી ગયા છે (ધ્યાન-સમાધિમાં મગ્ન છે), અભ્યાસ ઘણો કર્યો, હવે જો એમના પ્રાણોનો અંત કરીએ તો તે ઉચ્ચ પદને પામે-એમ વિચાર કરીને શિષ્યે પોતાના ગુરુનું મસ્તક કાપવું યોગ્ય નથી. જો તેમણે સાધન કર્યું છે તો તેઓ જ પોતાનું ફળ આગળ પામશે. તું હિંસા કરીને પાપ શા માટે ઉપજાવે છે? ૮૭.

---

उपलब्धिसुगतिसाधनसमाधिसारस्य भूयसोऽभ्यासात्।
स्वगुरोः शिष्येण शिरो न कर्त्तनीयं सुधर्ममभिलषिता।।८७।।

**'સત્યધર્મના અભિલાષી શિષ્ય દ્વારા અધિક અભ્યાસથી જ્ઞાન અને સુગતિ કરવામાં કારણભૂત સમાધિનો સાર પ્રાપ્ત કરનાર...'** ધ્યાનમાં બેઠા છે એ સાધી રહ્યા છે. ગુરુ ધ્યાનમાં બેસીને ધર્મને સાધે છે. એમાંથી મારી નાખ્યા તો એમ ને એમ સુખી રહ્યા કરશે. મારી નાખો એને. સમજાણું? ધર્મના ચાહનાર શિષ્ય પાછા, એમ કે એને પણ ધર્મ થાય ને? એમ કહ્યું છે ને? સત્યધર્મનો અભિલાષી કહ્યો છે. એવાને મારી નાખીએ તો આપણને પણ લાભ થાય અને એને પણ લાભ થાય.

**'સત્યધર્મના અભિલાષી શિષ્ય દ્વારા અધિક અભ્યાસથી જ્ઞાન અને સુગતિ કરવામાં કારણભૂત સમાધિનો સાર પ્રાપ્ત કરનાર...'** સમાધિમાં છે એટલે આત્માના આનંદમાં છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એને મારી નાખીએ તો ભવિષ્યમાં પણ સુખી થાય. **'પોતાના ગુરુનું મસ્તક કાપવું ન જોઈએ.'** આવું હશે જગતમાં ક્યાંક. **'ધર્મને ચાહનાર શિષ્યે પોતાના ગુરુનું મસ્તક ન કાપવું જોઈએ. કેવા છે ગુરુ? - ઘણા અભ્યાસથી જેમણે સુગતિના કારણભૂત સમાધિનો સાર મેળવ્યો છે તેવા છે.'** લ્યો!

ભાવાર્થ :– **'આપણા ગુરુ અભ્યાસમાં લાગી ગયા છે (ધ્યાન-સમાધિમાં મગ્ન છે), અભ્યાસ અંદરમાં ઘણો કર્યો, હવે જો એમના પ્રાણોનો અંત કરીએ તો તે ઉચ્ચ પદને પામે...'** લ્યો! **'એમ વિચાર કરીને શિષ્યે પોતાના ગુરુનું મસ્તક કાપવું યોગ્ય નથી.'** એમ વિચાર કરીને શિષ્યે. **'જો તેમણે સાધન કર્યું છે તો તેઓ જ પોતાનું ફળ આગળ પામશે. તું હિંસા કરીને પાપ શા માટે ઉપજાવે છે?'** હશે કોઈ એવો મત જગતમાં. ઘણા પ્રકારના હશે.

મુમુક્ષુ :– ગુરુ પાસે આવું શીખ્યો હશે?

ઉત્તર :– શીખ્યો. ગુરુ પાસે શીખ્યો નથી, એને એમ થઈ ગયું કે, આ ધ્યાનમાં છે ને અભ્યાસમાં પણ આનંદમાં છે, ઉડાવી દઈએ. ગુરુ પાસે શિષ્ય શીખ્યો નથી. એમ કહે ને ગુરુ પાસે શિષ્ય આવું શીખ્યો હશે? 'પ્રેમચંદભાઈ'! એને એમ કે ધ્યાનમાં બેઠા છે અને એને ઉડાડી દઈએ તો હવે પાછું ધ્યાન ફરે નહિ અને એમાં ને એમાં સુખી થઈ જાય અને મોક્ષ થઈ જાય. તો આપણે ગુરુનું પણ સારું કર્યું કહેવાય. ગુરુનો બદલો આપ્યો કહેવાય. ગુરુએ આપણને ભણાવ્યા, સમજાવ્યા, તો આપણે એને કાંઈ લાભ દેવો જોઈએને. આમ ઉડી જાય તો એને લાભ મળશે, એમ માને લ્યો! ૮૮.

## ગાથા–૮૮

धनलवपिपासितानां विनेयविश्वासनाय दर्शयताम्।
झटितिघटचटकमोक्षं श्रद्धेयं नैव खारपटिकानाम्।।८८।।

**અન્વયાર્થ :– [ धनलवपिपासितानां ] થોડાક ધનના લોભી અને [ विनेयविश्वासनाय दर्शयताम् ] શિષ્યોને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે દેખાડનાર [ खारपटिकानाम् ] ખારપટિકોના [ झटितिघटचटकमोक्षं ] શીઘ્ર ઘડો ફૂટવાથી ચકલીના મોક્ષની જેમ મોક્ષનું [ नैव श्रद्धेयम् ] શ્રદ્ધાન ન કરવું જોઈએ.**

ટીકા :– **'खारपटिकानां झटितिघटचटकमोक्षं नैव श्रद्धेयम्' - એક ખારપટિક મત છે; તેઓ તત્કાળ ઘડાના પક્ષીના મોક્ષ સમાન મોક્ષ કહે છે તેનું શ્રદ્ધાન ન કરવું.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**ભાવાર્થ :- કોઈ ખારપટિક નામનો મત છે, જેમાં મોક્ષનું સ્વરૂપ એવું કહ્યું છે કે જેમ ઘડામાં પક્ષી કેદ થયેલું છે, જો ઘડો ફોડી નાખવામાં આવે તો પક્ષી બંધનમાંથી મુક્ત થઈ જાય. તેમ આત્મા શરીરમાં બંધ થયેલ છે, જો શરીરનો નાશ કરીએ તો આત્મા બંધનરહિત-મુક્ત થાય. એવું શ્રદ્ધાન ન કરવું. કેમકે આવું શ્રદ્ધાન હિંસાનું કારણ છે. અંતરંગ કાર્માણ શરીરના બંધનસહિત આત્મા એમ મુક્ત કેવી રીતે થાય? કેવા છે ખારપટિક? 'धनलवपिपासितानाम्' - થોડાક ધનના લોભી છે. વળી કેવા છે? 'विनेयविश्वासनाय दर्शयताम्' - શિષ્યોને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે કેટલીક રીતો બતાવે છે. માટે એમના કથનનું શ્રદ્ધાન ન કરવું. ૮૮.**

---

धनलवपिपासितानां विनेयविश्वासनाय दर्शयताम्।
झटितिघटचटकमोक्षं श्रद्धेयं नैव खारपटिकानाम्।।८८।।

**'થોડાક ધનના લોભી અને શિષ્યોને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે દેખાડનાર ખારપટિકોના શીઘ્ર ઘડો ફૂટવાથી ચકલીના મોક્ષની જેમ મોક્ષનું શ્રદ્ધાન ન કરવું જોઈએ.'** ઘડામાં ચકલી હોય, ઘડો ફોડી નાખે તો ચકલી ઉડીને વઇ જાય. ફોડી નાખે ત્યારે ઉડે. એમ આને ફોડી નાખીએ તો આત્મા ઉડીને મોક્ષમાં ચાલ્યો જાય. ઘડો બંધ છે ને? આ બંધ છે, જુઓ! ઘડામાં ચકલી બંધ હોય તો ઘડો ફોડી નાખીએ તો ચકલી ઉડી જાય. એમ આ બંધ છે આખું, ફોડી નાખે તો આત્મા મોક્ષે વયો જાય. જગતમાં કોઈ એવો પણ અભિપ્રાય છે. **'એક ખારપટિક મત છે; તેઓ તત્કાળ ઘડાના પક્ષીના મોક્ષ કહે છે...'** લ્યો! ઘડો ફૂટીને તરત ચકલી ઉડી જાય એવો મોક્ષ કહે છે, એવો મોક્ષ. **'તેનું શ્રદ્ધાન ન કરવું.'**

**'કોઈ ખારપટિક નામનો મત છે, જેમાં મોક્ષનું સ્વરૂપ એવું કહ્યું છે કે જેમ ઘડામાં પક્ષી કેદ થયેલું છે, જો ઘડો ફોડી નાખવામાં આવે તો પક્ષી બંધનમાંથી મુક્ત થઈ જાય. તેમ આત્મા શરીરમાં બંધ થયેલ છે, જો શરીરનો નાશ કરીએ તો આત્મા બંધનરહિત-મુક્ત થાય.'** લ્યો! બંધન રહિત તો એ કરે ત્યારે થાય કે તું કર તો થાય? તું શરીરનો નાશ કર એમાં બંધન ક્યાંથી થઈ ગયું? જગતમાં એવા પણ અભિપ્રાય ઘણા પડ્યા છે.

**'એવું શ્રદ્ધાન ન કરવું, કેમકે આવું શ્રદ્ધાન હિંસાનું કારણ છે. અંતરંગ કાર્માણ શરીરના બંધનસહિત આત્મા એમ મુક્ત કેવી રીતે થાય?'** અંતરંગ કાર્માણ શરીરના બંધનસહિત શી રીતે થાય? આ તો આ શરીરનો છેદ કર્યો. કાર્મણ શરીરના બંધન રહિત તો એ આત્મા પોતાના સ્વભાવનો આશ્રય લે ત્યારે થાય. ત્યારે બંધનથી છૂટે. એકલા શરીરનો નાશ કર્યે બંધનથી છૂટે નહિ.

**'કેવા છે ખારપટિક? - થોડાક ધનના લોભી છે. વળી કેવા છે? - શિષ્યોને વિશ્વાસ**

www.vitragvani.com



**ઉત્પન્ન કરવા માટે કેટલીક રીતો બતાવે છે. માટે એમના કથનનું શ્રદ્ધાન ન કરવું.**' મારી નાખીએ તો આની પાસે પૈસા મળે એવું હોય છે વગેરે વગેરે. સમજાણું? પૈસા હોય એની પાસે તો (કહે), જુઓ! તમને આને આમ મારી નાખશો તો તમારી મુક્તિ થશે. મારી નાખે એટલે એની પાસે પૈસો હોય એ લઈ લે. એવું ક્યાંક ક્યાંક ઠેકાણે હશે. આમાં ક્યાંક લખ્યું હતું. ૮૯.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ગુરુની અહીં ક્યાં વાત છે? મારી નાખે એવો માણસ હોય એને કહે કે, જુઓ! ઘડામાં ચકલી છે ને, ઘડો ફોડીને એમ ઘડો તારો ફોડી નાખીએ અને મોક્ષ થઈ જાય, પૈસા હોય તો લઈ લે. પેલો લોભમાં તણાય જાય. અહીં કરે છે ને અત્યારે? કોઈ દસ ગણા ને પંદર ગણા આપે છે ને? પૈસા આવે ઠગ. અને ડબલ આપે, પછી બધાના ઘણાના દાગીના લે. તમને ડબલ કરી દઉં, પચાસ હજાર દાગીના ભેગા થાય ને લઈને વયો જાય. કો'કના પાંચસોના લઈને બે-એક હજાર આપ્યા હોય એટલામાં. બે, પાંચ હજાર પહેલા તો આપવા જ પડે ને. પછી વિશ્વાસ ઉપજાવીને. નાના ભાઈ! ઓહો..! આ તો ડબલ કરી દે છે, આપણને ડબલ કરી દે છે. એય..! પછી ઘણા મુંડાય.

એમ આને પણ લોભ થાય કે, જો આ શરીરમાં કષ્ટ છે, આ શરીરમાંથી ઉડી જશે ચકલી મારી નાખશો તો. તમારો આત્મા મુક્ત થઈ જશે. બસ! લ્યો! ત્યારે ભાઈ! મારી પૈસા હોય તો તમે લઈ લો. એવો પણ મત જગતમાં હશે. અહિંસા ધર્મી જીવે આવી શ્રદ્ધા કરવી નહિ એમ સિદ્ધ કરે છે અહીં તો. વિકલ્પ જ્યાં ઉઠાવવો એ હિંસા છે ત્યાં વળી આવી બધી ગડબડ કરવી એ તો બાહ્યમાં પણ ઠેકાણા નથી.

## ગાથા–૮૯

**दृष्ट्वापरं पुरस्तादशनाय क्षामकुक्षिमायान्तम्।**
**निजमांसदानरभसादालभनीयो न चात्मापि।।८९।।**

**અન્વયાર્થ :– [ च ] અને [ अशनाय ] ભોજન માટે [ पुरस्तात् ] પાસે [ आयान्तम् ] આવેલા [ अपरं ] અન્ય [ क्षामकुक्षिम् ] ભૂખ્યા પુરુષને [ दृष्ट्वा ] જોઈને [ निजमांसदानरभसात् ] પોતાના શરીરનું માંસ દેવાની ઉત્સુકતાથી [ आत्मापि ] પોતાનો પણ [ न आलभनीयः ] ઘાત કરવો ન જોઈએ.**

**ટીકા :– 'च अशनाय आयन्तं क्षामकुक्षिं पुरस्तात् दृष्ट्वा निजमांसदानरभसात् आत्मा**

www.vitragvani.com



**अपि न आलभनीयः' - ભોજન લેવા માટે આવેલા દુર્બળ શરીરવાળા મનુષ્યને પોતાની સામે જોઈને પોતાનું માંસ દેવાના ઉત્સાહથી પોતાના શરીરનો પણ ઘાત ન કરવો.**

**ભાવાર્થ :– કોઈ માંસભક્ષી જીવ ભોજન માટે પોતાની પાસે આવ્યો. તેને જોઈ તેના પોતાના શરીરનો પણ ઘાત ન કરવો, કારણ કે માંસભક્ષી પાત્ર નથી. માંસનું દાન તે ઉત્તમ દાન નથી. ૮૯.**

---

दृष्ट्वापरं पुरस्तादशनाय क्षामकुक्षिमायान्तम्।
निजमांसदानरभसादालभनीयो न चात्मापि।।८९।।

**'અને ભોજન માટે પાસે આવેલા અન્ય ભૂખ્યા પુરુષને જોઈને 'निजमांसदानरभसात्' પોતાના શરીરનું માંસ દેવાની ઉત્સુકતાથી પોતાનો પણ ઘાત કરવો ન જોઈએ.'** કહો, સમજાણું? આમાં કથા આવે છે ને? 'શાંતિનાથ' ભગવાનની આમાં શ્વેતાંબરમાં આવે છે. પૂર્વે હતા, પૌષધમાં હતા, એમાં એક પંખી આવ્યું એને બીજો પકડવા. મારો એ ખોરાક છે માટે મને આપો, નહિતર તમારા શરીરનું માંસ આપો. કથા આવે છે કે નહિ? શાંતિનાથનો પૂર્વભવ, પૂર્વભવ. ઘણો આગળ. પેલો પંખી હતો દેવ, આની પરીક્ષા કરવા આવેલો કે બહુ દયાવાન છે. બેઠો પેલામાં શું કહેવાય? ત્રાજવામાં બેઠા, એટલો ભાર કર્યો કે, આખા પોતે બેઠા તોપણ પાર ન આવ્યો. એ દયા પાળી, એ વાત સાચી છે નહિ, એવું હોય નહિ. દેનાર માણસને દેનારને એ પાત્ર નથી ને લેનાર પણ પાત્ર નથી અને દેનાર માંસ આપી શકે નહિ. બન્ને અપાત્ર છે. કથામાં આવે છે. મેઘરથના ભવમાં આમ કર્યું. એ ખોટી દયાની વાતો. આવી તે હોય કાંઈ દયા?

ભૂખ્યા પુરુષને **'क्षामकुक्षिम्'**. જેની **'कुक्षिम्'** ખાલી છે એમને? ખાલી પેટ છે જેનું એને **'પોતાના શરીરનું માંસ દેવાની...' 'रभसात्'**નો અર્થ એ કર્યો, નહિ? ઉત્સુકતા **'रभसात्'** નો તત્કાળ એમ આવે છે પેલામાં. ઉતાવળ, સમય. **'પોતાનો પણ ઘાત કરવો ન જોઈએ.'** લ્યો! **''च अशनाय आयन्तं क्षामकुक्षिं पुरस्तात् दृष्ट्वा निजमांसदानरभसात् आत्मा अपि न आलभनीयः' - ભોજન લેવા માટે આવેલા દુર્બળ શરીરવાળા મનુષ્યને...'** જોયું? મારું શરીર બહુ નબળુ છે. **'પોતાની સામે જોઈને પોતાનું માંસ દેવાના...'** લ્યો ભાઈ! માંસ, તારું શરીર નબળુ હોય તો મારું માંસ આપુ તને. મૂર્ખ છે, કહે છે. એ માંસ દેનારો પણ મૂર્ખ અને લેનારો પણ મૂર્ખ. બન્નેને અધર્મ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, આપે છે ને. **'પોતાની સામે જોઈને પોતાનું માંસ દેવાના ઉત્સાહથી પોતાના**

www.vitragvani.com



**શરીરનો પણ ઘાત ન કરવો.**' શરીરમાંથી માંસ એને ન દેવું. દેવાને લાયક છે? એ તો મહાપાપ છે. લેનાર પણ અપાત્ર છે.

'**કોઈ માંસભક્ષી જીવ ભોજન માટે પોતાની પાસે આવ્યો.**' આ બધું અંદર ચાલે છે હોં! કથાઓમાં પણ મુક્યું છે બધું. '**તેને જોઈ તેના પોતાના શરીરનો પણ ઘાત ન કરવો,...**' દયા થઈ ગઈ જાણે, ઓહો..હો..! મને એવી દયા આવી, મારું શરીર લઈ જા, જા કહે. '**કારણ કે માંસભક્ષી પાત્ર નથી. માંસનું દાન તે ઉત્તમ દાન નથી.**' આમાં આવે છે ખરું. આ 'અમરચંદ' દિવાનનું. 'જેતપુર' નહિ? રાજાએ કંઈક 'જયપુર'માં પેલો સિંહ પૂરેલોને. સિંહ પૂરેલો કે, જાવ એને દિવાનજી માંસ આપો એને, ખોરાક આપો જાવ. લાડવા લઈને અંદર ગર્યા. સિંહમાં હોં! પિંજરામાં ગર્યા. સિંહરાજ, વનરાજ આ ખાવું હોય તો ખા, નહિતર આ શરીર ખા. અહીં ના પાડે છે. સમજાણું કાંઈ? બહારમાં તો એના વખાણ ચાલે છે, દિવાને આણે આમ કર્યું. પોતાનું માંસ દેવું એ વ્યાજબી નથી. ખાનાર પણ પાત્ર નથી. વસ્તુ આવી છે, લ્યો. આ તો આવું નીકળ્યું. પેલામાં એમ છે. હમણા છાપામાં આવ્યું. પ્રકાશ સન્મતિ સંદેશ. પાંજરામાં 'અમરચંદજી' ઊભા છે.

'જયપુર'માં દિગંબર દિવાનો બહુ થઈ ગયેલા. દેવ-ગુરુ-શાસ્ત્રની આમ શ્રદ્ધાવાળા. પછી સિંહે માથુ ફેરવી નાખ્યું. મોઢું ફેરવી નાખ્યું, લીધું નહિ. અહીં છે આ, આ ખાવું હોય તો ખા. નહિતર આ શરીર છે, એમ આવે છે કહે છે. હમણા અન્યમતિમાં વાત આવી છે, નહિ? હોય એ ખરું પણ એવી વાત હમણા છાપામાં આવી હતી. 'પ્રકાશચંદજી'એ નાખી હતી. ખરેખર તો એને આ બધું 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'નું બધું સાંભળેલું છે ને? દિગંબર હતા. ઘણું વાંચન. 'જયપુર'માં જૈનની પૂરી છે. જૈનપૂરી. ત્રણ હજાર તો ઘર, બસ્સો તો દેરાસર. મોટી જૈનપૂરી. ત્યાં મોટા મોટા વિદ્વાનો થયા. શેઠિયાઓ પણ મોટા મોટા થઈ ગયા છે. દિવાનો મોટા જૈનના, હોં! એક પછી એક દિવાનો મોટા જૈનના દિવાનો. અહીં કહે છે કે, ભાઈ! એવા સિંહને આ ખાવું હોય તો ખા નહિતર બીજું કાંઈ નથી એમ કહે. આ શરીરને ખા એમ હોય શકે નહિ. ન્યાયથી તો એમ છે. માંસભક્ષી પ્રાણી છે તો વળી માંસ કેમ પોતાનું દ્યે? એવી દયા હોય શકે નહિ.

'**માંસભક્ષી પાત્ર નથી. માંસનું દાન તે ઉત્તમ દાન નથી.**' પેલો લેનારો પણ પાત્ર નથી પાપી છે અને આ દેનારો પણ (પાત્ર) નથી. ઉત્તમ દાન નથી, એ તો પાપદાન છે. લ્યો! ઘણા બોલો આવ્યા, બાર ગાથા કીધી હતી ને? હવે છેલ્લી ૯૦, છેલ્લી એની. આ બધા દાખલા આપીને સરવાળો કરે છે.

www.vitragvani.com



## ગાથા-૯૦

को नाम विशति मोहं नयभङ्गविशारदानुपास्य गुरुन्।
विदितजिनमतरहस्यः श्रयन्नहिंसां विशुद्धमतिः।।९०।।

અન્વયાર્થ :- [ नयभङ्गविशारदान् ] નયના ભંગો જાણવામાં પ્રવીણ [ गुरून् ] ગુરુઓની [ उपास्य ] ઉપાસના કરીને [ विदितजिनमतरहस्यः ] જૈનમતનું રહસ્ય જાણનાર [ को नाम ] એવો કોણ [ विशुद्धमतिः ] નિર્મળ બુદ્ધિધારી છે જે [ अहिंसां श्रयन् ] અહિંસાનો આશ્રય લઈને [ मोहं ] મૂઢતાને [ विशति ] પ્રાપ્ત થશે?

ટીકા :- 'नाम नयभङ्गविशारदान् गुरून् उपास्य कः मोहं विशति' - હે જીવ, નયના ભેદો જાણવામાં પ્રવીણ એવા ગુરુનું સેવન કરીને ક્યો જીવ મોહને પ્રાપ્ત થાય? ન થાય.

ભાવાર્થ :- જીવને સારા-નરસાનું, હિત-અહિતનું શ્રદ્ધાન ગુરુના ઉપદેશથી થાય છે. પૂર્વોક્ત અશ્રદ્ધાની કુગુરુના ભરમાવવાથી અન્યથા પ્રવર્તે છે. પણ જે જીવે સર્વ નયના જાણનાર પરમ ગુરુની સેવા કરી છે તે કેવી રીતે ભ્રમમાં પડે? ન જ પડે. કેવો છે તે જીવ? 'विदितजिनमतरहस्यः' - જેણે જૈનમતનું રહસ્ય જાણ્યું છે તેવો છે. વળી કેવો છે? 'अहिंसां श्रयन्' - દયા જ ધર્મનું સ્વરૂપ છે એમ જાણી તેને અંગીકાર કરે છે. અને 'विशुद्धमतिः' - જેની બુદ્ધિ નિર્મળ છે એવો જીવ મોહને પ્રાપ્ત થતો નથી. આ રીતે દયાધર્મને દૃઢ કર્યો. એ પ્રમાણે અહિંસા વ્રતનું વર્ણન કર્યું. ૯૦.

---

को नाम विशति मोहं नयभङ्गविशारदानुपास्य गुरुन्।
विदितजिनमतरहस्यः श्रयन्नहिंसां विशुद्धमतिः।।९०।।

''**नयभङ्गविशारदान्' નયના ભંગો જાણવામાં પ્રવીણ...**' નયનું જ્ઞાન. વ્યવહાર, નિશ્ચય, નિમિત્ત, ઉપાદાન, વાસ્તવિક શું છે એના જાણવામાં પ્રવીણ છે. '**નયના ભંગો જાણવામાં પ્રવીણ...**' હોશિયાર, વિચિક્ષણ. એવા '**ગુરુઓની ઉપાસના કરીને 'विदितजिनमतरहस्यः' જૈનમતનું રહસ્ય જાણનાર...**' વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ, વીતરાગદેવે માર્ગ જે કહ્યો, તેના રહસ્યના જાણનાર છે. સમજાણું કાંઈ? '**એવો કોણ 'विशुद्धमतिः' નિર્મળ બુદ્ધિધારી છે જે અહિંસાનો આશ્રય લઈને મૂઢતાને પ્રાપ્ત થશે?**' આવા દયાને નામે આવું કોણ કરે? એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મી જીવ એવું કરે નહિ. દુઃખી દેખીને મારી

www.vitragvani.com



ન નાખે. માંસના ખોરાકવાળાને માંસ આપે નહિ. એવી દયા જ નથી, એ બધી હિંસા છે. મિથ્યાત્વ છે, મિથ્યાત્વ. એમાં માનવું કે, મેં આને દુઃખથી મુક્ત કર્યો એ તો મહા મિથ્યાત્વ છે, મૂઢ છે, મૂઢ છે. કહો, 'મોહનભાઈ'! શું હશે આ? ભારે વાત, ભાઈ! કેટલા ... કરી નાખ્યા. બધાને ખોટા ઉડાવ્યા. સમજાણું કાંઈ?

નિર્મળબુદ્ધિ, વિશુદ્ધમતિ સમ્યગ્દૃષ્ટિ છે ને અહીંયા? એની અહિંસાની વ્યાખ્યા ચાલે છે ને? **'અહિંસાનો આશ્રય લઈને મૂઢતાને પ્રાપ્ત ન થાય.'** દયાના નામે આવી હિંસા એ કરે નહિ. આહાહા! જ્યાં ભગવાનનો માર્ગ અંતર શુદ્ધઉપયોગ થવો તે જ અહિંસા છે. બીજાને મારવું કે ન મારવું કે દયા ને એ બધા વિકલ્પો છે, એ વિકલ્પ પોતે હિંસા છે. આહાહા! એવા વીતરાગના માર્ગના રહસ્યને સમજી, અહિંસાને આશ્રયે આવી મૂઢતા કેમ કરે? ધર્મીને એવી મૂઢતા હોય શકે નહિ. સમજાણું કાંઈ? દુનિયાની લાઈન જુદી, ધર્મની લાઈન જુદી. દુનિયાના પુણ્યવંત પ્રાણીઓ દુનિયામાં પંકાઈ જાય, એથી કરીને કાંઈ ધર્મ છે એમ છે નહિ. ઘણા માને છે, કરોડો માને છે, કરોડો માને એટલે શું પણ? સમજાણું કાંઈ?

ભગવાન વીતરાગ પરમેશ્વર, એમણે તો આત્માના શુદ્ધઉપયોગને અહિંસા કીધી છે. શુભરાગને પણ હિંસા કીધી તો બીજાને આમ મારવા ને આમ કરવા ને આ દુઃખીને મારવા એ તો મહાપાપની દૃષ્ટિ છે. એવી દૃષ્ટિ અહિંસાના સમજનાર ધર્મીને, વીતરાગ માર્ગના રહસ્યના જાણનારને એવી શ્રદ્ધા હોય શકે નહિ. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :– ... સુખ થાય એટલા માટે...

ઉત્તર :– સુખ થાય ને. આને એમ કે, હું કાંઈ પરોપકાર કરું, મને ઉપકાર કર્યો તો ઉપકાર કરુંને કાંઈક. મારા ઉપર ઉપકાર કર્યો છે, મને સમજાવ્યો છે. ત્યારે હું પણ કાંઈ ઉપકાર કરું ને, ખરે ટાણે તો ઉપકાર કરવો જોઈએને? જલદી મોક્ષ થઈ જાય એનો. મૂઢ છે કહે છે. આહાહા! મોક્ષ તે કાંઈ પોતાના સ્વભાવને આશ્રયે થતો હશે કે શરીરને છૂટવાથી થતો હશે?

**''नाम नयभङ्गविशारदान् गुरुन् उपास्य कः मोहं विशति' - હે જીવ, નયના ભેદો...'** નામ–કુનામ, કુનામ એટલે શું? એ તો અમથુ રાખ્યું છે, હોં! એ સંબોધન. કુનામ એવો કોણ? એમ છે અંદર. કુનામ એવો તે કોણ હોય જગતમાં? **'નયના ભેદો જાણવામાં પ્રવીણ...'** નિશ્ચયનય, વ્યવહારનય, નિમિત્તનય, ઉપાદાનનય, સ્વઆશ્રયનય, પરાશ્રયનયના જ્ઞાનમાં જે વિશારદ છે. **'હે જીવ! નયના ભેદો,..'** નયનું જ્ઞાન સૂક્ષ્મ છે, ભાઈ! સમજાણું? અહો..! નિશ્ચયથી, સ્વઆશ્રયથી જેટલી નિર્મળતા પ્રગટ થાય, એ નિર્મળતાને જ પરમાત્મા અહિંસા કહે છે. ઓહો..! એ નિશ્ચય અહિંસા, સાચી અહિંસા. પર જીવને ન મારવો એવો ભાવ એ પણ સાચી અહિંસા નહિ. તો પછી વળી મારવો અને દુઃખી દેખીને મારી નાખવો, સુખી દેખીને મારી નાખવો, બધા ભંગ લીધા. દુઃખી દેખીને મારી નાખવો, સુખી દેખીને મારી નાખવો.

આહાહા! મારી નાખવાનો તારો વિકલ્પ જ ખરાબ છે. શ્રદ્ધાનું તને ભાન નથી, મૂઢ છો, મૂઢ. કહો, સમજાણું આમાં?

**'હે જીવ, નયના ભેદો જાણવામાં પ્રવીણ એવા ગુરુનું સેવન કરીને ક્યો જીવ મોહને પ્રાપ્ત થાય? ન થાય.'** એવી મૂઢતા કોણ સેવે? એમ કહે છે. વાસ્તવિક નયનું જ્ઞાન છે નિશ્ચય વ્યવહારનું, એવા જ્ઞાની આવી મૂઢતાને કેમ પામે? **'જીવને સારા-નરસાનું, હિત-અહિતનું શ્રદ્ધાન ગુરુના ઉપદેશથી થાય છે.'** લ્યો! ધર્માત્મા ગુરુના ઉપદેશથી સારા-નરસા, હિત અને અહિત. પોતાના સ્વભાવની શાંતિ પ્રગટ કરવી, સ્વભાવ એ હિત છે, પુણ્ય-પાપના વિકલ્પો એ અહિત છે. સમજાણું કાંઈ? સારા-નરસા--સ્વભાવનો આશ્રય લઈ શુદ્ધતા (પ્રગટ થવી) એ સારું છે. પુણ્ય-પાપના વિકલ્પો તે નરસા એટલે અનિષ્ટ છે. કહો, સારું-નરસું છે ને પહેલું? સારા-નરસા અને હિત-અહિત. સારું એ શુદ્ધનો સ્વભાવ આશ્રય લેવો એ સારો છે. શુભાશુભ પરિણામ એ નરસા ખરાબ છે. હિત–પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય લઈને અંદર ઠરવું તે હિત છે, બાકી પુણ્ય-પાપના વિકલ્પો તે અહિત છે. સમજાણું કાંઈ?

**'એવા શ્રદ્ધાન (એવું શ્રદ્ધાન) ગુરુના ઉપદેશથી થાય છે. પૂર્વોક્ત અશ્રદ્ધાની કુગુરુના ભરમાવવાથી...'** ઉપર કહેલા ભંગોને અશ્રદ્ધાની, ભાન વિનાના અજ્ઞાનીઓ, **'કુગુરુના ભરમાવવાથી અન્યથા પ્રવર્તે છે.'** કહો, સમજાણું? સુખીને મારી નાખવા, દુઃખીને મારી નાખવા, દુઃખથી રીબાય છે એને જટ છૂટકો કરવો. બધા કુગુરુના ભરમાવેલા છે કહે છે. સમજાણું કાંઈ? આહા..! મૂઢ શબ્દ આવ્યો કે નહિ એમાં? **'मोहं'** આવ્યું ને? **'मोहं'** આવ્યું. મોહને કોણ પામે? મૂઢતાને (એમ) ભાષા છે. સમજાણું?

**'પણ જે જીવે સર્વ નયના જાણનાર પરમ ગુરુની સેવા કરી છે...'** સર્વ નયના જાણનાર. સ્વઆશ્રયમાં શું લાભ? પરાશ્રયમાં શું નુકસાન? સમજાણું? એવા જ્ઞાનનું જેને બરાબર સ્વઆશ્રય, પરાશ્રયનું ભાન છે, એવા ગુરુની સેવા કરી. **'તે કેવી રીતે ભ્રમમાં પડે?'** કહો, સમજાણું કાંઈ? **'ન જ પડે. કેવો છે તે જીવ? 'विदितजिनमतरहस्यः' (જિનમત) - જેણે જૈનમતનું રહસ્ય જાણ્યું છે...'** વીતરાગભાવનો ભાવ. જૈનમતનું રહસ્ય વીતરાગભાવ છે. સમજાણું કાંઈ? રાગ, નિમિત્તની ઉપેક્ષા અને આત્માના આનંદ સ્વભાવ શુદ્ધની અપેક્ષા, એવું વીતરાગ માર્ગનું રહસ્ય છે. કેટલાક એમ કહે કે, ભાઈ! આ જો મરે છે તો ચડાવો ધૂન. સમજાય છે ને? ધૂન ચડાવો તો ધૂનમાં રહેશે એ. ધૂનમાં રહેશે એ તો રાગ છે. એય..! એને અંદરમાં ધૂન ચડવી જોઈએ. સમજાણું? મરવા ટાણે, આત્માના આનંદની અંદર ધૂન ચડે. તો એના ધૂનને લઈને સમાધિ થાય. બીજા ધૂન ચડાવે એને એના ઉપર લક્ષ રહે તો સમાધિ થાતી હશે?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ તો ઘણા કરે છે ને. ભગત હતા એ ને? પણ અહીં તે હોય છે ને?

www.vitragvani.com



આપણે હોય ને મરે ત્યારે કે, ભાઈ! લગાવો ધૂન. એ તો એક શુભભાવનું નિમિત્ત થવા માટે. એટલો શુભભાવ એને રહે. પણ એ કાંઈ સમાધિ મરણનું કારણ નથી કાંઈ. એનું લક્ષ ધૂનમાં રહ્યા કરે. એ તો લક્ષ રાગમાં રહે છે. એ કાંઈ વસ્તુ નથી. સમજાણું?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– પણ એથી કરીને શું? શુભભાવ કીધો. એ મૂળ વસ્તુ નથી. મૂળ દયા, અહિંસા નથી. એ તો ભાઈ હતાને આપણે? 'બાબરા'વાળા નહિ? શું નામ? 'દામોદરભાઈ'. બહુ મગજવાળો માણસ. છેલ્લી સ્થિતિ અહીં એમના મકાનમાં દેહ છૂટ્યો હતો. ત્યારે બીજાને કહ્યું હતું કે, મારી છેલ્લી સ્થિતિએ કોઈ મને સંભળાવશો નહિ કાંઈ. એમ કહ્યું હતું. ભાઈ! 'દામોદરભાઈ'એ કહ્યું હતું કે, એ વખતે કાંઈ બોલશો નહિ. હું મારા અંતર વિચારવલણમાં હોઉં ને તમે એ વખતે. બન્યું એવું એ વખતે બધા માણસો ભેગા થઈને ધૂન લગાવી. 'દામોદર' વકીલ તમારા મકાનનું કામ કરી ગયાને. એને ક્યાં સાંભરે છે? એ કહેતા હતા પહેલેથી, હોં! મને છેલ્લી સ્થિતિમાં કોઈ સંભળાવશો નહિ. કારણ કે, મારા અંતર વલણમાં વિક્ષેપ થશે, એમ કહેતા હતા. પોતાને અંતરમાં વળવું છે એમાં બીજા ધૂન ચડાવે એમાં ક્યાંથી વળતો હતો? સમજાણું કાંઈ? તદ્દન પેલું હોય એને શુભભાવમાં રહે એ જુદી વાત છે. એ.. 'ચુનિભાઈ'! ખબર છે કે નહિ? 'ચુનિભાઈ'ને ખબર હોય ને! તમારે ઘરે જ હતું. એણે કહ્યું હતું પહેલું, હોં! પહેલા ના પાડી હતી. કુદરતી એવું થયું છેલ્લે બધા બોલતા હતા. એટલે પછી શું એનું... સમજાણું કાંઈ?

**''विदितजिनमतरहस्यः' - જેણે જૈનમતનું રહસ્ય જાણ્યું છે...'** જૈનમતનું રહસ્ય તો સ્વનો આશ્રય લેવો તે છે. સમજાણું કાંઈ? પરનો આશ્રય લેવો અને પરની ધૂન લગાવવી એ કાંઈ જૈનમતનું રહસ્ય નથી. ભારે વાત, ભાઈ! વીતરાગનો માર્ગ તો કોઈ દુનિયાથી ઊંધો. વીતરાગ પરમાત્મા એનો જે અભિપ્રાય અને મત, એ તો સ્વભાવ આનંદની પૂર્ણતા તેના તરફનો આશ્રય લેવો. થોડો કે ઘણો પણ જે આશ્રય છે તે જૈનમત છે. સમજાણું કાંઈ? એ સિવાય જૈનમત બીજો હોય શકે નહિ.

**''अहिंसां श्रयन्' - દયા જ ધર્મનું સ્વરૂપ છે...'** દયા એટલે આ અહિંસા, હોં! સમજાણું? આત્મામાં રાગાદિની ઉત્પત્તિ ન થવી, એવી અહિંસા જ જે ધર્મનું સ્વરૂપ છે, એ દયા. **'એમ જાણી તેને અંગીકાર કરે છે.'** સમજાણું? એ અહિંસા એટલે આત્માની દયા, પોતાના આત્માની દયા. અરે..! આત્મા. હવે આ ટાણે તો રાગ છોડ. સ્વરૂપનો આશ્રય લે. એમ પોતાની દયા લે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'अहिंसां श्रयन्'** જેણે ભગવાનઆત્મા પૂર્ણ પવિત્ર આનંદ સ્વરૂપનો જેણે આશ્રય લઈને અહિંસા પ્રગટ કરી છે, એવું દયા-ધર્મનું સ્વરૂપ છે. **'દયા જ ધર્મનું સ્વરૂપ છે...'** ત્યારે એ દયા એટલે કઈ? આ. **'એમ જાણી તેને અંગીકાર કરે છે.'** કહો, સમજાણું?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



"**'विशुद्धमतिः' - જેની બુદ્ધિ નિર્મળ છે એવો જીવ મોહને પ્રાપ્ત થતો નથી.**' પાઠ છે ને મોહમ? સમજાણું? આવા અહિંસાના નામે મોહપણાને ધર્મી જીવ પામતો નથી. અહિંસાના નામે, દયાના નામે મૂઢતાને સેવતો નથી. કહો, સમજાણું આમાં? આમાં તો મોટા મોટા માંધાતા પણ ખોટા પડે કોઈ રીતે. 'મલૂપચંદભાઈ'! માંધાતા કહેવા કોને? દુનિયામાં પંકાતા હોય એને માંધાતા કહેવા? આહા..!

પોતાનું પવિત્ર આનંદધામ, એના તરફનું લક્ષ કરીને એમાં ઘૂસી જવું, લીન થવું, બસ! આ જ આખા વીતરાગ માર્ગનું, નયના પ્રમાણનું ફળ આ છે. સમજાણું કાંઈ? ત્યારે અહિંસા પ્રગટ થાય છે, નહિતર અહિંસા પ્રગટ થતી નથી. નિર્વિકલ્પો અહં, શુદ્ધોઅહં આવે છે ને ભાવના? 'બંધ અધિકાર' ને છેલ્લે બે ઠેકાણે. એ બધું એ તો સમજાવે છે કે આવું આવું. પણ જો એનો વિકલ્પ જે નિર્વિકલ્પોઅહં.. નિર્વિકલ્પોઅહં... તો નિર્વિકલ્પ ક્યાં આવ્યો? મરતા ભગવાનના દર્શન કરવા. અને ભગવાનના દર્શને સામે જોઈને મરવું. સામે જોઈને મરે એ તો રાગ છે. એય..! ખરી વાત તો એને સ્વભાવનું શરણ આપવું, અને સ્વભાવનું શરણ એ લે, એ આખા વીતરાગ માર્ગનું રહસ્ય છે. પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ એમ ફરમાવે છે. આથી વિરુદ્ધ વાત એ વીતરાગ માર્ગની નથી.

'**આ રીતે દયાધર્મને દઢ કર્યો.**' લ્યો! '**એ પ્રમાણે અહિંસા વ્રતનું વર્ણન કર્યું.**' લ્યો! વ્યવહારરત્નો, એમાં પણ આવો ભાવ ન હોય. હવે સત્ય વ્રત, બીજા વ્રતની વ્યાખ્યા. ઘણા શ્લોકો આવ્યા, હોં! આમાં ઘણા આવ્યા. બાર તો આ ને એ પહેલા શરૂ કર્યું..

## ગાથા–૯૧

સત્ય વ્રત

**यदिदं प्रमादयोगादसदभिधानं विधीयते किमपि।**
**तदनृतमपि विज्ञेयं तद्भेदाः सन्ति चत्वारः।।९१।।**

**અન્વયાર્થ :– [ यत् ] જે [ किमपि ] કાંઈ [ प्रमादयोगात् ] પ્રમાદ કષાયના યોગથી [ इदं ] આ [ असदभिधानं ] સ્વપરને હાનિકારક અથવા અન્યથારૂપ વચન [ विधीयते ] કહેવામાં આવે છે [ तत् ] તેને [ अनृतं अपि ] નિશ્ચયથી જૂઠું [ विज्ञेयम् ] જાણવું જોઈએ. [ तद्भेदाः ] તેના ભેદ [ चत्वारः ] ચાર [ सन्ति ] છે.**

ટીકા :– 'यत् किमपि प्रमादयोगात् इदं असत् अभिधानं विधीयते तत् अनृतं अपि

www.vitragvani.com



**विज्ञेयम्' - જે કાંઈ પ્રમાદ સહિતના યોગના હેતુથી આ અસત્ય એટલે બૂરું અથવા અન્યથારૂપ વચન છે તેને નિશ્ચયથી અનૃત જાણવું. 'तद्‌भेदाः चत्वारः सन्ति' - તે અસત્યવચનના ચાર ભેદ છે. ૯૧.**

---

**'સત્ય વ્રત'**

**यदिदं प्रमादयोगादसदभिधानं विधीयते किमपि।**
**तदनृतमपि विज्ञेयं तद्भेदाः सन्ति चत्वारः।।९१।।**

એ સત્ય વ્રતની વ્યાખ્યા કરે છે. સમ્યગ્દષ્ટિ જીવને સત્ય વ્રતનો એક વિકલ્પ હોય છે અને એના સ્થાનમાં પોતાને સ્થિરતાનો અંશ પણ હોય છે. શુદ્ધ સ્વભાવનો અનુભવ થઈ દૃષ્ટિ પરિણમીને, પછી સ્વરૂપ તરફની શાંતિની વિશેષતામાં રહી અને તે ભૂમિકા પ્રમાણે તેને અહિંસા અને સત્યનો વિકલ્પ ઉઠે છે, એની વ્યાખ્યા કરે છે. એમાં બન્ને આવી જાય છે–અંતર એકાગ્રતા અને અહીં વિકલ્પ. વ્યવહાર બતાવે છે કે નિશ્ચય એનો આવો હોય.

**'જે કાંઈ પ્રમાદ કષાયના યોગથી...'** પ્રમાદયોગાત્ હિંસા છે ને? એ બધે લાગુ પાડે છે કારણ કે, અસત્ય પણ હિંસા છે, ચોરી પણ હિંસા છે, અબ્રહ્મ પણ હિંસા છે, પરિગ્રહની મમતા પણ હિંસા છે. **'જે કાંઈ 'प्रमादयोगात्' પ્રમાદ કષાયના યોગથી આ સ્વપરને હાનિકારક...'** પોતાને અને પરને દુઃખકારક, **'અન્યથારૂપ વચન...'** હાનિકારક અથવા વિપરીત વચન, **'કહેવામાં આવે છે...'** પ્રમાદયોગથી, કષાયભાવથી. **'તેને નિશ્ચયથી જૂઠું જાણવું જોઈએ. તેના ભેદ ચાર છે.'**

**''यत् किमपि प्रमादयोगात् इदं असत् अभिधानं विधीयते तत् अनृतं अपि विज्ञेयम्' - જે કાંઈ પ્રમાદ સહિતના યોગના હેતુથી...'** યોગ તો એકલો કંપન છે પણ એની સાથે પ્રમાદભાવ છે ને? **'આ અસત્ય એટલે બૂરું અથવા અન્યથારૂપ વચન છે...'** જૂઠું અથવા વિપરીત જે છે, **'તેને (ખરેખર) નિશ્ચયથી અનૃત જાણવું.'** પ્રમાદયોગથી જેટલું બોલાય તે બધું જૂઠું, અન્યથા અને વિપરીત જાણવું. જૂઠું અને ખોટું અને વિપરીત જાણવું. **'તે અસત્યવચનના ચાર ભેદ છે.'**

www.vitragvani.com



## ગાથા–૯૨

તે આગળ કહીએ છીએ. તેમાં પ્રથમ ભેદ કહે છે :–

स्वक्षेत्रकालभावैः सदपि हि यस्मिन्निषिध्यते वस्तु।
तत्प्रथममसत्यं स्यान्नास्ति यथा देवदत्तोऽत्र।।९२।।

અન્વયાર્થ :– [ यस्मिन् ] જે વચનમાં [ स्वक्षेत्रकालभावैः ] પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી [ सत् अपि ] વિદ્યમાન હોવા છતાં પણ [ वस्तु ] વસ્તુનો [ निषिध्यते ] નિષેધ કરવામાં આવે છે [ तत् ] તે [ प्रथमम् ] પ્રથમ [ असत्यं ] અસત્ય [ स्यात् ] છે. [ यथा ] જેમકે [ अत्र ] 'અહીં [ देवदत्तः ] દેવદત્ત [ नास्ति ] નથી.'

ટીકા :– 'यस्मिन् स्वद्रव्यक्षेत्रकालभावैः सत् अपि वस्तु निषिध्यते तत् प्रथमं असत्यं स्यात्' - જે વચનમાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સત્તારૂપે વિદ્યમાન એવા પદાર્થનો પણ નિષેધ કરવામાં આવે કે પદાર્થ નથી; તે પ્રથમ ભેદરૂપ અસત્ય છે. દૃષ્ટાંત કહે છે - 'यथा अत्र देवदत्तः नास्ति' - જેમકે અહીં દેવદત્ત નથી.

ભાવાર્થ :– કોઈ ક્ષેત્રમાં દેવદત્ત નામનો પુરુષ બેઠો હતો, ત્યાં કોઈએ પૂછ્યું કે અહીં દેવદત્ત છે? ત્યાં ઉત્તર આપ્યો કે અહીં તો દેવદત્ત નથી. આ રીતે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જે વસ્તુ અસ્તિરૂપ હોય તેને નાસ્તિરૂપ કહીએ તે અસત્યનો પ્રથમ ભેદ છે. અસ્તિ વસ્તુને નાસ્તિ કહેવું તે જે કોઈ તે પદાર્થ છે તેને તો દ્રવ્ય કહીએ. જે ક્ષેત્રમાં એકત્વરૂપ થઈને રહે છે તેને ક્ષેત્ર કહીએ. જે કાળે જે રીતે પરિણમે તેને કાળ કહીએ. તે પદાર્થનો જે કાંઈ નિજભાવ છે તેને ભાવ કહીએ. આ પોતાનાં ચતુષ્ટયની અપેક્ષાએ સર્વ પદાર્થ અસ્તિત્વરૂપ છે. અહીં દેવદત્તના પોતાનાં ચતુષ્ટય તો હતાં જ, પરંતુ નાસ્તિરૂપ જે કહ્યું તે જ અસત્ય વચન થયું. ૯૨.

---

'તે આગળ કહીએ છીએ. તેમાં પ્રથમ ભેદ કહે છે :–' જુઓ! પહેલો ભેદ આખો.

स्वक्षेत्रकालभावैः सदपि हि यस्मिन्निषिध्यते वस्तु।
तत्प्रथममसत्यं स्यान्नास्ति यथा देवदत्तोऽत्र।।९२।।

એ તો દૃષ્ટાંત છે, હોં! 'જે વચનમાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વિદ્યમાન હોવા

www.vitragvani.com



**છતાં...**' દેખો! ભગવાનઆત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વિદ્યમાન છે. એ વાત લીધી, જોયું! આત્મા, પોતાનું દ્રવ્ય એટલે પ્રદેશ અને ગુણનો પિંડ, એવું જે દ્રવ્ય, ક્ષેત્ર એટલે પોતાની પહોળાઈ, કાળ એટલે વર્તમાન દશા. એ દ્રવ્ય, પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. સમજાણું? આ પહેલા અસ્તિનો ભંગ કહે છે. એ '**વિદ્યમાન હોવા છતાં પણ વસ્તુનો નિષેધ કરવામાં આવે છે...**' કે એમ નથી. એમ વસ્તુ નથી. એ વસ્તુ જ એમ નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે છે? તો કહે ના ના. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે નથી. એ જૂઠું છે. પોતાના કાળથી વસ્તુ છે, તો કહે ના પોતાના કાળથી નહિ, પરથી છે. એ જૂઠું છે.

મુમુક્ષુ :– અહીં તો દેવદત્તની ના પાડી.

ઉત્તર :– દેવદત્ત તો દાખલો આપ્યો છે. દેવ તો આ આત્મા. દેવદત્તનો તો દાખલો આપ્યો છે. પેલો અભવિનો તો દાખલો આપ્યો છે તો કહે અભવિને માટે આ છે. વ્યવહાર અભવિ પણ કરે છે. એ વ્યવહાર અભવિના વ્યવહારનો નિષેધ છે. એ તો દાખલો આપ્યો છે, અભવિ શું ભવિના વ્યવહારનો પણ નિષેધ છે. શું થાય? નુકસાન તો જીવને પોતાને લાગે છે કે કાંઈ કોઈને છે એમાં? આહાહા! વર્તમાન તો કોઈ પુણ્યને લઈને લોકોને ગોઠતું હોય એટલે એને સ્વીકારે, મોટપ આપે. છોકરાઓ બોલ્યા નહિ? અહીં સ્કૂલમાં અત્યારે હશે નહિ?

જુઓ! મહાસિદ્ધાંત. અસત્યમાં એ લીધું જોયું? પોતે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે, અને નથી કહેવું કાળથી નથી, ક્ષેત્રથી નથી, ભાવથી નથી એ મોટું જૂઠું છે. પોતાનો આત્મા કે કોઈપણ વસ્તુ. આ પરમાણુઓ પણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. આત્માને લઈને આ નથી. અને એમાં કહેવું કે, આ પરમાણુ અહીં એમ છે નહિ, એ પરમાણુ એમ એ છે નહિ, એ જૂઠું છે. સમજાણું કાંઈ? સમજાય છે ને? 'ભરતભાઈ'! આ શરીર એમ નથી. એ મારે લઈને છે, મારે લઈને છે, એને લઈને નથી. એ જૂઠું છે, કહે છે. તમારા ચિરંજીવીને કહું છું. કહો, સમજાય છે કે નહિ? એય...! 'ભરત'! ઝોબાળિયો આવ્યો વળી. આ દરેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. જેમ દેવદત્ત અહીં છે. એમ કહે કે, અહીં નથી. એમ દરેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને એમ કહેવું કે, એ નથી, એ મોટું જૂઠું છે. સમજાણું કાંઈ?

'**જે વચનમાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વિદ્યમાન હોવા છતાં પણ...**' જુઓને! ઓહો..હો..! રચના. 'विदूषाम्' એમ કહ્યું છે ને? પંડિતોને માટે આ ઉદ્ધાર કરું છું, એમ લખ્યું છે ને?

મુમુક્ષુ :– શરૂઆતમાં લખ્યું છે.

ઉત્તર :– શરૂઆતમાં લખ્યું છે તો ઠેઠ સુધી લીધું હશે કે નહિ એમ? ભાઈ! આ આત્મા પણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે છે. પોતાના કાળથી નથી એમ કહે, કાળથી નથી કહે તોપણ પોતે નથી એમ થઈ જાય છે. પોતાની અવસ્થા છે ને? એ અવસ્થા તે

www.vitragvani.com



કાળની તે અવસ્થા તેને લઈને કાળ છે એનો. સમજાણું કાંઈ? આત્માના વર્તમાન જે અનંતગુણની ચાલતો કાળ, ચાલતો શું કહે છે? વર્તમાનકાળ નથી કહેતા? ચાલુ વર્તમાનકાળ. એની કોઈ સમયે તે તે પદાર્થની ચાલુ વર્તમાનકાળની અનંતગુણની અવસ્થા, એનાથી એ છે. એને એમ કહેવું કે, ના ના એમ નથી, ના ના એમ નથી. એ જૂઠું છે. જેને હજી પદાર્થની શ્રદ્ધા અને જ્ઞાન નથી એ સાચું બોલી શી રીતે શકશે? એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા શું? કર્મ શું? વિકાર શું? એની પૃથ્થકતા, એની ભિન્નતા, એની અનેકતા જેને ખ્યાલમાં, દૃષ્ટિમાં નથી એને વ્રત હોય કેમ શકે? એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાંક પછી વ્રતધારી નામ ધરાવે અને જૂઠા તો આવા બોલે, એમ કહે છે. એય..! 'દીપચંદજી'!

પોતાનો આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. જેમ દેવદત્ત, દાખલો છે એ તો. દેવદત્ત અહીં છે એને કહે કે અહીં નથી. જૂઠું છે. વાત નાખી, જુઓને! સ્વ ક્ષેત્ર, કાળ, ભાવે સત્ અસ્તિ છે, એમ છે ને? સત્ય વ્રતમાં ત્યાંથી ઉપાડ્યું. જેને સત્‌ની દૃષ્ટિ થઈ નથી એને સત્ય વ્રત હોય શકે નહિ. વિકલ્પ પણ એનો ખોટો હોય એમ કહે છે. સમજાણું કાંઈ?

**'હોવા છતાં પણ વસ્તુનો નિષેધ કરવામાં આવે છે તે પ્રથમ અસત્ય છે. જેમકે 'અહીં દેવદત્ત નથી.''** લ્યો! અહીં તો જેમકે ની વાત છે કે નહિ? યથા છે કે નહિ? એમ જ છે, યથા આ તો દાખલો આપ્યો છે. માણસ હોય ને કહે કે, ત્યાં પોપટ છે? કે ના. જૂઠું છે કે નહિ? કારણ કે, જો હા પાડી તો પેલો ફોજદાર પકડવા આવ્યો છે. એ અહીં નથી. એમ દરેક વસ્તુ ભગવાને, પરમેશ્વરે, કેવળજ્ઞાનીએ દરેક આત્મા ને દરેક પોઈન્ટ પરમાણુ, પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે પહોળાઈ, કાળ એટલે અવસ્થા, ભાવ એટલે શક્તિ. એનાથી વસ્તુ છે, પરને લઈને નથી. પરને લઈને નથી એ પછી કહેશે અહીં. પણ સ્વથી છે એમ ન કહેવું, નિષેધ કરવો કે એમ નથી, એ પહેલું જૂઠું છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? એની ટીકામાં આવશે વધારે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૫ ગાથા–૯૨ રવિવાર, જ્યેષ્ઠ વદ ૩, તા. ૨૫-૦૬-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ચાલે છે. 'અમૃતચંદ્રાચાર્ય'કૃત પુરુષાર્થ સિદ્ધિ એટલે પોતાનું ચૈતન્યસ્વરૂપ, શુદ્ધઆત્માની પ્રાપ્તિ, મોક્ષ કેમ થાય, તેનો ઉપાય શું તે બતાવે છે. આપણે ૯૨મી ગાથા ચાલે છે. સમ્યગ્દર્શન સહિત સત્યવ્રતની વ્યાખ્યા ચાલે છે. ૯૨. ૯૨ સમજો છો? ૯૦ અને ૨. સ્વક્ષેત્ર, કાળ. શું કહે છે? આ શ્રાવકના સત્યવ્રતની વ્યાખ્યા ચાલે છે. સાચો શ્રાવક કોને કહે છે? કે પોતાનો આત્મા શુદ્ધ જ્ઞાયક ચિદાનંદ આનંદ જ્ઞાનમૂર્તિ આત્મા છે. એવા પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી રહિત પોતાના શુદ્ધસ્વરૂપનો અનુભવ કરીને પ્રતીત

www.vitragvani.com



કરવી તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ ? આ શ્રાવક થયા પહેલા આવી દશા હોય છે.

મુમુક્ષુ :– જૈનમાં જન્મ્યા એટલે...

ઉત્તર :– જૈનમાં જન્મ્યો તો શું થયું? જૈનમાં જન્મ થયો તો શું? થેલીમાં કરિયાતું ભરે અને ઉપર સાકર નામ રાખે તો.. કરિયાતું સમજો છો ને? અમારે કાઠિયાવાડમાં કરિયાતા કહે છે. થેલીમાં કરિયાતું રાખે અને ઉપર સાકર નામ લખે તો શું તે સાકર નામ લખવાથી ગળ્યું થઈ જાય છે? એવી રીતે જૈન સંપ્રદાયમાં જન્મ્યા તો શું જૈન થઈ ગયા? 'વલ્લભદાસભાઈ'! આહાહા!

પોતાનો આત્મા સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સેકન્ડનાં અસંખ્ય ભાગમાં, એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવ્યા છે, એવા પરમેશ્વર સર્વજ્ઞદેવ ઇચ્છા વિના તેમની વાણી આવી. એ વાણીને અહીં શાસ્ત્ર કહેવામાં આવે છે. એ વાણીમાંથી સંતોએ શાસ્ત્રો રચ્યા. તે શાસ્ત્રમાં શ્રાવકનું સ્વરૂપ શું છે તેની વાત અહીં ચાલે છે. શ્રાવક પહેલા પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા એકલું જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન પરની, શરીર, વાણી, મનની ક્રિયા કરતું નથી અને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિનો પુણ્ય-પાપનો રાગ થાય છે, એ રાગનો પણ તે કર્તા નથી એવું આત્માનું જ્ઞાનસ્વરૂપ છે. ભાઈ! થોડી સૂક્ષ્મ વાત છે.

ભગવાનઆત્મા–આ આત્મા વસ્તુ છે ને? વસ્તુ, તો એ જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યસૂર્ય (છે). એ ચૈતન્યસૂર્ય તેની દૃષ્ટિમાં જે આવ્યું, તો તેને આત્મા રાગ અને પુણ્ય-પાપ અને દયા, દાન, વ્રત, ભક્તિનો જે રાગ છે, તે પણ મારું કર્તવ્ય છે એવું સ્વરૂપમાં નથી. અને આત્મા શરીર, વાણી, મનની અવસ્થા પર્યાય ક્રિયા કરી શકે એ આત્મામાં નથી.

મુમુક્ષુ :– એ પરની ક્રિયા...

ઉત્તર :– આ શરીર. આ ચાલે છે તો કહે હું ચલાવું છું, હું બોલું છું, એ આત્મામાં નથી. કેમ? તે તો જડની અવસ્થા છે. પરમાણુ ભાષા ધ્વનિ ઊઠે છે તે જડની અવસ્થા, જડની પર્યાય, જડનું કાર્ય છે. અને શરીર ચાલે છે તે પણ તેના કારણથી ચાલે છે, આત્માના કારણથી નહિ. તો આત્મા એ પરનો કર્તા તો નથી, પણ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત અને ભક્તિનો શુભ-અશુભ ભાવ છે, તે પણ આસ્રવ છે. તે આસ્રવતત્ત્વ મલિનભાવ છે તે પણ આત્મામાં નથી. એ તો જ્ઞાન-વિજ્ઞાનઘન, વિજ્ઞાન ચૈતન્યઘન એમ દૃષ્ટિમાં આવે છે અને તેનો અનુભવ થાય તો તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પહેલી દૃષ્ટિ ધર્મની. ધર્મની શરૂઆતની પહેલી દૃષ્ટિ. સમ્યક્ સત્ દૃષ્ટિ. કેવું સ્વરૂપ છે? શરીર, રજકણ, કર્મથી ભિન્ન આત્મા અને રાગના કણ, શુભવિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિથી પણ ભિન્ન એવો વિજ્ઞાનઘન, તેની દૃષ્ટિમાં અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તો તેને ધર્મની પહેલી સીડી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ? ત્યારથી ધર્મ શરૂ થાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છે, એ સિવાય ધર્મ શરૂ થતો નથી. વિજ્ઞાનઘનનો અનુભવ કરવાથી જે દૃષ્ટિ પ્રાપ્ત થઈ તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન ત્યાંથી શરૂ થાય છે. એ સમ્યગ્દર્શન જેને ન હોય તેને વ્રત, તપ, શ્રાવક કે મુનિપણું ત્રણકાળમાં કદી હોતું નથી. સમજાણું કાંઈ?

તે અહીં ૯૨મી ગાથામાં કહે છે કે સમ્યગ્દર્શન થયા પછી.. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. જગતની ચાલતી વાત જુદી છે અને સત્ય કંઈક બીજું છે. 'રામચંદ્રજી'! વસ્તુ એવી છે. સર્વજ્ઞ પરમેશ્વર, પરમાત્મા, ત્રિલોકનાથ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવ્યા. એવો પોતાના જ્ઞાનનો જ્યાં પૂર્ણ વિકાસ થયો, પોતાના પુરુષાર્થથી રાગાદિનો નાશ કરીને, વીતરાગ વિજ્ઞાનઘન આત્મા કેવળજ્ઞાન પામ્યા, તો તેમની ઇચ્છા વિના વાણી નીકળી. એ પરમાત્માએ એમ કહ્યું, એવું જાણ્યું, એવું છે કે આ આત્મા જેને પ્રથમ સમ્યગ્દર્શન થાય છે તે કેમ થાય છે? કે હું તો વિજ્ઞાનઘન ચિદાનંદસ્વરૂપ, જગતનો દૃષ્ટા અને જ્ઞાતા (છું). જગત એટલે રાગ, વિકલ્પથી માંડી દરેક ચીજનો કર્તા-હર્તા હું નહિ, તેનો હું તોડનાર-ફોડનાર નહિ, પરને સુધારનાર કે બગાડનાર હું નહિ. હું તો જ્ઞાન આનંદસ્વરૂપ છું. આહાહા! એવો અંતર આત્માનો અનુભવ કરીને, જે સમ્યક્ પ્રતીતિ આત્મામાં થાય છે, તેનું નામ ભગવાન પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહાહા! એ વિના દુનિયા માને કે અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ, અમે માનીએ છીએ એ સમકિત-ફમકિત છે જ નહિ. સમજાણું કાંઈ ? 'વલ્લભદાસભાઈ'! એ સમ્યગ્દર્શન પૂર્વક...

મુમુક્ષુ :– પહેલા થોડું જ્ઞાન થાય કે પહેલા સમ્યગ્દર્શન?

ઉત્તર :– સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન હોય તો જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન કારણ છે અને સમ્યક્જ્ઞાન કાર્ય છે. દીપક કારણ છે અને પ્રકાશ કાર્ય છે. સમજાણું કાંઈ? હોય છે એક સાથે. દીપક અને પ્રકાશ એકસાથે હોય છે. પણ દીપક કારણ છે અને પ્રકાશ કાર્ય છે. એમ સમ્યગ્દર્શનની સાથે જ્ઞાન હોય છે, પણ સમ્યગ્દર્શન કારણ અને સમ્યક્જ્ઞાન કાર્ય કહેવામાં આવે છે. એક સમયમાં બે છે. એ સમ્યગ્દર્શન કેવું? દુનિયા માને એવું નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, નવ તત્ત્વને માનવા, એ નહિ. એ તો વ્યવહાર ભેદ છે, વિકલ્પ છે, તે નહિ. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા નિર્વિકલ્પ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન, જેવો પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે જોયો છે, એવા અંતરઆત્મામાં, હું ઉપદેશ દેનાર નહિ, હું વાણીનો કર્તા નથી. વાણી તો જડ છે. ઉપદેશ કોણ કરે? સમજાણું કાંઈ? વાણી કોની છે? એ તો જડની છે. મારી છે નહિ. હું ઉપદેશ કરું છું તો દુનિયાને લાભ થશે એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. એય..! 'વલ્લભદાસભાઈ'! ભારે વાત, ભાઈ! કેમ કે ઉપદેશની ક્રિયા એ તો જડ પરમાણુની

www.vitragvani.com



છે. આત્મા તેનો કર્તા છે જ નહિ. અને જે વિકલ્પ ઊઠે છે જરીક રાગ, એ રાગ પોતાનું સ્વરૂપ નથી અને પોતાનું કર્તવ્ય નથી. આહાહા! સમજાણું કાંઈ ?

જ્ઞાનાનંદ નિર્વિકલ્પ અનુભવમાં આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો અને સ્વાદમાં ભાન થઈને પ્રતીત થવી, તેનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. 'વલ્લભદાસભાઈ'! આહાહા! એ સમ્યગ્દર્શન પછી સ્વરૂપમાં શાંતિ, અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થવી. સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો અનુભવ થયો કે હું અતીન્દ્રિય આનંદ જ છું. મારામાં રાગ, પુણ્ય, વ્રત-અવ્રતનો જે વિકલ્પ ઊઠે છે તે હું નથી, તે મારું સ્વરૂપ નથી. હું આનંદ અને જ્ઞાનમૂર્તિ છું એવો અંતરમાં અનુભવ થયા પછી સ્વરૂપમાં શાંતિ, અકષાયભાવ, બીજો કષાય નાશ થઈ અંતરમાં શાંતિ, સર્વાર્થસિદ્ધ દેવને, ક્ષાયિક સમકિતીને જે શાંતિ નથી, એનાથી વિશેષ શાંતિ (થવી), અંદરમાં અકષાય આનંદ અંશે આવી જવો, તેનું નામ પંચમગુણસ્થાન શ્રાવક કહેવામાં આવે છે.

એ શ્રાવકમાં બાર વ્રતનો વિકલ્પ કેવો છે? બાર વ્રત કેવા છે? છે તો વ્રત વિકલ્પ-આસ્રવ. પણ પછી સ્વરૂપમાં આનંદની સ્થિરતા જે શાંતિ થઈ છે, તેનું નામ ભગવાન શ્રાવકપણું અને પંચમગુણસ્થાન કહે છે. હવે એ વ્રતધારીનું સત્યવ્રત કેવું છે? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન વિના વ્રત-બ્રત હોતા જ નથી. બરાબર છે 'રામચંદ્રજી'? સમ્યગ્દર્શન વગર અણુવ્રત-બણુવ્રત હોતા જ નથી? આ અણુવ્રતની વ્યાખ્યા ચાલે છે. આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. ચાલતો અધિકાર છે એમાં વાંચન કરતા કરતા ૯૨મી ગાથા ચાલે છે. સમજાણું કાંઈ?

જેને ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ, એણે કહ્યું એવી આત્માની જેને શ્રદ્ધા નથી, તેનો અનુભવ નથી, તેની પ્રતીત નથી, નિર્વિકલ્પ આનંદનું જેને અંતર વેદન નથી તેને જૈન કહેતા નથી. અને એ વિના એને અણુવ્રત હોય છે, વ્રત હોય છે, એ બધી મિથ્યાદષ્ટિની માન્યતા છે. સમજાણું કાંઈ ? 'વલ્લભદાસભાઈ'! ૯૨મી ગાથામાં એ વાત કરે છે. જુઓ! ઝીણો શ્લોક છે આમાં.

**स्वक्षेत्रकालभावैः सदपि हि यस्मिन्निषिध्यते वस्तु।**
**तत्प्रथममसत्यं स्यान्नास्ति यथा देवदत्तोऽत्र।।९२।।**

એ શ્લોક છે શ્લોક. શું કહે છે જુઓ! **'यस्मिन् स्वक्षेत्रकालभावैः सत् अपि वस्तु निषिध्यते तत् प्रथमं असत्यं स्यात्'** એ સંસ્કૃત થયું. તેનું હિન્દી કરીએ. **'જે વચનમાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સત્તારૂપે વિદ્યમાન એવા પદાર્થનો પણ નિષેધ કરવામાં આવે કે પદાર્થ નથી; એ પ્રથમ ભેદરૂપ અસત્ય છે. દૃષ્ટાંત કહે છે - 'यथा अत्र देवदत्तः नास्ति' - જેમકે અહીં દેવદત્ત નથી.'** શું કહે છે? સાંભળો.

**'કોઈ ક્ષેત્રમાં દેવદત્ત નામનો પુરુષ બેઠો હતો,...'** અને કોઈ કહે કે અહીં નથી. હોવા

www.vitragvani.com



છતાં નથી એમ કહેવું એ જૂઠ છે. આ તો દૃષ્ટાંત થયું. એમ પોતાના આત્મામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ... અર્થમાં છે, જુઓ! પાછળ. **'દ્રવ્ય કહીએ. જે ક્ષેત્રમાં એકત્વરૂપ થઈને...'** દ્રવ્ય છે ને? જુઓ! **'જે કોઈ તે પદાર્થ છે તેને તો દ્રવ્ય કહીએ.'** શું કહે છે? જરા સૂક્ષ્મ વાત આવી ગઈ છે. વસ્તુ છે ને વસ્તુ? આત્મા, આ પરમાણુ પોઈન્ટ, આ પરમાણુ છે ને? આ મૂળ ચીજ નથી. આ તો અનંતપરમાણુના પિંડરૂપ સ્કંધ, સ્કંધ એટલે પિંડ છે. આ પોઈન્ટ જે પરમાણુનો છેલ્લો ટુકડો છે તેને પરમાણુ કહે છે. અને આ આત્મા દેહથી ભિન્ન એવા અનંતઆત્મા, એવા અનંતપરમાણુ, એવા અસંખ્યકાળાણું, એકધર્માસ્તિ, એકઅધર્માસ્તિ અને આકાશ, એવા સર્વજ્ઞ પરમેશ્વરે, પરમાત્માએ, કેવળજ્ઞાનીએ છ દ્રવ્ય જોયા છે. છ દ્રવ્ય જાતિએ, સંખ્યાએ અનંત.

કહે છે કે, કોઈપણ પદાર્થ પોતાની વસ્તુસ્વરૂપે દ્રવ્ય છે. તેમાં છે ને? જુઓ! **'જે કોઈ તે પદાર્થ છે તેને તો દ્રવ્ય કહીએ.'** જેમ આત્મા, આ પરમાણુ. પરમાણુ વસ્તુ છે, આત્મા વસ્તુ છે, તેને દ્રવ્ય કહીએ. પછી **'જે ક્ષેત્રમાં એકત્વરૂપ થઈને રહે તેને ક્ષેત્ર કહીએ.'** આત્મા અસંખ્યપ્રદેશી પોતાનું ક્ષેત્ર છે. સમજાણું કાંઈ? અસંખ્યપ્રદેશ આત્મા પોતાની પહોળાઈ રાખે છે. પરમાણુ એક પ્રદેશની પહોળાઈ રાખે છે તો તે તેનું સ્વક્ષેત્ર કહેવામાં આવે છે. અને આત્મામાં પોતાની અવસ્થા જ્ઞાન, આનંદ, શાંતિ થવી એ સ્વકાળની અવસ્થા છે અને તેની સાથે રાગાદિ થવો એ વિકારની અવસ્થા છે. પોતાની એ પર્યાય સ્વકાળમાં સ્વથી છે, સ્વથી છે. તેને એમ ન માનીને, એ પરથી છે એમ માનવું એ અસત્ય, જૂઠ છે.

મુમુક્ષુ :– સમજાણું નહિ, ફરીથી કહો.

ઉત્તર :– ફરીને કહીએ. કાંઈ એમ ને એમ નહિ મૂકી દઈએ. શું કહે છે સમજાણું ?

આત્મા વસ્તુ છે. દ્રવ્ય, પદાર્થ, અસ્તિ, અનાદિઅનંત છે. સત્ વસ્તુ છે. ગુણ, શક્તિ અને તેની અવસ્થા, તેનો પિંડ તેને દ્રવ્ય કહે છે. અને તેનું અવગાહન, જેટલા ક્ષેત્રમાં રહે છે તેને ક્ષેત્ર કહે છે. એ બે તો તેની પહોળાઈ અને ગુણ-પર્યાયનો પિંડ–બે. તેનાથી આત્મા છે, તેનાથી છે. પરથી નથી. શરીરથી નહિ, કર્મથી નહિ, પરથી નહિ. હવે ત્રીજી વાત સૂક્ષ્મ આવી કે આત્મા.. અહીં સમ્યગ્દૃષ્ટિની વાત છે ને? સમ્યગ્દૃષ્ટિને, શ્રાવકને એવો અનુભવ થયો છે, કે પોતાનો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ હું છું. હું રાગ અને દેહની ક્રિયાનો કરનાર નથી. મારી પર્યાયમાં, મારા અસ્તિત્વમાં, મારા વર્તમાન સ્વકાળમાં, મારી પર્યાયમાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિનો અંશ થયો તે મારો સ્વકાળ છે. સમજાણું કાંઈ? એ મારાથી મારામાં છે, પરના કારણે નથી. 'નટુભાઈ'!

પોતાનો આત્મા દ્રવ્ય એટલે ત્રિકાળ વસ્તુ છે અને અસંખ્ય પ્રદેશની પહોળાઈ એ તેનું ક્ષેત્ર છે તેનાથી આત્મા છે. કર્મથી, શરીરથી, પરથી આત્મા ત્રણકાળમાં છે જ નહિ. તો પોતાના દ્રવ્યથી છે, પોતાના ક્ષેત્રથી છે અને પોતાના કાળથી છે. કાળ શબ્દે વર્તમાન અવસ્થા.

www.vitragvani.com



કાળ શબ્દે વર્તમાન પર્યાય, કાળ શબ્દે ગુણની વર્તમાન દશા. જે ત્રિકાળ ગુણ છે, તેની વર્તમાન દશા, સમ્યગ્દર્શન તે દશા છે. સમ્યગ્દર્શન એ નિર્વિકલ્પ આત્માના અનુભવની પર્યાય છે. અને સમ્યક્‌જ્ઞાન, આત્માનું જ્ઞાન રાગથી ભિન્ન, પરથી ભિન્ન થઈ, પોતાનું જે જ્ઞાન થયું એ પણ સમ્યક્‌જ્ઞાન આત્માના પર્યાયરૂપ સ્વકાળ છે. એ પોતાથી છે. એમ નહિ માનીને સ્વકાળ પરથી છે (એમ માને છે)... સમજાણું કાંઈ? તો પોતાનું અસ્તિત્વ તેણે ઉડાવી દીધું. પોતાના સમ્યગ્દર્શનમાં કોઈ કર્મ, દર્શનમોહ હતો તે હટી ગયો તો પોતાની સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ. મૂઢ છે. તેને સમ્યગ્દર્શનની ખબર નથી.

મુમુક્ષુ :– તેને વ્રત તો હોય ને?

ઉત્તર :– સમ્યગ્દર્શન વગર વ્રત ક્યાંથી આવ્યા? ચોથા ગુણસ્થાનના ઠેકાણા નથી તેને વ્રત ક્યાંથી આવ્યા? વ્રત તો પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનમાં હોય છે. હજી સમ્યગ્દર્શનની ખબર નથી, સમ્યગ્દર્શન કોને કહે છે એની ખબર નથી, સમ્યગ્દર્શન છે નહિ તો વ્રત ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ?

વીતરાગ પરમેશ્વરના માર્ગમાં શ્રાવકની પંચમગુણસ્થાનમાં કેવી દશા છે એનું વર્ણન ચાલે છે. મુનિની તો અલૌકિક દશા હોય છે. એ તો અલૌકિક અંતર આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં ઝૂલે છે તેને મુનિ કહે છે. અતીન્દ્રિયઆનંદના ઊભરા (આવે છે). ઊભરાને શું કહે છે? ઉફાન. સમુદ્રમાં ભરતી આવે છે ને? ઉફાન, ભરતી આવે છે ને? ભરતી. એમ ભગવાનઆત્મા પ્રથમ તો સમ્યગ્દષ્ટિ થાય છે ત્યારે આત્માના સ્વરૂપનો આનંદ અને આત્માનું પૂર્ણ આનંદ સ્વરૂપ અંદર છે તેની પ્રતીત અંદર ભાનસહિત થાય છે. પછી શ્રાવક થાય છે, સાચાની વાત છે, આ સંપ્રદાયની વાત નથી. વસ્તુ અંદરમાં છે તે આનંદમાં વિશેષ એકાકાર થઈને, આનંદની એક અંશ વિશેષ દશા, ચોથા ગુણસ્થાનથી વિશેષ પ્રગટ થઈ, વિશેષ શાંતિ થઈ તેને પંચમગુણસ્થાન (કહે છે). એ ગુણસ્થાનમાં સત્યવ્રતી કેવા હોય છે તેની વાત ચાલે છે. એ વગર વ્રત-બ્રત હોતા નથી. સમજાણું કાંઈ? 'પુરુષાર્થસિદ્ધ-ઉપાય' ની આ ૯૨ ગાથા ચાલે છે ને? ચાલતા-ચાલતા ૯૨ ગાથા આવી છે. એય..! 'રામચંદ્રજી'! ભગવાન વાત તો એવી ચીજ છે પણ તેને ખબર નથી, ખબર નથી. શું ચીજ છે? શું સમ્યગ્દર્શન છે?

એ સમ્યગ્દર્શન થયું ત્યાં તો આત્મા મુક્ત છે એવું અંતર અનુભવમાં ભાન થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા! ગૃહસ્થાશ્રમમાં રાજપાટ હોય પણ અંદરમાં નિર્લેપ દૃષ્ટિ અંદર શુદ્ધ આનંદકંદની થઈ જાય છે કે જેમાં રાગના, વ્રતનો જે વિકલ્પ છે એ પણ મારું કર્તવ્ય નથી, મારું સ્વરૂપ નથી. હું એનાથી બંધનમાં આવું છું. એ મારું સ્વરૂપ નથી. આહાહા! સમજાણું કાંઈ? થોડી સૂક્ષ્મ વાત છે. સંભળાય તો છે ને? લૌકિકથી બીજી વાત છે આ. આખા જગતથી જુદી છે. ઠીક ભાઈ!

www.vitragvani.com



વાત તો એવી છે કે આત્મા, એ આત્માના આનંદના સ્વાદની અનુભવદૃષ્ટિ થયા પછી સ્વરૂપમાં સ્થિરતાનો વિશેષ શાંતિનો અંશ પ્રગટ થયો, એમાં સત્યવ્રતવાળા શ્રાવક કેવા છે તેની વાત ચાલે છે. તો કહે છે કે શ્રાવક પોતાની પર્યાયમાં, જે પોતાની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ, બે કષાયનો અભાવ થયો, પોતાના અનુભવમાં ખાતરી થઈ કે હું આનંદમય છું, હું નિર્વિકલ્પ શાંતમય છું. હું રાગ નથી, પર નથી. એવા અનુભવમાં જે સ્વકાળની પર્યાય સ્વથી થઈ છે તે પોતાથી સત્ છે. તેની સાથે જરા રાગ ભાગ પણ છે. જ્યાં સુધી પૂર્ણ નથી તો રાગ છે. દયા, દાનનો વિકલ્પ પણ છે, રાગ છે એ બંધનનું કારણ છે. એ પણ સમજે છે કે મારા સ્વકાળમાં છે. પણ રાગ છે તો સમ્યગ્દર્શન છે એમ પણ નથી અને અંદર રાગ છે તો તે કર્મના નિમિત્તથી રાગ થયો છે, કર્મના કારણે થયો છે એમ પણ નથી. સમજાણું કાંઈ? ભારે, ભાઈ!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ફરી ખુલાસો કરીએ, વધારો ખુલાસો કરે છે. એક સામાન્ય વાત આવી છે. હવે સ્પષ્ટ કરે છે. સ્વકાળ.

ભગવાનઆત્મા પોતાના આનંદ જ્ઞાનમૂર્તિનું ભાન થયા પછી અંદર એકાગ્ર થઈને વિશેષ શાંતિ આવી. કહે છે કે પછી પોતાની પર્યાયમાં, પોતાની અવસ્થામાં એ અવસ્થાને સ્વકાળ કહે છે. તો સ્વકાળમાં બે ભાગ છે. શ્રાવકની વર્તમાન અવસ્થામાં બે ભાગ છે. એક શુદ્ધતાનો અંશ પ્રગટ થયો છે અને એક અશુદ્ધ રાગ છે. પૂર્ણ શુદ્ધ નથી. પૂર્ણ શુદ્ધ હોય તો વીતરાગ થઈ જાય. અને પૂર્ણ અશુદ્ધ હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. પોતાના શુદ્ધ સ્વરૂપમાં, પોતાનો આશ્રય શુદ્ધ કરીને, જેટલી સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, નિર્વિકલ્પ આનંદ આદિ પર્યાય પ્રગટ થઈ, તે સ્વથી છે. સ્વથી છે. એક વાત. તેની સાથે દયા, દાનનો વિકલ્પ રાગ આવે છે, એ વિકાર છે, બંધનું કારણ છે, હેય છે એ સમજે છે. 'વલ્લભદાસજી'! આહાહા! છતાં સમજે છે કે એ પર્યાય મારાથી છે. સ્વકાળ છે ને? સ્વકાળ છે કે નહિ? વસ્તુ ત્રિકાળ છે, અસંખ્યપ્રદેશી આત્માનું ક્ષેત્ર પહોળું છે અને તેમાં ગુણ-ભાવ છે એ પછી આવશે. અહીં તો સ્વદ્રવ્યથી છે, સ્વક્ષેત્રથી છે, સ્વકાળથી છે. તો કાળ એટલે પોતાની પર્યાય, ધર્મીજીવની, અંતર આનંદ અને જ્ઞાનની શાંતિ અને જ્ઞાનની એકાગ્રતાનો જે વિકાસ થયો છે, વિકલ્પ રાગરહિત જે દશા થઈ છે, તે શુદ્ધની અવસ્થા મારાથી છે. કોઈ પૂર્વપર્યાયના કારણથી નહિ. વચ્ચે કોઈ દયા, દાનનો શુભરાગ આવે છે એનાથી પણ નહિ. કર્મનો અભાવ થયો તો મારી પર્યાય આવી થઈ એમ પણ નહિ. મારા સ્વકાળની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની પર્યાય મારી મારાથી છે. એ સત્‌થી છે. અસ્તિ મારાથી છે, પરથી નથી. અને તેની સાથે જેટલો રાગ આવ્યો, બાર વ્રતનો જે વિકલ્પ ઊઠે છે કે હું બીજાને દુઃખ ન દઉં, એવો વ્રતનો વિકલ્પ. વ્રત એ વિકલ્પ છે, રાગ છે, આસ્રવ છે. વ્રત સંવર-બંવર નથી. સમજાણું કાંઈ?

www.vitragvani.com



ભારે, ભાઈ!

પંચમહાવ્રતના પરિણામ સંવર નહિ. એ વિકલ્પ છે. કોઈ જીવને દુઃખ ન દઉં એવી વૃત્તિ ઊઠે છે તો એ રાગ છે, વિકાર છે. સમ્યગ્દષ્ટિને એ રાગ આવે છે. સમજે છે કે રાગની પર્યાય સ્વકાળથી છે, મારાથી છે. અને રાગની પાછળ પોતાની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની નિર્મળ પર્યાય થઈ, એ સ્વકાળ પોતાથી છે. એ રાગથી નહિ, રાગ પરથી નહિ, પોતાના સ્વકાળથી પરની અવસ્થાનો કાળ નહિ. અરે..રે...! સમજાણું કાંઈ? સ્વકાળ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એનો દાખલો આપ્યો છે એ તો. દેવદત્ત મૂળ પાઠમાં તો આમ છે ને જુઓ! ૯૨ ગાથા છેને. **'सदपि हि'** એમ શબ્દ પડ્યો છે ને? **'सदपि हि'** તે અસ્તિપણે છે એમ પાઠ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ કરે છે? કોઈ કરતું નથી. ઉપદેશ કરતા નથી. નીકળે છે. ઉપદેશ તો નીકળે છે, કરતા નથી. 'રામચંદ્રજી'! સાંભળો. વાણી નીકળે છે, આત્મા કરતો નથી.

મુમુક્ષુ :– ઉપદેશ તો આત્મા...

ઉત્તર :– ઉપદેશ આત્મા કરી શકતો નથી.

મુમુક્ષુ :– તો કોણ કરે?

પૂજ્ય ગુરુદેવશ્ર :– વાણી.

મુમુક્ષુ :– કોણ કરે અને કોને કરે?

ઉત્તર :– જડની પર્યાયને. જડની પર્યાય ઉત્પન્ન થાય છે. કોને કરે? સાંભળનાર સાંભળે તો તેને જ્ઞાન થાય તો વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. બીજું કાંઈ છે જ નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નહિ. શરીરરિહત જ ત્રિકાળ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નહિ. શરીર, શરીરમાં છે. શરીર શરીરમાં છે, આત્મામાં નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો પહેલી મોટી ભૂલ છે. આ તો ચાલે છે, પહેલા સાંભળ્યું નહિ? કે પોતાનું દ્રવ્ય પોતાથી છે. પહેલા તો આવ્યું. પોતાનું દ્રવ્ય સ્વથી છે. સાંભળ્યું નહિ, ભાઈ! સૂક્ષ્મ વાત છે. ભગવાન! પહેલા વાત આવી ગઈ છે.

**'सत् अपि'**.. જુઓ! **'स्वक्षेत्रकालभावैः सत् अपि'** એટલે સ્વદ્રવ્યથી સત્ છે, સ્વક્ષેત્રથી સત્ છે, સ્વકાળથી સત્ છે, સ્વભાવથી સત્ છે. આ શ્લોક બરાબર આવી ગયો છે, સારો આવ્યો છે. પોતાનું દ્રવ્ય છે એ વસ્તુ સ્વથી છે, શરીરથી નથી. ત્રણકાળમાં નથી. આત્મા

www.vitragvani.com



ક્યારે પણ શરીરથી નથી. આત્મા શરીરમાં નથી. પોતે પોતામાં છે, શરીર શરીરમાં છે. 'રામચંદ્રજી'!

પ્રત્યેક પદાર્થ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પોતાથી છે અને પરપદાર્થનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પ્રત્યેક પદાર્થ નથી. અહીં તો અસ્તિથી ચાલે છે. બીજા ભાગમાં નાસ્તિથી આવશે. પાછળ ૯૩મી ગાથામાં આવશે. આ તો અસ્તિ સિદ્ધ કરે છે. આહાહા! અરે..! ભગવાન! ભગવાનઆત્મા વર્તમાનમાં પણ ત્રિકાળમાં, ત્રણેકાળમાં આત્મા પોતાના દ્રવ્ય એટલે ગુણ-પર્યાયના પિંડથી છે. પરદ્રવ્ય શરીર, કર્મથી છે જ નહિ. નહિતર પોતાનું અસ્તિત્વ રહી શકે નહિ. સમજાણું કાંઈ?

અત્યારે પણ શરીરના એક-એક પોઈન્ટ,.. આ શરીર મૂળ ચીજ નથી. એ તો પહેલા જ કહ્યું હતું. છેલ્લો જે પોઈન્ટ છે, ટુકડો છે એને પરમાણુ કહે છે. એક-એક પરમાણુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. પરમાણુ પોતાના દ્રવ્યથી છે. એક-એક પોઈન્ટ પોતાના ગુણ-પર્યાયના પિંડથી છે, આત્માથી નથી. પરમાણુ પોતાનું સ્વક્ષેત્ર એક પ્રદેશી સ્વથી છે, આત્માથી નથી. અને પરમાણુમાં જે આવી પર્યાય થાય છે, જુઓ! એ પર્યાય એનો સ્વકાળ છે. એ પરમાણુની પર્યાય સ્વથી છે, આત્માથી નથી. આહાહા! વાત એવી ગડબડે ચડી ગઈ છે ને. હજી તો પહેલા બે જુદા છે એની ખબર નથી. અનુભવ તો ક્યાંથી થાય? બરાબર છે? આહાહા!

ભગવાનઆત્મા.. આ તો પહેલેથી કહ્યું હતું કે વિજ્ઞાનઘન ચૈતન્યબિંબ અંતરમાં નજર કરવાથી, એ તો માત્ર વિજ્ઞાનઘન છે. એ વિજ્ઞાનઘનમાં રાગ જ નથી તો શરીર ક્યાંથી આવ્યું? ધૂળ આવ્યું? શરીર તો બહાર રહી ગયું. ધૂળ છે. આ તો માટીનો પિંડ છે. એય..! 'વલ્લભદાસજી'! અરે..! ભગવાન! એની એને ખબર નથી અને માને કે અમે ધર્મ કરીએ છીએ. ધૂળમાં પણ ધર્મ નથી. સમજાણું કાંઈ? કહે છે કે પોતાનો આત્મા સ્વદ્રવ્યથી છે, પરદ્રવ્યથી નથી. જુઓ! આ આંગળી. આ આંગળી વસ્તુ દ્રવ્ય છે. એ પોતાથી છે, આ આંગળીથી નથી. આ આંગળી, આ આંગળીથી નથી.

મુમુક્ષુ :– કેમ?

ઉત્તર :– પરના અભાવરૂપ છે. આ આંગળી કપાય જાય તો પણ આ આંગળી રહે છે. તો એનાથી એ નથી. પોતાથી છે, પરથી નથી. એમ એક એક પોઈન્ટ પરમાણુ રજકણ, સ્વથી છે, પરથી નથી. એમ એક એક આત્મા સ્વથી છે, પર રજકણ અને પર આત્માથી નથી. સમજાય છે કાંઈ? લોજિક ન્યાયથી તો છે. વીતરાગમાર્ગ ન્યાયથી કહે છે. માત્ર માની લેવો એમ નહિ. લોજિકથી, ન્યાયથી, યુક્તિથી, અનુભવમાં ભાવ આવે તેનું ભાસન કરી માનવું, તેનું નામ યથાર્થતા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઝીણી વાત કરે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઉત્તર :– અહીં આવ્યું છે તો શું કરીએ? અધિકાર જ એ આવ્યો છે. 'રામચંદ્રજી'! જુઓ! 'રામચંદ્રજી' કોઈક દિવસ આવે તો અધિકાર એ આવ્યો છે. ઘણો સારો અધિકાર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– લોજિકથી, ન્યાયથી સિદ્ધ થવું જોઈએ ને? શબ્દમાત્રથી ન ચાલે. ભગવાનઆત્મા.. વાત એ છે, એ કહ્યું ને? એના ચાર બોલ છે. વસ્તુ છે, આ કોઈ મૂળ ચીજ નથી. આ તો એક પોઈન્ટ, દૃષ્ટાંત છે. આખી ચીજ છે તે દ્રવ્ય. તો તે સ્વથી છે પરથી નથી. આખું ક્ષેત્ર પહોળું છે. સ્વના ક્ષેત્રથી છે પર ક્ષેત્ર નથી. તેની અવસ્થા સ્વકાળ છે. સ્વથી છે પરના કાળથી નથી. અને તેની શક્તિ વર્ણ, ગંધ, રસ, ભાવ છે એ સ્વથી છે, પરથી નથી.

એમ ભગવાનઆત્મા, અહીં તો આત્માને ભગવાન જ કહે છે. આહાહા! 'સ્વરૂપચંદજી'! ભગવાનઆત્મા, ભાઈ! આ દેહમાં... આહાહા! આમ નજર તો કર પહેલી, આમ અંદર જો તો ખરો. એકલો વિજ્ઞાનઘન જ છે એ તને દેખાશે. એમાં બીજું કાંઈ નથી. એ વિજ્ઞાનઘન વસ્તુ સ્વથી છે, શરીરથી નથી. જો શરીરથી પણ હોય તો ભિન્ન રહી શકે નહિ. સમજાણું કાંઈ ? અનાદિકાળથી. નિગોદના એક શરીરમાં અનંતજીવ છે. નિગોદ. બટેટા આદિ હોય છે ને? તેની એક કણી છે, એ રાઈ જેટલી કણીમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક શરીરમાં અનંતજીવ છે. અને એક જીવ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે, બીજા જીવથી નથી. ન્યાયથી તો ખ્યાલમાં આવી જાય છે. ચોક્કસ ન્યાયથી સમજવું જોઈએ ને? નિરાવયં માર્ગ છે. ન્યાયથી, લોજિકથી, જ્ઞાનથી જેમ યથાર્થ છે એમ જ્ઞાનને ત્યાં લઈ જવું તેને ન્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે કોઈપણ આત્મા કે કોઈપણ પરમાણુ, પોતાના સ્વકાળની અસ્તિથી, સત્‌થી છે. તેને એમ ના પાડવી કે નહિ.. નહિ.. નહિ.. સ્વની પર્યાય સ્વથી નહિ. સ્વની પર્યાય પરથી છે. એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. તેને સત્યવ્રત હોતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ મૂળમાં ભૂલ છે.

ઉત્તર :– મૂળમાં ભૂલ છે, ભાઈ! વાત તો આમ છે. મૂળ ભૂલ છે, ભાઈ! અનાદિની મૂળ રહી ગઈ. જૈન દિગંબર સાધુ થઈને અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિ વ્રતધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' અનંતવાર નગ્ન દિગંબર શું થયા? ધૂળમાં? આત્મા શું છે એનો અનુભવ અને સમ્યગ્દર્શન વગર બધું તારું એકડા વગરના રણમાં પોક છે. રણમાં પોક સમજો છો ને? અરણ્ય રુદન. અરણ્ય રુદન. તારું રુદન કોઈ સાંભળનાર નથી. સમજાણું કાંઈ? એ 'છોટાભાઈ' અમારે ત્યાં વ્યાખ્યાનમાં ઘણીવાર આવતા હતા. ખબર છે? (સંવત) ૧૯૮૯ની સાલથી, હોં! ત્રણ-ત્રણ હજાર માણસની

www.vitragvani.com



અંદર. પેલી આપણે ભોજનશાળા હતી, નહિ? આવ્યા છે, હોં. પ્રેમ હતો. ફોટોગ્રાફ કરતા પણ આવતા બહુ.

મુમુક્ષુ :– મોટે ભાગે પરદેશ રહે.

ઉત્તર :– હા, એમ હશે. એમ હશે, ભાઈ! સમજાય છે કાંઈ?

ન્યાયથી, લોજિકથી, યુક્તિથી, અનુભવથી અને આગમથી વસ્તુ સિદ્ધ થવી જોઈએ. માત્ર માનવું એવી ચીજ નથી. આત્મા પોતાના સ્વરૂપના સ્વકાળથી છે. સમ્યગ્દષ્ટિ એમ માને છે કે, મારી વર્તમાન દશા જે નિર્મળ થઈ છે તે સ્વથી થઈ છે, સ્વમાં છે અને જે દયા, દાન, વ્રતના વિકલ્પ રાગ ઊઠે છે, એ રાગ પોતામાં સ્વકાળમાં સ્વથી છે, એ રાગ પરથી નથી. સ્વથી છે અને ના પાડવી કે નથી, એ ખોટું છે. તેનું કથન ખોટું, તેનો ઉપદેશ ખોટો, તેની માન્યતા ખોટી છે. 'રામચંદ્રજી'! ભાઈ! આમ છે.

મુમુક્ષુ :– અસત્ય વચન થઈ ગયું.

ઉત્તર :– ખોટું થઈ ગયું. સમજાણું કાંઈ? આ વીતરાગનો માર્ગ છે. એમાં કોઈ ગડબડ ચાલે નહિ. ઇન્દ્રો જેને માને છે, ગણધર જેને માને છે. ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ વર્તમાન મહાવિદેહમાં બિરાજે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની ત્રિલોકનાથ છે. તેમણે કહેલો માર્ગ ત્રિકાળ તીર્થંકરો કહે છે એમ એ કહે છે.

મુમુક્ષુ :– બધા તીર્થંકર એક કહે છે.

ઉત્તર :– બધા તીર્થંકર એક છે. બધા એક જ વાત કરે છે, બીજી ક્યાંથી કહે? સત્ય હોય એ કહે કે અસત્ય કહે?

અહીં કહે છે, જુઓ! **'જે કાળે જે રીતે પરિણમે..'** જુઓ! **'જે કાળે જે રીતે પરિણમે તેને કાળ કહીએ.'** બસ, એમાં આટલો અર્થ ચાલે છે. છે એમાં? જે કાળમાં, પોતાની પર્યાય સ્વકાળમાં, વર્તમાન અવસ્થામાં, પરમાણુ એક સમયમાં સ્વકાળમાં, એ પરમાણુ પણ પોતાના કારણથી ભાષાની અવસ્થા થાય છે. ભાષાની, પરમાણુની જે અવસ્થા (થાય છે) એ ભાષાનો સ્વકાળ છે. એ સ્વકાળ પોતાની અસ્તિથી છે. આત્માની ઇચ્છા થઈ તો વાણી નીકળી એમ નથી. સમજાણું કાંઈ? ફરીથી. શું કરે ભાઈ? સમજવી તો પડે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇચ્છા વગર વાણી નીકળે છે. ઇચ્છા પોતાના સ્વકાળમાં છે અને વાણીની પર્યાય એના સ્વકાળમાં છે. તેનો સ્વકાળ અહીં નહિ અને અહીંનો સ્વકાળ ત્યાં નહિ. અભાવ છે. ફરીથી વાત કરીએ. નક્કી કરો. એમ નહિ ચાલે. અહીં તો પાક્કું કરીને પછી આગળ ચાલશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– તે પોતાની ભિન્ન ભિન્ન પર્યાયથી છે. બધાની પર્યાય ભિન્ન ભિન્ન છે

www.vitragvani.com



કે નહિ? બધા દ્રવ્યની ભિન્ન ભિન્ન અવસ્થા છે ને? પરમાણુની ભિન્ન ભિન્ન અવસ્થા છે. એ કારણથી ભિન્ન ભિન્ન અવસ્થા દેખાય છે. તે પોતાના કારણથી છે.

મુમુક્ષુ :– દુઃખ અને સુખ એ બધું કાલ્પનિક...

ઉત્તર :– દુઃખની કલ્પના એ કલ્પના સ્વકાળમાં પોતાથી છે. એ પણ સ્વથી છે, પરથી નહિ.

મુમુક્ષુ :– ગરીબી છે તે...

ઉત્તર :– ગરીબ-બરીબ કાંઈ છે નહિ. હું ગરીબ છું એવી માન્યતા સ્વકાળથી અજ્ઞાનીને છે. ગરીબ કેવા, તવંગર કેવા? એ તો પરની ધૂળ છે. પાંચ-પચ્ચીસ કરોડ હો, દસ કરોડ હો કે ધૂળ હો, એ તો પરમાણુ પોતાની પર્યાયથી સ્વકાળથી છે. એ તો તેના સ્વકાળથી છે. તારા સ્વકાળથી છે? ચીજ તારામાં ઘૂસી ગઈ છે? સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ? એય..! વકીલ!

ઓલું .. નહિ વસ્તુ એવી છે. એવી નથી તો બીજી રીતે હોઈ શકે નહિ. કરો ન્યાય, એમ નહિ ચાલે. એવી માન્યતા, અંધશ્રદ્ધા ચાલે એવી વાત છે જ નહિ. સમજાણું કાંઈ? ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ ફરમાવે છે એમ સંતો, મહામુનિઓ, દિગંબર અંતર અનુભવ કરીને ચારિત્રની, આનંદની દશામાં વનવાસમાં ઝૂલતા હતા. તેમાં આ શ્લોક બની ગયો છે. વિકલ્પથી શ્લોક બનાવ્યો નથી, એ વાણીથી બની ગયો છે.

મુમુક્ષુ :– કોણે બનાવ્યો?

ઉત્તર :– કોણ બનાવે? વાણીથી બની ગયો છે.

મુમુક્ષુ :– પુદ્‌ગલથી બની ગયો?

ઉત્તર :– પુદ્‌ગલથી એ શ્લોક બની ગયો. આત્માથી બને છે? આત્મામાં વાણી છે તો બનાવે? 'રામચંદ્રજી'! સૂક્ષ્મ છે, ભાઈ! પણ સમજાય એવું છે. ન્યાયથી (વાત) આવે છે.

એક-એક પરમાણુ છે ને? ભગવાન! અહીં તો આત્માને ભગવાન તરીકે બોલાવે છે. અજ્ઞાન તો એની દશામાં છે. વસ્તુ તો ભગવાન જ છે. તો કહે છે કે ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી વર્તમાન દશામાં, તારી અવસ્થા... અવસ્થા કહો, દશા કહો, સ્વકાળ કહો, સ્વપર્યાય કહો, ત્રિકાળ દ્રવ્યનો વર્તમાન અંશ કહો, એ અંશ, નિર્મળ પર્યાય સમકિતી એમ માને છે કે મારી સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય મારા સ્વકાળથી મારામાં છે. અને મારામાં જરી રાગ પણ આવે છે, એ કાળમાં રાગ આવ્યો, એ પૂર્વના કાળથી નહિ, પરથી નહિ, પોતાના કાળથી એ રાગ સ્વથી આવ્યો છે. પણ જ્ઞાની એ રાગને હેય માને છે.

મુમુક્ષુ :– રાગ કેમ આવે છે?

ઉત્તર :– નબળાઈ, કમજોરી છે. પોતાના પુરુષાર્થની ખામી છે. ચારિત્રગુણની વિપરીત પર્યાય સ્વથી થઈ. જે થઈ તે પોતાની નબળાઈ, કમજોરીથી થઈ. પોતાના સ્વકાળથી થઈ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. સ્વકાળ, ત્રિકાળ ચારિત્રગુણ છે ને? ત્રિકાળ અંતર ગુણ છે. ચારિત્ર પર્યાય પ્રગટ એ નહિ. ત્રિકાળ ગુણ છે તેની વિપરીત પર્યાય રાગ એ સમયે આવે છે. સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે રાગ છે, દયા, દાનનો વિકલ્પ છે એ મારી પર્યાયમાં છે. અસ્તિરૂપ છે, હેય છે. મને આદરણીય નથી. આહાહા! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર, વીતરાગદેવ સો ઇન્દ્રની સમક્ષમાં આવી દિવ્યધ્વનિ કરતા હતા. એમ કહેવું એ વ્યવહાર છે. દિવ્યધ્વનિ થતી હતી. આહાહા! ભગવાન પણ વાણી કરે છે એમ છે નહિ. વાણી પણ અનંતપરમાણુની પુંજરૂપ એક અવસ્થા છે તેને વાણી કહે છે. તે પરમાણુની સ્વકાળની અવસ્થા છે. આત્માના કારણથી એ અવસ્થા થતી નથી. આહાહા! મૂળ વાતની ખબર ન મળે. અને પછી અમે ધર્મ કરીએ છીએ, બાપુ! ક્યાંથી ધર્મ આવ્યા? હજી સમ્યગ્દર્શનની ખબર નહિ. વ્રત ક્યાંથી આવ્યા, મુનિપણું ક્યાંથી આવ્યું, અણુવ્રત ક્યાંથી આવ્યા? 'નટુભાઈ'! એ 'પાલિતાણા'માં વકીલ છે. સમજાણું કાંઈ? શું (કહ્યું)?

આ ભાષા નીકળે છે ને? પરમાણુ. કહે છે કે એ પરમાણુ દ્રવ્ય છે. તેની પહોળાઈ એક પ્રદેશ છે. તેની વર્તમાન અવસ્થા થાય છે એ સ્વકાળ પોતાથી સ્વકાળથી છે. આત્માની ઇચ્છા થઈ તો આ પર્યાય થઈ એમ નથી. આત્મામાં જ્ઞાન થયું કે હું આમ બોલું. તો જ્ઞાનના કારણથી ભાષાની પર્યાય નહિ. ભાષાની સ્વકાળ અવસ્થા સ્વથી છે, પરથી નથી. નક્કી કરો. એમ ન ચાલે. એમ માની લે એમ ન ચાલે. છંછેડીને સત્યનો નિર્ણય કરવો જોઈએ. સમજાણું કાંઈ?

કહે છે કે, '**જે કાળે જે રીતે...**' કોઈપણ પરમાણુ કે કોઈપણ આત્મા. છ દ્રવ્ય છે. દ્રવ્ય સંખ્યાએ અનંત છે, જાતિએ છ છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એકધર્માસ્તિ, એકઅધર્માસ્તિ, આકાશ. એ બધી વસ્તુ છે, હોં! અસ્તિ છે. એ છ અસ્તિ છે અને એમાંથી એક કાળ નથી કહો તો નાસ્તિ થઈ ગઈ. છ દ્રવ્ય છે. પોતાના જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાત છે. એક સમયની પર્યાય કબુલ કરનારને છ દ્રવ્ય છે એવી કબુલાત એને આવે છે. અને એ છ દ્રવ્યમાંથી એક દ્રવ્ય કાઢી નાખે, તો પોતાની જ્ઞાનની પર્યાયને એણે કાઢી નાખી. પોતાની પર્યાયને એણે માની નહિ.

ફરીથી, ફરીથી વાત કરીએ. એકદમ ચાલી ગઈ વાત. ફરીથી વાત કરીએ છીએ. જગતમાં છ દ્રવ્ય છે. સાંભળો! અનંતઆત્મા, અનંતપરમાણુ, અસંખ્યકાળાણુ, એકધર્માસ્તિ, એકઅધર્માસ્તિ, આકાશ. ભગવાને કેવળજ્ઞાનમાં અનાદિઅનંત છ દ્રવ્ય જોયા છે. એ છ દ્રવ્યમાં કોઈ એમ માને કે કાળ નથી. તો તેણે નાસ્તિ કરી. પોતાના જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાત છે. તો જેમણે છ દ્રવ્યને નથી માન્યા, તેમણે એક સમયની પર્યાય એટલી છે એમ ન માની. આહાહા! ભારે ઝીણી વાતું, ભાઈ! બાપુ! ભગવાનઆત્માનો માર્ગ જ સૂક્ષ્મ છે. 'શશીભાઈ'!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એક સમયની જ્ઞાનની અવસ્થા છે. સ્વથી છે. તો એ સ્વથી છે એમ અસ્તિપણે ક્યારે માન્યું? કે જગતમાં જેટલા પદાર્થ છે, છ દ્રવ્યને જાણવાની એક સમયની પર્યાયમાં તાકાત છે. તો એક સમયની પર્યાય સ્વથી છે એમ માનનાર, છ દ્રવ્ય જગતમાં છે, એમ એમાં આવી ગયું. પણ છ દ્રવ્ય જગતમાં નથી એમ માનનાર પોતાની પર્યાયને પણ માનતા નથી. આહાહા! અરે..! ભગવાન! એનો માર્ગ બિચારાને સાંભળવા મળે નહિ. આંધળે આંધળા. અંધો અંધ પલાય.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા.. આહાહા! તારી પર્યાયમાં.. અહીં તો સમ્યગ્દષ્ટિની વાત ચાલે છે ને? સમ્યગ્દષ્ટિ પોતાને જાણે છે કે મારી સમ્યગ્દર્શનની પર્યાય આ છે, સમ્યગ્જ્ઞાનની છે અને જરીક સ્થિરતાની અને શાંતિની પણ છે. એવી દશામાં મને રાગ પણ છે. તો એ રાગ અને અનંતી પર્યાય, એ પોતાના અસ્તિત્વથી છે. શું કહ્યું? જુઓ! **'જે કાળે જે રીતે પરિણમે...'** જે કાળમાં આત્મા જે પ્રકારે પરિણમે છે. જે સમયની અવસ્થામાં પરિણમે છે **'તેને કાળ કહીએ.'** આ એટલામાં બધું પડ્યું છે.

ફરીથી. **'જે કાળમાં જે રીતે પરિણમે..'** આત્મા અને પરમાણુ, છએ દ્રવ્ય જે સમયે, જે રીતે, જે પ્રકારે એની પર્યાયનું પરિણમન થયું તે સ્વથી છે. પરમાણુમાં પણ આવી પર્યાય છે, આમ થઈ, ભાષા થઈ એ પરમાણુ જે રીતે, જે કાળે, જે પરિણમન ભાષારૂપ થાય છે તે સ્વથી છે. બીજા પરમાણુથી નહિ, કર્મથી નહિ, આત્માથી નહિ. આહાહા!

અનંતદ્રવ્ય છે એવી માન્યતા કોને થાય? સમજાણું કાંઈ ? હું અખંડાનંદ જ્ઞાયક ચિદાનંદમૂર્તિ, મારામાં તો અનંતજ્ઞાન, આનંદ ભર્યો છે. હું અલ્પજ્ઞ તો એક સમયની પર્યાયમાં છું. ત્રિકાળમાં તો અખંડાનંદ પ્રભુ છું. એવા અનુભવમાં પ્રતીત આનંદ આવ્યો. કહે છે કે મારી પર્યાય મારા સ્વકાળથી, મારી રીતથી, મારા કારણે પરિણમ્યો છું અને દયા, દાનનો રાગ આવ્યો, એ મારાથી છે. એ દયાના પરિણામ આવ્યા તો એથી હાથ લંબાણો અને બીજાને દાન દેવાની પર્યાય, પૈસા દેવાની પર્યાય થઈ તેમાં રાગની મંદતા થઈ, તો એનાથી પૈસા દેવાની પર્યાય થઈ, એમ જ્ઞાની માનતા નથી. એય..!

મુમુક્ષુ :–

ઉત્તર :– જાણવાની વાત થઈ ગઈ. પોતાની જાણવાની પર્યાય સ્વથી છે. જાણવાની જે પર્યાય પરમાં થઈ તે સ્વમાં નથી. પોતાની પર્યાય સ્વથી છે. તે જાણે છે કે પોતાની પર્યાય સ્વથી છે અને પોતાની પર્યાયથી પરની પર્યાય છે એમ નથી. સૂક્ષ્મ છે, ભગવાન! સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ભગવાન છે ને 'રામચંદ્રજી' ભગવાન થઈ ગયા, લ્યો. કાલે કહેતા હતા, જિજ્ઞાસુ થઈને આવ્યા છીએ, તમારા સમાગમ માટે. એ તો આત્મા છે, ભાઈ! આત્મામાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો મોટી શક્તિ છે, ભાઈ! કેવળજ્ઞાન લેવાની શક્તિ છે તો સત્ય સમજવાની શક્તિ કેમ ન હોય? એક સમયમાં કેવળજ્ઞાન લેવાની શક્તિ, ભગવાન! એને શું કહે! રાગનો નાશ કરવાની અને એક સમયમાં કેવળજ્ઞાન લેવાની શક્તિ છે. આહાહા! તો કહે છે કે એવા ભગવાનઆત્માની જ્યાં નિર્વિકલ્પ દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થયું ત્યારે પોતાની પર્યાયમાં જેટલી પર્યાય નિર્મળ થઈ તે સ્વકાળની રીતે થઈ. શું કહે છે?

**'જે કાળે જે રીતે..'** જે પ્રકારે. જે રીતે જ્ઞાનનું, દર્શનનું, આનંદનું, રાગનું પરિણમન જે રીતે થયું એ સ્વથી સત્ છે, એ સ્વકાળથી સત્ છે. પરથી બિલકુલ નથી. એમ પરમાણુ, એક પોઈન્ટ, રજકણ અને અનંતા પોઈન્ટ એકત્ર થઈને જે અખંડ પિંડ છે, આ આંગળી અખંડ પિંડ છે, તેની જે અવસ્થા થાય છે, આ હોઠ હલે છે એ સ્વકાળમાં એ રીતે હોઠની પર્યાય. આને હોઠ કહે છે ને? **'જે કાળે જે રીતે...'** જે હોઠ જેવી રીતે પરિણમે છે તે પોતાની પર્યાયથી પરિણમે છે. સ્વથી એ પર્યાય છે, આત્માથી નહિ, પરથી નહિ, કર્મથી નહિ. સમજાણું કાંઈ? એ ભાષાની પર્યાય થઈ તે હોઠથી નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ વસ્તુ છે. ત્યાં ... તો વસ્તુ એક ચીજ છે. એ શું કોઈમાં કરી દે છે? અલગ ચીજ છે, અલગ ચીજ છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– નહિ.. નહિ.. એ બધી વાત ખોટી છે. એ બધું ખોટું છે. એ બધી અજ્ઞાનીની માન્યતા છે. કર્મ જડ છે. જડ તારામાં શું કરે? જડની પર્યાય જડમાં છે. તારી પર્યાયમાં તારામાં છે. એ વાત તો અહીં ચાલે છે. ભાઈ! એમ છે, ભગવાન! કર્મ શું? કર્મ આત્માને રખડાવે છે? જડ? જગતમાં કહે છે, ઈશ્વર રખડાવે છે અને જૈનમાં કર્મ રખડાવે. તો ઈશ્વરકર્તા કર્મ તો જડ થયું. તારો સ્વામી જડ થયો? તારી મોટી મૂર્ખાઈ છે.

મુમુક્ષુ :– જડે ચેતનને રખડાવી દીધો.

ઉત્તર :– અમારા જૈનમાં તો કર્મ મોટા છે. કર્મ મોટા છે તો તેમાં રહ્યા, તારા ઘરમાં ક્યાં આવ્યા? અહીં તો કહે છે કે કર્મની પર્યાય પણ... કર્મ પણ. કર્મ શું ચીજ છે? પરમાણુની એક પર્યાય છે. અનંતા રજકણની કર્મ એક અવસ્થા છે. એ સ્વકાળમાં પરિણમતી અવસ્થા છે. પોતાના કારણે નહિ અને એના કારણથી પોતામાં કાંઈ નહિ. આહાહા! રાગની પર્યાય સ્વમાં થઈ, દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે તે સ્વથી છે, કર્મથી નહિ. કર્મનો સ્વકાળ તેમાં છે. આ કાળ સ્વકાળ સ્વથી છે. અરે..! કંઈ સત્ય વાત! ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ, તેનું સત્ય ઘણું ગોટાળે ચડી ગયું છે. 'વલ્લભદાસભાઈ'! આહાહા! પ્રભુ! એ સત્ય તો સત્ય જ રહેશે. ત્રણકાળમાં કોઈ ઊંધું માને તો કાંઈ બીજું થઈ જશે એમ છે નહિ.

અહીં તો કહે છે, **'જે કાળે જે રીતે પરિણમે...'** કોણ? પરમાણુ, આત્મા, કર્મની પર્યાય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કર્મનો ઉદય આવ્યો તો એ કર્મના પરમાણુ એ રીતે ઉદયમાં આવવાનું પરિણમન થયું. એમાં તને શું થયું? બિલકુલ નહિ. કર્મની પર્યાય તેમાં અસ્તિત્વ રાખે છે, પોતાનો રાગ પોતામાં અસ્તિત્વ રાખે છે. રાગમાં કર્મની પર્યાયની નાસ્તિ છે, કર્મની પર્યાયમાં રાગની નાસ્તિ છે. સમજાણું કાંઈ? મૂળ વાતની ખબર ન મળે અને ઉપરથી કરો ધર્મ. થઈ ગયા મહાવ્રત અને થઈ ગયા અણુવ્રત. ધૂળમાં પણ નથી. મિથ્યાભ્રમ અજ્ઞાનનો છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સ્વકાળની પરિણતિમાં પરિણમે છે, જુઓ! મુનિ પણ પોતામાં એમ જ માને છે. અહીંયા શ્રાવકનો અધિકાર છે. મુનિ પાછળ આવશે. ૧૯૭ ગાથાથી. ચારિત્રના અધિકારમાં. ઘણું કરીને ૧૯૭ છે. ૧૯૭ થી ચારિત્ર અધિકાર લેશે. ગાથા ગાથા છે ને? સકળ ચારિત્ર. ૧૯૭ થી લેશે. અહીં ૧૯૭ ગાથા છે, હોં! ૧૯૭ સમજો છો? ૧, ૯, ૭. ત્યાં ચારિત્ર કહ્યું. ચારિત્ર તો અલૌકિક, બાપુ! ચારિત્ર શું છે એ વાત તો કોઈ દુનિયાએ સાંભળી નથી. આહાહા! જેને પરમેશ્વર ગણધરદેવ નમસ્કાર કરે એ ચારિત્ર પદ કેવું હોય ભગવાન! એ તો આત્માના અનુભવસહિત, જે એક વિકલ્પનો પણ કર્તા નથી અને સ્વરૂપમાં આનંદની છોળ ઊડતી હોય. ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું ગુણસ્થાન. ક્ષણમાં આનંદમાં ઉતરી જાય. ક્ષણમાં છઠ્ઠુ ગુણસ્થાન આવી જાય. વિકલ્પ ઊઠે છે. એક વિકલ્પ દયાનો, .. ક્ષણમાં અંતરમાં ઉતરી જાય. એવા સાચા મુનિ, વીતરાગના સાચા મુનિ હોય, એમને તો એક દિવસમાં હજારો વાર છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવે છે. સમજાણું કાંઈ? તેને તો એક, પોણી સેકન્ડ નિંદર નથી આવતી. કેમ કે છઠ્ઠા ગુણસ્થાનની પ્રમાદદશા ઘણી થોડી રહે છે. પોણી સેકન્ડના ભાગમાં, ઘણા હજારમાં ભાગમાં. ઊંઘ નહિ, એક કલાકની ઊંઘ છે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અરે..! ભારે વાત, ભાઈ!

આ તો હજી શ્રાવકની વાત ચાલે છે. પછી ૧૯૭ થી મુનિની દશા આવશે. આહાહા! ચારિત્ર તો સ્વરૂપના આનંદમાં ઝૂલવું. વીતરાગભાવ. પંચમહાવ્રતનો એક વિકલ્પ ઊઠે છે એ પણ રાગ, આસ્રવ ઝેર, દુઃખ,.. દુઃખ.. દુઃખ (છે). અંતરમાં આવી અનુભવની સ્થિરતા થાય તો આનંદની સહજ દશા થઈ જાય તેનું નામ ચારિત્ર છે. અહીં તો હજી શ્રાવકના વ્રતની વાત ચાલે છે. એમાં પહેલા સત્યમાં આ બોલ મૂક્યા, જુઓ!

આમ લોકો કહે કે અમે સત્યવ્રત અંગીકાર કર્યા છે. પણ બાપા! તને હજી વસ્તુની ખબર વિના સત્ય આવ્યું ક્યાંથી? અમારી ગુજરાતી ભાષા થોડી આવી જાય છે. જ્યાં હજી સમ્યગ્દર્શન શું ચીજ છે એ પ્રગટ થયા વિના તને સત્ય આવ્યું ક્યાંથી? વ્રત, બ્રત આવ્યા ક્યાંથી? અને આવા વ્રત ચલાવવા એ તો વીતરાગમાર્ગથી તદ્દન વિરુદ્ધ માર્ગ છે. સમજાણું કાંઈ?

કહે છે, એક એક પરમાણુ, આત્મામાં પોતાથી રાગ આવ્યો, કમજોરીથી, પોતાના અસ્તિત્વથી, તેનું જાણવું, જ્ઞાન એ પણ એનો રાગ છે. રાગ છે એનું જ્ઞાન સ્વમાં થયું તે પણ સ્વથી થયું, રાગથી નથી થયું. એવું સ્વકાળથી પ્રવર્તન પોતામાં છે, એ પરથી નહિ.

www.vitragvani.com



અને કર્મના પરમાણુનો જે બંધ પડે છે, વર્ગણા કર્મના રજકણ હતા, પછી અહીંયાં રાગ આવ્યો અને એ સમય કર્મ પોતાની પર્યાયપણે પરિણમ્યા, તો રાગથી નહિ. એ પરમાણુ પોતાની પર્યાયથી, જેના ... તેનાથી પરિણમ્યા છે. રાગના કારણે કર્મ પરિણમે છે એમ નથી. આહાહા!

મુમુક્ષુ :– ત્યારે એને સત્ય થાય.

ઉત્તર :– ત્યારે એને સત્ય છે એમ થાય. નહિતર બધું ખોટું છે. સમજાણું કાંઈ?

**'તે પદાર્થનો જે કાંઈ નિજભાવ છે તેને ભાવ કહીએ.'** ચોથો બોલ. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુમાં જે ત્રિકાળ અનંતગુણ જેમાં છે, અનંત ગુણ! ત્રિકાળ રહેનારા. આત્મા દ્રવ્ય ત્રિકાળ છે એમ એના અનાદિઅનંતગુણ એમાં ત્રિકાળ છે. એ ગુણને ભાવ કહે છે. વર્તમાન દશાને કાળ કહે છે, ત્રિકાળ ગુણને ભાવ કહે છે. બન્નેના પિંડને દ્રવ્ય કહે છે. પહોળાઈને ક્ષેત્ર કહે છે. પ્રત્યેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. અને પરવસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે, એ પોતાથી નથી. આનાથી ઉલટું બોલે છે તેનું નામ વ્રત નથી, વ્રતધારી નથી અને શ્રદ્ધા પણ ભ્રષ્ટ છે. કહો, સમજાણું કાંઈ? એ ચાર બોલ કહ્યા. બીજા બોલ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૬ ગાથા–૯૨ થી ૯૬ સોમવાર, જ્યેષ્ઠ વદ ૪, તા. ૨૬-૦૬-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૯૨ ગાથા. સમ્યગ્દષ્ટિ જીવને શ્રાવકપણાના સત્યવ્રતના પરિણામ કેવા હોય અને એને અસત્ય વચનનો ત્યાગ હોય, એનું વર્ણન ચાલે છે. સમ્યગ્દર્શનપૂર્વક. આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપ જ્ઞાયક એ કોઈનો કર્તા-હર્તા નથી અને કોઈથી બનેલો નથી. એવી પોતાની શુદ્ધચૈતન્યની સત્તા, એની હોવાપણાની અંતર્મુખ થઈને ભાન અને શ્રદ્ધા થવી એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એના પછી સ્વરૂપમાં સ્થિરતા અંશે થાય, એ ખરી તો પંચમગુણસ્થાનની દશા એ છે. પણ એને વ્રતના વિકલ્પો આવા હોય, એની પાછળ સ્થિરતા કેટલી હોય એ બતાવવા વ્રતની વ્યાખ્યા કરે છે.

અસત્ય. જે કોઈ ચીજ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી હોય, એને નથી કહેવી એ અસત્ય છે. પહેલો બોલ છે. જે કોઈ પદાર્થ આત્મા, પરમાણુ આદિ છ દ્રવ્ય પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. પોતાનો ગુણ પર્યાય પિંડ દ્રવ્ય, પ્રદેશની એકતા, એકતા પ્રદેશની તે ક્ષેત્ર, વર્તમાન અવસ્થાનું થવું એ કાળ, ત્રિકાળીગુણધર્મ તે ભાવ. એનાથી વસ્તુ છે, એને ન કહેવી કે એમ છે નહિ. છે તેને ન કહેવું એ અસત્ય વચન છે. સમકિતી શ્રાવકને એવું અસત્ય વચન હોય શકે નહિ, એમ કહે છે. છેલ્લો સરવાળો છે ને જુઓ!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'પોતાના ચતુષ્ટયની અપેક્ષાએ સર્વ પદાર્થ અસ્તિત્વરૂપ છે.'** ૯૨. **'અહીં દેવદત્તના પોતાના ચતુષ્ટય તો હતાં જ, પરંતુ નાસ્તિરૂપ જે કહ્યું તે જ અસત્ય વચન થયું.'** છે પોતાથી એને નથી કહેવું, એને જૂઠું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે બીજું, નથી તેને અસ્તિ કહેવું.

## ગાથા-૯૩

આગળ બીજો ભેદ કહે છે :-

**असदपि हि वस्तुरूपं यत्र परक्षेत्रकालभावैस्तैः।**
**उद्भाव्यते द्वितीयं तदनृतमस्मिन् यथास्ति घटः।।९३।।**

અન્વયાર્થ :- [ हि ] નિશ્ચયથી [ यत्र ] જે વચનમાં [ तैः परक्षेत्रकालभावैः ] તે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી [ असत् अपि ] અવિદ્યમાન હોવા છતાં પણ [ वस्तुरूपं ] વસ્તુનું સ્વરૂપ [ उद्भाव्यते ] પ્રગટ કરવામાં આવે છે [ तत् ] તે [ द्वितीयं ] બીજું [ अनृतम् ] અસત્ય [ स्यात् ] છે, [ यथा ] જેમકે [ अस्मिन् ] અહીં [ घटः ] ઘડો છે.

ટીકા :- 'हि यत्र तैः परद्रव्यक्षेत्रकालभावैः वस्तुरूपं असत् अपि उद्भाव्यते तत् द्वितीयं अनृतं' નિશ્ચયથી જે વચનમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પદાર્થ સત્તારૂપ નથી તોપણ ત્યાં પ્રગટ કરવું તે બીજું અસત્ય છે. તેનું ઉદાહરણ :- 'यथा अस्मिन् घटः अस्ति' - જેમ કે અહીં ઘડો છે.

ભાવાર્થ :- કોઈ ક્ષેત્રમાં ઘડો તો હતો નહિ તેથી તે વખતે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જ નહોતાં; બીજો પદાર્થ હતો તેથી તે વખતે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હતાં. કોઈએ પૂછ્યું કે અહીં ઘડો છે કે નહિ? ત્યાં ઘડો છે એમ કહેવું તે બીજો અસત્યનો ભેદ થયો, કેમકે નાસ્તિરૂપ વસ્તુને અસ્તિ કહી.

---

**असदपि हि वस्तुरूपं यत्र परक्षेत्रकालभावैस्तैः।**
**उद्भाव्यते द्वितीयं तदनृतमस्मिन् यथास्ति घटः।।९३।।**

**'નિશ્ચયથી જે વચનમાં તે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અવિદ્યમાન હોવા છતાં...'** નાસ્તિ. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી કોઈ ચીજ નથી. **'છતાં પણ વસ્તુનું સ્વરૂપ પ્રગટ કરવામાં આવે છે તે બીજું અસત્ય છે,...'** પરથી નથી છતાં પરરૂપે છે એમ (કહેવું).

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જ્યાં ઘડો નથી ત્યાં ઘડો કહેવો. એમ જ્યાં આત્મા નથી ત્યાં આત્મા કહેવો, જ્યાં જડપણું નથી ત્યાં જડપણું કહેવું, એનું નામ બીજું અસત્ય કહેવામાં આવે છે.

**ટીકા :– 'નિશ્ચયથી જે વચનમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પદાર્થ સત્તારૂપ નથી...'** પરથી હોવાપણે કોઈ પદાર્થ નથી. છતાં પરથી હોવાપણે કહેવું, કર્મને લઈને આત્મામાં રાગ છે, કર્મને લઈને આત્મામાં નિવૃત્તિ ધર્મ છે, વગેરે પરથી નથી એને પરથી કહેવું, એનું નામ અસત્ય અને જૂઠું કહેવામાં આવે છે. આ તો સ્થૂળ વાત મુકી. એ તો દાખલો છે. એ તો ત્યાં ભગવતીમાં આવતું ને એમાં, એવો એક શબ્દ છે અચેતન અચેતન પરિણમેય, નચેતન નચેતન પરિણમેય. એવો એક શબ્દ છે. અર્થમાં એવું કર્યું કે, ઘડો છે તે પટ નથી અને પટ છે તે ઘડો નથી. મેં કીધું, ભાઈ! આ તો સ્થૂળ, આ તો દાખલો છે. એક શબ્દ છે ભગવતીમાં. ટીકામાં એવું લીધું છે અચેતન અચેતન પરિણમેય એટલે ઘડો ઘડારૂપે હોય અને પટ (પટરૂપે હોય).

અહીં દાખલો આપ્યો, જુઓને! દેવદત્ત દેવદત્તરૂપે હોય, એટલે ઘડો ઘડારૂપે હોય અને ઘડો પરરૂપે ન હોય. પણ એ તો દૃષ્ટાંત છે. અચેતન અચેતન પરિણમેય. પછી અમે તો અહીંયાં અર્થ કરતા. પછી બધા સાંભળે. ન્યાં કોણ વિરોધ કરતો હતો? ત્યાં કોને ખબર હતી? અચેતન અચેતન જે છતી વસ્તુ તે છતાંપણે, પોતાપણે પરિણમે છે. નચેતન નચેતન પરિણમેય જે પરપણે નથી તે નથીપણે પરિણમે છે. અસ્તિપણે અસ્તિપણે પરિણમે અને નથી તે નથીપણે પરિણમે. આ સમજે નહિ એટલે કહે ઠીક લાગે. એના વાડાને વાંધો ન આવે એટલે કાંઈ વાંધો નહિ.

એ શબ્દ અહીં લાગુ પડ્યો, જુઓ! પાઠમાં શું કીધું? **'यथा देवदत्तोऽत्र'** છે ને પહેલાનો? પેલામાં **'अनृतम् यथा अस्मिन् घटः'** બીજામાં, આ ૯૩ ચાલે એમાં. દાખલો આપ્યો છે એ તો. બધે લાગુ પડે છે. જ્યાં દરેકની પોતાની ચીજ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે છે, એને નથી કહેવી, એના કાળે એમ નથી, એના કાળે એ છે એને ઠેકાણે એ કાળે નથી કહેવી. સમજાણું? મિથ્યાવચન છે. જરી સૂક્ષ્મ વાત છે. સમજાણું? એ કાળે એ છે, ભાઈ! દરેક દ્રવ્યની પર્યાયને એ કાળે છે, એ કાળે છે. એને ઠેકાણે એ કાળે નથી એમ કહેવું, એ મિથ્યા છે. સમજાણું કાંઈ? જુઓ! એ કાળ જે સમય સમયનો જે એનો સ્વકાળ છે, એ કાળે જ તે છે. એ છે તે કાળે ને તે કાળે નથી એમ કહેવું એ કાળે નહિ. આઘાપાછા કાળે, બીજી અપેક્ષાએ (કહે) પહેલા કાળે અને પછી કાળે હોય. એ વસ્તુ જૂઠ છે. સમજાણું કાંઈ?

દરેક વસ્તુનું પોતાનું વસ્તુપણું તો કાયમ રહે છે, ક્ષેત્ર પણ કાયમ છે, ભાવ કાયમ છે. હવે એને બદલવાના કાળ ઉપર આપણે અહીં વધારે તો વજન દેવાનું છે. જે એનો બદલવાનો જે સ્વકાળ છે તેનાથી તે છે. તે કાળની, તે પર્યાયથી તે દ્રવ્ય છે. એને ઠેકાણે તે કાળની તે ચીજ છે એમ ના પાડવી, કેમ? તે કાળે તે પર્યાય નહિ, એ કાળની એ

www.vitragvani.com



પર્યાય નહિ. એ અસ્તિ અને નાસ્તિ કરવા જેવું જૂઠ છે. કહો, સમજાણું આમાં? બહુ વાત મુકી છે પણ. 'અમૃતચંદ્રાચાર્ય'ને વ્યવહારના ગ્રંથની અંદર પણ...

**'નિશ્ચયથી જે વચનમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પદાર્થ સત્તારૂપ નથી...'** પરના કાળરૂપથી આ સત્તારૂપ પોતાની પર્યાય નથી. કોઈ પણ દ્રવ્યની વર્તમાન પર્યાય પરદ્રવ્યની પર્યાયની સત્તારૂપથી નથી, પરના સ્વકાળની પર્યાય છે તો આની સ્વકાળની પર્યાય છે એમ નથી.

મુમુક્ષુ :– નિમિત્ત હોય તો થાય.

ઉત્તર :– પણ એનો અર્થ જ એ થયો, નિમિત્તની પર્યાય નિમિત્તમાં રહી ગઈ. એના સ્વકાળની પર્યાય એનાથી, આ સ્વકાળની પર્યાય આનાથી છે. આનાથી નથી અને આનાથી છે (એમ કહેવું) એ જૂઠું છે.

મુમુક્ષુ :– કાળ શબ્દ વાપર્યો છે.

ઉત્તર :– કાળનો અર્થ શું થયો? કાળ એટલે પર્યાય. માથે ન આવી ગયું? જે કાળે, જે રીતે પરિણમે તેને કાળ કહીએ. લ્યો! જે કાળે જે રીતે, જે રીતે જે પ્રકારનું એનું પરમાણુનું, આત્માનું પરિણમન છે. જે કાળે ને જે રીતે. તે રીતે તેનું પરિણમન છે તેને છે એને ના પાડવી, મિથ્યાત્વ છે. અને છે એને નથી એમ કહેવું, પરથી છે એમ કહેવું, પરથી છે એમ કહેવું એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? 'ન્યાલભાઈ'! આઘા ગયા થોડાક. ન્યાં એને ઠીક પડતું નથી. અહીં મોઢા આગળ જગ્યા છે. એને કાને ઓછું સંભળાય છે. તો અહીં ભીંસ પડે છે. માણસ પાછા વચ્ચે આવ્યા કરે ને બધા એટલે... ડાહ્યા માણસ છે...

મુમુક્ષુ :– .... માર્ગ દેવો.

ઉત્તર :– એમ કે એવી જગ્યાએ બેસવું કે કોઈ આવીને ભીંસ ન કરે. એમ કાંઈક નથી કહેતા 'બેસવું જોઈને ઉઠાડે નહિ કોઈ કાંઈ' કહે છે ને? એમ કાંઈક છે. પણ થોડુંક કાને ઓછું સાંભળે છે ને એટલે. કહો, સમજાણું આમાં?

**'જેમ કે અહીં ઘડો છે.'** જુઓ! ઘડો નથી ત્યાં ઘડો કહેવો. જ્યાં પરકાળથી નથી ત્યાં પરકાળથી કહેવું, એનું નામ બીજું અસત્ય, જૂઠું કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ? બહુ વાત (આકરી). દરેક પદાર્થની વર્તમાન પર્યાય તે કાળે તે પરિણતિ છે, તેનાથી તે છે. તે છે, સ્વથી છે એને નથી કહેવું એ પહેલું જૂઠું, અને પરથી છે એ છે પોતાથી, છતાં પરથી છે એમ કહેવું એ બીજું જૂઠું. સમજાણું કાંઈ? એ પરથી નથી, છતાં પરથી છે (એમ કહે).

**'કોઈ ક્ષેત્રમાં ઘડો તો હતો નહિ...'** જોયું? પર વસ્તુ તો હતી નહિ. **'તેથી તે વખતે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જ નહોતાં;...'** તે વસ્તુ નહોતી તો તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પણ નહોતા. **'બીજો પદાર્થ હતો તેથી તે વખતે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હતા.'**

બીજાના હતા, બીજાના હતા. બીજાના એટલે? જેના કહે છે તેના નહોતા, અને બીજાના હતા. **'કોઈએ પૂછ્યું કે અહીં ઘડો છે કે નહિ?'** લ્યો! ઘડાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ત્યાં નહોતા. **'ત્યાં ઘડો છે એમ કહેવું તે બીજો અસત્યનો ભેદ થયો,...'** તે ઘડાનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ રૂપે ઘડો ત્યાં નહોતો. એના કાળરૂપે ઘડાની પર્યાયરૂપે ઘડો તે એ રૂપે નહોતો. એને કહેવું કે, એ કાળે એ ઘડો હતો. એ પર ક્ષેત્રે ઘડો હતો, એમ બીજું જૂઠું કહેવામાં આવે છે. ત્રીજામાં એમ કહેશે કે અન્ય અન્ય કહેશે એમ કહે છે, ભાઈ! આમાં પહેલામાં એમ કે, સ્વરૂપથી છે એને ના પાડવી, બીજામાં પરથી નથી એને ના પાડવી, ત્રીજામાં અન્યને અન્ય કહેવું, બળદને ઘોડો કહેવો, જીવને જડ કહેવો, જડને જીવ કહેવો. સમજાણું?

આ શરીર છે ને? આ શરીરની પર્યાય છે આ જુઓ! એને લઈને આત્માની પર્યાય નથી. આત્માની પર્યાય પોતાના સ્વકાળે, પોતાને કારણે છે. એમ અસ્તિપણે ન કહેતા એ નથી એમ કહેવું એ પહેલું જૂઠું. અને આ શરીરની પર્યાયને લઈને અહીં છે એ બીજું જૂઠું. 'મોહનભાઈ'! આહાહા! ભારે નાખ્યું! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત મુનિઓની વ્યાખ્યા જ કોઈ અલૌકિક! સંતો મહાધર્મના થાંભલા, સત્યને એવું ઊભું રાખ્યું છે. આહાહા! કથનની શૈલીમાં પણ એમના... સંતો, દિગંબર સંતોની કથની જ કોઈ જુદી જાતની છે. કેવળજ્ઞાનના થાંભલા, કેવળજ્ઞાનને થંભાવી રાખ્યું છે. વસ્તુ કહે છે, જુઓ! હવે અહીં અસત્યના વ્રતની વ્યાખ્યા છે, કે સત્યવ્રતમાં અસત્ય આવું હોય નહિ. એમાં આ નાખ્યું. કારણ કે, ઉત્સૂત્ર બોલે તે અનર્થદંડ છે. એવી ઉત્સૂત્ર પ્રરૂપણા કરવી નહિ. એ બધું એમાં નાખશે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાનઆત્મા અહીંયાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. એટલે? દ્રવ્ય એટલે? ગુણધર્મત્રિકાળી અને પર્યાય કાળ, એનો પિંડ એ વસ્તુ છે. ક્ષેત્ર એનું પોતાનું એકત્વ જે પ્રદેશનું. એકત્વ સમજ્યા ને? કોઈને અસંખ્ય હોય, કોઈને અનંત હોય. એ એકત્વ ક્ષેત્ર એ એનાથી છે, પરના ક્ષેત્રથી નથી. સ્વકાળથી છે, સ્વપર્યાયથી છે અને સ્વગુણથી છે. એને નથી કહેવું કે, ના નથી. સ્વપર્યાયથી નથી, સ્વપર્યાય નથી, સ્વપર્યાય નથી, સ્વગુણ નથી, સ્વક્ષેત્ર નથી, સ્વદ્રવ્ય નથી. કહો, સમજાણું આમાં? એમ શરીર શરીરની પર્યાયથી પરિણમી રહ્યું છે. એનું અસ્તિત્વ એનાથી છે એમ છે એમ ના પાડે કે, ના એમ નથી, ના એમ નથી. અને શરીરની પર્યાયમાં અસ્તિપણે હોવા છતાં એને નથી કહેવું, નથી કહેવું, નથી. એ પરથી છે. એ બીજું અસત્ય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– આમાં જીવ હોય તો શરીર ચાલે ને?

ઉત્તર :– એ તો બધી વાતું, બધી થઈ ગઈ છે. જીવ હોય તો શરીર ચાલે, જીવ હોય તો બોલે, એ બધું જડની પર્યાયમાં જીવની પર્યાય હોય તો ત્યાં થાય, એ મિથ્યાભ્રાન્તિ છે. વાણીની પર્યાય જીવ હોય તો થાય, તો એના પર્યાયનું અસ્તિત્વ એનાથી સિદ્ધ ન કર્યું.

www.vitragvani.com



એની પર્યાય આને લઈને છે, એટલે આ નથી, આ નથી, આ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જીવ વિનાનું કાંઈ મડદું ચાલતું હશે?

ઉત્તર :– બધા એની મેળાએ ચાલે છે. કોણ ચાલતો હતો? અહીંયાં રજકણ નથી ચાલતા? જુઓને! ... આંગણામાં જુઓ તો કેટલા રજકણો એની મેળે આમ દોડા-દોડ, દોડા-દોડ (થાય છે). પવન ન હોય તો પણ, હોં! વળી કોઈ એમ કહે કે, પવનની પ્રેરણાથી ચાલે છે. બારણા બંધ હોય, પવન...

મુમુક્ષુ :– નિમિત્તવાદી તો બધા કારણ શોધે.

ઉત્તર :– કારણ શોધે શું થાય? વસ્તુ સ્વતંત્ર છે ત્યાં (કારણ શું શોધે?) સમય સમયનું પરિણમન તે જ કાળનું, તે જ પ્રકારનું, તે જ ભાવનું જે રીતે છે, તે રીતે તે સત્ય છે. કોઈપણ આત્મા અને કોઈ પણ પરમાણુનું જે સમયમાં, જે પ્રકારનું જે કાળે, પૂર્વ–પશ્ચિમના કાળ વિના... સમજાય છે? પૂર્વ અને પશ્ચિમના વિના, પહેલી અને પછી પર્યાયના કાળ વિના. તે વર્તમાન કાળે તે-તે, તે કાળે, તે રીતે પરિણમન છે તેને અસ્તિ કહેવું. એમ છે એને ના પાડવી તે અસત્ય વચન છે. આહાહા! સમજાણું કાંઈ?

વાણીની પર્યાય જીવથી થાય. એ વાણીની પર્યાયનું અસ્તિત્વ ઉડાવ્યું. વાણીની પર્યાયથી સામાને જ્ઞાન થાય. ન થાય તો અહીં શું કરવા સામા બેઠા છો? એ એમ કહે છે. કાલે બિચારો પૂછતો હતો કે, આ ઉપદેશ શું કરવા? આ મંદિર શું કરવા? એ તો બિચારા જાણવા માટે (પૂછતો હતો), હોં! એ અંદર એનું ધ્યાન રાખે. કહે કે આ શું? એ તો ભાઈ! એ તો શુભભાવ હોય છે, ત્યારે ત્યાં હોય તો એને શુભભાવને નિમિત્ત કહેવાય. હોય તો. આ શુભભાવથી ત્યાં બને છે એમ નથી. કાંઈ સમજાણું? અને તે પણ ઉપદેશના કાળે, એવો વિકલ્પ આવ્યો, એ એને કાળે આવેલો છે. ત્યારે એ કાળે જ કેમ આવે? આઘો-પાછો નહિ. કીધું, એ કાળે આવવાનો હોય તો એ કાળે જ આવે. એમ પૂછ્યું હતું. મધ્યસ્થતાથી, હોં! જિજ્ઞાસાથી. બે કલાક બરાબર એ વખતે જ વિકલ્પ આવે? કે, એ વખતે જ આવે. એ..ય.! માણસ જરીક મધ્યસ્થ હતો. પુસ્તક લઈ જાઉં છું, મને આ વ્યાજબી વાત લાગે છે, હું ત્યાં અભ્યાસ કરીશ, ફરી હું આવીશ. એક ફેરી ન્યાયથી સાંભળે તો ખરો. સાંભળવાનું મળે નહિ ને એમ ને એમ અદ્ધરથી અને અદ્ધરથી ગોળા ઉડાવે. એમ કાંઈ ચાલે?

મુમુક્ષુ :– આ જ સુધી ચાલ્યું જ છે ને.

ઉત્તર :– ચાલ્યું છે. આહા..! અરે..! ભગવાન શું થાય?

સવારમાં પેલો યાદ આવ્યો હતો. પેલો સાંઠો શેરડીનો નથી આવતો? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં શેરડીનો સાંઠો. શેરડી સમજો છો ભાઈ? ગન્ના. ગન્ના હોતા હૈ ના તેને અમારે ગુજરાતીમાં શેરડી કહે છે. એ શેરડીના સાઠાનું 'ટોડરમલ્લજી'એ દૃષ્ટાંત આપ્યું છે. નીચે ભોથું.. ભોથું... ઉપર આગળા. વચલો ભાગ કાંઈ ત્રણ, ચાર, પાંચ કાતળી સારી. એમાં

www.vitragvani.com



પણ વચલામાં શિયાળે બટકા ભર્યા હોય. શિયાળ, શિયાળ કહે છે ને? જંગલનું શિયાળ. સાત, આઠ, દસ કાતળી હોય એમાં ત્રણ કાતળીનું આબાજુ જાડામાં જાય, ભોઠામાં જાય. પેલી કોર બે, ત્રણ કાતળી ખારામાં જાય, વચલી ચાર, પાંચ, કાતળી રહી ઠીક એમાં શિયાળે કરડ્યું હોય. હવે એમાંથી ચુસવું હોય તો ચુસો નહિતર વાવો તો ગન્નાનો પાર નહિ થાય. ગન્ના ઘણા ઉગશે.

એમ એક તો બાળ કાળ પંદર, વીસ (વર્ષનું) મફત જાય. કાંઈ ભાન વિના. આ ભણવું છે અને ગણવું છે અને રળવું છે. પછી રળશું અને ફલાણું... એમાં ને એમાં બાળકાળ જાય. છેલ્લો સાંઈઠ પછીનો વૃદ્ધકાળ. આ વચલો વીસથી સાંઈઠનો ચાલીશ રહ્યો એ જરીક. પણ એમાં પણ પાછો સુવામાં જાય, ખાવામાં જાય, પીવામાં જાય, વિષ્ટામાં જાય, પેશાબમાં જાય, એમાં થોડો વેપારમાં જાય, હવે થોડો ઘણો બાકી રહ્યો હોય. હવે એને ભોગમાં રાખો કે આત્મામાં રાખો એ કહે છે, તમારી મરજી. લ્યો! કેમ? 'હીરાલાલજી'! આટલો વખત છે. વીસથી સાંઈઠ. સાંઈઠ પછી તો વૃદ્ધાવાસ્થા કહેવાય, હોં! એ વૃદ્ધાવસ્થામાં જાય, હેઠલું બાળકમાં જાય. વચલા ચાલીશ વર્ષ રહ્યા. એમાં પણ સૂવામાં, રોગ આવે તો દવા કરવી છે, ફલાણું કરવું છે, એમાં જાય. એમાં પછી પરણ્યો હોય તો બાયડીમાં જાય, છોકરા થયા તો એમાં જાય, હવે વખત રહ્યો ક્યાં એને? થોડો વખત નકામા કુકથામાં ગાળે. પરવૃત્તિ અને પરકથા. એને કહે છે, આ વખતમાં એટલો રાખને. ચુસવાનું મુકી દે એને, વાવી દે એને. સમજાણું કાંઈ? પૂછડ્યું. આહાહા!

અરે..! કેટલો વખત! જે મુદત લઈને આવ્યો (એમાં) એક સમય વધે એવો નથી. એ દેહ છૂટવાના સમીપમાં કાળ જાય છે. વાત બરાબર હશે? 'મલૂપચંદભાઈ'! આહા..! હવે એટલા કાળમાં એને આત્માનું કરવાનું. એ જો ન કરે... આહા..! આમાં પરની ક્યાં માંડવી અને આમાં પરનું ક્યાં કરવું?

પોતાનો આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. જે રીતે ધર્મની પર્યાયપણે જે રીતે છે એમ અહીં તો કહે છે. ચોથા ગુણસ્થાનની પર્યાય ચોથાપણે, પાંચમાની પાંચમાપણે, છઠ્ઠાની છઠ્ઠાપણે. તે પણે તે કાળપણે તે પર્યાય છે તે રીતે તે સત્ છે, બીજી રીતે કહે તે અસત્ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત, ભાઈ! ભગવાન કેવળજ્ઞાનીનો માર્ગ અલૌકિક, અલૌકિક પરમ સત્ય. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા કહે છે કે, ભાઈ! દરેક પદાર્થ પોતાના કાળે, તે કાળે, તે પર્યાય, તે કાળની જે છે તેને તે રીતે જાણ તો એ સત્ કહેવાય. એને બીજી રીતે જાણ તો એ સત્નો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પૂછડિયે પહોંચ્યા હોય એણે શું કરવાનું?

ઉત્તર :- પૂછડ્યા-પૂછડ્યા કાંઈ નથી. આ તો ક્યાં પૂછડે પહોંચ્યા છો? સાંઈઠ કીધું ને એટલે પૂછડીયે પહોંચ્યા છે, એમ કહે છે. વીસ થી સાંઈઠ કીધું ને એટલે સાંઈઠ ઉપર

ગયા એનું શું કરવું? એમ કહે છે. 'મગનભાઈ'! શેઠ છે ને? એ તો શેઠ છે. એ કાંઈ ગયા નથી, હવે એમાં છે ને હજી એ વર્ષ બાકી છે ને. સમય સમયનો સ્વતંત્ર કાળ સ્વયં બાકી છે. આહાહા! અહીં તો એક દૃષ્ટાંત આપીને વાત કરી છે. બાકી તો વૃદ્ધાવસ્થામાં પણ થઈ શકે છે. વૃદ્ધાવસ્થા તો દેહની છે, આત્માની કે દિ' વૃદ્ધાવસ્થા? શરીરની અવસ્થાપણે શરીર છે, આત્માની અવસ્થામાં એ શરીરની અવસ્થા નથી. કહો, સમજાણું કાંઈ?

છેડે તાર, નથી કહેતા ઓલા? ... સરીયા. છેડા તાર. એમાં ભાંગી, તૂટી ગયેલા સારા સાડલાના. એ લેવા નીકળે બિચારા. સાધારણ બાયુ હોય એ પડ્યું હોય જુનું કે, લાવને વહેંચી નાખીએ. હોય પચ્ચીસ રૂપિયાની કિંમતનું, પેલી પાંચ, દસ આપતો હોય તો ખુશ થઈ જાય. ધણીથી ખાનગી પડ્યું હોય, એટલું આપણે વાપરવા થશે. છેડાતાર.. છેડાતાર... પહેલામાં ભાઈ! પીતળની છત્રી નહોતી છત્રી? અમારે પહેલા સ્થિતિ સારી હતી ને તે પીતળના સળિયાની છત્રી હતી, પીતળના સળિયાની છત્રી. પછી મને ખબર છે નાની ઉંમરમાં. કેટલી બધી પીતળના સરીયાની છત્રીઓ જુની થયેલી માથે પડેલી. તો કોઈને ખબર નહિ અને અમારે પેલો રેવડીવાળો નીકળે ને. જુની હતી ને એની બારી હતી, અત્યારે બારી છે ને એ જ બારી હતી, અને બારીમાં બહાર લાકડા છે, એના ઉપર જુની છત્રીઓ પડેલી. પીતળના સળિયાની હોં! પીતળના સળિયા. સાચા પીતળના. એ ચીજ ઊંચી હતી ને પહેલા! એમ ને એમ પડી ગયેલી હોય. પડી હતી. કોઈ ન હોય તો એમાંથી લઈ લઈએ બે ચાર સળિયા. અને રેવડી લઈ લઈએ. રેવડીવાળો ખુશી થઈ જાય કે, આ છોકરાઓ આ પીતળના સળિયા આપે. અહીં તો મફતની પડી હોય કે દિ' કોઈને ખબર પણ ન હોય. અને અમે તો વળી જ્યાં ત્યાં ગોતતા હોઈએ. ભાઈ! આ તો પીતળના સળિયા લાગે છે. ૫૬-૫૭-૫૮ની વાતું છે એવી.

કેટલી એવી ચીજ હોય ને એને છે અને આ છે. એ પીતળપણે છે, એ લોઢાપણે નથી. એની કિંમત પીતળપણે છે. રેવડી બરાબર આપતા, હોં! ખુશીથી રેવડી આપે. માણસ ઠીક લાગે છે. એને તો વધારે પૈસા ઊપજે ને? હવે ખબર પડી, હોં! હવે ખબર પડી. આપણે પીતળના સળિયા લઈ જતા અને પેલા રેવડી આપતા. એમ જેનું અસ્તિત્વ જેટલી કિંમતનું છે, તેટલી કિંમતનું એને જાણવું જોઈએ. એનાથી ઓછું-વત્તુ કરે તો કહે છે કે, જૂઠું છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત નાખી પણ. આ પાછું શું? કે, જે સત્ જે રીતે છે એ રીતે ન કહે તો હિંસા છે, ભાઈ! અહીં તો હિંસા સિદ્ધ કરવી છે ને? અસત્ય તે હિંસા છે, લ્યો! વળી. સમજાણું કાંઈ?

એના માટે આ બધી હિંસા માટે ચાલે છે. અસત્ય હિંસા, ચોરી હિંસા, વિષય હિંસા પરિગ્રહ, મમત્વ બધી હિંસા છે. એ પોતાનો દરેક પર્યાય જે રીતે છે, તે રીતે સત્ છે. તે સત્ છે એ નથી એમ માનવું એ હિંસા છે, એ હિંસા છે. વાસ્તવિક કષાય પરિણામ

www.vitragvani.com



ઉત્પન્ન થાય છે અને એમાં મિથ્યાશ્રદ્ધા થતાં જીવના પ્રાણની હિંસા થાય છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત નાખે છે પણ ક્યાંની ક્યાં! પદ્ધતિ પણ કથન પદ્ધતિ! કહો, સમજાણું?

**'ત્યાં ઘડો છે એમ કહેવું તે બીજો અસત્યનો ભેદ થયો, કેમકે નાસ્તિરૂપ વસ્તુને અસ્તિ કહી.'** લ્યો! નથી, આ જીવો આવા નથી, એની કેવળજ્ઞાન પર્યાય ન હોય. કહો, જીવને પૂર્ણ વખતે કેવળજ્ઞાન પર્યાયનું અસ્તિત્વ ન હોય. એને પણ અપૂર્ણ પર્યાય રહે એમ માન્યતા તે મહા જૂઠી છે અને તે હિંસા છે. આહાહા! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એનું અસ્તિત્વ છે, કેવળજ્ઞાનનો એક સમયની પર્યાય, સર્વને જાણવાનું અસ્તિત્વ રાખે છે. એટલું અસ્તિત્વ છે એ છે, એને ના પાડવી કે, ન હોય એવું, ન હોય એવું. જૂઠું છે, હિંસા છે, મિથ્યાશ્રદ્ધા થઈ. તારા ચૈતન્યના ભાવપ્રાણ પ્રગટ થવા જોઈએ તેને તે શ્રદ્ધા પ્રગટ થવા દેતું નથી, તે હિંસા છે. સમજાણું કાંઈ? ઓહો..! ત્રણકાળ ત્રણલોકના પ્રમાણમાં આખો નિયમ ગોઠવી દીધો છે. સમજાણું?

એમ સિદ્ધ, એક સિદ્ધ થાય તે બીજા સિદ્ધમાં ભળી જાય, એના અસ્તિત્વનો નાશ કરે, એ જૂઠું છે. સિદ્ધ એક હોય ત્યાં સુધી નિર્મળ થયા પછી ભળી જાય બધા ભેગા જ થઈ જાય. ન્યાં ક્યાંય ચોકા-ચુલા જુદા હોય? ખોટી વાત છે. બધે પોતાનું અસ્તિત્વ ભિન્ન ભિન્ન જ ત્રિકાળમાં છે. આહાહા! સિદ્ધ થાય તો એનો સ્વકાળ ભિન્ન છે, બીજા સિદ્ધનો સ્વકાળ ભિન્ન છે. કોઈ કોઈનો પર્યાય કોઈની અસ્તિને લઈને નથી અને પોતાનું અસ્તિત્વ છે એને ના પાડે, એ પહેલું જૂઠું. અને પોતાનું અસ્તિત્વ અહીં નથી, પેલો છે એને ના પાડે અને પેલો નથી એને હા પાડે, નથી એને હા પાડે એ મિથ્યાત્વ છે. કહો, સમજાણું? મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનની માન્યતા કરે તો જૂઠું છે. કેવળજ્ઞાનમાં મતિજ્ઞાનની પર્યાય માને તો જૂઠું છે. આહાહા!

## ગાથા–૯૪

આગળ ત્રીજો ભેદ કહે છે :–

वस्तु सदपि स्वरूपात् पररूपेणाभिधीयते यस्मिन्।
अनृतमिदं च तृतीयं विज्ञेयं गौरिति यथाऽश्वः।।९४।।

**અન્વયાર્થ :– [ च ] અને [ अस्मिन् ] જે વચનમાં [ स्वरूपात् ] પોતાના ચતુષ્ટયથી [ सत् अपि ] વિદ્યમાન હોવા છતાં પણ [ वस्तु ] પદાર્થ [ पररूपेण ] અન્ય સ્વરૂપે**

**[ अभिधीयते ] કહેવામાં આવે છે તે [ इदं ] આ [ तृतीयं अनृतं ] ત્રીજું અસત્ય [ विज्ञेयं ] જાણવું. [ यथा ] જેમ [ गौः ] બળદ [ अश्वः ] ઘોડો છે [ इति ] એમ કહેવું તે.**

**ટીકા :– 'च यस्मिन् सत् अपि वस्तु पररूपेण अभिधीयते इदं तृतीयं अनृतं विज्ञेयं' - જે વચનમાં પોતાના ચતુષ્ટયમાં વિદ્યમાન હોવા છતાં પણ તે પદાર્થને અન્ય પદાર્થરૂપે કહેવો તે ત્રીજું અસત્ય જાણવું. તેનું ઉદાહરણ :– यथा गौः अश्वः - જેમ કે બળદને ઘોડો કહેવો તે.**

**ભાવાર્થ :– કોઈ ક્ષેત્રમાં બળદ પોતાના ચતુષ્ટયમાં હતો, ત્યાં કોઈએ પૂછ્યું કે અહીં શું છે? ત્યારે એમ કહેવામાં આવે કે અહીં ઘોડો છે, તે ત્રીજો અસત્યનો ભેદ છે. વસ્તુને અન્યરૂપે કહેવી તે. ૯૪.**

---

આગળ ત્રીજો ભેદ કહે છે :– બેમાં તો આટલું. છે તેને નથી કહેવું, નથી તેને છે. હવે અન્યને અન્ય કહેવું.

**वस्तु सदपि स्वरूपात् पररूपेणाभिधीयते यस्मिन्।**
**अनृतमिदं च तृतीयं विज्ञेयं गौरिति यथाऽश्वः।।९४।।**

**'અને જે વચનમાં પોતાના ચતુષ્ટયથી વિદ્યમાન હોવા છતાં પણ પદાર્થ અન્ય સ્વરૂપે કહેવામાં આવે છે...'** આહાહા! ભારે ગજબ વાત! જુઓ! પૈસાની પર્યાય છે ને? તે ઠેકાણે જ્યાં પરિણમવાની તે ઠેકાણે પરિણમશે, કહે છે. સમજાણું? એનું અસ્તિત્વ તે ત્યાં જ છે. કોઈ કહે કે, આ મંદિરમાં ખર્ચે ને અહીં ખર્ચે પણ એ વાત જ જૂઠી છે.

મુમુક્ષુ :– તો પછી મંદિરમાં ખર્ચવાનો ઉપદેશ શું કરવા?

ઉત્તર :– કોણે ઉપદેશ આપ્યો છે? કોણે કીધું છે?

એ તો આમ થાય તો એમાં પાપ નથી, કેમકે એનો ભાવ શુભ છે એટલું સિદ્ધ કર્યું. કરી શકે છે એમ કાંઈ સિદ્ધ કર્યું નથી. સમજાણું કાંઈ? એમાં જરી હિંસાના ભાવ... અહીં મંદિર થાય, થાય. ઉપેદશ થાય, ઉપદેશ કરીએ એમ નહિ, ઉપદેશ થાય. એમાં જે વિકલ્પ જેટલો છે એટલી પણ હિંસા છે. આહાહા! 'મલૂપચંદભાઈ'! આ એવો માર્ગ છે, બાપુ! કાંઈ ન્યાં... આહાહા! એને ના પાડે કે, ના, જૂઠું છે. શુભ વિકલ્પ રાગ છે એ હિંસા છે. આત્મા વીતરાગ સ્વરૂપ છે, એમાંથી વિકલ્પ ઉઠ્યો. એમાં એમ કહે આ તેં દાન (આપ્યું) એમાં જરી હિંસા... એ પરિણામમાં એનો શુભનો હેતુ છે. એટલે શુભભાવને કારણે પેલી જરી હિંસા છે એનું અશુભપણું નથી અને શુભ છે એટલું સિદ્ધ કરવું છે. શુભભાવથી ત્યાં કરી શકાય છે, એમ નહિ. અને તે થયું માટે અહીં શુભભાવ થાય છે, એમ નહિ. આ તો એના ભાવના કાળે આમ એકેન્દ્રિયની આદિની હિંસા થાય છે ને એમાં, પૃથ્વી, પાણી આદિ, એના નિમિત્તપણે, હોં! ત્યારે કહે, ભાઈ! એમાં છે પણ એની ભક્તિનો હેતુ વધારે છે.

www.vitragvani.com



એની વિશેષતા એ છે. એટલે એને શુભભાવ છે. શુભભાવનું અસ્તિત્વ છે. અને અશુભભાવનું અસ્તિત્વ છે એમ નહિ, એટલી વાત.

મુમુક્ષુ :– છતાં તે હિંસા?

ઉત્તર :– એ હિંસા છે. પણ પેલી અપેક્ષાથી તેને અહિંસા વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા! 'પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ.' આહાહા! સ્વતંત્ર જ્યાં આત્મા, પરમાણુઓ પ્રત્યેક કાળમાં તેની પર્યાયે પરિણમે અને પરથી નહિ. છે તેને ના પાડવી, છે તેને ના પાડવી. સમજાણું? એ જૂઠું છે, કહે છે. અને છે કાંઈક ને કાંઈક કહેવું, એ ત્રીજા માટે. આહાહા! એનો અર્થ.

**'वस्तु सदपि स्वरूपात् पररूपेणाभिधीयते यस्मिन्'** બોલાય ગયું. **'अनृतमिदं च तृतीयं विज्ञेयं गौरिति यथाऽश्वः' 'અને જે વચનમાં પોતાના ચતુષ્ટયથી વિદ્યમાન હોવા છતાં પદાર્થ અન્ય સ્વરૂપે કહેવામાં આવે છે...'** અનેરારૂપે કહેવામાં આવે. આહાહા! સમજાણું? **'તે આ ત્રીજું અસત્ય જાણવું. જેમ બળદ ઘોડો છે એમ કહેવું તે.'** હોય બળદ અને કહેવું ઘોડો. કેટલો ધીરો થયેલો દૃષ્ટિ કરી શકે અને કેટલો ધીરો થયેલો સત્યવ્રત પાળી શકે. દુનિયાના વેગે વળ્યો એ આ ન કરી શકે. સમજાણું?

**ટીકા :– ''च यस्मिन् सत् अपि वस्तु पररूपेण अभिधीयते इदं तृतीयं अनृतं विज्ञेयं' - જે વચનમાં પોતાના ચતુષ્ટયમાં વિદ્યમાન હોવા છતાં પણ તે પદાર્થને અન્ય પદાર્થરૂપે કહેવો તે ત્રીજું અસત્ય જાણવું.'** સમજાણું કાંઈ? **'તેનું ઉદાહરણ :– યથા गौः अश्वः - જેમ કે બળદને ઘોડો કહેવો તે.'** સર્વજ્ઞને અલ્પજ્ઞ કહેવું, અલ્પજ્ઞને સર્વજ્ઞ કહેવું, એ બધું અન્યનું અન્ય છે.

મુમુક્ષુ :– પુણ્યને ધર્મ કહેવો એ?

ઉત્તર :– પુણ્યને ધર્મ એ અન્ય છે. પુણ્ય છે એ રાગ છે, એને ધર્મ કહેવો એ અન્યનો અન્ય છે, અનેરાનો અન્ય છે. એમ ધર્મને પુણ્ય કહેવું, એ અન્યનું અન્ય છે. સમજાણું?

**'કોઈ ક્ષેત્રમાં બળદ પોતાના ચતુષ્ટયમાં હતો,...'** કોઈ ક્ષેત્રમાં, કોઈ ચીજ ત્યાં હતી એમ લેવું. **'ત્યાં કોઈએ પૂછ્યું કે અહીં શું છે?'** આ પદાર્થ કઈ રીતે છે? **'ત્યારે એમ કહેવામાં આવે કે અહીં ઘોડો છે,...'** એટલે કે એ ચીજ નથી પણ બીજી છે. **'તે ત્રીજો અસત્યનો ભેદ છે. વસ્તુને અન્યરૂપે કહેવી તે.'** આહાહા! વાહ રે વાહ! સમજાણું કાંઈ? મિથ્યાશ્રદ્ધાને સમ્યક્શ્રદ્ધા કહેવી, સમ્યક્શ્રદ્ધાને મિથ્યાશ્રદ્ધા કહેવી, એ બધું અન્યનું અન્ય છે. સમજાણું આમાં? આહા..!

મુમુક્ષુ :– દાખલા પ્રમાણે... ગાંડો જ કહેવાય.

ઉત્તર :– એમ કહે આ દાખલા પ્રમાણે ગાંડો કહેવાય પણ આ તમે જે દાખલો આપો છો બીજો એમાં તો બહુ ગાંડા કહેતા નથી, એમ કહે છે. બળદને ઘોડો કહે તો ગાંડો

www.vitragvani.com



કહે. પણ અલ્પજ્ઞ પર્યાયને સર્વજ્ઞ કહે અને સર્વજ્ઞને અલ્પજ્ઞ કહે તો દુનિયા ગાંડો ન કહે. એમ કહે છે. આહાહા!

જેની પર્યાયનું જેટલું અસ્તિત્ત્વ જેમ છે તેમ ન કહેતા, બીજી રીતે માનવું, એ અસત્ય છે, અસત્ય છે. આહાહા! વાહ રે વાહ! 'અમૃતચંદ્રાચાર્ય' 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં સત્‌નું વર્ણન (કરે છે). પેલો કહે સત્ય (બોલીએ છીએ). પણ સત્ય વસ્તુ કેવી છે એના ભાન વિના સત્ય બોલે શી રીતે? સત્ય લાવ્યો ક્યાંથી? સત્યવાદી આવે છે ને? 'હરીશચંદ્ર' સત્યવાદી. એય...! આવે છે? રાજા હતો ને એ. પણ શેનો સત્યવાદી? વસ્તુની ખબર વિના સત્યવાદી શેનો? 'પોપટભાઈ'! સાંભળ્યું છે કે નહિ? આ વેચાણી પછી 'હરીશચંદ્ર' વહેચાણો ... રાણી આવે છે ને નાટક, આ તો અમે નાટક જોયું છે ને બધું. 'હરીશચંદ્ર' રાજા અને એની સ્ત્રી 'તારામતી' ત્યાં ચંડાળમાં વહેંચાણી તે મસાણમાં રહે. સમજાણું ? 'હરીશચંદ્ર' હોં! એમાં પેલી રાણી ... હશે. છોકરો મરી ગયો, છોકરો લઈને આવી, પેલો કહે કે, લાવ દાણ શું કહેવાય? દાણ, દાણ. કોણ છો? 'તારામતી'. દાણ લીધા વિના નહિ બળાય. હું 'હરિશ્ચંદ્ર'રાજા છું. પેલા ઓળખી કે આ રાજા. પેલાએ ઓળખી કે રાણી. અમારે તો સત્ય છે, દાણ લીધા વગર નહિ બળાય. એમાં સત્ય ક્યાં આવ્યું?

વાસ્તવિક પદાર્થ આત્મા એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એને એ રીતે જાણ્યા વિના, બીજી રીતે જાણે ત્યાં મૂળ સત્ય મિથ્યાશ્રદ્ધા, મિથ્યાશ્રદ્ધા કહો કે અસત્ય કહો. પહેલા એના મૂળમાં જ્યાં અસત્ય પડ્યું છે પછી એની વાણીમાં અસત્ય તો આવ્યા વિના રહે નહિ. જેની શ્રદ્ધા મિથ્યાશ્રદ્ધા મિથ્યાત્વ, મિથ્યાત્વ કહો કે અસત્ય કહો. ખરું કે નહિ? તો જ્યાં વસ્તુ સ્વરૂપ જે રીતે છે એ રીતે ન માનતા વિપરીત માને છે, એ પોતે અસત્ય છે. હવે એની માન્યતા અસત્ય છે એનું બધું અસત્ય જ છે એને તો. એને સત્‌વ્રત લાવ્યા ક્યાંથી? સમજાણું? આહાહા! સત્યા સત્‌ મત છોડીએ, પેલા બાવા આવે છે ને પૈસા લેવા? 'સત્‌ છોડે પત જાય, સત્‌ની બાંધી લક્ષ્મી ફિર મિલેગી અહીં.' એટલું એ બોલે. દુકાન ઉપર પૈસા લેવા આવતાને દુકાન ઉપર. 'શશીભાઈ'!

**સત્યા સત્‌ મત છોડીએ, સત્‌ છોડે પત જાય,**
**સત્‌ની બાંધી લક્ષ્મી, ફિર મિલેગે અહીં.**

આહા...! ભગવાનઆત્મા દ્રવ્યે અનંત ગુણનો પિંડ સત્‌ છે. ક્ષેત્રે અસંખ્ય પ્રદેશે સત્‌ છે. ગુણે અનંતગુણે સત્‌ છે. પર્યાય અનંતગુણની વર્તમાન જે વર્તતીપર્યાય તે સત્‌ છે. આહા...! સમજાણું કાંઈ? એને બીજી રીતે કહેવું, હોય એનાથી બીજું કહેવું, એનું નામ બળદને ઘોડા કહેવા જેવું જૂઠું છે. હવે એને હિંસા સ્થાપે છે, એ બધી હિંસા છે, કહે છે. સમજાણું? જૂઠ વચનમાં હિંસાનો સદ્‌ભાવ. એ ત્રણે હિંસા છે. સત્‌ને સત્‌રૂપે ન માનવું તે હિંસા, સત્‌ને અસત્‌થી માનવું તે હિંસા અને એકને બીજારૂપે માનવું એ હિંસા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ગાથા–૯૫

આગળ ચોથો ભેદ કહે છે :–

गर्हितमवद्यसंयुतमप्रियमपि भवति वचनरूपं यत्।
सामान्येन त्रेधा मतमिदमनृतं तुरीयं तु।।९५।।

અન્વયાર્થ :– [ तु ] અને [ इदं ] આ [ तुरीयं ] ચોથું [ अनृतं ] અસત્ય [ सामान्येन ] સામાન્યરૂપે [ गर्हितम् ] ગર્હિત, [ अवद्यसंयुतम् ] પાપ સહિત [ अपि ] અને [ अप्रियम् ] અપ્રિય-એ રીતે [ त्रेधा ] ત્રણ પ્રકારનું [ मतम् ] માનવામાં આવ્યું છે. [ यत् ] કે જે [ वचनरूपं ] વચનરૂપ [ भवति ] છે.

ટીકા :– 'तु इदं तुरीयं अनृतं सामान्येन त्रेधा मतम्-यत् अपि वचनरूपं गर्हितं अवद्यसंयुतं अप्रियं भवति' - આ ચોથો જૂઠનો ભેદ ત્રણ પ્રકારે છે. ૧. વચનથી નિંદાના શબ્દો કહેવા, ૨. હિંસા સહિત વચન બોલવાં, ૩. અપ્રિય વચન અર્થાત્ બીજાને ખરાબ લાગે તેવાં વચન બોલવાં. આ ત્રણ ભેદ છે. ૯૫.

---

**'આગળ ચોથો ભેદ કહે છે :–'** ચોથો ભેદ, ચોથો ભેદ છે ને? ત્રણ, ત્રણ બોલ ત્રણ. એ ચોથાના ત્રણ. ત્રણ ગયા, ચોથાના ત્રણ.

गर्हितमवद्यसंयुतमप्रियमपि भवति वचनरूपं यत्।
सामान्येन त्रेधा मतमिदमनृतं तुरीयं तु।।९५।।

**'અને આ ચોથું અસત્ય...'** ત્રણ અસત્ય કહીને ચોથી વાત કરે છે. એ ત્રણે હિંસા છે, હોં! બધી. **'સામાન્યરૂપે ગર્હિત, પાપ સહિત અને અપ્રિય-એ રીતે ત્રણ પ્રકારનું માનવામાં આવ્યું છે કે જે વચનરૂપ છે.'** વચનરૂપની વાત છે ને અહીં? અહીં તો એ વચન બોલવા નહિ એમ કહે છે ને? જે વચનથી નિંદાના શબ્દો કહેવા, ભાષા તો એમ જ આવે ને? ત્યારે ભાષાના વચન કરી શકે? અહીં તો એનો ભાવ છે કે, આમ બોલે છે એ અપેક્ષાએ કથન કરવું છે.

મુમુક્ષુ :– આમ બોલવું, આમ ન બોલવું.

ઉત્તર :– બોલવું, ન બોલવું એ કાંઈ વચનનો અધિકાર નથી. બોલવા કાળે એનો ભાવ, અસત્ય આવો હતો, સત્ય આવો હતો એમ વર્ણવે છે. બોલવાની ક્રિયા તો સ્વતંત્ર

જડની છે. એ ક્યાં વળી, તો પછી અહીં બોલવાની પર્યાયની અહીં રાગનો ભાવ અને એને લઈને વાણીની પર્યાય થઈ, ભાષા થઈ તો પછી એકની એક પર્યાય બીજામાં નાખી. આહાહા! ભારે ભાઈ! વિકટ માર્ગ. એવો સરળ માર્ગ. આહાહા!

સત્ સરળ છે, સહજ છે, સર્વત્ર છે, એમ 'શ્રીમદ્'નો એક પત્ર છે. 'શ્રીમદ્'નો એક પત્ર છે. સત્ સર્વત્ર છે, સહજ છે, સરળ છે. છે ને? 'નવીનભાઈ'! 'શ્રીમદ્'માં છે ને? 'નવલભાઈ'! પેલામાં નથી? 'શ્રીમદ્'નો એક પત્ર છે.

અહીં કહે છે, જુઓ! ભાષા એમ છે કે, નહિ? વચનરૂપ એમ શબ્દ છે ને? ભાષા તો શું? કહે ત્યારે. બધા **'वचनरूपं'**... **'वचनरूपं'** એમ ભાષામાં છે. એટલે જે વચનમાં એમ લખ્યું ને પાછું? અર્થમાં તો એમ છે ને મૂળ તો? જે વચનમાં એમ છે, સ્વ ક્ષેત્ર, કાળ, ભાવે. સ્વમાં દ્રવ્ય લીધું સમજ્યા ને? સ્વ શબ્દ છે ને પેલો? ૯૨. સ્વ ક્ષેત્ર, કાળ, ભાવે ત્યારે સ્વ ક્ષેત્ર, કાળ, ભાવ તો દ્રવ્ય ક્યાં ગયું? પણ એ સ્વ એટલે દ્રવ્ય ને ક્ષેત્ર, કાળ, ભાવ. **'वस्तु निषिध्यते'** વસ્તુ નિષિત આવ્યું ને વચન? વચનથી નિષેધ. **'वस्तु निषिध्यते'** ત્યાં આવ્યું, જુઓ! છે ને? કહે. લ્યો! પ્રગટ કરવામાં આવે. ભાષા તોપણ સમજાવવી વ્યવહારે શી રીતે આવે? વચન આમ બોલવું એટલે કે એનો જૂઠો ભાવ છે તે વચન જૂઠું બોલે તે પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**ટીકા :– 'આ ચોથો જૂઠનો ભેદ ત્રણ પ્રકારે છે.' 'तुरीयं'** છે ને છેલ્લો શબ્દ? **'ચોથો જૂઠનો ભેદ ત્રણ પ્રકારે છે. ૧. વચનથી નિંદાના શબ્દો કહેવા,...'** ભાવમાં એને દ્વેષ છે ને? એ અપેક્ષાએ. વચન તો વચનરૂપે એની પર્યાય નીકળે છે. સમજાણું કાંઈ? નિંદાના વચનો એનો ભાવ નિંદાનો છે એમ પ્રસિદ્ધ કરે છે, એટલી વાત છે. ભારે લખાણ. શાસ્ત્રમાં તો એમ જ આવે ને? **'૨. હિંસા સહિત વચન બોલવાં,...'** લ્યો! હિંસાવાળા વચન બોલવા. આને મારો, આને આમ કરો વગેરે. બોલવા એ પાપ છે કહે છે, લ્યો! પેલો કહે બોલી શકતો નથી. લ્યો!

'સમયસાર'માં તો કહે કે, જેવું હિંસા અસત્ય, દત્ત, અબ્રહ્મચર્ય, અબ્રહ્મ ને પરિગ્રહ, પાપ એમ અહિંસા, સત્ય, દત્ત એ પણ પુણ્ય. બન્ને એક સરખા બંધના કારણ છે. હિંસાનો ભાવ-અહિંસાનો ભાવ, જૂઠાનો ભાવ-સત્યનો ભાવ, ચોરીનો-અચોરીનો, વિષયનો-અવિષયનો, પરિગ્રહની મમતાનો-પરિગ્રહની મમતા છોડવાનો વિકલ્પ, હોં! બન્ને બંધના કારણ છે, બન્ને સરખા છે. પણ અહીં બંધના કારણમાં એવો ભાવ જે આવ્યો છે એની યોગ્યતા પ્રમાણમાં આવું હોય એથી વિશેષ વિરુદ્ધ હોય નહિ, એમ જણાવવા આ વાત લીધી છે. સમજાણું કાંઈ?

**'૩. અપ્રિય વચન અર્થાત્ બીજાને ખરાબ લાગે તેવાં વચન બોલવાં. આ ત્રણ ભેદ છે.'** ચોથાના, ચોથા જૂઠાના ત્રણ ભેદ છે.

www.vitragvani.com



## ગાથા–૯૬

આગળ ત્રણ ભેદોનું અલગ અલગ વર્ણ કરે છે. પહેલા ગર્હિતનું સ્વરૂપ કહે છે :–

पैशून्यहासगर्भ कर्कशमसमञ्जसं प्रलपितं च।
अन्यदपि यदुत्सूत्रं तत्सर्व गर्हितं गदितम्।।९६।।

અન્વયાર્થ :– [ पैशून्यहासगर्भ ] દુષ્ટતા અથવા કુથલીરૂપ હાસ્યવાળું [ कर्कशं ] કઠોર, [ असमञ्जसं ] મિથ્યાશ્રદ્ધાનવાળું [ च ] અને [ प्रलपितं ] પ્રલાપરૂપ (બકવાદ) તથા [ अन्यदपि ] બીજું પણ [ यत् ] જે [ उत्सूत्रं ] શાસ્ત્ર-વિરુદ્ધ વચન છે [ तत्सर्वं ] તે બધાને [ गर्हितं ] નિંદ્ય વચન [ गदितम् ] કહ્યું છે.

ટીકા :– 'यत् वचनं पैशून्यहासगर्भं कर्कशं असमञ्जसं प्रलपितं च अन्यत् अपि उत्सूत्रं तत् गर्हितम् गदितम्' - જે વચન દુષ્ટતા સહિતનું હોય, બીજા જીવનું બૂરું કરનાર હોય, પોતાને રૌદ્રધ્યાન થાય તેવું હોય, તથા હાસ્યમિશ્રિત હોય, અન્ય જીવના મર્મને ભેદનારું હોય, પોતાને પ્રમાદ કરાવનારું હોય, કર્કશ-કઠોર હોય, અસમંજસ-મિથ્યાશ્રદ્ધા કરાવનાર હોય અને અપ્રમાણરૂપ હોય તે તથા બીજા પણ જે શાસ્ત્ર-વિરુદ્ધ વચનો છે તે બધાં ગર્હિત વચનમાં જ ગર્ભિત છે. ૯૬.

---

'આગળ ત્રણ ભેદોનું અલગ અલગ વર્ણન કરે છે. પહેલા ગર્હિતનું સ્વરૂપ કહે છે'

पैशून्यहासगर्भ कर्कशमसमञ्जसं प्रलपितं च।
अन्यदपि यदुत्सूत्रं तत्सर्वं गर्हितं गदितम्।।९६।।

કહ્યું છે. ''**पैशून्यहासगर्भ' દુષ્ટતા અથવા કુથલીરૂપ હાસ્યવાળુ...**' જેમાં ગર્ભમાં એટલે દુષ્ટા ને કોથળીરૂપ હાસ્ય જેમાં ભરેલો છે ભાવ. '**કઠોર, 'असमञ्जसं' મિથ્યાશ્રદ્ધાનવાળુ...**' લ્યો! ઠીક. વળી પાંચમાંગુણસ્થાનવાળાને વળી ચાર શ્રદ્ધાનવાળુ ક્યાં આવ્યું પાછું? આ તો પાંચમાગુણસ્થાનવાળા છે. પણ સમુચ્ચય વાત બધી કરે છે કે, એને આવું હોય નહિ. '**અને પ્રલાપરૂપ (બકવાદ)...**' કાંઈ મેળ નહિ. બક્યા કરે આડુ-અવળુ, આડુ-અવળુ. એવા વચનો જેને ગર્હિત કહે છે. આ ગર્હિતની વ્યાખ્યા છે. '**તથા બીજું પણ જે શાસ્ત્ર-વિરુદ્ધ વચન છે...**' દેખો! ભગવાને કહેલા સિદ્ધાંત શાસ્ત્ર, એનાથી વિરુદ્ધ (હોય) એ બધું ગર્હિતમાં, નિંદા

www.vitragvani.com



કરવા યોગ્યમાં જાય છે. **'તે બધાને નિંદ્ય વચન કહ્યું છે.'** ઓહો..! શાસ્ત્ર વિરુદ્ધ વાક્ય.

**ટીકા :– ''यत् वचनं पैशून्यहासगर्भं कर्कशं असमञ्जसं प्रलपितं च अन्यत् अपि उत्सूत्रं तत् गर्हितम् गदितम्' - જે વચન દુષ્ટતા સહિતનું હોય,...'** દુષ્ટભાવ અંદર ભર્યો હોય. આહાહા! સજ્જનતાનો જ્યાં અંત હોય, છેડો. દુષ્ટતાનો ભાવ, અરે..! તું સત્ય તો કાંઈક તો બોલ. એમ માણસ નથી કહેતા? એ..! કાંઈક સજ્જનતા તો રાખ. શું તું કહે છે? એમ માણસ કહે, હોં! આહાહા! કાંઈક વિચાર કરીને બોલ, ભાઈ! વિચાર કરીને બોલ. તું શું કહે છે? વચન દુષ્ટતા સહિતનું હોય. નિષ્ઠુર વચન અંદરમાં ઠેકાણું.. એ ગર્હિત છે, નિંદાલાયક છે. એ વચનો સમકિતી શ્રાવકને હોય નહિ. સમજાણું કાંઈ?

**'બીજા જીવનું બૂરું કરનાર હોય,...'** જે વચનથી બીજાને ભૂંડું થાય, હેરાન થાય, એ ગર્હિત વચન છે. **'પોતાને રૌદ્રધ્યાન થાય તેવું હોય,...'** પોતે પણ રૌદ્રધ્યાન. ભૂલાય ગયું એવું પછી કે, હાય..હાય..! હવે? રાજા બેઠો હતો, આ મા-બાપ બેઠા હતા અને આવું બોલાણું? હાય..હાય..! જિંદગીમાં શું થશે? એવું વચન રૌદ્ર, રૌદ્ર. એ બધા ગર્હિત વચનો કહેવાય, ગર્હિત ભાવ કહેવાય. ભાવ ગર્હવાયોગ્ય છે ને પછી વચન કહેવાશે ને? સમજાણું કાંઈ? આહાહા!

જુઓને! આ 'ટોડરમલ્લજી'ને. એનો ગુનો ન હતો. ખુલ્લો ન કર્યો. આહાહા! હે રાજન! આ પ્રતિમા મેં ગુંજામાં નથી રાખી, કો'કે નાખી હતી, એટલું ન બોલ્યા. અરે..! બીજાને માથે આવશે અને રાજા એવો જ દંડ એને આપશે. સહન કરી લેવું એ મારું કામ છે. આ કહેવું એ મારું કામ નહિ. આહાહા! ગૃહસ્થાશ્રમમાં દેહનો દંડ થાય છે. તે કાળે પણ આ તો સાહેબ! અન્યાય થાય છે. ગુંજામાં પ્રતિમા મેં નથી નાખી. એટલું જ કહે, કોણે નાખી એમ નહિ, મેં નાખી નથી. બોલ્યા નહિ. મેં નથી નાખી એટલું કહે તો બીજાએ નાખી છે એ થઈ રહ્યું, એવો તો અર્થ આવી ગયો. બીજાએ નાખી તો કોણે નાખી? એની તપાસ કરે. જે એનો માનનારા હોય એની પ્રતિમા છે એમાં. એટલે એણે નાખી હશે. આહાહા! અઠયાવીસ વર્ષનો જુવાન. કહો, એવા વચનને પણ શોભતા નથી. શોભે નહિ. આહાહા..! સમજાણું?

**'બીજા જીવનું બૂરું કરનાર હોય, પોતાને રૌદ્રધ્યાન થાય તેવું હોય, તથા હાસ્યમિશ્રિત હોય,...'** મશ્કરી મશ્કરીમાં વાત વાતમાં મુકી દે વાત. હોય છે ને એવા? મશ્કરીમાં મુકી દે. જોયું? તમને નથી ચોડતા? એવી બફમ વાત કરેને કે, બહારમાં એવું થાય કે આ કાંઈક એણે ગુનો કર્યો લાગે છે. એવું હોય છે કે નહિ? **'અન્ય જીવના મર્મને ભેદનારું હોય,...'** ગુપ્ત વાત અન્યની હોય એ ખુલ્લી પડી જતી હોય, કુટુંબમાં, નાતમાં હેરાન થઈ જાય બિચારો. સમજાય છે? એવા વચન બધા નિંદનીય છે, નિંદાલાયક છે.

**'પોતાને પ્રમાદ કરાવનારું હોય,...'** જુઓ! કોઈ એવા શબ્દ હોય, પ્રમાદથી .. જાય

એમ કહે. '**કર્કશ-કઠોર હોય,...**' તલવારની ધાર, બાણ વાગતા હોય ને બાણ. લોઢાના કાનમાં બાણ (વાગતા હોય) એવા વીંછીના ડંખ જેવા કર્કશ વચનો. એક-બીજી બાયું વઢતી હોય અને પછી એવા એક બીજા એક બીજા ટોણા મારે, એક પછી એક. પેલી થોડું કહે તો વધારે, એથી વધારે.. વધારે... વળી હોશિયાર હોય તો વધારે ટોણું મારે તો બહુ વધારે હોશિયાર કહેવાય. '**અસમંજસ-મિથ્યાશ્રદ્ધા કરાવનાર હોય...**' લ્યો! ઠીક. જેવું સત્યનું સ્વરૂપ છે એથી ઊંધી શ્રદ્ધા કરાવનાર એ વચનોને ભગવાને નિંદ્ય કહ્યા છે. એ વચનો શ્રાવકને હોય શકે નહિ. આહાહા!

**ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચૌદમાં જિનતણી ચરણ સેવા,**
**ધાર પર નાચતા દેખ બાજીગરા સેવના ધાર પર રહે ન દેવા.**

હે નાથ! તારી આજ્ઞાની ધારે રહેવું, એ તલવાર ઉપર નાચનારા જાદુગર કરતા પણ મહાન પુરુષાર્થ માગે છે. 'ધાર પર નાચતા દેખ બાજીગરા' એ તો હોય છે કહે છે. 'સેવના ધાર પર રહે ન દેવા' યથાર્થ ધીરજ અને દૃષ્ટિ અને જ્ઞાન ન હોય, તો એ સેવના ભગવાનની આજ્ઞા પ્રમાણે રહી શકે નહિ. અથવા 'સેવના ધાર પર રહે ન દેવા.' દેવો એ સંયમને પાળી શકે નહિ. આહાહા! પોતાની વાત થોડી ખુલ્લી થતી હોય, એને ઠેકાણે એને દાબવા માટે બીજાની ઘણી ઉઘાડી નાખે, ઘણી ઉઘાડી નાખે. સમજાણું કાંઈ? એ શોભે નહિ.

કહે છે, '**અસમંજસ-મિથ્યાશ્રદ્ધા કરાવનાર હોય અને અપ્રમાણરૂપ હોય...**' પ્રમાણનો કાંઈ ન્યાય ન હોય અંદર. એ તો આડું-અવળુ ભરડે રાખે. સત્યનું કાંઈ પ્રમાણ ખરું? ન્યાયથી કહે છે કે એમ ને એમ ભરડે રાખે છે? '**અપ્રમાણરૂપ હોય તે તથા બીજા પણ જે શાસ્ત્ર-વિરુદ્ધ વચનો છે તે બધા ગર્હિત...**' છેલ્લું પાછું નાખ્યું છે ને? આટલા કહી અસમંજસમાં મિથ્યાશ્રદ્ધાનનો કહી, છેલ્લે કહ્યું કે, '**अन्यदपि यदुत्सूत्रं**' બીજા પણ સર્વજ્ઞે કહેલા શાસ્ત્રથી વિરુદ્ધ. પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ દેવે જે શાસ્ત્રો ભાખ્યા, એનાથી વિરુદ્ધ કહેવું, '**તે બધા ગર્હિત વચનમાં જ ગર્ભિત છે.**' લ્યો! ગર્ભ નાખ્યું, બધું એમાં ન્યાં નાખ્યું. ગર્ભ શબ્દ પડ્યો છે ને? પૈસો ને હાસ્ય, ગર્ભ એવું ન્યાં નાખ્યું. એ બધા વચન ગર્ભિત. એમાં બધા ગર્ભમાં સમાય જાય છે. અથવા એમાં ગર્ભિત છે એ બધા એમાં આવી જાય છે. આહાહા!

શ્વેતાંબરમાં ક્યાંક આવે છે. અર્ણિક શ્રાવક છે ને વહાણે જાય છે. એ ચર્ચા અમારે બીજા સાથે બહુ થઈ. પેલો દૃઢ શ્રાવક છે અને પછી એને ડગાવવા દેવ આવે છે. દેવ ઊંચો લે છે એને ઊંચો. જો આ પાણીમાં બોળી દઉ છું, કહે. તારો જૈન ધર્મ જૂઠો છે. આવો જૈન ધર્મ હોય? અરિહંતદેવ અને ગુરુ આવા અને માર્ગ આવો અને અહિંસા ધર્મ અને ફલાણું-ફલાણું. જૂઠું કહે નહિ તો તને બોળી દઉં છું. વહાણનો દાખલો આવે છે. જ્ઞાતાસૂત્રમાં આવે છે. અર્ણિક કાંઈક નામ છે. ભૂલી જવાય ઘણા વર્ષ થયા.

મુમુક્ષુ :– અર્ણિક શ્રાવક.

www.vitragvani.com



ઉત્તર :– અર્ણિક શ્રાવક. અમારે એવા ધંધા તો વહાણના કરતા, એમ કહે, સમજ્યા ને? એ બધું ચાલતું. પાછું ચર્ચા ચાલે ને બધી કે, આ તો શ્રાવક છે ને? વહાણના ધંધા કરે છે અને એમાં પેલો દેવ એને ડગાવવા આવે છે. તારે કરવું હોય એ કર બીજું થાય એવું નથી કહે. માર દરિયામાં શરીર ફેંકી દે. કોણ કહે છે તને? કોણે તને કીધું? પેલો દેવ કહે, આ તો જબરો ભાઈ લાગે છે. હાથ ઉપર ઉપાડ્યો નહિ. ગૃહસ્થોને મોટા વહાણ હોય. કરોડો રૂપિયાના વહાણ લઈને વહેંચવા નીકળે. એક દેશથી બીજે દેશ લેવા જાય અને પાછો એને ઠેકાણે બીજો માલ લાવે એટલે પેદાશ બહુ થાય, ડબ્બલ પેદાશ. અહીંનો ભાવ પેલો થાય અને ત્યાંનો આમ લાવે. વચમાંથી ઊંચો કર્યો આમ ઉપાડીને હાથમાં જો આ બોળુ એટલી વાર છે કહે. કોણ તને પૂછે છે? કોને પૂછે છે તું? હાય..હાય..! આ જબરો લાગે છે. દેવે વખાણ કર્યા હતા કે, અર્ણિક શ્રાવક શ્રદ્ધામાં જબર છે. નહિ... નહિ... નહિ... બીજું અહીં થાય એવું નથી. તારે કરવું હોય એ કરને. સમજાય છે? શાસ્ત્રથી વિરુદ્ધ, તત્ત્વથી વિરુદ્ધ, ન્યાયથી વિરુદ્ધ, મરી જાય પ્રાણ તોપણ જ્ઞાની બીજું બોલતા નથી, એવા ગર્હિત વચનોનો ત્યાગ એને હોય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૯૭

**આગળ અવદ્યસંયુક્ત જૂઠનું સ્વરૂપ લખે છે :–**

**छेदनभेदनमारणकर्षणवाणिज्यचौर्यवचनादि।**
**तत्सावद्यं यस्मात्प्राणिवधाद्याः प्रवर्तन्ते।।९७।।**

**અન્વયાર્થ :– [ यत् ] જે [ छेदनभेदनमारणकर्षणवाणिज्यचौर्यवचनादि ] છેદન, ભેદન, મારણ, શોષણ અથવા વ્યાપાર કે ચોરી આદિના વચન છે [ तत् ] તે બધાં [ सावद्यं ] પાપયુક્ત વચન છે, [ यस्मात् ] કારણ કે એ [ प्राणिवधाद्याः ] પ્રાણીહિંસા વગેરે પાપરૂપે [ प्रवर्तन्ते ] પ્રવૃત્તિ કરે છે.**

**ટીકા :– 'यत् छेदन भेदन मारण कर्षण वाणिज्य चौर्य वचनादि तत् सर्व सावद्यं अस्ति यस्मात् प्राणिवधाद्याः प्रवर्तन्ते' - અર્થ :– જે નાક વગેરે છેદવાનું વચન, કાપવાનું, મારવાનું, ખેંચવાનું, વ્યાપાર કરવાનું, ચોરી કરવાનું વગેરે વચન કહેવાં તે બધું અવદ્યસહિત જૂઠનું સ્વરૂપ છે. એનાથી પ્રાણીઓનો ઘાત થાય છે. ૯૭.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**પ્રવચન નં. ૪૭ ગાથા-૯૭ થી ૧૦૧ મંગળવાર, જ્યેષ્ઠ વદ ૫, તા. ૨૭-૦૬-૧૯૬૭**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૯૬ ગાથા પૂરી થઈ. ૯૭. શું ચાલે છે? કે, આત્માનો શુદ્ધ સ્વભાવ, એની દૃષ્ટિ અને જ્ઞાન કરવું તેનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. અને પછી શુદ્ધોપયોગરૂપ પરિણમન કરવું એ ચારિત્ર છે. શુદ્ધોપયોગરૂપ પરિણમન કરવું. એમાં જેટલો શુભ-અશુભભાવ થાય એ બધી હિંસા છે. પણ શ્રાવકની દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત શુદ્ધોપયોગ ન હોય, એને દેશવિરતીપણું છે. એથી એને એકદેશથી હિંસા અને જૂઠાનો ત્યાગ (હોય છે). સર્વદેશથી હિંસાનો અને જૂઠાનો ત્યાગ મુનિને હોય છે. મહા અહિંસારૂપ પરિણમન જેને શુદ્ધોપયોગરૂપ પરિણમન છે જેનું. એને તો મહા અહિંસા છે. આને દેશથી અહિંસા છે. એ આવી ગયું. કર્કશ આદિ વચનો એ ઘણી હિંસાવાળા છે. એવા વચનો શ્રાવકને હોય શકે નહિ. સમજાણું? હવે, ૯૭.

**छेदनभेदनमारणकर्षणवाणिज्यचौर्यवचनादि।**
**तत्सावद्यं यस्मात्प्राणिवधाद्याः प्रवर्तन्ते।।९७।।**

જેમાં પરપ્રાણીનું છેદન થાય એ સાવદ્ય વચન છે. સમજાણું? અહીં કહેશે. શ્રાવક સાવદ્ય વચનનો સર્વથા ત્યાગ ન કરી શકે પણ દેશથી તો ત્યાગ કરી શકે. પોતાના ભોગ-ઉપભોગના સાધનમાં, એવા જે પાપના પરિણામ હોય છે, એનો એ ત્યાગ ન કરી શકે પણ વગર પ્રયોજનના સાવદ્ય વચનનો ત્યાગ એને હોય છે. કોઈને **'છેદન, ભેદન,...'** છેદવું કટકા કરવા, ભેદન ટુકડા, ભૂકો કરવો. **'મારણ,...'** મારવું, **'શોષણ...'** શોષવું એને. **'અથવા વ્યાપાર કે ચોરી આદિના વચન છે તે બધાં પાપયુક્ત વચન છે,...'** પણ ગૃહસ્થાશ્રમમાં એને દેશથી ત્યાગ કહેશે. સર્વથાસાવદ્યથી ત્યાગ એને નહિ. આગળ કહેશે. **'કારણ કે એ પ્રાણીહિંસા વગેરે પાપરૂપે પ્રવૃત્તિ કરે છે.'** કહો, એ બધા પરિણામ છેદન, ભેદન, વેપારના ભાવ એ પણ હિંસા છે.

મુમુક્ષુ :- ... ચોરીના ભાવ..

ઉત્તર :- એ બધા હિંસા જ છે. રાગમાત્ર. અહીં તો અશુભની હિંસાની અપેક્ષાએ વાત છે. બાકી તો પહેલી કહી ગયા છે કે, શુભરાગ પણ હિંસા છે. પણ અહીં તો એને એટલો ત્યાગ ન કરી શકે તો અશુભમાં પણ તીવ્ર સાવદ્યનો ભાવ પંચમગુણસ્થાનમાં હોય નહિ. સમજાણું?

મુનિને તો સર્વથા એ સાવદ્યવચન હોય નહિ. મુનિને સાવધવચન જેમાં પાપ કંઈ બીજાને દુઃખ થાય, આરંભ થાય, એ વચન મુનિને તો સર્વથા હોય નહિ. શ્રદ્ધામાં તો કોઈ પણ

પાપનો વિકલ્પ કે શુભરાગ પણ આદરવા જેવો નથી એવું ધર્મીને તો પહેલા સમ્યગ્દર્શનમાં જ હોય છે. પણ અહીં ત્યાગની અપેક્ષાએ અત્યારે વાત ચાલે છે. સમજાણું કાંઈ? શ્રદ્ધા અપેક્ષાએ તો સાવદ્ય પરિણામ છોડવા જેવા છે અને શુભભાવ પણ હિંસા છે માટે છોડવા જેવા છે. હવે, અહીંયા એ સિવાય અસ્થિરતાના જે સાવદ્ય પરિણામ છે, એને પણ મુનિ સર્વથા સાવદ્યનો ત્યાગી છે. ગૃહસ્થાશ્રમમાં સર્વથા સાવદ્યનો ત્યાગ થઈ શકે નહિ. કારણ કે, ભોગ-ઉપભોગમાં એના ભાવ, સાવદ્યના વચનો પણ હોય છે. આમ ભોગવવું, આમ કરવું... પણ એના સિવાયના વિશેષ સાવદ્યના પરિણામ એને હોતા નથી.

**'કારણ કે એ પ્રાણીહિંસા વગેરે પાપરૂપે પ્રવૃત્તિ કરે છે.'** આહાહા! જૈન વીતરાગ માર્ગ. **'જે નાક વગેરે છેદવાનું વચન,...'** વચન છે ને? મૂળમાં શબ્દ છે. **'चौर्यवचनादि'** છેલ્લું પદ છે. વચન તો વચનને કારણે (થાય પણ) એવો એનો ભાવ બતાવવા વચન આવું ન હોય એમ બતાવે છે. **'કાપવાનું (વચન), મારવાનું (વચન), ખેંચવાનું,...'** છે ને? શોષણ કરે છે એમાં એ? શોષણનો અર્થ એ કર્યો. શોષવું, ખેંચવું, ઢસડવું અને એમાંથી. **'વ્યાપાર કરવાનું, ચોરી કરવાનું વગેરે વચન કહેવા તે બધું અવદ્યસહિત જૂઠનું સ્વરૂપ છે.'** લ્યો! એ પાપ સહિત છે. **'એનાથી પ્રાણીઓનો ઘાત થાય છે.'** પોતાના પ્રાણનો ઘાત થાય છે અને બીજાના પ્રાણને પણ ઘાતમાં નિમિત્ત થાય છે એમ કહે છે. અહો..!

માર્ગ વીતરાગનો, વીતરાગનો એટલે આત્માના સ્વભાવનો. આત્મા તદ્દન વીતરાગ... વીતરાગ... વીતરાગ... જેમાં જે ભાવે સર્વાર્થસિદ્ધનો બંધ પડે, તીર્થંકરગોત્રનો બંધ પડે એ ભાવ પણ જ્યાં વીતરાગ ભાવ નથી. આહાહા! એવો જે નિર્વદ્ય, નિર્દોષ આત્મસ્વભાવ, એની શ્રદ્ધા, જ્ઞાન પણ એવો જ નિર્દોષ અને સાવદ્ય વિનાનો ભાવ હોય છે. સાવદ્ય એટલે રાગ વિનાનો. એવું ચારિત્ર પણ એટલા અંશે જેટલો રાગનો અભાવ થઈને અરાગરૂપ જેટલી દશા થઈ, તે જ ખરું વીતરાગ સ્વરૂપનું માર્ગનું ચારિત્ર છે. સમજાણું? પણ એટલો બધો પૂર્ણ ત્યાગ ન કરી શકે તો શ્રાવકને દેશવિરતી, તીવ્રરાગના સાવદ્યવચનનો ત્યાગ છે. મંદરાગ એવા જે એ જાતના, છે ભલે અશુભ. પણ એ જાતનો ત્યાગ એને હોય નહિ. તો એટલી હિંસા છે પણ એ સાવદ્ય તીવ્રનો ત્યાગ છે એથી એને પંચમગુણસ્થાનની પરિણતિને વિઘન કરનાર નથી. સમજાણું?

www.vitragvani.com



# ગાથા–૯૮

આગળ અપ્રિય જૂઠનું સ્વરૂપ કહે છે :–

अरतिकरं भीतिकरं खेदकरं वैरशोककलहकरम्।
यदपरमपि तापकरं परस्य तत्सर्वमप्रियं ज्ञेयम्।।९८।।

**અન્વયાર્થ :–** [ यत् ] જે વચન [ परस्य ] બીજા જીવને [ अरतिकरं ] અપ્રીતિ કરનાર, [ भीतिकरं ] ભય ઉત્પન્ન કરનાર, [ खेदकरं ] ખેદ કરનાર, [ वैरशोककलहकरं ] વેર શોક અને કજિયો કરાવનાર હોય તથા જે [ अपरमपि ] બીજા પણ [ तापकरं ] સંતાપોને કરાવનારું હોય [ तत् ] તે [ सर्वं ] બધું જ [ अप्रियम् ] અપ્રિય [ ज्ञेयम् ] જાણવું.

**ટીકા :–** 'यत् वचनं परस्य अरतिकरं भीतिकरं खेदकरं वैरशोककलहकरं तथा अपरमपि तापकरं तत्सर्वं अप्रियं ज्ञेयम्' - **અર્થ :–** જે વચન બીજાને અરતિ કરનાર અર્થાત્ બૂરું લાગે તેવું હોય, ભય ઉપજાવનાર હોય, ખેદ ઉત્પન્ન કરનાર હોય, તથા વેર, શોક અને કલહ કરવાવાળું હોય તથા બીજું જે દુઃખ તે ઉત્પન્ન કરનાર હોય તે સર્વ વચન અપ્રિય જૂઠનો ભેદ છે. ૯૮.

---

'**આગળ અપ્રિય જૂઠનું સ્વરૂપ કહે છે :–**' એ અવદ્ય સાવદ્યનું કહ્યું. ત્રણ આવ્યા હતા ને? ત્રણ ભેદ આવ્યા હતા કે નહિ? સાવદ્યવચન, ગર્હિતવચન, અપ્રિયવચન. ગર્હિતનું પહેલા કહી ગયા. ગર્હિત પહેલું જ હતું. પેલામાં છે, જુઓને! '**गर्हितमवद्यसंयुतमप्रियमपि**' ત્રણ જ છે ૯૫માં. ગર્હિતમાં પહેલા આવી ગયું હતું, આ અવદ્યમાં આવ્યું. ઓહો..હો..! જુઓ! મુનિ માર્ગ! એના વચનમાં, શ્રદ્ધામાં તો એને હોય છે કે એક પણ વિકલ્પ ઉઠાવવો એ હિંસા અને સાવદ્ય છે પણ સ્થિરતાની અપેક્ષામાં મુનિપણાની કેટલી સ્થિરતા હોય છે? એને આ સાવદ્ય વચનો, અંશે પણ જેમાં હિંસાદિ હોય એને કહે નહિ, બોલે નહિ. એટલે એવો ભાવ કરે નહિ. જુઓ! ગર્હિત કહ્યું અને સાવદ્ય કીધું. સમજાણું?

अरतिकरं भीतिकरं खेदकरं वैरशोककलहकरम्।
यदपरमपि तापकरं परस्य तत्सर्वमप्रियं ज्ञेयम्।।९८।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'જે વચન બીજા જીવને અપ્રીતિ કરનાર (હોય),...'** દ્વેષ. **'ભય ઉત્પન્ન કરનાર (હોય),...'** આ બધા પરિણામ હિંસાના છે. **'ખેદ કરનાર (હોય), વેર શોક અને કજિયો કરાવનાર હોય...'** કજિયો ઊભો કરે એવા વચનો. સમજાણું? આવ્યું હતું ને? નારદનું આવ્યું હતું, નહિ આમાં? ફલાણે ઠેકાણે મોક્ષ ગયા અને આમાં તો કજિયો કરનાર નરકમાં ગયા છે, માટે મોક્ષ જે ગયા છે એ વાત સાચી નથી. એ નારદની વાત આવી હતી. આ નિબંધ.. વાત સાચી. આવે છે ને? 'હું બ્રહ્માપુત્ર, હું નારદ કહાઉં. જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' એવું આવે છે. અમે નાટકમાં જોયેલું આ તો, હોં! નાટકમાં. પેલો ભેખ લઈને આવે.

આમાં પણ આવે છે કજિયા કરાવે. લડાઈ બે કરે ને ઊભો ઊભો જોવે, ખુશી થાય. આમ બ્રહ્મચારી અને આવા ક્લેશમાં, લડાઈ બે જણા કરે ને એ ખુશી થાય. એ પરિણામ તો બહુ ભૂંડા છે. એટલે ભાઈએ કહ્યું છે ને કે, પેલામાં લખ્યું છે કે, મોક્ષ ગયા એ મળતું નથી, નરકમાં ગયા એ બરાબર મળતું લાગે છે. ઠીક, પણ ચોખવટ ઘણી કરી છે, હોં! બહારની, બહારની પણ ભલે. સમજાણું કે નહિ? એમ કરીને એ માન્ય નથી એમ સિદ્ધ કરવા વચન કહ્યા છે. બરાબર છે. અહીં કીધું ને? જુઓને! કજિયો કરાવનારો, જ્યાં હોય ત્યાં ક્લેશ જ કરાવે. 'દ્રૌપદી'ને બહાને, 'સીતા'ને બહારને કજિયા, કજિયા ને કજિયા. કજિયા સમજો છો? ઝઘડા... ઝઘડા... ઝઘડા...

મુમુક્ષુ :– નારદ સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે?

ઉત્તર :– કોણ જાણે એમાં શું કહે છે. એ તો કહે છે આવું વળી કોઈ સમ્યગ્દૃષ્ટિ કહે છે એમ કહે. પણ પાછો વળી આવા કજિયા કરે અને નરકમાં જાય.

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિ નરકમાં જાય નહિ.

ઉત્તર :– જાય નહિ, સમ્યગ્દર્શનમાં નરકમાં ન જાય. આમ એક ઠેકાણે અણુવ્રત ધારીને પેલા બે લખાણમાં ખોટું પડ્યું ને. પેલા કહે, નરકમાં જાય, તો નરકમાં જનારને સમ્યગ્દર્શન હોય નહિ. મોટા કજિયા, તકરાર મોટા કરે છે. ક્લેશ, ક્લેશ, મોટા ક્લેશ, ઝઘડા કરાવે એ કષાય છે, પાપ છે. એ ભાવ શ્રાવકને હોય નહિ.

**'તથા જે બીજા પણ સંતાપોને કરાવનારું હોય...'** સંતાપ. બીજાને કાળજામાં તેલ રેડે એવા, એવા વચનો પાપના કરે કે, બીજાને ઊભા કરે, બળતરા થાય બીજાને. એ બધી હિંસા છે, એ બધા સાવદ્ય, જૂઠ, અપ્રિયવચનો તેને શ્રાવક કહે નહિ. આહાહા! કેટલી ધીરજ જોઈએ, ભાઈ! આહા..! દુનિયાની અનુકૂળતા રાખવા માટે કે બહારના મભો અને માન સાચવવા માટે અંતરનું મંથન ચાલે અને છતાં બહારનો મભો રહે એ તો પુણ્યને લઈને રહે. એ તે દૃષ્ટિ જ વિપરીત એની તો. આ બધું આમ કરીશ ને તો આમ મારો મભો રહેશે, મારું માન રહેશે, દુનિયા મને ગણશે. પણ ગણે તો એનો અર્થ શું? એ તો ગણે, ભાઈ! બહારની વાતું અમુક કરે એટલે સારું લાગે. આમ રાહત દેવી, પૈસા બધા સંઘરી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સંઘરીને પડ્યા છો તો આવા દુકાળમાં ખરચવા જોઈએ એને આમ દેવું જોઈએ, બધાને જઈને ફલાણું.... સારું લાગે કે નહિ? જેને જોઈતું હોય એને સારું લાગે કે, આહા..! ભારે વાત કરે છે. પણ ભાઈ! સાધુને એ ન હોય, સાધુને તો નિર્વદ્ય વીતરાગભાવનો જ ઉપદેશ હોય, જોયું? આવ્યું છે કે નહિ?

સાધુ છે એ તો વીતરાગભાવનો જ ઉપદેશ કરે. વીતરાગ... વીતરાગ... વીતરાગ... રાગ, પુણ્ય-પાપના રાગ વિનાના આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન ને આત્માનું આચરણ બસ! વીતરાગભાવનો જ ઉપયોગ કરે. વાહ! અને સાધુપણું એ શુદ્ધોપયોગ વીતરાગ પરિણમનરૂપ જ સાધુપણું છે. શુદ્ધોપયોગરૂપ જ ચારિત્ર છે અને વીતરાગ છે. શુભરાગ એ તો હિંસા છે. પંચમહાવ્રત આદિ વિકલ્પ ઉઠે એ તો હિંસા છે. અરે ભગવાન! પેલો કહે એને ક્ષયોપશમ ભાવ કહો. ભાઈ! સ્થિરતાનો અંશ જે પ્રગટ્યો સ્વભાવને આશ્રયે એ ખરું તો વ્રત છે. આ આમ બીજાને દુઃખ ન દઉં, આમ કરું એ તો વિકલ્પ છે, રાગ છે. સમજાણું?

શુદ્ધસ્વરૂપની અંતર દૃષ્ટિ કરી ને અંતરમાં નિર્વદ્ય નિર્દોષ શુદ્ધોપયોગરૂપે ઠરે એનું નામ ભગવાને ચારિત્ર કહ્યું છે. બાકી તો રાગનો ભાગ આવે એ બધી હિંસા છે. આહાહા! શુભપરિણામ હિંસા તો અશુભપરિણામની તો શું વાત. 'ન્યાલભાઈ'! ભારે વાતું. ભાઈ! તારો સ્વભાવ જ અહિંસક છે ને, પ્રભુ! આહાહા! એ તો જ્ઞાન ને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. અહિંસક કહો, વીતરાગ કહો, સમરસભાવ કહો, જ્ઞાયકની મૂર્તિ કહો બધું એક જ સ્વરૂપ છે ઇ. એવો સમરસી પ્રભુ, વિજ્ઞાન સમરસનો ઘન, વિજ્ઞાન અને સમરસનો ઘન એ અહિંસક સ્વરૂપ જ એનું ત્રિકાળ છે. એના આશ્રયે અવલંબન લઈને જે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શુદ્ધોપયોગ પ્રગટ થાય એ પણ વીતરાગ જ ભાવ છે. સમજાણું કાંઈ? એ વીતરાગભાવ જ એક મોક્ષનો માર્ગ છે. આહાહા! રાગ છે એ મોક્ષનો માર્ગ હોય?

અહીં તો કહે છે કે, એવા ક્લેશ કરાવનારા શબ્દો એટલે કે એવો ભાવ. અહીં વાણી તો વાણી કહે ને? વાણીમાં ભાવ છે ને પાછળ? બીજા પણ સંતાપ કરનારા, બીજાને દુઃખ થાય એવા પોતાના પરિણામ. બીજાને દુઃખ થાય, ન થાય એને કારણે પણ એના પરિણામમાં એને કાંઈ દરકાર નહિ આને શું થશે. મરી જાય, મરવું પડે. એવા એ શબ્દો હિંસા છે, ભાઈ! એવી ભાષા સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને ભાવ એવા હોય નહિ. '**તે બધું જ અપ્રિય જાણવું.**'

'**જે વચન બીજાને અરતિ કરનાર અર્થાત્ બૂરું લાગે તેવું હોય, ભય ઉપજાવનાર હોય, ખેદ ઉત્પન્ન કરનાર હોય, તથા વેર, શોક અને કલહ કરવાવાળું હોય...**' વેર ઉપજાવે એક બીજાને. આ તો તને પેલો મારી નાખવાનો, તને આમ હતું... આમ હતું એવા વેર અને શોક ઉપજાવે. '**તથા બીજું જે દુઃખ તે ઉત્પન્ન કરનાર હોય તે સર્વ વચન અપ્રિય જૂઠનો ભેદ છે.**'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા-૯૯

જૂઠ વચનમાં હિંસાનો સદ્ભાવ

सर्वस्मिन्नप्यस्मिन्प्रमत्तयोगैकहेतुकथनं यत्।
अनृतवचनेऽपि तस्मान्नियतं हिंसा समवतरति।।९९।।

**અન્વયાર્થ :– [ यत् ] જે કારણે [ अस्मिन् ] આ [ सर्वस्मिन्नपि ] બધાં જ વચનોમાં [ प्रमत्तयोगैकहेतुकथनं ] પ્રમાદ સહિત યોગ જ એક હેતુ કહેવામાં આવ્યો છે, [ तस्मात् ] તેથી [ अनृतवचने ] અસત્ય વચનમાં [ अपि ] પણ [ हिंसा ] હિંસા [ नियतं ] નિશ્ચિતરૂપે [ समवतरति ] આવે છે.**

**ટીકા :– 'यत् अस्मिन् सर्वस्मिन् अपि अनृतवचने प्रमत्तयोगैकहेतुकथनं अस्ति तस्मात् अनृतवचने हिंसा नियतं समवतरति' - અર્થ :– આ સર્વ પ્રકારના જૂઠ વચનોમાં પ્રમાદયોગ જ કારણ છે તેથી જૂઠું વચન બોલવામાં હિંસા અવશ્ય જ થાય છે, કારણ કે હિંસા પ્રમાદથી જ થાય. પ્રમાદ વિના હિંસા થાય નહિ. જ્યાં પ્રમાદ ન હોય ત્યાં હિંસા હોય નહિ. અને જ્યાં પ્રમાદ છે ત્યાં હિંસા અવશ્ય થાય છે. 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा' इति वचनात् ' - (પ્રમાદના યોગથી પ્રાણોનો ઘાત કરવો તે હિંસા છે એ વચન પ્રમાણે.) ૯૯.**

---

**'એ જૂઠ વચનમાં હિંસાનો સદ્ભાવ'** લ્યો! એ કાલ ગાથા આવી ગઈ હતી ને પહેલી? પાના ફેરે. જૂઠ વચનનો ભાવ એ જ હિંસા છે. આહાહા! 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ વીતરાગી સંત મુનિ દિગંબર. મહા અંતર દશા વીતરાગની જાળઝકોરમાં પડેલા. અંદરમાં વીતરાગભાવ છે. એવી દિગંબર દશા અંતરની! બહારની તો નગ્નદશા સહેજે થઈ જાય. એ અંતરનો જે વીતરાગભાવ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિના ઉપયોગનો બસ! એ જ મોક્ષનો માર્ગ છે. બાકી જેટલા વચનો એમાં રાગથી બોલાય, આ તો જૂઠ વચનની વાત છે, જૂઠ વચનનો બોલવાનો ભાવ પણ હિંસા છે. બીજો પ્રાણી ન મરે એની સાથે સંબંધ નથી, **'प्रमत्योगात् प्राणव्यपरोपणं'** પ્રમાદનો યોગ થયો ભાવ એ જ હિંસા. દુનિયાથી ખસીને દુનિયા રાજી રહે કે ન રહે એની સાથે સંબંધ વીતરાગ માર્ગને નથી. કહો, સમજાણું?

'શ્રીમદ્દે' કહ્યું છે ને? અરે..! જગતને રૂડું દેખાડવા ઘણું કર્યું પણ રૂડું થયું નથી. આહાહા! રૂડું, રૂડું કર્યું નથી, રૂડું સમજ્યા ને? ભલું. રૂડું એટલે ભલું. ભલું કર્યું નથી પણ દુનિયાને ભલું દેખાડવાનો ભાવ કર્યો છે, પ્રયત્ન કર્યો છે. ભલું કર્યું નથી, ભલું તો સ્વરૂપ ભગવાનઆત્મા

www.vitragvani.com



શુદ્ધ ચૈતન્ય વીતરાગની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ ભલું છે, બાકી કોઈ ભલું નથી. ભલું કહો કે રૂડું કહો. સારું, રૂડું એટલે સારું.

**'જૂઠ વચનમાં હિંસાનો સદ્ભાવ...'**

**सर्वस्मिन्नप्यस्मिन्प्रमत्तयोगैकहेतुकथनं यत्।**
**अनृतवचनेऽपि तस्मान्नियतं हिंसा समवतरति।।९९।।**

લ્યો! ઠીક. '**सर्वस्मिन्नप्यस्मिन्प्रमत्तयोगैकहेतु**' એક જ પ્રમાદનો એક હેતુ તે હિંસા છે અહીં તો સિદ્ધાંત છે. '**अनृतवचनेऽपि तस्मान्नियतं हिंसा समवतरति**' લ્યો! સમવસરણમાં માણસો ઉતરે છે ને? આ હિંસા ઉતરે છે, કહે છે. દેવો આવે વૈમાનોમાં સમજ્યા ને? જંઘાચારણ, વિદ્યાચારણ સંતો આવે. સમવસરણ.

**'જે કારણે આ બધાં જ વચનોમાં પ્રમાદ સહિત યોગ જ એક હેતુ કહેવામાં આવ્યો છે,...'** મહા સિદ્ધાંત અહીં છે. જેમાં પ્રમાદ સહિત યોગ જ એક હેતુ તેને હિંસા કહેવામાં આવે છે. '**તેથી અસત્ય વચનમાં પણ હિંસા નિશ્ચિતરૂપે આવે છે.**' જૂઠા બોલવાના ભાવ જ પોતે હિંસારૂપે છે. સત્ય, અસત્યની ખબર નથી એને તો શું પણ કહે છે કે, ખબરવાળા પણ જો જૂઠું બોલે તોપણ એને હિંસા લાગે છે. ચારિત્રદોષ.

મુમુક્ષુ :– પ્રમાદનો અર્થ શું?

ઉત્તર :– પ્રમાદનો અર્થ રાગનું થવું તે. જોલા ખાવા એ પ્રમાદનો અર્થ. જોલા ખાવા એ. આત્માના શુદ્ધોપયોગમાંથી જોલા ખાવા–ખસી જવું, રાગમાં આવવું એ. આ ભાવ જોલા. આહાહા! વિજ્ઞાન ચૈતન્ય સ્વરૂપ, એનો જાગૃત સ્વભાવ, એમાંથી બહાર નીકળવું એ રાગ એ બધો પ્રમાદ છે. પ્રમાદનો યોગ સંબંધ તે જ એક હિંસાનો હેતુ કહેવામાં આવ્યો છે. પ્રમાદ યોગ, પ્રમાદનો જ્યાં સંબંધ છે, એ જ હિંસા એક જ તેને કહેવામાં આવી છે.

વાહ! ચરણાનુયોગના અધિકારમાં કેટલી સરસ વાતું છે! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા નિવૃત્ત સ્વરૂપ છે ને! પરથી તો રહિત છે, રાગથી રહિત નિવૃત્ત સ્વરૂપ છે. એવા નિવૃત્ત સ્વરૂપમાં જેટલી રાગ સહિતની પ્રવૃત્તિ થવી એ બધી હિંસા છે. શાસ્ત્ર બનાવવાનો વિકલ્પ ઉઠ્યો, કહે છે કે, એ પણ શુદ્ધોપયોગમાંથી ખસી ગયો છે. સમજાણું કાંઈ?

**'પ્રમાદ સહિત યોગ જ એક હેતુ કહેવામાં આવ્યો છે,...'** જોયું? યોગ જ, એમ છે ને? '**प्रमत्तयोगैकहेतुकथनं**' જ કેમ કાઢ્યું? '**प्रमत्तयोगैक**' એક તો શબ્દ પડ્યો જ છે. યોગ જ એક હેતુ કહેવામાં આવ્યો છે. અહીં તો એમ જ કહે છે, અનેકાંત બીજું નથી એમ કે આમ પણ થાય ને આમ પણ થાય. પ્રમાદ યોગનો હેતુ એક. પ્રમાદનો સંબંધ એક જ હેતુ હિંસામાં કહેવામાં આવ્યો છે. '**તેથી અસત્ય વચનમાં પણ હિંસા નિશ્ચિતરૂપે આવે છે.**'

**ટીકા :– ''यत् अस्मिन् सर्वस्मिन् अपि अनृतवचने प्रमत्तयोगैकहेतुकथनं अस्ति तस्मात्**

www.vitragvani.com



**अनृतवचने हिंसा नियतं समवतरति' - અર્થ :– આ સર્વ પ્રકારના જૂઠ વચનોમાં પ્રમાદયોગ જ કારણ છે...'** એ પ્રમાદ, પ્રમાદ–રાગ. રાગનો સંબંધ થવો એ જ પ્રમાદ અને એ જ પ્રમાદ હિંસા છે. **'તેથી જૂઠું વચન બોલવામાં હિંસા અવશ્ય જ થાય છે,...'** જૂઠું બોલવામાં જરૂર હિંસા થાય છે. આહાહા! કહો, સમજાણું? જૂઠું બોલી બહારનું સરખું સચવાય એવો ભાવ. હવે અહીં કહે છે કે, તું તને હણી નાખે છે. એ હિંસાને હિંસા માને નહિ. સમજાણું કાંઈ?

કહે છે **'જૂઠ વચનોમાં પ્રમાદયોગ જ કારણ છે તેથી જૂઠું વચન બોલવામાં હિંસા અવશ્ય જ થાય છે, કારણ કે હિંસા પ્રમાદથી જ થાય. પ્રમાદ વિના હિંસા થાય નહિ. જ્યાં પ્રમાદ ન હોય ત્યાં હિંસા હોય નહિ. અને જ્યાં પ્રમાદ છે ત્યાં હિંસા અવશ્ય થાય છે. 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा' इति वचनात्'** લ્યો! આધાર આપ્યો 'ઉમાસ્વામી'નો. **'(પ્રમાદના યોગથી પ્રાણોનો ઘાત કરવો તે હિંસા છે એ વચન પ્રમાણે.)'** એ વચન પ્રમાણે આ છે. હવે વિશેષ કહે છે.

## ગાથા–૧૦૦

પ્રમાદસહિત યોગ હિંસાનું કારણ :–

हेतौ प्रमत्तयोगे निर्दिष्टे सकलवितथवचनानाम्।
हेयानुष्ठानादेरनुवदनं भवति नासत्यम्।।१००।।

અન્વયાર્થ :– [ सकलवितथवचनानाम् ] સમસ્ત જૂઠ વચનોનો [ प्रमत्तयोगे ] પ્રમાદસહિત યોગ [ हेतौ ] હેતુ [ निर्दिष्टे सति ] નિર્દિષ્ટ કરવામાં આવ્યો હોવાથી [ हेयानुष्ठानादेः ] હેય-ઉપાદેયાદિ અનુષ્ઠાનોનું [ अनुवदनं ] કહેવું [ असत्यम् ] જૂઠ [ न भवति ] નથી.

ટીકા :– 'सकल वितथ वचनानां प्रमत्तयोगे हेतौ निर्दिष्टे सति हेयानुष्ठानादेः अनुवदनं असत्यं न भवति' - અર્થ :– સમસ્ત જૂઠ વચનોનું કારણ પ્રમાદસહિત યોગને બતાવીને હેય અને ઉપાદેયનું વારંવાર કથન કરવું-ઉપદેશ કરવો તે જૂઠ નથી.

ભાવાર્થ :– જૂઠ વચનના ત્યાગી મહામુનિ હેય અને ઉપાદેયનો વારંવાર ઉપદેશ કરે છે; ત્યાં પાપની નિંદા કરતા પાપી જીવને તેમનો ઉપદેશ બૂરો લાગે, અથવા કોઈને ધર્મોપદેશ આપવાથી ખરાબ લાગે, તે દુઃખ પામે, પણ તે આચાર્યોને જૂઠનો દોષ લાગતો નથી. કેમકે તેમને પ્રમાદ (કષાય) નથી. પ્રમાદપૂર્વક વચનમાં જ હિંસા છે. તેથી જ કહ્યું છે કે પ્રમાદસહિત યોગથી વચન બોલવા તે જ જૂઠ છે, અન્યથા નહિ. ૧૦૦.

www.vitragvani.com



**'પ્રમાદસહિત યોગ હિંસાનું કારણ...'** પણ મુનિઓ ધર્માત્મા હેય ઉપાદેયના અનુષ્ઠાનની વાત કરે એમાં કોઈને દુઃખ લાગે એનું શું કરવું? તો એને પાપ લાગે કે નહિ? પ્રમત્ત યોગનું જ્યારે કહ્યું ત્યારે ધર્માત્મા...

**हेतौ प्रमत्तयोगे निर्दिष्टे सकलवितथवचनानाम्।**
**हेयानुष्ठानादेरनुवदनं भवति नासत्यम्।।१००।।**

**'સમસ્ત જૂઠ વચનોનો પ્રમાદસહિત યોગ હેતુ...'** સમસ્ત જૂઠું વચનોના પ્રમાદસહિત સંબંધને હેતુ કહેવામાં આવ્યો હોવાથી. બસ! હવે ન્યાય આપે છે, જુઓને! કેટલી વાત (કરે છે). **'હેય-ઉપાદેયાદિ અનુષ્ઠાનોનું કહેવું જૂઠ નથી.'** તમે પાપ કરશો નહિ, ફલાણું કરશો નહિ એમ કહેતા પેલાને દુઃખ લાગે, બીજા સાંભળનારને દુઃખ લાગે. અર..ર..ર..! આ મારા છોકરાને આવું કરે છે. સમજાણું?

મુમુક્ષુ :- સામાના પ્રાણનું વ્યપરોપણ તો થાય.

ઉત્તર :- એ ન થાય, એને અહીં પ્રમાદ નથી એમ કહે છે. એના હેતુમાં પ્રમાદ નથી માટે તેને હિંસા નથી એમ કહે છે. હેય-ઉપાદેયાદિ અનુષ્ઠાન આચરણ.. કહેશે જુઓ! **'સમસ્ત જૂઠ વચનોનું...'** **'सकल वितथ वचनानां प्रमत्तयोगे हेतौ निर्दिष्टे सति हेयानुष्ठानादेः अनुवदनं असत्यं न भवति'** કેટલું સ્પષ્ટ કર્યું છે! **'સમસ્ત જૂઠ વચનોનું કારણ પ્રમાદસહિત યોગને બતાવીને હેય અને ઉપાદેયનું વારંવાર કથન કરવું-ઉપદેશ કરવો તે જૂઠ નથી.'** ઠીક. વારંવાર ક્યાંથી કાઢ્યું એ? **'अनुवदनं'** અનુ એટલે અનુસરીને વદવું, બોલવું. સમજાણું?

**'જૂઠ વચનના ત્યાગી મહામુનિ હેય અને ઉપાદેયનો વારંવાર ઉપદેશ કરે છે;...'** જોયું? સંત મહામુનિ ધર્માત્મા દિગંબર આત્માના ધ્યાની, જ્ઞાની મહાત્મા સંતો પણ હેય ઉપાદેયનો ઉપદેશ કરે. **'ત્યાં પાપની નિંદા કરતા પાપી જીવને તેમનો ઉપદેશ બૂરો લાગે,...'** કહો, શું કીધું? પાપની નિંદા કરતા, જૂઠા ભાવની નિંદા કરતા, હિંસાના ભાવની નિંદા કરતા, વિષય ભોગની નિંદા કરતા, ચોરીના ભાવની નિંદા કરતા, પાપની નિંદા કરતા એટલે હિંસા, જૂઠ, ચોરી, મિથ્યાશ્રદ્ધાના પાપની નિંદા કરતા, લ્યોને. સમજાણું? આ મિથ્યાશ્રદ્ધા કહેવાય, એ સાચી શ્રદ્ધા છે નહિ, તો પેલો કહે લ્યો! આ તો અમારી વાત ખોટી પાડે છે. સમજાણું? એ પુણ્યથી ધર્મ મનાવે, નિમિત્તથી ઉપાદાનમાં યથાર્થપણે કાર્ય થાય, એના લઈને થાય એવું મનાવે તે મિથ્યાશ્રદ્ધા છે. એ મિથ્યાશ્રદ્ધા તે હિંસા છે. એમ બતાવતા મિથ્યા શ્રદ્ધાવાળાને દુઃખ થાય તો શ્રદ્ધા કહેનારને એનું કાંઈ પાપ છે નહિ. કેમ કે પ્રમાદયોગ નથી. કહો, સમજાણું આમાં?

બાળકના હાથમાં ઝેર હોય તો પડાવી લેવું. છે ને એક શબ્દ? 'શ્રીમદ્'માં છે, ભાઈ! બાળકના હાથમાં ઝેર હોય તો (પડાવી લેવું). એનો હેતુ છે. આને પોતે દુઃખ દેવાનો ભાવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી ને. આહાહા! ભારે વાત કરી છે. ભાઈ! પ્રમત્‌યોગ હિંસામાં નાખ્યો ને પાછો જૂઠામાં પ્રમત્તયોગ બોલવું પડે તો એની અંદરમાં આ નાખ્યું કે, આમ કહેવું પડેને? પાપની નિંદા, મિથ્યાશ્રદ્ધાની નિંદા. ત્યારે જેને મિથ્યાશ્રદ્ધા હોય એ તો માનતો કે અમારી સાચી છે. પણ આ કહે કે, ભાઈ! આ ખોટી શ્રદ્ધા કહેવાય, વીતરાગના માર્ગની શ્રદ્ધા સાચી નથી. સમજાણું કાંઈ? કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને તે મિથ્યાત્વ છે અને કુગુરુને આમ કહેવાય. ત્યારે પેલાને દુઃખ થાય. અરે..! અમને કુગુરુ (કહે છે અને) અમારા શાસ્ત્રને કુશાસ્ત્ર કહે છે. સમજાણું? 'શ્રીમદ્‌ે' કહ્યું છે નહિ? પેલામાં. 'વિચરે ઉદય પ્રયોગ,' વિચરે સમદૃષ્ટિ, સમદૃષ્ટિની વ્યાખ્યા કરી છે. લાવો, લાવોને જોઈએ. કુગુરુને કુગુરુ કહે, સુગુરુને સુગુરુ કહે, ધર્મને ધર્મ કહે, અધર્મને અધર્મ કહે, અધર્મને અધર્મ પ્રરૂપે, ધર્મને ધર્મ કહી પ્રરૂપે તો એ સમદૃષ્ટિપણું છે, વિષમદૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? આત્મસિદ્ધિમાં હશે. આમાં નથી, મારામાં નથી, આ મોટામાં, આમાં નથી, મોટું છે ને એમાં પાછળ છે. એ વાત થઈ ગઈ છે પહેલી.

**આત્મજ્ઞાન સમદર્શીતા વિચરે ઉદય પ્રયોગ,**
**અપૂર્વ વાણી પરમશ્રુત સદ્‌ગુરુ લક્ષણયોગ.**

મોટો ઉલ્લેખ છે. પછી આપણે અહીં સમદર્શીતા. સમદર્શીતા હોય તો અહિંસા આદિ વ્રત હોય, સમદર્શીતા ન હોય તો અહિંસા આદિ વ્રત ન હોય, બોલ મુક્યા છે. અહિંસા આદિ વ્રત ન હોય તો સમદર્શીતા ન હોય, અહિંસા આદિ વ્રત હોય તો સમદર્શીતા હોય. જેટલે અંશે સમદર્શીતા એટલે અંશે અહિંસા આદિ વ્રત બને અને જેટલે અંશે અહિંસા આદિ વ્રત એટલે અંશે સમદર્શીતા. સદ્‌ગુરુ યોગ્ય, લક્ષણરૂપ સમદર્શીતા મુખ્યતાએ સર્વ વિરતી ગુણસ્થાને હોય. પછીના ગુણસ્થાને તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય, વિશેષ પ્રગટ થતું જાય. ક્ષીણમોહ ગુણસ્થાને તેની પરાકાષ્ઠા અને પછી સંપૂર્ણ વીતરાગતા. સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાનભાવ, અભેદભાવ એકસરખી બુદ્ધિ નિર્વિશેષપણું નહિ. સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાનભાવ, બધા સરખા એમ નહિ. અભેદભાવ બધા થઈને એક એવું નહિ, એક સરખી બુદ્ધિ બધાને માન્ય એમ નહિ. નિર્વિશેષપણું, સામાન્યપણું બધું એમ નહિ. કાચ ને હીરો બે સમાન ગણવા એમ નહિ. સત્‌શ્રુત ને અસત્‌શ્રુતમાં સમપણું ગણવું એમ સમાન નહિ. જુઓ! અહીં શબ્દ પડ્યા છે. સત્‌શ્રુતને અસત્‌શ્રુતને સમ ગણવું, સમપણું ગણવું (એ સમદર્શીપણું નથી). લ્યો! સમજાણું? ૩૧માં વર્ષમાં છે, લ્યો!

સત્‌ધર્મ ને અસત્‌ધર્મમાં અભેદ માનવો. ખુલાસો કર્યો છે માથે. સાચો ધર્મ ને ખોટો ધર્મ બે એકસરખા માનવા એ સમદૃષ્ટિ નહિ, એ તો મિથ્યાદૃષ્ટિ છે. સદ્‌ગુરુ ને અસદ્‌ગુરુને વિષે એકસરખી બુદ્ધિ રાખવી એ સમદૃષ્ટિપણું નહિ. આપણે સમદૃષ્ટિ રાખો, ભાઈ! બધા સરખા. સત્‌દેવ ને અસત્‌દેવને નિર્વિશેષપણું દાખવવું. નિર્વિશેષ એટલે સામાન્ય અથવા બન્નેને એક સરખા ગણવા ત્યાં એ સમાનવૃત્તિએ સમદૃષ્ટિતા નહિ. એ તો આત્માની મૂઢતા, વિવેક

www.vitragvani.com



શૂન્યતા (છે). સમજાણું? તા શબ્દ લે છે ને એક સાથે? અધ્યાત્મ છે ને? કવિ છે ને પાછા! આત્માની મૂઢતા વિવેક, શૂન્યતા વિવેક, વિકળતા, તા બધે આવવો જોઈએને. સમજાણું?

કહે છે, દેવ ને કુદેવ, સદ્‌ગુરુ ને અસદ્‌ગુરુ, સત્‌ શાસ્ત્ર ને અશાસ્ત્ર દેખો! સમજાણું? સત્‌ધર્મ ને અસત્‌ધર્મ એ બધાને સરખા માનવા એ તો આત્માની મૂઢતા છે, વિવેક શૂન્યતા છે. આટલો તો અહીં ખુલાસો કરે છે. સમજાણું કાંઈ? કહો, 'કાનજીભાઈ'! શું હશે? આટલા બધા ફાટા કેમ છે? એકફેરી બોલતા હતા. માંડ માંડ નીકળ્યા છીએ, ત્યાં આ શું વળી? જાણે આ નવું લાગતું હોય એને. એ 'ત્રિભોવનભાઈ'! તમારામાં ડાહ્યા એ કહેવાતા. ઇ કહે કે, આટલા બધા ફાટા છે. પણ ફાટા તો અનાદિના છે. સમજાણું કાંઈ? ફાટા તો નીકળ્યા જ કરે છે. આહા..! આત્માની મૂઢતા ...

સમદૃષ્ટિ સત્‌ને સત્‌ જાણે, બોધે. સમદર્શી સત્‌ને જાણે ને બોધે. અસત્‌ને અસત્‌ જાણે ને નિષેધે. નિષેધે પાછું.

મુમુક્ષુ :- વિષમપણું આવ્યું.

ઉત્તર :- વિષમપણું આવ્યું નથી, સમપણું આવ્યું છે. આ સમદર્શીની વ્યાખ્યા થાય છે. કહો, સમજાણું? સત્‌શ્રુતને સત્‌શ્રુત જાણે, સત્‌શ્રુતને સત્‌શ્રુત જાણે. જુઓ! સત્‌શ્રુત નામ આવ્યા હતા પેલામાં. ૧૯ ને ૨૦ સત્‌શ્રુત કહ્યા છે. પેલા અર્થ કરે કે એ આગમ તો ખરા પણ એ ઉપરાંત આ સત્‌શ્રુત પણ ખરા. ન્યાં એમ છે જ નહિ. સમજાણું? ત્યાં તો સ્પષ્ટ કરી નાખ્યું છે. સત્‌શ્રુત આ છે. સત્‌શ્રુતને સત્‌શ્રુત જાણે, એ બોધે, કહે કે આ સત્‌શ્રુત છે. કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે એ સમદર્શીપણું છે. સત્‌ધર્મને સત્‌ધર્મ જાણે, બોધે, અસત્‌ધર્મને અસત્‌ધર્મ જાણે હિંસા ને રાગાદિ હિંસા અસત્‌ધર્મ અસત્‌ છે, નિષેધે. સદ્‌ગુરુને સદ્‌ગુરુ જાણે, બોધે, પ્રરૂપે. અસદ્‌ગુરુને અસદ્‌ગુરુ જાણે, નિષેધે. કહો, સત્‌દેવને સત્‌દેવ જાણે, બોધે. અસત્‌દેવને અસત્‌દેવ જાણે, નિષેધે. ઇત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે. ઇત્યાદિ જે જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે. તેમાં રાગ-દ્વેષ, ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન કરે એ પ્રકારે સમદર્શીપણું સમજવું. પછી ૐ મુક્યો છે. રાગ-દ્વેષ એટલે જરીક નિષેધમાં જરીક વિકલ્પ આવે ને? પેલો ભાવ ન કરે. નિષેધમાં છદ્મસ્થ છે એટલે વિકલ્પ તો આવે છે ને એ? એટલો તો અંશ છે પણ અંદરમાં જ્ઞાન, દર્શનમાં એનો આમ સમભાવ નથી. સમજાણું? સમભાવ એનો એટલો છે.

જુઓ! અહીં અહિંસાદિ વ્રતની વાત કરે છેને અહીં તો? છતાં એનો વિકલ્પ છે એટલો નિષેધમાં એ છે પણ એની ભૂમિકાના પ્રમાણમાં જે જોઈએ તે નથી તો વિરોધ નથી. ૐ શબ્દ મુક્યો છે, હોં! એટલું કહીને. ૩૧મું છે સમજ્યા ને? ૩૧માં વર્ષમાં એનો ખુલાસો કર્યો છે. પ્રશ્ન એમ કરીને કર્યું, આત્મજ્ઞાનને અહીં પ્રશ્ન બાંધ્યો છે, હોં! મોટું લખાણ કરી કરીને ઠેઠ પ્રશ્ન પૂરો કર્યો છે. ૩૧મું વર્ષ છે. સમદર્શીતાનો એવો અર્થ નથી કે, બધાને

www.vitragvani.com



સરખા માને. ભાઈ! સમભાવ કરો, સમભાવ કરો... .... આવે છે કે નહિ? ... એ સમભાવ રાખે. એ સમભાવ ન હોય એમ કહે છે અહીં. આહા..! .... શ્લોક છે. આમાં છે પેલામાં ... શ્વેતાંબર હો કે દિગંબર હો બૌદ્ધ હો કે અન્ય હો. એમ નહિ. બરાબર જાણે બન્નેને. વિરુદ્ધ હોય એને વિરુદ્ધ જાણે. સમજાણું કાંઈ? વાત તો ભાઈ એવી છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ સનાતન વીતરાગે કહેલો એની સાથે કોઈ સાથે મેળ ન ખાય તો એને કહે કે, આ ખોટું છે, સરખું નથી. એ કાંઈ વિષમભાવ નથી. ચોથે એટલો તો બરાબર છે, એ તો જરીક ચારિત્ર દોષ છે ને. એની વાત નથી. સમજ્યા ને? પણ એની ભૂમિકાને યોગ્ય એવું કહે તો એ જાતનો એની ભૂમિકાને વિરોધ નથી. સમજાણું?

**'ત્યાં પાપની નિંદા કરતા પાપી જીવને તેમનો ઉપદેશ બૂરો લાગે,...'** દારૂ ન પીશો એમ કહેતા પેલા દારૂના વહેંચનારને કેવું લાગે? અર..ર..ર..! આ તો અમારો ધંધો બંધ થઈ જશે, આ તો આવા ક્યાંથી જાગ્યા? દારૂ પીનારને એવું લાગે. દારૂ પીનારા અમે ઊઘાડા પડી જશું. અમે પાપ કરીએ છીએ ત્યારે આ દારૂ પીને? એવાને દુઃખ લાગે. એથી શું? કહેનારનો ભાવ એ નથી. સમજાણું? 'ટોડરમલ્લજી'એ કહ્યું ને? ભાઈ! જુઓ! ધર્મીજીવનો અભિપ્રાય સુધારવાનો ભાવ છે, તેથી તે શુભભાવનો પણ નિષેધ કરશે. શુભભાવ એ ધર્મ નથી એમ નિષેધ કરશે. એમાંથી તમે ઊંધુ લેશો કે શુભ છોડીને અશુભ કરશો તો એ તમારા સ્વચ્છંદની વાત છે. કહેનારનો અભિપ્રાય તો શુભ ને અશુભ બન્ને પાપ છે અથવા છોડવા લાયક છે એ અભિપ્રાય દર્શનશુદ્ધિ કરવા માટે વાત કરે છે.

મુમુક્ષુ :– ...તરફડે એનું શું કરવું?

ઉત્તર :– તરફડે એ તો એને લઈને છે, આને શું છે?

પાપની નિંદા એટલે મિથ્યાત્વ એ પાપ. ખરું કે નહિ? અવ્રત એ પાપ, પ્રમાદ એ પાપ, કષાય એ પાપ, હિંસા એ પાપ, જૂઠું એ પાપ, ચોરી એ પાપ, વિષય એ પાપ, પરિગ્રહ એ પાપ, ક્રોધ-માન-માયા-લોભ એ પાપ. હવે એની નિંદા કરતા એ જે કરતા હોય એને દુઃખ લાગે. એથી કરીને કંઈ કહેનારને દોષ છે નહિ. સમજાણું કાંઈ? કહો, 'ન્યાલભાઈ'! આહાહા! ભારે વીતરાગ માર્ગ. પ્રમત્તયોગને સિદ્ધ કરે છે. પ્રમાદ યોગ છે કે નહિ? એનો હેતુ શું છે? સમજાય છે?

**'કોઈને ધર્મોપદેશ આપવાથી ખરાબ લાગે,...'** લ્યો! જો અમને ધર્મોપદેશ આ દેવા બેઠા. હજી અમે ક્યાં પડ્યા છીએ, કેટલે ઠેકાણે એનું અમને ઠેકાણું નથી અને આ ધર્મોપદેશ દેવા મંડ્યા. એનું દુઃખ લાગે. એમાં આને કાંઈ છે નહિ, એમ કહે છે. ધર્મોપદેશ આપવાથી ખરાબ લાગે બીજાને. **'તે દુઃખ પામે, પણ તે આચાર્યોને જૂઠનો દોષ લાગતો નથી.'** સમજાણું કાંઈ? કેટલો ખુલાસો કર્યો છે! જુઓને! 'અમૃતચંદ્રાચાર્યે'. શુભઉપયોગ પણ હિંસા, શુદ્ધોપયોગ એ સ્વની દયા, એમ આવી ગયું હતુંને? શુદ્ધોપયોગ એ સ્વની દયા. આમાં આવ્યું કે, ભાઈ!

www.vitragvani.com



જૂઠું બોલવામાં ભાષા છે ને એટલે આવી ત્યાગ ગ્રહણ, ત્યાગ ગ્રહણની વાત તો થશે. સમજાય છે? તો એને યોગ્ય વિકલ્પ ભલે હોય. નિષેધ કરે છે ત્યારે રાગી છે ને? એટલે જરી રાગ (આવે છે) પણ એને તીવ્ર પ્રમાદ આદિ નથી એટલે એને જૂઠ કે હિંસાનો દોષ લાગતો નથી.

**'પ્રમાદપૂર્વક વચનમાં જ હિંસા છે.'** હેતુ એ છે. પ્રમાદભાવમાં, રાગભાવમાં જોડાય છે એ જ હિંસા છે. બહારના વચન બોલે કે ન બોલે, એ કાંઈ નહિ. બીજાને દુઃખ લાગે એ કાંઈ નહિ. એનો ભાવ જ જે છે, એ જ હિંસા છે, લ્યો! પ્રમાદ. **'તેથી જ કહ્યું છે કે પ્રમાદસહિત યોગથી...'** પ્રમાદસહિત યોગથી એમ શબ્દ છે ને મૂળ. **'प्रमतयोगे संबन्ध'** **'પ્રમાદસહિત યોગથી વચન બોલવાં તે જ જૂઠ છે, અન્યથા નહિ.'** જૂઠ કહેવામાં આવતું નથી. ૧૦૦મી ગાથામાં આવ્યું, ૧૦૦ પૂરી થઈ એમાં આવ્યું. કુદરતે રચના રચાય છે ને! **'हेयानुष्ठानादेरनुवदनं भवति नासत्यम्'** એ જૂઠથી કહેવામાં આવતું નથી. ભાઈએ કહ્યું છે ને? 'ટોડરમલ્લજી'એ કે, ભાઈ! એવો કોઈ ઉપદેશ નથી કે બધાને સરખો લાગે. કોઈને ખોટું લાગે, કોઈને એવું લાગે, દારૂ પીનારને દારૂની વાત કરતા ખરાબ લાગે તો એથી શું કંઈ સત્ ઉપદેશ છોડવો? દુનિયા સત્યધર્મને સમજે કે દિ'? સત્યધર્મની વાત ન કહે અને જૂઠાને ઉથાપે નહિ તો જગતને સત્ સમજવાનું કે દિ' મળે? બધાને સારૂ લાગે એવું તો ક્યાંથી હોય? આહા..!

## ગાથા–૧૦૧

એના ત્યાગનો પ્રકાર :–

भोगोपभोगसाधनमात्रं सावद्यमक्षमा मोक्तुम्।
ये तेऽपि शेषमनृतं समस्तमपि नित्यमेव मुञ्चन्तु।।१०१।।

**અન્વયાર્થ :– [ ये ] યે જીવ [ भोगोपभोगसाधनमात्रं ] ભોગ-ઉપભોગના સાધન માત્ર [ सावद्यम् ] સાવદ્યવચન [ मोक्तुम् ] છોડવાને [ अक्षमाः ] અસમર્થ છે [ ते अपि ] તેઓ પણ [ शेषम् ] બાકીના [ समस्तमपि ] સમસ્ત [ अनृतं ] અસત્ય ભાષણનો [ नित्यमेव ] નિરન્તર [ मुञ्चन्तु ] ત્યાગ કરે.**

**ટીકા :– 'ये अपि भोगोपभोगसाधनमात्रं सावद्यं मोक्तुम् अक्षमाः (सन्ति) ते अपि शेषं समस्तम् अपि अनृतम् नित्यं एव मुञ्चन्तु' - અર્થ :– જે પ્રાણી પોતાના ન્યાયપૂર્વકના જે ભોગ-ઉપભોગ તેના કારણભૂત જે સાવદ્ય (હિંસાસહિત) વચન ત્યાગવાને અસમર્થ છે તેઓએ બીજા બધાં જૂઠ વચનોનો હંમેશા ત્યાગ કરવો જોઈએ.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ભાવાર્થ :– જૂઠનો ત્યાગ બે પ્રકારે છે. એક સર્વથા ત્યાગ, બીજો એકદેશ ત્યાગ. સર્વથા ત્યાગ તો મુનિધર્મમાં જ બને છે તથા એકદેશ ત્યાગ શ્રાવકધર્મમાં હોય છે. જો સર્વથા ત્યાગ બની શકે તો ઉત્તમ જ છે, કદાચ કષાયના ઉદયથી (અર્થાત્ કષાયવશ) સર્વથા ત્યાગ ન બને તો એકદેશ ત્યાગ તો અવશ્ય જ કરવો જોઈએ. કારણ કે શ્રાવક અવસ્થામાં અન્ય જૂઠના સર્વ ભેદોનો ત્યાગ કરે છે પણ સાવદ્ય જૂઠનો ત્યાગ કરી શકે નહિ, તો ત્યાં પણ પોતાના ભોગ-ઉપભોગના નિમિત્તે જ સાવદ્ય જૂઠ બોલે, પ્રયોજન વિના બોલે નહિ. ૧૦૧.**

---

**'એના ત્યાગનો પ્રકાર :–'** હવે આના ત્યાગનો પ્રકાર એની હદ પ્રમાણે હોય એ બતાવે છે. પાંચમાગુણસ્થાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, અંશે શાંતિ સ્થિરતા સહિત એને આવા સાવદ્યયોગનો એને ભોગ, ઉપભોગના સાધનમાં કહેવું પડે એ સિવાયના ભાવના પાપનો ત્યાગ. પાંચમાગુણસ્થાનની એના ત્યાગની મર્યાદા કેટલી છે એની વાત કરે છે.

**भोगोपभोगसाधनमात्रं सावद्यमक्षमा मोक्तुम्।**
**ये तेऽपि शेषमनृतं समस्तमपि नित्यमेव मुञ्चन्तु।।१०१।।**

**'જે જીવ ભોગ-ઉપભોગના સાધનમાત્ર...'** એ ખુલાસો પછી આગળ કરશે, હોં! એકવાર ભોગવાય ને વારંવાર ભોગવાય, આગળમાં આવશે. સમજાણું? કપડા આદિ વારંવાર ભોગવાય, દાળ-ભાત એકવાર (ભોગવાય). એવા સાધનમાં **'સાવદ્યવચન છોડવાને અસમર્થ છે...'** શ્રાવક આવા ભોગ-ઉપભોગના સાધનમાં સાવદ્યવચન છોડવાને અસમર્થ છે. કારણે કે, પડ્યો છે ને એમાં? ભોગ-ઉપભોગમાં શ્રાવક પડ્યો છે. મુનિ છે એ તો છૂટી ગયા છે. સમજાણું કાંઈ? એ સંબંધી તો એને સાવદ્યવચન હોય છે, એ છોડવા સમર્થ હોય શકે નહિ.

**'તેઓ પણ બાકીના સમસ્ત અસત્ય ભાષણનો નિરન્તર ત્યાગ કરે.'** લ્યો! એને જે ભોગ-ઉપભોગ છે કે સગા-વહાલા સંબંધીમાં જે છે, એ સિવાય બાકીના સમસ્ત અસત્ય ભાષણનો એટલે તીવ્ર એવા પાપનો ત્યાગ કરે તો ભાષણનો ત્યાગ થયો કહેવામાં આવે છે. સમજાણું? પાઠ તો એમ છે ને? **'अनृतं समस्तमपि नित्यमेव मुञ्चन्त'** એમ જ કહે ને? જૂઠું બધું થોડું, ભાષા તો એમ જ હોયને? શ્રાવકને સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ભોગ-ઉપભોગ સાધનના પરિણામ તો એને હોય છે, એટલા સાવદ્યના. એ દોષ તો છે પણ એનો ત્યાગ કરવા સમર્થ નથી. એ સિવાયના વિશેષ ભોગ-ઉપભોગ, પ્રયોજન વિના વગર કારણે એવા સાવદ્યના વચનો ન કહેવા. એનો ત્યાગ (કરે).

**''ये अपि भोगोपभोगसाधनमात्रं सावद्यं मोक्तुम् अक्षमाः** (सन्ति) **ते अपि शेषं समस्तम् अपि अनृतम् नित्यं एव मुञ्चन्तु' - અર્થ :– જે પ્રાણી પોતાના ન્યાયપૂર્વકના જે ભોગ-**

www.vitragvani.com



**ઉપભોગ...'** ન્યાયપૂર્વક એટલે? એને જેમકે સ્ત્રી હોય, દીકરા-દીકરી હોય એના લગન કે એના પ્રસંગમાં હોય છે ને? નિશ્ચયની અપેક્ષાએ અન્યાય છે પણ વ્યવહારની, પર્યાયની એની યોગ્યતા અપેક્ષાએ એને ન્યાય કહેવામાં આવે છે. **'પોતાના ન્યાયપૂર્વકના જે ભોગ-ઉપભોગ તેના કારણભૂત જે સાવદ્ય (હિંસાસહિત) વચન ત્યાગવાને અસમર્થ છે...'** સમજાણું? પોતાના સ્ત્રી, દીકરા, દીકરી, વેપાર, મકાન, ગાય, ભેંસ આદિ હોય એમાં એમ કહે કે, ભાઈ! આ નાખો ખડ આને, ફલાણું કરો. સમજાણું? એ ભાવ તો હિંસા છે પણ એની ભૂમિકા પ્રમાણમાં એને એ હિંસા હોવા છતાં એની ભૂમિકાને વાંધો નથી. તીવ્ર હિંસાનો ત્યાગ હોય. સમજાણું કાંઈ?

**'તેઓએ બીજા બધાં જૂઠ વચનોનો હંમેશા ત્યાગ કરવો જોઈએ.'** આ તો વિવેક પાંચમા ગુણસ્થાનની દશામાં દૃષ્ટિમાં, શ્રદ્ધામાં રાગમાત્ર હેય છે એવું અંદર બેઠુ છે. છતાં અસ્થિરતામાં સ્થિરતાની કચાસને લઈને અસ્થિરતામાં પોતાના ભોગ-ઉપભોગના સાધનમાં એટલા પરિણામ એને હોય છે. એથી વિશેષ એને તીવ્ર પરિણામ ન હોય. એ વાત અહીંયા સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા, હા એની ભૂમિકામાં આવું જ હોય, એથી વધારે પાપના પરિણામ ન હોય એમ કહે છે. પંચમગુણસ્થાનમાં એની દશા પ્રમાણે પરિણામ હિંસા આદિના હોય. શ્રદ્ધા નિર્વદ્ય છે, જ્ઞાન નિર્વદ્ય છે, કેટલાક પરિણામ શુદ્ધ થયા તે નિર્વદ્ય છે. પણ કેટલાક પરિણામમાં સાવદ્યપણું હોવા છતાં તેનો ત્યાગ કરી શકવાનો અસમર્થ છે. તો તીવ્ર પાપના પરિણામ છોડવા એમ અહીંયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ચરણાનુયોગ વંચાય છે. કહો, કોઈ દિ' શ્રાવકનું વાંચ્યું નથી. 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માંથી વાંચ્યું હતું, પણ એ થોડું થોડું હોય ને! ઉપાસક સંસ્કાર, શ્રાવક દેશવ્રતોદ્યોતન. આ તો આખું પુસ્તક જ એનું છે, ચરણાનુયોગનું. ઘણી ગાથાઓ એ જ છે.

મુમુક્ષુ :– શ્રાવકનું પ્રયોજન તો સિદ્ધ થાય છે.

ઉત્તર :– શું સિદ્ધ થાય છે? શું પ્રયોજન સિદ્ધ થાય છે? પણ એ તો એના પરિણામ એટલા વેપારના ત્યાગના ભાવ નથી. તેથી પૈસા મળે છે કે મળે છે એ પ્રશ્ન અહીં નથી. એને એટલો વેપારાદિના પરિણામના સાવદ્યનો ભાવ છોડી શકતો નથી, એટલું. છોડી શકે તો તો મુનિ થઈ જાય. તો તો મુનિ થઈ જાય. સાચા મુનિની વાત છે ને? અંતર આત્માના દર્શન, જ્ઞાનના ભાન સહિત. સમજાણું કાંઈ?

પ્રયોજન સિદ્ધ થાય, શું કહે છે કીધું આ? એમ કહે પૈસા-બૈસા મળે છે ને! એ તો સિદ્ધ થાય છે ને વેપાર-ધંધો તો ચાલે છે ને! એ તો એના ચાલવા ટાણે ચાલે એનો પ્રશ્ન અહીં છે નહિ. પણ એને પાપના પરિણામમાં, તીવ્ર પાપના પરિણામ છોડી શકે છે. થોડા પાપના પ્રસંગમાં એ ભૂમિકાએ તે છોડવાને અસમર્થ છે. ભોગના પરિણામ થાય, વેપારના

પરિણામ થાય, છોકરાને લગનના થાય. કહો, સમજાણું? મરે આદિમાં દાનના પરિણામ થાય, દાડાના પરિણામ થાય, દાડો કરે ને? દાડો. 'ન્યાલભાઈ'! આ મોટો ડોસો મરી જાય તો તમારું પાછળથી બધા ભેગા થઈને કરશે. એ તો એની આબરૂ માટે કરશે. આહાહા! કહે છે કે, એવા ભાવ એને એટલા તો હોય છે. એટલો બધો છૂટી જાય તો તો મુનિ થઈ જાય. એને તો પછી એ જાતનો કાંઈ વિકલ્પ જ હોય નહિ. પણ આને આવા જાતના ભાવ હોય છે એ ઉપરાંત વિશેષના ભાવ હોતા નથી એમ કહેવું છે.

**'જૂઠનો ત્યાગ બે પ્રકારે છે.'** જુઓ! છે ને? **'એક સર્વથા ત્યાગ,...'** મુનિને. બિલકુલ સાવદ્ય વચનનો શબ્દ જ ન હોય એને. સમજાણું? કાલ એક જણો આવ્યો હતો. અમસ્તી વાત કરતા નીકળી વાત. એણે કીધું મેં ફલાણાની સાથે સગપણ તોડી નાખ્યું. આઠ મહિના પહેલા અહીં નહોતું કહ્યું? પણ આપ એમાં રાજી નહોતા દેખાતા. અર..ર..ર..! એટલે એણે પેલું તોડ્યું ને... એ વખતે આપ આમ (રાજી નહોતા દેખાતા). પણ ત્યારે શું સારું કર્યું એમ કહું? કીધું. અમારે શું પણ? તમે સગપણ કર્યા એમાં મારે શું? એવી કાંઈક ભાષા બોલ્યો, રાજીપો નહોતો તમારો. લે! મેં કીધું, આ શું કહે છે? મને તો ખબર પણ નથી. પોતાના બચાવ માટે કેટલું કરે! કહો.

કહે છે, મુનિને સર્વથા સાવદ્યનો ત્યાગ હોય છે. એ કોઈના લગન કરે ને આ સારી કન્યા છે ને આ તમારે ઠીક છે ને એવું વચન એને હોય નહિ. ગૃહસ્થાશ્રમમાં એટલો બધો ત્યાગ એને ન હોય. **'બીજો એકદેશ ત્યાગ. સર્વથા ત્યાગ તો મુનિધર્મમાં જ બને છે...'** સ્થિરતાની વાત છે અંદરમાં, હોં! દૃષ્ટિ ને જ્ઞાન તો બન્નેના શુદ્ધ જ છે. સ્થિરતામાં શ્રાવકને ઓછી સ્થિરતા છે તેથી વિશેષ હિંસાના ત્યાગના પરિણામ એને નથી. સામાન્ય હિંસાના પરિણામ તો છે, સાવદ્ય જૂઠા બોલવાના પણ પરિણામ તો છે. સમજાણું?

**'સર્વથા ત્યાગ તો મુનિધર્મમાં જ બને છે તથા એકદેશ ત્યાગ શ્રાવકધર્મમાં હોય છે. જો સર્વથા ત્યાગ બની શકે તો ઉત્તમ જ છે, કદાચ કષાયના ઉદયથી (અર્થાત્ કષાયવશ) સર્વથા ત્યાગ ન બને તો એકદેશ ત્યાગ તો અવશ્ય જ કરવો જોઈએ.'** કહો, સમજાણું? **'કારણ કે શ્રાવક અવસ્થામાં અન્ય જૂઠના સર્વ ભેદોનો ત્યાગ કરે છે પણ સાવદ્ય જૂઠનો ત્યાગ કરી શકે નહિ,...'** કારણ કે, એટલું તો એને વેપાર-ધંધા, સ્ત્રી, કુટુંબ આદિ છે ને? વહાણના ધંધા હોય મોટા અનેક પ્રકારના. **'તો ત્યાં પણ પોતાના ભોગ-ઉપભોગના નિમિત્તે જ સાવદ્ય જૂઠ બોલે,...'** બોલે એટલે ત્યાં હોય, બોલવાની છૂટ આપે છે એમ નથી. એને એવો ભાવ હોય છે. (જૂઠ) બોલવું એમ નથી ન્યાં કાંઈ. **'પ્રયોજન વિના બોલે નહિ.'** વગર કારણે એવા હિંસાના જૂઠા વચનો હોય નહિ. એટલી મર્યાદા પંચમગુણસ્થાનમાં સ્થિરતાના વિવેકની અંદરમાં આટલો વિવેક એને હોય છે. દૃષ્ટિમાં તો સર્વથા બિલકુલ ત્યાગ છે. સર્વથા. જ્યારથી દૃષ્ટિ થઈ ત્યારથી વિકલ્પમાત્રનો ત્યાગ છે. એ આવે છે ને? 'પ્રવચનસાર'માં

www.vitragvani.com



ચરણાનુયોગમાં શરૂઆતમાં, નહિ? પેલા રજા માગે છે એમાં. એમાં 'જયચંદ્રજી પંડિતે' લખ્યું છે કે દૃષ્ટિની અપેક્ષાએ તો સર્વથા ત્યાગ પહેલેથી છે. આ તો સ્થિરતાના ત્યાગની અપેક્ષાએ વાત ચાલે છે. એટલે શ્રાવકને તીવ્ર પાપના પરિણામ હોય શકે નહિ, તો એનું પંચમગુણસ્થાન રહી શકે. એ વાત લેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૦૨

ત્રીજા ચૌર્યપાપનું વર્ણન :–

अवितीर्णस्य ग्रहणं परिग्रहस्य प्रमत्तयोगाद्यत्।
तत्प्रत्येयं स्तेयं सैव च हिंसा वधस्य हेतुत्वात्।।१०२।।

અન્વયાર્થ :– [ यत् ] જે [ प्रमत्तयोगात् ] પ્રમાદકષાયના યોગથી [ अवितीर्णस्य ] આપ્યા વિના [ परिग्रहस्य ] સુવર્ણ વસ્ત્રાદિ પરિગ્રહનું [ ग्रहणं ] ગ્રહણ કરે છે [ तत् ] તેને [ स्तेयं ] ચોરી [ प्रत्येयं ] જાણવી જોઈએ. [ च ] અને [ सा एव ] તે જ [ वधस्य ] વધનું [ हेतुत्वात् ] કારણ હોવાથી [ हिंसा ] હિંસા છે.

ટીકા :– 'यत् प्रमत्तयोगात् अवितीर्णस्य परिग्रहस्य ग्रहणं तत् स्तेयं प्रत्येयं, च सैव हिंसा (भवति) वधस्य हेतुत्वात्' અર્થ :– જે પ્રમાદના યોગથી દીધા વિના સુવર્ણ વસ્ત્રાદિ પરિગ્રહનું ગ્રહણ કરવું તેને જ ચોરી કહે છે. તે જ ચોરી હિંસા છે. કેમકે પોતાના અને પરના જીવના પ્રાણઘાતનું કારણ છે.

ભાવાર્થ :– પોતાને ચોરી કરવાના ભાવ થયા તે ભાવહિંસા અને જે પોતાને ચોર જાણતાં પ્રાણનો વિયોગ કરવામાં આવે તે દ્રવ્યહિંસા. જે જીવની વસ્તુ ચોરવામાં આવી તેને અંતરંગમાં પીડા થઈ તે તેની ભાવહિંસા છે અને તે વસ્તુના નિમિત્તે તેના જે દ્રવ્યપ્રાણ પુષ્ટ હતા તે પુષ્ટ પ્રાણોનો નાશ થયો, તે દ્રવ્યપ્રાણોમાં પીડા થઈ એ કારણે પરની દ્રવ્યહિંસા. આ રીતે ચોરી કરવાથી ચોરી કરનારની તથા જેની ચોરી થઈ છે તેની દ્રવ્યહિંસા અને ભાવહિંસા બન્ને પ્રકારે થાય છે. ૧૦૨.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**પ્રવચન નં. ૪૮ ગાથા–૧૦૨ થી ૧૦૬ બુધવાર, જ્યેષ્ઠ વદ ૬, તા. ૨૮-૦૬-૧૯૬૭**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૧૦૧ ગાથા પૂરી થઈ. સત્ય, સત્યવ્રતની. સમ્યગ્દર્શન સહિત અહિંસા ને સત્યવ્રત કેવા હોય એનું વર્ણન કર્યું. **'ત્રીજા ચૌર્યપાપનું વર્ણન :–'**

**अवितीर्णस्य ग्रहणं परिग्रहस्य प्रमत्तयोगाद्यत्।**
**तत्प्रत्येयं स्तेयं सैव च हिंसा वधस्य हेतुत्वात्।।१०२।।**

**'જે પ્રમાદકષાયના યોગથી આપ્યા વિના સુવર્ણ વસ્ત્રાદિ પરિગ્રહનું ગ્રહણ કરે છે...'** સોનું, વસ્ત્રાદિ. **'તેને ચોરી જાણવી જોઈએ. અને તે જ વધનું કારણ હોવાથી હિંસા છે.'** અહીં તો પાંચેયમાં હિંસા સિદ્ધ કરે છે. જૂઠું બોલવામાં પણ હિંસા છે, હિંસામાં તો હિંસા છે, ચોરીમાં પણ હિંસા છે.

**''यत् प्रमत्तयोगात् अवितीर्णस्य परिग्रहस्य ग्रहणं तत् स्तेयं प्रत्येयं, सैव हिंसा** (भवति) **वधस्य हेतुत्वात्' અર્થ :– જે પ્રમાદના યોગથી દીધા વિના સુવર્ણ વસ્ત્રાદિ પરિગ્રહનું ગ્રહણ કરવું તેને જ ચોરી કહે છે. તે જ ચોરી હિંસા છે.'** એ ચોરીનો ભાવ જ હિંસા છે. **'કેમકે પોતાના અને પરના જીવના પ્રાણઘાતનું કારણ છે.'** ચોરી જ પોતાના ને પરના પ્રાણઘાતનું કારણ છે. ચોરીમાં હિંસા છે, ભાવ ને દ્રવ્ય હિંસા એ વાત સિદ્ધ કરે છે.

**'પોતાને ચોરી કરવાના ભાવ થયા તે ભાવહિંસા...'** કષાય થયો એ જ આત્મામાં ભાવહિંસા થઈ. **'અને જે પોતાને ચોર જાણતાં પ્રાણનો વિયોગ કરવામાં આવે તે દ્રવ્યહિંસા.'** થઈ. કોઈ ચોર જાણીને મારે, પ્રાણનો નાશ થાય એ દ્રવ્યહિંસા થઈ. **'જે જીવની વસ્તુ ચોરવામાં આવી તેને અંતરંગમાં પીડા થઈ...'** એની વસ્તુ લઈ લીધી, એને અંતરમાં પીડા થઈ. **'તે તેની ભાવહિંસા છે...'** એ સામાની ભાવહિંસા એમાં નિમિત્ત થયો, એમ અહીં તો વાત છે. અહીં તો એમ કહે છે, ભાવહિંસા કરે એમ ભાષા આવે છે ને વ્યવહારથી. અહીં એમ નથી લેવું કે પેલા રાગનો ત્યાગકર્તા પણ નથી એવો આત્મા. એય...! અહીં તો એનું પર્યાયનું પરિણમન ચોરીનું, હિંસાનું, જૂઠાનું થાય છે એ એની પર્યાયમાં એના પ્રાણની હિંસા (થાય છે), એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પર્યાયનયમાં શું થાય છે એમ સિદ્ધ કરવું છે ને?

વસ્તુ તો વસ્તુ છે, વસ્તુની દૃષ્ટિ જે થઈ છે એમાં તો રાગનું કરવું પણ નથી ને રાગનું ટાળવું એ વસ્તુમાં નથી. એટલે કે હિંસા, અસત્ય, ચોરી પર્યાયમાં થાય એ દ્રવ્ય સ્વભાવ નથી, તેમ એનો ત્યાગ એ પણ દ્રવ્ય સ્વભાવ નથી. સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ ચૈતન્ય આનંદ ને જ્ઞાનમૂર્તિ (છે). આ હિંસા, જૂઠુંનું પરિણમવું એ પણ એનો સ્વભાવ નથી. એટલે કે રાગનું કરવું કહો કે હિંસાનું કરવું કહો, એ કાંઈ એનો સ્વભાવ નથી. તેમ હિંસાદિના પરિણામનો ત્યાગ કરવો એ પણ કાંઈ એનો સ્વભાવ નથી, વસ્તુમાં છે એ? એવી દૃષ્ટિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોવા છતાં પર્યાયમાં અસ્થિરતા ને સ્થિરતા કેમ થાય છે, એનું આ વર્ણન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના ગાણા ગાવા, જેના છે એમ છે, ગાણા શું ગાય? પર્યાયનયે વાત કરીને? પર્યાયમાં, પર્યાયમાં થાય એ વ્યવહારનયનો વિષય છે. નિશ્ચય છે એ દ્રવ્ય વિષય છે. પર્યાયમાં હિંસા થાય, હિંસાનો ત્યાગ થાય એ બધો પર્યાય વ્યવહારનયનો વિષય છે, ત્રિકાળની અપેક્ષાએ. પણ પરના ત્યાગની અપેક્ષાએ તેનો નિશ્ચયનો વિષય છે. એનો પર્યાય છે ને એનામાં? હિંસા પણ એની પર્યાય છે ને હિંસાનો ત્યાગ પણ એની પર્યાયમાં થાય છે. એ અપેક્ષાએ પરની અપેક્ષાએ તો એ નિશ્ચય છે. નયચક્ર ભારે આકરું, કહ્યું હતું ને પહેલું?

કહે છે કે, ચોરી કરવામાં પોતાના પ્રાણ હણાણા અને બીજાને ખબર પડી કે, આણે ચોરી કરી તો તેને મારે, આંખો ફોડે, કાન તોડે ને મારી નાખે. તો એ પણ દ્રવ્યપ્રાણ હણાણાને? અને બીજાના પ્રાણ પણ હણાણા. અંતરંગ પીડા થઈ, સામાની ભાવહિંસા થઈ. **'અને તે વસ્તુના નિમિત્તે તેના જે દ્રવ્યપ્રાણ પુષ્ટ હતા...'** જુઓ! **'પુષ્ટ હતા તે પુષ્ટ પ્રાણોનો નાશ થયો,...'** એની પાસે કાંઈ પૈસા હતા, સમજાય છે ને? ધન, ધાન્ય, સંપત્તિ આદિ વસ્તુ હતી એ લીધી તો એને માનતો, એને પુષ્ટ હતો દ્રવ્યપ્રાણ. સમજાણું?

મુમુક્ષુ :– શરીર મોળું પડી જાય.

ઉત્તર :– શરીર મોળું પડી જાય ને આ લાકડી હાથમાં લેવી પડે. **'દ્રવ્યપ્રાણ પુષ્ટ હતા તે પુષ્ટ પ્રાણોનો નાશ થયો,...'** એટલે એને એ પ્રાણ મળેલાને? વસ્તુ આદિ. એને રાગનો આઘાત થઈ ગયો અને બાહ્યપ્રાણ જે છે, એ બાહ્યપ્રાણ છે ને બધા? લક્ષ્મી આદિ એ બાહ્યપ્રાણ છે, એ પુષ્ટ ઓછા થઈ ગયા. એ પણ બાહ્યપ્રાણનો નાશ થયો. સમજાણું કાંઈ? હિંસા ને અહિંસા ઉપર બહુ સરસ વાત (છે). સમજાણું?

**'તે દ્રવ્યપ્રાણોમાં પીડા થઈ એ કારણે પરની દ્રવ્યહિંસા. આ રીતે ચોરી કરવાથી ચોરી કરનારની તથા જેની ચોરી થઈ છે તેની દ્રવ્યહિંસા અને ભાવહિંસા બન્ને પ્રકારે થાય છે.'** કહો, સમજાણું આમાં? ચોરીના ભાવ કરનારને ભાવ પ્રાણની હિંસા થઈ. જ્ઞાન, શાંતિ, આનંદની પર્યાય પ્રગટ ન થતાં એટલો ચોરીનો રાગ (થયો) એ ભાવહિંસા થઈ. એના શરીરને પણ કોઈ નુકસાન કરે દ્રવ્યપ્રાણ, પોતે પણ નુકસાન કરે કદાચ, ખબર પડી કે બીજાને મારું. ઘણા અત્યારે નથી (કરતા)? અહીં થપાટ મારે છે ને આમ કરે છે. એને નુકસાન થયું બાહ્ય-દ્રવ્યપ્રાણને, સામાને જેની ચોરી થઈ એના ભાવપ્રાણની હિંસા થઈ અને એના દ્રવ્યપ્રાણ પુષ્ટ હતા તે મોળા પડી ગયા. એટલા બાહ્યપ્રાણનું પુષ્ટ હતું સાધન તે ઘટ્યું. કહો, સમજાણું આ? ચાર પ્રકારની હિંસા સિદ્ધ કરી. ચોરી કરનારને પોતાના ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણ, બીજાના ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણ. આ રીતે ચોરી છે એ હિંસા છે.

www.vitragvani.com



# ગાથા–૧૦૩

ચોરી પ્રગટપણે હિંસા છે :–

**अर्था नाम य एते प्राणा एते बहिश्चराः पुंसाम्।**
**हरति स तस्य प्राणान् यो यस्य जनो हरत्यर्थान्।।१०३।।**

અન્વયાર્થ :– [ यः ] જે [ जनः ] મનુષ્ય [ यस्य ] જે જીવના [ अर्थान् ] પદાર્થો અથવા ધન [ हरति ] હરે છે [ सः ] તે મનુષ્ય [ तस्य ] તે જીવના [ प्राणान् ] પ્રાણ [ हरति ] હરે છે, કેમકે જગતમાં [ ये ] જે [ एते ] આ [ अर्था नाम ] ધનાદિ પદાર્થો પ્રસિદ્ધ છે [ एते ] તે બધા જ [ पुंसां ] મનુષ્યોને [ बहिश्चराः प्राणाः ] બાહ્યપ્રાણ [ सन्ति ] છે.

ટીકા :– 'ये एते अर्था नाम एते पुंसाम् बहिश्चराः प्राणाः सन्ति यस्मात् यः जनः यस्य अर्थान् हरति स तस्य प्राणान् हरति' - આ જે પદાર્થો છે તે મનુષ્યના બાહ્યપ્રાણ છે. તેથી જે જીવ જેનું ધન હરે છે, ચોરે છે તે તેના પ્રાણને જ હરે છે.

ભાવાર્થ :– ધન, ધાન્ય, સંપત્તિ, બળદ, ઘોડા, દાસ, દાસી, ઘર, જમીન, પુત્ર, સ્ત્રી, વસ્ત્રાદિ જેટલા પદાર્થો જે જીવને છે તે જીવને એટલા જ બાહ્યપ્રાણ છે. તે પદાર્થોમાંથી કોઈ પદાર્થનો નાશ થતાં પોતાના પ્રાણઘાત જેટલું જ દુઃખ થાય છે. તેથી પદાર્થોને જ પ્રાણ કહેવામાં આવ્યા છે. જેમ કે अन्नं वै प्राणाः इति वचनात् - (અન્ન તે જ પ્રાણ છે એ વચન પ્રમાણે.) ૧૦૩

---

હવે **'ચોરી પ્રગટપણે હિંસા છે :–'** એને સિદ્ધ કરે છે.

**अर्था नाम य एते प्राणा एते बहिश्चराः पुंसाम्।**

લ્યો, પ્રાણ કીધા પ્રાણ એને. બધાને ધનને, ધાન્યને, સંપત્તીને, બળદ, ઘોડા, દાસ, દાસી, ઘર, જમીન, પુત્રી, સ્ત્રી, વસ્ત્ર, દાગીના એ બધા એના પ્રાણ છે, બાહ્ય પ્રાણ છે. વ્યવહારપ્રાણ, બાહ્યપ્રાણ.

મુમુક્ષુ :– અર્થપ્રાણ કહેતા હશે.

ઉત્તર :– અર્થપ્રાણ એટલે પૈસા.

મુમુક્ષુ :– દસપ્રાણ કરતાં એ કિમતી છે.

ઉત્તર :- આ દસપ્રાણની કિંમત વધારે.. ધૂળની નથી માની છે. ભાવપ્રાણ અહીં છે, દ્રવ્યપ્રાણ શરીરના છે, બાહ્ય-દ્રવ્યપ્રાણ છે આ બધા. લક્ષ્મી આદિ પણ બધા દ્રવ્યપ્રાણ છે.

મુમુક્ષુ :- પ્રાણ જતાં હોય તો જતાં કરે પણ પૈસો જતો ન કરે.

ઉત્તર :- ન કરે. જુઓ!

**अर्था नाम य एते प्राणा एते बहिश्चराः पुंसाम्।**
**हरति स तस्य प्राणान् यो यस्य जनो हरत्यर्थान्।।१०३।।**

**અન્વયાર્થ :- 'જે મનુષ્ય જે જીવના પદાર્થો અથવા ધન હરે છે...'** એની વ્યાખ્યા મોટી કરશે. **'તે મનુષ્ય તે જીવના પ્રાણ હરે છે,...'** લ્યો! એ પદાર્થો લે, એનો દાગીનો લઈ લે, વસ્ત્ર લઈ લે, એની સ્ત્રી લઈ લે, કોઈ મકાન લઈ લે વગેરે. તો એના પ્રાણ હરે છે. **'કેમકે જગતમાં જે આ ધનાદિ પદાર્થો પ્રસિદ્ધ છે તે બધા જ મનુષ્યોને 'बहिश्चराः प्राणाः' બાહ્યપ્રાણ છે.'** 'મલૂપચંદભાઈ'! જાજા પ્રાણ થઈ ગયા એટલે બહુ પ્રાણ થઈ ગયા એની પાસે. પૈસાના પ્રાણ.

**'ये एते अर्था नाम एते पुंसाम् बहिश्चराः प्राणाः सन्ति यस्मात् यः जनः यस्य अर्थान् हरति स तस्य प्राणान् हरति'** લ્યો! **'આ જે પદાર્થો છે તે મનુષ્યના બાહ્યપ્રાણ છે.'** આઘાત લાગી જાય છે, જરીક આમ પાંચ હજાર ચોરાય જાય એટલે આમ થઈ જાય અંદર. ભાવને તો ધક્કો લાગે, શરીર મોળું પડી જાય. પાંચ, પચાસ લાખ થઈ જાય ત્યાં શરીર આવડું થઈ જાય. બાહ્યપ્રાણ છે ને એ? અંદર તો હિંસા થાય છે, હોં! દરેક પ્રાણ પુષ્ટ થાય છે. એને જ્યાં હણે બીજો તો એના ભાવપ્રાણ પણ હણાય છે ને દ્રવ્યપ્રાણ પણ હીણા થાય છે, ઓછા થાય છે, ઓછા થાય છે, હીણા થાય છે. ઘણું હતું ને ઓછું થયું એ પણ દ્રવ્યપ્રાણની હિંસા થઈ કહેવાય છે.

મુમુક્ષુ :- આ 'મલુપચંદભાઈ'ને ... આથી અડધું હતું.

ઉત્તર :- તો એ એને પૈસાને લઈને થયું છે? એ તો અમે જોયું નથી? પેલા સામે રહેતા ખત્રી સામે મેડી, ન્યાં અંદરમાં. ખબર છે ને બધી. આની કોર પેટી-બેટી રહેતી પેલા કપડાની ને ફલાણું-ઢીંકણું, બધું ખબર છે, ત્યારે શરીર અડધું હતું. વાત સાચી. એને લઈને થયું નથી. એ તો રજકણો એના આવવાના હોય એટલે થાય. ઘણા પૈસાવાળા પાતળા રહે છે, લ્યો.

**'આ જે પદાર્થો છે તે મનુષ્યના બાહ્યપ્રાણ છે.'** આહા..! મકાન, પાંચ લાખનું મકાન, પચ્ચીસ લાખ પૈસા, આઠ-આઠ છોકરા મોટા લાંબા ઘોડા જેવા, છ હાથના લાંબા અને એક એક કરોડ કરોડની પેદા કરતો હોય તો કેવું એને આમ પુષ્ટિ... પુષ્ટિ... પુષ્ટિ... ... આહાહા! **'તેથી જે જીવ જેનું ધન હરે છે,...'** જે સામાની લક્ષ્મી લૂંટે છે, **'ચોરે છે તે તેના પ્રાણને જ હરે છે.'** ભારે વ્યાખ્યા! આવી વ્યાખ્યા બીજે આટલી સ્પષ્ટ નથી. બાહ્યપ્રાણ ચોખા કીધા.

www.vitragvani.com



અન્નપ્રાણમાં આવે છે ને? દાખલો આપશે. આવે છે ને અન્નપ્રાણ, 'સમયસાર' માં આવે છે. આયુષ્યનો ભાગ કાઢી નાખ્યો.

**ભાવાર્થ :– 'ધન,...'** એ લક્ષ્મી જીવના બાહ્યપ્રાણ છે. જેવા બાહ્ય દસ પ્રાણ છે એ નજીકના છે. બાહ્ય આઘા, લક્ષ્મી, લક્ષ્મી મનુષ્યના બાહ્યપ્રાણ છે. પૈસા. **'ધાન્ય,...'** અનાજના ઢગલા, લ્યોને. એમાંથી લઈ લે તો પેલાને નુકસાન થાય છે ને કે, અરે..! માંડ ભેગું કર્યું હતું. એમાં અત્યારે વળી પાછું. આ ખેડુતે બિચારાએ એક ... ભેગુ કર્યું એમાંથી કોઈ દિવાસળી મુકે. બાર મહિનાની મહેનત... તલના મોટા તલસણા સળગાવી દીધા. બબ્બે હજારના તલ, હોં! તૈયાર, ઘણા વર્ષ પહેલાની વાત છે. 'સમઢીયાળા' 'નાગરભાઈ'. તે દિ' બે હજારના તલ એટલે અત્યારે વીસ હજારના થાય, ઘણા વર્ષની વાત છે. કોઈકે દીવાસળી મુકી દીધી. તૈયાર થઈ ગયેલા એ સળગાવી દીધા. 'નાગરભાઈ' વાત કરતા હતા, 'નાગરભાઈ' આ તો ઘણા વર્ષની વાત છે, હોં! ૪૦-૪૫ વર્ષની વાત છે. કહો, **'ધાન્ય...'** ધાન્ય. તલ, ઘઉં, બાજરો આદિ હોય એને ઘટાડે, લૂંટી જાય, ચોરી જાય, બાળી નાખે. સામાના બાહ્યપ્રાણને હણે છે ને? એટલા બાહ્યપ્રાણ ઘટે છે ને?

**'સંપત્તિ,...'** લ્યો! બધી. ઘરનો ઘરવખરો. કેટલો મુક્યો હોય, સોનાના પેલા ને થાળીઓ ને વાટકા ને બધું કેટલું હોય. સરખાયનું મુક્યું હોય એમાં લઈ જાય કોઈ. **'બળદ,...'** સારા બળદ હોય, લ્યો! એ બળદ એ બાહ્યપ્રાણ છે એના. સારો બળદ હોય હજારનો ને અત્યારે એમાંથી ચોરીને કો'ક ઉપાડી જાય. આમ થઈ જાય, વિચાર આવી જાય, મારો બળદ ઊઠ્યો હતો આપણા ઘરેથી, કેવડો ખવડાવીને મોટો ખરે ટાણે કામ લેવા ટાણે લઈ ગયા. કહો, 'માણેકચંદભાઈ'! ખેડુવાળાને બળદની વધારે ખબર પડે. 'મલૂપચંદભાઈ'ને ક્યાં બળદ હતો. ઊંચા બળદ હોય છે. રાજના મોટા ઊંચા બળદ, બહુ ઊંચા હોય પાંચ પાંચ હજારના. મોટા પુષ્ટિ થયેલા હોય.

આ **'ઘોડા,...'** ઘોડા, લ્યો! બળદ પછી ઘોડા. નહોતા ઘોડા ઊંચા? ખબર નથી? 'પાળિયાદ'માં દીક્ષા થઈ. બે ઘોડા સળગ્યા. મોટા ઘોડા ઊંચા. સમજાણું? બહુ ઊંચા ઘોડા હતા એના. હેઠે ઘાસ નાખેલા. ઊંચા ઘોડા એટલે હેઠે... આમ પડે તો ઓલું નુકસાન ન થાય. ઘાંસની પથારી. બાંધેલા એમાં ક્યાંક દિવાસળી આવી ગઈ ક્યાંકથી, હેઠે સળગ્યું, ઊભા ઊભા ઘોડા બળ્યા. દીક્ષાનું હતું, 'પાળિયાદ'માં. ઘોડા એવા જબરા કે બેસે નહિ. છેલ્લે સ્થિતિ એવી થઈ બધું સળગ્યું. પછી ખબર પડી, ત્યાં તો સળગી ગયેલા. છેલ્લી સ્થિતિએ પડી ગયા, ત્યાં સુધી ઊભા ઊભા બળ્યા. જેના હતા એને (થયું) અરે..! અમારા પાળેલા પોષેલા. આ લોકોને આઘાત થઈ ગયો ઘણો કે, અરે..! દીક્ષાનો પ્રસંગ ને આ શું થયું? મોટા ઘણી કિંમતના ઘોડા હતા. મોટા ઊંચા. તે દિ'! આ તો ઘણા વર્ષ થયા એને, હોં! એને વીસ પચ્ચીસ વર્ષ થયા હશે. ઘોડા ઊંચા થાય છે ને? બબ્બે લાખના ઘોડા

જુઓને! 'અમેરીકા'માં આ શરતના ઘોડા. એમાં જરીક કાંઈક કાન તૂટી ગયો હોય ને કાંઈક થઈ ગયું હોય તો આમ થઈ જાય એને. એની હોય પેલા, શું કહેવાય? ડૉક્ટર તો હોય પણ આ... શું કહેવાય આ? એને પૈસા દે ને? ચાલીસ હજાર ને પચાસ હજાર. વીમો, વીમો એના વીમા કર્યા હોય. ઘોડાના વીમા હોય, બબ્બે લાખના. આહા..! એનો અંદર જરી ફેરફાર થાય તો દુઃખ થઈ જાય. બાહ્યપ્રાણ છે.

**'દાસ,...'** લ્યો! નોકરો, નોકરો. નટીઓ એવી હોય ને.. સમજ્યા ને? નાચતી હોય ને? તમારા પાર્ટી, બાર્ટીમાં. એ બાય એવી હોય તો એને બબ્બે લાખ દેવા પડે. બહુ ઊંચા હોય તો ઘણું દેવું પડે અને એણે વીમા ઉતાર્યા હોય. એને જે શોભામાં જરી કાંઈ નાકમાં ફેર પડે તો પેલાવાળાને દેવું પડે, ડૉક્ટરો ધ્યાન રાખે એનું. 'પોપટભાઈ'! આવું સાંભળેલું છે, આપણને ક્યાં ખબર છે. બબ્બે લાખ રૂપિયાના એણે વીમા ઉતારેલા હોય. પેદાશ મોટી હોય જેને. બધા વીમા, કંઠના, અવાજના, અવાજમાં ઢીલો કેમ પડ્યો, પેલું કેમ થયું, નાકની અણી ફેરફાર કેમ થઈ, એમ એના પૈસા ઉપજતા હોય તો એના બધા વીમા (ઉતારે). જરીક કાંઈક મોળુ પડે તો નાચનારની કિંમત ન રહે. આમ કેમ થયું? વીમાવાળાને દેવા પડે.

**'દાસ, દાસી,..'** દાસ માણસ લ્યો, મોટા ઊંચા નોકરો. એ તો તમને ખબર છે કે નહિ? બે લાખ ઊભા ઊભા ભરવા પડ્યા હતા. તમારા પેલામાં ફિલ્મમાં કે, ભાઈ! નવો છે બે લાખ આપો. તો અહીં તમારામાં આવું, તરત ઊભા ઊભા બેઠા ને બે લાખ એને 'અમદાવાદ'માં દેવા મુશ્કેલ પડશે. પેલાને બે લાખ ભરવા પડ્યા, ફડાક. એના ઉપર આજીવિકા હોય, કરવું શું? આ ના પાડે છે. એક બે લાખ તરત (આપ્યા). એવા દાસ, દાસી હવે એને કોઈ ખુબ ફંફેડે ને પેલુ થાય તો કેટલું થઈ જાય, લ્યો! સમજાણું?

આ ભાઈ કહેતા હતા ને? 'પુનમચંદ ગોદીકા' ને ત્યાં એક મુસલમાન છે વીસ વર્ષનો. પન્નાનો બહુ હોશિયાર છે. આ પોતે પન્નાનો બાદશાહ જ કહેવાય છે, હોં! બધા એના વખાણ કરે. પન્નાની એને પરીક્ષા છે, 'પુનમચંદ'ને. એને ઘડીકમાં લાખો પેદા થાય છે. પરીક્ષા બહુ છે. પેલા મુસલમાનને એક મહિને બે, ત્રણ હજાર પડે. હવે એને પણ કાંઈક થાય તો પેલાને શેઠને આઘાત લાગે. કારણ કે, પાછો આવો માણસ મળશે નહિ. એવો બીજા માગે છે એને કહે છે, ભાઈ! મારે ત્યાં આવો તો હું તને મહિને પાંચ હજાર આપું. નહિ. હું તો અહીં જ રહેવાનો, મને આણે નાની ઉંમરમાંથી પોષ્યો છે. મહિને બે, ત્રણ હજાર, ત્રણ હજાર મળે છે એના. કહો, એવા જરીકમાં ફેરફાર થાય તો પેલાને આમ ધક્કો લાગી જાય.

**'ઘર,...'** મકાન, મકાન. મકાનના પણ હોય છે ને વીમા મોટા. પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખના વીમા. એના ... શું કહેવાય? પ્લાસ્ટર, પાકું પ્લાસ્ટર છે કે નહિ? ફલાણું છે કે નહિ? એના મોટા પાછા વીમા હોય, મોટા દસ-દસ લાખના, વીસ-વીસ લાખના મકાનના.

www.vitragvani.com



અને સાધારણ મકાન હોય તો હલી ગયું હતું ને? જુઓને! 'નારણભાઈ'નું મકાન ત્યાં હલ્યું હતું, પેલા 'પાળિયાદ'માં. થયું હતું ને આમ? ધક્કો ન્યાં લાગ્યો. ભાઈ! વીમો ઉતારો, વીમાવાળો કહે અત્યારે ન હોય. અત્યારે વીમો ઉતારાય? 'પાળિયાદ'માં સાત ગાઉ છેટું તારું રામપુર. ધક્કો લાગે છે, તુટી જાય છે એનો વીમો ન હોય. ગયા હતા વીમો ઉતારવા, ખબર છે. ત્રીસ હજારના મકાન અત્યારે સાંઈઠ હજારે ન થાય. આ જો તડો પડી. 'પાળિયાદ'માં તડો પડી ગઈ હતી, બહુ મોટા મોટા મકાનમાં. 'પાળિયાદ'માં પડી હતી. હલ્યું હતું ને અંદર હેઠેથી. માઈલ છેટે. કંઈક તૂટી ગયા મકાન. આમ વચ્ચે કટકા પડ્યા, થઈ રહ્યું. એ ઘર પણ એક બાહ્યપ્રાણ છે, દ્રવ્યપ્રાણ કહો આમ બાહ્ય, આ દ્રવ્યાપ્રાણ આ છે પણ પેલા બાહ્યના છે ને? ધક્કો લાગે ત્યાં અંદર થઈ જાય. લખાણમાં કેવું કર્યું કે, દ્રવ્યપ્રાણ પુષ્ટ હતા તે પુષ્ટ પ્રાણોનો નાશ થયો. જાજા હતા ને એમાં ઘટાડ્યું એ દ્રવ્યપ્રાણનો નાશ કર્યો.

**'જમીન,...'** જમીન, જમીન આ વાવવાની જમીન લીધી હોય, લ્યોને. પચાસ, સો વીઘા, પાંચસો, હજાર, બે લાખ, લાખ, બે લાખની જમીન (લીધી હોય) એમાંથી કો'ક... જમીન બાહ્યપ્રાણ છે. **'પુત્ર,...'** લ્યો! પુત્ર પણ આવ્યો, એ બાહ્યપ્રાણ છે, એના ઉપર જીવન છે. કહો, પુત્ર સારા હોય, દીકરા સારા હોય તો આમ થાય ને આપણી શોભા વધે, ફલાણું થાય. એમાં કાંઈક એનું ઢીલું પડે તો હાય..હાય..! બાહ્યપ્રાણ છે, બાહ્યપ્રાણ. સમજાણું? ક્યાં ગયો? 'જીતુ'!

મુમુક્ષુ :– ભાવનગર.

ઉત્તર :– ભાવનગર, ભણવા. સમજાણું?

**'સ્ત્રી,...'** સ્ત્રી દ્રવ્યપ્રાણ, બાહ્યપ્રાણ. એને કાંઈ થાય તો એને આમ ધક્કો લાગી જાય. હવે એને કાંઈક થાય, મંદવાડ જો હાલ્યો આઠ દિ' ને એમાં લાગે કે, આ તાવ ઘટતો કેમ નથી? બતાવો ભાઈ! અહીં 'જીથરી'. એમાં ચાંદા પડ્યા હોય એમ દેખે, ઘરમાં કોઈ ન મળે. હાય..હાય..! હવે શું કરવું? જુઓ! ભાવપ્રાણ હણાય. કોઈ સ્ત્રીને લઈ જાય, લ્યોને. **'વસ્ત્રાદિ...'** લ્યો! વસ્ત્ર, વસ્ત્ર. સારા વસ્ત્ર હોય એને ઉપાડી જાય. દ્રવ્યપ્રાણ છે ને? એના બાહ્યપ્રાણ છે ઇ. દાગીના એમ લઈ લેવું.

**'જેટલા પદાર્થો જે જીવને છે...'** પછી હવે બધા. જેટલી જે વસ્તુ (હોય તે બધી). વાસણ, કુસણ એના સમજ્યા ને? બધા પ્રકારના. અનેક પ્રકાર. મોટરો આવી, મોટર તે દિ' ક્યાં હતી? મોટર, લ્યો, આ ગુંજામાં નાખે એ શું કહેવાય તમારે? ઇન્ડિપેન ઊંચી. પચાસ-પચાસ, સો-સો, બસ્સો રૂપિયાની. કો'ક (સાથે) આમ વાત કરતા હોય ને ઉપાડી જાય... અરે..! ક્યાં ગઈ? ધક્કો લાગી જાય એકદમ. મોટર ને એ ક્યાં હતું બધું? અત્યારે હોય એમ લઈ લેવું. **'જે જીવને છે તે જીવને એટલા જ બાહ્યપ્રાણ છે.'** જોયું? તેટલા જ બાહ્યપ્રાણ છે, જેટલા બાહ્ય પદાર્થ છે એટલા એના બાહ્યપ્રાણ છે. કારણ કે, બધાની એને મમતા છે.

મુમુક્ષુ :– સાવ બેસતી વાત છે.

ઉત્તર :– બેસતી વાત છે ને! પણ કહે છે દુઃખ થાય છે એમ કહેવું છે અહીં તો, બેસતી વાત એટલે? એમ કે જાજા પૈસા તો બાહ્યપ્રાણ ઘણા. બેસતી વાત છે. ધૂળમાં પણ .... માન્યું છે ને હું આવો છું. હું પાંચ લાખવાળો, દસ લાખવાળો, વીસ લાખવાળો. એમાંથી કાંઈ ધક્કો લાગી જાય થોડો તો કહે હાય..હાય..! મને ધક્કો લગાડ્યો, આમ કર્યું.

કહે છે, ભાઈ! **'તે પદાર્થોમાંથી કોઈ પદાર્થનો નાશ થતાં...'** એ પદાર્થમાંથી કોઈપણ પદાર્થ. સમજ્યા ને? ધન્ય, ધાન્ય, અનાજ, તલ, ઘઉં વાવેલા હોય ઇ, ઘરમાં હોય એ, સંપત્તિ બધી લક્ષ્મી. હીરા, માણેક, મોતી, પન્ના બધું લ્યોને. પોતાના પ્રાણઘાત જેટલું દુઃખ થાય છે. તેથી પદાર્થોને જ પ્રાણ કહેવામાં આવ્યા છે, ઠીક. પાઠમાં લીધું છે ને? **'बहिश्चराः पुंसाम्'** જુઓ! **'प्राणा एते बहिश्चराः'** 'અમૃતચંદ્રાચાર્યે' પાઠ લીધો છે. એ બાહ્ય ચાલનારા, બધા બહાર રહેનારા પ્રાણ છે એના. આહાહા! ભારે અધિકાર છે. એ પદાર્થનો નાશ થતાં, કોઈ લઈ જતાં, કોઈ બગડતા, ફૂટતા, તૂટતા એના પ્રાણના ઘાત જેટલું દુઃખ થાય, પોતાના પ્રાણઘાત જેટલું દુઃખ થાય છે. **'તેથી પદાર્થોને જ પ્રાણ કહેવામાં આવ્યા છે. જેમ કે अन्नं वै प्राणाः इति वचनात्'** લ્યો! અન્ન છે તે જ પ્રાણ, **'(અન્ન તે જ પ્રાણ એ વચન પ્રમાણે.)'** અન્ન તે પ્રાણ છે, આ પ્રાણનું નિમિત્ત છે ને એટલે વ્યવહારે એને પ્રાણ કહેવામાં આવ્યા છે.

## ગાથા–૧૦૪

**હિંસા અને ચોરીમાં અવ્યાપકતા નથી પણ વ્યાપકતા છે :–**

**हिंसायाः स्तेयस्य च नाव्याप्तिः सुघटमेव सा यस्मात्।**
**ग्रहणे प्रमत्तयोगो द्रव्यस्य स्वीकृतस्यान्यैः।।१०४।।**

**અન્વયાર્થ :– [ हिंसायाः ] હિંસામાં [ च ] અને [ स्तेयस्य ] ચોરીમાં [ अव्याप्तिः ] અવ્યાપ્તિદોષ [ न ] નથી, [ सा सुघटमेव ] તે હિંસા બરાબર ઘટે છે, [ यस्मात् ] કારણ કે [ अन्यैः ] બીજાના [ स्वीकृतस्य ] સ્વીકારેલા [ द्रव्यस्य ] દ્રવ્યના [ ग्रहणे ] ગ્રહણમાં [ प्रमत्तयोगः ] પ્રમાદનો યોગ છે.**

**ટીકા :– 'हिंसायाः स्तेयस्य अव्याप्तिः न सा सुघटमेव यस्मात् अन्यैः स्वीकृतस्य द्रव्यस्य ग्रहणे प्रमत्तयोगः भवति' - અર્થ :– હિંસામાં અને ચોરીમાં અવ્યાપકપણું નથી પણ સારી રીતે વ્યાપકપણું છે. કેમકે બીજાએ મેળવેલા પદાર્થમાં પોતાપણાની કલ્પના કરવી તેમાં પ્રમાદયોગ જ મુખ્ય કારણ છે.**

www.vitragvani.com



**ભાવાર્થ :– જો કોઈ જીવને કોઈ કાળે (જે સમયે) જ્યાં ચોરી છે ત્યાં હિંસા ન હોય તો અવ્યાપ્તિ નામ પામે, પણ પ્રમાદ વિના તો ચોરી બને નહિ. પ્રમાદનું નામ જ હિંસા છે અને ચોરીમાં પ્રમાદ અવશ્ય છે. માટે એમ સિદ્ધ થયું કે જ્યાં જ્યાં ચોરી છે ત્યાં ત્યાં અવશ્ય જ હિંસા છે. ૧૦૪.**

---

'**હિંસા અને ચોરીમાં અવ્યાપકતા નથી પણ વ્યાપકતા છે :–**' જો આવ્યું આ. અવ્યાપ્તિ નથી, સમજ્યા ને? અવ્યાપ્તિ નથી. પેલામાં અતિવ્યાપ્તિ પહેલી આવી હતી. સમજ્યા ને? આ દોષ ઠરાવે છે, પેલામાં આવી હતી ને? પહેલી હિંસામાં. અતિવ્યાપ્તિ પહેલી સ્થાપી છે, ૪૫ ગાથા. અતિવ્યાપ્તિ, સમજ્યા ને? ૪૬માં અવ્યાપ્તિ. અહીં પહેલી અવ્યાપ્તિ સ્થાપે છે પછી અતિવ્યાપ્તિ. આ બેમાં આવે છે આટલું, બીજામાં નથી આવતું.

**हिंसायाः स्तेयस्य च नाव्याप्तिः सुघटमेव सा यस्मात्।**
**ग्रहणे प्रमत्तयोगो द्रव्यस्य स्वीकृतस्यान्यैः ।।१०४।।**

લ્યો! '**હિંસામાં અને ચોરીમાં અવ્યાપ્તિદોષ નથી,...**' એટલે કે જ્યાં જ્યાં હિંસા, ત્યાં ત્યાં ચોરી, જ્યાં જ્યાં ચોરી, ત્યાં ત્યાં હિંસા. એમ કહે છે, ચોરી અને હિંસાને અવ્યાપ્તિ નથી, સંબંધ નથી એમ નથી. તે હિંસા બરાબર ઘટે છે. ચોરી, '**તે હિંસા બરાબર ઘટે છે, કારણ કે બીજાના સ્વીકારેલા દ્રવ્યના ગ્રહણમાં પ્રમાદનો યોગ છે.**' લ્યો! બીજાના સ્વીકારેલા બધા. માથે કીધા હતા ને? ધન, ધાન્ય, સંપત્તિ, બળદ, ઘોડા વગેરે. એના માનેલા, સ્વીકારેલા એ દ્રવ્યના ગ્રહણમાં પ્રમાદનો યોગ છે. પ્રમાદના યોગ વિના એ ગ્રહણ થઈ શકતું નથી. માટે હિંસા પ્રમત્તયોગાત્ એનું ત્યાં વ્યાપવું નથી એમ નથી. વ્યાપ્તિ બરાબર છે એમ કહે છે. જ્યાં જ્યાં ચોરી, ત્યાં ત્યાં હિંસા એ બરાબર બેસે છે. બધું હિંસા ઉપર ઉતાર્યું છે, પાંચે પાપ. આહાહા! પહેલેથી ઉતાર્યું છે ને, જુઓને! ....

મિથ્યાત્વ તે હિંસા, મહાહિંસા. મિથ્યાત્વ તે હિંસા. ભાવપ્રાણ હણાય છે, સમ્યગ્દર્શન. આહાહા! વસ્તુ સ્વભાવ ત્રિકાળનો સ્વીકાર ન કરતા એક રાગાદિ વિકલ્પનો સ્વીકાર, એ મિથ્યાત્વભાવ (છે). ચૈતન્ય સમ્યગ્દર્શનના ભાવપ્રાણની ઉત્પત્તિ સમ્યક્‌ની થવી જોઈએ તેને તે હણે છે. ઓહો..હો..! મૂળ વાત, મૂળ વાત ઇ. સમજાણું? ભગવાનઆત્મા પૂર્ણ ચૈતન્ય સ્વભાવ, પરિપૂર્ણ વસ્તુ સ્વભાવ એનો સ્વીકાર ન કરતા, અહીં પર પદાર્થનો સ્વીકાર આવે છે ને? આવા પદાર્થનો સ્વીકાર ન કરતા એક રાગમાત્રનો સ્વીકાર કરીને રહ્યો એ ભાવપ્રાણની હિંસા છે. સમજાણું?

અહીંયા તો સમ્યગ્દર્શન-જ્ઞાન થયું પછી પણ અસ્થિરતાના ભાવપ્રાણની હિંસા શું છે એનું વર્ણન કરે છે. જ્ઞાનીને પણ જેટલો ચોરીનો વિકલ્પ હોય છે એ પણ ભાવપ્રાણ છે.

www.vitragvani.com



હિંસા છે. પેલું મહાપ્રાણની હિંસા છે, આ અલ્પ અસ્થિરતાના પ્રાણની હિંસા છે.

જીવતરશક્તિ પહેલી લીધી છે ને? ૪૭ શક્તિમાં જીવતરશક્તિ પહેલી લીધી. જીવની જીવત્વશક્તિ. ભાવપ્રાણ–દર્શન, જ્ઞાન, આનંદ, સત્તા એવા ભાવપ્રાણને સ્વીકારતો ઉત્પન્ન કરતો નથી અને એકલા રાગાદિને ઉત્પન્ન કરે છે, એ મૂળ જીવનનો નાશ કરે છે અને એના પછી પણ જેટલો આ હિંસા, જૂઠું, ચોરીનો ભાવ હોય છે એટલી પણ ભાવહિંસા અસ્થિરતાની છે. જ્ઞાનીને છે એમ સિદ્ધ કરે છે અહીંયા. પછી જેટલો રાગનો ત્યાગ થઈને સ્થિરતા થઈ, હિંસાનો ત્યાગ, ચોરીનો ત્યાગ, જૂઠાનો જેટલી રાગની અસ્થિરતા ટળી, સ્થિરતા અંશ થયો એટલી એને ભાવદયા થઈ. ભાવદયા થઈ, ભાવ અહિંસા થઈ, લ્યો! પર્યાય પર્યાયની અહીં તો ખતવણી માંડી છે. દ્રવ્યની તો કરી અને પર્યાય પર્યાયમાં જેટલે અંશે હિંસા, જૂઠ, ચોરીનો ભાવ (થાય) એટલી પર્યાયમાં શુદ્ધિની ઉત્પત્તિ ન થાય એટલી એને હિંસા કહેવાય છે. સમજાણું કાંઈ? જેટલી શુદ્ધિની ઉત્પત્તિ થઈ અને અશુદ્ધતાનો ત્યાગ (થયો) એને ભાવદયા ને ભાવઅહિંસા કહેવામાં આવે છે. કહો. '**બીજાના સ્વીકારેલા દ્રવ્યના ગ્રહણમાં પ્રમાદનો યોગ છે.**'

**ટીકા :– ''हिंसायाः स्तेयस्य अव्याप्तिः न सा सुघटमेव यस्मात् अन्यैः स्वीकृतस्य द्रव्यस्य ग्रहणे प्रमत्तयोगः भवति' - અર્થ :– હિંસામાં અને ચોરીમાં અવ્યાપકપણું નથી...'** એટલે બેને સંબંધ નથી એમ નથી. '**પણ સારી રીતે વ્યાપકપણું છે.**' મેળ છે. જ્યાં જ્યાં ચોરીનો ભાવ ત્યાં ત્યાં હિંસા, જ્યાં જ્યાં હિંસા ત્યાં ચોરીનો ભાવ. '**કેમકે બીજાએ મેળવેલા પદાર્થમાં...**' લ્યો! ભાષા શું છે અહીં? લ્યો! અહીં તો પણ વ્યવહાર સમજાવવો છે તો શું કહે? એને આવ્યા હતા, અહીં રાગ હતો ને પૂર્વના પુણ્યે આવ્યા એથી એણે મેળવેલા એવું કથન કરીને વાત (કરે છે). એને હરે છે તે નુકસાન કરે છે એમ કહેવું છે. શું થાય? કથનની વાત શું? મેળવી શકે છે એ પ્રશ્ન જ ક્યાં છે? સમજાણું કાંઈ? વ્યવહારે કથન (એમ આવે કે) એની પાસે છે, એના પુણ્યથી મળેલા અને એને ભાવ હતો કે, હું મેળવું. એથી એને મળેલા છે એમ કહેવામાં આવ્યું છે.

'**કેમકે બીજાએ મેળવેલા પદાર્થમાં પોતાપણાની કલ્પના કરવી...**' આ બસ!. બીજાએ મેળવેલા પદાર્થમાં પોતાપણાની કલ્પના (કરવી કે) એ મારા છે, એ મારા છે. '**તેમાં પ્રમાદયોગ જ મુખ્ય કારણ છે.**' લ્યો! બીજાએ મેળવેલી આબરૂ, પૈસા, બધું, હોં!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બીજાની આબરૂ કે, એ નહિ, એ મારે લઈને રળી ખાય છે, એમ બોલે. મારા નામે રળી ખાય છે, અમારી દુકાન હતી એ દુકાન એને મળી ગઈ એ નામે રળી ખાય (છે). એમ કરીને એને ઊંચો આવવા દે નહિ. હણે છે ને? કેટલાક નોકરો હોય છે ને જુઓને! ઇ બરાબર દસ, પંદર વર્ષથી દુકાને બેઠો હોય. પછી મેળ કાંઈ ન ખાધો. ભાઈ!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મને તમે બે હજાર નોકરી આપો તો નહિ, ત્રણ હજાર આપો. પછી પેલો કહે નહિ, સામી દુકાન માંડે. 'છોટાભાઈ'! ખબર છે કે નહિ? બધે ઘણે ઠેકાણે થાય છે. સમજાણું? સામે માંડે તો એના ઓળખીતા ઘરાક ત્યાં જાય. અહીં મોઢા આગળ મુનિમ તરીકે કામ કરતો હોય. ઉઘરાણીના જે ઘરાક હોય એ ઘરાક ન્યાં જાય. અહીં ઓછું થઈ જાય. એવું છે ને? જગતમાં ચાલે છે ને!

**'બીજાએ મેળવેલા પદાર્થમાં પોતાપણાની કલ્પના કરવી...'** કો'કની ચીજને આ મારી છે, મારી છે એમ કલ્પના કરવી. આ હેઠલી જમીન લ્યો. જમીન આવી હતી કે નહિ? કો'કની જમીન હોય ભેળવીને મારી છે એમ કહેવી એ પણ પ્રાણહિંસા છે. કહો, સમજાણું કે નહિ? સો વારમાં મકાન કરવું હોય અને હોય આ પંચાણું વાર એટલે પાંચ વાર પેલાની દાબી દે પૂછ્યા વિના. હવે બીજું શું થાય? મકાન તો કરી લીધું, લ્યો ઠીક. મહાજન મા-બાપ સાચા પણ મારી ખીલી ખસે એવી નથી. કો'કની જમીન ભેળવે એ ચોરી છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભેળવી નાખીને પોતામાં! ઉપાડીને ક્યાં કટકો લઈ જાય છે ક્યાંય? ખેતરમાં ભેળવે કેટલાક, ખેતરમાં જુઓને! આમ બરાબર થોડું... થોડું... થોડું... થોડું વાડને બબ્બે ત્રણ, ત્રણ હાથ છેટી નાખતો જાય. એમ કરતાં કોઈ ધણી ન હોય તો ભેળવી દે બધું. એ જમીનની ચોરી છે. કો'કની જમીન પોતામાં નાખી દેવી એ પણ મોટી ચોરી છે. એનું કાંઈ ભાન ન મળે ને ચોરી શું છે એની તો ખબર ન મળે ને કહે અમે બહુ અહિંસક છીએ ને અમે બહુ પરોપકારી છીએ. કહો, સમજાણું કાંઈ?

બીજાને દેવા માટે કો'કનો પૈસો લઈ લે, કો'કનું અનાજ લઈ લે. અમે ક્યાં અમારા માટે (લીધા છે)? અમે તો બીજાને દેવા માટે દીધુ છે ને! ગરીબોને ખવરાવવા. પણ આ કો'કનું લૂંટીને? કપડા-બપડા તાકા બે, ચાર લઈ જાય. લઈ ગયો તો પણ કંઈ મારા ઘરે લઈ ગયો છું? ગરીબોને વહેંચવા લઈ ગયો. પણ આ કો'કના મારીને લઈ ગયો તું, તારા ઘરના પૈસા ખરચને. એ બધી ચોરી છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પોતાપણાની કલ્પના કરવી તેમાં પ્રમાદયોગ જ મુખ્ય કારણ છે.'** પ્રમાદ છે એમાં એનો, કષાય છે ભેગો માટે હિંસા છે. એ આત્માને પોતાને હિંસા થાય છે અને બીજાના પ્રાણની પણ હિંસા થાય છે.

**ભાવાર્થ :– 'જો કોઈ જીવને કોઈ કાળે (જે સમયે) જ્યાં ચોરી છે ત્યાં હિંસા ન હોય તો અવ્યાપ્તિ નામ પામે,...'** એમ કહે છે. અવ્યાપ્તિને સિદ્ધ કરે છે. **'જો કોઈ જીવને કોઈ કાળે (જે સમયે) જ્યાં ચોરી છે ત્યાં હિંસા ન હોય તો અવ્યાપ્તિ નામ પામે,...'** એટલે ચોરી ને હિંસા ન હોય તો અવ્યાપ્તિ મેળ નથી ખાતો. **'પણ પ્રમાદ વિના તો ચોરી બને નહિ.'** કોઈની ચીજ પોતાની કરી લેવી એમાં પ્રમાદ વિના બની શકે નહિ. પ્રમાદ પોતે ચોરી

www.vitragvani.com



છે અને એ ચોરી પોતે જ હિંસા છે.

**'પ્રમાદનું નામ જ હિંસા છે...'** એ કષાય આવ્યો ને? કો'કને સંઘરવાનો, કો'કની ચીજને પોતામાં લે એ જ પોતે ચોરી છે અને એ ચોરી જ હિંસા છે. હજી તો હિંસાની ખબર ન મળે અને (કહે) અમે અહિંસાના પાળનારા. આહા..! પછી પેલામાં કીધું હતું, ભાઈ! સત્‌ની સત્ય વાત કરે અને જેને ઊંધી બેઠી હોય એને દુઃખ થાય. પણ એનો હેતુ પ્રમાદનો નથી. આવ્યું હતું ને? હેયઉપાદેય અનુષ્ઠાનં એમાં પ્રમાદયોગ નથી. એ તો સત્ય વસ્તુ છે, બાપુ! આમ છે. વસ્તુના સ્વભાવની વિપરીત દૃષ્ટિ તારી છે. તારી ભલે એને વ્યક્તિગત ન કરે પણ કહે, આવું માને તે મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– આપણને મિથ્યાત્વી કહે છે.

ઉત્તર :– મિથ્યાત્વી કહે છે, મૂઢ કહે છે. અજ્ઞાની મૂઢો, આવે છે ને? બોલમાં આવે છે, બંધ અધિકાર. પરને જીવાડી શકું, મારી શકું એમ માનનાર અજ્ઞાની મૂઢ છે. કહો, બીજાને હું પૈસા આપી શકું, સંયોગો દઈ શકું, સુખ-દુઃખના સાધન દઈ શકું એમ માનનારો અજ્ઞાની મૂઢ છે. એને એના પુણ્ય-પાપના ઉદયે સંયોગ મળે, એમાં તેં શું આપ્યા? તારો મિથ્યાત્વભાવ છે. આહાહા..! અને એ મિથ્યાત્વ મોટું પાપ ને મોટી હિંસા છે. એની ખબર ન મળે ને અમે દયા પાળનારા, અમે અહિંસા પાળનારા. સમજાણું કાંઈ? કહો, 'પ્રવિણભાઈ'! આવી વ્યાખ્યા ક્યાંય સાંભળી નહિ હોય જિંદગીમાં. આહાહા! 'ન્યાલભાઈ'! આવી હિંસાની વ્યાખ્યા પણ ક્યાંય બીજે નથી. આહા..!

ધર્મીને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં જેટલો પ્રમાદભાવ આવે, કષાયભાવ આવે એટલી હિંસા છે. આહાહા! એકકોર કહે કે, સમકિતીને આસ્રવ-બંધ હોય નહિ. 'પોપટભાઈ'! આસ્રવ ને બંધ હોય નહિ. એ તો દૃષ્ટિના જોર ને દ્રવ્યના આશ્રયની અપેક્ષાએ વાત છે. પણ પર્યાયનો વિવેક જ્યાં બતાવે છે અને પર્યાયમાં જેટલો રાગ તેટલી હિંસા. જેટલો રાગ ઘટે સ્વરૂપને આશ્રયે તેટલી અહિંસા. જેટલો રાગ તેટલું જૂઠું, જેટલો રાગનો અભાવ થઈને સ્થિરતા એટલું સત્ય. આહાહા! સ્થિરતાની વાત છે. મુનિને પણ પંચમહાવ્રતના વિકલ્પ એટલે હિંસા. શુભજોગ છે ને એટલો? આહાહા! વીતરાગ માર્ગમાં આ હિંસા ને અહિંસાનું સ્વરૂપ ક્યાંય ત્રણકાળમાં બીજે (છે નહિ). વસ્તુની સ્થિતિ જેમ છે, એમ છે એમાં કાંઈ બીજી કલ્પના કરીને ક્યાં છે? વસ્તુ જ આવી છે ત્યાં.

કહે છે, **'પ્રમાદનું નામ જ હિંસા છે અને ચોરીમાં પ્રમાદ અવશ્ય (જરૂર) છે. માટે એમ સિદ્ધ થયું કે જ્યાં જ્યાં ચોરી છે ત્યાં ત્યાં અવશ્ય જ હિંસા છે.'** અવ્યાપ્તિ કાઢી નાખ્યું, કાઢી નાખ્યું. હવે અતિવ્યાપ્તિ. હિંસામાં પહેલી અતિવ્યાપ્તિ આવી હતી, પછી અવ્યાપ્તિ (લીધું હતું). હિંસામાં તો ઘણી ગાથાઓ (આવી).

www.vitragvani.com



## ગાથા–૧૦૫

હિંસા અને ચોરીમાં અતિવ્યાપ્તિ પણ નથી :–

नातिव्याप्तिश्च तयोः प्रमत्तयोगैककारणविरोधात्।
अपि कर्म्मानुग्रहणे नीरागाणामविद्यमानत्वात्।।१०५।।

અન્વયાર્થ :– [ च ] અને [ नीरागाणाम् ] વીતરાગી પુરુષોને [ प्रमत्तयोगैककारणविरोधात् ] પ્રમાદયોગરૂપ એક કારણના વિરોધથી [ कर्म्मानुग्रहणे ] દ્રવ્યકર્મ નોકર્મની કર્મવર્ગણાઓ ગ્રહણ કરવામાં [ अपि ] નિશ્ચયથી [ स्तेयस्य ] ચોરી [ अविद्यमानत्वात् ] ઉપસ્થિત ન હોવાથી [ तयोः ] તે બન્નેમાં અર્થાત્ હિંસા અને ચોરીમાં [ अतिव्याप्तिः ] અતિવ્યાપ્તિ પણ [ न ] નથી.

ટીકા :– 'च तयोः (हिंसा स्तेययोः) अतिव्याप्तिः च न अस्ति यतः नीरागाणां प्रमत्तयोगैककारण विरोधात् कर्मानुग्रहणे अपि हिंसायाः अविद्यमानत्वात्' - અર્થ :– હિંસા અને ચોરીમાં અતિવ્યાપ્તિપણું પણ નથી, અર્થાત્ ચોરી હોય અને હિંસા ન થાય એમ નથી. તથા હિંસા હોય અને ચોરી ન હોય એમ પણ નથી કેમકે વીતરાગી મહાપુરુષોને પ્રમાદસહિત યોગનું કારણ નથી, તે કારણે દ્રવ્યકર્મ-નોકર્મની વર્ગણાઓનું ગ્રહણ હોવા છતાં પણ ચોરીનો સદ્ભાવ નથી, પ્રમાદ ન હોવાથી. દીધા વિના વસ્તુનું ગ્રહણ તે ચોરી છે. વીતરાગી અર્હંત ભગવાનને કર્મ-નોકર્મ વર્ગણાઓનું ગ્રહણ હોય છે અને તે વર્ગણાઓ કોઈની આપેલી નથી માટે તેમને ચોરીનો પ્રસંગ આવે. પરંતુ પ્રમાદ અને યોગ વિના ચોરી હોતી નથી. પ્રમાદયોગ છે તે જ હિંસા છે તેથી અતિવ્યાપ્તિપણું નથી. જો હિંસા પ્રમાદ વિના ચોરી થઈ શકતી હોત તો અતિવ્યાપ્તિ દોષ આવત, પણ તે તો અહીં નથી. માટે એ વાત સિદ્ધ થઈ કે જ્યાં હિંસા નથી ત્યાં ચોરી પણ નથી અને જ્યાં ચોરી નથી ત્યાં હિંસા પણ નથી. ૧૦૫.

---

હવે હિંસા અને ચોરી એમાં અતિવ્યાપ્તિ એટલે વધારે થઈ જાય છે, અતિરેક થઈ જાય એમ પણ નથી. લાગુ ન પડે એમ નહિ, લાગુ જ પડે છે. આગળ બીજાને લાગુ પડી જાય આને ન પડે એમ નથી.

नातिव्याप्तिश्च तयोः प्रमत्तयोगैककारणविरोधात्।
अपि कर्म्मानुग्रहणे नीरागाणामविद्यमानत्वात्।।१०५।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જુઓ! અહીં નાખ્યું જોયું? પેલામાં હેય ઉપાદેય નાખ્યું હતું, સમજાણું ને? સત્યમાં. અહીં કર્માનુગ્રહણે. પેલા કેવળીને જરીક કર્મ ગ્રહણ થાય છે ને? કેટલી વાત મુકે છે! સત્યમાં સત્ય વાત સ્થાપે છે ને અસત્ય ઉથાપે છે એથી કોઈને દુઃખ લાગે એ પ્રમત્ત યોગ નથી માટે એને જૂઠું કહેવાતું નથી માટે હિંસા નથી.

અહીંયા ચોરીમાં '**अपि कर्म्मानुग्रहणे नीरागाणामविद्यमानत्वात्**' લ્યો! કહે છે, ચોરીના દાખલામાં શું આપે છે? કે, '**વીતરાગી પુરુષોને પ્રમાદયોગરૂપ એક કારણના વિરોધથી...**' કેવળીને પ્રમાદયોગ નથી. કેવળજ્ઞાની પરમાત્માને પ્રમાદયોગ નથી. '**દ્રવ્યકર્મ નોકર્મની કર્મવર્ગણાઓ ગ્રહણ કરવામાં આવે છે.**' કેવળીને પણ કર્મના રજકણો આવે છે. નોકર્મ શરીરના, ઔદારીકના પણ આવે છે. ક્યાં નાખ્યું, જોયું? કેવળજ્ઞાની પરમાત્માને પણ શાતા-વેદનીય આદિ કર્મના રજકણો આવે છે ને? આજ્ઞા વિના લીધા છે ને? કહે છે. પણ એ ક્યાં લે છે? પણ એટલો સંબંધ થાય છે, એટલો પણ અહીં પ્રમાદયોગ નથી માટે તેને ચોરી કહેવાતી નથી. ગ્રહણ કરવામાં, ભાષા જુઓને! લ્યો! કેવળી પણ દ્રવ્યકર્મને ને નોકર્મને ગ્રહણ કરે છે. પેલા કહે ને ભાષા પહેલે સમયે ગ્રહે, બીજે સમયે બોલે, ઠીક. અરે..! ભગવાન કઈ અપેક્ષા? અહીં તો ગ્રહણ એટલે એટલું આવે છે આમ, કંપન છે રજકણો આવે છે. શરીરના રજકણો પણ નામકર્મનો ઉદય છે એટલે શરીરમાં પરમ ઔદારિકના રજકણો આવે છે, આહાર વિના. એટલું આવે છે એમાં આજ્ઞા નથી. એ આવ્યું તો એને ચોરી કહેવાય? ના, પ્રમાદયોગ નથી. લ્યો!

મુમુક્ષુ :– એનો અર્થ કે બીજાને ચોરી લ્યે તો ચાલે.

ઉત્તર :– બીજાને લાગે. બીજાને એટલે? જેને ભાવનો પ્રમાદયોગ છે એ રીતે લે તો ચોરી છે એ. પ્રમાદયોગ કારણ છે ને? બીજાને આવે, આ બીજાને આવે પણ પ્રમાદયોગ છે માટે ચોરી કહેવામાં આવે છે. પ્રમાદયોગ ચોરી છે મૂળ. સમજાણું કાંઈ? કારણ તો એક જ છે. ભારે! દિગંબર મુનિઓની કથની ચીરી ચીરીને વાત. એક સમય સમયનો પણ દોષ કેવો છે એને વર્ણવે છે.

'**कर्म्मानुग्रहणे**' એમ શબ્દ છે ને? કર્મ અનુગ્રહણે, લ્યો! '**ગ્રહણ કરવામાં નિશ્ચયથી ચોરી ઉપસ્થિત ન હોવાથી...**' ''**स्तेयस्य अविद्यमानत्वात् तयोः' તે બન્નેમાં અર્થાત્ હિંસા અને ચોરીમાં અતિવ્યાપ્તિ પણ નથી.**' લ્યો! હિંસા ને ચોરીમાં અતિવ્યાપ્તિ પણ નથી એટલે ન્યાં ગઈ ત્યાં હિંસા થઈ એને એમ છે નહિ. ચોરી થઈને એને? કે, ના પ્રમત્તયોગ નથી માટે ચોરી નથી, માટે હિંસા પણ નથી. પ્રમત્તયોગ જ્યાં હોય ત્યાં હિંસાને ચોરી કહેવામાં આવે છે. પાણી જુઓને! ગૃહસ્થાશ્રમમાં પાણી કે આ પથ્થર, આ ધૂળ કે જગતની ચીજ પડી હોય, લે તો એને ચોરી ન ગણવામાં આવે. ગૃહસ્થની અપેક્ષાએ. પણ મુનિ લે તો ચોરી કહેવામાં આવે. કારણ કે, સર્વવિરતી છે. કો'કની અમસ્તી ધૂળ હોય તોપણ આજ્ઞા

www.vitragvani.com



વિના લેવાય નહિ. ગૃહસ્થ તો ધૂળ, તળાવના પાણી લ્યે છે ને? એટલો પ્રમત્તભાવ તો છે પણ પેલો તીવ્ર જે પ્રમાદ છે એવો એને નથી એટલે એને ચોરી ન કહેવાય એમ કહે છે. એટલો ભાવ મુનિને જો હોય તો ચોરી કહેવાય, એને હિંસા કહેવાય. મુનિ આજ્ઞા વિના તો કાંઈ ન લ્યે. ઓહો..હો..!

'**च तयोः** (**हिंसा स्तेययोः**)' હિંસા ને સ્તય એટલે ચોરી. '**अतिव्याप्तिः च न अस्ति यतः नीरागाणां प्रमत्तयोगैककारण विरोधात् कर्मानुग्रहणे अपि हिंसायाः अविद्यमानत्वात्**' સિદ્ધાંત મુક્યો. '**હિંસા અને ચોરીમાં અતિવ્યાપ્તિપણું પણ નથી,...**' કે, ત્યાં લાગુ પડી જશે. '**અર્થાત્ ચોરી હોય અને હિંસા ન થાય એમ નથી. તથા હિંસા હોય અને ચોરી ન હોય એમ પણ નથી. કેમકે વીતરાગી મહાપુરુષોને પ્રમાદસહિત યોગનું કારણ નથી,...**' લ્યો! પ્રમાદસહિત યોગનું કારણ નથી. યોગ લીધો પણ યોગને લઈને આવે છે ને? પ્રમાદ નથી ભેગો. સમજાણું?

પ્રમાદ અને યોગ વિના પાછી ભાષા એમ કરશે, હોં! બે પડ્યા ને ભેગા? પેલો યોગ છે, સમજ્યા ને? ભાઈ! યોગ છે પણ પ્રમાદ નથી એમ સિદ્ધ કરવું છે. યોગ છે એટલે કંપન છે અને રજકણો આવે છે પણ પ્રમાદ નથી માટે નથી. સમજાણું? બે છે, નાખશે ને અર્થમાં નાખશે. પરંતુ પ્રમાદ અને યોગ વિના ચોરી હોતી નથી. પેલી કોર આવશે, પેલી કોર બીજી લીટી, બીજી લીટી. પ્રમાદ અને યોગ વિના. આ બે સિદ્ધ કરવું છે ને? યોગ કંપન તો છે એથી રજકણો આવે છે પણ પ્રમાદ નથી માટે ચોરી નથી ને હિંસા નથી, ભારે વાત છે. કેમકે વીતરાગી મહાપુરુષોને પ્રમાદસહિત યોગનું કારણ નથી. આ ઇ આવ્યું ને? પ્રમાદસહિત યોગનું કારણ નથી. કંપન યોગ છે, રજકણો આવે છે પણ પ્રમાદપણું નથી.

'**તે કારણે દ્રવ્યકર્મ-નોકર્મની વર્ગણાઓનું ગ્રહણ હોવા છતાં...**' લ્યો! પેલો યોગ નિમિત્ત છે ને? એને લઈને દ્રવ્યકર્મ, નોકર્મ (છે). '**ચોરીનો સદ્ભાવ નથી,...**' ચોરી છે નહિ. 'प्रमत्तयोगात्' 'योगात्' નો અર્થ સંબંધ. પ્રમાદના સંબંધથી, પ્રમાદના યોગથી એવા બે અર્થ કીધા. બે કીધા. 'प्रमत्तयोगात्' પ્રમત્તના સંબંધથી એમ નહિ, એવો અર્થ નથી. પ્રમાદ અને યોગ એવા બે અર્થ કર્યા, બે અર્થ કર્યા. 'प्रमत्तयोगात्' પ્રમાદના સંબંધથી. પણ આણે આમ કર્યું. 'प्रमत्तयोगात्' પ્રમાદના સંબંધવાળો જે યોગ એ રીતે. પ્રમાદ અને યોગ, એવું બે કહ્યું ભાઈએ. 'ટોડરમલ્લજી'એ ખુલાસો કર્યો. માટે એમ વાત 'प्रमत्तयोगात्' પ્રમાદના યોગથી, સંબંધથી પ્રાણની હિંસા (છે).

'**કેમકે વીતરાગી મહાપુરુષોને પ્રમાદસહિત યોગનું કારણ નથી,...**' પ્રમાદસહિત યોગનું કારણ નથી, એમ નાખ્યું. જુદું પાડ્યું, જુદું પાડ્યું. '**તે કારણે દ્રવ્યકર્મ-નોકર્મની વર્ગણાઓનું ગ્રહણ હોવા છતાં...**' જુઓ! યોગ પણ છે ને પેલું છે પણ પ્રમાદ નથી. તે '**છતાં પણ ચોરીનો સદ્ભાવ નથી,...**' આહાહા! '**પ્રમાદ ન હોવાથી.**' જુઓ! '**પ્રમાદ ન હોવાથી. દીધા**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**વિના વસ્તુનું ગ્રહણ તે ચોરી છે.'** પેલું તો કીધું ને સદ્ભાવ નથી, પ્રમાદ ન હોવાથી. **'દીધા વિના વસ્તુનું ગ્રહણ તે ચોરી છે. વીતરાગી અર્હંત ભગવાનને કર્મ-નોકર્મ વર્ગણાઓનું ગ્રહણ હોય છે અને તે વર્ગણાઓ કોઈની આપેલી નથી માટે તેમને ચોરીનો પ્રસંગ આવે. પરંતુ પ્રમાદ અને યોગ વિના ચોરી હોતી નથી.'** એમ કીધું. 'ટોડરમલ્લજી'ની ટીકા પણ ધીરજથી કેટલી કરી, જુઓ!

**'પ્રમાદયોગ છે તે જ હિંસા છે...'** લ્યો! કષાયવાળો યોગ છે તે જ હિંસા છે. **'તેથી અતિવ્યાપ્તિપણું નથી.'** ત્યાં હિંસા લાગુ પડી જાય છે એમ નથી. **'જો હિંસા પ્રમાદ વિના ચોરી થઈ શકતી હોત તો અતિવ્યાપ્તિ દોષ આવત,...'** હિંસા પ્રમાદ વિના ચોરી થઈ શકતી હોત તો અતિવ્યાપ્તિ (દોષ આવે). **'પણ તે તો અહીં નથી. માટે એ વાત સિદ્ધ થઈ કે જ્યાં હિંસા નથી ત્યાં ચોરી પણ નથી...'** ત્યાં હિંસા નથી ત્યાં. **'અને જ્યાં ચોરી નથી ત્યાં હિંસા પણ નથી.'** લ્યો! એ અતિવ્યાપ્તિ દોષનો નિષેધ છે.

## ગાથા–૧૦૬

ચોરીના ત્યાગનો પ્રકાર :–

असमर्था ये कर्तुं निपानतोयादिहरणविनिवृत्तिम्।
तैरपि समस्तमपरं नित्यमदत्तं परित्याज्यम्।।१०६।।

અન્વયાર્થ :– [ ये ] જેઓ [ निपानतोयादिहरणविनिवृत्तिम् ] બીજાના કુવા, વાવ આદિ જળાશયોનું જળ વગેરેનું ગ્રહણ કરવાનો ત્યાગ [ कर्तुम् ] કરવાને [ असमर्थाः ] અસમર્થ છે [ तैः ] તેમણે [ अपि ] પણ [ अपरं ] અન્ય [ समस्तं ] સર્વ [ अदत्तं ] દીધા વિનાની વસ્તુઓ ગ્રહણ કરવાનો [ नित्यम् ] હંમેશા [ परित्याज्यम् ] ત્યાગ કરવો યોગ્ય છે.

ટીકા :– 'ये (जीवाः) निपानतोयादिहरणविनिवृत्तिम् कर्तुं असमर्थाः तैः (जीवैः) अपि नित्यं समस्तं अपरं अदत्तं परित्याज्यम्' - જે જીવો કુવા, નદીનું જળથી માંડીને માટી વગેરે વસ્તુઓ-જે સામાન્ય જનતાના ઉપયોગને માટે હોય છે-તેના ગ્રહણનો ત્યાગ કરવા અશક્ત છે તે જીવોએ પણ હંમેશા બીજાની દીધા સિવાયની બધી વસ્તુઓના ગ્રહણનો ત્યાગ કરવો જોઈએ.

ભાવાર્થ :– ચોરીનો ત્યાગ પણ બે પ્રકારે છે. એક સર્વથા ત્યાગ, બીજો એકદેશ ત્યાગ. સર્વથા ત્યાગ તો મુનિધર્મમાં જ હોય. તે જો બની શકે તો અવશ્ય કરવો. કદાચ ન બને

www.vitragvani.com



**તો એકદેશ ત્યાગ તો અવશ્ય કરવો જોઈએ. શ્રાવક કુવા-નદીનું પાણી, ખાણની માટી કોઈને પૂછ્યા વિના ગ્રહણ કરે તોપણ ચોરી નામ પામે નહિ, અને જો મુનિ તેને ગ્રહણ કરે તો ચોરી નામ પામે. ૧૦૬.**

હવે, **'ચોરીના ત્યાગનો પ્રકાર :–'** ચોરીના ત્યાગનું વર્ણન.

**असमर्था ये कर्तुं निपानतोयादिहरणविनिवृत्तिम्।**
**तैरपि समस्तमपरं नित्यमदत्तं परित्याज्यम्।।१०६।।**

જુઓ! આવ્યું હોં! **'જેઓ 'निपानतोयादिहरणविनिवृत्तिम्' બીજાના કુવા, વાવ આદિ જળાશયોનું જળ વગેરેનું ગ્રહણ કરવાનો ત્યાગ કરવાને અસમર્થ છે...'** ગૃહસ્થ એટલો ત્યાગ કરી શકતો નથી. સમજાણું? રસ્તામાં ધોરીયાનું પાણી આવે, ધોરીયા, તળાવ, કુવાનું પાણી, ન્હાવા ધોવા લે. **'બીજાના કુવા, વાવ આદિ જળાશયોનું જળ વગેરેનું ગ્રહણ કરવાનો ત્યાગ (ગૃહસ્થ) કરવાને અસમર્થ છે તેમણે પણ અન્ય સર્વ દીધા વિનાની વસ્તુઓ ગ્રહણ કરવાનો 'नित्यम्' હંમેશા ત્યાગ કરવો યોગ્ય છે.'** લ્યો! શ્રાવકની વાત છે. પંચમગુણસ્થાનમાં વાવાદિ પાણીનો ત્યાગ ન થઈ શકે પણ બીજો ચોરીનો તો એણે ત્યાગ કરવો જોઈએ.

**ટીકા :– 'જે જીવો કુવા, નદીનું જળથી માંડીને માટી...'** લ્યો! માટી હોય ને? જગતમાં પડી છે એ. માટી લે થોડી હાથમાં, માટી ખુલ્લી પડી છે. આ જંગલ જાય છે ને? જંગલ. માટી લે ધોવા. એનો ત્યાગ કરી શકતો નથી, ગૃહસ્થ એનો ત્યાગ ન કરી શકે. **'માટી વગેરે વસ્તુઓ-જે સામાન્ય જનતાના ઉપયોગને માટે હોય છે...'** લ્યો! વચમાં તરણા પડ્યા હોય અને કોઈ દાંત માટે લેવું પડ્યું, એનો ત્યાગ કરી શકે નહિ. દાંતમાં કાંઈ ભરાણું લ્યોને એને ખબર પડી. ગુવાર-બુવાર ખાધો હોય એના રેસા ભરાય ગયા હોય. રસ્તામાં ખબર પડી ને એમાં સળી લેવાનું મન થાય તો સળી લઈ લે. કોતરે છે ને? કેટલાક તો લોઢાની સળી સાથે રાખે. સમજાણું?

**'તેના ગ્રહણનો ત્યાગ કરવા અશક્ત છે...'** એટલે શું? સામાન્ય જનતાને માટે માટી, પાણી, સળી વગેરે હોય છે ને? એના ગ્રહણનો ત્યાગ કરવા ગૃહસ્થ અશક્ત છે. **'તે જીવોએ પણ હંમેશા બીજાની દીધા સિવાયની બધી વસ્તુઓના ગ્રહણનો ત્યાગ કરવો જોઈએ.'** આ સિવાયની બીજી ચીજો વગર દીધી લેવી એનો તો ત્યાગ કરવો જોઈએ. વિશેષ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૪૯ ગાથા–૧૦૬ થી ૧૧૧ ગુરૂવાર, જ્યેષ્ઠ વદ ૭, તા. ૨૯-૦૬-૧૯૬૭**

ચોરીનો પૂરો થાય છે. ભાવાર્થ છે, ૧૦૬ ગાથા. **'ચોરીનો ત્યાગ પણ બે પ્રકારે છે.'** આત્માના ભાન સહિતની ભૂમિકામાં જે ચારિત્ર દોષ છે એમાં એક ચોરીનો દોષ, એના ત્યાગના બે પ્રકાર છે. **'એક સર્વથા ત્યાગ, બીજો એકદેશ ત્યાગ. સર્વથા ત્યાગ તો મુનિધર્મમાં જ હોય. તે જો બની શકે તો અવશ્ય કરવો.'** મુનિપણું. ચોરીનો સર્વથા ત્યાગ થાય, કરવા જેવું તો એ જ છે. બાહ્ય-આભ્યંતર પરિગ્રહ રહિત, ભાવ આનંદના અનુભવનું પ્રચુર સ્વસંવેદન એવો જે ભાવ એ અચૌર્યભાવ પહેલો કરવો જોઈએ.

**'કદાચ ન બને તો એકદેશ ત્યાગ તો અવશ્ય કરવો જોઈએ.'** કદાચ પોતાના પુરુષાર્થની ખામીને લઈને એ સર્વથા ત્યાગ ન બને તો એકદેશ ત્યાગ તો જરૂર કરવો. દેશવિરતીની વ્યાખ્યા છે ને? **'શ્રાવક કુવા-નદીનું પાણી, ખાણની માટી કોઈને પૂછ્યા વિના ગ્રહણ કરે તોપણ ચોરી નામ પામે નહિ,...'** એ ચોરી નામ ન પામે દુનિયાને હિસાબે. દુનિયાને હિસાબે બાહ્યને હિસાબે ચોરી નામ ન પામે. **'અને જો મુનિ તેને ગ્રહણ કરે તો ચોરી નામ પામે.'** આભ્યંતર લોકોત્તર દૃષ્ટિની અપેક્ષાએ. સમજાણું? પાણી ને માટી પણ આજ્ઞા વિના ન લે.

## ગાથા–૧૦૭

કુશીલનું સ્વરૂપ :–

यद्वेदरागयोगान्मैथुनमभिधीयते तदब्रह्म।
अवतरति तत्र हिंसा वधस्य सर्वत्र सद्भावात्।।१०७।।

**અન્વયાર્થ :– [ यत् ] જે [ वेदरागयोगात् ] વેદના રાગરૂપ યોગથી [ मैथुनं ] સ્ત્રી-પુરુષોનો સહવાસ [ अभिधीयते ] કહેવામાં આવે છે [ तत् ] તે [ अब्रह्म ] અબ્રહ્મ છે અને [ तत्र ] તે સહવાસમાં [ वधस्य ] પ્રાણિવધનો [ सर्वत्र ] સર્વસ્થાનમાં [ सद्भावात् ] સદ્ભાવ હોવાથી [ हिंसा ] હિંસા [ अवतरति ] થાય છે.**

ટીકા :– 'यत् वेदरागयोगात् मैथुनं अभिधीयते तत् अब्रह्म भवति तत्र हिंसा अवतरति (यतः) सर्वत्र वधस्य सद्भावात्' - **જે પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદના પરિણમનરૂપ રાગભાવ સહિતના યોગથી મૈથુન અર્થાત્ સ્ત્રી-પુરુષે મળીને કામસેવન કરવું તે કુશીલ છે. તે કુશીલમાં હિંસા ઉત્પન્ન થાય છે. કારણ કે કુશીલ કરનાર અને કરાવનારને સર્વત્ર હિંસાનો**

www.vitragvani.com



**સદ્ભાવ છે.**

**ભાવાર્થ :– સ્ત્રીની યોનિ, નાભિ, કુચ અને કાંખમાં મનુષ્યાકારના અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ ઉત્પન્ન થાય છે, તેથી સ્ત્રી સાથે સહવાસ કરવાથી દ્રવ્યહિંસા થાય છે અને સ્ત્રી-પુરુષ બન્નેને કામરૂપ પરિણામ થાય છે તેથી ભાવહિંસા થાય છે. શરીરની શિથિલતાદિના નિમિત્તે પોતાના દ્રવ્યપ્રાણનો ઘાત થાય છે. પર જીવ સ્ત્રી કે પુરુષના વિકાર પરિણામનું કારણ છે અથવા તેને પીડા ઊપજે છે, તેના પરિણામ વિકારી થાય છે તેથી અન્ય જીવના ભાવપ્રાણનો ઘાત થાય છે. વળી મૈથુનમાં ઘણા જીવો મરે છે, એ રીતે અન્ય જીવના દ્રવ્યપ્રાણનો ઘાત થાય છે. ૧૦૭.**

---

હવે, '**કુશીલનું સ્વરૂપ...**' ત્રણ બોલ થયા. હિંસાનો ત્યાગ, જૂઠાનો ત્યાગ ને ચોરીનો ત્યાગ. દેશવિરતીપણે એટલે કુશીલ.

**यद्वेदरागयोगान्मैथुनमभिधीयते तदब्रह्म।**
**अवतरति तत्र हिंसा वधस्य सर्वत्र सद्भावात्।।१०७।।**

લ્યો! સર્વત્ર. ત્યાં એમ શબ્દ વાપર્યો. સમજ્યા ને? હિંસા ત્યાં સર્વત્ર છે. '**જે વેદના રાગરૂપ યોગથી...**' વિષય વાસનાના રાગના ભાગથી '**સ્ત્રી-પુરુષોનો સહવાસ...**' સહવાસ, સાથે વસવું '**એવું જે કહેવામાં આવે છે તે અબ્રહ્મ છે...**' વિષયની વ્યાખ્યા કરી. મૈથુન. જોડાણ, સહવાસ. '**તે સહવાસમાં પ્રાણિવધનો સર્વસ્થાનમાં...**' સર્વત્ર. '**સદ્ભાવ હોવાથી હિંસા થાય છે.**' જ્યાં જ્યાં વિષય વાસનાથી સહવાસ થાય (ત્યાં) બધે હિંસા થાય છે. હિંસા વિના ત્યાં હોય શકતું નથી.

'**यत् वेदरागयोगात् मैथुनं अभिधीयते तत् अब्रह्म भवति तत्र हिंसा अवतरति** (यतः) **सर्वत्र वधस्य सद्भावात्**'. '**જે પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદના પરિણમનરૂપ રાગભાવ સહિતના યોગથી મૈથુન અર્થાત્ સ્ત્રી-પુરુષે મળીને કામસેવન કરવું તે કુશીલ છે.**' રાગભાવથી એ રાગ જ હોય, એમાં વળી ન હોય એમ નહિ. રાગભાવ વિના હોય એમ છે નહિ. એટલે એમાં સર્વત્ર શબ્દ વાપરીને ... કાઢી નાખ્યો. '**રાગભાવ સહિતના યોગથી મૈથુન અર્થાત્ સ્ત્રી-પુરુષને મળીને કામસેવન કરવું તે કુશીલ છે. તે કુશીલમાં હિંસા ઉત્પન્ન થાય છે.**' ભાવ અને દ્રવ્ય બન્ને હિંસા છે. '**કારણ કે કુશીલ કરનાર અને કરાવનારને સર્વત્ર હિંસાનો સદ્ભાવ છે.**' બધે ઠેકાણે વિષયમાં હિંસા થાય છે.

**ભાવાર્થ :–** '**સ્ત્રીની યોનિ (ઉત્પત્તિ સ્થાન), નાભિ,...**' બધે ઠેકાણે જીવનું સ્થાન છે એમ કહે છે. સમજ્યા ને? '**કુચ અને કાંખમાં મનુષ્યાકારના અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ (બધે ઠેકાણે) ઉત્પન્ન થાય છે,...**' જ્યાં લીલાશ અને ચિકાસનો ભાગ છે એ બધે ઠેકાણે અસંજ્ઞી મનુષ્યના આકારે પંચેન્દ્રિય જીવ ઉત્પન્ન થાય છે. વીતરાગ સિવાય આ વાત (બીજે હોય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નહિ). અસંજ્ઞી. પેલા થોડા ઉપજે એ જુદી વાત છે, એ તો ગર્ભના ગર્ભજ. આ તો અસંજ્ઞી સમુર્છન ઉત્પન્ન થાય છે એની વાત છે. **'તેથી સ્ત્રી સાથે સહવાસ કરવાથી દ્રવ્યહિંસા થાય છે...'** એ અસંજ્ઞી સંમુર્છન મનુષ્યાકારે જીવ હોય છે એ બધાનો ત્યાં સંહાર થઈ જાય છે.

**'અને સ્ત્રી-પુરુષ બન્નેને કામરૂપ પરિણામ થાય છે...'** પેલી દ્રવ્યહિંસા કીધી, **'તેથી ભાવહિંસા થાય છે.'** બન્નેને વાસનાની તીવ્રતા આસક્તિ (થાય છે) એ જ હિંસા છે. રાગની તીવ્રતા છે ત્યાં ભોગમાં એ જ હિંસા છે. પોતાની હિંસા કરી એણે. આહાહા! બ્રહ્માનંદ ભગવાનઆત્મા, એ બ્રહ્મનો આનંદ જે ઉત્પન્ન થવો જોઈએ એ આનંદ ન ઉત્પન્ન કરતા એવા રાગની ઉત્પત્તિ કરી એ જ ભાવહિંસા છે. કહો, સમજાણું કાંઈ?

**'શરીરની શિથિલતાદિના નિમિત્તે પોતાના દ્રવ્યપ્રાણનો ઘાત થાય છે.'** શરીર નરમ પડી જાય, વીર્ય હિન થઈ જાય વગેરે થઈ જાય છે ને? ફીક્કુ શરીર થઈ જાય. ઘણા વીર્યપાત આદિ થવાથી શરીરની શિથિલતાદિના નિમિત્તે પોતાના દ્રવ્યપ્રાણનો પણ ઘાત થાય છે. એ પ્રાણ મંદ શિથિલ થઈ જાય છે. એ પણ દ્રવ્યપ્રાણનો ઘાત થાય છે, પોતાનો ભાવપ્રાણ ને દ્રવ્યપ્રાણ, પોતાના બન્ને.

**'પર જીવ સ્ત્રી કે પુરુષના વિકાર પરિણામનું કારણ છે...'** લ્યો! વિકાર પરિણામનું કારણ છે ને? પોતાના ને પરના બન્નેના અરસ-પરસ. **'અથવા તેને પીડા ઊપજે છે, તેના પરિણામ વિકારી થાય છે તેથી અન્ય જીવના ભાવપ્રાણનો ઘાત થાય છે. વળી મૈથુનમાં ઘણા જીવો મરે છે, એ રીતે અન્ય જીવના દ્રવ્યપ્રાણનો ઘાત થાય છે.'** સામાના. એમાં સંમુર્છન પ્રાણી મરે છે ને? દ્રવ્યપ્રાણ પણ હણાય છે. પોતાનો ભાવ હણાય છે અને પેલાનો દ્રવ્યપ્રાણ પણ હણાય છે.

## ગાથા–૧૦૮

**મૈથુનમાં પ્રગટ હિંસા છે :–**

हिंस्यन्ते तिलनाल्यां तप्तायसि विनिहिते तिला यद्वत्।
बहवो जीवा योनौ हिंस्यन्ते मैथुने तद्वत्।।१०८।।

**અન્વયાર્થ :– [ यद्वत् ] જેમ [ तिलनाल्यां ] તલની નળીમાં [ तप्तायसि विनिहिते ] તપેલા લોખંડનો સળિયો નાખવાથી [ तिलाः ] તલ [ हिंस्यन्ते ] બળી જાય છે. [ तद्वत् ] તેમ [ मैथुने ] મૈથુન વખતે [ योनौ ] યોનિમાં પણ [ बहवो जीवाः ] ઘણા જીવો [ हिंस्यन्ते ] મરે છે.**

www.vitragvani.com



ટીકા :– 'यद्वत् तिलनाल्यां तप्तायसि विनिहिते (सति) तिलाः हिंस्यन्ते तद्वत् योनौ मैथुने (कृते सति) बहवो जीवाः हिंस्यन्ते' - જેમ તલથી ભરેલી નળીમાં તપાવેલો લોખંડનો સળિયો નાખવાથી તે નળીના બધા તલ બળી જાય છે તેમ સ્ત્રીના અંગમાં પુરુષના અંગથી મૈથુન કરવામાં આવતાં યોનિગત જે જીવો હોય છે તે બધા તરત જ મરણ પામે છે એ જ પ્રગટરૂપે દ્રવ્યહિંસા છે. ૧૦૮.

'મૈથુનમાં પ્રગટ હિંસા છે :–'

हिंस्यन्ते तिलनाल्यां तप्तायसि विनिहिते तिला यद्वत्।
बहवो जीवा योनौ हिंस्यन्ते मैथुने तद्वत्।।१०८।।

'જેમ તલની નળીમાં...' તલ ભર્યા હોય નળીમાં. 'તપેલા લોખંડનો સળિયો નાખવાથી તલ બળી જાય છે. તેમ મૈથુન વખતે યોનિમાં પણ ઘણા જીવો (લાખો, કરોડો ઉત્પન્ન થયેલા હોય છે) મરે છે.' એમાં ભિનાશને લઈને જીવ ઉત્પન્ન હોય છે એ મરી જાય છે.

''यद्वत् तिलनाल्यां तत्पायसि विनिहिते (सति) तिलाः हिंस्यन्ते तद्वत् योनौ मैथुने (कृते सति) बहवो जीवाः हिंस्यन्ते' જેમ તલથી ભરેલી નળીમાં તપાવેલો લોખંડનો સળિયો નાખવાથી તે નળીના બધા તલ બળી જાય છે. તેમ સ્ત્રીના અંગમાં પુરુષના અંગથી મૈથુન કરવામાં આવતા યોનિગત જે જીવો હોય છે (રહેલા, ઉત્પન્ન થયેલા) તે બધા તરત જ મરણ પામે છે એ જ પ્રગટરૂપે દ્રવ્યહિંસા છે.' એ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાત બીજે નથી. સર્વજ્ઞે જોયું છે કે, જ્યાં જ્યાં એ ચિકાશના ભાગનો ભાગ ત્યાં ત્યાં મનુષ્યાકારે સંમુર્છન જીવો ઉત્પન્ન થાય છે. તદ્વર્ણા. એની હિંસા વિષયમાં થાય છે. માટે વિષયમાં પાપ જ છે, હિંસા જ છે. ક્યાંય એમાં અપવાદ નથી. સમજાણું કાંઈ?

## ગાથા–૧૦૯

કોઈ કહે કે અનંગક્રીડામાં તો હિંસા થતી નથી. તેને કહે છે :–

यदपि क्रियते किञ्चिन्मदनोद्रेकादनङ्गरमणादि।
तत्रापि भवति हिंसा रागाद्युत्पत्तितन्त्रत्वात्।।१०९।।

અન્વયાર્થ :– અને [ अपि ] એ ઉપરાંત [ मदनोद्रेकात् ] કામની ઉત્કટતાથી [ यत् किञ्चित् ] જે કાંઈ [ अनङ्गरमणादि ] અનંગક્રીડા [ क्रियते ] કરવામાં આવે છે. [ तत्रापि ] તેમાં પણ [ रागाद्युत्पत्तितन्त्रत्वात् ] રાગાદિની ઉત્પત્તિને કારણે [ हिंसा ] હિંસા [ भवति ]

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**થાય છે.**

**ટીકા :– 'यत् अपि मदनोद्रेकात् अनङ्गरमणादि किञ्चित् क्रियते तत्रापि हिंसा भवति रागाद्युत्पत्तितन्त्रत्वात्' - જે જીવ તીવ્ર ચારિત્રમોહ કર્મના ઉદયથી (ઉદયમાં જોડાવાથી) તીવ્ર કામવિકાર થવાને લીધે અનંગક્રીડા કરે છે ત્યાં પણ હિંસા થાય છે. કેમકે હિંસાનું થવું રાગાદિની ઉત્પત્તિને આધીન છે. જો રાગાદિ ન થાય તો હિંસા કદી થઈ શકતી નથી. માટે એ સિદ્ધ થયું કે અનંગક્રીડામાં પણ હિંસા થાય છે. ૧૦૯.**

---

'**કોઈ કહે કે અનંગક્રીડામાં તો હિંસા થતી નથી.**' જીવની વિશેષ ઉત્પત્તિ હોય ત્યાં ભલે સહવાસ કરવાથી પાપ લાગે પણ એ બીજા અંગોમાં ક્યાં? તો કહે છે, ભાઈ! બીજા અંગોમાં કરતા રાગની ઉત્પત્તિ છે, માટે રાગની ઉત્પત્તિ તે જ હિંસા છે.

**यदपि क्रियते किञ्चिन्मदनोद्रेकादनङ्गरमणादि।**
**तत्रापि भवति हिंसा रागाद्युत्पत्तितन्त्रत्वात्।।१०९।।**

લ્યો! '**એ ઉપરાંત કામની ઉત્કટતાથી...**' વિષયની, રાગની ઉત્કટતાથી '**જે કાંઈ અનંગક્રીડા...**' શરીરનો એ અવયવ છોડીને બીજા અવયવ સાથે અનંગ ક્રીડા–રમત કરવામાં આવે તેમાં પણ રાગાદિની ઉત્પત્તિને કારણે, તીવ્ર પ્રેમ રાગ, કારણે હિંસા, હરખ, રતિ એવી તીવ્રતા થવાથી હિંસા થાય છે. આત્માની પર્યાયમાં હિંસા થાય છે. કહો, સમજાણું? સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ આ પ્રકારનો જો રાગાદિ હોય તો એટલી હિંસા છે એમ કહે છે. એ છોડાવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિએ પણ દેશવિરતી તરીકે પોતાની સ્ત્રીને ન છોડી શકે બધી બીજી સ્ત્રી આદિનો ત્યાગ કરે. એવો અંદર રાગનો ભાગ ઘટાડે એનું નામ વિષયના ત્યાગની દેશવિરતી કહેવામાં આવે છે. કહો, સમજાણું?

**ટીકા :– 'જે જીવ તીવ્ર ચારિત્રમોહ કર્મના ઉદયથી (ઉદયમાં જોડાવાથી)...'** એટલે ઉદયથી એનો અર્થ એ છે ને. '**मोहोदयादुदीर्णो**' એમ છે ને? આ બાજુ ૧૧૧ '**मोहोदयादुदीर्णो**' એમ કહ્યું છે. અર્થ એમ કર્યો છે, કર્મના ઉદયથી ઉદયને પ્રાપ્ત થઈને એમ ભાષા વાપરી. જોયું? કર્મના ઉદયથી ઉદય પ્રાપ્ત. ન્યાં ઉદય નિમિત્ત છે અને ઉદય પ્રાપ્ત આ બાજુ છે એમ લીધું છે ત્યાં. ૧૧૧ ગાથા પરિગ્રહની. કારણ કે, '**मोहोदयादुदीर्णो**' એમ છે ને? કારણ કે મોહનો ઉદય તો છે પણ અહીં ઉદીરણા ઊંધો પુરુષાર્થ કર્યો ત્યારે એને ભાવ થયો છે. સમજાણું? એમ દરેકમાં એમ લેવું. આ શબ્દ અહીં ભલે લાગુ પાડ્યો '**मोहोदयादुदीर्णो**' એમ મોહનો ભલે ત્યાં ઉદય હોય પણ અહીં પુરુષાર્થ ઊંધો કરીને ઉદીરણા કરે છે ત્યારે તેને રાગ-દ્વેષાદિ થાય છે. કાંઈ કર્મનો ઉદય છે માટે રાગ-દ્વેષ થાય છે એમ નથી. જુઓ! પાઠ જ એવી જાતનો છે, હોં! તેમ અહીં લઈ લેવું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તીવ્ર ચારિત્રમોહના ઉદયમાં ઉદીરણાથી એટલે પોતાના ઊંધા પુરુષાર્થથી. '**તીવ્ર કામવિકાર થવાને લીધે...**' એ તો છે એ છે, હવે અહીં ઉદીરણા પોતે પુરુષાર્થની ઊંધાઈ કરે છે. રાગ, રાગ, રાગ, રતિ, હાસ્ય વગેરે ભાવને અનંગક્રીડામાં પણ ઉત્પન્ન કરે છે, એમ કહે છે. '**અનંગક્રીડા કરે છે ત્યાં પણ હિંસા થાય છે.**' ઓહો..હો..! અહીં તો રાગની ઉત્પત્તિને જ હિંસા (કહીને) એક જ સિદ્ધાંત બધે સિદ્ધ કરે છે. ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્યઆનંદ ને શુદ્ધસ્વભાવ, બસ! એની અંતરમાં ઉત્પત્તિ શુદ્ધઆનંદ આદિની થવી એનેજ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહપણું એને જ કહે છે. સમજાણું કાંઈ? એનાથી વિરુદ્ધ રાગાદિનો ભાવ તેને જ હિંસા, તેને જૂઠું, તેને ચોરી, તેને કુશિલ ને તેને મુર્ચ્છા ને તેને પરિગ્રહ (કહે છે). આહાહા! બાહ્ય કહેશે. ....

એ તો હવે આવશે. છોડીને આવ્યું હતું. ... બહિર પ્રાણ છે. બાહ્યપ્રાણ છે. નિમિત્ત છે ને? નિમિત્ત લેવું છે. પરિગ્રહમાં પણ લેશે બાહ્ય નિમિત્ત છે ને. નિમિત્ત છે, નિમિત્તને આશ્રયે મમતા થાય છે, નિમિત્તને આશ્રયે રાગ થાય છે. નિમિત્ત કરાવતું નથી પણ એને આશ્રયે થાય છે. સમજાણું?

'**કેમકે હિંસાનું થવું રાગાદિની ઉત્પત્તિને આધીન છે.**' આત્માનો સ્વભાવ તદ્દન વીતરાગ સ્વરૂપ છે. એમાં રાગની ઉત્પત્તિ થવી તે જ હિંસા છે. આહા..! ક્યાં જગતને શું કરવું છે હજી? મકાન બનાવવા, પૈસા ભેગા કરવા, ફલાણું કરવું... કહે છે કે, ભાવ કરી શકે છે. એ પાપ છે, હિંસા. પૈસા-બૈસા કોઈ ભેગા કરી શકતું નથી. '**હિંસાનું થવું રાગાદિની ઉત્પત્તિને આધીન છે.**' છે ને? '**रागाद्युत्पत्तितन्त्रत्वात्**' '**तन्त्रत्वात्**'નું શું કર્યું? તારણે તંત્ર, સ્વતંત્ર, સ્વને કારણે, રાગને કારણે. '**માટે એ સિદ્ધ થયું કે અનંગક્રીડામાં પણ હિંસા થાય છે.**' બીજા અવયવો સાથે પણ સહવાસ, સંગ, રમવાથી રાગ જ થાય છે અને રાગ તે હિંસા છે. આહાહા!

દૃષ્ટિમાં તો જ્યારથી થયું ત્યારથી બધો ત્યાગ જ કર્યો છે કે આ રાગ મારો નહિ, આદરણીય નહિ, આચરણ કરવા લાયક નહિ. સમજાણું? વિકલ્પમાત્ર મારું સ્વરૂપ નહિ. એ દૃષ્ટિમાં તો એનો ત્યાગ જ છે. આ સ્થિરતા, અસ્થિરતાની વચ્ચેની વાત ચાલે છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં તો એ પાંચે પાપના પરિણામ આદિનો ત્યાગ જ છે, એ મારા સ્વરૂપમાં નથી ને મને એ આશ્રય કરવા લાયક નથી, આશ્રય કરવા લાયક વસ્તુ દ્રવ્ય ધ્રુવ (છે). એક જ મારે માટે આત્મા ધ્રુવ છે, બાકી બધું અધ્રુવ છે. આવે છે ને? 'પ્રવચનસાર'. ઘણી વાતું કહી ગયા આચાર્યો તો. ઓહો..હો..!

એક જ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... વજ્રનો સ્થંભ જેમ હોય એમ હું ચૈતન્ય ધ્રુવ સત્. જગતના કોઈ પદાર્થના આધાર વિના આકાશમાં અધ્ધર રહેલો. કહો, આ ... ગમે ત્યાં રહેલો તે અણાધારે રહેલો છે. આમ સત્ત્વ, ચૈતન્યસત્ત્વ ધ્રુવ, આમ અંતર બાહ્ય કોઈપણ આધાર

www.vitragvani.com



વિના રહેલું, જ્યાં રહ્યું ત્યાં પોતાને આધારે ત્યાં રહેલું છે. કહો, શરીરને લઈને નહિ, રાગને લઈને નહિ, કર્મને લઈને નહિ. આકાશ તો ક્યાંય રહી ગયું. આ તો નજીકમાં માણસ આમ દેખે છે ને. આકાશને લઈને નહિ.

મુમુક્ષુ :– આકાશ તો બધાને આપે છે ને!

ઉત્તર :– અવગાહન આપે એ તો નિમિત્તથી વાત છે. પોતે જ પોતાના અવગાહનને પામે છે એ જ એનો સ્વભાવ છે. નિમિત્ત તરીકે રહ્યું, પણ નિમિત્ત એટલે એ તો પૃથકપણાને બતાવે છે. પોતે જ્યાં હોય ત્યાં જ્ઞાનમૂર્તિ વસ્તુ સત્ પોતાના સ્વભાવપણે નિરાધાર, પરના આધાર વિના પોતાનું તત્ત્વ રહ્યું છે. એવું ધ્રુવ એક જ વસ્તુ છે, બાકી બીજું બધું અધ્રુવ. રાગ-દ્વેષના પરિણામ પણ અધ્રુવ. કહો, સમજાણું? એવા ધ્રુવનો આશ્રય લઈ અને જે અહિંસા, અરાગી દશા આદિ પ્રગટ થાય તે જ અહિંસા, સત્ય, દત્ત આદિ કહેવામાં આવે છે. એ માટે આ વાત કરી છે. સમજાણું?

**'જો રાગાદિ ન થાય તો હિંસા કદી થઈ શકતી નથી. માટે એ સિદ્ધ થયું કે અનંગક્રીડામાં પણ હિંસા થાય છે.'** અહો..! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદ સ્વરૂપ (છે) એમ દૃષ્ટિ, અનુભવ, ભાન થયા છતાં કહે છે કે, આનંદમાંથી ખસીને જેટલો રાગાદિ ઉત્પન્ન કરે છે એ બધી હિંસા છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! હિંસા તો રાગાદિની ઉત્પત્તિને આધીન છે, રાગાદિ ન થાય તો હિંસા થઈ શકતી નથી, અસ્તિ-નાસ્તિ કરી. રાગાદિ હોય ત્યાં હિંસા છે ને રાગાદિ ન હોય ત્યાં હિંસા નથી. આ સિદ્ધાંત છે આખો. પોતે શુભરાગ કરે અને બીજો જીવ બચે એ વાત તો ક્યાય રહી. શુભરાગ થયો એ જ હિંસા છે, શુદ્ધઉપયોગની હિંસા થઈ. પરમ ફળદાયક માર્ગ તો એવો જ હોય. પરમ આનંદનો દાતા, પરમ આનંદના દાતા ધર્મ. શુદ્ધસ્વભાવને અવલંબીને જેટલી નિર્મળ દશા થાય એ જ મોક્ષનો માર્ગ છે, એ જ ખરેખર અહિંસા આદિ છે. સમજાણું? **'માટે એ સિદ્ધ થયું કે અનંગક્રીડામાં પણ હિંસા થાય છે.'**

## ગાથા–૧૧૦

**કુશીલના ત્યાગનો ક્રમ**

**ये निजकलत्रमात्रं परिहर्तुं शक्नुवन्ति न हि मोहात्।**
**निःशेषशेषयोषिन्निषेवणं तैरपि न कार्यम्।।११०।।**

**અન્વયાર્થ :– [ ये ] જે જીવ [ मोहात् ] મોહને લીધે [ निजकलत्रमात्रं ] પોતાની**

www.vitragvani.com



**વિવાહિતા સ્ત્રીને જ [ परिहर्तुं ] છોડવાને [ हि ] નિશ્ચયથી [ न शक्नुवन्ति ] સમર્થ નથી [ तैः ] તેમણે [ निःशेषशेषयोषिन्निषेवणं अपि ] બાકીની સ્ત્રીઓનું સેવન તો અવશ્ય જ [ न ] ન [ कार्यम् ] કરવું જોઈએ.**

**ટીકા :– 'ये (जीवाः) हि मोहात् निजकलत्रमात्रं परिहर्तुं हि न शक्नुवन्ति तैरपि निःशेषशेषयोषिन्निषेवणं न कार्यम्' - જે જીવ અપ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીયના ઉદયથી (-ઉદયવશે) પોતાની વિવાહિતા સ્ત્રીને છોડવાને શક્તિમાન નથી તેઓએ (વિવાહિતા સ્ત્રી સિવાયની) સંસારની સમસ્ત સ્ત્રીઓ સાથે કામસેવન ન કરવું. પોતાની વિવાહિતા સ્ત્રીમાં જ સંતોષ રાખવો, એ એકદેશ બ્રહ્મચર્યવ્રત છે, તથા સ્ત્રીમાત્રની સાથે કામસેવન કરવાનો ત્યાગ કરવો તે મહાવ્રત છે. ૧૧૦.**

---

**'કુશીલના ત્યાગનો ક્રમ...'**

**ये निजकलत्रमात्रं परिहर्तुं शक्नुवन्ति न हि मोहात्।**
**निःशेषशेषयोषिन्निषेवणं तैरपि न कार्यम्।।११०।।**

**'જે જીવ મોહને લીધે...'** પોતાની મમતાને લઈને સમકિત દૃષ્ટિને પણ. મમતા મારું સ્વરૂપ નથી, મમતામાં હું નથી, મમતાથી વિરક્ત થયેલી દૃષ્ટિ પણ પર્યાયમાં મમતાને લઈને, **'પોતાની વિવાહિતા સ્ત્રીને જ છોડવાને નિશ્ચયથી સમર્થ નથી...'** પોતાની પરણેલી સ્ત્રીને છોડવાને સમર્થ નથી. તેમણે **''निःशेषशेषयोषिन्निषेवणं' બાકીની સ્ત્રીઓનું સેવન તો અવશ્ય જ 'न' 'कार्यम्' ન કરવું જોઈએ.'** સમજાણું?

**''ये (जीवाः) हि मोहात् निजकलत्रमात्रं परिहर्तुं हि न शक्नुवन्ति तैरपि निःशेषशेषयोषिन्निषेवणं न कार्यम्' જે જીવ અપ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીયના ઉદયથી...'** ઉદયનો અર્થ ઇ, ઉદયનો અર્થ કર્યો કે, ઉદય છે ત્યાં જોડાય છે, પુરુષાર્થ ઊંધો કરે છે. ઉદયથી, ઉદયને પ્રાપ્ત. ઉદય એને પ્રાપ્ત થયો છે, જોડાય ગયો છે. કર્મથી થાય, કર્મથી થાય... પછી પેલા કહે, કે 'સોનગઢ'વાળા અર્થ ફેરવે છે. ભગવાન, ભાઈ! અર્થ નથી ફેરવતા. કર્મનો ઉદય માત્ર બંધનું કારણ હોય તો તો થઈ રહ્યું, ઉદય તો બધાને છે. અને કર્મનો ઉદયમાત્ર વિકાર કરાવે તો બધાને ઉદય વિકાર થયા જ કરે પછી એને ટાળવાનું કાંઈ રહે નહિ.

કર્મનો ઉદય તો અજીવ પર્યાય થઈ, અજીવ પર્યાયને લઈને આસ્રવ પર્યાય થાય? અજીવ તત્ત્વને લઈને આસ્રવતત્ત્વ થાય? તો બે તત્ત્વ એક થઈ ગયા. એ તો અજીવતત્ત્વ છે, કર્મનો ઉદય તો અજીવની પર્યાય, અજીવતત્ત્વ છે. અહીં એને વશ થઈને તાબે થાય છે એકાગ્ર (થાય છે). સમજાણું કાંઈ? મોટો એ વાંધો એ કાઢે છે. કર્મથી વિકાર માનતા નથી, શાસ્ત્રકાર કર્મથી વિકાર કહે છે એમ કહે છે, લ્યો! મૂળમાંથી ભૂલ છે એની. ગણતરીની ભૂલ, પહેલેથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ગણતરીની ભૂલ. આત્મા જ્ઞાયકતત્ત્વ છે, કર્મ અજીવતત્ત્વ છે અને વચમાં આસ્રવતત્ત્વ ઉભું થાય એ પોતાના સ્વરૂપમાંથી ખસીને નિમિત્તને આધીન થાય ત્યારે વચલું તત્ત્વ ઊભું થાય છે. સ્વભાવને આશ્રયે થાય તો એ આ ઊભું થતું નથી, થઈ રહ્યું સીધી વાત છે. સમજાણું?

**'પોતાની વિવાહિતા સ્ત્રીને છોડવાને શક્તિમાન નથી...'** શું? મમતાના પરિણામ છે એટલા, ચારિત્રમોહના ઉદયમાં એને વશ થઈ ગયેલી એટલી મમતા, દશા આસ્રવતત્ત્વની છે. એ છોડવાની શક્તિ નથી. **'તેઓએ (વિવાહિતા સ્ત્રી સિવાયની) સંસારની સમસ્ત સ્ત્રીઓ સાથે કામસેવન ન કરવું.'** સહવાસ કરવો નહિ. **'પોતાની વિવાહિતા સ્ત્રીમાં જ સંતોષ રાખવો,...'** અહીં દેશવિરતીની વ્યાખ્યા છે ને! **'એ એકદેશ બ્રહ્મચર્યવ્રત છે,...'** જોયું? એકદેશ બ્રહ્મચર્યવ્રત છે. બ્રહ્મ એટલે ભગવાન આનંદસ્વરૂપ (છે) એવી દૃષ્ટિ થવા છતાં બ્રહ્માનંદમાં સ્થિર ન રહી શકે અને અમુક દેશનો ત્યાગ થાય, અમુકનો ન થાય તો એને દેશવિરતી કહેવામાં આવે છે. **'તથા સ્ત્રીમાત્રની સાથે કામસેવન કરવાનો ત્યાગ કરવો તે મહાવ્રત છે.'**

મુનિને નવ નવ કોટિએ એનો વિકલ્પ હોઈ શકે નહિ. ભાન સહિત હોં! આનંદ સ્વરૂપ હું છું એવા ભાન સહિત આનંદમાં સ્થિરતા થવી અને દુઃખના રાગની ઉત્પત્તિ સર્વથા ન થવી, એને સર્વવિરતી મુનિપણું કહે છે. એને સર્વવિરતી મુનિપણું કહે છે. સમજાણું કાંઈ?

બાહ્યથી ત્યાગ કર્યો પણ અંદર વસ્તુ છે, મિથ્યાત્વનો ત્યાગ થયો નથી, હવે મિથ્યાત્વ એ મૂળ હિંસા, જૂઠું, વિષય, ચોરી, પરિગ્રહ તો એ છે. સમજાણું કાંઈ? જે તત્ત્વ એમાં નથી એવું રાગતત્ત્વ, આસ્રવતત્ત્વ એને જેણે પકડ્યું છે, એને તો બધા મિથ્યાત્વ આદિ તત્ત્વો બધા એની પાસે ઊભા છે. કહો, એ પછી બાહ્યનો ત્યાગ ક્યાં (છે)? એ તો બાહ્યનો ત્યાગ જ હતો. અહીં સ્વભાવને આશ્રયે રાગ ઘટે ને જેટલો ઘટ્યો તેટલું નિમિત્તનું અવલંબન જાય તેટલો બાહ્ય ત્યાગ કર્યો એમ અસદ્‌ભુત વ્યવહારે કહેવાય. આને તો કાંઈ ન મળે ને બાહ્ય ત્યાગ થયો તો શું ત્યાગ થયો? મૂળ આદર તો સ્વભાવનો થયો નથી ને મિથ્યાત્વનો ત્યાગ થયો નથી. સમજાણું કાંઈ? ભારે વાત.

અણુવ્રત. પણ અણુવ્રત કોને? આ દેશવિરતી આવ્યું ને આ? સમજાણું કાંઈ? પાંચ અણુવ્રત લે છે ને? અણુવ્રત આંદોલન, અણુવ્રત અણુ શિક્ષા. શેના અણુવ્રત પણ? અણુવ્રત એને હોય કે, જેમાંથી દુઃખની ઉત્પત્તિ ને રાગની ઉત્પત્તિ ન થાય એવું જે દ્રવ્ય, એવું જે દ્રવ્ય, એવા દ્રવ્યની જેને દૃષ્ટિ થઈ છે એને હવે વધારે આનંદ ને શાંતિ શક્તિમાંથી પ્રગટ કરવા માટે... સમજાણું? જે રાગનો અંશે ત્યાગ અને અંશે સ્વરૂપમાં સ્થિરતા (થાય) એને અણુવ્રત કહેવામાં આવે છે. કહો, 'દીપચંદજી'! આ અણુવ્રતની વ્યાખ્યા. પેલા કહે, અણુવ્રત લઈ લ્યો, લઈ લ્યો અણુવ્રત બધા. અણુવ્રત વિહાર.

મુમુક્ષુ :– એ મિથ્યાદૃષ્ટિના અણુવ્રત.

ઉત્તર :– મિથ્યાદૃષ્ટિના અણુવ્રત કેવા? એ તો કીધું પહેલું, કે જે વસ્તુ છે એમાં આનંદ

છે એવું ભાન થયું નથી. અને પછી ઠરે છે એમાં. અણુવ્રતનો અર્થ કે, ઠરે છે એમાં. એમ થયું ને? અણુવ્રતની વ્યાખ્યા શું? કંઈક ઠરે છે ને કંઈક ઠરતો નથી, પણ ક્યાં? અણુવ્રતની વ્યાખ્યા કે, થોડો રાગનો ત્યાગ ને થોડો ત્યાગ નથી. ત્યારે શેમાં ત્યાગ કરીને શેમાં ઠર્યો છે? રાગનો અંશે ત્યાગ એમ કહેતા સ્થિરતા થઈ થોડીક. તો એ સ્થિરતા થવાની ચીજ ભાળી નથી એમાં સ્થિરતા ક્યાંથી આવશે? શ્રદ્ધામાં ચીજ જ ભાળી નથી, જોઈ નથી, શ્રદ્ધી નથી, માની નથી, આવી નથી, પ્રાપ્ત થઈ નથી. બરાબર હશે? 'મોહનભાઈ'!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– પણ ક્યાં એના વિના રોડવ્યું છે, એના અભાવે તો રોડવ્યું છે. કહો, એના અભાવે તો અનાદિથી રોડવ્યું છે હવે એમાં એના થોડાથી રોડવે એ વાત જ ક્યાં છે એની અંદર? રાગના અભાવ વિના રોડવ્યું નથી, એને રાગના ભાવ વિના રોડવે ત્યારે એની દૃષ્ટિ થાય. સમજાણું? પછી રાગનો, અસ્થિરતાનો ભાગ છોડીને રોડવે ત્યારે એને સ્થિરતા–ચારિત્ર થાય. શું કીધું? આત્માએ પરદ્રવ્યના અભાવથી જ અનાદિ રોડવ્યું છે એટલે શું? કે, ટકાવ્યું છે, લ્યો! રોડવ્યું કાઠિયાવાડી ભાષા છે. અનાદિથી પરદ્રવ્યના અભાવથી જ આત્મા નભી, ટકી, અસ્તિત્વપણે રહ્યો છે. હવે એને પરદ્રવ્યના અભાવે નભાવવું એ વાત ક્યાં છે એમાં?

મુમુક્ષુ :– ...નેવુ લાખ છોડી દીધા.

ઉત્તર :– ક્યાં પણ લાખ એના હતા? એક્કે લાખ કે દિ' હતો? એના અભાવથી જ પોતે છે. હવે એ તો ઠીક પણ રાગના અભાવથી ત્રિકાળ છે. રાગના અભાવથી ત્રિકાળ છે એની જ્યારે દૃષ્ટિ થાય, ત્યારે એ રાગના અભાવપણે છે એવો અનુભવ થયો ત્યારે પછી રાગ જે બાકી રહ્યો એમાં ઠરવાના અંશે રાગ જરીક ઘટાડ્યો ત્યારે એને અણુવ્રત કહેવામાં આવે છે. ઠરીને, વિશેષ ઠરીને રાગ સર્વથા ઘટાડે (તે) સર્વવિરતી મુનિ કહેવાય.

મુમુક્ષુ :– તમે ... લીધી અને અમે બહારથી લીધી.

ઉત્તર :– તમે અંતરે લ્યો, આ કહે બહારથી લીધી. ઊંધે માણે માપ્યું એક જણાએ, ઊંધે નહિ આડે. પેલો કહે સવળે માણે માપો ને તમે આડે માણે (માપો), ફેર એટલો. આડા માણેમાં દાણો પણ ન આવે. માણા સમજો છો? માપ હોય છે ને? માપ, દાણાનું. પાલી, પાલી જે છે ને? આમ આડી રાખે તો? તિરછી, તિરછી. એક દાણો પણ ન રહે. અણુવ્રતનો અર્થ ઇ છે ને કાંઈક છોડવું છે ને? થોડું છોડવું છે ને? પર વિનાનો હોય તો પર વિના રહી શકે. રાગ અને પર વિનાનો છે, એવી દૃષ્ટિ થાય તો પછી રાગ અંશે ઘટાડીને સ્થિરતામાં આવીને અંશે રાગ વિના રહી શકે. વસ્તુનું તો કાંઈ ભાન ન મળે ને રાગ છોડીને રહ્યા છીએ. ક્યાં પણ રહ્યો તું? રહ્યો ક્યાં?

મુમુક્ષુ :– રાગમાં

ઉત્તર :– રાગ છોડીને રાગમાં રહ્યો તો વસ્તુ ક્યાં થઈ?

www.vitragvani.com



મુમુક્ષુ :– ....

ઉત્તર :– એમાં ક્યાં છે? કાંઈ નથી, વિકલ્પ નથી. ઉદયભાવ ક્યાં છે? પારિણામિકભાવ તત્ત્વમાં ઉદયભાવ ક્યાં આવ્યો? સમજાણું? એવો જે ભાવ જે ઉદયભાવ વિનાનું તત્ત્વ (છે) એવા અંદર અનુભવ દૃષ્ટિ એનાથી ભિન્ન પડીને થયા વિના, અસ્થિરતા છોડીને સ્થિરતા આમાં આવ્યા વિના અસ્થિરતા છૂટે શી રીતે? અદ્ધર ને અદ્ધર અણુવ્રત ને અદ્ધર ને અદ્ધર મહાવ્રત, એનો અર્થ શું?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એને વસ્તુ ત્યાં છે જ નહિ.

મુમુક્ષુ :– અમે શું કરી શકીએ?

ઉત્તર :– શું કરે શું? દૃષ્ટિ કરવી. આ કરવું અંદરમાં. વારંવાર વિચાર, મંથન. આત્મા આવો છે, ધ્રુવ છે, ચૈતન્ય છે. એ વીર્યને વારંવાર એ બાજુ વાળવું. શાસ્ત્રમાંથી વાંચન કરતા, પ્રવચન કરતાં, તર્ક કરતા, પ્રશ્ન કરતા આ વસ્તુ તરફ વલણને વાળ્યા કરવું એ કરવાનું નથી? એ કરવાનું સુજતું નથી. કાંઈક કરવું છે હજી. આહા..! આ રાગ ઘટાડવાનું કરવું કે આ કરવાનું એ બધું કરવું વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ? 'પ્રભુનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ.' એવો માર્ગ છે, ભાઈ! સમજાણું?

પણ વસ્તુ છે એ વસ્તુ છે એમાં જ્યાં સ્થિર થવું છે. તો વસ્તુ છે એવી દૃષ્ટિ થયા વિના સ્થિર થાવું શી રીતે? અથવા વસ્તુ છે એના ભાન વિના અસ્થિરતા ટળે કોને આશ્રયે? સમજાણું? ક્યાંક મુકવાનો પગ હોય તો અહીંથી પગ ઉઠે. એમ રાગથી અસ્થિરતા છોડવી છે તો કાંઈક વસ્તુ છે, ધ્રુવ ચૈતન્ય આનંદકંદ વસ્તુ છે, એવી ધ્રુવતાના ભાન વિના ઠરે ક્યાં? કહો, 'ન્યાલચંદભાઈ'!

રાગમાં ઠર્યો. વસ્તુ જે ઠરવાનું સ્થાન છે એ તો જોયું ને જાણ્યું નથી, માન્યું નથી. કેમ 'જગજીવનભાઈ'! આ બધા હતા પેલામાં. એ ગયું, એની વાત નથી, ક્યાં ગયા? 'ધરમચંદભાઈ'! આ તો એક પૂર્વની ખાલી યાદગીરીની વાત છે. એ પેલા પાકા હતા, હોં! સામાયિક ને ચોવિહાર ને એ બધા ક્રિયાકાંડમાં. નાની ઉંમરમાંથી. પૂર્વમાં આવ્યા ત્યારે સાંભળતા હતા, હું ત્યાં હતો. આવ્યા છે એ તો આવા છે ને આવા છે ને. ... ચોવિહાર કરે છે વળી એવું સાંભળ્યું તે દિ', (સંવત) ૧૯૬૯ની સાલ, નહિ? ૧૯૬૯. તે દિ' ત્યાં હું હતો ને? આઠ મહિના 'ગઢડા'. વાવડીનો વર જે આવે છે એ એવા છે બધા કે, રાત્રે ચોવિહાર કરે. પરણે તે દિ' ચોવિહાર હોય. એવું સાંભળેલું.

મુમુક્ષુ :– કિંમત થઈ ગઈ ને! વરની કેટલી થાય?

ઉત્તર :– હા, એ વાત તો કરી હતી, વાત થઈ હતી. પછી જમવાનું તો બધાની સાથે મને પણ કહે ને ભેગું. હું તો જમવા ગયો હતો. આહા..! એ પણ આત્મા ક્યાં?

www.vitragvani.com



આત્મામાં આ છોડીને છોડીને ક્યાંક ટકવું છે કે નહિ? છોડીને ક્યાંય ટકવું પણ છોડીને ક્યાં ટકવું એ ચીજની તો ખબર ન મળે. ક્યાં ટકવું ને ક્યાં છોડ્યું એ તો કાંઈ ખબર, ભાન ન મળે. કહો, 'ભગવાનભાઈ'! આ 'ભગવાનભાઈ'એ અત્યાર સુધી આ ૭૦-૭૫ વર્ષ એમાં કાઢ્યા છે. આ તો દાખલો છે. આહાહા!

અહીં પહેલી ચીજ વસ્તુ, જેમાં ટકવાથી, રાગમાં ટક્યો હતો એ અહીં ટકવાથી એ રાગ મારામાં નથી એવી ભ્રાન્તિનો નાશ થાય અને પછી અહીં ટકવાથી રાગની અસ્થિરતા ટળે. ત્યારે રાગનો ત્યાગ એમ વ્યવહારે કહેવામાં આવે છે. ત્યારે એના અવલંબનવાળા પદાર્થો એનું લક્ષ છૂટી ગયું તો એણે આવો ત્યાગ કર્યો એ અસદ્‌ભુત વ્યવહાર જૂઠી નયથી કહેવામાં આવે છે. કહો, 'પ્રવીણભાઈ'! આહાહા! આ તો 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ' તમારે લખ્યું હતું ને? 'અનંતા જીવ મુક્તિએ ગયા..' પણ કઈ દયા? શુદ્ધોપયોગરૂપી દયા. આપણે આવી ગયું છે આમાં. પહેલી તો સમ્યગ્દર્શનરૂપી દયા કે આત્માને જીવતો જેવો છે એવો ભાનમાં લીધો. મારી નાખ્યો હતો નહિતર તો. હું રાગવાળો ને પુણ્યવાળો ને અલ્પજ્ઞ ને... સમજાણું કાંઈ? જેવું એનું જીવન એટલે ટકવું જે રીતે છે, એ રીતે અનુભવમાં, પ્રતીતમાં લીધું ત્યારે સમ્યગ્દર્શને જીવતો રાખ્યો. સમજાણું કાંઈ? મિથ્યાદર્શને તો મારી નાખ્યો હતો જીવને. એ આવો હું નહિ, આ હું નહિ, આ હું નહિ, રાગ છું તે હું છું, અલ્પજ્ઞ તે હું છું, પરનો કર્તા તે હું છું, એ મિથ્યાશ્રદ્ધાએ જીવને મારી નાખેલો. આહાહા! કહો, 'પોપટભાઈ'! આવી વ્યાખ્યા છે, ભાઈ! આ. આહાહા!

દુનિયાથી નીકળવાનો માર્ગ જ જુદો હોય ને! અને તે સાદિ અનંત... આહાહા! 'સાદિ અનંત, અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન સહિત' એવી જે દશા જેમાંથી નીકળે એના મોક્ષના કારણરૂપ પણ પર્યાય એમાંથી નીકળે એવા દ્રવ્યના અંતરના ભાન વિના એને ત્યાગ ક્યા? એને વ્રત શું? વસ્તુ તો આ છે. આ જુઓને! અહીં હિંસા, હિંસા કરીને બધી વાત સ્થાપે છે. આહાહા!

અહિંસાનું ફળ તો મોક્ષ છે, અહિંસા તો સંવર-નિર્જરા છે. સમજાણું કાંઈ? એ અહિંસા એ આત્માના સ્વભાવની પહેલી ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... વસ્તુ શાશ્વત, શાશ્વત એનું અવલંબન લીધું (તો) દર્શને શાશ્વત જીવતો કર્યો. સમજાણું કાંઈ? પછી સ્થિરતાએ. અંદરમાં સ્થિરતા થવાના જેટલો રાગનો ઘટાડો કરી અહીં સ્થિર થયો એટલું એને અણુવ્રત કહેવાય, વિશેષ સ્થિર થયો તો સર્વવિરતી થયો. જામી ગઈ દશા શુકલધ્યાનની (તો) કેવળજ્ઞાન (થયું). જ્ઞાનના આશ્રયના ઓછા-વત્તાપણે સ્થિરતાના અંશો છે ને! અહીં ઓછો આશ્રય તો અસ્થિરતા વધારે. વધારે આશ્રય તો અસ્થિરતા થોડી, વધારે આશ્રય તો અસ્થિરતા થોડી. આમ જ્યાં આશ્રય પૂર્ણ ને શુકલધ્યાન આદિ કર્યો તો એકદમ સ્થિરતા થઈ, એકદમ કેવળ (પ્રગટ્યું). સમજાણું કાંઈ?

હવે, એ વાત સાંભળે નહિ. સાંભળવું (મળે) એને લાગે કે, આ તો બહુ ઊંચી વાત છે. ઊંચી નહિ, જે છે એ સત્યની (વાત) આ છે. આહાહા! આ રીતે હોય નહિ. તો પણ શી રીતે હોય ત્યારે? બીજી રીતે કોઈ બેસવું જોઈએને મગજમાં? વસ્તુ જે અહીં કહે છે જુઓને! જો તું પોતાની સ્ત્રીનો ત્યાગ ન કરી શક તો આ રીતે આટલો રાગ-દ્વેષ વિરતીપણે તો છોડવો જોઈએ.

બપોરની વ્યાખ્યામાં (એમ આવે કે) સમકિતીને આસ્રવ ને બંધ છે નહિ. એકદમ દૃષ્ટિ ને દૃષ્ટિના વિષયનું જોર બતાવીને (કહે છે). અહીં સમય સમયની સ્થિરતા... સ્થિરતા... સ્થિરતા... સ્થિરતા... સ્થિરતા... સ્થિરતા... એનું અહીં જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? અવિરતીભાવ હોય તો એને સ્થિરતા નથી. અનંતાનુબંધી છે ને, અનંતાનુબંધીના રાગ-દ્વેષ છે ને, અનંતાનુબંધીનું કાલ કહ્યું હતું ને અનંતાનુબંધીને ચાલીસ ક્રોડા ક્રોડી... પેલાને સીત્તેર ક્રોડાક્રોડી, બન્નેને સરખા ક્યાંથી આવ્યા?

મુમુક્ષુ :– અંદર પછી સાર શું એ ખબર ન પડી.

ઉત્તર :– એ સારનો અર્થ ઇ કે, સ્વરૂપની દૃષ્ટિ જે મહા વિપરીત હતી એ ટળી તો એની સ્થિતિ લાંબી હતી તો અહીં મહા ભગવાન આખો મોટો દર્શનમાં પ્રાપ્ત થયો. ... તો એની સાથે સામાન્ય અંશની સાથે, દૃષ્ટિ સાથે થોડો અંશે સ્થિર થયો. સ્થિર થયો તે સ્વરૂપનું ચારિત્ર છે. પચ્ચીસ પ્રકૃતિ ચારિત્રની છે એમાં ચાર ટળી એટલું ચારિત્ર પ્રગટ્યું છે. ચારિત્ર હોય જ છે અંદર.

સામાન્ય વસ્તુના આશ્રયે દૃષ્ટિ જે સામાન્ય છે એનો વિષય સામાન્ય છે તો એની સાથે વિશેષ પોતે દૃષ્ટિ પર્યાય છે ભલે, પણ એ નિર્વિકલ્પ છે એનો વિષય અખંડ અભેદ છે, એની જ્યારે દૃષ્ટિ થઈ તો ત્યારે કાંઈક ટક્યો ત્યારે થઈ કે નહિ? ટક્યા વિના થઈ થોડી? ટક્યો એ સ્થિરતા છે સાથે. એ સ્વરૂપ આચરણ છે, આમાં આવશે આગળ. લખ્યું છે પોતે, હોં! પોતાને સ્વરૂપાચરણ. અનંતાનુબંધીના અભાવથી સ્વરૂપાચરણ ચારિત્ર. ક્યાંક છે ખરું. લખ્યું છે ક્યાંક, હોં! પાછળ. આવું ટળતા, ટળતા. ૯૮ જુઓ!

**'સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે.'** જુઓ! એ ૯૮માં છે. ૧૨૬ ગાથામાં છે, જુઓ! છે. અનંતાનુબંધી ચોકડીનો અભાવ થવાથી સ્વરૂપઆચરણ ચારિત્ર પ્રગટ છે. જુઓ! કર્યા છે, ચિન્હ કર્યા છે અંદર. ભાવાર્થમાં છે. મોહનીય કર્મના બે ભેદ છે. ૧૭૧ પાને. દર્શનમોહ, ચારિત્રમોહ. દર્શનમોહના ઉદયથી મિથ્યાદર્શન થાય, ચારિત્રમોહના ઉદયથી મિથ્યાચારિત્ર થાય. જોયું? જેટલો તે કષાયનો ભાવ થતો જાય તેટલો તેટલો તેને સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્રનો વિકાસ થતો જાય. જેમકે સમ્યગ્દર્શન મોહનીયનો અભાવ થવાથી સમ્યગ્દર્શન થાય, અને અનંતાનુબંધી ચોકડીનો અભાવ થવાથી સ્વરૂપાચરણ ચારિત્ર થાય. અપ્રત્યાખ્યાન ચોકડીનો અભાવ થવાથી દેશચારિત્ર પ્રગટ થાય છે. જુઓ! બધા ભેદ

www.vitragvani.com



મુક્યા છે. અરે..! મારી નાખ્યા. ભણ્યાના અભિમાન અંદર માર્ગ થવા દેતો નથી. કંઈ જાણ્યું, કંઈક યાદ પણ રહી ગયું ઘણું. ધવલ દસ દસ કલાક ભણે તો યાદ રહે. નિગોદનો નીકળ્યો અગિયાર અંગ, નવપૂર્વ નથી ભણતો? નવું ભણતર કરે છે. એથી શું થયું? એથી શું થયું? ચૈતન્યવસ્તુ ભગવાન એ જ્ઞાનસ્વભાવ એના અંતર અનુભવ વિના, એની દૃષ્ટિ વિના જ્ઞાન જ કહેવાનું ક્યાં આવે છે? સમજાણું? આ ૧૧૦. સર્વથા ત્યાગ કરે તો બ્રહ્મચર્ય મહાવ્રત કહેવાય, એક અંશે ત્યાગ કરે તો અણુવ્રત કહેવાય છે. લ્યો! એ કુશીલની વાત પૂરી થઈ.

## ગાથા–૧૧૧

**પરિગ્રહ પાપનું સ્વરૂપ**

**या मूर्च्छा नामेयं विज्ञातव्यः परिग्रहो ह्येषः।**
**मोहोदयादुदीर्णो मूर्च्छा तु ममत्वपरिणामः।।१११।।**

**અન્વયાર્થ :– [ इयं ] આ [ या ] જે [ मूर्च्छा नाम ] મૂર્ચ્છા છે [ एषः ] એને જ [ हि ] નિશ્ચયથી [ परिग्रहः ] પરિગ્રહ [ विज्ञातव्यः ] જાણવો જોઈએ. [ तु ] અને [ मोहोदयात् ] મોહના ઉદયથી [ उदीर्णः ] ઉત્પન્ન થયેલ [ ममत्वपरिणामः ] મમત્વરૂપ પરિણામ જ [ मूर्च्छा ] મૂર્ચ્છા છે.**

**ટીકા :– 'या इयं मूर्च्छा नाम हि एषः परिग्रहः विज्ञातव्यः तु (पुनः) मोहोदयात् उदीर्णः ममत्वपरिणामः मूर्च्छा (अस्ति)' - હે ભવ્ય જીવો! જે આ મૂર્ચ્છા છે તે જ ખરેખર પરિગ્રહ છે. મૂર્ચ્છા એટલે શું? તે કહે છે. ચારિત્રમોહનીય કર્મના ઉદયથી ઉદયને પ્રાપ્ત થયેલ જે મમત્વપરિણામ (અર્થાત્ આ મારું છે એવા પરિણામ) તેને જ મૂર્ચ્છા કહે છે. ૧૧૧.**

---

**'પરિગ્રહ પાપનું સ્વરૂપ...'** હવે, પાંચમું, પાંચમું પાપ.

**या मूर्च्छा नामेयं विज्ञातव्यः परिग्रहो ह्येषः।**
**मोहोदयादुदीर्णो मूर्च्छा तु ममत्वपरिणामः।।१११।।**

**'આ જે મૂર્ચ્છા છે એને જ નિશ્ચયથી પરિગ્રહ જાણવો જોઈએ.'** આ જે મૂર્ચ્છા છે, એ મૂર્ચ્છા કહો કે મમતા કહો, એને પરિગ્રહ જાણવો જોઈએ. **'અને મોહના ઉદયથી...'** જુઓ! **''उदीर्णः' ઉત્પન્ન થયેલ...'** પેલું નિમિત્ત છે, ઉત્પન્ન થયો આત્મામાં ભાવ, ઉદય પ્રાપ્ત. **'મમત્વરૂપ પરિણામ જ મૂર્ચ્છા છે.'** લ્યો! એ મમત્વ પરિણામ જ મૂર્ચ્છા છે.

www.vitragvani.com



મુમુક્ષુ :– વસ્તુ રાખે પણ મમત્વ ન હોય.

ઉત્તર :– એમ હોય જ નહિ ત્રણકાળમાં. મમતા ન હોય એને વસ્ત્ર હોય, (એમ) હોય નહિ. વસ્ત્ર છે એની મમતા છે ત્યારે આ વસ્ત્ર અહીં ઊભા થાય. સમજાણું કાંઈ? ત્યાં મૂર્ચ્છા છે એટલી. વસ્ત્ર, પાત્ર રાખવાની મૂર્ચ્છા છે અને પરિગ્રહ છે, એ અપરિગ્રહી મુનિ હોય શકે નહિ. અસ્થિરતાની વાત છે ને? આમ તો અપરિગ્રહ વસ્તુ જ છે. રાગની જ્યાં પક્કડ નથી, એ તો દૃષ્ટિમાંથી બધું છૂટી ગયું છે, હવે સ્થિરતામાં? સમજાણું? પેલો તો એ વિકલ્પ પણ છૂટી ગયો છે બધો, વસ્તુ છે જ નહિ, એકલો પરિગ્રહ રહિત નિષ્પરિગ્રહ આત્મા જ વસ્તુ છે. પણ હવે પર્યાયમાં સ્થિરતા, અસ્થિરતાની અપેક્ષાએ? ચારિત્રની રમણતા જેટલી ઉગ્રતા થાય તો એને એ વસ્ત્ર-પાત્ર લેવાનો પણ મમત્વભાવ હોય નહિ ત્યારે મુનિપણું સાચું હોય છે, નહિતર મુનિપણું હોય શકે નહિ. ન્યાં તો એમ કીધું છે કે, મુનિપણામાં જ વસ્ત્ર રાખીને મુનિપણું મનાવે, માને, માનતાને રૂડું જાણે, એ ગતિને નિગોદને સાધે છે.

મુમુક્ષુ :– પછી ભલે ન્યાંથી દેવમાં જાય.

ઉત્તર :– એ ભલે જાય ન્યાંથી જઈને પણ ન્યાં નિગોદમાં જવાનો છે, એ તો વચ્ચે ધર્મશાળા થઈ. સ્થાન ન્યાં છે. ઘણો કાળ ન્યાં રહેશે. અરે..! એને વિચાર નથી, ભાઈ! જ્યાં અવસ્થાની હીણી દશા. એક અહીં થોડું જાણવું ન થાય તો મૂંઝાય. એને ઠેકાણે એકદમ .... એકદમ પર્યાય (હિણી થઈ જાય).

મુમુક્ષુ :– દીક્ષા તે તો ચારિત્ર છે ને?

ઉત્તર :– દીક્ષા ક્યાં હતી? દખિયા છે. મિથ્યાત્વને પોષે છે. ભાઈ! વાત તો એવી છે. સમયે સમયે મિથ્યાત્વના પોષણની દીક્ષા છે ઇ. આહાહા! ન્યાં કોઈ 'પોપાબાઈ'ના રાજ નથી તે કોઈ આપી દે એવું છે. આ વસ્તુ ભગવાનઆત્મા, હજી તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા કહેવા એની ખબર ન મળે. એની વ્યવહારના શ્રદ્ધાના ઠેકાણા ન મળે, નિશ્ચયનું તો છે જ ક્યાં? એને દીક્ષા કેવી? દુઃખનો ભાર ઉપાડે છે. સમજાણું કાંઈ?

વસ્તુ એવી છે, ભાઈ! વ્યક્તિગતની વાત ક્યાં છે. એને પોતાને જે ભાવથી મિથ્યાત્વ આદિ થાય છે એ તો જીવની હિંસા કરે છે ને. એને પોતાને દુઃખ થાય છે એની એને ખબર નથી. એના ફળમાં બહાર આવશે તો એના ફળની એને ખબર નથી. ખબર નથી એટલે કરે છે એટલે અજ્ઞાનપણે કરેલો દોષ, એનો બચાવ થઈ શકે? અમને આવી ખબર નહોતી. આવી ખબર નહોતી એનો અર્થ શું? જગતમાં એક એક કાંકરો આમ મોઢામાં આવે, જરીક કાંકરી આવે તો આમ કાઢી નાખે. દાણામાં અડદના દાણામાં.. કઠણ કાઢી નાખે. ન્યાં ખબર નહોતી? એમ વિપરીત માન્યતા શું, રાગ-દ્વેષ શું એની ખબર નથી, એથી કરીને કાંઈ વિપરીત માન્યતાનો દોષ ટળી જાય?

અહીં તો કહે છે, **'હે ભવ્ય જીવો! જે આ મૂર્ચ્છા છે તે જ ખરેખર પરિગ્રહ છે.'**

www.vitragvani.com



એ પરિગ્રહના ભેદમાં મિથ્યાત્વને લેશે આગળ તો, હોં! એ મિથ્યાત્વની મૂર્ચ્છા ટળી છે એને હવે બીજી આસક્તિની મૂર્ચ્છા અંશે ઘટાડવી, એને દેશવિરતીપણું કહે છે. પેલા કહે, આ શ્રાવકના વ્રતને વાંચતા નથી. આ બધું આવ્યું કે નહિ? એમ ટાણું આવે ત્યારે આવે ને.

મુમુક્ષુ :– મુનિના વાંચ્યા.

ઉત્તર :– મુનિના બધા વાંચ્યા છે. મુનિના 'નિયમસાર'ના, વ્યવહારના 'પ્રવચનસાર'ના 'પદ્મનંદી'નું શ્રાવક વ્રતોદ્યોતન નહોતું વાંચ્યું? થોડું થોડું વાંચ્યું. એ તો પુસ્તક છે પણ એનું તો આવે છે લખાણ, અધ્યાત્મ સંદેશ. શ્રાવકના વ્રતનું કાંઈક આવે છે. અચ્છી અચ્છી બાતેં, એવું કાંઈક આવે છે. બધું આવ્યું પણ હવે... અરે..! મોહની વાતની સમજણ આવી ત્યારે સમજણ કરે નહિ. એ નહિ, પેલું લાવ, પેલું લાવ, શું પણ પેલું લાવ? મૂળનો પાયો સાજા વિના? પડી જશે મોટા અઢી કરોડના મકાન કર્યા હતા તે. ભો પડી ગયા 'મુંબઈ'માં. કો'કનું મકાન હતું નહિ? ચારે માણસ હતા બિચારા. સિમેન્ટ, કાંકરી કાંચી હશે પણ હવા-બવા લાગી હશે તો ગાંગડા નાખી સિમેન્ટ. સરકારે તપાસ કરી. કોણે આ બનાવ્યું? કોણ એન્જીનીયર હતો? સીમેન્ટ ક્યાંથી આવી હતી? શું થયું? બધી તપાસ કરે ઇ. ઇ સીધી સિમેન્ટ હોય તો આમ થાય નહિ, ક્યાંક હવા લાગેલી સિમેન્ટ ગાંગડાવાળી હશે. સોંઘી મળી હશે તો લાવ્યા હશે. આ એક સાથે પણ કરોડનું મકાન મોટું કરોડનું, હોં! રાત્રે, સાંજે, બરાબર બપોરે ખાઈને સુતા ચારે માણસ. સવારથી કામ કરતા હોય... એમાંથી પડ્યું આખું. ચારેય મરી ગયા, ચાર-છ મરી ગયા માણસ. સાંભળ્યું હતું તમે? સાંભળ્યું નથી તમે ગામમા 'મુંબઈ' રહો એ? અમે અહીં છેટે સાંભળીએ છીએને. કહો, કામ બહુ હોય ને એને. અહીં છાપામાં આવ્યું હતું, આવ્યું હતું. અહીં ક્યાં ન્યાં અમે મુંબઈ રહીએ છીએ? એ તો મુંબઈ રહે છે. એને બીજા કામ હોય ને. એને બીજા ઘણા કામ હોય. આહાહા!

કહે છે, **'મૂર્ચ્છા એટલે શું?'** હવે એ વ્યાખ્યા કરે છે. મમતામાં લેવું છે ને? **'ચારિત્રમોહનીય કર્મના ઉદયથી ઉદયને પ્રાપ્ત થયેલ...'** ચારિત્રમોહનું જેમાં નિમિત્ત છે ને તેમાં પ્રાપ્ત થયેલા તે કાળમાં પોતાનો ભાવ. **'જે મમત્વપરિણામ...'** સ્વરૂપમાં દૃષ્ટિ હોવા છતાં ચારિત્રમોહના ઉદયમાં વર્તમાન પર્યાય અટકવાથી જે પરિણામ થાય તેને મમત્વ પરિણામ કહે છે. **'(અર્થાત્ આ મારું છે એવા પરિણામ) તેને જ મૂર્ચ્છા કહે છે.'** વાસ્તવિક મમતા તે જ મૂર્ચ્છા છે ને મૂર્ચ્છા તે જ ખરો પરિગ્રહ છે. એને અંદરમાં ઘટાડવો. મૂર્ચ્છા વિનાની ચીજ આત્મા છે એની દૃષ્ટિ કરી હોય પછી તેનો આશ્રય લઈને મૂર્ચ્છા ઘટે તેને દેશવિરતીપણું હોય શકે છે, બીજાને દેશવિરતીપણું હોય શકતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## ગાથા–૧૧૨

મમત્વપરિણામ જ વાસ્તવિક પરિગ્રહ છે એ વાતને દૃઢ કરે છે :–

मूर्च्छालक्षणकरणात् सुघटा व्याप्तिः परिग्रहत्वस्य।
सग्रन्थो मूर्च्छावान् विनापि किल शेषसङ्गेभ्यः।।११२।।

અન્વયાર્થ :– [ परिग्रहत्वस्य ] પરિગ્રહપણાનું [ मूर्च्छालक्षणकरणात् ] મૂર્ચ્છા લક્ષણ કરવાથી [ व्याप्तिः ] વ્યાપ્તિ [ सुघटा ] સારી રીતે ઘટિત થાય છે, કેમકે [ शेषसङ्गेभ्यः ] બીજા પરિગ્રહ [ विना अपि ] વિના પણ [ मूर्च्छावान् ] મૂર્ચ્છા કરનાર પુરુષ [ किल ] નિશ્ચયથી [ सग्रन्थः ] બાહ્ય પરિગ્રહ સહિત છે.

ટીકા :– 'परिग्रहत्वस्य मूर्च्छालक्षणकरणात् व्याप्तिः सुघटा (यतः) किल शेषसंगेभ्यः विना अपि मूर्च्छावान् सग्रन्थः भवति ' - પરિગ્રહના ભાવનું લક્ષણ મૂર્ચ્છા કર્યું તેમાં વ્યાપ્તિ બરાબર બને છે, કેમ કે ધન-ધાન્યાદિ બાહ્ય પરિગ્રહ વિના પણ મમત્વ પરિણામવાળો જીવ પરિગ્રહ સહિત હોય છે.

ભાવાર્થ :– સાહચર્યના નિયમને વ્યાપ્તિ કહે છે, અર્થાત્ જ્યાં લક્ષણ હોય ત્યાં લક્ષ્ય પણ હોય તેનું નામ વ્યાપ્તિ છે. તેથી જ્યાં જ્યાં મૂર્ચ્છા છે ત્યાં ત્યાં અવશ્ય પરિગ્રહ છે અને જ્યાં મૂર્ચ્છા નથી ત્યાં પરિગ્રહ પણ નથી. મૂર્ચ્છાની પરિગ્રહની સાથે વ્યાપ્તિ છે. કોઈ જીવ નગ્ન છે, બાહ્ય પરિગ્રહથી રહિત છે, પણ જો અંતરંગમાં મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ છે તો તે પરિગ્રહવાન જ છે. અને એક મમત્વના ત્યાગી દિગંબર મુનિને પીંછી, કમંડળરૂપ બાહ્ય પરિગ્રહ હોવા છતાં પણ અંતરંગમાં મમત્વ નથી તેથી તે વાસ્તવિક પરિગ્રહથી રહિત જ છે. ૧૧૨.

---

**પ્રવચન નં. ૫૦ ગાથા–૧૧૨ થી ૧૧૬ શનિવાર, જ્યેષ્ઠ વદ ૯, તા. ૦૧-૦૭-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૧૧૨ ગાથા. પરિગ્રહની વ્યાખ્યા છે. આત્મામાં મમત્વ તે પરિગ્રહ છે અને મમત્વરહિત એ અપરિગ્રહ છે. મમત્વ છે એ હિંસા છે અને અમમત્વ છે, નિર્મમત્વ છે તે અહિંસા છે. એ વ્યાખ્યા અહીં કરે છે, જુઓ! ૧૧૨.

'મમત્વપરિણામ જ વાસ્તવિક પરિગ્રહ છે એ વાતને દૃઢ કરે છે :–'

www.vitragvani.com



**मूर्च्छालक्षणकरणात् सुघटा व्याप्तिः परिग्रहत्वस्य।**
**सग्रन्थो मूर्च्छावान् विनापि किल शेषसङ्गेभ्यः।।११२।।**

**'પરિગ્રહપણાનું મૂર્ચ્છા લક્ષણ કરવાથી...'** પરિગ્રહ એટલે મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે. પોતાના સ્વભાવને ભૂલીને પરપદાર્થમાં, પુણ્ય-પાપના પરિણામમાં કે પરમાં મૂર્ચ્છા થવી એ જ પહેલો મિથ્યાત્વ પરિગ્રહ છે. સમજાણું? અને રાગ-દ્વેષના પરિણામ, મમત્વ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ તે મૂર્ચ્છા છે ને તે મૂર્ચ્છા તે પરિગ્રહ છે. **'પરિગ્રહપણાનું મૂર્ચ્છા લક્ષણ કરવાથી વ્યાપ્તિ સારી રીતે ઘટિત થાય છે,...'** એટલે મેળ ખાય છે. વ્યાપ્તિ એટલે બંધ બેસતી, વ્યાપ્તિ એટલે બંધ બેસતી વાત છે એમ કહે છે.

**'બીજા પરિગ્રહ વિના પણ...'** કંઈ બહારની ચીજ ન હોય, તો **'પણ મૂર્ચ્છા કરનાર પુરુષ...'** અંતરમાં સ્વભાવ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ, એને ભૂલીને કે એનામાં અસ્થિર થઈને જે કંઈ મૂર્ચ્છા કરે છે **'નિશ્ચયથી...'** તે મૂર્ચ્છા જ **'सग्रन्थः'**ની વ્યાખ્યા કરી. **'બાહ્ય પરિગ્રહ સહિત છે.'** એમ કહે છે. એટલે ખરેખર તો મૂર્ચ્છા તે ગ્રન્થ છે. **'सग्रन्थः'** ભાષા તો એમ છે. મૂર્ચ્છા એટલે મમતા છે, ગ્રન્થ છે. મૂર્ચ્છા એ જ **'सग्रन्थः'** છે. હજી અહીં વધારે ખુલાસો કરી દીધો. બાહ્ય પૈસા, લક્ષ્મી આદિ ન હોય પણ અંદર જેને મૂર્ચ્છા છે તે બાહ્ય પરિગ્રહ સહિત જ છે. સમજાણું કાંઈ?

**ટીકા :– 'પરિગ્રહના ભાવનું લક્ષણ મૂર્ચ્છા કર્યું...'** પરિગ્રહના ભાવનું ખરેખર લક્ષણ મમતા મૂર્ચ્છા કર્યું. **'તેમાં વ્યાપ્તિ બરાબર બને છે,...'** તેમાં બંધબેસતી વાત છે. **'કેમકે ધન-ધાન્યાદિ બાહ્ય પરિગ્રહ વિના પણ...'** લક્ષ્મી ન હોય, કાંઈ ન હોય બાહ્યમાં **'પણ મમત્વ પરિણામવાળો જીવ પરિગ્રહ સહિત હોય છે.'** મમતા ઘણી હોય અંદર, બહારથી તો કાંઈ ન હોય.

મુમુક્ષુ :– બહારમાં તો ત્યાગી દેખાય.

ઉત્તર :– ઇ કહે છે, બહારનો ત્યાગી ક્યાં હતો? અંદરમાં મૂર્ચ્છા ને મમત્વ પડી છે એટલે બાહ્યનો ત્યાગી છે નહિ એમ કહે છે. બાહ્યના પરિગ્રહવાળો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વભાવ (છે) એને છોડીને જેટલું મમત્વ થાય એ બાહ્ય વસ્તુ ન હોય તોપણ તે મમતાવાળાને બાહ્ય વસ્તુ સહિત જ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લક્ષ્મી ન હોય, ધાન–અનાજ આદિ ન હોય, બહારની આબરૂ, કીર્તિ ન હોય તોપણ તેને મમત્વ પરિણામવાળો જીવ...

મમત્વ બે પ્રકારના–એક પોતાના સ્વરૂપને ભૂલીને પરમાં મમત્વ અને એક સ્વરૂપને ભૂલ્યા વિનાની અસ્થિરતાનું મમત્વ. સમજાણું કાંઈ? ચૈતન્ય વસ્તુ છે, આનંદ ને જ્ઞાનની મૂર્તિ પદાર્થ અસ્તિ, અસ્તિ તત્ત્વ એને ભૂલીને રાગ ને વિકલ્પ કે પર મારા એમ મૂર્ચ્છા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એ મિથ્યાત્વ પરિગ્રહ છે. સમજાણું કાંઈ? અને તેને ભૂલ્યા વિના પણ જેટલી અસ્થિરતાના પરિણામ થાય, રાગ, દ્વેષ, વિષય, વાસના, ક્રોધ, માન, વિકલ્પ આદિ એ બધી મમતા જ છે અને એ બધી હિંસા જ છે. ઓહો..હો..! ભગવાનઆત્મા જ્ઞાન શુદ્ધચૈતન્ય સ્વભાવ હોવાપણે પદાર્થ છે એમાં જેટલા પ્રકારનો વિકલ્પ ઉઠે એ બધો ભગવાનઆત્માના સ્વભાવની હિંસા છે. 'ચંદુભાઈ'! આ હિંસા કેવી હશે? કહો, 'મલૂપચંદભાઈ'! શું કહે છે? આ હિંસા, બેઠો હોય પડ્યો પડ્યો એકલો બિચારો એકેન્દ્રિયને અડતો ન હોય. પણ બેકલો થાય છે, બેકલો એટલે? જ્ઞાનમૂર્તિ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, જેનું સ્વરૂપ અનાકુળ બ્રહ્માનંદ જ્ઞાન સ્વરૂપ આત્મા છે, એનો અનાદર કરી અને જેટલું મમત્વ પર મારા એમ માને એ તો મિથ્યાત્વરૂપી મૂર્ચ્છા પરિગ્રહ છે, મહાપાપ હિંસા (છે).

મુમુક્ષુ :– વાણિયા હિંસા કરતા હશે?

ઉત્તર :– વાણિયો કે દિ'? વાણિયો એટલે કોને કહેવો? વાણિયો કહેવો કોને? વેપાર કરે તે વાણિયો. એમ કહો તો રાગ-દ્વેષનો વેપાર કરે તે વાણિયો. કેમ આ ખોજા-બોજાને વેપારી નથી કહેતા?

મુમુક્ષુ :– પણ વાણિયા ન કહેવાય, વેપારી કહેવાય.

ઉત્તર :– પણ વેપારી કહેવાય ને. વેપાર કરે તે વાણિયો. વણિજ કરે તે વાણિયો ઠીક લ્યો! ચાલો એની ભાષા લ્યો. 'પોપટભાઈ'! લુહાણા પણ કરે, ખોજા પણ કરે, મુસલમાન પણ કરે તો બધા વણિજ કરતા નથી? વણિજ, વણિજ કરે તે વાણિયા. બીજું શું? એ અપેક્ષાએ. એમ અહીંયા મમતા કરે તે મૂર્ચ્છાવાળો. ભગવાનઆત્મા જેનામાં રાગનો, દયા-દાન વૃત્તિનો પણ જ્યાં વિકલ્પનો અભાવ છે એવા સ્વભાવની સાથે વિકલ્પને એકપણે માનવું એ મહા મૂર્ચ્છા, મિથ્યાત્વની મહા હિંસા છે. સ્વરૂપનું હોવાપણે ચૈતન્યનું અસ્તિત્વ જે છે એનો અનાદર કર્યો ને રાગની એકતાબુદ્ધિ કરી ચૈતન્યના જીવનનું જીવતર જેણે હણ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અમારે તો છકાયની હિંસા હોય.

ઉત્તર :– એ આ છકાયમાં પોતે આત્મા આવ્યો કે નહિ? અમારે અહીં દલાલ કહે છે, ભગવાને છકાયની હિંસા કીધી છે. એમાં આત્મા છકાયમાં આવ્યો કે નહિ કાંઈ? આત્મા આવ્યો નહિ ક્યાંય? થઈ રહ્યું ત્યારે. આત્મા પોતે પોતાની નિજ સંપદા જ્ઞાન ને આનંદના સ્વભાવને ભૂલી અને પરમાં ક્યાંય રાગમાં, પુણ્યમાં, પાપમાં, પરમાં સુખબુદ્ધિ કરે એ મિથ્યાત્વની મહા હિંસા દશા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– તો તો પરદ્રવ્ય...

ઉત્તર :– એ પરિગ્રહ. પછી કીધું ને? મિથ્યાત્વ તે પરિગ્રહ ને પરિગ્રહ તે હિંસા. આવશે હમણા, એ જ કહેશે હમણા, ૧૧૪માં કહેશે. હિંસા, અહિંસાની વ્યાખ્યા. અહીં તો પરિગ્રહથી વાત ઉપાડીને પછી એમાં હિંસાને મુકશે. આ બારમું ચાલે છે ને? ચૌદમામાં

www.vitragvani.com



આવે છે. સમજાણું? તદ્દન હિંસા, અહિંસાની વ્યાખ્યા ૧૧૮માં આવશે. '**जिनप्रवचनज्ञाः**' જિન પ્રવચનના જાણનાર, સર્વજ્ઞ ભગાવાનની વાણીના જાણનાર મિથ્યાત્વ આદિ રાગ-દ્વેષને અહિંસા કહે છે અને સમ્યગ્દર્શન આદિ જ્ઞાનની સ્થિરતાના આનંદને અહિંસા કહે છે. આહા..! સમજાણું કાંઈ? 'પ્રવીણભાઈ' આવ્યા છે? ખૂણે બેસે છે. આ હિંસા, અહિંસાની વ્યાખ્યા છે. આવ્યા હશે કાંઈક કાપકૂપ માટે. ડૉક્ટર છે ને? રાજકોટ. સર્જન.. સર્જન છે. એય..! સમજાણું આમાં? આહાહા..!

કહે છે કે, બાહ્યપરિગ્રહ સહિત જ છે એ. '**કેમકે ધન-ધાન્યાદિ બાહ્ય પરિગ્રહ વિના પણ મમત્વ પરિણામવાળો જીવ પરિગ્રહ સહિત હોય છે.**' ભાવાર્થ જુઓ! હવે વ્યાપ્તિની વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ :–** '**સાહચર્યના નિયમને વ્યાપ્તિ કહે છે,...**' સાથે સંબંધપણે રહે તેને વ્યાપ્તિ કહે છે. '**અર્થાત્ જ્યાં લક્ષણ હોય ત્યાં લક્ષ્ય પણ હોય...**' સમજાણું? જેમ જ્ઞાન લક્ષણ છે તો આત્મા લક્ષ્ય છે. જ્ઞાન લક્ષણ છે તો આત્મા લક્ષ્ય છે તો લક્ષણ છે ત્યાં લક્ષ્ય (હોય જ). '**તેનું નામ વ્યાપ્તિ છે. તેથી જ્યાં જ્યાં મૂર્ચ્છા છે ત્યાં ત્યાં અવશ્ય પરિગ્રહ છે...**' લ્યો! જ્યાં જ્યાં મમત્વ છે, અંદરમાં ભગવાનઆત્માના શુદ્ધ નિર્મમત્વ સમભાવી વીતરાગ સ્વરૂપ આત્માના. વર્તમાન ત્રિકાળ એનું વીતરાગ સ્વરૂપ જ છે. એમાંથી ખસીને જેટલો મિથ્યાત્વ અને રાગાદિ મૂર્ચ્છાભાવ કરે ત્યાં અવશ્ય પરિગ્રહ છે. પરિગ્રહ નામ પક્કડ છે. પરિગ્રહ છે ને? સમજાણું કાંઈ?

'**જ્યાં મૂર્ચ્છા નથી ત્યાં પરિગ્રહ પણ નથી.**' જ્યાં મૂર્ચ્છા છે ત્યાં પરિગ્રહ છે, જ્યાં મૂર્ચ્છા નથી ત્યાં પરિગ્રહ નથી, મૂર્ચ્છાને જ પરિગ્રહ કહેવામાં આવે છે. સ્વરૂપ શુદ્ધચૈતન્યમૂર્તિ, એને છોડીને વિકલ્પને પકડે છે પરિ, પરિ. પરિ ઉપસર્ગ છે. પકડે છે એ જ પરિગ્રહ છે, મૂર્ચ્છા જ પરિગ્રહ છે. સમજાણું કાંઈ? '**મૂર્ચ્છાની પરિગ્રહની સાથે વ્યાપ્તિ છે.**' ઘટે છે. મૂર્ચ્છાને ને પરિગ્રહને બેને મેળ છે, બેને ઘટે છે. '**કોઈ જીવ નગ્ન છે,...**' લ્યો! દાખલો આપ્યો. એ દેવાનુપ્રિયા! દાખલો આવ્યો. શું? કોઈ નગ્ન છે, નગ્ન. '**બાહ્ય પરિગ્રહથી રહિત છે,...**' એક વસ્ત્રનો તાણો પણ રાખતો નથી. નગ્ન મુનિ જંગલમાં વસે છે. '**પણ જો અંતરંગમાં મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ છે તો તે પરિગ્રહવાન જ છે.**' અંતરમાં પુણ્ય-પાપના રાગને પોતાનો માને છે એ જ એને મોટો પરિગ્રહ છે.

મુમુક્ષુ :– જેટલું બહારનું છૂટ્યું એટલો...

ઉત્તર :– બહાર જરીએ છૂટ્યું નથી એ કહે છે, છૂટ્યું ક્યાંથી કહેવાય? બહારનું છૂટવું અસદ્ભૂત જૂઠી નયે ત્યારે કહેવાય કે, અંતરમાં રાગની એકતા છૂટીને સ્થિરતા પ્રગટે ત્યારે રાગ છૂટ્યો ત્યારે એને બહારનો એટલું લક્ષ નિમિત્ત છૂટ્યું એમ અસદ્ભૂત જૂઠા વ્યવહારથી કહેવામાં આવે છે. ક્યાં ગરી ગયું હતું અંદર બાહ્ય ચીજ? એ.. દેવાનુપ્રિયા! છે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નગ્ન દિગંબર હો, હજારો રાણીનો ત્યાગ કરીને બેઠો હોય જંગલમાં, પણ અંતરમાં ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ એની જેને અંતર પક્કડ નથી, ચૈતન્યને પરિગ્રહ કર્યો નથી. સમજાણું કાંઈ? આવે છે ને પરિગ્રહ? નિર્જરામાં. 'સમયસાર'માં આવે છે. આવે છે, શાસ્ત્રમાં તો ઘણું બધું ભર્યું છે. કેટલું સ્પષ્ટ કર્યું છે! પોતાનો પરિગ્રહ શુદ્ધચૈતન્ય સ્વભાવ તેને પકડીને એકાગ્ર સ્થિર થવું તે જ આત્મા છે. રાગ માત્રનો એક વિકલ્પ ઉઠે, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, વિષય વાસના એ વિકલ્પને પોતાના સ્વભાવ સાથે મેળવવો, જોડવો, એ મારો, એ મમત્વ, એ જ મૂર્ચ્છા, એ જ મિથ્યાત્વ (છે). બાહ્યનો ત્યાગ થતાં આ મૂર્ચ્છારૂપી મિથ્યાત્વ તો નગ્ન મુનિને પણ લાગુ પડે છે.

મુમુક્ષુ :– એ મોટો પરિગ્રહ છે.

ઉત્તર :– એ જ પરિગ્રહ છે. બહારની વસ્તુ તો નિમિત્ત છે તો એને ઉપચારથી કહેવામાં આવે છે અને અંદરમાં વાસ્તવિક મમતા છે એ અનુપચાર યથાર્થ પરિગ્રહ કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ?

**'નગ્ન છે, બાહ્ય પરિગ્રહથી રહિત છે, પણ જો અંતરંગમાં મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ છે તો તે પરિગ્રહવાન જ છે.'** જુઓ! સગ્રંથ કીધું ને? તો તે સગ્રંથી જ છે. તો તે પરિગ્રહવાન જ છે. કારણ કે, નિમિત્તના કારણે અથવા અહીં કાર્ય જે આત્માનું ઉત્પન્ન થતું એ કાર્ય તો છે, કાર્ય છે પછી નિમિત્ત છૂટ્યું એને કેમ કહેવાય? એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનને સમવસરણ હોય છે એ આવશે. તીર્થંકરને સમવસરણ હોય છે. સો ઇન્દ્રો પૂજે, ચોસઠ ઇન્દ્ર ચામર ઢાળે. પરિગ્રહ નથી. કેમકે અંદર મૂર્ચ્છા નથી. મૂર્ચ્છા તે જ પરિગ્રહપણાને પ્રાપ્ત થાય છે. એવું સમવસરણ મોટું છે કે દુનિયામાં કોઈને હોય નહિ. એવી વિભૂતિનો વૈભવ બાહ્યનો. છતાં વીતરાગ છે એને મૂર્ચ્છા નથી, એ સમવસરણને પરિગ્રહપણાને, નિમિત્તપણાને પણ પામતો નથી. નિમિત્તપણું અહીં કાર્ય કરે તો નિમિત્તપણું પામેને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– લુગડા છે પણ અમારે મૂર્છા નથી.

ઉત્તર :– એ ખોટી વાત છે એમ કહે છે. કપડા રાખીએ છીએ ને અમને રાગ નથી એ મૂઢ છે કહે છે. કહો, કપડા રાખવાનો ભાવ (આવે) અને એમ કહે કે, અમને મૂર્ચ્છા નથી. મિથ્યાત્વની મૂર્ચ્છા જુદી એ ભલે ન હો. સમજાય છે કાંઈ? પણ અસ્થિરતાની મૂર્ચ્છા નથી ને કપડા રાખીએ છીએ, એ બેનો મેળ (નથી ખાતો). ભગવાનનો માર્ગ અહિંસક છે. વસ્ત્ર-પાત્રનો રાખવાનો ભાવ એ પણ હિંસા (છે). એનો ત્યાગ અને મમત્વનો અભાવ તે અહિંસા, એવો ભગવાનનો અહિંસા માર્ગ છે. એ અહિંસા. સમજાણું કાંઈ?

'સમંતભદ્રાચાર્ય' કહે છે, પ્રભુ આપે તો અહિંસા માર્ગ સ્થાપ્યો. એટલે વસ્ત્ર મુનિ માર્ગ, વસ્ત્ર લેવાનો પરિણામ છે તે હિંસા છે. એના અભાવનો અહિંસાનો માર્ગ, મુનિમાર્ગ આપે કહ્યો. ચોવીસ તીર્થંકરની સ્તુતિ છે ને? એમાં કહ્યું છે. સમજાણું? જેટલે અંશે બાહ્ય

www.vitragvani.com



પરિગ્રહ છે, રાખવાનો ભાવ (છે) એ ભાવ તે હિંસા છે. ઓહો..! કહો, આ લાખો, કરોડો રૂપિયા રાખે છે, શરીર મારું છે એમ માને છે, એ બધી ભાવહિંસા છે, એ પોતે પોતાની હિંસા કરે છે એમ કહે છે. પરની તો કોણ કરે? એ તો એના થવા કાળે આનું નિમિત્ત હોય તો વ્યવહારથી કહેવાય. વીતરાગમાર્ગ પરમ સત્ય નીતરતું જુદી જાતનું છે. જેને એણે કોઈ દિ' લક્ષ્યમાં લીધું જ નથી. એમ નનુર થઈને જ ફર્યો છે અનાદિથી. નનુર.. નનુર સમજાય છે? નૂર વિનાનો. તેજ વિના. શું વસ્તુ છે, એનું તેજ શું, એનું સ્વરૂપ શું? ખ્યાલમાં લીધું જ નથી. એમ ને એમ આંધળે આંધળો ચાલ્યો. નગ્ન થયો, નગ્ન બાયડી, છોકરા છોડ્યા, અંદરમાં મૂર્ચ્છા પડી છે. કહો, સમજાણું? મિથ્યાત્વનો નાશ કર્યા વિના અપરિગ્રહપણું દૃષ્ટિમાં પણ પ્રગટતું નથી તો અસ્થિરતાના નાશ કર્યા વિના સ્થિરપણાનું પણ અપરિગ્રહપણું પ્રગટતું નથી. સમજાણું કાંઈ?

**'અને એક મમત્વના ત્યાગી દિગંબર મુનિને...'** હવે સવળો દાખલો લે છે. નગ્ન મુનિ છે, બાહ્યમાં કાંઈ નથી, અંતરમાં ચિદાનંદ સ્વભાવને ભૂલીને રાગને એકત્વપણે માનીને બેઠો છે. તો કહે છે કે, મૂર્ચ્છાવાળો છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એક ગૃહસ્થાશ્રમમાં છ ખંડનું રાજ ચક્રવર્તીનું હોય, છન્નું હજાર સ્ત્રી હોય પણ મિથ્યાત્વ પરિગ્રહ છૂટ્યો છે તેટલી સમકિત અપરિગ્રહ દશા એને પ્રગટી છે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે, એક નગ્ન દિગંબર મુનિ હોય, **'પીંછી, કમંડળરૂપ બાહ્ય પરિગ્રહ હોવા છતાં પણ અંતરંગમાં મમત્વ નથી તેથી તે વાસ્તવિક પરિગ્રહથી રહિત જ છે.'** લ્યો! અંદર મમતા નથી ને! એ વસ્તુની મમતા નથી. એ મારી છે ને મને રાખવા જેવી છે એમ નથી, ફક્ત વિકલ્પ ઉઠે છે કે, આ અસ્થિરતાના નિમિત્તમાં, જત્નામાં નિમિત્ત છે એથી એક શુભભાવ છે પણ પેલું જે મારા છે એવું મમત્વ અંદરમાં નથી. એક મુનિ છે, ધ્યાનમાં બેઠો છે લ્યો! મમત્વ વિનાનો, આનંદમાં (બેઠા છે). એના ઉપર કોઈ કામળી નાખી સો રૂપિયાની. છે મમતા? આમ કામળી પડી છે ઉપર. એ પરિગ્રહ નથી, મૂર્ચ્છા રહિત ધ્યાનમાં, આનંદમાં વર્તે છે. કોઈએ ઉપરથી કામળી નાખી તો એને પરિગ્રહ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ખ્યાલ આવે તો તો ઉતરી જ જાય એ, રહે શેનું પછી તો. જાગૃત થયો, ઉતરી જાય. આ તો પડ્યું છે અત્યારે સિદ્ધાંત સિદ્ધ કરવો છે ને. બાહ્ય પડ્યું છે છતાં અંતર આનંદના ધ્યાનમાં મસ્ત છે. નવ નવ કોટિએ બધું છોડ્યું છે. સમજાણું? અને એકે બધું બહાર છોડીને બેઠો ને અંદર મમત્વ છે. એટલે અંદરના પરિણામ ઉપર મૂર્ચ્છા ને પરિગ્રહનું માપ છે, બાહ્યના સંયોગ ઉપર નથી. એમ કહેશે આગળ ઘણી વાત લખી છે. **'છતાં પણ અંતરંગમાં મમત્વ નથી તેથી તે વાસ્તવિક પરિગ્રહથી રહિત જ છે.'** ૧૧૩મી.

www.vitragvani.com



# ગાથા–૧૧૩

શંકાકારની શંકા

यद्येवं भवति तदा परिग्रहो न खलु कोऽपि बहिरङ्गः।
भवति नितरां यतोऽसौ धत्ते मूर्च्छानिमित्तत्वम्।।११३।।

અન્વયાર્થ :– [ यदि ] જો [ एवं ] આમ [ भवति ] છે અર્થાત્ મૂર્ચ્છા જ પરિગ્રહ હોય [ तदा ] તો [ खलु ] નિશ્ચયથી [ बहिरङ्गः परिग्रहः ] બાહ્ય પરિગ્રહ [ कः अपि ] કાંઈ પણ [ न भवति ] નહિ સિદ્ધ થાય, તો એમ નથી [ यतः ] કેમ કે [ असौ ] એ બાહ્ય પરિગ્રહ [ मूर्च्छानिमित्तत्वम् ] મૂર્ચ્છાના નિમિત્તપણાને [ नितरां ] અતિશયપણે [ धत्ते ] ધારણ કરે છે.

ટીકા :– પ્રશ્ન :– 'खलु यदि एवं भवति तदा बहिरंगः कोऽपि परिग्रहः न (स्यात्)'

ઉત્તર :– 'यः असौ (बहिरंगः) नितरां मूर्च्छानिमित्तत्वम् धत्ते' - અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો નિશ્ચયથી મૂર્ચ્છાનું જ નામ પરિગ્રહ છે તો પછી ધન-ધાન્યાદિ બાહ્યવસ્તુ પરિગ્રહ ન ઠરી. એને પરિગ્રહ શા માટે કહો છો? શ્રીગુરુ ઉત્તર આપે છે :– આ બાહ્ય ધન્ય-ધાન્યાદિ તો અત્યંતપણે પરિગ્રહ છે કેમ કે બાહ્યવસ્તુ જ મૂર્ચ્છાનું કારણ છે.

ભાવાર્થ :– પરિગ્રહનું લક્ષણ તો મૂર્ચ્છા જ છે. પણ બાહ્ય ધન-ધાન્યાદિ વસ્તુ મૂર્ચ્છા ઉપજાવવાનો (નિમિત્ત) કારણ છે માટે તેને પણ પરિગ્રહ કહીએ છીએ. ૧૧૩.

---

**'શંકાકારની શંકા...'** આપે તો બાહ્ય વસ્તુને પરિગ્રહથી ઉડાડી દીધી, પરિગ્રહ છે જ નહિ બસ! બહારનું કાંઈ વજન જ નહિ? **'नितरां'** અર્થ શું થાય? **'नितरां'** એણે કર્યો નથી, તમારે શું થાય છે? બરાબર ઘટે છે. પેલાએ સદા શબ્દ વાપર્યો છે. સદા ધારણ કરે છે, મૂર્ચ્છાના નિમિત્તપણાને સદા ધારણ કરે છે. ઘટે છે **'नितरां'** છે ને? **'नितरां'**.

यद्येवं भवति तदा परिग्रहो न खलु कोऽपि बहिरङ्गः।
भवति नितरां यतोऽसौ धत्ते मूर्च्छानिमित्तत्वम्।।११३।।

શિષ્યનો પ્રશ્ન છે, મહારાજ આપે તો અંતરની મૂર્ચ્છા ઉપર પરિગ્રહનું માપ કહ્યું. બાહ્યની કોઈ ચીજને પરિગ્રહ તો આપે ઠરાવ્યો નહિ. **'જો આમ છે અર્થાત્ મૂર્ચ્છા જ પરિગ્રહ હોય તો નિશ્ચયથી બાહ્ય પરિગ્રહ કાંઈ પણ નહિ સિદ્ધ થાય,...'** તો આ સ્ત્રી, કુટુંબ, શરીર,

www.vitragvani.com



પૈસા, આબરૂ, મકાન એ પરિગ્રહ સિદ્ધ જ નહિ થાય. તમે તો મૂર્ચ્છાને પરિગ્રહ સિદ્ધ કર્યો. સમજાણું કાંઈ? તો બાહ્યની વસ્તુ સાબિત નહિ થાય. **'તો એમ નથી...'** એનો ઉત્તર હવે કહે છે. અડધામાં પ્રશ્ન છે ને અડધામાં ઉત્તર છે. **'કેમ કે એ બાહ્ય પરિગ્રહ મૂર્ચ્છાના નિમિત્તપણાને...'** જોયું? મૂર્ચ્છાનું એ બાહ્ય (પદાર્થ) નિમિત્ત છે. એથી એને ઉપચારે પરિગ્રહ કહેવામાં આવે છે. ખરો પરિગ્રહ મૂર્ચ્છા છે. બહારનું નિમિત્ત છે માટે એને ઉપચારે વ્યવહારે પરિગ્રહ કહેવામાં આવે છે. નિશ્ચયથી મમતા પરિગ્રહ (છે). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– નિમિત્ત બળવાન થયું.

ઉત્તર :– નિમિત્ત બળવાન કોણે કહ્યું? અહીં ઉપચાર છે એની મમતા કરે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. મૂર્ચ્છાનું નિમિત્ત છે એમ સિદ્ધ કરે છે. એ વસ્તુ બંધનું કારણ છે એમ નહિ પણ મૂર્ચ્છાનું નિમિત્ત છે. એ તો આવે છે ને આપણે? બંધ અધિકારમાં. અધ્વસાય વસ્તુને આશ્રયે થાય છે પણ વસ્તુ બંધનું કારણ નથી. ભાવ થાય છે એ પરને આશ્રયે થાય છે પણ પોતે કરે ત્યારે આશ્રય કહેવાય ને? પણ એ વસ્તુ બંધનું કારણ નથી, બંધનું કારણ એના જે મમત્વ પરિણામ તે છે. ભારે ઝીણી વાતું, ભાઈ! પરિગ્રહની વ્યાખ્યામાં પણ આવું ઝીણું. આહાહા!

મુમુક્ષુ :– 'ટોડરમલ્લજી'એ કેટલા સુધી અર્થ કર્યા છે?

ઉત્તર :– ઇ ખબર નથી, મને ખબર નથી. ક્યાંક કર્યા છે. ક્યાં સુધી કર્યા છે ખબર છે? આવતા આવતા આવશે. હવે અહીં સ્પષ્ટ થતું જાય છે ને એમાંથી આવશે. એકલું વાંચતા હોય તો ન આવે પણ સ્પષ્ટ થતું જાય ને એમ ભાષાની ઢબ કેવી છે. એ આવશે. સમજાણું?

કહે છે કે, મૂર્ચ્છા એ જ મમત્વ ને એ જ હિંસા (છે) પણ તેના પદાર્થને નિમિત્તપણાને કારણે તેને પણ ઉપચારથી પરિગ્રહ કહેવામાં આવે છે, બાહ્ય ચીજને. કારણ કે, બાહ્યચીજના અવલંબે મૂર્ચ્છા થાય છે, અવલંબે મૂર્ચ્છા થાય છે. સ્વભાવના અવલંબે મૂર્ચ્છા ન થાય, ચૈતન્યના અવલંબે (ન થાય). એ તો શુદ્ધ આનંદ છે. આમ અવલંબન જાય છે ત્યારે મૂર્ચ્છા (ઉત્પન્ન થાય છે). માટે બાહ્ય પરિગ્રહ પણ ઉપચારથી પરિગ્રહપણાને પામે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બાહ્ય પરિગ્રહ...

ઉત્તર :– ઉપચાર. એ વાસ્તવિક પરિગ્રહ છે? લે!

મુમુક્ષુ :– મોટું હોય તોપણ?

ઉત્તર :– મોટાનું કહ્યું ને? સમવસરણ છે તો શું થયું? સમવસરણ જેવી ઋદ્ધિ તો કોઈને નથી, ઇન્દ્રને પણ નથી. મુર્છા નથી તો પરિગ્રહ નથી. અને નગ્નપણું (લઈને) વસ્ત્રનો એક તાણો રાખતો નથી, જંગલમાં રહે છે, નિર્દોષ આહારની ભિક્ષા લે છે. તો પણ અંતરમાં ભગવાનઆત્મા અનાકુળ આનંદની પક્કડ અનુભવ દૃષ્ટિ ન થઈ તો એને રાગની પક્કડ

અંદરમાં પડી છે તો એને મુર્ચ્છાવાન મિથ્યાદષ્ટિ કહેવાય છે. 'પોપટભાઈ'! ભારે ભાઈ! માપ ભારે જુદી જાતના.

મુમુક્ષુ :– બહુ સરસ.

ઉત્તર :– સીધી વાત છે. એમાં કાંઈ ફેરફાર છે નહિ કાંઈ. ન્યાયથી લોજીક યુક્તિથી ન્યાયથી તો વાત કહેવાય છે. સમજાણું કાંઈ? વ્યાપ્તિ ઘટિત છે એમ ન કીધું? ઘટે છે.

ભગવાનઆત્મા પોતાના વીતરાગી સ્વભાવ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એના હોવાપણાનો સ્વીકાર ન થાય અને એના હોવાપણાનો અનાદર થઈને રાગનો, પુણ્યનો, દયા-દાનની કષાય મંદતાના વિકલ્પનો સ્વીકાર થાય, બસ! એ જ મિથ્યાત્વરૂપી મૂર્ચ્છા સંસારનું બીજ છે. બાહ્યમાં કાંઈ ન મળે, નગ્ન થઈ જાય. ભગવાનઆત્મા રાગની ક્રિયા વિનાનો નિષ્ક્રિય પ્રભુ! એની અંતર દષ્ટિ કર્યા વિના, એની બહિરદષ્ટિ, બહિરદષ્ટિ, બહિરાત્મ દષ્ટિ, સ્વભાવમાં નથી તેવા રાગને ને પરને પોતાની ક્રિયા, શરીરની ક્રિયા મારાથી થાય છે, રાગ તે હું છું, બસ! એ મિથ્યાત્વની મૂર્ચ્છા બાહ્યની ચીજના અભાવે પણ ત્યાં વર્તે છે. એ પરિગ્રહવાન છે. કરો ન્યાય,

મુમુક્ષુ :– અજબ છે.

ઉત્તર :– અજબ છે? લે! અજબ છે, કહે છે. આ દિગંબરમાં જન્મ્યા આટલા વર્ષથી. એને દિગંબર સાધુ થાવું હતું, નગ્ન. રહી ગયા વળી, કંઈકને હેરાન કરત. એના આત્માને હેરાન કરત ને કંઈકને કરત. સમજ્યા? ખબર ન મળે, લ્યો! નગ્ન થઈને લુગડા છોડી દે, થઈ ગયા સાધુ, નગ્ન દિગંબર. આહાહા! 'દીપચંદજી'! હેરાન થાત, હેરાન હોં!

અહીં તો કહે છે, ભગવાન! ભગવાનઆત્માને ભગવાન કહે છે, હોં! ભાઈ! બાહ્ય પરિગ્રહ ન હોવા છતાં, નગ્ન મુનિ હોવા છતાં જેને વસ્ત્રનો તાણો ન હોવા છતાં... સમજાણું? મૂર્ચ્છા કીધી. અને બાહ્ય પરિગ્રહનો ઢગલો હોવા છતાં મૂર્ચ્છા નથી. મૂર્ચ્છા હોય તો બાહ્ય પરિગ્રહનું નિમિત્તપણું પામે. કહો, સમજાણું? મૂર્ચ્છાના નિમિત્તપણાને ખરેખર ધારણ કરે છે એમને. નિમિત્તથી. એમ. ટીકા, પ્રશ્ન જુઓ! અડધામાં પ્રશ્ન ને અડધામાં ઉત્તર.

**ટીકા :– 'પ્રશ્ન :– 'खलु यदि एवं भवति तदा बहिरंगः कोऽपि परिग्रहः न** (स्यात्)**''** મહારાજ! આપે તો મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો તો બાહ્યના પરિગ્રહનો. **'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો નિશ્ચયથી મૂર્ચ્છાનું જ નામ પરિગ્રહ છે તો પછી ધન્ય-ધાન્યાદિ બાહ્યવસ્તુ પરિગ્રહ ન ઠરી. એને પરિગ્રહ શા માટે કહો છો? શ્રીગુરુ ઉત્તર આપે છે :– 'यः असौ** (बहिरंगः) **नितरां मूर्च्छानिमित्तत्वम् धत्ते' આ બાહ્ય ધન-ધાન્યાદિ તો અત્યંતપણે પરિગ્રહ છે...'** એ '**नितरां**'નો અર્થ કર્યો. અતિશય કર્યો, અત્યંતપણે કહ્યો, પેલામાં સદાપણે. બાહ્ય વસ્તુ જ મૂર્ચ્છાનું કારણ છે. બાહ્ય વસ્તુ છે એમાં એ મૂર્ચ્છા કરે છે તો એને કારણ કહેવાય છે. મૂર્ચ્છાનું કારણ કાંઈ આત્મદ્રવ્ય નથી. સમજાણું કાંઈ?

**'આ બાહ્ય ધન-ધાન્યાદિ તો અત્યંતપણે પરિગ્રહ છે કેમ કે બાહ્યવસ્તુ જ મૂર્ચ્છાનું**

**કારણ છે.**' બાહ્ય પદાર્થ જ મમતાનું નિમિત્ત છે. ભગવાનઆત્મામાં મમતા નથી અને આ મમતા આત્માના અવલંબે થતી નથી. એ મમતા પરના લક્ષે થાય, માટે મમત્વનું આલંબન પર છે. માટે પરવસ્તુને વ્યવહારે પરિગ્રહ કહેવામાં આવે છે. નિશ્ચયથી પરિગ્રહ મૂર્ચ્છા (છે). સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો સમજવો ભાઈ! આખો આકરો. સમજાણું?

પચ્ચીસ વર્ષનો રાજાનો કુંવર હોય. કરોડો મનુષ્યના સંહારમાં હાથીને હોદ્દે હજારો બાણ તોડતો હોય, નાખતો હોય, છતાં સમ્યગ્દૃષ્ટિ હોય તો એને મિથ્યાત્વની મૂર્ચ્છા નથી. કહો, એને મિથ્યાત્વનું કોઈ નિમિત્ત જ નથી. અને જેટલી અસ્થિરતાનો ભાગ છે એટલો પરિગ્રહ ને એટલો પાપ હિંસા છે, સમ્યગ્દૃષ્ટિને પણ.

ભગવાનઆત્મા તદ્દન રાગ વિનાની ચીજ એને જેણે અનુભવમાં, દૃષ્ટિમાં લીધી એવો રાજકુમાર હોય, છન્નું હજાર સ્ત્રી હોય એને અને છન્નું કરોડ પાયદળની અંદરમાં ઘૂમતો હોય લડાઈમાં છતાં એને મિથ્યાત્વની મૂર્ચ્છા નથી. આહાહા! અને બાહ્ય પરિગ્રહનો એક તાણો-વાણો નથી અને નગ્ન મુનિ છે એને મિથ્યાત્વનો પરિગ્રહ અંદર અનંતો પડ્યો છે. સમજાણું કાંઈ? કેમ કે રાગની ક્રિયા, વિકલ્પની ક્રિયા, મેલની ક્રિયા છે એને નિર્મળ સાથે એકત્વબુદ્ધિમાં માને છે. માને છે તે મિથ્યાદૃષ્ટિની મૂર્ચ્છા આત્માની હિંસા છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'પરિગ્રહનું લક્ષણ તો મૂર્ચ્છા જ છે. પણ બાહ્ય ધન-ધાન્યાદિ વસ્તુ મૂર્ચ્છા ઉપજાવવાને (નિમિત્ત) કારણ છે માટે તેને પણ પરિગ્રહ કહીએ છીએ.'** અહીં નિમિત્તવાળા સ્થાપે. જો એને લઈને થાય છે કે નહિ? એમ ક્યાં પ્રશ્ન છે એને લઈને થાય. કરે છે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે એમ વાત છે. એનાથી મમતા થાય છે એમ નથી. એનાથી થાય તો બધાને સરખી થવી જોઈએ. ચક્રવર્તીનું રાજ ને મમતા થોડી, નગ્નપણું ને મમતા ઘણી. બાહ્યના પ્રમાણમાં હોય તો તો બાહ્ય પ્રમાણમાં મમતાનું માપ આવવું જોઈએ. એમ તો છે નહિ. આગળ કહેશે, દાખલો આપશે મીંદડી ને હરણનો. મીંદડી ખાય છે માંસને ને હરણ ખાય છે ઘાસને. હરણ ખાય છે, હરણના બચ્ચા ખાય કાચા ઘાસને અને મીંદડી ખાય ઊંદરને. કહો, બન્ને ખાય છે તો ક્રિયા પણ મમતાના (ભાવમાં) ફેર છે. ઊંદરને ખાનારની મમતા તીવ્ર છે. હરણનું બચ્ચું બિચારું કાચું ઘાસ ખાય છે. મમતા ઓછી છે. બેની મમતામાં ફેર પાડશે દાખલો આપીને, આગળ આપશે દાખલો.

પકડ પકડમેં ફેર હૈ અમારે એક છોડી કહેતી. 'બોટાદ'માં પચાસ વર્ષ પહેલાની વાત છે. એના દાદાએ શીખવાડ્યું એને. પકડ પકડમેં ફેર હૈ, પછી ભૂલી ગયા. મીંદડી ઊંદરને પકડે આમ અને પોતાના બચ્ચાને પકડે. એક ઘરેથી બીજે લઈ જાય છે ને જ્યારે? બચ્ચાને પકડે મોઢામાં ને ઊંદરને પકડે, પકડ પકડમાં ફેર છે. ઊંદરને પકડે આમ નખોડીયા મારીને પકડે, બચ્ચાને પકડે તો બે દાંત વચ્ચે પોલું રાખીને પકડે.

મુમુક્ષુ :– પેલો (ઉંદર) તો પકડ્યા ભેગો અધમુઆ થઈ જાય.

ઉત્તર :- પકડ્યા ભેગો ઉંદર તો અધમૂઓ (થઈ જાય). પકડ પકડમેં ફેર હૈ, ઊંદરને બિલ્લી પકડે, એ દાખલો છે. ગાથા ભૂલી ગયા. એક ગાથા આવી ગઈ ...

**સમજાવ્યો સમજે નહિ, કરે કાંઈનું કાંઈ,**
**ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકા માંહી.**

એમ બોલતી છોડી, સાત વર્ષની હતી સાત વર્ષની. સાત વર્ષની હતી, ક્ષય થઈ ગયો સાત વર્ષમાં. ચપળ હતી. ઘણા શ્લોક આવા આવડતા. સાત વર્ષમાં ક્ષય થઈ ગયો, લ્યો! **'સમજાવ્યો સમજે નહિ, કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું,'** ફાનસ સળગાવ. તમે કહ્યું હતું ને સળગાવો. નાખ્યું ભડકામાં અહીં. પણ સળગાવો કહ્યું કે દીવો કરવાનું કહ્યું, ભડકામાં નાખવાનું કહ્યું? તમે શું કહ્યું હતું? 'મલૂપચંદભાઈ'! ફાનસ સળગાવવાનું કહ્યું હતું કે નહિ? સળગાવો કહ્યું હતું. આવા ને આવા, બડથોલ જેવા છે. એ છોડી કહેતી બિચારી. 'પોપટભાઈ' હતાને પેલા 'સાયલા'વાળા. 'સમજાવ્યો સમજે નહિ, કરે કાંઈનું કાંઈ,' જે આશયથી સમજાવવું છે તે આશય પકડે નહિ ને પકડે ઊંધો. સળગાવ્યું બીજું શું? ફાનસને સળગાવી દીધું. સળગાવવું એટલે દીવો કરવાનું કહ્યું હતું કે સળગાવી દેવાનું કહ્યું હતું.

એમ અહીં કહે છે કે, મૂર્ચ્છામાં એ ચીજ નિમિત્ત છે પણ એનેથી મૂર્ચ્છા થાય છે એમ નથી પાછું. કાંઈક કહે ત્યાં (ચોંટે). એમાં નિમિત્ત કહ્યું ને? જુઓને! ઉપજાવવાને નિમિત્ત કારણ છે, ત્યાં પેલો કહે જો એનાથી મમતા થઈ. ભાઈ! એનાથી પરદ્રવ્યથી થાતી નથી, સાંભળને. એ તો મમતા કરે ત્યારે સામે નિમિત્ત કહેવામાં આવે. ભારે વાતું, ભાઈ! એકેન્દ્રિયને ક્યાં કાંઈ છે? એક શરીર (છે). એકેન્દ્રિય લીલોતરી લ્યોને બટાકા. એક શરીર. નહિ વાણી, નહિ મન, નહિ બાયડી, નહિ છોકરા, નહિ મકાન, નહિ કપડું કાંઈ ન મળે, નહિ મોટર કાંઈ ન મળે. નહિ અગરબત્તી. દીવો કરવાની જોવે રાત્રે અગરબત્તી, મીણબત્તી, મીણબત્તી, અગરબત્તી કાંઈ ન મળે. મિથ્યાત્વનો પરિગ્રહ મોટો છે. કોને? એકેન્દ્રિય. સ્વરૂપને ભૂલ્યા છે અને રાગમાં મૂર્છિત થઈને પડ્યા છે. સ્વરૂપને ભૂલ્યા છે ને રાગમાં મૂર્છિત થઈને પડ્યા છે. મિથ્યાત્વનો પરિગ્રહ છે એને, એકેન્દ્રિયને. એ 'ન્યાલચંદભાઈ'! આ બહારના માપ ભારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધામાં. એકેન્દ્રિયનો તો દાખલો આપ્યો. બાહ્યમાં તો કાંઈ નથી. એક શરીર છે એકેન્દ્રિય. કેટલી અવસ્થા હીણી થઈ ગઈ કે, જેને બીજો જીવ તો જીવ કબુલી શકે નહિ, બટાટામાં અનંતા જીવ બીજો કબુલી શકે નહિ. કારણ કે, એણે સત્‌ના અનાદર બહુ કરેલા. આળ આપેલા સત્યને. અત્યારે બીજો આત્મા એને કબુલી શકે એટલી તાકાત રહી નહિ. પોતે પોતાને કબુલી શકે નહિ એટલી તાકાત રહી નહિ. હીણી... હીણી... હીણી દશા. એક કટકીમાં અનંતા જીવ! હવે એને બીજો કોણ માને ને એની એ પોતાને શી રીતે માને? એટલી સત્તાની હીણતા કરી નાખી છે. હોવાપણાની સત્તાની હીણતા. જે રીતે હોવાપણું છે

www.vitragvani.com



એનાથી વિરુદ્ધ બહુ માનેલું. સમજાણું કાંઈ? એથી સત્તાની દશા પર્યાયમાં ઘણી હીણી થઈ ગઈ. હીણી દશામાં પોતાની સત્તાનો સ્વીકાર તો રહ્યો નહિ, બીજાઓ સ્વીકારી શકે કે, આ જીવો અનંત છે. રાડ નાખે. એ તો ભગવાનની આજ્ઞા માનનાર વળી જૈનમાં એમ માને. એ ખરેખર જીવનું તો ક્યારે માન્યું કહેવાય? કે, પોતાના જીવના અસંખ્યપ્રદેશના અનંતગુણનું પરિણમન શુદ્ધ થઈને જ્યારે સ્વને જાણે ત્યારે એને પરદ્રવ્યનું અસંખ્યપણું અનંતગુણવાળું આવું છે ને ભૂલ્યો છે એનું જ્ઞાન ત્યારે એને બરાબર થાય. તે વિના શંકા, સંદેહથી નિઃસંદેહ થઈ શકે જ નહિ. એય.. 'પંડિતજી'! સમજાણું કાંઈ?

જે સ્વસત્તા, એની જે શક્તિ ભગવાને પરમેશ્વરે કહી કેવળીએ એવી શક્તિ ને એવું સત્ત્વ એની દૃષ્ટિમાં ભાન (થયા) વિના આવો આત્મા હું છું અને એવા જ આત્મા બીજા ને એવા આત્મા ભૂલેલા છે એનું જ્ઞાન એને યથાર્થપણે હોય શકે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- જીવતત્ત્વ.

ઉત્તર :- જીવતત્ત્વની શ્રદ્ધા. આહાહા!

## ગાથા-૧૧૪

શંકાકારની શંકા

एवमतिव्याप्तिः स्यात्परिग्रहस्येति चेद्भवेन्नैवम्।
यस्मादकषायाणां कर्मग्रहणे न मूर्च्छास्ति।।११४।।

**અન્વયાર્થ :-** [ एवं ] આ રીતે [ परिग्रहस्य ] બાહ્ય પરિગ્રહની [ अतिव्याप्तिः ] અતિવ્યાપ્તિ [ स्यात् ] થાય છે [ इति चेत् ] એમ જો કદાચ કહો તો [ एवं ] એમ [ न भवेत् ] થતું નથી [ यस्मात् ] કારણ કે [ अकषायाणां ] કષાયરહિત અર્થાત્ વીતરાગી પુરુષોને [ कर्मग्रहणे ] કાર્મણવર્ગણાના ગ્રહણમાં [ मूर्च्छा ] મૂર્ચ્છા [ नास्ति ] નથી.

**ટીકા :-** 'एवं परिग्रहस्य अतिव्याप्तिः स्यात् इति चेत् न एवं भवेत् यस्मात् अकषायाणां कर्मग्रहणे मूर्च्छा नास्ति' - અર્થ :- અહીં કોઈ પ્રશ્ન કરે કે જો પરિગ્રહને મૂર્ચ્છા ઉત્પન્ન કરવાનું નિશ્ચયકારણ કહેશો તો (मूर्च्छा परिग्रहः) એ લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ આવશે, કેમકે અર્હંત અવસ્થામાં પણ કાર્મણવર્ગણા તથા નોકર્મવર્ગણા-એ બન્નેના ગ્રહણરૂપ પરિગ્રહ છે ત્યાં પણ મૂર્ચ્છા થઈ જશે. તો તેમ નથી, કારણ કે કષાયરહિત જીવોને કર્મ-નોકર્મનું ગ્રહણ હોવા છતાં પણ મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ભાવાર્થ :– અતિવ્યાપ્તિ તો ત્યારે થાય જો નિષ્પરિગ્રહીવીતરાગી મહાપુરુષોને મૂર્ચ્છા હોય. તે તો તેમને હોતી નથી, માટે વીતરાગી અર્હંત ભગવાનને કર્મ-નોકર્મનું ગ્રહણ હોવા છતાં પણ મૂર્ચ્છા વિના પરિગ્રહ નામ પામતું નથી. તેથી અતિવ્યાપ્તિ દોષ નથી. બાહ્યવસ્તુ મૂર્ચ્છા ઉપજાવવાનું કારણમાત્ર છે તેથી તેને ઉપચારથી પરિગ્રહ કહી દીધેલ છે. વાસ્તવમાં પરિગ્રહનું લક્ષણ મૂર્ચ્છા જ છે. ૧૧૪.**

---

**'શંકાકારની શંકા'** ૧૧૪.

**एवमतिव्याप्तिः स्यात्परिग्रहस्येति चेद्भवेन्नैवम्।**
**यस्मादकषायाणां कर्मग्रहणे न मूर्च्छास्ति।।११४।।**

લ્યો! દાખલો આપ્યો. **'આ રીતે બાહ્ય પરિગ્રહની અતિવ્યાપ્તિ થાય છે એમ જો કદાચ કહો તો એમ થતું નથી...'** એટલે જ્યાં મેળ નથી ખાતો પરિગ્રહ મૂર્ચ્છાનો એમ પણ નથી. **'કારણ કે કષાયરહિત અર્થાત્ વીતરાગી (મુનિ) પુરુષોને...'** દેખો! એ વીતરાગી મુનિ છે કેવળી એને **'કાર્મણવર્ગણાના ગ્રહણમાં મૂર્ચ્છા નથી.'** એને કર્મના પરમાણુ આવે છે યોગનું નિમિત્ત છે તેથી કેવળીને પરમાણુ આવે છે. કહો, સમજાણું કાંઈ? આત્મામાં અંદર મૂર્ચ્છા નથી, મમત્વ નથી, મિથ્યાત્વ પણ નથી ને રાગ-દ્વેષ પણ નથી. અગિયાર, બાર, તેર. છતાં પેલા કર્મના રજકણો જોગને લઈને કંપન છે ને (તેથી) આવે છે. પણ કંપન જ જ્યાં મારું નથી, ત્યાં વળી પરમાણું એના એ તો મમત્વનું નિમિત્ત પણ નથી, માટે એને મૂર્ચ્છા છે નહિ. સમજાણું કાંઈ? ભારે માર્ગ. દાખલો આપીને કેટલું સ્પષ્ટ કર્યું છે!

**'કારણ કે કષાયરહિત અર્થાત્ વીતરાગી પુરુષોને કાર્મણવર્ગણાના ગ્રહણમાં...'** છે ને? કર્મગ્રહણ એ શબ્દ પડ્યો છે ને? ગ્રહણ શબ્દે યોગ કંપે છે તેથી પરમાણુઓ ત્યાં નિમિત્તપણે આવે છે. એવો સંબંધ જે છે એ મૂર્ચ્છા વિના તેને પરિગ્રહપણાને પામતો નથી. એ ગ્રહણ કરે છે એમ કહેવાતું નથી. યોગ જ જ્યાં એનો નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરને એક કંપન તેરમેં રહ્યું. અગિયાર, બાર, તેર આવી ગયું. અકષાયભાવ થઈ ગયો, વીતરાગભાવ થયો છે. કંપન છે, પરમાણુ આવે છે છતાં તેને મૂર્ચ્છા નથી. તેથી ગ્રહણ કરે છે માટે ત્યાં મૂર્ચ્છા છે એવું અતિવ્યાપ્તિપણું ત્યાં લાગુ પડતું નથી. સમજાણું કાંઈ? જુઓને! કેટલી વાત કરી છે! ઓહો..હો..! ચરણાનુયોગનો ગ્રંથ. ન્યાયથી એટલી વાતને છીણી, છીણી, છણી છે. સમજાણું?

**''एवं परिग्रहस्य अतिव्याप्तिः स्यात् इति चेत् न एवं भवेत् यस्मात् अकषायाणां कर्मग्रहणे मूर्च्छा नास्ति' - અર્થ :– અહીં કોઈ પ્રશ્ન કરે કે જો પરિગ્રહને મૂર્ચ્છા ઉત્પન્ન કરવાનું નિશ્ચયકારણ કહેશો...'** તો કર્મગ્રહણ તો એને પણ છે. કહો, બાહ્ય પરિગ્રહ સ્થાપ્યોને અહીંયા? ત્યાં પાછો ઉથાપે છે. એ તો અહીં મમતા હોય તો એને નિમિત્ત પરિગ્રહ કહેવાય, મમતા ન હોય તો ગ્રહણ-બ્રહણ પરિગ્રહ છે નહિ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ કર્મના રજકણ આવે છે કે નહિ? જગતની અણદીધી ચીજ આવી કે નહિ ત્યાં? પણ વ્યવહારમાં એને ચોર ન કહેવાય. એ સ્થિતિનું વર્ણન ન્યાં તો ન્યાય આપીને કરે છે. કે કર્મગ્રહણ થાય છે, જો તમે બાહ્ય પરિગ્રહને મૂર્ચ્છાનું નિમિત્ત કારણ કહીને તેને બાહ્ય પરિગ્રહ કહેશો તો એને કર્મગ્રહણ છે ને આભ્યંતર પરિગ્રહ નથી તો એનું શું થયું? એ અતિવ્યાપ્તિ થઈ ગઈ. બાહ્ય પરિગ્રહપણું મમતાને પ્રાપ્ત થયું નહિ અને તમે કહો છો બાહ્ય પરિગ્રહપણું મમતાનું કારણ છે. પણ જેને મમતા છે તેને બાહ્ય પરિગ્રહ મમતાનું કારણ છે, નથી તેને બાહ્ય પરિગ્રહ મમતાનું કારણ નથી. કેટલી ન્યાયથી વાત કરે છે. સમજાણું? નિશ્ચય ભાષા વાપરી છે ને? ખરેખર છે કારણ?

**'તો એ લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ આવશે, કેમકે અર્હંત અવસ્થામાં પણ કાર્મણવર્ગણા તથા નોકર્મ વર્ગણા-એ બન્નેના ગ્રહણરૂપ પરિગ્રહ છે...'** લ્યો! એ શરીરના રજકણો પણ આવે છે ભગવાનને અને કર્મના રજકણ આવે છે, બન્ને આવે છે, જુઓ! તો એને બાહ્ય આવે છે એને જો મમતાનું ખરેખર કારણ કહેશો તો ત્યાં પણ મૂર્ચ્છા લાગુ પડશે, અતિવ્યાપ્તિ થઈ જશે. કે, ના એમ નથી. બાહ્ય આવે છતાં મૂર્ચ્છા નથી માટે તેને મૂર્ચ્છાનું નિમિત્ત કહેવામાં આવતું નથી, એને પરિગ્રહ કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ આમાં? કેટલા પડખાંથી વાત કરે છે, એકલા ન્યાયથી વાત કરે છે.

**'ત્યાં પણ મૂર્ચ્છા થઈ જશે. તો તેમ નથી, કારણ કે કષાયરહિત જીવોને કર્મ-નોકર્મનું ગ્રહણ હોવા છતાં પણ મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ નથી.'** સમજાણું કાંઈ? માટે ત્યાં પરિગ્રહપણાને પામતો નથી, કર્મનુંગ્રહણ ને શરીરના રજકણો ભગવાનને આવે છે પણ એને પરિગ્રહપણું એ પામતું નથી. કારણ કે, મૂર્ચ્છા હોય તો નિમિત્તપણું પામે, મૂર્ચ્છા ન હોય તો પામતું નથી એમ સિદ્ધ કરે છે, ભાઈ! શું કીધું? સમજાણું કાંઈ? મૂર્ચ્છા હોય તો નિમિત્તપણાને પામે, મૂર્ચ્છા ન હોય તો નિમિત્તપણાને પામતું નથી. માટે અતિવ્યાપ્તિ દોષ લાગતો નથી. આહાહા! ... **'મૂર્ચ્છા થઈ જશે. તો એમ નથી, કારણ કે કષાયરહિત જીવોને કર્મ-નોકર્મનું ગ્રહણ હોવા છતાં પણ મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ નથી.'**

ભાવાર્થ :– **'અતિવ્યાપ્તિ તો ત્યારે થાય જો નિષ્પરિગ્રહી વીતરાગી મહાપુરુષોને મૂર્ચ્છા હોય.'** એ વસ્તુ આવે છે એમાં એની મૂર્ચ્છા હોય. **'તે તો તેમને હોતી નથી, માટે વીતરાગી અર્હંત ભગવાનને કર્મ-નોકર્મનું ગ્રહણ હોવા છતાં પણ મૂર્ચ્છા વિના પરિગ્રહ નામ પામતું નથી.'** મૂર્ચ્છા હોય તો પરિગ્રહ નામ પામે, ઉપાદાનમાં કાર્ય થાય તો નિમિત્ત કહેવામાં આવે. અહીં કાર્ય ન થાય તો નિમિત્ત એમ કહેવામાં આવતું નથી. ભારે વાત કરે છે. સમજાણું કાંઈ?

**'તેથી અતિવ્યાપ્તિ દોષ નથી. બાહ્યવસ્તુ મૂર્ચ્છા ઉપજાવવાનું કારણમાત્ર છે...'** બાહ્ય વસ્તુ મૂર્ચ્છા ઉપજાવવાનું કારણમાત્ર છે, ઉપજે એને. **'તેથી તેને ઉપચારથી પરિગ્રહ કહી**

www.vitragvani.com



**દીધેલ છે. વાસ્તવમાં પરિગ્રહનું લક્ષણ મૂર્ચ્છા જ છે.'** આહા..! કેટલી સરસ વાત છે! ઉપાદાન નિમિત્તનું પણ સ્પષ્ટ કરી નાખ્યું, લ્યો! પેલો કહે કે, જો નિમિત્ત હતું ને આવ્યો, રાગ થયો કે નહિ? કે, ના. રાગ થયો ત્યારે પેલાને નિમિત્ત કહેવામાં આવે છે. ભગવાનને કર્મ ને શરીર હોય છે છતાં મૂર્ચ્છા કહેવામાં આવતી નથી. મૂર્ચ્છા હોતી નથી. કહો, બરાબર છે?

## ગાથા–૧૧૫

પરિગ્રહના ભેદ

**अतिसंक्षेपाद् द्विविधः स भवेदाभ्यन्तरश्च बाह्यश्च।**
**प्रथमश्चतुर्दशविधो भवति द्विविधो द्वितीयस्तु।।११५।।**

**અન્વયાર્થ :– [ सः ] તે પરિગ્રહ [ अतिसंक्षेपात् ] અત્યંત સંક્ષિપ્તપણે [ आभ्यन्तरः ] અંતરંગ [ च ] અને [ बाह्यः ] બહિરંગ [ द्विविधः ] બે પ્રકારે [ भवेत् ] છે. [ च ] અને [ प्रथमः ] પહેલો અંતરંગ પરિગ્રહ [ चतुर्दशविधः ] ચૌદ પ્રકારનો [ तु ] તથા [ द्वितीयः ] બીજો બહિરંગ પરિગ્રહ [ द्विविधः ] બે પ્રકારનો [ भवति ] છે.**

ટીકા :– **'स (परिग्रहः) अति संक्षेपात् द्विविधः आभ्यन्तरः बाह्यश्च प्रथमः (आभ्यन्तरः) चतुर्दशविधः भवति द्वितीयस्तु द्विविधः भवति' - અર્થ :– તે પરિગ્રહ સંક્ષેપમાં બે પ્રકારનો છે. પહેલો આભ્યન્તર, બીજો બાહ્ય. અંતરંગ આત્માના પરિણામને આભ્યંતર પરિગ્રહ કહે છે અને બહારના બધા પદાર્થોને બાહ્ય પરિગ્રહ કહે છે. પહેલો પરિગ્રહ ચૌદ પ્રકારનો છે, બીજો બાહ્ય પરિગ્રહ બે પ્રકારનો છે. ૧૧૫.**

---

**'પરિગ્રહના (સંક્ષેપમાં) ભેદ...'** હવે, પરિગ્રહના ટૂંકામાં ભેદ (કહે છે).

**अतिसंक्षेपाद् द्विविधः स भवेदाभ्यन्तरश्च बाह्यश्च।**
**प्रथमश्चतुर्दशविधो भवति द्विविधो द्वितीयस्तु।।११५।।**

**'તે પરિગ્રહ અત્યંત સંક્ષિપ્તપણે (સામાન્યથી કહીએ) અંતરંગ અને બહિરંગ બે પ્રકારે છે. અને પહેલો અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારનો તથા બીજો બહિરંગ પરિગ્રહ બે પ્રકારનો છે.'** ચૌદ પ્રકાર, બે પ્રકાર.

ટીકા :– **'તે પરિગ્રહ સંક્ષેપમાં બે પ્રકારનો છે. પહેલો આભ્યન્તર, બીજો બાહ્ય. અંતરંગ આત્માના પરિણામને આભ્યંતર પરિગ્રહ કહે છે અને બહારના બધા પદાર્થોને બાહ્ય પરિગ્રહ**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**કહે છે.'** બાહ્યના બધા પદાર્થોને બાહ્ય પરિગ્રહ કહે છે. જો બધા શબ્દ વાપર્યો છે, પણ અહીં મમતા હોય તો. નહિતર બધાને પેલામાં આવી ગયા. કર્મ, શરીર ગ્રહણ એ આવી ગયું. પણ અહીં મૂર્ચ્છા કરે તો નિમિત્તપણાને પામે, મૂર્ચ્છા ન કરે તો નિમિત્તપણાને પામતું નથી. થોડો ફેર લાગે પણ ફેર મોટો ઉગમણો-આથમણો છે. પેલો કહે કે, એ બાહ્ય પરિગ્રહ... 'ન્યાલચંદભાઈ'! પેલો કહે બાહ્ય પદાર્થ તે મમતાનું કારણ છે. આ કહે ના મમતા કરે તો તેને નિમિત્ત ને ઉપચાર પરિગ્રહ કહેવામાં આવે છે. પેલો કહે કે, અમે અહીંથી કહીએ ને તમે આમથી કહો. પણ આખો મોટો ફેર છે, સાંભળને.

## ગાથા–૧૧૬

**આભ્યંતર પરિગ્રહના ચૌદ ભેદ**

**मिथ्यात्ववेदरागास्तथैव हास्यादयश्च षड् दोषाः।**
**चत्वारश्च कषायाश्चतुर्दशाभ्यन्तरा ग्रन्थाः।।११६।।**

**અન્વયાર્થ :– [ मिथ्यात्ववेदरागाः ] મિથ્યાત્વ, સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદના રાગ [ तथैव च ] એ જ રીતે [ हास्यादयः ] હાસ્યાદિ અર્થાત્ હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા એ [ षड् दोषाः ] છ દોષ [ च ] અને [ चत्वारः ] ચાર અર્થાત્ ક્રોધ, માન, માયા, લોભ અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલન એ ચાર [ कषायाः ] કષાયભાવ-આ રીતે [ आभ्यन्तराः ग्रन्थाः ] અંતરંગ પરિગ્રહ [ चतुर्दश ] ચૌદ છે.**

ટીકા :– **'आभ्यन्तराः ग्रन्थाः मिथ्यात्ववेदरागाः तथैव हास्यादयः षड् दोषाः च चत्वारः कषायाः चतुर्दश (भवन्ति)' - અર્થ :– આભ્યંતર પરિગ્રહ ૧૪ પ્રકારનો છે. ૧ મિથ્યાત્વ, ૨ પુરુષવેદ, ૩ સ્ત્રીવેદ, ૪ નપુંસકવેદ તથા ૫ હાસ્ય, ૬ રતિ, ૭ અરતિ, ૮ શોક, ૯ ભય, ૧૦ જુગુપ્સા અને ૧૧ ક્રોધ, ૧૨ માન, ૧૩ માયા, ૧૪ લોભ-એ ૧૪ આભ્યંતર પરિગ્રહ છે. ૧૧૬.**

---

**'આભ્યંતર પરિગ્રહના ચૌદ ભેદ...'** લ્યો! મિથ્યાત્વ પહેલો પરિગ્રહ આવ્યો.

**मिथ्यात्ववेदरागास्तथैव हास्यादयश्च षड् दोषाः।**
**चत्वारश्च कषायाश्चतुर्दशाभ्यन्तरा ग्रन्थाः।।११६।।**

આભ્યંતર ગ્રન્થ, આભ્યંતર પરિગ્રહ, આભ્યંતર ગાંઠ. આ મિથ્યાત્વ પરિગ્રહની તો

www.vitragvani.com



ખબર ન મળે. 'દીપચંદજી'! બસ! વસ્ત્ર, પાત્ર છોડી દો, નગ્ન થઈ જાવ. અહીં તો દેખો! **'મિથ્યાત્વ,...'** એ પહેલામાં પહેલો પરિગ્રહ છે. આહાહા! વિપરીત માન્યતા એ પહેલો પરિગ્રહ છે, મહા પરિગ્રહ છે. એ પરિગ્રહના માપની ખબર ન મળે અને આ બાહ્ય પરિગ્રહ આટલો રાખ્યો ને આટલો છોડ્યો, આટલો રાખ્યો ને આટલો છોડ્યો. એ વાત જ ગ્રહણ-ત્યાગની વાત જ જૂઠી છે તદ્દન. સમજાણું કાંઈ? 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે, આવ્યું છે કે નહિ તમારે? 'મોહનભાઈ'! આવ્યું છે ત્યાં? લઈ જજો અહીંથી. આપો ભાઈ! છે કે નહિ આપણે? ભેટ તરીકે તો આપો, વાંચશે. બે લાવવાના હતા શનિવારે એને ઠેકાણે ગુરૂવારે આવ્યા, લ્યો! આત્મસિદ્ધિના પ્રવચનો છે? ભાઈ! આત્મસિદ્ધિ પ્રવચનો હશે ત્યાં, લઈ ગયા? એણે પહેલું જોયું ને એટલે કીધું કે, આ શું છે નામ? કહો, સમજાણું આમાં? આહાહા!

આચાર્યે ગજબ કામ કર્યા છે. એ મિથ્યાત્વને હિંસા કહેશે, હોં! અહીં આગળ. હિંસા-અહિંસાનું લક્ષણ ૧૧૮માં બાંધશે. એ મિથ્યાત્વ એજ મહા હિંસા છે અને સમ્યગ્દર્શન એ મહા અહિંસા છે. એ હિંસા-અહિંસાની ખબર ન મળે. સમજાણું? છ કાયની હિંસા છોડી દ્યો, છ કાયની હિંસા છોડી દ્યો.

મુમુક્ષુ :– પણ પોતાની હિંસા કરે એમાં શું?

ઉત્તર :– પણ પરની હિંસા કરી કોણ શકે છે? તારા રાગને કર. ત્યાં પેલા કહે, એય પરનું કરી... પણ પરનું કરી શકતો નથી, સાંભળને! પેલામાં એમ આવ્યું છે. આવે છે ને બંધ અધિકારમાં? પેલા હણે છે ને એને નથી લાગતું. હિંસા જાય છે, હિંસા જાય છે પુદ્‌ગલમાં એવું લખ્યું છે. સમજાણું? 'કળશ-ટીકા'માં હશે. પુદ્‌ગલમાં જાય છે એમ લખ્યું, પુદ્‌ગલમાં, હોં! હિંસા એ પરની ક્રિયામાં જાય છે, આત્મામાં નથી, આત્માએ તો એનો મૂર્ચ્છાભાવ કર્યો એ એની હિંસા છે. એમાં પહેલી મિથ્યાત્વ નામની મહા હિંસા છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૧ ગાથા–૧૧૬ થી ૧૧૯ રવિવાર, જ્યેષ્ઠ વદ ૧૦, તા.૦૨-૦૭-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ગાથા ૧૧૬. પરિગ્રહની વ્યાખ્યા ચાલે છે. પરિગ્રહ એ પાપ છે અને પરિગ્રહ એ હિંસા છે. બન્ને, હિંસા કહો કે પરિગ્રહ કહો, પરિગ્રહ કહો કે હિંસા કહો.

મુમુક્ષુ :– કોની હિંસા?

ઉત્તર :– પોતાના શુદ્ધસ્વરૂપની સાવધાનીની હિંસા. શુદ્ધસ્વભાવ ચૈતન્યનો (જે છે) એની સાવધાની નહિ રહીને રાગાદિ કે બોલવાદિ કે હાલવાદિ પર્યાયમાં સાવધાની થઈ જાય એ મિથ્યાત્વભાવ છે તેને હિંસા કહે છે.

www.vitragvani.com



ફરીને, આપણે ઝટ ક્યાં છોડી દઈએ છીએ. પહેલો મિથ્યાત્વ પરિગ્રહ છે. આત્મા જ્ઞાન શુદ્ધચૈતન્ય સ્વરૂપ એની પક્કડ છોડીને કંઈ પણ બહિર્મુખ વૃત્તિ ઉઠે, અંતર્મુખ સ્વભાવની સાવધાનીની દૃષ્ટિ છોડી અને બહિર્મુખની વૃત્તિઓ જેટલી વિકલ્પ પુણ્ય, પાપ, દયા, દાન, શરીર આદિની અવસ્થાઓ (થાય) એમાં સાવધાનપણું થઈને એની પક્કડ દશા થાય તેનું નામ મિથ્યાત્વ પરિગ્રહ અને એનું નામ મિથ્યાત્વ હિંસા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ઝીણું.

મુમુક્ષુ :– આજે તો ભાવનગરનો દિવસ છે.

ઉત્તર :– હા, 'ભાવનગર'નો દિવસ છે. એય.. 'જયંતિભાઈ'! 'ભાવનગર'નો દિવસ છે ને? ત્યારે ઝીણું જ આવે, એમ કહે છે.

અહીં તો કહે છે કે, **'मिथ्यात्ववेदरागाः'** એમ ત્રણ શબ્દની વ્યાખ્યા છે. મિથ્યાત્વ તે આભ્યંતર પરિગ્રહ છે. મિથ્યાત્વ એટલે શુદ્ધસ્વભાવ જ્ઞાન સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા તેની અંતરમાં સાવધાની છોડી દઈને આત્મા સિવાયના પર છ દ્રવ્યો કે ક્રોધ, માન, રાગાદિ, માન, લોભ આદિ વિકલ્પોની પક્કડ થવી કે, આ હું છું ને એમાં મને લાભ છે એવો મિથ્યાત્વભાવ, જે અસત્યભાવ–સત્ય સ્વરૂપથી વિપરીત ભાવ–તેને પરિગ્રહ કહે છે અને તેને હિંસા કહે છે. આહા..! 'દાસ'! ભારે વાત, ભાઈ! 'દેવશીભાઈ'! શું થયું?

વસ્તુ ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા એ જ એનું સ્વરૂપ છે એથી આઘા જઈને કંઈપણ વિકલ્પની વૃત્તિ ઉઠે એમાં એકત્વબુદ્ધિ અને લાભબુદ્ધિ (માને), હું કાંઈ લાભના રસ્તે, લાભના વેપારે છું, એવો જે મિથ્યાત્વભાવ (એ) મૂળ પરિગ્રહ છે. એ મૂળ પરિગ્રહ છે, બીજો રાગાદિ પરિગ્રહ છે એ સામાન્ય છે અને બાહ્યનો પરિગ્રહ તો એ મમત્વ કરે તો નિમિત્ત કહેવાય છે, એ ઉપચારથી પરિગ્રહ છે.

પરિગ્રહના ત્રણ પ્રકાર. એક આભ્યંતર પરિગ્રહ એના બે પ્રકાર, એક મિથ્યાત્વ પરિગ્રહ અને એ સિવાયના રાગ-દ્વેષ, હાસ્ય, વેદના આદિ વેદનો ઉદય આદિનો રાગ એ. પણ એ પરિગ્રહ મંદપરિગ્રહ છે. મિથ્યાત્વ પરિગ્રહ તીવ્રપરિગ્રહ છે. મહાઆરંભી ને મહાપરિગ્રહી કહેવામાં જે આવે છે કે આ જીવ મહાઆરંભી ને મહાપરિગ્રહી (છે). આગળ જરી લેશે મહાઆરંભ અને મહાપરિગ્રહ હોય ને એમ કહે કે, મને નથી, એ તો ભાવમાં નથી એમ કહે એ ખોટું કહેશે આગળ. મીંદડીનો દાખલો આપીને.

**'उन्दुरु'**, **'उन्दुरु'** કર્યું **'उन्दुरु'** એટલે શું? **'उन्दुरुरिपु'** ઉંદરના રીપુ. છે ને ક્યાંક? જુઓ! ૧૨૦માં છે. **'उन्दुरुरिपु'** રિપુ તો ઠીક, ૧૨૦ છે ને? **'उन्दुरु'**, **'उन्दुरु'** એમ છે ઊંદર એમ નથી. એનો (અર્થ) ઊંદર થતો હશે. **'उन्दुरु'** શબ્દ છે. આગળ પછી મંથન કહેશે. ઊંદરના ટોળાને મંથન કરે એવી મીંદડી મારનારી અને હરણના બચ્ચા લીલોતરીને ખાય એ. **'उन्दुरु'** આ તો **'उन्दुरु'** શબ્દ કેમ છે? એટલું જ તે. સંસ્કૃત (અર્થ) એવો

www.vitragvani.com



થાતો હશે? ઊંદરનું '**उन्दुरु**' થતો હશે. ત્યાં તો એમ કહેશે કે, માંસ ખાનાર મીંદડીને મહા તીવ્રપરિણામ છે અને હરણના બચ્ચાને લીલા ઘાસ ખાવામાં મંદ મમતા છે એમ કહેશે. દૂધની મીઠાશવાળાને મીઠાશની અલ્પતા, અલ્પરાગ છે. સાકરની મીઠાશવાળાને તીવ્રરાગ છે. મીઠાશમાં ફેર છે તો એની આસક્તિમાં ફેર છે એમ જરી ત્યાં એટલી વાત થોડી કરશે. સમજાણું?

અહીંયા તો એ સિદ્ધાંત કે, આ આત્મા જ્ઞાનમૂર્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ જે આત્મા જોયો અસંખ્યપ્રદેશ અનંતગુણનું રૂપ, સ્વરૂપ એની એકાગ્રતા સાવધાની–તે હું–એમ છોડી દઈને બહિર્મુખની જે વૃત્તિ થાય, વિકલ્પ આદિ તે મારા, એનો હું, એ મને લાભદાયક એવો જે મિથ્યાત્વભાવ એ પહેલો મહાપરિગ્રહ ને હિંસા છે. આહાહા! વીતરાગનો માર્ગ. કહો, સમજાણું? જીવ અધિકારમાં આવે છે ને? પેલા ધર્માદિ ને ક્રોધાદિ, નહિ? એનો અર્થ જ એ છે કે એ મારા નથી. મોહ આદિ, એ મારા નથી એને મારા માને છે, છ દ્રવ્ય મારા નથી. મારા નથીનો અર્થ શું? મને તેના તરફના વિકલ્પથી કાંઈક લાભ થાય છે એવી જે માન્યતા તેને અહીંયા મિથ્યાત્વ કહે છે અને એ મિથ્યાત્વનો પક્કડ છે માટે એને મિથ્યાત્વ પરિગ્રહ કહેવાય છે ને એમાં સ્વરૂપ ભગવાનઆત્મા અવિકારી શુદ્ધચૈતન્ય સ્વરૂપની સાવધાની ચુક્યો છે માટે તેને હિંસા કહે છે. પક્કડ છે માટે પરિગ્રહ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– હિંસ્યતી હિંસા -

ઉત્તર :– હા. હિંસ્યતી હિંસા. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ શુદ્ધચૈતન્ય સ્વભાવ એની જ્ઞાતા-દૃષ્ટાની પ્રતીત, અનુભવ, આશ્રય, અવલંબન, એકાગ્રતા છોડીને જેટલો એ રાગના મંદરાગમાં પણ એકાગ્ર થઈ લાભબુદ્ધિએ (પ્રવર્તે), કાંઈ વેપાર કરે તો લાભબુદ્ધિ માનેને? કે, હું કાંઈક કરું છું એ લાભ માટે છે રાગાદિ, શુભાદિ એના તરફના વલણનો ભાવ તે મને લાભદાયક છે. એવી જે માન્યતા છે તેને અહીંયા પૃથમ મિથ્યાત્વરૂપી પરિગ્રહ આભ્યંતરમાં પહેલા પ્રકારનો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

વીતરાગનો માર્ગ અપૂર્વ અલૌકિક છે. ૧૧૮માં કહેશે, હિંસા-અહિંસાની વ્યાખ્યા કરતા. '**સિદ્ધાંતને જાણનાર આચાર્યો,...**' આહાહા! શાસ્ત્રોના જાણનાર. શાસ્ત્રમાં એમ કહ્યું છે એમ કહેશે. ચારે અનુયોગ દ્વાર શાસ્ત્ર ભગવાનની વાણી જે આવી એ વાણીના જાણનાર શાસ્ત્રજ્ઞ એ '**जिनप्रवचनज्ञाः**' એમ કહેશે. એ જિનપરમાત્માના પ્રવચનો, શાસ્ત્રો એના જે જાણનાર, એ રાગની ઉત્પત્તિને લાભદાયક માને તેને મિથ્યાત્વ ને તેને હિંસા શાસ્ત્રના જાણનાર કહે છે. કહો, 'જયંતિભાઈ'! આહાહા! ભારે વાત, ભાઈ! આ. એય..! દેવાનુપ્રિયા! સમજાણું કે નહિ?

કહે છે કે, મિથ્યાત્વ એ પહેલો આભ્યંતર પરિગ્રહ છે. એ શું? દર્શનમોહનો? એ નહિ.

પોતાનો શુદ્ધચૈતન્ય સ્વભાવ, તેની તરફની સન્મુખતા છોડી દઈને પરસન્મુખના થતાં વિકલ્પોની બહિરબુદ્ધિમાં આ મને લાભદાયક છે, બસ! આ માન્યતા તે મિથ્યાત્વ છે અને તે પરિગ્રહ છે અને તે મમત્વ છે, એ મૂર્ચ્છા છે, તે હિંસા છે. આહાહા! મિથ્યાત્વ છે એ પરિગ્રહ છે, એ મૂર્ચ્છા છે, એ મમતા છે, તે હિંસા છે. એટલા બોલ આવ્યા. તે જૂઠું છે, તે ચોરી છે, તે અબ્રહ્મ છે, તે પરિગ્રહ છે, તે ક્રોધ, માન, માયા, જે કહો તે તે છે. સમજાણું કાંઈ? આહા..! એ પહેલો પરિગ્રહ આભ્યંતર.

**'સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદના રાગ...'** રાગનો ભાગ છે ને એ ત્રણે? સ્ત્રીના વેદનો રાગભાગ, પુરુષનો રાગભાગ, નપુંસકનો રાગ એ રાગ પોતે પરિગ્રહ છે. એ પુરુષ વેદની વાસના થવી, સ્ત્રીવેદની થવી કે નપુંસકવેદનો રાગ એ વિકલ્પ છે, વાસના છે, એ હિંસા છે, એ પરિગ્રહ છે. સમજાણું કાંઈ? **'એ જ રીતે હાસ્યાદિ...'** છ દોષ, એમ શબ્દ વાપર્યો છે **'षड् दोषाः'**. હાસ્ય ભાવ તે દોષ છે, તે પાપ છે, તે પરિગ્રહ છે, તે હિંસા છે. ભગવાન જ્ઞાન સ્વરૂપમાં હાસ્ય કેવું? એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન જાણનાર, જાણનાર-દેખનાર એમાં કુતૂહલતા કેવી? કુતૂહલતાનો હાસ્યનો વિકલ્પ એ પરિગ્રહ છે. એ આત્મામાં હિંસા થાય છે. આહા..!

'કેવળી પણન્તો ધમ્મો શરણં' એ આ. એવા રાગ ને હિંસા છોડી ને આત્માની દષ્ટિની ને સ્થિરતા કરવી તે અહિંસા, તે 'કેવળી પણન્તો ધમ્મો શરણં' છે. પાછા વાતું તો બધા કરે માંગલિક બોલે ત્યારે. માંગલિક સંભળાવો. અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં... પણ શું વસ્તુ? એનો વાચ્ય ભાવ શું? ભગવાન જાણે, થઈ રહ્યું.

કહે છે, હાસ્યભાવ આહાહા! જ્યાં એકલો જ્ઞાનભાવ, એકલો જ્ઞાનભાવ (છે) એમાં હાસ્યભાવ પરિગ્રહ છે. તે હિંસા છે. સમજાણું? માટે ધર્માર્થીએ આત્માના અર્થે તે છોડવો. પરિગ્રહ ત્યાગ એમ બતાવશે ને? મિથ્યાત્વનો ત્યાગ, વેદ વાસનાનો ત્યાગ, હાસ્યની કલ્પનાનો ત્યાગ. સમજાણું કાંઈ?

**'રતિ,...'** ખુશી થવું. ખુશી અંદરમાં રાગ (થાય), એ ખુશી રાગનો એક ભાગ છે. રતિ, એ પરિગ્રહ છે, એ હિંસા છે. ભગવાનઆત્માની અહિંસા જેમાં લૂંટાય છે. આ અહિંસા એ આત્માનો સ્વભાવ છે. પેલી પરની દયાનો ભાવ એ સ્વભાવ કહે છે, અત્યારે બહુ આવે છે વાત. અરે..! ભગવાન! તને ખબર નથી, ભાઈ! સમજાણું કાંઈ? પોતાના જીવતા વિદ્યમાન જ્ઞાન, દર્શન, આનંદના વિદ્યમાન ભાવ. લ્યો, પેલા જીવંત ઉપરથી આવ્યું. વિદ્યમાન એટલે હોવાવાળા સત્તા... સત્તા... સત્તા. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, શાંતિ એટલે ચારિત્ર, એવા જે સ્વભાવરૂપ ભાવ એનો હોવાવાળો જે પદાર્થ એવા પદાર્થનો અંતરમાં સત્ સ્વરૂપે એનો સ્વીકાર નહિ અને આ રતિ, અરતિના વિકલ્પનો સ્વીકાર (થવો એ) પરિગ્રહ છે. સમજાણું? એ પરિગ્રહ એ પાપ છે, પાપ તે હિંસા છે. પોતાના સ્વરૂપની હિંસા છે. આહાહા!

સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાત ક્યાંય હોય શકે નહિ. કારણ કે, એણે જોયો સૂક્ષ્મ સ્વભાવ અહિંસક ચૈતન્યમૂર્તિ, પૂર્ણ પ્રત્યક્ષ. એ વાણીમાં આવ્યું કે, ભાઈ! એ રતિ, અરતિનો વિકલ્પ ઉઠે છે, ખુશી, દિલગીરી, એ બધો ભાવ પરિગ્રહ છે, મમતા છે, મૂર્ચ્છા છે, પાપ છે ને હિંસા છે. આહાહા! દયા ધર્મનું મૂળ છે, આવે છે ને? એ આ દયા. એય! તમારે આવે છે ને? 'ગઢડા'માં બહુ આવતું. ઘડિયાળ પાસે મોટું લખેલું છે. દયા ધર્મની શું કીધું? 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ' ઇ. પેલું તો તુલસીનું છે. આ તો અહીં સ્થાનકવાસીમાં છે. દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતજીવ મુક્તિએ ગયા' જુઓ! અમારે 'ભગવાનભાઈ'ને ત્યાં બધું તૈયાર હતું. એને બધું યાદ હતું પહેલું. એ કાલ કહે અરે..રે..! બધું ઊંધે રસ્તે હતા. અનંતજીવ મુક્તિએ ગયા, પણ ઇ કઈ દયા? આ દયા. આહાહા! ભગવાનઆત્મા રાગના વિકલ્પ રહિત શુદ્ધઉપયોગરૂપી પરિણતિ તેને ભગવાન દયા અને અહિંસા કહે છે. એ દયા દ્વારા અનંતા મુક્તિને પામ્યા છે. સમજાણું કાંઈ? બહુ વ્યાખ્યા જુદી, હોં! 'પ્રવીણભાઈ'! બધી વાત પણ જુદી. બહારમાં, અન્યમતમાં તો નહિ ને જૈનમાં પણ આવું સાંભળવા મળ્યું ન હોય.

**'રતિ, અરતિ, શોક,...'** પુત્ર આદિ મરવાથી શોક અંદર થઈ જાય, ધક્કો લાગી જાય. હાય..હાય..! વહાલી ચીજનો વિયોગ, વહાલી ચીજનો વિયોગ એવો જે શોક. આહાહા! કોઈ ચીજ સારી હોય ખોવાણી, ગઈ, મરી, શોક થઈ જાય. પાંચ લાખની મુડી હોય એમાં એકદમ સટ્ટામાં પાંચ લાખમાંથી બે લાખ, ત્રણ લાખ ગયા તો આમ દિલગીરી છવાય જાય. શોક, શોક (થઈ જાય). કહે છે કે, શોક પરિગ્રહ છે, પાપ છે, હિંસા છે.

**'ભય,...'** ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપમાં ભય કેવો? એ તો નિર્ભય સ્વરૂપ છે ભગવાન. એમાં ભય, ત્રાસ. કંઈક પોતાની વાત કોઈ જાણી જશે (એનો) ભય, એ ભય છે એ પરિગ્રહ છે. સમજાણું કાંઈ? બાહ્ય ભલે પરિગ્રહ ન હોય પણ આ અંદરનો ભાવ તેને પરિગ્રહ છે.

**'ભય, જુગુપ્સા,...'** દુગંછા, દુગંછા. સડેલા કુતરા, મીંદડા દેખી શરીર ગંધાય, મોટા ભાઠા પડે, ભાઠા. સડે છે ને શરીર? પોતાનું શરીર એવું સડે કે, જેને શેરો ખાવો કઠણ પડે. એવી ગંધ મારે. બે મિનિટમાં શેરો એવો થઈ જશે. એક શેઠ હતો એને આ સડ્યું. અમારા 'ઉમરાળા'ના હતા, 'વનમાળી' શેઠ. આ સડ્યું. મેડીએ પડ્યા રહે. રોટલી, દાળ ખવાય નહિ, વાર લાગે. આ ગંધ એવું મારે. શેરો માંડ માંડ થોડો લે. એકદમ નાખી દે નહિતર.. મેડી ઉપર બેઠા હતા. અમે વ્હોરવા ગયા હતા, દર્શન કરવા ગયા હતા. દાદરે ઉભા રહ્યા. મોઢા આગળ બેઠા હતા. આ સડે, આ સડે. ભાઠું. એવી ગંધ મારે, એવી ગંધ મારે. એને એક મિનિટમાં આમ ઉતારવું ... કહે છે કે એની દુગંછા, એ તો પર્યાય ધર્મ જડનો છે. સમજાણું કાંઈ?

એક વાણિયાને જોયો હતો. આમ સડી ગયેલું. ગધેડુ સડે એમ આ શરીર સડી ગયું.

www.vitragvani.com



આમ જોડે કહે માંગલિક સંભળાવો, મહારાજ! આમ સંભળાવવા ગયા તો ગંધાય, એવું ગંધાય. બાયડી કહે, આ મહારાજ આવ્યા છે. મહારાજ સવારે ચાલ્યા જશે. ગામડામાં આવ્યા છે, આપણે હાથજોડ કરી લ્યો અત્યારે. તો કહે, અત્યારે નહિ. રાત્રે મરવું. ગધેડા જેવું, અહીં ગંધ એવી મારે, એવી મારે. બૈરાંને એમ કે અરે..! માંડ માંડ આ જોગ આવ્યો ને સ્થિતિ આવી થઈ ગઈ. ભડનો દીકરો કહે, અત્યારે નહિ. કદાચિત આમા સાજો થઈ જાવ તો વળી,.. ઉંમર પણ ૬૦-૬૫ થઈ ગયેલી. કોણ જાણે જીવતર રહે તો. મમતા તે જગતને.. કહે છે કે, દુગંછાની વૃત્તિ ઉત્પન્ન થાય (એ) પરિગ્રહ છે, પાપ છે, સ્વરૂપની શાંતિની હિંસા છે. ભગવાનઆત્મા શાંત સ્વરૂપ છે એની એક હિંસા છે.

**'એ છ દોષ...'** છ દોષ કહ્યા એ. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા **'અને ચાર (કષાય) અર્થાત્ ક્રોધ, માન, માયા, લોભ અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી અને સંજવલન એ ચાર...'** પછી એના ચાર ભેદ સોળ થાય. **'એ ચાર કષાયભાવ-આ રીતે અંતરંગ પરિગ્રહ ચૌદ છે.'** લ્યો! અનંતાનુબંધી ભાવ એ પરિગ્રહ છે. જુઓ! મિથ્યાત્વનો પરિગ્રહ જુદો લીધો ને અનંતાનુબંધીનો જુદો. તેના અભાવનો પણ જુદો ભાવ છે.

મુમુક્ષુ :– સ્વરૂપ આચરણ સ્થિર કરવા માટે છે.

ઉત્તર :– હા, સ્વરૂપ આચરણ છે ને પણ એનું. કહો, સમજાણું કાંઈ? મિથ્યાત્વ પરિગ્રહ છૂટે એટલે સમ્યગ્દર્શન થાય. અનંતાનુબંધી છૂટે એટલે સ્વરૂપ આચરણ સ્થિરતા થાય. સમજાણું? અરે..! એને માંડ મનુષ્યપણાના ટાણા મળ્યા. ચોરાશીના અવતારમાંથી ક્યાં નિગોદ-નરકમાં હતો એમાં કાંઈક આવ્યો અહીંયા ત્યાં તો થઈ રહ્યું. એને એમ જ થઈ ગયું હવે આની બધી સંભાળ ને આની વ્યવસ્થા. વર્તમાન જે મળ્યું એની વ્યવસ્થામાં બીજા કરતા અધિક ગણાઉં એટલે આપણે મોટા થયા. 'મોહનભાઈ'!

કહે છે એ બધા અનંતાનુબંધીનો ક્રોધ, માન, માયા ને લોભ એ પરિગ્રહ છે. પછી અપ્રત્યાખ્યાનાવરણીના ચાર, પ્રત્યાખ્યાનાવરણીય, સંજ્વલનના ચાર, એ સોળે પરિગ્રહ છે. કહો, સમજાણું? આભ્યંતર પરિગ્રહ ચૌદ થયા, લ્યો! એ ટીકાના બોલ ચૌદ થઈ ગયા. ચૌદે આભ્યંતર મમત્વભાવ છે. એમાં મિથ્યાત્વનો મમત્વ મહા તીવ્રપરિગ્રહ ને પાપ છે. એ પરિગ્રહની તો કિંમત નહિ, કપડુ રાખે તો કહે આણે... કપડુ છોડ્યું તો ત્યાગી થઈ ગયો ને કપડુ રાખ્યું તો પરિગ્રહી થઈ ગયો. કપડું છોડ્યું (એટલે) નિષ્પરિગ્રહ (થઈ ગયો). આહાહા!

કહે છે કે, ભાઈ! ભગવાનઆત્મા ચૈતન્યપ્રભુ પૂર્ણ આનંદનો કંદ જ્યાં સ્વભાવ શુદ્ધ પ્રભુ પોતે છે. અપ્પા, પરમઅપ્પા–પોતે જ પરમાત્મ સ્વરૂપ જ છે એનું. એમાંથી જરી પણ ખસીને રાગાદિના વિકલ્પને જ અહીંયા પરિગ્રહ કહ્યો ને એની પક્કડને જ મિથ્યાત્વભાવ કહ્યો. સમજાણું કાંઈ? એ ચૌદ પરિગ્રહ. એ ત્યાગવા યોગ્ય છે એ પછી કહેશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૧૭

બાહ્ય પરિગ્રહના બે ભેદ

अथ निश्चित्तसचित्तौ बाह्यस्य परिग्रहस्य भेदौ द्वौ।
नैषः कदापि सङ्‌गः सर्वोऽप्यतिवर्तते हिंसाम्।।११७।।

અન્વયાર્થ :– [ अथ ] ત્યાર પછી [ बाह्यस्य ] બહિરંગ [ परिग्रहस्य ] પરિગ્રહના [ निश्चित्तसचित्तौ ] અચિત્ત અને સચિત્ત એ [ द्वौ ] બે [ भेदौ ] ભેદ છે. [ एषः ] આ [ सर्वः अपि ] બધાય [ सङ्‌गः ] પરિગ્રહ [ कदापि ] કોઈપણ કાળે [ हिंसाम् ] હિંસાનું [ न अतिवर्तते ] ઉલ્લંઘન કરતા નથી અર્થાત્ કોઈપણ પરિગ્રહ કદીપણ હિંસારહિત નથી.

ટીકા :– 'अथ बाह्यस्य परिग्रहस्य निश्चित्त सचितौ द्वौ भेद्वौ (भवतः) एषः सर्वोऽपि (परिग्रहः) सङ्‌गः हिंसाम् कदापि न अतिवर्तते' - અર્થ :– બાહ્ય પરિગ્રહના ચેતન અને અચેતન એ બે ભેદ છે. આ જે બધોય પરિગ્રહ છે તે હિંસાનું ઉલ્લંઘન કરતો નથી, અર્થાત્ હિંસા વિના પરિગ્રહ હોતો નથી. ૧૧૭.

---

**'બાહ્ય પરિગ્રહના બે ભેદ (છે)'** એ આભ્યંતરની વાત કરી.

अथ निश्चित्तसचित्तौ बाह्यस्य परिग्रहस्य भेदौ द्वौ।
नैषः कदापि सङ्‌गः सर्वोऽप्यतिवर्तते हिंसाम्।।११७।।

લ્યો! **'ત્યાર પછી બહિરંગ પરિગ્રહના (બે ભેદ છે) અચિત્ત અને સચિત્ત...'** જીવ અને જડ બે ભેદ છે. **'આ બધાય પરિગ્રહ કોઈપણ કાળે હિંસાનું ઉલ્લંઘન કરતા નથી...'** એ ચૌદ પરિગ્રહ અને સચિત્ત, અચિત્ત જીવો સ્ત્રી, કુટુંબના આત્મા અને પૈસા આદિ અજીવ એ બધા હિંસાને ઓળંગતા નથી. બધામાં હિંસા છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'બે ભેદ છે. આ બધાય પરિગ્રહ...'** એટલે ચૌદ ને બે આ. **'કોઈપણ કાળે (કદાપિ) હિંસાનું 'न अतिवर्तते' ઉલ્લંઘન કરતા નથી અર્થાત્ કોઈપણ પરિગ્રહ કદીપણ હિંસારહિત નથી.'** કહો, રાગ છે ને હિંસા ન હોય એમ નથી. મિથ્યાત્વ છે ને હિંસા નથી એમ ન હોય.

બન્ને એક જ પાને છે, ૬૫ પાને છે. પેલામાં કાંઈક છે આમાં લખ્યું છે. ૬૫ પાને છે, પેલામાં છે ૧૧૭ પાને. આત્મઅવલોકનમાં ૧૧૭ પાને, આત્મઅવલોકન ૧૧૭, આમાં ૬૫. દસ પ્રકારનો પરિગ્રહ. આ ખેતર એ પુદ્‌ગલ છે. બાગ, નગર, કૂપ, વાડ, તળાવ,

નદી જેટલા પુદ્ગલો કહીએ બધા જડ છે, અજીવ છે. તે માતા, પિતા, કળત્ર, પુત્ર, પુત્રી, સ્ત્રી, જેટલા સ્વજન આદિ એના શરીર હોં! સર્પ, સિંહ, વાઘ, ગજ, મહિષાદિ જેટલા એ બધા પુદ્ગલ છે, અંદરનો આત્મા જુદો. આ શરીર જે દેખે એ નહિ, શરીરને જ માને છે ને આ સ્ત્રી? આ મારી માં. શરીર એ બધા પુદ્ગલ માટી છે. આ તો માટી છે આ બધું. એને કહે, આ મારો દીકરો, આ મારી દીકરી. સમજાણું?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હતો કે દિ' દીકરો? એય..! ઇ કરે બાપુજી, બાપુજી, આ કહે મારો દીકરો, કોણ હતો? કહે છે, ધૂળમાં પણ નથી. ધૂળમાં પણ નથી એટલે? જડ અને આત્માને જેમ કાંઈ સંબંધ નથી એમ આને કાંઈ સંબંધ નથી. કાંઈ સંબંધ નથી, કાંઈ લેવા-દેવા. એને કારણે એ પરિણમે, આને કારણે આ પરિણમે. વર્તમાન બન્નેની પર્યાય વચ્ચે અત્યંત અભાવ. આહાહા! કોના છોરું ને કોના વાછરડું? પેલામાં આવે છે ને? કોના માય ને બાપ, મરણ ટાણે અંતે જાવું એકલું, સાથે પુણ્ય ને પાપ.

મુમુક્ષુ :– પણ એ તો મરણ ટાણે ને!

ઉત્તર :– મરણ ટાણે જાય, અત્યારે ઇ છે. એમ કહે છે. અત્યારે એ છે પુણ્ય ને પાપ તારી સાથે ભાવ છે, ભાવ હોં! પેલા રજકણ તો જુદા રહ્યા.

મુમુક્ષુ :– આવું સાંભળ્યા પછી કોઈ સેવા નહિ કરે.

ઉત્તર :– સેવા કોણ કરી શકે છે? આમાં એક અમારે તમારા દલાલ કહે છે કે, બે વર્ષે આવ્યા ને પ્રેમ ન હોય એમ હોય? એ હળવે બોલી ગયા, હળવે બોલી ગયા. બે વર્ષે આવ્યા... અમારે એ દલાલ છે. આહાહા! ક્યાં દ્રવ્ય ને ક્યા દ્રવ્યની સાથે સંબંધ! ઓહો..!

સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન લઈ લોકાલોકને ઉદાસપણે જાણે છે. જાણે છે ઉદાસપણે હો! આહાહા..! એવો જીવનો સ્વભાવ છે. એનામાં નથી એ અહીં નથી, એનામાં છે એ અહીં છે. સમજાણું કાંઈ? એનામાં નથી પુણ્ય-પાપ, વિકલ્પ, શરીર, વાણી, મન, છોકરા છે એને? આને પણ નથી. એનામાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ પડ્યા છે. એ અહીં આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ છે. સમજાણું? જુઓ! અહીં.

જેટલા દુષ્ટ અક્ષર, શબ્દ, એ શબ્દો, શબ્દો એ બધા પુદ્ગલ, માટી, ધૂળ છે. આ ઉઠે છે એ ધૂળ છે, એ આત્મા ક્યાં છે? અનક્ષર શબ્દ આદિ. આ ધ્વનિ ઉઠે છે ને? અવાજ. બાગ, ગવયવ, સ્નાન, ભોગ, સંયોગ, વિયોગ, ક્રિયા જેટલી પરિગ્રહ મેળાપ તે મોટો પરિગ્રહ. ...દરિદ્ર આદિ જેટલી ક્રિયા. ચાલવું, બેસવું, હાલવું, બોલવું, કંપવું આદિ જેટલી ક્રિયા. લડવું, ભીડવું, ચઢવું, ઉતરવું, વાંચવું, ખેલવું, ગાવું, બજાવવું જેટલી ક્રિયા સર્વ પુદ્ગલનો ખેલ જાણ. પરમાણુની પર્યાય છે, ભાઈ!

મુમુક્ષુ :– આ તો ભગવાનની ભક્તિની પણ ના પાડી.

www.vitragvani.com



ઉત્તર :– ભક્તિ જડની પરમાણુની છે. એ પર્યાય આત્માની ક્યાં છે? પેલો રાગ થાય છે એ શુભભાવ છે. એ શુભ છે તે. એમ જ છે, નિશ્ચયથી શુભરાગ પણ હિંસા ને પરિગ્રહ છે. એય..! વસ્તુ વસ્તુની સ્થિતિએ રહેશે, કોઈની કલ્પનાએ બીજું રૂપ થશે? જેમ જેની મર્યાદા છે તેમ તે રહેશે. આહા..! સમજાણું?

માટે પુદ્ગલનું જાણ, બાપા! દ્રવ્યકર્મ, નોકર્મ સર્વ પુદ્ગલનો અખાડો છે. તેમાં તું ચિદાનંદ રંજન થાય છે, પોતાની જાણે છે, પોતાના દર્શન, જ્ઞાન, અનંતગુણના અખાડામાં આવતો નથી, એમ કહે છે. પરિણતિ પાતરા નાખતી સ્વરૂપરસ ઉપજાવે છે એની તને ખબર નથી એમ કહે છે. ખૂબ લખ્યું છે, હોં! આત્માવલોકનમાં પણ છે. અનુભવ પ્રકાશ. આત્માવલોકનમાં ૧૧૭. અનુભવ પ્રકાશમાં ૬૫, ૬૫ પાનું. જુઓ! એ જ શબ્દ છે બધા. પરિગ્રહ, પુદ્ગલ, ગ્રહ, ખેડ, ખેતર, બાગ, નગર... બધું છે. નાચના, ખેલના, ગાવના, બજાવના વચ્ચે બધું મુકી દીધું છે. સર્વ પુદ્ગલ સ્કંધીકા ખેલ જાનો. આટલો શબ્દ વધારે નાખ્યો. ઇનકો ભી કબહી જીવને સ્પર્શા ભી નહિ. એટલું વધારે છે. અડ્યો નથી, અડ્યો નથી. એક રજકણ શરીર, સ્ત્રી, કુટુંબના શરીરને આત્મા કદી અડ્યો જ નથી. ત્રણકાળમાં અડ્યો નથી. અડે શી રીતે પણ? ભિન્ન ચીજને અડે શી રીતે? આહાહા! એમ તું નિઃસંદેહ જાણ, એમ કહે છે. પણ આ 'મહાસુખ' આવે તો કેટલો પ્રેમ થઈ જાય અંદરથી, લ્યો! ઇ લ્યોને પહેલું. હાથ આમ પાછળ ફેરવે. પણ દીકરો તો દીકરો હોય, દીકરો કાંઈ દુશ્મન થાય કોઈ દિ'? દીકરો પણ નથી ને દુશ્મન પણ નથી અરે..! એ તો જ્ઞેય છે, જગતની ચીજ છે. જગતની ચીજ જ્ઞેય તેને મારી માનવી એનું નામ મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા! માન્યા પછી આસક્તિનો ભાવ થાય એ પણ પરિગ્રહ પરિમિત પાપ છે. હદવાળું પાપ છે, પેલું બેહદ પાપ છે.

સર્વજ્ઞ પરમેશ્વરે ઇન્દ્રોની ઉપસ્થિતિમાં અર્ધલોકના સ્વામી મોટા બત્રીસ લાખ વૈમાનનો લાડો એવા ઇન્દ્રની ઉપસ્થિતિમાં ભગવાનની વાણીમાં આમ આવ્યું હતું. ભગવાન પરમેશ્વર એમ ફરમાવતા હતા, એ સંતો એ રીતે કહી ગયા છે, એ કાંઈ કોઈની વાત ઘરની છે નહિ. એ રીતે વસ્તુ છે, ભાઈ! જ્યાં તું ત્યાં તે નહિ, જ્યાં તે ત્યાં તું નહિ. પેલું લખ્યું ને? તું, તે ને તા. સમજ્યા વિના. 'મોતીલાલ' હતા. ભાઈ નહિ જાણતા હોય. 'રાજકોટ'માં હતા. દશાશ્રીમાળી છે. રેલના મોટા ઉપરી હતા. નોકર હતા, સાડા સાતસો કે બારસોનો પગાર હતો, પણ બુદ્ધિ સમજવા જેવી હતી. ઘણા પ્રકારે બહારથી નોકરી મળી જાય હોં! એથી કરી નોકરી મોટી મળે માટે બુદ્ધિવાળા છે એવું કાંઈ પ્રમાણ નથી.

મુમુક્ષુ :– એ બુદ્ધિ હોય તોપણ કામની શું?

ઉત્તર :– પણ એ હોય તો પણ આત્માને ક્યાં એ આત્માની છે જ નહિ. એ તો ઇન્દ્રિય આદિનું થયું. ઇન્દ્રિયો જ્યાં ખલાસ થશે એ ભેગું એ બધું ખલાસ.

www.vitragvani.com



એક જણાને કીધું શાસ્ત્રનું કેટલું જાણપણું, ગૃહસ્થ માણસ બહારમાં આબરૂ મોટી, બહારમાં બહુ જાણે, મરવા ટાણે આમ લાગે કે, મને કોઈ ખેંચે છે, હોં! મને કોઈ ખેંચે છે. મરવાનું ટાણું. કારણ કે ઇન્દ્રિઓ મોળી પડવા માંડી, જાણપણું ઇન્દ્રિયાધીન હતું એ ઘટવા માંડ્યું. ભડાક દઈને. મને કોઈ ઢસડે છે, એમ કહેતા. મરવાની તૈયારી, છેલ્લી સ્થિતિ. આહાહા! ઢસડે કોણ? વળી ઇન્દ્રિઓ આમ મોળી પડવા મંડીને જ્યાં તો ઇન્દ્રિયઆધીન જ્ઞાન હતું એ પણ નાશ થવા માંડ્યું, ફડાક દઈને. આહાહા! અને જ્યાં જાવું છે એ જાતની અવસ્થા થઈ ગઈ. અહીંથી દેહ છોડી દીધો. અરે..! ક્યાંનો તું, ક્યાંનું પીંજર.

કહે છે, એ બધા પરિગ્રહો હિંસા (છે). **'બાહ્ય પરિગ્રહના ચેતન અને અચેતન એ બે ભેદ છે. આ જે બધોય પરિગ્રહ છે તે હિંસાનું ઉલ્લંઘન કરતો નથી, અર્થાત્ હિંસા વિના પરિગ્રહ હોતો નથી.'** ૧૧૮ આખો સિદ્ધાંત.

## ગાથા–૧૧૮

**હિંસા-અહિંસાનું લક્ષણ**

उभयपरिग्रहवर्जनमाचार्याः सूचयन्त्यहिंसेति।
द्विविधपरिग्रहवहनं हिंसेति जिनप्रवचनज्ञाः।।११८।।

**અન્વયાર્થ :– [ जिनप्रवचनज्ञाः ] જૈન સિદ્ધાન્તના જ્ઞાતા [ आचार्याः ] આચાર્યો [ उभयपरिग्रहवर्जनम् ] બન્ને પ્રકારના પરિગ્રહનાં ત્યાગને [ अहिंसा ] અહિંસા [ इति ] એમ અને [ द्विविधपरिग्रहवहनं ] બન્ને પ્રકારના પરિગ્રહનાં ધારણને [ हिंसा इति ] હિંસા એમ [ सूचयन्ति ] સૂચવે-કહે છે.**

**ટીકા :– 'जिनप्रवचनज्ञाः आचार्याः उभयपरिग्रहवर्जनं अहिंसा (भवति) इति सूचयन्ति तथा द्विविधपरिग्रहवहनं हिंसा (भवति) इति सूचयन्ति' - અર્થ :– જૈન સિદ્ધાંતને જાણનાર આચાર્યો, 'બન્ને પ્રકારના અંતરંગ અને બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરવો તે અહિંસા છે અને બન્ને પ્રકારના પરિગ્રહને ધારણ કરવો તે હિંસા છે' એમ કહે છે. પરિગ્રહત્યાગ વિના અહિંસાની સિદ્ધિ નથી. ૧૧૮.**

---

**'હિંસા-અહિંસાનું લક્ષણ...'** મહા સિદ્ધાંત, ૧૧૮.

उभयपरिग्रहवर्जनमाचार्याः सूचयन्त्यहिंसेति।
द्विविधपरिग्रहवहनं हिंसेति जिनप्रवचनज्ञाः।।११८।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઓહો..હો..! પેલો કહે શાસ્ત્ર તમે જાણ્યા નથી, 'ધવલ'માં આમ છે, 'ધવલ'માં આમ છે, પરની દયા એ સ્વભાવ છે. પણ એમ નથી, સાંભળને! આ **'जिनप्रवचनज्ञाः'**. વીતરાગ સર્વજ્ઞ ભગવાનના કહેલા શાસ્ત્રોના જાણનાર આચાર્યો એમ ફરમાવે છે કે, **'જૈન સિદ્ધાન્તના જ્ઞાતા...'** એક તો આચાર્યનો આત્મા લીધો, એને જૈનના પરમેશ્વરે કહેલા સિદ્ધાંતના જાણનાર કહ્યા. સમજાણું કાંઈ? એ સિદ્ધાંતમાં એ કહ્યું છે, ભગવાનની આજ્ઞામાં એ આવ્યું છે, વાણીમાં એ આવ્યું છે અને આચાર્યને એ વાત બેઠી છે. કહો, સમજાણું કાંઈ?

**'જૈન સિદ્ધાન્તના જ્ઞાતા...'** આ ભગવાનની વાણીના જાણનારાઓ, ભગવાને જે કહ્યું છે તેને જાણનારાઓ, ભગવાનને શું શાસ્ત્રમાં કહેવું છે, ભગવાનના અંતર અભિપ્રાયમાં શું હતું એના જાણનારા સંતો, આચાર્યો એણે **'બન્ને પ્રકારના પરિગ્રહના ત્યાગને...'** દેખો! **'અહિંસા એમ...'** કહ્યું છે. **'सूचयन्ति'** છે ને? **'सूचयन्ति'** બન્નેની સાથે લેશે, બન્નેની સાથે મેળવશે, **'सूचयन्ति'** એમ અહીં એક લ્યોને પહેલું. અહિંસા **'सूचयन्ति'**. જૈન સિદ્ધાન્તના જાણનારા આચાર્યો મહા 'કુંદકુંદાચાર્ય', 'વીરસેનાચાર્ય' બધા આચાર્ય આવે કે નહિ એમાં? 'વીરસેનાચાર્યે' કાંઈક કહ્યું હશે ને 'કુંદકુંદાચાર્યે' કાંઈક કહ્યું હશે ને 'સમંતભદ્રાચાર્યે' કાંઈક કહ્યું એમ હશે? એમ હોય જ નહિ, ભાઈ! એમ કે વ્યવહારના ગ્રંથમાં કાંઈક હોય, નિશ્ચયના ગ્રંથમાં કાંઈક હોય. એમ હોય નહિ બધે એક જ જાતની વાત હોય. પદ્ધતિ કોઈ નિમિત્ત પ્રધાન કથન કહો, ઉપાદાન પ્રધાન કથન (હો) પણ વસ્તુના સારમાં કાંઈ ફેર ન હોય. આહાહા..! સમજાણું?

**'બન્ને પ્રકારના પરિગ્રહના ત્યાગને અહિંસા...'** કહે છે. શું કહે છે? એ મિથ્યાત્વના ત્યાગને અહિંસા કહે છે, પહેલો બોલ. જૈન સિદ્ધાંતના જાણનારા સંતો, આચાર્યોએ સિદ્ધાંતમાં એમ હતું એમ જાણ્યું છે. ભગવાનની વાણીમાં આમ આવ્યું છે એમ જાણ્યું છે. ભગવાનના અભિપ્રાયમાં એમ હતું એમ જાણ્યું છે, કે મિથ્યાત્વનો ત્યાગ તેને અહિંસા કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

આ વસ્તુ 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો' જુઓને! 'શ્રીમદ્' સોળ વર્ષે તો કહે છે, 'મોહનભાઈ'! આવે છે ને? 'બહુ પુણ્ય કેરા..' એ ન્યાં કો'ક દિ' 'બહુ પુણ્ય કેરા..' સંભારતા હતા? નહિ. કો'ક કો'ક દિ' સંભારે છે ખરા. એ કીધું, એ બોલ્યા ઉપરથી લાગ્યું. મેં કીધું ત્યાં આમ કહ્યું. મેં કીધું, યાદ કરતા લાગે છે કાંઈક. કારણ કે એ તરત પાધરું આવ્યું મગજમાં. શું કીધું? આ ક્ષણ ક્ષણ ભયંકર. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો.' ત્યાં એમ કહ્યું છે. અરે..! ભગવાન તું ચૈતન્ય આનંદ ને જ્ઞાનમૂર્તિ (છો) એમાં રાગને પોતાના માનીને ક્ષણે ક્ષણે તારું ભાવ મૃત્યુ થઈ રહ્યું છે. કહો, સોળ વર્ષે કહ્યું, સોળ વર્ષે, હોં! એ વર્ષનું શું કામ ન્યાં? આત્માને ક્યાં ન્યાં વર્ષ હતા. સમજાણું કાંઈ?

કહે છે, ભયંકર ભાવમરણ, ભાઈ! દેહ છૂટે એ તો દ્રવ્યપ્રાણ છૂટ્યા, ત્યાં બીજા પ્રાણ પાછા તૈયાર જ છે. આહાહા! આ ભાવપ્રાણ છૂટે ને ભાવપ્રાણ બીજા તૈયાર હોય એમ ન હોય. કહે છે, ભગવાન! તારું સ્વરૂપ જ સચ્ચિદાનંદ નિર્મળ જ્ઞાનમૂર્તિ (છે). એમાં જેટલો વિકલ્પ ઉઠીને પોતાનો માનવો ને એકાગ્ર થવો એને ભગવાન આચાર્યો હિંસા કહેતા હતા અને એના ત્યાગને ભગવાન અહિંસા કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આ મિથ્યાત્વનો ત્યાગ તે પહેલી અહિંસા એની તેને કિંમત ન મળે. છ કાયના જીવને ન મારતો હોય ને હણતો ન હોય તો આની દયા બહુ પાળે છે એવી એની કિંમત. આહાહા! સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રી ને છન્નું કરોડ પાયદળ (છે) પણ ચક્રવર્તીને મિથ્યાત્વનો પરિગ્રહ નથી. સમજાણું કાંઈ? અનંતાનુબંધીનો પરિગ્રહ નથી. સમજાણું? ૧૧૮.

**'જૈન સિદ્ધાન્તના જ્ઞાતા આચાર્યો બન્ને પ્રકારના પરિગ્રહના ત્યાગને અહિંસા 'સૂચયન્તિ''** એમ લેવું. સૂચવે છે, કહે છે, સૂચવે છે, ઇશારા કરીને આમ બતાવે છે. ભારે પણ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. આચાર્ય દિગંબર સંત કોઈ ગમે તે નાનો ગ્રંથ બનાવે પણ અલૌકિક એની લાઈન દૃષ્ટિ અલૌકિક, સ્થિરતા અલૌકિક એની આખી કથનની પદ્ધતિ જ અલૌકિક. દુનિયા સાથે ક્યાંય મેળ ન ખાય, અજ્ઞાની સાથે કાંઈ મેળ ન ખાય. મહા સત્‌ના પુત્ર હતા ને! સર્વજ્ઞના પુત્ર હતા એ બધા. સમજાણું? ગૌતમ સર્વજ્ઞના પુત્ર. અહીં સંતો, મુનિઓ સર્વજ્ઞના પુત્ર છે. એને વારસો કેવળજ્ઞાનનો મળવાનો છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનના સિદ્ધાંતના જાણનાર. એ જૈન પાછા જિન પ્રવચન. બીજાના પ્રવચનમાં અજ્ઞાનીમાં તો હોય જ શેનું? એમ કહે છે. સમજાણું? પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવના પ્રવચનો સિવાય બીજા પ્રવચનોમાં ક્યાંય માલ હોતો નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની એવા જિન, એના પ્રવચન, એની દિવ્યધ્વનિ, એનો સાર, એના જાણનારા એમ કહે છે કે, મિથ્યાત્વના પરિગ્રહનો ત્યાગ તેને ભગવાન અહિંસા કહેતા હતા. આહાહા!

ત્યારે કોઈ એમ કહે પણ અમને ખબર ન પડે એની. ખબર ન પડે એ જ તારું અજ્ઞાન સૂચવે છે. સમજાણું કાંઈ? અંદરના સમ્યગ્દર્શન ને મિથ્યાત્વની ખબર ન પડે, આપણે વ્રત કરો. પણ ખબર ન પડે એનો અર્થ જ તને અંદર શંકા છે કે, હું સમકિતી છું કે મિથ્યાત્વી? એનો અર્થ જ તું મિથ્યાત્વી છો. પણ એ તો કહીએ છીએ, વગર સમજ્યે શી રીતે કર્યું પણ એણે? આહાહા! જ્ઞાનમાં પોતાને એવી નિઃશંકતાનો ભાસ ભાસ્યા વિના એને આ છે, મિથ્યાત્વનો ત્યાગ થયો ને અહિંસા પ્રગટી એમ ભાન ક્યાંથી થશે એને ભાન વિના? એના વિના બાહ્યના ત્યાગ કરીને બેસે એને તો મિથ્યાત્વની હિંસા તો ક્ષણે ક્ષણે લાગુ પડી છે. હવે તારો ત્યાગ ક્યાં તોલમાં આવે એવો હતો. આહાહા! દુનિયા સાથે ભારે કઠણ, ભાઈ! આહા..!

અહિંસા અને બીજી. દ્વિવિધ પરિગ્રહ. આભ્યંતર પરિગ્રહને ધારણ કરનાર, સમજાય છે? અને બાહ્ય પરિગ્રહને ધારણ કરનાર, એમ હવે આમાં લેવું. પેલો ત્યાગ હતો ને? બેને

હિંસા '**वहनं**' બેને વહે છે, ધારે છે. મિથ્યાત્વને ધારે છે, હાસ્ય, રતિ આદિને ધારે છે, વાસનાને ધારે છે ને નિમિત્તરૂપે પરિગ્રહને વ્યવહારથી ધારે એમ કહેવામાં આવે છે. એને હિંસા એમ સૂચવે છે. એને જૈન પ્રવચનના સિદ્ધાંતના રહસ્યજ્ઞો, એ રાગ મિથ્યાત્વ ને તે બાહ્ય ચીજને હિંસા એમ કહે છે. ધાર્યું છે ને? ધાર્યું છે ને? વહંતિ, વહન કરે છે. ભાર ઉપાડે, બોજો ઉપાડ્યો છે. આહાહા! કહો, સમજાય છે આમાં? આમાં સમજાય એવું છે, હોં! આજ કાંઈ બહુ એવું ઝીણું નથી, વાત સારી પણ બહુ ઝીણી નથી. ઝીણી બપોરે આવશે. વાત તો ઊંચી અને સરસ છે પણ એ પકડાય એવી છે, એના ખ્યાલમાં આવે એવી છે. આ કાંઈ ન આવે એવી નથી. સમજાણું?

'**જૈન સિદ્ધાંતને જાણનાર આચાર્યો,...**' ભાષા કેવી લીધી, જુઓને! આચાર્યો. '**प्रवचनज्ञाः**' સાધુ. ઉપાધ્યાય તો ઠીક પણ આચાર્યો, ગણધરો. કહો, આવી ગયા ને! ઉપાધ્યાય, સાધુ તો હેઠે રહી ગયા. સમજાય છે? ભગવાનનું કહેલું ગણધર જાણે છે, ગણધરનું કહેલું આચાર્યો જાણે છે, આચાર્યનું કહેલું ઉપાધ્યાય, સાધુ જાણે છે. આહાહા! '**જૈન સિદ્ધાંતને જાણનાર આચાર્યો, 'બન્ને પ્રકારના અંતરંગ અને બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરવો તે અહિંસા છે...**' તેને અહિંસા કહેવામાં આવે છે. '**અને બન્ને પ્રકારના પરિગ્રહને ધારણ કરવો...**' ત્યાગ ને ધારણ બે શબ્દ છે. ત્યાગ વહન, વહન ત્યાગ. મિથ્યાત્વનું વહન કરવું એટલે પકડવું એ હિંસા છે. મિથ્યાત્વનો ત્યાગ તે અહિંસા છે. રાગ, મંદરાગ પણ અસ્થિરતા થવી, ધારી રાખવો હિંસા છે. રાગનો અભાવ કરીને અરાગી થવું તે અહિંસા છે. સમજાણું કાંઈ? કહો, વાત બહુ સારી આવી છે, હોં! 'જયંતિભાઈ'! 'રામજીભાઈ' કહે, આ રવિવારે 'ભાવનગરી' આવ્યા છે ને! 'ભાવનગર'વાળા આવે તો સારું આવે છે. કો'ક દિ' આવે એટલે પછી કાંઈક આવે તો ખરું ને! પુણ્ય લઈને આવ્યા હોય ને એ પણ! આઠ દિ'એ આવવું, પાછો છ દિ' ધંધો કરવો હોય. કહો, સમજાણું? પેલા તો ભાઈ આવ્યા નથી. આ નહિ? શરીરે ઠીક નહિ હોય. આહાહા! ભારે ગાથા, ભાઈ!

જૈન સિદ્ધાંતના સર્વજ્ઞ, સર્વ એટલે એના બધાના જાણનારા, બધું આખા શાસ્ત્રના જાણનારા. ભગવાનની વાણીને જાણનારા, ભગવાનની વાણીમાં શું આવ્યું એને જાણનારા એવા આચાર્યો એ ચૌદ પ્રકારનો આભ્યંતર પરિગ્રહ ને બાહ્ય બે, એના ત્યાગને ભગવાને અહિંસા કીધી છે અને એને ધારી રાખવું, વહન કરવું, ઉપાડવું એને હિંસા કીધી, પેલાને અહિંસા કીધી છે, આને હિંસા કીધી છે. કહો, સમજાણું કાંઈ?

'**અને બન્ને પ્રકારના પરિગ્રહને ધારણ કરવો તે હિંસા છે' એમ કહે છે.**' '**सूचयन्ति**' '**પરિગ્રહત્યાગ વિના અહિંસાની સિદ્ધિ નથી.**' એ મિથ્યાત્વના ત્યાગ વિના, રાગના ત્યાગ વિના ને નિમિત્તના ત્યાગ વિના અહિંસાની સિદ્ધિ નથી, એમ છે, લે. સમજાણું કાંઈ? આહાહા! 'અહિંસા પરમો ધર્મ' આવે છે કે નહિ? એ આ અહિંસા. પર જીવને ન મારવાનો ભાવ

www.vitragvani.com



એ તો રાગ છે, શુભ છે. એ પરમો ધર્મ થઈ ગયો? એને તો આત્માનો સ્વભાવ ઠરાવવો છે. અરે..! ભગવાન નહિ ઠરે, બાપુ! તું ઠરી જઈશ મિથ્યાત્વમાં. આહાહા! નહિ નીકળી શક ન્યાંથી, આકરું પડશે, ભાઈ! પ્રતિકૂળતાના સંયોગ દેખશે ત્યારે એને દુઃખ લાગશે. ભાવ એને દુઃખ નથી લાગતો. સંયોગ દેખે ને? સંયોગની દૃષ્ટિ છે ને તો સંયોગ દેખે તો.. હાય.. હાય..! ખરેખર તો પ્રતિકૂળતાના વિકારભાવ જ દુઃખરૂપ છે. સંયોગ ઉપર દૃષ્ટિવાળાને પ્રતિકૂળ સંયોગ આવશે ત્યારે મને દુઃખ આવ્યું એમ માનશે. સમજાણું કાંઈ?

દુઃખ તો એને તે ક્ષણે વિકારભાવ કર્યો તે જ ક્ષણે આવ્યું છે. આહાહા! મિથ્યાત્વનો ભાવ તે જ દુઃખ, પરિગ્રહ ને પાપ છે. પણ એના ફળ તરીકે જ્યાં નિગોદ આવશે એ પહેલા એને એમ થઈ જશે કે, હાય..હાય..! આ શું? શું થાય છે આ? આ મારો ઉઘાડ, મારો ઉઘાડ, વિકાસ... શું થઈ જાય છે આ? કાંઈ ખ્યાલ રહેતો નથી. દશાના ઉઘાડનું આવરણ આવી જાય, ફડાક દઈને! મૃત્યુ કાળે એ બધા ભણ્યા-ગણ્યાના ભાવ મૂઢપણાના હતા. હાય..હાય..! પછી થઈ જાય અસાધ્ય. અહીં અસાધ્ય થઈ ગયો, હું કોણ છું એનું ભાન ન મળે. જાશે અસાધ્યમાં હેઠે. સમજાણું કાંઈ? ૧૧૮ (ગાથા પૂરી) થઈ.

પરિગ્રહના ત્યાગ વિના... પાછું પેલું શું સમજે? વસ્ત્ર, પાત્ર છોડે તો અહિંસાની સિદ્ધિ થઈ. પણ અહીં તો કહે છે કે, મિથ્યાત્વ ને રાગ છોડે અને એના નિમિત્તો એના એ પ્રકારના છૂટે એટલે અહિંસાની સિદ્ધિ થઈ. બે સાથે લીધા છે ને! આ તો પેલા કહે, બે પેલું છોડે, વસ્ત્ર-પાત્ર છૂટે, આ છૂટે તો જુઓ! એટલો પરિગ્રહ છૂટી ગયો. એમ નથી. એને પહેલો મિથ્યાત્વનો ત્યાગ થયા પછી રાગનો ત્યાગ થતાં એના નિમિત્તોના પ્રકારનો ત્યાગ થાય છે ત્યારે તેને અહિંસા ને અપરિગ્રહી કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! અનંતકાળનો રખડતો, માર્ગનો અજાણ એને માર્ગને કેડે લાવવો મહાપ્રયત્ન માગે છે. સમજાણું કાંઈ?

## ગાથા–૧૧૯

**બન્ને પરિગ્રહોમાં હિંસા છે એમ બતાવે છે :–**

**हिंसापर्यायत्वात् सिद्धा हिंसान्तरङ्गसङ्गेषु।**
**बहिरङ्गेषु तु नियतं प्रयातु मूर्च्छैव हिंसात्वम्।।११९।।**

**અન્વયાર્થ :– [ हिंसापर्यायत्वात् ] હિંસાના પર્યાયરૂપ હોવાથી [ अन्तरङ्गसङ्गेषु ] અંતરંગ પરિગ્રહોમાં [ हिंसा ] હિંસા [ सिद्धा ] સ્વયંસિદ્ધ છે [ तु ] અને [ बहिरङ्गेषु ] બહિરંગ પરિગ્રહોમાં [ मूर्च्छा ] મમત્વપરિણામ [ एव ] જ [ हिंसात्वम् ] હિંસાભાવને [ नियतम् ] નિશ્ચયથી [ प्रयातु ] પ્રાપ્ત થાય છે.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**ટીકા :– 'अन्तरंगसंगेषु हिंसापर्यायत्वात् हिंसा सिद्धा तु (पुनः) बहिरङ्गेषु नियतं मूर्च्छैव हिंसात्वं प्रयातु' - અંતરંગ ૧૪ પ્રકારના પરિગ્રહોમાં બધા જ ભેદ હિંસાના પર્યાય હોવાથી હિંસા સિદ્ધ જ છે. બહિરંગ પરિગ્રહમાં નિશ્ચયથી મમત્વપરિણામ છે તે હિંસાને પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :– અંતરંગ પરિગ્રહ જે મિથ્યાત્વાદિ ૧૪ પ્રકારનો છે તે બધું જીવનું વિભાવ (-વિકારી) પરિણામ છે. તે કારણે તે તો હિંસા જ છે, પરંતુ બાહ્યવસ્તુમાં પણ નિશ્ચયથી મમત્વપરિણામ છે તે જ હિંસાનું કારણ છે. બાહ્યવસ્તુમાં જે મમત્વપરિણામ છે તેનું જ નામ પરિગ્રહ છે. કેવળીને સમવસરણાદિ વિભૂતિ હોય છે પણ મમત્વપરિણામ વિના પરિગ્રહ નથી. અથવા જે કોઈ પરિગ્રહને અંગીકાર કરીને કહે કે મારે તો મમત્વપરિણામ નથી તો તે જૂઠું છે, કારણ કે મમત્વ વિના અંગીકાર થાય નહિ. ૧૧૯.**

---

**'બન્ને પરિગ્રહોમાં હિંસા છે એમ બતાવે છે :–'** લ્યો!

**हिंसापर्यायत्वात् सिद्धा हिंसान्तरङ्गसङ्गेषु।**
**बहिरङ्गेषु तु नियतं प्रयातु मूर्च्छैव हिंसात्वम्।।११९।।**

**''हिंसापर्यायत्वात्' હિંસાના પર્યાયરૂપ હોવાથી અંતરંગ પરિગ્રહોમાં...'** હિંસાની પર્યાય છે બધી, કહે છે. મિથ્યાત્વ, વેદના, રતિ, અરતિ, શોક એ બધી હિંસાની જ પર્યાયો છે. એ હિંસાના જ ભેદ છે, પર્યાય એટલે. સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ, રાગ, વાસના, ક્રોધ, માન, રતિ, અરતિ એ બધા હિંસાના જ ભેદ છે. પરિગ્રહના ભેદ કહ્યા એ બધા હિંસાના જ ભેદ છે એમ કહે છે. વાહ..! એકલું જ્ઞાન સ્વરૂપ છે એમાં કહે છે આ વળી લપ શો? બધી હિંસાની પર્યાય છે. આહા..હા.! એ બધા હિંસાના જ ભાવ છે. 'સમયસાર'માં કીધું, સમ્યક્ થયું એટલે આસ્રવ ને બંધ નથી. અહીં તો કહે છે કે, જ્યાં સુધી રાગ રહ્યો થોડો તે પણ હિંસાનો જ ભાગ છે. આહાહા! એની પર્યાયની ક્ષણે ક્ષણની કેવી નિર્મળતા ને મલિનતા (હોય) એ બધો વિવેક કરાવવો છે ને. સમજાણું? દ્રવ્યમાં નથી પણ પર્યાયમાં પૂર્ણતા શુદ્ધ ન થાય ત્યાં સુધી જેટલો રાગ છે એ બધા હિંસાના જ ભાગ છે એમ કહે છે.

**'અંતરંગ પરિગ્રહોમાં હિંસા સ્વયંસિદ્ધ છે અને બહિરંગ પરિગ્રહોમાં મમત્વપરિણામ...'** મમતા છે ને એના ઉપર? આ ચીજ મારી, આ મને, આ મારો દીકરો, મારી સ્ત્રી, મારું શરીર, મારા કર્મ. **'બહિરંગ પરિગ્રહોમાં મમત્વપરિણામ જ હિંસાભાવને 'नियतम्' નિશ્ચયથી 'प्रयातु' પ્રાપ્ત થાય છે.'** કહો, માટે બન્ને હિંસાના જ ભાગ છે. આભ્યંતર પરિગ્રહ ને બાહ્ય પરિગ્રહની મમતામાં નિમિત્ત છે ને મમતા થાય માટે હિંસા પર્યાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૫૨ ગાથા–૧૧૯ થી ૧૨૩ સોમવાર, જ્યેષ્ઠ વદ ૧૧, તા.૦૩-૦૭-૧૯૬૭**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત છે. ૧૧૯મી ગાથા. ૧૧૯, એનો ભાવાર્થ. પરિગ્રહની વ્યાખ્યા છે, પરિગ્રહ. **'અંતરંગ પરિગ્રહ જે મિથ્યાત્વાદિ ૧૪ પ્રકારનો છે તે બધું જીવનું વિભાવ (-વિકારી) પરિણામ છે.'** શું કીધું? આત્માના સ્વભાવને ભૂલી અને પરને પોતાનું માને, એવો જે મિથ્યાત્વભાવ, એ અંતરંગ પરિગ્રહ છે. **'એ વિભાવ પરિણામ છે. તે કારણે તે તો હિંસા જ છે,...'** એ કારણે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આદિના પરિણામ, એ સ્વરૂપથી–સ્વભાવથી વિપરીત એવો વિભાવ, વિકાર હોવાને લઈને પરિગ્રહ છે, મમતા છે, હિંસા છે. સમજાણું?

**'પરંતુ બાહ્ય વસ્તુમાં પણ નિશ્ચયથી મમત્વપરિણામ છે તે જ હિંસાનું કારણ છે.'** બાહ્યચીજો આત્મા સિવાય બાહ્ય પદાર્થો (છે) એમાં જેટલા પ્રમાણમાં મમત્વ પરિણામ છે તે જ હિંસાનું કારણ છે. બાહ્ય પદાર્થ એ હિંસા નથી પણ એને એના ઉપર મમતા છે ને? એ હિંસા છે. **'કેવળીને સમવસરણાદિ વિભૂતિ હોય છે પણ મમત્વપરિણામ વિના પરિગ્રહ નથી.'** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરને અરિહંતપણે બાહ્ય સમવસરણની વિભૂતિ હોય છે છતાં એ કાંઈ મમત્વપણાનું કારણ નથી. મમત્વ નથી માટે કારણ પણ કહેવાતું નથી. **'અથવા જે કોઈ પરિગ્રહને અંગીકાર કરીને કહે કે મારે તો મમત્વપરિણામ નથી...'** એમ કહ્યું.

મુમુક્ષુ :– પહેલા તો કીધું કે અંતર અને બાહ્ય બે પરિગ્રહ હિંસા છે.

ઉત્તર :– હા કીધું ને, કીધું ને. બાહ્ય પરિગ્રહનું....

મુમુક્ષુ :– બાહ્ય પરિગ્રહ તો નીકળી ગયો.

ઉત્તર :– ક્યાંથી નીકળ્યો? બાહ્ય પરિગ્રહ પ્રત્યે મમત્વ થયું તે હિંસા છે એમ કીધુંને?

મુમુક્ષુ :– અંતરમાં એવી ભૂલ?

ઉત્તર :– એ અંતરમાં આવી ભૂલ છે. પેલું નિમિત્ત છે. પેલા નિમિત્તને નિમિત્તપણે પરિગ્રહ કહેવાય. નિમિત્તપણે હિંસા એને કહેવાય, પણ નિમિત્ત એટલે બાહ્ય ચીજ. એ તો પરિણામ ઉપર જ આખો આધાર છે.

મુમુક્ષુ :– બંને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ, એમ લીધું હતું ને!

ઉત્તર :– હા, એટલે એ બંને પ્રકારનો અર્થ એ. બાહ્ય પરિગ્રહની મમતા થાય છે ને કે આ મારું. માટે એ પણ પરિગ્રહ છે. જે કોઈ પરિગ્રહ અને પૈસા આદિ બાહ્ય પદાર્થ વસ્ત્ર, પાત્ર આદિ બાહ્ય ચીજોને અંગીકાર કરે અને કહે કે, મને મમત્વપરિણામ નથી, એ ખોટી વાત છે એમ કહે છે. સમજાણું?

**'જે કોઈ પરિગ્રહને અંગીકાર કરીને કહે કે મારે તો મમત્વપરિણામ નથી તો તે જૂઠું**

www.vitragvani.com



**જ છે,...'** સમજાણું? ભાઈ! અમારે લક્ષ્મી તો રાખીએ છીએ પાંચ લાખ, દસ લાખ પણ અમને કાંઈ એની મમતા નથી. એ ખોટું છે. મમતા ન હોય તો રાખવાનો ભાવ ક્યાંથી આવ્યો? મમતા નથી એમ હોય? મમતા છે. એ તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીની નથી પણ બીજી મમતા તો એને છે. સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ કઈ અપેક્ષાએ? દૃષ્ટિની અપેક્ષાની વાત (છે). એ તો હજી અહીંયાં ફેર અપેક્ષાથી પાડશે. મીંદડી અને ઉંદરમાં અપેક્ષાથી.

મુમુક્ષુ :– તારતમ્યતાનો....

ઉત્તર :– હા, અપેક્ષા છે ને. નહિતર તો એકેન્દ્રિયને શું? મિથ્યાત્વ ને અનંતાનુબંધી બધું છે, લ્યો! સમજાય છે? મીંદડીને અને હરણને બન્ને મિથ્યાત્વ અને અનંતાનુબંધી (છે). છતાં એના વર્તમાન પરિણામમાં માંસ ખાવાની અપેક્ષાએ અને ઘાસ ખાવાની અપેક્ષાના વર્તમાન પરિણામની અપેક્ષાએ ફેર છે એટલું ત્યાં સિદ્ધ કરવું છે. નહિતર તો એમ કહે, ભાઈ! ઘાસ ખાવા વખતે પણ એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી તો છે. માંસ ખાવા વખતે એને છે પણ એ વસ્તુ જુદી. એને તેના નિમિત્તના પ્રમાણમાં જે વર્તમાન પરિણામ થાય છે એની વ્યાખ્યા કરશે. સમજાણું?

તેથી અહીં કહે છે, જુઓ! કે, બાહ્ય પરિગ્રહ રાખે અને કહે મને મમતા નથી. અમે વસ્ત્ર રાખીએ છીએ પણ અમને મમતા નથી. (એ) ખોટું છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'કારણ કે મમત્વ વિના અંગીકાર થાય નહિ.'** મમતા વિના, લેવાની વૃત્તિ વિના, લેવાનો ભાવ કેમ થયો? લેવું કેમ થયું? આ રાખું, એનો અર્થ જ એ કે, મમતા તો છે જ. મમતામાં પછી મિથ્યાત્વની મમતા અને એક સાધારણ મમતા, એ બેમાં ફેર એ જુદી વાત છે. પણ પર વસ્તુ રાખે ને એમ કહે કે, મને મમતા નથી, તો એ વાત સાચી નથી. હવે એનો પ્રશ્ન છે જરી.

## ગાથા-૧૨૦

**જો બહિરંગ પદાર્થમાં મમત્વપરિણામનું હોવું જ પરિગ્રહ છે તો બધામાં સરખો જ પરિગ્રહજન્ય પાપબંધ થવો જોઈએ.**

एवं न विशेषः स्यादुन्दुरुरिपुहरिणशावकादीनाम्।
नैवं भवति विशेषस्तेषां मूर्च्छाविशेषेण।।१२०।।

www.vitragvani.com



**અન્વયાર્થ :– [ एवं ] જો એમ જ હોય અર્થાત્ બહિરંગ પરિગ્રહમાં મમત્વપરિણામનું નામ જ મૂર્ચ્છા હોય તો [ उन्दुरुरिपुहरिणशावकादीनां ] બિલાડી અને હરણના બચ્ચાં વગેરેમાં [ विशेषः ] કાંઈ વિશેષતા [ न स्यात् ] નહિ રહે. પણ [ एवं ] એમ [ न भवति ] નથી, કારણ કે [ मूर्च्छाविशेषेण ] મમત્વપરિણામોની વિશેષતાથી [ तेषां ] તે બિલાડી અને હરણના બચ્ચાં વગેરે જીવોમાં [ विशेषः ] વિશેષતા છે, અર્થાત્ સમાનતા નથી.**

**ટીકા :– પ્રશ્ન :– 'यदि एवं तर्हि उन्दुरुरिपु-हरिणशावकादीनाम् विशेषः न।**

**ઉત્તર :– एवं न भवति-तेषां मूर्च्छाविशेषेण विशेषः भवति।' - અહીં કોઈ શંકા કરે છે કે જો બાહ્ય પદાર્થમાં જ મમત્વપરિણામ હિંસાનું કારણ છે અને તે મમત્વપરિણામ સામાન્ય રીતે બધા જીવોને હોય છે તો બધા જ જીવોને સરખું પાપ થવું જોઈએ. જેમકે માંસાહારી બિલાડી અને ઘાસ ખાનાર હરણના બચ્ચામાં ભોજન કરવા સંબંધી મમત્વપરિણામ સામાન્યપણે સરખા જ છે. ત્યારે આચાર્ય ભગવાન તેને ઉત્તર આપે છે કે એમ નથી. બિલાડી અને હરણના બચ્ચાંની બાબતમાં પણ વિશેષતા છે, સમાનતા નથી. કેમકે બિલાડીને તો માંસ ખાવાના પરિણામ છે. અને હરણના બચ્ચાંને ઘાસ ખાવાના પરિણામ છે. બસ!, આ મમત્વવિશેષ હોવાથી વિશેષતા છે. ૧૨૦.**

---

**'જો બહિરંગ પદાર્થમાં મમત્વપરિણામનું હોવું જ પરિગ્રહ છે તો બધામાં સરખો જ પરિગ્રહજન્ય પાપબંધ થવો જોઈએ.'** લ્યો! મમત્વ પરિણામમાં એ જ પાપ છે તો પછી બધી ચીજ બાહ્યની ગમે તેવી હોય, તો તેને સરખું જ પાપ થવું જોઈએ. શિષ્યનો એવો પ્રશ્ન છે. શું પ્રશ્ન છે? તમે તો બાહ્ય પદાર્થમાં મમત્વ પરિણામ હોવા એને જ પરિગ્રહ કહ્યો. તો બધા જ સરખા જ હોય. પણ કોઈને બાહ્ય જાજું હોય અને મમતા થોડી હોય, કોઈને થોડું હોય અને મમતા ઘણી હોય.

મુમુક્ષુ :– એવા ભેદ શું કરવા પાડો છો?

ઉત્તર :– એવા ભેદ શું કરવા પાડો છો તમે? એમ (કહે છે). સમજાણું કાંઈ? અપેક્ષિત વાત છે હોં! જરીક. મિથ્યાત્વ અનંતાનુબંધીની અપેક્ષાએ છ ખંડનું રાજ હોય અને મમતા થોડી છે. અને એકને એકેન્દ્રિયને કાંઈ નથી, એક શરીર છે. છતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીની મમતા અંદર તીવ્ર છે. સમજાણું? અહીં તો બાહ્ય પદાર્થમાં જરી વિશેષ રાગ તો હોય અને એમ કહે કે, મને એટલા પ્રમાણમાં મમતા નથી. એમ નથી. એ દાખલો આપે છે.

**एवं न विशेषः स्यादुन्दुरुरिपुहरिणशावकादीनाम्।**
**नैवं भवति विशेषस्तेषां मूर्च्छाविशेषेण।।१२०।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**'જો એમ જ હોય અર્થાત્ બહિરંગ પરિગ્રહમાં મમત્વપરિણામનું નામ જ મૂર્ચ્છા હોય તો....'** **'उन्दुरुरिपु'** ઉંદરનો વેરી મીંદડી. ઉંદરની વેરી મીંદડી. **'रिपु'** છે ને? **'બિલાડી અને હરણના બચ્ચાં વગેરેમાં કાંઈ વિશેષતા નહિ રહે.'** શિષ્યનો પ્રશ્ન છે. તમે તો બાહ્ય પદાર્થમાં મમતા તેને પરિગ્રહ કહો છો. તો બાહ્ય પદાર્થ ઓછા વત્તા કે ભિન્ન ભિન્ન જાતના હોય, એના પ્રમાણમાં મમતા એ સિદ્ધ નહિ થાય. બાહ્યથી મમતાનું સિદ્ધ થશે નહિ. કહે છે, સાંભળ, છે.

**'પણ એમ નથી, કારણ કે મમત્વપરિણામોની વિશેષતાથી તે બિલાડી અને હરણના બચ્ચાં વગેરે જીવોમાં વિશેષતા છે, અર્થાત્ સમાનતા નથી.'** મીંદડીને માંસ ખાવાનો, ઉંદરને મારવાનો ભાવ એ તીવ્ર પરિણામ છે અને હરણને ઘાસ ખાવાનો ભાવ એ વર્તમાન પરિણામની અપેક્ષાએ વાત ચાલે છે. હોં! ઘાસ વખતે હરણને મિથ્યાત્વ ને અનંતાનુબંધી છે. એ અહીં અપેક્ષા નથી લેવી, ભાઈ! સમજાણું? અહીં વાતમાં જરા એટલો ફેર પાડે છે. કારણ એવું કાર્ય એમ અહીં સિદ્ધ કરશે. એમ કે માંસ હોય અને પરિણામ કષાયમંદ હોય, એમ ન હોય. અને લીલું ઘાસ હોય અને તીવ્ર પરિણામ હોય એમ ન હોય, એટલો ફેર પાડશે. સમજાણું કાંઈ?

**'ટીકા :– પ્રશ્ન :– 'यदि एवं तर्हि उन्दुरुरिपु-हरिणशावकादीनाम् विशेषः न।'**

**'ઉત્તર :– एवं न भवति-तेषां मूर्च्छाविशेषेण विशेषः भवति।' - અહીં કોઈ શંકા કરે છે કે જો બાહ્ય પદાર્થમાં જ મમત્વપરિણામ હિંસાનું કારણ છે અને તે મમત્વપરિણામ સામાન્ય રીતે બધા જીવોને હોય છે તો બધા જ જીવોને સરખું પાપ થવું જોઈએ.'** શિષ્યનો પ્રશ્ન છે, સમજાય છે? મમત્વ પરિણામ તેને આપ પરિગ્રહ કહેતા હો, તો ગમે એ ચીજ બાહ્યની ઓછી-વત્તી, માંસ ક્રિયાની કે અહીંયાં ઘાસ ક્રિયાની વધતી હોય, તો એને સરખું પાપ આવવું જોઈએ.

**'અને તે મમત્વપરિણામ સામાન્ય રીતે બધા જીવોને હોય છે...'** જુઓ! અહીં કોઈ શંકા કરે **'જો બાહ્ય પદાર્થમાં મમત્વપરિણામ હિંસાનું કારણ છે અને તે મમત્વપરિણામ સામાન્ય બધાને હોય છે. બધા જ જીવોને સરખું પાપ થવું જોઈએ. જેમ કે માંસાહારી બિલાડી અને ઘાસ ખાનાર હરણના બચ્ચામાં ભોજન કરવા સંબંધી મમત્વપરિણામ સામાન્યપણે સરખા જ છે.'** તમે તો ભોજન કરવું છે એવા પરિણામને મમતા કહો છો ને? તો બન્નેના પરિણામ સરખા થશે. માંસ ખાનારના અને ઘાસ ખાનારના બેના પરિણામ (સરખા થશે). મમતાને તમે જો પરિગ્રહ કહેતા હો, તો એ મમતાના પ્રમાણમાં બાહ્ય ચીજ આવી માટે મમતા વધારે અને ઓછી માટે મમતા ઓછી એવું કાંઈ થતું નથી, એમ પૂછે છે. સમજાણું કાંઈ?

**'ત્યારે આચાર્ય ભગવાન તેને ઉત્તર આપે છે કે એમ નથી. બિલાડી અને હરણના બચ્ચાંની બાબતમાં પણ વિશેષતા છે,...'** વર્તમાન પરિણામમાં મીંદડી ઉંદર મારે એમાં મૂર્ચ્છા

www.vitragvani.com



તીવ્ર છે. સમજાણું? અને હરણ લીલું ઘાસ ખાય એની મૂર્ચ્છા મંદ છે, થોડી છે. એમ ન માન કે, બાહ્ય પદાર્થમાં ગમે તે હોય તો અહીં પરિણામ સરખા જ એને પાપના હોય એમ છે નહિ. એમ અહીંયા સિદ્ધ કરવું છે. સમજાણું? **'કેમકે બિલાડીને તો માંસ ખાવાના પરિણામ છે અને હરણના બચ્ચાંને ઘાંસ ખાવાના પરિણામ છે. બસ!, આ મમત્વવિશેષ હોવાથી વિશેષતા છે.'** બેના પરિણામમાં પણ વિશેષતા છે. કહો, સમજાણું?

## ગાથા–૧૨૧

મમત્વ-મૂર્ચ્છામાં વિશેષતા

हरिततृणाङ्कुरचारिणिमन्दा मृगशावके भवति मूर्च्छा।
उन्दुरनिकरोन्माथिनि मार्जारे सैव जायते तीव्रा।।१२१।।

અન્વયાર્થ :– [ हरिततृणाङ्कुरचारिणि ] લીલા ઘાસના અંકુર ખાનાર [ मृगशावके ] હરણના બચ્ચામાં [ मूर्च्छा ] મૂર્ચ્છા [ मन्दा ] મંદ [ भवति ] હોય છે અને [ स एव ] તે જ મૂર્ચ્છા [ उन्दुरनिकरोन्माथिनि ] ઉંદરોના સમૂહનું ઉન્મથન કરનાર [ मार्जारे ] બિલાડીમાં [ तीव्रा ] તીવ્ર [ जायते ] હોય છે.

ટીકા :– 'हरिततृणाङ्कुरचारिणि मृगशावके मन्दा मूर्च्छा भवति तथा सैव मूर्च्छा उन्दुरनिकरोन्माथिनि मार्जारे तीव्रा जायते' - અર્થ :– લીલા ઘાસના અંકુર ખાનાર હરણનું બચ્ચું છે તેને ઘાસ ખાવામાં પણ મમત્વ બહુ ઓછું છે, અને ઉંદરોના સમૂહને ખાનાર બિલાડીને ઉંદર ખાવામાં બહુ તીવ્ર મમત્વ છે. બસ! આ જ વિશેષતા છે.

ભાવાર્થ :– પ્રથમ તો હરણના બચ્ચાને લીલા ઘાસમાં અધિક લાલસા નથી, પછી ખાવામાં ઘણી સરાગતા પણ નથી તથા ખાતી વખતે જો જરાપણ ભય પ્રાપ્ત થાય તો તે જ વખતે છોડીને ભાગી જાય છે. તેથી જણાય છે કે તેને અત્યંત આસક્તિ નથી. ઉંદરોના સમૂહને મારનાર બિલાડીને ઉંદર ખાવાની લાલસા ઘણી છે, પછી ઉંદરોને માર્યા પછી તેને ખાવામાં સરાગતા પણ ઘણી છે તથા જે વખતે તે ઉંદરોને ખાતી હોય ત્યારે ઉપર લાકડી પણ પડે તોયે મહામુશ્કેલીએ તેને છોડે છે, તેથી જણાય છે કે હરણના બચ્ચા અને બિલાડીની મૂર્ચ્છામાં ઘણો ફેર છે. એવી જ રીતે ઘણા આરંભ-પરિગ્રહવાળા અને અલ્પ આરંભ-પરિગ્રહવાળામાં પણ તફાવત જાણવો. ૧૨૧.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હવે, **'મમત્વ-મૂર્ચ્છામાં વિશેષતા...'** મમત્વ કહો કે મૂર્ચ્છા કહો. બેમાં ફેર શું છે? બે એટલે? બેના ભાવમાં. મમત્વ અને મૂર્ચ્છા બે એમ નહિ. મમતા કહો કે મૂર્ચ્છા કહો. એમાં બેમાં ફેર શું છે. મીંદડીને અને હરણના બચ્ચાને, બેમાં ફેર શું છે?

**हरिततृणाङ्कुरचारिणिमन्दा मृगशावके भवति मूर्च्छा।**
**उन्दुरनिकरोन्माथिनि मार्जारे सैव जायते तीव्रा।।१२१।।**

**'લીલા ઘાસના અંકુર ખાનાર હરણના બચ્ચામાં મૂર્ચ્છા મંદ હોય છે...'** જુઓ! સમજાય છે? એમાં પેલા લેખ (લખે), જુઓ! નિમિત્ત આવું છે તો મૂર્ચ્છા પણ મંદ છે. કારણ આગળ લેશે. કારણ પ્રમાણે કાર્ય થાય. સમજાણું? કારણ વિશેષાત, કાર્ય વિશેષઃ ૧૨૨માં લેશે. એ જ છે ને વ્યવહાર એ જાતનો? એના વર્તમાન પરિણામમાં તીવ્રતા છે. માંસ ચીજ તો ભલે પર છે, ઘાસ એ પર છે પણ અહીં મંદતા છે. પર પરપણે હોવા છતાં ફેર છે. રોટલા છે એ અનાજની પર્યાય છે અને માંસ છે એ એની પર્યાય. આમ દેખે તો એ બન્ને વસ્તુ તો પુદ્ગલ છે. પણ એને માંસની પર્યાય અને બાજરાની રોટલાની પર્યાયમાં અહીં મમત્વમાં ફેર છે એને. ન્યાં પણ ફેર છે તો અહીં ફેર છે. રોટલા ખાવાના ભાવમાં મમત્વ મંદ છે, માંસ ખાવાના ભાવમાં તીવ્ર છે. આમ તો પુદ્ગલની પર્યાય એક સરખી છે. 'શશીભાઈ'!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એય..! તેથી હળવે હળવે તો કહીએ છીએ. એ આ રીતે ફેર છે. આમ એના મિથ્યાત્વ અને અનંતાનુબંધી ભલે હો પણ એને અંદર આમ માંસ ખાવાની ગૃદ્ધિ છે. એવો દાખલો આપશે. માંસ ખાવાની એટલી ગૃદ્ધિ છે કે, એને લાકડી મારે તો પણ મીંદડી નહિ ખસે. હરણના બચ્ચા આમ ખાતા હશે અને એમાં કાંઈપણ થશે તો ફટ ભાગશે. એટલે એની આસક્તિ, આસક્તિમાં આ કારણે ફેર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દૂધીનું શાક હોય અને બટાટાનું શાક હોય.

ઉત્તર :– પેલામાં બટાટામાં ગૃદ્ધિના પરિણામ વધારે છે.

મુમુક્ષુ :– નિમિત્તનું જોર આવ્યું.

ઉત્તર :– નિમિત્તનું જોર નથી. ખાવાના ભાવમાં ફેર છે. પેલી ગૃદ્ધિ (છે). ઘીના પેલામાં આમ પતરી એની શેકીને આવે, બટાટાની આમ હોય ગોળ ચક્કર કરીને ને? શું કહેવાય એ? પતરી.

મુમુક્ષુ :– વેફર.

ઉત્તર :–વેફર, વેફર નહિ અમારે પતરી સારી.

મુમુક્ષુ :– ખડખડિયા.

ઉત્તર :– ગુજરાતી ખડખડયા કરે ને? આમ ગોળ ચક્કર કરી પાતળી કરીને ઘીમાં

www.vitragvani.com



તળે. રોટલી પાસે નાખે નવટાક આમ ખાતા ખાતા ગલગલીયા બોલે એને. ગૃદ્ધિ વધારે છે. સમજાણું કાંઈ? પ્રત્યેક વનસ્પતિ, એના ખાવાના પરિણામ અને એ બટાટાના પરિણામમાં ફેર છે. એ આ વર્તમાન પરિણામની અપેક્ષાએ વાત લેવી છે, હોં!

મુમુક્ષુ :– આપે બે, ત્રણ, ચાર વાર કીધું, વર્તમાન પરિણામ

ઉત્તર :– વર્તમાન પરિણામ નથી એટલે પેલું મિથ્યાત્વ અનંતાનુબંધી સાથે છે એમ ન લેવું. એ હિસાબે તો બન્નેને મિથ્યાત્વ અનંતાનુબંધી સરખા છે. એમ નહિ. વર્તમાન ખાવાના પરિણામની વ્યક્તતા ઊભી થઈ છે જે, એમાં જરી ફેર છે એટલું લેવું છે અહીં.

મુમુક્ષુ :– એ અનંતાનુબંધીની ....

ઉત્તર :– અનંતાનુબંધી ભલે હો, પણ એમાં જરી ફેર છે બેમાં. ભેગું તો એને ચારે છે. સમજાણું કાંઈ? લ્યો આ ...

મુમુક્ષુ :– દસ લાખ રાખવાના ભાવ અને એક લાખ રાખવાના ભાવમાં ફેર છે.

ઉત્તર :– ના, એમ નહિ. હા એ તો છે ને એ બધું ખ્યાલમાં છે. એ કહેશે આગળ. ૧૨૩મી ગાથામાં એમ કહેશે, ઘણો સંગ્રહ કરે એને ઘણી મમતા, થોડો સંગ્રહ કરે એને થોડી મમતા એમ કહેશે. એનો અર્થ કે, પેલો ઘણો સંગ્રહ કરવાનો મમત્વભાવ છે એ અપેક્ષાથી લેવું. જાજી ચીજ છે માટે મમતા જાજી એમ નહિ.

મુમુક્ષુ :– મમતા જાજી માટે...

ઉત્તર :– ઘણો સંગ્રહ કરવાનો ભાવ છે તે મમતા વિશેષ છે. ન્યાયથી સમજવું. આ બધો ફેર છે થોડો-થોડો. ન સમજાય તો જરીક ફેર પડે એવું છે. એટલે હળવે હળવે કહીએ છીએ. એ પ્રશ્ન તો મગજમાં બધો ઊભો હતો. એક પચ્ચીસ લાખ રાખે, એક એક લાખ રાખે, બેમાં ફેર છે? કે, ના એમ નહિ. ચક્રવર્તીનું રાજ સમકિતીને છે છતાં અલ્પ મમતા છે અને એકને પાંચ જ રૂપિયા હોય અને ગોદડી હોય, ચાર પાય હતી પેલા બાવાને. બાવો નહોતો પેલો 'સાયલા'નો? એક બાવો મુકી ગયો હતો. એમ કહે છે કાંઈક મુકી ગયો હતો. અંદર કણો થયો કણો. ભાઈ! આ બાવો કેમ નહિ? બાર મહિના થઈ ગયા ને? એની ડાબલીમાં હતું એમાંથી એક કણો નીકળ્યો. એવો દોહરો આવે છે 'સાયલા'માં. કેવા? 'લાલજી' નહિ 'લાલોભગત' આવે છે. ત્યાં ગયા હતાને, 'સાયલા'. સમજાણું?

બાવો હતો. અડધો રૂપિયો મુકી ગયો હશે. તે દિ' તો હતો સવા રૂપિયો. પણ તે દિ' સવા રૂપિયો એટલે.. રૂપિયો તે દિ' તો એમ કહેવાતો મોટો ગાડાના પૈડા જેવો. એમ કહેતા બરાબર સાંભળ્યું છે, હોં! આ વાઘરણ એક હતી એ કહેતી. અહીં પેલી વાઘરણ નહોતી રહેતી? અહીં કૂવા પાસે. એક વિધવા હતી ને એની એક દીકરી અખમ હતી. આંધળી હતી. એ આમ બોલતી જાતી હતી. આપણે તો કોઈકનું સાંભળ્યું હોય. કે, ભાઈ! એક રૂપિયો તો પૈડા જેવો છે, ભાંગીએ તો પાછો ખલાસ થઈ જાય, ભાંગવો નહિ. બે,

ચાર પૈસા ઘટતા હોય તો કો'કનું દેણું કરવું પણ પછી આમ કરવું, પણ એ રૂપિયો ન ભાંગવો. હવે અત્યારે કાંઈ રૂપિયાની કિંમત રહી નથી.

મુમુક્ષુ :– સો રૂપિયાની...

ઉત્તર :– અત્યારે એ રૂપિયો ધૂળ.. હવે લાખ, બે લાખની કાંઈ કિંમત રહી નથી. અત્યારે તો દસ લાખ અને વીસ લાખ, પચ્ચીસ લાખ, કરોડ અને બે કરોડ અને એવા મોટા આંકડા ચાલ્યા છે. એય 'મલૂપચંદભાઈ'!

મુમુક્ષુ :– બે કરોડ તો ઓછા કહેવાતા હશે?

ઉત્તર :– બે કરોડ એને ક્યાં, એને તો બહુ ઓછા છે. હજી પાંચ કરોડ થવાના છે. છાપામાં આવ્યું છે. મેં સાંભળ્યું છે, વાંચ્યું છે, હોં! આકડો. અરે..! તમારા ચિરંજીવીનું. આ વાંચ્યું છે મેં 'રાજકોટ' હતા ને ત્યારે. આ એંશી લાખની લીધી છે, આઠ દિ'માં સાત લાખ ને અઠયોતેર ઉપજાવશે. આના પાંચ કરોડ રૂપિયા થવાના છે. ભલે આને આપે ન આપે એની જુદી વાત છે. 'મલૂપચંદભાઈ'ને.

મુમુક્ષુ :– એ તો બધા એના જ છે ને, 'મલૂપચંદભાઈ'ના આપવાના છે.

ઉત્તર :– કાંઈ ધૂળ પણ નથી એના. દીકરો એનો નથી પછી વળી પૈસા એના ક્યાંથી આવ્યા? આ તો દીકરો એ નથી એ કઈ રીતે? જુદો પાડ્યો છે એ અપેક્ષાએ. જુદો કર્યો છે એ અપેક્ષાએ. એય..! એ અપેક્ષાએ કહ્યું. એટલે એનો બધો હક ઊડી ગયો. પણ એવી વાત સાંભળી હતી, હોં! અંદર છાપામાં લખી છે, હોં! આંકડા વાંચ્યા છે મેં. નહિતર આપણે કાંઈક કોઈક બોલતું હોય તો ખ્યાલમાં રહે. નહિતર અદ્ધરથી વાત ન કહેવાય. સાચું-ખોટું ઓલા લખાણ ઉપર જાય. અહીં કહે છે કે, જુઓ! દાખલા આપશે, હોં! દાખલા શાસ્ત્રમાં.

**'લીલા ઘાસના અંકુર ખાનાર હરણના બચ્ચામાં મૂર્ચ્છા મંદ હોય છે...'** ભાષા આચાર્યની છે કે નહિ? એય..! જુઓ! **''हरिततृणाङ्कुरचारिणि मृगशावके मन्दा मूर्च्छा भवति तथा सैव मूर्च्छा उन्दुरनिकरोन्माथिनि मार्जारे तीव्रा जायते'** સમજાણું કાંઈ? - **અર્થ :– લીલા ઘાસના અંકુર ખાનાર હરણનું બચ્ચું છે તેને ઘાસ ખાવામાં પણ મમત્વ બહુ ઓછું છે, અને ઉંદરોના સમૂહને ખાનાર બિલાડીને ઉંદર ખાવામાં બહુ તીવ્ર મમત્વ છે. બસ! આ જ વિશેષતા છે.'** પદાર્થ બાહ્ય હોવા છતાં, તેના પ્રત્યેની વર્તમાન મૂર્ચ્છામાં ફેર છે, એમ કહે છે. કારણ ફેરે કાર્યમાં ફેર છે.

મુમુક્ષુ :– ... મૂર્ચ્છાનું કારણ તો માંસ છે ને?

ઉત્તર :– એ માંસ એવું છે એ જાતનું, કે એને મમતા જ એ જાતની પોતાને કારણે થાય છે, એથી એને મૂર્ચ્છા વધારે છે. એમાં નિમિત્ત એ છે પણ એ મૂર્ચ્છા વધારે છે એવું જ એ નિમિત્ત છે. પેલામાં મૂર્ચ્છા થોડી છે એવું જ પેલું નિમિત્ત છે. ચરણાનુયોગનું કથન છે ને હવે તો આ બધું? સંગ્રહ કરે અને એવું કરે, એવું બધું આવશે. આ પાઠ

www.vitragvani.com



અહીંથી 'અમૃતચંદ્રાચાર્ય'નો ઉપડે છે. એમ નહિ કોઈ કહે 'અમૃતચંદ્રાચાર્ય'નું બીજું ને પછી અર્થમાં વળી ત્રીજું આવ્યું, બીજું આવ્યું. સમજાણું ને? ૧૨૩માં એ અર્થ આવશે. સંગ્રહ કરે છે અને આ કરે છે. એ વાત મૂળ પાઠ 'અમૃતચંદ્રાચાર્યે' એવી શૈલીથી લીધી છે.

મુમુક્ષુ :– બરાબર છે ને?

ઉત્તર :– બરાબર છે. શું ખોટું છે? સંગ્રહ કરવાનો ભાવ છે એને, એ અપેક્ષાએ છે. દસ લાખ છે માટે મમતા ઘણી અને એક લાખ માટે થોડી, એ પ્રમાણ એમ નથી. સમજાણું?

મુમુક્ષુ :– મમતા કરોડો-અબજોની હોય.

ઉત્તર :– હો, ઘણી હોય. એકને થોડું હોય અને મમતા ઘણી હોય, એકને ઘણું હોય તો મમતા ઓછી (હોય). અનેક અપેક્ષાના ત્યાં એ જાતના ચાલતા વર્તમાન પરિણામ ઉપરની વાત લેવી છે. નિમિત્તના સંબંધવાળા પરિણામ, હોં!. સમજાણું?

પાઠમાં છે ને? અહીંથી શરૂ થાય છે ને? જુઓને! કે, **'हरिततृणाङ्कुरचारिणि मृगशावके मन्दा मूर्च्छा भवति'** બસ ને. પાઠ છે પોતે. હરણના બચ્ચાને, લીલા ઘાસ ખાનારને મૂર્ચ્છા ઓછી છે. આમ આખો સિદ્ધાંત અહીંથી ઉપાડ્યો છે. ભાઈ! ચરણાનુયોગની વાત એવી છે કે એમાંથી કાઢીને નાખવું હોય એટલું નાખે. એ તો પર્યાય ફેર છે તો એ લેવું તો જોઈએને? એક આધાકર્મી આહાર લે છે અને એક માંસ લે છે, બેમાં ફેર છે કે નહિ? એક રોટલો છે એ પુદ્‌ગલની પર્યાય છે અને માંસ છે એ પુદ્‌ગલની પર્યાય છે, લ્યો! ફેર છે કે નહિ?

મુમુક્ષુ :– જાતમાં ફેર છે.

ઉત્તર :– જાતનો ફેર છે. એક સ્ત્રીનું શરીર પણ પુદ્‌ગલની પર્યાય છે અને માનું શરીર પુદ્‌ગલની પર્યાય છે, તો બેમાં પુદ્‌ગલની પર્યાયમાં શું ફેર છે? પણ એના અંદર મમત્વમાં ફેર છે એ વાત અત્યારે સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? નહિતર તો આ બાજરો, રોટલી, ઘઉં પુદ્‌ગલની પર્યાય છે અને એક માંસ એ પુદ્‌ગલની પર્યાય છે. તો સરખી પુદ્‌ગલની પર્યાય અપેક્ષાએ સરખી, પણ એમાં વર્તમાન વિકૃતમાં ફેર છે તો એના ખાનારના ભાવમાં પણ ફેર છે. એમ લેવું છે. સમજાણું કાંઈ?

**'લીલા ઘાસના અંકુર ખાનાર હરણનું બચ્ચું છે તેને ઘાસ ખાવામાં પણ મમત્વ બહુ ઓછું છે, અને ઉંદરોના સમૂહને ખાનાર બિલાડીને ઉંદર ખાવામાં બહુ તીવ્ર મમત્વ છે. બસ! આ જ વિશેષતા છે. પ્રથમ તો હરણના બચ્ચાને લીલા ઘાસમાં અધિક લાલસા નથી,...'** થોડોક ન્યાય આપે છે. **'પછી ખાવામાં ઘણી સરાગતા પણ નથી...'** બે વાત. ઘાસમાં અધિક લાલસા નથી, બીજું ખાવામાં ઘણી સરાગતા નથી, બેનો ફેર પાડીને એની મમતામાં ફેર બતાવશે.

મુમુક્ષુ :– ઉપાદાન નિમિત્ત..

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :- હા. અધિક લાલસા નથી અને ખાવામાં વિશેષ સરાગતા પણ નથી. એમ બે વાત. **'તથા ખાતી વખતે જો જરાપણ (ભાવ) ભય પ્રાપ્ત થાય...'** દેખો! ઘાસ ખાતું હોય અને એમાં જરીક કાંઈક આમ આવે તો ઘાસ મુકી દઈને ભાગશે. એનો અર્થ કે, એના ઉપર તીવ્ર (રાગ) હોય તો માથે લાકડી પડે તોપણ ન જાય. સમજાણું? સાકરને ગાંગડે... છોકરા સાકર ખાય છે ને? થાળીમાં નાખી હોય ને ચાર, પાંચ, છ ગાંગડા આપ્યા હોય ને? એક બે ખાધા હોય ને હાથ હજી લીલા હોય, એમાં માંખી અડી હોય. છોકરો ગાંગડો લેવા જાય તો માંખીની પાંખ ચોટી હોય તો ઉડે નહિ. કેમકે, મીઠાશમાં એની ગૃદ્ધિ બહુ છે. પાંખ તૂટી જાય તોપણ એ ઉડશે નહિ (કેમકે) ગૃદ્ધિ છે એની. સમજાણું કાંઈ? એમ આને જરા પણ ભય પ્રાપ્ત થાય,... કોને? મૃગના બચ્ચાને. **'તો તે જ વખતે છોડીને ભાગી જાય છે.'** આટલો આંતરો પાડ્યો. અધિક લાલસા નથી અને ખાવામાં ઘણી સરાગતા પણ નથી. બેની અપેક્ષાએ ફેર પાડ્યો. **'તેથી જણાય છે કે તેને અત્યંત આસક્તિ નથી.'** આ અપેક્ષાએ એને (આસક્તિ નથી). સમજાણું કાંઈ?

**'ઉંદરોના સમૂહને મારનાર બિલાડીને ઉંદર ખાવાની લાલસા ઘણી છે, પછી ઉંદરોને માર્યા પછી તેને ખાવામાં સરાગતા પણ ઘણી છે...'** જોયું? ઉંદરોને મારવામાં, ઉંદરોને મારનાર બિલાડીને ઉંદર ખાવાની લાલસા ઘણી (છે). અને ઉંદરોને માર્યા પછી તેને ખાવામાં સરાગતા પણ ઘણી છે. એ વખતે એટલો રાગ તીવ્ર છે. **'તથા જે વખતે તે ઉંદરોને ખાતી હોય ત્યારે ઉપર લાકડી પણ પડે...'** અરે..! એને પકડવા પાછળ કુતરું આવ્યું હોય, તોપણ ઉંદર મુકે નહિ. ભાગી ન જાય. ભાગી શકશે નહિ. એના ઉપર બહુ ગૃદ્ધિ છે ને. **'જે વખતે તે ઉંદરોને ખાતી હોય ત્યારે ઉપર લાકડી પણ પડે તોયે મહામુશ્કેલીએ તેને છોડે છે,...'** જોયું? સમજાણું? તોયે પછી... **'તેથી જણાય છે કે હરણના બચ્ચા અને બિલાડીની મૂર્ચ્છામાં ઘણો ફેર છે.'** બેમાં વિશેષતા છે.

**'એવી જ રીતે ઘણા આરંભ-પરિગ્રહવાળા...'** લ્યો! આવ્યું તમારું. **'અને અલ્પ આરંભ-પરિગ્રહવાળામાં પણ તફાવત જાણવો.'** આરંભ પરિગ્રહ આમ કરે છે ઘણા એનો અહીં ભાવ (લેવો છે), એ અપેક્ષાએ લેવું છે. સમજાણું? આમ તો છન્નું કરોડ પાયદળનો આરંભ-પરિગ્રહ, લ્યો! પણ એ આરંભ-પરિગ્રહનો અંદર તીવ્ર આરંભ-પરિગ્રહ નથી. સમકિતીને તો મિથ્યાત્વનો આરંભ અને પરિગ્રહ નથી, અનંતાનુબંધીનો આરંભ ને પરિગ્રહ નથી. લ્યો! બે નથી.

ચક્રવર્તીના છ ખંડના રાજ હોય, છન્નું હજાર સ્ત્રી હોય તોપણ એ આરંભ-પરિગ્રહ આ તો નથી જ એને. મિથ્યાત્વ, અનંતાનુબંધીની હિંસા પણ નથી, આરંભ નથી, પરિગ્રહ નથી. એકેન્દ્રિયને એક શરીર જ છે એને બીજું કાંઈ નથી. છતાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી આદિ કષાય પરિગ્રહ પણ છે, હિંસા છે. સામાન્યપણે વાત છે. પણ વિશેષમાં આમ જ્યારે

www.vitragvani.com



આમ બાહ્ય પદાર્થની ફેરફારની સ્થિતિએ જે છે, તો એના મમત્વમાં ફેર છે એટલી વાત ત્યાં સિદ્ધ કરવી છે.

મુમુક્ષુ :– નિમિત્ત ઉપાદાનને સિદ્ધ કરે છે.

ઉત્તર :– હા. હા. નિમિત્ત એવું હોય છે ત્યારે ઉપાદાન એવું જ હોય. માંસ ખાવાનું નિમિત્ત છે તો પરિણામ પણ એને એવા તીવ્ર હોય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો હોય છે એને કારણે. આ એને કારણે છે. પણ એ કારણ કાર્યમાં જરી ફેર બતાવશે. ગાથામાં કહેશે. છે ને મૂળ ગાથા. અહીંથી સીધુ ઉપાડ્યું છે. મંદ અને તીવ્રમાંથી ઉપાડ્યું છે અથવા **'मूर्च्छाविशेषेण विशेषः'** ૧૨૦થી જ ઉપાડ્યું છે. નયના ભંગ એટલા બધા (છે) એને બધા બરાબર રીતે સમજવા જોઈએ. એવી વાત છે.

મુમુક્ષુ :– થોડી ગુરુની વાત કરી.

ઉત્તર :– એને સમજવા જોઈએ. એ તો ગુરુ હોય છે ને ભેગા, ક્યાં નથી? સમજવા જોઈએ એમ કીધું ને મેં તો. સમજાણું કાંઈ? આટલા પ્રકાર છે. આમ જુઓ તો મા પણ સ્ત્રી, વહુ પણ સ્ત્રી, દીકરી પણ સ્ત્રી, બહેન પણ સ્ત્રી. બધી સ્ત્રી છે, લ્યો. આત્મા પર, ચારના આત્મા પર, પુદ્‌ગલની પર્યાય પર, બધી પર. પર અપેક્ષાએ બધું પર. અને પર્યાય અપેક્ષાએ બધું આમ એક જાતનું દેખાય. પણ એમાં મમત્વમાં ફેર છે ને? ફેર છે. કોઈ કહે કે અમારે તો પર વસ્તુ સ્ત્રી હો કે મા હો કે દીકરી હો. એમ નહિ. ફેર છે એ વાત અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એમ અમારે રોટલાની પર્યાય હોય કે માંસની કે દારૂની પર્યાય હોય, પાણીની પર્યાય હોય કે દારૂની પર્યાય હોય. લ્યોને, બન્ને પુદ્‌ગલની છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ધૂળ પણ નથી આવતા. મૂર્ખ હશે તો કહેતો હશે તમને. એને કહેતો હતો કો'ક. દારૂ પીવે તો બહુ ઊંચા વિચાર આવે. મૂર્ખ હશે મોટો. આમ કાંઈ ભાન ન રહે ને આમ પેલું રહે એને ઊંડા વિચાર કહે. ગાંડા જેવો. અંદર કંઈ સૂક્ષ્મ વિચાર ચાલે નહિ ને તો દારૂ પીને મસ્ત જેવું લાગે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એક કલાક કામ કરતા હોય એ ચોવીસ કલાક કરી શકે.

ઉત્તર :– કોણ? દારૂ શું ધૂળ પણ કરી શકતો નથી. કરે ક્યાં? દારૂના ઘેનમાં શું (કરે)? કરે છે ક્યાં? ભાવ કરે છે ત્યાં. આહાહા! આ અપેક્ષા જરી અનાજની પર્યાય, માંસની પર્યાય, સ્ત્રીની પર્યાય એમાં બધો ફેર સમજવા જેવો (છે). સમજાય છે? મહા ધ્વંસ છે ને?

**'એવી જ રીતે ઘણા આરંભ-પરિગ્રહવાળા અને અલ્પ આરંભ-પરિગ્રહવાળામાં પણ તફાવત જાણવો.'** આમ ઘણો આરંભ-પરિગ્રહનો ભાવ કરે છે, પેલો કરે છે એ બેમાં ફેર છે. એમ. જાજી ચીજ હોય એને જાજી મમતા હોય એવું કાંઈ પ્રમાણ નથી. સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઘરાક ઘરાકને સાચવવાના ભાવમાં ફેર હોય. સમજ્યા ને? એક જણાને એક સાધારણ અનાજ લેતો હોય અને એક જણો કહે, ભાઈ! તમારે ત્યાં માંસ છે કે નહિ ડબ્બા? તો અમે બીજી દસ ચીજો લઈએ નહિતર નહિ લઈએ. માંસ રાખે, ડબ્બા રાખે ત્યારે પેલા...

મુમુક્ષુ :– રાખવા જ પડે. વાણિયા રાખતા.

ઉત્તર :– હા એ જ કહું છું, વાણિયા રાખતાને બધા. હજી કેટલાક વેપારીઓ રાખતા હશે. પંદર, વીસ ચીજનો ખરડો લઈને આવ્યો હોય કે, આટલી ચીજ જોઈએ છે. એમાં આ ચીજ છે? પેલો કહે, આ એક ચીજ નથી. એક ચીજ નથી તો અમે બીજે જશું.

ત્યાં પેલા બધા તૈયાર માંસના ડબ્બા હોય, એની સાથે બીજી ચીજ લે એટલે એને વાણિયાને રાખવી પડે. તીવ્ર મમતા છે. રાખવી પડે એટલે? તીવ્ર મમતા છે. હવે ખપવું હોય તો ખપશે. હવે આટલું હું તો ભાઈ! મારે તીવ્ર પાપ નથી કરવા. અળસીયાના કેટલાક પેલા રાખવા પડે. અળસીયાની દવા આવે છે ને? પેલું એક કહેતો હતો. એક 'જીવણભાઈ' હતા. '...' દીક્ષા લીધી હતી. આ '...'વાળા નહિ આ? 'મલૂપચંદભાઈ'. એમાં નહિ પેલો 'જીવણ' હતો? મારવાડમાં દીક્ષા લીધી હતી. એ જ્યારે પહેલા નહોતી લીધી ત્યારે મારી પાસે આવ્યા હતા. કહેતા કે મારી દુકાનમાં અળસિયા રાખવા પડે. નહિતર ન ખપે તો શું? અરરર..! આ મૂકી દે. આ કરતા દીક્ષા લેવી. મગજ તો સાધારણ હતો. સગવડતા નહોતી અને ઠીક આ સાધુમાં સગવડતા તો થશે. અહીં કુટુંબી કોઈ સેવા કરે, ન કરે પેલામાં તો સેવા કરશે. પડો. એ કહેતો હતો, 'જીવણ' કહેતો હતો. અમારે ત્યાં આવતા હતા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ખબર છે ત્યાં આવતા હતા, 'વીંછીયા'. આહા..! દુકાન હતી. ખબર છે ને અમારે તો બધા ઘણા આવ્યા હોય ને ઘણી વાતું કરતા હોય, ઘણા વર્ષની વાત છે, હોં! આ તો ૪૦-૪૫ વર્ષ પહેલાની. એ તો દીક્ષા લીધી અને મરી ગયો. ન્યાં ક્યાંક આ .. આવતો. કોઈકનો સગો હતો. એ કહે, અમારે અળસીયા રાખવા પડે. સુકા, સુકા, હોં! સુકા ભૂકા. બહુ થાય ને ચોમાસામાં? રાખે એટલે પેલી દવા લેવા આવ્યા હોય ને પચ્ચીસ, પચાસ ચીજો (લેવાની હોય) એમાં એ ચીજ ન હોય તો કાંઈ ન લે. અને એમાં અમારે પાંચ-દસ-પચ્ચીસ રૂપિયાની ઉપજ થઈ જતી હોય. અરરર! આ શું? પછી એણે દુકાન છોડી દીધી. હવે દીક્ષા લેવાનો ભાવ છે. સમજાણું?

www.vitragvani.com



## ગાથા–૧૨૨

આગળ આ પ્રયોજન સિદ્ધ કરે છે :–

निर्बाधं संसिध्येत् कार्यविशेषो हि कारणविशेषात्।
औधस्यखण्डयोरिह माधुर्य्यप्रीतिभेद इव।।१२२।।

અન્વયાર્થ :– [ औधस्यखण्डयोः ] દૂધ અને સાકરમાં [ माधुर्य्यप्रीतिभेदः इव ] મધુરતાના પ્રીતિભેદની જેમ [ इह ] આ લોકમાં [ हि ] નિશ્ચયથી [ कारणविशेषात् ] કારણની વિશેષતાથી [ कार्यविशेषः ] કાર્યની વિશેષતા [ निर्बाधं ] બાધારહિતપણે [ संसिध्येत् ] સારી રીતે સિદ્ધ થાય છે.

ટીકા :– 'हि कारणविशेषात् कार्यविशेषः निर्बाधं संसिध्येत् यथा औधस्यखण्डयो इह माधुर्य्यप्रीतिभेदः इव भवति' - અર્થ :– નિશ્ચયથી કારણની વિશેષતા હોવાથી કાર્યની વિશેષતા છે. જેમ ગાયના દૂધમાં અને ખાંડમાં ઓછીવત્તી મીઠાશ હોય છે તે જ ઓછીવત્તી પ્રીતિ ઉત્પન્ન કરે છે. ગાયના સ્તન ઉપર જે દૂધ રહેવાની થેલી છે તેને ઔધ કહે છે, તેમાંથી ઉત્પન્ન થયેલને ઔધસ્ય એટલે દૂધ કહે છે.

ભાવાર્થ :– એવો નિયમ છે કે જેવું કારણ હોય તેવું જ કાર્ય ઉત્પન્ન થાય છે. જેમ દૂધમાં મીઠાશ ઓછી છે અને સાકરમાં મીઠાશ વધારે છે તેથી દૂધમાં પ્રીતિ ઓછી થાય છે અને સાકરમાં પ્રીતિ વધારે થાય છે. ૧૨૨.

---

**'આગળ આ પ્રયોજન સિદ્ધ કરે છે :–'** મોટો પરિગ્રહ મમતા, જુઓ! આ તમારે સમજ્યા ને? ફિલ્મ-બિલ્મની મમતા મોટી છે એમ કહે છે. કોઈ કહે ફિલ્મ મોટું તો અમારે મમતા ઓછી છે. ના પાડે છે અહીં.

કીધું ને. ભાવ છે ને એવો ભાવ હોય ત્યારે આવું બધું થાય છે, એમ કહે છે. હા બે આરંભ-પરીગ્રહમાં તીવ્ર મમતા છે. કેટલી અંદરથી આમ.. આકુળતા... આકુળતા... આકુળતા... **'આગળ આ પ્રયોજન સિદ્ધ કરે છે :–'** જુઓ! હવે કારણ કાર્ય નાખશે.

निर्बाधं संसिध्येत् कार्यविशेषो हि कारणविशेषात्।
औधस्यखण्डयोरिह माधुर्य्यप्रीतिभेद इव।।१२२।।

એય! દેવાનુપ્રિયા! આવ્યું અહીં. કારણ વિશેષ, કાર્યમાં વિશેષતા. 'પ્રવચનસાર'માં નથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવતું? ચરણાનુયોગમાં પાછળ આવે છે કે નહિ? એ પણ આવે છે, બીજું શું? પોતે જ આચાર્ય ૧૨૨ ગાથામાં નાખે છે. ૧૨૦થી શરૂ કર્યું છે ઇ.

**''औधस्य' દૂધ અને સાકરમાં...'** દૂધને **'औधस्य'** કહે છે એમ આવ્યું હતું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અવળું કર્યું. દૂધ રહેવાની થેલી છે તેને ઔધ કહે છે, તેમાંથી ઉત્પન્ન થયેલાને **'औधस्य'** એટલે દૂધ કહે છે. **'દૂધ અને સાકરમાં...'** જુઓ! મીઠાશમાં ફેર છે દાખલો આપે છે. **'મધુરતાના પ્રીતિભેદની જેમ આ લોકમાં નિશ્ચયથી કારણની વિશેષતાથી કાર્યની વિશેષતા બાધારહિતપણે સારી રીતે સિદ્ધ થાય છે.'**

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના. કાર્ય અહીં ભાવ, પેલું નિમિત્ત. માધુર્ય આદિનું નિમિત્ત અને અહીં માધુર્ય દૂધની મીઠાશ થોડી તો કાર્યની ગૃદ્ધિ થોડી. પેલાની સાકરની મીઠાશ ઘણી, તો કાર્યમાં મીઠાશ ઘણી, વૃદ્ધિ ઘણી. એ અપેક્ષાએ અહીં સિદ્ધ કરવી છે ને એ વાત. અહીં તો એ નિમિત્તના એવા ફેર છે ત્યાં એવો ભાવવાળો ભાવ ફેરવાળો હોય એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :– સાકર ખાય એને વધારે ગૃદ્ધિ, દૂધની.

ઉત્તર :– હા, દૂધની મીઠાશ થોડી, મીઠાશની અપેક્ષાની વાત છે. દૂધમાં મીઠાશ થોડી છે તો ગૃદ્ધિ થોડી છે, સાકરમાં મીઠાશ બહુ છે તો ગૃદ્ધિ થોડી છે એટલું સિદ્ધ કરવું છે. એવા નિમિત્ત નિમિત્ત સબંધના પરિણામ સિદ્ધ કરવા છે. 'શશીભાઈ'! પછી આ ધીમે ધીમે તો ચાલીએ છીએ.

મુમુક્ષુ :– .... દઢ થઈ જાય.

ઉત્તર :– દઢ થઈ જાય. એ તો અપેક્ષાથી વાત કરે છે. એમ તો ફેર છે ને વ્યવહારથી? નિશ્ચયમાં ફેર છે ને? એ પ્રમાણે ફેર પોતાને કારણે છે, એને કારણે અહીં પર્યાય થાય છે એમ નથી કાંઈ. એમ નથી. પણ નિમિત્ત એવું હોય છે ત્યારે એના પરિણામની જાત જ એવી જુદી જાતની હોય છે. માંસ ખાવાની ક્રિયા થતી હોય અને પરિણામ ઘાસ ખાવા જેવા હોય, એમ હોય? એમ કહે છે. સમજાણું?

**'વિશેષતા બાધારહિતપણે સારી રીતે સિદ્ધ થાય છે.'** એમ વળી પાછું જોયું? કારણ ને કાર્યની વિશેષતા **'निर्बाधं संसिध्येत्'** આમાં .... નાખવું હોય તો નાખી શકે. એ અપેક્ષાથી વાત કરે છે, ભાઈ!

**ટીકા :– ''हि कारणविशेषात् कार्यविशेषः निर्बाधं संसिध्येत् यथा औधस्यखण्डयो इह माधुर्य्यप्रीतिभेदः इव भवति' - નિશ્ચયથી કારણની વિશેષતા હોવાથી કાર્યની વિશેષતા થાય છે.'** તેથી પછી કહે ને ભાઈ! જો પાત્ર વિશેષે ભાવ વિશેષ એમ કહેવાયને? કહેવાયને? ભાવ બતાવવો (છે). મુનિને વ્હોરાવવાનો ભાવ, એક સાધારણ ગરીબને દેવાનો ભાવ. એ

www.vitragvani.com



બે ભાવ ભાવમાં ફેર છે. વસ્તુ તો નિમિત્ત એક જ પ્રકાર છે. પણ નિમિત્તના ફેરે અહીં ભાવમાં પણ એ જાતના ફેર પોતાને કારણે હોય છે. સમજાણું કાંઈ? પરને લઈને પર્યાય થાય છે એમ નથી, હોં! આ તો ફક્ત પર એવું હોય ત્યારે અહીં ભાવ પણ એવી જાતના હોય છે. એવો કારણ-કાર્યનો સંબંધ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે એમ સિદ્ધ કરવું છે.

**'નિશ્ચયથી કારણની વિશેષતા હોવાથી કાર્યની વિશેષતા છે.'** લ્યો! ખરેખર કારણમાં ફેર હોવાથી કાર્યમાં ફેર પડે છે, એમ કહે છે. **'જેમ ગાયના દૂધમાં અને ખાંડમાં ઓછીવત્તી મીઠાશ હોય છે તે જ ઓછીવત્તી પ્રીતિ ઉત્પન્ન કરે છે.'** જોયું? **'તેજ ઓછીવત્તી પ્રીતિ ઉત્પન્ન કરે છે.'** નિમિત્તથી વાત કરે ત્યારે એમ કરે ને! સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ મીઠાશની ઘણી ગૃદ્ધિ છે ને? એ અપેક્ષાએ વાત છે. મીઠાશની મીઠાશ આમ. સમજાણું? એક શેરડીનો સાંઠો ખાતો હોય અને એક અમસ્તો જુવારનો સાંઠો ખાતો હોય. જુવારના સાંઠા થાય ને? જુવારના નહિ? એક શેરડી આમ ઊંચી ધોળી. અધ મણનો સાંઠો એક થાય. આમ વચલા કાંદળા ખાતો હોય. રસવાળા વચલા કાઢીને (ખાય).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. શેઠિયા તો પાછા એવા ચાવે નહિ. એટલે રસ કાઢીને ખાય. ઘરે શેરડીના રસ કાઢવાના સંચા રાખતા હોય. મોસંબીના સંચા રાખેને? આવા કાચના આવે છે કે નહિ? આમ થાળુ હોય ચારે કોર, ઉપર આવું હોય. આમ મોસંબી દાબે તો રસ નીકળે હેઠે, થાળ ભરાય. એ... 'મોહનભાઈ'! ઘરે રાખે છે કે નહિ? શેરડીના સંચા હોય ઘરે. ઉંચા સારા કાતળા હેઠેલા કાતળા કાઢી, છાલ કાઢી (રસ કાઢે). એ પ્રમાણમાં જેવી ચીજ છે ને એવો ગૃદ્ધિનો ભાવ છે એમ અહીં સિદ્ધ કરવું છે. જુવારનો સાંઠો ખાતો હોય. જુવારનો સાંઠો પણ મીઠો હોય, હોં! છોકરા જુવારના સાંઠા બહુ ખાય. મીઠા હોય ત્યારે. કાચા નહિ પણ પાકા થઈ ગયેલા. પણ છતાં પેલી મીઠાશ અને પેલી મીઠાશમાં ફેર છે. એમાં જરી ગૃદ્ધિ ઓછી હોય અને પેલામાં બહુ હોય. એટલું અહીં સિદ્ધ કરવું છે. નિમિત્તની મુખ્યતાથી આ વાત બતાવે છે. પણ ભાવ તો એનો એવો જ એ જાતનો હોય છે, ત્યારે એવું નિમિત્ત સામે હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ગાયના સ્તન ઉપર જે દૂધ રહેવાની થેલી છે તેને ઔધ કહે છે, તેમાંથી ઉત્પન્ન થયેલને ઔધસ્ય એટલે દૂધ કહે છે.'** લ્યો! **'એવો નિયમ છે કે જેવું કારણ હોય તેવું જ કાર્ય ઉત્પન્ન થાય છે.'** અહીંથી શરૂઆત એ કરી છે ને? ૧૨૦થી. **'જેમ દૂધમાં મીઠાશ ઓછી છે અને સાકરમાં મીઠાશ વધારે છે તેથી દૂધમાં પ્રીતિ ઓછી થાય છે અને સાકરમાં પ્રીતિ વધારે થાય છે.'**

મુમુક્ષુ :– નિમિત્તથી થાય છે, ચોખ્ખું અહીં તો સ્થાપ્યું.

www.vitragvani.com



ઉત્તર :– એ તો કહ્યું ને ભાઈ! અહીંથી ઉપાડ્યું. અહીં કીધું ને અહીંથી ઉપાડ્યું. મૂર્ચ્છા વિશેષણ વિશેષ:. બહારની ચીજની વિશેષતા એ મૂર્ચ્છા વિશેષ: (હોય), એમ વાત કરી છે. વ્યવહારમાં ફેર છે એમ એને બતાવવું છે. બાકી કાંઈ પરને લઈને પરિણામ થાતા હશે? એના ક્રમમાં પરિણામ આવવાના હોય તે આવે. ત્યારે સામે ફેરફારવાળા નિમિત્ત હોય છે, એ અપેક્ષાએ અહીં જરીક બતાવે છે.

છે, ભાઈ! જૈનદર્શન એવી ચીજ છે. 'જિન પ્રવચન દુર્ગમ્યતા થાકે અતિ મતિ માન, અવલંબન શ્રી સદ્‌ગુરુ સુગમ અને સુખખાણ.' એક કોર કહે, ત્રણ કાળમાં પોતાની પર્યાય ક્રમે થાય એનો ફેરફાર થાય નહિ. નિમિત્તની વિશેષતાએ ફેરફાર થાય નહિ. પરને લઈને થાય નહિ એ નિશ્ચય વાત છે. અને આ વાત સામે એવી ચીજ (છે), એવા અહીં પરિણામ થાય છે એમ અહીં થવાને યોગ્ય છે એમ ગણીને તેનાથી થાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'એવો નિયમ છે કે જેવું કારણ હોય તેવું જ કાર્ય ઉત્પન્ન થાય છે. જેમ દૂધમાં મીઠાશ ઓછી છે અને સાકરમાં મીઠાશ વધારે છે તેથી દૂધમાં પ્રીતિ ઓછી થાય છે અને સાકરમાં પ્રીતિ વધારે થાય છે.'**

## ગાથા–૧૨૩

ઉદાહરણ કહે છે :–

माधुर्यप्रीतिः किल दुग्धे मन्दैव मन्दमाधुर्ये।
सैवोत्कटमाधुर्ये खण्डे व्यपदिश्यते तीव्रा।।१२३।।

**અન્વયાર્થ :– [ किल ] નિશ્ચયથી [ मन्दमाधुर्ये ] ઓછી મીઠાશવાળા [ दुग्धे ] દૂધમાં [ माधुर्यप्रीतिः ] મીઠાશની રુચિ [ मन्दा ] થોડી [ एव ] જ [ व्यपदिश्यते ] કહેવામાં આવે છે અને [ सा एव ] તે જ મીઠાશની રુચિ [ उत्कटमाधुर्ये ] અત્યંત મીઠાશવાળી [ खण्डे ] સાકરમાં [ तीव्रा ] અધિક કહેવામાં આવે છે.**

**ટીકા :– 'किल मन्दमाधुर्ये दुग्धे माधुर्यप्रीतिः मंदा व्यपदिश्यते तथा सैव माधुर्यप्रीतिः उत्कटमाधुर्य खण्डे तीव्रा व्यपदिश्यते' - અર્થ :– નિશ્ચયથી થોડી મીઠાશવાળા દૂધમાં મિષ્ટરસની રુચિવાળા પુરુષને રુચિ બહુ થોડી હોય છે અને ઘણી મીઠાશવાળી સાકરમાં તે જ પુરુષને રુચિ ઘણી વધારે હોય છે.**

www.vitragvani.com



**ભાવાર્થ :– જેમ કોઈ મનુષ્ય મિષ્ટરસનો અભિલાષી છે તો તેની રુચિ દૂધમાં ઓછી હોય છે અને ખાંડમાં વધારે હોય છે; તેમ જે મનુષ્યને જેટલો પદાર્થોમાં મમત્વભાવ હશે તે પુરુષ તેટલો જ હિંસાનો ભાગીદાર થશે, વધારેનો નહિ. ભલે તેની પાસે તે પદાર્થો હાજર હોય કે ન હોય. અહીં કોઈ ઘણા આરંભ-પરિગ્રહ કરવાવાળો જીવ કહે કે અમને મમત્વભાવ નથી, પણ પરિગ્રહ ઘણો છે તો એમ બની શકે નહિ. કેમકે જો મમત્વભાવ નહોતો તો બાહ્ય પરિગ્રહ એકત્ર જ શા માટે કર્યો? અને જો બાહ્ય પરિગ્રહ હોવા છતાં પણ તે જો મમત્વનો ત્યાગી હોય તો તે આ બાહ્ય પદાર્થોને એક ક્ષણમાં છોડી શકે છે. માટે સિદ્ધ થયું કે મમત્વભાવ વિના બાહ્ય પદાર્થોનો સંગ્રહ થઈ શકતો નથી. જેમ જેમ આપણો મમત્વભાવ વધતો જાય છે તેમ તેમ આપણે બાહ્ય પદાર્થોનો સંગ્રહ પણ કરતા જઈએ છીએ. ભાવહિંસા વિના દ્રવ્યહિંસા બની શકે છે પણ મમત્વભાવ વિના બાહ્ય પદાર્થોનો સંગ્રહ થઈ શકતો નથી. ૧૨૩.**

---

'**ઉદાહરણ કહે છે :–**' લ્યો! વધારે દૃઢ કરે છે.

**माधुर्यप्रीतिः किल दुग्धे मन्दैव मन्दमाधुर्ये।**
**सैवोत्कटमाधुर्ये खण्डे व्यपदिश्यते तीव्रा।।१२३।।**

લ્યો! "**'किल' નિશ્ચયથી ઓછી મીઠાશવાળા દૂધમાં 'माधुर्यप्रीतिः' મીઠાશની રુચિ થોડી...**' જોયું? '**माधुर्यप्रीतिः मन्दा**' એમ શબ્દ છે. કારણ વિશેષ, કાર્ય વિશેષ બતાવવું છે ને અહીંયા?

મુમુક્ષુ :– એ કાર્ય છે.

ઉત્તર :– હા, એ કાર્ય. અહીં ભાવ, પેલું નિમિત્ત થયું કારણ. નિમિત્ત કારણ અને ઉપાદાન નૈમિત્તિક કાર્ય. વાત તો આમાં એવી ચોખ્ખી છે. હોય એમ લેવું જોઈએને? એ એના ભાવ બતાવે (છે). એના ભાવની એવી સ્થિતિ હોય ત્યારે એવું નિમિત્ત હોય છે. ચરણાનુયોગની વિધિ છે ને? આ ચરણાનુયોગનું શાસ્ત્ર છે એટલે હવે એ સ્થિતિથી બધી વાત ઉપાડી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આખી જિંદગી ગળપણ ન ખાય એમાં ફેર તો ખરો ને?

ઉત્તર :– ધૂળમાં પણ ફેર નથી. આખી જિંદગી ગળપણ ન ખાય એમાં ફેર છે કે નહિ? એમ કહે છે આ. મેં આ ખાધું નહિ, જડની ક્રિયા મેં કરી નહિ, કરતો હતો એ કરી નહિ એ માન્યતા જ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– તો મિથ્યાત્વની પેલી વાત એક બાજુ રાખો.

ઉત્તર :– થઈ રહ્યું. પણ મૂળ એ વાત લેને. પેલામાં શું ખાયને એમાં. એમાં કાંઈ (નહિ). રાગની જરી મંદતા હોય એની ગણતરી ઠીક. જો રાગ મંદ કર્યો હોય તો, હો!

www.vitragvani.com



છોડ્યુ હતું અને મંદ છે એમ કાંઈ નથી. ઓહો..! અભિપ્રાય અને અસ્થિરતા ઉપર આખો દોર છે. બાહ્ય ચીજો તો સંયોગો છે.

ખરેખર ઓછી મીઠાશવાળા દૂધમાં મીઠાશની પ્રીતિ થોડી. 'અમૃતચંદ્રાચાર્ય'નો પાઠ જ છે એમ બોલે છે, જુઓ! સમજાણું? '**જ 'व्यपदिश्यते' કહેવામાં આવે છે અને તે જ મીઠાશની રુચિ 'उत्कटमाधुर्ये'...**' એમ લેવું ને? માધુર્ય પ્રીતિ તે જ પ્રીતિ. '**'उत्कटमाधुर्ये' અત્યંત મીઠાશવાળી સાકરમાં 'तीव्रा' અધિક (રુચિ) કહેવામાં આવે છે.**'

**ટીકા :– 'किल मन्दमाधुर्ये दुग्धे माधुर्यप्रीतिः मंदा व्यपदिश्यते तथा सैव माधुर्यप्रीतिः'** એમ પાછું બન્ને ઠેકાણે લેવું છે ને? '**उत्कटमाधुर्य खण्डे**' પોતે મેળવીને વાત કરે છે પાછી. '**तीव्रा व्यपदिश्यते**' લ્યો! ઠીક. '**નિશ્ચયથી થોડી મીઠાશવાળા દૂધમાં મિષ્ટરસની રુચિવાળા પુરુષને...**' મિષ્ટરસની રુચિવાળા પુરુષને. સમજાણું? એને રુચિ છે. બીજાને તો કાંઈ ન મળે. ક્યાં ગયા બે? ચાલ્યા ગયા? 'જીતુ ને જ્યોતિ' ગયા? નિશાળે ગયા હશે. એક જણો કહે મને રસ ભાવે નહિ. કેરીનો રસ નહિ, ગળ્યો હોય તો નહિ, ખાટો હોય તો ભાવે. એકને ચુરમાના લાડવા ભાવે નહિ, ભજીયા હોય તો ભાવે. એ તમારે 'જીતુ'ને છે, નહિ? પરિણામની વિવિધતા છે ને. ખાટો રસ. તમારા 'દિલિપ'ને કાલે પૂછ્યું હતું. મીઠો રસ નથી ખાવો. ખાટો રસ હોય તો ભાવે, મીઠો ન ભાવે. કેરીનો મીઠો રસ હતો તેં ખાધો હતો? તો કહ્યું, ના. ભારે! છોકરા પણ જુદી-જુદી જાતના થાય છે. કેરીનો રસ મીઠો સારો ન લાગે એ તો કો'ક (એવું હોય). ચુરમાના લાડવા સારા ન લાગે, ભજીયા સારા લાગે. ભજીયા હોય, ફરસાણ હોય, ચુરમાના લાડવા નહિ. તમારે 'જીતુ'ને એમ છે, નહિ? કેળા અને શીખંડ હોય તો ભાવે. શીખંડમાં થોડું ગળ્યું અને ખાટું હોય તો ભેગું થાય ને. એકલું ગળ્યું નહિ. વિચિત્ર પ્રકારના પરિણામ છે એટલે અહીં શબ્દ ફેરવ્યો છે એમ મારું કહેવું છે. મિષ્ટરસની રુચિવાળો, એની ઉપર આ જરીક દાખલો આપ્યો. જેને મીઠા રસનો પ્રેમ ઘણો છે એને. જેને પ્રેમ નથી એને તો સાકર પણ ખાય તો એને કાંઈ નથી. એ તો કહે રોટલી લાવો, રોટલી. રોટલી અને શાક ખાઈશું. લાડવો નહિ, રસ નહિ.

મુમુક્ષુ :– એ તો રોટલી ને રસ ખાતા હોય એને .. લાડુ ખાનારને...

ઉત્તર :– પતરવેલીયા હોય એ ખાય એમાં વૃદ્ધિ વધારે હોય, લ્યો! એકને પેલામાં રસમાં રુચિ ઓછી હોય અને આને પતરવેલીયામાં વધારે. એને જે પ્રકારની રુચિ છે ને એ પ્રકારની વાત છે અહીં. એમ. કેટલાકને પતરવેલીયા બહુ ભાવે. સમજ્યા ને? એક જણો તો એક શાક જ એક શેર ખાય. ઘીસોડાનું શાક એક શેર કરીને એક શેર ખાય આખું.

મુમુક્ષુ :– રોટલી વગર એકલું?

ઉત્તર :– એકલું ખાય. રોટલી એક-બે ખાય. ઘણા ભજેલા હોય ને. એકલું બધું શાક. તમે એકલા છો ને, આટલું બધું શાક કેમ? કહે હું એટલું શાક ખાઈ જાઉ છું. 'ગીરધર'

www.vitragvani.com



વાણિયો હતો ને આ? 'બોટાદ'. છોકરો પૈસાવાળો થયો ને! દસ લાખ. ઘણા લાખ. સવા-દોઢ લાખ તો પેદાશ છે. ઘણા આ તો જોયેલા ને. ઘરે એકલા હોય. આટલું શાક ખા છો? એને કાંઈ ખબર ન હોય કે અમે વ્હોરવા આવવાના છીએ. અમારું તો અજાણ્યું ખાતું હોય ને. અમારે માટે કર્યું એ પ્રશ્ન નહોતો. આટલું બધું કેમ આ? હું શાક જાજુ ખાવ છું. રોટલી એકાદિ ખાઉં, બાકી શાક. કેટલાકને એ રસ હોય. એમાં ગૃદ્ધિ ઘણી હોય. કેટલાકને શાકમાં ઓછી રુચિ હોય એ રોટલી સાથે શાક થોડું ઘણું ખાય. એની પ્રીતિ, રુચિ અહીં ફેર છે ને? મિષ્ટરસની રુચિવાળો, એમ ખાટારસની રુચિવાળો. સમજાય છે ને? એ બધો રસ છે કે નહિ? ખાટો રસ, મીઠો રસ, સમજ્યા ને? તૂરો રસ, કડવો રસ, પેલો તીખો રસ.

મુમુક્ષુ :– અમને બધું લાગુ પડે ને.

ઉત્તર :– આ તો બધી દુનિયાને લાગું પડે છે. આ દુનિયાને માટે કહેવાય છે ને કે, ભાઈ! આ પરિગ્રહ એ મમતા છે, એ મમતાના જેવા બહારથી જેના પ્રમાણમાં એને મમતા (છે). એની ગૃદ્ધિનો વિષય કેટલો હોય એ પ્રમાણે એની ગૃદ્ધિ થાય છે.

મુમુક્ષુ :– અનાજ ... સ્થિતિ થાય તો તરત છોડી દે.

ઉત્તર :– હા ન ખાય. લાડવો જ એકલો ખાય. ચોખા-દાળ શું કરવા ખાય? શું કરવા પણ? આમાં શું ખાવું હતું? ઘરે દાળ, ભાત, રોટલી હંમેશા મળતા હોય. સમજ્યા ને? ચુરમું કો'ક દિ' મળતું હોય. ન્યાં એકલું ચુરમું જ ખાય. દાળ, ભાત, શાક ખાય નહિ. એક જણો એમ કહેતો. હું ત્યાં ત્રણ લાડવા ચડાઉં. દાળ, ભાત અડીએ પણ નહિ. શાકને પણ અડીએ નહિ. ત્રણ લાડવા. અધશેર, અધશેરના દોઢ શેર. પાણી પી લે. ઘણા પ્રકારના માણસો પાક્યા હોય છે ને! દાળ વિના? એ તો એકદમ ઉતરી જાય. ફડાક.. ફડાક. તમારે આ 'પોપટભાઈ', નહિ? 'પોપટભાઈ' લાડવાને જ અડે, શાક, દાળ ખાય નહિ. 'પોપટલાલ' નહિ આપણા? 'વઢવાણ'વાળા. સંત કહે છે એ. બે .. મોટા. ખાવાની બાધા લઈ લે તો લે ને તોડી નાખે તો પછી એકલા લાડવા જ ખાય. એ એવી વાત છે.

અહીં કહે છે **'મિષ્ટરસની રુચિવાળા,...'** મીઠારસની રુચિવાળો. એમ. અહીં વધારે વજન અહીં છે જુઓ! ચિહ્ન કર્યું છે ન્યાં. **'પુરુષને રુચિ બહુ થોડી હોય છે...'** સમજાણું? **'નિશ્ચયથી થોડી મીઠાશવાળા દૂધમાં મિષ્ટરસની રુચિવાળા પુરુષને રુચિ બહુ થોડી હોય છે અને ઘણી મીઠાશવાળી સાકરમાં તે જ પુરુષને રુચિ ઘણી વધારે હોય છે.'** આ ભાવમાં ફેર જરીક મીઠાશ આમ થઈને એને થાય છે એટલું બતાવવું છે, હોં! એને લઈને થાય છે એમ નથી પણ એ એવું છે એટલે એને ભાવ જ એવો થાય છે. રુચિ છે ને મીઠાશની?

**'જેમ કોઈ મનુષ્ય મિષ્ટરસનો અભિલાષી છે...'** જુઓ! ભાષા. આહાહા! **'તો તેની રુચિ દૂધમાં ઓછી હોય છે અને ખાંડમાં વધારે હોય છે;...'** મીઠાશની પ્રીતિવાળાની અપેક્ષાએ

વાત કરે છે. **'તેમ જે મનુષ્યને જેટલો પદાર્થમાં મમત્વભાવ હશે તે પુરુષ તેટલો જ હિંસાનો ભાગીદાર થશે,...'** લ્યો! બરાબર છે. **'વધારેનો નહિ.'** વધારે નહિ, જેટલો ભાવ થશે એટલો થશે. **'ભલે તેની પાસે તે પદાર્થો હાજર હોય કે ન હોય.'** લ્યો! ત્યાં એમ લીધું. સમજ્યા ને? હાજર હોય કે ન હોય ભાવના પ્રમાણમાં (બંધ છે). **'અહીં કોઈ ઘણા આરંભ-પરિગ્રહ કરવાવાળો જીવ કહે કે અમને મમત્વભાવ નથી, પણ પરિગ્રહ ઘણો છે તો એમ બની શકે નહિ.'** ઘણો પરિગ્રહ છે એના પ્રમાણનો મમતા છે. મિથ્યાત્વને ... જાજો ભાવ છે, જાજી રુચિ રાખે છે, સંગ્રહવાનો ભાવ છે ને જાજો? તો જાજી મમતા છે.

**'કેમકે જો મમત્વભાવ નહોતો તો બાહ્ય પરિગ્રહ એકત્ર જ શા માટે કર્યો?'** સમજ્યા ને? એટલે કે પેલો નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવવો છે. સમજાણું? **'અને જો બાહ્ય પરિગ્રહ હોવા છતાં પણ તે જો મમત્વનો ત્યાગી હોય તો તે આ બાહ્ય પદાર્થોને એક ક્ષણમાં છોડી શકે છે. માટે સિદ્ધ થયું કે મમત્વભાવ વિના બાહ્ય પદાર્થોનો સંગ્રહ થઈ શકતો નથી.'** રાખી શકતો નથી એમ કહેવું છે, સંગ્રહ એટલે. મમત્વ વિના વસ્તુને રાખી શકતો નથી.

**'જેમ જેમ આપણો મમત્વભાવ વધતો જાય છે તેમ તેમ આપણે બાહ્ય પદાર્થોનો સંગ્રહ પણ કરતા જઈએ છીએ. ભાવહિંસા વિના દ્રવ્યહિંસા બની શકે છે...'** ભાવહિંસા વિના પર પ્રાણી મરે છે. **'પણ મમત્વભાવ વિના બાહ્ય પદાર્થોનો સંગ્રહ થઈ શકતો નથી.'** એમ અહીં સિદ્ધ કરવું છે. બાહ્ય હિંસા થાય અને ભાવ ન હોય. પણ જેને પરિગ્રહ હોય અને મમતા ન હોય એમ બને નહિ. એ તો 'અમૃતચંદ્રાચાર્ય'એ 'પ્રવચનસાર'માં કીધું ને? વસ્ત્રથી તો પરિગ્રહ છે જ. પેલો તો મારવાનો ભાવ ન હોય અને મરે પણ ખરો. પણ કોઈ કહે વસ્ત્ર રાખે છે અને મમતા નથી, એમ બની શકે નહિ. એટલો ફેર પાડવો છે. સમજાણું?

**'મમત્વભાવ વિના બાહ્ય પદાર્થોનો સંગ્રહ થઈ શકતો નથી.'** પેલા કહે, વસ્ત્ર, પાત્ર અમે રાખીએ છીએ, અમારે મૂર્ચ્છા નથી, આસક્તિ છે નહિ. એ વાત ખોટી છે એમ અહીં સિદ્ધ કરવું છે. એટલા મમત્વભાવ વિના બની શકે નહિ. તેથી તેને મુનિપણુ હોય શકે નહિ એમ સિદ્ધ કરવું છે. હવે પરિગ્રહ ત્યાગવાનો ઉપાય કહેશે, લ્યો!

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## ગાથા–૧૨૪

પરિગ્રહ ત્યાગવાનો ઉપાય

तत्त्वार्थश्रद्धाने निर्युक्तं प्रथममेव मिथ्यात्वम्।
सम्यग्दर्शनचौराः प्रथमकषायाश्च चत्वारः।।१२४।।

અન્વયાર્થ :– [ प्रथमम् ] પહેલાં [ एव ] જ [ तत्त्वार्थश्रद्धाने ] [1]તત્ત્વાર્થના અશ્રદ્ધાનમાં જેને [ निर्युक्तं ] સંયુક્ત કર્યા છે એવા [ मिथ्यात्वं ] [2]મિથ્યાત્વ [ च ] અને [ सम्यग्दर्शनचौराः ] સમ્યગ્દર્શનના ચોર [ चत्वारः ] ચાર [ प्रथमकषायाः ] પહેલાં કષાય અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ છે.

ટીકા :– 'प्रथमं तत्त्वार्थाश्रद्धाने मिथ्यात्वं निर्युक्तं-एवं मिथ्यात्वं च चत्वारः प्रथम कषायाः सम्यग्दर्शनचौराः सन्ति' - અર્થ :– પહેલાં તત્ત્વાર્થના મિથ્યાશ્રદ્ધાનમાં સંયુક્ત કર્યા છે અર્થાત્ પહેલો મિથ્યાત્વ નામનો અંતરંગ પરિગ્રહ છે અને પહેલી ચોકડી અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ એ ચાર છે. આ રીતે સમ્યગ્દર્શનના એ પાંચ ચોર છે. જ્યાં સુધી એનો નાશ થતો નથી ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી.

ભાવાર્થ :– અહીં એમ બતાવે છે કે આ અંતરંગ ચૌદ પ્રકારના પરિગ્રહોનો કેવી રીતે ત્યાગ કરવો જોઈએ. પહેલા જ્યારે શ્રાવક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચોકડીનો નાશ કરે છે. અનાદિ મિથ્યાદષ્ટિની અપેક્ષાએ પાંચનો નાશ થાય છે અને સાદિ (મિથ્યાદષ્ટિ)ની અપેક્ષાએ સાતનો નાશ થાય છે. આ બે ભેદ અંતરંગ પરિગ્રહન થયા. ૧૨૪.

---

**પ્રવચન નં. ૫૩ ગાથા–૧૨૪ થી ૧૨૫ સોમવાર, જ્યેષ્ઠ વદ ૧૨, તા.૦૪-૦૭-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય', ૧૨૪ ગાથા ચાલે છે. ૧૨૩ પૂરી થઈ. હવે આભ્યંતર પરિગ્રહ ત્યાગવાનો ઉપાય કહે છે. એક તો બે પ્રકારના પરિગ્રહ કહ્યા ને? આભ્યંતર અને બાહ્ય.

---

૧. જેમ હિંસાના પ્રકરણમાં કહેવામાં આવ્યું છે કે કોઈ પુરુષથી જો બાહ્ય હિંસા થઈ જાય અને તેના પરિણામ તે હિંસા કરવાના ન હોય – શુદ્ધ હોય, તો તે હિંસાનો ભાગીદાર થતો નથી. ૨. મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિમિથ્યાત્વ.

www.vitragvani.com



એમાં આભ્યંતર પરિગ્રહના ત્યાગનો ઉપાય, એનો ક્રમ શું? એ વાત કરે છે.

**तत्त्वार्थश्रद्धाने निर्युक्तं प्रथममेव मिथ्यात्वम्।**
**सम्यग्दर्शनचौराः प्रथमकषायाश्च चत्वारः।।१२४।।**

**'પહેલા જ તત્ત્વાર્થના અશ્રદ્ધાનમાં જેને સંયુક્ત કર્યા છે એવા મિથ્યાત્વ (ભાવ)...'** સમજાણું? આ ભાવની વાત છે. આભ્યંતરની વાત છે ને? પેલાએ વળી લખ્યું છે, દ્રવ્યકર્મ. આ 'મખનલાલજી'એ. જ્યાં આવું કાંઈક આવે ને ત્યાં દ્રવ્યકર્મ (લખે). પણ અહીં તો ચોખ્ખી વાત (કરી છે). **'तत्त्वार्थश्रद्धाने निर्युक्तं'** ... છે. કોણે? દર્શનમોહે. પણ એ અહીં ક્યાં છે? પણ અહીં આભ્યંતર પરિગ્રહની વાત છે. તો કાંઈ રજકણ કર્મ એ કાંઈ આભ્યંતર પરિગ્રહ નથી. એનો ભાવ જે છે (એની વાત છે). જુઓ! આ પહેલામાં મુદ્દાની રકમ.

મિથ્યાત્વ એ પહેલો પરિગ્રહ છે. આભ્યંતર પરિગ્રહના ચૌદ ભેદમાં પહેલો આ (ભેદ છે). પછી બાહ્યમાં સચેત-અચેતના બાહ્યમાં બે ભેદ છે. પહેલો આ પરિગ્રહનો ત્યાગ જોઈએ. ક્યાં ગયા? નથી આવ્યા? 'દીપચંદજી' નથી આવ્યા. સમજાણું? પહેલા જ, પહેલો શબ્દ પડ્યો છે, પ્રથમ. પહેલામાં પહેલો મિથ્યાત્વ પરિગ્રહનો ત્યાગ થવો જોઈએ. એ વિના કોઈ પણ પરિગ્રહનો ત્યાગ અસ્થિરતાનો કે બાહ્યનો ત્યાગ નિમિત્તપણે પણ એને હોય શકે નહિ. કહો, આ મુદ્દાની રકમની વાત છે.

મુમુક્ષુ :– ત્યાગની વાત આવી ને?

ઉત્તર :– ત્યાગની વાત છે, પણ શેનો ત્યાગ? આભ્યંતર ત્યાગની વાત છે ને આ? બાહ્ય ત્યાગની પછી લેશે, ૧૨૭. ૧૨૪-૨૫-૨૬ ત્રણે આભ્યંતર પરિગ્રહના ત્યાગની વાત છે. તત્ત્વાર્થ અશ્રદ્ધાનમાં જેને સહિત કર્યા છે, એવો જે મિથ્યાત્વભાવ, મિથ્યાત્વભાવ. જ્ઞાયક સ્વરૂપ અનુભૂતિ–આત્માની અનુભૂતિ, એના વિરોધનો જે મિથ્યાત્વભાવ, એ જ પહેલો પરિગ્રહ છે. કહો, સમજાણું? આ પરિગ્રહ ત્યાગની વાત કરે છે ને? પરિગ્રહ છોડો... પરિગ્રહ છોડો. પરિગ્રહ ક્યો છોડવો? પહેલા ક્યો? એમ શબ્દ પડ્યો છે ને? જુઓને! **''प्रथमम्' પહેલા જ...'** એમ છે ને? **'प्रथमम् एव'** એમ છે ને? પહેલા જ, 'જ' વજન છે. લ્યો, આવ્યા હવે. કેમ મોડું થાય છે? એટલી બધી વાર લાગે છે? ૬ વાગે દિવસ ઉગે અને ૮ ને ૫ થઈ ગઈ. આટલું બધું કેમ મોડું થયું? સ્નાનમાં જાવ છો? આ વાત આવી પહેલો પરિગ્રહ ક્યો છોડવો તેની વાત ચાલે છે. પહેલા લુગડા છોડવા એમ નહિ.

મુમુક્ષુ :– એ લુગડા તો ભેગા જ છૂટી જાય ને?

ઉત્તર :– છૂટ્યા. પહેલો પરિગ્રહ તત્ત્વાર્થ અશ્રદ્ધાન, તત્ત્વાર્થ અશ્રદ્ધાન. ખરેખર તો આત્માની જે અનુભૂતિ છે, એ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. એની અશ્રદ્ધા, એનાથી વિપરીત મિથ્યાત્વભાવ. કહો, સમજાય છે કાંઈ? રાગાદિનો વિકલ્પ જે છે, એ હું. એ ૧૪મી ગાથામાં

આવી ગયું છે ને? એમના પોતામાં જ આવી ગયું. કર્મના નિમિત્તથી થયેલો ભાવ તેના રહિત હોવા છતાં સહિત માનવો તે મિથ્યાત્વભાવ છે. એ પહેલા ૧૪મી ગાથામાં આવી ગયું, સંસારનું બીજ. ૧૪મી, ૧૪મી. ઘણીવાર ત્યાં બહાર પણ વાંચનમાં કહી હતી. ન્યાં ઘણે ઠેકાણે કહી હતી. વચમાં પંડિતો હોય ને.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

તે સંસારનું બીજ મિથ્યાત્વ છે. અહીં તો તત્ત્વાર્થ અશ્રદ્ધાન કોને કહેવું? કે આત્મા કર્મ, શરીર અને કર્મથી ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ–દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભ-અશુભ, એ ભાવથી રહિત છે, છતાં સહિત માનવો એ મિથ્યાત્વ સંસારનું બીજ છે. કહો, સમજાણું કાંઈ? આ અધર્મની શરૂઆત અને એનો અભાવ તે ધર્મની શરૂઆત. એ તત્ત્વાર્થ શ્રદ્ધાન તે ધર્મની શરૂઆત, અને તત્ત્વાર્થ અશ્રદ્ધાન તે અધર્મની, પરિગ્રહની પહેલી શરૂઆત. પહેલામાં પહેલો પરિગ્રહ એ છે, કે જે વસ્તુમાં નથી એવો શુભ-અશુભ વિકલ્પ શરીર, કર્મ અને સંયોગ, એનાથી આત્મતત્ત્વ રહિત છે. રહિત છે છતાં સહિત, સહિત માનવો એ તત્ત્વાર્થ અશ્રદ્ધાન છે. તત્ત્વાર્થ અશ્રદ્ધાન એ મિથ્યાત્વ પરિગ્રહ પહેલામાં પહેલો પરિગ્રહ એ છે. કહો, સમજાણું કાંઈ? સમજાય છે? છે એમાં? શું કહ્યું? ભગવાન જાણે શું કહે છે. આ તો મુદ્દાની ગાથા છે.

પરિગ્રહના બે પ્રકાર વર્ણવ્યા એમાં અપરિગ્રહ વ્રતની વ્યાખ્યા ચાલે છે. પાંચમા વ્રતની. એમાં પરિગ્રહ બે પ્રકારનો–આભ્યંતર અને બાહ્ય. આભ્યંતરના ચૌદ પ્રકાર, બાહ્યના સચેત-અચેત બે પ્રકાર. હવે બેમાં વ્રતધારીએ પહેલો ક્યા પરિગ્રહનો ત્યાગ કરવો? જેને વ્રત ધારણ કરવા છે, એણે પહેલા ક્યા પરિગ્રહનો ત્યાગ કરવો?

મુમુક્ષુ :– જે જાણી-દેખી શકાય એનો કરવો.

ઉત્તર :– આ જાણી-દેખી શકાતું નથી એને તત્ત્વની વિપરીત માન્યતા? ભગવાનઆત્મા જ્ઞાયક સ્વરૂપ ચૈતન્યબિંબ...

મુમુક્ષુ :– એ તો કેવળજ્ઞાન થાય ત્યારે દેખાય.

ઉત્તર :– અરે..! કેવળજ્ઞાનની વાત અહીં ક્યાં? કેવળજ્ઞાનની તો ક્યાંય રહી ગઈ. એને સંશય છે કે, આ આમ હશે, તેમ હશે, ફલાણું હશે, અજ્ઞાન છે તે અજ્ઞાન છે. ત્યાં મિથ્યાત્વ છે જ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવે છે ને પણ પંચાધ્યાયીમાં?

ઉત્તર :– 'પંચાધ્યાય'માં શું આવે છે?

મુમુક્ષુ :– કેવળજ્ઞાનમાં..

ઉત્તર :– એ બીજી વાત છે. એ તો પ્રત્યક્ષ એકે એક પર્યાયના અંશોની વાત છે.

www.vitragvani.com



અનુમાનથી પોતાનો જે ભાવ છે...

મુમુક્ષુ :– કેવળી જાણી શકે.

ઉત્તર :– એમ હોય? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન જાણે.

મુમુક્ષુ :– .... બધું લખ્યું છે.

ઉત્તર :– એ લખ્યું છે એ બધી અપેક્ષાની વાત છે. મતિશ્રુત જ્ઞાન જાણે છે. ક્ષણે-ક્ષણે એક એક શ્લોકમાં આવે છે. પોતાની અનુભૂતિ થાય એને પોતાને ખબર ન પડે? અનુભૂતિ આત્મા...

મુમુક્ષુ :– ખબર પડે પણ ક્યારે પડે? કેવળજ્ઞાન થાય...

ઉત્તર :– અરે..! અહીં અનુભૂતિને કાળે પડે કે વળી પછી (ખબર પડે)? કહો, સાકરનો સ્વાદ આવતો હશે તો સાકરનો સ્વાદ અત્યારે ખ્યાલ આવે કે પછી સાકર આમ નજરે પડે તે દિ'? આંધળો સાકર ખાય અને સ્વાદ આવે, એ સાકર નજરે દેખે તે દિ' એને સ્વાદ આવે?

મુમુક્ષુ :– એ ભૌતિક દાખલો ધર્મના કામમાં કામ ન આવે.

ઉત્તર :– દાખલો આપ્યો છે ને! પાઠમાં આપ્યો છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં દાખલો આપ્યો છે. આંધળો સાકર ખાય અને દેખતો સાકર ખાય, સ્વાદમાં કાંઈ ફેર નથી. દેખી શકવાનો ફેર છે. નીચે પૂર્ણ આ અસંખ્યપ્રદેશ અને એક એક પ્રદેશે અનંતાગુણો અને એની અનંતીપર્યાય, એના અનંત અવિભાગ પ્રતિચ્છેદ એ નીચે ન જણાય. સમજાણું કાંઈ?

કહે છે, પહેલામાં પહેલો વ્રતધારીએ, વ્રત કરનાર હોય તો એણે પહેલો તત્ત્વાર્થની અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વથી સહિત થયેલો ભાવ છે, તે પહેલામાં પહેલો આભ્યંતર પરિગ્રહ છે. છે ને? પહેલા જ તત્ત્વાર્થના અશ્રદ્ધાનમાં. જેને નિર્યુક્ત કર્યો છે એવો મિથ્યાત્વભાવ, આ તો મિથ્યાત્વભાવની વાત છે. આ મિથ્યાત્વ કર્મની વાત પણ ક્યાં છે?

મુમુક્ષુ :– મિથ્યાત્વ લખ્યું છે, ભાવ નથી લખ્યું.

ઉત્તર :– મિથ્યાત્વ શું થયું? મિથ્યાત્વપણું, કર્મપણું એ મિથ્યાત્વપણું છે. નિર્યુક્ત, સંયુક્ત ગયો છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન, છે એનાથી વિરુદ્ધ અશ્રદ્ધાન મિથ્યાત્વભાવે સહિત કર્યો છે. મિથ્યાત્વભાવે તત્ત્વાર્થના અશ્રદ્ધાન સહિત કર્યો છે. સમજાણું? વસ્તુ દ્રવ્યસ્વભાવ, ભલે એને નવતત્ત્વ, સાતતત્ત્વની શ્રદ્ધામાં મુકે, તોપણ આત્મા એ આસ્રવના વિકલ્પથી શરીર, કર્મથી રહિત છે, એને સહિત માનવો, રહિત માન્યો એમાં એ પછી પેલા આસ્રવ આદિ જીવમાં નથી એવું જ્ઞાન થતાં એની શ્રદ્ધા પણ એમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવો પરિગ્રહ છોડવાનું શું કારણ?

ઉત્તર :– આ પરિગ્રહ છૂટ્યા વિના બીજો અસ્થિરતાનો રાગ નહિ છૂટે અને નિમિત્ત છૂટ્યું એમ પણ એને અસદ્‌ભૂત લાગુ પડશે નહિ. ભાઈએ નીચે ફૂટનોટમાં ખુલાસો કર્યો

www.vitragvani.com



છે ને. ફૂટનોટમાં પેલી કોર કર્યો છે. આમાં જ છે. ના, ના પેલી કોર છે, ૧૦૦ પાને. તત્ત્વ નિવૃત્તિરૂપ છે તેમાંથી. ત્યાગરૂપ છે ને એમાંથી લેવું. તત્ત્વનિવૃત્તિ અને નિવૃત્તિ. પોતે આત્મા નિવૃત્ત સ્વરૂપ જ છે. વિકલ્પ શરીર, કર્મ આદિથી નિવૃત્ત સ્વરૂપ જ છે. એ તો ૧૪મી ગાથામાં આવ્યું ને? એ તત્ત્વ જ નિવૃત્ત સ્વરૂપ છે. એથી પછી ખુલાસો કર્યો છે ને? મોક્ષ પણ નિવૃત્તિ સ્વરૂપ છે, એમ લખ્યું છે ને એમાં. પેલામાં છે. મોક્ષને નિવૃત્તિ કહે છે ને? નિવૃત્તિ નામ પણ મોક્ષનું જ છે. એમાં છે એમાં. ૧૨૮ ગાથાના અર્થમાં. જુઓ! આ તો મૂળ વાત છે ને એટલે જરી એને ઝીણી પડે. આ મોક્ષ છે એ નિવૃત્ત સ્વરૂપ છે. નિવૃત્તિને જ મોક્ષ કહે છે. અને આ આત્મા નિવૃત્ત સ્વરૂપ છે. નિવૃત્ત એટલે શરીર, કર્મ અને પુણ્ય-પાપનો જે વિકલ્પ આસ્રવ, એનાથી રહિત તત્ત્વ છે. એનાથી રહિત તત્ત્વનું રહિતપણાનો અંતર અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન છે. એનાથી વિરુદ્ધ રહિતને સહિત માનવો એ તત્ત્વાર્થ અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વભાવ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પહેલું છૂટ્યા વિના બીજું છૂટે જ નહિ.

ઉત્તર :– મિથ્યાત્વ પરિગ્રહ છૂટ્યા વિના અસ્થિરતાનો પરિગ્રહ છૂટે નહિ અને બાહ્યનો પરિગ્રહ એણે છોડ્યો એવું અસદ્‌ભૂત વ્યવહારનું વચન પણ એને લાગુ પડતું નથી. બાહ્યનો તો ત્યાગ કર્યો, જેટલો વસ્ત્ર, પાત્ર છોડ્યા અને આ છોડ્યું એટલો ત્યાગ (ખરો કે નહિ)? કહે, ના ના. એવું છોડ્યું એ પણ અસદ્‌ભૂતનયનું વચન (છે). કારણ કે, આત્માએ છોડ્યું નથી, આત્માએ ગ્રહ્યું નથી. ફક્ત રાગ છૂટતા તેનું લક્ષ છૂટ્યું ત્યારે એ છોડ્યું એમ અસદ્‌ભૂત વ્યવહારનયે, જૂઠા વ્યવહારનયે કહેવામાં આવે છે. સમજાણું?

અહીં કહે છે પહેલાં, શબ્દ તો પહેલાં પડ્યો છે એમાં, જુઓ! સમજાણું? '**प्रथममेव मिथ्यात्वम्**' પહેલાં જ મિથ્યાત્વ. કહો, કેવો છે મિથ્યાત્વ? કે, '**तत्त्वार्थश्रद्धाने निर्युक्तं**' તત્ત્વાર્થની અશ્રદ્ધા સાથે જેનું જોડાણ છે, એ મિથ્યાત્વનું જ જોડાણ. એટલે એ તત્ત્વાર્થ અશ્રદ્ધાન છે. એકલો જ્ઞાયક ભગવાન, એને કાંઈપણ રાગની ક્રિયાવાળો, દેહની ક્રિયાવાળો, કર્મવાળો, કંઈપણ એનો સ્વીકાર કરવો, માનવું એ તત્ત્વાર્થ અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વથી સંયુક્ત છે. એ સમ્યગ્દર્શનનો ચોર છે, અનુભૂતિનો એ ચોર છે. સમજાણું? અનુભૂતિ જ્ઞાનની પર્યાય. પણ અહીં સમ્યગ્દર્શનનો ચોર એમ કહ્યું છે ને? આ ચોરા શબ્દ વાપર્યો છે. સંસ્કૃતમાં પણ વપરાતો હશે? નહિતર પેલામાં '**दस्यु**' શબ્દ આવે છે નહિ? 'પ્રવચનસાર' છે ને? ભાઈ! પ્રમાદ ચોર લૂંટે નહિ, હું સાવધાન છું. એ પ્રમાદ પણ એ અસ્થિરતાની વાત છે. પ્રમાદરૂપી ચોર મારી સંપદા ન ચોરી જાય, શુદ્ધઉપયોગ ન ખસી જાય એ માટે હું સાવધાન છું, એમ ત્યાં કહ્યું છે. શુદ્ધઉપયોગરૂપી મારું ચારિત્ર ધન એને પ્રમાદરૂપી ચોર ન ચોરી જાય માટે હું સાવધાન છું. એમ કહ્યું છે. ૮૧ ગાથા, ૮૧. ૮૦માં તો સમ્યગ્દર્શનની વાત કરી અને પછી ૮૧માં આ વાત કરી. ૮૨માં પછી પૂર્ણની વાત (કરી). પરમાત્માએ આ જ માર્ગ કહ્યો છે અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાને ઉપદેશ પણ એ જ રીતે કર્યો છે. બહુ સરસ વાત, બહુ વાત.

મુમુક્ષુ :– અમે પણ એમ જ માનીએ છીએ.

ઉત્તર :– એમ જ છે ને. આમ છે ને અમે એક કૃત્ય કૃત્ય કરીએ છીએ, એ જ માર્ગે અમે છીએ. આહાહા! ખબર પડ્યા વિના આમ કર્યું? અમે એ માર્ગે છીએ. ભગવાન જાણતા હશે એમ હશે ન્યાં.

અહીં તો કહે છે કે, '**તત્ત્વાર્થના અશ્રદ્ધાનમાં...**' એટલે સાતે તત્ત્વો. સમજાણું? કર્મથી રાગ થાય અને રાગથી શુદ્ધતા ને લાભ થાય, એ બધા તત્ત્વાર્થ અશ્રદ્ધાન મિથ્યાત્વભાવ છે. એવો જે તત્ત્વાર્થ અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ, તે સમ્યગ્દર્શનનો ચોર છે. તત્ત્વાર્થ અશ્રદ્ધાન સહિત એ ભાવ છે, એટલે મિથ્યાત્વભાવ છે. '**અને સમ્યગ્દર્શનના ચોર...**' લ્યો! સમ્યગ્દર્શનનો એ ચોર છે. એટલે કે ઉત્પત્તિ ન થવા દે એનું નામ અહીં ચોર કહેવામાં આવ્યું છે. એણે સમ્યગ્દર્શન લૂંટ્યું છે. લુંટતી એ પણ ચોરના અર્થમાં હશે કે નહિ? લુંટતી નહિ? એ 'પ્રવચનસાર'માં આવે છે. ૮૧.

'**दस्युरिति जागर्ति**' ચોર. '**अथैवं प्राप्तचिन्तामणेरपि मे प्रमादो दस्युरिति जागर्ति**' પછી ૮૧ની ટીકા છે ને? '**पुनरपि तावनुवर्तते तदा प्रमादतन्त्रतया लुण्ठित**' લુંટ ન આવે એમ લખ્યું છે. મૂળમાં ચોર શબ્દ વાપર્યો છે અને પછી ટીકામાં આમ વાપર્યો. '**प्रमादतन्त्रतया लुण्ठितशुद्धात्मतत्त्वो-पलम्भचिन्तारत्न**' સમજ્યા ને ? ચિંતામણિ રત્ન એમ લેવું છે. એટલે ચિંતા શબ્દ વાપર્યો છે અને ચિંતામણિ રત્ન. એમ. સમજ્યા ને? એટલો શબ્દ વાપર્યો, ચિંતા રત્ન. સમજ્યા ને? '**શુદ્ધાત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જવાથી અંતરમાં ખેદ પામે છે.**' જુઓ! ચોરાઈ જવાથી છે ને એ? '**लुण्ठित**'નો અર્થ છે ને? '**लुण्ठित**'. સમજાણું?

જુઓ! આ પણ 'અમૃતચંદ્રાચાર્ય'નો શ્લોક છે, એ 'અમૃતચંદ્રાચાર્ય'ની ૮૧મી ગાથાની જ્ઞાન અધિકારની ટીકા છે ત્યાં. કહે છે કે, ભાઈ! વસ્તુ જે છે શુદ્ધઆનંદ અને શુદ્ધ જ્ઞાનની મૂર્તિ (વસ્તુ છે). એમાં એને દુઃખવાળો માનવો એ પણ તત્ત્વાર્થ અશ્રદ્ધાન છે. સમજાણું કાંઈ? કારણ કે દુઃખ છે એ પણ કર્મ સહિતનો આસ્રવભાવ છે. એ દુઃખ સહિત આત્મા છે એમ માનવું એ તત્ત્વાર્થ અશ્રદ્ધાન છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આ તો દીકરા સહિત છે એ ઉડી ગયું, પૈસા સહિત ઉડી ગયું. કે દિ' આવશે? શ્રદ્ધામાં દીકરા સહિતપણું. ઓહો..! છ ખંડના રાજ (છે ને)? ના. હું તો રાગરહિત આત્મા છું ને, હું તો દુઃખરહિત આત્મા છું ને. આહાહા! કારણ કે, રાગ અને દુઃખ તત્ત્વ તો આસ્રવતત્ત્વ છે. સમજાણું? રાગ કહો કે દુઃખ કહો, એ તો આસ્રવતત્ત્વ છે. એ તત્ત્વથી રહિત આત્મા છે. એને એનાથી સહિત માનવો એ તત્ત્વાર્થ અશ્રદ્ધાન છે. આહાહા! વ્યાખ્યા તે.. વ્યાખ્યા! કળા તે કળા, એમની કહેવાની રીત. કોઈ ગજબની રીત (છે)!

કર્મ રહિત હોવા છતાં સહિત માનવો. કર્મ અને કર્મના ભાવથી રહિત હોવા છતાં

www.vitragvani.com



સહિત માનવો. એનો અર્થ કે ભગવાનઆત્મા જ્ઞાનસહિત, આનંદસહિત, શાંતિસહિત એવો જે આત્મા, એવા તત્ત્વની શ્રદ્ધાન, અનુભૂતિ, એની પ્રતીત એ સમ્યગ્દર્શન. એનો લૂંટારો મિથ્યાત્વભાવ, કે જે ભાવ રાગ અને દુ:ખ રહિત તત્ત્વને એના સહિત મનાવે એ મિથ્યાત્વભાવ, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવા ન દે, એ અપેક્ષાએ એને સમ્યગ્દર્શનનો ચોર કહેવામાં આવે છે. ઓહો..હો..! કહો, સમજાણું કાંઈ?

તો પછી રાખે શું કરવા આ બધું? આસ્રવ તો એને કહીએ કે, જે આસ્રવથી નિવૃત્ત્યો છે કે નથી નિવૃત્ત્યો? કે, નથી નિવૃત્ર્યો. તો નથી નિવૃત્ત્યો તો રાગ સાથે અભેદ થઈ ગયો. નિવૃત્ત્યો છે. આસ્રવથી નિવૃત્ત્યો છે તો ભેદજ્ઞાન બરાબર થયું કહેવાય. આવે છે ને? આસ્રવથી નિવૃત્તે તો બાહ્યથી નિવૃત્તે ત્યારે આસ્રવથી નિવૃત્તેને? બાહ્ય બાયડી, છોકરા, કુટુંબ બધું છોડે ત્યારે આસ્રવથી નિવૃત્તે કહેવાય કે તે વિના આસ્ત્રવથી નિવર્ત્યો કહેવાય? નહિ? 'પોપટભાઈ'! અંદરના પરિણામના ઉપર એનો અભિપ્રાય છે, કે અભિપ્રાય તેનાથી ખસીને દ્રવ્ય સ્વભાવ ઉપર આવ્યો છે? એમ છે.

અભિપ્રાયમાં,... સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના ભાવ આદિ આસ્રવભાવ, અભિપ્રાય એટલે જે અભિપ્રાય આમ ચોંટ્યો હતો રાગસહિત, પુણ્યસહિત છું એમ સહિત છું, એ અભિપ્રાય એનાથી ખસીને અંતર સ્વભાવ તરફ વળ્યો છે, એ અભિપ્રાય આસ્રવથી નિવૃત્ત્યો છે. એ આસ્રવથી નિવૃત્ત્યો. એનો અર્થ એવો નથી કે, આ બાયડી, છોકરા, કુટુંબથી નિવૃત્ત્યો એ આસ્રવથી નિવૃત્ત્યો. આહા..! સમજાણું કાંઈ? જે અભિપ્રાયમાં આમ રાગ અને પુણ્યની રુચિ હતી, રુચિ હતી, બહિર્મુખ રુચિ હતી, એની રુચિ ત્યાંથી ખસીને અંતર્મુખ થઈ, અભિપ્રાય સ્વભાવ સન્મુખ વળ્યો, એટલે અભિપ્રાય આસ્રવથી નિવૃત્ત્યો છે. એમ નિવૃત્ત્યો છે. ભારે પણ. શાસ્ત્રના ભાવના અર્થને ઊંધા કરવા અને એવી લાઈન. એ તો આસ્રવથી નિવૃત્તે તો નિવૃત્ત્યો કહેવાય, નહિતર સમકિતી નહિ. લ્યો!

પણ કઈ રીતે નિવૃત્ત્યો? જે વસ્તુની દૃષ્ટિ નહોતી, અને રાગ ને પુણ્યાદિના પરિણામ ઉપર દૃષ્ટિ હતી, ત્યારે તે આસ્રવસહિત માન્યો હતો એ મિથ્યાત્વભાવ છે. એ આસ્રવની બહિર્મુખની વૃત્તિ છૂટીને, અંતર્મુખ દૃષ્ટિ થઈ, અભિપ્રાય અંદર ગયો, અહીંથી વળ્યો, એ આસ્રવથી નિવૃત્ત્યો છે. બહિર્મુખભાવથી નિવૃત્ત્યો છે અને અંતર્મુખભાવમાં અભિપ્રાય પરિણમ્યો છે. એ આસ્રવથી નિવૃત્ત્યો છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું? આચાર્ય એ અહીં કહે છે, જુઓ! પોતે જ 'અમૃતચંદ્રાચાર્ય'નો પોતાનો શ્લોક છે. ૧૪મી ગાથા એ છે. બધો વ્યવહારથી અભૂતાર્થ છે. એક વસ્તુ અખંડ છે, એના ઉપર અભિપ્રાય ગયો છે.

**'એવા મિથ્યાત્વ અને સમ્યગ્દર્શનના ચોર...'** છે. હવે સમ્યગ્દર્શન જ્યાં લૂંટાય, પછી બહારના પરિગ્રહનો ત્યાગ કરીને બેસે એ પરિગ્રહનો ત્યાગી છે એમ વ્યવહારે પણ એને લાગુ પડતું નથી. જૂઠા વ્યવહારે લાગુ પડતું નથી. આહા..! સમજાણું કાંઈ? આ મૂળ ચીજ

www.vitragvani.com



ઉપર જોર ન મળે. આ છોડો, આ છોડો, આ ખપે નહિ, આ ન ખપે, આ લીધું. આહાહા! પણ અંદર આત્માને આસ્રવનો વિકલ્પ જ ખપતો નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એક વિષયની વાસના કે શુભની વાસનાનો વિકલ્પ, એ ચૈતન્યને ખપતો નથી, એ ચૈતન્યમાં નથી, ચૈતન્ય એનાથી રહિત છે. આહાહા!

જેને શુભ-અશુભરાગમાં મીઠાશ, મીઠાશ, પ્રેમ છે એણે એ શુભ-અશુભરાગ સહિત આત્માને સ્વીકાર્યો છે. એ તત્ત્વાર્થ અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ સહિત પરિગ્રહી છે. 'પોપટભાઈ'! ભારે વ્યાખ્યાઓ, ભાઈ! આહાહા! રાગાદિના વિકલ્પમાં કે પરપદાર્થમાં જેણે ઉત્સાહિત કર્યો છે એવો જે મિથ્યાત્વભાવ. આહાહા! રાગાદિભાવ એમાં સુખબુદ્ધિનો ઉત્સાહ, ઉત્સાહિત વીર્યથી, આ.. એ વીર્ય ઉત્સાહિત થઈને, રાગ મારો છે, એમાં મીઠાશ છે, એમાં સુખ છે, એ દુઃખ સહિતના ભાવમાં સુખ સહિત, સુખવાળું છે અને એમાં મને સુખ છે એ તત્ત્વાર્થ અશ્રદ્ધાનનો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

આ શ્લોકમાં 'ચોર' શબ્દ પડ્યો છે ને? અરે..! ભાઈ! તારી સ્વરૂપ સંપદા, ચૈતન્ય જ્ઞાનાનંદ આનંદની લક્ષ્મી, એ મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા, એટલે કે જેમાં રાગમાં, પુણ્યમાં, શુભભાવમાં પ્રેમ છે, પરમાં સુખબુદ્ધિ છે, એ ચોર તારા સમ્યગ્દર્શનની લક્ષ્મીનો લૂંટનાર ભાવ છે. પોતાની નિજ આનંદ લબ્ધિ, આનંદ સંપદા (છે) એની એને પ્રતીત નથી, એથી એને રાગમાં પ્રેમ અને પ્રીતિમાં પોતે પર સંપદામાં, પ્રીતિમાં ગયો, એ સમ્યગ્દર્શન અથવા અનુભૂતિ આત્માના આનંદનો અનુભવ એની જે પ્રતીત (થવી જોઈએ) એનો એ મિથ્યાત્વભાવ ચોર છે. આહાહા! સમજાણું કાંઈ? એને પરિગ્રહ ગણવામાં આવ્યો છે. પહેલો જ પરિગ્રહ એ છે. એકડાનો પહેલા નંબરનો પરિગ્રહ. એમ. ઊંચા નંબરની મમતા. આહાહા! કથન પદ્ધતિ કંઈ જુદી જાતની, હોં! દિગંબર સંતોનું કથન જ... 'શ્રીમદ્' કહે છે ને? દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. કારણ કે, એ શું કહેવા માગે છે? એ ભાવની ઘટના કઈ રીતે મુકે છે? એમ પકડાય છે. આ શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. વિપરીત થતો ગયો. ઠંડાતો ગયો એટલે વિપરીત થતો ગયો.

મુમુક્ષુ :– એવો અર્થ તો નથી.

ઉત્તર :– એ એવો અર્થ છે. 'પ્રવચનસાર'માં શિથિલતાનો નથી આવતો? છેલ્લી ગાથાઓમાં નિમિત્ત ઉપર શિથિલતા.

મુમુક્ષુ :– શિથિલતાનો એવો અર્થ છે?

ઉત્તર :– એ તો એમણે એમ ને એમ મુક્યો શબ્દ છે. હોય તો બીજો શું કરે એ? એવો અર્થ થાય છે એનો. વિપરીત માન્યતા નિમિત્તની મૈત્રી છે. છે કે નહિ એમાં? બતાવ્યું છે કે નહિ? જુઓ! આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે. જુઓ! બાહ્યપદાર્થ વ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવૃત્તે છે, મૈત્રી પ્રવૃત્તે છે. મિથ્યાત્વભાવ છે. જુઓ! શું કહે છે? એની પોતાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ટીકા છે. અનાદિ પૌદ્‌ગલીક કર્મ જેનું નિમિત્ત છે એવી મોહ ભાવનાના પ્રભાવ વડે, આત્મ પરિણતિ સદાય ભમરી ખાતી હોવાથી ચક્કર મારે છે. આમ ઠરતી નથી. આ આત્મા સમુદ્રની માફક પોતામાં ક્ષુબ્ધ થયો થકો. પોતામાં ક્રમે પ્રવૃત્તિ અનંતજ્ઞપ્તિ વ્યક્તિઓ, જ્ઞપ્તિ એ જાણવાની પ્રગટ અવસ્થાઓ વડે પરિવર્તન પામે છે. તેથી જ્ઞપ્તિ-વ્યક્તિઓના નિમિત્તરૂપ પ્રગટ પ્રગટ પર્યાય એનું નિમિત્ત સામે તે ચીજ છે, ઉપાદાન અહીં છે, હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થ વ્યક્તિઓ, બાહ્યપદાર્થની પ્રગટ અવસ્થાઓ તે તે વ્યક્તિની ... એને મૈત્રી પ્રવર્તે છે. એ જાણે કે, આને લઈને થાય છે, આને લઈને થાય છે, ન્યાં આગળ દૃષ્ટિ ગઈ. તેથી આત્મવિવેક વિપરીત થયો છે. શિથિલ થયોનો અર્થ વિવેક થયું. આ અર્થ કૌંસમાં લખ્યો છે ને! 'હિંમતભાઈ'એ લખ્યો છે. આત્મવિવેકનો તેને અભાવ હોવાને લીધે.

મુમુક્ષુ :- પણ પછી એકવાર એમણે અર્થ બદલી નાખ્યો છે.

ઉત્તર :- ભલે કર્યો હોય, એનો અર્થ આ છે. બીજો અર્થ ક્યાંથી લાવે? કરે શું? પણ અહીં મૈત્રી પ્રવર્તે છે એનો અર્થ શું થયો? નિમિત્ત પ્રત્યે જેને પ્રેમ પ્રવર્તે છે. આ પર્યાયનું નિમિત્ત છે માટે એ પર્યાય એનાથી થઈ, એમ એનું લક્ષ ન્યાં જાય છે. એ મિથ્યાત્વ છે. કહો, સમજાણું કાંઈ? એય..! અહીં પંડિત પાસે બેઠા છતાં આપણે આવા અર્થ કરીએ છીએ, ભાઈ અહીં તો.

આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે અત્યંત બહિર્મુખ એવો તે, પછી શું શબ્દ છે? અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પુદ્‌ગલકર્મની રચના ને રાગ-દ્વેષરૂપે પરિણમે છે, લ્યો! તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે. આટલા તો સંસ્કૃતના શબ્દ પડ્યા છે. એ... 'છોટાભાઈ'! અહીં તો પ્રેમમાં ગઈ ને વાત એટલે મૈત્રી યાદ આવ્યું. એને નિમિત્ત પ્રત્યે પ્રેમ છે. અહીં તો શુભરાગમાં ઉત્સાહિત વીર્ય છે. વીર્ય આમ ઉછાળો મારે છે, કે આ મજા છે, આ પ્રેમ છે, આમાં સુખ છે. એ મિથ્યાત્વભાવ તત્ત્વાર્થ અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વભાવ છે. એ ભાવ સમ્યગ્દર્શન આત્મસંપદા રાગ અને દુઃખ રહિત તેની દૃષ્ટિને તે ભાવ લૂંટનાર છે. કોઠારી હવે લખતા નહિ હોય. હવે ક્યાંથી લખે, આંખે કાંચુ થઈ ગયું ને? નથી લખતા? આ માલ માલ અત્યારે છે. આંખે ઓછું દેખાય. હજી વાર છે ને ચશ્મા આવવાને? આવી ગયા? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અણુવ્રતને...

ઉત્તર :- આ અણુવ્રતને ધારનારને મિથ્યાત્વ પરિગ્રહ પહેલો છોડવો જોઈએ. ત્યારે એને અણુવ્રતનો વિકલ્પનો ભાવ સ્વરૂપની સ્થિરતાની ભૂમિકામાં આવે એમ કહે છે.

મુમુક્ષુ :- .... છોડ્યું એને આવી જ ગયો ને?

ઉત્તર :- શું છોડ્યું? ક્યાં પણ છોડ્યું? જ્યાંથી ગાંઠ છૂટવી જોઈએ ત્યાંથી છૂટી નથી અને બહારથી છોડ્યું. એ તો છૂટેલું જ પડ્યું છે. એને છોડ્યું એમ કહેવું, અહીંથી છૂટે

www.vitragvani.com



પછી છોડ્યું એમ કહેવાય છે. તે વિના એ તો છૂટું પડ્યું જ છે. અંદર ક્યાં ગરી ગયું હતું? આ તો સંયુક્ત કર્યું છે, જુઓને! આ તો મિથ્યાત્વભાવથી સહિત થયો છે. સમજાણું? પેલાથી સહિત કે દિ' હતો? સમજાણું કાંઈ?

જે ભગવાનઆત્મા મિથ્યાત્વભાવથી રહિત સ્વરૂપ છે. કારણ કે, મિથ્યાત્વભાવ પણ વિપરીત માન્યતા, એનાથી તો એનું સ્વરૂપ વિપરીત એટલે રહિત છે. એને એનાથી વિરુદ્ધ શ્રદ્ધા (થવી એ મિથ્યાત્વ છે). આ તો ધીરજનું કામ છે, ભાઈ! એનો આત્મા ચૈતન્યબિંબ ભગવાન (છે). પરથી ખસી અને અંતર અનુભવ થવો એમાં આખી ચૈતન્યની સંપદાનો આદર છે, ઉપાદેય છે. એવું જ એનું સ્વરૂપ છે. એ સ્વરૂપ એવું ન માનતા, એ દુઃખ અને રાગના ભાવ સહિતવાળુ તત્ત્વ છે, પરમાં મીઠાશવાળો આત્મા છે, પરની મૈત્રીવાળો આત્મા છે કે રાગની મીઠાશવાળો આત્મા છે, એ જ અતત્ત્વાર્થ, અશ્રદ્ધાનરૂપી મિથ્યાત્વ સંયુક્ત જીવને કર્યો છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! 'પ્રવિણભાઈ'! આ તો મૂળ પહેલેથી ઉપડ્યું છે. આ મૂળિયું પછી અસ્થિરતાની વાત. આહાહા!

ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય અને જેના શરીરના દેખાવ હીરાના, માણેકના આમ અબજો રૂપિયાના હાર પહેર્યા હોય છે. શરીર પણ સુંદર મણિરત્ન, સિંહાસન પણ મણિરત્નનું. ઇન્દ્રાણીઓ આમ દેવી જેવી, ઇન્દ્રાણી જેવી દેવી. સોળ હજાર દેવ સેવા (કરે). આત્મા રાગના વિકલ્પ રહિત છે, અનંતગુણ સહિત છે, એવી અનુભૂતિની પ્રતીત વર્તે છે, કહે છે કે એ મિથ્યાત્વ પરિગ્રહ રહિત છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

આ બાહ્ય ત્યાગી થઈને બેઠો, અંદરમાં એક વિકલ્પના રાગથી પણ મને લાભ છે, એનો અર્થ કે રાગવાળો આત્મા માન્યો. જેનાથી લાભ માને એ જુદો છે એમ એણે ન માન્યો. સમજાય છે કાંઈ? અને પરજીવની દયા પાળવામાં અને આ ભાવમાં બરાબર હું સાવચેત રહું તો એ ભાવ છે એ મને લાભદાયક થશે, એવો જે ભાવ એ મિથ્યાદર્શનનો તત્ત્વાર્થ અશ્રદ્ધાનભાવ છે. એ જ મહાપરિગ્રહ છે, આભ્યંતર પરિગ્રહ. સમજાણું કાંઈ? આહાહા! મૂળ મંત્રની વાત છે આ, એની તો ખબર ન મળે, હજી ખબરું ન મળે કે ક્યો મિથ્યાત્વભાવ? અને કેમ એને પરિગ્રહ મુખ્ય કહ્યો? અને એનો ત્યાગ તે પરિગ્રહનો ત્યાગ. એ વિના એને રાગનો ત્યાગ પણ નહિ અને રાગના નિમિત્તનો (પણ ત્યાગ નહિ). રાગની મંદતા એણે કરી એમ પણ નહિ. અને રાગની મંદતામાં નિમિત્ત છૂટ્યા, માટે એણે છોડ્યું એ વાત એને વ્યવહારે જૂઠા નયે પણ લાગુ પડતી નથી. કારણ કે, એ તો જૂઠું છે. છોડવું છે ક્યાં? છૂટે છે અહીં. અહીં સ્થિર થવાથી આ છૂટે છે, છૂટ્યું ત્યારે એના નિમિત્ત ઉપર જે લક્ષ જતું એ એણે છોડ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બેનો સંબંધ છૂટ્યો, નિમિત્ત-નિમિત્ત સંબંધ છૂટ્યો.

**'સમ્યગ્દર્શનના ચોર ચાર પહેલા કષાય અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને**

www.vitragvani.com



**લોભ છે.**' 'હીરાભાઈ' ક્યાં વાંચે છે આ? અહીં ઉપર ચાલે છે. હજી તો એક ચાલે છે. ચાલીસ મિનિટ. એય..! 'વાસુદેવભાઈ'! બાપાને જાણે એમ કે કેટલું બધું ચાલી ગયું હશે. ખબર પડે નહિ. 'સુમનભાઈ'ને એમ હતું, અહીં વાંચતા હતા. ચોપડી રાખી હતી પાનું બીજું હતું. પછી 'રામજીભાઈ'એ હળવે દઈને પાનું ફેરવી નાખ્યું. શું કરે? છોકરાને ભૂલ હોય તો કહો, સમજાણું કાંઈ? કહે છે, આ ભારે વાત પણ ભાઈ! ૧૨૪ ગાથા.

ભાઈ! આહાહા! એ વસ્તુનો સ્વભાવ, ચૈતન્ય આનંદનું બિંબ, બસ! એ વસ્તુ. એને અજીવ અને આસ્રવનો અભાવ અથવા દુઃખનો અને અજીવનો એમાં અભાવ. એને એ દુઃખવાળો અને અજીવના સંબંધવાળો, એમ માનવો એ અતત્ત્વાર્થ, અશ્રદ્ધાન (છે). અજીવને અજીવ તરીકે ભિન્ન પણ ન રાખ્યું અને દુઃખને આસ્રવ તરીકે, આસ્રવ તરીકે ભિન્ન ન રાખ્યું. બધાને અહીં ભેગું ખતવી નાખ્યું. જીવમાં નથી તેને જીવ સહિત માન્યો, પેલા જુદા છે તેને આનાથી સહિત માન્યો. એટલે બધા તત્ત્વાર્થ શ્રદ્ધાની વિપરીત શ્રદ્ધા થઈ ગઈ. સમજાણું કાંઈ? કહો, 'ભરતભાઈ'! સમજાય છે કે નહિ? એય! 'અતુલભાઈ'! ત્યાં બિચારા 'અતુલભાઈ' તો કોલેજ મૂકીને આવ્યા. વરસાદ બહુ આવે તો છોકરા નથી આવતા તો કહે ચાલો અહીં જઈએ. આહાહા!

એ ચૈતન્ય મહારત્ન પ્રભુ! આનંદરત્ન પ્રભુ, ચિંતામણિરત્ન. એમ કહ્યું ને? મારું ચિંતામણિરત્ન ચોરી જશે. ત્યાં તો પ્રમાદની વાત છે, હોં! આની વાત નથી. આ તો આત્માનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું, મિથ્યાત્વ અનંતાનુબંધી ચોરનો નાશ કર્યો, પછી પણ જે રાગ થાય, એ ચિંતામણિરત્નની ઉપયોગની શુદ્ધનયે નાશ કરનાર છે, એ ચોરી જનાર છે. શુદ્ધોપયોગની રમતાને, રમણતાને, એ શુદ્ધોપયોગની રમતની રમતને ચોરનાર છે. મારા આત્માની રમતને ચોરનાર એ રાગ છે. માટે સાવધાનપણે રહી અને રાગથી સાવધાન રહું. આહાહા! સમજાણું કાંઈ?

પંચમહાવ્રતના પરિણામ, દયાનો વિકલ્પ આવે, કહે છે એ મારા શુદ્ધ સ્વરૂપની પરિણતિને લૂંટનારા ચોર છે. પણ હવે એટલું નથી, કે છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રત આદિના વિકલ્પ વર્તે ત્યાં સુધી છઠ્ઠું છે અને છૂટે ત્યારે સાતમું થાય, ત્યારે એ ચારિત્ર હોય તો છૂટે ત્યારે સાતમું ક્યાંથી થઈ ગયું? આહાહા! જ્યારે પ્રમાદભાવનો એ ભાવ છે, પંચમહાવ્રત આદિ વિકલ્પ પણ, હોં! એની છઠ્ઠી ભૂમિકાની દશાને ભલે ન હણે, પણ છે એ ગુનો. એ જ્યારે છૂટે છે ત્યારે સાતમું ગુણસ્થાન આવે છે. એને રાખીને સાતમું ગુણસ્થાન આવે છે? તેનો અર્થ શું થયો? પણ વળી અર્થ બીજા કરે છે. શું કહે? તો કેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય જેટલી થઈ એ પણ છૂટે પછી શુદ્ધિની વૃદ્ધિ થાય છે કે નહિ? પહેલી વ્યય થાય ત્યારે વૃદ્ધિ થાય છે કે નહિ? એટલે છૂટે માટે હેય છે એમ નહિ. હેય તો તો એ અપેક્ષાએ હેય આ પણ છે. એ.. 'દેવાનુપ્રિયા'! હા. એ બધી વાત. તમે એને કહો કે, શુભરાગ હેય

છે તો અમે તો એમ કહીએ છીએ કે, શુદ્ધ પર્યાય પણ હેય છે. કારણ કે, એ છૂટે ત્યારે શુદ્ધ પર્યાય આગળ વધે છે. આગળની અપેક્ષાએ હેય છે. અરે..! ભગવાન! તારી પણ બલિહારી, બાપા! એ લખાણ આવ્યું હતું. પહેલું લખાણ આવ્યું હતું. લક્ષમાં તો રહે ને કે આ શું કહે છે. અરે..! ભગવાન! એમ કહે, તમે એમ કહેશો કે, જુઓ! પ્રમાદ વિકલ્પ છૂટ્યો ત્યારે સાતમું ગુણસ્થાન આવ્યું હતું. અમે એમ કહીએ છીએ કે, સાતમાની સ્થિરતા છૂટી ત્યારે આઠમાની સ્થિરતા આવી.

હા, આજે સવારમાં પહેલું કહ્યું હતું ને? એ ખ્યાલમાં હતું, એ વાત કરી હતી. અરે..! ભગવાન! ભારે ભાઈ! પ્રભુ! તું તો. તો નિશ્ચય મોક્ષમાર્ગ પર્યાય એ પણ છૂટે ત્યારે જ મોક્ષ થાય છે. એ અપેક્ષાએ તો હેય છે. એ માટે એ જ અપેક્ષાનું પેલું હેય છે? એ જ અપેક્ષાનો પેલો વિકલ્પ હેય છે એમ નથી. પેલો તો અભાવ થઈને ભાવ થાય એ અપેક્ષાએ હેય છે. અને આ તો રાગનો અભાવ કરે તો જ આત્માની દૃષ્ટિ સાચી થાય છે અને રાગનો અભાવ કરે તો સ્થિર થાય છે. ભારે તર્કો નીકળ્યા છે. અરે..! કોઈ રીતે પ્રભુમાં, અંદરમાં ન આવવું, બધા એ ઉપાય શોધે છે. આહાહા! આમ બહારમાં જે રખડતી વૃત્તિ (છે) એનાથી લાભ મનાવે એટલે પછી અંદરમાં જવાની વાત તો ત્યાં આવતી નથી.

**'ચાર પહેલા કષાય...'** લ્યો! સમજાણું? જુઓ! જુદું પાડ્યું જોયું? પહેલા સમ્યગ્દર્શનનો ચોર કહ્યો ને વળી **'चत्वारः प्रथमकषायाः'** જુઓ! પ્રથમ તત્ત્વાર્થ અશ્રદ્ધાન અને પ્રથમ ચાર કષાય, એમ બે ભેદ પાડ્યા. એટલે સ્વરૂપની સ્થિરતા છે. એ લૂંટારા છે. એ સમ્યગ્દર્શનના લૂંટારા છે. અહીં પાંચને લુંટારા ગણ્યા છે પણ એક સાથે છે ને બધું? કહો, સમજાણું આમાં? આ એક ગાથાનો શબ્દાર્થ થયો. પોણો કલાક. મૂળ વાત છે ને! મૂળ વાત છે. આહાહા! કેવી વાત કરી છે. સાધારણ જનતાને વસ્તુ આમ તાદૃશ મગજમાં આવે એમ વાત છે. સમજાણું?

તારા ઘર છોડીને, આનંદના ઘર છોડીને, કોઈ પણ વિકલ્પ અને સંયોગમાં તને મીઠાશ વર્તે છે? જોઈ લે. અને ત્યાં મીઠાશ વર્તે છે તો તને એકપણ તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી. જ્યાં મીઠાશ જેમાં નથી તેને તું મીઠાશવાળુ માને છે, જેમાં મીઠાશ છે તેને તું મીઠાશ, એને મીઠાશવાળાને આવા મીઠાશ સહિત તું માને છે. એકપણ તત્ત્વની શ્રદ્ધાની એને ખબર નથી. પેલું કાલમાં એમ હતું, હોં! કારણ વિશેષાત, કાર્ય વિશેષ એમ હતું. તેથી કાંઈ પેલું એમ નથી. કારણમાં ફેર છે તો કાર્યમાં ફેર છે એટલો ફેર બતાવે છે. જેમ કે માંસ છે તો એના ભાવમાં ફેર છે. માંસ પણ કારણ વિશેષ ભિન્ન છે ને? રોટલો છે તો કારણ વિશેષ છે..... એનાથી થાય એમ પ્રશ્ન નથી. એમ બે શબ્દ પડ્યા છે ને? કારણ વિશેષાત, કાર્ય વિશેષઃ.

મુમુક્ષુ :– નિમિત્તકારણ.

www.vitragvani.com



ઉત્તર :– હા પણ નિમિત્ત પણ બીજી જાતનું છે ને. એમ. એક રોટલો પર્યાયનું નિમિત્ત અને એક માંસની પર્યાય નિમિત્ત. એ વિશેષ નિમિત્ત જ જુદી જાતનું (છે). એટલે ભાવ પણ એ જાતના વિશેષ હોય. સમજાણું કાંઈ?

**'ટીકા :– 'प्रथमं तत्त्वार्थाश्रद्धाने मिथ्यात्वं निर्युक्तं-एवं मिथ्यात्वं च'** બસ! એટલું. અને **'चत्वारः प्रथम कषायाः'** જોયું ને? પ્રથમ કહે છે, જુઓ! બે ઠેકાણે પ્રથમ (શબ્દ) મૂળ પાઠમાં પડ્યો છે, બન્નેમાં છે, બન્ને ઠેકાણે છે. **'प्रथममेव मिथ्यात्वम् प्रथम कषायाः'** એમ બન્ને ઠેકાણે પ્રથમ શબ્દ પડ્યો છે. બે જુદું એમ નહિ કે, પેલા પ્રથમને લાગુ પાડીને બેને લાગુ પાડ્યું છે એમ નથી. આ તો બેને પ્રથમ શબ્દ મૂળ પાઠમાં લાગુ પાડ્યો છે. એટલે? **'चत्वारः प्रथम कषायाः सम्यग्दर्शनचौराः सन्ति'** એ ઉપરથી નાખ્યું. નહિ? **'सन्ति'** એ સિદ્ધ કરવા માટે, છે એમ. પાઠમાં નથી પણ એ કીધું ને? એનો અર્થ થયો ને? આ ચોર છે, આ ચોર છે એમ સિદ્ધ કર્યું.

**'પહેલા તત્ત્વાર્થના મિથ્યાશ્રદ્ધાનમાં...'** વાસ્તવિક તત્ત્વાર્થો છે, ભગવાન આનંદસ્વરૂપ (છે), રાગ દુઃખસ્વરૂપ (છે), અજીવ પરસ્વરૂપ જ્ઞેયરૂપ (છે). એમાં ક્યાંય પણ વિપરીતતા તત્ત્વાર્થની અતત્ત્વાર્થ શ્રદ્ધાન એ **'મિથ્યાશ્રદ્ધાનમાં સંયુક્ત કર્યા છે અર્થાત્ પહેલો મિથ્યાત્વ નામનો અંતરંગ પરિગ્રહ છે...'** લ્યો! એ નામનો પહેલો અંતરંગ પરિગ્રહ છે. જગતને (એનો મહિમા છે કે) આ છોડીને બેઠો ને પા શેર દૂધ પીવે છે, અને બે રોટલી ખાય છે, બહુ ત્યાગ. જગતની આ દૃષ્ટિ. સમજાણું? (સંવત) ૧૯૮૦ની સાલમાં આવ્યા હતા, ભાઈ! આ પેલો છે ને મોટો તમારો કોણ? સર, સર આ 'ભાવનગર'નો. આપણો શ્રાવક જૈન. પેલો સ્થાનકવાસી નહિ મોટો? મોટો કરોડપતિ નહિ આખા 'મુંબઈ'નો. 'ચુનિલાલ ભાઈચંદ'ને? પહેલો ૧૯૮૦માં આવ્યો હતો. ૧૯૮૦માં 'બોટાદ' આવ્યો હતો. તે દિ' આટલા બધા રૂપિયા નહોતા, રૂપિયા ઘણા હતા ખરા પણ. તો કહે શું ખાય છે? પા શેર દૂધ અને બે પૂરી. કાંઈ ખાઈ શકતા નથી.

મુમુક્ષુ :– ત્યાગ કર્યો છે એણે?

ઉત્તર :– ના, એ શરીર જ એવું છે. શરીર એમાં વધારે લઈને શકે નહિ, પચી શકે નહિ અંદર. નાખવા જાય તો કોથળી ફૂટી જાય. કાગળની કોથળીમાં ઉનો ઉનો શેરો નાખે, એક તો ઉનો જ બાળી મુકે, શેરો તો પચે નહિ. એમ સાધારણ જઠર, એમ કહે ઓહો..હો...! ભાઈ! આ તો બહુ સાદુ. સાદું શેનું પણ? એનું શરીર જ એવું છે. એમ કે આટલા પૈસાવાળા અને આ ખાય છે આટલું. તે શું પણ? એને પચતું નહિ હોય માટે. માટે ત્યાગી છે એમ કોણે કહ્યું? આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એ આવ્યા હતા, હોં! ૧૯૮૦ની સાલમાં. ઘણા વર્ષ થઈ ગયા. ૪૩ વર્ષ થયા, 'ચુનિલાલ ભાઈચંદ' એ જ કહું છું.

એમ બહારનો આ ત્યાગ છે માટે આ ત્યાગી છે એમ જે કલ્પ્યું છે એ દૃષ્ટિ જ

www.vitragvani.com



મિથ્યાદૃષ્ટિ છે. એ તો મિથ્યાત્વ પણ એને એમ માને કે, આ મારો બાહ્ય ત્યાગ (કર્યો) માટે ત્યાગ (છે). એમ માનનારો જ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે, એને તત્ત્વાર્થ શ્રદ્ધાનની ખબર નથી. તત્ત્વાર્થની અશ્રદ્ધાન છે. કારણ કે, બાહ્યનો સંયોગ ઓછો થયો પણ અંદર મિથ્યાત્વનો પરિગ્રહ છે, કે આ મેં છોડ્યું ને આ મેં મુક્યું, અને એ મિથ્યાત્વ રાગરહિત આત્મા છે એને રાગ સહિત માને છે એવો જે આત્મા, એને બીજો માને કે, આ ત્યાગી છે તેમ માન્યતાની શ્રદ્ધા મિથ્યાદર્શન શ્રદ્ધા છે. આહાહા! એ... 'ન્યાલચંદભાઈ'! ભારે આકરી વાતું. કહો, 'પ્રવિણભાઈ'!

ભારે ત્યાગી! પણ શેનો ત્યાગી? સમ્યગ્દર્શનનો કે બાહ્યનો? સમ્યગ્દર્શનનો ત્યાગી છે. મિથ્યાદર્શનનો ત્યાગી નથી. કારણ કે, રાગની મંદતા મેં કરી, એનાથી મને લાભ છે અને એ રાગ મારી ચીજ હતી, મેં મારા પુરુષાર્થથી એને ઘટાડી. મારી ચીજ હતી મેં મારી ઘટાડી માટે મને એટલો લાભ છે. એ રાગ સહિત જ જેણે માન્યો છે, એને સ્વભાવની સંપદાની દૃષ્ટિ જ નથી. અને એ રાગ જે પર તત્ત્વ છે, એ પરતત્ત્વ એમ પોકારે છે કે, હું એ તત્ત્વનું નથી, છતાં એનાથી એ માન્યું તો એ તત્ત્વની પણ શ્રદ્ધા એને સાચી રહી નહિ. આસ્રવતત્ત્વની શ્રદ્ધા સાચી ન રહી. એનાથી લાભ માન્યો તો એ તત્ત્વ એવું છે નહિ. અને અજીવતત્ત્વની ક્રિયા હું કરી શકું છું કે, આ મેં આટલું છોડ્યું, એમ એણે છોડ્યું પણ નથી. એ તો એને કારણે પેલું છૂટ્યું છે. એ તત્ત્વનું એવું સ્વરૂપ છે કે, એ કાળે એને આમ છૂટ્યું. એનું એવું સ્વરૂપ (છે) એણે એમ માન્યું નહિ. એટલે એ અજીવતત્ત્વને પણ એણે માન્યું નહિ. રાગને પણ માન્યો નહિ અને આત્માને પણ માન્યો નહિ. તત્ત્વાર્થ અશ્રદ્ધાનરૂપી મિથ્યાત્વનો પહેલામાં પહેલો પરિગ્રહ પકડીને બેઠો છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :– કોઈ બાહ્યનો ત્યાગ જ નહિ કરે.

ઉત્તર :– કોણ ત્યાગ કરે છે? આ સમજશે તો બાહ્યનો ત્યાગ નહિ કરે. આહા..!

**'અને પહેલી ચોકડી અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ એ ચાર છે.'** શેના? સમ્યગ્દર્શનના ચોર. **'આ રીતે સમ્યગ્દર્શનના એ પાંચ ચોર છે.'** જુઓને! ક્યાં વાત મુકી. પાંચમા વ્રતની વ્યાખ્યામાં આ વાત લીધી. **'જ્યાં સુધી એનો નાશ થતો નથી ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી.'** કર્મની વાત નથી, હોં! એના અભિપ્રાય અને અસ્થિરતાની વાત છે. મિથ્યાશ્રદ્ધા અને અનંતાનુબંધીનો ભાવ, એનો નાશ ન કરે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ને સ્થિરતા થાય નહિ.

**ભાવાર્થ :– 'અહીં એમ બતાવે છે કે આ અંતરંગ ચૌદ પ્રકારના પરિગ્રહોનો કેવી રીતે ત્યાગ કરવો જોઈએ. પહેલા જ્યારે શ્રાવક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે...'** જોયું? **'પહેલા જ્યારે શ્રાવક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચોકડીનો નાશ કરે છે.'** પહેલો પરિગ્રહનો એ ત્યાગ થાય છે. કહો, સમજાણું કાંઈ? **'અનાદિ મિથ્યાદૃષ્ટિની**

www.vitragvani.com



**અપેક્ષાએ પાંચનો નાશ થાય છે...'** એટલે અનંતાનુબંધી ને મિથ્યાત્વ. એમ. **'અને સાદિ (મિથ્યાદૃષ્ટિ)ની અપેક્ષાએ સાતનો નાશ થાય છે.'** અનંતાનુબંધી ચાર અને મિથ્યાત્વ સમકિતમોહનીય અને મિશ્રમોહનીય (એમ) સાત. એનો નાશ થાય છે. સમજાણું? **'આ બે ભેદ અંતરંગ પરિગ્રહના થયા.'** લ્યો! આ બે ભેદ અંતરંગ પરિગ્રહ. ક્યો? એક મિથ્યાત્વ અને એક અનંતાનુબંધી. કહો, એ બે ભેદ અંતરંગ પરિગ્રહના થયા. કારણ કે, પરિગ્રહના ચૌદ ભેદ છે ને? એ માહ્યલો આ ભેદ જુદો છે ને. મિથ્યાત્વ જુદો અને કષાય જુદો છે. એમ.

## ગાથા–૧૨૫

બાકીના બીજા બતાવે છે :–

प्रविहाय च द्वितीयान् देशचरित्रस्य सन्मुखायातः।
नियतं ते हि कषायाः देशचरित्रं निरुन्धन्ति।।१२५।।

અન્વયાર્થ :– [ च ] અને [ द्वितीयान् ] બીજા કષાય અર્થાત્ અપ્રત્યાખ્યાનાવરણી ક્રોધ-માન-માયા-લોભને [ प्रविहाय ] છોડીને [ देशचरित्रस्य ] દેશચારિત્રની [ सन्मुखायातः ] સન્મુખ આવે છે, [ हि ] કારણ કે [ ते ] તે [ कषायाः ] કષાય [ नियतं ] નક્કીપણે [ देशचरित्रं ] એકદેશ ચારિત્રને [ निरुन्धन्ति ] રોકે છે.

ટીકા :– 'च श्रावकाः द्वितीयान् अप्रत्याख्यान क्रोधादीन् चतुष्कान् प्रविहाय देशचरित्रस्य सन्मुखायातः भवन्ति हि ते कषायाः नियतं देशचरित्रं निरुन्धन्ति।'

અર્થ :– સમ્યગ્દૃષ્ટિ શ્રાવક તે [1]અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ-આ ચારે કષાયોનો નાશ કરીને એકદેશ ચારિત્ર સન્મુખ થાય છે અર્થાત્ ગ્રહણ કરે છે. કારણ કે નિશ્ચયથી તે જ અપ્રત્યાખ્યાનાવરણ આદિ ચારે દેશચારિત્ર-શ્રાવકનાં વ્રતોનો ઘાત કરે છે. આ રીતે આ ત્રીજો ભેદ અંતરંગ પરિગ્રહનો થયો. ૧૨૫.

---

હવે, **'બાકીના બીજા બતાવે છે :–'** લ્યો! એમાં આ કહ્યું હવે શ્રાવકની વાત.

**प्रविहाय च द्वितीयान् देशचरित्रस्य सन्मुखायातः।**

દેખો! જીવ દેશચરિત્રની સન્મુખ થાય છે, જોયું? સમજાણું? એટલે ગ્રહણ કરે છે, સ્વરૂપની

---

૧. અપ્રત્યાખ્યાનાવરણ-અ=ઈષત્=થોડા, પ્રત્યાખ્યાન=ત્યાગને, આવરણ=આચ્છાદિત કરવાવાળા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્થિરતાનો અંશ ગ્રહણ કરે છે. જોયું?

**नियतं ते हि कषायाः देशचरित्रं निरुन्धन्ति।।१२५।।**

જુઓ! અહીં તો '**निरुन्धन्ति**' (કહ્યું). અસ્થિરતાનો ભાગ એને રોકે છે, દેશચારિત્રને બીજો કષાય રોકે છે.

એ બીજો વિચાર એક આવ્યો હતો. ઘાતનું આવે છે ને? કે, ભાઈ! અનુતાનુંબંધી એ કાંઈ... એ ઘાતની અપેક્ષાએ વાત છે. સમજાણું? અનંતાનુબંધી સ્વરૂપાચરણ ઘાતે છે, અપ્રત્યાખ્યાની દેશઅંશને ચારિત્રને ઘાતે છે અને પ્રત્યાખ્યાની સકલને ઘાતે છે. એટલે પરિણામમાં તો એવું બધું આવે જુઓને! શુભ ને આવ્યું હતું ને કાલ? પરિણામ પેલાના શુભ હોય. દૂધવાળાને ઓછી મીઠાશનું પાપ હોય, પેલાને વધારે હોય. એ બધી પેલી વાત, પેલું જે ઘાતે છે એ અપેક્ષાએ એવી વાત નથી. પેલા કષાયો તો ગુણને ઘાતે છે એટલું જ કામ ત્યાં કરે છે, બસ! અને વર્તમાનના પરિણામ જે આ વર્તમાન, વર્તમાન શબ્દ આવતો હતો ને? એ અપેક્ષાએ પાછી વાત આવી. વર્તમાન પેલા પરિણામ. પેલું કામ તો ઘાતે છે એનું જ કર્યું છે. સમજાણું કાંઈ? અપ્રત્યાખ્યાનાવરણી એ તો દેશઅંશે સ્થિરતાને ઘાતે છે. એટલે પછી થઈ રહ્યું. એને કાંઈ વર્તમાન પરિણામ કેવા છે એ ઘાત છે એટલે ઘાત છે. અને પેલાને...

મુમુક્ષુ :– જોરદાર ઘાત હશે ... જુદો હશે.

ઉત્તર :– એ જુદું. એ વળી પછી વર્તમાન પરિણામ બીજા છે તો પેલો ઘાતે છે એટલો આનો અભાવ જ છે. બસ! અહીં પરિણામમાં વર્તમાન કોઈને રાગની મંદતામાં મીઠાશ, અહીં કીધી ને જેને મીઠાશનો પ્રેમ છે તેને કો'કને દૂધમાં ઓછી પ્રીતિ છે, સાકરમાં વધારે પ્રીતિ છે. એ પરિણામનો આંતરો પાડ્યો. નહિતર હોય ભલે મિથ્યાદૃષ્ટિ અનંતાનુબંધીવાળો, એને અંતરના સ્વરૂપમાં તો ઘાત થયેલો છે ભલે હો, પણ અહીં વર્તમાન પરિણામમાં આ સ્થિતિ છે એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ?

'**દેશચારિત્રની સન્મુખ આવે છે,...**' કહો, '**બીજા કષાય અર્થાત્ અપ્રત્યાખ્યાનાવરણી ક્રોધ-માન-માયા-લોભને છોડીને...**' સ્વરૂપની સન્મુખ અંશે આવે છે. ત્યારે સ્વરૂપને સ્થિરતાને ગ્રહણ કરે છે. પેલાનો ત્યાગ થાય છે ત્યારે અહીં ગ્રહણ કરે છે. સમજાણું? '**કારણ કે તે કષાય નિયત નક્કીપણે એકદેશ ચારિત્રને રોકે છે.**' જોયું? એ કષાયની અસ્થિરતાનો બીજો ભાવ છે ને? એ અંશે સ્થિરતાને રોકે છે. સ્વરૂપમાં શાંતિની સ્થિરતા એને ઉત્પન્ન થવા દેતું નથી. એટલે એને બીજો કષાય કહેવામાં આવે છે. એ કાળે તેને દેશચારિત્ર થાય છે. ત્યારે એને શ્રાવકપણું સાચું થાય છે. સાચા શ્રાવક આને કહીએ. કહો, આ વાડાની વાત નથી આમાં. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૫૪ ગાથા–૧૨૫ થી ૧૨૭ બુધવાર, જ્યેષ્ઠ વદ ૧૩, તા.૦૫-૦૭-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૧૨૫ મી ગાથા. પરિગ્રહ ત્યાગની વ્યાખ્યા છે. ચૌદ પ્રકારનો આભ્યંતર પરિગ્રહ છે, એમાં પહેલો મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ત્યાગ કરવો. ૧૨૪માં આવી ગયું એ. ખરેખર આ આભ્યંતર પરિગ્રહના પરિણામની વાત છે. કર્મની વાત નથી અહીંયાં. આત્માના શુદ્ધ સ્વભાવથી વિપરીત અભિપ્રાય–જે માન્યતા તે મિથ્યાત્વ (છે), એનો ત્યાગ તે પરિગ્રહનો પહેલો ત્યાગ છે. એની સાથે પહેલા કષાયના અનંતાનુબંધીના પરિણામનો ત્યાગ. કારણ કે, એ પાંચે સમ્યગ્દર્શનના ચોર છે. આ પોતાના જ પરિણામ પોતાના ચોર છે એમ કહે છે. એ મિથ્યાત્વ પરિણામ અને અનંતાનુબંધીના પરિણામ, એ જ આત્માના સમ્યગ્દર્શન પરિણામને ઉત્પન્ન થવા દેતા નથી, એટલે એ જ પોતાના પરિણામ જ સમ્યગ્દર્શનના ચોર છે એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં આભ્યંતરના બધા અર્થ કર્મથી કર્યા છે. 'મખ્ખનલાલજી'એ. કર્મ છોડું, બીજી ચોકડી એની વાત ક્યાં છે? આ તો ચૌદ આભ્યંતર પરિણામની વાત છે. બાહ્યમાં સચેત-અચેતનું બાહ્યમાં આવશે, પછી આવશે. કર્મની અહીં વાત જ ક્યાં છે?

અહીંયા તો આત્માએ પોતાના શુદ્ધ આનંદ સ્વભાવના પરિણમનની રુચિને પકડી ન હોય, પોતાનો શુદ્ધ આનંદ સ્વભાવ, એને જેણે અંતરમાં પકડ્યો ન હોય એટલે સમ્યગ્દર્શન થયું ન હોય, એણે મિથ્યાત્વના પરિણામને પકડ્યા છે. વિપરીત માન્યતાના ભાવને એણે પકડ્યા છે. શુભભાવ એ હું છું, પુણ્ય એ મારી ચીજ છે. પુણ્યના ફળ એ પણ મને મળે છે, મેં પુણ્ય બાંધ્યું, એવો જે મિથ્યાત્વનો ઊંધી શ્રદ્ધાનો અભિપ્રાય, એનો એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં પહેલો ત્યાગ હોવો જોઈએ. આ આભ્યંતર પરિગ્રહની વાત છે.

મુમુક્ષુ :– જીવે પુણ્ય નથી બાંધ્યા?

ઉત્તર :– પુણ્ય બાંધ્યું જ નથી. પુણ્ય એમાં છે જ નહિ, પુણ્ય બાંધ્યું નથી. કહો, એય...! 'મલૂપચંદભાઈ'! પુણ્યભાવ એટલે શુભભાવ એટલે રાગભાવ, એ સહિત છું એ માન્યતા જ મિથ્યાત્વ અભિપ્રાય છે. તો પછી પુણ્યના પરિણામનો બંધ અને બંધના પરિણામનું આ બહારનું મળવું એ મને મળે છે અને હું એના સહિત છું, એ મિથ્યા અભિપ્રાય છે. કેમકે આત્મા તો રાગ અને પરની નિવૃત્તિ સ્વરૂપ છે, એ હમણા ૧૨૮માં કહેશે. સમજાણું?

આત્મા વસ્તુ, શુભરાગ અને પરના ખરેખર તો ત્યાગ સ્વરૂપ જ છે. એને એમ માનવું કે, રાગવાળો છું, પુણ્યવાળો, હોં! નવા પુણ્યભાવ થાય એ, દયા, દાન, વ્રત એ પુણ્યવાળો છું, એનું પુણ્ય બંધન મને થયું, એનું ફળ આ પૈસા આદિ મને આવે છે એ આત્માના રાગ ને અજીવના અભાવ સ્વરૂપ તત્ત્વને વિપરીત રીતે માન્યું. સમજાણું કાંઈ? એથી એણે

www.vitragvani.com



પ્રથમ સમ્યગ્દર્શનને ગ્રહણ કરીને, મિથ્યાત્વ અને અનંતાનુબંધી જે એના પાંચ ચોર છે એને છોડવા. એમ પુરુષાર્થથી છોડવા અને આ ગ્રહવા એમ વાત કહેવામાં આવે છે. છોડવું એ કથનની પદ્ધતી આવે ને?

હવે ૧૨૫માં, બાકીના બીજા જો શબ્દ શું છે એમાં? **'प्रविहाय द्वितीयान्'** એમ શબ્દ છે. એટલે કહે છે, ટીકા લ્યો. **'સમ્યગ્દષ્ટિ શ્રાવક તે [1]અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ-આ ચારે કષાયોનો નાશ કરીને...'** **'प्रविहाय'**નો અર્થ કર્યો. પોતે છોડે છે. એ છૂટે છે તો આ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? બીજો કષાય છૂટે તો શ્રાવકના સાચા પરિણામ થાય, એમ નથી કહ્યું અહીંયાં. સમજાણું કાંઈ? **'प्रविहाय'** એનો અર્થ નાશ કરીને. જે આત્મામાં સ્વરૂપની દૃષ્ટિ થવા છતાં, સ્થિરતાના અંશથી વિરોધભાવ થાય છે, તે અપ્રત્યાખ્યાનાવરણી છે. નીચે અર્થ છે. અ-ઇષત્ થોડા પ્રત્યાખ્યાન ત્યાગને આચ્છાદિત કરવાવાળો ભાવ. કર્મ કર્મરૂપે. પણ એ ભાવ જ પોતાના અંશ ત્યાગ, અંશ સ્થિરતાની શાંતિ, એનો અભાવરૂપ ભાવ છે, માટે તેનો ત્યાગ કરી, સ્વરૂપ જોગ **'प्रविहाय'** એમ છે. બીજા કષાયના પરિણામને છોડી અને સ્વરૂપની સ્થિરતાના સન્મુખ થવું, એમ કહે છે, જુઓ! સમજાણું કાંઈ?

**'એકદેશ ચારિત્ર સન્મુખ થાય છે...'** એમ છે. અહીંથી વિમુખ થાય છે અને અહીંથી સન્મુખ થાય એમ કહે છે. છે? ક્યાં છે? પહેલો મિથ્યાત્વ અને અનંતાનુબંધીના ભાવને છોડી અને સમ્યગ્દર્શન ને સ્થિરતાને ગ્રહણ કરે. બીજો અપ્રત્યાખ્યાનીના ભાવને છોડી અને દેશચારિત્રના પરિણામને ગ્રહણ કરે, એમ શૈલી છે. સમજાણું કાંઈ? **'ચારે કષાયોનો નાશ કરીને...'** **'प्रविहाय'** **'એકદેશ ચારિત્ર સન્મુખ થાય છે અર્થાત્ ગ્રહણ કરે છે.'** પાંચમા ગુણસ્થાનની વાત. જુઓ! આનું નામ સાચા શ્રાવક. પહેલું સમ્યગ્દર્શન, અનુભવ પ્રગટ કરી, આત્મા શુદ્ધ નિર્મળ પવિત્ર (સ્વરૂપ), રાગ અને કર્મ શરીર વિનાની ચીજ છે. એમ એનામાં અંતર અભિપ્રાયમાં પરિણમન કરીને, મિથ્યાત્વનો ત્યાગ અને અનંતાનુબંધીનો ત્યાગ થાય એ પહેલા મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ભાગ, એ બીજા નંબરનો કીધો એ પછી ત્રીજા નંબરનો આ કહેશે. સમજાણું? એવી શૈલી લીધી છે.

અપ્રત્યાખ્યાનાવરણીયને ત્રીજા નંબરના પરિગ્રહમાં એમ કીધું. ભાઈએ એવી શૈલી લીધી. નહિતર તો આમ છે ને મિથ્યાત્વનો પરિગ્રહ અને કષાયનો ત્યાગ. પાંચ અને નવ, ચૌદ એમ છે. મિથ્યાત્વ, કષાય ચાર એટલે પાંચ અને નવ, પેલા ચૌદ. પણ એ કષાયના પાછા બે ભાગ પાડ્યા. 'ટોડરમલ્લજી'એ પાડ્યા કે પહેલો મિથ્યાત્વનો ત્યાગ, સમ્યક્નું ગ્રહણ. અનંતાનુબંધીનો ત્યાગ, સ્વરૂપની સ્થિરતાનું ગ્રહણ. એ બે થયા. એક મિથ્યાત્વ અને પહેલો કષાય. એ કષાયનો બીજો ભાગ, અપ્રત્યાખ્યાનાવરણીયનો ત્યાગ અને દેશચારિત્રની સન્મુખતાનું ગ્રહણ. બીજો, એ ત્રીજો કીધો એણે. પેલા બે થયા. નહિ તો આમ ચૌદમાં તો બીજામાં જ છે એ બધા. મિથ્યાત્વનો પહેલો અને કષાયનો બીજો એના ભેદ. પણ એમાં

પણ ભેદ પાડીને ક્રમ બતાવે છે. આવે છે ને? ક્રમ. સમજાણું કાંઈ?

કહે છે કે, આત્મા ભગવાન શુદ્ધસ્વરૂપથી વિપરીત અભિપ્રાય છે એ મિથ્યાત્વ છે એને પહેલો છોડી અને એની સાથે રહેલો અનંતાનુબંધી કષાય સમ્યગ્દર્શનના ચોર સ્વરૂપ છે. એ ચોરને છોડી અને આત્મા આત્માની શાંતિરૂપ શાહુકારી પ્રગટ કરી.

મુમુક્ષુ :– શાહુકાર હોય એને તો કાંઈ વાંધો નહિ ને?

ઉત્તર :– ક્યો શાહુકાર છે જગતમાં? પૈસાવાળા શાહુકાર કોણે કહ્યા?

મુમુક્ષુ :– આખી દુનિયા કહે છે.

ઉત્તર :– દુનિયા તો ગાંડી છે, ગાંડી ગાંડાના વખાણ કરે.

અહીં તો કહે છે, કે ભાઈ! તારી ચૈતન્ય અનંત સ્વભાવ સંપદાનું સ્વરૂપ તત્ત્વ તારું, જે પરમાત્મ સ્વરૂપ છે, પરમશુદ્ધ અનાકુળઆનંદ આદિ સંપદાની પૂંજી, મૂડી છે. એટલી મૂડીને ન માનતા, એને પુણ્ય-પાપના રાગવાળો, શરીરવાળો ને બંધવાળો માનવો, એ મિથ્યાઅભિપ્રાય છે, એ પરિગ્રહ છે એમ કહે છે અહીં તો. પરિગ્રહની વ્યાખ્યા જુઓ! ઓહો..હો..! આચાર્યોની વાત, કથનને મુકવાની રીત...! સમજાણું? આ અભિપ્રાયને પકડ્યો છે અને આ અભિપ્રાયને છોડ્યો છે. મિથ્યાઅભિપ્રાયને પકડ્યો છે અને સમ્યક્અભિપ્રાયને છોડ્યો છે. અનંતાનુબંધીને પકડ્યો છે અને સ્વરૂપના આચરણની સ્થિરતાને છોડી છે. તો હવે કહે છે કે, મિથ્યાત્વ અને અનંતાનુબંધીના પરિણામને છોડ, સમ્યગ્દર્શન અને સ્વરૂપના આચરણને ગ્રહણ કર. જુદી વાત છે આ બધી. પૈસા-બૈસાવાળાની અહીં ગણતરી ન મળે અહીં તો. ગણતરી છે. એક જણો કહેતો હતો તે દિ', (સંવત) ૧૯૮૧ની સાલ. પેલા હતા ને? 'મણિયાર' નહિ? 'લીમડી'.

મુમુક્ષુ :– જુની વાત છે.

ઉત્તર :– હા, જુની ... 'કેશવલાલ', 'કેશવલાલ'. 'મોહનલાલ' આ છાલિયાપરામાં મકાન છે ને? ૧૯૮૧માં સાંઈઠ હજારના કરેલા. તે દિ' વ્યાખ્યાનમાં આવતા, દરબાર આવતા પોતે. ... દરબાર કહે અમારે આવવું છે. મેં કીધું અમારે ટાઈમ થઈ ગયો. એણે ન કહ્યું. .. ટાઈમ સિવાય વધારે રહેતા નથી. દરબાર આવે કે કોઈ આવે. છેલ્લે દિ' એક દરબાર આવ્યા અને પછી કહે અમે કાલે આવશું. એમ 'લાલચંદભાઈ'ને કહી ગયા, 'લાલચંદ' શેઠને અમે તો ઉઠ્યા. અમારે સત્તર-અઢાર દિવસ થઈ ગયા. હવે અમારે જાવું છે. એમાં એક ભાઈ આવ્યા 'મોહનભાઈ' કહેતા, શેઠ! અંકેવાળિયા. અંકેવાળિયા છે ને? બહાર બેઠા. મહારાજ! આ પૈસાવાળાને આમાં ધર્મમાં કાંઈ મોખ ખરો?

મુમુક્ષુ :– એનો નંબર લાગે કે નહિ?

ઉત્તર :– મોખ નહિ, કાંઈક એનું સ્થાન ખરું સ્થાન? પૈસાવાળાનું સ્થાન ધર્મમાં કાંઈ નથી. .... પૈસાવાળાનું સ્થાન ધર્મમાં નથી, કીધું. ભાઈ!

મુમુક્ષુ :– વ્યવહારે તો ખરો ને?

ઉત્તર :– વ્યવહાર કોનો? રખડવાનો વ્યવહાર કે આત્માનો વ્યવહાર? અહીં તો આત્માનો વ્યવહાર તો સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ આત્માનો વ્યવહાર કહ્યો છે. 'પ્રવચનસાર'. વિકલ્પ વ્યવહાર તો વળી ક્યાંય રહી ગયો, બહારનો વ્યવહાર તો ક્યાંય રહી ગયો. આત્મા ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ (છે) એમાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવી એ આત્માનો આત્મ વ્યવહાર છે. નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ (કરવા) એ વ્યવહાર. અંશ છે ખરો ને. સમજાણું કાંઈ? આમાં એ વ્યવહાર ક્યાં આવ્યો? પેલો તો આમ છક થઈ ગયો, કે આ તે કઈ જાતનો માર્ગ છે? આ તો કાંઈ ગણતા નથી. આ બધા લાખોપતિ દસ દસ લાખના આસામી. તે દિ' ૧૯૮૧ની સાલ, હોં! ૧૯૮૧ને કેટલા વર્ષ થઈ ગયા? ૪૨. ૪૨ વર્ષ (પહેલા) દસ દસ લાખ, વીસ લાખવાળા તો મોટા પાડા કહેવાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ખબર છે ને, એ તો બધી ખબર હતી. બધા આવતા. અહીં તો અમારી પાસે બેસે. કાંઈ ગણતરી-બણતરી કાંઈ શેઠિયાની કાંઈ નહિ. આ તો કોઈની સામું જોતા નથી. પચાસ પચાસ હજાર ખર્ચે. તો શું છે પણ ક્યાં તે દિ' આ પૈસા? ભાવ થયો એ પણ કેવો કર્યો છે તમે એ તમારે જાણવાનું. એ.. 'મોહનભાઈ'! માન માટે, આબરૂ માટે કે, અમે ખર્ચ્યા ને આ કર્યા ને જડના સ્વામી થઈને. કીધું, ધર્મમાં પૈસાવાળાનું સ્થાન નથી. છે સ્થાન અભિમાન કરે છે કે, અમે પૈસાવાળા એવા અધર્મમાં એનું સ્થાન છે, કીધું. એય...! 'હિંમતભાઈ'! પેલા 'મોહનભાઈ' તો... અંકેવાળિયાના ગામ બહાર બેઠા. જરી વાર લાગે અને મોડુ જાવું, મોડુ. બહાર સડકના ખૂણે બેઠા હતા. ત્યાં ઘોડાગાડી લઈને આવ્યા.

મુમુક્ષુ :– સંઘવીના અપાસરે ને.

ઉત્તર :– સંઘવીના અપાસરે, પણ આ તો અંકેવાળિયા ઉઠીને ગયા હતા. અંકેવાળિયા અપાસરે આવતા નહિ. એ વ્યાખ્યાન સાંભળવા આવતા. એ, આ દરબાર, પેલો ભાઈ દિવાન, રાજાનો ...

ના ના પેલો દિવાન. પાટીદાર. 'ગોપાલ'ના સાસરો, સસરા. 'ઝવેરભાઈ', 'ઝવેરભાઈ' હતા. બહુ ઠંડા માણસ હતા. ઠંડો. વ્યાખ્યાનમાં દોડી આવે. ૧૯૮૧ની વાત છે. પૈસાવાળાનું ધર્મમાં સ્થાન નથી, કીધું અધર્મમાં છે. આ તો આ કઈ જાતનો માર્ગ છે? કોઈનું સામું જોતા નથી, સારા પણ કહેતા નથી. એય...! 'ન્યાલચંદભાઈ'!

અહીં તો કહે છે કે, તું પરિગ્રહ નહિ પણ પુણ્યના પરિણામ એ મારા છે, મિથ્યાદૃષ્ટિપણાનો એણે અભિપ્રાય ગ્રહણ કર્યો છે, એ પરિગ્રહવંત છે. મિથ્યાત્વના પરિણામનો પરિગ્રહવંત છે. આહાહા! એ પરિગ્રહધારી છે. મિથ્યાત્વનો પરિગ્રહધારી છે. સમજાણું કાંઈ? એ પરિગ્રહપણું પાપ છે, તારે છોડવું હોય તો સ્વભાવ સન્મુખનું સમ્યગ્દર્શન પ્રગટ કરી,

www.vitragvani.com



એ પરિગ્રહને છોડ તો મિથ્યાત્વનો પરિગ્રહ છોડ્યો, એમ પહેલા પ્રકારમાં કહેવામાં આવે છે.

બીજો પ્રકાર અનંતાનુબંધીના પરિગ્રહનો ત્યાગ. એ પરિગ્રહ છે. સ્વરૂપમાં ન ઠરવું એવો અનંતબંધ સંસાર મિથ્યાત્વની સાથેનો, ક્રોધ, માન, માયા, લોભ પરિણામ, એ પરિગ્રહ છે. એ પરિગ્રહ પાપ છે. એ પરિગ્રહ છોડવો હોય તો સ્વરૂપમાં સ્થિરતા દ્વારા છોડ.

ત્રીજો પરિગ્રહ અપ્રત્યાખ્યાનાવરણી નામનો ભાવ, હોં! ભાવ. શબ્દ તો એમાં લખે તો બધું લખે. બાકી તો અહીં ભાવની વાત છે. ચૌદ પ્રકારના ભાવ પરિગ્રહની વાત છે ને અહીં?

મુમુક્ષુ :– અંતરંગ પરિગ્રહ એટલે ભાવ જ હોય ને.

ઉત્તર :– ત્યાં કર્મની વાત હતી કે દિ'? એ તો રજકણ છે, પર છે. ભારે કથનની પદ્ધતિ ગજબ! આભ્યંતર કહીને એના પરિણામ વર્ણવે છે અને એ પરિણામની પક્કડ તે પરિગ્રહ છે. જેને બીજા કષાયનો **'प्रविहाय'** પરિણામનો જે અસ્થિરતાનો ભાવ છે, તેને છોડી એકદેશ ચારિત્ર સન્મુખ થાય છે. ૯૮ પાને છે, ભાઈ! 'રાજમલજી'! બીજી લીટી.

**'એકદેશ ચારિત્ર સન્મુખ થાય અર્થાત્ ગ્રહણ કરે છે.'** કહો, સમજાણું કાંઈ? **'કારણ કે નિશ્ચયથી તે જ અપ્રત્યાખ્યાનાવરણ આદિ ચારે દેશચારિત્ર-શ્રાવકના વ્રતોનો ઘાત કરે છે.'** એ દેશચારિત્રનો ઘાત મૂળ તો અહીં સ્થિરતાનો જ ઘાત કરે છે એવા વ્રતનો વિકલ્પ પણ એને હોતો નથી. સમજાણું કાંઈ? દેશચારિત્રના શ્રાવકના વ્રત લેવાનો વિકલ્પ જ એને હોય શકે નહિ. અસ્થિરતા છે ને એકલી? છોડવાનો ભાવ શ્રદ્ધામાં હોવા છતાં છોડી શકે નહિ એના પરિણામમાં બીજા પ્રકારના કષાયની ડખલ છે. કષાયનો બીજો પ્રકાર. પરિગ્રહનો ત્રીજો પ્રકાર. સમજાણું કાંઈ?

એ પોતાના પરિણામની વાત છે. આમ અંદર આ છોડવું જોઈએ, છતાં એ પરિણામ છોડી શકે નહિ. એ પરિણામ રહે એ અપ્રત્યાખ્યાનાવરણીનો પરિગ્રહ છે. કહો, સમકિતીને પણ એટલો જે સમ્યક્ થયા છતાં, ક્ષાયિક સમકિત થયું છતાં અપરિગ્રહ, પ્રત્યાખ્યાનાવરણીયના પરિણામ છે એટલો પરિગ્રહ છે. આહાહા! એને છોડીને એકદેશ ચારિત્ર ભગવાનઆત્માની સન્મુખ થવાય છે, એનું નામ શ્રાવક અને પાંચમુંગુણસ્થાન કહેવામાં આવે છે. કહો, સમજાણું? **'આ રીતે આ ત્રીજો ભેદ અંતરંગ પરિગ્રહનો થયો.'** એ ભાઈએ લખ્યું, 'ટોડરમલ્લજી'માં છે ઇ, હોં! હવે બીજા રહ્યા નવ. ભાગ પાડ્યા છે ને?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૨૬

निजशक्त्या शेषाणां सर्वेषामन्तरङ्‌गसङ्‌गानाम्।
कर्त्तव्यः परिहारो मार्दवशौचादिभावनया।।१२६।।

અન્વયાર્થ :– માટે [ निजशक्त्या ] પોતાની શક્તિથી [ मार्दवशौचादिभावनया ] માર્દવ, શૌચ, સંયમાદિ દશલક્ષણ ધર્મદ્વારા [ शेषाणां ] બાકીના [ सर्वेषाम् ] બધાય [ अन्तरङ्‌गसङ्‌गानाम् ] અંતરંગ પરિગ્રહોનો [ परिहारः ] ત્યાગ [ कर्त्तव्यः ] કરવો જોઈએ.

ટીકા :– 'शेषाणां सर्वेषाम् अंतरंगसंगानाम् निजशक्त्या मार्दव शौचादि भावनया परिहारः कर्त्तव्यः' - અર્થ :– અને બાકીના જે ૧૦ પ્રકારના અંતરંગ પરિગ્રહ છે તેમને પોતાની શક્તિ અનુસાર પોતાના કોમળ પરિણામ તથા સંતોષરૂપી ભાવનાથી છોડવા અર્થાત્ યથાક્રમ બધાનો ત્યાગ કરવો.

ભાવાર્થ :– અંતરંગ પરિગ્રહ ૧૪ પ્રકારના છે. તેમના નામ આ જ ગ્રન્થમાં શ્લોક ૧૧૬માં બતાવ્યા છે. ૧ મિથ્યાત્વ, ૪ ચોકડીરૂપ ચાર કષાય, તથા ૯ હાસ્યાદિ [1]નોકષાય-આ રીતે ૧૪ ભેદ છે. તેમનો ક્રમપૂર્વક ત્યાગ કરવો. તેમાંથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી ૪ કષાય છે તે સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે. અપ્રત્યાખ્યાનાવરણી નામે ચાર કષાય છે તે દેશચારિત્રનો ઘાત કરે છે અર્થાત્ શ્રાવકપદ થવા દેતા નથી. પ્રત્યાખ્યાનાવરણી નામે ચાર કષાય તે સકલસંયમનો ઘાત કરે છે અર્થાત્ મુનિપદ થવા દેતા નથી. સંજ્વલનાદિ ૪ અને હાસ્યાદિ ૬ તથા ૩ વેદ-એ બધા યથાખ્યાતચારિત્રના ઘાતમાં નિમિત્ત છે. (નિજશક્તિના બળથી) આ રીતે આ બધાં વ્રતોને ક્રમપૂર્વક ધારણ કરીને, અંતરંગ પરિગ્રહને ક્રમપૂર્વક છોડવો જોઈએ. ૧૨૬.

---

ઓલા આઠ રહ્યા ને આઠ. આઠ છોડ્યા, નવ છોડ્યા અને આઠ કષાય અને નવ નોકષાય.

निजशक्त्या शेषाणां सर्वेषामन्तरङ्‌गसङ्‌गानाम्।
कर्त्तव्यः परिहारो मार्दवशौचादिभावनया।।१२६।।

---

૧. નોકષાય = ૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ શોક, ૫ ભય, ૬ જુગુપ્સા (ગ્લાનિ), ૭ સ્ત્રીવેદ, ૮ પુરુષવેદ, ૯ નપુંસકવેદ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જુઓ! અહીં પોતાની શક્તિથી. જુઓ! શ્રાવકને કહે છે હવે. આટલું તો ભલે છોડ્યું પણ શ્રાવકે આવો મનુષ્યદેહ ક્યારે મળશે? માટે સાર્થક કરવા માટે વાત તો ઊંચી જ કરે કે, નહિ? **'પોતાની શક્તિથી માર્દવ, શૌચ,...'** નિર્લોભતા, શૌચ એટલે સંતોષ, નિર્માનતા, કોમળતા... કોમળતા... કોમળતા... કોમળતાની ભાવના દ્વારા, નિર્લોભ અને સંતોષની ભાવના દ્વારા, સંયમ અને સ્વરૂપની સ્થિરતા કેમ કરું એવા સંયમની ભાવનાવાળા. **'દશલક્ષણ ધર્મદ્વારા...'** આદિ દશલક્ષણની ભાવના કીધી. મુનિનો જે ધર્મ છે ને દશલક્ષણ? એવા દસ પ્રકારની ભાવના દ્વારા, **'બાકીના બધાય અંતરંગ પરિગ્રહોનો ત્યાગ કરવો જોઈએ.'** લ્યો! સમજાણું?

**''शेषाणां सर्वेषाम् अंतरंगसंगानाम् निजशक्त्या मार्दव शौचादि भावनया परिहारः कर्त्तव्यः' - અર્થ :– અને બાકીના જે ૧૦ પ્રકારના અંતરંગ પરિગ્રહ છે...'** દસ લીધા છે. નહિતર તો ચાર અને ચાર આઠ ગયા. સમજાણું? અને એક મિથ્યાત્વ ગયું. આમ પાંચ જ ગયા ને? પેલા ચૌદમાંથી તો પાંચમાંથી બીજા બોલનો ભાવ છે ને આ બધો? પેલા નવ નોકષાય રહી ગયા. એટલે જરી આંકડાનો ફેર છે. આઠ અને પ્રત્યાખ્યાની ગુણ, અપ્રત્યાખ્યાની સંજ્વલન, આઠ અને નવ સત્તર રહ્યા, નવ રહ્યા ને પેલા? સત્તર રહ્યા.

મુમુક્ષુ :– કષાયમાં બે ગણ્યા. કષાયના ચાર..

ઉત્તર :– એટલે આ જ્યારે આમ ગણ્યું ને, એટલે બે ભેગા ગણો. બે ને નવ તો અગિયાર. અહીં તો બધા કષાયને એકમાં જ ગણ્યા છે, બીજા નંબરમાં. એક મિથ્યાત્વ, એક કષાય, પાંચ અને નવ પેલા. ચૌદ એમ જ ગણ્યા છે ને? પછી બીજાના ભાગ પાડ્યા છે, બીજાના ભાગ પાડ્યા. ચોથે ગુણસ્થાને પહેલો કષાય જાય, પાંચમે ગુણસ્થાને બીજો જાય, પછી બે રહ્યા. બે કષાય–પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલનાદિ બે રહ્યા. એમ. ભલે આઠ રહ્યા, પણ એને ગણીને, ભેગું ગણીને ગણ્યું છે ને? બે રહ્યા ને નવ રહ્યા નોકષાય. હાસ્ય આદિ ષટ્ અને સ્ત્રી વેદ આદિ ત્રણ. એ ૧૧ પ્રકારના અંતરંગ પરિગ્રહ છે, ત્યાં ૧૦ (લીધા). **'અને બાકીના જે ૧૦ પ્રકારના અંતરંગ પરિગ્રહ છે...'** એમ લખ્યું છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા હા એ જ ભાષા. આમાં પણ એ જ છે.

**'તેમને પોતાની શક્તિ અનુસાર...'** એમ લીધું છે, સમજ્યા ને? પાછું. પેલો તો ત્યાગ કરે જ, એટલો તો પાંચમે હોય જ. પણ ત્રીજા, ચોથા કષાય અને સ્ત્રીવેદ, પુરુષ, નપુંસકવેદની વાસના, અને હાસ્ય રતિ, અરતિ, ભય, શોક, દુગંછા એને નિજ શક્તિ અનુસાર... સમજાણું? બાકીના બધા અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ. સમજાણું? પેલામાં **'प्रविहाय'** હતું. આમાં **'परिहारः'** છે.

**'કોમળ પરિણામ તથા સંતોષરૂપી ભાવનાથી...'** માર્દવનો અર્થ કોમળ કર્યો, શૌચનો

www.vitragvani.com



અર્થ સંતોષ કર્યો. બરાબર છે. નિર્લોભતા કહો, સંતોષ કહો. દશલક્ષણ ધર્મદ્વારા છોડવા, એની ભાવના કરવી એમ કહે છે. દસ પ્રકારના ધર્મની ભાવના દ્વારા છોડવાની નિજ શક્તિએ શક્તિ પ્રમાણે છોડવા. આ તો અંતરની દૃષ્ટિપૂર્વકની સ્થિરતા દ્વારાની વાત છે, હોં! આમ છોડવા એટલે બહારનું છોડે ને એ નથી આ. મૂળ રહી ગયા વિના કહે કે આ છોડો, આ છોડો, છોડો બાહ્ય પરિગ્રહ. એ બાહ્ય પરિગ્રહ ક્યાં છોડ્યો છે? સમજાણું?

**ભાવાર્થ :– 'અંતરંગ પરિગ્રહ ૧૪ પ્રકારના છે. તેમના નામ આ જ ગ્રન્થમાં શ્લોક ૧૧૬માં બતાવ્યાં છે. ૧ મિથ્યાત્વ, ૪ ચોકડીરૂપ ચાર કષાય,...'** એમ નાખ્યા છે ને એમાં? **'તથા ૯ હાસ્યાદિ નોકષાય-આ રીતે ૧૪ ભેદ છે. તેમનો ક્રમપૂર્વક ત્યાગ કરવો. તેમાંથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી ૪ કષાય છે તે સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે.'** લ્યો! આમાં આવ્યું. એ અનંતાનુબંધી સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે એમ આવ્યું. આગળ આવશે બીજું ૧૭૧ પાને. સ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ આચરણ એને અનંતાનુબંધીના પરિણામ ઘાત કરે છે.

મુમુક્ષુ :– બેના ઘાત કર્યા. સમકિતનો ઘાત કર્યો અને આનો પણ ઘાત કર્યો.

ઉત્તર :– એ એને કારણે. સાથે છે ને. કહેવાય. મૂળ તો સ્વરૂપાચરણનો ઘાત (છે). સાથે સમ્યગ્દર્શનને ઘાત છે એટલે કહેવાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કહ્યું, જુઓ! તેમાં સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે.

**'મિથ્યાત્વ અને અનંતાનુબંધી ૪ કષાય છે તે સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે. અપ્રત્યાખ્યાનાવરણી નામે ચાર કષાય છે તે દેશચારિત્રનો ઘાત કરે છે અર્થાત્ શ્રાવકપદ થવા દેતા નથી.'** ભાવ, હોં! ભાવની વાત છે, હોં! અહીંયા પાછી. ભલે આમ નિમિત્તથી કથન નાખ્યું હોય. ભગવાનઆત્મામાં આનંદ સ્વરૂપનું ભાન હોવા છતાં, આનંદમાં સ્થિરતા થવા ન દે, એવા અસ્થિરતાના પરિણામ, તેને અહીંયાં પ્રત્યાખ્યાનાવરણી આદિ ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પ્રકૃતિનું ભાન છે.

ઉત્તર :– ભાન છે ને. નિમિત્ત તરીકે એનામાં છે. એમાં શું છે?

મુમુક્ષુ :– શાહુકારનું સ્થાન ક્યાં છે અને એમાં કર્મનું સ્થાન ક્યાં છે એમ કહે છે?

ઉત્તર :– કર્મનું સ્થાન નિમિત્તમાં આવ્યું, આત્માના પરિણામમાં નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– આત્માના પરિણામમાં અત્યંત અભાવ આવી ગયો?

ઉત્તર :– પરદ્રવ્ય છે ને પરનો ઉદય છે, ઉદય કહો તો જડની પર્યાય છે. એનો તો આમાં અભાવ છે. આમાં આ પરિણામમાં એને અડે છે કે દિ'? કર્મના ઉદયને જીવના પરિણામ અડ્યા જ નથી ને. વિકારી પરિણામ થયા છતાં ચારિત્રના ઉદયને અડ્યો જ નથી. અહીં તો આભ્યંતરથી જ વાત સીધી લીધી છે ને પ્રશ્ન ક્યાં હવે આમાં. કર્મના રજકણોનો

www.vitragvani.com



જે ભાગ છે, આભ્યંતર પરિગ્રહ છે એ વાત જ ક્યાં છે અહીં.

મુમુક્ષુ :– નહિ પણ પરિગ્રહમાં લીધો જ નથી.

ઉત્તર :– એને પણ ક્યાં પરિગ્રહ છે? એણે ભાવ કર્યા એ પરિગ્રહ, અને એનું નિમિત્ત થાય છે બહારથી. પેલી ચીજ ને આભ્યંતર નિમિત્તની વાત લીધી. નોકર્મની વાત લીધી છે. બસ! આહાહા!

આનંદનું ધામ ભગવાનઆત્મા છે. એ આનંદમાં પ્રવેશ કરવા માટે, દૃષ્ટિની સવળાઈ કરવા માટે, પહેલો મિથ્યાત્વભાવ છોડવો જોઈએ. ભગવાનઆત્માના આનંદનો સ્પર્શ અનુભવ કરવા માટે, અનંતાનુબંધીનો ભાવ સાથે છોડવો જોઈએ. અને પછી વિશેષ આત્માની શાંતિ, જે સર્વાર્થસિદ્ધના દેવને શાંતિ નથી એથી વધારે પાંચમેગુણસ્થાને શાંતિ હોય છે. સમજાણું? ભલે એ સર્વાથસિદ્ધના દેવ એક ભવે મોક્ષ જાય, અને પાંચમાવાળાને કદાચ કોઈ પાંચ, સાત ભવ હોય પણ ખરા, છતાં વર્તમાન તો શ્રાવકને શાંતિના પરિણામ સર્વાર્થસિદ્ધના દેવ કરતા ઘણા ઊંચા છે. કહો, એને શ્રાવક કહે છે.

મુમુક્ષુ :– દેવોને તો સુખ છે.

ઉત્તર :– કોણ સુખો દેવ? ધૂળમાં પણ સુખી નથી દેવ. કોણે કીધું?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– વાણિયાના ઘરે અવતર્યા. ઘણા બધા અવતર્યા છે. વાણિયાને ઘરે અવતરીને પાછા ઈંડા પણ ખાય છે. (સંવત) ૧૯૯૦ની સાલમાં અમારે એક તો કહેતો હતો. અમારા શેઠ વાણિયા છે પણ કુકડી બહાર રંધાવીને ખાય છે. ઘરે બાયડી રાંધી ન દે તો બહાર રંધાવીને ખાય છે. ૧૯૯૦ની સાલમાં એક જણો કહેતો હતો. ઘણા માણસો આવે ને. પેલું દવાખાનું નથી? ન્યાં પેલા રસ્તે? 'નાનાલાલભાઈ'ના ઘરે જતાં એક દવાખાનું છે ને? છેલ્લા પેલા ભીલના મકાન છે એની આની કોર. ભીલનું જાય ત્યાં આમ પાછલું મકાન.

મુમુક્ષુ :– પારસીનું દવાખાનું.

ઉત્તર :– હા. દવાખાનું. એમાં એક નોકર હતો. ઘણું કરીને 'તારાચંદભાઈ'નો ભાઈ જ હતો, 'કપુરભાઈ'થી નાનો, 'તારાચંદ' છે ને? 'ચોટીલા' 'કપુરભાઈ' મોટા હતા ને? એનાથી નાનો.

મુમુક્ષુ :– કપુરભાઈ ગુજરી ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા એ. એનો વચલો ભાઈ હતો. એને ત્યાં નોકર હતો. એ કહેતો હતો એક ફેરી ન્યાં.

મુમુક્ષુ :– 'અંકલેશ્વરીયા' ડોક્ટર હતા. નીચા ઘર છે એની સામે.

ઉત્તર :– એણે કીધું કે, આમ કો'ક ફલાણા શેઠને એમ કાંઈક કહેતો હતો. આહાહા! પાછો કહે કે, એવી રીતે રાંધજો કે રવો રવો થાશે, એમ બોલતો હતો. શેરો થાય ને રવાનો?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શેરો, એમ રાંધીને રવો રવો થાય એવું કરજો. વાણિયા તે કાળાકેર કરે છે ને. શું કહેવું આમાં? એય..! 'પોપટભાઈ'! વાણિયા નામ પાડે એટલે શું થઈ ગયું? ભંગીયો સમ્યગ્દર્શન પામે, ભંગી. કહો, ઢેઢને ઘરે અવતર્યો, ઢેઢ તો વળી હરીજન, પેલો તો ભંગીયો. એમાં શું છે? આત્મા છે ને! આહાહા! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં કહ્યું છે કે, દેવ છે. એ ભંગી પણ આત્મદર્શન અને શ્રદ્ધા, જ્ઞાનને અનુભવે છે એ દેવ છે, એ દેવ છે. 'સમંતભદ્રાચાર્ય' એમ કહે છે. કહો, આ વાણિયાના અવતારની વાત પણ ક્યાં હતી?

જેમ અગ્નિ રાખે ભારેલી હોય, રાખથી, એમ એનું ચૈતન્યઅગ્નિ જળહળ જ્યોતિ અંદર દૃષ્ટિમાં છે. અને બહારથી કાળા શરીર, મેલા શરીર, નીચ ગોત્ર, હલકા અથવા આવું શરીર. કાંઈ ન મળે. સમજ્યા ને? બહારનું શું કામ છે? શરીર તો કાળું પણ હોય અને ચાઠા શીતળાના થાય છે ને. આખા મોઢે આવા આવા હોય. એમાં શું છે? એની સાથે આત્માને શું છે? રાખે ભારેલી અગ્નિ જેવા એ. એ ચંડાળ સમ્યગ્દૃષ્ટિ અગ્નિ જેવા, રાખે ભારેલી અગ્નિ છે. અગ્નિ અંદર જળહળ બળે છે. આહાહા! બહારમાં પુણ્ય ઓછા, શરીર કાળા, શરીર મેલા. સમજ્યા ને? એવું બધું (હોય). 'પોપટભાઈ'! અહીં તો આત્માની કિંમત છે, ભાઈ! નાતની નહિ. આહાહા!

નાગર જેવા હોય અને પચાસ પચાસ લાખ, કરોડ, બબ્બે કરોડના મોટા ફાંદાવાળા હોય. શરીર ફાંદા મોટા બબ્બે કરોડ, પાંચ કરોડ રાખતા હોય અને મોટા મોટરો બધી લાખ, લાખ રૂપિયાની શું કહેવાય? હજારની પેલી.. એય..! ઊંચી કહેવાય છે ને? આપણને તો નામ પણ આવડે નહિ અંગ્રેજીના. એમાં બેસતા આમ હળવે ચાલે. પાણી હલે નહિ. એવી લાખ રૂપિયાની મોટર આવે છે ને. એ આને ખબર હોય, બોલતા નથી. સડક એવી હોય ને કંઈ જાણે ક્યાં બેઠા છીએ એમ ન લાગે. ધૂળમાં પણ નથી, કહે છે. અંદર મિથ્યાત્વ પડ્યું છે તો અંધારે અંધારા છે, ચંડાળ છે. આહાહા! કષાય અગ્નિથી સળગી રહ્યો છે અંદર, આકુળતાથી બળી રહ્યો છે. સમ્યગ્દૃષ્ટિ ચંડાળ શાંતિ... શાંતિ... એકલી શાંતિ. સમજાણું કાંઈ?

બહારના સંબંધ અને સંયોગ સાથે તત્ત્વની દૃષ્ટિ અને અનુભવને ક્યાં સંબંધ છે? સાતમી નરકનો નારકી, જુઓ! ઓહો..હો..! સમ્યગ્દૃષ્ટિ છે. અને પહેલી, બીજી નારકીનો ક્ષાયિક સમકિતી હોય, લ્યો! 'શ્રેણિક' રાજા અત્યારે, જુઓને! ક્ષાયિક સમકિતી છે. બહારથી જુઓ તો ઓહો..હો..! અગ્નિની પીડા, અગ્નિનો સંયોગ, શરીર જળી રહ્યું, બળી રહ્યું હોય, આંખો ફાટી જાય. આહાહા! 'શ્રેણિક' રાજાને પહેલી નરકમાં અંદર ક્ષાયિક સમકિતની દશા છે. અંતર સ્વરૂપને અનુભવીને આત્માને પકડ્યો છે એ જ્ઞાનના તેજના પૂર છે. એમ જ્યાં અંતર અનુભવમાં, દૃષ્ટિમાં આત્મા આવ્યો, બેઠો, કહે છે કે એ ચૈતન્ય શાહુકાર થઈ ગયો. સમજાણું કાંઈ? નહિતર તો ચોર છે. આહાહા!

મુમુક્ષુ :– ક્ષાયિક સમકિતી હોય ઈ નરકના દુઃખમાં રાડુ નાખતો હોય.

ઉત્તર :– અસહનશિલતા હોય એટલું થાય. છે ને. પણ ભિન્ન રહીને છે. ત્રણ કષાય છે. પણ ભિન્ન રહીને એ ભાવ છે, હોં! આહાહા! અને એ શીતળ, ઠંડી વેદના સાતમી નરકની. લાખ મણનો લોઢાનો ગોળો, જુવાન લુહારના છોકરાએ છ મહિના ટીપીને મજબુત કર્યો હોય, ત્યાં મુકે તો જેમ અગ્નિના ... ઉપર ઘીનો લોચો મુકે ને ઓગળી જાય, એમ એ ઓગળી જાય. એવી શીત. ભાઈ! એ બધું છે, હોં! એને આસ્થામાં બેસતું નથી. કોણ જાણે આંખ એવી મીચી નાખી છે ને. આવી સ્થિતિમાં ભાઈ! તું અનંતવાર ગયો છો. એ દુઃખ તારા વેઠ્યા ગયા. સમજ્યા છે? એવી વેદનામાં પણ, ભડાક દઈને અંદર અનુભવ કરીને સમ્યગ્દર્શન કરે છે, લ્યો. કહો, સમજાણું? એ શાહુકાર છે.

અહીં અબજોપતિ ગૃહસ્થ, રૂપાળા શરીર, મોટા ફાંદા, ઝરીના લુગડા. સમજાય છે ને? લાખ લાખ રૂપિયાની મોટરો. પચ્ચીસ, પચ્ચીસ લાખના મોટા બંગલા અને સાતમે માળે આમ બેઠો હોય. આમ હેઠે ઉતરે તો પેલામાં લીફ્ટમાં ઉતરે ને ચડે. ચોર છે, ચોર છે. આહાહા! એય.. 'મલૂપચંદભાઈ'! બહુ જુદી જાતના ગજ આ તો. આહાહા! જુઓને! ભાષા આચાર્યે પોતે મુકી છે ને. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય સમ્યગ્દર્શનના ચોર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શેઠ કોણ હતો? આ સમજે એ શેઠ. ભાઈએ ન કીધું? '(દીપચંદજી)' સેઠિયાએ. 'સ્વરૂપ સંભાળે સો શેઠ, બાકી અનુચર જાણજો જી.' લ્યો! બતાવ્યું હતું કે નહિ? છે કે નહિ અહીં? કહ્યું રાખે છે. ગુણીજન, ગુણીજન એટલે આત્મા, હોં! 'ગુણીજન સંભાળે સો હી છે શેઠ' એને સંભાળે. અનંતગુણનો પિંડ પ્રભુ આનંદકંદ સહજાનંદમૂર્તિ છે. પેલો અઢી વર્ષનો છોકરો મરી ગયો એની જોડે પડ્યો હતો. મડદા પાસે બોલે છે, એની મા. સેઠિયાએ બનાવ્યું હતું. પેલો છોકરો પડ્યો હતો. ગૃહસ્થનું સારું મોટું ઘર. એટલે બધા રોવા ભેગા થાય. રોવા ભેગા થાય ને? લગન વખતે ગાવા ભેગા થાય. છે ને? લગન વખતે ગાવા ભેગા થાય, આવા વખતે રોવા ભેગા થાય. મોટા ઘરે મોટા થાય અને નાના ઘરે નાના ગાવા ભેગા થાય. 'ગુણીજન સંભાળે સો હી શેઠ, અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' આ બાયું રોવે છે ને? મારા પેટ પેટ કરીને નથી રોતી? પેટ કે દિ' તારું હતું? હવે મફતની... સમજાણું કાંઈ? મારા જ્ઞાન, એમ કહ્યું જુઓ! બે વાત કહી. 'અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' જોયું? આહાહા! 'ગુણીજન દુઃખ-સુખ કરે જીવ ...' સંસારની કલ્પના. 'આત્મ સુખ જીત્યો જી. મારા જ્ઞાન, ગુણીજન અંતસ પ્રભુ પદ જાય, સિદ્ધત્વપદ પામશા જી' સિદ્ધપદને પામશું એ અમારી શાહુકારી છે. સમજાણું? આ હિન્દીમાં છે. એમાં આવ્યું છે ને તમારે? એ આવે છે ને પહેલા હતા. બેન પાસે નહિ હોય. બેન! એ પુસ્તક છે? આ નથી. આપજો. આ તો હિન્દીમાં બનાવેલું છે. એ ગુજરાતી સમજે છે. કાલે વિચાર

www.vitragvani.com



આવ્યો હતો કે બેન કીધું આ ગુજરાતી સમજશે કે નહિ આ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા હા. સમજે છે. કહો, સમજાણું? આહાહા!

**'મિથ્યાત્વ અને અનંતાનુબંધી ૪ કષાય છે તે સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે.'** કહો, આહાહા! એમાં આવ્યું સ્વરૂપાચરણ ચારિત્ર, જુઓ! સ્વરૂપાચરણરૂપ ચારિત્ર. એ તો આપણે આમાંથી કાઢ્યું હતું ને? અવિરતીનું. આમાંથી કાઢ્યું નહિ? શેમાંથી? પાત્રમાંથી કાઢ્યું હતું ને. પાત્ર આવશે ને આગળ. અવિરતી અને ત્રણ સંયોગ, કેટલામી ગાથા?

મુમુક્ષુ :– ૧૭૧

ઉત્તર :– તે દિ' કાઢ્યું હતું. ૧૭૧.

**'હવે પાત્રોના ભેદ...'** જોયું?

**पात्रं त्रिभेदमुक्तं संयोगो मोक्षकारणगुणानाम्।**
**अविरतसम्यग्दृष्टिः विरताविरतश्च सकलविरतश्च।।१७१।।**

**'મોક્ષના કારણરૂપ ગુણોનો અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ગુણોનો સંયોગ જેમાં હોય, એવા પાત્ર વ્રતરહિત સમ્યગ્દષ્ટિ...'** પણ પાત્ર છે. કહો, એને ત્રણનો સંયોગ કહ્યો છે. સમ્યગ્દષ્ટિને પણ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો અંશ જે છે એને લઈને ચારિત્રનો સંયોગ કહ્યો છે. સમજાણું કાંઈ? ઉપર ત્રણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનો સંયોગ છે, ત્રણનો એને સંયોગ છે. ચોથે ગુણસ્થાને ત્રણનો સંયોગ છે. તેથી તેને જઘન્યપાત્ર વ્રત રહિત સમ્યગ્દષ્ટિને કહ્યું. **'દેશવ્રતી અને મહાવ્રતી ત્રણ ભેદરૂપ કહેલ છે.'** એ ભેદ આવશે. ત્રણ ભેદ કહ્યા છે ને? ન્યાયથી તો એમ બેસે છે એમ લેવું જોઈએ ને? ઉત્તમ પાત્રની ઓળખાણ કરીને ... કહો, સમજાણું? આમાં તો ચોથા ગુણસ્થાનવાળાને પણ જઘન્ય પાત્ર ગણ્યા છે. પાંચમાવાળાને મધ્યમ અને મુનિને ઉત્કૃષ્ટ.

કાલે લેખ આવ્યો છે ને? જોયોને લેખ? ચોરાશી હજાર સાધુ. એ.. 'ન્યાલચંદભાઈ'! એક જણાને સંકલ્પ આવ્યો, કે મારે ચોરાશી હજાર સાધુને આહાર દેવા. ચોરાશી હજાર સાધુને. હવે શું કરવું? ચોરાશી હજાર સાધુ ક્યાં મળે? એટલે એક વિમલનાથ કેવળી હતા, વિમલનાથ કેવળી. એને પૂછ્યું. મહારાજ મારે ચોરાશી હજાર સાધુનો આહાર વ્હોરવાનો એનો સંકલ્પ કર્યો છે, મારે શું કરવું? તેથી ભગવાન કહે છે એને કે, એ વાતું કલ્પનાથી છે, હોં! વાત સાચી નથી. એને કહે જો ભાઈ! એટલા બધા સાધુ મળશે નહિ અને એટલું બધું નિર્દોષ ભોજન પણ ક્યાંથી મળે?

ત્યારે કહે 'કચ્છ'માં એક 'વિજય' શેઠ અને 'વિજ્યા'રાણી છે. 'વિજયા' એક સ્ત્રી છે, શેઠાણી. પતિ-પત્નિ બે. એ પહેલેથી જાવજીવના બ્રહ્મચારી છે. 'કચ્છ'માં. કારણ કે, એકને શુકલપક્ષની બાધા હતી, એકને વદની બાધા હતી. સમજાય છે? એમાં બેના થઈ

www.vitragvani.com



ગયા લગન. ધણી કહે છે કે, મારે ત્રણ દિ'ની હજી બાધાની મારે વાર છે. લગનના દિવસથી પછી હજી બાધાને ત્રણ દિ' બાકી હતા. બાય કહે, કે સ્વામી! નાથ! મારે પછી શુકલ પક્ષની બાધા છે. આપ બીજી પરણો, મારે તો શુકલ પક્ષની બાધા છે. તમારે વદની બાધા છે. સ્ત્રી! તું જ્યારે આવા ભાવમાં (રહે છે), હું પણ આ રીતે બાધા જ લઈ લઉં છું. એમ કરીને બે જણા બ્રહ્મચર્ય પાળે છે. વિમલનાથ કેવળી કહે છે કે, એને એકને વ્હોરાવ તો ચોરાશી હજાર સાધુનું ફળ આવે. વાત કેવળી પાસે કહેવડાવી.

મુમુક્ષુ :– એનાથી મોટો આધાર કોણ?

ઉત્તર :– પણ એ તો મધ્યમ પાત્ર છે, જો શ્રાવક સાચા હોય તો. એ તો મધ્યમ છે અને ચોરાશી હજાર સાધુ તો ઉત્તમ પાત્ર છે. ઉત્તમ પાત્રની સાથે આને મેળવે એ કાંઈ વીતરાગના વચન હોય? એ કથા જ સાચી નથી.

મુમુક્ષુ :– ચોરાશી હજારથી એક શ્રાવક વધી ગયો.

ઉત્તર :– વધી ગયો. ન્યાયથી કાંઈ તુલના કરવી જોઈએને. વાર્તા આમ જોડી દે.

મુમુક્ષુ :– સાધુ જંગલમાં રહે. આ બંગલામાં રહે.

ઉત્તર :– અરે..! બંગલાની બીજી વાત, પણ મુનિની ક્યાં વાત! અહો..! મુનિ પરમેશ્વર જેની પરમેશ્વર વૃત્તિ છે. સાચા મુનિની એવા છે ને? એ ક્યાં એકલા નગ્ન થઈ ગયેલા. અલૌકિક આનંદમાં ઝૂલે, આહાહા! એ પાત્ર એટલે પરમેશ્વર પાત્ર છે. અને પેલા ગૃહસ્થ ભલે, પણ આ તો નવ વાડે બ્રહ્મચર્ય પાળનારા. શાસ્ત્રમાં તો એવો નિયમ છે. પણ આવી કથાઓ કહે તો લોકોને એમ થાય કે, આહાહા! પણ આ નથી. ગપ્પો માર્યો છે એણે.

મુમુક્ષુ :– એને લડાવે પાછી.

ઉત્તર :– લડાવી છે ને. એ જૈન સંદેશમાં નાખી પાછી, દિગંબરમાં. પરમ દિ' વાંચી. એ.. 'રાજમલજી'! જુઓ! ન્યાયથી કાંઈ તુલના કરવી કે એમ ને એમ લખાણ દીધે જ રાખવા?

મુમુક્ષુ :– ભગવાને લખ્યું હોય તો સાચું જ હોય ને?

ઉત્તર :– ભગવાને પણ... કો'કે કલ્પનાએ જોડી દીધું અને કહે ભગવાને કીધું.

મુમુક્ષુ :– વિમલનાથ ભગવાને કીધું પછી...

ઉત્તર :– એમ જ ચડાવ્યું છે ને સૌએ. ભગવાનને નામે ચડાવી દીધું, ઊંધી વાત પણ. આ ભગવાને કીધી છે, જાવ. આહા..!

મુમુક્ષુ :– વિમલ કેવળીએ કીધું પછી કેમ રીતે ના પાડે.

ઉત્તર :– એ કથા જ કલ્પીત છે, તદ્દન જુદી વાત છે. બ્રહ્મચર્ય પાળી શકે છે. એમાં કાંઈ ... વાંધો નથી. પણ ચોરાશી હજાર મુનિઓને આહાર દે એનો લાભ, એકને મળે એટલો લાભ, એ વાતમાં ક્યાંય સાચી વાત નથી. એ વાત બની શકે છે. પતિ-પત્નિ હોય, બ્રહ્મચર્ય જાવજીવનું પાળી શકે, એમાં કાંઈ અતિરેક નથી. પણ ચોરાશી હજાર મુનિઓને

www.vitragvani.com



આપે અને એકને લાભ થાય એ ભગવાન કહે. 'છગનભાઈ'! જગતમાં આવી બધી વાતું ચાલે છે, ભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, હોય, હોય. બધું હોય. લોકોને લડાવે ને! ક્યાં લોકોને બિચારાને ખબર છે. હાંકે રાખે ગાડા ને કહે હા, હા આહાહા! તલવારની ધાર જેવું બ્રહ્મચર્ય પાળે. કહે છે. આહાહા! એક શૈયામાં સુતા પણ... તું શું કહેવા માગે છો? ભગવાન તો યથાર્થપણે નવ વાડે બ્રહ્મચર્યને બ્રહ્મચારી કહેવા માગે છે. ભલે એ બ્રહ્મચર્ય પાળતા હોય, એ કાંઈ પ્રશ્ન નથી પણ એથી કરીને તું મુનિ કરતા પણ એને વિશેષ દશા થઈ જાય છે, એવું હોય શકે નહિ.

મુમુક્ષુ :- ... કેવળી ભગવાને ગોતી દીધું.

ઉત્તર :- ગોતી દીધું. ઊંધું ગોત્યું આવું. કલ્પનાવાળાએ જોડી દીધું.

અહીં તો કહે છે, ઓહો..હો..! સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણનો ઘાત કરનારો એ અનંતાનુબંધી... દેખો! અત્યારે તકરાર ચાલે છે કે, ના. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ હોય જ નહિ. અનંતાનુબંધીનો કષાય સ્વરૂપઆચરણને ઘાત કરે એવું સાચું છે જ નહિ. લખ્યું છે એ આર્ષ વચન નથી, એમ વળી કહે છે, લ્યો! આ તો 'ટોડરમલ્લજી'નું વચન છે. અરે..! ભગવાન! પણ જીવને પોતાની વાત રાખવા માટે કંઈકના આર્ષ પ્રમાણ હોય એને ઉડાવે. કહો, સમજાણું?

**'અપ્રત્યાખ્યાનાવરણી નામે ચાર કષાય છે તે દેશચારિત્રનો ઘાત કરે છે અર્થાત્ શ્રાવકપદ થવા દેતા નથી.'** પેલો ભાવ, હોં! અહીં આભ્યંતરની ભાવની વાત છે. **'સંજ્વલનાદિ ૪ અને હાસ્યાદિ ૬ તથા ૩ વેદ-એ બધા યથાખ્યાતચારિત્રના ઘાતમાં નિમિત્ત છે.'** એ કર્મ લીધું પાછું. નિમિત્ત છે એમ કીધું ને? પણ અહીં તો ભાવની વાત છે. ભાવ જ છે ને ભાવને સમજાવવો છે. નિમિત્તથી ભલે વાત કરે છે.

**'(નિજશક્તિના બળથી) આ રીતે આ બધાં વ્રતોને ક્રમપૂર્વક ધારણ કરીને, અંતરંગ પરિગ્રહને ક્રમપૂર્વક છોડવો જોઈએ.'** ચૌદ પ્રકારના પરિગ્રહને છોડવાની વાત કરી. એ ચૌદ પ્રકારનો આભ્યંતર બતાવીને છોડવા માટે બતાવ્યો છે. આ પરિગ્રહ છે એ રાખવા માટે બતાવ્યું નથી. સમજાણું કાંઈ? પણ એને ક્રમે છૂટે. પહેલો આમ ને આમ વ્રત લઈ લે ને શ્રાવકના વ્રત અને મુનિવ્રત લઈ લે, મિથ્યાત્વનો ત્યાગ થયો નથી. એ માટે એનો ક્રમપૂર્વક ત્યાગ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલો મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ત્યાગ થઈ, પછી અપ્રત્યાખ્યાનાવરણીનો ત્યાગ થઈ, પછી પ્રત્યાખ્યાનાવરણીનો ત્યાગ થાય અને પછી સંજ્વલનનો ત્યાગ થઈ અને યથાખ્યાત થાય. એનો ક્રમ એમ છે. સમજાણું કાંઈ? ૧૨૬ થઈ. ૧૨૭.

www.vitragvani.com



## ગાથા–૧૨૭

બાહ્ય પરિગ્રહ ત્યાગવાનો ક્રમ

बहिरङ्गादपि सङ्गात् यस्मात्प्रभवत्यसंयमोऽनुचितः।
परिवर्जयेदशेषं तमचित्तं वा सचित्तं वा।।१२७।।

અન્વયાર્થ :– [ वा ] તથા [ तम् ] તે બાહ્ય પરિગ્રહને [ अचित्तं ] ભલે તે અચેતન હોય [ वा ] કે [ सचित्तं ] સચેતન હોય, [ अशेषं ] સમ્પૂર્ણપણે [ परिवर्जयेत् ] છોડી દેવા જોઈએ. [ यस्मात् ] કારણ કે [ बहिरङ्गात् ] બહિરંગ [ सङ्गात् ] પરિગ્રહથી [ अपि ] પણ [ अनुचितः ] અયોગ્ય અથવા નિંદ્ય [ असंयमः ] અસંયમ [ प्रभवति ] થાય છે.

ટીકા :– 'यस्मात् बहिरंगात् अपि संगात् अनुचितः असंयमः भवति तस्मात् तं अचित्तं सचित्तं वा अशेषं परिग्रहं परिवर्जयेत्' - અર્થ :– જેથી બાહ્ય ધન-ધાન્યાદિ પરિગ્રહથી પણ મહાન અસંયમ થાય છે અર્થાત્ જ્યાં સુધી પરિગ્રહ રહે છે ત્યાં સુધી સંયમનું સારી રીતે પાલન થઈ શકતું નથી. તેથી તે બાહ્ય પરિગ્રહ ભલે સજીવ હોય કે અજીવ હોય-બન્ને પ્રકારનો પરિગ્રહ છોડવો જોઈએ.

ભાવાર્થ :– બાહ્ય પરિગ્રહમાં સંસારના જેટલા કોઈ પદાર્થો છે તે બધા પ્રાયઃ આવી જાય છે. તેથી બાહ્ય પરિગ્રહના સજીવ અને અજીવ એવા બે ભેદ કર્યા છે. રૂપિયા, પૈસા, ખેતી વગેરે અજીવ પરિગ્રહ છે અને હાથી, ઘોડા, બળદ, નોકર, ચાકર એ સજીવ પરિગ્રહ છે. એનો પણ ત્યાગ એકદેશ અને સર્વદેશ થાય છે. ૧૨૭.

---

**'બાહ્ય પરિગ્રહ ત્યાગવાનો ક્રમ...'** હવે બાહ્યની વાત છે. ઓલા ચૌદ પ્રકારના પરિગ્રહનો ત્યાગ અને હવે બાહ્યનો ત્યાગ.

बहिरङ्गादपि सङ्गात् यस्मात्प्रभवत्यसंयमोऽनुचितः।
परिवर्जयेदशेषं तमचित्तं वा सचित्तं वा।।१२७।।

**'તથા તે બાહ્ય પરિગ્રહને ભલે તે અચેતન હોય કે સચેતન હોય,...'** ખુલાસો કરશે, હોં! અચેતન લક્ષ્મી આદિ બધી. સચેતન સ્ત્રી, કુટુંબ, પરિવારનો આત્મા. **'સમ્પૂર્ણપણે છોડી દેવા જોઈએ.'** એમ જ હોય ને? બાહ્ય પરિગ્રહ પણ સંપૂર્ણપણે છોડવા જોઈએ. તેથી આભ્યંતરની

www.vitragvani.com



પહેલી વાત લીધી છે અને બાહ્યની પછી લીધી છે. સમજાણું કાંઈ? **'કારણ કે બહિરંગ પરિગ્રહથી...'** એ આવ્યું. **'પણ...'** એમ છે ને? **'बहिरङ्गात् सङ्गात् अपि' 'અયોગ્ય અથવા નિંદ્ય અસંયમ થાય છે.'** જોયું? બહારના સંગથી પણ અનુચિત અયોગ્ય અસંયમ થાય છે. નિમિત્ત બહાર સંગ છે ને? એના પ્રત્યે એટલી મમતા થાય છે ને? માટે એ પણ છોડવું જોઈએ.

**ટીકા :– 'यस्मात् बहिरंगात् अपि संगात् अनुचितः असंयमः भवति तस्मात् तं अचित्तं सचित्तं वा अशेषं परिग्रहं परिवर्जयेत्'' 'परिहारो'** અહીં **'परिवर्जयेत्'** (લીધું છે). સર્વથા પ્રકારે. **'જેથી બાહ્ય ધન-ધાન્યાદિ પરિગ્રહથી પણ મહાન અસંયમ થાય છે...'** એ બાહ્ય લક્ષ્મી અને અનાજ આદિ કપડા, દાગીના વગેરે પણ મહાન અસંયમ થાય છે. **'જ્યાં સુધી પરિગ્રહ રહે છે ત્યાં સુધી સંયમનું સારી રીતે પાલન થઈ શકતું નથી.'** લ્યો! બાહ્ય પરિગ્રહનો સંગ રહે ત્યાં સુધી તે સંયમને પાળી શકે નહિ. **'તેથી તે બાહ્ય પરિગ્રહ ભલે સજીવ હોય કે અજીવ હોય-બન્ને પ્રકારનો પરિગ્રહ છોડવો જોઈએ.'**

**'બાહ્ય પરિગ્રહમાં સંસારના જેટલા કોઈ પદાર્થો છે તે બધા પ્રાયઃ આવી જાય છે.'** એમ કહે છે, સમજ્યા ને? બધું. લક્ષ્મી, કુટુંબ, સ્ત્રી, પરિવાર આ જે બધું બાહ્યમાં છે એ બધા આવી જાય છે. **'તેથી બાહ્ય પરિગ્રહના સજીવ અને અજીવ એવા બે ભેદ કર્યા છે.'** એમ. આત્મા સિવાય બાહ્યમાં બધું આવી જાય. સ્ત્રી, કુટુંબ, દીકરા, બાયડી, છોકરા, પૈસા, મકાન, ઘોડા, ગાયું, ભેંસુ એ બધું બાહ્ય પરિગ્રહ છે. ભેંસુ-બેંસુ રાખતા હતા ને પહેલા, નહિ? ભેંસુના ઘી. એ બધો પરિગ્રહ છે, કહે છે. અને એ છે ત્યાં સુધી એને મમતા છે. એમ કહે અમે આમ રાખીએ પણ અમારે મમતા નથી, એમ નહિ, એમ કહે છે. બાહ્ય પરિગ્રહમાં બધા આવી ગયા એમ કહીને પછી બે ભેદ પાડ્યા.

**'રૂપિયા, પૈસા, ખેતી વગેરે અજીવ પરિગ્રહ છે અને હાથી, ઘોડા, બળદ, નોકર,...'** બળદમાં ભેંસ, ગાય બધું આવી ગયું. **'નોકર, ચાકર એ સજીવ પરિગ્રહ છે. એનો પણ ત્યાગ એકદેશ અને સર્વદેશ થાય છે.'** શ્રાવકને એકદેશ ત્યાગ અને મુનિને સર્વદેશ ત્યાગ (હોય છે). લ્યો! સમજાણું?

મુમુક્ષુ :– ... આ અંતરંગનું રહી ગયું.

ઉત્તર :– બહારનું રહી ગયું, બહારનું છોડ્યું ક્યારે? કે એના પ્રત્યેનો જે મમત્વભાવ છે એ છોડે ત્યારે બાહ્ય છોડ્યું કહેવાય. નિમિત્ત છે ને એનો અભાવ થયો એટલે. કહેશે ને? અર્થમાં આવશે, પેલી કોર આવશે. નિવૃત્તિમાં આવશે, ૧૨૮માં. સમજાણું?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૨૮

### જે સર્વદેશ ત્યાગ ન કરી શકે તે એકદેશ ત્યાગ કરે

योऽपि न शक्यस्त्यक्तुं धनधान्यमनुष्यवास्तुवित्तादिः।
सोऽपि तनूकरणीयो निवृत्तिरूपं यतस्तत्त्वम्।।१२८।।

અન્વયાર્થ :– [ अपि ] અને [ यः ] જે [ धनधान्यमनुष्यवास्तुवित्तादिः ] ધન, ધાન્ય, મનુષ્ય, ગૃહ, સંપદા વગેરે [ त्यक्तुम् ] છોડવાને [ न शक्यः ] સમર્થ ન હોય [ सः ] તે પરિગ્રહ [ अपि ] પણ [ तनूकरणीयः ] ઓછો કરવો જોઈએ. [ यतः ] કારણ કે [ निवृत्तिरूपं ] [1]ત્યાગરૂપ જ [ तत्त्वम् ] વસ્તુનું સ્વરૂપ છે.

ટીકા :– 'योऽपि धन्यधान्यमनुष्यवास्तुवित्तादिः त्यक्तुम् न शक्यः सोऽपि मनुष्यः धन्यधान्यादिकः तनूकरणीयः यतः तत्त्वं निवृत्तिरुपं अस्ति' - અર્થ :– જે પ્રાણી ધન, ધાન્ય, વાસ્તુ, મનુષ્યાદિ બહિરંગ (દસ પ્રકારના) પરિગ્રહને સર્વથા છોડવાને અશક્ત હોય તેણે તેમાંથી થોડો પરિગ્રહ રાખવાનું પરિમાણ કરવું જોઈએ. કારણ કે તત્ત્વ ત્યાગરૂપ છે.

ભાવાર્થ :– બહિરંગ પરિગ્રહ મૂળ સજીવ અને અજીવના ભેદથી બે પ્રકારના છે. બન્નેના દસ ભેદ છે. ખેતર, મકાન, ચાંદી, સોનું, ધન, ચાર પગવાળા પશુ, વસ્ત્ર-પાત્ર, અનાજ, [2]દાસી, દાસ વગેરે એ બાહ્ય પરિગ્રહના દસ ભેદ છે. એનો જો સંપૂર્ણ ત્યાગ ન કરી શકે

૧. તત્ત્વ નિવૃત્તિરૂપ છે તેનો અર્થ :– દરેક વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી સદાય પરિપૂર્ણ જ છે અને પરદ્રવ્યાદિકથી શૂન્ય અર્થાત્ નિવૃત્તિરૂપ જ છે. વર્તમાન અશુદ્ધદશામાં પરદ્રવ્યના આલંબન વડે રાગી જીવને બાહ્ય-સામગ્રી પ્રત્યે મમત્વરૂપ રાગ ભૂમિકાનુસાર હોય છે તેનો સ્વાશ્રયના બળ વડે ત્યાગ કરાવવા માટે બાહ્ય પદાર્થના ત્યાગનો ઉપદેશ છે. વાસ્તવમાં તો આત્માને પરવસ્તુનો ત્યાગ જ છે પણ જે કંઈ રાગ, મમત્વભાવ છે તેના ત્યાગરૂપ નિર્મળ પરિણામ જેટલા અંશે થાય છે તેટલા જ અંશે રાગાદિની ઉત્પત્તિ થતી જ નથી. જ્યાં આવું હોય ત્યાં તે જીવને પર વસ્તુના ત્યાગનો કર્તા કહેવો તે તે જાતના અભાવરૂપ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. (નિશ્ચયસમ્યગ્દર્શન વિના અજ્ઞાનીના હઠરૂપ ત્યાગને વ્યવહારે પણ ધર્મ સંજ્ઞા નથી.)

૨. દાસી દાસાદિને દ્વિપદ = બે પગવાળાં કહેવામાં આવે છે.

www.vitragvani.com



**તો તેમાંથી પોતાની જરૂર જેટલાનું પરિમાણ કરીને રાખે અને બાકીનાનો ત્યાગ કરે, કારણ કે ત્યાગરૂપ જ તત્ત્વનું સ્વરૂપ છે. જ્યાં સુધી આ આત્મા [૨]ત્યાગધર્મનું આચરણ નહિ કરે ત્યાં સુધી તેને મોક્ષ મળશે નહિ. નિવૃત્તિ નામ પણ મોક્ષનું જ છે. આ રીતે હિંસાદિ પાંચે પાપોનું વિસ્તૃત વર્ણન કર્યું. ૧૨૮.**

---

**'જે સર્વદેશ ત્યાગ ન કરી શકે તે એકદેશ ત્યાગ કરે...'** ૧૨૮. સર્વથા પ્રકારે છોડી ન શકે, મુનિપણું અંદર આત્મધ્યાન આનંદકંદ સહિતનું, શાંતિ અને આનંદના ઘણા ઊભરા સહિત આનંદ આવવો. સર્વથા ત્યાગ થવો જોઈએ, એટલો ન કરી શકે તો એણે શ્રાવકપણે સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાનમાં, રાગના ત્યાગના અભાવમાં, રાગના ત્યાગનો અભાવ જે પર ઉપર લક્ષ જાય છે, તેટલો એનો અભાવ કરીને, પરનો પણ ત્યાગ કરવો.

**योऽपि न शक्यस्त्यक्तुं धनधान्यमनुष्यवास्तुवित्तादिः।**
**सोऽपि तनूकरणीयो निवृत्तिरूपं यतस्तत्त्वम्।।१२८।।**

જુઓ! આ હવે. **'અને જે ધન (નામ લક્ષ્મી), ધાન્ય (નામ અનાજ),...'** તે અનાજ બધા પરિગ્રહ છે. **'મનુષ્ય, ગૃહ, સંપદા વગેરે છોડવાને સમર્થ ન હોય તે પરિગ્રહ પણ ઓછો કરવો જોઈએ.'** ઓછો કરવો જોઈએ. કમ... કમ... **'यतः निवृत्तिरूपं तत्त्वम्'** લ્યો! એ નિવૃત્તિ રૂપ જ તત્ત્વ છે. પરના અભાવસ્વભાવરૂપ જ તત્ત્વ છે. આત્મા જ પરના અભાવસ્વરૂપ છે. જેટલો પછી અભાવ કરે એટલો નિષ્પરિગ્રહી થાય. આ સંબંધ છે ને? એટલો સંબંધ છોડે એ તદ્દન સંબંધ છોડે એ જ એવું તત્ત્વ છે એમ કહે છે. તત્ત્વ જ એવું છે કે જેમાં કાંઈ સંબંધ બીજાનો નથી. એવી નિવૃત્તિ ત્યાગરૂપ તત્ત્વ છે. ત્યાગ પાછા એવું સમજે કે, જેમ ત્યાગરૂપ તત્ત્વ એટલે જેટલો આપણે બાહ્યનો ત્યાગ કર્યો એટલો ત્યાગ તત્ત્વ એમ નહિ. અંતરની મમતાનો ત્યાગ થઈ.. કારણ કે, અંતરની મમતારૂપે ત્યાગ તત્ત્વ છે અને બાહ્યના ત્યાગરૂપે તત્ત્વ છે. તો અંતર મમતાનો ત્યાગ થઈ અને બાહ્યના પરિગ્રહનો પણ ત્યાગ (કરે). અહીં બાહ્ય પરિગ્રહમાં નાખ્યું છે. બધી વસ્તુના અભાવસ્વરૂપ નિવૃત્તતત્ત્વ છે એ. માટે જેમ બને તેમ શક્તિ પ્રમાણે બાહ્ય સંગનો પણ ત્યાગ કરવો. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**૨. ત્યાગધર્મ = જેમ પ્રકાશની ઉત્પત્તિ વિના અંધારું ટળે જ નહિ તેમ નિજ શુદ્ધાત્માના આશ્રય વડે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન અને સ્વરૂપમાં એકાગ્રતારૂપ શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ કર્યા વિના રાગનો ત્યાગ અર્થાત્ વીતરાગી ધર્મરૂપ મોક્ષનો ઉપાય અને મોક્ષ મળે નહીં.**

www.vitragvani.com



**પ્રવચન નં. ૫૫ ગાથા–૧૨૮ થી ૧૩૪ શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૧૫, તા.૦૭-૦૭-૧૯૬૭**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. ચૈતન્યને આત્માને મુક્તિનો ઉપાય. આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ જ્ઞાનસ્વરૂપ છે. એની પર્યાયમાં મુક્તિ કેમ થાય? એના ઉપાયનું વર્ણન છે. એમાં ૧૨૮ ગાથા. આ પાંચના પાપના ત્યાગની વાત છે. પરિગ્રહ, પરિગ્રહના ત્યાગમાં ચૌદ પ્રકારનો આભ્યંતર પરિગ્રહ એનો તો ત્યાગ કહ્યો. હવે આ બાહ્ય પરિગ્રહના ત્યાગમાં આ ગાથા આવી છે. ૧૨૮. ફરીને એનો અન્વયાર્થ.

**અન્વયાર્થ :– 'અને જે ધન, ધાન્ય, મનુષ્ય, ગૃહ, સંપદા વગેરે છોડવાને સમર્થ ન હોય તે પરિગ્રહ પણ ઓછો કરવો જોઈએ.'** આ બાહ્યની વાત છે. આભ્યંતર તો જેને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો પરિગ્રહ છૂટીને, સમ્યગ્દર્શન, જ્ઞાન ને સ્થિરતાનો અંશ પ્રગટ થયો છે. એવા જીવે આસક્તિ છે, પરિગ્રહમાં આસક્તિ, બાહ્યમાં અને અંદર ભાવમાં જરી રાગ છે. એ આસક્તિ છે એમાં પરિગ્રહમાં સુખબુદ્ધિ નથી. સમજાય છે? ધર્મીને પૈસામાં કે બાહ્ય પરિગ્રહમાં કે પરિગ્રહના થતાં મમત્વભાવમાં સુખબુદ્ધિ નથી પણ આસક્તબુદ્ધિ છે. એ આસક્ત એ પરિગ્રહ છે અને એ આસક્તિમાં બાહ્યપરિગ્રહ નિમિત્ત છે, એને પણ પરિગ્રહ કહેવામાં આવ્યો છે.

**'એને ઓછો કરવો જોઈએ. કારણ કે ત્યાગરૂપ જ વસ્તુનું સ્વરૂપ છે.'** અહીં સુધી આવ્યું હતું. આત્મા, પરવસ્તુના અભાવ સ્વરૂપ જ આત્મા છે. આ આત્મા, પોતાનો આત્મા, એ પોતાના આત્મા સિવાય, અન્ય પદાર્થ કર્મ, શરીર, વાણી, અનંતજીવ, અનંતપરમાણુઓ, એનાથી ત્યાગરૂપ–અભાવરૂપ જ આત્મા છે. સમજાણું કાંઈ? નીચે એનો અર્થ કર્યો છે, જુઓ!

એકડો, એકડો. **'તત્ત્વ નિવૃત્તિરૂપ છે...'** આત્મા તત્ત્વ છે એ નિવૃત્તિરૂપ છે એટલે કે **'દરેક વસ્તુ સ્વદ્રવ્યથી,...'** પોતાની શક્તિવાન એટલે તત્ત્વથી, **'સ્વક્ષેત્ર,...'** એટલે પોતાની પહોળાઈથી, **'સ્વકાળ...'** એટલે પોતાની વર્તમાન દશાથી, **'સ્વભાવથી...'** એના ત્રિકાળી શક્તિરૂપ ભાવથી **'સદાય પરિપૂર્ણ જ છે...'** સમજાણું કાંઈ? સદાય પરિપૂર્ણ છે. કેમકે પરિપૂર્ણનો અર્થ કે, પોતે પરથી શૂન્ય છે, સ્વથી અશૂન્ય છે. એ 'પ્રવચનસાર' શાસ્ત્રની ભાષા છે. ભગવાનઆત્મા પોતાનું દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ. ક્ષેત્ર એટલે એની પહોળાઈ, કાળ એટલે એની વર્તમાન દશા, અનંતગુણની વર્તમાન પર્યાય. ગુણ એટલે ત્રિકાળી ભાવ. એ ચારથી આત્મા પરિપૂર્ણ છે. લ્યો!

નિગોદમાં પણ સ્વકાળથી આત્મા પરિપૂર્ણ છે. એય..! 'પંડિતજી'! એનો અર્થ કે, પોતાથી અશૂન્ય છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અશૂન્ય છે એટલે કે પરિપૂર્ણ છે. એમ.

www.vitragvani.com



પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી શૂન્ય છે. આત્મા સિવાય કર્મ, શરીર આ તો બધા પરપદાર્થ છે, એનું પરનું દ્રવ્ય, એનું ક્ષેત્ર, એની અવસ્થા અને એનો ભાવ, એનાથી આત્મા અભાવસ્વરૂપ છે. કહો, સમજાણું આમાં? જુઓ! પરિગ્રહના અધિકારમાં પણ બાહ્યત્યાગમાં આ વાત લીધી. આત્મા સિવાય બીજા બધા પદાર્થો, એના આત્મામાં અભાવસ્વભાવરૂપ જ એ તત્ત્વ છે. એવી દૃષ્ટિ અંતરમાં સમ્યગ્દર્શન થયું. શુદ્ધઆત્મા પરના અભાવ સહિત છે, પોતાના સ્વભાવમાં પરિપૂર્ણ છે, એવો જે દ્રવ્યસ્વભાવ, એને વર્તમાન પર્યાયના લક્ષે, પર્યાયના આશ્રયમાં દ્રવ્યને લેતા, પર્યાયને દ્રવ્યનો આશ્રય આપતા... લ્યો! એ પર્યાય પરિપૂર્ણ છે એમ કીધું.

મુમુક્ષુ :– સ્વકાળ...

ઉત્તર :– સ્વકાળથી પરિપૂર્ણ જ છે, અશૂન્ય છે, અશૂન્ય એટલે પરિપૂર્ણ, પરથી ખાલી છે. પોતાની વર્તમાન અવસ્થાથી ત્રિકાળ દ્રવ્યનો આશ્રય લેવાથી જે સમ્યગ્દર્શન થાય, એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે. એવી દૃષ્ટિ થયા વિના એને આ આસક્તિના ત્યાગનો ઘટાડો થઈ શકે નહિ. સર્વથા આસક્તિનો ત્યાગ તો મુનિને હોય. સમજાણું? પણ થોડી આસક્તિનો ત્યાગ ગૃહસ્થાશ્રમમાં કરવો, એમ અહીંયાં વાત ચાલે છે. એ આસક્તિમાં પેલા નિમિત્તોને ઘટાડવા એમ કહેવામાં આવે છે. એનો એ ખુલાસો છે, જુઓ!

દરેક વસ્તુ પોતાના સ્વવસ્તુથી, દ્રવ્યથી એટલે વસ્તુથી, ક્ષેત્રથી એટલે પહોળાઈથી, કાળથી, અવસ્થા અને ભાવથી સદાય અશૂન્ય છે. અશૂન્ય એટલે પરિપૂર્ણ છે. એક એક પરમાણુ પણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પરિપૂર્ણ છે. કહો, પરમાણુ એ આત્માનો દાસ નથી. દાસ હશે? લક્ષ્મી પુણ્યની દાસી કહેવાય છે ને. પુણ્યની દાસી છે એટલે પુણ્ય જેની પાસે હોય એને આવે. કોઈ દાસી-ફાસી છે નહિ. એ તો એક વાત સમજાવવા (કહે) કે, ભાઈ! પુણ્યના પરમાણુઓ હોય, ત્યાં પેલા આવવા યોગ્ય હોય એ આવે એટલે એને દાસી કહે. પણ તારું સ્વરૂપ એ છે નહિ.

લક્ષ્મી એ તારું સ્વરૂપ નથી, લક્ષ્મી જે ભાવે મળે એ ભાવ પણ તારું સ્વરૂપ નથી અને જે ભાવથી બંધાણું પુણ્ય, એ બંધ પણ તારું સ્વરૂપ નથી. એવો આત્મા અંતરમાં, રાગ અને પરવસ્તુના અભાવસ્વભાવરૂપ, એવા આત્માની અંતર્મુખ સમ્યગ્દર્શન થાય, નિશ્ચય સમ્યગ્દર્શન, આત્માનું ભાન, એને ઓછી આસક્તિ કરવી, કરવી પૂરી આસક્તિનો ત્યાગ. એટલે પરવસ્તુનો સર્વથા ત્યાગ, એટલો ન થાય તો થોડો ત્યાગ તો કરવો. એટલે તે તરફનું વલણ, આસક્તિ થોડી ઘટાડીને તેને છોડવા એમ કહેવામાં આવે છે.

**'પરદ્રવ્યાદિકથી શૂન્ય અર્થાત્ નિવૃત્તિરૂપ જ છે.'** આ નિવૃત્તિની વ્યાખ્યા કરી. દરેક પદાર્થ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ એનાથી નિવૃત્તિરૂપ જ છે, એનાથી તો અભાવરૂપ જ છે. તો પરદ્રવ્યને આત્મા લઈ શકે કે પરદ્રવ્યને છોડી શકે એવું એનામાં છે નહિ. કેમકે

www.vitragvani.com



એના અભાવસ્વરૂપ છે પછી છોડવું એ રહેતું નથી. એમ કહે છે પહેલું.

મુમુક્ષુ :– એના અસ્તિત્વ ને છોડવું.

ઉત્તર :– છતાં અહીં કીધું કે એનો પરિહાર કરવો. એ વ્યવહારનું વાક્ય છે, એમ અહીંયાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ પૂર્ણ, એની વર્તમાન ચાલતી અવસ્થા કોઈપણ હોય એ પરિપૂર્ણ છે, પરિપૂર્ણ એટલે સ્વથી છે એ, સ્વથી છે, ખાલી નથી સ્વથી ભરેલું છે. એવું જે આત્મતત્ત્વ, પોતાથી છે અને પરથી નથી. પર દેવ-ગુરુ-શાસ્ત્ર હો કે પર શરીર ને કર્મ આ માટી આદિ કર્મ એ બધા પર છે. પરના દ્રવ્યથી, પરના ક્ષેત્રથી, પરની અવસ્થાથી અને પરના ભાવથી નિવૃત્તિરૂપ જ છે. કહો, સમજાણું? આમાં નિવૃત્તિની વ્યાખ્યા કરી. એવા તત્ત્વને, નિવૃત્તિરૂપને વર્તમાન પર્યાય દ્વારા અંદર લક્ષ કરીને, વર્તમાન પૂર્ણસ્વરૂપ છે, એને અંતર નિર્વિકલ્પ, રાગના વિચારના મિશ્રપણા વિના, શ્રદ્ધા અને જ્ઞાન વીતરાગી પર્યાય દ્વારા એ આત્માનું શ્રદ્ધા, જ્ઞાન કરવું, એનું નામ સાચું સમ્યગ્દર્શન પહેલું કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન સહિત આસક્તિ ઘટાડવાની આ વાત છે. જેને આ સમ્યગ્દર્શન નથી એને આસક્તિ ઘટાડવી એ કાંઈ રહેતું નથી.

એથી ખુલાસો કરવો પડ્યો. કે, **'વર્તમાન અશુદ્ધદશામાં પરદ્રવ્યના આલંબન વડે રાગી જીવને...'** વર્તમાન આત્મામાં, અશુદ્ધદશા એટલે રાગના ભાવના પરિણામમાં, પરદ્રવ્યના આલંબન વડે, પરવસ્તુના લક્ષ્ય વડે, આલંબન વડે, રાગી જીવને, **'રાગી જીવને બાહ્ય-સામગ્રી પ્રત્યે મમત્વરૂપ રાગ ભૂમિકાનુસાર હોય છે...'** મમત્વરૂપ રાગ ભૂમિકા એટલે ચોથું, પાંચમું, છઠ્ઠાના અનુસારે હોય છે. **'તેનો સ્વાશ્રયના બળ વડે...'** લ્યો! સ્વાશ્રય એટલે આત્મા આનંદ સ્વરૂપ છે, તે આનંદ સ્વરૂપના આશ્રયના બળ વડે. **'ત્યાગ કરાવવા માટે બાહ્ય પદાર્થના ત્યાગનો ઉપદેશ છે.'** કહો, સમજાણું? શું કીધું? જે **'વર્તમાન અશુદ્ધદશામાં પરદ્રવ્યના આલંબનવડે રાગી જીવને બાહ્ય-સામગ્રી પ્રત્યે મમત્વરૂપ રાગ ભૂમિકાનુસાર હોય છે તેનો સ્વાશ્રયના બળ વડે ત્યાગ કરાવવા માટે...'** કોનો? પેલા રાગનો.

**'બાહ્ય પદાર્થના ત્યાગનો ઉપદેશ છે.'** કહો, શું કહ્યું આ? 'મલૂપચંદભાઈ'! અટપટું છે ન્યાં બહુ ધ્યાન આપ્યા વિના સમજાય એવું નથી. ત્યાં એ કાંઈ રસોડાનું કામ નથી કે આમ કરી નાખો, કરો ફડાકા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઠીક આ. પણ કહે છે કે, આ તારે હિત કરવું છે કે નહિ? ત્યારે હિત કરવામાં પહેલો સમ્યગ્દર્શનનો ભાવ પ્રગટ કર અને પછી આ કર. એમ છે કે નહિ એને? સમજાણું કાંઈ?

અહીં તો એ કહેવું છે, જુઓ! કે, વર્તમાન અશુદ્ધદશામાં પરથી આત્મા શૂન્ય હોવા

www.vitragvani.com



છતાં, વર્તમાન દશામાં પોતામાં ભલે અશુદ્ધભાવ હોય, પણ પોતે પોતાથી છે ને પરથી છે નહિ. હું શુદ્ધચૈતન્ય રાગરહિત, શરીરરહિત, શુદ્ધચૈતન્યવસ્તુ, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે શુદ્ધ પૂર્ણ જોઈ છે એમ તું અંદર જો અને માન. ત્યારે તેને નિશ્ચય સમ્યગ્દર્શન, સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન કહેવામાં આવે છે. એવા જ્ઞાન અને સમ્યક્શ્રદ્ધા સહિત જેને હજી પરદ્રવ્યના આલંબનથી પોતામાં રાગ-દ્વેષની અશુદ્ધદશા વર્તે છે. સમજાણું? એવા રાગી જીવને. એમ. આમ પરદ્રવ્યનું આલંબન તો જ્ઞાનમાં, લોકાલોકનું કેવળીને વર્તે છે. એય...! આલંબનમાં, જ્ઞાનમાં આ તો આલંબનમાં રાગી જીવને બાહ્યસામગ્રી પ્રત્યે. પેલો રાગ છે એટલે એમ કહે છે.

મુમુક્ષુ :– જીવને રાગી વિશેષેણ લગાડ્યું.

ઉત્તર :– હા, એમ લગાડ્યું એને. કેવળજ્ઞાનમાં એ લોકાલોક આલંબન તો છે, નિમિત્ત છે, પણ રાગ નથી. એકલું કેવળજ્ઞાન એક સમયમાં પૂર્ણ. આલંબન છે, નિમિત્ત છે. અહીંયાં પરદ્રવ્યના નિમિત્ત વડે .... રાગી જીવને, બાહ્ય સામગ્રી પ્રત્યે મમત્વરૂપ રાગ, એક-એકમાં આખો ન્યાય છે, હોં! એમ ને એમ એ શબ્દ નથી મુક્યા. રાગ ભૂમિકાનુસાર થાય છે. સમ્યગ્દષ્ટિને પણ વસ્તુ પરથી ભિન્ન છે એમ ભાન હોવા છતાં, અશુદ્ધદશા પરના દ્રવ્યના આલંબનને રાગી છે માટે, ભૂમિકાની અવસ્થા પ્રમાણે સમ્યગ્દષ્ટિને પણ રાગ થાય છે.

**'તેનો સ્વાશ્રયના બળ વડે...'** એમ પાછું. એ રાગનો ત્યાગ સ્વાશ્રય, જેટલો શુદ્ધ આશ્રય જે દ્રવ્યમાં લીધો હતો ત્યારે સમ્યક્ થયું. જેટલો આશ્રય પાછો સ્વાશ્રય લીધો, એના આશ્રયના બળ વડે ત્યાગ કરાવવા માટે. પેલા રાગનો ત્યાગ સ્વાશ્રયના બળ વડે થાય છે. સમજાણું કાંઈ? **'બાહ્ય પદાર્થના ત્યાગનો ઉપદેશ છે.'** કેટલા બોલ મુક્યા આમાં? કહો, 'મલૂપચંદભાઈ'! ત્યારે તમે શું વાંચતા હશો? તમે પહેલા વાંચતા હતા ને? વાંચતા હતા, હા પાડે છે. ... બીજે છૂટીને થઈ. પહેલા વાંચતા હતા, નહિ? પહેલા વાંચતા હતા ને? એ રીતે વાંચતા હશે આ. લખ્યા પ્રમાણે બોલી જાતા હશે.

અહીં કહે છે, ભાઈ! તું પ્રભુ છો. તારા ગુણે ભગવાન પરિપૂર્ણ તું છો. અને પર્યાયમાં પણ અવસ્થાએ પરિપૂર્ણ જ છે. પરિપૂર્ણ નામ તે એક અંશ પણ ન હોય તો આખું દ્રવ્ય સિદ્ધ થતું નથી. એવી અવસ્થાને અંતરની જ્ઞાન પર્યાય દ્વારા, અંતરમાં આશ્રય લઈ અને પરિપૂર્ણ શુદ્ધ ભગવાનઆત્મા પરિપૂર્ણ ગુણે છે, એવું એકરૂપ એનો આશ્રય લઈ સમ્યગ્દર્શન થયું, એવા જીવને હવે એની દશામાં પરદ્રવ્યના આલંબનમાં અશુદ્ધદશા વર્તે છે, રાગી છે માટે. એ રાગના સ્વાશ્રયના બળે ત્યાગ કરાવવા માટે, એ રાગનો સ્વાશ્રયના બળે આત્માના આશ્રય બળે ત્યાગ કરાવવા માટે **'બાહ્ય પદાર્થના ત્યાગનો ઉપદેશ છે.'** સમજાણું આમાં?

આમ બાહ્યપદાર્થ તો આત્મામાં છે નહિ, એનો ત્યાગ શું કરે? પણ બાહ્ય પદાર્થના આલંબન વડે, રાગીને હજી જેટલો અશુદ્ધભાવ છે, એ રાગને સ્વ આત્માના આનંદના આશ્રય બળે છોડાવવા બાહ્યપદાર્થનો ત્યાગ કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત ઝીણી! પાછો

www.vitragvani.com



રાગનો ત્યાગ, બાહ્ય વડે તો રાગનો ત્યાગ થાય એમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એ સ્વાશ્રયના બળે રાગનો ત્યાગ થાય છે. શુદ્ધચૈતન્યના આશ્રયે. એમ રાગનો ત્યાગ થાય છે. એ પણ સ્વનો (આશ્રય) જેટલો લે તેટલા રાગની ઉત્પત્તિ થતી નથી. એટલો રાગનો ત્યાગ થાય છે. એ રાગનો ત્યાગ કરાવવા માટે, સ્વાશ્રયના બળ વડે રાગ ને આસક્તિનો ત્યાગ કરાવવા માટે, બાહ્ય પદાર્થનો ત્યાગ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**'વાસ્તવમાં તો...'** આ બધું લખાણ 'હિંમતભાઈ'નું લાગે છે. કોનું છે? બધા શબ્દે શબ્દ એણે કર્યું છે? ઠીક. હોશિયાર માણસ. ભાષા બધી સારી લખી છે. પછી તમે જોઈ ગયા હતા? નથી જોયું? ઠીક. સારું લખ્યું છે. 'વજુભાઈ' બ્રહ્મચારી 'વઢવાણ'માં માસ્તર છે. ઘણું સાંભળેલું ને. સારું લખ્યું છે. સમજાણું કે નહિ? આ તમને આવું લખતા આવડે? વેપારી. 'વજુભાઈ' બ્રહ્મચારી છે, 'વઢવાણ'ના બાળબ્રહ્મચારી છે. માસ્તર છે. સમજાય છે કાંઈ? 'દીપચંદજી'! માસ્તર, નિશાળના માસ્તર છે. બાળ બ્રહ્મચારી છે. જાવજીવ બ્રહ્મચારી છે. મળ્યા હતા?

મુમુક્ષુ :– રાજકોટ આવ્યા હતા ને.

ઉત્તર :– રાજકોટ આવ્યા હતા. એવા કપડા પહેરીને. શાંત સ્વભાવ. વૃદ્ધ હોય એવો સ્વભાવ છે. શું કહે છે? જુઓ! બહુ સારી વાત છે.

**'વાસ્તવમાં તો આત્માને પરવસ્તુનો ત્યાગ જ છે...'** ખરેખર તો આત્મા રજકણ અને કર્મ વિનાનો જ છે અને ત્યાગ જ છે અને ત્યાગ કરવો શું? ક્યાં છોડવું? ગ્રહ્યો હોય તો છોડે ને? આત્મા છે એમાં કર્મ આદિ રજકણ અંદર છે જ નહિ. એ તો ભિન્ન ભિન્ન વર્તે (છે). સમજાણું? **'આત્માને પરવસ્તુનો ત્યાગ જ છે પણ જે કંઈ રાગ, મમત્વભાવ છે તેના ત્યાગરૂપ નિર્મળ પરિણામ જેટલા અંશે થાય છે...'** જુઓ! છે ને? **'ત્યાગ જ છે પણ જે કંઈ રાગ, મમત્વભાવ છે તેના ત્યાગરૂપ નિર્મળ પરિણામ જેટલા અંશે (આત્મામાં સ્વાશ્રયના બળે) થાય છે તેટલા જ અંશે રાગાદિની ઉત્પત્તિ થતી જ નથી.'** સારું લખ્યું છે. **'જ્યાં આવું હોય ત્યાં તે જીવને પરવસ્તુના ત્યાગનો કર્તા કહેવો...'** જ્યાં આવું હોય ત્યાં તે જીવને બાહ્ય વસ્તુના ત્યાગનો ત્યાગ (કર્તા) કહેવો. સમજાણું? **'તે તે જાતના અભાવરૂપ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે...'** તે તે જાતના અભાવરૂપ. સામો અભાવ થયો ને એટલો? અહીં સ્વાશ્રય બળે જેટલો રાગ છૂટ્યો, એટલો સામે નિમિત્તનો અભાવ થયો. એ જેટલો જેટલો પરવસ્તુ પ્રત્યે. તે તે જાતના અભાવરૂપ સામે, હોં! **'અભાવરૂપ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે.'** ભારે વાત નાખી. બહુ સારી નાખી. એય..! જુઓ! આ કેટલું (નાખ્યું છે)! કેટલા વર્ષ થયા હશે? ૪૦ થયા હશે? ૪૦ નહિ થયા હોય. વાતને ... છે.

વસ્તુ ભગવાનઆત્મા પરિપૂર્ણ વસ્તુ, એ અપેક્ષાએ તો પરવસ્તુ એમાં બિલકુલ છે જ નહિ, શૂન્ય છે. સ્વપર્યાયમાં, સ્વક્ષેત્રમાં, સ્વભાવમાં, સ્વદ્રવ્ય પરવસ્તુથી શૂન્ય છે. હવે શૂન્ય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે એને શૂન્ય કરવી પાછી? એટલે પરનો તો ત્યાગ છે, પણ પરના અવલંબનથી પોતામાં, જેટલા પ્રકારનો રાગ પોતામાં પોતાને કારણે થાય છે, તે રાગને સ્વાશ્રયના બળે છોડાવવા, નિર્મળ પરિણામ થવામાં, જે રાગ છૂટ્યો એ રાગનો જે કંઈ અભાવ, સામા પદાર્થનો અભાવ થયો, તેનું નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે, અસદ્‌ભૂત વ્યવહાર, જૂઠા વ્યવહારનું કથન છે. કહો, સમજાણું આમાં? ક્યાં છે એ? 'મલૂપચંદભાઈ'! ક્યાં છે આ વાત? ત્યાં છે? નોટમાં છે ને? નિશ્ચય સમ્યગ્દર્શન,.. ભાઈ! પૂછવું જોઈએ. તમારા ભાઈ દાંત કાઢે છે. આ બધું વેપારમાં અને બધા પેલામાં રહે છે તો અહીં કેટલું ધ્યાન રાખે છે? વેપાર નહિ, આ વેપાર એટલે આ બીજો વેપાર લ્યો ને આ. બોર્ડિંગનો ને ફલાણાનો ને દેરાસરનો. કહો, સમજાણું?

**'નિશ્ચયસમ્યગ્દર્શન વિના...'** આત્માના અંતરમાં નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ, આત્માના ભાન વિના **'અજ્ઞાનીના હઠરૂપ ત્યાગને...'** અજ્ઞાનીએ જ્યાં બાયડી, છોકરા છોડ્યા અને ફલાણું મુક્યું, આ છોડ્યું એ વાત એને વ્યવહાર ધર્મ પણ કહેવાતો નથી. સમજાણું કાંઈ? **'નિશ્ચયસમ્યગ્દર્શન વિના...'** એટલે આત્માના સ્વાશ્રયની અંતર અનુભવમાં પ્રતીતિ થયા વિના, અજ્ઞાનીનો જે ભાવ રાગ કાંઈ મંદ હોય અને બાહ્ય ત્યાગ થયો, એને વ્યવહારે પણ ધર્મ કહેવામાં આવતો નથી. વ્યવહારે, હોં! નિશ્ચયે તો છે જ નહિ પણ એને વ્યવહાર પુણ્ય પણ ધર્મ તરીકે કહેવામાં આવતું નથી.

**'(અજ્ઞાનીના હઠરૂપ ત્યાગને વ્યવહારે પણ ધર્મ સંજ્ઞા નથી.)'** જ્ઞાનીને આત્માના ભાન સહિતમાં, સ્વાશ્રયે જેટલી આસક્તિ ઘટી, તેટલો તેને રાગ મંદ પડ્યો અને રાગ બાકી શુભ રહ્યો એને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. પેલો નિશ્ચય ધર્મ પ્રગટ્યો છે માટે. ત્યારે તેણે બાહ્ય ત્યાગ કર્યો એવો વ્યવહારનયના અસદ્‌ભૂત વ્યવહારનય કથન લાગુ પડે છે. અજ્ઞાનીને તો એક પણ કથન લાગુ પડતું નથી. આહાહા! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ વ્રત, તપ કરે છે...

ઉત્તર :- છે જ ક્યાં? અજ્ઞાની મૂઢ છે. વ્યવહાર પણ નથી.

મુમુક્ષુ :- પુણ્ય આસ્રવ થતો હશે.

ઉત્તર :- પુણ્ય આસ્રવ એટલે મિથ્યાત્વ આસ્રવ થતો હશે. મિથ્યાત્વ આસ્રવ સાથે છે. વસ્તુની તો ખબર નથી. સાથે મિથ્યાત્વ આસ્રવ છે. તેની સાથે શુભભાવ આવ્યા છે. સમજાણું? મોટો વાઘ સાથે છે, એની સાથે એક થોડું નાનું ગલુડીયું છે. ગલુડીયા સમજો છો? કુતરીનું બચ્ચું. તમારે હિન્દીમાં શું કહે છે? પિલ્લા. મોટો મિથ્યાત્વનો વાઘ સાથે છે, એની સાથે એક આ ઉં... ઉં... ઉં... કરે એવું કુતરીનું બચ્ચું (છે). કુતરીનું સમજો છો? કુત્તીકા બચ્ચા. આહાહા!

વસ્તુ ચૈતન્ય ભગવાનઆત્મા પરવસ્તુમાં નથી તેથી પરવસ્તુનો એ કર્તા નથી. પરવસ્તુમાં નથી તેથી પરનો કર્તા નથી. જેમાં એ નથી તેને કેમ કરે? શરીર, વાણી, કર્મમાં આત્મા

www.vitragvani.com



નથી. આ પરવસ્તુમાં આત્મા (નથી) તો પરમાં નથી તેનું એ શું કરે? અને પરથી પોતે નથી તો પરનો ત્યાગ શું કરે? સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! પણ જ્ઞાનીને આત્મદર્શન, આત્મજ્ઞાન (થયું છે). રાગરહિત, શરીરરહિત, પરરહિત છું, એટલે પોતાના પૂર્ણ શુદ્ધ સ્વભાવ સહિત છું, એવું અંતરમાં ભાન થયું, એને વર્તમાન દશામાં જેટલો પરદ્રવ્યનો તો વસ્તુમાં અભાવ છે છતાં, એના આલંબને રાગીને જેટલી આસક્તિ થાય છે, એ રાગની આસક્તિનો ત્યાગ સ્વાશ્રયને બળે થાય છે. સ્વાશ્રયને બળે થતાં જેટલી નિર્મળતા થાય, તેમાં રાગ ત્યાગ્યો એમ કહેવાય છે અને તેમાં જેટલા બાહ્યના નિમિત્તોનો અભાવ થયો, રાગને જે લાગુ પડતા નિમિત્તો એ રાગ ગયો એટલે એને નિમિત્ત લાગુ પડતા એનો અભાવ થયો, એને અસદ્‌ભૂત વ્યવહારનયે એમ કહેવામાં આવે કે આણે આને છોડ્યા. એ સમ્યગ્દષ્ટિને આ લાગુ પડે છે. અજ્ઞાનીને તો એ વ્યવહાર, રાગનો ત્યાગ, સ્વનો આશ્રય નથી માટે એક પણ લાગુ પડતું નથી. સમજાણું કાંઈ? તો આ બધા બાહ્ય ત્યાગી થઈને બેઠા, એને ત્યાગ છે? એને સમ્યગ્દર્શનનો ત્યાગ છે.

મુમુક્ષુ :– અનાદિનો છે.

ઉત્તર :– બસ! અનાદિનો છે, એ નો એ છે એને.

મુમુક્ષુ :– કાંઈ વધ્યો નથી?

ઉત્તર :– આ વાડામાં જન્મે ગૃહિત મિથ્યાત્વ પૃષ્ટિ કરે તો એ પુષ્ટિ વધારે છે. ... જે કુળમાં જન્મે, જે વાડે જન્મે. ... આ અમારું.. આ અમારું... આ અમારું. એવી શ્રદ્ધા વિપરીત માન્યતાને પોષે એ અગૃહિત સાથે વધારે ગૃહિત મિથ્યાત્વ કરે. એને તો આ એકપણ રાગનો ત્યાગ કે પરનો ત્યાગ, રાગનો ત્યાગ કર્તાપણું એમાં નથી. તેથી એ અહીં સિદ્ધ કર્યું. પણ આત્માના આશ્રય બળે જેટલો રાગ ઉત્પન્ન થતો નથી, એટલી નિર્મળતામાં જે રાગ ઉત્પન્ન ન થયો, એ રાગને જે નિમિત્તો હતા એનો અભાવ થયો, એણે અસદ્‌ભૂત વ્યવહારનય કહેવામાં આવ્યું કે એ એણે છોડ્યું છે. આહાહા! સમજાણું કાંઈ? બહુ સારું લખ્યું છે. ... કરીને ન્યાયથી. પાછા અહીં નિવૃત્તિ સ્વરૂપે છે એટલે કેટલાક કહે છે. ત્યાગ સ્વરૂપ આત્મા છે, ભાઈ! જેટલો ત્યાગ કર્યો એટલો લાભ, જેટલો ત્યાગ કર્યો એટલો લાભ. પણ શેનો ત્યાગ?

મુમુક્ષુ :– રાગની ઉત્પત્તિ ન થવી તેનું નામ ત્યાગ છે.

ઉત્તર :– અહીં તો રાગના અભાવસ્વભાવ સ્વરૂપ આત્મા છે, એવી દૃષ્ટિ થયા પછી, રાગની આસક્તિનો જેટલો ભાવ છે, તેનું આલંબન નિમિત્ત પરપદાર્થ છે. એટલે એ આસક્તિનો ઘટાડો આત્માના આશ્રયે થાય છે. એ નિર્મળતા પરિણામ થયા, એમાં રાગ જે ન થયો એટલા રાગના નિમિત્તો ન આવ્યા, ન થયા, એને એણે અસદ્‌ભૂત વ્યવહારે છોડ્યા એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ભારે ગોખવું. આમાં ગોખવું પડતું હશે?

www.vitragvani.com



વસ્તુની ખબર ન મળે અને અમારે ધર્મ થાય, ધર્મ કરીએ. ધૂળમાં પણ ધર્મ નથી. પુણ્ય પણ સારા નથી. અહીં તો વ્યવહાર ધર્મ પણ એને કહેવાતો નથી. કહો, 'કાંતિભાઈ'! શું કરે? બધા રાડે રાડ પાડે. એ અમારા ત્યાગીઓને ત્યાગી માનતા નથી, ફલાણાને માનતા નથી. પણ હતા કે દિ'? હતા કે દિ'? ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! એ સમજ્યા વિના, બાહ્યના ત્યાગના અભિમાન એ તો મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. સમજાણું કાંઈ? રાગના અભાવ સ્વભાવે તત્ત્વ છે, એવી જ્યાં દૃષ્ટિ થઈ નથી, પણ હું રાગવાળો અને આ સંબંધવાળો છું એમ માનીને જેને કંઈ બાહ્ય ત્યાગ થયો–કર્યો એનું એને અભિમાન વર્તે છે. અભિમાન એટલે મિથ્યાત્વની વધારે પુષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? કહો, એ એક વ્યાખ્યા થઈ. એ નિવૃત્તિરૂપ ત્યાગરૂપ જ વસ્તુનું સ્વરૂપ છે એ શબ્દનો અર્થ. ૧૨૮ પાને છે ને છેલ્લો? આ એની વ્યાખ્યા થઈ. હવે, એક ૧૦૦ પાને, એની ટીકા.

**ટીકા :– 'योऽपि धन्यधान्यमनुष्यवास्तुवित्तादिः त्यक्तुम् न शक्यः सोऽपि मनुष्यः धन्यधान्यादिकः तनूकरणीयः यतः तत्त्वं निवृत्तिरुपं अस्ति'** લ્યો! **'જે (કોઈ) પ્રાણી ધન (નામ લક્ષ્મી), ધાન્ય (નામ અનાજ), વાસ્તુ (મકાન), મનુષ્યાદિ (નોકર-ચાકર) બહિરંગ (દસ પ્રકારના) પરિગ્રહને સર્વથા છોડવાને અશક્ત હોય તેણે તેમાંથી થોડો પરિગ્રહ રાખવાનું પરિમાણ કરવું જોઈએ.'** એનો અર્થ કે, થોડી આસક્તિ ઘટાડવી. પૂર્ણ આસક્તિ ન ઘટે તો થોડી ઘટાડવી, એમ બહારનો ત્યાગ કરવો. **'થોડો પરિગ્રહ રાખવાનું પરિમાણ કરવું જોઈએ. કારણ કે તત્ત્વ ત્યાગરૂપ જ છે.'** જેટલી દૃષ્ટિ થઈને આસક્તિ ઘટી, તેટલું તત્ત્વ ત્યાગરૂપ વસ્તુ હોવા છતાં, પર્યાયમાં રાગના અભાવ-સ્વભાવરૂપ પરિણમન થયું, તેટલો એને રાગનો ત્યાગ થયો અને તેટલો એને બાહ્યનો અસદ્ભૂત વ્યવહાર પદાર્થનો પણ ત્યાગ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :– તત્ત્વ એટલે આત્મા નિવૃત્ત સ્વરૂપ છે, ત્યાગરૂપ છે. ખરેખર પરના તો ત્યાગરૂપ છે એ સ્વવસ્તુ અને ત્રિકાળી સ્વભાવ રાગના ત્યાગરૂપ છે, એ ત્રિકાળી ભાવ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પરમાણુ, કર્મ, શરીરના તો અભાવ ત્યાગરૂપ જ છે. થયું? હવે એ તો પર્યાયમાં પણ પરના ત્યાગરૂપ છે. ભલે પર્યાય અશુદ્ધ હો. હવે જ્યાં ત્રિકાળ સ્વભાવ જોઈએ તો એ પણ અશુદ્ધભાવના ત્યાગરૂપ જ છે. સમજાણું? એવી જ્યારે દૃષ્ટિ અંદર થઈ ત્યારે જે આસક્તિની અશુદ્ધતા હજી બાકી રહી, તેની બાહ્યત્યાગને લઈને આસક્તિ ઘટે એમ નથી. એ આસક્તિ પણ સ્વાશ્રયના બળે ઘટે છે અને સ્વાશ્રયને બળે ઘટતા, જેટલી નિર્મળતા છે એમાં રાગ ન થયો, તે રાગના નિમિત્તો એણે છોડ્યા. આ છૂટતા આણે છોડ્યા, એમ વ્યવહારથી, જૂઠાનયથી કહેવામાં આવે છે. આવું નયનું જ્ઞાન!

હવે આવી લાંબી શું (માંડી)? ભાઈ! આ છોડ્યું જુઓ! આ. અમે કંદમૂળ નથી ખાતા. રાત્રે નથી થતાં. ચોવિહાર કર્યો. એમાં શું આ લાંબુ ઉપાડ્યું? રાત્રે નથી ખાતા લ્યો, અમે

ચોવિહાર કરીએ છીએ. ત્યાગ નથી અમારે? સાંભળને. તેં કીધું કે, અમે રાત્રે ખાધું નથી. એ ક્રિયા જડની છે એ તારામાં થઈ જ નથી અને તેં ક્રિયા કરી નથી. અને તેં એમ કીધું કે, આ ખાવાની ક્રિયા થતી એ મેં કરી નહિ, એ જ પહેલું તો અજીવનો સ્વામી થઈને મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે, ખાવા-પીવાની ક્રિયા છે એ તો જડની ક્રિયા છે. આત્માની છે જ નહિ એ, અજીવની છે. અજીવની તે પર્યાયનો દ્રવ્યમાં તો અભાવ છે. એનો તો ત્યાગ છે, ત્યાગ છે. હવે તેં શું કર્યો ત્યાગ? કે, ખાવા-પીવાની ક્રિયા મેં છોડી. પણ ખાવાની ક્રિયા તો જડની હતી. સમજાણું કાંઈ? એય..! 'ન્યાલભાઈ'! બરાબર સંભળાય છે કે નહિ? થોડું છેટે બેસે છે. પેલું શું કહેવાય?

શું છોડ્યું તેં? વસ્તુ સ્વભાવમાં તો પરનો અભાવ (છે) એટલે આત્મામાં ત્યાગ છે. એક વાત. હવે વસ્તુનો સ્વભાવ જોતા વિભાવનો એમાં ત્યાગ છે. હવે આવી દૃષ્ટિ થયા પછી એને વિભાવનો ત્યાગ સ્વભાવમાં હોવા છતાં પર્યાયમાં વિભાવ છે અને એ વિભાવને પેલા પર નિમિત્તો અવલંબન છે. આ બે વચ્ચેની વાત અહીં ચાલે છે.

મુમુક્ષુ :– બાહ્ય બતાવવું છે.

ઉત્તર :– બાહ્યના ત્યાગમાં આ નિવૃત્તિ સ્વરૂપ આવ્યું છે ને? એમાં આ વિભાવ જે ઘટે છે, એ સ્વાશ્રયના બળે ઘટે છે. એ ઘટતા જે રાગ રહી જાય છે, એ રાગને જેટલા નિમિત્તો છે એનો હજી એને ત્યાગ નથી. પણ રાગ જેટલો ગયો એટલો એણે ત્યાગ કર્યો એમ અશુદ્ધનિશ્ચયથી કહેવાય, પેલા રાગનો ત્યાગ અને એના નિમિત્તોનો જે અભાવ થયો એટલો, એનો એણે ત્યાગ કર્યો, એ અસદ્ભૂત જૂઠા વ્યવહારનયથી કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! કહો, 'રાજમલજી'! કેટલી વાતો આમાં એણે નાખી છે.

**ભાવાર્થ :– 'બહિરંગ પરિગ્રહ મૂળ સજીવ અને અજીવના ભેદથી બે પ્રકારનો છે.'** એની વાત ચાલે છે ને આ? આભ્યંતર પરિગ્રહની તો વાત કીધી પહેલી. ૧૪ પ્રકારનો. મિથ્યાત્વ, અનંતાનુબંધી, ૪ કષાય ને નવ નોકષાય. એમાં પહેલો જ મિથ્યાત્વનો પરિગ્રહ છૂટ્યો. ક્યારે? કે, સમ્યગ્દર્શન થયું ત્યારે. અને એ મિથ્યાત્વનો પરિગ્રહ છૂટ્યા વિના અસ્થિરતાનો છૂટે નહિ અને પરનો નિમિત્તનો અભાવ કહેવામાં એને માટે આવે નહિ. ભારે! ત્યારે હવે અહીં **'બહિરંગ પરિગ્રહ મૂળ સજીવ અને અજીવના ભેદથી બે પ્રકારનો છે. બન્નેના દસ ભેદ છે. ખેતર (જમીન), મકાન (ઘર), ચાંદી (રૂપું), સોનું, ધન, ચાર પગવાળા પશુ (ઘોડા, હાથી આદિ), વસ્ત્ર-પાત્ર,...'** લ્યો! એ એમાં બાહ્ય પરિગ્રહમાં આવ્યું, જોયું?

**'અનાજ,...'** લ્યો! પેલામાં ધન-ધાન્ય નહોતું આવ્યું. '[૨]**દાસી, દાસ (દ્વિપદા)...'** નીચે છે. **'દાસી દાસાદિને દ્વિપદ = બે પગવાળા કહેવામાં આવે છે.'** પેલા ચાર પગવાળા હાથી, ઘોડા. **'વગેરે એ બાહ્ય પરિગ્રહના દસ ભેદ છે. એનો જો સંપૂર્ણ ત્યાગ ન કરી શકે તો તેમાંથી પોતાની જરૂર જેટલાનું પરિમાણ કરીને રાખે અને બાકીનાનો ત્યાગ કરે,...'** પરિમાણ કરીને

www.vitragvani.com



રાખે એ ભાષા તો એમ જ આવે ને? વ્યવહારની ભાષા શું આવે? સમજાણું? થોડું કરવું શબ્દ તો એમ છે. ઘટાડવું. સમજાણું? **'તેમાંથી પોતાની જરૂર જેટલાનું પરિમાણ કરીને રાખે અને બાકીનાનો ત્યાગ કરે, કારણ કે ત્યાગરૂપ જ તત્ત્વનું સ્વરૂપ છે.'** ભગવાનઆત્મા એક પરમાણુ માત્રના કોઈપણ ચીજથી અભાવસ્વભાવરૂપ ત્યાગરૂપ જ છે. એટલે જેટલો એમાં આસક્તિનો ત્યાગ થઈને પરનો ત્યાગ થાય, એટલું તે નિવૃત્તરૂપ પરિણમન એનું થાય.

**'જ્યાં સુધી આ આત્મા ત્યાગધર્મનું આચરણ નહિ કરે...'** જુઓ! આ. ત્યાગધર્મની વ્યાખ્યા નીચે. **'ત્યાં સુધી તેને મોક્ષ મળશે નહિ.'** લ્યો! સમજાય છે? આ સ્વરૂપનું ભાન થયા છતાં, આસક્તિનો અભાવ અને તેના સંબંધે નિમિત્તો જે હતા તેનો અભાવ લક્ષમાં નહિ કરે ત્યાં સુધી તેને નિવૃત્તિરૂપ મોક્ષ થશે નહિ. એ નિવૃત્તિરૂપ તત્ત્વ હોવા છતાં આસક્તિ અને અવલંબનનો ત્યાગ કર્યા વિના પૂર્ણ નિવૃત્તિરૂપ મોક્ષ એને થશે નહિ. સમજાણું? **'નિવૃત્તિ નામ પણ મોક્ષનું જ છે.'** મોક્ષને ભગવાન નિવૃત્તિ કહે છે. **'આ રીતે હિંસાદિ પાંચે પાપોનું વિસ્તૃત વર્ણન કર્યું.'** હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહ. ત્યાગધર્મની વ્યાખ્યા નીચે (કરી છે). બગડો.

મુમુક્ષુ :– ત્યાગધર્મ આત્મા ન કરે ત્યાં સુધી મોક્ષ નથી.

ઉત્તર :– બિલકુલ નહિ. રાગ અને રાગના નિમિત્તો, એનો સ્વાશ્રય બળથી ત્યાગ નહિ કરે ત્યાં સુધી એની મુક્તિ નથી.

નીચે ત્યાગધર્મની વ્યાખ્યા, જુઓ! **'ત્યાગધર્મ = જેમ પ્રકાશની ઉત્પત્તિ વિના અંધારું ટળે જ નહિ.'** પ્રકાશની ઉત્પત્તિ વિના (અંધારુ ટળે નહિ) **'તેમ નિજ શુદ્ધાત્માના આશ્રય વડે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન અને સ્વરૂપમાં એકાગ્રતારૂપ શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ કર્યા વિના...'** ખુલાસો કર્યો છે. જેમ પ્રકાશની ઉત્પત્તિ વિના અંધારું ટળે જ નહિ, તેમ નિજ શુદ્ધાત્મા આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એના આશ્રય વડે, એના આશ્રય વડે નિર્મળ શ્રદ્ધા, નિર્મળ જ્ઞાન અને સ્વરૂપમાં એકાગ્રતારૂપ શુદ્ધપરિણતિ, અને સ્વરૂપમાં લીનતારૂપ શુદ્ધઅવસ્થા, એની પ્રાપ્તિ કર્યા વિના. **'રાગનો ત્યાગ અર્થાત્ વીતરાગી ધર્મરૂપ મોક્ષનો ઉપાય અને મોક્ષ મળે નહિ.'** વીતરાગી ધર્મરૂપ મોક્ષનો ઉપાય ન મળે અને તેથી મોક્ષ પણ ન મળે. લ્યો! એવો અર્થ કર્યો આ. સમજાણું કાંઈ? બન્ને ત્યાગધર્મની વ્યાખ્યામાં મૂક્યું. પહેલામાં એમ મુક્યું હતું નિવૃત્તિરૂપ ત્યાગરૂપ. એનું લખાણ લાંબુ કર્યું અને એક આમાં આત્મા ત્યાગ ધર્મનું આચરણ નહિ કરે, એની વ્યાખ્યા કરી.

મુમુક્ષુ :– ભાવાર્થમાં કર્યું.

ઉત્તર :– હા ભાવાર્થમાં. પણ એ યથાર્થ જોઈએ ને. ત્યાગનું આચરણ ન કરે એટલે શું? સમજાણું? **'જેમ પ્રકાશની ઉત્પત્તિ વિના અંધારું ટળે જ નહિ તેમ નિજ શુદ્ધાત્માના...'** આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન, એના આશ્રય વિના નિર્મળશ્રદ્ધા, નિર્મળજ્ઞાન અને

www.vitragvani.com



સ્વરૂપમાં એકાગ્રતારૂપ શુદ્ધપરિણતિથી પ્રાપ્તિ કર્યા વિના. એના આશ્રય વડે જે આવું કરવું જોઈએ, એ પરિણતિ પ્રાપ્ત કર્યા વિના રાગનો ત્યાગ, એને રાગનો ત્યાગ, સ્વભાવને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને શુદ્ધપરિણતિ પ્રાપ્ત કર્યા વિના, રાગનો ત્યાગ એટલે કે વીતરાગી ધર્મ મોક્ષનો ઉપાય, એટલે કે વીતરાગી ધર્મરૂપ મોક્ષનો ઉપાય. **'રાગનો ત્યાગ અર્થાત્ વીતરાગી ધર્મરૂપ મોક્ષનો ઉપાય અને મોક્ષ મળે નહીં.'** કહો, સમજાણું આમાં? ત્યાગની આ વ્યાખ્યા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આવ્યું. શું આવ્યું? પેલું વાંચે ... કે જુઓ! આત્મા ત્યાગધર્મ કરે એટલો ત્યાગ. પણ શું ત્યાગ? એની વ્યાખ્યા શી? એય..! 'ન્યાલચંદભાઈ'! પેલું વાંચીને રાજી થઈ જાય. 'પ્રેમચંદભાઈ' કહે છે. આહાહા!

મુમુક્ષુ :– માણસો ...

ઉત્તર :– અહીં તો ભગવાન કહે છે, બાપુ! પરનો ત્યાગ પણ કોને લાગુ પડે? રાગનો ત્યાગ પણ કોને લાગુ પડે? કે જેણે આત્માના સ્વાશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને શુદ્ધ પરિણતિ પ્રાપ્ત કરી છે એને રાગનો ત્યાગ અને એના નિમિત્તના અભાવનો ત્યાગ એને કહેવામાં આવે છે. આહાહા! ભારે, ઊંધે ગાડે ચડ્યું બધું.

વસ્તુ તે વસ્તુની રીતે પ્રાપ્ત થાય કે કાંઈ બીજી રીતે થાતી હશે? સમજાણું? રાગનો અભાવ પણ ક્યારે થાય? જેટલો વીતરાગી આત્માનો આશ્રય લે એટલો રાગનો અભાવ થાય. ઉત્પત્તિ ન થાય. આત્માના આશ્રયે જેટલી પ્રકાશની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનની ઉત્પત્તિ થાય, એટલા અંશે રાગની ઉત્પત્તિ ન થાય અને એટલા અંશે પેલા રાગના નિમિત્તરૂપ છકાયનો ત્યાગ કર્યો એમ એને કહેવામાં આવે. પણ જેને અહીં સ્વાશ્રયના શ્રદ્ધા, જ્ઞાનના ઠેકાણા નથી, એને શુદ્ધપરિણતિ જ જ્યાં નથી એને રાગ ઘટ્યો અને એના નિમિત્તો ઘટાડ્યા, એને વ્યવહારથી પણ અશુદ્ધનયથી પણ લાગુ પડતું નથી. આહાહા!

મુમુક્ષુ :– સમ્યક્ત્વનો ત્યાગ થઈ ગયો.

ઉત્તર :– સમ્યક્ થયા પછી આ બધું થાય છે.

મુમુક્ષુ :– સમ્યક્ત્વનો ત્યાગ થઈ ગયો.

ઉત્તર :– સમ્યક્ત્વનો ત્યાગ તો અનાદિથી છે. એ તો છે. આ બધા કહે છે કે અમે ત્યાગ કર્યો. તો સમ્યક્ત્વનો ત્યાગ છે. સમ્યગ્દર્શનનો ત્યાગ છે, મિથ્યાદર્શનનું ગ્રહણ છે.

મુમુક્ષુ :– ધર્મનો ત્યાગ છે.

ઉત્તર :– ધર્મનો ત્યાગ છે, અધર્મનું ગ્રહણ છે. આહાહા! આકરી વાત. લોકોને એવું લાગે છે ને જાણે આમ. કેટલાકને ઘા વાગે છે. કહે અર..ર..ર..! મારો ધર્મ. પણ તારો ધર્મ હતો કે દિ'? તને ધર્મનું તો ભાન નથી. સમજાણું આમાં? એ ૧૨૮ ગાથા થઈ. બન્ને સારી વ્યાખ્યા કરી છે, હોં! બન્ને લખાણમાં રાગનો ત્યાગ. છપાણું છે ને ત્યાં? આમાં બરાબર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છપાણું નથી. શું કહ્યું?

**'જ્યાં સુધી આ આત્મા ત્યાગધર્મનું આચરણ નહિ કરે ત્યાં સુધી તેને મોક્ષ મળશે નહિ.'** એનો અર્થ કે, ત્યાગધર્મનું આચરણ ન કરે ત્યાં સુધી એનો ઉપાય થશે નહિ. ઉપાય થશે નહિ એટલે મોક્ષ મળશે નહિ. હવે એનો ઉપાય થશે નહિ એટલે શું? કે, આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપ, એની અંતરમાં સ્વાશ્રયના બળે શ્રદ્ધા, જ્ઞાન અને શુદ્ધપરિણતિની પ્રાપ્તિ નહિ કરે, ત્યાં સુધી એનો રાગનો ત્યાગ થશે નહિ. રાગનો ત્યાગ થશે નહિ એટલે શુદ્ધ પરિણતિરૂપ ઉપાય મોક્ષનો માર્ગ થશે નહિ અને મોક્ષનો માર્ગ થયા વિના એને મોક્ષ મળશે નહિ.

મુમુક્ષુ :– કાંઈ નહિ ન મળે તો, પણ ધર્મ તો થાય ને?

ઉત્તર :– અધર્મ થાય. કહો, સમજાણું આમાં? બન્ને ત્યાગમાં અર્થ સારો કર્યો છે. ૧૨૯ લ્યો! ૧૨૮ ગાથા થઈ. એક ગાથામાં આ બધું થયું, હોં! અર્થમાં અને લખાણમાં આવું (લખ્યું છે).

મુમુક્ષુ :– પરિગ્રહની વાત.

ઉત્તર :– પરિગ્રહની. લોકો બાહ્યનો પરિગ્રહ છોડે એટલું નિવૃત્તિ તત્ત્વ છે એમ આવે. ત્યાગધર્મ છે, ત્યાગધર્મ. પણ ત્યાગ શું? ત્યાગરૂપ આત્મા છે માટે જેટલો બાહ્ય ત્યાગ કરે. પણ એનો અર્થ શું?

મુમુક્ષુ :– વિકારના ત્યાગરૂપ છે કે ધર્મના ત્યાગરૂપ છે?

અહીં તો વિકારના ત્યાગરૂપ છે એ તો યથાર્થરૂપ અને બાહ્યના ત્યાગરૂપ તો ત્રિકાળ છે જ તે એમને. એમ. પેલો વિકાર એક સમયની પર્યાયમાં છે, અસ્તિ છે. એને સ્વભાવના ભાવમાં નથી. અને પેલું તો એક સમયની પર્યાયમાં એ શરીર, કર્મ કે પરદ્રવ્ય તો છે જ નહિ. પરનો ત્યાગ છે એનો ત્યાગ, એનો અર્થ કે, ગ્રહણ કર્યા એ મિથ્યાદૃષ્ટિ થઈ. હવે રાગનો ત્યાગ કરું એ પણ પર્યાયબુદ્ધિ થાય ત્યારે થાય છે. આ રાગ છે એને છોડું એનો અર્થ શું થયો? એમ છૂટે? રાગનો અભાવ જેમાં રાગ નથી એવા આત્માનો આશ્રય કરે, ત્યારે નિર્મળ દશા થાય, તેટલો પ્રકાશ થતાં રાગનો અંધકાર ઉત્પન્ન થાય નહિ. આ એને અશુદ્ધનયે એમ કહેવાય કે, આણે રાગનો ત્યાગ કર્યો અને એને નિમિત્તનો ત્યાગ અસદ્ભૂત વ્યવહારનયે (કર્યો કહેવાય). સમજાણું કાંઈ? લ્યો! આ 'મુંબઈ'માં પણ વાંચતા હતા 'ચુનિભાઈ' પહેલા, હોં! 'ચીમનભાઈ' ખબર છે કે નહિ? પહેલું એણે શરૂ કર્યું છે, સૌથી પહેલું એણે શરૂ કર્યું હતું. નહિ 'હિંમતભાઈ'? ભલે એને થોડું ઘણું સાધારણ જાણતા હોય. 'મુંબઈ'માં 'ચુનિભાઈ'એ જ વાંચવાનું શરૂ કર્યું હતું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મને ખબર છે. સૌથી પહેલું 'મુંબઈ'માં એણે જ શરૂ કર્યું. થોડું વાંચવાનું

www.vitragvani.com



શરૂ કરો. જે આવડે ઇ. પછી એટલી જવાબદારી પછી આવે કે નહિ? 'ચીમનભાઈ'! સાંભળવાની આવે લ્યોને. એટલો સાંભળવાનો તો લેવો પડે ને વખત? આહાહા! વસ્તુ તે વસ્તુ! પરમેશ્વરનો માર્ગ જગતને સાંભળવા મળ્યો નથી અને કુમાર્ગને માર્ગ માનીને બેઠા છે. હવે એના આરા ક્યાં આવે? આહા..!

એક તળાવમાં ઉતરવું હોય તો એના પગથીયાના આરા હોય ઉતરવામાં. એ આરે ઉતરે તો પાણીમાં પાણી પીવા જાય. સમજાણું? એ તો આ છોકરાએ પ્રશ્ન કર્યો ત્યારે મગજમાં આવ્યું. પણ એને ન સમજાય કીધું આ. નહિતર કહે, ભાઈ! મારે સિદ્ધ ભગવાન થાવું તો શું કરવું? મારે તો એમ કહેવું હતું કે, આત્મામાં ઉતરી જા. ઉતરી જા એ ન સમજે, કીધું. આમાં ઉતરી જા. કારણ કે એમાં મોક્ષ છે એમાં ઉતરી જા, સિદ્ધ થઈ જાઈશ, જા. આત્માને જાણ એમ કીધું.

એક તળાવ મોટું હોય ને ચાર બાજુ એના મોટા પથરાના પગથીયાના આરા હોય છે. આરે ઉતરાય કે નહિ? પેલામાં તો જમીન-બમીન ચીકણી હોય તો લપસીને જાય પાણીમાં. પાણી એટલું બધું હોય ને. જુઓને! ભાઈ આપણે ડુબી ગયો કે નહિ? એ તો વળી પથ્થરે હતો બિચારો. 'ધીરૂભાઈ' 'જામનગર'. એ પાણી પીવા ગયા તો પગ ગયો. થઈ રહ્યું. 'કાન્તિભાઈ' હતા ને? તો પછી. પાણી એમાં ઘણા ભર્યા. પણ દસ દસ માથોડા, વીસ વીસ માથોડા હોય. ત્યાં પણ કાંઈક બાવન ફૂટ કહેતા હતા. એટલું પાણી હતું. જોવા ગયા હતા ત્યારે થોડું હતું. હવે એમાં તરતા આવડે નહિ અને પેલા પથ્થરા હતા, આમ પગ લપસ્યો. થઈ રહ્યું. જાવું માર્યું હતું. આમ હાથ મારે ને. ન્યાં શું અડે? ક્યાં અડે? થઈ રહ્યું, જાવ.

એમ રસ્તે ઉતર્યા વિના, તળાવનો રસ્તો જે છે સરખો, એનો આરાનો પગથીયાનો હોં! એમાંથી ઉતરે. અને પેલી તો ચીકણી માટી, કાળી હોય. એવી ચીકણી અને ઉતરવા જાય અને આ વરસાદ આવ્યો, જાય હેઠી હાલ્યો. એમ આત્માને ઉતરવાના આરા સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા અંદર આત્મામાં ઉતરાય એવું છે. એ (વિના) ઉતરાય એવું નથી. આહાહા! સમજાણું કાંઈ? ઘણાને ખબર પણ ન મળે, સાંભળવા મળે નહિ.

વાસ્તવિક તત્ત્વ એને સજ્જડ આમ છે અને આ જ માર્ગ છે એમ એના વિશ્વાસમાં જ્યાં સુધી સાંભળવાનો વિશ્વાસ કરવા ન મળે, એ વિશ્વાસ કરે કે દિ' અને અંતરમાં ઉતરે કે દિ'? ઉતર્યા વિના પરનો ત્યાગ છે એમ સાચું કહેવાતું નથી. કહો, નવમી ગ્રૈવેયક ગયો, નગ્નમુનિ થયો, દિગંબર સાધુ (થઈ) દીક્ષા લીધી. પણ પેલો દયા-દાનનો શુભરાગ હતો ને? એ મારો ધર્મ છે. એ પુણ્યને ધર્મ માન્યું હતું અને શરીરની ક્રિયા થાય છે એ હું છું તો શરીર આદિ ચાલે છે. આ દયા પાળે, આ શરીરને.... એવું અવ્યક્તપણે, આમ સીધુ તો ન હોય, હોં! અગિયાર અંગ અને નવ પૂર્વ ભણેલો છે. પણ આમ નથી એટલે આમમાં ક્યાંક અટક્યો છે એમ એનો કહેવાનો આશય છે. આમ રાગમાં અટક્યો છે અને આમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અજીવની પર્યાય આખા દ્રવ્યમાંથી, એની પર્યાયમાં અટક્યો અને આખું દ્રવ્ય વસ્તુ શું છે અને અહીંથી અટક્યો. શરીરની ક્રિયા મારાથી થાય છે, રાગ છે તે ધર્મ છે, એમ માનીને હજારો રાણી છોડીને ત્યાગી થયો પણ મિથ્યાદૃષ્ટિ રહ્યો.

મુમુક્ષુ :– મિથ્યાત્વના ત્યાગની ભૂલ...

ઉત્તર :– મિથ્યાત્વનો અભાવ કેમ કરવો એની ખબર ન મળે અને બાહ્યના ત્યાગથી માન્યું કે, અમે ત્યાગ કર્યો છે. મિથ્યાત્વની પુષ્ટિ થાય. આવું છે. ૧૨૮ થઈ. ૧૨૯.

## ગાથા–૧૨૯

रात्रौ भुञ्जानानां यस्मादनिवारिता भवति हिंसा।
हिंसाविरतैस्तस्मात् त्यक्तव्या रात्रिभुक्तिरपि।।१२९।।

**અન્વયાર્થ :– [ यस्मात् ] કારણ કે [ रात्रौ ] રાત્રે [ भुञ्जानानां ] ભોજન કરનારાને [ हिंसा ] હિંસા [ अनिवारिता ] અનિવાર્ય [ भवति ] થાય છે. [ तस्मात् ] તેથી [ हिंसाविरतैः ] હિંસાના ત્યાગીઓએ [ रात्रिभुक्तिः अपि ] રાત્રિભોજનનો પણ [ त्यक्तव्या ] ત્યાગ કરવો જોઈએ.**

**ટીકા :– 'यस्मात् रात्रौ भुञ्जानानां अनिवारिता हिंसा भवति तस्मात् हिंसाविरतैः रात्रिभुक्तिः अपि त्यक्तव्या' - અર્થ :– રાત્રે ખાનારને હિંસા અવશ્ય જ થાય છે માટે હિંસાના ત્યાગીઓએ રાત્રિભોજનનો ત્યાગ અવશ્ય જ કરવો જોઈએ.**

**ભાવાર્થ :– રાત્રે ભોજન કરવાથી જીવોની હિંસા અવશ્ય થાય છે. પ્રાયઃ એવાં નાનાં નાનાં ઘણાં જંતુઓ છે કે જે રાત્રે જ ગમન કરે છે અને દીવાના પ્રકાશના પ્રેમથી દીવાની (દીપકની) પાસે આવે છે, માટે રાત્રે ચૂલો સળગાવવામાં, પાણી આદિ ભરવામાં, ઘંટીથી દળવામાં, ભોજન બનાવવામાં નિયમથી અસંખ્ય જંતુઓનો ઘાત થાય છે. માટે હિંસાનો ત્યાગ કરનાર દયાળુ મનુષ્યોએ રાત્રે ખાવાનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. ૧૨૯.**

---

હવે રાત્રીનો ત્યાગ ભોજનનો.

रात्रौ भुञ्जानानां यस्मादनिवारिता भवति हिंसा।
हिंसाविरतैस्तस्मात् त्यक्तव्या रात्रिभुक्तिरपि।।१२९।।

ધર્મી જીવે સમ્યગ્દર્શનના ભાન સહિત, જ્ઞાન સહિત, રાત્રિ ભોજનનો રાગ છોડવો,

www.vitragvani.com



રાત્રિ ભોજનનો રાગ છોડવો. રાત્રિ ભોજનમાં મોટું પાપ છે. **'કારણ કે રાત્રે ભોજન કરનારને હિંસા અનિવાર્ય થાય છે.'** હિંસા થયા વિના રહેતી નથી. દીવાના અજવાળા હોય તો એ જાતના ઝીણા જીવ ખીચડીમાં, કઢીમાં, પાણીમાં પડે, એ હિંસા થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? **'અનિવાર્ય થાય છે. તેથી 'विरतैः' હિંસાના ત્યાગીઓએ રાત્રિભોજનનો પણ ત્યાગ કરવો જોઈએ.'** જુઓ! ખુલાસો.

**ટીકા :– 'રાત્રે ખાનારને હિંસા અવશ્ય જ થાય છે માટે હિંસાના ત્યાગીઓએ રાત્રિભોજનનો ત્યાગ અવશ્ય જ કરવો જોઈએ.'**

**ભાવાર્થ :– 'રાત્રે ભોજન કરવાથી જીવોની હિંસા અવશ્ય થાય છે. પ્રાયઃ એવા નાનાં નાનાં ઘણાં જંતુઓ છે કે જે રાત્રે જ ગમન કરે છે...'** જોયું? ઝીણા એવા હોય જે રાત્રે જ્યારે કીડી પડે ને અંદર ત્યારે ચાલે, ત્યારે જ એના પેલા રોટલીમાં, ઉનીમાં દાળ-ભાત, શાક કાંઈ કર્યું હોય, શીરો કર્યો હોય, એમાં ઝીણા જંતુ પડે અને ખાય. એ માંસ છે ભેગું. **'પ્રાયઃ એવા નાનાં નાનાં ઘણાં જંતુઓ છે કે જે રાત્રે જ ગમન કરે છે...'** એમ કહે છે. **'અને દીવાના પ્રકાશના પ્રેમથી...'** બીજો બોલ. **'દીવાની (દીપકની) પાસે આવે છે,...'** એક તો એ .... અને દીવો જે હોય અને દીવા વિના અંધારે તો ખાવા બેસે નહિ. દીવો હોય ત્યાં એના પ્રકાશના પ્રેમથી જ પાસે આવે, ઝીણા આવે અને અહીં પેલો ખાતો હોય, ઝીણા આવે તો પડે એમાં. કઢી હોય, ચોખા અને દાળ હોય, ખીચડી હોય, દૂધપાક હોય, ખીર હોય, લ્યોને. આહા..! ઢેઢગરોળી મરી ગઈ. 'જેતપુર'માં ક્યાંક. ક્યાંક દૂધપાક હતો. કેટલાએ ખાધો તો ઊલટી ... 'રાજકોટ'માં 'વનેચંદભાઈ'ને બહુ થઈ હતી. અમારે 'શીવલાલ' હતો એણે પણ ખાધું હતું. પણ એણે બહુ થોડું ખાધું હતું. બધા રાત્રે તપાસવા આવ્યા. કેમ છે? ભાઈ! અહીં કાંઈ નથી. 'શિવલાલ' ત્યાં ખાવા ગયો હતો. 'ખીમચંદભાઈ'ને ત્યાં ક્યાંક હતું.

મુમુક્ષુ :– નરભેરામભાઈને ત્યાં.

ઉત્તર :– નરભેરામભાઈને. કેટલા આમ.. સમજ્યાને? 'વનેચંદ'ને તો આમ મરવા જેવું થઈ ગયું. એટલી ઊલટી. રાત્રિમાં એમાં ઢેઢગરોળી કે કાંઈક પડ્યું હશે. ખરેખર તો રાત્રિનું કરેલું પણ ખાવું ન જોઈએ. રાત્રિનું કરેલામાં જીવો જે ઝીણા હોય એ દીવાના અંજવાળે ત્યાં આવે, મરે, ત્રસ મરે ત્રસ. **'માટે રાત્રે ચુલો સળગાવવામાં,...'** છે ને? **'પાણી આદિ ભરવામાં,...'** લ્યો! ચાર બોલ છે. ચુલો સળગાવવો, પાણી આદિ ભરવું, પાણી આદિ, દૂધ આદિ આમ ભરે ને નાખે આમ? એ પાછું આમ નાખે, આમાં નાખે ત્યાં વચ્ચે જીવ આવી જાય દૂધમાં. **'ઘંટીથી દળવામાં, (રાત્રે) ભોજન બનાવવામાં નિયમથી અસંખ્ય જંતુઓનો ઘાત થાય છે.'** અસંખ્ય એટલે ઘણા.

મુમુક્ષુ :– દળવાનું તો સવારમાં જ હોય ને?

ઉત્તર :– રાત્રે જ હોય ઉઠીને ચાર વાગે. રાત્રે ઉઠીને અંધારે દળે. એમાં શું આવે

www.vitragvani.com



કેટલા જીવાંત...

**'માટે હિંસાનો ત્યાગ કરનાર દયાળુ મનુષ્યોએ રાત્રે ખાવાનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.'** રાત્રિનો આહાર તો એને હોય જ નહિ. માંસ જેવો અંદર ખોરાક જીવાત. એ સમ્યગ્દર્શનના ભાન સહિત, આત્માના આશ્રય સહિત, આ રાત્રિ ભોજનનો ભાવ ઘટાડવો, છોડવો એમ અહીંયા કહેવામાં આવે છે. એકલા ભાન વિનાના રાત્રે ખાતા નથી એને મિથ્યાત્વ સહિતનું કોઈ પુણ્ય બંધાય. પુણ્ય મિથ્યાત્વ સહિત. એને કાંઈ આત્માનો લાભ થાય નહિ. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૩૦

**રાત્રિભોજનમાં ભાવહિંસા પણ થાય છે :–**

**रागाद्युदयपरत्वादनिवृत्तिर्नातिवर्तते हिंसाम्।**
**रात्रिं दिवमाहरतः कथं हि हिंसा न संभवति।।१३०।।**

**અન્વયાર્થ :– [ अनिवृत्तिः ] અત્યાગભાવ [ रागाद्युदयपरत्वात् ] રાગાદિભાવોના ઉદયની ઉત્કટતાથી [ हिंसाम् ] હિંસાને [ न अतिवर्तते ] ઉલ્લંઘીને વર્તતા નથી, તો [ रात्रिं दिवम् ] રાતે અને દિવસે [ आहरतः ] આહાર કરનારને [ हि ] નિશ્ચયથી [ हिंसा ] હિંસા [ कथं ] કેમ [ न संभवति ] ન સંભવે?**

**ટીકા :– 'रागादिउदयपरत्वात् अनिवृत्तिः अत्यागः हिंसां न अतिवर्तते यतः रात्रि दिवं आहरतः भुञ्जानस्य हि हिंसा कथं न संभवति? - अपितु संभवति एव।' -**

**અર્થ :– રાગાદિભાવ ઉત્કૃષ્ટ હોવાને લીધે રાગાદિનું અત્યાગપણું હિંસાનું ઉલ્લંઘન કરી શકતું નથી. અર્થાત્ જ્યાં સુધી રાગાદિનો ત્યાગ નથી ત્યાં સુધી અહિંસા નથી, હિંસા જ છે. તો પછી રાતે અને દિવસે ખાનારને હિંસા કેમ ન હોય? નિયમથી હોય જ. રાગાદિનું હોવું જ વાસ્તવિક હિંસાનું લક્ષણ છે. ૧૩૦.**

---

**પ્રવચન નં. ૫૬ ગાથા–૧૩૦ થી ૧૩૫ શનિવાર, અષાઢ સુદ ૧, તા. ૦૮-૦૭-૧૯૬૭**

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્રનું પાલન કરવું એ અધિકાર ચાલે છે. એમાં દેશવ્રતનો અધિકાર ચાલે છે આમાં. પાંચ અણુવ્રતની વાત આવી ગઈ. રાત્રિભોજનના ત્યાગની વાત ચાલે છે. **'રાત્રિભોજનમાં ભાવહિંસા પણ થાય છે...'** ૧૩૦.

www.vitragvani.com



रागाद्युदयपरत्वादनिवृत्तिर्नातिवर्तते हिंसाम्।
रात्रिं दिवमाहरतः कथं हि हिंसा न संभवति।।१३०।।

**'અત્યાગભાવ...'** એટલે **'अनिवृत्तिः'** જેને **'રાગાદિભાવોના ઉદયની ઉત્કટતાથી...'** હિંસાનો ત્યાગ નથી, જેને રાત્રિભોજનનો ત્યાગ નથી, એને **'હિંસાને ઉલ્લંઘીને વર્તતા નથી,...'** એ રાત્રિનું ભોજન, એમાં હિંસાને ઓળંગીને વર્તતુ નથી, રાત્રિભોજનમાં હિંસા છે. રાત્રે આહાર કરવામાં હિંસા છે. **'તો રાતે અને દિવસે આહાર કરનારને નિશ્ચયથી હિંસા કેમ ન સંભવે?'** તો રાત અને દિ' જ્યાં ત્યાં ખાધું, ખાવું... ખાવું... ખાવું... રાતે ખાવું, દિવસે ખાવું, સંધ્યાએ ખાવું, સવારમાં ખાવું. રાત-દિ' આહાર કરે, એને હિંસા કેમ ન સંભવે?

**ટીકા :–** **'रागादिउदयपरत्वात् अनिवृत्तिः अत्यागः'** એનો અર્થ એમાં ક્યાંક વિશેષ કર્યો, નહિ? અનિવૃત્તિ એટલે અત્યાગ. **'हिंसां न अतिवर्तते यतः रात्रि दिवं आहरतः भुञ्जानस्य हि हिंसा कथं न संभवति? - अपितु संभवति एव।'** મેળ કર્યો છે. **'રાગાદિભાવ ઉત્કૃષ્ટ હોવાને લીધે રાગાદિનું અત્યાગપણું હિંસાનું ઉલ્લંઘન કરી શકતું નથી.'** રાગનો ત્યાગ નથી ત્યાં હિંસાનું ઉલ્લંઘન હોઈ શકે નહિ. હિંસા જ હોય છે. **'અર્થાત્ જ્યાં સુધી રાગાદિનો ત્યાગ નથી ત્યાં સુધી અહિંસા નથી, હિંસા જ છે. તો પછી રાતે અને દિવસે ખાનારને હિંસા કેમ ન હોય?'** રાત અને દિ' ખાય એને હિંસા કેમ ન હોય? **'નિયમથી હોય જ. રાગાદિનું હોવું જ વાસ્તવિક હિંસાનું લક્ષણ છે.'** સમજાણું?

## ગાથા–૧૩૧

શંકાકારની શંકા

यद्येवं तर्हि दिवा कर्त्तव्यो भोजनस्य परिहारः।
भोक्तव्यं तु निशायां नेत्थं नित्यं भवति हिंसा।।१३१।।

**અન્વયાર્થ :–** [ यदि एवं ] જો એમ છે અર્થાત્ સદાકાળ ભોજન કરવામાં હિંસા છે [ तर्हि ] તો [ दिवा भोजनस्य ] દિવસના ભોજનનો [ परिहारः ] ત્યાગ [ कर्तव्यः ] કરવો જોઈએ [ तु ] અને [ निशायां ] રાત્રે [ भोक्तव्यं ] ભોજન કરવું જોઈએ. કેમકે [ इत्थं ] એ રીતે [ हिंसा ] હિંસા [ नित्यं ] સદાકાળ [ न भवति ] નહિ થાય.

**ટીકા :–** **'यदि एवं तहि दिवा भोजनस्य परिहारः कर्तव्यः तु निशायां भोक्तव्यं इत्थं नित्यं हिंसा न भवति' - અર્થ :– અહીં કોઈ તર્ક કરે છે કે જો દિવસે અને રાતે-**

www.vitragvani.com



**બન્ને વખતે ભોજન કરવાથી હિંસા થાય છે તો દિવસે ભોજન ન કરવું જોઈએ અને રાત્રે ભોજન કરવું જોઈએ જેથી હંમેશા હિંસા નહિ થાય. એવો જ નિયમ શા માટે કરવો કે દિવસે જ ભોજન કરવું અને રાત્રે ન કરવું? ૧૩૧.**

ત્યારે '**શંકાકારની શંકા...**' રાત, દિ' ન ખાય. સદાય ખાવાનું તો એક વખતે ન ખાવું એક દિ'. રાત્રે ખાવું, દિવસે ન ખાવું. તો શું વાંધો છે? એમ કહે છે. શંકાકારની શંકા છે. રાત, દિ' ન ખાવું, સદાય ન ખાવું, દિવસે ન ખાવું, બસ! સદાય ન ખાવું. પણ દિવસે ન ખાવું, રાત્રે ખાવું. રોજા કરે છે ને મુસલમાન? દિવસે ન ખાય, રાત્રે ખાય. હંમેશા ન (ખાવું), આહાર-પાણી ન કરવા હંમેશા. હંમેશા રાત્રે કરવું, દિવસે ન કરવું તો એમાં હંમેશા નથી, એટલો બચી ગયો ને? એમ.

**यद्येवं तर्हि दिवा कर्त्तव्यो भोजनस्य परिहारः।**
**भोक्तव्यं तु निशायां नेत्थं नित्यं भवति हिंसा।।१३१।।**

હંમેશા ન કરવો આહાર, દિવસે છોડી દેવો. એ કારણે સદાય હિંસા નહિ થાય. રાત ને દિ' ખાવાથી હિંસા છે ને, તો દિવસે આહાર છોડી દેવો, રાત્રે ખાવું તો સદાય હિંસા નહિ થાય. એમ શંકાકારની શંકા છે. એટલો ભાગ તો ટળ્યો ને, બસ!

મુમુક્ષુ :- આ એની દલીલ છે.

ઉત્તર :- દલીલ છે ને દલીલ તો હોય કે નહિ એની?

'**જો એમ છે અર્થાત્ સદાકાળ ભોજન કરવામાં હિંસા છે...**' સદાકાળ, વજન અહીં છે. '**તો દિવસના ભોજનનો ત્યાગ કરવો જોઈએ અને રાત્રે ભોજન કરવું જોઈએ.**' લ્યો! સદાકાળ ન થયો. '**કેમકે એ રીતે હિંસા સદાકાળ નહિ થાય.**' નિત્ય નહિ થાય, નિત્ય નહિ થાય. એક ભાગ બચી ગયો. દિવસમાં આહાર કરવું બચી ગયું અને રાત્રે કરવો. એમાં વાંધો શું છે એમ પૂછે છે, હોં!

**''यदि एवं तहि दिवा भोजनस्य परिहारः कर्तव्यः तु निशायां भोक्तव्यं इत्थं नित्यं हिंसा न भवति' - અર્થ :- અહીં કોઈ તર્ક કરે છે કે જો દિવસે અને રાતે-બન્ને વખતે ભોજન કરવાથી હિંસા થાય છે તો દિવસે ભોજન ન કરવું જોઈએ અને રાત્રે ભોજન કરવું જોઈએ જેથી હંમેશા હિંસા નહિ થાય.**' કારણ કે, આખો દિ' ધંધો થાય અને નવરા હોય ત્યારે પછી રાત્રે ખાવું. એમ સાંજ સુધી દિવસનું કામ હોય. છોડવું છે ને? કેટલાક એવા જ હોય કે સાંજે, રાત્રે જ ખાય. મહાપાપ છે રાત્રે તો. હિંસા એકલા માંસના ખાવા જેવું પાપ છે. કામ થાય ને દિવસે. આહાર ન કરે દિવસે, રાત્રે પછી નવરા હોય, રાત્રે ખાય. બચી જાય ને. સદાયની હિંસા બચી જાય ને? સદાય નહિ એક ભાગ બાકી રહી ગયો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ને? દિવસે આહાર છોડી દીધો એટલો ત્યાગ થઈ ગયો કે નહિ? **'આચાર્ય તેનો ઉત્તર આપે છે :–'** સમજાણું? **'એવો જ નિયમ શા માટે કરવો કે દિવસે જ ભોજન કરવું અને રાત્રે ન કરવું?'** એમ શંકાકાર (પૂછે છે). એવો શું કરવા નિયમ કરવો કે રાત્રે ન કરવું અને દિવસે આહાર કરવો?

## ગાથા–૧૩૨

**આચાર્ય તેનો ઉત્તર આપે છે :–**

**नैवं वासरभुक्तेर्भवति हि रागोऽधिको रजनिभुक्तौ।**
**अन्नकवलस्य भुक्तेर्भुक्providedाविव मांसकवलस्य।।१३२।।**

**અન્વયાર્થ :– [ एवं न ] એમ નથી. કારણ કે [ अन्नकवलस्य ] અન્નના કોળિયાના [ भुक्तेः ] ભોજનથી [ मांसकवलस्य ] માંસના કોળિયાના [ भुक्तौ इव ] ભોજનમાં જેમ રાગ અધિક થાય છે તેવી જ રીતે [ वासरभुक्तेः ] દિવસના ભોજન કરતા [ रजनिभुक्तौ ] રાત્રિભોજનમાં [ हि ] નિશ્ચયથી [ अधिकः रागः ] અધિક રાગ [ भवति ] થાય છે.**

**ટીકા :– 'हि रजनिभुक्तौ अधिकः रागः भवति वासरभुक्तेः एवं न भवति यथा अन्नकवलस्य भुक्तौ मांसकवलस्य भुक्तौ इव' - અર્થ :– નિશ્ચયથી રાત્રે ભોજન કરવામાં અધિક રાગભાવ છે અને દિવસે ભોજન કરવામાં ઓછો રાગભાવ છે. જેમ અન્નના ભોજનમાં રાગભાવ ઓછો છે અને માંસના ભોજનમાં રાગભાવ અધિક છે.**

**ભાવાર્થ :– પેટ ભરવાની અપેક્ષાએ તો બન્ને ભોજન સરખા જ છે. પણ પ્રત્યેક પ્રાણીને અન્ન, દૂધ, ઘી, વગેરે ખાવામાં તો સાધારણ રાગભાવ છે અર્થાત્ ઓછી લોલુપતા છે કેમ કે અન્નનો આહાર તો સર્વ મનુષ્યોને સહ્ય જ છે તેથી પ્રાપ્યઃ ઘણા પ્રાણીઓ તો અન્નનું જ ભોજન કરે છે; પણ માંસના ભોજનમાં કામાદિની અપેક્ષાએ અથવા શરીરના મોહની અપેક્ષાએ વિશેષ રાગભાવ હોય છે કેમકે માંસનું ભોજન બધા મનુષ્યોનો સ્વાભાવિક-પ્રાકૃતિક આહાર નથી. તેવી જ રીતે દિવસના ભોજનમાં પ્રાયઃ બધા પ્રાણીઓનો સાધારણ રાગભાવ છે કેમકે દિવસનું ભોજન સર્વ પ્રાણીઓને હોય છે, અને રાતના ભોજનમાં કામાદિની અપેક્ષાએ તથા શરીરમાં અધિક સ્નેહની અપેક્ષાએ અધિક રાગભાવ છે તેથી રાતનું ભોજન બહુ ઓછા માણસોને હોય છે. એ સ્વાભાવિક વાત છે કે દિવસે ભોજન કરવાથી જેટલું સારી રીતે પાચન થાય છે અને જેટલું સારું સ્વાસ્થ્ય રહે છે તેટલું રાત્રે ખાવાથી કદી રહી શકતું નથી.**

www.vitragvani.com



**માટે રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ અને દિવસે જ ખાવું જોઈએ. તેથી શંકાકારની જે શંકા હતી તેનું નિરાકરણ થયું. ૧૩૨.**

---

**'આચાર્ય તેનો ઉત્તર આપે છે :–'**

**नैवं वासरभुक्तेर्भवति हि रागोऽधिको रजनिभुक्तौ।**
**अन्नकवलस्य भुक्तेर्भुक्ताविव मांसकवलस्य।।१३२।।**

દૃષ્ટાંત આપ્યું, જુઓ! દિવસ અને રાત્રિના ખોરાકમાં... **'કારણ કે અન્નના કોળિયાના ભોજનથી...'** અન્નનો કોળિયો ખાય, એનાથી **'માંસના કોળિયાના ભોજનમાં જેમ રાગ અધિક થાય છે...'** એમ છે અહીં, જુઓ! આહાર ખાય એના વખતનો રાગ થોડો છે અને ભોજન વખતનો રાગ માંસના ખાવામાં તીવ્ર રાગ છે. એ દિવસ અને રાતને મેળવ્યું. માંસના ભોજનમાં જેમ રાગ અધિક છે **'તેવી જ રીતે દિવસના ભોજન કરતા રાત્રિભોજનમાં નિશ્ચયથી અધિક રાગ થાય છે.'** રાત્રે ખાવામાં તીવ્ર રાગ છે, મહા હિંસા છે. સમજાણું કાંઈ?

**'हि रजनिभुक्तौ अधिकः रागः भवति वासरभुक्तेः एवं न भवति यथा अन्नकवलस्य भुक्तौ मांसकवलस्य भुक्तौ इव'** એમ દૃષ્ટાંત (આપ્યું). **'નિશ્ચયથી રાત્રે ભોજન કરવામાં અધિક રાગભાવ છે અને દિવસે ભોજન કરવામાં ઓછો રાગભાવ છે. જેમ અન્નના ભોજનમાં રાગભાવ ઓછો છે અને માંસના ભોજનમાં રાગભાવ અધિક છે.'** લોકો એમ કહે છે કે, માંસની એને અસર પડે, એમ નથી. પણ માંસ ખાવાના ભાવ જ તીવ્ર રાગ અને મહાપાપ છે. સમજાણું કાંઈ? માંસ તો પરદ્રવ્ય છે, એનો પ્રભાવ એના ઉપર પડે? પોતાને એ ખાવાનો ભાવ થાય એ જ મહાતીવ્રપાપ છે. એમ દિવસ કરતાં રાત્રે ખાવાનો ભાવ તીવ્રરાગ છે, પાપ છે, હિંસા ઘણી છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'અન્નના ભોજનમાં રાગભાવ ઓછો છે અને માંસના ભોજનમાં રાગભાવ અધિક છે.'**

**ભાવાર્થ :– 'પેટ ભરવાની અપેક્ષાએ તો બન્ને ભોજન સરખા જ છે.'** કોણ બે? અનાજ અને માંસ, અનાજ અને માંસ. **'પેટ ભરવાની અપેક્ષાએ તો બન્ને ભોજન સરખા જ છે. પણ પ્રત્યેક પ્રાણીને અન્ન, દૂધ, ઘી, વગેરે ખાવામાં તો સાધારણ રાગભાવ છે...'** એમ કહે છે. પેલા અન્નને માંસની સાથે મેળવે છે, હોં! એમ દિવસ અને રાત્રિ. **'અન્ન (અનાજ), દૂધ, ઘી, વગેરે ખાવામાં તો સાધારણ રાગભાવ છે અર્થાત્ ઓછી લોલુપતા છે...'** કારણ કે સાધારણ જગતમાં હોય છે. **'કેમકે અન્નનો આહાર તો સર્વ મનુષ્યોને...'** સહેલાઈથી મળે છે. **'સહ્ય જ છે તેથી પ્રાયઃ ઘણા પ્રાણીઓ તો અન્નનું જ ભોજન કરે છે;...'** ઘણા જીવોને તો અન્નનો જ આહાર હોય છે. સમજાણું? અન્નનું ભોજન. **'પણ માંસના ભોજનમાં...'** માંસનું ભોજન કરનારને ઇચ્છાદિની અપેક્ષાએ મહા તીવ્રઇચ્છા છે એમ કહે છે. આમ છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ને રાગ મેળવવો, માંસ અહીં મેળવવું એવો તીવ્રભાવ છે, એને મહાગૃદ્ધિ છે.

**'માંસના ભોજનમાં કામાદિની (ઇચ્છાદિની) અપેક્ષાએ અથવા શરીરના મોહની અપેક્ષાએ...'** લ્યો! માંસ ખાવાના ભાવમાં શરીરનો મોહ તીવ્ર છે અને ઇચ્છા પણ તીવ્ર છે. ઇચ્છા તીવ્ર છે અને ખાવાનો ભાવ પણ, મોહ મોટો તીવ્ર છે. **'વિશેષ રાગભાવ હોય છે કેમકે માંસનું ભોજન બધા મનુષ્યોનો સ્વાભાવિક-પ્રાકૃતિક આહાર નથી.'** એ આહાર કાંઈ બધાને પ્રાકૃતિક નથી. બધાને માંસનો સ્વાભાવિક (આહાર નથી). સ્વાભાવિક તો અનાજનો (આહાર) હોય સાધારણને તો. માટે માંસની ઇચ્છા હોય એને ઇચ્છા પણ ઘણી છે અને ગૃદ્ધિ પણ ઘણી છે. ખાવાની ગૃદ્ધિ પણ ઘણી છે, મહાપાપ છે એમ કહે છે. આ દિવસને રાત્રે સાથે મેળવે છે.

**'તેવી જ રીતે દિવસના ભોજનમાં પ્રાયઃ બધા પ્રાણીઓનો સાધારણ રાગભાવ છે...'** દિવસના આહારમાં સાધારણ રાગભાગ હોય છે. **'દિવસનું ભોજન સર્વ પ્રાણીઓને હોય છે, અને રાતના ભોજનમાં કામાદિની અપેક્ષાએ...'** કામ એટલે ઇચ્છા, ઘણી ઇચ્છા એને રાત્રે આમ કરવું... આમ કરવું... આમ કરવું... **'શરીરમાં અધિક સ્નેહની અપેક્ષાએ...'** બે. **'અધિક રાગભાવ છે...'** કેટલાક રાત્રે જ ખાય, દિવસે ઓછું ખાય. આઠ વાગ્યા પછી જ ખાવાનું નક્કી કરેલું હોય.

મુમુક્ષુ :– નવરાશ જ ત્યારે મળે.

ઉત્તર :– એટલે એને નવરાશ હોય, દિવસના કામ-કાજ હોય, નામું-બામું લખવું હોય પછી નવરા થાય (ત્યારે) આઠ વાગે ખાય. મહાહિંસા, મહાપાપ છે. **'તેથી રાતનું ભોજન બહુ ઓછા માણસોને હોય છે.'** એમ કહે છે, જોયું? માંસ જેમ ઓછું એ અપેક્ષાએ વાત છે. અનાજના ખાનારની અપેક્ષાએ માંસના ખાનારા થોડા હોય છે. નહિતર મૂળ તો એમ છે કે માંસ તો કો'કને જ હોય છે. સમજાણું? અનાજના ખાનારની અપેક્ષાએ માંસ ખાનાર થોડા હોય છે. એમ દિવસે ખાનારની અપેક્ષાએ રાત્રે ખાનારા થોડા હોય છે. સમજાય છે? **'એ સ્વાભાવિક વાત છે...'** એ અપેક્ષાએ મેળવે છે. સમજાણું કે નહિ? **'કે દિવસે ભોજન કરવાથી જેટલું સારી રીતે પાચન થાય છે...'** એ તો ઠીક, થોડી વ્યવહારની વાત નાખી. **'અને જેટલું સારું સ્વાસ્થ્ય રહે છે તેટલું રાત્રે ખાવાથી કદી રહી શકતું નથી.'** એને કાંઈ સંબંધ નથી ખરેખર તો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ના લાભ નથી, એનો લે! આવ્યું હવે. એ અહીંથી જરીક અર્થમાં થોડા ખડક ખાય છે. એ તો વાત કરે છે.

**'જેટલું સારું સ્વાસ્થ્ય રહે છે તેટલું રાત્રે ખાવાથી કદી રહી શકતું નથી. માટે રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ...'** પેલી હિંસાને કારણે ત્યાગ કરવો જોઈએ, હોં! શરીરની સ્વાસ્થ્યતા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રહેશે એ કારણે વાત નથી. એ તો નિમિત્તથી વાત છે. **'દિવસે જ ખાવું જોઈએ.'** એ તો અપેક્ષાએ વાત કરી, બાકી દિવસે ખાવું એ રાત્રે ખાવામાં મહાપાપ છે, દિવસે ખાવામાં થોડું પાપ છે. પાપ તો છે બન્નેમાં. **'તેથી શંકાકારની જે શંકા હતી તેનું નિરાકરણ થયું.'**

## ગાથા–૧૩૩

રાત્રિભોજનમાં દ્રવ્યહિંસા

अर्कालोकेन विना भुञ्जानः परिहरेत् कथं हिंसाम्।
अपि बोधितेः प्रदीपे भोज्यजुषां सूक्ष्मजीवानाम्।।१३३।।

અન્વયાર્થ :– તથા [ अर्कालोकेन विना ] સૂર્યના પ્રકાશ વિના રાત્રે [ भुञ्जानः ] ભોજન કરનાર મનુષ્ય [ बोधिते प्रदीपे ] સળગાવેલા દીવામાં [ अपि ] પણ [ भोज्यजुषां ] ભોજનમાં મળેલા [ सूक्ष्मजीवानाम् ] સૂક્ષ્મ જંતુઓની [ हिंसा ] હિંસા [ कथं ] કેવી રીતે [ परिहरेत् ] છોડી શકે?

ટીકા :– 'बोधिते प्रदीपे अपि अर्कालोकेन विना भुञ्जानः भोज्यजुषां सूक्ष्मजन्तुनाम् हिंसां कथं परिहरेत्' - અર્થ :– રાત્રે દીવો સળગાવવા છતાં પણ સૂર્યના પ્રકાશ વિના રાત્રે ભોજન કરનાર મનુષ્ય, ભોજનમાં પ્રીતિ રાખનાર જે સૂક્ષ્મ જંતુઓ વગેરે છે તેની હિંસાથી બચી શકતો નથી.

ભાવાર્થ :– જે પુરુષ રાત્રે દીવા વિના ભોજન કરે છે તેના આહારમાં જો મોટા મોટા ઉંદર વગેરે પણ આવી જાય તો ખબર પડતી નથી, અને જે પુરુષ રાત્રે દીવો સળગાવી ભોજન કરે છે તેના ભોજનમાં દીવાના સંબંધથી તથા ભોજ્ય પદાર્થના સંબંધથી આવનારા નાનાં નાનાં પતંગિયાં, ફૂદાં વગેરે અવશ્ય ભોજનમાં પડે છે અને તેમની અવશ્ય હિંસા થાય છે. તે કારણે એમ સાબિત થયું કે રાત્રે ભોજન કરનાર મનુષ્ય દ્રવ્યહિંસા અને ભાવહિંસા- એ બન્ને પ્રકારની હિંસાને રોકી શકતો નથી. માટે અહિંસાવ્રત પાળનારે રાત્રિભોજન અવશ્ય ત્યાગવું જોઈએ. જે મનુષ્ય રાત્રે શિંગોડાંનાં ભજિયાં વગેરે બનાવીને ખાય છે તેઓ પણ બન્ને પ્રકારની હિંસા કરે છે. ૧૩૩.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હવે, **'રાત્રિભોજનમાં દ્રવ્યહિંસા...'**ની વ્યાખ્યા સિદ્ધ કરે છે. ભાવ રાગાદિ તો છે. રાત્રે ખાવામાં તીવ્ર રાગ છે માટે મોટી હિંસા છે, માટે એને ત્યાગ કરવો જોઈએ. કહો, સમજાણું?

**अर्कालोकेन विना भुञ्जानः परिहरेत् कथं हिंसाम्।**
**अपि बोधिते प्रदीपे भोज्यजुषां सूक्ष्मजीवानाम्।।१३३।।**

**'તથા સૂર્યના પ્રકાશ વિના રાત્રે ભોજન કરનાર...'** રાત્રે ભોજન કરે છે, જટ દઈને જટ દઈને લાવો. ખીચડી લાવો, કઢી લાવો, આ લાવો, દહીં લાવો, દૂધ લાવો, લાવો, લાવો, ખાઈ લઈએ જટ ખાઈ લઈએ, જટ ખાઈ લઈએ. પા કલાકમાં ખાઈને પાછું કામ કરવા જાવું હોય. ઘણા એવા લોહવાટીયા પાપી હોય ને? આખો દિ' પાપની મજુરી કરી હોય અને વળી રાત્રે જટ, જટ લાવો, જટ લાવો. એ ખીચડી ને કઢી ને દૂધ ને દહીંમાં મહા જીવાતના ઢગલા અંદર પડે. જો પ્રકાશ, દીવો નજીક હોય તો બહુ પડે, છેટે હોય તો અંધારું રહે. જીવાત.. જીવાત, ત્રસ પડે, ફૂદડા, કીડી, મકોડા, જીવાત, કંથવા. કારણ કે દિવસમાં તો એ બધા ઝીણા જીવાત કાંઈક ઉકરડે કે ક્યાંક સ્થાનમાં બેઠા હોય અને જ્યાં રાત્રિ પડી, દીવાના પ્રકાશનું અજવાળું થયું ત્યાં ઉડી ઉડીને આવે, ઝીણા.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ન આવે ઠીક. અરે..! ઝીણા આવે ઝીણા. ન આવે એમ હોય? એને ભાન પણ નથી એની. સૂર્યના પ્રકાશમાં (ન આવે એવી) પેલા પ્રકાશની જીવાત આવે. ઝીણા ક્યાંક પડ્યા હોય ને? શું કહેવાય? ઉકરડે, ખુણામાં. આ ખુણા હોય ને ત્યાં ઝીણી જીવાતો ભરાયેલી (હોય). એ જ્યાં પ્રકાશ આવે એટલે સંચરે, ફટ દઈને ઉડે ન્યાંથી. ઉડીને ન્યાં નજીક આવે, ઠંડી થઈને ઋતુ ઠંડી? એ ખીચડીમાં પડે, માંસ ખાય ખીચડીમાં ભેગા ફૂદડા, કંથવા, કઢીમાં, રાબડીમાં (પડે). સમજાણું? એ મહાહિંસા છે, એ ત્રસનો ખોરાક માંસ ખાય છે એમાં. આકરું કામ આવું, કહે છે. માંસ છે ને? એમાં માંસ આવે.

**'સૂર્યના પ્રકાશ વિના રાત્રે...'** જુઓ! **'बोधिते प्रदीपे' 'बोधिते प्रदीपे'** એમ શબ્દ (છે). બોધિતનો અર્થ સળગાવેલો, બોધ કર્યો. **'સળગાવેલા દીવામાં પણ ભોજનમાં મળેલા સૂક્ષ્મ જંતુઓની હિંસા કેવી રીતે છોડી શકે?'** એ ભોજનમાં મળે, ચોખા હોય, શેરો હોય જે હોય ને એમાં ભળે. ભેગી ઝીણી ઝીણી જીવાત ખાય. હિંસા છે. રાત્રિ ભોજન દયાળું જીવોએ ન કરવું જોઈએ. આમ બહાર નીકળી બીજાની દયાની વાત કરે પણ ન્યાં પેલા ત્રસ મરે એની કાંઈ ખબર ન મળે. ખબર પણ ન મળે કે, આ મરે છે કે નહિ આમાં. સમજાય છે કાંઈ?

**''बोधिते प्रदीपे अपि अर्कालोकेन विना भुञ्जानः भोज्यजुषां सूक्ष्मजन्तुनाम् हिंसां कथं परिहरेत्' - અર્થ :– રાત્રે દીવો સળગાવવા છતાં પણ સૂર્યના પ્રકાશ વિના રાત્રે ભોજન**

www.vitragvani.com



**કરનાર મનુષ્ય, ભોજનમાં પ્રીતિ રાખનાર સૂક્ષ્મ જંતુઓ...'** જુઓ! ક્યાંક નીકળે ને ભોજનની સુગંધ આવે, ભોજનમાં પ્રીતિ. સમજાણું? સુગંધ આવે ને ભોજનની? ચોખા હોય ગમે એ પણ એની પેલી આવે, ગંધ આવે, હોં! ઘઉંની રોટલી હોય તોપણ એની ગંધ આવે. ચોખાની, દાળની ગંધ આવે. ઝીણા, ઝીણા પડ્યા હોય જંતુઓ ઉડીને (એમાં પડે). વધારે અંધારુ હોય તો નાની ઉંદરડી પણ ભેગી શાકમાં આવી જાય. સમજાણું? નાની નાની ઉંદરડી શાકમાં (આવી જાય). શાકનું ફોડવું જાણે દૂધી ખાઉં છું, પણ હોય ઉંદરડી, મહાહિંસા છે. કહો, સમજાણું?

**'જે પુરુષ રાત્રે દીવા વિના ભોજન કરે છે તેના આહારમાં જો મોટા મોટા ઉંદર વગેરે પણ આવી જાય...'** લ્યો! ઉંદરડીઓ નાની ને મોટા એટલે આવડી આવડી ઉંદર ફરતી હોય ને ઝીણી? કઢીમાં પડી જાય, આમાં પડી જાય. લ્યો! મોટો કાગડો અહીં પડી ગયો, નહોતો? એ તો દિવસે વળી પડ્યો. આપણે અહીં પડ્યો હતો. સંભાળ કરનારા ઘણા માણસ હતા ને. એય..! 'મલૂપચંદભાઈ'! 'મલૂપચંદભાઈ'ના વખતમાં હશે એ. કાગડો પેલામાં કઢીમાં (પડી ગયો). લેવા ગયા ત્યાં કાગડો આવ્યો. ઉપરથી કેટલી કઢી તો ખવાય ગઈ.

કાલે એક ફરીયાદ કરતા હતા. બે મહેમાન આવ્યા હતા ઇ. રસોડાનું ખાતું બહુ મેલું. ઓરડા મેલા, ગાદલા મેલા, ગોદડા મેલા, કોઈ સારો માણસ આવ્યો હોય તો એમ કહે. 'હિંમતભાઈ'ને કહેતા હતા ને? એ પછી ઉઘાડુ અહીં પાડ્યું એણે. આંધળુ ખાતું છે કહે, કોઈ દેખનાર નથી. મેં કીધું, ભાઈ! હશે. મેં આમ મનમાં રાખ્યું, હશે ઇ. મે કાંઈ એને નથી કહ્યું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એમાં મારે કહેવું શું? એમ કહો. પેલા માણસ તો જરી પેલામાં રહેલા. બે જણા હતા, પેલો એક સ્વામીનારાયણ હતો. ગૃહસ્થ માણસ લાખોપતિ મોટા. 'બચુભાઈ'ના ભાઈ 'જયંતિભાઈ'. ગૃહસ્થ 'દામોદર જગજીવન'ના દીકરા. આવું આ? તમારા સમિતિનું ખાતું એ પણ બધું અંધારું બહુ. ઓરડા બગડેલા, બધા ગોદડા આવા, સારો માણસ દર્શન કરવા આવ્યો હોય તો ઊભા ક્યાં રહેવું? ઠીક, કીધું. આ તો એક વાત છે, સમજ્યા ને?

કહે છે કે, **'દીવા વિના ભોજન કરે છે તેના આહારમાં જો મોટા મોટા ઉંદર વગેરે પણ આવી જાય...'** ઉંદર મોટા, કોઈ ફૂદડા મોટા. સમજ્યા ને? કરોળિયા, મોટા કરોળિયા આવી જાય, હોં! ખીચડીમાં ને કઢીમાં ને રાબડીમાં. રાબડી હોય કે નહિ? રાબડી કહો છો? રબડી. **'તો ખબર પડતી નથી,...'** સમજ્યા ને? એક જણો કહેતો હતો, ઉંદર આવી ગયો, ઉંદર. અરે..! આ શું? શાકમાં ઉંદર! **'જે પુરુષ રાત્રે દીવો સળગાવી ભોજન કરે છે...'** પહેલી અંધારાની વાત કરે, અંધારે દીવો સળગાવવાની વાત કરે. જટ લાવ, જટ લાવ રોટલી ને દાળ, શાક. ભેગા ઉંદરડી નાની, નાની પણ કચડીને ખાઈને ચાલ્યા જાય. ભાન

www.vitragvani.com



પણ ન મળે. લોહવાટીયા હોય ને એવા કામ કરનારા. અહીં પાપ કેટલું થાય છે, માંસ ખાય છે કે આમાં શું (છે), કાંઈ ભાન જ ન મળે.

**'રાત્રે દીવો સળગાવી ભોજન કરે છે...'** લ્યો! કહે છે. **'તેના ભોજનમાં દીવાના સંબંધથી તથા ભોજ્ય પદાર્થના સંબંધથી...'** એક તો પેલો પ્રકાશ છે અને પેલા ભોજનમાં સુગંધ છે. સમજ્યા ને? ભોજનમાં શીરો હોય, આમ એવી સરસ ગંધ મારી હોય, એને પોતાને સારી લાગે અને ભેગા પેલાને સારી લાગે, એ પણ ભેગા ખાવા પડે. શાક હોય લ્યોને દૂધીના, પેલાના શાક મોટા કટકા કટકા. ભેગું આવે મોટુ પડી જાય બટકુ આવડું કોઈ માંસનું, કોઈ જીવડું આવું મોટુ. ત્યાં ખબર ન રહે ખાઈ જાય. જુઓને આથણામાં. આ આથણા કરે ને? એમાં કેટલી કંથવા અને જીવ? આથણામાં અંદર કેટલા પડે, હોં! કેરીના સંભારા કરે છે ને? શું કહેવાય આ? ડામચીયા હેઠે. તે દિ' જોયું હતું એક ફેરી મેં. આહા..! આવા આથણા! સંસારની વાત છે. દુકાને ખાવા ગયા અને લાવી અમારે 'શિવલાલ'ની વહુ હતા. કેરીનું (આથણું). ક્યાંથી લાવ્યા તમે આ? કહે, અહીંથી. પણ આ તો બધા એકલા મેલા લુગડા, કંથવાના ઢગલા. એકદમ એ ખાવા બેસે ને તમે લઈ આવો છો, એકદમ લઈને અડધું ઢાંક્યું, અડધું ન ઢાંક્યું. પેલી ઢાંકણી હોય ને? ઢાંકણી. આ કંથવા બધા અંદર પડે, તમારા આમાં પડે. આ તે કાંઈ કંથવાના આથણા છે કે કેરીના છે? આ ઘણા વર્ષની વાત છે, હોં! ત્યારથી બંધ કરી દીધું આથણું. આથણું કાંઈ લાવશો નહિ કીધું અમારા માટે. આથણું આપણે ખાવું નથી. આવા આથણા? ત્રસ મરે. કંથવા તમને તો એકદમ લોહવાટ, કે, આવ્યા જમાડો, જમાડો થાળીમાં એકદમ એકદમ. ઉતાવળ ઉતાવળથી લેવા જાય પેલા શું? કેરીના આથણા. કેમ 'ભગવાનભાઈ'! એમ બને છે ને? એકદમ ઉતાવળા આવ્યા હોય રૂનો ધંધો કરતાં કરતાં. બેસો ખાવા, લાવો આથણા લઈ આવીએ. એ આથણા ત્યાંથી લાવે એમાં કંથવા પડે, એમાં કેટલા સેંકડો કંથવા પડ્યા હોય. કરોળિયા હોય મોટા મોટા, હોં! આવડા ઝીણા ઝીણા હોય છે ને? માથે ઢાંકવા બાંધ્યું હોય ને? લુંગડું એવું મેલું. લુગડું કાંઈ ધોવા જાતા હશે? એને લઈને મેલના જીવાત (પડે). મહા હિંસા. એ વસ્તુ સાધારણ જૈનને પણ હોય નહિ. ત્રસ મરે એવા ખોરાક ન હોય.

**'ભોજ્ય પદાર્થના સંબંધથી આવનારા...'** દેખો! **'નાનાં નાનાં પતંગિયાં,...'** લ્યો! ઝીણા ફૂદડા એટલા ઝીણા હોય, ઝીણી ઝીણી જીવાત, મચ્છર ઝીણા. પેલા થાય છે ને આ કાળા મચ્છર બહુ (થાય છે). શું કહેવાય? કાળી શું કહેવાય? કાળી મચ્છરી, બહુ ઝીણી મચ્છરી, ઉડે મચ્છરી. બહુ ઝીણી. એ શાકમાં-બાકમાં તો પડે ઢગલા દસ-દસ, વીસ-વીસ. મચ્છરી જ્યારે હોય છે ને ત્યારે. આહાહા!

**'પતંગિયાં, ફૂદાં (ભરી) વગેરે અવશ્ય ભોજનમાં પડે છે...'** પતંગિયાં શું કરવા લીધા? ઉડતા (હોય) માટે લીધા. પેલા કંથવા આદિ તો આમ ચાલતા-ચાલતા આવે ત્યારે ને. અને

www.vitragvani.com



પેલા ઝીણા... ઝીણા... ઝીણા... ઝીણા... ઉડતા હોય. એમાં પછી રોટલી હોય, એમાં પછી ઘી નાખે, ઉનું ઉનું ઘી ચોપડે એમાં પડે ઝીણા પતંગિયાં અને ફૂદડા. **'એવા ભોજનમાં પડે છે અને તેમની અવશ્ય હિંસા થાય છે. તે કારણે એમ સાબિત થયું કે રાત્રે ભોજન કરનાર મનુષ્ય દ્રવ્યહિંસા અને ભાવહિંસા–એ બન્ને પ્રકારની હિંસાને રોકી શકતો નથી.'** રાગની તીવ્રતા છે એ જ હિંસા છે અને દ્રવ્યહિંસા ફૂદડા આદિ પણ મરે છે. સમજાણું કાંઈ?

**'માટે અહિંસાવ્રત પાળનારે...'** અહીં સમ્યગ્દર્શન સહિતની વાત છે ને? **'રાત્રિભોજન અવશ્ય ત્યાગવું જોઈએ. જે મનુષ્ય રાત્રે શિંગોડાંનાં ભજિયાં...'** અત્યારે ખાય છે કેટલાક. આહાર ન કરે પણ શિંગોડાંના ભજિયાં ખાય.

મુમુક્ષુ :–

ઉત્તર :– શિંગોડાંના ભજિયાં થાય છે, એકલા શિંગોડાંના. શિંગોડા નથી થતાં? એના ભજિયા થાય એકલા શિંગોડાંના. ચણાના લોટના. ભજિયા, શિંગોડાંના ભજિયા વગેરે. શિંગોડાંના ભજિયા કરે, શિંગોડાંની રોટલી કરે, શિંગોડાંની પૂરી કરે, લ્યો!

**'તેઓ પણ બન્ને પ્રકારની હિંસા કરે છે.'** આ 'હિન્દુસ્તાન'માં વર્તે છે. શિંગોડાં, શિંગોડાં. શિંગોડાં એ ને? પેલામાં કાળા વચ્ચે ધોળા, અંદર ધોળા હોય. જોયા છે. લોટ કરીને ખાય છે. શિંગોડાનો લોટ કરીને. રોટલી કરીને ખાય, પૂરી કરીને ખાય. શિંગોડામાં પાપ છે. રાત્રે એના પછી **'શિંગોડાંના ભજિયા વગેરે બનાવીને ખાય...'** રાત્રે, હોં! રાત્રે બનાવે. ખરેખર તો રાત્રે બનાવવાનો ખોરાક જ પાપવાળો છે. સમજાણું? રાત્રે પાણી ઉનું કરે, રાત્રે દૂધ ઉનું કરે, લ્યો! એમાં પણ હિંસા નથી? રાત્રે દૂધ ઉનું કરે એમાં જીવાત પડે, દૂધ ભરે પેલામાં તો જીવાત પડે. સમજ્યા ને? **'જે મનુષ્ય રાત્રે શિંગોડાંનાં ભજિયાં વગેરે બનાવીને ખાય છે તેઓ પણ બન્ને પ્રકારની હિંસા કરે છે.'** રાગ પણ તીવ્ર છે અને જીવાત પણ મરે છે, બન્ને પ્રકારની હિંસા કરે છે.

## ગાથા–૧૩૪

**किं वा बहुप्रलपितैरिति सिद्धं यो मनोवचनकायैः।**
**परिहरति रात्रिभुक्तिं सततमहिंसां स पालयति।।१३४।।**

**અન્વયાર્થ :– [ वा ] અથવા [ बहुप्रलपितैः ] ઘણા પ્રલાપથી [ किं ] શું? [ यः ] જે પુરુષ [ मनोवचनकायैः ] મન, વચન અને કાયાથી [ रात्रिभुक्तिं ] રાત્રિભોજનનો [ परिहरति ] ત્યાગ કરે છે [ सः ] તે [ सततम् ] નિરંતર [ अहिंसां ] અહિંસાનું [ पालयति ]**

www.vitragvani.com



**પાલન કરે છે [ इति सिद्धम् ] એમ સિદ્ધ થયું.**

**ટીકા :– 'वा बहुप्रलपितैः किं इति सिद्धं यः मनोवचनकायैः रात्रिभुक्तिं परिहरति स सततं अहिंसां पालयति' - અર્થ :– અથવા ઘણું કહેવાથી શું? એ વાત સિદ્ધ થઈ કે જે મનુષ્ય મન, વચન, કાયાથી રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે હંમેશા અહિંસાનું પાલન કરે છે.**

**ભાવાર્થ :– રાત્રે ભોજન કરવામાં અને રાત્રે ભોજન બનાવવામાં હંમેશા હિંસા છે. રાત્રે ભોજન કરવાની અપેક્ષાએ રાત્રે ભોજન બનાવવામાં ઘણી વધારે હિંસા થાય છે. તેથી પહેલા અહિંસાવ્રત પાળનારાઓએ રાત્રે બનેલા દરેક પદાર્થનો ત્યાગ કરવો જોઈએ. ખાસ કરીને બજારના બનેલા પદાર્થોનો તો બિલકુલ ત્યાગ જ કરી દેવો જોઈએ પણ જો પાક્ષિક શ્રાવક કોઈ રીતે સમ્પૂર્ણ ત્યાગ કરી ન શકે તો પાણી, પાન, મેવો વગેરે કે જેમાં રાતે બિલકુલ આરંભ કરવો પડતો નથી તેનું ગ્રહણ કરે તો કરી શકે છે, તે પણ જો તેને પાણી વિના ચાલતું ન હોય તો. ૧૩૪.**

---

**किं वा बहुप्रलपितैरिति सिद्धं यो मनोवचनकायैः।**
**परिहरति रात्रिभुक्तिं सततमहिंसां स पालयति।।१३४।।**

આમ નાખ્યું છે, હોં! ત્રણ નાખ્યા છે, અર્થમાં જરી છૂટ આપશે. પાઠમાં કર્તા પણ છે. **'અથવા ઘણા પ્રલાપથી શું?'** ઘણું શું કહીએ? કહે છે. **'જે પુરુષ મન, વચન અને કાયાથી રાત્રિભોજનનો ત્યાગ કરે છે...'** મનથી રાત્રિ ભોજનનો ત્યાગ કરે, વચનથી કોઈને કહે નહિ કે રાત્રિ ભોજન કર, કરતા હોય એને રૂડું જાણે નહિ. મહેમાન મહેમાનને કહે કે, તમે તમારે ખાઈ લ્યો, અમારે બાધા છે. ખાવ ખાવ, લ્યો! સમજાણું કાંઈ? **'ઘણા પ્રલાપથી શું? જે પુરુષ મન, વચન અને કાયાથી રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે નિરંતર અહિંસાનું પાલન કરે છે...'** એને અહિંસા પાલન થાય છે. મિથ્યાત્વના ત્યાગથી અહિંસા શરૂ કરી, મિથ્યાત્વના સેવનથી હિંસા શરૂ કરી. એ અહીંયા રાગની તીવ્રતા તે હિંસા અને આ બાહ્યની દ્રવ્યહિંસાની (વાત કરી). સમજાણું કાંઈ?

**'वा बहुप्रलपितैः किं इति सिद्धं यः मनोवचनकायैः रात्रिभुक्तिं परिहरति स सततं अहिंसां पालयति'** એ અહિંસા પાળે છે. અહિંસાની વાતો તો બધા ઘણા કરે છે. પણ અહિંસા ક્યાં થાય છે અને હિંસા કેમ થાય છે એનું ભાન નથી. અહિંસા પરમો ધર્મ. વળી કેટલાક આ સમ્યગ્દર્શનના ભાન વિના મિથ્યાત્વ સહિત સેવન અને આટલો ત્યાગ કરે ત્યાં કહે અમે ત્યાગી છીએ. પાછું એના ત્યાગનું અભિમાન હોય. અમે આ ખાતા નથી, અમે આ ત્યાગ કર્યો છે, એટલો અમને ધર્મ થાય છે. ધર્મ નથી, એટલી રાગની

મંદતા હોય. સમજાય ને? રાત્રે ન ખાય તો એ પુણ્ય બાંધે, ધર્મ નહિ.

અહીં તો આત્માના શુદ્ધ સ્વરૂપમાં રાગના વિકલ્પ રહિતની અંતર સ્વરૂપની પ્રતીતનું ભાન સહિત તીવ્રરાગનો, અહિંસાના ભાવમાં તીવ્રરાગનો અભાવ, એવું અહિંસા અણુવ્રત, એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? મૂળ મિથ્યાત્વનો ત્યાગ રહી ગયો અને પછી એ વિના આ બધું કરવા માંડ્યું ને એ અમારે ધર્મ થયો એમ માન્યું પાછું. મૂળ રકમ રહી ગઈ અને આ વાતનો વિસ્તાર જાજો આવ્યો હોય (તો) એ પાળવા અને આચરણ કરવા મંડ્યા. વાત એ છે કે જેટલો રાગ ન કરે અને જીવની દ્રવ્યહિંસા છોડે એટલું એને પુણ્ય છે. સમજાણું? પણ આત્મામાં એક રાગનો કણ પણ નથી. જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ એના અંતર દૃષ્ટિમાં અનુભવ ભાન વિના, રાગની મંદતા પણ યથાર્થપણે એને હોય શકે નહિ. આ તો ભાન સહિતની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'રાત્રે ભોજન કરવામાં અને રાત્રે ભોજન બનાવવામાં...'** લ્યો! બન્ને આવ્યું. કહો, સવારે વહેલું જાવું હોય તો રાત્રે જટ ભજિયાં કરી લ્યો, પુડલા કરે. શું કહેવાય? પૂરી કરી લ્યે રાત્રે, રાત્રે. કહે છે, રાત્રે ખાવું અને રાત્રે બનાવવું બન્ને પાપ છે. બનાવવામાં કેટલું મોટું બનાવવું પડે લ્યોને અંદર. લોટ બાંધે, પેલા કરે, એમાંથી જીવાત ભેગી કેળવાઈ જાય. ઝીણી ઝીણી જીવાત પણ લોટમાં આવે. સવારમાં જાવું છે કહેશે, દસ જણા છે, તો કરો ઢેબરા રાત્રે, પૂરી તેલમાં તળો. 'ન્યાલચંદભાઈ'! વાત આવે તો બધી આવે કે નહિ? રાત્રે રાંધવું એ મહાપાપ છે, એમાં બહુ જીવાત મરે. ખાવામાં તો પાપ પણ રાત્રે રાંધવામાં પણ (પાપ છે). સમજાણું? કેટલાકને તો રાત્રે જ રાંધવાની નવરાશ મળે. અંધારા પછી રાંધે અને આઠ વાગે ખાય. રાતનું રાંધેલું રાત્રે ખાય, બહુ પાપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– બધું. આ એની તો વાત ચાલે છે. એને આત્માનું સાધન કરવું છે કે હિત કરવું છે. દર્શન, જ્ઞાન સહિત રાગના ભાગનો ત્યાગ કરવો છે એને આ બધું કરવું પડશે. એમ ને એમ રાત ને દિ' કરે. બટાટા અને શક્કરકંદ ખાધા જ કરે એ મહાપાપ છે. સમજાણું?

**'રાત્રે ભોજન કરવામાં...'** એક વાત. **'રાત્રે ભોજન બનાવવામાં...'** બીજી વાત. કહો, એ કોઈ કરે નહિ પણ બનાવે ખરું રાત્રે. પૂરીઓ બનાવે, ઢેબરા બનાવે, દૂધપાક બનાવે, દૂધપાક બનાવે રાત્રે મહેમાન માટે. પેલો બનાવ્યો દૂધપાક પડી ગયેલું કાંઈક 'રાજકોટ'માં કેટલાને ઉલટી, ડોક્ટરો અને ધમાલ.. ધમાલ. અમે ત્યાં હતા. (સંવત) ૧૯૮૨ની સાલ હશે. દૂધપાક ખાધો એટલા બધાને ઘણાને મરવા જેવું થયું. એકલી ઊલટી. અંદર પડી ગયેલું કાંઈક. રાત્રે વાહન ન મળે. દૂધપાક કરેલા હોય, દૂધપાક સમજો છો? તમારી ખીર. દૂધને પાકે, પાકે એટલે કે રગડી રગડીને ઉકાળે એનું નામ દૂધપાક. અમારે ખીરમાં ઓછું, હોં! ખીરમાં એક શેર દૂધ અને ઘણા ચોખા. પેલામાં એક શેર દૂધ અને રૂપિયા ભાર ચોખા

એનું નામ દૂધપાક કહેવાય અને એક શેર દૂધ અને પા શેર ચોખા એનું નામ ખીર કહેવાય. સમજાણું કાંઈ?

આપણે આ જોઈને વાત કરીએ છીએ ને આપણે ક્યાં કર્યું હતું ત્યાં? લોકો કરતા અને કહેતા હોય એ ઉપરથી સાંભળ્યું (હોય), એ પ્રમાણે કરે. સમજાણું કાંઈ? રાત્રે કરે એ ખીર-બીર કે દૂધપાકમાં જીવાત મરે છે. ફૂદડા, કંથવા ચાલીને વાત છે એટલે એ ગતિ કરતા આમ આવે. પેલા ઉડતાની વાત વધારે છે. ઝીણી જીવાત હોય ને? અત્યારે ચોમાસામાં તો પેલા ઉડતા મકોડા હોય છે. પાંખોવાળા મકોડા ધબાધબ પડે અને અંદરમાં સસડી જાય. પછી ખાય. દૂધપાક અને પૂરી, ઘીમાં તળેલી પૂરી હોય. કહે છે, ભાઈ! રાત્રે ભોજન બનાવવું, એ પાણી પણ બનાવવું બધું એમાં આવે, હોં! રાત્રે પાણી ઉનું કરે એમાં પણ એને પાપ લાગે. કેટલાકને દિવસ ઉગ્યા પછી વખત મળે નહિ. દિવસ ઉગ્યા પહેલા જે સંકેલ્યું એ કામ. એટલું તો ઓછું. આઠ વાગે ન આવવું. કેટલાક તો અહીં પાણી સવારમાં જોઈતું હોય તો શું કરે? વહેલું કરવું પડે કે નહિ? આઠ વાગે ત્યાં સાંભળવા આવવું પડે. એ પહેલા બધું...

મુમુક્ષુ :- એ તો અહીંની વાત છે.

ઉત્તર :- અહીંની વાત ચાલે છે ને અત્યારે. બધી વાત આવવી જોઈએ કે નહિ? એય.. 'છોટાભાઈ'! વાત આવે તો બધી આવે કે નહિ? જટ ઉઠવું હોય વહેલું એટલે કામ પાછા પહેલા પતાવી દે વહેલા, વહેલા. ચોખા-દાળ વહેલા કરી નાખે. પછી આ રોટલી જ કરવાની રહે. થઈ રહ્યું, લ્યો! એ.. 'ઇન્દુભાઈ'! દાંત કાઢે છે, લ્યો!

**'રાત્રે ભોજન કરવામાં અને રાત્રે ભોજન બનાવવામાં હંમેશા હિંસા છે.'** વાત તો એણે જાણવી જોઈએ કે નહિ? ભાઈ! ત્રસ જીવો મરે છે, કીડીઓ મરે, મકોડા મરે, એને ભાવનો તીવ્રરાગ છે. સમજાણું કાંઈ? પોતાના માટેની વાત છે કે નહિ? કાંઈ પરની માટેની આમાં વાત નથી. **'રાત્રે ભોજન કરવાની અપેક્ષાએ રાત્રે ભોજન બનાવવામાં ઘણી વધારે હિંસા થાય છે.'** લ્યો! જોયું? ભોજન કરવું, પેલું તો બનાવવું છે ને ઘણું. **'રાત્રે ભોજન કરવાની અપેક્ષાએ રાત્રે ભોજન બનાવવામાં ઘણી વધારે હિંસા થાય છે.'** રોટલી બનાવે, રોટલા બનાવે, પૂરી બનાવે. એક બાજુ લોટ નાખીને પાણી નાખે એમાં ભેગા નજરે પડે નહિ એમાં જીવાત આવી જાય, ભેગા મસળી નાખે. **'તેથી પહેલા અહિંસાવ્રત પાળનારાઓએ રાત્રે બનેલા દરેક પદાર્થનો ત્યાગ કરવો જોઈએ.'** અહિંસાવ્રત પાળનારાઓએ રાત્રે બનેલા દરેક પદાર્થ. દરેક એટલે કોઈ પાણી, દૂધ (વગેરે) દરેક આવે કે નહિ એમાં? **'ત્યાગ કરવો જોઈએ.'**

**'ખાસ કરીને બજારના બનેલા પદાર્થોનો તો બિલકુલ ત્યાગ જ કરી દેવો જોઈએ...'** બજારમાં ત્યાં શું એને ઠેકાણે ... કંદોઈએ. બજારની દુકાનના માલમાં ત્રસ જ મર્યા હોય. સમજાણું? બજારે કંદોઈની દુકાને જે રાતનો કરેલો માલ હોય, એ તો બિલકુલ લેવો જોઈએ

www.vitragvani.com



નહિ. પાપ જ (છે). એમાં એને ક્યાં, કંદોઈને ક્યાં ભાન છે ન્યાં. એય..! રાતે દૂધ કરે ને? પેલા તાવેતાથી. એમાં જીવાત કેટલી પડે, ન્યાં ક્યાં એને ખબર છે. એના વાળે પેંડા. એમાં ફૂદડાના પેંડા હોય અંદર. ફૂદડાનો ભાગ હોય, જીવાત હોય. રાતે ભજિયા કરે.

કહે છે કે, **'બજારના બનેલા પદાર્થોનો તો બિલકુલ ત્યાગ જ કરી દેવો જોઈએ...'** કંદોઈની દુકાનનો માલ અહિંસા પાળનારે લેવો ન જોઈએ, એમ કહે છે. કેમકે બજારના બનેલા માલમાં... એય..! 'દિપચંદજી'! ભાઈ! હોય એ આવે ને બધું અહીં તો. કંદોઈને એને ક્યાં ઠેકાણું હોય? મેંદા હોય એમાં ઈયળુ પડી હોય. ઘઉંના મેંદા નથી આવતા? ઈયળુ હોય, ઈયળુ. એની બનાવે પૂરીઓ, એના બનાવે સાટા. એ માંસ ખોરાક છે એ તીવ્રરાગ છે, તીવ્રરાગ વિના એ લેવાની વૃત્તિ થાય નહિ, એમ કહે છે. કંઈ પણ ધ્યાન જ ન રહે, લક્ષ પણ ન રાખે તો એને તીવ્રરાગ છે. એ તીવ્રરાગમાં એને પોતાના ભાવની હિંસા લાગે છે. સમજાણું કાંઈ? **'બજારના બનેલા પદાર્થોનો તો બિલકુલ ત્યાગ જ કરી દેવો જોઈએ...'** કહો, એના ભજિયા ને એની પૂરીઓ ને એના સાટા ને પેંડા ને બરફી ને, બજારના બનેલા હોય એ લેવા જોઈએ નહિ.

મુમુક્ષુ :– 'જામનગર'ના તો બહુ સારા આવે છે.

ઉત્તર :– એ બધા પાપ કરે છે. 'જામનગર'માં કરે છે ને? પેલા ઊંચો કોણ છે? 'વિઠ્ઠલ'? 'વલ્લભ' 'વલ્લભ' કંદોઈ. પહેલા દોઢ રૂપિયાના શેર પેંડા, સારા વખતમાં, હોં! અત્યારે તો એ પાંચ, છ રૂપિયાના (થઈ ગયા). નહિ? કેટલાના આવે છે? આઠ રૂપિયા. પહેલા ત્રણ આનાના, ચાર આનાના શેર પેંડા મળતા. તે દિ' દોઢ રૂપિયા લેતો એ. દોઢ રૂપિયાના શેર પેંડા. એ ખબર છે ને? 'લીલાધરભાઈ'ને ન્યાં વ્હોરવા ગયા હતા ને એક ફેરી? ત્યાં દોઢ રૂપિયાના શેર પેંડા. 'વિઠ્ઠલ'? શું કીધું? 'વલ્લભ' એનું લોઢાનું કડાયું ઊંચું હોય, હોં! ધોળા, સફેદ ઉંચા બનાવે છે. રાતમાં એ બનાવે જાજા ખપી જાય તો શું કરવું? આ તો ૧૯૮૨ની સાલની વાત છે. દોઢ રૂપિયાના શેર એમ કહેતા. 'લીલાધરભાઈ' હતાને? દોઢ રૂપિયાના શેર પેંડા. એવા મોંઘા છે.

રાત્રે આહાર બનાવવો અને રાત્રે આહાર કરવો એમાં મહાપાપ છે. સમજાણું કાંઈ? એવા ઊંચા કરે એમાં પછી ઉપર જરીક નાખે કાંઈક એલચી અને કાંઈક બદામ-પિસ્તાનો જરી ભૂકો. પેંડાનો દેખાવ એવો લાગે. પણ એમાં જીવાત મરી ગઈ હોય રાત્રે. કંદોઈ રાત્રે પેંડા કરે એમાં મરી ગયેલી જીવાતનો પાર ન હોય. ઝીણા ઝીણા ફૂદડા આદિ (પડ્યા હોય). અહિંસાના પાળનારાએ એવો બજારનો ખોરાક રાતનો રાંધેલો હોય એ લેવો જોઈએ નહિ. સમજાણું કાંઈ?

**'પણ જો પાક્ષિક શ્રાવક કોઈ રીતે સંપૂર્ણ ત્યાગ કરી ન શકે...'** એટલો થોડો બચાવ આપે છે. પાઠમાં તો મન, વચન, કાયા છે. એય..! 'દેવાનુપ્રિયા'! ત્રણ છે, ત્રણ. મન, વચન

www.vitragvani.com



અને કાયાએ ત્યાગ. નવ પ્રકાર. કરવું, કરાવવું અને અનુમોદવું. મનથી રાત્રિ ભોજન કરવું નહિ, વચનથી કહેવું નહિ કે રાત્રિ ભોજન કરવું, કાયાથી કરવું નહિ. સમજ્યા ને? કરાવવું નહિ, એમ અનુમોદવું નહિ. રાત્રિ ભોજનમાં મોટું પાપ છે. જીવાત, માંસ(નો ખોરાક છે). સમજાણું? ઝીણી જીવાત આવી જાય. એને છોડવું જોઈએ.

ભાઈ! આ તો આત્માના દયાની વાત છે. આત્માની દયા જેને છે એને તો પહેલું સમ્યગ્દર્શન હોવું જોઈએ. શુદ્ધોપયોગનું આચરણ તે પહેલી આત્માની દયા. પછી આ રાગની મંદતાના વિકલ્પની આ દશા એને હોય છે. એમાં જેટલો કષાય ટળ્યો છે એટલી સ્થિરતા (છે), એટલો રાગ રહ્યો છે, એમાં પણ હિંસા તો છે, પણ તીવ્ર રાગનો ત્યાગ અને મંદ રાગનો (ત્યાગ) એટલી હિંસા ઓછી છે. સમજાણું કાંઈ?

કહે છે કે, '**તો પાણી, પાન, મેવો વગેરે કે જેમાં રાતે બિલકુલ આરંભ કરવો પડતો નથી...**' એવી કાંઈ છૂટ-બુટની જરૂર ન હોય. એય..! 'દેવાનુપ્રિયા'! અહીં તો ઉત્કૃષ્ટ વાત હોય કે નહિ? પાન, પાન એટલે આ નાગરવેલનું? નાગરવેલના પાન રાત્રે ખાય. પાન એટલે પીવાનું. ઠીક, પીણું–પીણું, પાણી ને પીણું એ બરાબર. પીણું-પીણું લ્યોને. દૂધ હોય, રાબડી હોય પણ એ બધું નહિ. મેવો હોય, આ લ્યોને બદામ, પિસ્તા '**જેમાં રાતે બિલકુલ આરંભ કરવો પડતો નથી તેનું ગ્રહણ કરે તો કરી શકે છે, તે પણ જો તેને પાણી વિના ચાલતું ન હોય તો.**' પણ એ નહિ. ખરેખર તો રાતે હોય જ નહિ. સમજાણું? પાણી પણ નહિ ને આહાર પણ નહિ ને મેવા પણ નહિ અને ફલાણું નહિ. મેવા હોય એમાં પણ ઝીણી જીવાત પડી હોય, અડી હોય તો શી ખબર પડે? સમજાણું ને? લ્યો! ૧૩૪ ગાથા થઈ.

આત્માના મિથ્યાત્વના ત્યાગ સહિત એ વાત અહીં ચાલે છે. વિપરીત માન્યતા છે એ જ મહાહિંસા છે. ભગવાને કેવળીએ કહેલા તત્ત્વો જે છે, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, એ ભગવાને કેવળી પ્રભુએ કહેલા એમાંથી વિપરીત માને એ માન્યતા વિપરીત છે એ જ પહેલી મહાહિંસા છે. સમજાણું કાંઈ? એ વિપરીત માન્યતાની હિંસાને છોડી, પછી આ રાગના મંદતાના ભાવમાં તીવ્ર મહાહિંસા ઘટે છે અને જેટલો બિલકુલ રાગ ઘટે તેટલી હિંસા વધે છે. એની અહીં વાત ચાલે છે.

## ગાથા–૧૩૫

इत्यत्र त्रितयात्मनि मार्गे मोक्षस्य ये स्वहितकामाः।
अनुपरतं प्रयतन्ते प्रयान्ति ते मुक्तिमचिरेण।।१३५।।

**અન્વયાર્થ :–** [ इति ] એ રીતે [ अत्र ] આ લોકમાં [ ये ] જે [ स्वहितकामाः ]

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પોતાના હિતના ઇચ્છુક [ मोक्षस्य ] મોક્ષના [ त्रितयात्मनि ] રત્નત્રયાત્મક [ मार्गे ] માર્ગમાં [ अनुपरतं ] સર્વદા અટક્યા વિના [ प्रयतन्ते ] પ્રયત્ન કરે છે [ ते ] તે પુરુષ [ मुक्तिम् ] મોક્ષમાં [ अचिरेण ] શીઘ્ર જ [ प्रयान्ति ] ગમન કરે છે.

ટીકા :– 'ये (पुरुषाः) स्वहितकामाः इत्यत्र त्रितयात्मनि मोक्षमार्गे अनुपरतं प्रयतन्ते ते (पुरुषाः) अचिरेण मुक्तिं प्रयान्ति' - અર્થ :– જે જીવ પોતાના હિતને ઇચ્છતા થકા આ રીતે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં હંમેશા પ્રયત્ન કરતા રહે છે તે જીવ તરત જ મોક્ષને પામે છે. જીવમાત્રનું હિત મોક્ષ છે, સંસારમાં બીજે ક્યાંય આનંદ નથી. તેથી જે જીવ મોક્ષમાં જવા ઇચ્છે છે તેમણે સદૈવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે તેમાં સદૈવ જ પ્રયત્ન કર્યા કરવો. જો આપણે મોક્ષની વાતો કર્યા કરીએ અને મોક્ષના માર્ગની ખોજ કરીએ નહિ તથા તેના અનુસારે ચાલીએ નહિ તો આપણે કદી મોક્ષને પામી શકીએ નહિ અને જે જીવો તેના માર્ગમાં ચાલે છે અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે છે તે જીવ તરત જ મોક્ષના પરમધામમાં પહોંચી જાય છે. આ રીતે (તત્ત્વજ્ઞાનપૂર્વક) પાંચે પાપના ત્યાગપૂર્વક પાંચે અણુવ્રતનું તથા રાત્રિભોજનત્યાગનું વર્ણન કરીને હવે સાત શીલવ્રતોનું વર્ણન કરે છે. કેમકે સાત શીલવ્રત પાંચ અણુવ્રતની રક્ષા કરવા માટે નગરના કોટ સમાન છે. જેમ કિલ્લો નગરનું રક્ષણ કરે છે તેવી જ રીતે સાત શીલવ્રત પાંચે અણુવ્રતની રક્ષા કરે છે. ૧૩૫.

---

इत्यत्र त्रितयात्मनि मार्गे मोक्षस्य ये स्वहितकामाः।
अनुपरतं प्रयतन्ते प्रयान्ति ते मुक्तिमचिरेण।।१३५।।

**'એ રીતે આ લોકમાં જે પોતાના હિતના ઇચ્છુક...'** પોતાના આત્માના હિતના અભિલાષી, **'ઇચ્છુક મોક્ષના રત્નત્રયાત્મક માર્ગમાં...'** રત્નત્રયાત્મક, દેખો! અહીં ત્રણ આવ્યું. અણુવ્રત છે ને અહીંયા? લ્યો! આને ત્રણ રત્ન કીધા, એય..! સાતમે તો કહે છે, એ તો આવે છે, ત્યાં 'નિયમસાર'માં પણ આવે છે. ચોથા, પાંચમાં...

મુમુક્ષુ :– હવે આઠમે પણ થાય છે ને?

ઉત્તર :– હવે આઠમે એને બિચારાને શું? એને એ જાતની વાત જ બેસી ગઈ છે. કલ્પનાથી બેસી ગઈ છે. માર્ગ તો જે રીતે હોય એ (રીતે આવે). કલ્પનાનું કામ આવે? અનંત જ્ઞાનીઓ, અનંત સંતો, અનંત મુનિઓ જે માર્ગ...

મુમુક્ષુ :– આઠ ગ્રંથમાં ટીકા છે.

ઉત્તર :– આ રીતે આવ્યું ને. .. આવડત ક્યાં છે? કાંઈકનું કાંઈક લખાણ વ્યવહારનું નિશ્ચયમાં ખોસી ઘાલે. આઠ ગ્રંથમાં તો એવો કેવળી ભગવાનનો માર્ગ (નથી). માર્ગ તો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેમાં વીતરાગતા ઊભી થાય તે માર્ગ. જેમાંથી વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર ઊભો થાય તે માર્ગ. વચ્ચે પછી મંદરાગ આવે એને વ્યવહાર કહેવામાં આવે છે. માર્ગ તો આવો ત્રણેકાળ ત્રણલોકમાં છે.

'આત્મઅવલોકન'માં તો ત્યાં સુધી કહ્યું છે, મુનિ એને કહીએ કે, જેણે વીતરાગ ભાવને અંગીકાર કર્યો છે. આત્મા આનંદસ્વરૂપ, પુણ્ય-પાપના વિકલ્પ રહિત દેહની ક્રિયાના કર્તૃત્વબુદ્ધિ રહિત, એકલો આત્મા શુદ્ધ અખંડ આનંદ વીતરાગમૂર્તિ આત્મા છે એની દૃષ્ટિ, જ્ઞાન અને એમાં રમણતારૂપ વીતરાગતા–સામ્ય–તેને મુનિ કહીએ. અને એ મુનિ વીતરાગતાની જ વાત કરે. વ્યવહારની વાત કરે, જ્ઞેયની કરે, વિધી વાદની કરે, અવિધી વાદની કરે, પણ એમાંથી આ વાત આદરવા યોગ્ય છે એ વાત કરે. સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વરના માર્ગના સંતો વીતરાગી દશાવાળા હોય અને એના કથનમાં વીતરાગી ભાવનો ઉપદેશ આવે. જેમાંથી રાગ કરવાથી લાભ થાય એ ઉપદેશ વીતરાગના ઘરનો નથી. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, જે કોઈ **'स्वहितकामाः'** એમ છે ને અહીં તો? પોતાના હિતનો, મોક્ષનો અભિલાષી છે, એણે રત્નત્રયાત્મક માર્ગે (અર્થાત્) સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના માર્ગે. લ્યો! શ્રાવકને પણ પાંચમેગુણસ્થાને ત્રણ કહ્યા. આત્માની નિર્મળ શુદ્ધચૈતન્યની અંતર નિર્વિકલ્પ પ્રતીતિ, આત્માનું પરિજ્ઞાન, આત્માનું પરિજ્ઞાન અને આત્મામાં રાગના અંશના ત્યાગની જેટલી સ્થિરતા(નો) અંશ (પ્રગટે) એ રત્નત્રય માર્ગ કહેવામાં આવે છે. શ્રાવકને પણ રત્નત્રયનો માર્ગ હોય છે. વ્યવહારનો વિકલ્પ છે એ કાંઈ મૂળ માર્ગ નથી. આ તો વસ્તુના રત્નત્રય છે ને? ત્રણને ભેગા લીધા છે ને? રાગ ઘટીને જેટલી સ્થિરતા થઈ છે, અખંડ જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ થઈ છે, એકરૂપની એની એકાગ્રતા થઈ છે. સ્વભાવમાં એકાગ્રતા થઈ અને દર્શન, જ્ઞાન પ્રગટ કર્યા છે. અને એમાં એકાગ્રતા વિશેષ થઈને રાગનો અભાવ કર્યો છે. એને અહીંયા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર રત્નત્રય માર્ગ કહેવામાં આવે છે. સમજાણું?

**'સર્વદા અટક્યા વિના...'** જુઓ! **'अनुपरतं'** **'સર્વદા અટક્યા વિના પ્રયત્ન કરે છે...'** શ્રાવક એને કહીએ કે જે આત્મા શુદ્ધ અખંડ આનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, જોયેલો (એ આત્મા છે). સર્વજ્ઞ સિવાય આત્મા જાણે, કહે એ સાચા હોય શકે નહિ. પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન છે, એવા ભગવાને આત્મા જોયો, એ કહ્યો તે આત્મા સાચો. અજ્ઞાનીઓ કલ્પીને કહે કે, આ આત્મા, આ આત્મા એ આત્મા નથી. સમજાણું કાંઈ? એવો આત્મા, સર્વજ્ઞપણું જેને પ્રગટ થયું છે, એનો આત્મા, દરેક આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે, એવા આત્મા. સમજાણું કાંઈ? એવો આત્મા. એની સ્વસન્મુખની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન, એમાં સ્થિરતા–રાગરહિત સ્વરૂપમાં એકાગ્રતા, એ શ્રાવકનો રત્નત્રય માર્ગ છે. કહો, 'સેઠી'! આહાહા! જુઓ! અહીંયા ત્રણે નાખ્યા. અહિંસા વ્રતનું ચાલે છે ખરુંને?

**'સર્વદા અટક્યા વિના પ્રયત્ન કરે છે...'** જોયું? ભગવાનઆત્મા શુદ્ધચૈતન્યવસ્તુ, તેમાં

www.vitragvani.com



તેનો દર્શન, જ્ઞાન અને સ્થિરતાનો પ્રયત્ન કાયમ હોય છે. સર્વદા એમ ભાષા વાપરી છે ને? જુઓ! સર્વદા '**अनुपरतं**' અટક્યા વિના. અંતર સ્વરૂપમાં ચૈતન્ય ભગવાનઆત્મા પવિત્ર સ્વરૂપ (છે) એમાં દૃષ્ટિ, એનું જ્ઞાન, એમાં રમણતા અટક્યા વિના સ્વરૂપમાં નિરંતર ધારાવાહી રત્નત્રયને આરાધે છે. ભારે વાત! સમજાણું કાંઈ? પ્રયત્ન કરે છે, એમ કીધું, જોયું? સ્વભાવ સન્મુખનો પ્રયત્ન કરે છે. '**તે પુરુષ મોક્ષમાં શીઘ્ર જ ગમન કરે છે.**' તે જીવ મોક્ષમાં એટલે પૂર્ણ શુદ્ધતામાં અલ્પકાળમાં પૂર્ણ શુદ્ધતાને પામે છે. એમ. સમજાણું કાંઈ? '**મોક્ષમાં શીઘ્ર જ ગમન કરે છે.**' લ્યો!

''**ये** (पुरुषाः) **स्वहितकामाः इत्यत्र त्रितयात्मनि मोक्षमार्गे अनुपरतं प्रयतन्ते ते** (पुरुषाः) **अचिरेण मुक्तिं प्रयान्ति' - જે જીવ પોતાના હિતને ઇચ્છતા થકા આ રીતે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં...**' જોયું? રાગમાં હિંસા છે માટે રાગ ઘટાડે છે, સ્વરૂપની સ્થિરતા તે અહિંસા છે એને પાળે છે એમ કહે છે. '**રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં હંમેશા પ્રયત્ન કરતા રહે છે તે જીવ તરત જ મોક્ષને પામે છે.**' '**अचिरेण**' એટલે અલ્પકાળમાં તેને પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. પોતાનો ભગવાન શુદ્ધ છે, તેની શ્રદ્ધા, જ્ઞાન અને તેના તરફની સાવધાની, એવો જે રત્નત્રય માર્ગ, તેને અલ્પકાળમાં પૂર્ણ શુદ્ધિને–મુક્તિને પામે છે.

'**જીવમાત્રનું હિત મોક્ષ છે,...**' બધાનું હિત મોક્ષ છે. કેમકે મોક્ષ સિવાય ક્યાંય સુખ નથી. સંસારમાં બીજે ક્યાંય આનંદ નથી. પૈસામાં, બાયડીમાં, છોકરામાં, ઇન્દ્રપદમાં ક્યાંય ધૂળમાં ક્યાંય સુખ નથી. સમજાણું કાંઈ? સંસારમાં બીજે ક્યાંય, મોક્ષ સિવાય સંસારમાં બીજે ક્યાંય (એટલે) સ્વર્ગનો ભવ હો, નરકનો હો કે મનુષ્યનો હો કે શેઠનો હો કે રાંકનો હો, બધે દુઃખ, દુઃખ અને દુઃખ જ છે.

મુમુક્ષુ :– બહુ આનંદની મર્યાદા ઓછી કરી નાખી.

ઉત્તર :– આનંદ છે આત્મામાં અને પૂર્ણ આનંદ છે મોક્ષમાં, પર્યાયમાં. બીજે ક્યાંય આનંદ નથી, ક્યાંય નથી. ... એ આવતું હતું. ... વીતરાગી દૃષ્ટિ અંતરમાં, આનંદની દૃષ્ટિ, આનંદનું જ્ઞાન અને આનંદમાં લીનતા એ સુખી છે. 'એ સુખીયા જગતમાં સંત, દુરીજન દુઃખીયા.' બાકી બધા દુઃખીયા છે. એ અબજોપતિ, કરોડોપતિ ભિખારી છે. 'પ્રભુભાઈ'! સાચું હશે આ? એ.. 'મોહનભાઈ'! આ તમારે પાંચ, દસ લાખ, પચ્ચીસ લાખ મળે ત્યાં તો એમ કહે કે, ઓહો..હો..! બહુ સુખી, એમ કહે દુનિયા, વાણિયા. ભાઈ! હમણા સુખી છીએ. ગયા હતા ને પેલા બામણવાર? એક ઘર છે એ સુખી ઘર છે એમ કહે. બે, ચાર, પાંચ લાખ હોય, ગામડામાં પણ બે, પાંચ, લાખ હોય તો બહુ સુખી કહેવાય. 'બામણવાર' 'ઉદયપુર'થી 'અમદાવાદ' આવતા 'બામણવાર' છે, ત્યાં બે ઘર છે. એમાં એક ગૃહસ્થનો છોકરો હતો, નહિ? શું નામ? 'ચંદુ'. પૈસાવાળા છે. દસ ગામમાં રાજા જેવી એની મહાનતા છે. દેખાવ સારો છે. ગામમાં લોકો બધા કહે... એની નાત પણ મોટી, પાંચસો માણસ આવ્યા

www.vitragvani.com



હતા. 'અમદાવાદ' આવતા એક દિ' હમણા ગયા હતા ને? ગામમાં આ એક ઘર સુખી છે. સુખી કેમ કહેવું? નાનું ગામ અને પાંચ લાખની મૂડી, તો કેવો માણસ કહેવાય?

મુમુક્ષુ :– ખાનદાન માણસ છે.

ઉત્તર :– હોય પણ એને લઈને સુખ કે દિ' હતું ધૂળમાં? સુખ તો આત્મામાં પુણ્ય-પાપના રાગ રહિત દૃષ્ટિ કરે અને એમાં સ્થિર થાય તેમાં આનંદ છે, બાકી ધૂળમાં પણ ક્યાંય છે નહિ. જુઓ! અહીં શું લખ્યું છે?

**'સંસારમાં બીજે ક્યાંય આનંદ નથી.'** એટલે ક્યાંયમાં બધું આવતું હશે કે નહિ? એ 'સેઠી'! તમારા પૈસા-બૈસા એમાં આવતા હશે કે નહિ? ખતમ હો ગયા? મકાન, પૈસા, સારી રૂપાળી સ્ત્રી, સારા રૂપાળા છોકરા, પાંચ–પાંચ હાથના લાંબા રૂપાળા, કહે છે કે, બધે દુઃખ છે, આકુળતા છે, ધૂળમાં પણ સુખ નથી. સુખ તો એક આત્મામાં અને મોક્ષમાં છે. બીજે ક્યાંય સુખ છે નહિ, માટે મોક્ષના અર્થીએ આત્માનું હિત સાધવા રત્નત્રય પ્રાપ્ત કરવા. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૫૭ ગાથા–૧૩૫ રવિવાર, અષાઢ સુદ ૨, તા. ૦૯-૦૭-૧૯૬૭**

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ આવી ગયું. સમ્યક્ચારિત્રમાં દેશ અણુવ્રતની વ્યાખ્યા ચાલે છે. એમાં દેશ અણુવ્રતમાં પાંચ અણુવ્રતની વ્યાખ્યા થઈ ગઈ, એનો અહીં ૧૩૫ માં સરવાળો કરે છે.

**ટીકા :–** '**ये** (**पुरुषाः**) **स्वहितकामाः इत्यत्र त्रितयात्मनि मोक्षमार्गे अनुपरतं प्रयतन्ते ते** (**पुरुषाः**) **अचिरेण मुक्तिं प्रयान्ति**' હવે પંડિતજીએ ખુલાસો ઠીક કર્યો આ. પણ આને મોક્ષમાર્ગ સાથે જોડી દીધું છે. પેલામાં આ લોકમાં એમ હતું. એટલે આ બરાબર થયું. '**જે જીવ પોતાના હિતને ઇચ્છતા થકા...**' અહીંથી લીધું છે. '**ये** (**पुरुषाः**)' એમ છે ને? એટલે જે જીવ. પુરુષ એટલે અહીં જીવ લીધો. પોતાના હિતને ઇચ્છતા થકા. આ વાત છે. પોતાનું હિત જેને પ્રગટ કરવું છે, હિતની જેને અભિલાષા છે, હિત એટલે મોક્ષ. પરમ આનંદની પૂર્ણ પ્રાપ્તિ થવી તેનું નામ મોક્ષ. પરમ શુદ્ધિની, પરમ આનંદની, ઉત્કૃષ્ટ આનંદની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ. પછી એમાં અર્થમાં તો એમ કહેશે કે મોક્ષમાં જવા ઇચ્છે છે, એ બધી ભાષા તો એમ જ આવે ને. જવા ઇચ્છે છે એનો અર્થ? પૂર્ણ આનંદ પ્રાપ્ત કરવાનો અભિલાષી છે તે. કહો, સમજાણું આમાં? જેને આત્મામાંથી પૂર્ણ આનંદ, અતીન્દ્રિય પૂર્ણ આનંદ, એનું નામ મુક્તિ, એનો જે કામી છે એમ પહેલો સિદ્ધાંત લીધો છે.

**'જે જીવ પોતાના હીતને અભિલાષતા થકા આ રીતે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં...'** કારણ કે, આ તો અણુવ્રતની વ્યાખ્યા આવી એટલે રત્નત્રય ત્રણે ભેળવ્યા. મૂળ પાઠમાં છે ને?

www.vitragvani.com



**'त्रितयात्मनि'**. સમ્યગ્દર્શન જે આત્મા અખંડ શુદ્ધચૈતન્ય સન્મુખની અંતર જ્ઞાનના અનુભવમાં પ્રતીતિ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય, જેની શક્તિ, સ્વભાવ અમાપ, અમાપ એવો જે ગુણ, એવા અનંતગુણનું એકરૂપ એવો આત્મા, એના સ્વ-સન્મુખની એનું ભાન—જ્ઞાન થઈને એની પ્રતીતિ, એવું જે સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? અને પોતાના સ્વરૂપનું, શુદ્ધચૈતન્યના સ્વરૂપનું અંતર પરિજ્ઞાન. જ્ઞાયક ચૈતન્યજ્યોત જ્ઞાન સ્વરૂપ વસ્તુ છે, એનું જ્ઞાન. એવા દર્શન-જ્ઞાનપૂર્વક પાંચ અણુવ્રત, એ ત્રીજો ચારિત્રનો અંશ ભળ્યો. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો, અંશ નિવૃત્તિનો એની સાથે ભળ્યો. એટલે કહે છે કે, એ રીતે રત્નત્રયરૂપ. ત્રણ થયા રત્નત્રય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ સ્થિરતાનો ચારિત્ર અંશ. બરાબર છે? આ શ્રાવકની વાત ચાલે છે, હોં! શ્રાવકની વાત ચાલે છે.

જેને પોતાના હિતની ભાવના છે, આમ પહેલો શબ્દો મુક્યો. જેને મોક્ષની જ ભાવના પવિત્ર પૂર્ણ થવાની જ ઇચ્છા નથી એને અહીં સ્થાન નથી. પોતાનો સ્વભાવ શુદ્ધ પૂર્ણ છે એને પૂર્ણ પ્રાપ્તિ કરવાનો કામી છે, પર્યાયમાં પૂર્ણ પ્રાપ્ત કરવાનો કામી છે. એને કોઈ સંસાર, રાગ, પુણ્ય જોઈએ છે કે એ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? એથી કહે છે, એવા જે હિતના અભિલાષી પ્રાણી, આ રીતે કહ્યા પ્રમાણે. એમ. એ રીતે કીધું ને પેલું? **'इति'** **'इति अत्र'** આ કહેવા પ્રમાણે રત્નત્રયરૂપ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના અંશની નિર્મળ પ્રાપ્તિ, એવો મોક્ષમાર્ગ, એનું નામ મોક્ષનો માર્ગ. પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિનો આ ઉપાય. પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિરૂપ મુક્તિ, આનંદ, એનો આ ઉપાય. કે સ્વસ્વભાવ સન્મુખની દૃષ્ટિ, સ્વના સન્મુખનું જ્ઞાન, સ્વમાં સ્થિરતાના અંશનું જાગ્રતપણું. હંમેશા. જોયું? **'अनुपरतं'** શબ્દ છે, મૂળ પાઠ (છે). સર્વદા અટક્યા વિના. ક્યાંય સ્ખલના કર્યા વિના, જેવું શુદ્ધ ધ્રુવ સ્વરૂપ ચૈતન્ય છે, તેવી જ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એની સાથે તત્પરતા, હંમેશા અટક્યા વિના, છૂટ્યા વિના, ખંડ પડ્યા વિના, વિઘન વિના, સ્વભાવ સન્મુખની સાવધાનીમાં પ્રયત્નો કરતા રહે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ શાશ્વત્ જ્ઞાન આનંદ આદિનું સ્વરૂપ આત્મા છે. એમાં જે હંમેશા, નિરંતર સ્વ હિતના પૂર્ણ શુદ્ધનો કામી, સ્વસન્મુખના પ્રયત્નમાં હંમેશા, નિરંતર લાગ્યો રહે છે. કહો, 'સેઠી'! ભારે! આ કરવું કે આ કરવું? કે દિ' આ શું કરવું આમાં? પેલું હંમેશા કરવું એમ કહે છે. એ તો કહે છે કે, હિત આમાં છે. એ કહેશે, હમણા કહેશે. તે જીવ તરત જ મોક્ષને પામી, એટલો શબ્દાર્થ કર્યો. **'अचिरेण'** શબ્દ છે ને? હંમેશા સદાય ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધસ્વભાવ સન્મુખની પ્રતીતિ, જ્ઞાન અને ચારિત્ર ત્રણે સન્મુખ છે, ત્રણે સ્વભાવ સન્મુખના જ ભાગ છે. એમાં હંમેશા પ્રયત્ન કરતા રહે છે. સ્વભાવ સન્મુખના જે પુરુષાર્થની અજમાયશ પૂર્ણ પ્રગટ કરવા કરતા રહે છે. કહો, સમજાણું આમાં? **'તે જીવ તરત જ મોક્ષને પામે છે.'** એટલે કે એને પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ

www.vitragvani.com



અલ્પકાળમાં થાય છે. એમ. સમજાણું? હવે એની જરીક વ્યાખ્યા કરે છે. એ તો શબ્દાર્થ કર્યો.

**'જીવમાત્રનું હિત મોક્ષ છે,...'** હિતના કામીનો હતો ને શબ્દ પાઠ? જીવમાત્રનું હિત એ મોક્ષ છે. પરમ શાંતિ, પરમ આનંદની પૂર્ણ પ્રાપ્તિ એ મોક્ષ. એ જીવમાત્રનું પરમ હિત છે. કહો, એ સિવાય કોઈ હિત નથી એમ કહે છે. અને કારણ કે **'સંસારમાં બીજે ક્યાંય આનંદ નથી.'** ચોરાશીના અવતારમાં કોઈપણ ભવના ભાવમાં અને ભવમાં આનંદ નથી. ભવમાં અને ભવના ભાવમાં ક્યાંય આનંદ નથી. સમજાણું કાંઈ? ચાહે તો રાજાનો ભવ હો, શેઠનો હો કે સ્વર્ગનો હો, બધામાં એકલું દુઃખ જ છે. કારણ કે, પર તરફના વલણવાળી આકુળ દશા જ ચાર ગતિમાં છે. એ ચાર ગતિની અંદર બીજે ક્યાંય આનંદ નથી. સમજાણું કાંઈ? પૈસાવાળાને આનંદ નથી, શેઠાઈવાળાને આનંદ નથી, સ્વર્ગવાળાના ભવ મળે એને આનંદ નથી, ચક્રવર્તીનું પદ મળે એમાં પણ આનંદ નથી. એમ કહે છે. કારણ કે એમાં પર સન્મુખની વૃત્તિની આકુળતા એકલું દુઃખ છે.

**'તેથી જે જીવ...'** આ કારણે **'જે જીવ મોક્ષમાં જવા ઇચ્છે છે...'** એટલે પેલો હિતકામી કહ્યો છે ને? હિતનો કામા શબ્દ પડ્યો છે ને? એટલે જવા ઇચ્છે, એમ. એટલે કે જે કોઈ હિતના અભિલાષી છે. એમ. પૂર્ણ આત્માની શાંતિ... શાંતિ... શાંતિ. એવી જે આત્માની મોક્ષદશા.

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,**
**સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.**

ભગવાનઆત્મા 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' પોતાની પૂર્ણ શુદ્ધતા. એ સ્વભાવમાં પૂર્ણ શુદ્ધતા છે જ. એને પ્રગટ શુદ્ધતા પર્યાયમાં, અવસ્થામાં પૂર્ણ પ્રગટ થવી, એનું નામ મોક્ષ. એનો જે માર્ગ છે એનું નામ મોક્ષનો ઉપાય. એવા મોક્ષમાં જવાના મોક્ષના અભિલાષી છે. એમ. જવું એટલે કાંઈ આમ દોડીને કોઈ ગતિમાં નથી જાવું. સમજાણું કાંઈ? જાણે મોક્ષ કોઈ નગર હશે ત્યાં જવું હશે એમ હશે?

મુમુક્ષુ :– એ માર્ગ ખરો મોક્ષનગરનો.

ઉત્તર :– એ વાત મોક્ષ નગર એટલે પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ એવું મોક્ષ નગર. નગર એટલે જેમાં કર નથી, દેણુ નથી, મેલ નથી એવી દશા. નગર, નકર જેમાં કર નથી એને નગર કહેવામાં આવે છે. નગર એને માટે હોય છે. રાજા નગરમાં રહેતો હોય એને માથે કર ન હોય, બીજાને માથે હોય. તેવું આત્માનું પૂર્ણ આનંદ સ્વરૂપ, પૂર્ણ આનંદ સ્વરૂપ, જેમાં કાંઈ અપૂર્ણતા નથી, જેમાં પરાધિનતા નથી, જેમાં ઓછપ નથી. એવી આત્માની પૂર્ણ દશા તેને આનંદ અને મોક્ષ કહે છે. એના અભિલાષી જીવે, આટલી વાત છે. સમજાણું?

**'તેમણે સદૈવ...'** એવા જીવોએ સદાય. એ **'अनुपरतं'**ની વ્યાખ્યા કરી છે. **'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે...'** લ્યો! ભગવાનઆત્માના પૂર્ણ સ્વભાવ

શુદ્ધની અંતર જ્ઞાન, ભાનમાં પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં રમણતારૂપ ચારિત્ર ચરવું, રમવું, એવો જે મોક્ષમાર્ગ છે, આ મોક્ષમાર્ગ છે. મોક્ષના અભિલાષીએ મોક્ષમાર્ગમાં સદા પ્રયત્ન કરવો. એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? પુણ્યનો કામી હોય, સ્વર્ગનો કામી હોય એ તો અનાદિનો છે, એમાં કાંઈ નવું નથી, એ કાંઈ નવું નથી. મોક્ષનો કામી હોય, એણે અંતરના સ્વભાવ સન્મુખના મોક્ષમાર્ગમાં હંમેશા પ્રયત્ન કરવો.

'**તેમાં સદૈવ જ પ્રયત્ન કર્યા કરવો.**' નિરંતર. લ્યો! શ્રાવક હોય એની અહીં વાત ચાલે છે. એને અંદરમાં સ્વભાવ સન્મુખની નિરંતર ભાવના હોય છે. સમજાણું કાંઈ? શ્રાવક એટલે આ કાંઈ વાડાની વાત નથી. વસ્તુ જે આનંદસ્વરૂપ છે, અનંત સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એના અંતરના પ્રેમની રુચિથી પરિણમન છે, એનું જેને જ્ઞાન છે અને એમાં રમવાની દશા જેને પ્રગટી છે, એને અહીં શ્રાવક કહે છે. કહો, સમજાણું કાંઈ? એવા, શ્રાવકની વ્યાખ્યા છે ને? આમાં ક્યાં અત્યારે આ તો શ્રાવકની વ્યાખ્યા છે. પંચમગુણસ્થાનવાળા એ જીવો આ પ્રમાણે કરે તો એ પણ અલ્પકાળમાં મુક્તિને પામશે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તેમાં સદૈવ જ પ્રયત્ન કર્યા કરવો.**' જુઓ! સ્વરૂપ સન્મુખ સદા પ્રયત્ન રાખ્યા જ કરવો. એમ કહે છે. કારણ કે જે પૂર્ણદશા પ્રગટ થશે એનું ધામ તો ધ્રુવ આત્મા છે. સમજાણું? મોક્ષ પૂર્ણદશા પ્રગટ થશે, એ પ્રગટની ખાણ તો ચૈતન્ય ધ્રુવ છે. સમજાણું? કે જેમાં એક સમયની પર્યાય પણ એક સમય ટકે છે, પર્યાય પણ એક સમય ટકે છે. બીજી ચીજ તો એમાં છે જ નહિ. એવું ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... શાશ્વત્ સત્‌નું સત્ત્વ તત્ત્વ, એનું અવલંબન–આશ્રય કરી અને શ્રદ્ધા, જ્ઞાને સ્થિરતા કરવી. કહો, 'શાંતિભાઈ'! લ્યો! આ શું કરવું એ આવે છે આ. અહીં સેવા-બેવા કરવાનું એવું આવતું નથી આમાં. આ સેવા છે.

૧૯ ગાથામાં કહ્યું છે મહારાજ! જ્ઞાનને અને આત્માનો તો સંબંધ સદાય છે, સદાય જ્ઞાનની સેવા કર્યા જ કરે છે, તો તમે વળી જ્ઞાનની સેવા કરવાનું કહો છો શું કરવા? 'સમયસાર'ની ૧૯મી ગાથામાં એવો પ્રશ્ન છે. આત્મા અને જ્ઞાન, આત્મા એટલે વસ્તુ અને જ્ઞાન એટલે સ્વભાવ, સ્વભાવ. સ્વભાવ અને સ્વભાવવાન તો તદ્દરૂપ છે જ, એટલે સેવા કરે જ છે. વળી તમે કહો કે, જ્ઞાનની સેવા કરો. સમજ્યા? 'ધન્નાલાલજી'! આવો પ્રશ્ન ઉઠ્યો છે. ભગવાનને પૂછે છે, પ્રભુ! તમે આમ સેવા-સેવા કરો છો. જ્ઞાનની સેવા કરો, જ્ઞાનની સેવા કરો. રાગની અને પરની કરી શકતો નથી. પરની કરી શકતો નથી અને રાગમાં એકાગ્રતા કરે છે એ તો દુઃખદાયી છે. આહાહા!

કહે છે, આત્માએ જ્ઞાનની સેવા એક ક્ષણ પણ કરી નથી એમ કહે છે. કેમકે પર્યાયમાં અંતર વળીને એકાગ્ર કોઈ દિ' થયો જ નથી. ગુણ અને આત્મા બે એક હોવા છતાં ગુણ અને ગુણીની એકતા પર્યાય દ્વારા કોઈ દિ' કરી નથી. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ, વસ્તુ છે તો એનો સ્વભાવ હોય કે નહિ? વસ્તુ શાશ્વત્ છે, તો એનો સ્વભાવ પણ શાશ્વત્ છે.

www.vitragvani.com



જ્ઞાન, આનંદ, શાંતિ બધા શાશ્વત્ સ્વભાવ, શાશ્વત્ છે. એ શાશ્વત્‌ની સેવા કરી નથી. એ સેવા તો વર્તમાન દશા અંતરમાં વળે ત્યારે એની સેવા થઈ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સેવા કોઈની કરી તો હશે જ ને?

ઉત્તર :– રાગની સેવા કરી છે. બીજી કોની? અનાદિની રાગની સેવા કરી છે, પરની તો કાંઈ કરી શકતો નથી. કારણ કે પર ક્યાં એની અવસ્થા વિનાનો ખાલી છે તે આ એની અવસ્થા કરવા જાય.

મુમુક્ષુ :– મદદ તો કરે.

ઉત્તર :– એનો શું અર્થ થયો? પરપદાર્થ તેના કાર્ય વિનાનો નવરો નથી, તો કાર્ય તો પરપદાર્થમાં ક્ષણે ક્ષણે થાય છે તો એમાં પરનું કાર્ય કરવા જાય ક્યાં? પોતાના રાગનું કાર્ય કરે. રાગ, રાગ. આહાહા!

મુમુક્ષુ :– જગતનું કલ્યાણ ક્યારે કરે?

ઉત્તર :– જગતનું કલ્યાણ કે દિ' કરતો હતો? કલ્યાણની અવસ્થાનું કાર્ય કરનાર તો એનો આત્મા છે. કલ્યાણરૂપી કાર્ય છે અને કાર્યનો કરનાર તેનો આત્મા છે. એનું કાર્ય એ કરે એમાં બીજો કલ્યાણ કરવા જાય ક્યાં ન્યાં? પોતાનું કાર્ય... આવે છે ને એક?

મુમુક્ષુ :– માનવતા ખતરામાં છે.

ઉત્તર :– માનવતા ધૂળમાં પણ નથી. આવે છે ને? પેલા 'અનુભવ પ્રકાશ'માં ક્યાંક આવે છે. અકર્તા ગુણ વિના પરનું કાર્ય કરીને પોતાનું કાર્ય ન રહ્યું. એવો કાંઈક શબ્દ આવે છે. સમજાણું? 'અનુભવ પ્રકાશ'માં. એમ કે અકર્તા ગુણને એવું કાંઈક છે. એવું છે અંદર, હોં! એક શબ્દ આ તો યાદ આવ્યો એટલે જરી. પેલું છે ને અંદર? શું કહેવાય? કેટલામાં? **'કર્તા વિના નિજ કર્મનો કર્તા ન હોત.'** પોતાનો કર્તા ગુણ કહે છે. સમજ્યા ને? **'કર્મ વિના સ્વભાવકર્મનો અભાવ હોત, કરણ વિના પરિણમન વડે જે સ્વરૂપનું સાધન હતું તે ન હોત.'**

મુમુક્ષુ :– અકર્તા વિષે

ઉત્તર :– હા એ ક્યાંક નાખ્યું છે. ઘણા ગુણો છે ને? **'અકારણ કાર્યત્વ વિના પર કાર્ય થતાં નિજ કાર્યનો અભાવ થાત.'** લ્યો. સમજાણું? અહીં આ કહેવું છે. **'અકારણ કાર્યત્વ વિના...'** ભગવાનઆત્મામાં અકારણકાર્યત્વ નામનો ગુણ છે. આત્મામાં અકારણ, પરનું કારણ ન થવું અને પરથી કાર્ય ન થવું. પરના કાર્યમાં કારણ ન થાય અને પરથી પોતામાં કાર્ય ન થાય. એવો અકારણકાર્ય નામનો ગુણ છે, જો એ ન હોય તો પર કાર્ય છતાં નિજ કાર્યનો અભાવ થાત. 'ચંદુભાઈ'! 'અનુભવ પ્રકાશ' બહુ સારી ... વળી અત્યારે આ કાર્ય કર્યું ને કાર્ય? સેવા, સેવા? પર કાર્ય થતાં નિજ કાર્યનો અભાવ થાત. પણ પર કાર્ય કરવાની

www.vitragvani.com



શક્તિ છે જ નહિ. પરના કાર્યમાં કારણ થવાની શક્તિ જ નથી એમ કહે છે, અહીં તો એમ કહે છે. પરપદાર્થના કાર્યમાં કારણ થવાની શક્તિ જ નથી અને પરપદાર્થ કારણ થાય અને આત્માનું કાર્ય થાય એવી આત્મામાં શક્તિ જ નથી. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વાત્સલ્યતા ક્યાંથી પ્રગટ થાય?

ઉત્તર :– વાત્સલ્ય ક્યાં હતો? વાત્સલ્ય, આત્મામાં લીન થવું એ વાત્સલ્ય છે. પ્રેમ અંદરમાં લીન થઈ જવું એ વાત્સલ્ય છે. વાત્સલ્ય કેવો હતો બીજો?

મુમુક્ષુ :– પ્રભાવના વાત્સલ્ય...

ઉત્તર :– એ પ્રભાવના પ્ર–વિશેષે, સ્વરૂપમાં ભાવના અને એકાગ્રતા થવી તે પ્રભાવના.

મુમુક્ષુ :– હવે પરનુ તો કાંઈક રાખો.

ઉત્તર :– પરનુ કાંઈ છે જ નહિ. મફતનો... એ પરનું જરી આવે ત્યારે એને હાશ એમ થાય. પણ પરનું કરી શકતો નથી. એને વિકલ્પ આવે, વિકલ્પ જે આવે કે, આનું થાય. વિકલ્પ એ નુકસાનકારી છે. એ વિકલ્પનું કારણ થાય એવો આત્મામાં ગુણ જ નથી અને વિકલ્પથી કાર્ય થાય એવો આત્મામાં ગુણ નથી. પછી પ્રશ્ન શું? કહો. આહાહા! વ્યવહાર વિકલ્પ જે ઉઠે કે આનું કાંઈક થાય. એ વિકલ્પનું કારણ આત્મા થાય એવો આત્મામાં ગુણ નથી અને વિકલ્પથી કાર્ય આત્મામાં થાય એવો ગુણ નથી. એવો કાર્યકારણ સ્વભાવ છે એનો. 'સેઠી'! આહાહા!

મુમુક્ષુ :– બધાના ટાંટિયા ભાંગી જાય છે.

ઉત્તર :– આ સમ્યગ્દૃષ્ટિનો વાત્સલ્ય સ્વરૂપમાં પ્રેમ લીનતા થઈ જવી અને વિશેષ આત્માની ઉગ્રતા, ભાવના થઈને સ્થિરતા થવી, એનું નામ પ્રભાવના છે.

મુમુક્ષુ :– એ તો નિશ્ચય પ્રભાવના, અમે વ્યવહાર પ્રભાવના...

ઉત્તર :– વ્યવહારનો અર્થ જ એ વસ્તુ ખોટી છે એમ કહે છે અહીં તો. વ્યવહારનો અર્થ અભૂતાર્થ જૂઠું છે. વ્યવહાર પ્રભાવનાનો અર્થ એ જૂઠી પ્રભાવના છે.

મુમુક્ષુ :– પ્રભાવના નથી એવો એનો અર્થ થયો?

ઉત્તર :– હા, પ્રભાવના નથી. એ.. 'સેઠી'!

મુમુક્ષુ :– આપે તો પ્રભાવના ઘણી કરી.

ઉત્તર :– કોણ કરતું હતું? એય..! આ બહાર ફર્યા ને આ સેઠીના ગામમાં. આહા..! સોળ સોળ લાખ ખર્ચ્યા.

મુમુક્ષુ :– ગામમાં ...

ઉત્તર :– પણ કહેવાય શું ત્યારે એ સેઠી છે, પૂનાથી. લ્યો! અમારે ઓળખાણ દેવી હોય તો. એ 'મીઠાલાલ સેઠી' છે. 'મીઠાલાલ સેઠી'ને ઓળખે ઘણા. 'ગોદિકા'ને થોડા ઓળખે. 'મીઠાલાલ સેઠી' નહિ? હા, એના ગામમાં એક ગોદિકા ઝવેરી, એમ કહેવાય. નામ પણ

www.vitragvani.com



ઓળખાણ ખોટી દેવી, જુઓને એ. આહાહા! વસ્તુ એવી છે. સમજ્યા ને?

અકાર્યકારણ વિના પરનું કાર્ય થતાં નિજ કાર્ય ન રહે. પોતાના જ કાર્યમાં પોતે જ કારણ અને પોતે જ કાર્ય. એમાં પરને કારણ થાય કે પરથી કાર્ય થાય, એવું આત્માના સ્વરૂપમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયમાં નથી. સમજાણું કાંઈ? એ તો ખુબ લીધું છે, બે કલાક. સમ્મેદશિખર. અકારણકાર્યનું બે કલાક, બે દિ' વ્યાખ્યાન ચાલ્યું'તું. આત્માની પર્યાયમાં પર્યાય એવી નથી એની કે જે રાગને કારણ થાય કે પરના કાર્યને કારણ થાય એવી પર્યાય નથી. અને એ પર્યાય કાર્ય એવું છે કે પરની પર્યાયથી કાર્ય થાય, એવી એ પર્યાય નથી. દ્રવ્ય, ગુણ તો ઠીક પણ પર્યાય નથી. કારણ કે અકારણકાર્ય નામનો ગુણ દ્રવ્યમાં છે. ગુણ છે તો ગુણને આધાર, ગુણનો આધાર દ્રવ્ય છે તો દ્રવ્યનું જ્યાં લક્ષ કરતા, અકારણકાર્ય ગુણ જે દ્રવ્ય ને ગુણમાં વ્યાપ્યો હતો, એની એકાગ્રતા થતાં એ અકાર્યકારણ નામનો ગુણ પર્યાયમાં વ્યાપ્યો. પર્યાયમાં વ્યાપતા અકાર્યકારણપણું પર્યાયમાં આવ્યું. અકાર્યકારણપણું પર્યાયમાં આવતા રાગનું કારણ નહિ, એ પોતે રાગનું કારણ નહિ અને રાગથી તે કાર્ય નહિ, એવી પર્યાય થઈ. વ્યવહાર રત્નત્રયરૂપી રાગ, તેનું નિર્મળ પર્યાય કાર્ય, એવું એની પર્યાયમાં નથી એમ કહે છે અહીં તો. આહાહા! એય..! 'સેઠી'! આહાહા! સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! એ 'દિલ્હી'ના છે. દિગંબર સાધુ થવાના હતા. જુઓ તો ખરા સામું. શરમાઈને. દિગંબર સાધુ. બાયડી, છોકરા છે. પછી સાંભળ્યું આ તો ભારે, ભાઈ! ભયંકર પાપમાંથી બચી ગયા એવું છે આ. ખોટા નામ ધરાવી મિથ્યાત્વમાં સાધુપણાને ભયંકર પાપ. એય..! વૈરાગી માણસ હતા, બૈરા-છોકરા છે. દિગંબર નગ્ન (થવાના હતા). બે નમૂનો છે અમારે, એક એ અને પેલો. એ બ્રહ્મચારી છે 'દીપચંદજી'. બે દિગંબર મુનિ થઈ જવાના. અહીંનું સાંભળ્યું પછી અટક્યા, પછી લોકો બિચારા ન કહે કે, અણુવ્રત અને મહાવ્રત ધરનારાને પણ ફેરવી નાખ્યા. પણ હતા કે દિ' તારે અણુવ્રત અને મહાવ્રત? સાંભળને. આહાહા!

ભાઈ! તને તારા દ્રવ્યની ખબર નથી બાપુ! એ દ્રવ્ય જ એવું છે, વસ્તુ એવી છે અને વસ્તુ જ્યારે કહો તો એમાં વસેલા ગુણ વિના વસ્તુ કેવી? વસ્તુ, વસ્તુ પણ શું વસ્તુ, વસ્તુ? કોઈ સાકર, પણ સાકર શું? એનો ગુણ, કાયમ રહેનારો ગુણ હોય કે નહિ? કાયમ સાકર રહે એ સાકર કાયમ. તો એના ગુણ કાયમ રહેનારા વિના આ તત્ત્વને કાયમ કહ્યું શી રીતે? એમ આત્મા કાયમ, આત્મા કાયમ. એટલે શું? કે, એના સ્વભાવો જ્ઞાન, દર્શન, આનંદ આદિ કાયમ. એવા ગુણની અંદરમાં એક અકાર્યકારણ નામનો ગુણ કાયમનો શાશ્વત્ પડ્યો છે. આહાહા! સમજાણું કાંઈ?

આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ, જેમ વસ્તુ શાશ્વત્ છે, નિત્ય છે, ધ્રુવ છે, અચળ છે એમ અકાર્યકારણ નામનો ગુણ નિત્ય છે, ધ્રુવ છે, અચળ, અવિનાશી છે. એ ગુણ. એ ગુણનું જ્યાં લક્ષ કરે છે, એટલે ગુણનું લક્ષ એટલે ગુણી. સમજાય છે? એ તો આવે

www.vitragvani.com



છે ને 'પ્રવનચસાર'માં નથી આવતું? અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહીને, ભાઈ! ભલે એક ગુણને અસાધારણ કારણપણે ગ્રહીને, ત્યાં એમ ભાષા લીધી છે. કેવળજ્ઞાન કેમ ઉત્પન્ન થાય? એમ લીધું છે. અપેક્ષા છે. એ તો કારણપણે ગ્રહવા જાય ત્યાં આખું દ્રવ્ય જ કારણ થઈ જાય. પાઠ તો ભાષા એવી આવે, ટીકા લીધી 'અમૃતચંદ્રાચાર્યે'.

ભગવાનઆત્મા એને આમ કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ કરવા માટે અસાધારણ એવો જે જ્ઞાયક સ્વભાવ ત્રિકાળ, જ્ઞાયક સ્વભાવ જ્ઞાન, એને કારણપણે ગ્રહીને કાર્ય પ્રગટ થાય છે. ત્યાં તો જ્ઞાનગુણ (લીધો).. એનો અર્થ એ કે એક ગુણનું આમ લક્ષ કરવા જાય ત્યાં દ્રવ્ય આખું અખંડ આવે છે. સમજાણું? ગુણ જુદો રહેતો નથી. ધ્રુવ, ધ્રુવ. ગુણ પણ ધ્રુવ છે ને? ગુણ પણ કાયમ રહેનારું સત્‌નું સત્ત્વ છે ને? સત્ત્વ અને સત્ બે કાયમ રહેનાર છે. અભેદ છે, એકરૂપ છે. એવી જ્યાં અંતર દૃષ્ટિ કરે છે, ત્યાં તેની પર્યાયમાં અકાર્યકારણ નામનો પર્યાય પ્રગટ થાય છે. એટલે દ્રવ્ય પણ અકાર્યકારણ, ગુણ અકાર્યકારણ અને પર્યાય પણ અકાર્યકારણ (થાય છે).

મુમુક્ષુ :- ગુણ ને દ્રવ્ય મજબૂત છે.

ઉત્તર :- મજબુત છે? તો શું કરે તમારા.. શું કહેવાય? હોલ. કોણે હોલ કર્યો? કીધું હતું એને. કોણે હોલ કર્યો કીધું આ? કોણે ખર્ચ્યા સોળ લાખ? કોઈ ખર્ચી શકતું નથી. કોણ ખર્ચે? આવ્યા હતા કે નહિ તમે? પછી બિચારાએ કીધું, મહારાજ! અમે ક્યાં કર્યો છે? મેં ક્યાં કર્યો છે? 'સેઠી'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે એને મોઢે કરાવ્યું. નહિતર ના પાડે ને. એ તો બિચારા નરમ માણસ છે. મેં ક્યાં કર્યું છે? હું ક્યાં કરું છું? આ સોળ લાખ તમે ખર્ચ્યા છે આ? આ પાંચ લાખનો હોલ તમે બનાવ્યો છે?

મુમુક્ષુ :- એણે નહોતો બનાવ્યો તો ઉદ્‌ઘાટન એના હાથે કેમ કર્યું?

ઉત્તર :- કોણે કર્યું? બાપુ! એ કઠણ વાત છે. એ પદાર્થવિજ્ઞાન પાઠ શીખવો કઠણ છે.

ભગવાનઆત્મા કોઈના પર્યાયનો કારણ નથી અને કોઈના પર્યાયથી કાર્ય થાય નહિ. ત્રિકાળ એવો એનો સ્વભાવ છે, ત્રણેકાળ એવો સ્વભાવ છે. આહાહા! એમાં એક સમય નહિ, ત્રણેકાળ એવો એનો સ્વભાવ છે. એવા આત્માની સમ્યક્ પ્રતીતિનો અર્થ શું થયો? એવા આત્માની સમ્યક્ પ્રતીતિ, આવો આત્મા સમ્યક્ પ્રતીતિ, સમ્યક્ પ્રતીતિમાં આવી ગયું કે કોઈની પર્યાયથી મારામાં કાર્ય થાતું નથી અને મારી પર્યાયથી કોઈમાં કાર્ય થતું નથી. એમ સમ્યક્ પ્રતીતમાં એ આવી ગયું. સમજાણું કાંઈ? કહો, 'દાસ'! ભારે ગજબ અને કઠણ પડે એવું. એકાંત છે, એકાંત. હવે આ જ એકાંત (છે), સાંભળને. એમ કહે (છે), પરનું કરી શકે, પરથી થાય એમ કહો તો અનેકાંત કહેવાય.

www.vitragvani.com



મુમુક્ષુ :– ....પ્રભાવિત થાય.

ઉત્તર :– એ પ્રભાવિત થાય, પેલો તો ચોખ્ખું કહે છે કરી શકે એમ કહે છે. 'રતનચંદજી'. પરનું કાર્ય ન કરે, ન કરી શકે એમ માને તે દિગંબર જૈન નથી. એ તો પોકાર કરીને ચોખ્ખું કહે છે. અરે..! ભગવાન! ક્યાંનું ક્યાં. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ વસ્તુમાં જે નથી તેને તું માને છો તો એ અસત્ય વસ્તુ છે, એ તો અસત્ય માન્યતા થઈ. ભાઈ! અસત્ય માન્યતા તો દુઃખરૂપ છે. અસત્ય હોય એ કાંઈ સુખરૂપ હોય? એ તો દુઃખરૂપ છે, દુઃખરૂપ છે. એને ખબર ન હોય તોપણ એ તો દુઃખરૂપ છે. એને સુખરૂપ કઈ રીતે થાય? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એનો પ્રયત્ન કરવો. કારણ વસ્તુ જે ત્રિકાળ છે એમાં એ શક્તિઓ એકાકાર પડી છે તો એનો ભેદ પાડ્યા વિના શક્તિવાનની અંતર એકાકાર થતાં નિરંતર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટવા માટે પ્રયત્ન કરવો. એણે રાગ કરવા માટે પ્રયત્ન કરવો, કો'કનું કરવા માટે (પ્રયત્ન કરવો), એ વાત છે નહિ. આહાહા! આ મોક્ષમાર્ગ માટે પ્રયત્ન કરવો એમ કહ્યું છે ને? કે વચ્ચે વ્યવહાર રાગ આવે માટે પ્રયત્ન કરવો.

એ તો કાલે આવી એની ટીકા કરી છે આમાં. એ લોકો એમ કહે છે કે, રાગ વચમાં આવે છે. રાગ કરવો પડતો નથી પણ આવે છે. કે, ના કરવો પડે છે, એવો માર્ગ શાસ્ત્રનો છે. એવું બધું આવે (છે). એની અનેક પ્રકારે વાતું ચાલવા દ્યો ને ચાલવા દ્યો, એ બધું એમ જ ચાલશે. પાંગળા ચાલે એ તો એમ જ ચાલે ને. એ કેમ ચાલે? સીધા ચાલે? આહાહા! એ લોકો એમ કહે છે, 'સોનગઢીયા'. કાંઈ વાંધો નહિ, બાપુ! 'સોનગઢીયો' કોઈ છે જ નહિ, બધા આત્મા છે. એમ કહે છે કે, વિકલ્પ તો એની મેળે આવે. પંચમહાવ્રતનો, અણુવ્રતનો વિકલ્પ એની મેળે આવે. એ ચારિત્ર નથી. નહિ ચારિત્ર છે અને કરવું પડે છે, એવું આવ્યું છે. ભાઈ! રાગ કરવો એ સ્વરૂપમાં જ નથી ને. અને રાગ ટાળવો એ પણ સ્વરૂપમાં નથી. આહાહા! એવું જે આત્માનું સ્વરૂપ તેને તે રીતે સમ્યક્ શ્રદ્ધા પ્રતીતમાં લેવું, ત્યારે એમાં બધું આવી ગયું. જેટલા ગુણોનું જે કાર્ય પર્યાયમાં થાય છે તે બધું પ્રતીતમાં આવી ગયું. આવ્યું કે નહિ? આહાહા!

ત્યારે જેવો પદાર્થ છે એનાથી વિરુદ્ધ માને તો એ સમ્યક્ કહેવાય? સમ્યગ્જ્ઞાન કહેવાય? પદાર્થ તો એવો ભગવાનઆત્મા છે. આ શું દરેક પદાર્થ એવા છે. કોઈને કારણ થાય એવો કોઈ પદાર્થ હોય નહિ. એ તો બધી વ્યવહારની વાતું છે. સમજાણું કાંઈ? આ તો જાગ્રત જ્યોત છે, જાગ્રત છે આ તો. બીજા તો આંધળા તત્ત્વ, એ તો એની મેળાએ પરિણમન થયા કરે. એ ક્યાં... આ તો જાગતી ચૈતન્યજ્યોત છે, વસ્તુ છે. સમજાણું? એમાં આવા અનાદિઅનંત ગુણો જે ભર્યા છે, પોતે અનાદિઅનંત એટલે એક સમયમાં ધ્રુવ (છે) તેમ એની શક્તિઓ એક સમયમાં બધી ધ્રુવ (છે). એ પોતે ધ્રુવ એટલે ધ્રુવ તો તેના સ્વભાવ

www.vitragvani.com



વિના ધ્રુવ શી રીતે રહે? એવા સ્વભાવ સન્મુખ, એવા સ્વભાવની પ્રતીતિ, એનો અર્થ એ કે, એ આત્મા એક વિકલ્પનું કારણ કરે, થાય એવો નથી અને એ વિકલ્પથી કાર્ય થાય એવો એ આત્મા નથી. એવા આત્માની યથાર્થ સન્મુખ થઈને ત્યારે એ સમ્યક્ થાય નહિતર સમ્યક્ થશે નહિ. કારણ કે વસ્તુનો જેવો સ્વભાવ છે એવી પ્રતીત ન કરે અને એનાથી ઊંધી કરે અને સમ્યક્ થાય. એ સમ્યક્ પ્રતીતિ જ નહિ થાય, સમ્યક્ જવાબ નહિ આપે એમ કહે છે. 'સેઠી'! શું 'હીરાલાલજી'! સમજાય છે કે નહિ? 'હીરાલાલજી' ઠંડા માણસ, ઠંડા માણસ છે. બહુ બોલે નહિ. કહો, સમજાણું આમાં? આહાહા!

એમ તો ખરેખર તો પછી ખૂબ લીધું હતું, ભાઈ! તે દિ' તો. એનો જ્ઞાન ગુણ છે એમાં એ અકાર્યકારણ(ગુણ) વ્યાપી ગયો છે. એટલે જ્ઞાનગુણ છે એનો જે પર્યાય થયો, એ પર્યાયને કોઈ રાગની મંદતાને લઈને થયું કે જ્ઞાનાવરણી કર્મ ખસ્યું માટે થયું એવું એનામાં છે નહિ, એની પર્યાયમાં નથી. 'ચંદુભાઈ'! એ થોડા માણસ હતા. સંઘ નીકળી ગયો હતો પછી અકાર્યકારણ ઉપર બે કલાક ચાલ્યું હતું. સમ્મેદશીખર હતા તમે? પાછળ, તમે હતા?

વસ્તુ એવી છે, કે એનો એક જ્ઞાન ગુણ લ્યો. વસ્તુ ધ્રુવ, ગુણ ધ્રુવ, ગુણ ધ્રુવમાં એવો એનો સ્વભાવ છે કે, એનો જે પર્યાય થયો, એ પર્યાય કોઈને કારણે થાય કે એ પર્યાય કોઈને કારણ થાય અને કાર્ય થાય એવો જ્ઞાનનો પર્યાય નથી. ભાઈ! ... તે દિ' તો કાંઈ લખાણું નહિ હોય? થોડા માણસ હતા, ઉતાર્યું નહિ હોય તે દિ' તો. નહોતું ઉતાર્યું. તમે હતા? બધા હતા ને. સમજાણું? ભાઈ! જેમ છે તે વસ્તુને તેમ તેનું જ્ઞાન કામ કરે ત્યારે સમ્યક્ કહેવાય? કે એથી વિપરીત કરે ત્યારે સમ્યક્ કહેવાય?

મુમુક્ષુ :– જેમ હોય એમાં કોઈ ના ન પાડે.

ઉત્તર :– પણ હવે અત્યારે કેમ છે એનો ખ્યાલ કર્યા વિના જ્ઞાન થાશે શી રીતે એને? સમજાણું? એમ આત્મામાં સમ્યગ્દર્શનનો પર્યાય પ્રગટ્યો, એ કોઈ વ્યવહાર હતો તે પ્રગટ્યો એમ નથી અને એ રાગને સમ્યગ્દર્શન પર્યાય ઉત્પન્ન કરે એવું એ કારણ નથી. વ્યવહારને ઉત્પન્ન કરે એવો સમ્યગ્દર્શન પર્યાય કારણ નથી, વ્યવહારથી આ ઉત્પન્ન થાય એવું સમ્યગ્દર્શન કાર્ય નથી.

મુમુક્ષુ :– એ તો બરાબર છે પણ વ્યવહારથી નિશ્ચયની નજીક જવાય.

ઉત્તર :– પણ પછી ક્યાં નજીક-ફજીક હતું કે દિ' આમાં? આહાહા! કહો, સમજાય છે કે નહિ? 'પ્રભુભાઈ' તે દિ' ત્યાં સમ્મેદશિખર હતા કે નહિ? પાછળ હતા કે ચાલ્યા ગયા હતા? હતા? કહો, સમજાણું આમાં?

પછી એક એક ગુણ ઉપર ઉતાર્યું હતું. નિરાંતે પછી સ્વાધ્યાય થતો હતો ને? ભાઈ! વસ્તુ આમ છે. એમ છે તેમ એની અંતર સન્મુખ ન થાય, આમ જ્ઞાનમાં લઈને સન્મુખ થાય ત્યારે સમ્યક્ અનુભવ થાય. એ વિના સમ્યક્ સાચો અનુભવ ન થાય. કારણ કે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વસ્તુ જેમ છે તેમ તો ખ્યાલમાં આવતી નથી અને ખ્યાલ વિના સત્યનો અનુભવ થાય, એમ હોય શકે નહિ. કહો, 'સેઠી'! આમાં ના પડાય એવું નથી.

મુમુક્ષુ :– એમાં શું કરવા ના પાડે?

ઉત્તર :– વસ્તુ એવી છે. એને જગતના અવાજ અને શરીરના પર્યાયમાં કારણ થાવું છે, કહે છે કે મોટી ભ્રાન્તિ છે, ભ્રમ ઊભો કર્યો છે. આહાહા! એ ભગવાન ભ્રમમાં ભૂલો પડ્યો છે. 'શશીભાઈ'!

**'તેમણે સદૈવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ...'** ત્યારે સમ્યક્ પ્રતીત તો પેલી વસ્તુની કરવી છે ને? તો વસ્તુ કેવી છે એની જ્યાં ખબર નથી તો પ્રતીત શી રીતે કરશે? સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન એ પણ તેનું, સમ્યક્ચારિત્ર. જેવી શ્રદ્ધા અને જ્ઞાન, જેવું સ્વરૂપ છે તેવું થયું, એટલે તેમાં સ્થિરતા પણ તેવા જ સ્વરૂપમાં થાય. પછી એને રાગમાં સ્થિરતા ન હોય. સમજાણું કાંઈ? સેઠી! સેઠી કહે આ 'જયપુર'માં કેટલા વખત ગાળીને આવ્યા અને હવે પછી આવું આવ્યું, લ્યો! આ તો બધું મીંડા વાળવાનું થયું, લ્યો. આટલું આટલું શેઠીએ અને 'મહેન્દ્રભાઈ'એ કેટલી મહેનત કરી. ત્રણ જણા હતા ન્યાં કરનારા. મુખ્ય 'મહેન્દ્રભાઈ', 'પાટણી' અને 'ગોદીકા' એ ત્રણ ત્રણ. પણ કુદરતે પર્યાય ભજવાની છે તો એવું બન્યું હતું.

ઓહો..હો..! અઢાર હાથી, પચ્ચીસ ત્રીસ હજાર માણસ, રથમાં સાથે લાખો માણસ. પણ આ 'જયપુર'માં આ? પહેલા વિરોધ કરનારા અહીં ગામમાં હતા એ બધા ક્યાં ગયા? કુદરતે વિરોધ કર્યો એ વખતે ... ૧૪૪ની કલમ. આમ બહાર બીજું ન થયું. લોકો તો આમ બિચારા જોતા, શેઠિયા, હોં! દેરાવાસીના શેઠિયા. પેલો નહિ શું કીધું? સુરાણા. ઓહો..! એના ઘરે પગલા કર્યા હતા ને. આપના તો પગલા થાય તો ન્યાલ થઈ જાય. એમ બિચારા સૌને ઘણાને ઊંડું ઊંડું એવું છે ને. પણ આ ન્યાલ થવાનો માર્ગ છે, બાપા! આ પગલા એટલે આ કહીએ છીએ એ સમજે તો ન્યાલ થવાનો રસ્તો છે.

કહે છે, **'એ સદૈવ જ પ્રયત્ન કર્યા કરવો.'** આહાહા! જેના પ્રેમ લાગ્યા તેનાથી દૃષ્ટિ કેમ ખસે? જેના માહાત્મ્ય જાગ્યા,.. સમજાય છે? **'જો આપણે મોક્ષની વાતો કર્યા કરીએ...'** એમ હવે કહે છે. છે ને? **'અને મોક્ષના માર્ગની ખોજ કરીએ નહિ...'** ઠીક લખ્યું છે. માર્ગની ખોજ તો અંતરમાં થાય, એમ કહે છે. વાત કર્યા કરે, એ તો શું? એ તો વાત તો પર વસ્તુ છે. વાત પણ પરવસ્તુ છે અને વિકલ્પ ઉઠે એ પણ પર છે. એટલે કહે છે, કે વાત કર્યા કરીએ... પણ પેલા પાછા એમ કહે વાત કરવા નહિ, કાંઈ અણુવ્રત ને વ્રત ને અપવાસ કરો એ કાંઈ કર્યું કહેવાય. અરે..! ભગવાન! બાપુ! પણ એ વિકલ્પ છે એ વસ્તુમાં જ નથી ને. આહાહા! કહો, 'વલ્લભદાસભાઈ'!

મુમુક્ષુ :– આજ તો રવિવાર છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– રવિવાર છે.

મુમુક્ષુ :– વાત કરવા સુધી તો પહોંચ્યો કહેવાય ને?

ઉત્તર :– વાત કોની હતી તે પહોંચે? વાત પુદ્ગલની છે. ક્યાં પહોંચ્યો હતો? પુદ્ગલની પર્યાયમાં પહોંચ્યો ક્યાં? આહાહા! અને વિકલ્પ ઉઠ્યો એ ખરેખર તો પુદ્ગલ છે. સ્વભાવમાં ક્યાં વસ્તુ છે? પુદ્ગલના પરિણામ તેથી એક અપેક્ષાએ કહી દીધા કે, જાવ પુદ્ગલ પરિણામ. વ્યવહાર રત્નત્રય (પુદ્ગલના પરિણામ છે). ગજબ વાત. એ લોકો શરીરની ક્રિયા,... હવે ભાઈ! સાંભળને શરીરની ક્રિયા નહિ, રાગ. પણ એ રાગ પણ બાપુ! એ આત્માનું સ્વરૂપ નથી, એ અજ્ઞાનમાં જાય છે. ભગવાન જ્યારે જ્ઞાનસ્વરૂપ છે તો રાગ અજ્ઞાનસ્વરૂપ છે, તો આ ભગવાન ચૈતન્ય છે તો એ અજ્ઞાન પુદ્ગલ છે એમ અહીંયા કહેવામાં આવે છે, સાંભળને હવે. એ.. 'શશીભાઈ'! અરે..! માંડ વખત મળ્યો ને એમાં આ શું ના પાડે છે? થોડો કાળ (છે). આંખો મીંચીને ચાલ્યો જાય છે. આમ દેહની સ્થિતિ લઈને આવ્યો એટલી સ્થિતિ તો ચાલી જ જાય છે, ચાલી જ જાય છે, ચાલી જાય છે. દેહનો છૂટવાનો કાળ આમ નજીક આવતો જાય છે. આ બધું ફૂ.. થઈ જશે. કાંઈ નહિ રહે. આ ઓળખીતા ને ઓળખનારા ને આ ઓળખનારા ને આ ઓળખનારા ક્યાંય નહિ રહે કાંઈ. આહાહા!

મુમુક્ષુ :– સાંભળીએ ત્યારે ચમક લાગે છે.

ઉત્તર :– સાંભળીએ ચમક લાગે એ સદાય રાખવી જોઈએ એમ કહે છે. સદાય કીધું નહિ? એ ભગવાનઆત્માની સંભાળ હંમેશા રાખજે, ભાઈ! તારી પુંજીની સંભાળ ન રાખે? સમજાણું? વાણિયાને મૂડી હોય ને પછી વ્યાજ કેટલું આપ્યું એ ધ્યાન રાખ્યા કરે કે, ઉપજશે કે નહિ, વ્યાજ આવશે કે નહિ, મૂડી રહેશે? બધું ધ્યાન રાખે કે, ભાઈ એમ લાગે કે, આમાં નહિ થાય તો પહેલા લઈ આવે, ભાઈ! પહેલા મારા પૈસા આપો. એવું દીવાળુ નીકળવાનું સાંભળ્યું હોય ને કો'કની પાસે. વાણિયા પહેલા જાય ન્યાં, હોં! જઈને પહેલા કહે, ભાઈસાહેબ મારા લાવો પહેલા, હોં! ત્યાં બીજો આવે. એય..! બહાર ખોટું પડ્યું છે. એ ગયો! છતું થઈ જાય. બિચારા માંડ માંડ ચલાવતા હોય એમાં આવું ઘણાને થયું છે ને આવું? કેમ 'અમરચંદભાઈ'! થાય છે કે નહિ એવું? ઘણાને એવું થયું છે, હોં! આહાહા!

**'મોક્ષના માર્ગની ખોજ કરીએ નહિ...'** ભાષા જુઓ! વાત નહિ, વિકલ્પ નહિ. ભગવાનઆત્મા જેવો પૂર્ણ સ્વભાવ છે, તેના તરફનું વલણ એ ખોજ છે, ખોજ છે, ખોજવું, શોધવું છે. જેમાં હોય એમાંથી ખોજવું ને? આ મોક્ષમાર્ગ ને આત્મા રાગમાં અને પરમાં છે? **'મોક્ષના માર્ગની ખોજ કરીએ નહિ તથા તેના અનુસારે ચાલીએ નહિ...'** પાછુ એમ. પ્રતીતિ ને જ્ઞાન થઈને પણ તેના અનુસારે રમણ ન કરે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણે લેવું છે ને અહીં તો? **'તો આપણે કદી મોક્ષને પામી શકીએ નહિ...'** એટલે પૂર્ણ શુદ્ધતાને પામે નહિ. જ્યાં પૂર્ણ શુદ્ધતા પડી છે તેમાં શોધ અને ખોજ ન કરે તો પૂર્ણ શુદ્ધતાને પામી

www.vitragvani.com



શકે નહિ. એની એ દશા છે એ રહે. અને **'જે જીવો તેના માર્ગમાં ચાલે છે,...'** જે જીવો તેના એટલે આત્માના માર્ગમાં ચાલે છે, **'અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે છે...'** એક જ વ્યાખ્યા લીધી પહેલી. એ તો પછી આ આવ્યું એટલે જ્ઞાન ને ચારિત્ર આવે જ તે. એની સાથે એટલે આ લીધું. આહાહા! રુચિ અનુયાયી વીર્ય. જેમાં રુચિ થઈ એને અનુસારે વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. જેની જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

**'સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે છે તે જીવ તરત જ મોક્ષના પરમધામમાં પહોંચી જાય છે.'** પાઠનો ખુલાસો તો એક જ માંથી કર્યો. કારણ કે, એ તો સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાન પણ છે, અંશે પણ છે અને સમ્યગ્દર્શનમાં પૂર્ણ પ્રાપ્તિ કરવી એવી ભાવના પણ સાથમાં હોય છે. સમજાણું કાંઈ? **'તે જીવ તરત જ મોક્ષના પરમધામ...'** એટલે પોતાનું પરમધામ. કોણ? પોતાની પૂર્ણ શુદ્ધ ધામ દશા અનંત મહિમાવાળી પૂર્ણ, એને એ પ્રાપ્ત કરી લે છે.

**'આ રીતે (તત્ત્વજ્ઞાનપૂર્વક) પાંચે પાપના ત્યાગપૂર્વક...'** સરવાળો કહે છે. આ અણુવ્રતની વ્યાખ્યા છે ને? આ રીતે તત્ત્વજ્ઞાનપૂર્વક એટલે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક, **'પાંચે પાપના ત્યાગપૂર્વક પાંચે અણુવ્રતનું...'** જુઓ! પાંચ પાપનો ત્યાગ થયો ને? તીવ્ર હિંસા, તીવ્ર જૂઠું આદિ આસક્તિનો (ત્યાગ થયો). દૃષ્ટિમાં તો બધાનો અભાવ જ છે પણ હવે સ્થિરતાની અંદરમાં અસ્થિરતાનો ત્યાગ છે તેને અહીંયા અણુવ્રત કહેવામાં આવે છે. સમજાણું?

**'પાંચે પાપના ત્યાગપૂર્વક પાંચે અણુવ્રતનું તથા રાત્રિભોજન ત્યાગનું વર્ણન કરીને...'** લ્યો! રાત્રિભોજન પણ એક અણુવ્રતની સાથે, અણુવ્રત છે. અહિંસા. અણુવ્રત કેમ કહ્યું? બહુ ખુલાસો આવ્યો છે પેલામાં. અણુવ્રત કેમ કહ્યું? કે, રાત્રે ન ખાવું અને દિવસે ખાવું એટલે વ્રત આખું ન થયું. દિવસ, રાત્રીનો ત્યાગ ન થયો ને? એટલે રાત્રિનો ત્યાગ થયો, દિવસની છૂટ રહી એટલે એ વ્રતને અણુ કહ્યું એ હિસાબે. પેલા પાંચઅણુવ્રત ઉપરાંત આવ્યું હતું ને? રત્ન નિબંધનાવલી. સમજાણું કાંઈ?

અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો અંશ પ્રગટ્યો છે, એમાં તીવ્રહિંસા આદિનો ત્યાગ છે. સમજાણું? અને સાથે રાત્રિભોજનનો ત્યાગ છે. રાત્રિભોજનમાં પણ ઘણી હિંસા હોય છે. ઘણા ત્રસ જીવો મરે. એની વ્યાખ્યા ઘણી આવી ગઈ છે. સમજાણું? રાતના ભાગમાં, ઠંડા વખતમાં દિવસના ઝીણા નાના જંતુઓ ખુંણે-ખાંચરે બેઠા હોય, ઉકરડે બેઠા હોય, કોઈ ઠામ-ઠીકરાના ઓથે બેઠા હોય, ખુંણે-ખાંચરે અંધારાની ઓથ દેખીને ત્યાં બેઠા હોય, એ જ્યાં રાત્રીનો પ્રકાશ થાય, દીવો આદિ હોય ત્યાં ઉડીને આવે. એટલે ખાનારના પેલામાં (ખોરાકમાં) પડે. એ માંસના ખોરાક જેવું થઈ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? રાત્રીમાં એનો ખોરાક ન ખાવો જોઈએ. રાત્રિ આહાર ન કરવો જોઈએ. જુઓ! આવ્યું આમાં. 'નવરંગભાઈ'!

www.vitragvani.com



સ્વભાવનો વિશેષ આશ્રય લઈ રાગ ઘટે એટલે આવા નિમિત્તો પણ ત્યાં એને હોય નહિ. રાત્રે ખાવાના ભાવ હોય નહિ. તે હિંસા છે. ઘણું પાપ છે, ઝીણા ઉડતા જીવડા, ફૂદડા એ દાળ, ભાત, ઉની રોટલી, એની ગંધમાં ન્યાંથી ઉડીને નીકળ્યા હોય અને દિવસના ઓથે બેઠા હોય એ અજવાળે બહુ બેઠા હોય, આમ જરીક ઠામ આમ કરો તો હેઠે બહુ હોય. એ બધા રાતના ઠંડામાં બેઠા હોય. આંખો કેટલાક હોય એને આ બધું દેખે નહિ એટલે કે અહીં નથી કોઈ એમ કરીને ન્યાં ઝીણા ઝીણા જંતુઓ અનાજની ગંધમાં આવે, પડે. અને એ રોટલી, દાળ, ભાત, શાક ખાનારને માંસ ખાવાનું પાપ લાગે છે. એ.. 'શશીભાઈ'!

**'માટે પાંચે અણુવ્રતનું તથા રાત્રિભોજન ત્યાગનું વર્ણન કરીને હવે સાત શીલવ્રતોનું વર્ણન કરે છે.'** એના પછી સાત શીલ. બાર વ્રત છે ખરા ને? **'કેમકે સાત શીલવ્રત...'** એ કેવા છે? **'પાંચ અણુવ્રતની રક્ષા કરવા માટે નગરના કોટ સમાન છે.'** છે ને? ૧૩૬માં પાઠ છે. એનો પહેલો ઉપોદ્‌ઘાત કર્યો. નગરને જેમ કોટ હોય છે, એમ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિતના પાંચ અણુવ્રતના ભાવને સાત શિક્ષાવ્રત તે રક્ષા કરનારા છે. સમજાણું? અને જેટલો અણુવ્રત રાગનો અભાવ થયો એટલી અહિંસા થઈ. જેટલો રાગ ભાગ રહ્યો એટલી હિંસા રહે છે. જેટલો રાગ ભાગ રહ્યો એ હિંસા છે, એ પહેલું આવી ગયું છે.

મિથ્યાત્વ એ મોટો પરિગ્રહ અને હિંસા છે. જેવું આત્માનું સ્વરૂપ છે તેથી વિપરીત માન્યતાનો ભાવ તે મોટી હિંસા પરિગ્રહ છે. એ મોટો પરિગ્રહ છે. સૌમાં મોટો પરિગ્રહ એ. એના ત્યાગમાં સમ્યગ્દર્શન જે મહાઅહિંસા અને અપરિગ્રહ આખો અપરિગ્રહ વસ્તુ અખંડાનંદ નિવૃત્તસ્વરૂપ તેની પ્રતીત થઈ, એ પણ મહા અપરિગ્રહ દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ? આહાહા!

એને **'એવા પાંચ અણુવ્રતની રક્ષા કરવા માટે નગરના કોટ સમાન છે. જેમ કિલ્લો નગરનું રક્ષણ કરે છે તેવી રીતે સાત શીલવ્રત પાંચે અણુવ્રતની રક્ષા કરે છે.'** લ્યો! હવે એ સાત શીલવ્રતની વ્યાખ્યા (આવશે). એમાં ત્રણ ગુણવ્રત છે, ચાર શિક્ષાવ્રત છે. એમાં જરી ફેર આમાં આ લોકો કહે છે ને? છઠ્ઠું, સાતમામાં ઉપભોગ આવે છે, આમાં સાતમું દિગવ્રત આવે છે. દિગવ્રત પેલામાં જાય છે. પેલામાં દિગવ્રત દસમામાં જાય છે, અહીં દિગવ્રત અહીં સાતમામાં આવે છે. સાતમો ઉપભોગ છે એ પેલામાં જાય છે અહીં. સામાયિક, પૌષધ, ઉપભોગ અને વૈયાવચ્ચ. એમ ફેરફાર જરી છે. છઠ્ઠામાં જાવજીવનો અમુક ક્ષેત્રમાં ત્યાગ છે અને દિગવ્રતમાં અમુક ક્ષેત્રથી બહાર ન જવું, એવો જે તીવ્ર વિકલ્પ છે એનો પણ પાપ છે એટલે હિંસા છે. એને ઘટાડવું એટલી અહિંસા થાય છે. બહાર રાગમાં છૂટ રાખવી એટલું પાપ છે, એનું ઘટાડવું એટલી અહિંસા પુષ્ટિ થાય છે. એને માટે સાત શીલવ્રતની વ્યાખ્યા કરશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા-૧૩૬

परिधय इव नगराणि व्रतानि किल पालयन्ति शीलानि।
व्रतपालनाय तस्माच्छीलान्यपि पालनीयानि।।१३६।।

અન્વયાર્થ :- [ किल ] નિશ્ચયથી [ परिधयः इव ] જેમ કોટ, કિલ્લો [ नगराणि ] નગરોની રક્ષા કરે છે તેવી જ રીતે [ शीलानि ] ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત-એ સાત શીલ [ व्रतानि ] પાંચે અણુવ્રતોનું [ पालयन्ति ] પાલન અર્થાત્ રક્ષણ કરે છે. [ तस्मात् ] માટે [ व्रतपालनाय ] વ્રતોનું પાલન કરવા માટે [ शीलानि ] સાત શીલવ્રતો [ अपि ] પણ [ पालनीयानि ] પાળવાં જોઈએ.

ટીકા :- 'किल शीलानि व्रतानि पालयन्ति परिधयः नगराणि इव तस्मात् व्रतपालनाय शीलानि अपि पालनीयानि' - અર્થ :- નિશ્ચયથી જે સાત શીલવ્રત છે તે પાંચે અણુવ્રતની રક્ષા કરે છે, જેમ કોટ નગરની રક્ષા કરે છે. તેથી પાંચે અણુવ્રતોનું પાલન કરવા માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ સાત શીલવ્રતો અવશ્ય પાળવાં જ જોઈએ. હવે તેનું જ વર્ણન કરે છે તે સાંભળો. ત્રણ ગુણવ્રતોનાં નામ :- ૧ દિગ્વ્રત, ૨ દેશવ્રત, ૩ અનર્થદંડત્યાગવ્રત. ચાર શિક્ષાવ્રતનાં નામ :- ૧ સામાયિક, ૨ પ્રોષધોપવાસ, ૩ ભોગોપભોગપરિમાણવ્રત, ૪ વૈયાવૃત્ત. ૧૩૬.

---

**પ્રવચન નં. ૫૮ ગાથા-૧૩૬ થી ૧૪૦ સોમવાર, અષાઢ સુદ ૩, તા. ૧૦-૦૭-૧૯૬૭**

---

શું ચાલે છે આ? શ્રાવકના વ્રત. પાંચ અણુવ્રત પછી સાત શીલવ્રત છે, એની વ્યાખ્યા ચાલે છે. આત્મા શુદ્ધ ચૈતન્યનો, દૃષ્ટિનો અનુભવ થયા પછી, સમ્યગ્દર્શન થયા પછી, આત્મા જગતનો સાક્ષી છે એવું જ્ઞાનમાં અંતરમાં પોતાને પ્રત્યક્ષ ભાસવાથી, જે પ્રતીત-સમ્યગ્દર્શન થયું, એના પછી શ્રાવકે પાંચ અણુવ્રત યથાશક્તિ લેવા, પાળવા, એ વાત અધિકાર ચાલે છે. અને પાંચ અણુવ્રત પછી સાત શિક્ષાવ્રત, સાત શીલવ્રત, એની વ્યાખ્યા છે. જુઓ હવે કહે છે, ૧૩૬. ૧૩૫માં આવ્યું હતું ઘણું કાલે એક કલાક. ત્યાં હતું ને? '**त्रितयात्मनि**' સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત ચારિત્ર હોય, એને વ્રત હોય. તેને યથાર્થ વ્રત કહેવામાં આવે છે. અંતરનું દર્શન સમ્યક્ નથી, સમ્યગ્જ્ઞાન નથી, એને ચારિત્ર નથી એટલે વ્રતના વિકલ્પો પણ વ્યવહારે પણ એને હોય શકતા નથી. 'સેઠી'! પાંચ અણુવ્રત પછી, સાત શીલવ્રત.

www.vitragvani.com



૧૩૬માં એની વ્યાખ્યા છે. '**परिधय**' ૧૩૬ ગાથા.

**परिधय इव नगराणि व्रतानि किल पालयन्ति शीलानि।**
**व्रतपालनाय तस्माच्छीलान्यपि पालनीयानि।।१३६।।**

આ અધિકાર વ્યવહારનો ઘણો આવે ને, એ લોકોને બેસી જાય. પેલું મૂળ જે હતું એ વાત એને દૃષ્ટિમાં ન રહે. દર્શન અને જ્ઞાન પહેલી વાત કરી ગયા છે.

મુમુક્ષુ :– દર્શન અને જ્ઞાન તો હોય જ ને.

ઉત્તર :– દર્શન, જ્ઞાન શેના? ધૂળમાં હોય ભાન વિના? એમ કહે છે, આ વ્રત લે છે એને દર્શન, જ્ઞાન તો હોય જ તે.

મુમુક્ષુ :– જન્મથી હોય.

ઉત્તર :– જન્મથી હોય લ્યો! ઠીક.

મુમુક્ષુ :– એના ગામના જ છે.

ઉત્તર :– એના ગામના ભાન વિનાના. પહેલા અહીં ભડકતા હતા. પુણ્યની વાત કે, દયા, દાન, વ્રત એ પુણ્ય છે, ધર્મ નહિ. ચાલો ભાઈ! સાંભળીએ. ... લાગે તો શું કરે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એટલે. ઇ વાત સાચી. એ ઠીક યાદ કર્યું, હોં! શુભભાવ પુણ્ય એ અધર્મ છે. ધર્મ નહિ. રાડ નાખી જાય, રાડ. આ 'જયપુર'ના લ્યો! સેઠી! ખબર ન મળે ખબર. મૂળ વસ્તુ એ વિકલ્પ જે વ્રત છે, એની પાછળ સ્થિરતા હોય છે અને એની પાછળ દર્શન અને જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ?

સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એનો અંતરમાં રાગથી ભેદ પાડી, ભેદજ્ઞાન કરી, અંતર દૃષ્ટિ થઈ, નિર્વિકલ્પ આત્મા છે, એવી નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ. ત્યારે તેનું ચૈતન્યનું પરિજ્ઞાન સમ્યક્ થયું. એ જ્ઞાનમાં પછી વિશેષ સ્થિરતાનો અંશ થાય તેને ખરેખર ચારિત્ર કહે છે. અને એ ચારિત્રના પ્રસંગમાં આવા પાંચ અણુવ્રતના વિકલ્પો વ્યવહારે એને હોય છે. એને અહીં ચારિત્ર તરીકે, વ્યવહાર તરીકે કહ્યું છે. સમજાણું કાંઈ?

એનો અન્વયાર્થ. છે ને ૧૩૬? બેના શબ્દમાં થોડો થોડો ફેર છે. કાલે લીધું નહિ? ત્યાં પહેલા પેલાની ટીકાનો અન્વયાર્થ ભર્યો છે અને 'ટોડરમલ્લજી'ની અંદર ટીકા ભરી છે. ઠીક થોડો થોડો ફેર છે અહીં. પેલામાં '**किल परिधयः इव**' છે. પેલામાં '**किल शीलानि व्रतानि पालयन्ति परिधयः नगराणि इव**' છે. એ બધું મેળ વિષયવાળુ છે વધારે. ખરેખર '**નિશ્ચયથી જેમ કોટ, કિલ્લો...**' કોટ હોય ને? પહેલા રાજાઓ પોતાના નગરની રક્ષા માટે કોટ રાખતા. ગઢ મોટો કે, જેથી મોટા મોટા દરવાજા હોય, અમુક બારીઓ રાખે, એ બારીઓ પછી રાતે બધું બંધ કરી દે. બીજા રાજાઓ ચડી ન આવે, નુકસાન ન કરે અંદર અથવા

www.vitragvani.com



ચોર લોકો રાત્રિના પ્રવેશ ન કરે એવા મોટા ગઢ રાખે, ગઢ.

એમ કહે છે કે, **'જેમ કોટ, કિલ્લો નગરોની રક્ષા કરે છે તેવી જ રીતે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત-એ સાત શીલ...'** એનો અર્થ નીચે આવશે. **'પાંચે અણુવ્રતોનું પાલન અર્થાત્ રક્ષણ કરે છે.'** પાંચ અણુવ્રતરૂપી ગઢ. સમજાય છે? એ નગર. એનું સાત અણુ, શિક્ષા-શીલવ્રત એનું રક્ષણ કરે છે. ભાષા જુઓને! પાંચ અણુવ્રતરૂપી નગર, એનો સાત શીલવ્રતરૂપી ગઢ, રક્ષણ કરે છે. કારણ કે, સાત શીલવ્રતમાં પણ રાગની મંદતા (થાય છે), રાગ ઘટે છે, એટલી હિંસા ઘટે છે અને જેટલો રાગ બાકી રહ્યો, એટલો હજી શ્રાવકને ત્યાગ નથી. એટલી હિંસા પણ હોય છે. એણે બધું જાણવું તો પડશે કે નહિ? વ્રતનું સ્વરૂપ શું? ચારિત્રનું સ્વરૂપ શું? અણુવ્રતનું સ્વરૂપ શું? એના જ્ઞાન વિના કોને આદરવું અને કોને છોડવું એ નક્કી કરી શકશે નહિ.

મુમુક્ષુ :– કરવું છે એમાં જાણવું ક્યાં આવ્યું?

ઉત્તર :– જાણવું ન આવ્યું? પહેલા જાણ્યા વિના કરશે શેમાં?

મુમુક્ષુ :– પોતામાં.

ઉત્તર :– શું પણ ? પોતે કોણ છે એને જાણ્યા વિના? કહો, પોતે ચૈતન્ય વસ્તુ છે, એકલા જ્ઞાયક સ્વભાવથી ભરેલું તત્ત્વ છે, અનાદિઅનંત છે. ઓહો..! ચોરાશી લાખના અવતારમાં ક્યાં નહોતો એ? નહોતો ક્યાં અને ક્યાં હતો? ક્યાં ભવ વિના હતો? અનંતકાળમાં ક્યાં એ નહોતો અને ક્યાં એ ભવ વિના હતો? અનાદિ... અનાદિ... અનાદિ. એવા અનંતા ભવ કર્યા? વસ્તુ તો એની એ છે. એની અવસ્થામાં વિકાર અને ભ્રમણા એના ભાવ અને બહારનો સંયોગ. અનંત અનંતભવ ગયા. અનંતભવ.

કાલે એક દાખલો નથી આવ્યો? પેલો ચિત્તાનો દાખલો એક વાંચ્યો છોકરાઓએ. એક બાઈ ગર્ભવતી હતી અને મરી ગઈ. કાલે કાંઈક દાખલો હતો. 'જયહિન્દ' (પેપર)માં. કોઈ સાંજે અહીં લાવ્યું હતું. કોઈક એવા છોકરા હોય ને એ લાવે. સાંજે આહાર કરીને ફરીએ ને. નવરા હોય એ આવે. એક ગર્ભવતી બાઈ મરી ગઈ. અંદર જીવ હતો. ઠાઠડીએ બાંધી, ચિતામાં નાખી, ચિતા ખડકી, સળગાવ્યું એક બાજુ, ત્યાં શરીર તો મરી ગયેલું હતું. પેલો અંદર જીવ જીવતો. ઝેર ન ચડ્યું કહો, જુઓને! એક આયુષ્યની સ્થિતિ! આયુષ્ય બળવાન. આમ જ્યાં આની કોર સળગાવ્યું ત્યાં પ્રસવ થઈ ગયો. ઉહકારો કર્યો, ઉંહકારો. ત્યારે પેલા બાળનારાને થયું અરે..! કાંઈક છે આમાં. લાકડા ખસેડ્યા તો બાળક. લઈ લીધું. જુઓ! જગતમાં આવા અનંતા અવતાર કર્યા છે. મરી ગયું મડદું એમાં બબ્બે કલાક રહ્યું હશે કે નહિ? કે, મરે પછી કાંઈક ઠાઠડી બાંધે, કાંઈક પછી રસ્તામાંથી લઈને મસાણે લઈ જાય, મસાણમાં પાછા લાકડા ખડકે, પાછું સળગાવ્યું ત્યાં સુધી જીવતું. જુઓને! એક આયુષ્યની સ્થિતિ! ઓહો..હો..! કહો, એમાં વળી લાકડા કાંઈક પોલા હશે તે એમાંથી નીકળી ગયું

www.vitragvani.com



બચ્ચું ઉંહકારો કર્યો તો લોકોએ (જોયું), અરે..! કાંઈક બચ્ચું છે. આમાં બાળક છે. લ્યો! બાળકને તેર દિ' થયા છે એમ કાલે લખ્યું હતું. બાળક મરી નથી ગયું, સારું છે. જુઓ! એક સ્થિતિ! ભગવાનઆત્મા તો નિત્ય ધ્રુવ વજ્રબિંબ છે અંદર. પર્યાયમાં પરનું લક્ષ કરી પોતાના ભાવને છોડી રાગ-દ્વેષ અને અજ્ઞાન કર્યાં, એના ભાવ નિમિત્ત પામીને પરમાણુને પણ એ રીતે રચાવાની પર્યાયમાં એની યોગ્યતા હતી. એ થઈ એની એ રીતે, શરીરની રચના પણ એ જાતની થઈ, એ જાતના શરીરની રચનાનો પરમાણુઓનો પણ કાળ હોય છે. આમાં આટલો કાળ રહે, વળી ચાલી નીકળે. એમ બીજે, એમ ત્રીજે. ચાલ્યો... અનંત... અનંત... અનંત... અનંત... અનંત. સમજાણું?

એવા અનંતા અવતાર બાળકપણાના, મનુષ્યપણાના અનંતા કર્યા. ઢોરના અનંતા, દેવના અનંતા, નારકીના (અનંતા). બધા દેવના અનંતાનો અર્થ એમ નથી કે, ન્યાં દેવ એટલે સારું હતું. આકુળતા, આકુળતા. ભગવાનને ભૂલી ગયો. શીતળનાથ ભગવાનઆત્મા. શીતળ, શાંત પ્રભુ અવિકારી ઉપશમરસનો કંદ આત્મા, એને ભૂલી વિકારને પોતાનો માની ભ્રમણ કરે છે. એને કહે છે કે, ભ્રમણ ટાળવાના ઉપાયમાં પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? એની સાથે સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું, એ ભવભ્રમણને ટાળવાનો ઉપાય બતાવે છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે ને? પુરુષ એટલે ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા, એની સિદ્ધિ એટલે મુક્તિનો ઉપાય. આવા પરિભ્રમણમાં રજળતો, રખડતો ક્યાંય એની એને દયા ન આવી. પોતાની દયા પોતાને ન આવી. આહાહા!

અરે..! હું આ રખડું છું, દુ:ખી થાઉં છું. ટળવળતો, પોકાર કરતો કરતો ભવ છોડે. એ વળી બીજા નવા ભવ કરે. કહે છે કે, એ ભવ ટાળવાનો ઉપાય, ચૈતન્ય સ્વરૂપ ભગવાનને જેમાં ભવનો ભાવ નથી એવો જે આત્મા, એનો અનુભવ દૃષ્ટિ કરીને કરવો, એ પહેલો સમ્યગ્દર્શન એ ભવના અભાવનું ને મુક્તિના ઉપાયનું પહેલું એ કારણ છે. આહા..! સમજાણું? આ દુ:ખ સાંભળીને આમ થાકી જાય છે. સાંભળો! બોલો છો કેમ? સમજાણું આમાં?

જ્ઞાન એનું કરવું કે, આ તે કોણ છે? શું છે આ? જ્યાં જ્યાં જ્ઞાન, ત્યાં ત્યાં હું, જ્યાં જ્યાં રાગ, ત્યાં ત્યાં હું નહિ. એવું અંતરમાં રાગથી ભિન્ન પાડીને સ્વભાવનું ભાન કરવું, એ ભવના અભાવનો ઉપાય છે. અને ત્રીજો એ સ્વરૂપમાં રમણતા કરવી, વિશેષ સ્થિરતા કરવી, એમાં શ્રાવકના વ્રતમાં પહેલી અંશે સ્થિરતા હોય છે. એને દેશવિરતી હોય છે. એ આ રીતે, હોં! સમ્યગ્દર્શન, જ્ઞાનપૂર્વક. એ વિના તો ચારિત્ર હોય શકે નહિ. અને એ વિના વ્રતના વિકલ્પ પણ વ્યવહારે એને હોય શકે નહિ.

કહે છે કે, **'પાંચે અણુવ્રતોનું પાલન અર્થાત્ રક્ષણ કરે છે. માટે વ્રતોનું પાલન કરવા માટે સાત શીલવ્રતો પણ પાળવાં જોઈએ.'** લ્યો!

**ટીકા :– ''किल शीलानि व्रतानि पालयन्ति परिधयः नगराणि इव तस्मात् व्रतपालनाय**

www.vitragvani.com



**शीलानि अपि पालनीयानि' - નિશ્ચયથી જે સાત શીલવ્રત છે...'** શીલના નામ આપશે નીચે, હોં! શીલ એટલે જેનો સ્વભાવ પાંચ અણુવ્રતની રક્ષા કરવાનો એવો એનો સ્વભાવ. એમ. એવા શીલવ્રત. **'તે પાંચે અણુવ્રતની રક્ષા કરે છે, જેમ કોટ નગરની રક્ષા કરે છે.'** કોટ, ગઢ છે એ નગરની રક્ષા કરે છે. **'તેથી પાંચે અણુવ્રતોનું પાલન કરવા માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ સાત શીલવ્રતો અવશ્ય (જરૂર) પાળવા જ જોઈએ. હવે તેનું જ વર્ણન કરે છે તે સાંભળો.'**

**'ત્રણ ગુણવ્રતોના નામ :– ૧ દિગ્વ્રત,...'** બધી દિશાઓમાં અમુક મર્યાદા જાવજીવની બાંધવી. જાવજીવની કે અમુક દિશા બહાર મારે જાવું નહિ. એટલી મમતા ઘટે, એટલી હિંસા ઘટે, એટલી અહિંસા વધે. એમ. સમજાણું કાંઈ? **'૧ દિગ્વ્રત,...'** જાવજીવ સુધી અમુક દિશા બહાર જાવું નહિ. પૂર્વ-પશ્ચિમ આદિ બાંધી લીધું.

**'૨ દેશવ્રત,...'** પછી જે જાવજીવ કર્યું હોય, એમાં પણ ઘટાડો કરવો કે એક મહિના સુધી, એક દિવસમાં આટલા બહાર ન જવું. એમ અહીં ઘટાડો કરીને (રહેવું) એ દિગ્વ્રત. પેલામાં દસમું આવે છે, સાતમામાં આ નાખ્યું છે.

**'૩ અનર્થદંડત્યાગવ્રત.'** મફતના પ્રયોજન વિનાના પાપ, એવાનો ત્યાગ કરવો એ ત્રીજું ગુણવ્રત છે.

**'ચાર શિક્ષાવ્રતના નામ :– ૧ સામાયિક,...'** સામાયિક. કહો, એ શિક્ષા છે. એ પણ અણુવ્રતની રક્ષા કરનારા છે. સામાયિક. સામાયિક એટલે આત્મામાં, જ્ઞાનમાં એકાકાર થવું અને પછી ન થઈ શકે તો શુભવિકલ્પ તેને અહીં વર્તમાન વ્યવહાર સામાયિક કહે છે. નિશ્ચય સામાયિક તો અંદરમાં ઉપયોગમાં સ્થિર થઈ જવું, એનું નામ સામાયિક છે. પણ પરમેષ્ઠી આદિનો જરી વિકલ્પ ઉઠે, એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાના અંશની ભૂમિકામાં સામાયિકનો વિકલ્પ (આવે). આ તો મૂળ વસ્તુ ન રહી ને ઉપલી રહી ગઈ. સામાયિક કરો હંમેશા, સામાયિક કરો. પણ દર્શન, જ્ઞાન વિના શેના સામાયિક? આ તો સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત સામાયિકમાં સ્વરૂપમાં સ્થિરતા કરવાનો એક અખતરો છે. અખતરો સમજો છો? અજમાઈશ, પ્રયોગ. આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ (છે) એવી દૃષ્ટિ ને જ્ઞાન થયું છે, હવે એમાં સ્થિરતા કરવાનો એ અજમાઈશ, અખતરો છે એ. સામાયિક હંમેશા કરવાનો અખતરો (કરે છે કે) હું ત્યાં કેટલો સ્થિર રહી શકું છું? સવાર, બપોર, સાંજ જે વસ્તુ દૃષ્ટિમાં, અનુભવમાં, જ્ઞાનમાં આવી છે, એમાં સ્થિર રહી શકું છું કે નહિ, એનો એ અજમાઈશ છે સામાયિક. સમજાણું કાંઈ?

**'૨ પ્રોષધોપવાસ,...'** પંદર-પંદર દિવસે આદિ. એ પણ પંદર દિ' મોટો ચોવીસ કલાકનો અખતરો, અજમાઈશ. પેલી દરરોજની છે, આ પંદર-પંદર દિવસે કે સાત દિવસ કે આખા મહિનામાં ચાર કરે છે. અંતર સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યું હતું, એમાં

www.vitragvani.com



કેટલો સ્થિર રહી શકું છું? એનો એ પ્રયોગ છે. પ્રોષધ એ સ્વરૂપમાં, પોષણ માટેનો એક પ્રયોગ છે, અજમાઈશ છે, અખતરો છે. 'સેઠી'! આ લોકો સમ્યગ્દર્શન વિનાના આ બધા ઘણા સામાયિક અને પોષા ને કરે છે, એ.. 'મોહનભાઈ'! એ પોષા, સામાયિક છે જ નહિ, એ તો એકડા વિનાના મીંડા છે. હજી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા એની પણ ખબર ન મળે, એની શ્રદ્ધાના ઠેકાણા ન મળે, એમાં આત્મા તો ક્યાં રહી ગયો.

મુમુક્ષુ :– સામાયિકમાં ન આવ્યો?

ઉત્તર :– સામાયિકમાં ક્યાં આવ્યો? કઈ સામાયિક? સામાયિકમાં તો સમ આય યિક પ્રત્યય. સમતાભાવનો લાભ. એ સમતાભાવનો લાભ ક્યારે હોય? કે, વસ્તુ પોતે વીતરાગ સ્વરૂપ જ છે, વીતરાગરસ સ્વરૂપ છે, સમરસ સ્વરૂપી છે, એવી અંતર દૃષ્ટિમાં વસ્તુનું ભાન આવ્યું છે, એમાં ઠરવું એનું નામ સામાયિક છે, એનું નામ પ્રોષધ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ થઈ શકે છે માટે કહ્યું ને?

ઉત્તર :– હા, થઈ શકે છે ને. કેવળજ્ઞાન થઈ શકે છે પછી આની ક્યાં વાત છે. ખોટા ઢસરડા કર્યા બધા. એ કરી શકે છે કે નહિ? તો આમ ન કરી શકે? ઊંધુ કરી શકે, સવળુ કરી શકે, એ તો એનો સ્વભાવ છે. ઊંધુ કરવું તેનામાં સ્વભાવ છે નહિ. પર્યાયમાં મફતનો કરે છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ વિકાર થવો એ એના ગુણ-દ્રવ્યમાં સ્વભાવ છે જ નહિ. એ તો પર્યાયમાં સ્વભાવ એક સમયની દશાનો ઊભો કરેલો છે. અને આ તો એનો દ્રવ્ય, ગુણ સ્વભાવ જ એવો છે. સમજાણું કાંઈ? 'શશીભાઈ'!

ભગવાનઆત્મા સમસ્વરૂપી ચૈતન્ય છે ને? જ્ઞાન વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે. એવો છે એમાં ઠરવું એ તો એનો સ્વભાવ છે. વિકાર તો એનો સ્વભાવ છે નહિ. એ તો એક સમયની પર્યાયમાં ઉઠાવગીર ઊભો કરે છે. એના દ્રવ્ય-ગુણમાં વિકાર ભર્યો છે? દ્રવ્ય-ગુણમાં તો એકલો શુદ્ધ ને આનંદ ને જ્ઞાન ને પવિત્રતા ને વીતરાગતા ભરી છે. સમજાણું કાંઈ? પર્યાયમાં વીતરાગતા આવશે, એ ક્યાંથી આવશે? રાગમાંથી આવશે? રાગ નાશ થાય એમાંથી આવશે? કે એમાં છે એમાંથી આવશે?

આખો આત્મા એકલો સમરસ વીતરાગ. સમરસ એટલે ચારિત્ર અને ચારિત્ર એટલે વીતરાગ સ્વરૂપ. એ વીતરાગ સ્વરૂપ જ આત્મા છે. એવી દૃષ્ટિમાં, અનુભવમાં આ આત્મા એમ ભાસ પ્રત્યક્ષ થયો નથી અને એના વિના પ્રતીત સાચી થાય નહિ, અને પ્રતીત વિના આમાં મારે રમવું છે એ વસ્તુ નજર પડ્યા વિના શેમાં રમવું? રમવું એટલે ચારિત્ર એટલે ઠરવું. સમજાણું કાંઈ? જે ચીજની જ ખબર નથી એમાં ઠરવું ક્યાંથી આવ્યું? સામાયિક અને પ્રોષધ એ શિક્ષાવ્રત છે. એ શીલવ્રત છે, એ અણુવ્રતને પુષ્ટિ આપે છે એમ કહે છે. આહાહા!

ઘરના–ઘરના ઘર ભાળ્યા વિના, જ્યાં-ત્યાં સામાયિકના નામે આથડે. પણ ઘર–ઘર શું છે એની તો ખબર ન મળે. એ ઘરમાં જાવું છે, એ ઘર હોય એમાં જાવું છે. એ તો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વસ્તુ જ પોતે વીતરાગ નિર્વિકલ્પ જ્ઞાયકમૂર્તિ છે. એવી જ્યાં અંતર દષ્ટિ ભરોસો, અનુભવ, પ્રતીત જ્ઞાન થયા નથી, એ અંદરમાં પ્રવેશ શી રીતે કરશે? બધી ફેરફારવાળી વાત છે, 'સેઠી'! મૂળ વાત છે. એય..! 'ભગવાનભાઈ'! આહા..! સામાયિક–સ્વરૂપ જેવી સમતારૂપે વસ્તુ છે, એવી સમતાને અંદરમાં પ્રગટ કરવી, એનું નામ સામાયિક છે. પછી વિકલ્પ છે એ વ્યવહાર સામાયિક કહેવાય.

**'પ્રોષધોપવાસ,...'** ઉપવાસ, ઉપવાસ. સ્વરૂપમાં રમીને અંદર ઠરવું. જેમ ચણો પાણીમાં પડે ને પોઢો થાય, પોઢો સમજો છો? પુષ્ટ થાય છે ને ચણો. એમ આત્મામાં શાંતિ પડી છે. એકાગ્ર થઈને શાંતિ દ્વારા પુષ્ટ થાય. પર્યાયમાં શાંતિ વધે એનું નામ પ્રોષધ છે.

મુમુક્ષુ :– એ તો નિશ્ચય પૌષધ છે.

ઉત્તર :– બસ! વિકલ્પ જોડે હોય એ વ્યવહાર પ્રોષધ. આટલો અંદર ભાવ હોય તો વિકલ્પ હોય એને વ્યવહાર કહે. સ્થિરતા હોય એને નિશ્ચય કહે. સમજાણું કાંઈ?

**'૩ ભોગોપભોગપરિમાણવ્રત,...'** આમાં સાતમું આવે છે, આમાં એ અગિયારમું આવ્યું. જે વસ્તુ એકવાર ભોગવાય કે વારંવાર ભોગવાય એનો ઘટાડો કરવો, માપ કરવું. એટલી પણ પરપદાર્થ પ્રત્યેની મમતા ઘટાડવી. ઘટાડે તેટલી અંદર અણુવ્રતને પુષ્ટિ મળે છે. લ્યો!

'૪ **વૈયાવૃત્ત.**' એટલે મુનિ. મુનિને આહાર દેવો. ધર્માત્મા સંતોને, અતિથીને આહાર અને વૈયાવ્રત ભેગું છે. ધર્માત્મા સંતો આત્માના આનંદમાં કેલી કરનારા એવા મુનિઓની સેવા, વૈયાવૃત્ત એ પણ બારમું વ્રત છે. એ પણ એક અણુવ્રતની રક્ષા માટે એક ગઢ છે.

## ગાથા–૧૩૭

**પહેલાં દિગ્વ્રત નામના ગુણવ્રતનું સ્વરૂપ કહે છે :–**

**प्रविधाय सुप्रसिद्धैर्मर्यादां सर्वतोप्यभिज्ञानैः।**
**प्राच्यादिभ्यो दिग्भ्यः कर्तव्या विरतिरविचलिता।।१३७।।**

**અન્વયાર્થ :– [ सुप्रसिद्धैः ] સારી રીતે પ્રસિદ્ધ [ अभिज्ञानैः ] ગામ, નદી, પર્વતાદિ જુદાં જુદાં લક્ષણોથી [ सर्वतः ] બધી દિશાએ [ मर्यादां ] મર્યાદા [ प्रविधाय ] કરીને [ प्राच्यादिभ्यः ] પૂર્વાદિ [ दिग्भ्यः ] દિશાઓમાં [ अविचलिता विरतिः ] ગમન ન કરવાની પ્રતિજ્ઞા [ कर्तव्या ] કરવી જોઈએ.**

**ટીકા :– 'सुप्रसिद्धैः अभिज्ञानैः सर्वतः मर्यादां प्रविधाय प्राच्यादिभ्यः दिग्भ्यः अविचलिता विरतिः कर्तव्या' - અર્થ :– પ્રસિદ્ધપણે જાણેલા જે મહાન પર્વતાદિ, નગરાદિ અથવા સમુદ્રાદિ**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**વડે ચારે દિશામાં જિંદગીપર્યંત મર્યાદા બાંધીને ચાર દિશા, ચાર વિદિશા અને ઉપર તથા નીચે-એ રીતે દશે દિશાઓમાં જવાની પ્રતિજ્ઞા કરી લેવી અને પછી જિંદગીપર્યંત આ મર્યાદાની બહાર ન જવું તેને દિગ્વ્રત કહે છે. અહીં પહાડ વગેરે તથા હવાઈ જહાજથી ચડવાની અપેક્ષાએ ઉપરની દિશા અને કૂવા કે સમુદ્રાદિમાં જવાની અપેક્ષાએ નીચેની દિશાનું ગ્રહણ કર્યું છે. ૧૩૭.**

---

હવે, '**પહેલા દિગ્વ્રત નામના ગુણવ્રતનું સ્વરૂપ કહે છે :–**' લ્યો! છઠ્ઠું, છઠ્ઠું વ્રત.

**प्रविधाय सुप्रसिद्धैर्मर्यादां सर्वतोप्यभिज्ञानैः ।**
**प्राच्यादिभ्यो दिग्भ्यः कर्तव्या विरतिरविचलिता ।।१३७।।**

**અન્વયાર્થ :– 'સારી રીતે પ્રસિદ્ધ...'** પ્રસિદ્ધ હોય ને જેમ કે, આ 'મુંબઈ' આમ ફલાણું, ફલાણું ગામ હોય ને ચારે બાજુ. '**ગામ, નદી, પર્વતાદિ જુદાં જુદાં લક્ષણોથી...**' ઓળખાતા હોય. આમ ગંગા નદી, આમ જમના, આમ ફલાણું એ બહાર જાવું નહિ. '**બધી દિશાએ મર્યાદા...**' ચારે દિશાઓની મર્યાદા '**કરીને પૂર્વાદિ દિશાઓમાં ગમન ન કરવાની પ્રતિજ્ઞા...**' એટલી મમતા ઘટે ને? પૂર્વ દિશામાં અમુક સુધી પછી ન જાવું, પશ્ચિમમાં અમુક સુધી ન જાવું, ઉત્તરમાં અમુક પછી ન જાવું, દક્ષિણમાં અમુક સુધી (ન જાવું). એમ ઊર્ધ્વ, અધો પણ (ન જાવું). '**પ્રતિજ્ઞા કરવી જોઈએ.**'

'**सुप्रसिद्धैः अभिज्ञानैः सर्वतः मर्यादां प्रविधाय प्राच्यादिभ्यः दिग्भ्यः अविचलिता विरतिः कर्तव्या**' જુઓ! આ ચરણાનુયોગનો ગ્રંથ છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ સહિત ચરણાનુયોગનું આચરણ સમકિતીને કેવું હોય એનું આ વર્ણન છે. માટે ચરણાનુયોગને વાંચવા નહિ, સમજવા નહિ, એમ કાંઈ નથી. સમજાય છે કાંઈ? વાંચવા, સમજવા, ચારે અનુયોગો જાણવા, પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે પહેલો દ્રવ્યાનુયોગનો અભ્યાસ એ કાર્યકારી છે. સમજાણું કાંઈ? ૧૩૭નો અર્થ.

'**અર્થ :– પ્રસિદ્ધપણે જાણેલા...**' જાણેલો હોય ને પ્રસિદ્ધ? જેમ કે, ભાઈ આ ફલાણું, આ 'મદ્રાસ' કે આની કોર આ ફલાણુ, 'દહેરાદુન' એમ ચારે દિશામાં મોટા પ્રસિદ્ધ હોય ને? '**જે મહાન પર્વતાદિ,...**' મોટા હોય લ્યોને. '**નગરાદિ અથવા સમુદ્રાદિ વડે ચારે દિશામાં જિંદગીપર્યંત મર્યાદા બાંધીને...**' એ છઠ્ઠું વ્રત છે. જાવજીવ સુધી અમુક બહાર ન જવું. '**ચાર દિશા, ચાર વિદિશા અને ઉપર તથા નીચે-એ રીતે દસે દિશાઓમાં જવાની પ્રતિજ્ઞા કરી લેવી અને પછી જિંદગીપર્યંત આ મર્યાદાની બહાર ન જવું તેને દિગ્વ્રત કહે છે.**' દિગ એટલે દિશાનું વ્રત. દસે દિશામાં અમુક બહાર ન જવું, એવી જે મમતાનો વિકલ્પ હતો એને ઘટાડવો એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પછી જિંદગી પર્યંત આ મર્યાદાની બહાર ન જવું તેને દિગ્વ્રત કહે છે. અહીં પહાડ વગેરે તથા હવાઈ જહાજથી ચડવાની અપેક્ષાએ ઉપરની દિશા...'** એમ લેવું જોઈએ. ઉપર હોય ને? આ ત્રણ હજાર ને તેત્રીસ હજાર ફુટના મોટા પહાડ, મોટો ગીરનાર અને આ વળી તમારે સમ્મેદશિખર મોટો છે, નહિ? ત્રણ માઈલ. **'પહાડ વગેરે તથા હવાઈ જહાજથી ચડવાની અપેક્ષાએ...'** હવાઈ જહાજ લખ્યું છે, હોં! આણે. આમાં છે હવાઈ જહાજ. 'ટોડરમલ્લ'ની પ્રતમાં હવાઈ જહાજ છે. પાછળથી અર્થ કર્યો હોય એણે કે કોને ખબર. તે દિ' ક્યાં 'ટોડરમલ્લ' વખતે હવાઈ જહાજ નહોતું. પણ આમાં અર્થ કર્યો છે. બલુન કહો કે હવાઈ જહાજ કહો, બન્નેમાં ફેર હશે? હવાઈ જહાજ. પવનથી વહાણ ઉપર ચાલે. એની અપેક્ષા ઉપરની દિશાની મર્યાદા કરવી. અમુક બહાર જાવું નહિ.

**'કૂવા કે સમુદ્રાદિમાં જવાની...'** હેઠેની મર્યાદા કરવી કે, આટલા સુધી કૂવામાં હેઠે ઉતરવું, સમુદ્રમાં નીચે આઘું જાવું નહિ. બહાર ફરવાની મમતા છે ને? એ મમતાને ઘટાડવી. એ આત્મદર્શન ને જ્ઞાનપૂર્વક સ્થિરતા દ્વારા, આમાં આ જાતની મમતા ઘટાડવી. કહો, સમજાણું આમાં? છોકરાઓ અહીં ધ્યાન રાખવું જોઈએ, હોં! ધ્યાન રાખે તો તોફાન ન કરે, ધ્યાન ન રાખે તો તોફાન થાય પછી અંદર એકબીજાને. અંદર ધ્યાન (રાખવું). ન સમજાય એમ નહિ, કાંઈક સમજાય થોડુંક થોડુંક એમ રાખવું. પછી આ .... થાય એમ ન કરવું. એ કહે છે, નાના છોકરાને કાંઈ સમજાય નહિ બિચારાને શું કહે છે. પણ કાંઈક કહે છે એમ તો કલાક નવરા થઈને આવ્યા છો તો કાંઈક કહે છે, આમ ઘટાડવાનું, ફલાણું એવું તો ખ્યાલ આવે કે નહિ? ઘણા નાના છોકરા છે, નાના ઘણા છે.

મુમુક્ષુ :– છોકરાઓને વાર્તા સારી લાગે છે.

ઉત્તર :– હા, આ આત્માની વાર્તા છે, આત્માની વાર્તા છે. આત્મા બહાર બહુ રખડે છે માટે રખડવાનું બંધ કરવું એમ છે.

**'કૂવા કે સમુદ્રાદિમાં જવાની અપેક્ષાએ નીચેની દિશાનું ગ્રહણ કર્યું છે.'** લ્યો! કૂવા, સમુદ્રમાં બહુ આઘુ ન જાવું. ઉપર ઉપરથી આઘે અમુકમાં ન જવું એવી પ્રતિજ્ઞા કરે.

## ગાથા–૧૩૮

દિગ્વ્રત પાળવાનું ફળ

**इति नियमितदिग्भागे प्रवर्तते यस्ततो बहिस्तस्य।**
**सकलासंयमविरहाद्भवत्यहिंसाव्रतं पूर्णम्।।१३८।।**

www.vitragvani.com



**અન્વયાર્થ :–** [ यः ] જે [ इति ] આ રીતે [ नियमितदिग्भागे ] મર્યાદા કરેલી દિશાઓની અંદર [ प्रवर्तते ] રહે છે [ तस्य ] તે પુરુષને [ ततः ] તે ક્ષેત્રની [ बहिः ] બહારના [ सकलासंयमविरहात् ] સમસ્ત અસંયમના ત્યાગના કારણે [ पूर्णं ] પરિપૂર્ણ [ अहिंसाव्रतं ] અહિંસાવ્રત [ भवति ] થાય છે.

**ટીકા :– 'यः (पुरुषः) इति नियमित दिग्भागे प्रवर्तते तस्य ततः बहिः सकलासंयमविरहात् पूर्णं अहिंसाव्रतं भवति।' - અર્થ :– જે મનુષ્ય આ રીતે મર્યાદા કરેલા દશે દિશાઓના ક્ષેત્રની અંદર જ પોતાનું બધું કામ કરે છે તેને તે દિશાઓની બહાર અહિંસા મહાવ્રત પળાય છે. માટે દિગ્વ્રત પાળવાથી અહિંસાવ્રત પુષ્ટ થાય છે. ૧૩૮.**

---

'દિગ્વ્રત પાળવાનું ફળ...'

**इति नियमितदिग्भागे प्रवर्तते यस्ततो बहिस्तस्य।**
**सकलासंयमविरहाद्भवत्यहिंसाव्रतं पूर्णम्।।१३८।।**

લ્યો! અહીં પૂર્ણ કીધું. ઠીક. મહાવ્રતે પૂર્ણ થયું ને એટલે પૂર્ણ નહોતું કહ્યું, પૂર્ણ કહો કે મહાવ્રત કહો. પૂર્ણ કીધું ને? અહિંસાવ્રત પૂર્ણ થાય છે એટલે એનો અર્થ કર્યો.

**'જે આ રીતે મર્યાદા કરેલી દિશાઓની અંદર રહે છે તે પુરુષને તે ક્ષેત્રની બહારના સમસ્ત અસંયમના ત્યાગના...'** રાગના, મમત્વના ત્યાગના **'કારણે પરિપૂર્ણ અહિંસાવ્રત થાય છે.'** એટલું અહિંસાવ્રત પૂર્ણ થાય છે. એટલો રાગ ઘટે છે ને? કહો, સમજાણું? જેટલો બહાર જવાનો ઘણો ભાવ, રાગ એ હિંસા છે. અને અમુક દેશ બહાર ન જવું એટલો રાગ ઘટે એટલી અહિંસા છે. એ દૃષ્ટિના લક્ષ ને આશ્રય સહિતમાં સ્થિરતાના ભાવને પ્રગટ કરીને આ જાતનો વિકલ્પ હોય, એને અહીંયા દિગ્વ્રત કહેવામાં આવે છે. અહીં તો દિગ્વ્રતને ચારિત્ર કીધું. એટલે શું કરવા દિગ્વ્રતને વિકલ્પ કહે એ બધા? મૂળ તો એમાં આવો વ્યવહારથી વિકલ્પ હોય છે. એમાં સ્થિરતા હોય છે, ખરું ચારિત્ર તો એ છે. ચરણાનુયોગમાં લખાણ જ એવી શૈલીનું આવે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– છે ને **''सकलासंयमविरहात्' સમસ્ત અસંયમના ત્યાગના કારણે...'** બધો જે અસંયમ તેમાંથી થોડો ઘટી ગયો છે. અસંયમ છે ને પાપ ભાવ, એનો ત્યાગ થાય છે એટલે એ પરિપૂર્ણ અહિંસાવ્રત થાય છે.

**ટીકા :–** અહીં પણ શબ્દમાં ફેર જોયું? **'यः'** આ રીતે **'यः (पुरुषः) इति नियमित'** ઇતિ એટલે એમ કહ્યું. એ તો બરાબર છે ને? એ તો બરાબર છે. **''दिग्भागे प्रवर्तते तस्य ततः बहिः सकलासंयमविरहात् पूर्णं अहिंसाव्रतं भवति।' - જે મનુષ્ય આ રીતે મર્યાદા**

www.vitragvani.com



**કરેલા દસે દિશાઓના ક્ષેત્રની અંદર જ પોતાનું બધું કામ કરે છે તેને તે દિશાઓની બહાર અહિંસા મહાવ્રત પળાય છે.**' એટલી હિંસા ઘટે છે. ઓહો..! જ્ઞાન કરવાનું છે લોકાલોકનું, પણ બહારમાં ફરવાની મમતા ઘટાડવાની છે એમ કહે છે. જ્ઞાન કરવું લોકાલોકનું, અને લોકાલોકમાં ફરવાનું, લોકમાં ફરવાનું જે આઘે એ મમતા એણે ઘટાડવી. ત્યારે પછી એને લોકાલોકનું જ્ઞાન થાય. સમજાણું કાંઈ? આ બધા છોકરાઓ રેલમાં દેશાટન નથી કરતા? પાંચસો-પાંચસો, હજાર-હજાર ખર્ચીને બહુ ફરે, બહુ ફરે, ભાઈ! કાંઈ મર્યાદા હોય તો અમુક બહાર જવાય નહિ એમ કહે છે અહીંયા.

મુમુક્ષુ :– બહાર જાય તો જ્ઞાન બહુ થાય.

ઉત્તર :– ધૂળ થાતું નથી બહાર જાતા, રખડાવ ભાવ થાય ન્યાં તો.

મુમુક્ષુ :– જુદા જુદા દેશો જોવાય, માણસો જોવાય.

ઉત્તર :– જ્ઞાન અહીં પડ્યું છે કે જ્ઞાન ન્યાંથી આવતું હશે? આનું જ્ઞાન થતાં એને બધાનું જ્ઞાન આખી દુનિયાની કળા આવી જાય. આત્મા કળાબાજ છે, જ્ઞાનનો એકલો પિંડ છે. એના જ્ઞાનનું જ્ઞાન થતાં, જગતની બધી કળાઓ કેવળજ્ઞાનમાં જણાય જશે. શું છે?

મુમુક્ષુ :– ...મૂળ વાત થઈ.

ઉત્તર :– મૂળ વાત હોય તો મૂળ વાત માટે આ વાત છે કે શું છે? આ મૂળ વાત માટે વાત છે. આમ રખડવાનો મમતાભાવ છે એને છોડ, અને સ્થિરતા કર તો તને સ્થિરતા દ્વારા કેવળજ્ઞાન થશે. એ આવી ગયું ને એ? પેલા ૧૩૫માં ન આવી ગયું? '**मुक्तिमचिरेण प्रयान्ति**' ૧૩૫માં આવી ગયું છે કાલે.

**इत्यत्र त्रितयात्मनि मार्गे मोक्षस्य ये स्वहितकामाः।**
**अनुपरतं प्रयतन्ते प्रयान्ति ते मुक्तिमचिरेण।।१३५।।**

એ શ્રાવકને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જશે. એને અંદર જ્ઞાનમાં બધું જોવાનું આવી જશે. કહો, સમજાણું? એક ફેરી 'લાલન' છે ને? 'લાલન' હતા ને 'લાલન'? ૯૫ વર્ષની ઉંમર. પછી કહે કે, મારે મુક્તિમાં જાવું પણ મારે ઓસામણ બહુ વહાલુ લાગે છે, આ ઓસામણ ન થાય? ઓસામણ. ઓસામણ શું છે? એય..! આ વઘારેલું પાણી તુરનું, દાળનું, મગની દાળનું. વઘારેલું પાણી હોય ને? ઓસામણ, ઓસામણ, ઓસામણ કહે છે મારવાડમાં? ઓસામણને શું કહે છે? પાણી ઉનું વઘારેલું દાળનું પાણી.

મુમુક્ષુ :– એ મારવાડીએ નહિ સાંભળ્યું હોય. એ જામનગર થાય.

ઉત્તર :– બહુ ઉનું. ... નીચે ભાઠો રાખીને ઉપર મુકી રાખે થોડું ઉનું. ઓસામણ થોડું પાતળું હોય. એને બહુ વહાલું હતું, એને 'લાલન'ને. ઓસામણ પણ મળે નહિ તો ત્યાં ન જવું. આપણે ઓસામણ મળે તો મોક્ષમાં જાવું. મશ્કરા હતા ને. પછી કરતાં કરતાં

www.vitragvani.com



કહે કે, કેવળજ્ઞાન થાય તો એમાં તો ઓસામણ જણાય. બરાબર જણાય કે, ઓસામણ છે ખરું ન્યાં. સમજ્યા? વૃદ્ધ હતા. ૯૫ વર્ષે (સંવત) ૨૦૦૯ની સાલમાં ગુજરી ગયા. ૧૬ વર્ષની ઉંમરથી ૯૫ વર્ષ સુધી એકલો શાસ્ત્રનો અભ્યાસ. વિપરીત અને એવું બધું. બધો ઉંધો અભ્યાસ. ૧૬ વર્ષથી ૯૫ વર્ષ સુધી, હોં! ૨૦૦૯ની સાલ, માગશર સુદ ૧.

અહીં કહે છે, ઓસામણ ત્યાં જોવે. પેલા કેટલાક કહે કે અમને અડદિયા બહુ વહાલા લાગે છે, એ અડદિયા મળે સિદ્ધમાં? અહીં પણ તને જોવાને મળે છે. બીજું શું છે? તું ખા છો કાંઈ? એ તો એનું કરીને રાગ કરે છો. બાકી જ્ઞાનમાં મળે છે કે, આ અડદિયો છે બસ! એટલું. એવો રાગ કરે છે. ત્યાં રાગ નથી ને જોવામાં મળે છે બધું, લ્યો! 'સેઠી'!

મુમુક્ષુ :– ત્યાં તો ચોવીસે કલાક મળે. અહીં તો કો'કવાર મળે.

ઉત્તર :– એ બધી વ્યવહારની વાતું. એનું ક્યાં જ્ઞાન છે? એ જ્ઞાન તો આત્માનું છે. ઓસામણનું જ્ઞાન છે? સામાસામી લડાવે. એ કહે, છે ખરું ત્યાં ઓસામણ. ત્યારે વાંધો નહિ હવે સિદ્ધ થવામાં. આહાહા! એ વાત ખોટી છે. આત્માં પોતાના જ્ઞાનની દશાની પરિપૂર્ણતા કરે તેમાં આખો આત્મા ત્રિકાળી જણાય જાય, એવું જે જ્ઞાન તે આનંદદાયક જ્ઞાન છે. પેલું જાણવાની વાત એ ક્યાં એને..? સમજાણું કાંઈ? આહાહા!

જેની એક સમયની પર્યાય, એને જ્યાં જાણે, ત્યાં ત્રણકાળ, ત્રણલોક ને દ્રવ્ય, ગુણ પોતાના બધું જણાય જાય છે. એવો એક સમયની પર્યાયનો એનો ધર્મ છે, સ્વભાવ છે. ભાઈ! એની મોટપની ખબર ન મળે. જ્ઞાન એક સમયનું.. ઓહો..હો..! ત્રણકાળ, ત્રણલોક, એના લક્ષ કર્યા વિના પોતાના આશ્રયે કેવળજ્ઞાન થાય. એવી જે દશા (થાય) એમાં બધું જણાય. એ જણાવાનો આનંદ નથી. એ પાછું 'ટોડરમલ્લજી'એ મુક્યું છે ને? કે સિદ્ધને એવા જાણે કે લોકાલોક જાણે. આમ જાય. માટે એ તો લોકાલોક જાણે માટે સિદ્ધની મહિમા છે? એમ જાણીને? આવે છે ને એમાં? આવે છે વાત સાચી છે. ભગવાન લોકાલોકને જાણે, ભગવાન આમ થાય, ફલાણું થાય, ઢીંકણું થાય. લોકાલોકની મહિમા જાણીને... એમાં એક જણો કહે કે, ભાઈ! આપણે આટલું એક નાટક દેખીએ તો આપણને આનંદ આવે. ભગવાન તો ત્રણકાળનું નાટક દેખે. તો કેટલો આનંદ હશે? એ નાટકનો આનંદ હશે એને? સમજાણું? દેવના સ્વરૂપની વાત આવે છે ને એ, એ આવે છે એમાં, હોં!

સાતમામાં આવે છે ને એ? બધું નાખ્યું છે. 'ટોડરમલ્લે' તો બહુ કર્યું. લોકોને એની કિંમત નથી આવતી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભૂલ. પરમદેવ કેવા છે? ઇન્દ્રાદિ દ્વારા પૂજ્ય, અનેક અતિશય સહિત, ક્ષુધાદિ રહિત, શરીર સંધાણમ, ... ગ્રહણ સહિત, દિવ્યધ્વનિ ઉપદેશ આપે, કેવળજ્ઞાન વડે લોકાલોકને જાણે છે. તથા જેણે કામ, ક્રોધાદિ નાશ કરી ઇત્યાદિ વિશેષણ કહે છે, એમાં કોઈ વિશેષણ તો પુદ્ગલઆશ્રિત અને કોઈ વિશેષણ જીવઆશ્રિત (છે). તેને ભિન્ન ભિન્ન ઓળખાતો નથી. બે જગ્યાએ છે. લોકાલોક જાણે એવી મહિમાથી કરે કહે

www.vitragvani.com



છે એમાં શું છે? જન્મ, જરા, મરણ... અનંત જ્ઞાન વડે લોકાલોકનું તેને જ્ઞાન થયું છે. જો એ, એ વાત છે સમજ્યા? ત્રિલોક પૂજ્યપણું છે ઇત્યાદિ મહિમા જાણે છે પણ એ પ્રમાણે દુ:ખને દૂર કરવાની, દેહને જાણવાની પૂજ્ય થવાની ઇચ્છા તો સર્વ જીવોને છે. ઓસામણ ન્યાં જાણવું છે એને હજી. ઓસામણ સમજો છો? 'તારાચંદજી'! ઓસામણ શું? કઢી નહિ પણ એવું પાતળુ, પાતળુ પાણી. તુવેરની દાળ હોય છે ને? એનું પાતળુ પાણી. આપણે આ કાઠિયાવાડી છોકરાઓ જાણે. ઓસામણ, ઓસામણ કહે. ચોખા અને મગની દાળ આપે લચકો એમાં ઓસામણ નાખે. એ ઓસામણ. કહે છે કે, એને ઓસામણ જાણવા માટે કેવળજ્ઞાન લેવું છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... બધે હોય. રાગી પ્રાણી છે તો બધે એમ જ હોય.

અહીં કહે છે અનંતજ્ઞાન વડે લોકાલોકનું તેને જ્ઞાન થયું છે. લ્યો! એ તો જ્ઞેય જાણવાની તો બધાને ઇચ્છા છે. એના જ અર્થે તેણે મોક્ષની ઇચ્છા કરી, તો તેને અન્ય જીવોના શ્રદ્ધાનથી વિશેષતા શી થઈ? 'ટોડરમલ્લજી'એ બહુ મૂક્યું છે. હવે તમે ત્યાં મકાન તો કરાવ્યું પણ હવે બધું પાછો એનો ઉપયોગ કરવો પડશે કે નહિ? એને કહ્યું હતું બધું હવે તમે શું પાંચ લાખ નાખીને બનાવ્યું છે તો હવે પ્રયોગ શું એનો? કોઈ શિક્ષા સમજાવનારા, સમજનારા એવા કોઈ... આ 'મોક્ષમાર્ગ પ્રકાશક'ની જ વાત બહુ ખાસ થવી જોઈએ. એનું સ્પષ્ટીકરણ જોઈએ, એની એક એક વાતની જુદી જુદી ચોપડીઓ નાની નાની મોટા અક્ષરથી સ્પષ્ટથી એ બધું હોવું જોઈએ. જાણનાર કોઈક હોય પણ ન્યાં છાપવાળો, પુણ્યવાળો કોઈક એવો રહેનારો હોય. 'બાબુભાઈ' જેવો રહે તો કાંઈક ચાલે. રહે છે ત્યાં. એવો કો'ક જાણનાર અથવા બહારમાં જરી પુણ્ય પ્રભાવ હોય, બોલી શકવાની રીત આવડતી હોય, સમજાવતા આવડતું હોય. કોઈક ગોતવો તો પડશે કે નહિ તમારે ન્યાં?

**'જે મનુષ્ય આ રીતે મર્યાદા કરેલા દસે દિશાઓના ક્ષેત્રની અંદર જ પોતાનું બધું કામ કરે છે તેને તે દિશાની બહાર અહિંસા મહાવ્રત પળાય છે.'** લ્યો! **'માટે દિગ્વ્રત પાળવાથી** સંસારનો પાર થાય છે.'

## ગાથા–૧૩૯

**દેશવ્રતનું સ્વરૂપ**

**तत्रापि च परिमाणं ग्रामापणभवनपाटकादीनाम्।**
**प्रविधाय नियतकालं करणीयं विरमणं देशात्।।१३९।।**

**અન્વયાર્થ :– [ च ] અને [ तत्र अपि ] તે દિગ્વ્રતમાં પણ [ ग्रामापणभवनपाटकादीनाम् ]**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ગામ, બજાર, મકાન, શેરી વગેરેનું [ परिमाणं ] પરિમાણ [ प्रविधाय ] કરીને [ देशात् ] મર્યાદા કરેલા ક્ષેત્રમાંથી બહાર [ नियतकालं ] જવાનો કોઈ નક્કી કરેલા સમય સુધી [ विरमणं ] ત્યાગ [ करणीयं ] કરવો જોઈએ.**

**ટીકા :– 'तत्रापि च दिग्व्रतोऽपि च ग्रामापणभवनपाटकादीनाम् नियतकालं परिमाणं प्रविधाय देशात् विरमणं करणीयम्।' - અર્થ :– જે દશે દિશાઓની મર્યાદા દિગ્વ્રતમાં કરી હતી તેમાં પણ ગામ, બજાર, ઘર, શેરી વગેરે સુધી એક દિવસ, એક અઠવાડિયું, પખવાડિયું, મહિનો, અયન, વર્ષ વગેરે નિશ્ચિત કાળ સુધી જવા–આવવાનું પરિમાણ કરીને બહારના ક્ષેત્રથી વિરક્ત થવું એને જ દેશવ્રત કહે છે. આ દેશવ્રતથી પણ અહિંસા પળાય છે. ૧૩૯.**

---

હવે, '**દેશવ્રતનું સ્વરૂપ...**' પેલું દિગ્વ્રતનું સ્વરૂપ (હતું). દિશામાં મર્યાદા. હવે દેશવ્રત એટલે દરરોજ કે એક દિ' કે બે દિ' આમાં ભાઈ! બધું આવે છે. પેલામાં એક દિ'નું આવે છે અને આમાં રોજ નથી આવતું, આમાં પંદર દિ', મહિનો એમ પણ કરે. પેલું જાવજીવ નહોતું, એમાંથી ઘટાડે કે, પંદર દિ' સુધી મારે બંધી હતી એમાંથી આટલું ઘટાડવું. એવું બધું આવે. ઠીક છે.

**तत्रापि च परिमाणं ग्रामापणभवनपाटकादीनाम्।**
**प्रविधाय नियतकालं करणीयं विरमणं देशात्।।१३९।।**

'**અને તે દિગ્વ્રતમાં...**' જાવજીવનો જે નિયમ લીધો હોય એમાં '**પણ ગામ, બજાર, મકાન, શેરી વગેરેનું પરિમાણ કરીને...**' કે, આ શેરીમાં મારે જાવું નહિ આઠ દિ' સુધી, ફલાણા ગામમાં જાવું નહિ. ઉંચે જહાજમાં મારે આઠ દિ' સુધી બેસવું નહિ. એમ મર્યાદા જાવજીવની કરી હોય છૂટી એમાં થોડી ઘટાડી. '**મર્યાદા કરેલા ક્ષેત્રમાંથી બહાર જવાનો કોઈ નક્કી કરેલા સમય સુધી ત્યાગ કરવો જોઈએ.**' કહો, સમજાણું કાંઈ?

ચરણાનુયોગમાં ભાઈ! આચરણની વ્યાખ્યા તો આવે ને? અનંતા શ્રાવકોએ એવું પાળ્યું છે. અત્યારે અસંખ્ય શ્રાવકો છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય શ્રાવક છે અઢી દ્વીપ બહાર. પશુ પશુ. પશુ તિર્યંચ શ્રાવક છે અત્યારે. કહો, હજાર, હજાર જોજનના મચ્છ, મોટા વાઘ, સિંહ, હરણ, દેડકા શ્રાવક છે, અઢી દ્વીપ બહાર. અઢી દ્વીપમાં તો થોડા છે. બાર વ્રતધારી હોં! શ્રાવક. તિર્યંચના અવતાર મળ્યા છતાં, અરે..! અમે ભૂલ્યા, અમે ભૂલ્યા. માયા, કપટું થઈ ગઈ ને આ અવતાર મળ્યા, પશુના અવતાર મળ્યા. પશુ.

હજાર હજાર જોજનના મોટા માછલા હોય, ચાર હજાર ગાવના લાંબા. એના પ્રમાણમાં જાડા કેવડા હશે? એ પણ આત્મા છે. પૂર્વે કોઈ ભૂલ થઈ ગઈ અને તિર્યંચપણામાં અવતરી

www.vitragvani.com



ગયા. એમાંથી અંદર થયા. આહાહા! આ શું? જ્યોતિષમાંથી આવ્યા તો એમાંથી જાતિસ્મરણ થઈ જાય, પૂર્વના ભવનું જ્ઞાન થઈ જાય કોઈને. એ દ્વારા અંતરમાં ઉતરી સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રાપ્ત કરી, બાર વ્રતને એ પણ અંગીકાર કરે છે. સમજાણું કાંઈ? એ આ બધું છે, છે, હોં! એમ નથી કે આ બધું (નથી). આહાહા! એ બધી વસ્તુ આ પ્રમાણે છે એટલો જે વિશ્વાસ અને વિશાળ વિસ્તાર...

મુમુક્ષુ :- મનુષ્ય પર્યાય .. વિચાર કરતો જ હશે ને?

ઉત્તર :- હા. ઘણાને તો ત્રણ જ્ઞાન છે. ત્રણ જ્ઞાન. મતિ, શ્રુત અવધિ, તિર્યંચને. લ્યો! એમાં શું છે? આત્મા છે કે નહિ? પશુને સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત મતિ, શ્રુત, અવધિજ્ઞાન થાય છે. આવે છે ને? એ ખામણામાં આવે છે. આ લોકોને સ્થાનકવાસીમાં. છઠ્ઠા ખામણામાં. છઠ્ઠા ખામણામાં આમાં આવે છે. અઢી દ્વીપ બહાર અસંખ્યાત શ્રાવક, શ્રાવિકા આમ હોય, આમ હોય એને અમારા નમસ્કાર. એવું કાંઈક હશે. ખમાવું છું.

મુમુક્ષુ :- મનુષ્ય પર્યાય

ઉત્તર :- એ વાત જ જુદી. અહીં મનુષ્ય સારા હોય ત્યારે અવધિજ્ઞાન ઘણું થાય છે. શ્રાવકને પણ અવધિજ્ઞાન થાય છે. અત્યારે તો હવે ઠેકાણા ન મળે ને શું છે? આ તો ત્રણેકાળની વાત ચાલે છે ને? એકકાળની ક્યાં વાત છે?

મુમુક્ષુ :- શ્રાવકો..

ઉત્તર :- શ્રાવક પણ અવધિજ્ઞાની હોય. મનુષ્ય પંચમગુણસ્થાનમાં ત્રણ જ્ઞાન. જાતિસ્મરણ હોય, અવધિજ્ઞાન હોય. અત્યારે તો એ બધું ઓછુ થઈ ગયું છે. શ્રાવક હોય પાંચમામાં. સમજાણું? શાસ્ત્રમાં નિયમ છે ને? આ લોકો શ્વેતાંબરમાં તો લખે છે કે, આનંદને સંથારા વખતે અવધિજ્ઞાન થયું હતું. વળી નાનું, મોટું આવડુ ન હોય. એ બધી વાતો છે. અવધિજ્ઞાન હોય છે.

કહો, પંચમગુણસ્થાનમાં શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં. 'ભરત ચક્રવર્તી'ને હતું. 'ભરત ચક્રવર્તી'ને અવધિજ્ઞાન (હતું). મતિ, શ્રુત અને અવધિજ્ઞાન. રાગ હો ગુણસ્થાન પ્રમાણે નિર્મળતા હોય છે ને? ત્રણ જ્ઞાન. પુરુષાર્થની કમીને લઈને ચારિત્ર વિશેષ નથી, જ્ઞાનનો વિકાસ ત્રણ જ્ઞાનનો થઈ જાય. ચોથે ત્રણ જ્ઞાનનો, પાંચમે ત્રણ જ્ઞાનનો. કોઈને બારમા ગુણસ્થાને બેનો (વિકાસ હોય). બારમા ગુણસ્થાને મતિ, શ્રુત બેનો જ હોય. એથી કાંઈ વસ્તુ .. નથી. એ તો ઉઘાડ એટલો નથી. સ્થિરતાની અંદર વિશે ગુણસ્થાન દશા છે. વિશેષ અવધિજ્ઞાન થઈ ગયું, માટે આમ રહે એવું કાંઈ નથી. બારમું ગુણસ્થાન હોય અને મતિ, શ્રુત બે જ જ્ઞાન હોય અને ચોથે ગુણસ્થાન મતિ, શ્રુત અવધિ હોય. છઠ્ઠે મતિ, શ્રુત અવધિ ને મનઃપર્યય હોય. પાંચમે મતિ, શ્રુત અને અવધિ હોય. સ્થિરતા, શ્રદ્ધા ને સ્થિરતાની અપેક્ષાએ ગુણસ્થાન છે. સમજાણું કાંઈ?

www.vitragvani.com



મુમુક્ષુ :– જાતિસ્મરણ અવધિજ્ઞાનનો ભાગ છે?

ઉત્તર :– ના. મતિજ્ઞાનનો ભાગ છે. એ તો મતિજ્ઞાનની ધારણાનો ભાગ છે. અવધિજ્ઞાન બીજું. અવધિજ્ઞાનમાં તો પ્રત્યક્ષ જોવામાં આવે, જાતિસ્મરણમાં પ્રત્યક્ષ જોવામાં ન આવે. પૂર્વે જેટલી ધારણા થઈ હોય, એમાંથી કેટલીક સ્મૃતિ આવે. કેટલીક. બધી કાંઈ આવે છે? સમજાણું કાંઈ? શક્તિ એટલી છે. કહો, પેલો 'ભરત ચક્રવર્તી' છન્નું હજાર સ્ત્રીમાં પડ્યો, ત્રણ જ્ઞાન પાછળથી થયા છે. મતિ, શ્રુત અને અવધિ. શું છે? આત્માની તાકાત છે. ઉદાસ ઉદાસ ઉદાસ... દુનિયામાં એમ જાણે કે, આહાહા! કેટલું આને માન છે! સમજાણું?

દાખલો નથી આપ્યો? આપણા નાટકમાં દાખલો આવ્યો હતો. નથી? નાટક અહીં પાડ્યું હતું કે નહિ? છોકરાઓએ પાડ્યું હતું. 'ભરત ચક્રવર્તી' રાત્રે અંધારામાં કાળો પીછડો ઓઢીને રૈયતને જોવા બહાર નીકળ્યા. એક સોની બોલતો હશે કે, આ 'ભરત ચક્રવર્તી' આવા બહુ વૈરાગી ને હવે એ કાંઈ (નથી). એ બધી વાતું લાગે છે. કાંઈક વૈરાગ્યની આ શું કહે છે? સમજ્યા ને? લ્યો! છ ખંડમાં રહેવા અને આ બધા આવા અને એને વૈરાગ્ય આવા. સોની વાત કરતો હશે તો 'ભરત ચક્રવર્તી'એ સાંભળી. પહેલાના રાજા કાળુ લુગડુ પહેરી, આમ આડું રાખે એટલે શું કે કોઈ દેખાય નહિ. જોવા નીકળે રૈયતને. કેમ, કોણ બોલે છે. બીજે દિવસે સોનીને બોલાવ્યો. મહાજન! પધારો. લ્યો, એક તેલનો કટોરો આપું છું તમને. તેલનો આવો. છાલીયું છાલીયું. ઢોળશો નહિ. તેલ ભરી ગામમાં અયોધ્યા શણગારી છે. નજર કરજો કેવું છે? પણ આ તેલનું ટીપું જો પડશે તો પાછળ સિપાઈ છે તલવાર લઈને ઉભેલો, માથુ કાપી નાખશે.

આખા ગામમાં ફરી આવ્યા. એક પણ બિંદુ પડી ન જાય એમાંથી એના લક્ષમાં કહે અયોધ્યા શણગારી. આવ્યા પછી પૂછ્યું, કેમ સ્વામીજી? કેવી અયોધ્યા? ભાઈ સાહેબ! ક્યાંય મારી નજર નહોતી, આમાં મારી નજર હતી. કારણ કે, આમાં નજર ન રાખું તો મારી નાખે. ભાઈ! અમારી નજરું આત્મામાં છે, ભાઈ! એ બધે ઠેકાણે અમને ક્યાંય રસ છે નહિ. આહા..! અમને સંસારનો ભય વર્તે છે, ભાઈ! આહાહા! અમને આમાં દીઠા. છન્નું હજાર સ્ત્રીના રાગ ને મોટા બંગલો કરોડો અબજો અબજોના મોટા દેવતાઈ પાંચ બંગલા હોય. પાંચ દેવતાઈ, હોં! અમને એમાં બેઠા રસ છે એમ ન માન, એમ ન જાણ, ભાઈ! તને જોવાનો કેવો રસ હતો? ભાઈસાહેબ! મેં કાંઈ જોયું નથી. તમે .. શણગાર્યું હતું એ મને કાંઈ ખબર નથી. હું તો તેલ સામું જોતો, આમ જોતો'તો પડી ન જાય. પડે તો પાછળ છે તલવાર. એમ અમારા સ્વભાવમાંથી ખસીએ તો ભવ ભ્રમણ છે એવું અમને ... ભાઈ! અમે અમારા જ્ઞાનસ્વરૂપમાં, દૃષ્ટિમાં રહ્યા છીએ. મહાજન કહે, માફ કરજો, મારી ભૂલ થઈ ગઈ. એ નાટક પાડ્યું હતું આપણે, હોં! આ છોકરાઓ તો નાના આવ્યા છે. બોર્ડિંગવાળાએ પહેલા પાડ્યું હતું, નહિ?

www.vitragvani.com



મુમુક્ષુ :– મહાસુખ હતો ને.

ઉત્તર :– મહાસુખ. કોનો મહાસુખ? તમારો? પાળિયાદવાળો. એ બોર્ડિંગવાળાએ નાટક પાડ્યું હતું. સમજાણું?

શ્રાવકને આવા અમુક કાળ સુધી ગામ બહાર ન જાવું એમાં મર્યાદા કરે. સમજાણું? **'જે દસે દિશાઓની મર્યાદા દિગ્વ્રતમાં કરી હતી તેમાં પણ ગામ, બજાર, ઘર, શેરી વગેરે સુધી એક દિવસ, એક અઠવાડિયું,...'** ભાઈ! એમ લખ્યું છે, જુઓ! પેલામાં એક દિવસ જ આવે છે. **'પખવાડિયું, મહિનો, અયન, વર્ષ વગેરે...'** પેલું જાવજીવનું છે ને? **'નિશ્ચિત કાળ સુધી જવાઆવવાનું પરિમાણ કરીને બહારના ક્ષેત્રથી વિરક્ત થવું એને જ દેશવ્રત કહે છે. આ દેશવ્રતથી પણ અહિંસા પળાય છે.'** લ્યો!

## ગાથા–૧૪૦

इति विरतो बहुदेशात् तदुत्थहिंसाविशेषपरिहारात्।
तत्कालं विमलमतिः श्रयत्यहिंसां विशेषेण।।१४०।।

અન્વયાર્થ :– [ इति ] આ રીતે [ बहुदेशात् विरतः ] ઘણા ક્ષેત્રનો ત્યાગ કરનાર [ विमलमतिः ] નિર્મળ બુદ્ધિવાળો શ્રાવક [ तत्कालं ] તે નિયમિત કાળે [ तदुत्थहिंसाविशेषपरिहारात् ] મર્યાદાકૃત ક્ષેત્રથી ઉત્પન્ન થયેલી હિંસા વિશેષના ત્યાગથી [ विशेषेण ] વિશેષપણે [ अहिंसां ] અહિંસાવ્રતનો [ श्रयति ] આશ્રય કરે છે.

ટીકા :– 'इति बहुदेशात् विरतो विमलमतिः तत्कालं तदुत्थहिंसाविशेषपरिहारात् विशेषेण अहिसां श्रयति' - અર્થ :– આ રીતે દિગ્વ્રતમાં કરેલા ક્ષેત્રનું પરિમાણ કરીને તે ક્ષેત્ર બહાર હિંસાનો ત્યાગ થવા છતાં પણ ઉત્તમ બુદ્ધિવાળો શ્રાવક જો તે વખતે બીજા પણ થોડા ક્ષેત્રની મર્યાદા કરે છે તો તે વિશેષપણે અહિંસાનું આશ્રય કરે છે. જે મનુષ્યે જીવનપર્યંત દક્ષિણમાં કન્યાકુમારી અને ઉત્તરમાં હિમાલય સુધીનું દિગ્વ્રત કર્યું છે તે કાયમ તો હિમાલય જતો નથી તેથી તે દરરોજ એવી પ્રતિજ્ઞા કરે છે કે આજ હું 'છપારા' ગામમાં જ રહીશ, બહાર નહીં જાઉં. તો જે દિવસે તે 'છપારા' સુધીનો જ નિયમ કરે છે તેને તે દિવસે 'છપારા'ની બહારના પ્રદેશમાં અહિંસા મહાવ્રતનું પાલન થાય છે. ૧૪૦.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**इति विरतो बहुदेशात् तदुत्थहिंसाविशेषपरिहारात्।**
**तत्कालं विमलमतिः श्रयत्यहिंसां विशेषेण।।१४०।।**

જુઓ! ભાષા જોઈ? **'श्रयत्यहिंसां विशेषेण' 'આ રીતે ઘણા ક્ષેત્રનો ત્યાગ કરનાર નિર્મળ બુદ્ધિવાળો શ્રાવક...'** સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત છે. અહો..! મારે તો અંદર ઠરવું જોઈએ. એક વિકલ્પ પણ આવવો ન જોઈએ. એવી તો શ્રદ્ધામાં ભાવના છે. છતાં ઠરી શકતો નથી, એવો નિર્મળ બુદ્ધિવાળો શ્રાવક. **'તે નિયમિત કાળે મર્યાદાકૃત ક્ષેત્રથી ઉત્પન્ન થયેલી હિંસા...'** જુઓ! પંદર દિ' અમુક બહાર જાવું નહિ. આખી જિંદગીમાં જે બાધા લીધી હોય એનાથી ઘટાડી નાખે. પંદર દિ' સુધી 'ભરુચ'ની પેલી કોર કે આની કોર 'અમદાવાદ'ની પેલી કોર ન જાવું. એવી બાધા લીધી હોય તો એટલી મમતા એને નથી. મમતાની વાત છે ને અહીંયા? તેનાથી **'મર્યાદાકૃત ક્ષેત્રથી ઉત્પન્ન થયેલી હિંસા વિશેષના ત્યાગથી વિશેષપણે અહિંસાવ્રતનો આશ્રય કરે છે.'** એટલે અહિંસા... અહીં તો હિંસા અને અહિંસાની જ વ્યાખ્યા છે. આહાહા! જેટલા વ્રતમાં અહિંસાપણું પ્રગટ્યું એટલું સાચું. બાકી જેટલું બાકી રહ્યું હિંસા એટલો રાગ છોડવા જેવો છે.

**''इति बहुदेशात् विरतो विमलमतिः तत्कालं तदुत्थहिंसाविशेषपरिहारात् विशेषेण अहिसां श्रयति' - આ રીતે દિગ્વ્રતમાં કરેલા...'** જાવજીવમાં ક્ષેત્રની મર્યાદા કરી, **'તે ક્ષેત્ર બહાર હિંસાનો ત્યાગ થવા છતાં પણ ઉત્તમ બુદ્ધિવાળો શ્રાવક જો તે વખતે બીજા પણ થોડા ક્ષેત્રની મર્યાદા કરે છે તો તે વિશેષપણે અહિંસાનો આશ્રય કરે છે.'** આ લખાણ બહુ આવે એટલે આ વાતમાં ચોંટી જાય પછી, મૂળ વાત રહી જાય. દર્શનની, જ્ઞાનની ગાથામાં બહુ થોડું લખાણ હોય. પણ એ મૂળ ભૂમિકા ઉપડ્યા પછીની વાત છે. સમજાણું કાંઈ?

**'જે મનુષ્યે જીવનપર્યંત દક્ષિણમાં કન્યાકુમારી...'** લ્યો! ઠીક! **'ઉત્તરમાં હિમાલય સુધીનું દિગ્વ્રત કર્યું છે તે કાયમ તો હિમાલય જતો નથી તેથી તે દરરોજ એવી પ્રતિજ્ઞા કરે છે કે આજ હું 'છપારા' ગામમાં જ રહીશ,...'** લ્યો! એ પેલા સ્વામિનારાયણનું. એ ને? સ્વામિનારાયણનું 'છપારા' ગામ છે, 'છપારા' નહિ? મેં કીધું નાખ્યું આમાં ક્યાં? સ્વામિનારાયણ એ 'છપારા'ના હતા. સહજાનંદ. **'બહાર નહીં જાઉં. તો જે દિવસે તે 'છપારા' સુધીનો જ નિયમ કરે છે તેને તે દિવસે 'છપારા'ની બહારના પ્રદેશમાં અહિંસા મહાવ્રતનું પાલન થાય છે.'** એટલી હિંસા ઘટી. બહાર આઘે નહિ, આટલાથી બહાર ન જવું. 'છપારા', આ 'છપારા' છે?

એ તો આ એક હતો. એ ગયા હતા આપણે ગામમાં એ? એ તો બહુ નાનું ગામ હતું. ત્યાંના સ્વામિનારાયણ હશે? ક્યાંકના હશે. એને એટલી અહિંસા જેટલી. ગમે તે ગામ હોય. આપણે લાંબા ગામથી ઘટેલું છે એટલી હિંસા ઘટીને અહિંસા થાય છે, એટલું પ્રયોજન છે, લ્યો! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



**પ્રવચન નં. ૫૯ ગાથા–૧૪૧ થી ૧૪૭ મંગળવાર, અષાઢ સુદ ૪, તા.૧૧-૦૭-૧૯૬૭**

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. પુરુષ એટલે આત્મા ચૈતન્ય સ્વરૂપ, એની સિદ્ધિ, મુક્તિ અથવા સુખની પ્રાપ્તિનો ઉપાય. આત્મા ચૈતન્ય શુદ્ધસ્વરૂપ આત્મા છે, આત્મા તો ચૈતન્ય સ્વભાવ જ છે. એવા ચૈતન્ય સ્વભાવની સિદ્ધિ, મુક્તિ અથવા સુખની પૂર્ણ પ્રાપ્તિ, એનું નામ મુક્તિ, એનો ઉપાય એ મોક્ષનો માર્ગ, એનું કથન છે. મોક્ષમાર્ગમાં પહેલો મિથ્યાત્વનો ત્યાગ જોઈએ. બંધનથી છૂટવામાં પહેલા મિથ્યાત્વથી છૂટવું, એ પહેલો મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતનું ગ્રહણ. સ્વભાવ ચૈતન્ય શુદ્ધ એના સ્વભાવનું અંતર ગ્રહણ કરીને પ્રતીત અનુભવ કરવો. મિથ્યાત્વનો ત્યાગ એ પહેલો ત્યાગ, પછી રાગાદિના, આસક્તિના પરિણામ જે છે, એમાં રાગનો ત્યાગ (થવો), એને આ વ્રતાદિ કહે છે. એ વ્રતના આચરણની વાત છે. આ પાંચ અણુવ્રતની વાત આવી ગઈ, છઠ્ઠા દિગ્વ્રતની પણ આવી. સાતમા દેશવ્રતની પણ આવી.

હવે આઠમા ત્રીજો ગુણવ્રત. આત્માના સમ્યક્ ચૈતન્યના ભાન અને પ્રતીતની ભૂમિકા ઉપરાંત, સ્વરૂપમાં દેશવ્રતના પાંચ અણુવ્રતો અને દિગ્વ્રત ને દેશવ્રત. આ એમાં પહેલું દિગ્વ્રત અને દેશવ્રત. એમાં અનર્થદંડ એ ત્રીજો ગુણવ્રત છે. પાંચ અણુવ્રતના રક્ષામાં કારણ આ ત્રણ ગુણવ્રત છે અને ચાર શિક્ષા (વ્રત છે). આ ગુણવ્રત છે.

**'પ્રયોજન વિનાના પાપનો ત્યાગ કરવો...'** જેમાં કાંઈ પ્રયોજન નથી, પોતાના કુટુંબનું, રળવાનું કે એવું કાંઈપણ પ્રયોજન નથી. એવા **'પ્રયોજન વિનાના પાપનો ત્યાગ કરવો...'** એનું નામ અનર્થદંડનો ત્યાગ છે. ખરો અનર્થ તો અર્થને અનર્થ માનવો (એ છે). આત્મા અખંડાનંદ પ્રભુ! એને રાગવાળો આદિ માનવો એ ખરો અનર્થ છે.

મુમુક્ષુ :– આ ખોટો અનર્થ છે.

ઉત્તર :– આ બીજી જાતનો અનર્થ છે. આ તો આત્માને જરૂર પડે એવા સ્ત્રી, કુટુંબ ને વેપાર આદિના રાગાદિ ભાવ હોય, પણ વગર પ્રયોજને અનર્થ કરવું, એની આ બધી વ્યાખ્યા લેશે. કુટુંબની જરૂર નથી, કાંઈ પોતાના શરીરની જરૂર નથી. વગર (કારણે) કુથલી એવા પાપની કરે અને વનસ્પતિ આદિ જીવોને વગર પ્રયોજને હણે. એવા અનર્થદંડત્યાગની વ્યાખ્યા છે.

**'તેના પાંચ ભેદ છે :– ૧. અપધ્યાનત્યાગવ્રત,...'** આ આઠમાના પાંચ ભેદ છે. **'૨. પાપોપદેશત્યાગવ્રત, ૩. પ્રમાદચર્યાત્યાગવ્રત, ૪. હિંસાદાનત્યાગવ્રત, અને ૫. દુઃશ્રુતિત્યાગવ્રત.'** પાંચ છે પાંચ. એનો પહેલો બોલ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૪૧

ત્રીજા અનર્થદંડત્યાગ નામના ગુણવ્રતનું સ્વરૂપ :–

પ્રયોજન વિનાના પાપનો ત્યાગ કરવો તેને અનર્થદંડત્યાગવ્રત કહે છે. તેના પાંચ ભેદ છે :– ૧. અપધ્યાનત્યાગવ્રત, ૨. પાપોપદેશત્યાગવ્રત, ૩. પ્રમાદચર્યાત્યાગવ્રત, ૪. હિંસાદાનત્યાગવ્રત, અને ૫. દુઃશ્રુતિત્યાગવ્રત.

અપધ્યાનઅનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–

पापर्द्धिजयपराजयसङ्गरपरदारगमनचौर्याद्याः।
न कदाचनापि चिन्त्याः पापफलं केवलं यस्मात्।।१४१।।

અન્વયાર્થ :– [ पापर्द्धि-जय-पराजयं-सङ्गरपरदारगमन-चौर्याद्याः ] શિકાર, જય, પરાજય, યુદ્ધ, પરસ્ત્રીગમન, ચોરી, આદિનું [ कदाचनापि ] કોઈ પણ સમયે [ न चिन्त्याः ] ચિંતવન ન કરવું જોઈએ [ यस्मात् ] કારણ કે આ અપધ્યાનોનું [ केवलं ] માત્ર [ पापफलं ] પાપ જ ફળ છે.

ટીકા :– 'पापर्द्धि जय पराजय संगरपरदारगमन चौर्याद्याः कदाचन अपि न चिन्त्याः यस्मात् केवलं पापफलं भवति' - અર્થ :– શિકાર કરવાનું, સંગ્રામમાં કોઈની જીત અને હારનું, પરસ્ત્રીગમનનું, ચોરી કરવાનું ઇત્યાદિ ખરાબ કાર્યો કે જે કરવાથી કેવળ પાપ જ થાય છે, તેનું કદી પણ ચિંતવન ન કરવું જોઈએ. એને જ અપધ્યાન–અનર્થદંડત્યાગવ્રત કહે છે. ખોટા (ખરાબ) ધ્યાનનું નામ અપધ્યાન છે, તેથી જે વાતનો વિચાર કરવાથી કેવળ પાપનો જ બંધ થાય તેને જ અપધ્યાન કહે છે. તેનો ત્યાગ કરવો તે અપધ્યાનઅનર્થદંડત્યાગવ્રત કહે છે. ૧૪૧.

---

'અપધ્યાનઅનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–'

पापर्द्धिजयपराजयसङ्गरपरदारगमनचौर्याद्याः।
न कदाचनापि चिन्त्याः पापफलं केवलं यस्मात्।।१४१।।

શિકાર. વગર પ્રયોજનનો શિકારનો ત્યાગ કરવો. કોઈપણ પ્રાણીને મારવા, શિકાર કરવો એ અનર્થદંડ છે નકામું. 'જય,...' કોઈનો જય ઇચ્છવો. કહો, સમજાણું? બે પાડા લડતા હોય ને, તો એમાં બેઠા બેઠા જુએ કે આમાં આ જીતે તો ઠીક. બે રાજા લડતા હોય

www.vitragvani.com



તો એમાં કહે આ જીતે તો ઠીક અને આ પરાજય થાય તો ઠીક. પેલા બહુ ચાલતું હતું. જ્યારે જર્મન ને અંગ્રેજની વચ્ચે તકરાર થાતીને? બે પક્ષ પડી જાતા. પેલો કહે, જર્મન જીતશે, પેલો કહે ના બ્રિટિશ જીતશે, એના પક્ષ બંધાતા મફતના. કાંઈ હેતુ હવે?

મુમુક્ષુ :– એમાં તો શરતો ચાલતી.

ઉત્તર :– હા, શરતો ચાલતી. 'બોટાદ'માં બહુ. તોફાન.. તોફાન. પેલો કહે, નહિ, નહિ બ્રિટિશ પાસે સાધન મહા વિચિક્ષણ છે. પેલો કહે જર્મની પાસે સાધન અને બહુબુદ્ધિવાળા છે. એ ચાલે. પણ કાંઈ કામ? જય આનો જય થાવ અને આનો પરાજય. અમસ્તા પણ બે માણસ લડતા હોય ને. બે છોકરા બે લડતા હોય તો જોતો જોતો..

મુમુક્ષુ :– અરે.. એક જગ્યાના બે ઉમેદવાર છે. પેલો કહે આ જીતશે, પેલો કહે આ જીતશે.

ઉત્તર :– આ ઉમેદવાર નથી થતા અત્યારે? આ કોંગ્રેસ આમ લાખો રૂપિયા ભરશે તો આ જ જીતશે. રાજકુમાર જ જીતશે. એની સામે ગમે એટલા પડ્યા હોય, નહિ ચાલે એનું. મફતના પણ જય, પરાજય ઇચ્છે. એને કાંઈ આત્માને પ્રયોજન છે એમાં જરૂરનું? એવા અનર્થદંડનું પાપ ધર્મી અને વ્રતધારીને આવા ભાવ હોય નહિ. સમજાણું કાંઈ?

**'જય, પરાજય, યુદ્ધ,...'** યુદ્ધમાં આ બે લડે તો ઠીક, હોં! એ યુદ્ધનો વિચાર કરવો. ઘણા પ્રકાર થાય. યુદ્ધ હોય તો બે વાણિયા કહે આમ આપણે મોંઘો ભાવ થાય તો આપણે પૈસા વધારે મળે. વગર પ્રયોજને. મળવું તો પુણ્ય આધિન છે. પણ એના યુદ્ધના (ભાવ કરે). મહાયુદ્ધ શરૂ થવાનું, મહાયુદ્ધ શરૂ થવાનું, ફલાણું. એમ કરીને ખુશી થાય. એવા પાપના ભાવ ધર્મી જીવને, જેને મોક્ષમાર્ગે જાવું છે, એને આવા ભાવનો ત્યાગ હોય છે.

**'પરસ્ત્રીગમન,...'** એને હોય જ નહિ. પણ પરસ્ત્રીના વિચાર કે આની પાસે આમ જાવ અને આમ એને રાજી કરું અને ફલાણુ કરું, એવા અનર્થદંડ પાપની ચિંતા, એમ વાત છે ને મૂળ તો અહીં? અપધ્યાનની વાત છે ને અહીં તો? એવું ધ્યાન, માઠું ધ્યાન કરે નહિ. એને આત્માના માર્ગે, મોક્ષના માર્ગે અંદર જાવું છે, શાંતિના રાહે જાવું એને આવા અપધ્યાનના પરિણામ હોય શકે નહિ.

**'ચોરી...'** આમ ચોરાય જાય તો ઠીક. હોય છે ને કેટલાક? એમ સાંભળે તો ડાકુ નીકળે એને વિચાર થાય કે, ડાકુ અહીં આવીને ચોરી જાયને (સારું). પણ તારે કાંઈ કામ? કહો, આ વેપારીને જો ડાકુ આવીને ચોરી જાય તો ઠીક છે. માળો ફાટ્યો છે. એવા અનર્થદંડના પાપ મફતના, હેતુ કાંઈ હોય નહિ. સમજાણું? એમ પોતે ચોરી તો કરે નહિ પણ ચોરી કરનારને આ રીતે અનુમોદન આપે. અહીં ચોરી કરે તો ઠીક, ફલાણે ઠેકાણે ચોરી કરે તો ઠીક. એવા મફતના પાપ પ્રયોજન વિના (કરે). આદિનું, આદિમાં વધ, બંધન. કોઈકને વધ કરતા હોય, બંધન કરતા હોય એમાં એને એમ થાય કે, ઠીક ઠીક આને બાંધે છે, ઠીક આને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મારે છે વગેરે '**કોઈપણ સમયે ચિંતવન ન કરવું જોઈએ...**' આત્માર્થીએ, ધર્માર્થીએ, મોક્ષાર્થીએ, જેને સંસારથી છૂટવું છે, એને આવા વગર પ્રયોજનના પાપ કરવા નહિ, છોડી દેવા જોઈએ.

'**કારણ કે આ અપધ્યાનોનું માત્ર પાપ જ ફળ છે.**' ફળમાં કાંઈ છે? એકલું પાપ બંધાય. પોતાને આવે નહિ, જાય નહિ કાંઈ. કો'કનો જય, પરાજય થાય એમાં શું? કોઈ યુદ્ધ કરે એમાં તારે શું? સમજ્યા ને? કુકડા બે લડતા હોય તો બેઠો બેઠો (એવા ભાવ કરે કે) પેલો કુકડો બહુ સારો છે, એનો જય થાશે. પણ તારે કાંઈ (છે)? છોકરા બેઠા નવરા નવરા એ જ કરે.

મુમુક્ષુ :- છાપુ વાંચીને ...

ઉત્તર :- છાપુ વાંચીએ તો એમાં અંદરથી કેટલા વિચારો વિચારો થઈ જાય કે, હા આનું આમ થાશે ને આનું આમ થાશે. માઠા ધ્યાન. સવારમાં પહેલો જ દાંતણનો ધોદો લઈને બેસે ત્યાં એક હાથમાં દાંતણ અને એક હાથમાં એ. એમાંથી આ આપે કે, પેલાની લડાઈ શરૂ થઈ. આરબને અને પેલાને શરૂ થઈ. એમાં નક્કી નાનો છે અને હારશે. નાનો-મોટો અમને તો ખબર નથી. કો'ક કહે નાનો આ કહેવાય અને ફલાણું કહે. રાજમાં શું હશે? છોકરાઓ વાતું કરે, લ્યો! ફલાણો દેશ નાનો, પણ .. વળી એના જોરમાં નાનો જીત્યો. એ તો જીતે જ ને. એમ જ હોય. પણ શું તારે કાંઈ લેવા-દેવા? તારે ઘરે કટકો આવે એવું છે કાંઈ? નિષપ્રયોજન એવી અનર્થદંડની વૃત્તિ છોડવી જોઈએ.

'**શિકાર કરવાનું, સંગ્રામમાં કોઈની જીત અને હારનું, પરસ્ત્રીગમનનું, ચોરી કરવાનું ઇત્યાદિ ખરાબ કાર્યો કે જે કરવાથી કેવળ પાપ જ થાય છે, તેનું કદી પણ ચિંતવન ન કરવું જોઈએ. એને જ અપધ્યાનઅનર્થદંડત્યાગવ્રત કહે છે. ખોટા (ખરાબ) ધ્યાનનું નામ અપધ્યાન છે,...**' અપધ્યાનની વ્યાખ્યા કરી. અપ એટલે ખરાબ. એમ. '**તેથી જે વાતનો વિચાર કરવાથી કેવળ પાપનો જ બંધ થાય તેને જ અપધ્યાન કહે છે. તેનો ત્યાગ કરવો તે અપધ્યાન અનર્થદંડત્યાગવ્રત કહે છે.**' પ્રયોજનની (વાત) હોય, પોતાના રળવા ને ખાવા-પીવાની હોય એ વાત જુદી. પણ કહે છે આવામાં મફતમાં કરે, એ મહાપાપ છે, એ પાપ છોડી દેવું. બીજો બોલ, અનર્થદંડત્યાગનો બીજો બોલ.

## ગાથા-૧૪૨

**પાપોપદેશ નામના અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :-**

**विद्यावाणिज्यमषीकृषिसेवाशिल्पजीविनां पुंसाम्।**
**पापोपदेशदानं कदाचिदपि नैव वक्तव्यम्।।१४२।।**

www.vitragvani.com



અન્વયાર્થ :– [ विद्या-वाणिज्य-मषी-कृषि-सेवा-शिल्पजीविनां ] વિદ્યા, વ્યાપાર, લેખનકળા, ખેતી, નોકરી અને કારીગરીથી નિર્વાહ ચલાવનાર [ पुंसाम् ] પુરુષોને [ पापोपदेशदानं ] પાપનો ઉપદેશ મળે એવું [ वचनं ] વચન [ कदाचित् अपि ] કોઈ પણ વખતે [ नैव ] ન [ वक्तव्यम् ] બોલવું જોઈએ.

ટીકા :– 'विद्या वाणिज्य मषी कृषि सेवा शिल्प जीविनां पुंसाम् पापोपदेशदानं वचनं कदाचित् अपि नैव वक्तव्यम्।' - અર્થ :– વિદ્યા અર્થાત્ વૈદક-જ્યોતિષ કરનાર, વ્યાપાર કરનાર, લેખનકાર્ય કરનાર, ખેતી કરનાર, નોકરી-ચાકરી કરનાર અને લુહાર, સોની, દરજી વગેરેનું કામ કરનારને આ જ કામ કરવાના અને બીજા જે કોઈ પાપબંધ કરનારા કાર્ય છે તેને કોઈને પણ ઉપદેશ આપવો ન જોઈએ. એને જ પાપોપદેશ અનર્થદંડત્યાગવ્રત કહે છે. શ્રાવક ગૃહસ્થ પોતાના કુટુંબીઓને, ભાઈબંધોને, પોતાના સગાંવહાલાંઓને-સંબંધીઓને કે જેમની સાથે પોતાને પ્રયોજન છે તેમને તથા પોતાના સાધર્મી ભાઈઓ છે તેમને તેમનો નિર્વાહ ચલાવવા માટે અવશ્ય વ્યાપાર વગેરેનો ઉપદેશ આપીને નિમિત્ત સંબંધી ચેષ્ટા કરે, પણ જેમની સાથે પોતાને કાંઈ પણ પ્રયોજન નથી તેમને ઉપદેશ ન દેવો જોઈએ. ૧૪૨.

---

'પાપોપદેશ નામના અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–'

विद्यावाणिज्यमषीकृषिसेवाशिल्पजीविनां पुंसाम्।
पापोपदेशदानं कदाचिदपि नैव वक्तव्यम्।।१४२।।

નીચે અર્થ લ્યોને! ટીકામાં. '**વિદ્યા અર્થાત્ વૈદક-જ્યોતિષ કરનાર,...**' ટીકા, ટીકા. નીચે ટીકા. કારણ કે, પેલામાં તો શબ્દાર્થ જ છે. '**વૈદક-જ્યોતિષ...**' આદિ વિદ્યા અથવા જે વિદ્યા વેચીને એકલું પાપ બંધાય, પૈસા માટે લે, સમજ્યા ને? એ બધી વિદ્યા બીજાને કહે શીખ આવી જ્યોતિષની વિદ્યા, ફલાણાની, વૈદકની. વૈદક એમાં અનેક પ્રકારના કંદમૂળ મરે, પેલા જીવ મરે, એવું શીખે નહિ, તેમ બીજાને શીખવાનું કહે નહિ. '**વ્યાપાર કરનાર,...**' પોતાનો વ્યાપાર એ કુટુંબ માટે, ધંધા માટે આદિ છે એ જુદી વાત છે. એ સિવાયનો મફતનો વેપાર (કરવાનું કહે કે), કર જા આ વેપાર. તને એમાં નફો મળશે. કાંઈ લેવા-દેવા (ન હોય), પેલો પૂછતો ન હોય અને એને જરૂર પણ ન હોય. જા જા ત્યાં ફલાણા ગામમાં સોંઘુ બહુ મળે છે. આહા..! એવું પાપ છોડી દેવું જોઈએ.

'**લેખનકાર્ય કરનાર,...**' આવા લેખ લખો મોટા. પ્રતિકૂળ રાજને માટે, ફલાણા માટે. સમજાય છે? એમાં તમને નુકસાન નહિ થાય, લાભ થશે તમને. કહે છે, એમ કરીને એવા વગર પ્રયોજને આવા લેખન કાર્ય બતાવવા મહાપાપનું કારણ છે. જુઓને! આ છાપા ને

www.vitragvani.com



બાપા ખોટે ખોટા લખે છે ને કેટલાક. બીજાને મહા નુકસાન કરનારા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નહિ, નહિ ...

મુમુક્ષુ :– ઔષધદાન...

ઉત્તર :– ઔષધદાન.. લે! એમાં વળી ક્યાં આવ્યું આ? ઔષધદાનમાં વૈદક ક્યાં શીખવું?

મુમુક્ષુ :– જાણકારી હોય તો દાન કરી શકે.

ઉત્તર :– દાન કોણ પણ કરે? દાન કરે છે કોણ? એ વૈદકમાં પાપ છે એવું શીખવું નહિ. સાધારણ ઔષડ આપે જુદી વાત છે. વિદ્યા શીખે તો પાપ છે. આવી વિદ્યા બીજાને આમ કહું અને એને આમ ખવડાવું, પછી શરીરબળ આમ થાશે. નિષ્કામ હોં! પ્રયોજનભૂતનું જરૂર છે એટલી વાત જુદી. પોતાના નિર્વાહ માટેનો વૈદક શીખ્યો હોય (એ જુદી વાત). આ તો મફતની વિદ્યા, એવા પાપ કરે એ અનર્થદંડ છે. જ્યોતિષ શીખે ને બધાને બતાવે, જુઓ! આનું આમ થાય. જ્યોતિષમાં આ પહેલા આ ફલાણું હોય એમાં માંસ ખાઈને નીકળશો, ફલાણા નક્ષત્રને એનો લાભ થાશે, એ જ્યોતિષ કહે છે. એમ કરીને માઠા પાપનો ઉપદેશ દેવો, એનો ત્યાગ કરવો જોઈએ.

**'ખેતી કરનાર,...'** આ ખેતી કરવી જમીન ખાલી ઘણી ખાલી પડી છે અહીં જુઓ! આસપાસમાં માણસ (કોઈ નથી), ન્યાં ખેતી કરો. પણ તારે કાંઈ લાભ? ઘણા ક્ષેત્ર પડ્યા છે જંગલમાં. જુઓ! એ મોટા ડુંગરા-બુંગરા ન્યાં.

મુમુક્ષુ :– અનાજ જાજું થાય તો સસ્તુ પડે.

ઉત્તર :– પણ કોને સસ્તુ પડે? એવા મફતના, પાપના કામ બતાવવા, કરવા મહા અનર્થદંડ છે. ધર્મીને એ હોય શકે નહિ. ઘણા કહે, જુઓ! આ ઘણા બધા ખાલી ખેતર પડ્યા છે. કરો, કરો ખેતર ખેડો. પણ તારે ઘરે છે કાંઈ? **'નોકરી-ચાકરી કરનાર...'** જુઓ! અહીં સોંઘા મળે છે માણસો. બીજા ગામમાં ન્યાં જાવ, એને વેચો. અહીં મળે છે પચ્ચીસ રૂપિયામાં, ન્યાં મળે પાંચસો પાંચસોમાં વેચાતો. એક મહિનાનો પાંચસોનો ભાવ. એવા અનર્થદંડના ભાવ ધર્મી, મોક્ષમાર્ગીને હોય નહિ. હોય છે ને આ નોકરોનું કાંઈ કરે છે, ક્યાંક નથી કરતા? નોકર સારો મળે ન્યાંથી લઈને પછી ત્યાં બહાર વેચે. ચા માં ને કાંઈક કહે છે ને. ગુલામ વેચી નાખે. એને કહે, કરને. પોતાને કાંઈ જરૂર ન હોય એમાં. ફક્ત આવા અનર્થદંડના પાપ ધર્મીને હોય શકે નહિ.

**'અને લુહાર, સોની,...'** ના ધંધા, વગર કારણે બીજાને બતાવે, જુઓ! આમ કરો આટલું લોઢામાં આમ (કરો), એમ ફલાણું કરો, ભઠ્ઠીઓ રાખો, શું કહેવાય? ધમણ રાખો. એવા વગર પ્રયોજનના પાપ (હોય નહિ). **'સોની, દરજી...'**ના વગર કારણના, હોં! **'કામ કરનારને આ જ કામ કરવાના અને બીજા જે કોઈ પાપબંધ કરનારા કાર્ય છે તેનો કોઈને પણ ઉપદેશ**

www.vitragvani.com



**આપવો ન જોઈએ.'** ઉપદેશ આપવો ન જોઈએ. દર્શનપૂર્વક અસ્થિરતા ટાળવાની વ્યાખ્યા છે આ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનના ભાનપૂર્વક અંતરનો આશ્રય વિશેષ લઈ અને અસ્થિરતા ટાળવામાં આ અનર્થદંડત્યાગની વ્યાખ્યા છે. ભારે, ભાઈ! વીતરાગ માર્ગને અંતરથી જાણવો એ માર્ગ અંતરમાં છે, માર્ગ બાહ્યમાં નથી. **'એને જ પાપોપદેશ અનર્થદંડત્યાગવ્રત કહે છે.'** લ્યો! હવે ખુલાસો કરે છે, જુઓ!

**'શ્રાવક ગૃહસ્થ પોતાના કુટુંબીઓને,...'** માટે એ વાત જુદી છે. પાપ તો છે, પણ એ અનર્થદંડત્યાગ નથી. કુટુંબીઓને માટે કરવું પડે આ માથે કીધું એવું, તો એ પાપ તો ખરું, પણ અનર્થદંડત્યાગનું પાપ નથી. **'ભાઈબંધોને,...'** પોતાના ભાઈબંધો હોય એની માટે કરવું પડે, કહેવું પડે, એ કાંઈ અનર્થદંડમાં જાય નહિ. **'પોતાના સગાંવહાલાંઓને-સંબંધીઓને...'** સગાંવહાલાં કે ખાસ બહુ પાકા સંબંધી હોય **'કે જેમની સાથે પોતાને પ્રયોજન છે તેમને તથા પોતાના સાધર્મી ભાઈઓ છે...'** સાધર્મી નાખ્યા છે, **'પોતાના સાધર્મી ભાઈઓ તેમને તેમનો નિર્વાહ ચલાવવા માટે અવશ્ય વ્યાપાર વગેરેનો ઉપદેશ આપીને નિમિત્ત સંબંધી ચેષ્ટા કરે,...'** એ તો હોય તો અનર્થદંડત્યાગ નથી એટલું કહેવું છે, હોં! છે તો (એ પણ) પાપ. **'પણ જેમની સાથે પોતાને કાંઈપણ પ્રયોજન નથી...'** વગર (કારણે) પેલો દીધે રાખે અને બોલે, આનું આમ કરો, આનું આમ કરો, આનું આમ કરો, આનું વૈદુ કરો, આનું ... લાવો, આનું જ્યોતિષ કાઢો, ત્યાંથી આમ લઈ આવો. સમજાણું?

મુમુક્ષુ :– ઠેકાણે પાડવા કહે છે.

ઉત્તર :– ઠેકાણે ક્યાં પડ્યો છે આ? પોતે પાપમાં ઠેકાણે પડી જાય છે, એમ કહે છે. વગર પ્રયોજને કાંઈ કારણ નથી ને? **'જેમની સાથે પોતાને કાંઈ પણ પ્રયોજન નથી તેમને ઉપદેશ ન દેવો જોઈએ.'** પાંચમાગુણસ્થાનમાં અનર્થદંડના ત્યાગની વ્યાખ્યા જાણવી જોઈએને, એને બરાબર જાણીને અવસર આવે તો પ્રયત્ન કરીને એ ભાવ પ્રગટ કરવો, એમ વાત છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, વગર પ્રયોજને. પ્રયોજનને માટે કુટુંબીઓ, ભાઈબંધો, એને માટે હોય તો એ પાપ તો છે પણ અનર્થદંડ (નથી), આ જાતનું અનર્થદંડનું નથી.

## ગાથા–૧૪૩

**પ્રમાદચર્યા અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–**

भूखननवृक्षमोट्टनशाड्वलदलनाम्बुसेचनादीनि।
निष्कारणं न कुर्याद्दलफलकुसुमोच्चयानपि च।।१४३।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**અન્વયાર્થ :– [ भूखननवृक्षमोट्टनशाड्वलदलनाम्बुसेचनादीनि ] પૃથ્વી ખોદવી, વૃક્ષ ઉખાડવાં, અતિશય ઘાસવાળી જમીન કચરવી, પાણી સીંચવું વગેરે [ च ] અને [ दलफलकुसुमोच्चयान् ] પત્ર, ફળ, ફૂલ તોડવા [ अपि ] વગેરે પણ [ निष्कारणं ] પ્રયોજન વિના [ न कुर्यात् ] ન કરવું.**

**ટીકા :– 'निष्कारणं भूखनन वृक्षमोट्टन शाड्वलदलन अम्बुसेचनादीनि च दलफलकुसुमोच्चयान् अपि च न कुर्यात्' - અર્થ :– વિના પ્રયોજને પૃથ્વી ખોદવી, વૃક્ષ ઉખાડવા, ઘાસ કચરવું, પાણી સીંચવું-ઢોળવું તથા પાંદડાં, ફળ, ફૂલો તોડવાં, ઇત્યાદિ કોઈ પણ કાર્ય ન કરવું.**

**ભાવાર્થ :– ગૃહસ્થ શ્રાવક પોતાના પ્રયોજન માટે કાંઈ પણ કરી શકે છે, પણ જેમાં પોતાનો કાંઈ પણ સ્વાર્થ નથી, જેમ કે રસ્તે ચાલતાં વનસ્પતિ વગેરે તોડવી ઇત્યાદિ નકામાં કામ ન કરવા જોઈએ એને જ પ્રમાદચર્યાઅનર્થદંડત્યાગવ્રત કહે છે. ૧૪૩.**

---

'**પ્રમાદચર્યા અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–**' લ્યો! ત્રીજો બોલ.

**भूखननवृक्षमोट्टनशाड्वलदलनाम्बुसेचनादीनि।**
**निष्कारणं न कुर्याद्दलफलकुसुमोच्चयानपि च।।१४३।।**

તોડવા. ઠીક સમજી ગયો. કહે છે, છે ને બધો અર્થ તો નીચે હશે. '**વિના પ્રયોજને પૃથ્વી ખોદવી,...**' એ બેઠો બેઠો પૃથ્વી ખોદે. કાંઈ કારણ ન હોય ત્યાં પૃથ્વી આમ ખોદ્યા જ કરે. હાથમાં કોઈ લાકડું હોય કે લોઢુ હોય ને બેઠો બેઠો ખોદ્યા કરે. નીચે સચિત પૃથ્વી હોય. નવરો નવરો (પાપ બાંધે) એ અનર્થદંડનું પાપ છે. પૃથ્વીના જીવ છે એકેન્દ્રિય. સમજાણું કાંઈ? પૃથ્વીની એક કણીમાં અસંખ્યાતા જીવ છે. સમ્યગ્દષ્ટિ જીવને અનર્થદંડના ત્યાગમાં એવા ભૂ નામ પૃથ્વીને ખોદવી, એનો ત્યાગ (હોય). વગર કારણે?

'**વૃક્ષ ઉખાડવાં,...**' કહો, બેઠો બેઠો હોય તો વૃક્ષ તોડે. નાના નાના લીલ, ફુગ હોય ને બધા? હાર આપે ફલાણા ફલાણાને, વગર કારણે એમ ને એમ મસળે, એને ચોળે. કાંઈ કારણ છે? વનસ્પતિના જીવો જીવ છે, ભાઈ! એવો ભાવ વગર પ્રયોજને વનસ્પતિને તોડવી.

'**ઘાસ કચરવું,...**' વગર પ્રયોજને. આમ રસ્તો હોય, લીલા અંકુરાનો આમ રસ્તો (હોય), વગર પ્રયોજને એના ઉપર કચરીને ચાલે. બીજો રસ્તો સાથે છે, જોડે સારો રસ્તો હોય. જુઓ! આ ભગવાનના માર્ગનો વિવેક! ઓહો..હો..! સમ્યગ્દર્શન સહિત, સ્વરૂપના સ્થિરતાના અંશમાં આવા એને વ્રતના ભાવ હોય છે, એમાં અનર્થદંડનો ભાવ એને ન હોય. લીલોતરી આમ અંકુરા એટલા બધા હોય, હવે એને કાંઈ વગર પ્રયોજને કચરે, કચરી નાખે. અનર્થદંડનું

www.vitragvani.com



પાપ છે, વગર પ્રયોજનનું પાપ.

**'પાણી સીંચવું...'** બેઠો હોય નવરો અને હાથમાં કાંઈક લાકડી-બાકડી હોય અને તળાવે બેઠો હોય, પાણીને લાકડી માર્યા કરે, આમ આમ કર્યા કરે, કેટલું ઉડે છે ને શું થાય છે અને આમ પાણી મારીને બહાર કાઢે ને અમસ્તો, અમસ્તો કાંઈ જરૂર નહિ. જુઓ! આ એકેન્દ્રિયની વાત આવી બધી. ત્રસને તો મારે જ નહિ પણ એકેન્દ્રિયને પણ વગર પ્રયોજને આવા પાપનો એને ત્યાગ હોય છે. સમજાણું?

**'પાણી સીંચવું...'** વગર (કારણે) પાણીને આમ આમ ઉલાળે, પાણીમાં પથરા નાખે, વગર પ્રયોજને પાણીમાં નાખે. પાણીમાં કેટલું ચકરડું ચાલે છે. હોય છે ને નવરા કેટલાક? પાણીમાં પથરો નાખીને ગોળ ચકરડું ક્યાં સુધી જાય છે પાણીમાં? પણ કાંઈ લાભ તારે? છોકરાઓ કરે કે નહિ નવરા? એ પાણીનું ચકરડું કરતાં કરતાં ઠેઠ આવે છે કે નહિ અહીં સુધી? એવા પાણીના એકેન્દ્રિય જીવ છે, ભાઈ! એ જીવ છે. એ તો એનું આયુષ્ય હશે એમ થઈ રહેશે. એમ ન હોય. તને મારવાના ભાવ છે કે નહિ? એનું આયુષ્ય પૂરું થયું હશે એટલે મને આ ભાવ આવ્યો, એમ છે? ઉંધાઈ એવી હોય? અહીં તો કહે છે, જુઓને! કેટલી એકેન્દ્રિય જીવની વાત બધી (લીધી). જુઓ! ત્રસને તો મારે જ નહિ. સમજાણું? એકેન્દ્રિયની અંદર વાત હતી. લ્યો!

**'પાંદડાં,...'** દળની વ્યાખ્યા છે ને એ? દળ, દળ એટલે પાંદડાં. નથી? પંડિતજીને શું છે? મને અહીં ખબર પડે નહિ. દળ છે ને દળ? દળનો અર્થ કર્યો ને પાંદડાં? એ પાંદડાં. નવરો બેઠો હોય તો પાંદડાં તોડે, લીંમડાના તોડે, પીપળાના તોડે. સમજાય છે? વગર પ્રયોજને પીપળાના પાંદડાં લઈને લાંબું કરીને પપુડી કરીને આમ કરે. કરે છે કે નહિ છોકરાઓ? પેલા જીવ છે, ભાઈ! વગર કારણે? વગર પ્રયોજને? સમજાણું?

**'ફળ,...'** ફળ, ફળ તોડે. હોય છે ને આવળીના ફળ ને પેલા મફતનો બેઠો બેઠો તોડીને નાખી દે, તોડીને નાખી દે. એવા ... કામમાં ન આવે એવા એ કાચા ફળ નવરો બેઠો બેઠો તોડે. અહીં જમરૂખ બહુ થયા છે, હોં કહે. લાવો તોડીને નાખીએ. કાચા તો બહુ ખવાય નહિ. એવો અનર્થદંડ છે.

**'ફૂલો તોડવાં,...'** ફૂલ... ફૂલ... ફૂલ તોડીને ઢગલા કરે, રમતું કરે. આહાહા! લીમડાનો કોર. કેટલા અનંતાજીવ છે. હવે વગર કારણે કોરને તોડવા, સમજાણું? અહીં રસ્તામાં કેટલાક નીકળે છે ને? રસ્તામાં નીકળે તો આમ કરતો જાય ને તોડતો જાય. આ લીમડો હેઠો છે ખરો ને? કેટલો લાંબો થઈને લીમડો હેઠો ઉતરે છે. લીમડો કેટલો આમ ઊંચો લાંબો થાય ને.. વગર પ્રયોજને કાંઈ ન મળે. કહો, આ દર્શનશુદ્ધિ ઉપરાંત આ સ્થિરતા કરવી એમાં આવી અસ્થિરતાનો ત્યાગ છે, એમ વાત કરે છે. **'ઇત્યાદિ કોઈ પણ કાર્ય ન કરવું.'** સમજાણું? એવું કોઈ પણ પૃથ્વીનું, પાણીનું, અગ્નિનું એવું પાપ મફત વગર પ્રયોજને (કરવું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નહિ). જરૂર હોય એના પોતાના શરીર માટે, દવા માટે જુદી (વાત છે). વગર પ્રયોજને કરવું નહિ.

**‘ગૃહસ્થ શ્રાવક પોતાના પ્રયોજન માટે કાંઈ પણ કરી શકે છે,...’** કરી શકે એટલે એને કરી શકે છે એને કંઈક વ્રતમાં વાંધો આવતો નથી. પ્રયોજન માટે કરે એમાં વ્રતને વાંધો નથી આવતો, એમ કહે છે. **‘પણ જેમાં પોતાનો કાંઈ પણ સ્વાર્થ નથી, જેમકે રસ્તે ચાલતાં વનસ્પતિ વગેરે તોડવી...’** લ્યો! રસ્તે ચાલતા તોડતો જાય. લાંબી લીલોતરી હોય ને લાંબા છોડ, છોડ લાંબા ચાલતો હોય તો છોડ પકડીને ખેંચતો જાય, માથે આવે તો તોડતો જાય. થોરની વાડો હોય, લાકડી મોટી હાથમાં હોય તો વાડમાં આમ આમ મારતો જાય, થોરની વાડોમાં.

**‘રસ્તે ચાલતાં વનસ્પતિ વગેરે...’** વનસ્પતિ, પાણી, પૃથ્વી વગેરે **‘તોડવી ઇત્યાદિ નકામાં કામ ન કરવા જોઈએ. એને જ પ્રમાદચર્યા અનર્થદંડત્યાગવ્રત કહે છે.’** જુઓ! ભાઈ! વીતરાગ માર્ગમાં સ્વરૂપની દૃષ્ટિ સહિત અંતરમાં સ્થિરતાનો અંશ પ્રગટ્યો હોય એને આવો વિવેક હોય છે, એમ કહે છે. એ મરવાના હશે તો મરશે, એનું આયુષ્ય હશે તો મરશે. એ તો થાશે તો એમ જ, પણ તારો ભાવ મફતનો છે એ? એ પાપનું કારણ છે ને? આહાહા! સમજાણું કાંઈ? એ તો કોણ તું મારી શકે છે? બીજાને જીવાડી શકે? એ ક્યાં પ્રશ્ન છે. અહીં તો તારા ભાવમાં આવું અનર્થ વગર પ્રયોજને પાપ થાય એનું મોટું પાપ લાગે છે. સમજાણું કાંઈ? એવું કરે નહિ.

## ગાથા–૧૪૪

**હિંસાપ્રદાન અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–**

**असिधेनुविषहुताशनलाङ्गलकरवालकार्मुकादीनाम्।**
**वितरणमुपकरणानां हिंसायाः परिहरेद्यत्नात्।।१४४।।**

**અન્વયાર્થ :– [ असि-धेनु-विष-हुताशन-लाङ्गल-करवाल-कार्मुकादीनाम् ] છરી, વિષ, અગ્નિ, હળ, તલવાર, ધનુષ આદિ [ हिंसायाः ] હિંસાના [ उपकरणानां ] ઉપકરણોનું [ वितरणम् ] વિતરણ એટલે કે બીજાને દેવું તે [ यत्नात् ] સાવધાનીથી [ परिहरेत् ] છોડી દેવું જોઈએ.**

**ટીકા :– ‘हिंसायाः उपकरणानां असि धेनु विष हुताशन लाङ्गल करवाल कार्मुकादीनाम् परिहरेत्’ - અર્થ :– હિંસા કરવાના સાધન છરી, વિષ, અગ્નિ, હળ, તરવાર,**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**બાણ વગેરેનું દેવું પ્રયત્નથી દૂર કરે અર્થાત્ બીજાને આપે નહિ, એને જ હિંસાદાન અનર્થદંડત્યાગવ્રત કહે છે. જે વસ્તુઓ આપવાથી હિંસા થતી હોય તે વસ્તુઓનો ઉપયોગ પોતાના માટે કરી શકે છે પરંતુ બીજાઓને કદી પણ ન આપવી. ૧૪૪.**

---

**'હિંસાપ્રદાન અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–'** લ્યો! હિંસા એ ચોથો બોલ. પાંચ બોલ છે ને? અનર્થદંડત્યાગના પાંચ બોલ.

असिधेनुविषहुताशनलाङ्गलकरवालकार्मुकादीनाम्।
वितरणमुपकरणानां हिंसायाः परिहरेद्यत्नात्।।१४४।।

લ્યો! એ બધો અર્થ જ છે, બધો અર્થ ટીકામાં છે, જુઓ! પેલા બધા શબ્દ છે.

**ટીકા :– ''हिंसायाः उपकरणानां असि धेनु विष हुताशन लाङ्गल करवाल कार्मुकादीनाम् परिहरेत्' - હિંસા કરવાના સાધન છરી,...'** છરી કોઈને દેવી નહિ, મફતમાં (આપે કે) લે આ છરી મારી સારી છે, લે, જા જા કાપ ફલાણું. વગર પ્રયોજને (આપવું) એ અનર્થદંડ છે. કહો, એવા ઘણા નવરા માણસ હોય. એ બે, પાંચ છરી રાખે, એક ઘરમાં કામ આવે, એક કો'કને દેવી હોય તો દેવાને કામ આવે.

મુમુક્ષુ :– સારું મોળવા કામ આવે.

ઉત્તર :– ... પોતાને માટે જુદી પણ બીજાને માટે? વગર પ્રયોજને લઈ જાવ, લઈ જાવ છરી સારી છે અમારી પાસે. એ છરી કીધી, જુઓ! એ પ્રશ્ન કર્યો હતો. **'असि धेनु' 'असि धेनु'** એની વ્યાખ્યા કહી. એ નાની-નાની તલવાર, નાની તલવાર એટલે છરી. એ **'असि धेनु'**ની વ્યાખ્યા છે. **'असि धेनु'** બે મળીને. ધેનુ એટલે અહીં ગાય-બાય નથી અહીં. **'असि धेनु'** એટલે છરી. તે દિ' વાત થઈ હતી. નહોતુ સમજાતું ત્યારે. સમજાણું કાંઈ? એ છરીઓ રાખે કેટલાક નવરા. વગર પ્રયોજને બધાને આપે. એ ન કરવું જોઈએ.

**'છરી, વિષ,...'** ઝેર... ઝેર. ઝેર રાખે પોતે. માખીઓ-બાખીઓ બહુ થાતી હોય તો માંકળબાકળ જાવ લઈ જાવ થોડુંક. વગર પ્રયોજને મરી જાય બિચારા. આ છાંટે છે ને અત્યારે માંકડમાં, મચ્છરમાં અને માંખીઓમાં. પોતે ઘરે રાખે. પરોપકાર માટે રાખીએ છીએ. પરોપકાર છે કે મહાપાપ છે? સમજાણું?

**'અગ્નિ,...'** લ્યો! અગ્નિ લઈ જાવ અગ્નિ, સળગાવવા. ઘરે લઈ જાવ અગ્નિ, અમારા ચુલામાં પડી છે, અમે રાખીએ છીએ સદાય.

મુમુક્ષુ :– હવે નથી રાખતા.

ઉત્તર :– હવે તો નથી પણ પહેલા, પહેલા આવતા. આસપાસના માણસ હોય એ અગ્નિનો ફોટારો લેવા આવે. પહેલા આવતા. ખબર છે કે નહિ? 'મલૂપચંદભાઈ'! આ અમારે

www.vitragvani.com



તો કણબીવાડમાં ઘરને એટલે બધી ખબર છે, એ કહે. અને અમારે આમ ત્યાંના ખરાને 'ઉજમબા' અમારે બા ત્યાંના ખરા ને, એટલે અમારે ગામમાં ઘર નજીક હોય કોળી હોય એવા કાંઈ અગ્નિ ન કરે અને દિવાસળી હોય નહિ. દિવાસળી હોય નહિ, દિવાસળી-બિવાસળી રાખતા નહિ. એ તો એવું ઘર હોય ત્યાં જાય. ફોટારો થોડોક લઈ લો. પછી એમાંથી ... નાખી કરતાં. આ બધું નાની ઉંમરમાં જોયેલું છે, પછી તો કોણ જોવા ગયું હતું? સમજાણું?

**'અગ્નિ,...'** એવી અગ્નિ વગર કારણે (આપવી નહિ). લઈ જાવ, લઈ જાવ અગ્નિ ... કરો જાવ શાક, ફલાણું. જુઓ! અગ્નિ એ પણ જીવ છે. વગર પ્રયોજને હણવા નહિ. એમાં કેટલીક બાયો હોય એ ડહાપણ માને કે, આપણે ઘણાને મદદ કરીએ છીએ, ઘણાને. અહીં કહે છે કે, આત્માની શ્રદ્ધા ઉપરાંત એની સ્થિરતામાં આવી અસ્થિરતા હોય નહિ, આવા પાપનો ભાવ એને હોય નહિ.

**'હળ,...'** હળ... હળ. હળ બે, ચાર રાખે અને પોતાનું નવરું પડ્યું હોય તો કહે, જાવ હળ લઈને ખેડો જમીન, એ પેલી જમીન બહુ સારી પડી છે જાવ. વગર પ્રયોજને એવા પાપ ન કરે. જુઓ! આ પહેલું-વહેલું 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' વંચાય છે આ.

મુમુક્ષુ :– હિંસાના સાધનનો વેપાર કરે તો?

ઉત્તર :– તો એ મહાપાપ છે એ બધું.

મુમુક્ષુ :–

ઉત્તર :– ખુલાસો કરે છે, ભાઈ! એ તો. જૂના માણસ છે ને. વગર પ્રયોજને એવું ન હોય.

મુમુક્ષુ :– ...પ્રયોજન કમાવાનું હોય.

ઉત્તર :– કમાવાનું પ્રયોજન પણ મર્યાદા હોય ને. જેમાં બહુ ત્રસ મરતા હોય, ઘણા ત્રસ જીવો મરતા હોય, ઘણા અનર્થદંડ થતા હોય એનો વિચાર કરવો જોઈએ. સમજાણું?

મુમુક્ષુ :– સાબુનો વેપાર વાણિયા ન કરે.

ઉત્તર :– નહિ. સાબુનો વેપાર વાણિયા નહોતા કરતા પહેલા. 'ન્યાલચંદભાઈ'! આ વાણિયા સાબુ નહિ અને મીઠું વેચતા નહિ. ખબર છે ને મને. મીઠું ન વેચે વાણિયા, મીઠું. અર..ર...! પાપ છે. મીઠું નહિ, સાબુ નહિ, પેલું શું કહેવાય? નાથ. બળદને નથી (લગાડતા)? નાથ.. નાથ. વાણિયા વેચે નહિ એવા. નાથ વેચતા નહિ પહેલા. હવે તો બધું સમજવા જેવું થઈ ગયું. એવું વાણિયા સાધારણ (કરતા), હોં! ધર્મની ભલે (વાત) કાંઈ નહિ પણ બળદને આમ મોટી નાથ નાખે નહિ. ત્રણ ચાર હાથની લાંબી નાથ હોય ને? આમ નાથવાની. એવો સાબુનો ધાણ આ છરી આદિનો ધંધો વાણિયા નહોતા કરતા. 'ભગવાનભાઈ'! સાંભળ્યું છે કે નહિ? આ બધું તો અમને ખબર છે ને દુકાનમાં હતા તે. સમજાણું કાંઈ?

અત્યારે તો બધું હવે... એક જણો કહેતો હતો, ભાઈ! જો દુકાનમાં અળસીયાનો ભૂકો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ન રાખીએ તો દુકાન ચાલે નહિ કહે. અળસીયા, હોં! શું કહેવાય આ? ... એ કહેતા હતા, 'જીવણભાઈ' કહેતા હતા. કાણિયારવાળા. દુકાનમાં માલ લેવા આવે, પચ્ચીસ ચીજનો ખરડો લઈને આવે અને એમાં આ એક ચીજ ન હોય તો એક પણ ન લે. અને એક ચીજ રાખીએ તો પચાસ રૂપિયાનો નફો મળે. અર..ર..ર..! વાણિયા થઈને આ? અળસિયા અળસિયા. સુકા અળસિયા.

મુમુક્ષુ :– તૈયાર ડબ્બા આવે છે.

ઉત્તર :– એ કાંઈ ધંધા સારા છે? અરે..! મહાપાપ હોય વાણિયાને? ના ના આવે છે વાત સાચી છે, બધી ખબર છે ને. વાણિયા પણ બધા કરે છે, કરતા હતા. એમાં વળી કેટલાકે છોડી દીધું. ડબ્બા તૈયાર આવે એમાં શું? આ સો ડબ્બા પડ્યા છે એમાંથી તમારે જોતા હોય તો લો પાંચ, દસ. પણ એ તો મહા (પાપ છે). એક જણો ત્યાં સુધી કહેતો હતો કે, ઘરે પણ કામ કોઈક કરે, એમાંથી માંસ લઈ આવે ઘરે. બળદ કાપે, અર..ર..! એવા તે ધંધા વાણિયાને, આર્ય સાધારણ માણસને ન હોય. સમજાય છે?

**'હળ, તરવાર,...'** લ્યો! જાવ રાજાને જીતવા માટે તરવાર આપી હતી ને? કહે છે કે નહિ કો'કે? આ 'જુનાગઢ' જાતા હતા ને તરવાર લઈ જાવ. દરબાર જાય તો (કહે), તરવાર અમે આપીએ, જાવ તમે. શું છે પણ? વગર પ્રયોજને? પેલું માને નહિ. પછી થાય પાપ અને માને પરોપકાર. **'તરવાર, બાણ...'** બાણ, બાણ. એકાદ બે, પાંચ બાણ વધારે રાખ્યા હોય તો જાવ લઈ જાવ. જંગલમાં જાવ, બાણ છે વધારે. **'વગેરેનું દેવું પ્રયત્નથી દૂર કરે...'** એવું દેવું કરે નહિ. **'અર્થાત્ બીજાને આપે નહિ, એને જ હિંસાદાન...'** હિંસાદાન, હિંસાનું દાન કર્યું એણે. જોયુંને? એવા હિંસાના ઉપકરણો આપ્યા.

**'અનર્થદંડત્યાગવ્રત કહે છે. જે વસ્તુઓ આપવાથી હિંસા થતી હોય તે વસ્તુઓનો ઉપયોગ પોતાના માટે કરી શકે છે...'** કારણ કે, ગૃહસ્થાશ્રમ છે ને? **'પરંતુ બીજાઓને (વગર પ્રયોજને) કદી પણ ન આપવી.'** જુઓ! આ તો ધીરજથી જેને આત્માનું કામ કરવું એની વાત છે. એમ ને એમ ચાલ્યો જાય અનંતકાળથી. ચાર બોલ થયા. એ અનર્થદંડના પાંચ પ્રકાર એમાં ચાર બોલ થયાં, એનો પાંચમો બોલ.

## ગાથા–૧૪૫

**દુઃશ્રુતિ અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–**

रागादिवर्द्धनानां दुष्टकथानामबोधबहुलानाम्।
न कदाचन कुर्वीत श्रवणार्जनशिक्षणादीनि।।१४५।।

**અન્વયાર્થ :–** [ रागादिवर्द्धनानां ] રાગ, દ્વેષ, મોહાદિને વધારનાર તથા [ अबोधबहुलानाम् ] ઘણા અંશે અજ્ઞાનથી ભરેલી [ दुष्टकथानाम् ] દુષ્ટ કથાઓનું [ श्रवणार्जनशिक्षणादीनि ] સાંભળવું, ધારવું, શીખવું આદિ [ कदाचन ] કોઈ સમયે, કદીપણ [ न कुर्वीत ] કરવું ન જોઈએ.

**ટીકા :–** 'अबोध (मिथ्यात्व) बहुलानां रागादिवर्द्धनानां दुष्टकथानां श्रवणार्जनशिक्षणादीनि न कदाचन कुर्वीत' - અર્થ :– મિથ્યાત્વસહિત રાગદ્વેષ, વેરભાવ, મોહ, મદાદિ વધારનાર કુકથાઓનું શ્રવણ તથા નવી કથાઓ બનાવવી, વાંચવી વગેરે કદી પણ ન કરવું. એને જ દુઃશ્રુતિ અનર્થદંડત્યાગવ્રત કહે છે. જે કથાઓ સાંભળવાથી, વાંચવાથી અને શિખવવાથી વિષયાદિની વૃદ્ધિ થાય, મોહ વધે અને પોતાના તથા પરના પરિણામથી ચિત્તને સંકલેશ થાય એવી રાજકથા, ચોરકથા, ભોજનકથા, સ્ત્રીકથા ઇત્યાદિ કથાઓ કહેવી નહિ. ૧૪૫.

---

'દુઃશ્રુતિ અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–'

रागादिवर्द्धनानां दुष्टकथानामबोधबहुलानाम्।
न कदाचन कुर्वीत श्रवणार्जनशिक्षणादीनि।।१४५।।

**'રાગ, દ્વેષ, મોહાદિને વધારનાર...'** અંદર પહેલો **અન્વયાર્થ :– 'રાગ, દ્વેષ, (મિથ્યાત્વ) મોહાદિને વધારનાર તથા ઘણા અંશે અજ્ઞાનથી ભરેલી દુષ્ટ કથાઓનું સાંભળવું,...'** કરવું ન જોઈએ. એવી કથા સાંભળવી ન જોઈએ. જેમાં એકલા પાપના પોષણ થાય. સમજાણું? રાગવર્ધક, દ્વેષવર્ધક, લડાઈઓની વાત આવે ને મોટી? ભેગા થાય માણસો. આ મરાણો. કાલે હવે 'રાવણ'ને 'લક્ષ્મણ' મારશે. ત્યાં પેલો ખુશી થાય કે, હવે પણ આજ ઉકેલોને. પણ તારે ઉકેલી તો ગયું છે હવે, તારે શું છે અહીં? 'માણભટ્ટ'ને હોય છે ને? એવી વાત મુકે બરાબર છે, આ વાત કાલે આવશે હવે. એટલે બીજા બધા જટ આવે. 'રામચંદ્રજી' અને 'લક્ષ્મણજી' બરાબર આવ્યા. 'રાવણ'ને આમ કરવા. હવે એ 'રાવણ'ને મારવાની કેવી રીતે વિધિ છે એ કાલે આવશે, જાવ. એકલા પાપ. લાડવા મળે. એ લાડુભટ્ટ કહેવાય. એ વખતે વાત સાંભળી હતી. લાડુભટ્ટ, લાડુભટ્ટ. એક જણો લાડુભટ્ટ હોય, પેલો માણભટ્ટ હોય, બીજો લાડુભટ્ટ હોય. સમજાણું?

**'ઘણા અંશે અજ્ઞાનથી ભરેલી...'** જુઓ! **'अबोध'** જેમાં અજ્ઞાનથી ભરેલી કથાને વગર પ્રયોજને સાંભળવી. શું છે કાંઈ લાભ? પોતાને લાભ છે? કાંઈ લાભનું વગર પ્રયોજને એવી વાર્તા સાંભળવા જાવી નહિ, એમ કહે છે. **'દુષ્ટ કથાઓનું સાંભળવું (નહિ),...'** સાંભળીને **'ધારવું (નહિ), શીખવું (નહિ)...'** લ્યો! **'આદિ કોઈ સમયે, કદીપણ કરવું ન જોઈએ.'** પેલામાં

www.vitragvani.com



તો એ આવે છે ને? ભાઈમાં તો. 'ટોડરમલ્લજી'માં? કુશ્રુતને, ભાઈ! આવે છે ને એમાં? કુશ્રુતને સાંભળવું નહિ, વાંચવું નહિ, શીખવું નહિ, લખવું નહિ. એ બધું આવે છે એમાં. આવે છે કે નહિ? જુઓ! એ ભાષા છે. એની જ છે ને આ?

અહીં આગમ મોક્ષ પ્રાપ્તિનો પ્રકાશ કરે તે આગમ વાંચવા, સાંભળવા યોગ્ય છે. કારણ કે, સંસારમાં જીવ અનેક પ્રકારના દુઃખોથી પીડિત છે વગેરે વગેરે. મોક્ષમાર્ગ વીતરાગ ભાવ છે. માટે શાસ્ત્રમાં કોઈ પ્રકારે રાગ, દ્વેષ, મોહ, ભાવનો નિષેધ કરી, વીતરાગ ભાવનું પ્રયોજન પ્રગટ હોય તે શાસ્ત્રો વાંચવા, સાંભળવા. જે શાસ્ત્રમાં શ્રૃંગાર, ભોગ, કુતૂહલ પોષી, રાગભાવ, હિંસા, યુદ્ધ આદિને પોષી દ્વેષભાવ, અતત્ત્વશ્રદ્ધાન મોહભાવ ત્રણ લીધા, રાગ, દ્વેષ, મોહ. લ્યો! સમજાણું? ત્રણ છે ને આમાં? ત્રણે છે, જુઓ! રાગ આદિ શબ્દ પડ્યો છે ખરો. તે શાસ્ત્ર શ્રવણ શસ્ત્ર છે. સમજ્યા ને? એવા શાસ્ત્રો વાંચવા, સાંભળવા યોગ્ય નથી. વાંચવા, સાંભળવા પ્રમાણે જોડવા નહિ, શીખવા નહિ, શીખડાવવા નહિ, વિચારવા નહિ, લખાવવા નહિ. લ્યો! તે દિ' પેલી વાત આવી હતી ને? બૌદ્ધના શાસ્ત્ર અમારે ન લખવા? એ મોટી ચર્ચા ચાલી હતી. પેલું બૌદ્ધનું હતું ને? 'મહેન્દ્રભાઈ' ગુજરી ગયા, નહિ? તે દિ' ચર્ચા ચાલી હતી પંડિતમાં કે, આ તો બૌદ્ધનું સ્વરૂપ છે, એને શીખવવાનું કે નહિ? એને શીખવાડવું જોઈએ બૌદ્ધ આમ કહે છે, ફલાણું આમ કહે છે. એવા પાપના ભાવમાં એવી આજીવિકા પણ કરવી ન જોઈએ. વાત એવી છે. સમજાણું?

**'મિથ્યાત્વસહિત રાગદ્વેષ,...'** જુઓ! ભાષા એમ લખી. ટીકા, ટીકા. મિથ્યાત્વ સહિત રાગ-દ્વેષ. રાગ આદિ વર્ધનામ છે ને? ઊંધી શ્રદ્ધા સહિત રાગ-દ્વેષ. ૧૪૫ની ટીકા. **'अबोध** નો અર્થ (**मिथ्यात्व**)' કર્યો. એ ફરીને અજ્ઞાન કર્યું. પેલા અજ્ઞાનથી ભરેલી કીધું. મિથ્યાત્વ સહિત રાગદ્વેષ વધારનારા એવા શાસ્ત્રો કુશાસ્ત્ર છે, એને સાંભળવા નહિ. નિષ્પ્રયોજન, મફતના પાપ લાગે છે. **'રાગદ્વેષ, વેરભાવ, મોહ, મદાદિ વધારનાર કુકથાઓનું...'** જેમાંથી રાગ-દ્વેષ વધે, વેરભાવ વધે, તત્ત્વનો વિરોધનો મોહભાવ થાય, **'કુકથાઓનું શ્રવણ તથા નવી કથાઓ બનાવવી, વાંચવી વગેરે કદી પણ ન કરવું.'** એવી કથાઓ પણ કરવી નહિ. આકરું કામ જગતને. ભાઈ! સંસારથી છૂટવું હોય એની વાત છે આ તો.

મુમુક્ષુ :– .. પુસ્તકના ઘરાક મળે.

ઉત્તર :– એવા હોય તો ઘણા ગ્રાહક મળે. નિંદા કરનારા, સાચા તત્ત્વની નિંદા કરનારાને લેનાર પણ ઘણા મળે. લાવો વાંચીએ, લાવો પુસ્તક વાંચીએ, લાવો એક પત્ર વાંચીએ. કહો, સમજાણું?

**'કથાઓ બનાવવી, વાંચવી વગેરે કદી પણ ન કરવું. એને જ દુઃશ્રુતિ અનર્થદંડત્યાગવ્રત કહે છે. જે કથાઓ સાંભળવાથી, વાંચવાથી અને શિખવવાથી વિષયાદિની વૃદ્ધિ થાય,...'** વિષય વાસનાની વૃદ્ધિ થાય એવી વાર્તાઓ. કામ આવે છે ને? કામ શું કહેવાય? કામની

www.vitragvani.com



કથા નહિ? ચુડા બોંતેરની શું કહેવાય એ? કહો, કોકશાસ્ત્ર. એ કોકશાસ્ત્ર હોય ને? કોકશાસ્ત્ર કહેવાય ને? એ કોકશાસ્ત્ર કહેવાય. એવા શાસ્ત્રો વાંચવા નહિ, વેચવા નહિ. જેમાં વિષયની વૃદ્ધિ થાય. જેમાં વૈરાગ્યની વૃદ્ધિ થાય, પોતાના અસ્તિત્વની પ્રતીતની પુષ્ટિ થાય અને પરથી ઉદાસીનતાની વૃદ્ધિ થાય એવી વાત એણે સાંભળવી. સમજાણું?

**'મોહ વધે...'** અજ્ઞાન વધે, એમ. **'અને પોતાના તથા પરના પરિણામથી ચિત્તને સંકલેશ થાય એવી રાજકથા,...'** કરવી નહિ. લ્યો! રાજકથા માંડે તો ખુશી ખુશી થઈ જાય. **'ચોરકથા,...'** આવી ચોરી ને આ ચોર આવો હતો અને ફલાણો આવો હતો અને એને પછી આમ માર્યું અને એણે આમ કર્યું ને. **'ભોજનકથા,...'** આહાર બનાવવાની વાત. આવો શીરો થાય ને પછી લાડવા આવા થાય અને પછી પૂરી આમ થાય અને તળે તો આમ થાય ને ઢીકણું. બધી પાપની વગર પ્રયોજનની (કથા છે). આહાહા! આહારની વાત તુચ્છ છે એવું 'શ્રીમદ્દે' લખ્યું છે. આહાર આદિની વાત તુચ્છ વાત છે. એમાં આવી ગૃદ્ધિની વાતું નવરા બેઠા કર્યા જ કરે કે, આ તો રોટલી આવી થઈ હતી, એમાં પૂરણપોળી આમ નાખ્યું હતું અને એમાં ફલાણું નાખ્યું હતું, એમાં આવી થઈ, શેરો તો આમ રાળ જેવો થયો હતો. વગર પ્રયોજને, હોં! (એ) **'ભોજનકથા,...'**

**'સ્ત્રીકથા...'** ફલાણા દેશની સ્ત્રી આવી હોય ને એના કપડા આવા હોય અને એના બોલ આવા હોય, એ જોડા એના આવા હોય, ઢીકણા આવા હોય ને **'ઇત્યાદિ કથાઓ કહેવી નહિ.'** કહો, સમજાણું કાંઈ? એ હિંસા અનર્થદંડત્યાગના પાંચ પ્રકારની વ્યાખ્યા કરી. એનો ધર્મી જીવે ત્યાગ કરવો જોઈએ. જેને આત્માનું સાધન કરવું છે. અહો...! ચોરાશી લાખના અવતારમાંથી નીકળવું છે અને નીકળીને સ્વતંત્ર સુખી થવું હોય, એણે આમ કરવું જોઈએ. દર્શન, સમ્યગ્દર્શન સહિત, એની વાત છે, હોં! સમ્યગ્દર્શન ન હોય અને આવું અમસ્તું કર્યા કરે એ તો એક રાગ મંદ કરે છે. એમાં કાંઈ જન્મ-મરણનો અંત નથી. સમજાણું?

## ગાથા–૧૪૬

**મહાહિંસાનું કારણ અને અનેક અનર્થ ઉત્પન્ન કરનાર જુગારનો પણ ત્યાગ કરવો જોઈએ :–**

**सर्वानर्थप्रथमं मथनं शौचस्य सद्म मायायाः।**
**दूरात्परिहरणीयं चौर्यासत्यास्पदं द्यूतम्।।१४६।।**

**અન્વયાર્થ :– [ सर्वानर्थप्रथमं ] સાત વ્યસનોમાં પહેલું અથવા બધા અનર્થોમાં મુખ્ય, [ शौचस्य मथनं ] સંતોષનો નાશ કરનાર, [ मायायाः ] માયાચારનું [ सद्म ] ઘર અને**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**[ चौर्यासत्यास्पदम् ] ચોરી તથા અસત્યનું સ્થાન [ द्यूतम् ] એવા જુગારનો [ दूरात् ] દૂરથી જ [ परिहरणीयम् ] ત્યાગ કરવો જોઈએ.**

**ટીકા :– 'सर्वानर्थप्रथमम् मथनं शौचस्य, सद्म मायायाः चौर्यासत्यास्पदं द्यूतम् दूरात् परिहरणीयम्' - અર્થ :– બધા અનર્થોને ઉત્પન્ન કરનાર, શૌચ જે લોભનો ત્યાગ તેનો નાશ કરનાર અને કપટનું ઘર એવા જુગારને દૂરથી જ છોડવો જોઈએ.**

**ભાવાર્થ :– ખરી રીતે જુગાર રમવો ઘણું જ ખરાબ કામ છે. સાત વ્યસનોમાંથી જુગાર જ સૌથી ખરાબ છે. જે પુરુષ જુગાર રમે છે તેઓ પ્રાયઃ બધાં પાપોનું આચરણ કરે છે, માટે જુગારનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. તેથી અનર્થદંડત્યાગનારને જુગારનો પણ ત્યાગ કરવો જોઈએ. ૧૪૬.**

---

**'મહાહિંસાનું કારણ અને અનેક અનર્થ ઉત્પન્ન કરનાર જુગારનો પણ ત્યાગ કરવો જોઈએ :–'** એ અનર્થદંડત્યાગમાં નાખ્યું. કહો, અનર્થદંડત્યાગમાં જુગાર, જુગાર.

**सर्वानर्थप्रथमं मथनं शौचस्य सद्म मायायाः।**
**दूरात्परिहरणीयं चौर्यासत्यास्पदं द्यूतम्।।१४६।।**

બધા પાપનું મૂળ ધૂત–ચોરી છે એમ કહે છે. જુગાર, જુગાર. આવે છે એ કથામાં આવે છે. એ જુગાર કરે છે? કે, હા. એ ચોરી કરે છે? પણ શું કરીએ ત્યારે? જુગારમાં હારીએ તો ચોરી પણ કરવી પડે. અને ચોરી પછી શું કરે? કોઈક વખત પૈસા વધારે મળી જાય તો વિષયમાં પણ જઈએ. એમ કરીને સાતે બોલ લાગુ પાડે છે. સમજાણું? જૂઠું પણ બોલવું પડે. કોઈ વખતે એવું જરૂર પડે ને ખોરાક ન મળે તો અમારે શિકાર પણ કરવો પડે. એમ કરીને જોડ્યું છે. એક જુગારમાં સાત બોલનું વર્ણન છે, ક્યાંક છે. શાસ્ત્રમાં છે, હોં! એ ક્યાંક છે. 'ટેકચંદજી'માં કે ક્યાંક છે. સમજ્યા ને? એવું વર્ણન છે, હોં! એક જુગારમાં સાતેય પાપ. સાતેય વ્યસન કહેવાય છે ને? સાતેય વ્યસનો એમાં આવી જાય છે.

**'સાત વ્યસનોમાં પહેલું અથવા બધા અનર્થોમાં મુખ્ય,...'** આ જુઓ! એનો મુખ્ય અર્થ કર્યો. **'सर्वानर्थप्रथमं'** સાત વ્યસન છે ને? પરસ્ત્રી, વેશ્યાગમન, માંસ, જુગાર. સમજાણું? શું રહ્યું બીજું? દારૂ આદિ સાત વ્યસન છે. એમાં પહેલું જુગાર મહાપાપ છે, જુગાર-જુગાર. અત્યારે જુઓને આ સટ્ટા એવા વધી ગયા છે ને, એ જુગારનો બાપ છે એ બધા. ધંધા જ એવા બધા, કોણ જાણે. આખો દિ' આકુળતા... આકુળતા... આકુળતા.. આકુળતા... આવે તો મમતા, ન આવે તો ખેદ. મોટા મોટા પૈસાવાળા શું આ બધા ધંધા કરે? એમાં એકલી આકુળતા, હોં! મહાપાપ, પાપ, મહાપાપ. લોકો દેખે પૈસા આવ્યા, આટલા બે, પાંચ,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

દસ કરોડ થયા, ધૂળ પણ નથી, હોળી થઈ છે ન્યાં એકલી. દુઃખના પાપના પોટલા બંધાણા છે. સમજાણું?

થોડી મહેનતે લેવાનું અત્યારે બહુ હોય છે. પાપ ગમે એટલા અંદર હોય, જૂઠું બોલવું પડે, ચોરી (કરવી પડે), એવા વ્યસનો. પછી બહુ પૈસા થાય પછી લોકો, અનુકૂળ આદરે ખરા બાયુને, પછી લંપટી થઈ જાય. મહાપાપ, મહાપાપ. સમજાણું કાંઈ? અરે..! કેટલો કાળ રહેવું અહીં? ક્યાં જાવું છે? બાપુ! તારે? ભાઈ! એમાં કેટલાકને તો કેટલા વર્ષ નીકળી ગયા છે. સાંઈઠ, સાંઈઠ વર્ષ નીકળ્યા, સીત્તેર નીકળ્યા એને સાંઈઠ-સીત્તેર નીકળવાના છે? કહો, કેટલા વર્ષ થયા? સીત્તેર, પંચોત્તેર, અઠોત્તેર એંશી એનો ચોથો ભાગ પણ રહેવાનો નથી. 'ન્યાલચંદભાઈ'! એંશી એંશી વર્ષ થયા એનો ચોથો ભાગ પણ ક્યાં રહેવાનું છે હવે? આહાહા! આ તો એક મુદ્દતની સ્થિતિ. એણે તો આત્માનું કામ કરી લેવું જોઈએ. એની સંભાળ અને સ્થિરતા (કરી લેવી જોઈએ). એમ કહે છે.

**'સાત વ્યસનોમાં પહેલું અથવા બધા અનર્થોમાં મુખ્ય,...'** બધા અનર્થ જુગારમાંથી ઊભા થાય છે, એમ કહે છે. **'સંતોષનો નાશ કરનાર,...'** જુગાર બધા પાપમાં પહેલું અને અનર્થોમાં મુખ્ય. બે (વાત) અને **'शौचस्य मथनं'** સંતોષને તો મંથન કરી નાખે, સંતોષનો તો જુગાર નાશ કરી નાખે છે. પહેલા તો કેટલું એક બે હજાર, હજાર રળતા બિચારા સંતોષી (રહેતા). બહારની એ જાતની. ભલે ધર્મની દૃષ્ટિ ન હોય પણ એને (સંતોષ હોય). આ તો પાંચ-પાંચ કરોડ, દસ-દસ કરોડ હોળી સળગે જ છે એમાં. સખ જ ન મળે.

મુમુક્ષુ :– દુનિયાનો પ્રકાર બદલાઈ ગયો.

ઉત્તર :– શું દુનિયાનો પ્રકાર બદલાયો? માણસ કાંઈ ઢોર થઈ ગયો છે? માણસ થઈને દેવ થઈ ગયો છે? રૂપિયા ફરીને કાંઈ બીજા ચેતન થઈ ગયા છે? છે એ છે. આહાહા! કહે છે, સંતોષનો તો જુગાર નાશ કરનાર છે. ત્રણ બોલ થયા? ચોથું.

**'માયાચારનું ઘર...'** જુગાર તો કપટનું ઘર (છે). માયા સેવે કંઈક કરે, કંઈક જૂઠું બોલે. આવશે પછી આવશે. જુગટામાં કપટ (કરે). સમજ્યા ને? **'અને ચોરી તથા અસત્યનું સ્થાન...'** **'स्पदम्' 'स्पदम्'** ને? ઘર, ઘર, સ્થાન. એ ચોરીનું તો સ્થાન જુગાર, ભાષા આચાર્યને પોતે કહેવું છે, હોં! સાતેય બોલ નાખીને વાત છે. સાત વ્યસન જ એમાં છે. ક્યાંક વિશેષ અર્થ છે. ક્યાંક હશે. એને પૂછ્યું છે કે, તું આમ કરે છે? હા, મારે તો આમ કરવું પડે, એમ કરીને સાતેય નાખ્યા છે. ક્યાંક છે હવે, ઘણા વર્ષ પહેલા વાંચેલું છે. 'ટેકચંદજી'નું છે ને?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા, હા હશે ક્યાંક. હા હા તે કરે. ઘણા તો જુગાર માટે સિદ્ધ કરે. કહો, સમજાણું? ઓહો..હો..!

**'ચોરી તથા અસત્યનું સ્થાન એવા જુગારનો દૂરથી જ ત્યાગ કરવો જોઈએ.'** દૂરથી એટલે જ્યાં રમતા હોય ત્યાં પણ જાવું ન જોઈએ. જુગાર હોય ત્યાં જાવું ન જોઈએ. કહો.

**''सर्वानर्थप्रथमम् मथनं शौचस्य, सद्म मायायाः चौर्यासत्यास्पदं द्यूतम् दूरात् परिहरणीयम्' - બધા અનર્થોને ઉત્પન્ન કરનાર, શૌચ જે લોભનો ત્યાગ તેનો નાશ કરનાર અને કપટનું ઘર એવા જુગારને દૂરથી જ છોડવો જોઈએ. ખરી રીતે જુગાર રમવો ઘણું જ ખરાબ કામ છે.'** આ નવરા હોય ત્યારે જુગાર રમે છે ને? સાતમ અને રાંધણછઠ. શું કહેવાય? અમારે 'ઉમરાળા'માં ત્રણ દિ' પાળે મોટા. છઠ, સાતમ અને આઠમ. ન્યાં 'ધ્રોળ'માં મોટો મેળો ભરાય. છઠ, સાતમ, આઠમનો. પછી જુગારીયા જુગાર રમે.

**'જુગાર રમવો ઘણું જ ખરાબ કામ છે. સાત વ્યસનોમાંથી જુગાર જ સૌથી ખરાબ છે.'** લ્યો! ઠીક! માંસ, વેશ્યા, દારૂ, પરસ્ત્રી એમાં જુગાર મહાપાપ છે. એમાં બધું આવી જાય એમ કહે છે. **'જે પુરુષ જુગાર રમે છે તેઓ પ્રાયઃ બધાં પાપોનું આચરણ કરે છે, માટે જુગારનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. તેથી અનર્થદંડત્યાગનારને જુગારનો પણ ત્યાગ કરવો જોઈએ.'** મહા જુગાર. આ સટ્ટો મોટો જુગાર છે, હોં! આહાહા! કાંઈ વેપાર નહિ અને કાંઈ મહેનત નહિ અને પૈસા એકદમ પેદા કરવા, લ્યો! સટ્ટો કરે તો લાખ, બે લાખ, થઈ જાય. મોઢે બોલવું-ચાલવું નહિ, કાંઈ દુકાન માંડવી નહિ કે વાળવું નહિ, ચોળવું નહિ, નોકર રાખવો નહિ. રાખવો પડતો હશે માણસ? એમાં શું? પેલો માલ ભરવો કે આ દુકાનનો માલ નાખવો. પાંચસો ગુણ અનાજની રાખી છે, આ ગોળના ગાડા આવ્યા છે, ફલાણું કાંઈ છે? એય..! જાવ મોઢેથી વાતું. એ લાવો આટલું, આટલું દ્યો! અને એમાં એટલી તૃષ્ણા. આહાહા!

એક ફેરી જોયું હતું મેં ઓલા કોલાબા. કોલાબા છે ને 'મુંબઈ'? કોલાબા હતું ને તે દિ' તો? તે દિ' ક્યાં હતું? (સંવત) ૧૯૬૮ની સાલની વાત છે અને મોટો એક મારવાડી આમ (બોલતો હતો). જોવા ગયા હતા, ભાઈ! શું છે આ વાણિયા, આ બધા ધંધો શું કરે છે? એવા કલુષિત (પરિણામ). ૧૯૬૮ની સાલની વાત છે. રાડે રાડ પાડે. કછોટા વાળ્યા અને મારવાડી.. શું છે પણ? આ હોળી જાણે સળગતી હોય એવી લાગે અંદર. એવી રાડો પાડે. અમારા 'પાલેજ'માં હોલ છે ને? એક ફેરી પહેલા ઉતર્યા ને. એમાં બાર વાગ્યાને રાડ પાડી. શું છે? સળગ્યું કે શું?

મુમુક્ષુ :– ભગવાનના વરઘોડાના... એ આપે છે.

ઉત્તર :– એ આપે છે. એમ છે. કોના રૂપિયા કીધા?

મુમુક્ષુ :– ભગવાનના વરઘોડાના.

ઉત્તર :– વરઘોડામાં એમને? હા, સમજાય ગયું. એમ કહે આવું રળ્યા હોય એ આટલું આપે, એમ કહે છે. વાત સાચી. પછી ન્યાં એટલામાં પાપ જાય. પછી ધર્મમાં ગણી દે.

ધૂળ પણ નથી ધર્મ ન્યાં. ગાયું મારીને કૂતરા ધરવા જેવું છે. ઓહો..હો..! સજ્જનને નીતિના વેપાર (હોય), બહુ પાપ એવા ન હોય. કેવી વાત! સમજાણું?

## ગાથા–૧૪૭

વિશેષ કહે છે :–

एवंविधमपरमपि ज्ञात्वा मुञ्चत्यनर्थदण्डं यः।
तस्यानिशमनवद्यं विजयमहिंसाव्रतं लभते।।१४७।।

અન્વયાર્થ :– [ यः ] જે મનુષ્ય [ एवं विधं ] આ પ્રકારના [ अपरमपि ] બીજા પણ [ अनर्थदंडम् ] અનર્થદંડને [ ज्ञात्वा ] જાણીને [ मुञ्चति ] ત્યાગે છે [ तस्य ] તેને [ अनवद्यं ] નિર્દોષ [ अहिंसाव्रतं ] અહિંસાવ્રત [ अनिशम् ] નિરંતર [ विजयम् ] વિજય [ लभते ] પામે છે.

ટીકા :– 'यः एवं विधं अपरं अपि अनर्थदण्डं ज्ञात्वा मुञ्चति तस्य अनवद्यं अहिंसांव्रतं अनिशं विजयं लभते' - અર્થ :– જે મનુષ્ય આ રીતે બીજા પણ પાપબંધ કરનાર અનર્થદંડને જાણીને છોડે છે, તે પુરુષનું પાપરહિત અહિંસાવ્રત હંમેશા વિજય પામે છે, અર્થાત્ સદૈવ પુણ્યબંધ કરતો, પાપનો ત્યાગ કરતો થકો કર્મોની નિર્જરા કરે છે.

ભાવાર્થ :– સંસારમાં એવાં નાનાં નાનાં ઘણાં કાર્યો છે કે જેને કરવાથી વ્યર્થ જ પાપનો બંધ કર્યા કરે છે, તેથી બધા મનુષ્યોએ જેનાથી પોતાનું કાંઈ પ્રયોજન નથી એવા વ્યર્થ અનર્થદંડોનો ત્યાગ અવશ્ય કરવો-એ તેમનું કર્તવ્ય છે. આ રીતે ત્રણ ગુણવ્રતોનું વર્ણન સમાપ્ત કર્યું. ૧૪૭.

---

'વિશેષ કહે છે :–'

एवंविधमपरमपि ज्ञात्वा मुञ्चत्यनर्थदण्डं यः।
तस्यानिशमनवद्यं विजयमहिंसाव्रतं लभते।।१४७।।

'**જે મનુષ્ય આ પ્રકારના બીજા પણ અનર્થદંડને જાણીને...**' વગર પ્રયોજનના પાપને છોડી દઈને. જાણીને છોડે છે એમ કીધું છે ને? જ્ઞાત્વા. પહેલા જાણે તો ખરો કે, આ પાપ આવા છે. '**ત્યાગે છે તેને નિર્દોષ અહિંસાવ્રત નિરંતર વિજય પામે છે.**' લ્યો! મેળવ્યું પાછું અહિંસા ઉપર. મૂળ તો અહિંસા, પેલી હિંસા. અનર્થદંડના પરિણામ મહાહિંસા છે,

www.vitragvani.com



અને એનો ત્યાગ, **'નિર્દોષ અહિંસાવ્રત નિરંતર વિજય પામે છે.'** અહિંસાનો ત્યાં વિજય છે. ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટાના ભાનમાં, જેટલો આ રાગનો અભાવ કરીને જેટલી સ્થિરતા કરે તેટલો અહિંસાનો જય છે. કહો, સમજાણું કાંઈ? એનું વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૬૦ ગાથા–૧૪૭ થી ૧૪૯ બુધવાર, અષાઢ સુદ ૫, તા. ૧૨-૦૭-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૧૪૭. અનર્થદંડના ત્યાગની વ્યાખ્યા આવે છે.

**ટીકા :– ''यः एवंविधं अपरं अपि अनर्थदण्डं ज्ञात्वा मुञ्चति तस्य अनवद्यं अहिंसांव्रतं अनिशं विजयं लभते' - જે મનુષ્ય...'** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનના ભાન સહિત, પાંચ અણુવ્રતના સહિત પાંચ અણુવ્રતની રક્ષારૂપ, દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડત્યાગવ્રત, એવા જે ત્રણ ગુણવ્રત, એને આ રીતે ધારણ કરે છે. **'બીજા પણ પાપબંધ કરનાર અનર્થદંડને જાણીને છોડે છે,...'** ઘણા તો કહ્યા, પણ એ સિવાય નિરર્થક પાપના બંધનના કારણ હોય, એ શ્રાવક છોડે છે. જેને આત્માની સ્વસન્મુખ થવાનો જ જ્યાં પ્રયત્ન અને ભાવ છે, એને પર સન્મુખના આવા અનર્થદંડત્યાગના ભાવનો ત્યાગ હોય છે.

કારણ કે કરવાનું તો કરી કરીને એ છે ને? વસ્તુ ચૈતન્ય જે સ્વભાવે કાયમી છે, એના સન્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરવાની છે. કહો, 'સેઠી'! વાસ્તવિક આત્મા આમ કેમ છે એ પહેલો એને ખ્યાલમાં (આવવો જોઈએ). કીધું ને અહીં? **'અનર્થદંડને જાણીને છોડે છે,...'** જાણ્યા વિના શી રીતે (છોડે)? કે, આ વગર પ્રયોજનના પાપ છે, એમ જાણીને છોડે. એમ આત્મા શું વસ્તુ છે આ તે? સમજાણું કાંઈ?

સાકરનો એક ગાંગડો હોય અને ઉપર મેલ હોય, પણ મેલની અંદરમાં આખી સાકરની મીઠાશ ભરેલી છે. એ ન જોવે ત્યાં સુધી એ સાકરના સ્વરૂપને જાણી શકે નહિ. એમ ભગવાનઆત્મા એના ઉપર તો પુણ્ય-પાપના મલિન પરિણામ દેખાય છે. ભિન્ન પડ્યા છતાં હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના રાગથી ચૈતન્યના સ્વભાવને, એકલો સાકર અમૃત આનંદનો જ એ ગાંગડો છે, એને આ મેલથી, પુણ્ય-પાપથી ભિન્ન દૃષ્ટિ થઈ અને જ્ઞાન થયું છે, એને એ પુણ્ય-પાપના જે તીવ્ર ભાવ છે એને ઘટાડવા એ અણુવ્રત આદિના ભાવને આદરે છે. કહો, સમજાણું કાંઈ? મેલ છે એ. સ્વરૂપ નિર્મળ છે, એની દૃષ્ટિ, જ્ઞાન કરીને સ્થિરતા કરવા માટે આવા અનર્થના, વગર પ્રયોજનના પાપના પરિણામ છોડે છે. જેથી સ્વભાવ તરફની એકાગ્રતા વધે છે. સમજાણું કાંઈ?

**'તે પુરુષનું પાપરહિત અહિંસાવ્રત...'** ભગવાનઆત્મા બિલકુલ રાગ વિનાની ચીજ (છે)

એવું અંદર ભાન થયેલું, એને સ્થિરતા માટે આવા અનર્થદંડનો ત્યાગ હોય છે, તેને **'અહિંસાવ્રત હંમેશા વિજય પામે છે,...'** એને રાગ વિનાની અહિંસા, તેનો વિજય થાય છે. 'સેઠી'! આહાહા! સમજાણું? **'અર્થાત્ સદૈવ પુણ્યબંધ કરતો,...'** એટલે કે પેલો એટલો ત્યાગનો વિકલ્પ છે ને? એનું પુણ્યબંધ થાય છે, અને તીવ્ર પાપનો ત્યાગ થાય છે. કર્મોની નિર્જરા (થાય છે), એ પણ સ્વરૂપમાં જેટલી એકાગ્રતા થાય છે, એટલી નિર્જરા થાય છે. જેટલો વિકલ્પ રહ્યો તેનું પુણ્ય થાય છે અને પાપના વિકલ્પનો ત્યાગ છે (એમ) ત્રણ વાત લીધી. સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ, એની સન્મુખતાની જે દૃષ્ટિ ને જ્ઞાન થયું છે, એ ઉપરાંત જેટલો સ્થિરતાનો અંશ પ્રગટે છે એટલી નિર્જરા છે અને આ ત્યાગું છું એવો જે શુભભાવ છે, એ પુણ્યબંધ છે. અને તીવ્રપાપના પરિણામનો ત્યાગ છે, એટલે પાપનો ત્યાગ છે. સમજાણું કાંઈ? 'સેઠી'! આ તમારે 'જયપુર'માં ક્યાંય ન મળે.

મુમુક્ષુ :– એટલે તો અહીંયાં આવ્યા છીએ.

ઉત્તર :– સવારે વાત થઈ હતી. 'હુકમીચંદ' છે એ પંડિત ઠીક લાગે છે હોં! 'સેઠી'! એમ લાગ્યું. કો'કે કહ્યું હતું. કોણે કહ્યું હતું? 'ચેતનજી'એ? ભાઈએ કહ્યું હતું. વાત કરી, મેં કીધું કો'કે કહ્યું હતું, ભાઈએ કહ્યું હતું. 'હુકમીચંદ' 'હિંમતભાઈ'એ કહ્યું હતું. સાચી વાત. 'ઈંદોર'માં એક 'હુકમીચંદ' પંડિત છે ને? એ ઠીક માણસ લાગે છે. બીજો તો કોઈ ત્યાં રહી શકે નહિ. કોઈકે કહ્યું હતું. બે ભાઈઓ. આ પંડિત, 'હુકમીચંદ' એણે ત્યાં સુધાર્યું છે. 'અશોક' 'ઈંદોર'માં પણ. એ માણસ જરીક વ્યવસ્થિત (લાગે છે). એ જો એને મળી જાય. 'સેઠી'! એ વાત સવારે રસ્તામાં થઈ ગઈ હતી. અમારે 'હિંમતભાઈ'ની (સાથે) વાતું નીકળે રસ્તામાં. કાંઈક આ માર્ગને પુષ્ટિ થાય અંદરની અને રાગ ઘટે એવી કથન શૈલીની પદ્ધતિ હોવી જોઈએ. સમજાણું? અને એ આખા 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં વર્ણવ્યું છે, તો એની પુષ્ટિ થવી જોઈએ ને? એ તો 'મહેન્દ્રભાઈ'ને એ કરશે ને? 'મહેન્દ્રભાઈ'ને કીધું હતું. આ બધું તમે કરીને બેઠા હવે જવાબદારી તમારે માથે આવી ગઈ. એક માણસને જોશે, ફલાણું કરવું, બધું કરવું પડશે કે નહિ? કે, હા, હા, અમે કરશું, કરશું. એ ક્યાં 'બાબુભાઈ' ના પાડે એવા નહિ એ કાંઈ.

જુઓ! અહીં ત્રણ બોલ ઉપરથી આ તો વિચાર આવ્યો. જુઓ! કે, એક તો વસ્તુની અંદર દૃષ્ટિ, ચૈતન્યમૂર્તિ (છે) એ વાત પહેલી હોવી જોઈએ. અને પછી તીવ્રરાગ છોડવા, મંદરાગનો વિકલ્પ હોય. એ મંદરાગના વિકલ્પને વ્યવહારવ્રત કહે છે, જે પુણ્યબંધનું કારણ છે અને તીવ્રપાપના પરિણામનો ત્યાગ હોય. સ્વરૂપની જેટલી એકાગ્રતા હોય તેટલી સંવર અને નિર્જરા હોય. સમજાણું કાંઈ? આ માર્ગ છે, ભાઈ! આ વિના ક્યાંય બીજો રસ્તો નથી. કહો, સમજાણું? એ બહારના ગમે એટલા કરોડો રૂપિયા ખર્ચે અને આમ કરે ને તેમ કરે અને મકાન કરે. પણ આ માર્ગ લીધા વિના એને કોઈ દિ' શ્રેય થાય એવું નથી. કહો,

www.vitragvani.com



સમજાણું આમાં?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ શોભા હતી બહારની? શુભભાવ પણ ખરી શોભા નથી અહીં તો. એ તો એક બહાર વ્યવહારે (કહેવાય). એમાં કોણ છે? વ્યવહાર કોને કહેવો? આહાહા! એવો માર્ગ, ભાઈ!

એવો માર્ગ વીતરાગનો એટલે કે આત્માના સ્વભાવનો. એનો સ્વભાવ જ જ્ઞાન (છે). એને હલવું કે વિકલ્પ થવો, એ એનું સ્વરૂપ જ નથી. આહાહા! વ્રત-અવ્રતના વિકલ્પ થવા એ પણ એનું સ્વરૂપ નથી. આવું સ્વરૂપ (છે), બાપા! આહાહા! એવો એ જ્ઞાનનો, સાકરનો અતીન્દ્રિય ગાંગડો (છે). એના જેને સ્વાદ લેવા છે, એણે તો એના પ્રત્યેની એકાગ્રતા, સન્મુખતા પહેલી કરવી જોશે. પહેલી દૃષ્ટિની સન્મુખતા થયા પછી સ્થિરતાની સન્મુખતા માટે આવા અણુવ્રત આદિના ભાવો એને હોય છે, એ વિકલ્પ હોય છે, પણ પાછળ જેટલી સ્થિરતા એટલી સન્મુખતા છે. સમજાય છે કાંઈ? 'રાજમલજી'! બહુ ન આવ્યું. ત્રણ બોલ આવ્યા, ત્રણ. સ્થિરતા, પુણ્ય અને પાપનો ત્યાગ.

વસ્તુ છે, ભલે ગૃહસ્થાશ્રમ હો, સ્ત્રી-કુટુંબ પણ હો, એ તો હોય. રાગ હોય. છતાં એની દૃષ્ટિમાં શુદ્ધચૈતન્ય જે સ્વરૂપે છે, જેટલી તાકાતવાળું છે, જેટલા ગુણના સ્વભાવવાળું જેટલું છે એવું એના સન્મુખની દૃષ્ટિ પહેલી હોય. એ વિના ડગલું આઘુ ચાલે એવું નથી. એમાં વિશેષ સ્થિર થવા માટે આવા અણુવ્રત આદિ (હોય છે). એકદેશ અંશે સ્થિરતા વિશેષ આશ્રય કરીને થાય છે, એમાં આવા અણુવ્રત આદિના ભાવ વ્યવહારે હોય છે. સમજાણું કાંઈ? એમ આ કહ્યું છે કે, **'સદૈવ પુણ્યબંધ કરતો,...'** વિકલ્પ જેટલો છે એનું પુણ્ય થાય છે, તીવ્ર છૂટે એટલો પાપ છૂટે છે, અને અંતરની એકાગ્રતા એટલે કર્મોની નિર્જરા કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એક સરખું બન્નેને કહેવાય ને?

ઉત્તર :– બન્નેને કહેવાય. નિર્જરા એને દેશવ્રત કહેવાય. કારણ કે સ્થિરતા અંશ છે. શુભ પરિણામ છે એને વ્યવહારે દેશવ્રત કહેવાય. કહો, બેને શું તમારે કહેવું છે? જે સ્વરૂપની દૃષ્ટિ થઈ છે, ઉપરાંત સ્થિરતા અંશ (છે) એ પણ દેશવ્રત પરમાર્થે (છે) અને વિકલ્પ જેટલો રહ્યો એ વ્યવહારે દેશવ્રત છે.

પહેલું તો જ્ઞાત્વા કહ્યું છે ને? જુઓને! એને જાણ તો ખરો કે, આ કેમ છે? આ ચીજ કેવી રીતે (છે)? કઈ રીતે છુટે? આશ્રય કઈ રીતે થાય? એ શું ચીજ છે? એના જ્ઞાનમાં એ રીતે ન આવે તો એ ગતિ ક્યાં કરશે? સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! આખી દિશા પલટાવવાની છે. આહાહા! આમ, આમ ઝુકી ગયો છે ને? એને આમ ઝુકાવવાનો માર્ગ જ કોઈ અલૌકિક છે. આહા..! સમજાણું કાંઈ? કેમકે વસ્તુ અંતર્મુખ પડી છે. બહિરની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પર્યાયમાં તો રાગાદિ છે. એવા ભગવાનઆત્મા, એના તરફની દૃષ્ટિ કરી અને અહીં દેશવ્રતની સ્થિરતાની વ્યાખ્યા ચાલે છે.

કરી શકે તો સર્વવિરતી કરવી. તો કહે એમ જ હોય ને, ભાઈ! શક્તિ ન હોય તો દર્શનશુદ્ધિ રાખવી પહેલી. અને પછી વિશેષ શક્તિ હોય તો એમાં સ્થિરતાનો અંશ સ્વનો આશ્રય થોડો વિશેષ લેવો. એમાં સ્થિરતા પટ રહે એટલે બીજો કષાય ટળે, ત્યારે તેને આવા વ્રતના વિકલ્પો હોય. અહિંસા, સત્ય, દત્ત આદિ, એના રક્ષા માટેના ત્રણ ગુણવ્રત હોય. સમજાણું? દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડત્યાગ. અલૌકિક વાત છે. વીતરાગનો માર્ગ...

ભાવાર્થ :– **'સંસારમાં એવાં નાનાં નાનાં ઘણાં કાર્યો છે કે જેને કરવાથી વ્યર્થ જ પાપનો બંધ કર્યા કરે છે,...'** મફત કર્યા કરે. બેઠો બેઠો વાતું કરે, કો'કને આમ કરે, બહાર કુથલી કરે. એવી વાર્તા માંડે, કથાઓ કરે, એ ખોટા ગપ્પા મારે. નવરો છે. આહા..! અરે..! ભગવાન આવો વખત મળ્યો, ભાઈ! એ વાતું કરવાનો વખત છે કે બાપા અંદર જવાને માટે પ્રયત્ન કરવાનો વખત છે? આહાહા! અને **'પાપનો બંધ કર્યા કરે છે,...'** વ્યર્થ પાપના પરિણામ, કુથલી કર્યા કરે. **'તેથી બધા મનુષ્યોએ જેનાથી પોતાનું કાંઈ પ્રયોજન નથી એવા વ્યર્થ અનર્થદંડોનો ત્યાગ અવશ્ય કરવો–એ તેમનું કર્તવ્ય છે. આ રીતે ત્રણ ગુણવ્રતોનું વર્ણન સમાપ્ત કર્યું.'** લ્યો! ત્રણ ગુણવ્રતોનું (વર્ણન કર્યું).

## ગાથા–૧૪૮

**હવે ચાર શિક્ષાવ્રતોનું વર્ણન કરે છે :–**

**પહેલું સામાયિક શિક્ષાવ્રત**

**रागद्वेषत्यागान्निखिलद्रव्येषु साम्यमवलम्ब्य।**
**तत्त्वोपलब्धिमूलं बहुशः सामायिकं कार्यम्।।१४८।।**

**અન્વયાર્થ :– [ रागद्वेषत्यागात् ] રાગ-દ્વેષના ત્યાગથી [ निखिलद्रव्येषु ] બધા ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં [ साम्यं ] સામ્યભાવને [ अवलम्ब्य ] અંગીકાર કરીને [ तत्त्वोपलब्धिमूलं ] આત્મતત્ત્વની પ્રાપ્તિનું મૂળકારણ એવું [ सामायिकं ] સામાયિક [ बहुशः ] વારંવાર [ कार्यम् ] કરવું જોઈએ.**

ટીકા :– **'निखिलद्रव्येषु रागद्वेषत्यागात् साम्यं अवलम्ब्य तत्त्वोपलब्धि मूलं सामायिकं बहुशः कार्यम्।' - અર્થ :– સમસ્ત ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગદ્વેષ ભાવોનો ત્યાગ કરવાથી, સમતાભાવનું આલંબન કરીને, આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં મૂળકારણ સામાયિક છે**

www.vitragvani.com



**તે વારંવાર કરવું જોઈએ, અર્થાત્ દરરોજ ત્રણે કાળે કરવું જોઈએ. તેને જ સામાયિક શિક્ષાવ્રત કહે છે.**

**ભાવાર્થ :– 'સમ્' એટલે એકરૂપ અને 'અય' એટલે આત્માના સ્વરૂપમાં ગમન તે 'સમય' થયું. એવો 'સમય' જેનું પ્રયોજન છે તેને સામાયિક કહે છે. આ સામાયિક સમતાભાવ વિના થઈ શકે નહિ. તેથી સુખદાયક અને દુઃખદાયક પદાર્થોમાં સમાન બુદ્ધિ રાખતો શ્રાવક ત્રણે કાળે પાંચે પાપોનો ત્યાગ કરીને અવશ્ય સામાયિક કરે. એને સામાયિક શિક્ષાવ્રત કહે છે. ૧૪૮.**

---

હવે આવી સામાયિક. શિક્ષાવ્રતનું પહેલું વ્રત નિયમ, સામાયિક. '**હવે ચાર શિક્ષાવ્રતનું વર્ણન કરે છે :–**' પાંચ અણુવ્રત થઈ ગયા, ત્રણ ગુણવ્રત થઈ ગયા–આઠ અને ચાર શિક્ષાવ્રત. એમાં પહેલી સામાયિક. લ્યો! એ તો બહુ પ્રસિદ્ધ છે, સામાયિકનું નામ તો. 'ન્યાલચંદભાઈ'! એ તો બહુ પ્રસિદ્ધ. સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં, દિગંબરમાં સામાયિક, સામાયિક નામ (પ્રસિદ્ધ છે).

મુમુક્ષુ :– તમે કોઈ દિ' સામાયિક કરો છો?

ઉત્તર :– સામાયિક કરો છો? પાછું પુછે એ. પછી કીધું હતું ને તે દિ'? કઈ સાલ છેલ્લે ભેગા થયા એ? (સંવત) ૧૯૯૦. એક જણો આવ્યો, સામાયિક કરો છો? કે, હા. પોષા કરો છો? કે, હા. પડિકમણા કરો છો? કે, હા. ચોવિયાર કરો છો? કે હા. પછી વાત ચાલતા ત્યારે કહે, મહારાજ! કેટલા પરમાણુઓનો આત્મા બન્યો હશે? કોણ જાણે તમારે એય..! 'પાણવી'. 'બરવાળા' પાસે નહિ પેલા 'ઉજમશીભાઈ' હતા? કોણ? 'ઉજમશી'ના મામા હતા. 'ઉજમશી' 'રોજકા'વાળા. એના મામા. નામ શું હશે? ડોસા હતા, ડોસા. એક ફેરી 'પાણવી' ગયા હતા ત્યારે એક ફેરી ત્યાં ઉતર્યા હતા, હોં! ખુબ વાત થઈ, ઘણું માણસ આવેલું. ભેગા થયેલા બે દિવસ. રાતે નીકળતા-નીકળતા. વાત તો મારી સાથે થતી હોય ને બધી. બેસે. એમ કરતાં કરતાં (કીધું), ઘણા પરમાણુનો પિંડ આ સોનું બને. ઘણા રજકણો છે, એ એક નથી. સોનું એ જગતની સ્વતંત્ર પર્યાય એની થાય, આત્મા એને કરે નહીં. ત્યારે કહે, આત્મા કેટલા પરમાણુનો બનેલો હશે? આ સામાયિકના કરનારા. 'ભગવાનભાઈ'! હજી કેટલા પરમાણુનો આત્મા બને એ સામાયિક કરે ને પોષા કરે. ભાન ન મળે હજી તો આત્મા કેવો ને ક્યાં છે? આહાહા!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ બેસવું લ્યો! ઠીક. એ બધું કરેલું ખરું ને એણે?

'**પહેલું સામાયિક શિક્ષાવ્રત...**' લ્યો!

**रागद्वेषत्यागान्निखिलद्रव्येषु साम्यमवलम्ब्य।**

www.vitragvani.com



तत्त्वोपलब्धिमूलं बहुशः सामायिकं कार्यम्।।१४८।।

વાહ! **'રાગ-દ્વેષના ત્યાગથી...'** જુઓ! સામાયિક એને છે કે જેને રાગ-દ્વેષનો અભાવ એવા સ્વભાવની દૃષ્ટિ થઈ છે, એને રાગ-દ્વેષના ત્યાગની પરિણતિ પ્રગટ થાય, એને સામાયિક કહે છે. પહેલો આત્મા જ રાગ-દ્વેષ વિનાનો છે, એ શુદ્ધચૈતન્ય છે. એવી અંતરદૃષ્ટિ થઈ છે, એને પછી જે રાગ-દ્વેષ રહ્યા છે, એ રાગ-દ્વેષનો ત્યાગ થઈને સ્વરૂપમાં નિર્વિકલ્પ સ્થિરતા થાય તેને સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં તો વીતરાગભાવ હતો, સ્થિરતા નહોતી. એ સ્થિરતા, રાગ અને દ્વેષની અસ્થિરતા જે હતી, ભિન્ન તો જાણ્યો હતો, પણ છતાં તેમાં ઠરવાની શક્તિ નહોતી, એથી જેટલા પુણ્ય-પાપના વિકલ્પો શુભા-શુભભાવ, એ રાગ-દ્વેષને અંશે છોડી, સ્વરૂપમાં સ્થિર નિર્વિકલ્પ શાંતિમાં આવે, એને સામાયિક કહે છે. જુઓ! આ સામાયિક.

પાંચ અણુવ્રતનું આ રક્ષણ છે. જે સ્થિરતાનો અંશ પ્રગટ્યો છે, એમાં વધારે સ્થિરતા થવામાં, પુષ્ટિ થવાનું આ કારણ છે, એમ કહે છે.

**'બધા ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં...'** જોયું? ભાષા. એ વખતે તો પોતે ધ્યાનમાં હોય છે, એમ કહે છે. આહાહા! ભગવાનઆત્મા શુદ્ધ આનંદનો ગાંગડો, એના સ્વાદમાં નિર્વિકલ્પમાં સ્થિર હોય છે, એમ કહે છે. ગૃહસ્થાશ્રમ હોવા છતાં, સ્ત્રી-કુટુંબ હોવા છતાં, જ્યારે પોતે સામાયિક કરે છે, ત્યારે તે બધા દ્રવ્યો પ્રત્યે, બધા પ્રત્યે શબ્દમાં બધું આવી ગયું, હોં! દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ અને પરિવાર, વેપાર એ બધા દ્રવ્યથી લક્ષ ખસી ગયું છે, એમ કહે છે. સામાયિકકાળમાં એક સ્વદ્રવ્યમાં સ્થિરતા કરવા માટે, આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય બધાય, એમાંથી જેનું લક્ષ ખસી ગયું છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ સ્વરૂપની સ્થિરતા કરવાનો આ એક અખતરો છે. વસ્તુ આ છે એવું જે ભાન થયું છે, પછી એમાં સ્થિર થઈ શકું છું કેટલું, એ એક એનો આ સામાયિક અખતરો, અજમાઈશ છે. દિન, દિન પ્રત્યે. સવાર-સાંજ એ તો કરવી જોઈએ. એમ. મધ્યાહ્ન લેશે ને? પછી મધ્યાહ્ન પણ નાખશે.

**'બધા ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં સામ્યભાવને અંગીકાર કરીને...'** જુઓ! ઇષ્ટ-અનિષ્ટ બન્ને. દેવ-ગુરુ-શાસ્ત્ર, પરપદાર્થ, ઇષ્ટ હો કે અનિષ્ટ સ્ત્રી, કુટુંબ આદિ બધા પ્રત્યે આખું વલણ ખેંચીને, સ્વભાવ સન્મુખ કરે છે. જુઓ! આ સામાયિક. આ તો સામાયિકની ખબર પણ ન મળે. સામાયિક ચાર, પાંચ, દસ પથરણે બેસીને કરી નાખી. પથરણે. અંદરમાં આસન નાખીને અંદર સ્થિર થવું એની ખબર ન મળે. સામાયિક તો અંદરમાં થાય છે. એનું જ્ઞાન પણ ન મળે.

કહે છે, **'બધા ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં સામ્યભાવને...'** પહેલું પેલું કીધું હતું નાસ્તિ, રાગ-દ્વેષનો અભાવ. બધા દ્રવ્ય પ્રત્યે સામ્યભાવ, જ્ઞાતા-દૃષ્ટા થઈ. એવા **'સામ્યભાવને 'अवलम्ब्य' અંગીકાર કરીને 'तत्त्वोपलब्धिमूलं' આત્મતત્ત્વની...'** વિશેષ સ્થિરતાની **'પ્રાપ્તિનું**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**મૂળ કારણ (છે)...'** એકલું તત્ત્વ એમ નહિ. વિશેષ તત્ત્વ જે છે, સ્થિરતાની વિશેષ આત્માની પ્રાપ્તિનું મૂળ કારણ છે. આત્માની પ્રાપ્તિનું એટલે સમ્યગ્દર્શન તો છે, પણ તે ઉપરાંત આત્માની વિશેષ સ્થિરતારૂપ આત્માની પ્રાપ્તિનું એ સામાયિક કારણ છે. સમજાણું કાંઈ? આહાહા!

'**तत्त्वोपलब्धिमूलं**' તત્ત્વ એવું જે આત્મા એને પ્રાપ્તિનું એટલે સ્થિરતાથી આ આત્માનો આશ્રય કરવામાં, આ સામાયિક મૂળ કારણ છે. આહાહા! '**એવું સામાયિક વારંવાર કરવું જોઈએ.**' આવું સામાયિક શ્રાવકે કરવું જોઈએ. લ્યો! 'સેઠી'! અત્યારે તો સામાયિકની વ્યાખ્યા પણ સરખી ચાલતી નથી. એ તો બેઠો સમજ્યા વિના કે, બેસો ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... સામાયિક થઈ ગઈ, લ્યો! બે ઘડી થઈ ગઈ. જાવ. કાંઈ હિંસાનું વાક્ય બોલ્યા છીએ? બાપા! અમે કાંઈક દુકાને બેઠા છીએ? અહીં તો અપાસરામાં બેઠા છીએ, દેરાસરમાં બેઠા છીએ કાં સમ્મેદશિખરમાં બેસીને ધ્યાન કરીએ. કહે છે કે, ક્ષેત્ર ગમે તે હો, કાળ ગમે તે હો. ભાવમાં વસ્તુ જે અખંડાનંદકંદ વસ્તુ પદાર્થ છે તેની અંતરમાં દૃષ્ટિ પડ્યા વિના, એને પ્રાપ્તિ સ્થિરતા કરવાનો ભાવ હોય શકે નહિ. સમજાણું કાંઈ? આ વ્યાખ્યા ન્યાં 'જયપુર'માં તમે ૭૦ વર્ષમાં નહોતી સાંભળી.

એમ છે 'મીઠાલાલ' છે ને? મીઠું જ બોલે એ. આહાહા!

ભાઈ! તું તો વીતરાગ સ્વરૂપ છો ને? પ્રભુ! વીતરાગ સ્વરૂપમાં વિકલ્પ હલે, હલે છે એ કાંઈ વસ્તુ સ્વરૂપ છે? સ્થિરબિંબ ચૈતન્ય છે ને! એકલું જ્ઞાયક ચૈતન્યબિંબ છે ને! એની દૃષ્ટિ કરી એટલે હવે આમાં આની પૂર્ણ પ્રાપ્તિ કેમ થાય? એવી ઝંખના સમ્યગ્દૃષ્ટિને હોય છે. એ ઝંખનામાં પહેલો પ્રયોગ સામાયિકનો હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહો..! એ જગતના વેપાર-ધંધામાં પડ્યો પહેલો, એ જ્યારે છૂટે ત્યારે બધું લક્ષ છૂટી જાય છે. વેપાર કે ધંધા કે સ્ત્રી-કુટુંબ. એના મકાનના બંગલે ભલે બેઠો હોય ક્યાંક માથે.

બધા '**निखिलद्रव्येषु**' જુઓને! ઓહો..હો..! બધા દ્રવ્યોથી ઇષ્ટ-અનિષ્ટ રાગને હટાડી, વર્તમાન ભગવાનઆત્મામાં સામ્યતા પ્રગટ કરી અને એને અવલંબે. ભગવાનઆત્મા એની શાંતિની વિશેષ સ્થિરતારૂપ આત્માની પ્રાપ્તિ, એનું આ સામાયિક કારણ છે. કહો, 'ભગવાનભાઈ'! ન્યાં 'ભાવનગર'માં કોઈ દિ' આવી સામાયિક સાંભળી નહિ હોય. આહા..! જુઓ! આચાર્યોની કથની, સામાયિકની કથની. પાઠમાં પડ્યા છે, ભર્યા છે પણ વાંચતા પણ નથી લ્યો! આ પુસ્તક કાંઈ હમણાનું બનેલું નથી, આ તો નવસો વર્ષ પહેલાનું છે. 'અમૃતચંદ્રાચાર્ય'નું છે. અહીં 'સોનગઢ'નું નથી આ. આહાહા!

સંતોએ પણ સામાયિકની સ્થિતિને આબેહુબ ચિતરી છે. આહાહા! ભાઈ! તારું સ્વરૂપ છે ને, ભાઈ! વીતરાગ ને જ્ઞાન છે ને? એવી દૃષ્ટિ થઈ પછી એમાં સ્થિરતા કરવાની ભાવના હોય છે, તો દિન દિન પ્રત્યે થોડો અજમાઈશનો પ્રયોગ સાંજ, સવાર અને મધ્ય (કરે છે). અહીં બે અર્થ કહેશે ને એ મધ્ય છે. સમજાણું કાંઈ? '**સામાયિક વારંવાર કરવું જોઈએ.**'

www.vitragvani.com



ઓહો..હો..! કેવા વેપાર-ધંધા, એના વિકલ્પો હોય, એને એકદમ બે ઘડીમાં સમારવા. બાહ્યમાં અબજોપતિ હોય, કરોડોપતિ હોય. પતિ તો આત્માનો છે પણ વ્યવહારથી બાહ્ય કહે ને. એ જ્યારે સામાયિકમાં બેસે. આત્મા ઉપર નિર્વિકલ્પ દૃષ્ટિ સહિત નિર્વિકલ્પ સ્થિરતા કરે છે ત્યારે તેને સામ્યભાવ પ્રગટ થાય છે. એટલે વીતરાગ પર્યાય પ્રગટી એમ કહેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નહિ, સામાયિક છે જ નહિ. છે જ નહિ, સામાયિક ક્યાંથી? મિથ્યાદૃષ્ટિને સામાયિક ક્યાંથી આવી?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મિથ્યાત્વ છે, મિથ્યાત્વની સામાયિક છે એ તો. મિથ્યાત્વનો લાભ છે. હજી વસ્તુની દૃષ્ટિની જ ખબર ન મળે. સામાયિક તો વ્રત છે. આ તો પંચમગુણસ્થાનની વાત છે. ચોથાગુણસ્થાનના ઠેકાણા ન મળે ને પાંચમાનો પ્રયોગ આવ્યો ક્યાંથી?

મુમુક્ષુ :– સ્થિરતા લાવે.

ઉત્તર :– પણ ક્યાંથી સ્થિરતા લાવે? ધૂળમાંથી? હજી જે વસ્તુ છે, જેમાં સ્થિર થવું એ વસ્તુ કેવી છે, એ દૃષ્ટિમાં તો આવી નથી, સ્થિરતાનો ક્યાં પ્રયોગ કરે? એ તો એકલો અસ્થિરતાનો પ્રયોગ કરે છે. 'સેઠી'! શું ચીજ છે? એ દૃષ્ટિમાં તો આવ્યું નથી કે, આ ચીજ છે અને એ ચીજમાં હવે સ્થિર થવું છે, એ પ્રયોગ કરવો છે. તો એ ચીજની તો ખબર નથી. પછી કહે મિથ્યાદૃષ્ટિ સામાયિક કરે ને? કરે બાળવ્રત, બાળતપ. મિથ્યાદૃષ્ટિને દૃષ્ટિના હજી ઠેકાણા નથી એને સામાયિક કેવા? હજી સમકિત નથી ત્યાં સામાયિક કેવા? એ સ્થિરતાનો પ્રયોગ શેમાં કરે? રાગમાં કરે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઉલટો પ્રયાસ થઈ જાય.

ઉત્તર :– ઉલટો પ્રયાસ. અને માને કે કાંઈક અમે સ્થિરતાનો પ્રયોગ કરીએ છીએ. મિથ્યાત્વ પુષ્ટિ થઈ જાય, મિથ્યાત્વની પુષ્ટિ વધે. આહાહા! માર્ગ એવો છે, ભાઈ! સ્થિરતા કોને હોય? સમ્યગ્દર્શન પછી સ્થિરતા હોય કે સમ્યગ્દર્શન વિના હોય? કેમકે સ્થિરતા જેમાં કરવી છે એ ચીજથી તો ઓળખાણ થઈ નથી. શરીરને બેસાડી રાખવું છે? એ તો બેઠું જ છે એમ ને એમ એનામાં. એમાં આત્માને શું? અને એમાં રાગ આવે, તો એ તો વિકલ્પ પુણ્ય છે, એમાં આત્માને શું? ભાઈ! આત્માનો માર્ગ નિરાલંબી અલૌકિક છે. એણે અનંતકાળમાં કોઈ દિ' એક સમય પણ વસ્તુની પ્રાપ્તિ કરી નથી. જુઓ! કેટલી વ્યાખ્યા કરી છે.

**'સામ્યભાવને અંગીકાર...'** સામ્યનો અર્થ શુદ્ધોપયોગ. એ બીજી ભાષા કરી અહીં વળી લ્યો! એ આવ્યું. ઇષ્ટ-અનિષ્ટ પદાર્થમાં શુભ-અશુભભાવથી ખસી અને સામ્યભાવને અંગીકાર કરી, શુદ્ધોપયોગને અંગીકાર કરી, લ્યો! એ ભાઈ! આ તો યાદ આવ્યું. પેલું સામ્ય આવે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે ને? 'પ્રવચનસાર' એ સામ્ય છે આ, એ સામ્ય છે. પેલું વિશેષ સામ્ય. ઓહો..હો..! વાહ.. વાહ! વસ્તુ જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય સ્વરૂપ, અનાકુળ આનંદ આખું તત્ત્વ જેની દૃષ્ટિમાં, જ્ઞાનમાં, પ્રતીતમાં આવ્યું છે. હવે એમાં ઠરે છે એને શુદ્ધોપયોગરૂપી સામ્યભાવ કહે છે. એ શુદ્ધોપયોગ સામ્યભાવ તે નિર્વિકલ્પ પરિણામ છે, એને સામાયિક કહેવામાં આવે છે. આહાહા! કહો, 'રાજમલજી'! એણે સાંભળ્યું ન હોય ન્યાં 'કુચામણ' માં કોઈ દિ'. આ લોકોએ બે જણાએ બહુ પ્રયાસ કર્યો. બે જણાએ ગામમાં ધમાલ ધમાલ કરી નાખી. દસ-દસ હજાર માણસ. આ લોકો પણ પહેલા ડરી ગયા હતા. આ હોશિયાર માણસ પણ. આઠ પહેલા હજી શું થશે, શું થશે? થઈ ગયું હતું. એ કહેતા હતા. પછી તો વળી એ માણસ... માણસ... માણસ... વ્યાખ્યાનમાં દસ હજાર માણસ. મોટો પંડાળ બનાવ્યો. ખીચોખીચ ભરેલો. એ થવા કાળ હોય છે. આ આત્મામાં એકાગ્ર થવું એ ખરો સંપ્રદાય છે. એ પંડાળ બાંધેલો અંદરમાં. કહો, સમજાણું આમાં? આહાહા!

**ટીકા :–** **'निखिलद्रव्येषु रागद्वेषत्यागात्'** જુઓ! શબ્દ ફેરવ્યા છે, બન્નેના ફરે છે ને? પેલામાં **'रागद्वेषत्यागात् निखिलद्रव्येषु' 'निखिलद्रव्येषु रागद्वेषत्यागात् साम्यं अवलम्ब्य तत्त्वोपलब्धि मूलं सामायिकं बहुशः कार्यम्।'** લ્યો!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ ઠીક છે, એ ભાઈનું ઠીક લાગે છે. 'ટોડરમલ્લજી'નું. ભાઈ! એમ લાગે છે? કે પેલું મૂળ છે? આ 'ટોડરમલ્લજી'એ કર્યું એ ઠીક લાગે છે? એ પણ હજી એને ખબર નથી. આપણને ખબર નથી, એને ખબર નથી. આ ભાઈ કહે છે કે, આ પ્રમાણે અન્વયાર્થ કરે તો કેવું? એમ કહે છે. એ ઉપરથી કહ્યું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પેલામાંથી લીધું, પણ એમાં ... લ્યો!

**'निखिलद्रव्येषु'** અહીંથી ઉપાડ્યું. **'સમસ્ત ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગદ્વેષ ભાવોનો ત્યાગ કરવાથી,...'** એ નાસ્તિથી વાત કરી. આમ સ્થિર થાય એટલે રાગ-દ્વેષનો એ જાતનો ત્યાગ થઈ જાય છે. સ્વરૂપ શુદ્ધચૈતન્યને દૃષ્ટિમાં લીધેલું છે, એમાં ફરીને ધ્યેય બનાવીને એમાં સ્થિરતાનો અંશ પ્રગટ કર્યો છે, એથી તેને તે સંબંધી જેટલા રાગ-દ્વેષ હતા તેનો ત્યાં ત્યાગ થઈ ગયો છે, એટલે ઉત્પન્ન થયા નથી, એને ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આ રાગ-દ્વેષ ત્યાગું ને હવે ઠરું, એમ છે કાંઈ ન્યાં?

**'સમસ્ત ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગદ્વેષ ભાવોનો ત્યાગ કરવાથી,...'** જુઓને! ભાષા કેટલી છે! ઓહો..હો..! બધા પદાર્થ. પછી દેવ-ગુરુ-શાસ્ત્ર હોય તોપણ નહિ, એમ કહે છે. કારણ કે, તેના ઉપર વિકલ્પ જાય એ શુભ છે, એ સામાયિક નથી. આહાહા! કથનની પદ્ધતિ દિગંબર સંતોની ગજબ! થોડા શબ્દોમાં ઘણું વીતરાગપણું ગોઠવવાની ઘણી કળા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જુઓને! આવા 'અમૃતચંદ્રાચાર્ય' જ્યારે ભરતક્ષેત્રમાં હશે... આહાહા! એને ઓળખી ન શક્યા. એનો પણ વિરોધ કરનાર એ વખતે હતા. આહાહા! પક્ષ બંધાય જાય છે ને? પછી સત્ય શું છે એ વાત ખ્યાલમાં રહેતી નથી. કેવી વાત લીધી!

**'निखिलद्रव्येषु'** આત્મા સિવાય ચાહે સો અરિહંત હો કે ચાહે સો નારકીનો જીવ હો કે દુશ્મન હો, બધા પદાર્થ પ્રત્યે વિકલ્પને સંકેલી સ્વભાવ તરફના સામ્યભાવના શુદ્ધોપયોગને (પ્રગટ કરે છે). આહાહા! આ શું કીધું? આ શ્રાવકની વાત ચાલે છે. આ સામ્યભાવ (કહ્યો) તે સામ્યભાવ કોનો અર્થ છે? સામ્યભાવ શુભભાવનો અર્થ છે? એય..! સમજાણું કાંઈ? આ શ્રાવકના સામાયિક વ્રતની વાત ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્યાં શુભભાવ.

**'સમસ્ત ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગદ્વેષ ભાવોનો ત્યાગ કરવાથી,...'** એનો અર્થ થયો. શુભભાવ છે ત્યાં તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઇષ્ટતા, પ્રીતિ વર્તે છે. **'સમતાભાવનું આલંબન કરીને,...'** સમતા. ચૈતન્યના આનંદ સ્વરૂપમાં શાંતિ. ક્યાંય કોઈની પ્રીતિ કરવા એક વસ્તુ નથી, અપ્રીતિ કરવા નથી. આવો જે સામ્યભાવ સ્વભાવ તરફ પ્રગટ કરી, **'આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં...'** માથે હતું ને? **'तत्त्वोपलब्धि मूलं'** **'આત્માના સ્વરૂપની પ્રાપ્તિ...'** એટલે વિશેષ સ્થિરતાની પ્રાપ્તિ. એમ. **'આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં મૂળ કારણ સામાયિક છે...'** સમજાણું કાંઈ?

અહીં તો પંચમગુણસ્થાનની વ્યાખ્યા ચાલે છે ને આ? એને વિશેષ સ્વરૂપની સ્થિરતાનું આ સામાયિક કારણ છે. કહો, **'તે વારંવાર કરવું જોઈએ, અર્થાત્ દરરોજ ત્રણે કાળે કરવું જોઈએ.'** લ્યો! સવારે, રાતના છેલ્લે ભાગે, સાંજના દિવસને છેલ્લે ભાગે, મધ્યાહ્નમાં અર્ધ પહોર ને છેલ્લે ભાગે ને પેલાને શરૂઆતમાં, વચમાં કરવું જોઈએ. કહો, **'તેને જ સામાયિક શિક્ષાવ્રત કહે છે.'** લ્યો! આ સામાયિકની વ્યાખ્યા. આહાહા! આ તો છોકરો દસ વર્ષનો પથરણું પાથરીને મુહપતિ બાંધીને બેસે. સામાયિક થઈ ગઈ, લ્યો! કેટલી? પંચરંગી કરી. પાંચ એક પાથરણે કરી. કેટલા છોકરા હતા? કે, બસ્સો. જાવ બધાને આપી દ્યો એક એક રૂપિયો. જાવ ફરીને પછી ખુબ કરે. રૂપિયાની સામાયિક. આહાહા!

અરે..! સામાયિક, ભાઈ! જે સવાર્થસિદ્ધના દેવ કરી શકતા નથી, એવી સામાયિક કરે તેને સામાયિક કહેવામાં આવે છે. આહાહા! એકાવતારી એક ભવમાં મોક્ષ જનારા સર્વાર્થસિદ્ધ છે. મહા એક ભવતારી જીવ છે, એ પણ આ પાંચમાગુણસ્થાનની આ સામાયિક કરી શકતા નથી. ક્ષાયિક સમકિતી, હોં! ત્યાં કેટલાક. બાર અંગના ભણેલા, ચૌદ પૂર્વના ભણેલા. ઓહો..હો..! અસંખ્ય અબજ (વર્ષ), તેત્રીસ સાગર સુધી અંદર પડ્યા છે. પણ આ સામ્યભાવ પ્રગટ કરી શકતા નથી. કારણ કે, એ ગતિ તેને માટે યોગ્ય નથી. સામ્યભાવ પ્રગટ કરવાની

www.vitragvani.com



ગતિ તે યોગ્ય નથી. આહાહા! એવો મનુષ્યભવ મળ્યો, એને ત્રણે કાળે આવો સામ્યભાવ સ્વરૂપને આશ્રયે પ્રગટ કરવો જોઈએ.

**ભાવાર્થ :– ''સમ્' એટલે એકરૂપ અને 'અય' એટલે આત્માના સ્વરૂપમાં ગમન તે 'સમય' થયું.'** સમયથી આમ લીધું. સમય એક કાળને પણ કહે છે. સામાયિક એમાંથી નીકળે છે કાંઈક? ક્યાંક લખ્યું હતું એક ઠેકાણે. સામાયિક. નિયમીત કાળ બાંધીને કહે એવો પણ એક સામાયિકનો અર્થ થાય છે. સમય અને કાળ, નિયમીત કાળ બાંધીને આટલું મારે બે ઘડી, ચાર ઘડી સામાયિક કરવી. **''સમ્' એટલે એકરૂપ અને 'અય' એટલે આત્માના સ્વરૂપમાં ગમન...'** એકરૂપ આત્મામાં ગમન, જોયું? રાગ-દ્વેષના ખંડ નહિ. સમજાણું?

**''સમ્' એટલે એકરૂપ અને 'અય' એટલે આત્માના સ્વરૂપમાં ગમન...'** પરિણમન, એકરૂપ પરિણમન. પેલા ખંડ ખંડ છે ને? પુણ્ય-પાપનો વિકલ્પ છે, એ ખંડ છે. એ આત્મામાં, સમતાભાવમાં, એકરૂપમાં પરિણમવું. **'એવો 'સમય' જેનું પ્રયોજન છે...'** લ્યો! એવો સમય. આત્મામાં એકાગ્ર થવું, **'એવો 'સમય' જેનું પ્રયોજન છે તેને સામાયિક કહે છે.'** લ્યો! સામાયિકનો અર્થ કર્યો. યિક તો પ્રત્યય છે એનો અર્થ થાય છે? ઉપરથી આવે છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– થાય છે. સમ્ આય યિક. યિક તો આમ તો પ્રત્યયનો અર્થ થાય છે. જેનું પ્રયોજન છે. સમય જેનું પ્રયોજન છે, એવું લખ્યું ને પાછું? એને સામાયિક કહે છે. એને સામાયિક (કહે છે). બસ! એ કહું છું. એ ક્યાં પંડિત બોલે એવા છે? બહુ બોલતા નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઉપરથી નાખે. એ ઠીક છે.

**'આ સામાયિક સમતાભાવ વિના થઈ શકે નહિ.'** કેટલી સમતા જોઈએ! એક તો જાણે દૃષ્ટિ થઈ ત્યાં જ્ઞાતા-દૃષ્ટા તો થઈ ગયો. ચાહે તો દુશ્મન માથાનો કાપનાર મળે ને ચાહે તો દેવ-ગુરુ મિત્ર મળે. પણ તે જ્ઞાન દર્શનથી જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે છે. અસ્થિરતાને કારણે વિકલ્પ એને ઉઠે છે. એને હવે ઘટાડવાનો આ પ્રયોગ છે. એનો એ રાગનો અભાવ કરી, સમતાભાવનો નિર્વિકલ્પ શુદ્ધોપયોગનો લાભ થાય, તેને સામાયિક કહે છે. કહો, સમજાણું?

**'આ સામાયિક સમતાભાવ વિના થઈ શકે નહિ.'** સમતા એટલે નિર્વિકલ્પ પરિણામ. એટલે કે રાગ વિનાના પરિણામ. એમ. શુભ-અશુભરાગ વિનાના પરિણામ. **'તેથી સુખદાયક અને દુઃખદાયક પદાર્થોમાં સમાન બુદ્ધિ રાખતો...'** સુખદાયક એટલે અનુકૂળ, ઇષ્ટ. અને દુઃખદાયક એટલે પ્રતિકૂળ. કોઈ દુઃખદાયક છે નહિ પણ નિમિત્તની વાત છે. **'સમાન બુદ્ધિ...'** જાણનાર-દેખનાર થતો, સ્થિરતાને અવલંબતો. **'શ્રાવક ત્રણે કાળે પાંચે પાપોનો ત્યાગ કરીને...'** હિંસા, જૂઠું આદિ. અવશ્ય સામાયિક કરે. **'અવશ્ય સામાયિક કરે. એને સામાયિક શિક્ષાવ્રત કહે છે.'** કહો, સમજાણું?

www.vitragvani.com



# ગાથા–૧૪૯

સામાયિક ક્યારે અને કેવી રીતે કરવું તે બતાવે છે :–

रजनीदिनयोरन्ते तदवश्यं भावनीयमविचलितम्।
इतरत्र पुनः समये न कृतं दोषाय तद्गुणाय कृतम्।।१४९।।

અન્વયાર્થ :– [ तत् ] તે સામાયિક [ रजनीदिनयोः ] રાત્રિ અને દિવસના [ अन्ते ] અંતે [ अविचलितम् ] એકાગ્રતાપૂર્વક [ अवश्यं ] અવશ્ય [ भावनीयम् ] કરવું જોઈએ. [ पुनः ] અને જો [ इतरत्र समये ] અન્ય સમયે [ कृतं ] કરવામાં આવે તો [ तत, कृतं ] તે સામાયિક કાર્ય [ दोषाय ] દોષનો હેતુ [ न ] નથી, પણ [ गुणाय ] ગુણને માટે જ હોય છે.

ટીકા :– 'तत् सामायिकं रजनी दिनयोः अन्ते अवश्यं अविचलितं भावनीयं पुनः इतरत्र समये कृतम् दोषाय न किन्तु तत् गुणाय कृतम् अस्ति।' - અર્થ :– તે [1]સામાયિક પ્રત્યેક શ્રાવકે રાતના અંતે અને દિવસના અંતે અર્થાત્ પ્રભાતે અને સંધ્યાકાળે અવશ્ય નિયમપૂર્વક કરવું જોઈએ અને બાકીના વખતે જો સામાયિક કરે તો ગુણ નિમિત્તે જ હોય છે, દોષ નિમિત્તે નહિ.

ભાવાર્થ :– ગૃહસ્થ શ્રાવક ગૃહસ્થપણાનાં અનેક કાર્યોમાં સંલગ્ન રહે છે. તેથી તેને માટે આલંબનરૂપ પ્રભાત અને સંધ્યાના બન્ને સમય આચાર્યોએ નિયમિત કર્યા છે. આમ તો સામાયિક ગમે ત્યારે કરવામાં આવે તેનાથી આત્માનું કલ્યાણ જ છે, નુકસાન કદીપણ નથી. તેથી પ્રત્યેક શ્રાવકે બન્ને સમય અથવા ત્રણ સમય બે ઘડી, ચાર ઘડી કે છ ઘડી સુધી પાંચે પાપનો તથા આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને એકાંત સ્થાનમાં શુદ્ધ મન કરીને પહેલા પૂર્વ દિશામાં નમસ્કાર કરવા, પછી નવવાર નમસ્કારમંત્રનો જાપ કરવો, પછી ત્રણ આવર્તન કરવા અને એક શિરોનતિ કરવી. આ રીતે ચારે દિશામાં કરીને ખડ્ગાસન અથવા

૧. સામાયિકને માટે ૧-યોગ્યક્ષેત્ર, ૨-યોગ્ય કાળ, ૩-યોગ્ય આસન, ૪-યોગ્ય વિનય, ૫-મનશુદ્ધિ, ૬-વચનશુદ્ધિ, ૭-ભાવશુદ્ધિ અને ૮-કાયશુદ્ધિ એ આઠ વાતની અનુકૂળતા હોવી જરૂરી છે; તેમાં ભેદજ્ઞાનપૂર્વક સ્વસન્મુખતાના બળથી જેટલી પરિણામોની શુદ્ધતા થાય તેટલી નિશ્ચય સામાયિક છે. ત્યાં વર્તતા શુભરાગને વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જેણે કષાયની બે ચોકડીનો અભાવ કર્યો છે તે જીવને સાચાં અણુવ્રત અને સામાયિકવ્રત હોય છે, જેને નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે બાળવ્રત-અજ્ઞાનમયવ્રત કહેલ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**પદ્માસન કરીને સામાયિક કરવું. અને જ્યારે સામાયિક પૂર્ણ થઈ જાય ત્યારે અંતે પણ શરૂઆતની પેઠે નવવાર નમસ્કારમંત્રનો જાપ, ત્રણ ત્રણ આવર્તન, એક એક શિરોનતિ એ જ પ્રમાણે કરવી. આ જ સામાયિક કરવાની સ્થૂળ વિધિ છે. સામાયિક કરતી વખતે શ્રાવક પણ મુનિસમાન જ છે. ૧૪૯.**

---

'સામાયિક ક્યારે અને કેવી રીતે કરવું તે બતાવે છે :–'

**रजनीदिनयोरन्ते तदवश्यं भावनीयमविचलितम्।**
**इतरत्र पुनः समये न कृतं दोषाय तद्गुणाय कृतम्।।१४९।।**

**'તે સામાયિક રાત્રિ અને દિવસના અંતે...'** અંતે. રાત્રે અને અંતે સવારમાં નિવૃત્તિ હોય, ધંધાની ઉપાધિ ન હોય, વેપાર શરૂ કર્યો નથી, રાત્રે નિંદ્રામાંથી... શાંત. અને દિવસના અંતે બધો વેપાર-બેપાર કરવો ન હોય, હવે તો સૂઈ જવાનો ને કે એવો પ્રસંગ હોય. નિવૃત્તિ (હોય). સમજાણું? **'રાત્રિ અને દિવસના અંતે 'अविचलितम्' એકાગ્રતાપૂર્વક...'** અંદર એક અગ્ર, સ્વભાવને લક્ષમાં રાખીને **'અવશ્ય કરવું જોઈએ.'** સામાયિક રાત અને દિન, સાંજ કે સવારમાં કરવું. મધ્યમાં પણ કરવું, એ કહેશે.

**'અને જો અન્ય સમયે કરવામાં આવે તો તે સામાયિક કાર્ય દોષનો હેતુ નથી,...'** વધારે ગુણનું કારણ છે, **'પણ ગુણને માટે જ હોય છે.'** એમ કહે છે. ત્રણ વાર થાય, ચાર વાર થાય, પાંચ વાર થાય. સમયનો ઉપયોગ અંદરમાં લાગુ પડે, એ તો બહુ લાભનું કારણ છે. કહો, એક દિવસમાં ઘણીવાર શુદ્ધોપયોગ અને સામ્યભાવ પ્રગટે, એ તો લાભનું કારણ છે. લ્યો! અહીં ત્રણ વાર તો કહ્યું. સામ્યભાવ ઉપયોગ. સમજાણું? ઉપયોગ ન આવે કોઈ વખત તો વિકલ્પ હોય સ્થિરતા અંશે હોય ને વિકલ્પ હોય, વ્યવહાર સામાયિક કહે છે. સામ્યભાવ પ્રગટ સહિત હોય તે સ્થિરતા, એ નિશ્ચય સામાયિક છે.

**''तत् सामायिकं रजनी दिनयोः अन्ते अवश्यं अविचलितं भावनीयं पुनः इतरत्र समये कृतम् दोषाय न किन्तु तत् गुणाय कृतम् अस्ति।' - તે સામાયિક પ્રત્યેક શ્રાવકે...'** લ્યો! એ સામાયિક શબ્દ પડ્યો છે ને? એની નીચે વ્યાખ્યા છે. સામાયિકને માટે નીચે નોટ. **'સામાયિકને માટે ૧-યોગ્ય ક્ષેત્ર,...'** જોઈએ. રાંધવાનો ચુલો પડ્યો હોય ને અહીં રાંધતા હોય ને ત્યાં સામાયિક કરવા બેસે, એમ સામાયિક થાય? એમ કહે છે. મોટો ઓરડો હોય, પેલા પેલી કોર રાંધતા હોય ને છોકરા ખાતા હોય ને કહે લ્યો! અહીં હું સામાયિક કરવા બેઠુ છું, હોં! હવે. એને યોગ્ય ક્ષેત્ર જોઈએ. માટે .. એકાંત હોય.

**'૨-યોગ્ય કાળ,...'** જોઈએ. કહો, સમજાણું? એને યોગ્ય નિવૃત્તિનો કાળ જોઈએ ને? **'૩-યોગ્ય આસન,...'** જોઈએ. આસન પણ એનું એ જાતનું આમ જોઈએ. **'૪-યોગ્ય વિનય,...'**

www.vitragvani.com



જોઈએ. **'૫-મનશુદ્ધિ,...'** મનમાં શુદ્ધિ આવવી જોઈએ ને? **'૬-વચનશુદ્ધિ, ૭-ભાવશુદ્ધિ...'** જોયું? મનશુદ્ધિમાં વિશેષ લેશે. **'૮-કાયશુદ્ધિ એ આઠ વાતની અનુકૂળતા હોવી જરૂરી છે; તેમાં ભેદજ્ઞાનપૂર્વક...'** લ્યો! ખુલાસો કરે છે. પુણ્યના પરિણામ અને પાપના પરિણામથી આત્મા ભિન્ન (છે) એવા ભેદજ્ઞાનપૂર્વક. **'સ્વસન્મુખતાના બળથી...'** લ્યો! શુદ્ધ ચૈતન્યસ્વભાવ એની સન્મુખતાના બળ, જોર વડે, એના જોર વડે, કોઈ વિકલ્પથી કે એના જોર વડે નહિ.

**'જેટલી પરિણામોની શુદ્ધતા થાય...'** જેટલી શુદ્ધતા પરિણામની થાય, હોં! વિકલ્પ નહિ. **'તેટલી નિશ્ચય સામાયિક છે.'** તે સાચી સામાયિક કહેવામાં આવે છે. વીતરાગ માર્ગમાં આને સાચી સામાયિક કહે છે. 'સેઠી'! આહાહા! અરે..! જગતને સત્ય કાને ન પડે, એ વિચારે કે દિ'? રુચિનો પ્રયોગ કે દિ' કરે? અને સ્થિરતાનો તો કે દિ' કરે? એમ ને એમ અધ્ધર ને અધ્ધર વખત ચાલ્યો જાય છે. શ્રદ્ધાના દોરમાં પાકો ન થાય કે રાગ ને પુણ્ય વિકલ્પ એ બંધનું કારણ છે, મારો સ્વભાવ જ એકલો આશ્રય લઉ એમાં લાભનું કારણ (છે) એવી શ્રદ્ધા પાકી ન થાય ત્યાં સુધી એને સ્વરૂપ તરફનું વલણ, પુરુષાર્થ કરી શકે જ નહિ. સમજાણું? પરના માહાત્મ્ય રહ્યા કરે કે, હું જે આ કહું છું ને એમાં આમ થાશે, આમ કરું છું એમાં આમ થાશે, શુભભાવ કરું એમાંથી આમ થાશે. એની શ્રદ્ધામાં પહેલું એ તો નક્કી કરવું જોઈએ કે રાગાદિ ભાવ જે છે, એ શુભ-અશુભ બન્નેથી હટીને સ્વભાવના સન્મુખમાં જવું એ જ સમ્યગ્દર્શનનું કારણ છે. પછી ભેદજ્ઞાનપૂર્વક સ્વરૂપમાં વિશેષ સન્મુખતા, સ્થિરતા એ સામાયિક છે. સમજાણું કાંઈ? કેવી સામાયિક હશે? એય..! 'હિંમતભાઈ'! તમારા ગામમાં ઘણી સામાયિક થતી. ઉં..ઉં..ઉં.. કરે, નહિ પેલા તમારે 'મૂળચંદભાઈ' હતા. વહેલા આવે, વહેલા. ઉં..ઉં.. કર્યા કરે. પડિકમણુ કરે ને જોલા આવે ભેગા. ઉં.. કરીને પડિકમણુ પૂરું થઈ જાય. સંકેલીને ચાલે. અપાસરા સામે દુકાન હતીને?

ઘડિયાળું પૂરું થઈ જાય, પેલી ધૂળ સરખી ઉપર નીકળે, ઉપરથી હેઠે. 'છોટાભાઈ' પેલા 'મૂળચંદભાઈ' હતા ને તમારે? વીસાશ્રીમાળી. કાંઈ ખબર ન મળે. અરે..! જૈનને નામે અને સામાયિકને નામે મિથ્યાત્વને પોષે અને કાંઈક અમે ધર્મ કર્યો.

બસ બેસી રહે કે સામાયિક થઈ ગઈ, જાવ.

હા, અગિયાર હજાર, અગિયાર હજાર? અગિયાર હજાર સામાયિક કરવાની હોય તો કરવી શી રીતે? ઊંઘમાં પણ કરે, જોલામાં પણ કરે અને પેલું પણ કરે બધું કરે. લાલન. એ તો અઢાર હજાર. આખા કલાક કેટલા થાય? બે ઘડી ૩૬૦ દિ'ની ઘડીઓ અઢાર હજાર થાય એમ કાંઈક છે. અઢાર હજાર, છત્રીસ હજાર, ચોપ્પન હજાર કાંઈક છે. અઢાર હજાર કરવી, છત્રીસ હજાર કરાવવી, ચોપ્પન હજારનું અનુમોદવું એમ કાંઈક હતું. એ બારે મહિનાની સામાયિક થઈ ગઈ. એવું કાંઈક હતું. એટલી બધી સામાયિક હશે? ગણતરી તમને જાણે ખબર નહિ અઢાર હજાર સામાયિક એથી છત્રીસ હજારની એથી ચોપ્પન હજારની એમ

www.vitragvani.com



થઈને થાતું હશે. ૩૬૦. ત્યાં મળ્યા હતા (સંવત) ૧૯૯૦માં લાલન. આ સામાયિક કીધું આ બધા તમે ગપ્પા માર્યા છે. આરોગ્ય ભુવનમાં. બહાર નહિ? પેલા 'મોરબી'વાળા ભાઈ 'વનેચંદ ત્રિભુવન' આ શું તમે? બસ! એમાંથી પુણ્ય થાય ને પુણ્યમાંથી મોટી પવિત્રતા થાય. એવું સામાયિક હાથમાં આપ્યું ને... મેં કીધું, શું આ લખ્યું છે તમે? અમને કાંઈ ભાન નહોતું, અમે તો આ લખ્યું. આ સામાયિક.

પછી કાંઈક કહ્યું હતું મેં ત્યારે. કહ્યું હતું તે દિ' ન્યાં આરોગ્ય ભવનમાં રહેતા ને. એ સામે રહેતા હેઠે, અમે અહીં ઉપર રહેતા. બસ! એકવાર આહાર કરીને ઉપર ફરતા હતા એમાં આવ્યા અને આમ સામાયિક કરાય. લાવો તો ખરા તમારી સામાયિકની ચોપડી કીધું ખબર પડે. એમાં આ નીકળ્યું કે, પુણ્ય થશે, પુણ્યથી પછી તમારે આમ થાશે. શું આ ગપ્પા માર્યા છે? આ શાસ્ત્રના ભણનારા, અને પંડિત ભાષણ કરનારા વીસ-વીસ હજારમાં. આ ઊંધા ઉઠા. પછી ચીઠ્ઠી મારી હતી. પછી કહ્યું હતું, પછી ચીઠ્ઠી મારી. આ ખોટું લાગે છે, પુણ્યથી સામાયિક થતાં હશે? 'વનેચંદભાઈ' છે ને? ભાઈ! 'પ્રભુભાઈ' નહિ? સામે નદીને કાઠે નહિ? 'મોરબી'વાળાનું 'વનેચંદ ત્રિભુવન' આરોગ્ય ભવન. સંઘવી. એ ત્યાં રહ્યા હતા ને? સમજાણું?

અહીં કહે છે, જુઓ! **'શુદ્ધતા થાય તેટલી નિશ્ચય સામાયિક છે. ત્યાં વર્તતા શુભરાગને વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે.'** વિકલ્પ હોય એને નિશ્ચય ભેદજ્ઞાન છે, ભેદજ્ઞાન છે, રાગથી ભિન્ન પડેલો છે, એવા ભાનવાળો છે, એને સ્થિરતાનો અંશ જરી છે અને પેલા શુભરાગને વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે. **'નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જેણે કષાયની બે ચોકડીનો અભાવ કર્યો છે...'** જેણે આત્માના અંતર અનુભવમાં આત્માની પ્રતીતમાં, સ્વભાવની શ્રદ્ધામાં, સ્વાશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એ સહિત જ્ઞાનપૂર્વક, એ સહિત જ્ઞાનપૂર્વક. **'જેણે કષાયની બે ચોકડીનો અભાવ કર્યો છે...'** કર્યો છે એનો અર્થ સ્વભાવનો આશ્રય લઈને થયો છે. **'તે જીવને સાચાં અણુવ્રત અને સામાયિકવ્રત હોય છે,...'** એવા જીવને સાચા અણુવ્રત અને સાચી સામાયિક હોય, બીજાને ખોટા અણુવ્રત અને ખોટી સામાયિક છે. લ્યો! લખ્યું છે.

મુમુક્ષુ :– કરતા-કરતા...

ઉત્તર :– અહીં કહે, કરતાં કરતાં રખડી મરશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો બધી... ઊભા રાખવા હતા. એ બધાને ઊભા રાખવા હતા, શું કરે? અહીં ચોખ્ખી વાત છે, અહીં ગડબડ-બડબડ કાંઈ નહિ. એને તો હજી રાખવું હતું ને બધું સંસારનું. ગૃહસ્થાશ્રમ હતો, શું કરે? અને પેલા બિચારા સાધુઓને સમજાવીને ઊભા રાખવા હતા, એમ જ ચાલે.

મુમુક્ષુ :– ...

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– દીક્ષા એટલે દીક્ષાનું નથી કહ્યું? દીક્ષા આપજો ફલાણાને. ... હવે દીક્ષા કેવો ન્યાં? સાધુપણા કેવા? લઘુરાજ પોતે સાધુ નહોતા અને વળી દીક્ષા બીજાને આપશો? પણ એ બધી વ્યવહારની વાત એવી છે કે એમાંથી આખું શાસન ઊભું કરવું કઠણ પડે. એ તો દિ' (સંવત) ૧૯૮૧માં મેં તો ચોખ્ખું કહ્યું હતું, ભાઈ! પેલાને સારું ન લાગ્યું.

જૈનશાસનની આખી રીત પહેલેથી ઠેઠ સુધી, વિરોધ ન એવી ઊભી કરવી કઠણ પડે. કઠણ પડે એવું છે. પેલાને સારું ન લાગ્યું જરીક. ન લાગ્યું તો અમે શું કરીએ? એમાં તો એક પેલું કહ્યું તો પણ સારું ન લાગ્યું આ. 'વીરા મોરા ગજ થકી ઉતરો' આવે છે ને એનામાં? પેલા બાહુબલીમાં? કીધું એમ ન હોય. આર્જીકા એની પાસે ગઈ નથી. એમને તો જરી ભરત ચક્રવર્તીનું પેલું હતું. અરે..! આ ભરતને દુઃખ લાગ્યું હશે, બસ! એટલા લઈને અંદર અટક્યું હતું. એ ભરતે આવીને પૂજા કરી ત્યાં ફડાક અંદર.. ઓહો..! આને તો કાંઈ નથી. એ નહિ. 'શ્રીમદ્દે' એમ કહ્યું છે. ભાઈ! શ્રીમદ્દે કહ્યું ક્યાંથી કલ્પનાથી ન્યાં શ્વેતાંબરમાં ચાલ્યું હશે માટે કહ્યું હશે. એથી કરીને એ વસ્તુને સિદ્ધ કરવી છે તમારે? આ કથાની વાત છે ને એ વાત સિદ્ધ કરવી છે? એવું તો ઘણું લખાણ છે એમાં–'ભાવનાબોધ'માં. ... હતા કે દિ' મુનિને? એ તો મૂળ આવે છે પણ આમાં 'ભાવનાબોધ'માં હશે. પહેલું 'ભાવનાબોધ' છપાય ગયું હતું ને? વાર લાગી હતી. વાર લાગી હતી. એમ આવે છે એ. શ્વેતાંબરમાં આવે, જ્ઞાતાસૂત્રમાં આવે છે.

એ ખસી ગયોને જ્યારે ... ઝાડ ઉપર લટકાવી દે. ઝાડ ઉપર લટકાવી દીધો એવું નથી આવતું પણ ત્યાં બેઠો હતો. એવું આવ્યું છે. પછી એને ક્યાંકથી એવું ગોઠવી દીધું. એમાં પેલો આવે છે ને પછી એને.. પાઠમાં એવું, પાઠમાં તો બેઠો હતો. એ મુહપતિ તેને માને છે ને. એને આવીને પેલો કહે અહો..! ધન્ય અવતાર તમારા. પેલો હા નથી પાડતો. કારણ કે, એને પાછું જાવું છે. ધન્ય અવતાર, તમે ભાઈ. બે ભાઈઓ હતા. બહુ ધન્ય અવતાર તમે લઈને આવ્યા. આ ખુશી થતો નથી, બોલતો નથી. શું છે? કેમ બોલતા નથી આ? સંસાર ભોગનો અર્થ છે? કે, હા. ચાલ રાજમાં. પોતે છોડી દે છે. પોતે મુનિ થઈ જાય અને ઓલાને રાજમાં લઈ જાય. એવી વાત જ્ઞાતાસૂત્રમાં આવે છે.

ક્યાં કપડા-બપડા સાધુને હોય? કોઈ દિ' ત્રણ કાળમાં (ન હોય). અતીન્દ્રિય સ્વરૂપને સાધવા ઉત્કૃષ્ટ ભાવે જ્યાં નીકળ્યા છે. એને આ રાખું ને આ રાખું એ વૃત્તિ જ હોય નહિ. કહો.

**'જેને નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે બાળવ્રત-અજ્ઞાનમયવ્રત કહેલ છે.'** કહો, સમજાણું કાંઈ? **'તે સામાયિક પ્રત્યેક શ્રાવકે રાતના અંતે અને દિવસના અંતે અર્થાત્ પ્રભાતે અને સંધ્યાકાળે અવશ્ય નિયમપૂર્વક કરવું જોઈએ...'** નિયમપૂર્વક. **'બાકીના વખતે જો સામાયિક કરે તો ગુણ નિમિત્તે જ હોય છે, દોષ નિમિત્તે નહિ.'** વધારે પણ કરવા. પણ બે વખતે તેને નિયમથી કરવા. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)